
13665


સત્ય, બ્રહ્મચર્ય, અહિંસા, અસ્તેય
અને અપરિગ્રહ એ પાંચ યમ
પાળવાનું બધા મુમુક્ષુને [illegible] છે.
મુમુક્ષુ બધાએ રહેવું જ જોઈએ. એ તો
મનુષ્યના ચારિત્રનો પાયો. ઉપરના
યમ પાળવા [illegible] છે એ યમ
સંસારી બધા જીવને પાળવાના છે
એ વિષે શંકા નથી. [illegible] છતાં
[illegible] સાથે પરણેલ હોય
છતાં બ્રહ્મચર્ય પાળે. [illegible] છતાં મનુષ્ય
અહિંસા પાળી શકે છે. ચોરી ન કરવી
(અસ્તેય પાળવું) ને ધન કે વસ્તુનો
પરિગ્રહ સંસારમાં રહીને કરવો એ
મુશ્કેલ છે છતાં તે આદર્શ ધ્યાનમાં
રાખી [illegible] જોઈએ ને
[illegible] વૈરાગ્ય ઉત્પન્ન થાય ત્યારે
મહાત્યાગ પણ કરી શકાય.
ઉપરનાં વ્રત [illegible] પાળે તેને બધી
ઉપાધિઓમાંથી નીકળવાના રસ્તા
મળી આવે છે.

REFERENCE BOOK NOT TO BE ISSUED

13665

૩૫

# ગાંધીજીનો અક્ષરદેહ

આ ગ્રંથ ૧૯૨૭ના સપ્ટેમ્બરની ૧૯મીથી ૧૯૨૮ના જાન્યુઆરીની ૩૧મી સુધીનો સાડાચાર મહિનાનો ગાળો આવરી લે છે. આ ગાળામાં ગાંધીજીએ, પોતે વાઇસરૉયને મળવા દિલ્હી ગયા તેટલો સમય અટકીને, પોતાનો દક્ષિણનો પ્રવાસ ચાલુ રાખ્યો. તેઓ સિલોન ગયા અને પછી ઓરિસ્સા ગયા. ૧૯૨૭ના ડિસેમ્બરમાં મદ્રાસમાં ભરાયેલા કૉંગ્રેસના વાર્ષિક અધિવેશનમાં હાજરી આપી અને પછી અમદાવાદ પાછા આવ્યા.

દક્ષિણનો લાંબો પ્રવાસ ખાસ કરીને તો, ખાદી-કાર્ય માટે ફંડ એકઠું કરવા માટે હતો, પણ એ દરમ્યાન ગાંધીજીએ બ્રાહ્મણ-બ્રાહ્મણેતરના સવાલ વિશે અને પ્રસંગોપાત્ત વર્ણાશ્રમ વિશે પણ પોતાના વિચારો વ્યક્ત કર્યા. વાઇસરૉય સાથેની મુલાકાત વિશે તેમને લાગ્યું કે તેમના જેવાને દિલ્હી બોલાવવાની કશી જરૂર નહોતી. સિલોનમાં ગાંધીજીએ સિલોન અને હિંદને જોડનારાં બંધનોનો વારંવાર ઉલ્લેખ કર્યો. નવયુવાન બૌદ્ધોને તેમણે પશ્ચિમના દબદબાથી અંજાઈ ન જવાની ચેતવણી આપી.

મદ્રાસના કૉંગ્રેસ અધિવેશનમાં બે મુખ્ય પ્રશ્નો વિશે ગાંધીજી અને બીજા નેતાઓ વચ્ચેના મતભેદ બહાર આવ્યા. હિંદુ-મુસ્લિમ એકતાના ઠરાવ વિશે તેઓ ઉત્સાહી નહોતા. સ્વતંત્રતાના ઠરાવની ચર્ચા કરતાં તેમણે એ ઠરાવને "એ ઘડવામાં ઉતાવળ હતી અને એ પસાર કરવામાં અવિચાર હતો" એમ જણાવ્યું હતું. પરંતુ સાઇમન કમિશન સામેનો દેશનો રોષ પ્રદર્શિત કરવા માટે પગલાં ભરવાની આવશ્યકતા આગળ આ સૈદ્ધાંતિક મતભેદો પર પડદો પડી ગયો. એ કમિશન સામેના દેશવ્યાપી વિરોધના વાવાઝોડાની એંધાણીઓ સાથે આ ગ્રંથ સમાપ્ત થાય છે.

Gandhi Heritage Portal

13665

REFERENCE BOOK
NOT TO BE ISSUED

तिथिपत्र 13665

| | | | |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |

REFERENCE BOOK

ગાંધી સ્મારક સંગ્રહાલય

ક્રા. સં. 7૮૦

પ્ર. સં. 13665 વાંચવા માટે મુક્ત કર્યાં તારીખ 8 AUG 1977

4 MAR 1978

આ પુસ્તક છેલ્લે દર્શાવેલી તારીખ પહેલાં અથવા તે જ દિવસે પાછું આપી દેવું જોઈએ. તે તારીખ પછી જો પુસ્તક પાછું આપવામાં આવશે તો દરરોજના ૦૦-૦૫ ન. પૈ. લેખે અતિદેય આપવું પડશે.

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal

# ગાંધીજીનો અક્ષરદેહ

૩૫

[સપ્ટેમ્બર ૧૯૨૭થી જાન્યુઆરી ૧૯૨૮]

13665

REFERENCE BOOK

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal

REFERENCE BOOK

# ગાંધીજીનો અક્ષરદેહ

[મહાત્મા ગાંધીનાં લખાણો, ભાષણો, પત્રો વગેરેનો સંગ્રહ]

## ૩૫

[સપ્ટેમ્બર ૧૯૨૭થી જાન્યુઆરી ૧૯૨૮]

નવજીવન પ્રકાશન મંદિર
અમદાવાદ-૩૮૦૦૧૪

Gandhi Heritage Portal

13665

© નવજીવન ટ્રસ્ટ, ૧૯૭૪

પહેલી આવૃત્તિ, ડિસેમ્બર ૧૯૭૪ : પ્રત ૩,૦૦૦

રૂ. ૧૬.૫૦

X.156
GAN

2 FEB 1983

મુદ્રક અને પ્રકાશક : શાંતિલાલ હરજીવન શાહ, નવજીવન મુદ્રણાલય, અમદાવાદ–૩૮૦૦૧૪

Gandhi Heritage Portal

# પ્રસ્તાવના

આ ગ્રંથ ૧૯૨૭ના સપ્ટેમ્બરની ૧૬મીથી ૧૯૨૮ના જાન્યુઆરીની ૩૧મી સુધીનો સાડાચાર મહિનાનો ગાળો આવરી લે છે. આ ગાળામાં ગાંધીજીએ પોતે વાઈસરૉયને મળવા દિલ્હી ગયા તેટલો સમય અટકીને, પોતાનો દક્ષિણનો પ્રવાસ ચાલુ રાખ્યો. તેઓ સિલોન ગયા અને પછી ઓરિસ્સા ગયા, ડિસેમ્બરમાં મદ્રાસમાં ભરાયેલા કૉંગ્રેસના વાર્ષિક અધિવેશનમાં હાજરી આપી અને પછી અમદાવાદ પાછા આવ્યા. આ લાંબા પ્રવાસનો હેતુ મુખ્યત્વે ખાદીકાર્ય માટે ફંડ એકઠું કરવાનો હતો, અને તેમાં તેમને તામિલનાડુ અને ત્રાવણકોરમાંથી ૧,૯૩,૯૦૫ તથા સિલોનમાંથી ૧,૦૫,૦૦૦ રૂપિયા મળ્યા. બહુ મોટી નહીં એવી આ રકમોનો તેમણે ચોકસાઈ-પૂર્વક હિસાબ રાખ્યો અને તે પ્રસિદ્ધ કર્યો (પરિશિષ્ટ ૨). ગાંધીજી સિલોનમાં હતા તે દરમ્યાન પાછળથી સાઈમન કમિશન તરીકે ઓળખાયેલા સ્ટૅચ્યુટરી કમિશનની નિયુક્તિની જાહેરાત કરવામાં આવી. એ કમિશન સામેના દેશવ્યાપી વિરોધના વાવાઝોડાની એંધાણીઓ સાથે આ ગ્રંથ સમાપ્ત થાય છે.

દક્ષિણના પ્રવાસમાં ગાંધીજીએ બ્રાહ્મણ-બ્રાહ્મણેતરના સવાલ વિશે અને પ્રસંગોપાત્ત વર્ણાશ્રમ વિશે પોતાના વિચારો વ્યક્ત કર્યા. વર્ણાશ્રમ ધર્મ વિશેની એમની દૃષ્ટિ વિશે સમાજ-સુધારકોમાં અંદેશો પેદા થયો હતો. એટલે એમને દૃઢતાપૂર્વક એવું કહેવાની જરૂર જણાઈ કે, "વર્ણાશ્રમની મારી કલ્પનામાં વર્તમાન અસ્પૃશ્યતા અને નાતજાતના ભેદ જેવી કોઈ વસ્તુ નથી. વર્ણને ઊંચનીચની ભાવના સાથે કંઈ સંબંધ નથી. વર્ણ એ માનવસુખમાં સાધનભૂત બનતા એક નિશ્ચિત કાનૂનની સ્વીકૃતિ છે. અને એનો અર્થ એટલો જ છે કે આપણે આપણા પૂર્વજો પાસેથી મળેલા તમામ સારા ગુણોને કીમતી ગણીને સંઘરવા જોઈએ" (પા. ૭૪). એક પત્રલેખકની ટીકાનો જવાબ આપતાં ૧૭–૧૧–૧૯૨૭ને દિવસે તેમણે પોતાના વિચારો વધારે વિસ્તારથી સમજાવ્યા અને ઉપસંહાર કરતાં કહ્યું: "આ યોજના મનોરાજ્ય જેવી લાગવાનો સંભવ છે. પણ આજે જે સમાજને હું છિન્નભિન્ન થતો જોઈ રહ્યો છું તેના નિરંકુશ સ્વેચ્છા-ચાર પ્રમાણે જીવવા કરતાં મને મારી કલ્પનાના આ મનોરાજ્યમાં વિહરવું વધારે પસંદ છે" (પા. ૨૩૭). શ્રી રાજગોપાલાચારીની ટીકા કરનાર યુવાનોને ગાંધીજીએ આપેલો સખત ઠપકો (પા. ૨૯) તે વખતે ત્યાં કેટલી તીવ્ર કડવાશ હતી તે બતાવે છે. મહાદેવ દેસાઈએ સંક્ષેપમાં આપેલી (પરિશિષ્ટ ૧) તામિલનાડુમાંની બ્રાહ્મણેતર નેતાઓ સાથેની ગાંધીજીની ચર્ચાઓ પરથી અને શ્રીયુત નાડકર્ણીના પત્રના જવાબમાં નવજીવનમાં આવેલા લેખ (પા. ૨૩૪–૮) પરથી જણાય છે કે ગાંધીજીનો પ્રયત્ન વર્તમાનકાળ સાથે ભૂત અને ભવિષ્યનો મેળ સાધવાનો હતો. જે ટીકાકારો તેમના વિચારોને 'કલ્પિત આદર્શ સમાજ' માનતા હતા તેમને તેમણે કહ્યું કે સમાજ સ્વીકારે એની રાહ જોયા વિના "પોતાનાં મનોરાજ્યનો સમાજને હાથે સ્વીકાર ન થાય તોયે તેમાં રહેવાની અને વિહરવાની વ્યક્તિઓને છૂટ છે" (પા. ૨૩૭).

દરેક સભામાં ખાદીકાર્યમાં મદદ કરવાની અપીલ કરવા ઉપરાંત ગાંધીજી પાસે એવું કંઈક ખાસ કહેવાનું હતું, જેણે તેમની અને શ્રોતાઓની વચ્ચે અંગત સંબંધ સ્થાપિત કર્યો. કનડુકાથનમાં દક્ષિણની એક પૈસાદાર કોમના ચેટિયાર લોકોને તેમણે કહ્યું: "અહીં તો છકેલ

Gandhi Heritage Portal

રીતે ધનનો દેખાવ થઈ રહ્યો છે. એ આપણને ન શોભે." અને તેમને દાન આપવામાં વિવેક વાપરવાની સલાહ આપી (પા. ૧૯). કરાઈકુડીમાં ભેટ મળેલી વસ્તુઓના લિલામ વખતે શ્રોતાઓએ જે પ્રેમ વર્ષાવ્યો તેથી તેઓ સાચે જ ગળગળા થઈ ગયા. (પા. ૩૫). તૂતીકોરિનમાં ગાંધીજીએ કહ્યું કે, तिरुकुरल મૂળ તામિલ ભાષામાં વાંચી શકાય તેટલા માટે પોતે તામિલ ભાષા શીખવાનું શરૂ કર્યું હતું (પા. ૮૩). ૨૭મી ઑક્ટોબરે પ્રેમભર્યો સંદેશ આપીને તેમણે દક્ષિણની વિદાય લીધી (પા. ૧૮૨).

તે દરમ્યાન ગાંધીજીને વાઈસરૉય લૉર્ડ અર્વિન તરફથી બીજી નવેમ્બરે દિલ્હીમાં મળવા માટે નિમંત્રણ મળ્યું હતું. વિઠ્ઠલભાઈ પટેલના સંદેશાના જવાબમાં ગાંધીજીએ પોતાને આ ચર્ચામાંથી દૂર રાખવા ઇચ્છા વ્યક્ત કરી હતી. કારણ કે એ પરિસ્થિતિમાં પોતે કંઈ ઉપયોગી સેવા કરી શકે એવી તેમને આશા નહોતી. ગાંધીજીને એ મુલાકાતનું પરિણામ, પોતાની નિરાશાને વાજબી ઠરાવતું લાગ્યું. ૮ નવેમ્બરે પ્રભાશંકર પટ્ટણીને તેમણે લખ્યું : "મારા જેવાને તો દિલ્હી બોલાવવાની કશી જરૂર ન હતી. . . . કોઈનો અભિપ્રાય જાણવાપણું ન હતું. કેવળ વાઈસરૉયને પોતાના અભિપ્રાય જણાવવાપણું હતું" (પા. ૨૦૨). આ મુલાકાતમાં જે કંઈ બન્યું તેના એકમેકથી જુદા હેવાલો પરિશિષ્ટ ૫માં આપવામાં આવ્યા છે.

નવેમ્બરની ૧૩મીથી ૨૯મી સુધીના પોતાના સિલોનના પ્રવાસ દરમ્યાન ગાંધીજીએ સિલોન અને હિંદને જોડનારાં બંધનોનો વારંવાર ઉલ્લેખ કર્યો. એ દ્વીપના બૌદ્ધોને તેમણે કહ્યું : "મારો એ નિશ્ચિત મત છે કે બુદ્ધના ઉપદેશનો મહત્ત્વનો ભાગ હિંદુ ધર્મમાં ભળી જઈને આજે તેનું અંગ થઈ ગયો છે. આજે હવે હિંદુ ભારતવર્ષ પાછાં પગલાં ભરે, અને ગૌતમે હિંદુ ધર્મ પર જે સુધારાનું મોજું ફેરવ્યું તેને ભૂંસી નાખી શકે એ શક્ય રહ્યું નથી . . . ગૌતમ પોતે હિંદુ હતા, હિંદુશ્રેષ્ઠ હતા. હિંદુ ધર્મના ઉત્તમાંશથી તેઓ ભીંજાયા હતા. કેટલાંક તત્ત્વો જે વેદમાં દટાઈ રહેલાં હતાં અને જેની પર જાળાં બાઝી ગયાં હતાં તે તત્ત્વોને તેમણે નવજીવન આપ્યું" (પા. ૨૨૧). સિલોનના પ્રવાસ પહેલાં એક અમેરિકન મિત્રની વિનંતીથી નવજીવનમાં એક લેખ લખીને ગાંધીજીએ હિંદુ ધર્મ પ્રત્યેનું પોતાનું વલણ આ પ્રમાણે દર્શાવ્યું હતું : "મારી જાણના બધા ધર્મોમાં હિંદુ ધર્મ સૌથી વધુ સહિષ્ણુ છે. હિંદુ ધર્મ એના અનુયાયીઓએ માનવા જ જોઈએ એવા સિદ્ધાંતોની જાળથી મુક્ત છે. આ મને બહુ ગમે છે. કારણ તેથી હિંદુ ધર્મીને આત્મોન્નતિનો વિશાળમાં વિશાળ અવકાશ રહે છે. હિંદુ ધર્મ સાંકડો નથી, તેને લીધે હિંદુઓ બીજા બધા ધર્મોને માન આપી શકે છે, એટલું જ નહીં પણ બીજા ધર્મોમાં સાર હોય તે ગ્રહણ પણ કરી શકે છે" (પા. ૧૪૯). કોલંબોમાં ખ્રિસ્તી યુવક સંઘ સમક્ષ બોલતાં તેમણે કહ્યું : "હું સમજું છું ત્યાં સુધી ઈશુનો સંદેશો, તેના શુદ્ધ અને સમગ્ર રૂપમાં તેમના 'સરમન ઑન ધ માઉન્ટ' (ગિરિ પ્રવચન)માં આવી જાય છે. . . . એટલે જો મારી સમક્ષ સરમન ઑન ધ માઉન્ટ અને તેની મારી પોતાની જ વ્યાખ્યા હોત તો હું એમ કહેતાં અચકાત નહીં કે 'હા, હું ખ્રિસ્તી છું' . . . પણ . . . ખ્રિસ્તી ધર્મને નામે જે કંઈ ચાલે છે તેમાંનું ઘણું તો મારા નમ્ર અભિપ્રાય મુજબ 'સરમન ઑન ધ માઉન્ટ'નો ઇનકાર જ છે" (પા. ૨૨૪). શ્રોતાઓમાંના નવયુવાન બૌદ્ધોને સંબોધતાં તેમણે કહ્યું : "પશ્ચિમમાંથી તમારી પાસે આવતા દબદબાથી અંજાઈ ન જશો. આ અસ્થાયી દેખાવોથી સમતુલા ન ગુમાવશો . . . તમે સમતુલા ગુમાવશો નહીં, તમારા પૂર્વજોની સાદાઈને છોડશો નહીં. એવો સમય આવી રહ્યો છે જ્યારે, જેઓ આજે પોતાની જરૂરિયાતો વધારવાની આંધળી દોટમાં પડ્યા છે . . . તેઓ

Gandhi Heritage Portal

પાછાં પગલાં ભરશે . . . પરમ કૃપાળુ, દયાળુ અને સહિષ્ણુતાના અવતાર ઈશ્વર શેતાનનું 'ચાર દિવસનું ચાંદરણું' ખીલવા દે છે" (પા. ૨૨૬–૭). પણ ૧૦મે દિવસે આપણા હૃદયમાં બેઠેલા રામને હાથે આપણામાં રહેલા દશાનન રાવણનો નાશ થવો જ જોઈએ. સિલોનના મજૂરોને તેમણે આ રીતે રામ-રાવણ યુદ્ધનો સાંકેતિક અર્થ સમજાવ્યો (પા. ૨૩૨). તેમણે કહ્યું કે ધર્મોના સાચા ભાઈચારાના પાયા પર જ વિશ્વસંઘની સ્થાપના થઈ શકે, જેમાં સૌની હાર્દિક પ્રાર્થના એવી હોવી જોઈએ કે, "સૌ પોતપોતાના ધર્મોમાં મક્કમ બને, ખ્રિસ્તી સાચો ખ્રિસ્તી બને, હિંદુ સાચો હિંદુ બને, મુસલમાન સાચો મુસલમાન બને" (પા. ૪૧૭).

સિલોનથી પાછા આવીને ગાંધીજી તરત ઓરિસ્સા ગયા. પણ લોહીના ભારે દબાણને કારણે તેમને મોટા ભાગનો પ્રવાસ રદ કરવો પડચો. ઓરિસ્સાની પરિસ્થિતિનું તેમને જે ઝાંખું દર્શન થયું એથી એમનું હૃદય તીવ્ર વેદનાથી ભરાઈ આવ્યું અને એમને લખવું પડ્યું કે "લાંબા વખતથી મુલતવી રાખેલા ઓરિસ્સાના પ્રવાસે આવીને મારાં દુઃખ અને ભોંઠપનો કડવો પ્યાલો ભરી દીધો છે" (પા. ૩૬૬). ઓરિસ્સામાં પ્રવેશ કરતાં જેવી "સ્મશાનશાંતિ" તેમણે જોઈ તેવી ચંપારણના દિવસો પછી કદી નથી જોઈ (પા. ૩૬૭), તેથી તેમણે સ્થાનિક કાર્યકર્તાઓને લોકોને "આ ત્રાસદાયક એટલું જ નહીં પણ લગભગ નામર્દાઈ જેવું બીકણપણું છોડી દેવાનું શિક્ષણ આપવાની સલાહ આપી (પા. ૩૬૮).

મદ્રાસના કૉંગ્રેસ અધિવેશનમાં બે મુખ્ય પ્રશ્નો — એટલે હિંદુ-મુસ્લિમ એકતા અને દેશના રાજકીય ધ્યેયની વ્યાખ્યા — વિશે ગાંધીજી અને બીજા નેતાઓ વચ્ચેના મતભેદ બહાર આવ્યા. પહેલા સવાલ વિશે તો તેમણે પહેલાં કબૂલ કર્યું હતું કે તેઓ "અત્યારના વાતાવરણમાં અલગ પડી ગયા છે" (પા. ૧૫). તેથી ગાંધીજી કૉંગ્રેસમાં પસાર કરવામાં આવેલા હિંદુ-મુસ્લિમ એકતાના ઠરાવ વિશે ઉત્સાહી નહોતા (પરિશિષ્ટ ૯). જોકે તેનો મુસદ્દો તૈયાર કરવામાં તેમણે પોતે મદદ કરી હોય એમ દેખાય છે. એ વિશે નવજીવનમાં લખતાં તેમણે કહ્યું: "તે સ્વરૂપમાં તદ્દન ખરાબ હતો. વિષયવિચારિણી સભા આગળ જે સ્વરૂપમાં એ પસાર થયો અને મહાસભાએ આખરે જે રીતે પસાર કર્યો, તે જોતાં બહુ બહુ તો એને નિર્દોષ કહેવાય, અને દેશની વૃદ્ધિની આજની દશામાં એથી વધારે ન થઈ શક્યું હોત એમ કહેવાય. પણ એ ઠરાવથી મને મલકાઈ જવા જેવું નથી લાગતું. હું તો એને નભાવી લેવા જેવો ઠરાવ ગણીને સાંખી લઉં" (પા. ૩૯૪).

બીજા નેતાઓ સાથેના, ખાસ કરીને જવાહરલાલ નેહરુ સાથેના મતભેદો મુખ્યત્વે દેશના રાજકીય ધ્યેયની વ્યાખ્યા બાબતમાં હતા. સ્વતંત્રતાના ઠરાવની ચર્ચા કરતાં તેમણે એ ઠરાવને "એ ઘડવામાં ઉતાવળ હતી અને એ પસાર કરવામાં અવિચાર હતો" એમ જણાવ્યું હતું. તેમની આ ટીકાથી ઉશ્કેરાઈને જવાહરલાલે એ ટીકાનો વિરોધ કરતો ગુસ્સાભર્યો પત્ર લખ્યો (પરિશિષ્ટ ૧૦). ગાંધીજીએ તેના જવાબમાં લખ્યું: "તમારી અને મારી વચ્ચે થોડો દૃષ્ટિભેદ છે એમ મને લાગવા માંડયું હતું, પરંતુ એ આટલો બધો જબરદસ્ત હશે, એની મને કલ્પના સરખી નહોતી . . . હું સ્પષ્ટપણે જોઉં છું કે, તમારે મારી સામે તેમ જ મારા વિચારો સામે ખુલ્લેખુલ્લી રીતે ઝુંબેશ ચલાવવી જોઈએ . . . તમારા જેવા મારા આટલા બધા વફાદાર, આટલા બધા કાર્યકુશળ અને આટલા બધા પ્રામાણિક સાથીને મારે ગુમાવવો પડશે એ માટેનો મારો ખેદ તમારાથી છાનો રાખી શકતો નથી; પરંતુ ધ્યેયની સેવાને ખાતર સાથી-દારોનો ભોગ આપ્યે જ છૂટકો" (પા. ૪૨૫). પરંતુ સાઈમન કમિશન સામેનો દેશનો રોષ

Gandhi Heritage Portal

પ્રદર્શિત કરવા માટે પગલાં ભરવાની આવશ્યકતા આગળ આ સૈદ્ધાંતિક મતભેદો પર પડદો પડી ગયો.

આ પુસ્તકમાં ગાંધીજીએ મીરાંબહેનને લખેલા કેટલાક પત્રો આવે છે. તેમાંનો એક "શસ્ત્રક્રિયા પછી લગાડવાનો રાહત આપનારો મલમ" જેવો હતો. (પા. ૫૨). કિશોરલાલ મશરૂવાળા પરના એક પત્રમાં (પા. ૧૪૨–૪૪) તેમણે કોઈ અહિંસાના અનુયાયીને કોઈ ચોર સામે સાક્ષી પૂરવાનો પ્રસંગ આવે તો તેનું કર્તવ્ય શું હોય તે સમજાવ્યું છે. તેમણે એવી દલીલ કરી છે કે કરુણા જો સ્વાભાવિક અને સાચી ન હોય તો તેની કશી અસર થતી નથી. કાંચીના શંકરાચાર્ય સાથેની મુલાકાતના બે દિવસ પછી પોતાની વાત કરતાં તેમણે કબૂલ કર્યું કે, "હિંદુ-મુસલમાન ઝઘડામાંથી મેં હાથ કાઢી લીધા જેવું છે કેમ કે મારી દયાને હું અધૂરી કે કૃત્રિમ અનુભવું છું. કૃત્રિમ એટલે જૂઠી નહીં પણ બુદ્ધિથી આગળ ન વધેલી" (પા. ૧૪૩). ગંગાબહેન વૈદ્ય પરના પત્રમાં (પા. ૧૪૪–૫) અને આશ્રમની બહેનો પરના પત્રમાં (પા. ૧૪૫–૬) તેમણે આશ્રમની બહેનોમાં થતા ઝઘડાઓની પોતે કરેલી ટીકાને કારણે આશ્રમમાં થયેલા ખળભળાટનો ઉલ્લેખ કરીને આશ્રમની બહેનોને તેઓ સૌ પોતાને એક કુટુંબની સભ્ય ગણીને આપસના ઝઘડા કેવી રીતે પતાવી શકે તે સમજાવ્યું. સી. એફ. ઍન્ડ્રૂઝને લખતાં તેઓ પોતના દાક્તરોને ટોણો મારવાની લાલચ ખાળી શક્યા નહીં : "અને ત્રણ દાક્તરો અને ત્રણ ત્રણ યંત્રોએ ગઈ કાલે દબાણના જુદા જુદા આંક આપ્યા : ૨૦૦, ૧૮૦, ૧૬૦!" (પા. ૩૫૭).

Gandhi Heritage Portal

# વાચકોને સૂચના

ગુજરાતી લખાણ ફરીથી પ્રગટ કરતી વખતે મૂળને વધુમાં વધુ વફાદાર રહેવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. મુદ્રણના દેખીતા દોષો દૂર કરવામાં આવ્યા છે અને મૂળ લખાણમાં સંક્ષિપ્ત હોય તેવા શબ્દો આખા લખવામાં આવ્યા છે. નામો કે શબ્દોની જુદી જુદી જોડણી સુધારવામાં આવી છે.

મોટા કૌંસમાં આપેલી પ્રાસ્તાવિક નોંધ તથા લેખોની અંદર આપેલી તેવા જ કૌંસમાં મૂકેલી સામગ્રી સંપાદકોએ લખેલી છે. મૂળમાં આવતા ગોળ કૌંસો કાયમ રાખવામાં આવ્યા છે. ગાંધીજીએ ટાંકેલાં ભાષણો, અવતરણો વગેરેનાં મૂળ લખાણો હાંસિયો છોડી ચાલુ ટાઈપમાં જ છાપવામાં આવ્યાં છે. ગાંધીજીના શબ્દોમાં ન હોય તેવાં લખાણો, ભાષણો તથા અદાલતના કામકાજ વગેરેના પરોક્ષ હેવાલો ચાલુ ટાઇપ અને ચાલુ માપમાં પણ પાતળા લેડમાં, એટલે કે લીટીઓ વચ્ચે ચાલુ અંતર કરતાં ઓછું અંતર રાખીને છાપ્યા છે.

અંગ્રેજી અને હિંદી લખાણોનો તરજુમો અસલ લખાણને વફાદાર રહીને સરળતાથી સમજી શકાય એ રીતે કરવામાં આવ્યો છે.

લખાણની તારીખ ઉપલબ્ધ હોય અથવા અનુમાનથી નક્કી કરેલી હોય ત્યાં પાનને મથાળે જમણા હાથ પરના ખૂણામાં દર્શાવવામાં આવી છે. જો મૂળ લાખાણ તારીખ વિનાનું મળ્યું હોય તો અનુમાનથી નક્કી કરેલી તારીખ, જરૂર મુજબ કારણો સાથે મોટા કૌંસમાં આપવામાં આવી છે. લખાણને અંતે લખાણનાં મૂળ તથા તારીખ આપવામાં આવ્યાં છે. એ તારીખ લખાણની પ્રસિદ્ધિની તારીખ છે. ગાંધીજીનાં જે લખાણો તારીખ વિનાનાં હોય અથવા જેની તારીખ ખાસ સંજોગો પ્રમાણે નક્કી થઈ શકી ન હોય તે પ્રગટ થયાની તારીખો પ્રમાણે ગોઠવવામાં આવ્યાં છે.

સત્યના પ્રયોગો અથવા આત્મકથાનો ઉલ્લેખ એ ગ્રંથની જુદી જુદી આવૃત્તિનાં જુદાં પાનાંને લક્ષમાં લેતાં તે ગ્રંથના ભાગ અને પ્રકરણ પૂરતો મર્યાદિત છે.

મૂળ લખાણના ટૂંકાક્ષરી ઉલ્લેખોમાં એસ.એન. એટલે સાબરમતી સંગ્રહાલય, અમદાવાદના ઉપલબ્ધ દસ્તાવેજો; જી. એન. તથા એમ. એમ. યુ. એટલે અનુક્રમે ગાંધી સ્મારક નિધિ અને સંગ્રહાલય, નવી દિલ્હીના દસ્તાવેજો તેમ જ ત્યાંથી પ્રાપ્ય મોબાઈલ, અર્થાત્ સહેલાઈથી બીજે લઈ જઈ શકાય તેવાં માઇક્રોફિલ્મ યુનિટનાં રીલો; સી. ડબલ્યુ. એટલે "કલેકટેડ વર્કસ ઑફ મહાત્મા ગાંધી"એ છૂટક વ્યક્તિઓ પાસેથી મેળવેલા પત્રો.

આ ગ્રંથને પ્રસ્તુત હોય તેવી સામગ્રી પરિશિષ્ટમાં આપવામાં આવી છે. લખાણોના આધાર-રૂપ સાહિત્યની યાદી તથા આ ગ્રંથ જે સમયને આવરે છે તેની તારીખવાર નોંધ ગ્રંથના અંત ભાગમાં આપવામાં આવી છે.

આ ગ્રંથમાં મૂળ અંગ્રેજી લખાણની જગ્યાએ, ગાંધીજીએ જાતે લખેલા હોય તેવા લેખો મૂળ ગુજરાતી તરીકે સામેલ કર્યા છે. એ લેખોની ક્રમસંખ્યા નીચે આપી છે:

૩૪૩, ૩૪૪, ૩૮૧, ૩૮૨

આ ગ્રંથમાં મૂળ ગુજરાતી તરીકે વધારાના મળેલા અને અંગ્રેજી પુસ્તકમાં નથી તેવા લેખોની ક્રમસંખ્યા નીચે પ્રમાણે છે:

૬૧(૧), ૧૦૧(૧), ૧૦૯(૧), ૧૩૮(૧).

Gandhi Heritage Portal

# ઋણસ્વીકાર

આ પુસ્તકની સામગ્રી માટે અમે સાબરમતી આશ્રમ સંરક્ષક અને સ્મારક ટ્રસ્ટ અને સંગ્રહાલય; નવજીવન ટ્રસ્ટ અને ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય, અમદાવાદ; ગાંધી સ્મારકનિધિ અને સંગ્રહાલય તથા નેશનલ આર્કાઇવ્ઝ ઑફ ઇન્ડિયા અને નેહરુ મેમોરિયલ મ્યુઝિયમ અને લાયબ્રેરી, નવી દિલ્હી; ઓરિસ્સા રાજ્ય સરકાર; શ્રી ડાહ્યાભાઈ મ. પટેલ, અમદાવાદ; શ્રી ગજાનન કાનિટકર, પૂના; ગં. સ્વ. ગંગાબહેન વૈદ્ય, બોચાસણ; શ્રી ઘનશ્યામદાસ બિરલા, કલકત્તા; શ્રી મહેશ પટ્ટણી, ભાવનગર; શ્રીમતી મીરાંબહેન, ઑલ્ટેન માર્કેટ–થૅન્બર્ગ, ઑસ્ટ્રિયા; શ્રી નારણદાસ ગાંધી, રાજકોટ; શ્રી પરશુરામ મેહરોત્રા, નવી દિલ્હી; શ્રીમતી રાધાબહેન ચૌધરી, કલકત્તા; શ્રી રમણીકલાલ મોદી, અમદાવાદ; શ્રીમતી શારદાબહેન શાહ, વર્ધા; શ્રીમતી તેહમીનાબહેન ખંભાતા, મુંબઈ; શ્રી સી. એમ. ડોક અને શ્રી હરિભાઉ ઉપાધ્યાય તથા નીચેનાં પુસ્તકોના પ્રકાશકોના આભારી છીએ : बापुना पत्रो, केटलाक जूना पत्रो, श्रीनिवास शास्त्रीना पत्रो, ध हिस्टरी ऑफ ध इन्डियन नेशनल कॉंग्रेस, हेलिफेक्स : ध लाइफ ऑफ लॉर्ड हेलिफेक्स; पांचमा पुत्रने बापुना आशीर्वाद, विठ्ठलभाई पटेल : लाइफ ॲन्ड टाइम्स, पु. २, विथ गांधीजी इन सिलोन, रिपोर्ट ऑफ ध फोर्टीसेकन्ड इन्डियन नेशनल कॉंग्रेस एट मद्रास, १९२७.

નીચેનાં વર્તમાનપત્રો તથા સામયિકોના પણ અમે આભારી છીએ : आज, अमृतबझार पत्रिका, सिलोन डेली न्यूस, सिलोन ऑब्झर्वर, हिन्दी नवजीवन, हिन्दु; हिन्दुस्तान टाइम्स, ट्रिब्यून, नवजीवन, प्रजाबंधु, साबरमती, समाज; सर्चलाइट અને यंग इन्डिया.

સંશોધન અને સંદર્ભ ગ્રંથોની સગવડો માટે ઑલ ઇન્ડિયા કૉંગ્રેસ કમિટી પુસ્તકાલય, ઇન્ડિયન કાઉન્સિલ ઑફ વર્લ્ડ એફેર્સ પુસ્તકાલય, માહિતી અને પ્રસારણ મંત્રાલયનો સંશોધન અને સંદર્ભ વિભાગ, શ્રી પ્યારેલાલ નય્યર નવી દિલ્હી, તેમ જ દસ્તાવેજો તૈયાર કરવામાં સહાય કરવા માટે માહિતી અને પ્રસારણ મંત્રાલયનો ફોટો વિભાગ, નવી દિલ્હી અમારા આભારને પાત્ર છે.

Gandhi Heritage Portal

[stamp]

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| | પ્રસ્તાવના | ૫ |
| | વાચકોને સૂચના | ૯ |
| | ઋણસ્વીકાર | ૧૦ |
| ૧. | તાંજોરમાં ભાષણ (૧૬–૯–'૨૭) | ૧ |
| ૨. | ત્રિચિનોપલી નગરપાલિકાના માનપત્રના જવાબમાં ભાષણ (૧૭–૯–'૨૭) | ૩ |
| ૩. | ખબર આપશો? (૧૮–૯–'૨૭) | ૩ |
| ૪. | સતીશચંદ્ર દાસગુપ્તાને પત્ર (૧૮–૯–'૨૭) | ૪ |
| ૫. | આશ્રમની બહેનોને પત્ર (૧૯–૯–'૨૭) | ૪ |
| ૬. | હરિભાઉ ઉપાધ્યાયને પત્ર (૧૯–૯–'૨૭) | ૫ |
| ૭. | જમનાલાલ બજાજને તાર (૨૦–૯–'૨૭) | ૬ |
| ૮. | ઍસોસિયેટેડ પ્રેસ ઑફ ઈન્ડિયાના પ્રતિનિધિને મુલાકાત (૨૦–૯–'૨૭) | ૬ |
| ૯. | ત્રિચિનોપલીની નેશનલ કૉલેજમાં ભાષણ (૨૦–૯–'૨૭) | ૭ |
| ૧૦. | પુત્તુરના ખ્રિસ્તી યુવક મંડળમાં ભાષણ (૨૦–૯–'૨૭) | ૯ |
| ૧૧. | ત્રિચિનોપલીની સ્ત્રીઓની સભામાં ભાષણ (૨૦–૯–'૨૭) | ૧૦ |
| ૧૨. | ત્રિચિનોપલીની જાહેર સભામાં ભાષણ (૨૧–૯–'૨૭) | ૧૧ |
| ૧૩. | પુદુકોટ્ટાના નાગરિકોના માનપત્રના જવાબમાં ભાષણ (૨૧–૯–'૨૭) | ૧૨ |
| ૧૪. | પ્રાગજી દેસાઈને પત્ર (૨૨–૯–'૨૭ પહેલાં) | ૧૩ |
| ૧૫. | રંગીલા રસૂલ (૨૨–૯–'૨૭) | ૧૪ |
| ૧૬. | વી. એસ. શ્રીનિવાસશાસ્ત્રીને પત્ર (૨૨–૯–'૨૭) | ૧૬ |
| ૧૭. | કનડુકાથનની જાહેર સભામાં ભાષણ (૨૨–૯–'૨૭) | ૧૭ |
| ૧૮. | પ્રાગજી દેસાઈને પત્ર (૨૩–૯–'૨૭) | ૨૦ |
| ૧૯. | મણિલાલ ગાંધીને પત્ર (૨૩–૯–'૨૭) | ૨૧ |
| ૨૦. | અમરાવતીપુરમાં ભાષણ (૨૩–૯–'૨૭) | ૨૨ |
| ૨૧. | ત્રિચિનોપલીની કેળવણી પરિષદને સંદેશો (૨૪–૯–'૨૭ પહેલાં) | ૨૪ |
| ૨૨. | કરાઈકુડીની સ્ત્રીઓની સભામાં ભાષણ (૨૪–૯–'૨૭) | ૨૪ |
| ૨૩. | દેવકોટ્ટામાં માનપત્રોના જવાબમાં ભાષણ (૨૪–૯–'૨૭) | ૨૬ |
| ૨૪. | યુવકો સાથે વાતચીત (૨૫–૯–'૨૭ અથવા તે પહેલાં) | ૨૯ |
| ૨૫. | એક પત્ર (૨૫–૯–'૨૭) | ૩૦ |
| ૨૬. | સુરેન્દ્રને પત્ર (૨૫–૯–'૨૭) | ૩૦ |
| ૨૭. | કરાઈકુડીની જાહેર સભામાં ભાષણ (૨૫–૯–'૨૭) | ૩૧ |
| ૨૮. | ન્યૂ ઇન્ડિયાને સંદેશો (૨૬–૯–'૨૭) | ૩૬ |
| ૨૯. | સતીશચંદ્ર દાસગુપ્તાને પત્ર (૨૬–૯–'૨૭) | ૩૭ |
| ૩૦. | હેમપ્રભાદેવી દાસગુપ્તાને પત્ર (૨૬–૯–'૨૭) | ૩૮ |


Gandhi Heritage Portal

૩૧. આશ્રમની બહેનોને પત્ર (૨૬–૯–'૨૭) ૩૮
૩૨. સિરુવાયલમાં ભાષણ (૨૭–૯–'૨૭) ૩૯
૩૩. પાગાનેરીની જાહેર સભામાં ભાષણ (૨૭–૯–'૨૭) ૪૦
૩૪. મીરાંબહેનને તાર (૨૮–૯–'૨૭) ૪૨
૩૫. મીરાંબહેનને પત્ર (૨૮–૯–'૨૭) ૪૨
૩૬. મદુરાની જાહેર સભામાં ભાષણ (૨૮–૯–'૨૭) ૪૩
૩૭. ગોઝારાં સ્મારક અને અહિંસા (૨૯–૯–'૨૭) ૪૮
૩૮. વેદોમાં ગોબલિ (૨૯–૯–'૨૭) ૫૧
૩૯. મીરાંબહેનને પત્ર (૨૯–૯–'૨૭) ૫૨
૪૦. મદુરાની સૌરાષ્ટ્ર ક્લબમાં ભાષણ (૨૯–૯–'૨૭) ૫૨
૪૧. મીરાંબહેનને પત્ર (૩૦–૯–'૨૭) ૫૫
૪૨. રામદાસ ગાંધીને પત્ર (૩૦–૯–'૨૭) ૫૬
૪૩. મદુરામાં સ્ત્રીઓની સભામાં ભાષણ (૩૦–૯–'૨૭) ૫૬
૪૪. તિરુમંગલમમાં ભાષણ (૩૦–૯–'૨૭) ૫૮
૪૫. એ. વેદરામ આયર સાથે ચર્ચા (૩૦–૯–'૨૭ની આસપાસ) ૫૯
૪૬. સી. ઍફ. ઍન્ડ્રૂઝને તાર (૧–૧૦–'૨૭) ૬૦
૪૭. મીરાંબહેનને પત્ર (૧–૧૦–'૨૭) ૬૦
૪૮. સી. એફ. ઍન્ડ્રૂઝને પત્ર (૧–૧૦–'૨૭) ૬૧
૪૯. ઘનશ્યામદાસ બિરલાને પત્ર (૧–૧૦–'૨૭) ૬૩
૫૦. મીરાંબહેનને પત્ર (૨–૧૦–'૨૭) ૬૪
૫૧. વિરુધુનગરની જાહેર સભામાં ભાષણ (૨–૧૦'૨૭) ૬૫
૫૨. મીરાંબહેનને પત્ર (૩–૧૦–'૨૭) ૬૭
૫૩. સુરેન્દ્રને પત્ર (૩–૧૦–'૨૭) ૬૭
૫૪. સુરેન્દ્રને પત્ર (૩–૧૦–'૨૭ પછી) ૬૮
૫૫. આશ્રમની બહેનોને પત્ર (૩–૧૦–'૨૭) ૬૮
૫૬. મીરાંબહેનને પત્ર (૪–૧૦–'૨૭) ૬૯
૫૭. વિઠ્ઠલદાસ જેરાજાણીને પત્ર (૪–૧૦–'૨૭) ૬૯
૫૮. રાજપાલયમમાં સ્ત્રીઓની સભામાં ભાષણ (૪–૧૦–'૨૭) ૭૦
૫૯. રાજપાલયમના ખાદી વસ્ત્રાલયમાં ભાષણ (૪–૧૦–'૨૭) ૭૧
૬૦. રાજપાલયમની જાહેર સભામાં ભાષણ (૪–૧૦–'૨૭) ૭૨
૬૧. સુરેન્દ્રને પત્ર (૪–૧૦–'૨૭ આસપાસ) ૭૫
૬૧(૧). એક શ્રીમંત બહેન સાથે વાતચીત (૪–૧૦–'૨૭) ૭૫
૬૨. સુરેન્દ્રને પત્ર (૪–૧૦–'૨૭ પછી) ૭૬
૬૩. મીરાંબહેનને પત્ર (૫–૧૦–'૨૭) ૭૭
૬૪. કોઈલપટ્ટીની જાહેર સભામાં ભાષણ (૫–૧૦–'૨૭) ૭૭
૬૫. 'રોષભર્યો વિરોધ' (૬–૧૦–'૨૭) ૭૮
૬૬. નોંધ (૬–૧૦–'૨૭) ૮૦


Gandhi Heritage Portal

૬૭. મીરાંબહેનને પત્ર (૬–૧૦–’૨૭) ૮૧
૬૮. તુતીકોરીનની જાહેર સભામાં ભાષણ (૬–૧૦–’૨૭) ૮૨
૬૯. તિનેવેલીની જાહેર સભામાં ભાષણ (૭–૧૦–’૨૭) ૮૪
૭૦. પ્રાગજી દેસાઈને પત્ર (૮–૧૦–’૨૭) ૮૮
૭૧. મીરાંબહેનને પત્ર (૮–૧૦–’૨૭) ૮૯
૭૨. નાગરકોઈલમાં ભાષણ (૮–૧૦–’૨૭) ૮૯
૭૩. મણિલાલ અને સુશીલાબહેન ગાંધીને પત્ર (૯–૧૦–’૨૭) ૯૨
૭૪. ત્રિવેન્દ્રમમાં ભાષણ (૧૦–૧૦–’૨૭ કે તે પહેલાં) ૯૨
૭૫. મીરાંબહેનને પત્ર (૧૦–૧૦–’૨૭) ૯૭
૭૬. હૉરેસ જી. ઍલેકઝાંડરને પત્ર (૧૦–૧૦–’૨૭) ૯૮
૭૭. છગનલાલ જોશીને પત્ર (૧૦–૧૦–’૨૭) ૯૯
૭૮. મગનલાલ ગાંધીને પત્ર (૧૦–૧૦–’૨૭ આસપાસ) ૧૦૦
૭૯. આશ્રમની બહેનોને પત્ર (૧૧–૧૦–’૨૭) ૧૦૧
૮૦. દેવચંદ પારેખને પત્ર (૧૧–૧૦–’૨૭) ૧૦૨
૮૧. કિવલોનમાં ભાષણ (૧૧–૧૦–’૨૭) ૧૦૩
૮૨. સી. એફ. ઍન્ડ્રૂઝને પત્ર (૧૨–૧૦–’૨૭) ૧૦૪
૮૩. અલેપ્પીની જાહેર સભામાં ભાષણ (૧૨–૧૦–’૨૭) ૧૦૫
૮૪. નોંધ (૧૩–૧૦–’૨૭) ૧૧૦
૮૫. હિંદુ કાયદો અને મૈસૂર (૧૩–૧૦–’૨૭) ૧૧૨
૮૬. મદ્રાસવાળો સત્યાગ્રહ (૧૩–૧૦–’૨૭) ૧૧૪
૮૭. ખાદીના નમૂના (૧૩–૧૦–’૨૭) ૧૧૫
૮૮. અર્નાકુલમમાં ભાષણ (૧૩–૧૦–’૨૭) ૧૧૬
૮૯. ડબલ્યુ. એચ. પિટને પત્ર (૧૪–૧૦–’૨૭) ૧૧૯
૯૦. ત્રિચુરમાં ભાષણ (૧૪–૧૦–’૨૭) ૧૨૦
૯૧. દલિત વર્ગોનાં પ્રતિનિધિ મંડળો સાથે વાતચીત (૧૫–૧૦–’૨૭) ૧૨૭
૯૨. પાલઘાટની જાહેર સભામાં ભાષણ (૧૫–૧૦–’૨૭) ૧૨૯
૯૩. કોઈમ્બતુરમાં સ્ત્રીઓની સભામાં ભાષણ (૧૬–૧૦–’૨૭) ૧૩૩
૯૪. કોઈમ્બતુરની જાહેર સભામાં ભાષણ (૧૬–૧૦–’૨૭) ૧૩૫
૯૫. મીરાંબહેનને પત્ર (૧૭–૧૦–’૨૭) ૧૩૯
૯૬. છગનલાલ ગાંધીને પત્ર (૧૭–૧૦–’૨૭) ૧૪૧
૯૭. કરીમ મહમદ માસ્તરને પત્ર (૧૭–૧૦–’૨૭) ૧૪૧
૯૮. કિશોરલાલ મશરૂવાળાને પત્ર (૧૭–૧૦–’૨૭) ૧૪૨
૯૯. ગંગાબહેન વૈદ્યને પત્ર (૧૭–૧૦–’૨૭) ૧૪૪
૧૦૦. આશ્રમની બહેનોને પત્ર (૧૭–૧૦–’૨૭) ૧૪૫
૧૦૧. વિ. ઝ. પટેલને તાર (૧૭–૧૦–’૨૭ અથવા તે પછી) ૧૪૬
૧૦૧(૧). શ્રી બાલાજીરાવ સાથે વાતચીત (૧૭–૧૮–૧૦–’૨૭) ૧૪૭
૧૦૨. રામેશ્વરદાસ પોદ્દારને પત્ર (૧૮–૧૦–’૨૭) ૧૪૮


Gandhi Heritage Portal

૧૦૩ હિંદુ શા માટે? (૨૦–૧૦–'૨૭) ૧૪૯
૧૦૪. વિ. ઝ. પટેલને તાર (૨૦–૧૦–'૨૭) ૧૫૦
૧૦૫. વિ. ઝ. પટેલને તાર (૨૦–૧૦–'૨૭) ૧૫૦
૧૦૬. વી. એસ. શ્રીનિવાસ શાસ્ત્રીને પત્ર (૨૦–૧૦–'૨૭) ૧૫૧
૧૦૭. પ્રભાવતીબહેનને પત્ર (૨૦–૧૦–'૨૭) ૧૫૨
૧૦૮. મણિલાલ અને સુશીલાબહેન ગાંધીને પત્ર (૨૦–૧૦–'૨૭) ૧૫૩
૧૦૯. મીરાંબહેનને પત્ર (૨૧–૧૦–'૨૭) ૧૫૪
૧૦૯(૧). કોઈંબતુરમાં ખાદી મંડળના સભ્યોને સલાહ (૨૨–૧૦–'૨૭ કે તે પછી) ૧૫૪
૧૧૦. સુરેન્દ્રને પત્ર (૨૨–૧૦–'૨૭ પછી) ૧૫૫
૧૧૧. વિ. ઝ. પટેલને તાર (૨૩–૧૦–'૨૭) ૧૫૬
૧૧૨. તિરુપુરમાં વિદ્યાર્થીઓ સમક્ષ ભાષણ (૨૩–૧૦–'૨૭) ૧૫૬
૧૧૩. વર્ણધર્મ વિશે વાતચીત (૨૩–૧૦–'૨૭) ૧૫૭
૧૧૪. તિરુપુરની જાહેર સભામાં ભાષણ (૨૩–૧૦–'૨૭) ૧૫૯
૧૧૫. મીરાંબહેનને પત્ર (૨૪–૧૦–'૨૭) ૧૬૧
૧૧૬. સતીશચંદ્ર દાસગુપ્તાને પત્ર (૨૪–૧૦–'૨૭) ૧૬૩
૧૧૭. સી. એફ. ઍન્ડ્રૂઝને પત્ર (૨૪–૧૦–'૨૭) ૧૬૪
૧૧૮. આર. પાર્થસારથિને પત્ર (૨૪–૧૦–'૨૭) ૧૬૫
૧૧૯. વાઇસરૉયને તાર (૨૪–૧૦–'૨૭ અથવા તે પછી) ૧૬૫
૧૨૦. ચંદ ત્યાગીને પત્ર (૨૫–૧૦–'૨૭) ૧૬૬
૧૨૧. આશ્રમની બહેનોને પત્ર (૨૫–૧૦–'૨૭) ૧૬૬
૧૨૨. કાલિકટની જાહેર સભામાં ભાષણ (૨૫–૧૦–'૨૭) ૧૬૭
૧૨૩. વિ. ઝ. પટેલને તાર (૨૬–૧૦–'૨૭) ૧૭૦
૧૨૪. કાલિકટમાં આદિદ્રવિડો સમક્ષ ભાષણ (૨૬–૧૦–'૨૭) ૧૭૦
૧૨૫. બૅંગલોરની જાહેર સભામાં ભાષણ (૨૬–૧૦–'૨૭) ૧૭૫
૧૨૬. એક વીરાંગના (૨૭–૧૦–'૨૭) ૧૭૮
૧૨૭. અનુકરણીય (૨૭–૧૦–'૨૭) ૧૭૯
૧૨૮. કપાસનું વાવેતર (૨૭–૧૦–'૨૭) ૧૮૦
૧૨૯. અસ્પૃશ્યતાનિવારણ (૨૭–૧૦–'૨૭) ૧૮૧
૧૩૦. દક્ષિણ હિંદને સંદેશ (૨૭–૧૦–'૨૭) ૧૮૨
૧૩૧. છાપાના પ્રતિનિધિને મુલાકાત (૨૯–૧૦–'૨૭) ૧૮૨
૧૩૨. ઇન્ડિયન નૅશનલ હેરલ્ડના પ્રતિનિધિને મુલાકાત (૩૦–૧૦–'૨૭ કે તે પહેલાં) ૧૮૫
૧૩૩. નોંધ (૩૦–૧૦–'૨૭) ૧૮૫
૧૩૪. મીરાંબહેનને પત્ર (૩૦–૧૦–'૨૭) ૧૮૫
૧૩૫. મીરાંબહેનને પત્ર (૩૧–૧૦–'૨૭) ૧૮૬
૧૩૬. આશ્રમની બહેનોને પત્ર (૩૧–૧૦–'૨૭) ૧૮૭
૧૩૭. ગંગાબહેન ઝવેરીને પત્ર (૩૧–૧૦–'૨૭) ૧૮૭
૧૩૮. પરશુરામ મેહરોત્રાને પત્ર (૧–૧૧–'૨૭) ૧૮૮


Gandhi Heritage Portal

૧૩૮(૧). દિલ્હીમાં ખાદી મંડળને મુલાકાત (૧–૧૧–'૨૭) ૧૮૮
૧૩૯. દિલ્હીની જામિયામિલિયા ઇસ્લામિયામાં ભાષણ (૨–૧૧–'૨૭) ૧૮૯
૧૪૦. આત્મપરિવર્તન (૩–૧૧–'૨૭) ૧૯૨
૧૪૧. મીઠુબહેન પિટીટને તાર (૩–૧૧–'૨૭) ૧૯૪
૧૪૨. સોમસુંદરમને તાર (૫–૧૧–'૨૭) ૧૯૪
૧૪૩. જાલરસ્ટને મુંબઈ તાર (૫–૧૧–'૨૭) ૧૯૪
૧૪૪. ચ. રાજગોપાલાચારીને તાર (૫–૧૧–'૨૭) ૧૯૫
૧૪૫. ઘનશ્યામદાસ બિરલાને પત્ર (૬–૧૧–'૨૭) ૧૯૫
૧૪૬. મીરાંબહેનને પત્ર (૬–૧૧–'૨૭) ૧૯૬
૧૪૭. મણિલાલ અને સુશીલાબહેન ગાંધીને પત્ર (૬–૧૧–'૨૭) ૧૯૬
૧૪૮. સિલોનના લોકોને સંદેશો (૭–૧૧–'૨૭ પહેલાં) ૧૯૭
૧૪૯. એન. આર. મલકાનીને તાર (૭–૧૧–'૨૭) ૧૯૭
૧૫૦. મીરાંબહેનને પત્ર (૭–૧૧–'૨૭) ૧૯૮
૧૫૧. બનારસીદાસ ચતુર્વેદીને પત્ર (૭–૧૧–'૨૭) ૧૯૮
૧૫૨. તુલસી મહેરને પત્ર (૭–૧૧–'૨૭) ૧૯૯
૧૫૩. ગંગાબહેન વૈદ્યને પત્ર (૭–૧૧–'૨૭) ૧૯૯
૧૫૪. આશ્રમની બહેનોને પત્ર (૭–૧૧–'૨૭) ૨૦૦
૧૫૫. વિઠ્ઠલ લ. ફડકેને પત્ર (૭–૧૧–'૨૭) ૨૦૧
૧૫૬. જી. એન. કાનિટકરને પત્ર (૮–૧૧–'૨૭) ૨૦૧
૧૫૭. પ્રભાશંકર પટ્ટણીને પત્ર (૮–૧૧–'૨૭) ૨૦૨
૧૫૮. અસહકાર નિષ્ફળ ગયો? (૧૦–૧૧–'૨૭) ૨૦૩
૧૫૯. હરજીવન કોટકને પત્ર (૧૦–૧૧–'૨૭) ૨૦૪
૧૬૦. ડાહ્યાભાઈ મ. પટેલને પત્ર (૧૦–૧૧–'૨૭) ૨૦૫
૧૬૧. સી. એફ. ઍન્ડ્રૂઝને પત્ર (૧૧–૧૧–'૨૭) ૨૦૫
૧૬૨. વી. એ. સુંદરમને પત્ર (૧૨–૧૧–'૨૭) ૨૦૬
૧૬૩. નારણદાસ ગાંધીને પત્ર (૧૨–૧૧–'૨૭) ૨૦૭
૧૬૪. કજોડું અથવા બાળહત્યા (૧૩–૧૧–'૨૭) ૨૦૭
૧૬૫. છાપાના પ્રતિનિધિને મુલાકાત (૧૩–૧૧–'૨૭) ૨૦૯
૧૬૬. કોલંબોમાં ચેટ્ટિયાર લોકો સમક્ષ ભાષણ (૧૩–૧૧–'૨૭) ૨૧૦
૧૬૭. કોલંબોની વિવેકાનંદ સોસાયટીમાં ભાષણ (૧૩–૧૧–'૨૭) ૨૧૧
૧૬૮. સુરેન્દ્રને પત્ર (૧૩–૧૧–'૨૭ કે તે પછી) ૨૧૨
૧૬૯. ટાઇમ્સ ઑફ સિલોનને મુલાકાત (૧૪–૧૧–'૨૭ કે તે પહેલાં) ૨૧૨
૧૭૦. ધનગોપાલ મુખરજીને તાર (૧૪–૧૧–'૨૭) ૨૧૩
૧૭૧. મીરાંબહેનને પત્ર (૧૪–૧૧–'૨૭) ૨૧૩
૧૭૨. આશ્રમની બહેનોને પત્ર (૧૪–૧૧–'૨૭) ૨૧૪
૧૭૩. કોલંબો નગરપાલિકાના માનપત્રના જવાબમાં ભાષણ (૧૫–૧૧–'૨૭) ૨૧૫
૧૭૪. કોલંબોની આનંદ કૉલેજમાં ભાષણ (૧૫–૧૧–'૨૭) ૨૧૮

Gandhi Heritage Portal

૧૭૫. કોલંબોના નાલંદા વિદ્યાલયમાં ભાષણ (૧૫–૧૧–'૨૭) ૨૧૯
૧૭૬. બૌદ્ધધર્મીઓ પ્રત્યે (૧૫–૧૧–'૨૭) ૨૨૦
૧૭૭. કોલંબોના ખ્રિસ્તી યુવક સંઘમાં ભાષણ (૧૫–૧૧–'૨૭) ૨૨૪
૧૭૮. કોલંબોના મિશનરી સંમેલનમાં ભાષણ (૧૬–૧૧–'૨૭) ૨૨૭
૧૭૯. કોલંબોમાં મજૂર મહાજનને સંબોધન (૧૬–૧૧–'૨૭) ૨૩૧
૧૮૦. એક ઉતારો (૧૭–૧૧–'૨૭) ૨૩૪
૧૮૧. વર્ણાશ્રમ (૧૭–૧૧–'૨૭) ૨૩૪
૧૮૨. ખાદીનાં તૈયાર કપડાં (૧૭–૧૧–'૨૭) ૨૩૮
૧૮૩. નેગોમ્બોમાં ભાષણ (૧૭–૧૧–'૨૭) ૨૩૯
૧૮૪. કુરુનેગલની જાહેર સભામાં ભાષણ (૧૭–૧૧–'૨૭) ૨૩૯
૧૮૫. માટલેની જાહેર સભામાં ભાષણ (૧૮–૧૧–'૨૭) ૨૪૦
૧૮૬. કૅન્ડીની ધર્મરાજ કૉલેજમાં ભાષણ (૧૮–૧૧–'૨૭) ૨૪૨
૧૮૭. કૅન્ડીમાં મ્યુનિસિપાલિટીના માનપત્રના જવાબમાં ભાષણ (૧૮–૧૧–'૨૭) ૨૪૩
૧૮૮. કૅન્ડીની જાહેર સભામાં ભાષણ (૧૮–૧૧–'૨૭) ૨૪૫
૧૮૯. બાદુલ્લાની જાહેર સભામાં ભાષણ (૧૯–૧૧–'૨૭) ૨૪૬
૧૯૦. 'ભૂંડી ભૂંછી' (૨૦–૧૧–'૨૭) ૨૫૦
૧૯૧. ચરખા સંઘ વિશે (૨૦–૧૧–'૨૭) ૨૫૨
૧૯૨. નુવારા ઈલિયામાં ભાષણ (૨૦–૧૧–'૨૭) ૨૫૪
૧૯૩. મીરાંબહેનને પત્ર (૨૧–૧૧–'૨૭) ૨૫૬
૧૯૪. સતીશચંદ્ર દાસગુપ્તાને પત્ર (૨૧–૧૧–'૨૭) ૨૫૭
૧૯૫. હેમપ્રભાદેવી દાસગુપ્તાને પત્ર (૨૧–૧૧–'૨૭) ૨૫૮
૧૯૬. આશ્રમની બહેનોને પત્ર (૨૧–૧૧–'૨૭) ૨૫૮
૧૯૭. આશ્રમનાં બાળકોને પત્ર (૨૧–૧૧–'૨૭) ૨૫૯
૧૯૮. વિ. લ. ફડકેને પત્ર (૨૧–૧૧–'૨૭) ૨૫૯
૧૯૯. કોલંબોમાં સ્ત્રીઓની સભામાં ભાષણ (૨૨–૧૧–'૨૭) ૨૬૦
૨૦૦. કોલંબોની જાહિરા કૉલેજમાં ભાષણ (૨૨–૧૧–'૨૭) ૨૬૧
૨૦૧. કોલંબોમાં પારસીઓ સમક્ષ ભાષણ (૨૨–૧૧–'૨૭) ૨૬૩
૨૦૨. લંકા મહાસભાને સંદેશો (૨૨–૧૧–'૨૭) ૨૬૪
૨૦૩. કોલંબોના તામિલ સંઘમાં ભાષણ (૨૨–૧૧–'૨૭) ૨૬૯
૨૦૪. પાનડુરામાં ભાષણ (૨૩–૧૧–'૨૭) ૨૭૨
૨૦૫. ગાલ્લેની જાહેર સભામાં ભાષણ (૨૩–૧૧–'૨૭) ૨૭૩
૨૦૬. ગાલ્લેની મહિન્દ કૉલેજમાં ભાષણ (૨૪–૧૧–'૨૭) ૨૭૪
૨૦૭. અકમિમાની કન્યા વણાટશાળામાં ભાષણ (૨૪–૧૧–'૨૭) ૨૭૭
૨૦૮. મતારામાં ભાષણ (૨૪–૧૧–'૨૭) ૨૭૮
૨૦૯. કોલંબોમાં કાયદાના વિદ્યાર્થીઓ સમક્ષ ભાષણ (૨૫–૧૧–'૨૭) ૨૭૯
૨૧૦. કોલંબોના બૌદ્ધ યુવક સંઘમાં ભાષણ (૨૫–૧૧–'૨૭) ૨૮૦
૨૧૧. કોલંબોના સિલોન ઈન્ડિયન ઍસોસિયેશનમાં ભાષણ (૨૫–૧૧–'૨૭) ૨૮૩

Gandhi Heritage Portal

૨૧૨. કોલંબોમાં રેડિયાર સંગમમાં ભાષણ (૨૫–૧૧–'૨૭) ૨૮૪
૨૧૩. કોલંબોની વિદાય સભામાં ભાષણ (૨૫–૧૧–'૨૭) ૨૮૫
૨૧૪. જાફનાની જાહેર સભામાં ભાષણ (૨૬–૧૧–'૨૭) ૨૮૮
૨૧૫. જાફનામાં વિદ્યાર્થીઓની કૉંગ્રેસમાં ભાષણ (૨૬–૧૧–'૨૭) ૨૯૨
૨૧૬. હરજીવન કોટકને પત્ર (૨૭–૧૧–'૨૭) ૨૯૬
૨૧૭. એક પત્ર (૨૭–૧૧–'૨૭) ૨૯૬
૨૧૮. જાફનામાં ખ્રિસ્તી પાદરીઓ સાથે ચર્ચા (૨૭–૧૧–'૨૭) ૨૯૭
૨૧૯. જાફનામાં હિંદીઓની સભામાં ભાષણ (૨૭–૧૧–'૨૭) ૨૯૯
૨૨૦. લંકાવાસી હિંદુઓને (૨૭–૧૧–'૨૭) ૩૦૧
૨૨૧. મીરાંબહેનને તાર (૨૮–૧૧–'૨૭) ૩૦૪
૨૨૨. મીરાંબહેનને પત્ર (૨૮–૧૧–'૨૭) ૩૦૪
૨૨૩. અબ્બાસ તૈયબજીને પત્ર (૨૮–૧૧–'૨૭) ૩૦૫
૨૨૪. સુરેન્દ્રને પત્ર (૨૮–૧૧–'૨૭) ૩૦૫
૨૨૫. આશ્રમની બહેનોને પત્ર (૨૮–૧૧–'૨૭) ૩૦૬
૨૨૬. ટી. બી. કેશવરાવને પત્ર (૨૯–૧૧–'૨૭) ૩૦૬
૨૨૭. રામેશ્વરદાસ પોદ્દારને પત્ર (૨૯–૧૧–'૨૭) ૩૦૭
૨૨૮. જાફનાની સેંટ જૉન કૉલેજમાં ભાષણ (૨૯–૧૧–'૨૭) ૩૦૭
૨૨૯. જાફનાની સેન્ટ્રલ કૉલેજમાં ભાષણ (૨૯–૧૧–૨૭) ૩૦૮
૨૩૦. જાફનાની ઍન્ડુવિલ ગર્લ્સ કૉલેજમાં ભાષણ (૨૯–૧૧–'૨૭) ૩૦૯
૨૩૧. જાફનામાં સર રામનાથન ગર્લ્સ સ્કૂલમાં ભાષણ (૨૯–૧૧–'૨૭) ૩૧૦
૨૩૨. જાફનાની તેલ્લીપલ્લી વણાટશાળામાં ભાષણ (૨૯–૧૧–'૨૭) ૩૧૩
૨૩૩. જાફનાની જાફના કૉલેજમાં ભાષણ (૨૯–૧૧–'૨૭) ૩૧૩
૨૩૪. રામનાડની જાહેર સભામાં ભાષણ (૩૦–૧૧–'૨૭) ૩૧૪
૨૩૫. હિંદુમુસલમાન ઐક્ય (૧–૧૨–'૨૭) ૩૧૭
૨૩૬. અમેરિકાની મદદ (૧–૧૨–'૨૭) ૩૧૮
૨૩૭. ખાદીનું અર્થશાસ્ત્ર (૧–૧૨–'૨૭) ૩૧૯
૨૩૮. ઍસોસિયેટેડ પ્રેસના પ્રતિનિધિને મુલાકાત (૧–૧૨–'૨૭) ૩૨૦
૨૩૯. ચિકાકોલની જાહેર સભામાં ભાષણ (૩–૧૨–'૨૭) ૩૨૧
૨૪૦. ખાદી નિબંધ (૪–૧૨–'૨૭) ૩૨૩
૨૪૧. બરહામપુરમાં સ્ત્રીઓની સભામાં ભાષણ (૪–૧૨–'૨૭) ૩૨૩
૨૪૨. બરહામપુરમાં વિદ્યાર્થીઓની સભામાં ભાષણ (૪–૧૨–'૨૭) ૩૨૪
૨૪૩. જમનાલાલ બજાજને તાર (૫–૧૨–'૨૭) ૩૨૫
૨૪૪. આશ્રમની બહેનોને પત્ર (૫–૧૨–'૨૭) ૩૨૬
૨૪૫. મણિલાલ અને સુશીલાબહેન ગાંધીને પત્ર (૫–૧૨–'૨૭) ૩૨૬
૨૪૬. છત્રપુરની સભામાં ભાષણ (૬–૧૨–'૨૭ કે તે પહેલાં) ૩૨૭
૨૪૭. મગનલાલ ગાંધીને પત્ર (૬–૧૨–'૨૭) ૩૨૮
૨૪૮. સત્યનો અનર્થ (૮–૧૨–'૨૭) ૩૨૮

13665
REFERENCE BOOK
Gandhi Heritage Portal

૨૪૯. દેવમંદિર (૮-૧૨-'૨૭) ૩૩૦
૨૫૦. બાણપુરમાં ભાષણ (૮-૧૨-'૨૭) ૩૩૧
૨૫૧. સી. એફ. ઍન્ડ્રૂઝને પત્ર (૧૦-૧૨-'૨૭) ૩૩૨
૨૫૨. ચક્રવર્તી રાજગોપાલાચારીને પત્ર (૧૦-૧૨-'૨૭) ૩૩૩
૨૫૩. બોલગઢની જાહેર સભામાં ભાષણ (૧૦-૧૨-'૨૭) ૩૩૪
૨૫૪. એડા રોઝનગ્રીનને પત્ર (૧૧-૧૨-'૨૭) ૩૩૫
૨૫૫. હેન્રી નીલને પત્ર (૧૧-૧૨-'૨૭) ૩૩૬
૨૫૬. કોચીનના સગીર-રક્ષા સમાજના મંત્રીને પત્ર (૧૧-૧૨-'૨૭) ૩૩૭
૨૫૭. ડી. આર. ભાંડારકરને પત્ર (૧૧-૧૨-'૨૭) ૩૩૭
૨૫૮. જે. એન. જિનેન્દ્રદાસને પત્ર (૧૧-૧૨-'૨૭) ૩૩૮
૨૫૯. એક પત્ર (૧૧-૧૨-'૨૭) ૩૩૮
૨૬૦. શ્રીપ્રકાશને પત્ર (૧૧-૧૨-'૨૭) ૩૩૯
૨૬૧. હરજીવન કોટકને પત્ર (૧૧-૧૨-'૨૭) ૩૪૦
૨૬૨. આશ્રમની બહેનોને પત્ર (૧૨-૧૨-'૨૭) ૩૪૧
૨૬૩. રમેશચંદ્રને પત્ર (૧૩-૧૨-'૨૭) ૩૪૨
૨૬૪. સાકરચંદને તાર (૧૪-૧૨-'૨૭) ૩૪૩
૨૬૫. કૅપ્ટન જે. ડબલ્યુ. પેટાવલને પત્ર (૧૪-૧૨-'૨૭) ૩૪૩
૨૬૬. મારા 'અપરાધ' (૧૫-૧૨-'૨૭) ૩૪૪
૨૬૭. એચ. એ. જે. ગિડનેને પત્ર (૧૫-૧૨-'૨૭) ૩૪૮
૨૬૮. આઈ. સંન્યાસ રાજુ અને બીજાઓને પત્ર (૧૫-૧૨-'૨૭) ૩૪૯
૨૬૯. વસુમતીબહેન પંડિતને પત્ર (૧૬-૧૨-'૨૭) ૩૫૦
૨૭૦. બહેરામજી ખંભાતાને પત્ર (૧૬-૧૨-'૨૭) ૩૫૦
૨૭૧. ગોરક્ષા વિશે લેખો (૧૮-૧૨-'૨૭) ૩૫૧
૨૭૨. પી. તિરુકોટાસુંદરમ્ પિલ્લેને પત્ર (૧૮-૧૨-'૨૭) ૩૫૧
૨૭૩. ગોપરાજુ સત્યનારાયણ મૂર્તિને પત્ર (૧૯-૧૨-'૨૭) ૩૫૨
૨૭૪. રૈહાનાબહેન તૈયબજીને પત્ર (૧૯-૧૨-'૨૭) ૩૫૩
૨૭૫. એસ. હૅન્ડી પરિબનાયગમને પત્ર (૧૯-૧૨-'૨૭) ૩૫૪
૨૭૬. કે. એસ. કારંથને પત્ર (૧૯-૧૨-'૨૭) ૩૫૪
૨૭૭. ઑલિવ ડોકને પત્ર (૧૯-૧૨-'૨૭) ૩૫૬
૨૭૮. આશ્રમની બહેનોને પત્ર (૧૯-૧૨-'૨૭) ૩૫૬
૨૭૯. નારણદાસ ગાંધીને પત્ર (૧૯-૧૨-'૨૭) ૩૫૭
૨૮૦. સી. એફ. ઍન્ડ્રૂઝને પત્ર (૨૦-૧૨-'૨૭) ૩૫૭
૨૮૧. એમ. ફ્રાન્સિસ એચ. લ્યૂકને પત્ર (૨૦-૧૨-'૨૭) ૩૫૮
૨૮૨. એસ. એન. ઘોષને પત્ર (૨૦-૧૨-'૨૭) ૩૫૮
૨૮૩. હેલેન હૉસડિંગને પત્ર (૨૦-૧૨-'૨૭) ૩૫૯
૨૮૪. કટકના ખાદી કાર્યકર્તાઓ સમક્ષ ભાષણ (૨૦-૧૨-'૨૭) ૩૫૯
૨૮૫. દેવી વેસ્ટને પત્ર (૨૧-૧૨-'૨૭) ૩૬૨


Gandhi Heritage Portal

૨૮૬. નિર્મલચંદ્ર ડેને પત્ર (૨૧–૧૨–'૨૭) ૩૬૩
૨૮૭. વિશ્વંભર સહાયને પત્ર (૨૧–૧૨–'૨૭) ૩૬૪
૨૮૮. દેવીચંદને પત્ર (૨૧–૧૨–'૨૭) ૩૬૪
૨૮૯. મણીન્દ્રચંદ્ર રૉયને પત્ર (૨૧–૧૨–'૨૭) ૩૬૫
૨૯૦. ટી. કે. રામુન્ની મેનનને પત્ર (૨૧–૧૨–'૨૭) ૩૬૫
૨૯૧. પ્યારેલાલને પત્ર (૨૧–૧૨–'૨૭) ૩૬૬
૨૯૨. આપણી સૌની શરમ (૨૨–૧૨–'૨૭) ૩૬૬
૨૯૩. કશું તુચ્છ નથી (૨૨–૧૨–'૨૭) ૩૬૮
૨૯૪. સુભદ્રાબહેન તુળજાપુરકરને પત્ર (૨૩–૧૨–'૨૭) ૩૭૦
૨૯૫. બેગમ ઝેબુન્નિસાને પત્ર (૨૩–૧૨–'૨૭) ૩૭૦
૨૯૬. પિચપ્પા સુબ્રહ્મણ્યમ્ ચેટ્ટિયારને પત્ર (૨૩–૧૨–'૨૭) ૩૭૧
૨૯૭. કમલાદેવીને પત્ર (૨૩–૧૨–'૨૭) ૩૭૨
૨૯૮. એસ. જી. દાતારને પત્ર (૨૩–૧૨–'૨૭) ૩૭૩
૨૯૯. આર. રામસ્વામીને પત્ર (૨૩–૧૨–'૨૭) ૩૭૩
૩૦૦. એક પત્ર (૨૩–૧૨–'૨૭) ૩૭૪
૩૦૧. એસ. વી. વિશ્વનાથ આયરને પત્ર (૨૩–૧૨–'૨૭) ૩૭૪
૩૦૨. ચેરુકાન્ડી કુટ્ટનને પત્ર (૨૩–૧૨–'૨૭) ૩૭૫
૩૦૩. કે. કેલપ્પનને પત્ર (૨૩–૧૨–'૨૭) ૩૭૫
૩૦૪. મદ્રાસમાં ખાદી અને હિંદી પ્રદર્શનમાં ભાષણ (૨૩–૧૨–'૨૭) ૩૭૬
૩૦૫. એક લેખ પર નોંધ (૨૫–૧૨–'૨૭) ૩૭૭
૩૦૬. ઇન્દ્રરાજ રેંટિયો (૨૫–૧૨–'૨૭) ૩૭૭
૩૦૭. હિંદુ વિધવા શું કરે? (૨૫–૧૨–'૨૭) ૩૭૮
૩૦૮. ડૉ. એમ. એ. અનસારીને પત્ર (૨૫–૧૨–'૨૭) ૩૭૯
૩૦૯. સી. એફ. ઍન્ડ્રૂઝને પત્ર (૨૬–૧૨–'૨૭) ૩૮૦
૩૧૦. ફૂલચંદ કે. શાહને પત્ર (૨૬–૧૨–'૨૭) ૩૮૦
૩૧૧. રેવાશંકર ઝવેરીને પત્ર (૨૬–૧૨–'૨૭) ૩૮૧
૩૧૨. આશ્રમની બહેનોને પત્ર (૨૬–૧૨–'૨૭) ૩૮૧
૩૧૩. દક્ષિણ આફ્રિકાના હિંદીઓ વિશે ઠરાવ (૨૭–૧૨–'૨૭) ૩૮૨
૩૧૪. ડૉ. એમ. એ. અનસારીને પત્ર (૨૮–૧૨–'૨૭) ૩૮૨
૩૧૫. એક પત્ર (૨૮–૧૨–'૨૭) ૩૮૩
૩૧૬. રાજદ્વારી કેદીઓ (૨૯–૧૨–'૨૭) ૩૮૩
૩૧૭. ઇન્ડિયન ડેલી મેલને મુલાકાત (૩૦–૧૨–'૨૭) ૩૮૫
૩૧૮. મણિલાલ અને સુશીલાબહેન ગાંધીને પત્ર (૩૧–૧૨–'૨૭) ૩૮૭
૩૧૯. મણિબહેન પટેલને પત્ર (૧૯૨૭) ૩૮૮
૩૨૦. મણિબહેન પટેલને પત્ર (૧૯૨૭) ૩૮૮
૩૨૧. જમનાલાલ બજાજને પત્ર (૧૯૨૭) ૩૮૯
૩૨૨. પ્રભાવતીબહેનને પત્ર (૨–૧–'૨૮) ૩૮૯


Gandhi Heritage Portal

| | |
|---|---|
| ૩૨૩. જવાહરલાલ નેહરુને પત્ર (૪-૧-'૨૮) | ૩૯૦ |
| ૩૨૪. મરહૂમ હકીમસાહેબ (૫-૧-'૨૮) | ૩૯૧ |
| ૩૨૫. મહાસભા (૫-૧-'૨૮) | ૩૯૩ |
| ૩૨૬. હિંદની કવયિત્રીને આમંત્રણ (૫-૧-'૨૮) | ૩૯૮ |
| ૩૨૭. ઘનશ્યામદાસ બિરલાને પત્ર (૫-૧-'૨૮) | ૩૯૯ |
| ૩૨૮. મગનલાલ ગાંધીને પત્ર (૬-૧-'૨૮) | ૩૯૯ |
| ૩૨૯. સતીશચંદ્ર દાસગુપ્તાને પત્ર (૭-૧-'૨૮) | ૪૦૦ |
| ૩૩૦. નાજુકલાલ નં. ચોકસીને પત્ર (૭-૧-'૨૮) | ૪૦૦ |
| ૩૩૧. ગીતા ઉપર ચર્ચા (૭-૧-'૨૮) | ૪૦૧ |
| ૩૩૨. ગોરક્ષાના લેખો (૮-૧-'૨૮) | ૪૦૨ |
| ૩૩૩. માટીનો મહિમા (૮-૧-'૨૮) | ૪૦૩ |
| ૩૩૪. કનિકાના રાજાને પત્ર (૮-૧-'૨૮) | ૪૦૩ |
| ૩૩૫. ડબલ્યુ. એચ. પિટને પત્ર (૮-૧-'૨૮) | ૪૦૪ |
| ૩૩૬. જામિયા મિલિયા ઈસ્લામિયાને સંદેશો (૯-૧-'૨૮ પહેલાં) | ૪૦૪ |
| ૩૩૭. મદનમોહન માલવિયાને તાર (૯-૧-'૨૮ કે પછી) | ૪૦૫ |
| ૩૩૮. અબ્બાસ તૈયબજી પત્ર (૧૦-૧-'૨૮) | ૪૦૫ |
| ૩૩૯. નાજુકલાલ નં. ચોકસીને પત્ર (૧૦-૧-'૨૮) | ૪૦૬ |
| ૩૪૦. વી. એસ. શ્રીનિવાસ શાસ્ત્રીને પત્ર (૧૧-૧-'૨૮) | ૪૦૬ |
| ૩૪૧. સતીશચંદ્ર દાસગુપ્તાને પત્ર (૧૧-૧-'૨૮) | ૪૦૭ |
| ૩૪૧(૧). જવાહરલાલ નેહરુને પત્ર (૧૧-૧-'૨૮) | ૪૦૮ |
| ૩૪૨. સાબરમતીની પ્રાર્થના સભામાં ભાષણ (૧૨-૧-'૨૮ પહેલાં) | ૪૦૯ |
| ૩૪૩. સાહેબ કેમ મળે? (૧૨-૧-'૨૮ પહેલાં) | ૪૧૦ |
| ૩૪૪. ક્ષમાનું રહસ્ય (૧૨-૧-'૨૮ પહેલાં) | ૪૧૦ |
| ૩૪૫. 'ઈન્ડિપેન્ડન્સ' કે સ્વરાજ? (૧૨-૧-'૨૮) | ૪૧૧ |
| ૩૪૬. ગેરકાયદે છૂટ લેવી (૧૨-૧-'૨૮) | ૪૧૪ |
| ૩૪૭. મદ્રાસ ખાદી-પ્રદર્શન (૧૨-૧-'૨૮) | ૪૧૫ |
| ૩૪૮. મુકુંદનું પ્રાયશ્ચિત્ત (૧૨-૧-'૨૮) | ૪૧૫ |
| ૩૪૯. મૈસૂર સરકારનું ખાદી કેન્દ્ર (૧૨-૧-'૨૮) | ૪૧૬ |
| ૩૫૦. મણિલાલ અને સુશીલાબહેન ગાંધીને પત્ર (૧૫-૧-'૨૮ પહેલાં) | ૪૧૬ |
| ૩૫૧. બંધુત્વના વિષય પર ચર્ચા (૧૫-૧-'૨૮ પહેલાં) | ૪૧૭ |
| ૩૫૨. પ્રભાશંકર પટ્ટણીને પત્ર (૧૫-૧-'૨૮ કે તે પહેલાં) | ૪૨૦ |
| ૩૫૨(૧) જવાહરલાલ નેહરુને પત્ર (૧૫-૧-'૨૮) | ૪૨૦ |
| ૩૫૩. સતીશચંદ્ર દાસગુપ્તાને પત્ર (૧૫-૧-'૨૮) | ૪૨૧ |
| ૩૫૪. ગૂજરાત વિદ્યાપીઠ પદવીદાન સમારંભમાં આપેલું ભાષણ (૧૫-૧-'૨૮) | ૪૨૨ |
| ૩૫૫. દ્વિતીય સ્નાતક સંમેલનને સંદેશો (૧૬-૧-'૨૮) | ૪૨૪ |
| ૩૫૬. જવાહરલાલ નેહરુને પત્ર (૧૭-૧-'૨૮) | ૪૨૪ |
| ૩૫૭. આર. રામચંદ્ર રાવને પત્ર (૧૭-૧-'૨૮) | ૪૨૬ |


Gandhi Heritage Portal

૩૫૮. એસ. ગણેસનને પત્ર (૧૭–૧–'૨૮) ૪૨૭
૩૫૯. પોરબંદરના દીવાનને તાર (૧૮–૧–'૨૮) ૪૨૮
૩૬૦. એસ. ડી. નાડકર્ણીને પત્ર (૧૮–૧–'૨૮) ૪૨૯
૩૬૧. રતિલાલને પત્ર (૧૮–૧–'૨૮) ૪૨૯
૩૬૨. એક પત્ર (૧૮–૧–'૨૮) ૪૩૦
૩૬૩. અજમલખાન જામિયા ફાળો (૧૯–૧–'૨૮) ૪૩૦
૩૬૪. કટ્ટા અસહકારીઓને (૧૯–૧–૨૮) ૪૩૧
૩૬૫. વી. કે. શંકર મેનનને પત્ર (૧૯–૧–'૨૮) ૪૩૪
૩૬૬. ડૉ. બિધાનચંદ્ર રૉયને પત્ર (૧૯–૧–'૨૮) ૪૩૫
૩૬૭. સુરેશચંદ્ર બૅનરજીને પત્ર (૧૯–૧–'૨૮) ૪૩૬
૩૬૮. સતીશચંદ્ર દાસગપ્તાને પત્ર (૧૯–૧–'૨૮) ૪૩૭
૩૬૯. મદનમોહન માલવિયાને પત્ર (૨૦–૧–'૨૮) ૪૩૭
૩૭૦. હેમપ્રભાદેવી દાસગુપ્તાને પત્ર (૨૦–૧–'૨૮) ૪૩૮
૩૭૧. પોરબંદરની કાઠિયાવાડ રાજકીય પરિષદમાં ભાષણ (૨૨–૧–'૨૮) ૪૩૮
૩૭૨. મીરાંબહેનને તાર (૨૩–૧–'૨૮) ૪૪૦
૩૭૩. વરતેજમાં ભાષણ (૨૪–૧–'૨૮) ૪૪૦
૩૭૪. એ વાડા તોડો (૨૪–૧–'૨૮) ૪૪૧
૩૭૫. બ્રિટિશ માલનો બહિષ્કાર (૨૬–૧–'૨૮) ૪૪૬
૩૭૬. ખાદી ગાઇડ (૨૬–૧–'૨૮) ૪૪૮
૩૭૭. રાજેન્દ્રપ્રસાદ મિશ્રને પત્ર (૨૬–૧–'૨૮) ૪૪૮
૩૭૭(૧). જવાહરલાલ નેહરુને તાર (૨૬–૧–'૨૮) ૪૪૯
૩૭૮. સતીશચંદ્ર દાસગુપ્તાને પત્ર (૨૭–૧–'૨૮) ૪૪૯
૩૭૯. ડૉ. બી. એસ. મુંજેને પત્ર (૨૭–૧–'૨૮) ૪૫૦
૩૮૦. એફ. ડબલ્યુ. સ્ટૅનથાલને પત્ર (૨૭–૧–'૨૮) ૪૫૧
૩૮૧. રામદાસ ગાંધીના વિવાહ પ્રસંગે ભાષણ (૨૭–૧–'૨૮) ૪૫૨
૩૮૨. સાબરમતી આશ્રમમાં ભાષણ (૨૭–૧–'૨૮) ૪૫૩
૩૮૩. પ્રભાવતીબહેનને પત્ર (૨૭–૧–'૨૮ પછી) ૪૫૪
૩૮૪. ચ. રાજગોપાલાચારીને પત્ર (૨૮–૧–'૨૮) ૪૫૪
૩૮૫. રિચાર્ડ બી. ગ્રેગને પત્ર (૨૮–૧–'૨૮) ૪૫૫
૩૮૬. હેમપ્રભાદેવી દાસગુપ્તાને પત્ર (૨૮–૧–'૨૮) ૪૫૬
૩૮૭. ગૂજરાત વિદ્યાપીઠમાં ભાષણ (૨૮–૧–'૨૮) ૪૫૬
૩૮૮. એક બહેનની વિટંબણા (૨૯–૧–'૨૮) ૪૫૭
૩૮૯. કાઠિયાવાડ રાજકીય પરિષદ (૨૯–૧–'૨૮) ૪૫૯
૩૯૦. પ્રશ્નોત્તરી (૨૯–૧–'૨૮) ૪૬૨
૩૯૧. વી. એસ. ભાસ્કરનનને પત્ર (૨૯–૧–'૨૮) ૪૬૪
૩૯૨. લાહોરની પંજાબ કૉંગ્રેસ સમિતિને તાર (૩૦–૧–'૨૮) ૪૬૫
૩૯૩. સતીશચંદ્ર દાસગુપ્તાને પત્ર (૩૦–૧–'૨૮) ૪૬૫


Gandhi Heritage Portal

૩૯૪. રમણીકલાલ મોદીને પત્ર (૩૦–૧–'૨૮) ૪૬૬
૩૯૫. ડી. એન. બૅનરજીને પત્ર (૩૧–૧–'૨૮) ૪૬૬
૩૯૬. ઈલિઝાબેથ નુડસનને પત્ર (૩૧–૧–'૨૮) ૪૬૭

પરિશિષ્ટો :

૧. બ્રાહ્મણ અને બ્રાહ્મણેતર ૪૬૮
૨. દક્ષિણ હિંદ અને સિલોનમાં ખાદીફાળો ૪૭૫
૩. સી. કુટ્ટન નાયરને મુલાકાત ૪૭૯
૪. કાંચીના શ્રી શંકરાચાર્ય સાથે મુલાકાત ૪૮૦
૫. ગાંધી-અર્વિન મુલાકાત ૪૮૧
૬. એસ. ડી. નાડકર્ણીના પત્રનો અંશ ૪૮૨
૭. હિંદી સ્ટૅચ્યુટરી કમિશન વિશે વાઈસરૉયના નિવેદનમાંથી ઉતારો ૪૮૩
૮. ઈન્ડિયન સ્ટૅચ્યુટરી કમિશન ૪૮૪
૯. હિંદુ-મુસ્લિમ એકતા વિશે ઠરાવ ૪૮૫
૧૦. જવાહરલાલ નેહરુનો પત્ર ૪૮૭

આધારરૂપ સાહિત્ય ૪૯૨
તારીખવાર વૃત્તાંત્ત ૪૯૪
સૂચિ ૪૯૮

Gandhi Heritage Portal

ગાંધીજીનો અક્ષરદેહ

ગાંધી સ્મારક સંગ્રહ
ગ્રંથાલય.
અમદાવાદ-૧૩.

Gandhi Heritage Portal

# અભ્યાસી પ્રત્યે

મારાં લખાણોના ઉદ્યમી અભ્યાસીને તેમ જ એમાં રસ લેનાર બીજાઓને કહેવા ઇચ્છું છું કે મને સર્વકાળે એકરૂપ જ દેખાવાની કશી પરવા નથી. સત્યની મારી શોધમાં મેં ઘણા વિચારોનો ત્યાગ કર્યો છે ને ઘણી નવી વસ્તુઓ શીખ્યો છું. ઉંમરમાં હું ભલે વૃદ્ધ થયો હોઉં, પણ મારો આંતરિક વિકાસ થતો અટકયો છે અથવા દેહ પડયા પછી મારો વિકાસ અટકી જશે એવું મને લાગતું નથી. મને એક જ વસ્તુની પડી છે, ને તે પ્રતિક્ષણ સત્યનારાયણની વાણીને અનુસરવાની મારી તત્પરતા છે. અને તેથી કોઈને મારાં બે લખાણોમાં વિરોધ જેવું જણાય ત્યારે, જો તેને મારા ડહાપણ વિશે શ્રદ્ધા હોય તો એક જ વિષયનાં બે લખાણોમાંથી પાછલાને તે પ્રમાણભૂત માને.

હરિજનબંધુ, ૩૦–૪–'૩૩ —ગાંધીજી

Gandhi Heritage Portal

# ૧. તાંજોરમાં ભાષણ

સપ્ટેમ્બર ૧૬, ૧૯૨૭

આજે હું તાંજોર આવ્યો ત્યારે અહીંના બ્રાહ્મણ-બ્રાહ્મણેતરના પ્રશ્ન[1] વિશે ચર્ચા કરવા હું ધારતો જ હતો, અને આજે સાંજે કેટલાક મિત્રો સાથે એક ટૂંકી ચર્ચા કરી પણ શક્યો છું. આ ચર્ચામાં થયેલી વાતચીત વિશે અહીં કાંઈ પણ કહેવાની મને છૂટ નથી, અને એ જરૂરનું પણ નથી. પણ એટલું કહું કે ચર્ચામાંથી મને બહુ આનંદ થયો; અને એની પહેલાં આ ચળવળ વિશે હું જે સમજતો હતો તેના કરતાં હવે કદાચ થોડું વધારે સમજું છું. આ મિત્રો સમક્ષ મેં મારું નમ્ર દૃષ્ટિબિંદુ મૂકયું છે. એનો એમને જે ઉપયોગ કરવો હોય તે કરવાની એમને છૂટ છે. પણ આ આખી ચર્ચામાં મને એક સૂર એવો જણાયો કે આ મિત્રોને એક બાબત પીડી રહી છે. એમને કાંઈક એવું લાગ્યું કે વારસાપ્રાપ્ત ઊંચનીચના ભાવની સાથે હું એકમત છું. મેં એમને ખાતરી આપી કે મારા મનમાં આવું કાંઈ જ નથી; અને એમને કહ્યું છે કે ઉચ્ચપણાના પ્રશ્ન અંગે જે કાંઈ ગેરસમજૂતી હોય તે દૂર કરવા માટે વર્ણાશ્રમ વિશેનો મારો ખ્યાલ હું વધુ વિસ્તારથી આનંદપૂર્વક સમજાવીશ.

માણસ અમુક શ્રેષ્ઠતા લઈને જન્મે છે એમ હું માનું છું એવો ભ્રમ તમને હોય તો કાઢી નાખજો. હું તો અદ્વૈતના મહાસિદ્ધાંતને માનનારો છું, અને અદ્વૈતનો મારો અર્થ ઊંચનીચનો ભેદ સ્વીકારવાની ના પાડે છે. મનુષ્ય માત્ર — હિંદમાં, ઇંગ્લંડમાં કે અમેરિકામાં જન્મેલા સમાન જન્મે છે એ સિદ્ધાંતને હું માનનારો છું. આ જ કારણે હું આપણા રાજકર્તા પોતાને આપણાથી ઊંચા મનાવવાનો પ્રયત્ન કરે છે તેની સામે લડી રહ્યો છું; દક્ષિણ આફ્રિકામાં આ ઊંચનીચના ભેદ સામે પગલે પગલે હું લડયો છું; અને એ જ કારણે હું પોતાને ભંગી, વણકર, મજૂર કહેવડાવવામાં અભિમાન લઉં છું. બ્રાહ્મણો પણ જ્યારે ઉચ્ચતાનો ગર્વ કરે છે ત્યારે હું તેમની સામે લડયો છું. માણસ, માણસને પોતાથી નીચો સમજે એ મને તો નામર્દાઈની નિશાની લાગે છે. શ્રેષ્ઠ હોવાનો જે દાવો કરે છે તે પોતાની નાલાયકી પુરવાર કરે છે. અને આ છતાં વર્ણાશ્રમધર્મ વિશે મારી શ્રદ્ધા અચળ છે. એમાં જે અચળ નિયમ રહેલો છે તેને કોઈ મિથ્યા કરી શકે એમ નથી. એ નિયમ સ્વીકારીને માણસ પોતાના વિશિષ્ટ ગુણના આવિષ્કારને માટે તૈયાર થાય છે. વર્ણધર્મમાં નમ્રતા છે. પણ સમાનતાનો અર્થ એ નથી કે માણસ જુદા જુદા ગુણ લઈને નથી જન્મતા. જેમ માણસ પોતાના પૂર્વજોની આકૃતિ લઈને જન્મે છે તેમ વિશિષ્ટ ગુણો પણ લઈને જન્મે છે. આ વસ્તુના સ્વીકારમાં પોતપોતાની મર્યાદાનો સ્વીકાર રહેલો છે, અને એ કારણે પરમાર્થ સાધનને માટે દરેકને સરખી તક મળે છે. આ ખરો વર્ણાશ્રમધર્મ છે. આ વર્ણાશ્રમ આજે ચાલે છે તે નથી, પણ મારો પોતાનો છે એમ તમે કહી શકો છો.

મેં તો અનેક વખત કહ્યું છે કે વર્ણાશ્રમનો જે અર્થ આજે કરવામાં આવે છે અને જે રીતે એ પળાય છે તે એના અસલ સ્વરૂપની ભૂંડી નકલ છે. પણ આ વિકૃતિનો નાશ કરવા જતાં આપણે ધ્યાન રાખવું જોઈએ કે આપણે અસલનો તો નાશ નથી કરતા ને? અને જો

૧. આ વિષય પરના મહાદેવ દેસાઈના પ્રશ્નોત્તર માટે જુઓ પરિશિષ્ટ ૧.



Gandhi Heritage Portal

તમે એમ કહેતા હો કે જે આદર્શભૂત વર્ણાશ્રમ મેં તમારી સમક્ષ રજૂ કર્યો છે તે બરાબર છે તો, જે તમે સ્વીકારો એમ હું ઇચ્છું છું, તે બધું જ તમે સ્વીકાર્યું છે એમ કહી શકાય. હું તમારા મગજમાં એ પણ ઠસાવવા માગું છું કે મારી સાથે, તમે પણ એ વાત માનો કે કોઈ પ્રજા અને કોઈ વ્યક્તિ શુદ્ધ આદર્શ વિના જીવી શકે નહીં. અને જો તમે, હું કહું છું તે આદર્શભૂત વર્ણાશ્રમમાં માનતા હો તો મારી સાથે તમે પણ, બની શકે એટલા પ્રમાણમાં એ આદર્શને પહોંચવા પ્રયત્ન કરશો. ખરી વાત એ છે કે આ નિયમ વિરુદ્ધ વર્તવાનું જગતમાં કોઈ ઠેકાણે શક્ય બન્યું નથી. એમ કરવા જતાં જે બન્યું છે તે એ છે કે—અને એમ જ બનવું જોઈએ કે—આપણે આપણી જાતને નુકસાન કર્યું છે, અને વ્યર્થ પ્રયત્નમાં અટવાઈ પડ્યા છીએ. હું તો સૂચવું છું કે આપણા પૂર્વજોએ જે વારસો આપણને આપેલો છે તે તમે સમજો, અને એની આજુબાજુ ઊગેલી વિકૃતિઓનો સામનો કરવામાં ગૂંથાઈ જાઓ તો તમારી લડતમાં તમને વધુ સફળતા મળશે. આ જે કહેવાની મેં હિંમત કરી છે તે જો તમારા ગળે ઊતરે તો તમને દેખાશે કે ધર્મને લાગેવળગે છે ત્યાં સુધી બ્રાહ્મણ-બ્રાહ્મણેતરના પ્રશ્નનો નિવેડો લાવવાનું સાવ સરળ છે. એક બ્રાહ્મણેતર તરીકે, એક બ્રાહ્મણેતરથી જેટલું બની શકે તેટલું, બ્રાહ્મણધર્મને સુધારવાનું હું કરું પણ એનો નાશ તો ન જ કરું. હું તો બ્રાહ્મણને એના ઉચ્ચ-પણાના ઘમંડીપણામાંથી અને આર્થિક લાભ ખાટવાના સ્થાનેથી હઠાવું. જે ઘડીએ બ્રાહ્મણ આર્થિક લાભો મેળવવામાં પડે છે તે ઘડીએ એ બ્રાહ્મણ મટી જાય છે. પણ જ્યાં જ્યાં મને એ જ્ઞાની દેખાય છે ત્યાં હું એને કાંઈ જ ન કરું. અને જ્ઞાનના કારણે ઉચ્ચપણાનો દાવો એ ભલે ન કરે, પણ મારે તો જ્ઞાન જ્યાં હોય ત્યાં એને લાયક એનું અભિવંદન કરવાનું ચૂકવું જોઈએ નહીં. પણ આપના જેવા શ્રોતાવર્ગ આગળ મારે આ વાત લંબાવવી જોઈએ નહીં.

છેવટે તો આપણા જીવનમાં આવી પડતી બધી આપત્તિઓને દૂર કરવાનો જે રામબાણ ઉપાય છે તે જ અજમાવવો રહ્યો. અને તે એ કે આપણે જે કોઈ લડત આપવી પડે તે શુદ્ધ અને સીધી હોવી જોઈએ, અને એમાં સત્ય અને અહિંસામાંથી જરાયે ચલિત ન થવું જોઈએ. આ બે સિદ્ધાંતોરૂપી પાટા ઉપર જો આપણે નિર્ભયતાપૂર્વક આપણી ગાડી ચલાવીશું તો, હજારો ભૂલો કરવા છતાં આપણી લડત શુદ્ધ બનશે અને સહેલાઈથી લડાશે. જેમ પાટા ઉપરથી ઊતરી ગયેલી ગાડીનો દારુણ અંત આવે છે તેમ ઉપર જણાવેલા બે પાટા ઉપરથી આપણે ઊતરી જઈશું તો આપણું પણ એમ જ થશે. જે માણસ સત્યને વરેલો છે અને વિરોધીનું પણ બૂરું ઇચ્છતો નથી તે એના દુશ્મનો ઉપર પણ મુકાયેલાં તહોમતને જલદી જલદી માની લેશે નહીં. એ તો એના વિરોધીઓનાં દૃષ્ટિબિંદુ સમજવા પ્રયત્ન કરશે, મન મોકળું રાખશે અને એની સેવા કરવાની એકેએક તક શોધશે. અંગ્રેજ લોકોના અને સામાન્યપણે યુરો-પિયનો સાથેના દક્ષિણ આફ્રિકામાં તેમ જ અહીં મારા સંબંધોમાં મેં આ નિયમ પ્રમાણે વર્તવાનો પ્રયત્ન કર્યો છે અને એમાં મને થોડી સફળતા મળી છે. તો પછી આપણાં પોતાનાં ઘરોમાં, આપણા સંબંધીઓ વિશે, આપણી આંતરિક બાબતોમાં અને આપણાં ભાઈભાંડુઓ વિશે આ નિયમ પ્રમાણે આપણે જરૂર વધુ પ્રમાણમાં વર્તી શકીએ.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २९–९–१९२७

ભાષાંતર : મહાદેવભાઈની ડાયરી, પુસ્તક અગિયારમું

Gandhi Heritage Portal

## ૨. ત્રિચિનોપલી નગરપાલિકાના માનપત્રના જવાબમાં ભાષણ[1]

સપ્ટેમ્બર ૧૭, ૧૯૨૭

મિત્રો,

મને લાગે છે કે મારી શક્તિ ખલાસ થઈ ગઈ છે. ત્રિચિનોપલીનો કાર્યક્રમ હું સહેલાઈથી પાર પાડી શકું તેના કરતાં ઘણો ભારે છે. પરંતુ જેમણે આ બધા સમારંભો યોજ્યા છે તેમને હું નિરાશ ન કરી શકું. તેથી મારા વૈદકીય સલાહકાર ડૉ. રાજને એક એવી યોજના બનાવી છે જેનાથી હું ઓછામાં ઓછા શ્રમે બધા સમારંભો પાર પાડી શકું. એ યોજના એવી છે કે આ સમારંભોમાં બોલવાની અશક્તિ માટે તમારી ક્ષમા ચાહીને હું સંપૂર્ણ મૌન રાખું; જોકે મારી તબિયત સારી હોત તો મને બોલતાં આનંદ થાત. આ બજારનું શિલારોપણ કરતાં મને ઘણો આનંદ થયો. માનપત્ર બદલ તમારો આભાર માનું છું. અને માયાવરમના મારા ભાષણ[2] પ્રત્યે તમારું ધ્યાન ખેંચું છું.

[મૂળ અંગ્રેજી]

हिन्दु, ૧૭–૯–૧૯૨૭

## ૩. ખબર આપશો ?

તા. ૨૫–૭–'૨૭ સોમવારે સવારે ભાઈ કાંતિલાલ હરિવલ્લભદાસ પારેખ સત્યાગ્રહાશ્રમમાંથી નીકળેલા, અને ત્યાર પછી અમદાવાદમાં કેટલેક સ્થળે તે જ દિવસે જણાયા પછી તા. ૨૬-૨૭ને દિવસે ક્યાં હતા તેના ખબર મળતા નથી; પણ તા. ૨૮મી ગુરુવારના રોજ કેટલાક આશ્રમવાસીઓએ તેમને સાબરમતીમાં તરતા – તણાતા – જોયા હતા. તરતાં તેમને સારું આવડે છે. તો તે કોઈ જગ્યાએ ગુપ્ત રહેલ હોય તો પોતે, અગર કોઈ ઓળખાણ-પિછાણવાળા સ્નેહીસંબંધી ખબર આપશે તો ઉપકાર થશે, અને તેમના વિયોગથી દુઃખમાં પડેલ તેમના પિતાને અને વૃદ્ધ માતામહીને એ શુભ સમાચારથી આનંદ થશે.

[મૂળ ગુજરાતી]

नवजीवन, ૧૮–૯–૧૯૨૭

૧. ગાંધીજી ખૂબ થાકેલા જણાતા હતા. તેમનું લખેલું ભાષણ ચ. રાજગોપાલાચારીએ સભામાં વાંચ્યું. દક્ષિણ હિંદ તથા લંકાના પ્રવાસમાં ગાંધીજીને ખાદીફાળા માટે થેલીઓ આપવામાં આવી હતી. તેમણે સભાને સ્થળે પણ ફાળો એકઠો કર્યો હતો અને ભેટમાં મળેલી વસ્તુઓનું લિલામ કર્યું હતું. આ ઉઘરાણાની વિગત માટે જુઓ પરિશિષ્ટ ૨.

૨. જુઓ પુ. ૩૪, લેખ ૪૪૬.

Gandhi Heritage Portal

## ૪. સતીશચંદ્ર દાસગુપ્તાને પત્ર

સપ્ટેમ્બર ૧૮, ૧૯૨૭

પ્રિય સતીશબાબુ,

તમારો પત્ર મળ્યો. મેં પ્રફુલ્લબાબુને લખ્યું તો હતું જ. પ્રફુલ્લબાબુનો પત્ર આની સાથે છે. ખાદી પ્રતિષ્ઠાનમાં ફરીથી જોડાવા માટે તેમને દબાણ કર્યાનું મને યાદ નથી. મેં તેમને ખપ પૂરતું લખી દીધું છે. હવે ટ્રસ્ટી મંડળમાં રહેવું કે નહીં તેનો નિર્ણય તેમને કરવા દો.

તમે લખ્યું છે તેમ, તમે સુરેશબાબુ અને બીજાઓનાં મન જીતી લો એવી તમારી પાસે અપેક્ષા રાખું છું. લોકો આપણી સાથે સારી રીતે નભાવી ન શકે ત્યારે આપણને પોતાને દોષ દેવો એ સારામાં સારી વાત છે. અમર્યાદિત ઉદારતામાં બધું આવી જાય છે; નહીં તો એ અમર્યાદિત રહેતી નથી. આપણે પોતાના પ્રત્યે કઠોર થવું જોઈએ અને આપણા પડોશીઓ પ્રત્યે નમ્ર બનવું જોઈએ. કારણ, તેમને કઈ મુશ્કેલીઓ છે અને કઈ તેઓ દૂર કરે છે તે આપણે જાણતા નથી.

સસ્નેહ,

તમારો
બાપુ

[તા. ક.]

આશા રાખું છું કે તમે પેલી રકમ અભય આશ્રમને મોકલી દીધી હશે.

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : જી. એન. ૧૫૭૬

## ૫. આશ્રમની બહેનોને પત્ર

ત્રિચિનોપલી,
મૌનવાર, સપ્ટેમ્બર ૧૯, ૧૯૨૭

બહેનો,

તમારી ચિઠ્ઠીઓ મળ્યા કરે છે. તમારા કામનું દર્શન અહીં બેઠો કર્યા કરું છું. જે પોતાની શક્તિ પ્રમાણે કરે છે તે બધું કરે છે. પણ કામ કરવામાં જે ગીતાદૃષ્ટિ આપણે ઇચ્છીએ છીએ તે કેળવવી જોઈએ. ગીતાદૃષ્ટિ એ છે કે બધું કામ સેવાભાવે કરવું. સેવાભાવે કરવું એટલે ઈશ્વરાર્પણ કરીને કરવું. અને જે ઈશ્વરાર્પણ કરે છે તેનામાં "હું કરું છું" એ ભાવ ન હોય, તેનામાં દ્વેષભાવ ન હોય. તેનામાં બીજાના પ્રત્યે ઉદારતા હોય. તમારા દરેક ઝીણામાં ઝીણા કાર્યમાં આ બધું હોય છે કે નહીં તે વારંવાર મનને પૂછતાં રહેજો.

Gandhi Heritage Portal

મેં જે મારે વિશે લખેલું તેમાંથી રમણીકલાલભાઈએ પ્રશ્ન ઉઠાવેલો હતો તેનો જવાબ મેં આપ્યો હતો તે તમે બધાં સમજ્યાં કે નહીં તેનું કંઈ નથી લખ્યું. હું જે કંઈ લખું છું તેની ચર્ચા કરો ને તેમાંથી ગમે તેને ઊઠતા પ્રશ્નો મને પૂછો એ ઇચ્છું છું.

મારી તબિયત હજુ તો કામ આપ્યા કરે છે.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી: જી. એન. ૩૬૬૫ તથા बापुना पत्रो — १: आश्रमनी बहेनोने, પા. ૩૮-૯

# ૬. હરિભાઉ ઉપાધ્યાયને પત્ર

મૌનવાર [સપ્ટેમ્બર ૧૯, ૧૯૨૭][1]

ભાઈ હરિભાઉ,

તમારો પત્ર મળ્યો. સ્વામી અને જમનાલાલજી સંમત હોય તો હું પણ છું. हिन्दी नवजीवन વખતસર કેવી રીતે તૈયાર થઈ શકશે તે હું સમજી શકતો નથી. પરંતુ તેની ચિંતા મારે કરવાની ન હોય.

માર્તન્ડની તબિયત કેમ રહે છે?

બાપુના આશીર્વાદ

[તા. ક.]

તમારો પત્ર વાંચતાં જોઉં છું કે બે વસ્તુનો જવાબ આપવો રહી ગયો છે. ખાદી વિશેના લેખ બાબતમાં હું પછીથી લખીશ.

મારું આશ્રમમાં આવવાનું જાન્યુઆરી મહિનામાં થશે. અજમેર નજીક આશ્રમ ખોલવાનો વિચાર સારો છે.

બાપુ

ભાઈ હરિભાઉ ઉપાધ્યાય
ખાદી કાર્યાલય
અજમેર

[મૂળ હિંદી]

પત્રની નકલ પરથી: સી. ડબલ્યુ. ૯૦૫૮; શ્રી હરિભાઉ ઉપાધ્યાયના સૌજન્યથી

૧. ટપાલની છાપ પરથી.

Gandhi Heritage Portal

## ૭. જમનાલાલ બજાજને તાર

ત્રિચિનોપલી,
[સપ્ટેમ્બર] ૨૦ [૧૯૨૭][1]

જમનાલાલ શેઠ,
રામનારાયણને ત્યાં,
મંગળદાસ રોડ, પૂના

મીરાંબહેન હજી ત્યાં હોય તો તેમને કહેજો કે ઉતાવળ ન કરે. મારી તબિયત બિલકુલ સારી છે. ઘણી વાર, ઈશ્વરના અવાજને આપણા ભયના પડઘાઓથી નિરાળો પાડી શકાતો નથી. તાપમાં કરવાના આ ઝડપી પ્રવાસમાં, તેની આવી નાજુક તબિયત જોતાં તેની હાજરી બાધારૂપ છે. મારી ચેતવણી છતાં તે આવવા માગે તો સુખેથી આવે.

બાપુ

[મૂળ અંગ્રેજી]
पांचवें पुत्रको बापूके आशीर्वाद, પા. ૬૮
ભાષાંતર : पांचमा पुत्रने बापुना आशीर्वाद, પા. ૪૫

## ૮. ઍસોસિયેટેડ પ્રેસ ઑફ ઇન્ડિયાના પ્રતિનિધિને મુલાકાત

ત્રિચિનોપલી,
[સપ્ટેમ્બર ૨૦, ૧૯૨૭][2]

હું જોઉં છું કે ત્રિચિનોપલીના મારા પહેલા ભાષણથી[3] બધે ગેરસમજ થઈ છે. અને તેણે મિત્રોને ચિંતા કરાવી છે. હું મિત્રોને ખાતરી આપવા માગું છું કે ચિંતાનું કશું કારણ નથી. મારી શક્તિ છેક જ ખલાસ થઈ ગઈ છે એમ મેં કહ્યું હતું તે સ્થાનિક સંદર્ભમાં કહ્યું હતું. અને તેથી ત્રિચિનોપલીમાં તે યોગ્ય રીતે સમજાયું હતું. હું જે કહેવા માગતો હતો તે એ હતું કે અત્યાર સુધી મેં કાર્યક્રમો અમુક મર્યાદામાં સ્વીકાર્યા હતા અને ત્રિચિનોપલીના ભારે કાર્યક્રમો હું આરામથી પાર નહીં પાડી શકું. ત્રિચિનોપલીના મિત્રોને તથા મારે હજી જ્યાં પહોંચવાનું છે ત્યાંની કમિટીઓને આ ચેતવણી હતી કે, તેમણે અકસામટો ભારે કાર્યક્રમ ન રાખવો. મારા હૃદયને સંબંધ છે ત્યાં સુધી મેં રોજની વધુમાં વધુ એક સભામાં હાજરી આપી હોત. ડૉ. રાજને મારી તબિયત બારીકાઈથી તપાસી છે, અને તેમને કે મને મારી તબિયત વિશે કશી ચિંતા કરવા જેવું લાગતું નથી. લોહીનું દબાણ બેંગલોરમાં હતું તેટલું જ રહ્યું છે. બીજી રીતે

૧. આ તારીખે ગાંધીજી ત્રિચિનોપલીમાં હતા.
૨. આ મુલાકાતનો રિપોર્ટ આ દિવસે છાપામાં આપવામાં આવ્યો હતો.
૩. જુઓ "ત્રિચિનોપલી મ્યુનિસિપાલિટીના માનપત્રના જવાબમાં ભાષણ", ૧૭-૯-૧૯૨૭.

Gandhi Heritage Portal

પણ મને તદ્દન સારું લાગે છે, અને જો હું વધારે પડતો શ્રમ ન કરું તો નક્કી થયેલો કાર્યક્રમ પૂરો કરવાની મારી શક્તિ વિશે મને કશી શંકા નથી. મારી પાસેના મિત્રો મારી તબિયત સાચવવા માટે અસાધારણ સાવચેતી રાખે છે. અને હું પોતે પૂરેપૂરો જાગ્રત છું. એટલે હું આશા રાખું છું કે મારા પ્રવાસ બાબત કશી ચિંતા કરવામાં નહીં આવે; અને છાપાંના ખબરપત્રીઓ તથા તંત્રીઓને મારી વિનંતી છે કે તેઓ મારા સ્વાસ્થ્ય સંબંધી કોઈ પણ સમાચાર મને અથવા જેઓ મારી સંભાળ રાખે છે તેમને બતાવ્યા વિના મોકલે કે છાપે નહીં.

[મૂળ અંગ્રેજી]

હિન્દુ, ૨૧-૯-૧૯૨૭

## ૯. ત્રિચિનોપલીની નેશનલ કૉલેજમાં ભાષણ

સપ્ટેમ્બર ૨૦, ૧૯૨૭

હું જેને માનપત્ર સમજ્યો છું તેને માટે તથા થેલી માટે તમારો આભાર માનું છું. હું જાણવા ઇચ્છું છું કે, જે વસ્તુ પહેલાં સંસ્કૃતમાં વાંચવામાં આવી, જે હું સમજું છું કે માનપત્ર હતું, તે તમારામાંના કેટલા સમજ્યા છો? જેઓ સમજ્યા હોય તેઓ હાથ ઊંચા કરે.[૧] જેઓ ન સમજ્યા હોય તેઓ હાથ ઊંચા કરે.[૨] વિદ્યાર્થીઓની સભામાં આવા દેખાવ માટે હું તૈયાર નહોતો. કમભાગ્યે, આપણા દેશમાં આવા ઢોંગ અને નાટકી દેખાવો ખૂબ કરવામાં આવે છે. આ સભા ગોઠવનારાઓએ, આવી બધી વસ્તુઓ જે અહીં બેઠેલા લોકોમાંના ઘણાને સમજાય નહીં તે, કાર્યક્રમમાંથી દૂર કરવી જોઈતી હતી. (તાળીઓ) આ તાળીઓ પણ મને તદ્દન અજુગતી લાગે છે. આ તો મને બોલવાનું બંધ કરવાની લગભગ નોટિસ જ છે; અને બીજી વાર તાળીઓ પાડશો તો તમે જોશો કે એને હું અહીંથી ચાલ્યા જવાની ચેતવણી માનીશ. ગંભીરપણે કહીએ તો વિદ્યાર્થીજીવન એ ઘણી જ મહત્ત્વની બાબત ગણાવી જોઈએ. અને વિદ્યાર્થીઓ તો બધા જ ખેલદિલીવાળા હોય એટલે જીવનની ગંભીર બાજુને તેમણે ખેલદિલીથી સ્વીકારવી જોઈએ. હું મારી જાતને વિદ્યાર્થી ગણતો હોઈ મારા સહિત આપણે બધા ખેલદિલીપૂર્વક ગંભીર બની શકીએ એટલા માટે હું સૂચવું છું કે તમારામાંના ઘણાખરા હિંદુ છો, એટલે બીજી વખત તમે બધા સંસ્કૃત શીખી લેજો જેથી કોઈ સંસ્કૃત શ્લોક બોલવામાં આવે તો તે તમે સમજી શકો.

મને ધાસ્તી છે કે, જો હું બીજી એક બાબતમાં તમારી પરીક્ષા લઉં તો તમે થોડી જ વાર પહેલાં કર્યું તેવું જ પામર પ્રદર્શન કરશો. દાખલા તરીકે, રાષ્ટ્રીય કૉલેજના વિદ્યાર્થીઓ પાસે હિંદીના જ્ઞાનની અપેક્ષા રાખવામાં આવે છે, પરંતુ જો હું પૂછું કે તમારામાંથી કેટલાને હિંદી આવડે છે તો ભાગ્યે જ એક ટકો વિદ્યાર્થીઓ પોતાનો હાથ ઊંચો કરશે.

તમે ગયા ફેબ્રુઆરીની વાત કરો છો અને કહો છો કે શ્રી. રાજગોપાલાચારી અને શંકરલાલ બેંકરે ખાદીના અર્થશાસ્ત્ર વિશે બોલતાં તમને હૃદયસ્પર્શી અપીલ કરી હતી. હૃદયસ્પર્શી અપીલ

૧. ઘણા ઓછા લોકોએ હાથ ઊંચા કર્યા.
૨. ઘણા લોકોએ હાથ ઊંચા કર્યા.

Gandhi Heritage Portal

તે કહેવાય જે આપણા હૃદયના ઊંડામાં ઊંડા ભાગને સ્પર્શ કરે. તમારામાંથી ખાદી પહેરતા હોય તેમને હાથ ઊંચા કરવા કહું તો વળી પાછા તમે પામર દેખાવ કરશો અને તમારામાંથી ઘણા થોડા લોકો ખાદી પહેરો છો એવું જાહેર થશે. મારું અનુમાન સાચું હોય તો, ફેબ્રુઆરીમાં તમને કરવામાં આવેલી અપીલ હૃદયસ્પર્શી હતી એમ કહેવું તમારે માટે ખોટું ગણાય. બીજી જગ્યાઓએ મળેલી થેલીઓની સરખામણીમાં તમારી થેલીને હું જરાયે અલ્પ નથી માનતો. પણ તમે નમ્રતાપૂર્વક કહ્યું તે સાચું છે કે તમે જોઈએ એટલી રકમ એકઠી કરી શક્યા નથી, પણ પેલી અપીલથી તમારાં હૃદય ખરેખર હાલી ઊઠયાં હોત તો તમે એકઠી કરી છે તેથી ઘણી મોટી રકમ એકઠી કરી શક્યા હોત. મારી બીમારીને પૈસા એકઠા કરવાના કામમાં બાધારૂપ ગણવાને બદલે એ કારણે મળેલા વધારાના સમયનો ઉપયોગ તમે વધુ પૈસા ઉઘરાવવામાં કરી શક્યા હોત. મારી માંદગીથી પેલી હૃદયસ્પર્શી અપીલ વધારે અસરકારક બનવી જોઈતી હતી, અને તમારે પોતાની જાતને કહેવું જોઈતું હતું કે "હવે આ બુઢ્ઢો બીમાર થયો છે અને ખરેખર ખાદીકાર્ય ચલાવનાર તો એ જ છે, માટે ચાલો આપણે કામે લાગી જઈએ અને બમણો પ્રયત્ન કરીએ, આપણે જે ફ઼.ળો આપવાના હતા તેથી બમણો આપીએ, પરદેશી કાપડ ફેંકી દઈએ અને ખાદી પહેરવા માંડીએ." પેલી અપીલનું આવું સ્પષ્ટ પરિણામ આવવાને બદલે તમે કહો છો કે મારી માંદગીની વાતથી તમને ઊંઘ આવી ગઈ. પણ ભૂલ્યા ત્યાંથી ફરી ગણીએ. ભૂલ સુધારવા માટે કે બોધ લેવા માટે ક્યારેય મોડું થતું નથી. કૉલેજો કાયમને માટે બંધ કરવામાં નથી આવી. તમે હજી પણ વિદ્યાર્થી રહ્યા છો. હું થોડા જ વખતમાં ત્રિચિનોપલીથી રવાના થઈશ. પણ ખાદી ત્રિચિનોપલી કે હિંદમાંથી રવાના થવાની નથી. દરિદ્રનારાયણ હજી તમારાં બારણાં ખટખટાવે છે. વિકાસ માટે ખાદી તમારી મદદની રાહ જુએ છે. ખાદી માટેની થેલી તમે મને આનંદ આપવા નથી આપી. એ તો તમે દરિદ્રનારાયણને નામે અને તેમને ખાતર આપો છો. તેથી તમારા ખિસ્સા પર દરિદ્રનારાયણનો દાવો નિરંતર રહે છે. એટલે મને આશા રહે છે કે ખાદી માટે પ્રયાસ કરવામાં તમે ગાફેલ નહીં રહો, તમે હિંદી ભાષા પણ બરાબર શીખી લેશો, કારણ એને માટે તમારે ત્યાં એક હિંદી પ્રચારક પણ છે, અને તમે સંસ્કૃત પણ બરાબર શીખી લેશો. વળી મેં બીજી જગ્યાએ વિદ્યાર્થીઓ સમક્ષ જે ભાષણો આપ્યાં છે તે વાંચવાની અને તે ભાષણોમાં રહેલો સંદેશો સમજવાની હું તમને ભલામણ કરું છું.

[મૂળ અંગ્રેજી]

हिन्दु, ૨૧–૯–૧૯૨૭

Gandhi Heritage Portal

## ૧૦. પુત્તુરના ખ્રિસ્તી યુવક મંડળમાં ભાષણ

સપ્ટેમ્બર ૨૦, ૧૯૨૭

પ્રમુખશ્રી અને મિત્રો,

તમારા સૌની જેમ મિ. હેવર્ડની ખોટ મને પણ લાગે છે. તેઓ ગયા તે પહેલાં તેમને મળવાનો અને તેમની સાથે થોડી વાતચીત કરવાનો આનંદ મને પ્રાપ્ત થયો હતો. દિલગીર છું કે હું તમને ભાષણ જેવું કંઈ નહીં આપી શકું. પણ આજે સવારે હું આ સભામાં આવતો હતો ત્યારે[1] આવતાં આવતાં મને વિચાર થયા જ કર્યો કે હિંદનાં ખ્રિસ્તી યુવકમંડળો કેવાં હોવાં જોઈએ. મારો હિંદી ખ્રિસ્તીઓની સાથે સંબંધ વધતો જ જાય છે. ૧૦ વર્ષ ઉપર મને તમારો એટલો બધો પરિચય નહોતો થયો. મેં જોયું છે કે ઘણા દાખલાઓમાં ખ્રિસ્તી થવું એટલે યુરોપિયન થવું મનાય છે. મને થયું કે આ મંડળો યુરોપિયન મંડળો બનવાને બદલે ખ્રિસ્તી મંડળો જ રહે તો કેવું સારું! એ બંને વસ્તુ એક નથી, અને ખ્રિસ્તી થવું એ યુરોપિયન થવું જ હોય તો ખ્રિસ્તી ધર્મ બહુ મર્યાદિત થઈ જાય છે. નહીં તો કોઈ યુવક ખ્રિસ્તી થયો એટલે તેને હિંદી મટી જવાની શી જરૂર રહેતી હશે? ખ્રિસ્તી ધર્મ સ્વીકારવો અથવા પોતાનો ધર્મ બદલવો એટલે નવું જીવન સ્વીકારવું એવો અર્થ થાય છે; એટલે પોતાનો ધર્મ સાચા દિલથી બદલનાર માણસ તો દેશની વધારે સેવા કરે, પોતાની રાષ્ટ્રીયતાને વધારે વિસ્તૃત કરે. જો તે પોતાની આંખ આગળના માણસોનો જ વિચાર કરતો અટકે, તો તે દૂરનાનો શો વિચાર કરવાનો હતો? આ વસ્તુ ખ્રિસ્તી, મુસલમાન અને બીજા જેમણે હિંદુસ્તાન દેશને પોતાનું વતન બનાવ્યો છે, અને જેમને માટે જન્મભૂમિ હોઈ તે માતૃભૂમિ બન્યો છે તેમની સૌની આગળ મૂકું છું. એટલે ખ્રિસ્તી અને બીજાં મંડળો આ દેશની સભ્યતાનાં ધ્વંસક બનવાને બદલે દેશમાં જે કંઈ કલ્યાણકારી અને ઉન્નત છે તેનાં સંરક્ષક બનો એમ હું ઇચ્છું છું.

[મૂળ અંગ્રેજી]

ભાષાંતર : નવજીવન, ૨-૧૦-૧૯૨૭

૧. અહીં સુધીનું ભાષાંતર અંગ્રેજી પુસ્તક પ્રમાણે હિન્દુ, ૨૧-૯-૧૯૨૭ના અંક પરથી આપ્યું છે.

Gandhi Heritage Portal

# ૧૧. ત્રિચિનોપલીની સ્ત્રીઓની સભામાં ભાષણ

સપ્ટેમ્બર ૨૦, ૧૯૨૭

પ્રિય બહેનો,

આ સભામાં હું આવી શક્યો તેથી મને ઘણો આનંદ થાય છે. હું તમને લાંબો સમય રોકવા માગતો નથી. મારે ફક્ત એટલું જ કહેવું છે કે અત્યારે હિંદુસ્તાનમાં જે રાષ્ટ્રીય ચળવળ એટલે હું જેને ખાદીકાર્ય અને રેંટિયાની પ્રવૃત્તિ કહું છું તે ચાલે છે તેમાં તમારે આગેવાની-ભર્યો ભાગ લેવો જોઈએ. આ કાર્યનો ઉદ્દેશ હિંદુસ્તાન આજે જે ભયંકર ગરીબી વેઠી રહ્યું છે તેમાંથી તેને મુક્ત કરવાનો છે. આપણી લાખો બહેનો આ દુ:ખ વેઠી રહી છે. તમે અને હું જો આપણી ફરજ બજાવીએ તો તેમને આ દુ:ખમાં સબડવાનું ન રહે. તેમના પોતાના ગામમાં તેમની પાસે કશું કામ નથી એ કારણે તેઓ ભૂખે મરે છે. એક સમય એવો હતો જ્યારે તેમને ભૂખે મરવું પડતું નહોતું. કારણ કે સો વરસ પહેલાં આપણાં ગામડાંમાં દરેક ઘરમાં રેંટિયો ચાલતો હતો. જ્યારે જ્યારે સમય મળતો ત્યારે ત્યારે ગામડાંની આપણી બહેનો કાંતતી હતી. એ સૂતરથી વણેલી ખાદી અમીર, ગરીબ, સૌ પહેરતા હતા. રેંટિયો મરી પરવાર્યો તેનું એક કારણ એ છે કે તમે અને મેં ખાદી પહેરવાનું છોડી દીધું. હવે રેંટિયાને તેની મૂળ જગ્યાએ સ્થાપવા માટે ચળવળ શરૂ કરવામાં આવી છે અને તમારી મદદ સિવાય એ ચળવળ આગળ વધી શકે તેમ નથી. એ મદદ તમે બધાં પરદેશી સાડીનો ત્યાગ કરીને અને ખાદી પહેરીને આપી શકો. આ ગરીબ લોકોનો વિચાર કરવાની મારી અને તમારી ફરજ છે. પણ આ કામ પૈસા વગર આગળ ચાલી શકે તેમ નથી. તેથી તમારી પાસે બને તેટલો વધુ ફાળો મેળવવાની આશા રાખવામાં આવે છે. હિંદુસ્તાનમાં બધી જગ્યાએ તમારી બહેનોએ પૈસા અને પોતાનાં ઘરેણાં પણ આપ્યાં છે. તમારા માનપત્રમાં તમે કહ્યું છે કે તમારાં ઘરેણાં તો તમારી કરકસરનું પરિણામ છે. હું પોતે એ માનતો નથી, કારણ કે એ ઘરેણાં તમને આપવામાં આવ્યાં છે, તમારી પોતાની મહેનતથી કમાયેલા પૈસાથી બનાવેલાં નથી. પણ બેશક, તમારાં ઘરેણાં સ્ત્રીધન છે અને હું ઇચ્છું છું કે તમે તમારી ગરીબમાં ગરીબ બહેનોને તેમાં ભાગીદાર બનાવો. જો તમારે હિંદુસ્તાનને તીર્થભૂમિ બનાવવી હોય તો તમારે સૌએ સીતા જેવાં બનવું જોઈએ અને સીતાનું સૌંદર્ય તેમના બાહ્ય દેખાવમાં કે તેમનાં ઘરેણાંમાં નહોતું પણ તેમના હૃદયમાં હતું. સ્ત્રી પૂજ્ય છે તે, ઘરેણાં પહેરવાને કારણે નહીં, પણ તેના હૃદયની પવિત્રતાને કારણે છે. એટલે જો તમે માનતાં હો કે ખાદીથી હિંદનું બધું દુ:ખ કેટલેક અંશે દૂર થશે તો મારી તમને વિનંતી છે કે તમે જે પૈસા લાવ્યાં છો તે આપશો અને તમારાં ઘરેણાં પણ આ કામને માટે આપી શકો તો આપશો. એક પગલું આગળ ભરશો તો હું તમને રેંટિયો ચલાવવા માટે થોડો સમય કાઢવા પણ કહું. નવરાશના સમયમાં સ્ત્રીઓ માટેનો એ સુંદર ધંધો છે. અને નકામી વાતોને બદલે આ ઉપયોગી કામમાં સમય ગાળવો એ ઘણું સારું છે. હવે સ્વયંસેવકો તમારી વચ્ચે આવશે. તેમને જે આપી શકો તે આપશો.

[મૂળ અંગ્રેજી]

હિન્દુ, ૨૧–૯–૧૯૨૭

Gandhi Heritage Portal

## ૧૨. ત્રિચિનોપલીની જાહેર સભામાં ભાષણ

સપ્ટેમ્બર ૨૧, ૧૯૨૭

મહાત્માજીએ પોતાના ભાષણ દરમ્યાન સત્યાગ્રહના દિવસો યાદ કર્યા અને કહ્યું કે એ દિવસોમાં હું ત્રિચિનોપલી આવ્યો હતો અને ત્રિચિએ મને કેટલાક સારામાં સારા સહકાર્યકર્તાઓ આપ્યા હતા. તે વખતે બધા વર્ગો વચ્ચે જે એકતા હતી તેની જગ્યા આજે મતભેદો ને ઝઘડાઓએ લીધી છે અને દેશ ઘણી ઊથલપાથલમાંથી પસાર થયો હોવા છતાં ખાદીનું કામ તદ્દન સ્થિરપણે ચાલી રહ્યું છે. ખાદીમાં મતભેદો માટે અવકાશ નથી કારણ કે ખાદી આમ-જનતામાં પ્રવેશી છે અને આમ-જનતામાં આવા મતભેદ નથી. ત્રિચિએ ઘણા પૈસા આપ્યા હશે, પણ ગામડાંના લોકોના પવિત્ર હાથે તૈયાર થયેલી ખાદી તમે ન પહેરો તો તે પૈસાની કશી કિંમત નથી. ખાદી જ્યારે સાર્વત્રિક બની જશે ત્યારે તેને આર્થિક મદદની જરૂર નહીં રહે. ખાદીને ઉત્તેજન આપવા આર્થિક મદદની જરૂર પડે છે. તે પરથી જણાઈ આવે છે કે, જે ભૂખે મરતા લાખો લોકો પર આપણા પોષણનો આધાર છે તેમના પ્રત્યે આપણે આપણી ફરજ બજાવતા નથી.

પછી મહાત્માજીએ નદીનું પાણી ગંદું કરવાની વાતનો ઉલ્લેખ કરીને કહ્યું કે પવિત્ર કાવેરી નદીની એક બાજુએ ત્રિચિનોપલી છે અને બીજી બાજુએ શ્રીરંગમ્ છે. હું જે વાત હમણાં કહેવાનો છું તે એકલા ત્રિચિને લાગુ પડતી નથી. આખાયે હિંદુસ્તાનમાં આ જ સ્થિતિ છે. હું તમારું ધ્યાન આ બાબત પ્રત્યે ખેંચવા ઇચ્છું છું. તેનું કારણ એ છે કે ત્રિચિનોપલી પાસે કાર્યકર્તાઓનું એક લશ્કર છે જેઓ ધારે તો આ મુશ્કેલ પ્રશ્ન હાથ ધરી શકે. પોતાનું ભાષણ ચાલુ રાખતાં તેમણે કહ્યું:

ગઈ કાલે મને શ્રીરંગમ્ નગરપાલિકાના અધ્યક્ષ સાથે અને આજે સવારે શ્રીરંગમના વિવેકાનંદ આશ્રમના નવયુવાનો સાથે વાતચીત કરવાનો લહાવો મળ્યો. દરેક જણ સ્વીકારે છે કે શ્રીરંગમમાં સફાઈની વ્યવસ્થા જરાયે સારી નથી. મારા નમ્ર અભિપ્રાય પ્રમાણે એ ગંદકી પૈસાની કમીના કારણે નથી તેમ જ નદીનું પાણી ગંદું કરવામાં આવે છે તેમાં પણ પૈસાની કમીનું કારણ નથી. તેનું કારણ માત્ર આપણી ગુનાહિત ઉદાસીનતા છે. આપણી નજર સામે જે ગંદકી રોજ વધતી જાય છે તે જોવાની આપણે ના પાડીએ છીએ. આને માટે આરોગ્ય-વ્યવસ્થાનો કક્કો સમજતા હોય અને આમજનતાને આરોગ્ય-સંરક્ષણના પ્રાથમિક નિયમો શીખવી શકે એમ હોય એવા . . . સ્વયંસેવકોની એક સેનાની જરૂર છે. જે નદીમાંથી આપણે પીવાનું પાણી લઈએ છીએ તેમાં આપણી ગંદકી ધોવી એ સારું નથી. આપણા નદીકિનારા યુવાન, વૃદ્ધ સૌને માટે મનોરંજનનાં સ્થાન બનવાં જોઈએ; એ સ્થાના આપણે ત્યાં અત્યંત સલામતી અને આરામથી સૂઈ શકીએ એવાં હોવાં જોઈએ. પણ આપણે તો નદીકિનારાને જ ખુલ્લા પગે ચાલવા માટે પણ નકામા બનાવી મૂકીએ છીએ. અત્યાર સુધીમાં એક વાત તદ્દન સ્પષ્ટ થઈ છે કે કૉલેરાનો રોગ ગંદી ટેવોને કારણે જ થાય છે. ગંદું પાણી પીવાનું બંધ કરો અને જરૂરી સાવચેતી રાખો તો કૉલેરા થવાનો જરાયે ભય રહેતો નથી. મારા જાણવામાં આવ્યું છે કે હમણાં ઓરિસ્સામાં આવ્યું છે તેમ દક્ષિણમાં જ્યારે ભારે પૂર આવ્યું ત્યારે ત્રિચિનોપલી અને શ્રીરંગ-મમાં કૉલેરા ફાટી નીકળ્યો હતો અને એ ઈશ્વરનો કોપ જ હતો કારણ કે જે પાણી આપણે પોતે ગંદું કરી મૂકયું હતું તે જ પાણી આપણે પીતા હતા. હું માનું છું કે ધરતીમાતાને તથા

Gandhi Heritage Portal

આપણી નદીના પાણીને સ્વચ્છ રાખવાની દરકાર ન રાખવામાં આપણે ઈશ્વર અને મનુષ્ય પ્રત્યે પાપ કર્યું હતું. પૃથ્વીને 'ધરતીમાતા' કહેવા જેટલું અને હિંદની બધી નદીઓને પૂજ્ય ગણવા જેટલું કવિત્વ આપણે ધરાવીએ છીએ. આપણે ધરતીમાતાને ખરાબ કરીએ છીએ એ રીતે ખરાબ કરવી અને જે નદીઓની આપણે પૂજા કરીએ છીએ તેના પાણીને ખરાબ કરવું એ કેવું પાપ છે! ત્રિચિનોપલી અને શ્રીરંગમના યુવકોએ આ દૂષણ દૂર ન થાય ત્યાં સુધી રોજ સવારે નદીકિનારે જઈને લોકોને સમજાવવાનો નિશ્ચય કરવો જોઈએ. આ કામ ખરેખર તેમને માટે ઘણું સહેલું છે. આ કામ કરવા માટે આપણે નગરપાલિકાના સભ્ય થવાની અથવા કોઈ જાહેર સંસ્થા કે સરકારમાં સ્થાન મેળવવાની જરૂર નથી. આમાં સમયની પણ બહુ જરૂર નથી. જરૂર છે માત્ર આરોગ્યશાસ્ત્રના થોડા જ્ઞાનની અને લોકોની તંદુરસ્તીને હાનિ પહોંચાડનાર આ દૂષણને દૂર કરવાના નિશ્ચયની. તેથી હું આશા રાખું છું કે મેં જે નમ્ર સંદેશો આપવા પ્રયાસ કર્યો છે તે તમે બધા સમજશો અને ત્રિચિનોપલી તથા શ્રીરંગમને પોતાનું ગૌરવ પુનઃ પ્રાપ્ત થાય તે માટે કંઈક કરી છૂટશો તથા કાવેરીને આપણે જેવી પવિત્ર માનીએ છીએ તેવી પવિત્ર બનાવશો.

ત્યાર પછી મહાત્માજીએ દારૂની બદી દૂર કરવાની વાત કરતાં કહ્યું, અહીં મજૂરોની ઘણી વસ્તી છે તેથી મજૂરો પાસે દારૂ છોડાવીને તેમની સેવા કરવાની નવયુવાનો માટે ઘણી તક છે. જેમ ગંદકીથી તમારી તંદુરસ્તીને હાનિ પહોંચે છે તેમ દારૂનું અનિષ્ટ મજૂરોની તંદુરસ્તી અને તેમના ચારિત્ર્યને નુકસાન કરે છે. [ભાષણ પૂરું કરતાં ગાંધીજીએ કહ્યું:]

આપણે ત્યાં સાચી રાષ્ટ્રીય જાગૃતિ આવી છે. બધી જ જરૂરી પ્રવૃત્તિમાં તે વ્યક્ત થવી જોઈએ.

[મૂળ અંગ્રેજી]

हिन्दु, ૨૧–૯–૧૯૨૭

## ૧૩. પુદુકોટ્ટાના નાગરિકોના માનપત્રના જવાબમાં ભાષણ

સપ્ટેમ્બર ૨૧, ૧૯૨૭

પ્રમુખશ્રી અને મિત્રો,

તમારા માનપત્ર અને થેલી બદલ હું તમારો આભાર માનું છું અને તમે માનપત્ર ન વાંચ્યું તે માટે તમારો વિશેષ આભાર માનું છું. મેં તમારું માનપત્ર વાંચ્યું છે એની ખાતરી આપવાની ભાગ્યે જ જરૂર હોય. તમે કહો છો કે તમે ઘણા દિવસથી મારા આવવાની પ્રતીક્ષા કરતા હતા. આ પ્રતીક્ષા બંને તરફથી કરવામાં આવતી. તમે તમારા માનપત્રમાં કહ્યું છે કે તમે રેંટિયા અને ખાદીના સંદેશમાં માનો છો. વળી તમે કહ્યું છે કે અહીં ખેડૂતોની ગરીબીને કારણે તમને રેંટિયાના સંદેશાની ખાસ જરૂર છે. હું દેશના બીજા ભાગોના મારા અનુભવ પરથી જાણું છું કે તમે જે કહો છો તે અક્ષરશઃ ખરું છે. વળી તમે કહ્યું છે કે તમારી વિધાન પરિષદે એક ઠરાવ કરીને તમારી શાળાઓમાં કાંતણ ફરજિયાત કર્યું છે. આ ડહાપણભર્યો અને ઘણો આવશ્યક ઠરાવ કરવા માટે હું વિધાન પરિષદને અભિનંદન આપું છું. તમે અને હું તથા બીજા સૌ લોકો પોતાની માન્યતાઓ અને ઠરાવોને અમલમાં મૂકીએ તો કેવું સારું! ઠરાવો પસાર કરવા અને માન્યતા ધરાવવી એ દુનિયામાં સહેલામાં સહેલું કામ છે, કારણ કે તેમાં માન્યતા

Gandhi Heritage Portal

ધરાવનારાઓનું અને ઠરાવો મૂકનારનું કંઈ જતું નથી. પણ અમલ કરવો એટલે સંગઠન કરવું, અમુક વસ્તુ કેવી રીતે કરવી તે શીખવું, લોકો પાસે જવું અને એવા બીજા અનેક અર્થ થાય છે. હવે આવકારદાયક વરસાદ શરૂ થયો છે અને હું મારું ભાષણ લંબાવવા માગતો નથી. પણ હું તે એવી પ્રાર્થના સાથે પૂરું કરીશ કે પ્રભુ તમને તમારી માન્યતાનો અમલ કરવા જરૂરી બળ અને ડહાપણ આપો. અને જો તમે તામિલનાડુના પ્રવાસનાં મારાં બધાં ભાષણો વાંચ્યાં હોય તો મને ખાતરી છે કે, વરસાદનો ડર ન હોત તો મેં શું કહ્યું હોત એ તમે જાણો છો. કારણ કે જે વાતો હું મદ્રાસમાં અને બીજી જગ્યાએ કહેતો આવ્યો છું એ તમારે માટે પણ છે. હવે વરસાદ થોડી વાર માટે બંધ થયો લાગે છે એટલે હું તેમાંની કેટલીક વાત સંક્ષેપમાં કહીશ . . .[૧]

[મૂળ અંગ્રેજી]

हिन्दु, ૨૩–૯–૧૯૨૭

## ૧૪. પ્રાગજી દેસાઈને પત્ર

[સપ્ટેમ્બર ૨૨, ૧૯૨૭ પહેલાં][૨]

ભાઈશ્રી પ્રાગજી,

તમારો કાગળ મળ્યો છે. તમે શાસ્ત્રીજીને ઠીક મદદ દઈ રહ્યા છો. તમારા કેસનો નિકાલ ગમે તે આવે. તમારે ગભરાવાનું કારણ નથી. શાસ્ત્રીજી પોતાની મેળે પણ ઉપાયો તો લઈ રહ્યા હશે. તમે ઇન્ડિયન ઓપીનિયનમાં રહ્યા એટલે ત્યાં કમાણી કરવાનો ઈરાદો હતો તે તો માંડી જ વાળ્યો ગણાય ના? મેઢનું કેમ ચાલે છે? તમારી તબિયત કેમ રહે છે? ગમે તે થાઓ પણ ત્યાંના શોખોમાં ન પડતા ને અસત્યથી, ચોરીથી બચજો.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી : જી. એન. ૫૦૪૨

૧. ત્યાર પછી ગાંધીજી મદ્યનિષેધ, અસ્પૃશ્યતા, સ્વચ્છતા, બ્રાહ્મણ-બ્રાહ્મણેતરનો પ્રશ્ન તથા રેંટિયા માટેના ફંડ વિશે બોલ્યા.

૨. પત્રના લખાણ પરથી લાગે છે કે આ પત્ર "પ્રાગજી દેસાઈને પત્ર", ૨૩–૯–૧૯૨૭ અને "વી. એસ. શ્રીનિવાસ શાસ્ત્રીને પત્ર", ૨૨–૯–૧૯૨૭ પહેલાં લખાયો હશે.

Gandhi Heritage Portal

# ૧૫. રંગીલા રસૂલ

સમજુ અને અણસમજુ પત્રલેખકોના વારંવાર ટોકવા છતાં મેં આ પુસ્તિકા વિશે ઊભા થયેલા વિવાદમાં ખેંચાવાની લાલચને આજ સુધી રોકી રાખી છે. મેં ધીરજપૂર્વક અંગત પત્રો દ્વારા તેમની સાથે ચર્ચા કરવાનો પ્રયત્ન કર્યો છે. પણ હમણાં હમણાં એટલા બધા પત્રો આવવા લાગ્યા છે કે એ બધાનો અંગત રીતે જવાબ આપવો મારી શક્તિની બહાર છે. છેલ્લો પત્ર બિહારના એક મુસ્લિમ પ્રોફેસરનો છે. તેમણે મને છાપાની એક કાપલી મોકલી છે જેમાં એક પત્ર છપાયેલો છે. એ પત્રમાં ઉક્ત પુસ્તિકા બાબત હિંદુ આગેવાનોએ સામાન્ય રીતે જે મૌન સેવવાનું કાવતરું કર્યું છે તેમાં જોડાવા માટે મને ઠપકો આપવામાં આવ્યો છે. હું તરત જવાબ આપું એમ પ્રોફેસર સાહેબ ઇચ્છે છે. હું ખુશીથી તેમ કરું છું અને આશા રાખું છું કે પત્ર-લેખકો મારી શુભનિષ્ઠાથી સંતોષ પામશે અને મારા મૌનનું કારણ સમજશે. એક સ્થાનિક છાપા સિવાય બીજાં છાપાં હું વાંચતો નથી તેથી હિંદુ નેતાઓના "મૌનના કાવતરા" વિશે હું કંઈ જાણતો નથી. હમણાં હું વધુમાં વધુ હિન્દુ વાંચું છું અને તેમાં રંગીલા રસૂલ વિરુદ્ધ એક સખત લેખ જોયાનું મને યાદ છે. મારા સંબંધમાં કહું તો, ઘણા મુસલમાનોને આ પુસ્તિકાના અસ્તિત્વ વિશે ખબર પણ નહીં હોય ત્યારની એ પુસ્તિકા મારા હાથમાં આવી હતી. મને ખબર આપનારની સચ્ચાઈની પરીક્ષા કરવા માટે મેં એ પુસ્તિકા વાંચી અને ૧૯ જૂન, ૧૯૨૪ના યંગ ઇન્ડિયામાં નીચેની નોંધ લખી હતી:[૧]

ત્યાર પછી આર્યસમાજીઓ તરફથી વિરોધ દર્શાવતા પત્રો આવવા લાગ્યા અને તેમાં મને આર્યસમાજ અને તેના મહાન સ્થાપક ઋષિ દયાનંદની વિરુદ્ધ લખાયેલાં વધુ નિંદ્ય સાહિત્યની કાપલીઓ મોકલવામાં આવી અને મને કહેવામાં આવ્યું કે રંગીલા રસૂલ અને એવી બીજી પુસ્તિકાઓ વગેરે મુસલમાનોએ લખેલા ઉપરોક્ત સાહિત્યના જવાબમાં લખવામાં આવી હતી. આ ઉપરથી મેં નીચેની બીજી નોંધ[૨] લખી (યંગ ઇન્ડિયા ૧૦ જુલાઈ, ૧૯૨૪):

આમ મુસલમાનોના રોષનું અનુમાન મેં પહેલેથી કર્યું જ હતું. પણ અત્યારની ચળવળ સાથેનો મારો સંબંધ અહીં પૂરો થાય છે. આ ચળવળે જે વલણ લીધું છે તે મને પસંદ નથી આવ્યું. મેં એને વધારે પડતું અને ઉશ્કેરણી કરનારું માન્યું છે. જસ્ટિસ દલીપસિંગ[૩] વિરુદ્ધનો હુમલો અનાવશ્યક, અનુચિત અને ગાંડપણ ભરેલો હતો. ન્યાયતંત્ર સરકારથી પ્રભાવિત નથી જ થતું એવું નથી, પણ જો તેને લોકોના પ્રહારો, ધમકીઓ અને અપમાનના ભોગ બનવું પડે તો તે ન્યાય આપવા માટે બિલકુલ નાલાયક બની જશે. આ ન્યાયાધીશના પ્રામાણિકપણાને સંબંધ છે ત્યાં સુધી, તેમણે ઉપરોક્ત પત્રિકાને અત્યંત સ્પષ્ટ શબ્દોમાં વખોડી કાઢી એથી કોઈ પણ મુસલમાનને સંતોષ થવો જોઈતો હતો. તેમણે કરેલા કાયદાની કલમના અર્થને તેમના પરના ઉગ્ર આક્ષેપનું કારણ બનાવવું જોઈતું નહોતું. બીજા ન્યાયાધીશોએ જુદો મત દર્શાવ્યો હતો એ

૧. અહીં આપી નથી. જુઓ પુસ્તક ૨૪, પા. ૨૪૨.

૨. અહીં આપી નથી. જુઓ પુસ્તક ૨૪, પા. ૩૩૮.

૩. પંજાબ હાઈ કોર્ટના ન્યાયાધીશ. ઉપરોક્ત પુસ્તિકાના લેખકને અપીલમાં છોડી મૂક્યો હતો. એ લેખકને નીચલી કોર્ટમાં હિંદી ફોજદારી કાયદાની કલમ ૧૫૩ એ મુજબ સજા કરવામાં આવી હતી.

Gandhi Heritage Portal

વાતને અહીં કશો સંબંધ નથી. ન્યાયાધીશો તો પહેલાં પણ ઘણી વાર એક જ કલમનો પ્રામાણિક છતાં એકબીજાથી વિરુદ્ધ અર્થ કરતા જાણ્યા છે. ફોજદારી કાયદાની આ કલમને વધારે સખત બનાવવા માટેની ચળવળ કરવામાં ડહાપણ હોઈ શકે. મને પોતાને તો એમાં શંકા છે. એ કલમને સખત બનાવવામાં આવશે તો આપણા પર તેની વિપરીત અસર થશે. અને તેનો ઉપયોગ, પહેલાં ઘણી વાર કરવામાં આવ્યું છે તેમ, આપણા પરની બ્રિટિશ સત્તાની પકડ વધુ મજબૂત બનાવવા માટે કરવામાં આવશે. પણ મુસલમાનો કે હિંદુઓ આવાં લખાણોને સ્પષ્ટ રીતે ફોજદારી કાયદા નીચે લાવવા માટે ચળવળ કરવા માગતા હોય તો તેમને તેમ કરવાનો અધિકાર છે.

સરકારી સંરક્ષણની બાબતમાં મારા વિચાર બહુ મક્કમ છે. એક વખત એવો હતો જ્યારે આપણે વધુ સમજ દાખવતા હતા અને આવી બાબતમાં અદાલતના સંરક્ષણને લજ્જાસ્પદ ગણતા હતા. રંગીલા રસૂલ જેવાં મુસલમાન વિરોધી લખાણો અટકાવવાં એ જેમ હિંદુઓનું કામ છે તેમ હિંદુ વિરોધી લખાણો અટકાવવાં એ મુસલમાનોનું કામ છે. કાદવ ઉછાળનારાઓ ઉપર નેતાઓનો કાબૂ રહ્યો નથી અથવા નેતાઓ પોતે તેમની સાથે સહાનુભૂતિ ધરાવે છે. ગમે તેમ, સરકારી સંરક્ષણ આપણને એકબીજા પ્રત્યે સહિષ્ણુ નહીં બનાવે. કાયદો વધુ સખત કરવામાં આવશે તો બીજાના ધર્મનો તિરસ્કાર કરનાર દરેક વ્યક્તિ પોતાના વિરોધીના ધર્મ પર ભૂંડા આક્ષેપ કરવા માટે ગુપ્ત માર્ગો શોધશે અથવા એવી વસ્તુઓ લખશે જે વિરોધીઓને ગુસ્સે કરવાને પૂરતી ગંદી હશે, પણ તે લેખકને કાયદાની શિક્ષાત્મક કલમથી બચાવી લેવાને પૂરતી ગૂઢ હશે. પણ હું એ પણ જાણું છું કે અત્યારે આપણે સમજુ રાષ્ટ્રવાદીઓ પેઠે અથવા ધર્મિષ્ઠ માણસો પેઠે વર્તતા નથી. આપણે ધર્મના અંચળા હેઠળ એકબીજા પર ગાંડું વેર વાળવા તૈયાર થયા છીએ.

મને પત્ર લખનાર હિંદુમુસલમાન બંનેએ સમજવું જોઈએ કે હાલમાં હું અત્યારના વાતાવરણથી અલગ પડી ગયો છું. હું સારી રીતે જાણું છું કે ઝઘડો કરનારા હિંદુઓ કે મુસલમાનો પર મારો કાબૂ નથી. હું કબૂલ કરું છું કે આ તંગદિલી દૂર કરવાનો મારો ઉકેલ સમયને અનુકૂળ નથી. તેથી હું મૌન રાખીને જ રાષ્ટ્રની સારામાં સારી રીતે સેવા કરું છું. પણ મારા ઉકેલમાં મારી શ્રદ્ધા એટલી જ અડગ છે જેટલી તે સાચી હિંદુમુસ્લિમ એકતાની આવશ્યકતામાં અને તેની શકયતામાં છે. તેથી જોકે મારી લાચારી સ્પષ્ટ છે, પણ મારામાં નિરાશા જરાયે નથી. અને હું માનું છું કે, કોઈ પણ છડેચોક કરેલા કાર્ય કરતાં મૂક પ્રાર્થના ઘણી વાર વધારે શક્તિશાળી હોય છે, તેથી શુદ્ધ હૃદયની પ્રાર્થના કદી સંભળાયા વગર નથી રહેતી, એવી શ્રદ્ધાથી હું મારી લાચારીમાં નિરંતર પ્રાર્થના કરતો રહું છું અને મારી બધી શક્તિથી ઈશ્વરને મંજૂર થાય તેવી પ્રાર્થનાનું શુદ્ધ સાધન બનવાની કોશિશ કરી રહ્યો છું.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २२–९–१९२७

Gandhi Heritage Portal

# ૧૬. વી. એસ. શ્રીનિવાસ શાસ્ત્રીને પત્ર

સાબરમતી[1],
સપ્ટેમ્બર ૨૨, ૧૯૨૭

પ્રિય ભાઈ,

હવે મારે તમારા બે પત્રોનો જવાબ આપવાનો છે. દિલગીર છું કે ટ્રાન્સવાલના મિત્રો તરફથી હજી તમને મુશ્કેલી નડયા કરે છે. પણ હું આશા રાખું છું કે તેઓ તમને છોડી જાય એથી તમે વ્યાકુળ નહીં થાઓ. અહીંની પરિસ્થિતિ હું જોતો રહું છું અને તમને વિનંતી કરું છું કે, અય્યર ઍન્ડ કો. પોતાની પ્રવૃત્તિ બાબત અહીંનાં છાપાંમાં અવારનવાર કંઈક છપાવી શકે તેની તમે ચિંતા કરશો નહીં. મને લાગે છે કે હું એટલું તો ખાતરીપૂર્વક કહી શકું કે દક્ષિણ આફ્રિકાના સવાલ વિશે હિંદુસ્તાનમાં કોઈ ખાસ હિલચાલ કરવામાં નહીં આવે, સિવાય કે હું પોતે કંઈક કરું. કોઈ ને કોઈ રીતે મારી એટલી શાખ તો હજુ રહી છે અને તમારા હોદ્દાની મુદત પૂરી થતાં સુધી તે ટકી રહેવા સંભવ છે. પરંતુ સંઘ સરકાર જ્યાં સુધી તમારી સાથે સહકાર કરે છે અને તમારો દોસ્તીનો હાથ તરછોડતી નથી ત્યાં સુધી અહીં હિલચાલ કરવાથી કશો ઉપયોગી હેતુ સરે એમ લાગતું નથી.

પ્રાગજી અને મેઢના[2] મુકદ્દમાનું પરિણામ કમનસીબીભર્યું છે. મને લાગે છે કે તેમણે હંગામી પ્રમાણપત્ર લેવાની ઑફર નકારી કાઢી એ સારું કર્યું. મેઢ વિશેના છૂપી પોલીસના રિપોર્ટને હું કંઈ જ મહત્ત્વ આપતો નથી. તેમણે કંઈ ગુનો કર્યો હોય તો સરકારે તેમના પર કામ ચલાવવું જોઈએ, પણ છૂપી પોલીસના રિપોર્ટનો તેમની સામે ઉપયોગ ન કરવો જોઈએ. તેઓ પૂર્ણ પુરુષ ભલે ન હોય, પણ હું નથી માનતો કે તેઓ ત્યાંના અથવા તે જ કારણસર અહીંના સામાન્ય હિંદી કરતાં કોઈ રીતે વધુ ખરાબ છે. હું આ મુકદ્દમાને આ રીતે જોઉં છું. ૧૯૧૪ના કરારની[3] સમજ એવી હતી કે, કંઈ નહીં તો છેવટ સિદ્ધાંતમાં તો રંગભેદ ન જ હોવો જોઈએ. તેથી ઇમિગ્રેશન કાનૂનની ભાષામાં કશો રંગભેદ જણાતો નથી. વ્યવહારમાં દર વરસે છ માણસોને કેળવણીની લાયકાતને આધારે દક્ષિણ આફ્રિકામાં દાખલ થવા દેવાના હતા. અને મને યાદ છે ત્યાં સુધી વસવાટના હકનો સવાલ તેમને અસર કરતો નહોતો. કારણ કે તેમની લાયકાત તેમના પોતાના વ્યક્તિત્વમાં જ રહેલી હતી. હું આ મારી યાદદાસ્ત પરથી લખું છું તેથી તેમાં ભૂલ હોવાનો સંભવ છે. એટલે એ સાચું હોવાની ગૅરંટી નથી આપતો. તમે સ્થિતિ તપાસી લેજો. હું આશા રાખું છું કે તેમને સગવડ કરી આપવાનો માર્ગ જરૂર મળી આવશે.

ફિનિક્સ તમને ગમે છે એ જાણીને મને આનંદ થયો; અને જો એ તમારે માટે અવારનવાર ખરેખર આરામ લેવાનું સ્થળ બને તો તેથી હું ઘણો રાજી થાઉં. કૅલનબૅક તમને પોતાની મોટરમાં પુરઝડપે પ્રિટોરિયાથી જોહાનિસબર્ગ લઈ જતા હતા અને તેમની ફૅશનેબલ મોટરનું

૧. કાયમી સરનામું.

૨. જોહાનિસબર્ગના બે આગળ પડતા હિંદીઓ. હિંદુસ્તાનમાં કેટલોક વખત રહ્યા પછી દક્ષિણ આફ્રિકા પાછા ફર્યા ત્યારે પોતાનું વસવાટના હકનું પ્રમાણપત્ર તાજું કરાવતાં તેમને મુશ્કેલી પડી હતી.

૩. સ્મટ્સ-ગાંધી કરાર, જુઓ પુસ્તક ૧૨.

Gandhi Heritage Portal

REFERENCE BOOK

એક ટાયર ફાટતાં ગંભીર અકસ્માત થતાં થતાં રહી ગયો તેનું વર્ણન ઍન્ડ્રૂઝે લખી મોકલ્યું હતું. હું ઇચ્છું છું કે તમે કૅલનબૅકને, કંઈ નહીં તો મને મળવા માટે, હિંદ આવવા સમજાવી શકો તો સારું. મને મળીને ભલે તેઓ પાછા જાય અને પોતાનો ધંધો કરે. મિસ શ્લેશીને, તમારી સાથે થયેલી મુલાકાતનું મનોરંજક વર્ણન લખી મોકલ્યું છે. હું મદ્રાસમાં હતો ત્યારે મેં શ્રીમતી શાસ્ત્રીને મળવાનો પ્રયત્ન કર્યો હતો પણ ખબર મળી કે તેઓ લખનૌમાં હતાં.

સસ્નેહ,

તમારો સહૃદયી
મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]

લેટર્સ ઑફ શ્રીનિવાસ શાસ્ત્રી, પા. ૧૬૭–૮

13665

ગાંધી સ્મારક સંગ્રહ ... અમદાવાદ-૧૪.

## ૧૭. કનડુકાથનની જાહેર સભામાં ભાષણ[1]

સપ્ટેમ્બર ૨૨, ૧૯૨૭

મિત્રો,

તમારી આ થેલી માટે તમારો આભાર માનું છું. તમારી વચ્ચે આવીને મને આનંદ પણ થયો ને દુઃખ પણ થયું. આજે સાંજે હું તમારી સાથે ખુલ્લા દિલથી વાત કરવા માગું છું. વૈશ્ય કુટુંબમાં જન્મેલો હોઈ, હું માનું છું કે, હું તમારામાંનો એક છું અને હું પોતે ચેટ્ટી હોવાનો દાવો કરી શકું. હું ડૉ. મહેતા સાથે રંગૂનમાં હતો ત્યારે તમારા કૌટુંબિક જીવનના સંપર્કમાં આવ્યો હતો. તે વખતે હું જુવાન હતો. મુગલ સ્ટ્રીટમાં થઈને જતાં ડૉ. મહેતાએ મને ઓસરીઓ ને ગલ્લાની હાર બતાવી અને ત્યાં લગભગ આખો દિવસ પોતાની લાકડાની તાસક પર રૂપિયા ગણતા લોકો તરફ મારું ધ્યાન ખેંચ્યું. તેમણે કહ્યું કે આ બધા ચેટ્ટીઓ છે. તેમને અને તેમની ઓસરીઓને જોઈને તેઓ બધા નાના શાહુકારો છે એવું માનવાની ભૂલ ન કરતા. તેમણે કહ્યું કે તેઓ નાના નહીં પણ મોટા શાહુકારો છે અને તેમાંના કેટલાક તો કલ્પી ન શકાય તેટલા પૈસાદાર છે. તેમનો આ પરિચય થયા પહેલાં પણ હું રંગૂન અને દક્ષિણ આફ્રિકામાં કેટલાક ચેટ્ટીઓને ઓળખતો હતો. એ ઓળખાણ પરિચિત મિત્રો તરીકેનું હતું, પણ ત્યારે મને ખબર નહોતી કે રંગૂનમાં વ્યાજવટાનો લગભગ બધો ધંધો તમારા હાથમાં છે. આ વાત તો મેં રંગૂનમાં આવ્યા પછી જાણી. તે ઉપરાંત મને તમારી સાથે ૧૯૨૦માં[2] થયેલો નિકટ પરિચય યાદ આવે છે. ત્યારે હું ચેટ્ટીનાડમાં થઈને નીકળ્યો હતો અને ટિળક સ્વરાજ ફંડ માટે પૈસા ઉઘરાવતો હતો. ત્યારે પણ તમે આજે બતાવો છો તેવી જ ભલી લાગણી બતાવી હતી તે મને સારી રીતે યાદ છે. પણ તે વખતનો મારો પ્રવાસ ખરેખર વાયુવેગે ચાલતો હતો અને મને કશો વિચાર કરવાની કે કોઈ બાબતની તપાસ કરવાની ફુરસદ નહોતી. હું સ્વરાજ્ય પાછળ

૧. કનડુકાથન, કરાઈકુડી, અમરાવતીપુર અને દેવકોટ્ટામાં ગાંધીજીએ આપેલાં ભાષણોમાંથી ઉતારા લઈને મહાદેવ દેસાઈએ નવજીવન, ૯–૧૦–'૨૭ના અંકમાં 'ચેટ્ટીનાડ' એ શીર્ષક નીચે સળંગ રૂપમાં આપ્યાં હતાં.

૨. ખરું જોતાં અહીં ૧૯૨૧ જોઈએ. જુઓ પુસ્તક ૨૧, પા. ૧૯૫.



Gandhi Heritage Portal

ઘેલો બન્યો હતો. સ્વરાજ્ય પાછળ ઘેલો તો હું આજે પણ છું. પરંતુ ઈશ્વરે મને પાઠ શીખવ્યો છે. મારી મામૂલી સ્વરાજ્ય-યોજના દેખીતી રીતે જ ઈશ્વરની યોજના નહોતી. હવે તેણે મારા પર વધુ કૃપા કરીને મને શારીરિક બીમારી આપી છે. આથી પહેલાંની જેમ મારે માટે પૂરવેગે પ્રવાસ કરવાનું મુશ્કેલ બની ગયું છે. આમ તમારા જીવનનો અભ્યાસ કરવાનું અને તમને ૧૯૨૦માં હું સમજતો હતો તેના કરતાં વધારે સારી રીતે સમજવાનું શકય બન્યું છે. તમે જે અત્યંત ભલી લાગણી દર્શાવી છે તેનો સારામાં સારો બદલો હું તમને મારા કાંઈક અંશે સંક્ષિપ્ત અભ્યાસનું પરિણામ જણાવીને આપી શકું. મારા અભ્યાસમાં ચેટ્ટીનાડના અજ્ઞાત મિત્રોના તમારા જીવનનું વર્ણન કરતા બે પત્રોથી સહાયતા મળી છે.

પણ તેની ચર્ચા શરૂ કરતાં પહેલાં હું તમને ખાદીને તમે અપનાવી છે તે કરતાં ઘણા વધારે પ્રમાણમાં અપનાવવાની અપીલ કરું છું. તમે ઇચ્છો તો આખા તામિલનાડુની અને આખા હિંદુસ્તાનની પણ ખાદીપ્રવૃત્તિને નાણાં પૂરાં પાડી શકો એટલી તમારામાં શક્તિ છે. મેં મારા મારવાડી મિત્રોને એટલે કે ઉત્તર હિંદના ચેટ્ટીઓને કહ્યું છે તેમ તમને પણ કહી શકું કે તમે ઇચ્છો તો ખાદીની ચળવળને માત્ર તમારા ફાજલ પૈસાથી મદદ આપીને તમે ચલાવી શકો. તમારી અદ્ભુત બુદ્ધિમત્તાથી તમે ખાદી ચળવળને સંગઠિત પણ કરી શકો. તેથી જો હું તમને કહું તો મને માફ કરશો કે આજ સવારથી અહીં આવતાં આખે રસ્તે મને જે થેલીઓ મળી છે તેથી મને કોઈ રીતે સંતોષ થયો નથી. એ રકમ મેં ગણી નથી. તે થોડા હજાર રૂપિયાની હશે, પણ તે તમારા ધનના સમુદ્રમાં એક બિંદુ જેટલી પણ નથી. તમે ખાદીમાં ખરેખર માનતા હો, રેંટિયાનો સંદેશ સમજ્યા હો, અને સમજ્યા હો તો જ, હું ઇચ્છું છું કે તમે તમારા વિપુલ ભંડારમાંથી થોડું નહીં પણ ઘણું આપો.

અને ખાદી આખરે શું છે? ખાદી ભૂખે મરતા લાખો લોકોનો પ્રશ્ન રજૂ કરે છે અને જે લોકો પાસે ધન કે સત્તા છે તેમણે પોતાના ધન કે સત્તાના મદમાં આ ભૂખે મરતા લાખો લોકોને ભૂલી જવા ન જોઈએ. તેથી હું તમને આગ્રહ કરું છું કે આ ભૂખે મરતા લાખો લોકોના મહાન પ્રશ્નમાં મદદ કરો અને એ પ્રશ્નને તમારો પોતાનો પ્રશ્ન બનાવો. અને તમે માત્ર એમ કરશો, તો તમે તમારા તમામ વિદેશી કાપડનો અને વિદેશી અલંકારોનો ત્યાગ કરશો અને પછી તમે ઇચ્છશો તો તમને તમારી રુચિ પ્રમાણે ઉત્તમમાં ઉત્તમ અને બારીકમાં બારીક ખાદી મળી શકશે.

તમારાં ઘર તો જુઓ. એમાં પરદેશી ફર્નિચર ખડકી મૂકયું છે. એમાં અનેક પરદેશી મોજ-શોખની વસ્તુઓ ભરી મૂકી છે. આપણા પવિત્ર દેશમાં જેને માટે કશું સ્થાન નથી એવી અનેક વસ્તુઓ તમારા ઘરમાં જોવામાં આવે છે. અહીં આવીને આનંદ થયો તેમ જ દુ:ખ થયું. આટલા ફર્નિચરમાં મને તો ગૂંગળાઈ જવા જેવું લાગ્યું. એમાં બેસવું કયાં? શ્વાસ લેવા જેવી જગ્યા તમે ખાલી નથી રાખી! તમે જે ચિત્રો ખડકયાં છે તેમાં કળા નથી; કેટલાંક તો બિહામણાં બીભત્સ છે, જેની સામે આંખ ફેરવી જાય એમ નથી. મહાભારતના કાળમાંયે ધનવાનો નહોતા એમ નહીં, પણ તેઓ કંઈક મર્યાદા જાણતા હતા. પણ અહીં તો છકેલ રીતે ધનનો દેખાવ થઈ રહ્યો છે. એ આપણને ન શોભે. આપણી સંસ્કૃતિને ન શોભે. આપણી હવામાં એને સ્થાન નથી. એથી શુદ્ધ હવા આવતી અટકે છે, એમાં અનેક જંતુઓ ઘર કરે છે. તમે જો મને ચેટ્ટી-નાડની બધી મહેલાતોને શણગારવાનો કંટ્રાક્ટ આપો, તો તમે ખર્ચ્યા છે તેના દશમા ભાગ જેટલા પૈસામાં હું તમને વધારે આરામ અને તાજી હવા આપીશ; અને દેશના ઉત્તમ કળાકારો પાસેથી

Gandhi Heritage Portal

પ્રમાણપત્ર મેળવીશ કે મેં તમારાં ઘરોને ઉત્તમોત્તમ રીતે શણગાર્યાં છે. તમારા મહેલો ગમે તેમ ખડકી મૂકેલા લાગે છે; તમે નથી એકબીજાના શ્રેયનો વિચાર કર્યો કે નથી સમાજના ગરીબના કલ્યાણનો વિચાર કર્યો. તમે જરાક સમાજભાવના કેળવો, અને ગરીબના કલ્યાણનો વિચાર કરો તો ચેટ્ટીનાડને તમે નંદનવન બનાવી શકો.[1] હિંદના બધા લોકોને તે આકર્ષિત કરશે અને તમે જે સામાન્ય જીવન જીવતા હશો તે જોઈને તેઓ સંતોષ પામશે. આ તો મેં તમારા જીવનના બાહ્ય અંગ વિશે કહ્યું.

આંતરિક શુદ્ધિ વિશે પણ હું કંઈક કહેવા ઇચ્છું છું. મને ઘણા ધનિક મિત્રોનો વિશ્વાસ સંપાદન કરવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું છે. તેથી મને ખબર મળી છે અને મારું અનુમાન પણ છે કે તમે ધનવાન ચેટ્ટીઓ, દુનિયામાં સમૃદ્ધ લોકોમાં જે નબળાઈઓ સામાન્ય રીતે હોય છે તેનાથી મુક્ત નથી. પણ એમ હોવું જ જોઈએ એવું કંઈ નથી. આપણી સમક્ષ જનકનું પ્રસિદ્ધ ઉદાહરણ છે. તેમની પાસે અઢળક ધન હતું છતાં તેઓ પવિત્રતાનો અવતાર હતા. તેથી હું જીવનની અંગત પવિત્રતા વિશે આગ્રહ કરું છું. વાસ્તવમાં પુરુષાર્થી જીવનનું એ જ મૂળતત્ત્વ છે. માણસ પોતાની પત્ની સિવાયની સ્ત્રીને તેની ઉંમર મુજબ બહેન, મા કે દીકરી ગણે તેમાં જ તેનો પુરુષાર્થ રહેલો છે. તેથી હું ઇચ્છું છું કે મારા ચેટ્ટી ભાઈઓ પોતાની જાત પ્રત્યે માણસ માટે શક્ય હોય તેટલા કઠોર થાય અને સખત આત્મનિરીક્ષણ કરે.

તમારું દાન પણ ડહાપણપૂર્વકનું હોવું જોઈએ. હું સમજું છું કે તમે મંદિરો બાંધવામાં છૂટે હાથે પૈસા ખરચો છો. મંદિરો બાંધવાં એ બેશક સારી વસ્તુ છે. પણ તેમાં અતિરેક થવાનો સંભવ છે. આપણે જેને મંદિર કહીએ છીએ એવું મકાન ઊભું કર્યું એટલે તેમાં ઈશ્વર વાસ કરે જ છે એમ માનવું એ ભયંકર અંધશ્રદ્ધા છે. હું તમને કહું કે હું હિંદુસ્તાનમાં એવાં ઘણાં મંદિરો વિશે જાણું છું કે જેમાં ઈશ્વરનો વાસ વેશ્યાગૃહમાં હોય એના કરતાં વધારે નથી. તમારા જેવા કેટલાક ભલા મિત્રોએ મને કહેવાતા અસ્પૃશ્યો માટે મંદિરો બાંધવા થોડા પૈસા આપ્યા છે. મંદિર માટે મને કોઈ સાધુપુરુષ ન મળે અને તેની વ્યવસ્થા માટે પ્રામાણિક ટ્રસ્ટીઓ ન મળે તો એક પણ મંદિર બાંધવાની મેં ના પાડી દીધી છે.

મારા ખ્યાલ મુજબ આજને સમયે કોઈ પણ હિંદી માટે ખાદીના આ કામને આગળ ધપાવવા માટે દાન આપવું એ મોટામાં મોટું દાન છે.

આપણા ધનિક મિત્રોને કહેવાતા ગરીબ લોકોને મફત ભોજન આપવાનો શોખ છે. એવાં ભોજનોના પુણ્ય વિશે મેં ઘણી વાર શંકા દર્શાવી છે. ભગવદ્‌ગીતા કહે છે કે જે દાન સુપાત્રને કરવામાં આવે તે જ સારું દાન છે.[2] તેથી અંધજનોને, અપંગને તથા જેઓ કોઈ ને કોઈ કારણે પોતાની આજીવિકા માટે કામ કરી શકતા નથી તેમને ખવડાવવું એ સારું છે. પણ હું એમ કહેવાની હિંમત કરું છું કે તમે બધા એકઠા મળીને હિંદુસ્તાનનાં ગામડાંના ૫૦,૦૦૦ લોકોને મફત ખવડાવવા માટે અમુક ચોક્કસ રકમ જુદી કાઢો તો એ મોટું પાપ થશે. જે માણસના હાથપગ સાજા છે અને જેની સમક્ષ પ્રામાણિકપણે કરવાનું કામ છે તેને મફત ભોજન આપવાની જરૂર નથી. હિંદુસ્તાનની સૌથી મોટી આવશ્યકતા ભૂખે મરતા કરોડો લોકોને માટે તેમના ઘરમાં કામ આપવાની છે; અને એટલું ખચીત માનજો કે ખાદીની પ્રગતિ માટે તમે

૧. આ પૅરેગ્રાફનું આટલે સુધીનું ભાષાંતર નવજીવનના ૯–૧૦–'૨૭ના અંકમાંથી આપ્યું છે.
૨. ભગવદ્‌ગીતા ૧૭, ૨૦.

Gandhi Heritage Portal

આપો છો તે દરેક રૂપિયાનો અર્થ ૧૬ સ્ત્રીઓ માટે, પોતે જેને માટે કામ કર્યું છે એવાં ૧૬ ટંકનાં ભોજન છે.

હિંદુસ્તાનમાં ઢોરોની જે ગુનાહિત પાયમાલી થઈ રહી છે તે અટકાવવા સંબંધમાં કરેલું દાન એ પણ એટલું જ મહાન ગણાય. જે માણસ સારું દુગ્ધાલય ચલાવે છે, સારું ચર્માલય ચલાવે છે તે સેંકડો ઢોરોને બચાવે છે. એટલે જો તમારે ચટ્ટીનાડને તમારે પોતાને રહેવા માટે અને મારા જેવા માણસને એકાદ દિવસ થોડો આરામ લેવા માટે આદર્શ સ્થાન બનાવવું હોય તો હું અપેક્ષા રાખીશ કે ચેટ્ટીનાડને તમે સ્વચ્છતાનો નમૂનો બનાવશો એટલું જ નહીં, પણ એવી આશા રાખીશ કે તમારે ત્યાં ઢોરો માટે સારી પીંઠો કે વાડા હશે જ્યાં બધી જાતનાં પશુઓને રાખવામાં આવશે. હું એવી પણ અપેક્ષા રાખીશ કે તમે એક આદર્શ દુગ્ધાલય ચલાવશો જે તમને અને તમારી આસપાસના ગરીબ લોકોને સસ્તે ભાવે સારું ને ચોખ્ખું દૂધ પૂરું પાડશે. વળી હું એવી પણ અપેક્ષા રાખીશ કે તમે ચર્માલયો કાઢશો જ્યાં મૂએલાં ઢોરનાં ચામડાં મેળવીને તેનાં ગરીબો અને અમીરો માટે પગરખાં બનાવવામાં આવશે. એ જ રીતે તમારે તમારા દાનનો પ્રવાહ, આજ સુધી જેમને સૌએ પદદલિત રાખ્યા છે એવા કહેવાતા અસ્પૃશ્યો તરફ છૂટથી વહેવડાવવો જોઈએ.

હું હજુ બીજાં સૂચનો આપી શકું પણ હું આશા રાખું છું કે મેં તમને વિચાર કરવા માટે પૂરતી સામગ્રી આપી છે. તમારા સાચા મિત્ર તરીકે હું તમને કહીશ કે મેં જે મહત્ત્વની બાબતો વિશે તમને કહ્યું છે તે તમારા મનમાંથી કાઢી ન નાખશો પણ તે વિશે પૂરો વિચાર કરજો અને જો મને ખબર પડશે કે તમારામાંથી કંઈ નહીં તો થોડાક જણ પણ મારો સંદેશો સમજ્યા છો અને તેની કદર કરી શકયા છો તો મને ઘણો આનંદ થશે. હિંદુસ્તાનના ગરીબો અને અમીરો વચ્ચેની ખાઈ પૂરવા હું ઘણો ઉત્સુક છું. જ્યાં સુધી આ બંનેની વચ્ચે જીવંત સંબંધ ન બંધાય ત્યાં સુધી આ દેશમાં સ્થાયી સુખ મેળવવાનો કોઈ માર્ગ હું જોતો નથી.

[મૂળ અંગ્રેજી]

*હિન્દુ*, ૨૪–૯–૧૯૨૭

## ૧૮. પ્રાગજી દેસાઈને પત્ર

ભાદરવા વદ ૧૩ [સપ્ટેમ્બર ૨૩, ૧૯૨૭][1]

ભાઈશ્રી પ્રાગજી,

તમારો કાગળ મળ્યો. તમારે બંને વિશે મેં શાસ્ત્રીજીને લખ્યું છે. તે પ્રયત્ન તો કરી જ રહ્યા છે. તે કરે ને કહે તેથી સંતોષ માનજો. મેં તેમને એક દલીલ સૂચવી છે તે કદાચ ઉપયોગી થાય. તે એ છે કે કેળવણીની રૂએ જે આવે તેને મુદતનો બાધ ન હોવો જોઈએ. ગમે તે કરો પણ કંઈ શરમાવા જેવું કામ રહેવાના હક મેળવવાને ખાતર ન કરજો ને ખડ ન ખાજો. સ્વમાન જાળવતાં જે મેળવી શકો તેથી સંતોષ માનજો. નાતાલના હક તો તમને બંનેને મળી ગયા લાગે છે, એટલે તમને બહુ અડચણ ન આવવી જોઈએ.

ઍન્ડ્રૂઝની ઉપરની તમારી ટીકા બરોબર નથી. તેમાં ઉતાવળ ને અધીરાઈ જોઉં છું. ઍન્ડ્રૂઝ તમને જૂઠું કહે એ ન બને.

૧. પ્રાગજી દેસાઈના કિસ્સાના ઉલ્લેખ પરથી વર્ષ નક્કી કરવામાં આવ્યું છે.

Gandhi Heritage Portal

. . .[1] વિસ્મરણ થાય અથવા ઍન્ડ્રૂઝની સમજફેર થાય એમ ભલે. ઍન્ડ્રૂઝ જેવા માણસ જ્યારે નિ:સ્વાર્થભાવે આપણે સારુ મરી પડે ત્યારે આપણે તેની ઉપર રોષ કરીએ અથવા તેનામાં દોષારોપણ કરીએ તે આપણને ન શોભે.

તમારી અને મેઢની તબિયત સારી રહેતી હશે. હું તો હાલ મુસાફરી કરી રહ્યો છું.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી : જી. એન. ૫૦૪૧

## ૧૯. મણિલાલ ગાંધીને પત્ર

[સપ્ટેમ્બર ૨૩, ૧૯૨૭][2]

ચિ. મણિલાલ,

તમારો કાગળ મળ્યો છે.

પ્રાગજીનો કાગળ પણ આ સાથે છે. એ વાંચીને તેને પહોંચાડજો એટલે મારે તેને વિશે તમને ફરી લખવાપણું ન રહે.

તમે ઍન્ડ્રૂઝને વિશે જે શબ્દો વાપર્યા છે તે અઘટિત માનું છું. તેના જેવા સેવકને સારુ એવા શબ્દો ન છાજે. પ્રાગજી-મેઢના કેસને સારુ એણે મને તાર સુધ્ધાં કરેલો એવી તેણે તે વિશે ચિંતા ભોગવી છે. તેણે જે માન્યું તે કહ્યું તેમાં તેની ઉપર આરોપ કેમ મુકાય? ડેલાગોઆ બેમાં તેણે કહ્યું તેને વિશે પણ શું કહેવાય? જે સેવા કરે તે ટીકા પણ કરે. એ ટીકાનો એ દુરુપયોગ ન થવા દે. પોતાનાંની ટીકા કરવામાં તો મને કોણ જ પહોંચે? પણ તેને સારુ મારો કોઈ દોષ કાઢે તો મારા શા હાલ થાય?

મારી મુસાફરી ચાલી રહી છે. આ આખું વર્ષ એમ ને એમ જ જવાનું છે. જાનેવારીમાં રામદાસના વિવાહને સારુ મારે આશ્રમમાં જવું પડશે. વધારે લખવાનો વખત નથી.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી : જી. એન. ૪૭૨૩

૧. અક્ષરો ઊકલતા નથી.
૨. જુઓ આ પહેલાંનો પત્ર.

Gandhi Heritage Portal

# ૨૦. અમરાવતીપુરમાં ભાષણ

સપ્ટેમ્બર ૨૩, ૧૯૨૭

મિત્રો,

તમે હમણાં મને જે થેલી આપી તેને માટે હું તમારો આભાર માનું છું અને આશા રાખું છું કે આ જગ્યા વિશે અથવા અહીંના લોકો વિશેના મારા અજ્ઞાન માટે મને ક્ષમા કરશો. હમણાં તપાસ કરતાં મારા જાણવામાં આવ્યું કે આ એ જગ્યા છે જેણે દેશના આ ભાગને રાષ્ટ્રીય કાર્યકર્તાઓ આપ્યા છે.

હિંદના ધનિક લોકોને હું કહેતો આવ્યો છું કે જો તમારે ભૂખે મરતા કરોડો લોકો સાથે જીવંત સંબંધ બાંધવો હોય તો તે માટે ખાદી અને રેંટિયાના સંદેશાને અપનાવવો એ એક માત્ર સારામાં સારો માર્ગ છે. તેથી તમે મને ખાદી માટે જે આ થેલી આપી છે તે ખરેખર સારું કામ કર્યું છે. અને હું ઇચ્છું છું કે તમે ઓછામાં ઓછું નહીં, પણ જેટલું વધારેમાં વધારે આપી શકતા હો તેટલું આપો. અને જો તમે વધારેમાં વધારે ન આપ્યું હોય તો હું અહીંના તમામ ધનિક લોકોને કહીશ કે તમે તમારાં ખિસ્સાંમાં હાથ નાખો અને તમને શોભે તેટલી રકમ આપો. પણ તમે તમારી શક્તિ પ્રમાણે વધુમાં વધુ પૈસા આપો તોપણ તમે સારામાં સારું કામ કર્યું અથવા ખાદીને માટે થઈ શકે તે બધું કરી નાખ્યું એમ હું નહીં ગણું.

જો તમે રેંટિયાના સંદેશામાં માનતા હો તો હું તમને સહેલાઈથી ખાતરી કરાવી શકું કે જ્યાં સુધી તમે ખાદી પહેરવા તૈયાર નથી ત્યાં સુધી ખાદી માટે તમારું બધું ધન આપીને પણ તમે તેને માટે કશું નહીં કરી શકો; કારણ કે આપણે ખાદી ન પહેરીએ ત્યાં સુધી ગરીબો પાસે ખાદી તૈયાર કરાવવાની વાત તદ્દન નકામી છે. તેથી હું તમને કહું છું કે જેઓ હજી કાયમને માટે ખાદી પહેરતા ન થયા હોય તેમણે પરદેશી કાપડનો ઉપયોગ કરવાનું છોડી દેવું જોઈએ અને પોતાના ઉપયોગ માટે માત્ર ખાદી અપનાવવી જોઈએ. અને જે વાત મેં પુરુષોને કહી તે મારી આસપાસ બેઠેલી બહેનોને પણ લાગુ પડે છે.

હું માનું છું કે કરાઈકુડીની જેમ અહીં પણ તમે ગરીબ લોકોને ભોજન કરાવ્યું છે. જો એમ હોય તો હું એટલું કબૂલ કરવા તૈયાર છું કે એથી તમારી ઉદારતા દેખાઈ, પણ હું નથી માનતો કે તમારા સદ્‌ગુણમાં એથી કંઈ વધારો થયો હોય. મને ખાતરી છે કે હિંદના ઘણા લોકો ગરીબોને ભિખારી કે કંગાલ બનાવવા નથી માગતા. અને તેથી જે વાત મેં ગઈ કાલે રાત્રે કહી હતી તે આજ રાત્રે ફરી વાર કહું છું કે આજે ધનિક લોકો જે સારામાં સારું દાન કરી શકે તે છે ખાદી સંગઠનને મદદ કરવાનું. ખાદી માટે એક રૂપિયો આપવો એનો અર્થ ૧૬ સ્ત્રીઓને એક દિવસનું પ્રામાણિક કામ આપવું અને દરેકને એક આનો પણ આપવો એવો થાય. અને જો તમે સ્વમાની બનવા માગતા હો તો તમારે દરેક વ્યક્તિને પ્રામાણિક કામ મળે અને તેણે કરેલા કામનું યોગ્ય મહેનતાણું મળે એ જોવું જોઈએ.

અને ગઈ રાત્રે મેં કહ્યું હતું તે ફરીથી કહું કે ધનવાન લોકોને વારંવાર એ યાદ દેવડાવવાની જરૂર છે કે આખરે વ્યક્તિગત જીવનમાં પવિત્રતા એ જ દુનિયામાં સૌથી શ્રેષ્ઠ ધન છે. હું જાણું છું કે નિરંતર પાપ કરનાર વ્યક્તિઓના માર્ગમાં ધન કેવાં પ્રલોભનો મૂકે છે.

Gandhi Heritage Portal

તેથી હું ઇચ્છું છું કે તમારામાંનો દરેક જણ વ્યક્તિગત રીતે આત્મનિરીક્ષણ કરે અને પોતાના અંતરમાં જ્યાં કંઈ બૂરાઈ હોય ત્યાંથી તેને દૂર કરે. અમરાવતી એટલે 'દેવતાઓની નગરી.' તમે તમારા નગર કે શહેરને ખરેખર ઈશ્વરનું ધામ બનાવી શકો તો કેવું સારું! તમે આંતર-બાહ્ય શુદ્ધિ કરશો તો સહેલાઈથી તેમ કરી શકશો. આપણે દરેક જણ આપણા મનમાં પ્રામાણિક-પણે વિચાર કરીએ તો જોઈ શકીશું કે સ્વરાજ્યની પેઠે આત્મશુદ્ધિ પણ આપણો જન્મસિદ્ધ હક છે. આત્મસંયમ સ્વરાજ્ય તરફ લઈ જનારો રસ્તો છે અને આત્મસંયમ એટલે વ્યક્તિગત શુદ્ધિ.

પણ ચેટ્ટીનાડમાં મારા મુકામ દરમ્યાન મેં જોયું છે કે બાહ્ય સામૂહિક સ્વચ્છતાની વાત કરીએ તો અહીં ખરેખર તેનો અભાવ છે. તમે બધા સાથે મળીને કામ કરો તો તમારી શેરીઓ, તમારાં તળાવો અને તમારી આસપાસની જગ્યા તદ્દન સ્વચ્છ કરી શકો. અને મને ચેટ્ટીનાડના મિત્રો તરફથી પત્રો મળ્યા છે તેમાં જણાવવામાં આવ્યું છે કે અહીં લોકોનાં મન પણ ખાસ કરીને સ્વચ્છ નથી. એ અસ્વચ્છતા તો હું અહીં મહોલ્લાઓમાં ને તળાવોમાં જોઉં છું તેના કરતાં પણ ખરાબ છે. આ બાહ્ય અસ્વચ્છતા અને ગંદકી તો તમે સંગઠિત થાઓ, તમારી પાસે સ્વયંસેવકો અને કાર્યકર્તાઓનું જૂથ હોય તો થોડા દિવસમાં તમે તદ્દન દૂર કરી શકો અને તમારી શેરીઓ અને તળોવોને સ્વચ્છતાની આશ્ચર્યકારક સ્થિતિમાં મૂકી શકો. સામૂહિક એટલે કે નાગ-રિક જીવનની પહેલી આવશ્યક શરત એ છે કે શહેરના લોકોને તદ્દન સ્વચ્છ પાણી પૂરું પાડ-વાની ખાતરી આપવામાં આવે અને શહેરના આખા વિસ્તારને સ્વચ્છ અને સુંદર બનાવવામાં આવે. હું નંદીદુર્ગ પર હતો ત્યારે મેં જોયું હતું કે જે તળાવમાંથી દુર્ગ પરના લોકો પીવાનું પાણી લેતા હતા તે તળાવને ગંદકીથી બચાવવા તેના પર આખો દિવસ ચોકી રાખવામાં આવતી હતી. નાહવાનાં તળાવ પીવાના પાણીનાં તળાવથી અલગ હોવાં જોઈએ. હું જાણું છું કે જેની મેં વાત કરી તે આંતરિક સ્વચ્છતા બાહ્ય સ્વચ્છતા કરતાં ઘણી જટિલ સમસ્યા છે. પણ એક જમાનામાં મારી પાસે કંઈક પૈસા રહેતા હતા એટલે તમારી પાસે સંપત્તિ હોવા છતાં તમે આંતરિક શુદ્ધિ કેવી રીતે પ્રાપ્ત કરી શકો તે માટેનો મારો પોતાનો નુસખો હું તમને આપું છું. જે નુસખો હું તમને આપવાનો છું તે જરાયે મૌલિક નથી. એ તો ખરેખર આપણા ધર્મનું એક અંગ છે અને તે એ છે કે આપણે ગમે તેટલું ધન કમાયા હોઈએ તોપણ આપણે આપણને પોતાને, એ ધન આપણા બધા પાડોશીઓના કલ્યાણ માટે ધારણ કરનારા ટ્રસ્ટી ગણવા જોઈએ. એક શ્લોક છે જેમાં કહેવામાં આવ્યું છે કે જે યજ્ઞ કર્યા વિના એટલે કે આપ્યા વિના ખાય છે તે ચોર છે.[૧] ઈશ્વર આપણને સત્તા અને સંપત્તિ આપે છે તો તે માણસજાતના ભલા માટે વાપરવા આપે છે, ભોગ ભોગવવા માટે નહીં.

હું અસ્પૃશ્યતાના સવાલ પ્રત્યે પણ તમારું ધ્યાન ખેંચવા ઇચ્છું છું. તમારા અમરાવતીના પૈસાદાર લોકોના હૃદયમાં કહેવાતા અસ્પૃશ્યો માટે હૂંફાળું સ્થાન છે. કોઈ પણ માણસ કોઈ વિશિષ્ટ પરિસ્થિતિમાં જન્મ્યો છે તેથી તેને અસ્પૃશ્ય કહેવો એ પાપ છે. એટલે તેઓ જાણે તમારાં સગાંસંબંધી હોય, અને ખરેખર તેઓ છે, એ રીતે તમે તમારું ધન તેમને આપો અને તેમના કલ્યાણ માટે ખર્ચો.

૧. ભગવદ્‌ગીતા ૩, ૧૨.

Gandhi Heritage Portal

હું તમારી પાસે એટલું માગું છું કે આજે સાંજે મેં તમને જે કંઈ કહ્યું છે તે ભૂલી જશો નહીં પણ મનમાં સંઘરજો અને તેમાંથી બની શકે તેટલાનો અમલ કરજો. ઈશ્વર તમારું કલ્યાણ કરો!

[મૂળ અંગ્રેજી]

हिन्दु, ૨૬–૯–૧૯૨૭

## ૨૧. ત્રિચિનાપલીની કેળવણી પરિષદને સંદેશો

[સપ્ટેમ્બર ૨૪, ૧૯૨૭ પહેલાં][૧]

હું ઇચ્છું છું કે, દેશના નવયુવાનો પર શિક્ષકોનો જે ભારે પ્રભાવ છે તેનો ઉપયોગ, તેઓ કંઈ નહીં તો છેવટ તેમને શુદ્ધ ખાદી પહેરવા સમજાવીને તેમને ભૂખે મરતા કરોડો લોકો સાથે પ્રેમપાશથી બાંધવામાં કરશે, પણ તેઓ પોતે જો દાખલારૂપ ન બને તો એ કરવામાં તેઓ સફળ નહીં થાય.

[મૂળ અંગ્રેજી]

हिन्दु, ૨૬–૯–૧૯૨૭

## ૨૨. કરાઇકુડીની સ્ત્રીઓની સભામાં ભાષણ

સપ્ટેમ્બર ૨૪, ૧૯૨૭

પ્રિય બહેનો,

આજે સવારે તમને મળી શક્યો છું તેથી મને ઘણો આનંદ થાય છે, અને દરિદ્રનારાયણ માટે તમે મને જે થેલી આપી તે બદલ હું તમારો આભાર માનું છું. પણ આ રકમ તમે મને શા માટે આપી છે એનું કારણ તમે બધાં ખરેખર જાણો છો એની મને ખાતરી નથી. મને ડર છે કે તમારામાંની કેટલીક બહેનો માનતી હશે કે આ પૈસા કોઈક યોગ્ય હક ધરાવતા મહાત્માને તેના ખજાનામાં રાખવા માટે આપવામાં આવે છે. પણ તમારામાંથી એક બહેનની પણ એવી માન્યતા હોય તો હું તે દૂર કરવા માગું છું. આ પૈસા તમે તમારી પોતાની ભૂખે મરતી બહેનો માટે આપ્યા છે. અને હું તમારી આ ભેટ એ ગરીબ બહેનોને પહોંચાડવા માટેનું એક નમ્ર સાધન છું, પણ ઘણી વાર તમે જે રીતે ગરીબો આગળ પૈસા ફેંકો છો તે રીતે નહીં. આ પૈસા એ બહેનોને દાન તરીકે આપવાના નથી, પણ તેઓ જે કામ કરે તેના બદલામાં આપવાના છે. તેઓ ભૂખે મરે છે તેનું કારણ એ નથી કે તેમના ગામમાં અનાજ નથી, પણ કારણ એ છે કે તેમની પાસે એવું કામ નથી જે કરીને તે પૈસા કમાઈ શકે અને તેનું અનાજ લાવી શકે. તમારી ને મારી આ ગરીબ બહેનો તમારા ને મારા પાપને કારણે વરસમાં લગભગ

૧. ત્રિચિનાપલી જિલ્લા કેળવણી પરિષદ અને જિલ્લા શિક્ષક સંઘનું ૩૭મું સંમેલન ૨૪–૯–૧૯૨૭ને દિવસે ભરાયાં હતાં.

Gandhi Heritage Portal

છ મહિના બેકાર રહે છે. દેશના આ ભાગમાં ખેડૂતો જે અરિસી[૧] પકવે છે તે તમે અને હું ન ખાઈએ તો એ ખેડૂતોની શી દશા થાય? તેઓ પકવે છે તે અરિસી ખાવાને બદલે આપણે ઑસ્ટ્રેલિયામાં પાકતા અને ઑસ્ટ્રેલિયાથી આયાત કરાતા ઘઉં ખાઈએ તો એ ખેડૂતોની શી દશા થાય? જો તેમને પોતાની મહેનતથી કરેલા ઉત્પાદનના પૈસા નહીં મળે તો તેઓ અરિસી વાવવાનું બંધ કરશે અને ભૂખે મરશે. આમ જોઈએ તો આપણી આ લાખો બહેનો એક વખતે આવું સૂતર કાંતતી હતી, તેનું કાપડ વણાતું હતું, જે આપણે પહેરતાં હતાં અને હવે તેને આપણે ખાદી કહીએ છીએ. એ એવો સમય હતો જ્યારે આપણે ખાદી પહેરતાં હતાં. પછી આપણા અભાગી દેશના ઈતિહાસમાં એવો સમય આવ્યો જ્યારે તમે અને હું અને આપણા બાપદાદાઓ ગાંડા થઈ ગયા અને પાપ કરવા લાગ્યા. તેઓ અને આપણે ઈંગ્લંડ, પૅરિસ અને દુનિયાના બીજા ભાગોમાંથી આવતા ભભકાદાર પરદેશી કાપડથી છેતરાવા લાગ્યા અને તેથી આપણી એ બહેનોએ, પોતાની મહેનતથી કરેલા ઉત્પાદનનું બજાર ન રહેવાથી પોતાના રેંટિયા ફેંકી દીધા અને તેમનાં ગામોમાં બીજું કંઈ કામ મળે તેમ નહોતું. અને તેથી રેંટિયાને બદલે બીજું કંઈ કામ ન હોવાથી તેઓ ભૂખે મરવા લાગી. તેમાંની બહુ થોડી સ્ત્રીઓએ પોતાનાં ગામડાં છોડયાં અને શરમભરેલું જીવન ગાળવા લાગી. અને યાદ રાખો કે એ તમારી ને મારી બહેનો હતી. કેટલીક બીજી સ્ત્રીઓ શહેરોમાં ગઈ અને કારખાનાંમાં પગારથી તમે ન સ્વીકારો એવી મજૂરી કરવાનું સ્વીકાર્યું. આમ જોઈએ તો તમે આ પૈસા આપણાં પાપના થોડા પ્રાયશ્ચિત્ત તરીકે આપ્યા છે. પણ તમે પોતે ખાદી નહીં પહેરો તો આ પૈસા તદ્દન નકામા છે. તેથી હું તમને સૌને તમારા પોતાના ધર્મનો વિચાર કરવા કહું છું, અને આ ગરીબ બહેનોને ખાતર હવે પછી ખાદી સિવાય બીજું કંઈ પણ ન પહેરવાનો પવિત્ર સંકલ્પ કરવા કહું છું. પણ આ ગ્રામવાસીઓના પવિત્ર હાથે કાંતેલું ને વણેલું કાપડ પહેરવું એટલું જ ખાદી માટે પૂરતું નથી. એને માટે તો એથી અધિક કરવાની જરૂર છે. જો તમે ખાદી મારફત આ ગરીબ સ્ત્રીઓનો સાચા હૃદયથી વિચાર કરશો તો ખાદી કેવળ તમારા બાહ્ય પરિવર્તનનું પ્રતીક નહીં હોય, પણ એથી તમારું આખું હૃદય પણ બદલાઈ જશે. તમે એમ કરશો તો તમે સતી અને સીતાના યુગને પુનર્જીવિત કરશો. અને ઈશ્વર તમને તેમના જેવી બનાવે તે માટે હું તેને નિરંતર પ્રાર્થના કરું છું. પણ ઈશ્વર પણ આપણને આપણે જેવા હોવા જોઈએ તેવા આપણી પોતાની મરજી વિરુદ્ધ ન બનાવી શકે. જેઓ પોતાને સહાય કરવા તૈયાર હોય છે તેમને જ ઈશ્વર સહાય કરે છે. અને જો સીતા જેવાં બનવા ઇચ્છતાં હો તો ઈશ્વર તમારામાંની દરેકને તેવી બનાવવા માટે રાહ જોઈ રહ્યો છે. પણ તમે એવું ઇચ્છતાં નથી, કારણ કે તમારે માટે પણ અસ્પૃશ્ય એવા કેટલાક લોકો છે એવું તમે ખરેખર માનો છો. સીતા એ રીતે વર્તતાં નહોતાં. એથી ઊલટું, આજે આપણે આપણા અજ્ઞાનમાં જેને અસ્પૃશ્ય ગણીએ છીએ તે ગુહને પણ તેઓ નિષાદરાજ[૨] ગણતાં હતાં. જો તમે ખાદીની ભાવનાથી ખાદી પહેરશો તો તમે કોઈ પણ માણસને, તે ખાસ પરિસ્થિતિમાં જન્મ્યો છે તે કારણે, અસ્પૃશ્ય નહીં ગણો.

ચેટ્ટીનાડની ધનિક બહેનો, હવે જ કદાચ તમે સમજી શકશો કે તમે દરિદ્રનારાયણ માટે પૂરતા પૈસા જેવું કંઈ નથી આપ્યું એવું હું શા માટે માનું છું. હું તમારા જેવી બહેનો પાસે જે પૈસા ખરું જોતાં, તમને પોતાનાં માતાપિતા અને પતિ પાસેથી મળ્યા છે, તે માગતાં તો

૧. ચોખા.
૨. વિંધ્ય પર્વતોમાં વસતી નિષાદ જાતિનો રાજા.

Gandhi Heritage Portal

અચકાતો જ નથી. પણ હું તો તમને તમારું સ્ત્રીધન એટલે કે તમારાં ઘરેણાં પણ આપવા કહું છું. અને તે એવી શરતે આપવા કહું છું કે તમે ફરીથી ઘરેણાં બનાવી આપવાની માગણી નહીં કરો. સ્ત્રીનું સાચું સૌંદર્ય તેની સુંદર સાડીઓ, તેના હીરામોતી અને સોનાનાં ઘરેણાંમાં નથી. સ્ત્રીનું સાચું સૌંદર્ય તેના શુદ્ધ હૃદયમાં રહેલું છે. ઈશ્વર તમને એવું હૃદય આપો!

[મૂળ અંગ્રેજી]

હિન્દુ, ૨૬-૯-૧૯૨૭

## ૨૩. દેવકોટ્ટામાં માનપત્રોના જવાબમાં ભાષણ

સપ્ટેમ્બર ૨૪, ૧૯૨૭

મિત્રો,

આ બધાં માનપત્રો[૧] બદલ હું તમારો આભાર માનું છું. અને શ્રીયુત ચોકકલિંગમ ચેટ્ટિયારે મને રૂનો નમૂનો આપ્યો છે તે બદલ હું તેમનો આભાર માનું છું. તેમણે મને રૂનું સૂતર થાય તે પહેલાં રૂ કેટલી પ્રક્રિયામાંથી પસાર થાય છે તે બધી કરી બતાવી. તેમણે મને પોતે કાંતેલા સૂતરની અને અહીંના જ વણકરે વણેલી ખાદી ભેટ આપી છે તે બદલ પણ હું તેમનો આભાર માનું છું. એ ખાદી મેં અહીં વેચવા માટે મૂકી છે. તમે આ સુંદર બારીક ખાદી જુઓ. આ ખાદીની આરપાર તમે મારું મોઢું પણ જોઈ શકશો એ વિશે મને શંકા નથી. આ સભાનું કામકાજ હું તમારી સમક્ષ એક દરખાસ્ત મૂકીને શરૂ કરવા માગું છું. આ ખાદી હું પહેરી ન શકું એનું સાદું કારણ એ છે કે એ વાત મારા એ કથનની વિરુદ્ધ જાય કે ભૂખે મરતાં લાખો લોકોને મળી શકે તેથી વધુ મને ન ખપે. સેવા કરવાની મારી તીવ્ર ઇચ્છાના ઓઠા નીચે હું કેટલી કેટલી છૂટ લઉં છું એ તો ઈશ્વર જ જાણે છે. પણ મારામાં હજી એમ કહેવા જેટલી ઉદ્ધતાઈ નથી આવી કે આ સુંદર ખાદી પહેરીને હું તમારી વધુ સેવા કરી શકું. તેથી જે ઉદાર દરખાસ્ત હું હમણાં તમારી સમક્ષ મૂકવાનો છું તે તમે નહીં સ્વીકારો તો ખાદીનો આ ટુકડો અખિલ હિંદ ચરખા સંઘે પ્રદર્શન માટે એકઠા કરેલા નમૂનાઓમાં જશે. અને તે સંઘના વિરલ નમૂનાઓમાં એકનો વધારો કરશે. પણ હું ખરેખર એમ ઇચ્છું છું કે કારીગરીનો આ સુંદર નમૂનો તમે પોતાના પ્રદર્શનની એક વસ્તુ તરીકે રાખો અથવા તમારામાંના ધનિક લોકો તેને પોતાના શણગારની વસ્તુ તરીકે રાખે. પરંતુ તમે જો તેને એક સ્મૃતિચિહ્ન તરીકે તમારી વચ્ચે રાખવા માગતા હો તો તમારે તેની કિંમત એક ખેલાડીની ઉદારતાથી આપવી જોઈશે. અને લગભગ ઢાકાની શબનમ જેવા આ ખાદીના ટુકડાને હું કેટલો કીમતી ગણું છું એ બતાવવા માટે તે તમને હું એક હજાર રૂપિયાથી ઓછી કિંમતે નહીં આપું. શબનમ એ ઢાકાની ખાદીનું સુંદર કાવ્યમય નામ છે. એ ખાદી આપણા વડવાઓ ત્યાં તૈયાર કરતા હતા. શબનમ એટલે ઝાકળ અને આ મલમલનું નામ શબનમ પડ્યું કારણ કે તેને પાથરેલી જોઈને કોઈકે તેને ભૂલથી ઝાકળ માની લીધી હતી. એ મલમલ એટલી બધી સુંદર બારીક બનતી હતી. થોડાક મહિના પહેલાં બંગાળમાં એક ચેટરજી નામના ભાઈ ગુજરી ગયા, જેઓ લગભગ આ

૧. આ સભામાં ગાંધીજીને નાગરિકો, દેવકોટ્ટા યુનિયન બોર્ડ તથા નગરધાર શ્રી મીનાક્ષી વિદ્યાલય હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ તથા અધ્યાપકો તરફથી માનપત્રો આપવામાં આવ્યાં હતાં.

Gandhi Heritage Portal

શબનમના જેવી જ ઢાકા મલમલ અથવા ખાદી તૈયાર કરતા હતા. આપણા દુર્ભાગ્યે તેઓ મૃત્યુ પામ્યા, પણ તેમની કારીગરી હજી મોજૂદ છે અને એ ખાદી બંગાળના ખાદી પ્રતિષ્ઠાનમાં હજુ રાખવામાં આવી છે અને પ્રતિષ્ઠાનના વ્યવસ્થાપક તે ૫,૦૦૦ રૂપિયામાં પણ વેચવા માગતા નથી. હું કબૂલ કરું છું કે આ કિંમત ઘણી ભારે છે અથવા ભારે ગણાય, પણ કળાના પ્રેમી, સ્વદેશના પ્રેમી, દેશભક્તિના પ્રેમી પોતાના પ્રેમને ખાતર ભારે કિંમત આપતાં અચકાતા નથી. અને જે ખેલદિલીપૂર્વકની દરખાસ્તથી મેં અહીંના કામકાજની શરૂઆત કરી હતી તેની વાત હું અહીં પૂરી કરું છું. અને આ સુંદર કલામય ટુકડાને મેં કહી છે તે કિંમતે ખરીદવા કોઈ તૈયાર છે કે નહીં, તે મારા ભાષણને અંતે દેખાશે.

મારા મિત્ર શ્રીયુત શ્રીનિવાસ આયંગરે મને ભેટ આપેલો કળા-કૌશલ્યનો વળી એક બીજો નમૂનો પણ અહીં છે. આ ટુકડો જોકે પહેલા ટુકડા જેટલો બારીક નથી, પણ મારા પોતાના ઉપયોગ માટે ઘણો બારીક છે. આ ટુકડાની પણ ભારે કિંમત આપવા ઇચ્છતા હો તો મારી સાથે સોદો કરી શકો છો, પણ હું પોતે તેની કિંમત નહીં ઠરાવું, કારણ એમ કરવાથી તમારા પ્રેમ પર વધારે દબાણ થવાની મને બીક રહે છે. આ એક સુંદર દુપટ્ટો છે અને પેરિસના કોઈ પણ રેશમી કાપડ કરતાં તે ખરેખર સારો છે. આ બે કલાત્મક ટુકડાઓની પ્રશંસા કરવામાં તમારો આટલો બધો સમય લેવા માટે મને ક્ષમા કરશો. પણ એથી હું કેવો ખાદીઘેલો છું તે તમે જોઈ શકો છો. હું ખાદીની વાત કરવા માંડું છું ત્યારે જો ધીરજથી સાંભળનાર શ્રોતાઓ મારી સમક્ષ હોય તો એ વાત કરતાં હું થાકતો જ નથી. કારણ હું જાણું છું કે સાત લાખ ગામડાંમાં ભૂખે મરતાં આપણાં લાખો ભાઈબહેનોની આર્થિક મુક્તિ ખાદીમાં જ રહેલી છે. હું ઇચ્છું છું કે હું તમને એવું માનવા સમજાવી શકું કે જ્યાં સુધી હિંદુસ્તાનમાં એક પણ પુરુષ કે સ્ત્રી કામના અભાવે ભૂખે મરે છે ત્યાં સુધી મારે માટે અને તમારે માટે જીવન ભારરૂપ છે. હું ચેટ્ટીનાડમાં આટલા બધા દિવસો, તે પણ કીમતી દિવસો, એવી ઊંચી આશાથી પસાર કરી રહ્યો છું કે દરિદ્રનારાયણ માટેની તમારી ઉદારતાની ભાવના હું જાગ્રત કરી શકીશ. તેથી તમે મને ઓછામાં ઓછું નહીં પણ વધારેમાં વધારે આપી શકો તેટલું આપો એમ ઇચ્છું છું.

અને તમે વધુમાં વધુ આર્થિક મદદ આપી હોય તોપણ જો તમે ખાદી અપનાવશો નહીં તો તમે તમારી અને એ ભૂખે મરતા લાખો લોકોની વચ્ચે જીવંત સંબંધ બાંધી શકશો નહીં અને તમે નજરોનજર જુઓ છો કે તમને તમારી રુચિ મુજબની સરસ બારીક ખાદી અહીં જ મળી શકે તેમ છે. આ બે મિત્રો તૈયાર કરી શક્યા છે તેવી ખાદી બીજા અનેક લોકો પણ, પ્રયત્ન કરે તો તૈયાર કરી શકે. તેથી હું આશા રાખું છું કે તમે બધાં, યુવાન અને વૃદ્ધ, પુરુષો અને સ્ત્રીઓ, છોકરાઓ અને છોકરીઓ એવો પવિત્ર સંકલ્પ કરશો કે હવે પછી અમે કોઈ પરદેશી કાપડ નહીં ખરીદીએ અને કેવળ હાથે કાંતેલી ને હાથે વણેલી ખાદી જ ખરીદીશું, આટલું ખાદી માટે.

પણ કેટલીક બીજી વસ્તુઓ પણ છે જેના તરફ હું તમારું ધ્યાન ખેંચવા ઇચ્છું છું. હું તમને એ કહેવાની હિંમત કરું છું કે તમે તમારા ધનનો છૂટથી ઉપયોગ કરતા લાગો છો. પણ તેનો ઉપયોગ ડહાપણપૂર્વક કરતા નથી. તમે મોટા મહેલો ઊભા કર્યા છે પણ તમારી આજુ-બાજુની વસ્તુઓ તરફ જરાયે ધ્યાન આપ્યું નથી. તેથી હું ઇચ્છું છું કે તમે તમારે માટે જ નહીં પણ તમારી વચ્ચે રહેતા સૌને માટે શુદ્ધ પાણીની વ્યવસ્થા કરો. તમારા રસ્તાઓ તદ્દન ચોખ્ખા અને તદ્દન સારા હોવા જોઈએ. અને તમારાં બધાં તળાવો ખરેખર સુગંધીવાળાં અને

Gandhi Heritage Portal

કાચ જેવાં શુદ્ધ નિર્મળ જળથી ભરેલાં હોવાં જોઈએ. તમારે ત્યાં ગંદા પાણીના નિકાલની વ્યવસ્થા ખામી વિનાની હોવી જોઈએ. અને આ બધી વસ્તુઓ ખરેખર ન માની શકાય એટલી સાદી ને સરળ છે અને જો તમે તેમના પ્રત્યે દિલથી ધ્યાન આપશો તો તમે જોશો કે તેમાં તમને કઠે એવું કંઈ ખર્ચ નહીં થાય. આ બધી વસ્તુઓ તમારે સારી રીતે કરવી હોય તો તમારે નિષ્ણાતોની સલાહ લેવી જોઈએ. પણ તેમાં અંગત રુચિ અને અંગત સગવડનો થોડો ત્યાગ આવશ્યક છે. વળી તેમાં સામૂહિક જીવનની એટલે માત્ર પોતાને માટે નહીં પણ દેશને માટે જીવન જીવવાની ઇચ્છા હોવી જોઈએ. તે ઉપરાંત તેમાં પોતાના પડોશીઓ માટે, ગરીબમાં ગરીબ પડોશીઓ માટે બંધુત્વની લાગણી હોવી જરૂરી છે. અને તમારી મનોવૃત્તિને તમે એ દિશામાં વાળશો એની સાથે તેમાં તમને બહુ ઓછા પ્રયત્નની અને તેથીયે ઓછા ધનની જરૂર પડશે, અને હું તમને ખાતરી આપું છું કે તમારા પ્રયાસોનું તમને પૂરતું વળતર મળશે.

પણ આજે બપોર પછી મને એ જાણીને આશ્ચર્ય થયું કે તમે તમારાં બાળકોને યોગ્ય અને પૂરતી કેળવણી પણ આપતા નથી. મને કહેવામાં આવ્યું કે જીવનમાં તમારી એક માત્ર મહત્ત્વાકાંક્ષા તેમને કાચી ઉંમરે પણ પૈસા કમાવાનાં યંત્રો બનાવી દેવાની હોય છે. એ વસ્તુ સારી ન હોઈ શકે. તેમને તમારા ધંધાના યોગ્ય ઉત્તરાધિકારી જરૂર બનાવો, પણ તેઓ ઝંઝાવાતભર્યાં જીવનનો આરંભ કરે તે પહેલાં તેમને આપણા પોતાના સંસ્કારો રૂપે આપણા પોતાના જ્ઞાનનો કંઈક ખ્યાલ મેળવવા દો, તેમનું ચારિત્ર્ય ઘડાવા દો અને તેમને આપણો ઇતિહાસ અને આપણા દેશ વિશે કંઈ માહિતી મેળવવા દો. મને કહેવામાં આવ્યું કે આજે તો અહીં એવી સ્થિતિ છે કે પોતે શાસ્ત્રોનું જ્ઞાન ધરાવવાનો દંભ કરનારા લોકો શાસ્ત્રોના પવિત્ર નામે તમારી સમક્ષ જુદાં જુદાં શાસ્ત્રોના ઉતારા ટાંકીને તમને આમથી તેમ અથડાવે છે. પણ હું તમને કહું છું કે દરેક શ્લોક, પછી તે સંસ્કૃત હોય કે તામિલ હોય, કંઈ શાસ્ત્રવચન નથી. સાચા શાસ્ત્રની મારી વ્યાખ્યા આ છે: જીવનને સમૃદ્ધ કરનારી પસંદગીની દિવ્ય વાણી. તેથી ગમે તેટલું પુરાણું કહેવામાં આવતું કોઈ પણ શાસ્ત્રવચન આપણને વિનાશને પંથે લઈ જનારું અને તેથી સત્ય અથવા જીવનના શાશ્વત નિયમની વિરુદ્ધ હોય તો તે શાસ્ત્ર નથી. અને તેથી આપણને શીખવવામાં આવ્યું છે કે શાસ્ત્ર ખરેખર ચારિત્ર્યવાન પુરુષ, જેને આપણે સાધુપુરુષ કહીએ છીએ તેના મુખમાંથી નીકળે છે. અને જે ભગવા રંગનો ઝભ્ભો પહેરે છે, કપાળે ને આખે શરીરે ટીલાં-ટપકાં કરે છે અને પોતે જેને શાસ્ત્ર કહે છે તેમાંથી એક પછી એક શ્લોક બોલ્યે જાય છે તે દરેક જણ સાધુપુરુષ હોતો નથી. સાધુપુરુષ એ છે જે પૃથ્વી પરના કોઈ પણ માણસ કરતાં પોતાને ચડિયાતો માનતો નથી અને જેણે જીવનમાં બધી જ મોજમજાનો ત્યાગ કર્યો છે. પણ ખરું જોતાં આ કળિયુગમાં આપણને સાધુપુરુષ સહેજે મળતા નથી. તેથી આપણાં બાળકોને યોગ્ય કેળવણી આપવાની આપણી બેવડી ફરજ થઈ પડે છે જેથી તેઓ સારાસારનો વિવેક કરી શકે. અને તમે જેઓ પૈસાદાર છો અને શિક્ષણની ઉંમર વટાવી ગયા છો તેમને, હું આ ત્રણ દિવસ દરમ્યાન બીજી જગ્યાએ કહેતો આવ્યો છું તે કહેવા ઇચ્છું છું કે તમે કંઈ પણ કરતા હો, તમારા જીવનની પવિત્રતાને ડાઘ લાગવા દેશો નહીં. હું અનેક જાતની વાતો સાંભળું છું જે, હું આશા રાખું છું કે મોટે ભાગે અતિશયોક્તિભરેલી હશે. પણ હું જાણું છું કે સામાન્ય રીતે જોતાં દુનિયાનો એ અનુભવ છે કે નિયમ તરીકે ધનસંપત્તિને અને સદ્ગુણને મેળ બેસતો નથી. પરંતુ દુનિયાનો આવો કમનસીબ અનુભવ હોવા છતાં એ અટળ નિયમ નથી. આપણી પાસે જનકનો પ્રસિદ્ધ દાખલો છે. તેમની પાસે એક મહાન રાજા તરીકે અપાર ધનસંપત્તિ

Gandhi Heritage Portal

અને અપાર સત્તા હોવા છતાં તેઓ પોતાના જમાનાના એક શુદ્ધમાં શુદ્ધ પુરુષ હતા. અને આપણા પોતાના જમાનામાં પણ મારા પોતાના અનુભવ પરથી દાખલા આપીને કહી શકું છું કે હું એવા કેટલાયે ધનિક લોકોને ઓળખું છું જેમને સરળ અને શુદ્ધ જીવન ગાળવાનું અશક્ય લાગતું નથી. એ થોડા લોકોને માટે જે શક્ય છે તે તમારામાંના દરેકને માટે જરૂર શક્ય છે. અને હું ઇચ્છું છું કે મારા શબ્દો તમારા હૃદયમાં કાયમનું સ્થાન મેળવી શકે. અને હું જાણું છું કે એથી તમને અને તમે જે સમાજમાં રહો છો તે સમાજને ખૂબ જ લાભ થશે.

હવે મારે હું દરેક સભામાં કરતો આવ્યો છું એ જ વસ્તુ કરવાની છે. સભા બરખાસ્ત થાય તે પહેલાં સ્વયંસેવકો લોકો પાસે જાય છે અને જેમણે થેલીમાં ફાળો નથી આપ્યો, અથવા જેઓ મને સાંભળ્યા પછી એવા નિર્ણય પર આવ્યા છે કે તેમણે પૂરતો ફાળો આપ્યો નથી, તેમની પાસેથી ફાળો એકઠો કરે છે. ખાદીમાં માનનાર કોઈ ભાઈબહેનો અહીં હોય તો હું તેમને પોતાનો ફાળો આપવાની તક આપવા ઇચ્છું છું.

આ ફાળો ઉઘરાવવાનું ચાલતું હતું તે વખતે મહાત્માજીએ સભામાં શરૂઆતમાં મૂકી હતી તે દરખાસ્ત ફરીથી મૂકી અને પૂછ્યું કે, આ ખાદીના ટુકડાનું લિલામ કરવામાં આવે તો ઠરાવેલી કિંમત આપવા કોઈ મિત્રો તૈયાર છે? આનો કોઈ જવાબ ન મળતાં મહાત્માજીએ કહ્યું કે એ ટુકડો અખિલ ભારત ચરખા સંઘને પ્રદર્શન માટે મોકલી આપવામાં આવશે.[1] ભાષણ સમાપ્ત કરતાં મહાત્માજીએ કહ્યું:

બે શબ્દો વિદ્યાર્થીઓને કહીશ. તેમને સારે ભૂલવા ન જોઈએ. પોતાના માનપત્રમાં તેઓ મને જણાવે છે કે હવેથી અમે કાંતવા પ્રત્યે વધુ ધ્યાન આપીશું અને અમારામાંના જેઓ ખાદી નહીં પહેરતા હોય તેઓ પહેરવા માંડશે. હું તેમને તેમના આ નિર્ણય માટે અભિનંદન આપું છું અને ઈશ્વરને પ્રાર્થના કરું છું કે તે તેમને પોતાના નિશ્ચયનો અમલ કરવાનું બળ આપે.

[મૂળ અંગ્રેજી]

हिन्दु, २६–९–१९२७

## ૨૪. યુવકો સાથે વાતચીત

[સપ્ટેમ્બર ૨૫, ૧૯૨૭ અથવા તે પહેલાં][2]

તમે મને સાવ જૂઠી વાતો કહો છો. તમે એ માણસને ઓળખતા નથી.

જો રાજગોપાલાચારી જૂઠું બોલી શકતા હોય તો તમારે કહેવું જોઈએ કે હું પણ જૂઠું બોલી શકું છું. બેશક, હું કહું છું કે તેઓ જ એકમાત્ર સંભવિત ઉત્તરાધિકારી છે અને એ વાત હું આજે ફરીથી કહું છું. તમે યુવાનો તેમને મારી નાખવાના પ્રયત્નમાં તમને પોતાને મારી નાખશો. પુસ્તિકા પરથી જણાય છે કે તમને કેવી જૂઠી વાતો કહેવામાં આવે છે. તમે તમારી ચળવળને જેનો અર્થ હિંસા છે એવી જૂઠી વાતો પર ઊભી કરી રહ્યા છો.

તમે, ઠીક લાગે તો સખત લડત આપો, પણ તેનો પાયો સત્ય પર રચાવો જોઈએ. હું તમને આટલો સમય માત્ર એટલા ખાતર આપું છું કે મને દેશના નવજુવાનો માટે લાગણી છે.

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી; શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી

૧. બીજે દિવસે કરાઈકુડીમાં ષણ્મુખમ્ ચેટ્ટિયારે આ ટુકડો રૂા. ૧૦૦૧ આપીને ખરીદી લીધો હતો.
૨. મૂળમાં આ વાતચીત આ તારીખ નીચે આપવામાં આવી છે.

Gandhi Heritage Portal

## ૨૫. એક પત્ર

[સપ્ટેમ્બર ૨૫, ૧૯૨૭][1]

ભાઈશ્રી,

તમે લખો છો એ હકીકતો જોતાં અને પરિસ્થિતિ હળવી બની શકે એવા સંયોગો ન હોય તો આ કેસમાં લગ્નવિધિ ફોક છે એમ જ ખચીત માનવું જોઈએ, અને બાળાને પોતાની પસંદગીના પુરુષને પરણવાની છૂટ હોવી જોઈએ. પણ મારો અભિપ્રાય એવો છે કે એનાં માતાપિતાની સલાહ લીધા વિના એ ૨૧ વર્ષની થાય એ પહેલાં, એણે પસંદગી કરવી જોઈએ નહીં.

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી; શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી

ભાષાંતર : મહાદેવભાઈની ડાયરી, પુસ્તક અગિયારમું

## ૨૬. સુરેન્દ્રને પત્ર

[સપ્ટેમ્બર ૨૫, ૧૯૨૭][2]

ચિ. સુરેન્દ્ર,

તમારો કાગળ મળ્યો છે. ત્યાં જે વિચિત્ર અનુભવો થતા હોય તેના ખબર મને દેજો. તમારી સુસ્તી વિશે મને વસુમતીબહેને લખ્યું હતું. હું ચિંતા નહોતો કરતો. જોકે આશ્ચર્ય તો થયું જ.

ગામોમાં કેવી રીતે જાઓ છો? દરેક એકલા જાઓ છો કે બેકલા? લોકોનાં મન ઉપર રેલની કંઈ જ અસર રહી છે કે મુદ્દલ નથી રહી? રેલમાં બહુ હળીમળીને રહેતા તે તો સ્વપ્નવત્ થઈ ગયું જણાય છે. પોતાને મદદ કરવામાં લોકો મદદ કરે છે ખરા? મદદ લેનારાં સામાન્ય રીતે પ્રામાણિક હોય છે?

બાલકૃષ્ણની શી સ્થિતિ છે? છોટેલાલે પાછું મૌન ધારણ કર્યું છે.

હું મજામાં છું. જોકે આજકાલ માનસિક વ્યથાનાં કારણો તો ઘણાંએ ઉત્પન્ન થાય છે ને કેટલાંક તેના ઘા ઠીક ઊંડા કરે છે. પણ એ યુદ્ધમાં તો મુમુક્ષુ સિપાહી કસાય છે એટલે મને વિશ્વાસ રહે છે કે ઘા રુઝાઈ જશે. પણ ન રુઝાય તોપણ એ રણક્ષેત્રમાં પડનારનું તો કુશળ જ હોય એ ગીતાનો કોલ છે જ ના?

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી : એસ. એન. ૯૪૧૬

૧. મૂળમાં આ પત્ર આ તારીખ નીચે આપવામાં આવ્યો છે.
૨. મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરી પરથી.

Gandhi Heritage Portal

# ૨૭. કરાઈકુડીની જાહેર સભામાં ભાષણ

સપ્ટેમ્બર ૨૫, ૧૯૨૭

મિત્રો,

તમારા માનપત્ર બદલ અને જુદી જુદી થેલીઓ આપવા બદલ હું તમારો આભાર માનું છું. મુખ્ય થેલીમાં ૪,૦૦૦થી વધુ રૂપિયા છે, એ સારીસરખી રકમ છે, પણ ચેટ્ટીનાડના લોકો માટે એ બહુ સારી ન ગણાય અને આદિદ્રાવિડ છોકરાઓએ આપેલી ૧૭ રૂપિયાની થેલીની સરખામણીમાં તો એ સારી ન જ ગણાય. તમે લોકો એથી ચાર ગણી રકમ સહેલાઈથી આપી શકો છો, જ્યારે આદિદ્રાવિડ છોકરાઓને એમણે આપી છે એટલી રકમ આપવી ભાગ્યે જ પરવડે. તેમ છતાં તમે રાજીખુશીથી દરિદ્રનારાયણ માટે જે કંઈ આપી શક્યા તે બદલ હું તમારો આભારી છું. હું મારી વાતની શરૂઆત ગઈકાલે રાતની સભામાં મેં જે દરખાસ્ત મૂકી હતી તે દરખાસ્તથી કરવા ઇચ્છું છું. કળાનો આ સુંદર નમૂનો હું તમને બતાવવા માગું છું. એ તમારે ત્યાં જ બનાવવામાં આવ્યો છે. અને આ સુંદર બારીક મસલીન જેને હું ખાદી કહું છું તેનું સૂતર અહીંના જ શ્રી ચોક્કલિંગમે કાંતેલું છે. જે બારીક સૂતરની આ ખાદી વણેલી છે તેવું સૂતર કાંતવા માટે તેમણે રૂને કેટલી જુદી જુદી પ્રક્રિયાઓમાંથી પસાર કર્યું તે મને જોવા મળ્યું હતું. અને જો તમે તેમની હસ્તકળા જોઈ હોત તો તમને મારી જેમ તેમની ઈર્ષા આવત અને મારી પેઠે તેમની કળા માટે તમને ગર્વ પણ થાત. આટલી બારીક મસલીનનો હું પોતે તો કંઈ ઉપયોગ કરી શકું તેમ નથી, એટલે જો હું તમારા મનમાં સ્થાનિક કળા અને દેશ પ્રત્યે પ્રેમ ન જગાડી શકું તો મારે એ મસલીનનો ટુકડો અહીંથી લઈ જવો જોઈએ અને અખિલ હિંદ ચરખા સંઘના સંગ્રહસ્થાનમાં મૂકવો જોઈએ. પણ હું ખરેખર ઇચ્છું છું કે આ કાપડ તમે રાખો. અને તમે આને રાખવા ઇચ્છતા હો તો તમારે તેની ભારે કિંમત આપવી પડશે. દુનિયામાં બધી જ કળાની વસ્તુઓની કિંમત ભારે હોય છે. અને આ ટુકડાની કિંમત મેં ૧,૦૦૦ રૂપિયા ઠરાવી છે. પણ તમે ઇચ્છો તો મને પૂછી શકો છો કે આ કાપડના ટુકડાની કળાત્મક મહત્તા શું છે અથવા બીજા શબ્દોમાં પૂછી શકો કે ખાદીને હું આટલી કીમતી શા માટે ગણું છું. એક ભાઈ જે તમારી વચ્ચે વર્ષો સુધી રહ્યા છે તેમણે મને કહ્યું હતું કે ચેટ્ટીનાડમાં એવા ઘણા લોકો છે જેઓ ખાદીનો સંદેશ સમજતા નથી તેમ જ આ બધી થેલીઓની રકમોનો શો ઉપયોગ કરવામાં આવશે તે પણ જાણતા નથી. રેંટિયાનો સંદેશો સમજાવવા માટે હું થોડાં વાક્યો કહેવા માગું છું. રેંટિયાનો ઉદ્દેશ હિંદનાં સાત લાખ ગામડાંનાં ભૂખે મરતાં લાખો સ્ત્રીપુરુષોને કામ આપવાનો છે. હિંદુસ્તાન વિશે કંઈ પણ માહિતી ધરાવનાર દરેક જણે કહ્યું છે કે આ લોકો પાસે વરસના લગભગ છ મહિના કંઈ કામ નથી હોતું અને રેંટિયા સિવાય આ લાખો લોકો માટે કામ શોધવું અશક્ય છે. રેંટિયા દ્વારા આપણે આખા હિંદુસ્તાન માટે પૂરતું કાપડ પેદા કરી શકીએ. અને હું એમ કહેવાની હિંમત કરું છું કે આ ભૂખે મરતા લાખો લોકોને હાથે તૈયાર થયેલી આ મસલીન જેવી કોઈ પણ વસ્તુ સાચે જ કલાકૃતિ છે. સાચી અને જીવંત કળાને આપણા રોજિંદા જીવન સાથે સંબંધ હોવો જોઈએ. સાચી કળા જીવનને ભ્રષ્ટ કરનારી નહીં પણ જીવનને ઉન્નત કરનારી હોવી જોઈએ. હવે તમે સમજી શકશો કે ખાદીની હું આટલી બધી

Gandhi Heritage Portal

કિંમત શા માટે આંકું છું. પણ તમે અને હું જો ખાદી ન પહેરીએ તો તે અર્થ વગરની બની જાય.

હવે જે સંસ્થા ખાદી તૈયાર કરે છે અને વેચે છે તેને વિશે થોડું કહીશ. આ સંસ્થા ઓછામાં ઓછાં ૧,૫૦૦ ગામોમાં સેવાકાર્ય કરી રહી છે. આ ૧,૫૦૦ ગામોમાં પચાસ હજારથી વધુ બહેનો રેંટિયાનો લાભ ઉઠાવી રહી છે અને આ રેંટિયા મારફતે લગભગ પાંચ હજાર વણકરો આ પચાસ હજાર બહેનોએ કાંતેલું સૂતર વણે છે. આ કાંતનારા અને વણનારાઓની સાથે સાથે ખાદીને માટે જરૂરી એવી વિશિષ્ટ પ્રકારની ધોલાઈ કરનારાઓ તથા રંગાઈ અને છપાઈ કરનારાઓનો એક વર્ગ ઊભો થયો છે. મછલીપટ્ટમ અને બીજી જગ્યાએ જે છાપવાની અને રંગવાની સુંદર કળા નષ્ટ થઈ ગઈ હતી તે હવે ફરીથી સજીવન થઈ છે અને તેને ગૌરવવંતું સ્થાન આપવામાં આવ્યું છે. આ જ સંસ્થા મારફતે ખાદી અંગેનું કામ કરનારાઓને સાત લાખથી વધુ રૂપિયા વહેંચવામાં આવ્યા છે. અને એક વાત, જો તમને મહત્ત્વની લાગતી હોય તો, કહી દઉં કે મોટા ભાગના આ કારીગરો બ્રાહ્મણેતર છે. આ સંસ્થાનું સંચાલન અને નિયંત્રણ ૯ માણસોનું બનેલું એક મંડળ કરે છે. તેમાં પણ, તમારે જાણવું હોય તો, બહુમતી બ્રાહ્મણેતરોની છે. આ મંડળનો પ્રમુખ બ્રાહ્મણેતર છે જેને ભૂલથી મહાત્મા કહેવામાં આવે છે. (હાસ્ય) તેના કોષાધ્યક્ષ પણ બ્રાહ્મણેતર છે અને કોષાધ્યક્ષ તરીકેના ગુણોમાં તેમના જેવો કોષાધ્યક્ષ દુનિયામાં નહીં હોય. તેના મંત્રી પણ બ્રાહ્મણેતર છે જે મુંબઈના એક પ્રસિદ્ધ બૅંકરના પુત્ર છે. આ સંસ્થા મધ્યમ વર્ગના લગભગ ૧,૦૦૦ માણસોને કામ આપે છે. તેઓમાં પણ બહુમતી બ્રાહ્મણેતરોની છે. આ સંસ્થામાં કેટલાક એવા કાર્યકર્તાઓ છે જેઓ કંઈ વેતન લેતા નથી એટલું જ નહીં પણ સંસ્થાને પોષે છે. મદદ પણ કરે છે. કેન્દ્રીય અને પ્રાંતીય સંસ્થાઓના બધા હિસાબો નિયત સમયે તપાસાવવામાં આવે છે અને એ હિસાબો મિત્ર કે શત્રુ, ફાળો આપનાર કે નહીં આપનાર સૌ તપાસી શકે છે. સંસ્થાના કોઈ પણ કર્મચારીને માસિક રૂ. ૧૭૫થી વધુ પગાર મળતો નથી. કોઈ પણ પુરુષ કે સ્ત્રી તેનામાં ત્યાગની ભાવના ન હોય તો આ સંસ્થામાં જોડાઈ શકે નહીં. સ્ત્રીની વાત કરું છું ત્યારે મને તમને જણાવતાં આનંદ થાય છે કે હિંદુસ્તાનની કેટલીયે પ્રતિષ્ઠિત પુત્રીઓ આ ખાદી માટે વિના વેતને કામ કરી રહી છે. દાખલા તરીકે, હિંદના દાદાની[1] ત્રણ પૌત્રીઓ અને મહાન પિટીટ કુટુંબની બહેનો આ કામ કરી રહી છે. આ સંસ્થા લગભગ ૨૦ લાખ રૂપિયાની મૂડીથી કામ કરે છે. આ આંકડા તમને ભલે મોટા લાગતા હોય, પણ તમે અને હું ઇચ્છીએ તેવડી રકમની સરખામણીમાં આ રકમ કંઈ જ નથી. ખાદીની ભાવના આખા હિંદુસ્તાનમાં ફેલાય તો આપણે ૧,૫૦૦ નહીં પણ ૭,૦૦,૦૦૦ ગામો અને પચાસ હજાર કાંતનાર નહીં પણ દસ કરોડ કાંતનારની સેવા કરતા હોત. આ કામ માટે હું ચેટ્ટીનાડના ધનિકો પાસે તેમના ફાલતુ ધનનો થોડો ભાગ નહીં પણ તેમના સારાયે ધનનો મોટો ભાગ માગું છું. હવે તમે એ વાત પણ સમજી શકશો કે આ સુંદર ખાદીના ટુકડાની કિંમત હું ૧,૦૦૦ રૂપિયા ઠરાવું છું તે વધારે નહીં પણ ઓછી છે.

હવે, તમારી વચ્ચે છેલ્લા ચાર દિવસના મારા આનંદદાયક મુકામ દરમ્યાન મેં જે અત્યંત મહત્ત્વની સ્થાનિક બાબતોની ચર્ચા કરી છે તેમાંની થોડી હું ફરીથી સંક્ષેપમાં ચર્ચીશ. હું તમને આગ્રહપૂર્વક કહું છું કે તમે તમારી આરોગ્યસંરક્ષણની અને પાણી પૂરું પાડવાની બાબત પર

૧. દાદાભાઈ નવરોજી.

Gandhi Heritage Portal

ધ્યાન આપો. તમારા ગંદા રસ્તા અને સ્ફટિક જેવાં નિર્મળ પાણીથી નહીં પણ ગંદા પાણીથી ભરેલાં તળાવોની વચ્ચે તમારા મહેલો બહુ શોભતા નથી. આ બધું તમારી મૂડીમાંથી નહીં પણ તમારી બચતમાંથી થોડી રકમ કાઢીને કલ્પી ન શકાય તેટલા ઓછા ખર્ચે કેવી રીતે કરી શકાય, તે હું તમને બતાવી શકું.

મને ખબર પડી છે કે તમારા કેટલાક લગ્નના રીતરિવાજો ઘણા ખરાબ છે. ઘણી વાર કન્યાના ૩૦,૦૦૦ જેટલા રૂપિયા લેવામાં આવે છે. મને કહેવામાં આવ્યું છે કે તમે એક લગ્ન પાછળ ૫૦,૦૦૦ રૂપિયા જેટલું ખર્ચ કરતાં અચકાતા નથી; પણ આ રિવાજને હું અનૈતિક માનું છું. લગ્ન જેવા પવિત્ર કરાર અંગે એકેય પક્ષે વર કે કન્યાની કિંમત ન મુકાવી જોઈએ. સદ્‌ગુણી કન્યા મેળવવી એ ધનિક માણસ માટે હોય તેટલું જ ગરીબ માણસ માટે પણ સહેલું હોવું જોઈએ. લગ્નસંબંધ અંગે સદ્‌ગુણ અને પરસ્પર પ્રેમ એ જ કસોટીઓ હોવી જોઈએ. લગ્ન પાછળ કરવામાં આવતા ખર્ચને હું અનૈતિક નથી ગણતો પણ તેને પૈસાનો ગુનાહિત બગાડ ગણું છું. ધનિક માણસ ઘણી વાર લોકો આગળ પોતાના ધનનું જે પ્રદર્શન કરે છે તે તેને શોભતું નથી. ધનસંચય કરવાની કળા સાથે જો ધનનો સદુપયોગ કરવાની ઉત્તમ કળા ન હોય તો તે અધોગતિ કરનારી અને નિંદ્ય બની જાય છે. એટલે માત્ર લગ્ન અંગેનો આ સુધારો કરીને અને લગ્નોમાં ઉડાઉપણે કરાતા ખર્ચ પર ડહાપણપૂર્વક અંકુશ મૂકીને તમે ચેટ્ટીનાડને નંદનવન બનાવી શકશો. તમે ઇચ્છો તો બહુ પ્રયાસ વગર તમે સાર્વજનિક બગીચા, રમતગમતનાં મેદાનો બનાવી શકો અને પાણી પુરવઠાની વ્યવસ્થા કરી શકો તથા દુગ્ધાલયો કાઢીને તમારી વચ્ચે રહેતા ગરીબ લોકોને સસ્તું અને ચોખ્ખું દૂધ પૂરું પાડી શકો. હું તમને એક અનુભવી માણસ તરીકે અને એક ચેટ્ટીબંધુ તરીકે કહું છું કે જો તમે ડહાપણપૂર્વક આરોગ્ય સંરક્ષણની વ્યવસ્થા કરીને તથા ધનિક અને ગરીબ માટે ચોખ્ખા પાણીની અને ચોખ્ખા દૂધની વ્યવસ્થા કરીને તમારું સ્વાસ્થ્ય જાળવશો તો તમારી કમાણી ત્રણ ગણી કરી શકશો.

એક દાક્તર બહેન મને પત્ર લખીને તમને એવી એક અનૈતિક પ્રથાની યાદ આપવા કહે છે જે ચેટ્ટીનાડમાં પ્રચલિત છે અને જે તમને આ જાહેર ઉપયોગની વસ્તુઓ પ્રત્યે ધ્યાન આપતાં અટકાવે છે. તે મને કહે છે કે ધર્મને નામે કુમળી વયની બાળાઓને શરમભરેલું જીવન ગાળવા માટે અર્પણ કરવાની બીભત્સ અને અનૈતિક પ્રથાને કાયમ રાખવામાં ચેટ્ટીનાડના ધનિક લોકોનો મોટો હિસ્સો છે. તે કહે છે કે તમારે ત્યાં ઘણી દેવદાસીઓ છે. આ વાત સાચી હોય તો ખરેખર એ નીચું જોવા જેવી બાબત છે. અધોગતિ, દુર્ગુણ તથા દુરાચાર સાથે ધનસંચયને સમાનાર્થક ન બનવા દેશો. અને આ બધા દુર્ગુણો છતાં, જેને તમે દેવોના નિવાસ માટેનાં મંદિર માનીને ફુલાઓ છો તે મંદિરો પાછળ તમે છૂટા હાથે પૈસા ખરચો છો એ દુઃખદ વિડંબના નથી? મંદિર કહેવાતી ઈંટચૂનાની દરેક ઇમારત મંદિર જ હોય એવું નથી. મને કહેતાં દુઃખ થાય છે કે આપણા દેશમાં એવાં ઘણાં મંદિરો છે જે વેશ્યાગૃહો કરતાં જરાયે સારાં નથી. તમે જાણો છો કે આપણા ધર્મમાં, કોઈ પણ સ્થાનને જ્યાં સુધી વિધિપૂર્વક શુદ્ધ કરવામાં નથી આવતું અને એને ઈશ્વરનો વાસ બનાવવા માટે કોઈ પવિત્ર પુરુષો દ્વારા એમાં મૂર્તિની પ્રાણ-પ્રતિષ્ઠા કરવામાં નથી આવતી ત્યાં સુધી એને મંદિર કહેવામાં આવતું નથી. તેથી હું તમને તમારી જાત પર નિયંત્રણ મૂકવા અને મંદિરો બાંધવા પાછળ છૂટે હાથે પૈસા ન ખર્ચવા આગ્રહ કરું છું. સૌથી પહેલાં તમે તમારા શરીરને ઈશ્વરની સેવામાં અર્પણ કરો અને તે માટે



Gandhi Heritage Portal

પહેલાં જે દૂષણો તરફ મેં તમારું ધ્યાન ખેંચ્યું છે તે દૂર કરીને પવિત્ર થાઓ. પણ તમને એ વાત કહેતાં મને આનંદ થાય છે કે આજે જ મને એક આનંદદાયક પત્ર મળ્યો છે જેમાં લેખક કબૂલ કરે છે કે હમણાં મેં કહી તેમાંની મોટા ભાગની બૂરાઈઓ તમારામાં છે પણ તેની સાથે તે કહે છે કે તમારામાં કેટલાય એવા ઉચ્ચ ચારિત્ર્યવાળા ચેટ્ટીઓ છે જેમની પાસે સુવર્ણ-ધન જ નહીં, ચારિત્ર્ય-ધન પણ છે. આ પત્રલેખક કહે છે કે તમારામાં કેટલાય બ્રહ્મચારીઓ છે જેઓ ચૂપચાપ ધાર્મિક જીવન ગાળી રહ્યા છે. વળી, તે આશા અને ગર્વ સાથે કહે છે કે કેટલાયે નવયુવકો ભારે મુશ્કેલીઓ સામે સુધારાની ચળવળ ચલાવી રહ્યા છે. હું એ નવયુવકોને ખાતરી આપું છું કે, જોકે સુધારાના માર્ગમાં ફૂલ બિછાવેલાં નથી, અસંખ્ય કાંટા જ વેરેલા છે, છતાં જો તેઓ પ્રાર્થનામય અને શુદ્ધ દિલથી આ કામમાં મંડયા રહેશે તો તેમને સફળતા મળ્યા વગર રહેશે નહીં. હું સમજું છું કે તેઓ તમારી સમક્ષ પડેલા એક મુશ્કેલ પ્રશ્નનું ધીરે ધીરે નિરાકરણ કરવાનો પ્રયત્ન કરી રહ્યા છે. મને જાણવા મળ્યું છે કે તમારામાં એક એવી કઠોર પ્રથા પડી ગઈ છે કે બ્રહ્મદેશ, સિંગાપુર કે સિલોન જનાર કોઈ ચેટ્ટી પોતાની પત્નીને સાથે લઈ જતો નથી. તમારી સ્ત્રીઓ સામેના આ અનિષ્ટ નિષેધને હું બેવડી ખામી અને મોટું પાપ માનું છું. તમે જ્યારે તમારા ઘરથી દૂર હો છો ત્યારે તમે ટાળી શકાય એવાં પ્રલોભનોનો શિકાર બની જાઓ છો અને તમારી સહધર્મચારિણી અનેક વર્ષો સુધી તમારી સોબતના લાભથી વંચિત થઈ જાય છે. એટલું જ નહીં, પણ તમારી સાથે દૂર દેશનો પ્રવાસ કરીને પોતાની દૃષ્ટિ વિશાળ કરવાની તક પણ ખોઈ બેસે છે. તેથી હું આ નવયુવકોને તેમની નિ:સ્વાર્થ લડતમાં જલદી ફતેહ મળે એમ ઇચ્છું છું અને જે વડીલોને મારો અવાજ પહોંચે તેમને આગ્રહ કરું છું કે આ આવશ્યક સુધારો કરવાના તેમના પ્રયત્નમાં તમે મદદ કરજો.

અને હવે સભામાં શાંતિ પ્રવર્તે છે અને ચેટ્ટીનાડમાં મારી આ કદાચ છેલ્લી સભા છે, એટલે મારી સામે બેઠેલી બહેનોને હું બે શબ્દો કહેવા ઇચ્છું છું. તમને આટલી બધી બહેનોને સભામાં બેઠેલી જોઈને મને આનંદ થાય છે. મને ડર છે કે તમને કદાચ ખબર નહીં હોય કે આ ખાદીનો સંદેશો મુખ્યત્વે કરીને હજારો ગામડાંમાં ભૂખે મરતી તમારી બહેનોની સ્થિતિ સુધારવા અર્થે છે. પુરુષોના અને સ્ત્રીઓના બંનેના જીવનમાં ભારે મહત્ત્વ ધરાવતી અનેક વસ્તુઓ વિશે તમને, હિંદુસ્તાનની સ્ત્રીઓને, અંધારામાં રાખવા માટે હિંદના પુરુષોને કેટલી કિંમત ચૂકવવી પડશે તેની મને ખબર નથી. પણ ઈશ્વરની કૃપા છે કે રેંટિયાનો પુનરુદ્ધાર કરવાની ચળવળ શરૂ થઈ ત્યારથી હજારો સ્ત્રીઓ તેમનાં ઘરોમાંથી બહાર આવીને રેંટિયાનું સંગીત સાંભળવા લાગી છે. અને તમે ચેટ્ટીનાડની બહેનોએ તમારાં ઘર કે મહેલોના ઉંબરા બહારની વસ્તુઓનો વિચાર કરવો શરૂ કર્યો છે એ હું જાણીશ ત્યારે મને આનંદ થશે. હું ઇચ્છું છું કે તમે તમારી લાખો બહેનોની ઊંડી અને કષ્ટદાયક ગરીબાઈ સમજો અને તમારા પુરુષોથી અલગ તમારા રૂપિયા, તમારાં ઘરેણાં આ બહેનો માટે આપો. મને કહેતાં આનંદ થાય છે કે આ સંદેશને સંબંધ છે ત્યાં સુધી હિંદની સ્ત્રીઓએ સ્વયંસ્ફૂર્તિથી જવાબ વાળ્યો છે અને રાજીખુશીથી પોતાના પૈસા અને ઘરેણાં આપ્યાં છે અને કેટલીક બહેનોએ તો છૂટે હાથે આપ્યાં છે. પણ તમારા પૈસા કે તમારાં ઘરેણાં મને આપો એટલું પૂરતું નથી. જો તમારે તમારી અને તમારી ભૂખે મરતી બહેનો વચ્ચે જીવંત સંબંધ સ્થાપવો હોય તો વિદેશી બારીક કાપડનો ત્યાગ કરીને તમે હમેશાં ખાદી પહેરો એ તદ્દન આવશ્યક છે. કારણ કે જો તમે એ બહેનોના પરિશ્રમથી તૈયાર થયેલી ખાદી નહીં પહેરો તો ખાદી માટે જે કંઈ પૈસા આપો તે નિરર્થક પ્રયાસ છે.

Gandhi Heritage Portal

સદ્‌ગુણી સ્ત્રીનું સૌન્દર્ય તેના રૂપાળા પોશાકમાં નહીં પણ તેના શુદ્ધ હૃદયમાં અને પવિત્ર જીવનમાં હોય છે. સારાયે હિંદમાં લાખો પુરુષો ને સ્ત્રીઓ પ્રભાતના પહોરમાં સીતાનું કલ્યાણકારી અને અમર નામ રટે છે જેથી તે આખો દિવસ તેમની આસપાસ રહીને પોતાની રક્ષણાત્મક શક્તિથી તેમનું રક્ષણ કરે. સીતામાતાનું નામ લોકો રટે છે તેનું કારણ એ નથી કે તેઓ બહુ-મૂલ્ય રત્નો પહેરતાં હતાં, પણ તેનું કારણ એ છે કે તેમનું હૃદય શુદ્ધ સોનાનું ને વધારે શુદ્ધ હીરાનું હતું. રામ વનમાં ગયા ત્યારે સીતા મહેલમાં નહોતાં રહ્યાં, પણ તેમણે વનવાસનાં એ અનેક મહત્ત્વભરી ઘટનાઓનાં વરસો દરમ્યાન રામની સાથે રહેવાનો આગ્રહ રાખ્યો હતો. સીતાએ નિષાદરાજને, અજ્ઞાનથી આજે જેને આપણે અસ્પૃશ્ય ગણીએ છીએ તેમ, અસ્પૃશ્ય નહોતા ગણ્યા પણ તેમને અપનાવ્યા હતા અને નિષાદરાજે અપલી સેવાઓનો કૃતજ્ઞતાપૂર્વક સ્વીકાર કર્યો હતો.

હું ઇચ્છું છું કે તમે સીતાના ગુણો, સીતાની નમ્રતા, સીતાની સાદાઈ અને સીતાની વીરતા શીખો. તમારે સમજવું જોઈએ કે સીતાને પોતાના શીલના રક્ષણ માટે પોતાના સ્વામી અને પ્રભુ રામની સહાયતાની જરૂર નહોતી પડી. સીતા અને રામનો ઇતિહાસ લખનાર આપણને કહે છે કે સીતાની પવિત્રતા જ તેમની એકમાત્ર ઢાલ અને રક્ષક હતી. અને જો તમે તમારા હૃદયમાં રહેલી શક્તિને ઓળખો તો તમે તમારી પવિત્રતા, પ્રેમ અને ત્યાગની ભાવનાથી તમારા પુરુષોના અહંકારી સ્વભાવ પર કાબૂ મેળવી શકો અને તેમને શરમાવીને દુરાચાર અને વ્યભિચાર-માંથી છોડાવી શકો. હું ઇચ્છું છું કે તમારા પતિ જ્યાં જાય ત્યાં તેમની સાથે જવાનો આગ્રહ રાખવાની તમે હિંમત કેળવો. ઈશ્વર તમને એ બળ અને શુભેચ્છા આપો.

હવે મેં મારી વાત લગભગ પૂરી કરી છે. અને બધી સભાઓમાં સામાન્ય રીતે થાય છે તેમ અહીં પણ રિવાજ પ્રમાણે, જે લોકોએ થેલીમાં કંઈ નથી આપ્યું તેમને કહીશ કે જો તેઓ ખાદીમાં માનતા હોય અને આપવા ઇચ્છતા હોય તો ફાળો આપે. અહીં બેઠેલાં ભાઈ-બહેનોને પણ હું આગ્રહ કરીશ કે તેઓ ઇચ્છતાં હોય તો આપી શકે તેટલું આપે, અને જેમણે ખરેખર પૂરતો ફાળો નથી આપ્યો એવા કોઈ હોય તો તેમને હું કહીશ કે જો તેઓ મેં આપેલા આંકડામાં અને ખાદીના મહત્ત્વમાં માનતા હોય તો કૃપણ ન થતાં ઉદારતાથી આપે.

[ત્યાર પછી] મહાત્માજીને ભેટ આપવામાં આવેલાં ઘરેણાં, ચાંદીના પ્યાલા અને વીંટીઓની હરાજી શરૂ થઈ . . . જે બારીક મસલીન દેવકોટામાં ગાંધીજીને ભેટ આપવામાં આવી હતી તે શ્રી ષણ્મુખમ ચેટ્ટિયારે, મહાત્માજીએ નક્કી કરેલી ૧,૦૦૦ રૂપિયાની ભારે કિંમતે ખરીદવાની ઇચ્છા જાહેર કરી . . . મહાત્માજીને બીજી વાર ભેટ આપવામાં આવેલી એક નાની અંગૂઠી જેની કિંમત ૧૦ રૂપિયા પણ નહોતી તેના ૧૩૫ રૂપિયા ઊપજ્યા.

લોકોએ હરાજીમાં જે ઉત્સાહ બતાવ્યો અને મહાત્માજી પ્રત્યે જે અપાર પ્રેમ પ્રગટ કર્યો તેણે મહાત્માજીનું દિલ પિગળાવી દીધું અને તેઓ સામાન્ય નિયમથી વિરુદ્ધ જઈને હરાજી પછી પણ થોડું બોલ્યા. તેમણે કહ્યું :

આ દૃશ્ય હું કદી નહીં ભૂલું. એ મારા જીવનની સુખદમાં સુખદ સ્મૃતિ તરીકે રહેશે. મને મારા બાહ્ય જીવનમાં ઘણા સુખદ અને દુઃખદ અનુભવો થયા છે અને આજની સ્મૃતિ બહુ થોડી આનંદદાયક સ્મૃતિઓમાંની એક બની રહેશે. ખાસ કરીને એટલા માટે કે જ્યારથી મેં ચેટ્ટીનાડમાં પગ મૂક્યો છે ત્યારથી હું તમને ઘણી કડવી વાતો કહેતો રહ્યો છું. મારા શબ્દો

Gandhi Heritage Portal

અને ઉદ્દેશ વિશે તમારા મનમાં સહેજે ગેરસમજ થાય તેમ હતું. પણ મેં જોયું છે કે હું જેટલા વધુ કઠોર શબ્દો બોલ્યો છું તેટલો જ વધુ પ્રેમ તમે મારા પર વરસાવ્યો છે. તમે મને સગા-ભાઈની જેમ આવકાર્યો છે અને મારા શબ્દો મેં જે ભાવથી કહ્યા તે જ ભાવથી તમે ગ્રહણ કર્યા છે. એ જ ખરેખર મારો આનંદ છે. પણ હું ઇચ્છું છું કે મેં જે શબ્દો તમને કહ્યા છે તે તમે ભૂલશો નહીં, એકેએક શબ્દ તમારા હૃદયમાં ઉતારજો અને જો હું સાંભળીશ કે મારા શબ્દો તમારા અંતરમાં રહીને ફળદાયી બન્યા છે તો મને તમે લાખો રૂપિયા આપો તેના કરતાં અધિક આનંદ થશે. તમારા પોતાના ધનથી હું તમારી જ સેવા કરવા ઇચ્છું છું. એ સિવાય તમારા ધનનો મારે કશો ઉપયોગ નથી, અને એ વિચિત્ર હોવા છતાં સાચી વાત છે કે, જો તમે મને તમારું દિલ નહીં આપો તો તમારા પોતાના પૈસાથી પણ હું તમારી સેવા નહીં કરી શકું. તેથી તમે મને આપેલા પૈસા પૂરતા લાભદાયક બને એટલા માટે હું તમને મેં કહેલી બધી વસ્તુનો અમલ કરવા વિનંતી કરું છું. તમે જાણો છો કે તમે એમ કરશો તો તમને લાભ થશે, મને લાભ થશે અને આખા હિંદુસ્તાનને લાભ થશે. ઈશ્વર તમારું કલ્યાણ કરો અને તમને મારો સંદેશો સમજવાનું અને તેનો અમલ કરવાનું બળ આપો.

[મૂળ અંગ્રેજી]

हिन्दु, २७-९-१९२७

## २८. न्यू इन्डियाने संदेशो[1]

કરાઈકુડી,

સપ્ટેમ્બર ૨૬, ૧૯૨૭

ડૉ. એની બેસંટને તેમના જન્મદિને દીર્ઘાયુષ્ય ઇચ્છવાની સાથે હું કહી શકું છું કે ૧૮૮૯-૯૦માં[2] હું પહેલવહેલો તેમનો ઋણી બન્યો હતો. ત્યાર પછીથી એ ઋણ અનેકગણું વધી ગયું છે. એ ઋણ અદા કરવા માટે બળ આપવાની મારી અરજ હજી નિર્દય ઈશ્વરે સાંભળી નથી.

[મૂળ અંગ્રેજી]

हिन्दु, २९-९-१९२७

૧. ડા એની બેસંટના જન્મદિનને પ્રસંગે.

૨. ગાંધીજીને શ્રીમતી બેસંટનો પહેલો પરિચય તેમનું પુસ્તક हाउ आई बिकेम ए थियोसॉफिस्ट વાંચીને થયો હતો. જુઓ आत्मकथा ભાગ ૧, પ્ર૦ ૨૦.

Gandhi Heritage Portal

## ૨૯. સતીશચંદ્ર દાસગુપ્તાને પત્ર

સપ્ટેમ્બર ૨૬, ૧૯૨૭

પ્રિય સતીશબાબુ,

તમારો પત્ર મળ્યો. એક સ્થાનિક કુશળ કાંતનાર[1] માટે પ્રતિષ્ઠાન પ્રવાસ-ચક્ર વિશે મહાદેવે તમને લખ્યું હશે. તે બહુ ઝીણું કાંતે છે. તેમણે પોતાના બારીક સૂતરની મસલીનનો એક ટુકડો મને ભેટ આપ્યો હતો. એ મસલીન લગભગ જોગેશબાબુના કાપડ જેવી જ છે. મેં એ મસલીન એક સ્થાનિક ચેટ્ટીને ૧,૦૦૦/- રૂપિયામાં વેચી. આ કુશળ કાંતનાર માટે રેંટિયો મોકલશો. રેલવે નૂર અગાઉથી ભરીને મોકલશો અને કુલ કિંમત મારી સૂચનાના ઉલ્લેખ સાથે અખિલ હિંદ ચરખા સંઘને ખાતે ઉધારશો.

તમારો સુધારેલો રેંટિયો મળશે કે તરત તે વાપરીને મારો અભિપ્રાય લખીશ. અભય આશ્રમની બાબતમાં હું દિલગીર છું. તેમણે મને કંઈ લખ્યું નથી.

હું જોઉં છું કે નિખિલ હજી પીડામાંથી છૂટયો નથી. મને પૂરી આશા છે કે તે સારો થઈ જશે.

મીઠુબહેનની ઢબે તમારો માલ તૈયાર કરીને, તેના પર ભરત વગેરે ભરાવીને વેચવો ઠીક છે કે કેમ, એનો તમે વિચાર કર્યો છે? ખાદી પર ભરત વગેરે કરવાની પોતાની કળાથી મીઠુ-બહેને સારું બજાર ઊભું કર્યું છે. મને આશા છે કે હું સિલોનમાં અને કદાચ ત્રાવણકોરમાં પણ સારું વેચાણ કરી શકીશ. ગમે ત્યાં વેચાઈ શકે એવો માલ તમારે ત્યાં હોય તો એક પેટી અખતરા તરીકે મોકલશો.

સસ્નેહ,

તમારો

બાપુ

[તા. ક.]

તમે માસિક ૨૦ રૂપિયામાં ગુજારો કરો છો. તમે તબિયત સારી રાખો તો એમાં મને વાંધો નથી.

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : જી. એન. ૧૫૭૭

૧. ચોક્કલિંગમ ચેટ્ટિયાર, જુઓ "દેવકોટ્ટામાં માનપત્રોના જવાબમાં ભાષણ", ૨૪-૯-૧૯૨૭.

Gandhi Heritage Portal

## ૩૦. હેમપ્રભાદેવી દાસગુપ્તાને પત્ર

કરાઈકુડી,
આસો સુદ ૧ [સપ્ટેમ્બર ૨૬, ૧૯૨૭][1]

પ્રિય બહેન,

તમારો પત્ર મળ્યો. અનિલના વિયોગનું દુ:ખ ક્યાં સુધી રહેવાનું છે? તેના ગુણો યાદ કરીને દુ:ખી થવાથી તેના આત્માને કે આપણને શો લાભ થવાનો છે? અનિલનો આત્મા તો અમર છે એમ કેમ ન માનીએ? આપણો સંબંધ તો એ આત્મા સાથે જ હતો, દેહ સાથે નહોતો. દેહ સાથે હોત તો આપણે એ મૃત દેહમાં મસાલો ભરીને વર્ષો સુધી રાખી શકત. પરંતુ આપણે તો આત્મા નીકળી ગયા પછી દેહને અગ્નિસંસ્કાર કર્યો — આટલું સમજવા માટે, અનુભવ કરવા માટે નથી આપણે કોઈ યોગીની જરૂર કે નથી બીજા કોઈની. હા, આપણને ઈશ્વર પર શ્રદ્ધા હોવી જોઈએ અને આત્માની અમરતા વિશે પણ શ્રદ્ધા હોવી જોઈએ. હવે અનિલના દેહને ભૂલી જાઓ અને તેના ગુણોનું અનુકરણ કરવાનો પ્રયત્ન કરો.

નિખિલ પણ ભવ્ય બાળક લાગે છે. તેને બહુ શારીરિક શ્રમ કરવા દેશો નહીં.

ઈશ્વર તમને જ્ઞાન અને શાંતિ આપે.

બાપુના આશીર્વાદ

[મૂળ હિંદી]
પત્રની છબી પરથી : ૧૬૫૦

## ૩૧. આશ્રમની બહેનોને પત્ર

આસો સુદ ૧, '૮૩, સપ્ટેમ્બર ૨૬, ૧૯૨૭[2]

બહેનો,

આજનો કાગળ તમને લૂખો નહીં લાગે. મારા મનમાં રમી રહેલી વાતો હું નહોતો લખી શકતો ને ડહાપણની વાતો લખ્યા કરતો હતો. જેવા મારા કાગળ તેવા તમારા, ડાહ્યા ને મુત્સદ્દીને શોભે એવા, પણ આપણને પ્રાકૃત સ્ત્રીપુરુષોને ન શોભે એવા તે જવાબો હતા. એ જવાબો નહીં પણ સરકારની પહોંચો જેવી પહોંચો હતી.

આજે તો હું તમને ત્યાં ચાલતા વિખવાદ વિશે લખવા માગું છું. એકબીજાનો તમારામાં વિશ્વાસ નથી રહ્યો, એકબીજા પ્રત્યે માન નથી રહ્યું ને ઝીણીઝીણી ખટપટો ચાલ્યા કરે છે. આ આપણે બંને જાણીએ છીએ. છતાં તેને વિશે લખવા કોઈની હિંમત નહોતી ચાલતી. મને

૧. આ તારીખે ગાંધીજી કરાઈકુડીમાં હતા.
૨. રાહતકાર્ય અને આશ્રમની બહેનોમાં થયેલા વિખવાદના ઉલ્લેખ પરથી વર્ષ નક્કી કરવામાં આવ્યું છે.

Gandhi Heritage Portal

લાગ્યું કે આ ભરનીંગળને મારે ફોડવું જ જોઈએ. તમારામાં કેમ વિખવાદ ચાલે છે? દ્વેષભાવ ક્યાં વરતે છે? વાંક કોનો છે? આ બધું તમે તપાસજો.

ધર્મ તો એમ કહે છે કે મનુષ્ય જ્યાં લગી પોતાના મેલને સંઘરે છે ત્યાં લગી તે અપવિત્ર છે, ઈશ્વરની પાસે ઊભવા લાયક નથી. માટે તમારું પહેલું કામ તો એ છે કે જેનામાં મેલ હોય તે પ્રગટ કરીને ધોઈ નાખે. આ કાગળનું કારણ મણિબહેન (પટેલ)નું અનાયાસે લખાયેલું પત્તું છે. તેને ભાગે સંકટનિવારણનું કામ આવ્યું એટલે તે ભાગી છૂટી. પણ તેણે એક પત્તામાં પોતાનો બધો બળાપો ઠાલવી દીધો. આશ્રમમાં ચાલતો કુસંપ તે સાંખી ન શકી. જોજો, ચેતજો ને આશ્રમને શોભાવજો.

આ કાગળ ઉપરથી જે બહેનને નોખો કાગળ લખવાની ઇચ્છા થઈ આવે તે લખે.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી : જી. એન. ૩૬૬૮ તથા બાપુના પત્રો – ૧ : આશ્રમની બહેનોને, પા. ૩૯–૪૦.

# ૩૨. સિરુવાયલમાં ભાષણ

સપ્ટેમ્બર ૨૭, ૧૯૨૭

મિત્રો,

હું તાડપત્ર પર લખેલા આ માનપત્ર બદલ, સુંદર સૂતર બદલ તથા થેલી બદલ તમારો આભાર માનું છું. તાડપત્ર પર લખેલું માનપત્ર આપવાની આ પ્રથા ઘણી ઉત્તમ છે એ કહેવાની ભાગ્યે જ જરૂર હોય. મારી પાસે લાંબા ભાષણની આશા ન રાખશો, પણ હું તમારી પાસે આશા રાખું છું કે ચેટ્ટીનાડમાં હું જે ભાષણો આપતો રહ્યો છું તે તમે વાંચશો. આ આશ્રમ માટે હું તમને જરૂર અભિનંદન આપવા ઇચ્છું છું. હું જાણું છું કે આશ્રમના કાર્યકર્તાઓ પવિત્ર, નિ:સ્વાર્થી અને આત્મભોગ આપનારા હશે તો એવો આશ્રમ અનેક રીતે સુખ-સમૃદ્ધિમાં વૃદ્ધિ કરનાર નીવડશે. તેથી હું તમને કહું છું કે આશ્રમની પ્રવૃત્તિમાં રસ લેજો અને જો એ પ્રવૃત્તિ તમને ગમતી હોય તો આશ્રમને દરેક રીતે મદદ કરજો. હું સમજું છું કે આશ્રમનું એક ગુરુકુળ છે જ્યાં છોકરાઓને તાલીમ મળે છે. આશ્રમ અસ્પૃશ્ય છોકરાઓ માટે એક શાળા પણ ચલાવે છે અને આજુબાજુનાં ગામોમાં સફાઈ કરે છે તથા છોકરાઓને કાંતતાં શીખવે છે. આ બધી પ્રવૃત્તિ ઘણી સારી છે. અને અસ્પૃશ્યોમાં કરવામાં આવતાં કામને હું સૌથી અગત્યનું ગણું છું. કોઈ પણ વ્યક્તિનો જન્મ અમુક પરિસ્થિતિમાં થયો તેટલા માટે, તેને અસ્પૃશ્ય ગણવી એ ખોટું છે ને પાપ છે. અસ્પૃશ્ય બાળકોને શિક્ષણની અને બીજી દરેક સગવડ મેળવવાનો બીજાં બાળકો જેટલો જ અધિકાર છે. તેથી હું ઇચ્છું છું કે આ અસ્પૃશ્યતાનિવારણના કામમાં બનતી બધી મદદ કરો. હવે મારી સામે જે છોકરાઓને હું જોઉં છું તે બધા ખાસ તંદુરસ્ત જણાતા નથી. તેમને સારું, ચોખ્ખું દૂધ મળવું જોઈએ, તેમણે ખુલ્લી હવામાં વ્યાયામ કરવો જોઈએ તથા વખતોવખત તેમનું વજન કરવું જોઈએ. હું જોઉં છું કે તેમના વાળ વધેલા

Gandhi Heritage Portal

છે એ બરાબર નથી. અંગત રીતે તો મને ખાતરી થયેલી છે કે આપણાં છોકરાઓનાં માથાં મૂંડાવવાં જોઈએ. બ્રહ્મચારીઓએ વાળ વધારવાના ન હોય. હું જોઉં છું કે છોકરાઓએ ખાદી પહેરી છે. એ બહુ સારું છે. પણ છોકરાઓની સંભાળ રાખનારાઓએ તેમની દરેક બાબતનો ખ્યાલ રાખવો જોઈએ. શિક્ષકો, છોકરાઓનાં માબાપને સ્થાને છે તેથી તેઓ છોકરાઓના સ્વાસ્થ્ય માટે, તેમના ચારિત્ર્ય અને માનસિક વિકાસ માટે જવાબદાર છે. મારી સામે કેટલીક છોકરીઓ બેઠેલી જણાય છે, જેમણે ઘણાં વધારે પડતાં ને અજુગતાં ઘરેણાં પહેરેલાં છે. આ કાનનાં ભારે લટકણિયાં ભૂંડાં દેખાય છે એટલું જ નહીં, તે ચહેરાના બધા ભાગોના યોગ્ય વિકાસમાં બાધારૂપ થાય છે. હું ઇચ્છું છું કે તમે માતાઓ આ બેડોળ અને વધારે પડતાં ઘરેણાં કાઢી નાખશો. યાદ રાખો કે તમારું સૌન્દર્ય પણ તમારાં ઘરેણાં કે વસ્ત્રોમાં નહીં પણ તમારા ચારિત્ર્યમાં રહેલું છે. આ કદરૂપાં અને કીમતી ઘરેણાં ખરું જોતાં તમારે કશા ઉપયોગનાં નથી. એ ઘરેણાં કાં તો ગળાવી નાખો અથવા વેચીને પૈસાનો બચાવ કરો અથવા તો દરિદ્રનારાયણને ખાતર મારા જેવા કોઈને આપો. તમે ખાદી પણ પહેરતાં નથી. તમારે બધાંએ સીતાની જેમ શુદ્ધ હૃદયવાળાં બનવું જોઈએ અને સાદી ખાદી અને સાદાં ઘરેણાં પહેરવાં જોઈએ.

[મૂળ અંગ્રેજી]

हिन्दु, ૨૯–૯–૧૯૨૭

## ૩૩. પાગાનેરીની જાહેર સભામાં ભાષણ

સપ્ટેમ્બર ૨૭, ૧૯૨૭

આ સભામાં લગભગ પુરુષોના જેટલી જ સંખ્યામાં આટલી બધી સ્ત્રીઓને આવેલી જોઈને મને અત્યંત આનંદ થાય છે. કરાઈકુડીની બહેનોની સભામાં અથવા બીજી જગ્યાએ મેં બહેનોને કહ્યું છે તેમ જે ચળવળને માટે તમે આ થેલીઓ આપી છે તે મૂળમાં હિંદની સ્ત્રીઓની સ્વતંત્રતાની ચળવળ છે. આઝાદીની લડતમાં તમારી પુત્રીઓ તમારા પુત્રોની જોડાજોડ ખડી ન થાય ત્યાં સુધી પૂરેપૂરું સ્વરાજ મળવું અશક્ય છે. અને હિંદની કરોડો પુત્રીઓને પોતાની શક્તિનું ચોક્કસ ભાન ન થાય ત્યાં સુધી તેમને માટે પુરુષો સાથે બરોબરીને નાતે સહયોગ કરવાનું શક્ય નથી. હિંદનાં કરોડો ઝૂંપડાંમાં રેંટિયાને તેના બધા ફલિતાર્થો સાથે તેના ગૌરવપૂર્ણ સ્થાને ફરીથી સ્થાપવામાં આવતાંની સાથે સ્ત્રીઓને હિંદના પુનરુદ્ધારમાં પોતાની શક્તિ અને પોતાના સ્થાનનું ભાન થશે. કારણ એ પછી તે પુરુષોને કહી શકશે કે 'તમે તમારા ખોરાક અને કપડાંને માટે તમારા પોતાના પર જેટલો આધાર રાખો છો તેટલો જ અમારા પર રાખો છો.' તે કહેશે, 'અમે અનાજ સાફ કરીએ છીએ અને તમારે માટે રસોઈ કરીએ છીએ, અમે સૂતર કાંતીએ છીએ જેમાંથી ખાદી તૈયાર થાય છે.' પછી નારીને તેનું ગૌરવ પ્રાપ્ત થશે જે તેનો જન્મસિદ્ધ હક છે, જે આપણે પુરુષોએ, સ્ત્રીજાતિને દગો દેનારાઓએ, છીનવી લીધો છે. કારણ કે આપણે આપણી મૂર્ખાઈમાં ને અજ્ઞાનમાં દરેક ઝૂંપડામાંથી રેંટિયાને દૂર કર્યો અને પશ્ચિમમાંથી આવતા બારીક અને સુંદર કાપડના મોહમાં પડયા. આપણને લલચાવનાર સોનામહોરો અને રૂપિયાના લોભમાં ફસાયા અને જાણ્યેઅજાણ્યે આપણે પુરુષોએ આપણી દીકરીઓ, બહેનો અને આપણી પત્નીઓને તદ્દન અજ્ઞાત રાખવાનું કાવતરું કર્યું. અને કેળવણી જે તેમના હકની વસ્તુ હતી તે

Gandhi Heritage Portal

તેમને ન આપી. આપણા અજ્ઞાનમાં આપણે આપણી દીકરીઓને જ્યારે તેઓ ખોળામાં બેસીને આપણી સાથે માત્ર ભાઈબહેન તરીકે રમી શકે તે ઉંમરે પરણાવી દીધી. મારી સામે બેઠેલી બહેનો, તમે હમેશના ચાલતા આવેલા રિવાજથી માની લીધું કે તમારી દીકરીઓને નાની ઉંમરે પરણાવી દઈને તેમનું કહેવાતું લગ્ન કરીને તેમને ઘોર અંધારામાં રાખવી એ તદ્દન સ્વાભાવિક છે. રેંટિયાનો સંદેશો આ ઘોર અન્યાય દૂર કરવા માટે છે. રેંટિયો સ્ત્રીને, તે જેનો અધિકારનો છે એવો મોભો આપે છે અને પુરુષો અને સ્ત્રીઓની બંનેની વિવેકબુદ્ધિ જાગ્રત કરે છે અને પુરુષોને હિંદની સ્ત્રીઓ પ્રત્યેની ફરજ સમજવાની શક્તિ આપે છે. મારા શબ્દો જો મારી આસપાસ બેઠેલાં ભાઈબહેનોના હૃદયમાં ઊતર્યા હોય તો તમે તરત સમજી જશો કે હું તમારી થેલીઓને જે ઉદ્દેશ માટે તે આપવામાં આવી છે તે ઉદ્દેશ માટે પૂરતી કેમ નથી માનતો. હું ઇચ્છું છું કે તમારા મનમાંથી તમે, આકાશમાંથી તમારા ઉપર શાપરૂપે ઊતરેલા મહાત્મા તરીકે બિલકુલ કાઢી નાખો. પણ હું ઇચ્છું છું કે તમે આટલી હકીકત તેના પૂરા અર્થમાં સમજી લો કે હું દરિદ્રનારાયણના સ્વનિયુક્ત નમ્ર સેવક અને પ્રતિનિધિ તરીકે તમારી સમક્ષ આવ્યો છું. તમે સમજી લો કે તમે મને જે કંઈ આપ્યું છે તે મારું મિથ્યાભિમાન કે મારી મહાત્ત્વાકાંક્ષા સંતોષવા માટે નથી આપ્યું પણ જે રોજ વેળાકવેળાએ તમારાં બારણાં ખખડાવે છે તે દરિદ્રનારાયણનું તન ઢાંકવા અને તેનું પેટ પૂરવા માટે આપ્યું છે. જે ભૂખે મરતા કરોડો લોકોના શોષણ પર અને શ્રમ પર તમે અને હું જીવીએ છીએ તેમના પ્રત્યેની તમારી ફરજની ભાવનાને જાગ્રત કરવા માટે હું તમારી પાસે આવ્યો છું. તમે પુરુષો ને સ્ત્રીઓ બંને, કેવળ ખાદી નહીં પહેરો ત્યાં સુધી તમારા પૈસા, તમારું ઝવેરાત, તમારી અંગૂઠીઓ ને તમારા હાર કશા કામના નથી, રેંટિયા માટે થેલીઓ એકઠી કરવાનું કામ તો ફક્ત ટૂંકો અને વચગાળાનો વિરામ છે. જ્યારે હિંદુસ્તાનમાં દરેક પુરુષ ને સ્ત્રી, જેમ હિંદનાં ખેતરોમાં ઊગેલા અનાજનો ઉપયોગ કરે છે તેમ ખાદીનો ઉપયોગ કરવા માંડશે ત્યારે, જેમ હિંદુસ્તાનમાં ચોખા અને ઘઉં પકાવવા માટેના પ્રચારકાર્ય માટે ફાળો કરવાની જરૂર રહેતી નથી તેમ, આવો ફાળો કરવાની જરૂર રહેવાની નથી. અને ખાદી અપનાવીને આ વચગાળાનો વિરામ તમે ઇચ્છો એટલો ટૂંકો કરવાનું આજે તમારા દરેકના હાથમાં છે. અને આપણા વાતાવરણને રેંટિયાની ભાવનાથી તરબોળ કરવા માટે અહીં બેઠેલી બધી બહેનો રેંટિયો અપનાવે એ જરૂરી છે. અને જો તમે રેંટિયો અપનાવશો તો તે તમારી પવિત્રતા અને તમારી સ્વતંત્રતાનું પ્રતીક બની શકશે. વળી પુરુષો પણ યજ્ઞ તરીકે કાંતવા માંડે એ એટલું જ જરૂરી છે. જ્યાં સુધી પુરુષોમાંથી કુશળ કાંતનારાઓની એક ફોજ ખડી ન થાય ત્યાં સુધી હું ખાદીને સસ્તી કે લોકપ્રિય નહીં બનાવી શકું. માત્ર તેઓ જ ગામડાંમાં જઈને જરૂરી સૂચનાઓ આપીને તથા કામ વ્યવસ્થિત રીતે ગોઠવીને રેંટિયાનો પુનરુદ્ધાર કરી શકે.

અને હવે જે સમાજસુધારાની વાત મેં તામિલનાડુમાં બીજી જગ્યાએ કહી છે તે જ વાત ફરીથી અહીં કહીશ. એ સુધારા આપણે હાથે પાર પાડવાની રાહ જોવાઈ રહી છે. પુરુષોનું જીવન પવિત્ર બનવું જોઈએ. જેમ પોતાના પતિ પ્રત્યે નિષ્ઠા રાખવાની પત્નીની ફરજ છે તેમ પોતાની પત્ની પ્રત્યે નિષ્ઠા રાખવાની પતિની પણ પવિત્ર ફરજ છે. કહેવાતાં શાસ્ત્રોમાંથી ભલે ગમે તે પ્રમાણ આપવામાં આવે, પણ પુરુષ માટે એકથી વધુ પત્ની કરવી એ ખોટું છે, કન્યાવિક્રય કરવો એ ખરાબ વસ્તુ છે. ઘરમાં બાળવિધવા હોય એ પાપ છે. કુમળી વયની બાલિકાનું લગ્ન કરી દેવું અથવા એવા લગ્નના કરાર કે વિધિને રદબાતલ ન ગણવા એ પણ એટલું જ

Gandhi Heritage Portal

પાપભર્યું છે. આપણાં છોકરાછોકરીઓને યોગ્ય શિક્ષણ ન આપવું એ પણ ખોટું છે અને કોઈ પણ માણસને, તે અમુક સમુદાય કે અમુક કુટુંબમાં જન્મ્યો છે તેથી અસ્પૃશ્ય ગણવો એ ઘોર પાપ છે. જો આપણામાં સાચી જાગૃતિ આવી હોત તો આપણે આ બધાં સામાજિક દૂષણો અને આપણી આસપાસની ગંદકી પણ દૂર કરવાનું કામ હાથમાં લીધું હોત.

[મૂળ અંગ્રેજી]

હિન્દુ, ૨૯–૯–૧૯૨૭

## ૩૪. મીરાંબહેનને તાર

મદુરા,
[સપ્ટેમ્બર] ૨૮, [૧૯૨૭][૧]

મીરાંબાઈ
હિંદી પ્રચારને સરનામે
મદ્રાસ

તું કેમ છે? ઈશ્વર તને શારીરિક, માનસિક તથા આધ્યાત્મિક રીતે બળવાન બનાવો. સસ્નેહ.

બાપુ

[મૂળ અંગ્રેજી]

મૂળ પત્ર પરથી : સી. ડબલ્યુ. ૫૨૭૭; શ્રીમતી મીરાંબહેનના સૌજન્યથી

## ૩૫. મીરાંબહેનને પત્ર

સપ્ટેમ્બર ૨૮, ૧૯૨૭

ચિ. મીરાં,[૨]

અહીં પહોંચ્યા પછી હું તને પ્રેમભર્યો સંદેશો[૩] મોકલ્યા વિના ન રહી શક્યો. તને જવા દીધા પછી મને ખૂબ ગમગીની થઈ. તારા પ્રત્યે હું ખૂબ જ કડક થયો પણ એથી બીજું હું ન કરી શક્યો. મારે તો શસ્ત્રક્રિયા કરવાની હતી અને એને માટે મેં મારા મનને કઠણ કર્યું.[૪] હવે બધું સરળતાપૂર્વક ચાલશે અને સઘળી નબળાઈ ગઈ છે એમ આપણે ધારીએ.

ગેરવલ્લે પડેલા તારા બે કાગળો હમણાં જ મળ્યા, પણ એ વિશે પછીથી. આ લખું છું ત્યારે પોસ્ટનો વખત થઈ ગયો છે. મારે વિશે કોઈ પણ રીતે તું ચિંતા ન કરીશ.

સસ્નેહ,

બાપુ

[મૂળ અંગ્રેજી]

મૂળ પત્ર પરથી : સી. ડબલ્યુ. ૫૨૭૮; શ્રીમતી મીરાંબહેનના સૌજન્યથી

૧. ગાંધીજી આ દિવસે મદુરામાં હતા. જુઓ આ પછીનો પત્ર.

૨. મીરાંબહેનને લખેલા આ અને બીજા પત્રોમાં સંબોધન નાગરીમાં છે.

૩. આ પહેલાંનો તાર.

૪. મીરાંબહેન આ પ્રસંગનું વર્ણન આમ કરે છે: "મારા કામ પર પાછી જતી વખતે હું બાપુને એક વાર મળ્યા વગર રહી શકી નહીં. પણ આ વખતે મેં મોટી ભૂલ કરી હતી. મને સખત ઠપકો મળ્યો અને તરત સાબરમતી મોકલી દેવામાં આવી." જુઓ ધ સ્પિરિટ્સ પિલગ્રિમેજ, પા. ૯૯.

Gandhi Heritage Portal

## ૩૬. મદુરાની જાહેર સભામાં ભાષણ

સપ્ટેમ્બર ૨૮, ૧૯૨૭

મિત્રો,

તમારાં માનપત્રો બદલ તથા તમારી થેલીઓ બદલ હું તમારો આભાર માનું છું. જેમણે હાથે કાંતેલું આ સુંદર સૂતર આપ્યું છે તેમનો પણ હું આભાર માનું છું. અને હાથે કાંતેલી અને હાથે વણેલી ખાદીના અહીં મૂકવામાં આવ્યા નથી તે ત્રણ તાકા[1] માટે પણ હું તમારો આભાર માનું છું. એ તાકા મને આજે સવારે ભેટ આપવામાં આવ્યા હતા અને અત્યારે હું એ તાકાનો પણ ઉલ્લેખ કર્યા વગર રહી શકતો નથી. અને સમય હશે અને તમને ધીરજ હશે તો એ તાકા તમારી સમક્ષ મૂકવામાં આવશે અને નિયત કિંમતે વેચવામાં આવશે. આ ખાદીના તાકા ઘણા જ કલાત્મક, ઘણા જ બારીક અને ઘણા જ લાંબા છે એટલે તે દરિદ્રનારાયણના સ્વનિયુક્ત પ્રતિનિધિ હોવાનો દાવો કરનાર મારાથી વાપરી ન શકાય. હું આ તાકાને કલાના સુંદર નમૂના ગણું છું અને તે મારી પાસેથી લઈને તમારા સુંદર નગરમાં કીમતી સંગ્રહ તરીકે રાખવા માટે જો તમે લલચાઓ તો તમને લલચાવવા માગું છું. કરાઈકુડીમાં મને ઘેર કાંતેલા અને ઘેર વણેલા એવા ખાદીના બે તાકા[2] મળ્યા હતા જેમાંનો એક મેં ૧૦૦૧ રૂપિયામાં અને બીજો ૧૦૧ રૂપિયામાં વેચ્યો હતો. આ વાતનો ઉલ્લેખ હું તમને એ જણાવવાને માટે કરું છું કે મદુરાએ આજ સુધીમાં જે કંઈ કર્યું છે તેથી કેટલીયે વધારે આશા મેં મદુરા પાસે રાખી હતી. આ ઉપરથી સ્પષ્ટ જણાય છે કે તમે, જેઓ ઘણું વધારે કરી શકયા હોત તેઓ, રેંટિયાના સંદેશાનું પૂરું મહત્ત્વ સમજ્યા નથી.

હું તમને એ દૃશ્યની યાદ આપવા ઇચ્છું છું જે લગભગ સાત વરસ પહેલાં હું મારા મિત્ર, સહકાર્યકર્તા અને સાથી મૌલાના મહમદઅલીને મારી પાછળ વૉલ્ટેરમાં છોડીને અહીં મદુરામાં આવ્યો ત્યારે મારી સમક્ષ ખડું થયું હતું. પણ હવે સમય બદલાઈ ગયો છે. એ સમય એવો હતો જ્યારે હું વૉલ્ટેરથી મદુરા આવતો હતો ત્યારે તેમની ગેરહાજરી તમારા અને બીજા હજારો લોકોના ધ્યાન પર આવી હતી. અને એથી ઘણા લોકોની આંખમાં આંસુ આવી ગયાં હતાં. આજે તેમની કે કોઈ મુસલમાન સાથીની ગેરહાજરી પ્રત્યે કોઈનું ધ્યાન ગયું નથી એટલું જ નહીં, પણ જો હું મારી સાથે મુસલમાન સાથીને રાખવા પૂરતી હિંમત અને ધૃષ્ટતા બતાવું તો કદાચ તમને આશ્ચર્ય થશે. આજે તો હિંદુનો હાથ મુસલમાનના ગળા ઉપર અને મુસલમાનનો હાથ હિંદુના ગળા ઉપર છે. પણ આપણે માથે આ ભયંકર કાળાં વાદળ ઘેરાયેલાં હોવા છતાં હિંદુમુસ્લિમ એકતાની શકયતા ને આવશ્યકતામાં મારી સંપૂર્ણ અને અડગ શ્રદ્ધા આ તમારા પુરાણા નગરમાં હું વ્યક્ત ન કરું તો હું મારા ઈશ્વર પ્રત્યે અને મારા દેશ પ્રત્યે બેવફા ઠરું. હું અહીં બેઠો છું એટલી જ ખાતરીપૂર્વક હું એ જાણું છું કે ઈશ્વર આપણી બધી યોજનાઓને આશીર્વાદ આપશે અને આ ભયંકર ઝઘડાઓમાંથી એકતા પેદા કરશે. તેથી તમારામાંથી જેઓના

૧. ટી. સી. ચેલમ આયંગરે ભેટ આપેલા.

૨. ગાંધીજીને આ તાકા દેવકોટ્ટામાં મળ્યા હતા. તે તેમણે કરાઈકુડીમાં વેચ્યા હતા.

Gandhi Heritage Portal

મનમાં મારા જેવી જ શ્રદ્ધા હોય તેમને હું મારી સાથે ઈશ્વરને હૃદયથી પ્રાર્થના કરવા કહું છું કે તે આપણાં હૃદય શુદ્ધ કરે અને આ સંતપ્ત દેશને શાંતિ પ્રદાન કરે.

પણ મારી એ મુલાકાત વખત બનેલો એક બીજો પ્રસંગ પણ, હું ઇચ્છું છું કે, આપણે યાદ કરીએ. તમને યાદ હશે કે ઈશ્વરને નમ્રતાપૂર્વક પ્રાર્થના કરીને એ સ્મરણીય રાત્રિ તમારી વચ્ચે ગાળ્યા પછી મેં એક ફેરફાર કર્યો હતો. હું કબૂલ કરું છું કે એ ફેરફાર બહુ નાનો હતો, છતાં ભૂખે મરતાં કરોડો લોકો સાથે એકતાનો અનુભવ કરવા માટે એ મહત્ત્વનો હતો. વૉલ્ટેરમાં ખડાં થયેલાં જીવંત દૃશ્યો મનમાં ભરીને હું મદુરા આવતો હતો અને જુદાં જુદાં સ્ટેશનોએ મને મળતા હજારો લોકોને કમમાં કમ પરદેશી કાપડ છોડીને ખાદી પહેરવા કહેતો હતો. ત્યાં મને એકબે ગરીબ માણસોએ ફરિયાદ કરી કે અમારી પાસે ખાદી ખરીદવાના પૈસા નથી. મને યાદ છે ત્યાં સુધી હું નથી માનતો કે મને આપવામાં આવેલા બધા જવાબો સાચા હતા. આમ છતાં તેઓમાંના કેટલાક ચીંથરેહાલ લોકોની વાતમાં રહેલું વજૂદ હું સમજ્યો. પછી મેં સાથીઓ સાથે હું હમણાં જે ફેરફારની વાત કરવાનો છું તેના ઔચિત્ય વિશે ચર્ચા કરી. પછી મારે શું કરવું એ વિશે વિચાર કરવામાં, અને માર્ગદર્શન માટે ઈશ્વરને પ્રાર્થના કરવામાં આખી રાત બેચેનીમાં પસાર કરી. અને બીજા દિવસથી ઓછામાં ઓછું એક વરસ માટે જે સામાન્ય અંગરખું ને લાંબી ધોતી હું તે વખતે પહેરતો હતો તેનો ત્યાગ કરવાનો અને જેટલા ટૂંકામાં ટૂંકા કચ્છથી ચલાવી શકું તેટલા ટૂંકા કચ્છથી સંતોષ માનવાનો નિશ્ચય કર્યો.[1] એ વરસ તો વીતી ગયું. પણ ફેરફારની આવશ્યકતા જોતાં એ ફેરફાર કાયમ રહ્યો છે. હું સારી રીતે જાણું છું કે આ ફેરફાર જો અંદરના ફેરફારનું પ્રતીક ન હોય તો તેની કશીયે કિંમત નથી. પણ હિંદુસ્તાનમાં હું જેમ જેમ વધારે ફર્યો અને આ પ્રાચીન દેશનાં સાત લાખ ગામડાંમાં વસતા કરોડો ગ્રામવાસીઓની દુ:ખદાયક ગરીબાઈ અને દરિદ્રતાનો વિચાર કર્યો તેમ તેમ મને, એ આમજનતાનો પ્રતિનિધિ હોવાનો દાવો કરનારને મારા પોતાનામાં ફેરફાર કરવાની આવશ્યકતા વધારે લાગવા માંડી. અને જો તમે મારી સાથે ગામડાંમાં આવો અને દરિદ્રતાનું આ નગ્ન સ્વરૂપ જુઓ તો મારી જેમ તમે પણ તમારા પોશાકમાંથી વધારાની વસ્તુઓ ફેંકી દેવાની આવશ્યકતા સ્વીકારશો.

મ્યુનિસિપાલિટીના માનપત્રમાં[2] કહેવામાં આવ્યું છે કે તમારી શાળાઓમાં કાંતણ સારા પ્રમાણમાં સફળ થયું છે. આ સિદ્ધિ માટે જોકે હું મ્યુનિસિપાલિટીને અભિનંદન આપું છું, છતાં જો મારે તમને ખરેખરી વાત કહેવી હોય તો કહેવું જોઈએ કે એથી મને જરાયે સંતોષ થયો નથી. જો હિંદનાં થોડાંક શહેરો ને નગરોમાં રહેતા લોકો એટલું સમજે કે તેમનું જીવન, તેમનાં સુખસગવડ, તેમનું ખુદ અસ્તિત્વ આ કરોડો અર્ધ ભૂખ્યા લોકો પર નિર્ભર છે તો તેઓ ખાદી અને રેંટિયાને માત્ર વખત પસાર કરવાનું સાધન અથવા મુરબ્બીવટ બતાવવાની વસ્તુ નહીં માને. યાદ રાખો કે હિંદનું શહેરી જીવન બહારના દેશોમાંથી આણેલી સંપત્તિ પર નભતું નથી. હિંદ લગભગ સંપૂર્ણપણે ખેતીપ્રધાન દેશ હોઈ તેને પોતાનાં શહેરોના નિભાવ માટે ખાસ કરીને ગામડાંમાંથી મળતી ચીજો પર આધાર રાખવો પડે છે. અને હિંદની ગરીબાઈના પ્રશ્નનો તથા એ ગરીબી આંશિક રીતે પણ દૂર કરવા માટે સૂચવવામાં આવેલા જુદા જુદા ઉપાયોનો કાળજીપૂર્વક અભ્યાસ કર્યા પછી મને રેંટિયા જેટલી ઉપયોગી બીજી કોઈ વસ્તુ મળી

૧. જુઓ પુસ્તક ૨૧, પા. ૨૦૨-૪.

૨. આ પહેલાં ગાંધીજીને મદુરાની મ્યુનિસિપાલિટી તરફથી માનપત્ર આપવામાં આવ્યું હતું અને તેનો જવાબ તેમણે જાહેર સભામાં આપ્યો હતો.

Gandhi Heritage Portal

નથી. અને મારા નમ્ર અભિપ્રાય પ્રમાણે શહેરોમાં વસતા લોકોની એ પવિત્ર ફરજ છે કે, તેઓ ગામડાંના લોકોને તેમને માટે જે કરવું પડે છે તેનો કંઈક બદલો વાળે. મારા નમ્ર અભિપ્રાય મુજબ હિંદની વધતી જતી ગરીબાઈનો આ સવાલ હિંદુમુસ્લિમ એકતાના અત્યંત મહત્ત્વના સવાલ કરતાં તથા હિંદના આ ભાગમાં ચાલતા બ્રાહ્મણ-બ્રાહ્મણેતરના અત્યંત મહત્ત્વના સવાલ કરતાં પણ ક્યાંય વધુ મહત્ત્વનો છે. આ સવાલો તો આખરે હિંદ રૂપી સમુદ્રની સપાટી પરનાં નાનાં નાનાં મોજાં જેવા છે. ગામડાંને આ બધા સવાલો સ્પર્શતા નથી તેમ અસર પણ કરતા નથી. અને તેથી તમે મને વેળાકવેળા ખાદી વિશે જ વાત કરતો, રેંટિયાનાં જ સ્વપ્નો સેવતો અને દેશમાં થતી આ ઊથલપાથલ છતાં મારા ઉદ્દેશને વળગી રહેલો જુઓ છો. હું દરેક બ્રાહ્મણને, દરેક બ્રાહ્મણેતરને, દરેક મુસલમાનને એટલું સમજાવી શકું તો કેવું સારું કે, મેં જેમનો ઉલ્લેખ કર્યો છે એ સવાલો વિશે તેમનો અભિપ્રાય ગમે તે હોય, પણ શ્રમજીવી જનતા પ્રત્યે દરેકે આ પ્રાથમિક ફરજ બજાવવાની છે.

મારા નાદર[1] મિત્રોએ પોતાના માનપત્રમાં કહ્યું છે કે, તેઓ રેંટિયાના સંદેશામાં તો માને છે પણ મને જે પૈસા આપવામાં આવે છે તેની યોગ્ય વહેંચણી અને ઉપયોગ વિશે તેમને ગંભીર શંકા છે. તેઓ કહે છે કે એક તામિલ છાપામાં તેમણે વાંચ્યું છે કે ગેરવહીવટને કારણે, અથવા કોણ જાણે કયા કારણે, એક લાખથી વધુ રૂપિયાનું નુકસાન થયું છે. તેમણે પોતાના માનપત્રમાં આ વાતનો ઉલ્લેખ કર્યો તે માટે હું તેમને ખરેખર ધન્યવાદ આપું છું. અને જે સંસ્થાની મારફત હું આ ખાદીપ્રચારનું કામ કરું છું અને જેની મારફત આ પૈસાનો ઉપયોગ કરવામાં આવે છે તે સંસ્થા જો આ પૈસા બાબતમાં ઢીલી કે બેદરકાર જણાય તો હું કબૂલ કરું છું કે આ કામને માટે એક પાઈ પણ આપવી નકામી છે, નુકસાનકારક છે. અને આ પૈસાની યોગ્ય વહેંચણી બાબતમાં શંકા જતાં તેમણે થેલીમાં ફાળો આપવાની ના પાડી છે તેથી મને આનંદ થયો છે. પણ આ મિત્રોને અને અહીં બેઠેલા સૌને જણાવતાં મને આનંદ થાય છે કે પૈસાની બાબતમાં કશો ગેરવહીવટ થયો નથી. વળી યાદ રાખો કે અખિલ હિંદ ચરખા સંઘ ફક્ત ત્રણ વરસ પહેલાં અસ્તિત્વમાં આવ્યો. તે પહેલાં આ ખાદીનું કામ સામાન્ય કૉંગ્રેસ સંસ્થાનાં અનેક કામોમાંનું એક કામ હતું. આમ છતાં એક લાખ રૂપિયા જેટલી રકમની કોઈ ખોટ ગઈ નથી. અલબત્ત, દરેક સંસ્થામાં હોય છે તેમ ચોપડામાં એવી લેણી કેટલીક રકમો છે જે વસૂલ થવા બાબત શંકા છે. અમારે બધી જાતના માણસો સાથે વહેવાર કરવો પડે છે. અને બધી સાવચેતી રાખવા છતાં, જામીનગીરી લેવા છતાં કેટલાક લોકો અપ્રામાણિક નીકળે છે અને જો તમે એક પણ પાઈ આપ્યા પહેલાં એવી આશા રાખો કે ખાદી સંસ્થા સો ટકા સફળ થવી જોઈએ તો મને બીક છે કે સંસ્થાને બંધ કરવી પડે. ૩૫ વરસના મારા જાહેર જીવનમાં મારે હસ્તક કેટલીયે સંસ્થાઓ ચલાવવાની ને સંભાળવાની આવી છે. પણ મારે કબૂલ કરવું જોઈએ કે થોડું પણ નુકસાન વેઠ્યા વગર હું એકે સંસ્થા ચલાવી શક્યો નથી. લગભગ ૨૦ વરસના મારી વકીલાતના સમય દરમ્યાન હું હજારો વેપારી અસીલોના સંપર્કમાં આવ્યો છું અને મને એક પણ વેપારી એવો નથી મળ્યો જેને કેટલુંક લેણું માંડી વાળવું ન પડ્યું હોય. અને મને ખાતરી છે કે આ ખાદી સંસ્થા વહીવટની બાબતમાં દુનિયાની મોટામાં મોટી પેઢી સાથે બરોબરીમાં ઊભી રહેશે. આ સંસ્થા લગભગ બે લાખની મૂડીથી ચાલે છે. તે હિંદનાં ૧૫૦૦ ગામની

૧. તામિલનાડુની એક જાતિ.

Gandhi Heritage Portal

સેવા કરે છે અને લગભગ ૫૦,૦૦૦ કાંતનારાઓને રોટલો આપે છે. તે કાંતનારને દર મહિને સરેરાશ એકથી દોઢ રૂપિયો મેળવી આપે છે. અને આ સંસ્થા એ કાંતનારાઓના એવા ફાલતુ સમયનો જ ઉપયોગ કરે છે જેમાં તેમને કંઈ કામ નથી હોતું. વળી તે ખાદીના વિકાસ-કામને માટે જરૂરી એવા ૫,૦૦૦ વણકરો, રંગરેજો અને ધોબીઓને કામ આપે છે. એક જાહેર હિસાબનીશ પ્રાંતીય તથા કેન્દ્રીય હિસાબો વખતોવખત તપાસે છે. અને આ હિસાબો ફાળો આપનાર, ફાળો નહીં આપનાર, મિત્રો અને ટીકાકારોને સૌને જોવા માટે ખુલ્લા છે. એટલે તમને ખાતરી થઈ હોય કે આ કામ સારું છે અને તેના સંચાલકો વિશ્વાસપાત્ર માણસો છે તો તમારી કોથળી છોડો અને ઓછામાં ઓછું નહીં પણ તમારાથી બની શકે તેટલું વધારેમાં વધારે આપો. અને યાદ રાખો કે તમારા દાનમાં બધું આવી જતું નથી. તમારું દાન ગમે તેટલું ઉદાર હશે પણ જો તમે ખાદી પહેરવા તૈયાર નહીં હો તો તે કશા કામનું નથી. હું તમને ખાદી અપનાવવાનો આગ્રહ કરું છું કારણ કે તે કાંતનારા ને વણનારાઓની મજૂરીથી પેદા થયેલી વસ્તુ છે.

હવે હું વિદ્યાર્થીઓના માનપત્ર પર આવું છું, તેનો હું સંક્ષેપમાં જ જવાબ આપીશ. વિદ્યાર્થીઓ મને કહે છે કે અમે હિંદી શીખી શકતા નથી કારણ કે અમને સમય નથી અને કેળવણીને અમે વેપારની દૃષ્ટિએ જોઈએ છીએ. આથી તેમણે પોતાના હિંદીના અજ્ઞાન માટે અને પોતાનું માનપત્ર મને અંગ્રેજીમાં આપવા માટે માફી માગી છે. જેમ ખાદીની કલ્પના કરોડોનો વિચાર કરીને કરવામાં આવી છે તેમ હિંદીની કલ્પના પણ આ કરોડોના હિતની દૃષ્ટિથી કરવામાં આવી છે. અને વિદ્યાર્થીઓના માનપત્રમાં આ નિરાશાનો સૂર જોઈને મને દુઃખ થયું. જે દેશના નવયુવાનો આશા છોડી બેસે તે દેશનું ભાવિ સારું ન ગણાય. વિદ્યાર્થીઓએ સમજવું જોઈએ કે સાચી કેળવણી કૉલેજના શિક્ષણમાંથી કે શાળાના આંગણામાં નથી મળતી પણ બહાર મળે છે. આખી દુનિયામાં સફળતા પ્રાપ્ત કરનાર બધા જ લોકોનો ઇતિહાસ જોશો તો જણાશે કે તેઓ જીવનની આવશ્યક વસ્તુઓ ખરું જોતાં શાળાની બહાર શીખ્યા હતા. અને હિંદુસ્તાન ગરીબ દેશ છે છતાં હું કેળવણીને વેપારની દૃષ્ટિએ જોવી જોઈએ એ વાત સ્વીકારવાની ના પાડું છું. વિદ્યાર્થીજગત યાદ રાખે કે તેઓ આખરે ગણ્યાગાંઠ્યા છે. આ માનવજાતિરૂપી સમુદ્રમાં એક બિંદુ સમાન છે. વળી તેઓ એ પણ યાદ રાખે કે કરોડો લોકો એવા છે જેમણે કદી શાળામાં કે કૉલેજમાં પગ નથી મૂક્યો છતાં તેઓ પ્રામાણિકપણે અને સ્વમાન સાથે પોતાની આજીવિકા ચલાવવા જેટલું કમાય છે. વળી મોટા ભાગના વિદ્યાર્થીઓ શાળાકૉલેજમાંથી નીકળીને સરકારમાં કે કોઈક વેપારી પેઢીમાં માત્ર કારકુની શોધે છે, આ વસ્તુ વિદ્યાર્થીઓ માટે કલંકરૂપ છે. હું એને કેળવણીનો દુરુપયોગ ગણું છું. હું કબૂલ કરું છું કે કેળવણીની પદ્ધતિ તદ્દન સડી ગયેલી છે. પણ પરિસ્થિતિ જેવી છે તેવી સ્વીકારીને હું વિદ્યાર્થીઓને એ બતાવવાનો પ્રયત્ન કરી રહ્યો છું કે જો તેઓ વેળાસર વિચાર કરે તો આ પ્રતિકૂળ સંજોગોમાં પણ પોતાને મદદ કરી શકે. અને તેથી હું કહું છું કે લાખો લોકો પાસેથી વસૂલ કરેલા કરવેરાથી, વાસ્તવમાં આબકારી જકાતની સરકારી આવકના એ અનૈતિક સાધનથી ચાલતી શાળાકૉલેજોમાં જવા છતાં ખાદી અને રેંટિયાને અપનાવીને તેઓ ગરીબોને કંઈક બદલો આપી શકે. એ જ પ્રમાણે જ્યારે હું તેમને કહું છું કે જો તમે પોતાને વિંધ્ય પર્વતમાળાની દક્ષિણના દ્વીપકલ્પના જ નહીં, પણ આખા હિંદુસ્તાનના નાગરિક ગણતા હો અને વિંધ્ય પર્વતમાળાની ઉત્તરના લોકો સાથે જીવંત સંબંધ રાખવા માગતા હો તો તમારે હિંદી શીખવું જોઈએ, ત્યારે તેઓ

Gandhi Heritage Portal

જવાબ આપે છે કે મદ્રાસ યુનિવર્સિટીની સેનેટે બધી શાળાઓ અને બધી કૉલેજોમાં હિંદીને ફરજિયાત વિષય બનાવવો જોઈએ. હું કબૂલ કરું છું કે આ જવાબમાં વજૂદ છે, હું કબૂલ કરું છું કે દરેક અભ્યાસક્રમમાં હિંદી બીજી ભાષા તરીકે દાખલ કરવી એ સેનેટની ફરજ છે; પણ હું એ વિધાન માન્ય રાખી શકતો નથી કે સેનેટ આ આવશ્યક સુધારો ન કરે ત્યાં સુધી વિદ્યાર્થીઓ નિરાશ થઈને, હાથ જોડીને બેસી રહે, અને હિંદી ન શીખે. અહીં મદુરામાં તમારે ત્યાં હિંદી પ્રચાર કાર્યાલય છે. તમારામાંથી કોઈને પણ હિંદી શીખવા માટે એ ખુલ્લું છે અને જો તમે રોજ એક કલાક આપો તો તમે જોશો કે હિંદી શીખવી એ ન માની શકાય એટલું સહેલું છે. અને જો તમારે તમારી કેળવણીનો વેપાર માટે ઉપયોગ કરવો હોય તો તમારામાંથી કેટલાક તો એ પણ જોઈ શકશે કે જેમ અંગ્રેજીનો વેપારમાં ઉપયોગ છે તેમ આ દેશમાં હિંદીનો પણ વેપારમાં ઉપયોગ છે. પણ હું જોઉં છું કે તમે હિંદી કાર્યાલયને પણ સ્વાવલંબી બનાવી શક્યા નથી. હું મ્યુનિસિપાલિટીનું અને મદુરાના નાગરિકોનું આ ખામી તરફ ધ્યાન ખેંચું છું. ખરેખર આ એક એવું કામ છે જેને માટે દર વર્ષે બસો-પાંચસો રૂપિયા કાઢવાનું તમારે માટે મુશ્કેલ ન હોવું જોઈએ.

હવે મારે આ દેશ સામે ખડા થયેલા બીજા સવાલોની ચર્ચા કરવી જોઈએ. મ્યુનિસિપાલિટી કહે છે કે તેમની શાળાઓ અને ઑફિસોને સંબંધ છે ત્યાં સુધી અસ્પૃશ્યતા જેવી કોઈ ચીજ નથી. આને માટે હું મ્યુનિસિપાલિટીને અભિનંદન આપું છું. અને મને એ જાણીને આનંદ થયો કે તમારી શાળાઓમાં થોડા હજાર આદિદ્રાવિડ છોકરાઓ અને થોડા સો આદિદ્રાવિડ છોકરીઓ ભણે છે. પણ હું કહું છું કે મ્યુનિસિપાલિટી તેમને માટે એ ઉપરાંત બીજું ઘણું કરી શકે તેમ છે. તમે તેમને માટે સારાં ઘરોની વ્યવસ્થા કરી છે? તમે તેમનાં ઘરબારની સંભાળ રાખો છો? તેમને આપણી ભયંકર બેદરકારીને કારણે જે ટેવો પડેલી છે તે તરફ ધ્યાન આપો છો? તેમને દારૂના શાપમાંથી છોડાવવાનો પ્રયત્ન કરો છો? અને આ તામિલનાડુના પ્રવાસમાં બધે જ હું જે કહેતો આવ્યો છું તે અહીં ફરીથી કહેવા માગું છું કે આપણે બ્રાહ્મણ હોઈએ, બ્રાહ્મણેતર હોઈએ કે ગમે તે હોઈએ, બાળ અને બાળવિધવાના પ્રશ્ન વિશે વિચાર કરવો આપણે સૌને માટે આવશ્યક છે. મને કેટલાક પત્રો મળ્યા છે જેમાં મને કહેવામાં આવ્યું છે કે, દક્ષિણ હિંદને સંબંધ છે ત્યાં સુધી મારે બાળવિધવાઓ વિશેના મારા વિચારો ફરીથી તપાસવા. મારા અભિપ્રાય વિશે ફરી વિચાર કરવાનું હું કશું કારણ જોતો નથી અને હું માનું છું કે આપણે વિચારવાન પુરુષો અને વિચારવાન સ્ત્રીઓ આપણે ત્યાં આપણને નીચું જોવડાવનાર એક પણ બાળવિધવા હોય ત્યાં સુધી શાંત બેસી શકીએ નહીં. દેવદાસીની ઘૃણિત અને અનૈતિક પ્રથા બંધ કરવી એટલી જ જરૂરી છે. લોકોના આગેવાનોએ એ જોવું જોઈએ. આ પાપને ધર્મના આંચળા નીચે છુપાવીને આપણે આપણી ધર્મભાવનાનું અપમાન ન કરીએ.

[મૂળ અંગ્રેજી]

हिन्दु, ૩૦-૯-૧૯૨૭

# ૩૭. ગોઝારાં સ્મારક અને અહિંસા

એક ગુજરાતી મિત્ર બીજા મિત્રના પત્રમાં લખે છે :

> કોક વાર બાપુની અહિંસા મૂંઝવણમાં નાખે છે. નીલના પૂતળાને હઠાવવાની હિલચાલને તેમણે ટેકો આપ્યો છે, જેમ લૉરેન્સના પૂતળાને હઠાવવાની હિલચાલને પણ તેમણે ટેકો આપ્યો હતો. પણ મને તો એમાં હિંસા જ લાગે છે. એ હિલચાલથી અંગ્રેજો સામે તિરસ્કાર પેદા થયા વિના રહેવાનો નથી — અને બાપુ તિરસ્કાર તો ઉત્પન્ન થવા દેવા ઇચ્છતા નથી. હવે મને જ્યાં હિંસા દેખાતી નથી ત્યાં બાપુને હિંસા દેખાય છે, દાખલા તરીકે હથિયારનો કાયદો રદ કરાવવાને માટે હથિયારો ઉઠાવવાં. મને લાગે છે કે પહેલા પ્રસંગમાં દેખીતાં અહિંસક સાધનોથી હિંસક સ્વભાવ ઉત્પન્ન થવાનો ચોખ્ખો ભય છે. અને બાપુ એ તો ન જ ઇચ્છે ના? જ્યારે બીજા પ્રસંગમાં માત્ર એક ઉત્તમ હેતુને સારુ હિંસાનું સહેજ જોખમ ઉઠાવવું પડે છે — એ તો બાપુ ઉઠાવવાને તૈયાર હોય એમાં કાંઈ આશ્ચર્ય છે?

મૂળ ગુજરાતીને મેં જરા વિસ્તારીને લખ્યું છે, એટલા હેતુથી કે વાચક દલીલ બરોબર સમજી શકે.

અહિંસા એ આના કરતાં કઠણ માટીની બનેલી છે. એ વિશે તો શંકા નથી જ કે નીલના પૂતળાને હઠાવવાની હિલચાલથી અંગ્રેજો પ્રત્યે તિરસ્કારની લાગણી વધવાનો સંભવ છે. અહિંસાનો પ્રચાર ઇચ્છનાર સુધારકે એ વાત ધ્યાનમાં રાખી તિરસ્કાર ફેલાવા સામે સાવચેતી લેવી, પણ તિરસ્કારનાં કારણોને તે દબાવી તો નથી જ શકતો. અહિંસા એટલે પ્રેમ એ જગતમાં સૌથી સફળમાં સફળ બળ છે. શામળ ભટ્ટ કહે છે :

"અવગુણ ઉપર ગુણ કરે તે જગમાં જીત્યો સહી." આમાં "જીતવાની" વાત લખી છે તેનો અર્થ એ છે કે એ ખરો અહિંસક થયો. તિરસ્કાર ઉશ્કેરનારી વસ્તુઓ તો જ્યાં જોઈએ ત્યાં નજરે ચડયા જ કરે છે. પ્રાચીન ઋષિઓએ એ સત્યનું દર્શન કર્યું હતું કે દ્વેષને પ્રેમથી જ જીતી શકાય, ક્રોધને અક્રોધથી જ જીતી શકાય. એટલે આ પ્રેમની શક્તિ ત્યારે પ્રગટ થઈ શકે છે કે જ્યારે તિરસ્કાર ઉત્પન્ન કરનારાં કારણો તેની સામે ઊભાં હોય. સાચી અહિંસા તિરસ્કારનાં કારણો અગળ આંખ નથી મીંચતી. પણ આંખ બરોબર ઉઘાડી રાખે એ કારણો નિપજાવનારા માણસની ઉપર અસર પાડવામાં એની ખૂબી રહેલી છે. જો આમ ન હોય તો અહિંસક સાધનો દ્વારા સ્વરાજ મેળવવાની લડત અશક્ય થઈ પડે. કારણ પગલે પગલે પરરાજ્ય અને પારકા રાજકર્તાઓની ખોડ કાઢવાની તો સ્વરાજવાદીને ફરજ પડે છે. અહિંસાનો — દુષ્ટતાની સામે સાધુતા ધરવાનો, શત્રુને પણ પ્રેમથી વશ કરવાનો — કાયદો "શત્રુ"નાં દૂષણનું જ્ઞાન સ્વીકારી લે છે. એટલે જ શાસ્ત્રો કહે છે: क्षमा वीरस्य भूषणम्.

હવે કદાચ સમજાશે કે અહિંસામાં માનનારા માણસે નીલના પૂતળા જેવી વસ્તુ હઠાવવાની અહિંસામય પ્રવૃત્તિને સ્વીકારે જ છૂટકો છે. પણ અહિંસક હથિયાર નથી ધારણ કરી શકતો, કારણ તે હથિયારને ન અડે એવી આશા રખાય છે. અને હથિયારનો કાયદો સમૂળો રદ કરાવવાની

Gandhi Heritage Portal

હિલચાલ તો કદી યોગ્ય પ્રવૃત્તિ ગણાવાની નથી. એટલે હથિયારનો કાયદો હઠાવવાને અર્થે હથિયાર ધારણ કરવાનું કોઈ પણ અહિંસાની યોજનામાં આવી શકતું નથી.

પણ હવે નીલનું પૂતળું હઠાવવાની હિલચાલમાં જરા વધારે ઊંડા ઊતરીને જોઈએ. એ પૂતળું જે શિલાસન ઉપર ઊભું કરવામાં આવ્યું છે, તેની આગળની બાજુએ આ પ્રમાણે લેખ છે :

જેમ્સજૉર્જ સ્મિથ નીલ
મહારાણીનો અંગરક્ષક
મદ્રાસ ફ્યુસિલિયાર્સના લેફ. કર્નલ
બ્રિગેડિયર જનરલ ઈન ઇન્ડિયા
બહાદુર, અડગ, આત્મશ્રદ્ધાવાળો સિપાઈ.
બંગાળમાં બળવાનું પૂર અટકાવનાર
પહેલા વીર તરીકે સર્વત્ર પંકાયેલો,
એ યશાન્વિત યોદ્ધાએ
લખનૌ બચાવતાં પ્રાણ દીધા
૨૫મી સપ્ટેમ્બર ૧૮૫૭માં
૪૭ વર્ષની વયે.

પાછળ આ લેખ છે :

સાર્વજનિક ફાળો કરીને ઊભું કરવામાં આવ્યું, ૧૮૬૦.

આ બધી વાતો જૂઠી છે એમ જણાવવાની રજા લઉં છું. લેખ તો અસત્ય ઇતિહાસ છે. મારી પાસે આ બે લેખ લખતી વેળા કે અને મૅલીસનનાં હિંદુસ્તાનના બળવાનાં પુસ્તકો નથી, પણ એક મિત્રે ટૉમસનનું સુંદર પુસ્તક ध अदर साईड ऑफ ध मेडल (ઢાલની બીજી બાજુ) મોકલ્યું છે. એ પુસ્તક આપણને શાળામાં અને વિદ્યાલયોમાં ખોટા ઇતિહાસ કેવી રીતે શીખવવામાં આવે છે તે બતાવવાને લખાયેલું છે. એમાંથી આ ઉતારા લઉં છું :

જનરલ નીલે મેજર રેનૉડને કાનપુરના બચાવ માટે એક અગુવા ટુકડી લઈને મોકલતાં આ પ્રમાણે હુકમ આપ્યા હતા :

"કેટલાંક નોંધેલાં અપરાધી ગામોની આખી વસ્તીની કતલ કરવી. બળવાખોર ટુકડીઓના જે જે સિપાઈઓ પોતાની વર્તણૂકનો ખુલાસો ન આપી શકે તે સૌને ફાંસીએ લટકાવવા. બળવાખોર ફત્તેહપુર શહેરની ઉપર હુમલો કરવો અને પઠાણ મહોલ્લાઓની આખી વસ્તીની કતલ કરી મહોલ્લાઓનો નાશ કરવો. બળવાના આગેવાનોને – ફત્તેહપુરના ખાસ કરીને – ફાંસીએ લટકાવવા. ડેપ્યુટી કલેકટર પકડાય તો તેને ફાંસીએ લટકાવવો અને તેનું ડોકું કાપીને શહેરના આગેવાન મુસલમાનના ઘર ઉપર પ્રદર્શનને માટે ખોસી રાખવું."

કે ના કહેવા મુજબ

"નીલનાં કૃત્યોને બાદ કરીએ તોપણ અને નીલે કોઈ મેજરને કાનપુર મોકલ્યો ત્યારે લોકોને અતિશય ઘાતકી રીતે મારી નાખવામાં આવ્યા હતા, એ વિશે તો શંકા નથી. અને તે પછી કાંઈ બાકી હોય તે નીલે પૂરું કર્યું – જે કતલ કરતાં પણ ભૂંડું હતું, તેણે લોકોને રીબી રીબીને માર્યાં છે, જેવી રીતે દેશી લોકોએ કદી માર્યાં નથી" (કેનું પુસ્તક).



Gandhi Heritage Portal

સર જૉર્જ કેમ્પબેલ કહે છે: "કેટલાક લોકો બાયલા ઘાતકીપણાને માટે પંકાયા છે તેમાંનો એક નીલ હતો. એ મર્યો ત્યારે ઘણી ટીકા થતી ઓછી થઈ હતી, પણ હવે એ ઐતિહાસિક પાત્ર બન્યો છે એટલે મારે જણાવવું જોઈએ કે નિષ્પક્ષ સાહિત્યના અભ્યાસ પછી મેં જોયું છે કે તેનામાં બાયલા ઘાતકીપણા સિવાય કશો પુરુષાર્થ નહોતો. એણે જે અતિશય ખૂનરેજી ચલાવી છે તેને માટે હું તો તેને માફી ન જ આપું, ખાસ કરીને એની જ અવ્યવસ્થાને લીધે લુધિયાણાની ટુકડી આપણે ખોઈ બેઠા. અલ્લાહાબાદમાં એણે આપણાં જ માણસો ઉપર એટલા અત્યાચાર કર્યા અને વિશ્વાસઘાત ભરેલું વર્તન ચલાવ્યું કે લુધિયાણાની ટુકડી કરતાં જરાયે ઓછી વિશ્વાસપાત્ર નહીં એવી ફિરોજપુરની ટુકડીને એણે લગભગ બળવો કરાવ્યો. એ બળવો તો આખરે અટકયો અને એ ટુકડીએ પાછળથી બહુ સારું કામ આપ્યું, પણ એનો વાંક તો સ્પષ્ટ જ હતો."

જે વીર યોદ્ધાના મનમાં "સાર્વજનિક ફાળો કરીને" પૂતળું ઊભું કરવામાં આવ્યું એમ કહેવાય છે, તેનું ખરું પોત પ્રગટ કરવાને માટે હજી ઘણા ઉતારા આપી શકાય એમ છે. આવાં પૂતળાંઓ ભયંકર આગાહીસૂચક છે. બ્રિટિશ સરકારની નીતિ જ ત્રાસ વર્તાવવાની અને જૂઠાણાંની છે. એનાં એ પૂતળાં જીવતાજાગતા પુરાવા છે. આ સખત શબ્દો છે પણ જેટલા સખત તેટલા સાચા પણ છે. એટલે એ ત્રાસ વર્તાવની અને જૂઠાણાંની નીતિ મિટાવવા માટે પોતાનું બધું બળ ખર્ચી નાખવાની દરેક હિંદીની અને દરેક સાચા અંગ્રેજની ફરજ છે. પણ એ નીતિની સામે પૂરેપૂરું બળ વાપરવાનો માર્ગ વેર નથી, સામો ત્રાસ અને જૂઠાણું વર્તાવવું એ નથી, પણ ત્રાસને બદલે અહિંસા અને જૂઠાણાને બદલે સત્ય વર્તાવનો છે. એ માર્ગ કઠણ હોય પણ હિંદ અને જગતને જો બચવું હોય તો એ જ માર્ગ છે, બીજો નથી. એટલે જે યુવકોએ આ લડત માંડી છે તેઓ જો પ્રામાણિકતા અને અહિંસાથી એ લડત ચલાવ્યે જશે તો તેઓ સંપૂર્ણ સહાનુભૂતિના અધિકારી થશે, અને સ્થાનિક મહાસભા સમિતિએ એ વાત ગંભીરતાથી ઉપાડી લીધી છે એ સારું થયું છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २९–९–१९२७

ભાષાંતર: नवजीवन, २–१०–१९२७

Gandhi Heritage Portal

# ૩૮. વેદોમાં ગોબલિ

બીજી જૂનના યંગ ઇન્ડિયામાં શ્રીયુત સી. વી. વૈદ્યનો એક લેખ છપાયો છે, જેમાં ગાય અને ગાયની ઓલાદને બચાવવા માટે કેટલાંક મહત્ત્વનાં સૂચનો કરવામાં આવ્યાં છે. પણ એ લેખમાં વિદ્વાન લેખકે એવો મત પ્રગટ કર્યો છે કે વૈદિક કાળમાં ગાયની આહુતિ આપવાની અને ગોમાંસ ખાવાની પ્રથા હતી. પંડિત સાતવળેકરજીએ વૈદિક કાળમાં ગાયની આહુતિ અને ગોમાંસ ભક્ષણ બાબત શ્રીયુત વૈદ્યના કથનનું ખંડન કરતો એક હિંદી લેખ મોકલ્યો છે. મારો ઉદ્દેશ અખબારી વિવાદ ખડો કરવાનો નહોતો પણ માત્ર સત્યને પ્રકાશમાં લાવવાનો હતો, એટલે મેં એ લેખ શ્રીયુત વૈદ્યને મોકલ્યો. તેમણે તરત જ વિનયપૂર્વક પોતાનો જવાબ મને મોકલ્યો. મેં તે જવાબ પંડિત સાતવળેકરને મોકલ્યો અને તેમણે તેનો પણ જવાબ મને મોકલ્યો. હવે હું નીચે પંડિત સાતવળેકરના લેખોનો મહાદેવ દેસાઈએ કરેલો અનુવાદ[1] અને શ્રીયુત વૈદ્યના જવાબનો મૂળ પાઠ આપું છું. પંડિત સાતવળેકરે પોતાના વૈદિક ધર્મના બે અંકોમાં પોતાના મતના ટેકામાં વિગતવાર અને વ્યાપક દલીલો કરી છે અને એ દલીલોના સમર્થનમાં વેદોમાંથી પુષ્કળ ઉતારા આપ્યા છે. જિજ્ઞાસુઓને હું એ લેખો વાંચવાની ભલામણ કરું છું. વેદોનો અભ્યાસી ન હોઈ હું એ ઉત્તમ નિયમનું પાલન કરું છું કે જ્યાં જરાયે શંકા હોય ત્યાં સારામાં સારી વસ્તુ સાચી બાજુએ ઢળવું એ છે. અને આ બાબતમાં, સાચી બાજુ એ છે કે જે લોકોએ આપણને વેદો આપ્યા છે તેઓ બલિ માટે કે ખોરાક માટે આપણા યુગમાં ગુનો ગણાય છે એવી ગોહત્યા કરવાના અપરાધી નહોતા એવી શ્રદ્ધા રાખવી. બીજી રીતે આ ચર્ચાને આ યુગ સાથે કંઈ સંબંધ નથી, કારણ કે હિંદુઓના હૃદયમાં ગાય પ્રત્યે એટલો ઊંડો ભક્તિભાવ છે કે, વૈદિક કાળમાં ગો-બલિદાન અને ગોમાંસભક્ષણ હોવાના પક્ષમાં ગમે તેવો પ્રામાણિક મત હોય તોપણ તે એ ભક્તિભાવને કશી અસર કરી શકે તેમ નથી. પરંતુ જેઓ એવું માનવાના પક્ષના છે કે, એ પ્રાચીન કાળમાં જે કંઈ કરવામાં આવતું હતું તે આ યુગમાં પણ દરેક વાજબી પ્રયત્ન કરીને ચાલુ કરવું જોઈએ, તેઓ માટે આ ચર્ચા માત્ર બૌદ્ધિક જ નથી, એથી વિશેષ છે. એ લોકો પંડિત સાતવળેકરના જે લેખોનો મેં ઉલ્લેખ કર્યો છે તે તથા શ્રીયુત વૈદ્યનાં પ્રકાશનો જે અંગ્રેજી તથા હિંદી અને મરાઠીમાં પણ ઉપલબ્ધ છે તે વાંચી લે.

[મૂળ અંગ્રેજી]

યંગ ઇન્ડિયા, ૨૯–૯–૧૯૨૭

૧. અહીં આપ્યો નથી.

Gandhi Heritage Portal

## ૩૯. મીરાંબહેનને પત્ર

[સપ્ટેમ્બર ૨૯, ૧૯૨૭][1]

ચિ. મીરાં,

મારા મનમાંથી તું નીકળી જ શકતી નથી એટલું જ જણાવવા આ કાગળ લખું છું. વાઢકાપ કરનાર દરેક સર્જન આકરી શસ્ત્રક્રિયા પછી લગાડવાનો રાહત આપનારો મલમ રાખે છે. આ મારો મલમ છે.

રામદાસને કહેજે કે તેનો પત્ર મને હમણાં જ મળ્યો છે. તેણે તરત સારા થઈ જવું જોઈએ.

સસ્નેહ,

બાપુ

[મૂળ અંગ્રેજી]

મૂળ પત્ર પરથી: સી. ડબલ્યુ. ૫૨૭૯; શ્રીમતી મીરાંબહેનના સૌજન્યથી

## ૪૦. મદુરાની સૌરાષ્ટ્ર ક્લબમાં ભાષણ[2]

સપ્ટેમ્બર ૨૯, ૧૯૨૭

તમારા સુંદર માનપત્ર માટે અને તમારી થેલી માટે તમારો આભાર માનું છું. મારા આખા પ્રવાસમાં મને અત્યાર સુધી મળેલાં માનપત્રો માટે 'સુંદર' વિશેષણ વાપર્યાનું મને યાદ નથી. તમારા માનપત્રને મેં જે કારણે સુંદર કહ્યું તે કારણ કદાચ તમારી કલ્પનામાં નહીં આવ્યું હોય. મેં તેને સુંદર કહ્યું કારણ કે તે તમે મૂળ સ્વરૂપે આપ્યું છે. અને તે તમારી બોલીમાં લખેલું છે, જે મરાઠી ગુજરાતીનું મિશ્રણ છે. તે પરથી જણાય છે કે તમે તમારી પુરાણી વસ્તુઓ ભૂલ્યા નથી. હું બધી જ પુરાણી વસ્તુઓને કંઈ વિવેકવિચાર કર્યા વિના ચાહું છું એવું નથી. પુરાણી વસ્તુઓ જ્યાં ખરાબ, અનૈતિક અને હાનિકારક હોય ત્યાં તેમને નષ્ટ કરવી, ભૂલી જવી એ આપણું કર્તવ્ય છે. પણ પોતાની ભાષા કે બોલી ન છોડવી એ કદી ખરાબ વસ્તુ નથી. અને આખરે મહાન મરાઠી અને ગુજરાતી ભાષા એ આજે જીવંત ભાષાઓ છે, જેમનો ઉપયોગ એવા લોકો કરે છે જેઓ આપણા દેશના ઇતિહાસ પર પોતાની છાપ મૂકી જાય છે. વળી તમે દેવનાગરી લિપિ જાળવી રાખી છે એથી મને આનંદ થયો છે.

તમારા માનપત્રમાંથી મને એ વાત જાણીને વધારે ખુશી થઈ કે તમારી હાઈસ્કૂલ કે જેમાં વિદ્યાર્થીઓની હાજરી સારી રહે છે, એમાં હિંદીને વૈકલ્પિક વિષય તરીકે રાખી છે. ઉત્તર દક્ષિણ

૧. ટપાલની છાપ પરથી.

૨. આ ભાષણનો કેટલોક ભાગ ૧૩-૧૦-૧૯૨૭ના યંગ ઇન્ડિયામાં "ધ ફેલસી ઑફ હૅન્ડલૂમ વીવિંગ" એ શીર્ષક નીચે પ્રસિદ્ધ થયો હતો.

Gandhi Heritage Portal

અને પૂર્વ પશ્ચિમ વચ્ચે હું કંઈ અંતરાય જોતો નથી તેથી તમે સૌ તામિલ જાણો એ વાત મને જરૂર ગમશે. પણ એ તો એક વધારાની સગવડ, વધારાની શોભા તરીકે થવું જોઈએ; હિંદીને ભોગે નહીં. તેથી હું ઇચ્છું છું કે તમારી કમિટીએ હિંદીને હાઈસ્કૂલમાં ફરજિયાત કરવા વિચારવું જોઈએ. આપણા દક્ષિણના ભાઈઓ કરતાં તમે હિંદીની કિંમત વધારે સમજો છો એમ હું આશા રાખું છું. તેથી હું ઇચ્છું છું કે તમે હિંદીમાં ખાસ પારંગત થાઓ અને તમારા શહેરમાં જે હિંદી આંદોલન ચાલી રહ્યું છે તેમાં આર્થિક સહાય કરો. આ શહેરમાં તમ ભાઈબહેનોનું એક સુગઠિત, એકતાવાળું, કામગરું અને ઉદ્યમશીલ મંડળ છે. તેથી આ જવાબદારી તમે સહેલાઈથી ઉપાડી શકશો. અને એ રીતે ઉત્તરના લોકો કે જેમણે આજ સુધી આ પ્રાંતમાં હિંદી પ્રચાર ચલાવ્યો છે તેમનો બોજો તમે હળવો કરી શકશો.[૧]

મારી જુવાની મેં જે ગામમાં ગાળી છે તે રાજકોટનો તમે ઉલ્લેખ કર્યો તે મને બહુ ગમ્યું. પણ મહેરબાની કરીને યાદ રાખજો કે મારી સાથે એવા ગાઢા ભાઈચારાનો હક દાખવવો એ કપરું કામ છે; કારણ કે એમ કરીને, મારી પ્રવૃત્તિઓમાંથી જે તમને ગમે છે તેના વિશે તમારી જવાબદારી ઘણી વધી જાય છે. જે માણસ પોતાની વિપત્તિના સમયમાં એનાં સ્વજનોની મદદ ઉપર આધાર ન રાખી શકે તે માણસને આટલાં બધાં સ્વજનો હોય તોયે તે માણસ શા કામનો? પણ જો તમે ઇચ્છો તો મારી સાથે હજી વધુ ગાઢા ભાઈચારાનો હક કરવો તમારા માટે શકય છે. કારણ કે એક રજવાડાના દીવાનનો દીકરો હોવાનું મને અભિમાન છે તોયે તમારો સહવણકર હોવાનું અભિમાન, જો શકય હોય તો, મને તેનાથી પણ વધુ છે. એ વખતે મારા પિતાના હાથમાં જે રાજ સોંપવામાં આવ્યું હતું તે રાજના લોકોનું ભાવિ ઘડવાનું એમના હાથમાં હતું; જ્યારે તમે અને હું, આપણે ઇચ્છીએ તો, જે ધંધો તમારે તો વારસાગત છે પણ મેં સ્વેચ્છાએ સ્વીકાર્યો છે તે ધંધા વડે આપણા આ મહાન દેશના લોકોનું ભાવિ ઘડી શકીએ. તમારી સાથેના ભાઈચારાની યાદ દેવડાવવામાં મને વધુ અભિમાન આવે છે એમ કહેવાથી હું મારા પિતાની પવિત્ર યાદને ઝાંખી પાડતો નથી કારણ કે વિશાળ આમજનતાના ભલા માટે પ્રયત્નો કરવામાં હું એમના પગલેપગલે જ ચાલી રહ્યો છું. અને આ વધુ ગાઢા ભાઈચારાની વાત કરતાં, તમારા માનપત્રમાં જે એક મહત્ત્વની બાબત તમે કહી છે તે વિશે હું તમને કહેવા માગું છું:

તમે તમારા માનપત્રમાં કહો છો કે હાથે કાંતેલું સૂતર, જોઈએ એટલા પ્રમાણમાં અને જોઈએ એટલું બારીક મળવું શકય નથી; અને તેથી, મારે, પરદેશી અગર મિલમાં કંતાયેલું સૂતર વાપરીને પણ હાથવણાટના ઉદ્યોગને ઉત્તેજન આપવું જોઈએ. તમારા સહવણકર તરીકે હું તમને કહું છું કે હું આ સૂચના સ્વીકારી શકું નહીં. હું તમને એ સમજાવવાની આશા રાખું છું કે એના સ્વીકારમાં તમારું ભલું નથી, અને જે લોકો મારી નજર સમક્ષ છે — અને જેઓ તમારી નજર સમક્ષ પણ હોવા જોઈએ — તેમનું પણ ભલું નથી. વેપારીઓ તરીકે — અને તમારામાં કેટલાક એવા છે — તમારે સમજવું જોઈએ કે પરદેશી મિલોનું અથવા હિંદુસ્તાનની મિલોનું પણ, સૂતર વણનાર દરેક કારીગર મિલોના હાથમાં જઈ પડે છે અને એનો ધંધો એમની કૂણી દયા ઉપર અવલંબે છે. વણકર તરીકે તમારા ખ્યાલમાં હોવું જોઈએ કે આ હાથવણાટના ધંધા ઉપર આજે જે થોડોઘણો તમારો કાબૂ છે તે, હાલ જે જાતભાતનું કાપડ તમે એકલા જ વણો છો તેવી જાતભાતનું કાપડ જે દિવસે દુનિયાની અને હિંદની મિલો વણતી થઈ જશે તે દિવસે,

૧. આ બે પૅરેગ્રાફનું ભાષાંતર મહાદેવભાઈની ડાયરીમાં નથી. અંગ્રેજી પુસ્તક પરથી આપ્યું છે.

Gandhi Heritage Portal

તમારા હાથમાંથી સરકી જશે. તમે અત્યાર સુધી જાણતા ન હો તો હું તમને જણાવું કે જે જાતભાત વણવાનો આજે તમારો ઇજારો છે તે જાતભાત સંચા વડે વણવાના અખતરા દુનિયાભરના અનેક સાધનસંપન્ન મિલમાલિકો કરી રહ્યા છે. તમારા ઇજારા તોડવાનો અને ધંધો પોતાને હાથ કરવાનો પ્રયત્ન મિલઉદ્યોગ દિનપ્રતિદિન કરતો રહ્યો છે. તે માટે મિલમાલિકોને અને મિલઉદ્યોગને આપણે દોષ દઈ શકીએ નહીં. સંચાકામમાં સતત સુધારાવધારા કર્યા કરવા અને દુનિયાના હસ્તઉદ્યોગો ઉપર સતત આક્રમણ કર્યે જવું એ તો આ મોટા ઉદ્યોગપતિઓનાં ધ્યેય અને આદર્શ છે. વાસ્તવિક રીતે જોતાં તો તમારા હાથમાંથી આ ધંધો પડાવી લેવાનો પ્રયત્ન કરવામાં આવે તો જ એમનું અસ્તિત્વ ટકી શકે એમ છે. વણકર જો મારા અનુભવમાંથી કાંઈ નહીં શીખે તો માનજો કે જે દશા હાથકંતામણના ઉદ્યોગની થઈ છે તે દશા હાથવણાટના ઉદ્યોગની પણ થશે એ ચોક્કસ છે.

હું તમને કહું, તમે નહીં જાણતા હો — અને હિંદુસ્તાનમાં બહુ જ થોડા એ જાણે છે — કે મેં પણ તમે કરો છો તેમ જ શરૂઆતમાં કર્યું હતું. મ વણવાનું સને ૧૯૧૫માં શરૂ કર્યું હતું. વણવાનું, મેં પહેલું શરૂ કર્યું; અને કાંતવાનું તો પછીથી આવ્યું. આ મારા હાથો વડે મેં પરદેશી અને આપણી મિલોનું સૂતર વણ્યું છે. પણ આ ધંધાની કળા તમારા કરતાં હું વધુ જાણું છું એવો હું દાવો કરું તો મને માફ કરશો. આજે પણ મને યાદ આવે છે કે હું ક્યાં બેસીને વણતો હતો. અલબત્ત, તમે લોકો જેવું ઝીણું વણો છો તેનાથી અરધી બારીકાઈનું પણ હું વણતો નહોતો. પણ મારી સાળ ઉપર બેસતો હતો ત્યારે મને વિચારો આવતા હતા કે આ આપણી મિલો પોતે જ જ્યારે આવું જ કાપડ વણવાની વ્યવસ્થા કરી લેશે ત્યારે મારી અને બીજા હજારો વણકરોની શું દશા થશે? અને આમ વિચાર કરતાં કરતાં, આપણાં ગામડાંમાં રહેતી અને ભૂખે મરતી લાખો બહેનોનું મને લાગી આવ્યું અને વણતાં વણતાં મને એમની દશાના વિચાર આવવા લાગ્યા. મને ગ્લાનિ ઊપજી અને મૂંઝવણ થઈ. મારા સાથીઓએ અને મેં, કોઈ અમને હાથે કાંતતાં શીખવે એવા હાથે કાંતનારની ખંતપૂર્વક શોધ કરવા માંડી, અને એ દિવસોમાં પણ હાથકંતામણ ચાલતું હોય એવું કોઈ ગામડું છે કે નહીં એની પણ શોધ કરવા માંડી. એ વખતે મને ખબર નહોતી કે પંજાબમાં, હાથે કાંતનાર કેટલીક બહેનો હતી. હું નાસીપાસીની અણી ઉપર હતો ત્યાં મને ગુજરાતની એક ભડ વિધવા બહેનનો[1] સહારો મળ્યો. એ અસ્પૃશ્યતાનિવારણનું કામ કરતી હતી. મારું ઊંડું દુઃખ મેં આ મહાન બહેન આગળ વ્યક્ત કર્યું; અને ગુજરાતમાં ઠેકઠેકાણે ભટકવાનું અને હજી પણ હાથકંતામણની કળા જાણનાર કોઈ બહેનો હોય તો એમને શોધ્યા વિના જંપીને ન બેસવાનું મેં એમના ઉપર નાખ્યું. એણે શોધી કાઢ્યું કે પોતે કાંતે તે સૂતર જો એ ખરીદી લે તો ગુજરાતમાં વીજાપુર ગામમાં થોડીક મુસલમાન બહેનો કાંતવા તૈયાર છે. એ દિવસથી આ પુનર્નિર્માણ કે જે અત્યારે હિંદુસ્તાનનાં પંદર હજારથી વધુ ગામડાંમાં થઈ રહ્યું છે તેની શરૂઆત થઈ. અને આ શોધ પછી જ મેં નક્કી કર્યું કે મારા આશ્રમમાં પરદેશી અને મિલના સૂતરનો એક ધાગો પણ વણવો નહીં.

બીજી પણ એક મહત્ત્વની બાબત હું તમારા ધ્યાન પર લાવું. હિંદુસ્તાનના હાથવણાટના ઉદ્યોગના ઇતિહાસનો તમે અભ્યાસ કરશો તો તમને માલૂમ પડશે કે આજે હજારો વણકરોને પોતાનો ધંધો ફરજિયાત છોડવો પડ્યો છે. સૌરાષ્ટ્રી ભાઈઓ, તમારા જેવા જ ધંધાવાળા વણકરો

૧. ગંગાબહેન મજમુદાર, જુઓ આત્મકથા, ભાગ ૫, પ્રકરણ ૩૯–૪૦.

Gandhi Heritage Portal

આજે મુંબઈમાં ઝાડુ વાળવાનું કામ કરે છે. પંજાબના વણકરોમાંના કેટલાક લશ્કરમાં ભાડૂતી સૈનિક બન્યા છે અને કેટલાક ખાટકીનો ધંધો કરે છે. હવે તમે સમજી શકશો કે હું તમારી સૂચના કેમ સ્વીકારી શકું તેમ નથી. પણ આનો અર્થ એ નથી કે મિલનું સૂતર વણવાનું તમે આજે ને આજે જ બંધ કરી દો. એના માટે તમારે મારા પ્રોત્સાહનની જરૂર નથી. પણ હું એટલું કહેવાની હિંમત કરું ખરો કે મિલનું સૂતર વણવાના આ પ્રશ્નને, હાલ નમ્રતાપૂર્વક હું જે ચળવળ ચલાવી રહ્યો છું તેની સાથે ભેળવવાનું ન કહેવામાં જ તમારું હિત રહેલું છે. અને એ જ પ્રમાણે આ ચળવળને ટેકો આપવામાં તમારું હિત રહેલું છે; કારણ કે જો એ કાયમી બને, ફૂલેફાલે અને બરાબર જામી જાય તો તમારામાંનો દરેક જણ માનપૂર્વક જીવન ગુજારી શકશે. એટલે હું એમ સૂચવવા માગું છું કે હાથકંતામણની આ ચળવળ જો બરાબર જામે તો એ તમને પણ મદદકર્તા થઈ પડે એવો સંભવ છે.

પણ આ ગરબડમાં[1] મારે મારું ભાષણ હવે લંબાવવું ન જોઈએ. પણ હું તમારું ધ્યાન મદ્યપાનના અનિષ્ટ પ્રત્યે ખેંચ્યા વગર રહી શકતો નથી. એ અનિષ્ટથી હું સમજું છું કે તમારા સમાજની શક્તિનો હ્રાસ થઈ રહ્યો છે. આ અનિષ્ટમાંથી છૂટવા તમારે ભગીરથ પ્રયત્ન કરવો જોઈએ.

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી; શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી

ભાષાંતર : મહાદેવભાઈની ડાયરી, પુસ્તક અગિયારમું

## ૪૧. મીરાંબહેનને પત્ર

સપ્ટેમ્બર ૩૦, ૧૯૨૭

ચિ. મીરાં,

ટપાલ આવવાનો સમય થયો છે. પરંતુ ટપાલ પોસ્ટ કરવાનો સમય પણ થઈ ગયો છે. મને પૂરી આશા છે કે આજે તારા તરફથી કંઈક આવશે. તારે એવો વિચાર નથી કરવાનો કે તારે અઠવાડિયે એક વારથી વધુ ન લખવું જોઈએ.

સસ્નેહ,

તારો
**બાપુ**

રામદાસ માટે[2]

[મૂળ અંગ્રેજી]

મૂળ પત્ર પરથી : સી. ડબલ્યુ. ૫૨૮૦; શ્રીમતી મીરાંબહેનના સૌજન્યથી

૧. આ વખતે વરસાદ વરસવો શરૂ થયો હતો.
૨. જુઓ આ પછીનો પત્ર.

Gandhi Heritage Portal

## ૪૨. રામદાસ ગાંધીને પત્ર

[સપ્ટેમ્બર ૩૦, ૧૯૨૭][1]

ચિ. રામદાસ,

હવે સારું થઈ ગયું હશે. વલ્લભભાઈની રજા લઈને જરૂર અમરેલી જાઓ.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી : સી. ડબલ્યુ. ૫૨૮૦-૨; શ્રીમતી મીરાંબહેનના સૌજન્યથી

## ૪૩. મદુરામાં સ્ત્રીઓની સભામાં ભાષણ

સપ્ટેમ્બર ૩૦, ૧૯૨૭

ગાંધીજીએ ભાષણ કરતાં પહેલાં સ્ત્રીઓના માનપત્ર અને થેલી બદલ તથા ઘણી છોકરીઓ અને સ્ત્રીઓએ આપેલી સૂતર અને બીજી ચીજોની અનેક ભેટો બદલ તેમનો આભાર માન્યો. પછી તેમણે તેમને કહ્યું કે, તમારે ઉત્તર હિંદમાં તમારી બહેનો બોલે છે તે હિંદી ભાષા શીખવી જોઈએ.

તેમણે કહ્યું કે તમારે યાદ રાખવું જોઈએ કે તમે આ થેલી મારા ઉપયોગ માટે નથી આપી પણ તમારી ભૂખે મરતી કરોડો બહેનોના ઉપયોગ માટે આપી છે. તમે જે સુખસગવડમાં રહો છો તે જોતાં મને ખાતરી છે કે, તમને તમારી હજારો બહેનોની દુઃખદાયક ગરીબીનો ખ્યાલ આવવો મુશ્કેલ છે. એ બહેનોને ભાગ્યે જ એક ટંક ખાવાનું મળે છે. એવી બહેનો પણ છે જેમની પાસે પોતાનું અંગ ઢાંકવા જેટલાં પણ કપડાં નથી. મેં કેટલીક એવી બહેનો સાથે વાત કરી છે જેમની પાસે એક સિવાય બીજું કપડું નહોતું અને તેથી તેઓને રોજ નાહ્યા સિવાય ચલાવવું પડતું હતું. તેમની પાસે ઘરેણાંગાંઠાં જેવું કંઈ નથી, એ કહેવાની ભાગ્યે જ જરૂર હોય. તેમણે તેલ કે ઘી-દૂધ જોયાં કે ચાખ્યાં નહીં હોય. કરોડો બહેનોને વરસમાં લગભગ ચાર મહિના કંઈ કામ હોતું નથી. મેં કહ્યું તે બધું કદાચ તમે નહીં માનો, પણ હું તમને કહું છું કે ઘણા પરદેશીઓએ પણ આ વસ્તુઓ જોઈ છે અને તેમને વિશે લખ્યું છે. આ ગરીબ બહેનો માટે મેં તમારી થેલી સ્વીકારી છે. આ પૈસા તેમને દાન કે મદદ તરીકે આપવાના નથી, પણ તેમને જે કાંતવાનું કામ આપવામાં આવશે તે કામના મહેનતાણા તરીકે આપવામાં આવશે. તેમને રેંટિયો અને રૂ આપવામાં આવશે અને તેમણે કાંતેલું સૂતર ખરીદી લેવામાં આવશે. તેથી રેંટિયાને હું આપણી એ બહેનોની સ્થિતિ સુધારવા માટે મોટામાં મોટું સાધન માનું છું. રેંટિયો તેમને આશાના કિરણની ઝાંખી કરાવશે અને તેમનામાં સ્વમાનની ભાવના જાગ્રત કરશે. રેંટિયો હિંદના કરોડો લોકોને એક તાંતણે બાંધવાનું સાધન બનશે. તમારે માત્ર પૈસા આપીને બેસી રહેવું ન જોઈએ, કારણ કે જો તમે ખાદી નહીં પહેરો તો એ પૈસા નકામા જશે. જો તમારી એ ગરીબ બહેનો પ્રત્યે તમારી ખરેખર સહાનુભૂતિ હોય તો તમારે તેમને હાથે કંતાયેલી અને વણાયેલી ખાદી જ પહેરવી જોઈએ. પહેલી નજરે જોતાં એવું લાગે ખરું કે બધા પરદેશી કાપડનો ત્યાગ કરવો મુશ્કેલ છે, પણ પ્રયત્ન કરશો તો તમે જોશો કે એ ઘણું જ સહેલું છે. તમારે સીતા થવું હોય

૧. આ પત્ર આ પહેલાંના લેખની પાછળ લખાયો છે.

Gandhi Heritage Portal

તો હું તમને કીમતી કપડાં અને ઘરેણાં છોડીને ખાદી પહેરવાની સલાહ આપું છું. પણ તમે તમારાં કોઈ ઘરેણાં આપો તે પહેલાં હું એક શરત કરવા માગું છું. શરત એ કે તમે તમારાં માબાપ અથવા પતિ પાસે એ ઘરેણાંને બદલે બીજાં ઘરેણાં નહીં માગો. ત્રણ કે ચાર વરસ પહેલાં એક બહેને મને પંદર હજાર રૂપિયાની કિંમતનાં ઘરેણાં ભેટ આપ્યાં હતાં. હું ઇચ્છું છું કે તમે વધારે પડતાં ઘરેણાં ન પહેરો એટલું જ નહીં પણ તમારાં બાળકોને પણ ઘરેણાં પહેરાવીને જોખમમાં ન નાખો. કારણ કે થોડા દિવસ પહેલાં મદુરામાં બનેલો એક બનાવ મારા જાણવામાં આવ્યો છે, જેમાં એક પ્રતિષ્ઠિત ગૃહસ્થની પુત્રીનાં ઘરેણાં કેટલાક લૂંટારાઓએ લૂંટી લીધાં. વળી યાદ રાખો કે સ્ત્રીનું સૌંદર્ય તે જે ઘરેણાં પહેરે છે તેમાં રહેલું નથી પણ તેના હૃદયની શુદ્ધિમાં રહેલું છે. તમારે આ સત્ય તમારાં બાળકોને પણ શીખવવું જોઈએ અને તેમને યોગ્ય કેળવણી આપીને પોતાનું ચારિત્ર્ય ઘડતાં શીખવવું જોઈએ.

વળી, હું કહું છું કે કોઈ પણ માણસને, તે અમુક પરિસ્થિતિમાં જન્મ્યો છે તેટલા જ કારણે અસ્પૃશ્ય ગણવો એ પાપ છે. તમે સીતાનું અનુકરણ કરવા ઇચ્છો તો જોશો કે સીતાએ નિષાદરાજને પણ અસ્પૃશ્ય નહોતો ગણ્યો, એટલું જ નહીં, તેમણે નિષાદરાજની સેવા ખુશીથી અને આભારસહિત સ્વીકારી હતી. તેથી હું જરાયે અચકાયા વગર કહું છું કે અસ્પૃશ્યતાની આ બૂરી પ્રથા નાબૂદ થવી જોઈએ.

બીજી એક મહત્ત્વની બાબત હું તમને કહેવા માગું છું તે કાચી ઉંમરનાં લગ્ન વિશેની છે. તમારે સમજવું જોઈએ કે છોકરીઓને નવ વરસે, બાર વરસે કે તેર વરસે પણ પરણાવવી એ જંગલી પ્રથા છે. એ પ્રથાને હું અનૈતિક પણ ગણું છું અને તમને આગ્રહ કરું છું કે છોકરી જ્યાં સુધી સોળ વરસની ન થાય ત્યાં સુધી તેનું લગ્ન ન કરવું જોઈએ તેમ જ તેમને લગ્નનો વિચાર કરવા લલચાવવી ન જોઈએ. જો હિંદુ શાસ્ત્રો કહેતાં હોય કે છોકરી યુવાનીમાં આવે તે પહેલાં તેને પરણાવી દેવી જોઈએ તો હું કહું છું કે તે તરફ ધ્યાન ન આપશો. મહાત્માજીએ પોતાની દેખરેખ નીચે રહેતી કેટલીક છોકરીઓનો દાખલો આપીને કહ્યું કે, કેટલીક છોકરીઓ સત્તરથી વીસ વરસની ઉંમરની છે, પણ તેમણે હજી સુધી લગ્નનો વિચાર પણ કર્યો નથી. ઊલટું, કેટલીક છોકરીઓ સારી કેળવણી લઈ રહી છે અને તેમાંની કેટલીક અત્યારે ગુજરાતના રેલસંકટ વિસ્તારમાં પીડિતોને રાહત પહોંચાડવાનું કામ કરી રહી છે. મેં પણ નિશ્ચય કર્યો છે કે જ્યાં સુધી એ છોકરીઓ પોતે લગ્ન કરવાની ઇચ્છા જાહેર ન કરે ત્યાં સુધી હું તેમના લગ્નનો વિચાર નહીં કરું. પણ હું તમને કહું છું કે તમે ખાદી પહેરવા માંડશો તો આ બધી બૂરી પ્રથાઓ બંધ થઈ જશે. કારણ કે ખાદીની ભાવના તમને શુદ્ધ અને ઉદાત્ત બનાવશે. તમે જે થોડું કાંતશો તેની બહુ કિંમત નહીં હોય એવું ન માનશો. યાદ રાખો કે તમારો કાંતેલો દરેક તાર દેશની સમૃદ્ધિમાં ઉમેરો કરશે. આ વસ્તુ ખ્યાલમાં રાખીને હું ઇચ્છું છું કે તમે દરિદ્ર-નારાયણના હિતાર્થે ખાદી પહેરો અને કાંતો.

[મૂળ અંગ્રેજી]

हिन्दु, ૩-૧૦-૧૯૨૭

Gandhi Heritage Portal

# ૪૪. તિરુમંગલમમાં ભાષણ

સપ્ટેમ્બર ૩૦, ૧૯૨૭

મિત્રો,

તમે મને માનપત્ર અને થેલી આપી તે બદલ હું તમારો આભાર માનું છું. તમારા માનપત્રમાં તમે કહ્યું છે કે આ સ્થાન એક કપાસ-કેન્દ્ર છે. હું એ પણ જોઉં છું કે અહીં ઘણા ગરીબ કાંતનારાઓ છે અને તમે કહો છો કે જો પૂરતું પ્રોત્સાહન આપવામાં આવે તો અહીં ૧,૦૦૦ રેંટિયા ચલાવી શકાય તેમ છે. આ કાંતવાની ચળવળ બેશક, એવી સ્ત્રીઓને કામ આપવા માટે યોજવામાં આવી છે કે જેમની પાસે નવરાશનો સમય હોય અને જેઓ કામ કરીને બે પૈસા કમાવા માગતી હોય. તમે કહો છો કે એક ડઝન માણસો કાંતી શકે એટલા બધા સૂતર માટે બજાર મળવું અશક્ય છે. એ પરથી જણાય છે કે તમારે ત્યાં અથવા તમારા તાલુકામાં પૂરતા કાર્યકર્તાઓ નથી. તમે મને આ જગ્યાને બીજું તિરુપુર બનાવવા કહો છો. પણ હું તમને કહી દઉં કે તિરુપુર પોતાના પ્રયાસથી તિરુપુર બન્યું છે. આજે જે તિરુપુર છે તે મેં કે અખિલ હિંદ ચરખા સંઘના કોઈ સભ્યે બનાવ્યું નથી. બેશક, એ સાચું છે કે ચરખા સંઘ મૂળ કાર્યકર્તાઓએ કરેલા કામનો લાભ લેવા આવી પહોંચ્યો. આ એક જરૂરી કામ છે જે યુનિયન બોર્ડ કરી શકે અને તેણે કરવું જોઈએ. અને જો તમારી પાસે કાર્યકર્તાઓનું એક જૂથ હોય તો અહીં કંતાયેલું બધું સૂતર બજારમાં ન વેચાવા માટે કશું કારણ નથી. અને તમે આગળ વધો ને ખાદીકાર્ય કરો તો મને ખાતરી છે કે સ્થાનિક બજાર તમને પૂરતું નહીં થાય. આ ભાગોમાં તૈયાર થયેલા કાપડની કિંમતો વણાયેલા કાપડની જાત પરથી અખિલ હિંદ ચરખા સંઘ નક્કી કરશે. હું દેશના આ બધા ભાગોમાં ફરું છું તે માત્ર થેલીઓ એકઠી કરવા નહીં પણ ખાદીના પ્રચારકાર્ય માટે ફરું છું.

અહીં બેઠેલી બહેનો મારા ભાષણના આ ભાગ પ્રત્યે ધ્યાન આપે એમ ઇચ્છું છું. આ ગરીબ દેશમાં લાખો સ્ત્રીપુરુષો વરસના ચાર મહિના કામ વિના નવરાં બેસી રહે છે. તમે રેલવે લાઇનની નજીક છો એટલે તમે જે લોકોને માટે હું પ્રવાસ કરી રહ્યો છું અને જેમની વતી આજે રાત્રે તમારી સમક્ષ બોલી રહ્યો છું તે ગરીબમાં ગરીબ લોકો કરતાં અરધા પણ ગરીબ નથી. અને તેઓ એટલા ગરીબ છે કે, સરકારે બહાર પાડેલા રિપોર્ટોમાં કહેવામાં આવ્યું છે કે કેટલાક લોકો એવા છે જે ખોરાકને અભાવે ભૂખે મરે છે. હું આશા રાખું છું કે તમે એવું માનવાની ભૂલ તો નહીં કરો કે રેલવે લાઇનને હિંદુસ્તાનના દરેક ગામની પાસે લાવવામાં આવે તો આ દુ:ખદ સમસ્યાનો ઉકેલ આવી જાય. તમે રેલવેના ઇતિહાસનો અભ્યાસ કરશો તો જોશો કે આપણી આ રેલવે પદ્ધતિ ગામડાંનો રસકસ ચૂસી લે છે. દુનિયામાં રેલવે જરૂરી છે અને તે લોકોને લાભદાયક પણ થાય, પણ આ દેશ મુખ્યત્વે ખેતીપ્રધાન દેશ છે તેથી રેલવે ગામડાંના લોકો માટે ભારરૂપ છે. જો તમે ગામડાંના ગરીબ લોકોએ તૈયાર કરેલી ખાદી પહેરો તો, આપણે તેમનું જે શોષણ કરીએ છીએ તેનો કંઈક બદલો વાળી શકીએ. અહીં એકઠાં થયેલાં સૌ ભાઈબહેનોને મારી વિનંતી છે કે તમે તમામ પરદેશી કાપડનો ત્યાગ કરો અને હાથે કાંતેલી અને હાથે વણેલી ખાદી સિવાય બીજું કંઈ ન પહેરો. આ થેલી હું ફક્ત

Gandhi Heritage Portal

એક શરતે સ્વીકારું છું. એ શરત એ છે કે તમે બધા ભવિષ્યમાં ફક્ત ખાદીનો જ ઉપયોગ કરશો. કાંતણની ચળવળ એ ખાસ કરીને સ્ત્રીઓ માટેની ચળવળ છે. હું ઇચ્છું છું કે અહીં બેઠેલી બહેનો આ વસ્તુ સમજે. મારે માટે તો રેંટિયો હિંદી નારીની મુક્તિનું પ્રતીક છે. અને એથી હું ઇચ્છું છું કે આ પ્રયાસમાં તમે મને માત્ર પૈસા અને ઘરેણાં આપીને જ નહીં, પણ ખાદી પહેરીને સહકાર આપો. તમારા ઘરગથ્થુ ઉપયોગ માટે કાંતવાની જરૂર ન હોય તો યજ્ઞ તરીકે કાંતો. એમ કરશો તો એથી દેશની સંપત્તિમાં વધારો થશે અને ખાદી સસ્તી થશે.

[મૂળ અંગ્રેજી]

હિન્દુ, ૩–૧૦–૧૯૨૭

## ૪૫. એ. વેદરામ આયર સાથે ચર્ચા[1]

[સપ્ટેમ્બર ૩૦, ૧૯૨૭ની આસપાસ][2]

એ વાંક મારો છે,[3] કબૂલ કરું છું. પણ એ ચાહીને જ કરવામાં આવેલું છે એમ સમજજો. પ્રથમ મને થયું હતું કે એવી રીતે કંઈક પ્રયાસ કરીએ પણ પાછળથી મને સંઘની કલ્પનાનું વધારે તીવ્ર ભાન થયું. સંઘની કલ્પના એવી છે કે લાખો ભૂખ્યાંને કાંતનારાં બનાવવાં. એમને કાંતનારાં કરતાં હજારોનું ખર્ચ થાય તો કરવું, પણ જેઓ સ્વેચ્છાએ સંઘના સભ્યો થયા છે તેમને જાગ્રત રાખવા માટે એક પૈસો ન ખરચીએ. જેઓ સ્વેચ્છાએ જોડાયા છે, જેઓ યજ્ઞાર્થે કાંતે છે, તેમને જાગ્રત કરવાની જરૂર ન હોવી જોઈએ. યજ્ઞને કંઈ ઉત્તેજનાની જરૂર જોઈએ કે? એ તો આપોઆપ જ થાય. એટલે ઘણા માણસો અનિયમિત છે, કેટલાનાં સૂતરનાં લવાજમો ચડી ગયાં છે એ હું જાણું છું. પણ તમે સૂચવો છો એવો ઉપાય હું નથી લેતો. જેઓ આવા વાતાવરણમાં પણ પોતાનો યજ્ઞ ચાલુ રાખશે તે જ આપણી હિલચાલના લવણ રૂપ રહેવાના છે. તેમના વિના હિલચાલમાં રસ નહીં રહે, ચેતન નહીં રહે, અને તેઓ હશે તો મારા વિનાયે હિલચાલ ચાલ્યા કરશે; અને હિલચાલ બંધ થાય તોયે તેમનું કામ ચાલ્યા કરશે. પણ તમે જે મને સૂચવો છો તે તમે કરી શકો. ચરખા સંઘ પોતાના માણસો ન નીમે પણ સ્વેચ્છાએ જેટલાને સેવા આપવી હોય તે આપે. ચરખા સંઘના દરેક સભ્યની તો ફરજ જ છે કે તે ચરખા સંઘના સભ્યો વધારે અને સૌની પાસે નિયમિત કામ લે. તમારા જેવા વકીલને તો કશી મુશ્કેલી ન નડવી જોઈએ. તમે તમારા મહેતા મારફતે ઘણું કરી શકો. તેને કહી રાખો કે તે વખતોવખત સંઘના સભ્યોની પાસે જાય, તકાદો કરે, સૂતર એકઠું કરે. આટલું તો જે વકીલને આ કામમાં રસ હોય તે કરી જ શકે છે. દક્ષિણ આફ્રિકાની તમને વાત કરું. મારા બધા કારકુનો મારફતે હું કૉંગ્રેસનું ઘણુંખરું કામ કરતો. તે કરવામાં હું એકલો એકલવાયો હતો એમ ન સમજજો. જેને સાર્વજનિક કામ માટે કશીયે ચિંતા પડી છે, તેણે તેમાં હિસ્સો આપે જ છૂટકો. દાખલા તરીકે ટ્રાન્સવાલની લડાઈમાં બધા જ નામીચા વકીલો વકીલાત છોડીને નીકળી પડ્યા હતા. જેઓ રહ્યા હતા તેમની કશી કિંમત નહોતી. અરે, એટલે સુધી કે હું કોર્ટમાં જાઉં તો મને વકીલાત

૧. અને ૨. મહાદેવ દેસાઈના 'સાપ્તાહિક પત્ર'માંથી.

૩. એ. વેદરામ આયરે ફરિયાદ કરેલી કે વેતન પર દેખરેખ રાખનાર કોઈ એજન્સી ન હોવાથી ચરખા સંઘના સભ્યો પોતાના સૂતરનો ફાળો નિયમિત મોકલી શક્યા નથી.

Gandhi Heritage Portal

કરતો જોઈને મૅજિસ્ટ્રેટ આંખો કાઢે! મારે શરમાઈને, અને પોતાની વકીલ તરીકે પ્રતિષ્ઠા કાયમ રાખવાની ખાતર, લડાઈમાં જોડાવું પડેલું!

[મૂળ અંગ્રેજી]

ભાષાંતર: નવજીવન, ૧૬-૧૦-૧૯૨૭

## ૪૬. સી. એફ. ઍન્ડ્રૂઝને તાર

મદુરા,
ઑક્ટોબર ૧, ૧૯૨૭

સી. એફ. ઍન્ડ્રૂઝ
ભદ્રક

કાંતણ વિશેનો આ નિબંધ[1] ઉપલબ્ધ નિબંધોમાં ઉત્તમ છે. પણ તમે તે પૂરો વાંચી ન લો ત્યાં સુધી મોકલશો[2] નહીં. તમારો હાથ સંપૂર્ણ સારો થયો કે નહીં તે તારથી જણાવો.

બાપુ

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૧૨૮૩૩

## ૪૭. મીરાંબહેનને પત્ર

ઑક્ટોબર ૧, [૧૯૨૭][3]

ચિ. મીરાં,

ગઈ કાલે મેં તારા તરફથી કંઈક આવવાની આશા રાખી હતી પણ કંઈ ન આવ્યું. માનસિક અસ્વસ્થતા ટાળવાના પ્રયત્નમાં તારે જરાયે ઉદાસ ન થવું તેમ જ મનને અસ્વસ્થ ન થવા દેવું. મને શું ગમશે ને શું નહીં ગમે તેનો હમેશાં વિચાર ન કર, પણ તને જે ઠીક લાગે તે કર; પછી ભલે તે મને ગમે તેવું ન નીવડે. હું ઇચ્છું છું કે તું તનથી, મનથી અને આત્માથી સશક્ત બને.

તારું સમયપત્રક શ્વાસ લેવાનો સમય ન રહે એવું ન બનાવીશ.

તારું વજન કેટલું છે એ હું જાણવા ઇચ્છું છું.

સસ્નેહ,

બાપુ

[મૂળ અંગ્રેજી]

મૂળ પત્ર પરથી: સી. ડબલ્યુ. ૫૨૯૯; શ્રીમતી મીરાંબહેનના સૌજન્યથી

૧. हॅन्ड स्पिनिंग एन्ड वीविंग–एन एसे – લે. એસ. વી. પુણતાંબેકર અને એન. એસ. વરદાચારી, જુઓ પુસ્તક ૩૦, પા. ૩ અને પુસ્તક ૩૨, પા. ૪૨૮.

૨. ઘણું કરીને વાઈસરૉયને, જુઓ "ઍન્ડ્રૂઝને પત્ર," ૧-૧૦-૧૯૨૭ અને ૧૧-૧૧-૧૯૨૭.

૩. મીરાંબહેનની માનસિક અસ્વસ્થતાના ઉલ્લેખ પરથી. જુઓ "મીરાંબહેનને પત્ર", ૨-૧૦-'૨૭.

Gandhi Heritage Portal

## ૪૮. સી. એફ. ઍન્ડ્રૂઝને પત્ર

પ્રવાસમાં,
મદુરા,
ઑક્ટોબર ૧, ૧૯૨૭

પ્રિય ચાર્લી,

તમારો પત્ર મળ્યો. તમને થયેલી આ થોડીક ઈજાએ મને "બીજાઓ સાથે એવું વર્તન કરો જેવું વર્તન તેઓ તમારા પ્રત્યે કરે એવી તમે આશા રાખતા હો" એ કથનનો નવો અર્થ આપ્યો. તમારી ઈજાની બાબતમાં હું તમારી સાથે એવી રીતે વર્ત્યો જેવી રીતે તમે મારી સાથે વર્તો એવું હું ઇચ્છું. પણ હું જોઉં છું કે આ સિદ્ધાંત તમને લાગુ પાડવામાં મેં ભારે ભૂલ ખાધી. મારે તમારા પ્રત્યે તમારી પાસેથી હું ઇચ્છું એવું વર્તન નહોતું કરવું જોઈતું પણ તમારી જરૂર મુજબનું વર્તન કરવું જોઈતું હતું. નિર્ણાયક વસ્તુ તમારી ઇચ્છા નહીં, પણ તમારી જરૂરિયાત હોવી જોઈતી હતી. મારે રાખવું જોઈતું હતું એટલું ધ્યાન જો મેં રાખ્યું હોત, કે તમારી ચામડી બહુ નાજુક છે, સહેજમાં ચેપ લાગી જાય તેવી અને એક વાર ઈજા થયા પછી મુશ્કેલીથી સારી થાય એવી છે, તો મેં તમારો ઘા સારી રીતે ખોતરી કાઢીને તાજું લોહી કાઢયું હોત અને પછી પાટો બાંધ્યો હોત. પણ બન્યું એમ કે હું મારા અને બીજાઓના, કે જેમની ચામડી સામાન્ય ઉપચારથી સારી થઈ જાય છે તેમના અનુભવ પ્રમાણે ચાલ્યો અને એ રીતે ભારે ભૂલ કરી બેઠો. પ્રભુનો પાડ કે તમે માત્ર થોડીઘણી તકલીફ વેઠીને જ સારા થઈ જશો. પણ જો લોહીમાં ઝેર પ્રસરી ગયું હોત, જે પ્રસરે તેમ હતું, તો હું મારી બાબતમાં શું કરત તે કહી શકતો નથી.

આજે મેં તમને તાર કર્યો છે તેના જવાબથી મારી બધી ચિંતા દૂર થશે એવી આશા રાખું છું. એ તારમાં મેં કાંતણ વિશેના નિબંધ અંગે મારો અભિપ્રાય પણ દર્શાવ્યો છે. આથી સારો કોઈ નિબંધ હોય તો તેની મને ખબર નથી, પણ હું નથી માનતો કે આ નિબંધ સારામાં સારો છે અને એથી સારો ન લખી શકાયો હોત. એના લેખકો શક્તિશાળી છે પણ આ સવાલ અંગેની તેમની સાધના, હું સમજું છું ત્યાં સુધી, એટલી ઉચ્ચ કોટિની નથી. તેમણે પોતાની માન્યતા પ્રમાણે બનતું બધું કર્યું. પણ આજે જે દેશમાં નબળાઈ લાવનારું અને નકલી વાતાવરણ છે તેમાં કોઈનામાં ઊંડું ચિંતન કરવાની શક્તિ નથી. થોડો પ્રયાસ કર્યા પછી આપણામાં સુસ્તી આવી જાય છે અને પછી કામ ઊતરતી કક્ષાનું બની જાય છે. તેથી આ નિબંધથી વાઇસરૉયને સંતોષ થશે કે કેમ એ વિશે મને શંકા છે. વળી, આ નિબંધ હિંદી વાચક માટે લખાયો છે; જેનું મન વારસામાં મળેલા અને પ્રાપ્ત કરેલા દૃઢીભૂત ખ્યાલો અને પૂર્વગ્રહોના ભારથી લદાયેલું છે, એવા, વાઇસરૉય જેવા ઊંચી વસ્તુની અપેક્ષા રાખનાર વાચક માટે તે નથી લખાયો. તેથી મેં સૂચવ્યું છે કે સૌથી પહેલાં તે તમારે ધીરજપૂર્વક વાંચી જવો. અને તે સ્વેચ્છાથી નાગરિક બનેલા હિંદી તરીકે નહીં પણ કોઈ વસ્તુ માની નહીં લેનાર અને દરેક વસ્તુ માટે પુરાવો માગનાર સખત અંગ્રેજ ટીકાકાર તરીકે. અને તમને સંતોષ ન થાય તો તમારે એ નિબંધ વાઇસરૉયને બિલકુલ ન મોકલવો. મેં સર હેન્રી લૉરેન્સ માટે પણ કંઈક તૈયાર કરાવ્યું હતું.

Gandhi Heritage Portal

તેમાં મહાદેવ અને પ્યારેલાલની મગજશક્તિનો ઉપયોગ થયો છે. પરંતુ એ પણ, જો હું કડક ટીકાકાર હોઉં તો, મારે જોઈએ તેવું નથી. પરંતુ જે મળી શક્યું તેનાથી મારે સંતોષ માનવો પડ્યો. એ વિશે હું તદ્દન સભાન છું કે આ એક એવો વિષય છે જેમાં એક ધીરજવાળી વ્યક્તિના સતત પરિશ્રમની જરૂર છે. પણ દુર્ભાગ્યે મારી પાસે, જેને હું આ કામ સોંપી શકું એવી કોઈ વ્યક્તિ નથી અને તેથી આ કામ રગશિયા ગાડાની પેઠે ચાલે છે. નક્કર શોધખોળના આ અભાવથી મારા મન પર કેટલો બોજો રહે છે એ હું તમને કહી શકતો નથી. હું મારું દુઃખ અર્ધું પણ પ્રગટ નથી કરતો, પણ તમારી આગળ મારા મનનો થોડો ભાર હળવો કર્યો છે કારણ કે તમે મને મારી શરમ કબૂલ કરવાની ફરજ પાડી છે. હું જાણું છું કે મારે તમને સંતોષ આપવો જોઈતો હતો અને તમને સારામાં સારો, દોષરહિત અને સુવાચ્ય નિબંધ સીધો મોકલવો જોઈતો હતો. હવે મેં આ નિબંધ, જેના નિર્ણાયકોમાં હું પણ એક હતો તેની વિરુદ્ધ, તમારા મનમાં પૂરતો પૂર્વગ્રહ ઊભો કર્યો છે. આ પૂર્વગ્રહ સાથે એ વાંચો અને શા નિર્ણય પર આવો છો તે જણાવો.

હજુ સુધી મને કોઈ તકલીફ નથી. તમે છાપાંમાં વાંચ્યું તે બધું જૂઠું હતું. આ બધી જ સમાચાર સંસ્થાઓ બંધ કરવા લાયક છે.

બેશક, સિમલામાં તમને જે પ્રકાશ લાધ્યો તે સાચો હતો. ઓરિસ્સામાં તમારી જરૂર છે. પણ હું ઇચ્છું છું કે તમે સખત કામ લેવાનું રાખો. તમે રાહત કાર્યોમાં ભાગ લેતા હો તો હિસાબો બરાબર રાખવામાં આવે છે કે નહીં તે તમારે જોવું જોઈએ. મેં હજી પ્રકાશિત થયેલું કશું જ જોયું નથી. દરેક કાર્યકર્તા એક રોજનીશી રાખે અને પોતાના રોજેરોજના કામની ચોક્કસ વિગતો આપે તે માટે તમારે આગ્રહ રાખવો જોઈએ. પણ તમે ત્યાં માત્ર તાત્કાલિક રાહતકાર્ય કરો એટલું બસ નથી, દર વરસે આવતા સંકટનો કંઈક ઇલાજ શોધો એમ હું ઇચ્છું છું.

કૉંગ્રેસના રાજકારણ પ્રત્યે તમે જરા કઠોર થયા છો. રાષ્ટ્રીય વિકાસમાં તેનું પણ સ્થાન છે જ. જો વિધાનસભા તથા વિધાન પરિષદોને સ્થાન હોય તો કૉંગ્રેસને એથી વિશેષ છે. જોકે કૉંગ્રેસના વર્તમાન કાર્યક્રમ કે તેની કાર્યપદ્ધતિ પ્રત્યે મારી જરાયે સહાનુભૂતિ નથી છતાં હું કહી શકું છું કે એ એક મહાન સંસ્થા છે — ૪૦ વરસના અતૂટ ઇતિહાસવાળી એકમાત્ર અખિલ હિંદ સંસ્થા છે. તેની ચર્ચાઓમાં હું નહીં જેવો ભાગ લઈશ, પણ જ્યાં સુધી મને એમ નહીં લાગે કે તેની બધી પ્રવૃત્તિઓ જોતાં એ બૂરી સંસ્થા છે ત્યાં સુધી હું તેમાં હાજરી આપીશ. આ સાથે મારો કાર્યક્રમ સામેલ કર્યો છે.

સસ્નેહ,

મોહન

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: જી. એન. ૨૬૨૧

Gandhi Heritage Portal

## ૪૯. ઘનશ્યામદાસ બિરલાને પત્ર

ઑક્ટોબર ૧, ૧૯૨૭

ભાઈ ઘનશ્યામદાસજી,

તમારો પત્ર મળ્યો.

જમનાલાલજીના પત્ર પરથી મેં જાણ્યું કે તમે યુરોપથી તબિયત બગાડીને આવ્યા છો. કોઈક જગ્યાએ આરામ લઈને તબિયત સુધારવી આવશ્યક છે. હું તમારું ખાનપાન પસંદ કરવામાં જરૂર મદદ કરી શકું. પરંતુ તે માટે તમારે કેટલોક વખત મારી સાથે રહેવું જોઈએ.

તમે જુદી જુદી બાબતો વિશે તમારા વિચારો મને મોકલ્યા તે સારું કર્યું.

બે પક્ષ પડી ગયા છે તે અસહકારને કારણે નથી પડયા. બે પક્ષો તો હતા જ. ફરક માત્ર તેના સ્વરૂપમાં થયો છે. મને દઢ શ્રદ્ધા છે કે અસહકાર સિવાય આપણું બળ વધી શકશે નહીં. અસહકારની ચમત્કારિક શક્તિ લોકો સમજી ગયા છે, પણ હજી તેમનામાં તેનો અમલ કરવા માટે પૂરતું બળ નથી આવ્યું. હિંદુમુસ્લિમ મતભેદો એમાં એક વધારાનો અંતરાય ઊભો કરે છે. ધારાસભ્યો પાસે હું કશી મદદ માગી શકું નહીં. સભ્યો જો ઇચ્છે તો ખાદી અને દારૂનિષેધના કામમાં મદદ કરી શકે. પણ સભ્યો સ્વાર્થ, અજ્ઞાન અને આળસ દૂર કરવા માટે કશું જ નહીં કરી શકે. ખાદી અને તેને લગતું કામ ધીમું તેમ જ ઝડપથી ચાલી રહ્યું છે. ધીમું એ અર્થમાં કે આપણે પરિણામ બતાવી શકતા નથી. અને ઝડપથી એટલા માટે કે જે કંઈ થઈ રહ્યું છે તે શુદ્ધ છે અને તેથી સારું પરિણામ આવ્યા વગર રહેશે નહીં.

પૈસાની ભૂખ તો મને હમેશાં રહે છે. ખાદી, અસ્પૃશ્યતા અને કેળવણી માટે મારે ઓછામાં ઓછા બે લાખ રૂપિયા જોઈએ. દુગ્ધાલયનો જે પ્રયોગ ચાલે છે તેને માટે રૂ. ૫૦,૦૦૦ની જરૂર છે. આશ્રમનું ખર્ચ તો છે જ. કામ કદી અટકી પડતું નથી, પણ ઈશ્વર રડાવી રડાવીને પૈસા આપે છે. મને એથી સંતોષ છે. જે કામમાં તમને શ્રદ્ધા હોય તે કામને માટે તમારાથી જેટલું આપી શકાય તેટલું આપો.

મારો પ્રવાસ આ વરસના અંત સુધી તો ચાલતો જ રહેશે. જાન્યુઆરી સુધીમાં આશ્રમ પહોંચવાની આશા રાખું છું.

હિંદુમુસ્લિમ પ્રશ્ન વિશે મેં માલવિયાજીને એક પત્ર લખ્યો છે. આ બાબતમાં કંઈ ને કંઈ કામ યોગ્ય માર્ગે કરવું જોઈએ. આજે જે ચાલી રહ્યું છે તેમાં હું ક્યાંયે ધર્મ નથી જોતો.[1]

તમારો

**મોહનદાસ**

[મૂળ હિંદી]

મૂળ પત્ર પરથી : સી. ડબલ્યુ. ૬૧૪૯; શ્રી ઘનશ્યામદાસ બિરલાના સૌજન્યથી

૧. આ પત્ર લખાયો તે પહેલાંના ૭ મહિનામાં ૨૫ હિંદુમુસ્લિમ રમખાણો થયાની ખબર આવી હતી, જેમાં ૧૦૩ માણસો માર્યા ગયા હતા અને ૧૦૮૪ ઘાયલ થયા હતા.

Gandhi Heritage Portal

# ૫૦. મીરાંબહેનને પત્ર

ઑક્ટોબર ૨ [૧૯૨૭][1]

ચિ. મીરાં,

તારો પોસ્ટકાર્ડ તેમ જ ગાડીમાંથી લખેલો પત્ર મળ્યો. તારા કાગળ માટે આ વખતના જેટલી ઇંતેજારી મેં આ પહેલાં કદી અનુભવી નહોતી કેમ કે ગંભીર શસ્ત્રક્રિયા કર્યા પછી તરત જ મેં તને અહીંથી રવાના કરી હતી. પણ એ રીતે તને રવાના કરી એ શસ્ત્રક્રિયાનો જ એક ભાગ હતો. બિચારા અન્ના! તે પણ જણાવે છે કે તું ગમગીન બની છે અને મારે તને દિલાસો આપવો જોઈએ. જમનાલાલજી જણાવે છે કે મારે તને મારી પાસે રાખવી જોઈતી હતી. તું તેમની ભીતિ ખોટી પાડશે અને તબિયત સંભાળીને પ્રસન્નતાપૂર્વક રહેશે. ગઈ કાલે રાત્રે મને તારું સ્વપ્નું આવ્યું. તને જેમની પાસે મોકલવામાં આવી હતી તે મિત્રોએ જણાવ્યું કે, તને સનેપાત થયો છે પણ કશું જોખમ નથી. તેમણે કહ્યું, 'તમારે કશી ચિંતા ન કરવી. માણસથી થઈ શકે તે બધું અમે કરી રહ્યા છીએ.' એટલામાં હું જાગી પડયો અને ચિંતાતુર બન્યો. પછીથી તને ઊની આંચ ન આવે એ માટે પ્રાર્થના કરી અને તારા કાગળથી મને ઘણો જ આનંદ થયો.

તારા પરથી મન-ઉતારો નથી થયો. તારા પર કશી ચોકી નથી. કૃષ્ણદાસ અને છગનલાલ તારી બરદાસ કરશે અને તને આશ્વાસન આપશે. તારી વ્યગ્રતામાંથી તું પાર ઊતરશે એ હું જાણું છું. હિંદીના વળગાડની તું ચિંતા ન કરીશ. અત્યાર સુધીમાં તું ઠીક ઠીક હિંદી શીખી છે તેમ છતાં હિંદીમાં એક શબ્દ પણ તું ન બોલે તેની મને પરવા નથી. એટલે એ બાબતમાં નિરાશ થવાને કશું કારણ નથી. તારા ખડતલપણા વિશેનો મારો વિશ્વાસ બેશક ડગ્યો છે, પણ મારો પ્રેમ નહીં. ખડતલપણું તો આવશે કેમ કે તું ખરા દિલથી પ્રયત્ન કરવાવાળી છે.

સુરેન્દ્રજી સૂચવે છે કે તારે અલગ રસોઈ કરી લેવી જોઈએ. એ જો જરૂરનું હોય તો એમ કરજે. કોઈ પણ બાબતમાં વધારે પડતી તાણ વેઠવી નહીં.

સસ્નેહ,

બાપુ

સાથેનો પત્ર છ. જોશી માટે છે.[2]

[મૂળ અંગ્રેજી]

મૂળ પત્ર પરથી : સી. ડબલ્યુ. ૫૨૮૧; શ્રીમતી મીરાંબહેનના સૌજન્યથી

૧. ગાંધીજીએ મીરાંબહેનને તરત જ રવાના કરી દીધાં, એ વાતના ઉલ્લેખ પરથી વરસનો નિર્ણય કરવામાં આવ્યો છે. જુઓ, "મીરાંબહેનને પત્ર", ૨૮-૯-૧૯૨૭.

૨. આ ઉપલબ્ધ નથી.

Gandhi Heritage Portal

# ૫૧. વિરુધુનગરની જાહેર સભામાં ભાષણ

ઑક્ટોબર ૨, ૧૯૨૭

નગરપાલિકાના અધ્યક્ષશ્રી અને બીજા મિત્રો,

આ બધાં માનપત્રો અને તમારી અનેક થેલીઓ બદલ હું તમારો આભાર માનું છું. બધાં માનપત્રો વાંચવાનો તમારો અધિકાર છોડીને તમે જે વિવેક બતાવ્યો તેની હું કદર કરું છું. તમે વાંચવાનો આગ્રહ રાખ્યો હોત તો એક માનપત્ર વાંચવામાં લગભગ અડધો કલાક ગયો હોત. પણ તમે આપેલા અનુવાદો વાંચી જવાનો મેં પ્રયત્ન કર્યો છે. સૌથી પહેલાં હું તમને અહીંના હિંદુમુસ્લિમ વચ્ચેના મીઠા સંબંધો માટે અભિનંદન આપું છું. તમારે ત્યાં સુવ્યવસ્થિત પુસ્તકાલય છે, ધર્મશાળા ખોલવામાં આવી છે, અને રેલવેના મુસાફરોની ફરિયાદો દૂર કરવા માટે એક સંઘ પણ છે – આ બધા પરથી જણાય છે કે આ મહત્ત્વના કેન્દ્રમાં કલ્યાણકારી પ્રવૃત્તિ ચાલી રહી છે. હું સમજું છું કે આ સ્થાન નાદર મિત્રોનું સૌથી અગત્યનું કેન્દ્ર છે. વળી મારા જાણવામાં આવ્યું છે કે તેઓ દિવસે દિવસે વધારે ને વધારે આગળ આવતા જાય છે અને દેશમાં ચાલતી બધી મહત્ત્વની ચળવળોમાં પોતાનું યોગ્ય સ્થાન લેતા જાય છે. તમે કહ્યું છે કે તમારી નગરપાલિકા થોડા વખત પહેલાં જ સ્થપાઈ છે. હું નથી માનતો કે એમાં ખાસ કંઈ ગેરલાભ છે. કારણ કે નવી નગરપાલિકા હોવાથી તમને આળસ કે બેપરવાઈનો વારસો મળ્યો નથી, તમે પોતાને માટે નવો અને મૌલિક ચીલો પાડી શકો અને ઇચ્છો તો સફાઈની બાબતમાં બીજાને દોરવણી આપી શકો. અમારે ત્યાં મુંબઈ તરફ ગુજરાતી ભાષામાં નગરપાલિકા માટે એક અર્થપૂર્ણ શબ્દ છે. એ નામ મૂળે નગરપાલિકાના કામની મજાક ઉડાવવા માટે આપવામાં આવ્યું હતું. એ નામ નગરપાલિકાના કર્મચારીઓને ખરેખર બરાબર બંધબેસતું છે. ગુજરાતમાં અમે નગરપાલિકાને જે નામથી ઓળખીએ છીએ તેનો અંગ્રેજીમાં અનુવાદ કરીએ તો "કસ્ટોડિયન્સ ઑફ કંઝર્વન્સી" થાય. મારા અભિપ્રાય મુજબ નગરપાલિકાના કામનો આદિ, મધ્ય અને અંત તેના તાબામાં આવતા સૌ લોકોના સ્વાસ્થ્ય સંરક્ષણમાં આવી જાય છે. અને જો મારી પાસે એક આપખુદ રાજાની સત્તા હોત અને મને તેનો ઉપયોગ કરવાની ઇચ્છા થાત તો જે નગરપાલિકાને સફાઈની પરીક્ષામાં સો માર્ક ન મળે તેને બરખાસ્ત કરી દેત. જો તમે ફક્ત તમારાં જાજરૂ તદ્દન ચોખ્ખાં રાખી શકો, જો તમે આરોગ્યદાયક અને ચોખ્ખું પાણી તથા શુદ્ધ અને ખુલ્લી હવા સૌને મળે એવી વ્યવસ્થા કરી શકો, તથા તમારાં બાળકો માટે ચોખ્ખું દૂધ પૂરું પાડી શકો તો તમે તમારી સંભાળ નીચેના લોકોના સ્વાસ્થ્યની રક્ષા કરવાની સ્થિતિમાં છો એમ કહી શકાય. હું જાણું છું કે નગરપાલિકાઓના કામમાં પ્રાથમિક કેળવણીને પ્રથમ સ્થાન આપવાની આજકાલ એક ફૅશન થઈ પડી છે. મારા અભિપ્રાય મુજબ આ તો ઘોડાની આગળ ગાડી મૂકવા જેવું છે. બેશક, પોતાનાં બાળકોની પ્રાથમિક કેળવણીની વ્યવસ્થા કરવી એ તો નગરપાલિકાનાં કામોમાંનું એક મહત્ત્વનું કામ છે. પણ નગરપાલિકાના કાર્યક્રમમાં સફાઈ-કામને પહેલું સ્થાન છે એમાં મને જરાયે શંકા નથી. લૅટિન ભાષામાં એક સુંદર કહેવત છે કે સ્વસ્થ શરીરમાં જ સ્વસ્થ મન હોઈ શકે. અને હું માનું છું કે તંદુરસ્ત ન હોય એવાં બાળકોને સારી કેળવણી આપવી અશક્ય છે. ખરું જોતાં સફાઈકામ પુરુષો, સ્ત્રીઓ ને બાળકો માટે



Gandhi Heritage Portal

સારામાં સારી પ્રાથમિક કેળવણી છે. મેં મ્યુનિસિપાલિટીઓનાં સાચાં કામો માટે જે બધું કહ્યું તે એવી આશાથી કહ્યું છે કે તમે એટલે નવી નગરપાલિકા આ દિશામાં સંતોષકારક કામ કરી શકો. અને મારા પોતાના અનુભવ પરથી તમને ખાતરી આપું છું કે સફાઈનાં આ બધાં કામોમાં કાળજી, ખંત અને જ્ઞાનની જેટલી જરૂર છે એટલી પૈસાની જરૂર નથી.

આરોગ્ય સંરક્ષણ વ્યવસ્થાની આ બાબત સાથે નિકટપણે જોડાયેલો સવાલ રેલવેના મુસાફરોની ફરિયાદોનો છે. એક વખત એવો હતો જ્યારે મેં રેલવેના મુસાફરોની ફરિયાદો પ્રગટ કરવામાં અને તે દૂર કરાવવા બાબતમાં લગભગ નિષ્ણાતની લાયકાત મેળવી લીધી હતી. મેં દુનિયાના ઘણા ભાગોમાં મુસાફરી કરી હોવાથી હું ત્રીજા વર્ગની મુસાફરી શું છે તે સમજું છું અને મેં લગભગ બધી રેલવેમાં ત્રીજા વર્ગમાં મુસાફરી કરી છે એટલે મને રેલવેના મુસાફરોની સ્થિતિનો અભ્યાસ કરવાની વિરલ તક મળી છે. અને હું ત્યારે માનતો અને આજે પણ માનું છું કે ત્રીજા વર્ગના મુસાફરોની સગવડ બાબત રેલવેના સંચાલકો ગુનાહિત હદે દોષિત છે. તેમ હું એવા અનુમાન પર પણ આવ્યો છું અને હજી પણ હું એમ માનું છું કે એટલી જ મહત્ત્વની બાબતોમાં રેલવે મુસાફરો પોતે પણ એટલા જ પ્રમાણમાં જવાબદાર છે. મને બરાબર ખબર છે કે રેલવેને સૌથી મોટી આવક ત્રીજા વર્ગના મુસાફરો પાસેથી મળે છે. અને પહેલા વર્ગના મુસાફરોને કારણે રેલવેને લગભગ ખોટ વેઠવી પડે છે. હું જાણું છું કે રેલવે બોર્ડ ત્રીજા વર્ગના મુસાફરો માટે પૂરતી જગ્યાની વ્યવસ્થા નથી કરતું; તેમ જ તેમને માટે ગાડીમાં કે સ્ટેશન પર આરોગ્ય સંરક્ષણની પ્રાથમિક જરૂરિયાતોનો બંદોબસ્ત પણ નથી કરતું. મને સમય હોત તો આ બધી વસ્તુઓ અને બીજી ઘણી વસ્તુઓ વિશે તમને કહી શકત. આ બધી વસ્તુઓ સુધારકનું ધ્યાન માગી લે છે. પણ હવે થોડો વખત આપણે આપણી પોતાની તરફ નજર કરીએ. રેલવેના ડબ્બાઓમાં અને સ્ટેશનો પર સ્વચ્છતા બાબતની આપણી પોતાની બેદરકારી રેલવે બોર્ડની બેદરકારી કરતાં ઓછી નથી. અને હું જાણું છું કે જ્યારે હું ત્રીજા વર્ગના મુસાફરો સંબંધમાં રાહત ટુકડીઓ ઊભી કરી રહ્યો હતો ત્યારે ત્રીજા વર્ગના મુસાફરોને સફાઈની પ્રાથમિક જરૂરિયાતો સંબંધી કેળવણી આપવાના ખાસ કામ માટે સ્વયંસેવકોની ભરતી કરવામાં મને કેટલી મુશ્કેલી પડી હતી. રેલવે મુસાફરોની અવરજવર અંગેની મુશ્કેલીઓમાં મદદરૂપ થવા ઇચ્છતા સુધારકે નગરપાલિકાની પ્રવૃત્તિને વિસ્તૃત કરવી જોઈશે. ઘરનાં છોકરાં ઘંટી ચાટે ને ઉપાધ્યાયને આટો, એ કહેવત અનુસાર સુધારકોએ પોતાનું કામ મુસાફરોથી શરૂ કરવું જોઈએ અને તેમને ધીરજ અને નમ્રતાપૂર્વક અંગત સ્વચ્છતાની અને સાથેના મુસાફરોનો ખ્યાલ રાખવાની આદત પાડવી જોઈએ. હું આ ઉપયોગી સંઘને સૂચવું છું કે આ એક વિશિષ્ટ કાર્ય છે જેને માટે દરેક સુધારક ગર્વ લઈ શકે. . . .[૧]

[મૂળ અંગ્રેજી]

हिन्दु, ૪–૧૦–૧૯૨૭

૧. ત્યાર પછી ગાંધીજી ખાદી વિશે બોલ્યા.

Gandhi Heritage Portal

## ૫૨. મીરાંબહેનને પત્ર

ઑક્ટોબર ૩, ૧૯૨૭

ચિ. મીરાં,

આજે સવારે હું આ બીજો પત્ર લખું છું. ટપાલ અહીંથી સવારના ૧૧ વાગ્યે નીકળવી જોઈએ. પહેલો પત્ર[1] દેવદાસને લખ્યો. તે હરસનું ઑપરેશન કરાવ્યા બાદ ડૉ. રાજનના દવાખાનામાં છે. તેની તબિયત હવે ઘણી સારી છે. આ ખબર ગઈ કાલે મળી હતી.

સંયુક્ત રસોડું જરા ચિંતા કરાવે છે. સુરેન્દ્ર મને લખે છે કે રસોડું બરાબર ચાલતું નથી. તારામાં શક્તિ અને આવડત હોય તો એમાં પડજે, નહીં તો રહેવા દેજે. તારા શરીર કે મગજને તાણ પડે એવું કંઈ કરીશ નહીં. તારા મન પર ઓછામાં ઓછો બોજ પડે એટલું જ કરજે.

તું અડયાર જઈ શકી તેથી મને આનંદ થયો. એક્વેરિયમ અને બીજી વસ્તુઓ જેમનો તેં ઉલ્લેખ કર્યો છે તે મેં જોઈ નથી.

સસ્નેહ,

બાપુ

[મૂળ અંગ્રેજી]

મૂળ પત્ર પરથી: સી. ડબલ્યુ. ૫૨૮૨; શ્રીમતી મીરાંબહેનના સૌજન્યથી

## ૫૩. સુરેન્દ્રને પત્ર

મૌનવાર [ઑક્ટોબર ૩, ૧૯૨૭][2]

ચિ. સુરેન્દ્ર,

તમારો કાગળ મળ્યો. વડોદરા વગેરે જવાની તમને અંતરપ્રેરણા થાય ને છગનભાઈ રજા આપે તો જજો. અહીં બેઠે આથી વિશેષ નથી કહી શકતો.

આશ્રમ મને અંતે દુ:ખી કે સુખી કરવા અસમર્થ છે. આશ્રમની પૂર્ણતા કે અપૂર્ણતા મારું પ્રતિબિંબ માનું છું એટલે મારા સુખદુ:ખનો કર્તા હું જ છું અને જો હું મટી જાય તો સુખે નથી દુ:ખે નથી. મારા બધા લખાણના અર્થ કરતાં ઉપરની લીટીઓ સાથે વાંચવી.

આશ્રમવાસી એ જ કે જે પોતાને તેવા માને. તેને સારુ અને બીજા આશ્રમમાં રહેનાર જે પોતાને સારુ પ્રાર્થના ફરજિયાત માને તેને સારુ તે ફરજિયાત છે. બાલકૃષ્ણ ગયાનું તમારા કાગળથી જાણ્યું. એ ક્યાં ગયેલ છે?

તમને શરદી પણ થાય છે એ મને ગમે તેમ નથી.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી: એસ. એન. ૯૪૦૮

૧. આ પત્ર મળતો નથી.

૨. મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરી પરથી.

Gandhi Heritage Portal

## ૫૪. સુરેન્દ્રને પત્ર

[ઑક્ટોબર ૩, ૧૯૨૭ પછી][1]

સુરેન્દ્ર,

તમારો કાગળ મળ્યો છે. નિરીક્ષણ જરૂર કરો. મને શંકા આવશે ત્યાં હું મૂકીશ નહીં. મળશું ત્યારે ઊલટતપાસ કરીશ. ખરી તપાસ તો તમે પોતે જ કરી શકશો. સહેજે સંતોષ ન માનો એટલે બસ છે. આપણી શુદ્ધિ આપણાં કાર્યમાં પરિણમવી જોઈએ. નાક સુધારજો. મોરથૂથુંથી કે શાથી એ વિસાત વિનાની વાત છે.

વધારે હમણાં ન લખાય.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી: એસ. એન. ૯૪૧૫

## ૫૫. આશ્રમની બહેનોને પત્ર[2]

મૌનવાર, આસો સુદ ૮,[3] '૮૩, ઑક્ટોબર ૩, ૧૯૨૭

બહેનો,

તમારા તરફથી આ વખતે જે જવાબ આવ્યો છે તે તો કેમ જાણે મેં મારા ગયા કાગળમાં કલ્પી જ લીધો ન હોય? જેને જેની સામે જે કંઈ હોય તે બહાર લાવી કાઢી નાખે એ આત્મશુદ્ધિનું પ્રથમ પગથિયું છે. આપણા પડોશી પ્રત્યે આપણા મનમાં મેલ હોય, વહેમ હોય તે દૂર ન કરીએ ત્યાં લગી તેના પ્રત્યે પ્રેમ રાખવાનો પહેલો પાઠ પણ આપણે આચરી ન શકીએ. આશ્રમમાં આટલું તો ઓછામાં ઓછું કરવાની આપણી શક્તિ હોવી જોઈએ.

પ્રાર્થના વિશે હજુ ખૂબ વિચાર કરજો. હું પણ આટલું તો માનું જ છું કે અત્યારે સાત વાગ્યાનો ખાસ સમય છે તે તો કદી ન જ છોડવો જોઈએ. તમારા વર્ગને આત્માવાળો કરવાનો ખાસ ધર્મ તમે સ્વીકાર્યો છે. અત્યારે તો હું આટલી સૂચના કરું છું. પોતાની શક્તિ ને ઇચ્છા હોય તે બહેન બીજા કોઈનો વાદ ન કરતાં ચાર વાગ્યાની પ્રાર્થનામાં જવાની પ્રતિજ્ઞા કરે. ને પછી ગમે તે કષ્ટ સહન કરીને પણ તંદુરસ્ત હોય ત્યાં લગી તે પાળે.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી: જી. એન. ૩૬૬૯ તથા બાપુના પત્રો–૧: આશ્રમની બહેનોને, પા. ૪૦

૧. સુરેન્દ્રને શરદી થઈ હોવાના ઉલ્લેખ પરથી, જુઓ આ પહેલાંનો લેખ.
૨. તારીખ પ્રમાણે આ અને પછીના કાગળનો ક્રમ બદલ્યો છે.
૩. મૌનવાર (સોમવાર) અને તારીખ પ્રમાણે આસો સુદ ૭, જોઈએ.

Gandhi Heritage Portal

## ૫૬. મીરાંબહેનને પત્ર

ઑક્ટોબર ૪, ૧૯૨૭

ચિ. મીરાં,

તું મારી પાસેથી ગઈ ત્યાર પછી એકે દિવસ તને પત્ર લખ્યા વગર નથી ગયો. પણ સંભવ છે કે ગઈ કાલ (સોમવાર)નો પત્ર મળ્યા પછીને દિવસે આ પત્ર તને ન મળે. કારણ કે હવે હું દક્ષિણમાં આગળ જાઉં છું તેથી આપણી વચ્ચેનું અંતર વધતું જાય છે. તેમ છતાં આ પત્ર તને ગઈ કાલનો પત્ર મળે તેને બીજે દિવસે મળી જાય ખરો. ગરમી એટલી છે કે હવે વધુ લખી શકાય તેમ નથી અને હમણાં જ જે સભા થવાની છે તેને માટે મારે તૈયાર થવું જોઈએ. ગરમી હોવા છતાં મારી તબિયત સારી રહે છે. તારી તબિયત સારી છે?

સસ્નેહ,

બાપુ

[મૂળ અંગ્રેજી]

મૂળ પત્ર પરથી : સી. ડબલ્યુ. ૫૨૮૩; શ્રીમતી મીરાંબહેનના સૌજન્યથી

## ૫૭. વિઠ્ઠલદાસ જેરાજાણીને પત્ર

આસો સુદ ૮ [ઑક્ટોબર ૪, ૧૯૨૭]

ભાઈશ્રી ૫ વિઠ્ઠલદાસ,

તમારી પત્રિકા જોઈ. ભલે કાઢી. કાઢી છે તેને આગ્રહપૂર્વક નિભાવજો. પત્રિકામાં ખાદી-સ્તુતિને એક કરતાં વધારે કૉલમ ન દેજો. પણ ખાદીની ખબરોથી તેને ભરી મૂકજો. જુદા જુદા પ્રાંતની ખાદી-પ્રગતિની ખબર આપજો. તેની પાછળ ખૂબ ખંત અને જ્ઞાનની જરૂર છે. એ બતાવો તો પત્રિકા અમૂલ્ય થઈ પડે.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી : જી. એન. ૯૭૬૩

Gandhi Heritage Portal

## ૫૮. રાજપાલયમમાં સ્ત્રીઓની સભામાં ભાષણ

ઑક્ટોબર ૪, ૧૯૨૭

મહાત્માજીએ સભાને હિંદીમાં સંબોધી અને એનો તેલગુમાં અનુવાદ કરવામાં આવ્યો. માનપત્ર અને થેલીઓ બદલ આભાર માનતાં તેમણે કહ્યું કે, તમે આ પૈસા દરિદ્રનારાયણ માટે આપ્યા છે. પણ આ પૈસાનો સ્વીકાર કરતાં મને આનંદની અને દુઃખની મિશ્ર લાગણી થઈ છે. તમે ખાદી માટે પૈસા આપ્યા તેથી આનંદ થયો, અને છેલ્લાં છસાત વરસથી તમારી વચ્ચે ખાદીપ્રચાર માટે ઘણું કામ કર્યા પછી પણ તમારામાંથી ઘણી ઓછી બહેનોએ ખાદી પહેરી છે એ જોઈને દુઃખ થયું. મહાત્માજીએ કહ્યું કે તમે આંધ્રની ક્ષત્રિય બહેનો શા માટે પડદો પાળો છો એ હું સમજી શકતો નથી. જો તમે ઘરમાં પુરાઈ રહેશો, કદી બહાર નહીં આવો તો દુનિયામાં શું ચાલી રહ્યું છે તે જાણી શકશો નહીં. હું ઇચ્છું છું કે તમે પરદેશી કાપડ ફેંકી દો અને માત્ર ખાદી પહેરો. હું જોઉં છું કે તમે લોકો પૈસાદાર છો, પણ હું તમને કહું છું કે એવી હજારો ગરીબ બહેનો છે જેમને દિવસમાં એક ટંક પણ ખાવાનું મળતું નથી. એ બહેનોને રેંટિયો આજીવિકા આપી શકે. પણ તમે ધનિક લોકો ખાદી ન પહેરો તો એ તમારી ગરીબ બહેનો કંઈ પણ કમાઈ શકે નહીં. યાદ રાખો કે આ દેશના દરેક પુરુષ, સ્ત્રી અને બાળકે એક ધર્મ પાળવાનો છે. અને એ ધર્મ છે ખાદી પહેરવાનો. સીતાદેવીએ પોતાનો ધર્મ પાળ્યો તેમ તમારે તમારો ધર્મ પાળવાનો છે અને જો તમે સૌ સીતાની પેઠે વર્તવાનો પ્રયત્ન કરશો તો હું કહું છું કે રામરાજ્ય અસ્તિત્વમાં આવશે. જો તમે તમારાં ગરીબ ભાઈબહેનો માટે સહાનુભૂતિ અને પ્રેમની ભાવના ન રાખી શકો તો તમારા જીવવાનો શો અર્થ? રાજપાલયમની ખાદી ઘણી સરસ હોય છે અને સો રેંટિયા મફત આપીને ખાદીપ્રચારનો પ્રયત્ન થઈ રહ્યો છે તેથી તેમણે કાંતેલી ને વણેલી ખાદી પહેરવા હું તમને વિનંતી કરું છું. તમે જે પૈસા આપ્યા છે તે ખાદીના ઉત્પાદન માટે અને જેમને રેંટિયા જોઈતા હોય તેમને રેંટિયા પૂરા પાડવા માટે વાપરવામાં આવશે. અંતમાં મહાત્માજીએ સ્ત્રીઓને ખાદી ફાળામાં પૈસા અને ઘરેણાં આપવા અપીલ કરી અને કહ્યું કે ઘરેણાં નહીં પણ પવિત્ર હૃદય જ સ્ત્રીને સૌંદર્ય અર્પે છે. ગાંધીજીએ કહ્યું, મારી તમને સલાહ છે કે તમે તમારાં બાળકોને ઘરેણાંથી લાદશો નહીં, પણ તેમને સારી કેળવણી ને તાલીમ આપજો અને તમારી પુત્રીઓને ૧૬, ૧૭ વરસની ઉંમર થયા પહેલાં પરણાવશો નહીં.

[મૂળ અંગ્રેજી]

हिन्दु, ૬-૧૦-૧૯૨૭

Gandhi Heritage Portal

# ૫૯. રાજપાલયમના ખાદી વસ્ત્રાલયમાં ભાષણ

ઑક્ટોબર ૪, ૧૯૨૭

આ શુભ કાર્ય[1] માટે પૈસા મેળવવામાં તમને મુશ્કેલી નહીં પડે. પણ જોજો બહુ નફાની દૃષ્ટિ ન રાખશો.[2] પોતાને માટે નફો કરવાની અને મોટાં મોટાં ડિવિડન્ડો આપવાની ગણતરીથી જ્યારે કોઈ માણસ, ઉદાહરણ તરીકે, કોઈ મિલમાં મૂડી રોકે છે ત્યારે, તમારામાંના કેટલાક કદાચ જાણે છે તેમ, થોડાં વર્ષો સુધી એને પોતાની મૂડીનું કોઈ પણ જાતનું વળતર મળતું નથી. પણ તમે તો મિલમાલિકો કરતાં વધારે ઊંચો ઉદ્દેશ રાખો છો એમ હું ઇચ્છું છું. મતલબ કે તમે તમારી રોકેલી મૂડી પરનો નફો જતો ન કરવાનો આગ્રહ ભલે રાખો પરંતુ એમાંથી બહુ મોટો નફો ખાવાની ઇચ્છા તો તમારે ન જ રાખવી જોઈએ.[3] મોટાંમોટાં મંડળો નફાની દૃષ્ટિ ઓછી રાખે છે; નફો પણ ઘણો નફો ચડાવીને નથી મેળવતા પણ પોતાની મોટી રોકડમાંથી મેળવે છે. બૅંક ઑફ ઇંગ્લંડ એ દુનિયામાં મોટામાં મોટી શરાફી પેઢી કહેવાય. એની શાખની તોલે આવે એવી શાખ ભાગ્યે જ બીજા કોઈ મંડળની હશે, અને એ મંડળનો ઇતિહાસ તો એક ચમત્કાર કથા જેવો છે. ઉત્તમોત્તમ અંગ્રેજોએ આ સંસ્થામાં પોતાના પ્રાણ રેડ્યા છે, અને પરિણામે આજે તે સંસ્થા અપૂર્વ શાખ ભોગવી રહી છે. અને તેનું કારણ એ છે કે તેણે નાનકડી રોકાતમાંથી મોટો નફો કરવાનું લક્ષ્ય ન રાખતાં લખલૂટ રોકાત રોકીને નફો કરવાની નેમ રાખી છે. એટલે તમે મોટો નફો મેળવવાનું લક્ષ્ય ન રાખતાં કાંતનારાઓનું હિત જ વિચારજો. વઢવાડ ન કરશો, સંપ વધારશો અને ધનપતિ થવાનો લોભ મર્યાદામાં રાખશો, તો તમારી શાખ બૅંક ઑફ ઇંગ્લંડથી પણ વધી જશે. એ બૅંકની સાથે ધીરધાર કરનારા શ્રીમંતો અને મોટા માણસો હોય છે. તેમનાં નામોને માટે મોટી મોટી ખાતાવહી રાખવી પડે, પણ તમારી સાથે લેવડદેવડ કરનાર તો એટલા બધા હશે કે મોટામાં મોટી ખાતાવહી તેને માટે અધૂરી નીવડશે. મેં તમને કહ્યું છે તે કરવામાં જરા દૂરદૃષ્ટિ જોઈએ એટલું જ. તમને લાગતું હશે કે હું શેખચલ્લીશાહી વાતો કરું છું. પણ તેમ નથી. મને વિશ્વાસ છે કે આખા હિંદુસ્તાનનો હું વિશ્વાસ મેળવી શકું તો અખિલ ભારત ચરખા સંઘને હું મોટામાં મોટું સહકારી મંડળ બનાવી શકું. એ સમય આવતાં ભલે વાર લાગે, પણ આવશે એ નક્કી છે. તમે તો તમારી સાથે વ્યવહાર રાખનાર સૌનો વિશ્વાસ મેળવો એટલે બસ છે. અને એ વિશ્વાસ મેળવવા માટે તમે જેમાંથી પૈસા રળો છો તેમને ચૂસીને ખાલી ખોખાં કરવા ન મથશો, પણ મર્યાદિત લાભ મેળવવાની જ નેમ રાખજો. અમુક જ નફો ચડાવવાના અને બીજા એવા જ સાદા નિયમો કરીને મંડળ પાસે કડકપણે તે પળાવશો તો તમને સફળતા જ મળવાની છે.

[મૂળ અંગ્રેજી]

हिन्दु, ६–१०–१९२७ અને यंग इन्डिया, १३–१०–१९२७

ભાષાંતર : नवजीवन, १६–१०–१९२७

૧. કુલ રૂ. ૩૦,૦૦૦ની શૅર મૂડીવાળાં ત્રણ ખાદી ઉત્પાદન કેન્દ્રોને જોડી દેવાની વાતનો ઉલ્લેખ છે.

૨. અને ૩. આ બે વચ્ચેના ભાગનું ભાષાંતર नवजीवनમાં નથી. અંગ્રેજી આવૃત્તિને આધારે તેનો અનુવાદ આપ્યો છે.

Gandhi Heritage Portal

## ૯૦. રાજપાલયમની જાહેર સભામાં ભાષણ

ઑક્ટોબર ૪, ૧૯૨૭

તમારાં માનપત્રો, થેલીઓ તથા જુદી જુદી જગ્યાએથી મળેલા સૂતર માટે પણ હું તમારો આભાર માનું છું. આ ઘણા જ મહત્ત્વના ખાદી કેન્દ્રમાં હું આવી શકયો તેથી મને ઘણો આનંદ થયો. ઘણા કાંતનારાઓને કાંતતા જોવાનો અને તેમને મળવાનો મને મોકો મળ્યો તેથી મને ખુશી થઈ. તેઓમાં ઘણી વૃદ્ધ સ્ત્રીઓ હતી. કેટલીક તો સિત્તેર વરસની પણ છે. તેમની ઉંમર તેમણે કહી તેથી પણ વધારે હોય તો મને આશ્ચર્ય નહીં થાય, કારણ કે તેઓ તો અટકળે જ એમની ઉંમર કહેતી હતી. મેં તેમને સૌને પૂછયું કે તમારી માસિક કમાણી કેટલી છે? અને મને એ જાણીને સાનંદાશ્ચર્ય થયું કે તેમાંની કેટલીક સ્ત્રીઓની માસિક કમાણી ૪ રૂપિયાથી વધુ છે. હિંદના બીજા ભાગોમાં કાંતનારા કમાય છે તેના કરતાં આ ઘણું વધારે છે. પણ તેથી તમે એવું અનુમાન ન કરતાં કે તમે તેમને બીજી જગ્યા કરતાં વધારે મજૂરી આપો છો. કારણ એ છે કે તેઓ વધારે ઉદ્યોગી છે, વધારે કુશળ છે અને કાંતવામાં વધારે સમય આપી શકે છે. હિંદના બીજા ભાગોમાં બીજાં કાંતનારાં જાતે રૂ પીંજતાં નથી જ્યારે આ સ્ત્રીઓ જાતે રૂ પીંજી લે છે અથવા પોતાનાં સગાંસંબંધીઓ પાસે પીંજાવી લે છે. આ ઉપરથી તમે જોઈ શકો છો કે રેંટિયામાં કેટલી સંભાવનાઓ ભરી છે. અને છતાં મારે તમને કહેવું જોઈએ કે આ સ્ત્રીઓ ખરેખર દેશની ગરીબમાં ગરીબ કાંતનારીઓ નથી. તેઓમાં કેટલીક તો સારા કુટુંબની છે. મારી નજર તો લાખો ભૂખે મરતાં લોકો, જેમાંના થોડાકને પણ આપણે હજી પહોંચ્યા નથી તેમના તરફ ખાસ મંડાયેલી છે. આ બહેનોને મળ્યા પછી મને સ્ત્રીઓની એક બીજી સભામાં લઈ જવામાં આવ્યો. એ બહેનોને પરદાનશીન જોઈને મને આશ્ચર્ય થયું. પણ તેઓ કાંતનારી તો નહોતી જ. મને જાણવા મળ્યું કે તેઓ જીવનમાં પહેલી વાર આ રીતે સભામાં એકઠી થઈ હતી. હું ઇચ્છું છું કે તમે આ પરદો ફગાવી દો અને તમે સૌ કોઈના હિતમાં અનેક વાર એકઠાં થઈ શકે તે માટે સગવડ કરી આપો. આ ભારે ઘરેણાં ને કપડાંથી લદાયેલી બહેનો અને પેલી કાંતનારી બહેનો વચ્ચેનો ફરક કલ્પના પણ ન થઈ શકે એટલો ભયંકર હતો. આ પરદાનશીન બહેનોએ એકંદરે ખૂબ જ ઘરેણાં અને ઘણી કીમતી સાડીઓ પહેરી હતી. હું આ ધનિક લોકોને કહું છું કે સાચો સદ્‌ગુણ અને પવિત્રતા ઘરેણાં અને કીમતી સાડીઓના શણગારમાં નથી. સમૃદ્ધિનું આવું પ્રદર્શન જીવનમાં કદી ન કરવું જોઈએ. ધન તો ટ્રસ્ટ છે. એનો ઉપયોગ ઈશ્વરને નામે અને સઘળા ગરીબોના હિતાર્થે કરવો જોઈએ. સારા ઉછેરનું લક્ષણ કીમતી કપડાં, ઘરેણાં પહેરવામાં નહીં પણ પરોપકારનાં અને સમાજોપયોગી કામો કરવામાં રહેલું છે. એ બહેનોને મેં કંઈક આ સૂરમાં વાત કરી. પણ હું જાણું છું કે તેમના પુરુષોની મદદ વિના તેમને માટે પહેલું પગલું ભરવું શકય નથી. તેથી ખાદીનો સંદેશો બહેનોને પહોંચાડવા હું તમને અપીલ કરું છું. અને આપણા જીવનને સાદું બનાવવા માટે હું ખાદી જેવી શક્તિશાળી બીજી કોઈ વસ્તુ જાણતો નથી. દરેક ધનિક ઘરમાં, જ્યાં ખાદીએ પ્રવેશ કર્યો છે ત્યાં તેણે તે ઘરના લોકોના જીવનમાં ક્રાંતિ આણી છે. કોણ જાણે કેમ પણ બહુ ઘરેણાંના શણગાર સાથે ખાદીનો મેળ બેસતો નથી. તેથી મેં ખાદીને અમીર અને ગરીબ વચ્ચેના પુલ જેવી ગણી છે. તેથી હું

Gandhi Heritage Portal

આશા રાખું છું કે તમે તમારું અને તમારી સ્ત્રીઓનું જીવન એવું બનાવશો જેથી તેમનાં જીવન, અને આજે મેં જે કાંતનારી સ્ત્રીઓ જોઈ તેમનાં જીવન વચ્ચે કંઈ સમાનતા આવે અને ધનિક અને ગરીબ વચ્ચે આજે જે ભયંકર અસમાનતા છે તે દૂર થાય. આ બે સભાઓ પૂરી થયા પછી હુ ખાદી સંઘના સભ્યોને મળ્યો. તેઓ વીસેક જણ છે અને તેમણે સાથે મળીને ખાદીના વિકાસ માટે પોતાના ધનમાંથી અમુક ભાગ આપવાનો નિર્ણય કર્યો છે. અને જો આ સંઘના સભ્યોમાં ખાદીની યોગ્ય ભાવના હોય તો તેમનું આ પગલું સાચી દિશામાં છે એમાં મને શંકા નથી. આ ખાદીના કામમાં જે કોઈ આવે તેણે ટ્રસ્ટીની ભાવનાથી આવવું જોઈએ. લાખો કાંતનારાંના હિતને બીજી કોઈ પણ વસ્તુ કરતાં પહેલું સ્થાન આપવું જોઈએ. સામાન્ય વેપારમાં સિદ્ધાંત એ છે કે આપણે આપણી ચિંતા કરીએ અને જેની સાથે આપણે ધંધો કરીએ છીએ તેઓ તેમની પોતાની ચિંતા કરે. ખાદીના વેપારમાં એથી ઊલટી સ્થિતિ છે. આપણે, એટલે આ ફાળો એકઠો કરનાર હું, ખાદીનો વેપાર કરનાર વેપારીઓ, અને ખાદીનું કામ ગોઠવનારાઓ જેઓ ગામડાંમાં જાય છે તેઓ, સૌએ પોતાને કાંતનારાઓના ટ્રસ્ટી ગણવા જોઈએ. આપણું અસ્તિત્વ તેમને માટે, કેવળ તેમને જ માટે છે. ખાદીની સફળતા માટે આને હું એક અનિવાર્ય શરત માનું છું. અને જેમ એક ટ્રસ્ટી પણ કમિશન મેળવવાને પાત્ર છે તેમ ખાદીના વિકાસ-કાર્યમાં પડેલા લોકો છેવટે જોશે કે તેમણે પોતે કંઈ ખોયું નથી, ઊલટું, કાંતનારાઓને અને તેથી તેમને પોતાને લાભ થયો છે. આ ઉદ્દેશથી તમે મને આ બધી થેલીઓ આપી છે. એ રીતે વિચાર કરીએ તો તમારી થેલીઓ બહુ ભારે ન ગણાવી જોઈએ. દરિદ્રનારાયણ માટે જેટલું આપો તેટલું ઓછું છે. આપણે શહેરોમાં રહેનારાઓ એ કરોડો શ્રમજીવીઓની મહેનત પર જીવીએ છીએ. તેના બદલામાં તેમને કંઈ આપવાની યોજના આપણે આ ખાદીકાર્ય દ્વારા કરી શકીએ. તેથી જે ગૃહસ્થોએ આ પરદાનશીન બહેનોને સૌથી વધુ રેંટિયા ભેટ આપ્યા છે તેમને હું અભિનંદન આપું છું. કારણ કે આ પગલું પણ એ જ દિશામાં લેવાયું છે. અને આ સારી સ્થિતિવાળી બહેનો ત્યાગની ભાવનાથી એ રેંટિયા પર કાંતશે તો તે તેમને પોતાને માટે અને ગરીબ કાંતનારીઓ માટે આશીર્વાદરૂપ થશે. અને હું આશા રાખું છું કે આ સ્થાન, જેણે સારું ખાદીકામ થવાની શકયતા બતાવી આપી છે તે આ દિશામાં પ્રગતિ કરવાનું ચાલુ રાખશે.

ગઈ કાલે વિરુધુનગરમાં હું કેટલાક નાદારમિત્રો સાથે જે વિષયની વાત કરતો હતો તે વિશે તમારો થોડો સમય લઉં. નાદારો એ એક સાહસિક કોમ છે. એઓ પૈસેટકે સુખી છે અને એમણે કેટલાક બહુ ઉમદા અને ચોખ્ખા ગુણો કેળવ્યા છે. એઓ એક સુવ્યવસ્થિત હાઈસ્કૂલ ચલાવે છે અને એમાં નાદાર કોમના હોય કે બીજી કોમના હોય, સૌ વિદ્યાર્થીઓને મફત શિક્ષણ આપવામાં આવે છે. શાળાઓની માફક એમનાં મંદિરો પણ સૌ માટે ખુલ્લાં હોય છે. સાર્વજનિક ઉપયોગ માટે એમણે બગીચાઓ ખુલ્લા મૂકયા છે. આ બધું સૌએ અનુકરણ કરવા યોગ્ય છે. એટલે, જ્યારે મને એમ કહેવામાં આવ્યું કે આ શુદ્ધ રહેણીકરણીવાળા માણસોને મદુરા અને તિનેવેલી વચ્ચેનાં મંદિરોમાં જવા સામે પ્રતિબંધ છે ત્યારે મને કેટલું કલેશદાયક આશ્ચર્ય થયું હશે તેની તમે કલ્પના કરી શકશો. મીનાક્ષીનું મંદિર મદુરામાં છે. હું ત્યાં ન જઈ શકયો તે કેવળ સમયના અભાવે; પણ જ્યારે મેં જાણ્યું કે નાદારોનો એ મંદિરમાં પ્રવેશવાનો હક નથી ત્યારે મને થયું કે ભલું થયું કે એ મંદિરમાં હું ન ગયો. દરેક મંદિરમાં જતાં મને નામોશી લાગે છે કે આ સ્થાને મનુષ્યજાતિના એક મોટા ભાગને પ્રવેશ કરવાનો અધિકાર નથી. આપણે આપણી

૧. એક અનુપસાર્ય જાતિ.

Gandhi Heritage Portal

હઠ અને દુષ્ટ પ્રથાથી ઈશ્વરને પણ અસ્પૃશ્ય કરી મૂક્યો છે. મને તો એક નાયાડી[૧] અને મારી વચ્ચે લેશમાત્ર તફાવત દેખાતો નથી. નાયાડીને ન હોય એવો એક પણ હક ભોગવવાની મને દરકાર નથી. અને તેથી હું જેમ જેમ દક્ષિણમાં જાઉં તેમ તેમ મારી જાતને નાયાડી તરીકે ઓળખાવતાં મને આનંદ આવે છે. અને છતાં ટેવને કારણે હું સમજતો થયો છું કે અસ્પૃશ્ય, અનુપસાર્ય અને અદૃશ્ય આ મંદિરમાં પ્રવેશી શકે નહીં. એમ નથી કે ઈશ્વરના દરબારમાં કોઈ પણ માણસના પ્રવેશ સામેના પ્રતિબંધમાં લેશમાત્ર ન્યાય રહેલો છે. પણ નાદારો સામેનો આ અર્થહીન સ્થાનિક પ્રતિબંધ સહન કરી લેવો એ મારા માટે અશક્ય હતું.[૧] તમે આ સભામાં બેઠેલા લોકો, આ દિશામાં કંઈ કરી શકો કે નહીં, તે હું જાણતો નથી. પણ એક ઉપાય છે જે વડે તમે ઇચ્છો તો દરેક જણ મદદ કરી શકો. કારણ કે આ મૂર્ખાઈભરેલો પ્રતિબંધ આખરે તો એ અંદરથી કોરી ખાનાર રોગનું જ લક્ષણ છે. એ ખરેખર તો અસ્પૃશ્યતા અને નાતજાતના શાપનું પરિણામ છે. હું વર્ણાશ્રમ અને નાતજાત વચ્ચે સ્પષ્ટ ભેદ પાડું છું. અસ્પૃશ્યતાને એક અક્ષમ્ય પાપ અને હિંદુ ધર્મ પરનું મોટું કલંક માનું છું. જ્ઞાતિપ્રથાને હું આપણી પ્રગતિના માર્ગમાં એક રુકાવટ અને એક વર્ગનો પોતાને બીજા વર્ગ કરતાં શ્રેષ્ઠ માની લેવાનો ઘમંડભર્યો દાવો માનું છું. અને અસ્પૃશ્યતા એનો ખરાબમાં ખરાબ નમૂનો છે. હવે આપણે અસ્પૃશ્યતા અને નાતજાતના કલંકથી તરત મુક્ત થવું જોઈએ. વર્ણાશ્રમને આપણે અસ્પૃશ્યતા કે જ્ઞાતિપ્રથા સાથે ભેળવી દઈને ઉતારી ન પાડીએ. વર્ણાશ્રમની મારી કલ્પનામાં વર્તમાન અસ્પૃશ્યતા અને નાતજાતના ભેદ જેવી કોઈ વસ્તુ નથી. વર્ણને ઊંચનીચની ભાવના સાથે કંઈ સંબંધ નથી. વર્ણ એ માનવસુખમાં સાધનભૂત બનતા એક નિશ્ચિત કાનૂનની સ્વીકૃતિ છે. અને એનો અર્થ એટલો જ છે કે આપણે આપણા પૂર્વજો પાસેથી મળેલા તમામ સારા ગુણોને કીમતી ગણીને સંઘરવા જોઈએ અને તેથી દરેક જણે પોતાના બાપદાદાનો ધંધો કરવો જોઈએ; સિવાય કે એ ધંધો અનૈતિક હોય. અને જે કોઈ માણસ માનતો હોય કે મનુષ્ય પોતાના સરજનહારની ભક્તિ કરવા જન્મે છે તે એટલું તો જરૂર સ્વીકારશે કે જો તે પોતાનો સમય નવા ધંધા શોધવામાં નહીં બગાડે તો જ તે પોતાના જીવનનો ઉદ્દેશ પાર પાડી શકશે. એટલે તમે જોશો કે વર્ણની આ કલ્પના અને જ્ઞાતિ વચ્ચે કશું સામ્ય નથી. અને તેથી હું તમને કહીશ કે અસ્પૃશ્યતાના આ શાપ સામે લડવા કમર કસો અને દરેક મંદિર નાતજાતના ભેદ સિવાય સૌને માટે ખુલ્લું મૂકવામાં આવે તે માટે તમારી બધી લાગવગનો ઉપયોગ કરો. કોઈને પણ માટે આપણાં મંદિરોનાં દ્વાર બંધ કરીને, આપણે ખુદ ઈશ્વરને અસ્પૃશ્ય બનાવીએ છીએ, એ વાત આપણે ભૂલી જઈએ છીએ.

આ પ્રવાસ દરમ્યાન આવી જ સભાઓમાં મેં જે બીજી બાબતોની ચર્ચા કરી છે તે બાબતો વિશે હવે મારે તમારો સમય ન લેવો જોઈએ. હું તમારી સાથે કંઈક વેપાર કરવા માગું છું. સભામાં બહેનોએ આપેલાં કેટલાંક ઘરેણાં મારી પાસે છે. તમે જાણો છો કે આવી સભાઓમાં મેં આવી ઝવેરાતની વસ્તુઓ વેચી છે. કારણ કે આવી કોઈ વસ્તુનો હું પોતે ઉપયોગ કરી શકું તેમ નથી, તેમ જ માનપત્રોની ભારે ફ્રેમો પણ મારી સાથે ફેરવી શકું તેમ નથી. મારી પાસે ખરેખર એવી જગ્યા પણ નથી જ્યાં હું એ બધાં માનપત્રોને ટીંગાડી શકું. અને રોજ રોજ એક જગ્યાએથી બીજી જગ્યાએ જવાની દોડધામમાં આ વસ્તુઓ સાથે ફેરવવી એ ઘણું મુશ્કેલ કામ છે. તેથી આ વસ્તુઓની માગણી કરીને મને તેમના ભારથી મુક્ત કરવા હું તમને વિનંતી કરું છું. આ થેલીઓમાં જેમણે ફાળો નથી આપ્યો એવા ઘણા માણસો સભામાં હાજર છે, એમાં

૧. આ પૅરેગ્રાફનું અહીં સુધીનું ભાષાંતર મહાદેવભાઈની ડાયરી, પુસ્તક અગિયારમાંથી આપ્યું છે.

Gandhi Heritage Portal

મને શંકા નથી. વળી કેટલાકે પૂરતો ફાળો નથી આપ્યો એ વિશે પણ મને શંકા નથી. હવે મારી વાત સાંભળ્યા પછી તમારા મનમાં ખાદીના મહત્ત્વ વિશે, દેશની તે મહાન સેવા કરે છે તે વિશે કશી શંકા ન હોય તો, અને જો તમને ખાતરી થઈ હોય કે તમારે ઓછામાં ઓછું નહીં પણ બની શકે તેટલું વધારે આપવું જોઈએ, તો તમારાં પૈસાનાં પાકીટ ખોલી દો.

[મૂળ અંગ્રેજી]

हिन्दु, ૬–૧૦–૧૯૨૭

## ૬૧. સુરેન્દ્રને પત્ર

[ઑક્ટોબર ૪, ૧૯૨૭ આસપાસ][1]

ચિ. સુરેન્દ્ર,

તમારો કાગળ મળ્યો છે. શારદાબહેન વિશે તો શરતચૂક જ થઈ ગયેલ. ક્યારની સુધરી ગઈ છે એમ ચિ. મગનલાલે કહ્યું છે. તેને હું કાલે કાગળ લખવા ધારું છું.

સવારે ઊઠવા બાબત બધાને મળીને જે ફેરફાર કરવો ઘટે તે અવશ્ય કરવો. મારે દુરાગ્રહ તો કરવાનો ન જ હોય. બધાની તબિયત સારી રહે એ પહેલી આવશ્યકતા છે એમાં શંકા નથી. જેને ચાર વાગ્યે ઊઠવાનું સહજ હોય તે ભલે ૪ વાગ્યે ઊઠે ને બીજા બધા ઘંટ ટાણે.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી : એસ. એન. ૯૪૧૩

## ૬૧ (૧). એક શ્રીમંત બહેન સાથે વાતચીત

ઑક્ટોબર ૪, ૧૯૨૭

એક શ્રીમંત બહેનને ચરખો આપતાં ગાંધીજીને તેની સાથે રમૂજી સંવાદ થયો :

"ચરખો કાંતશો અને ખાદી પહેરશો?"

"હા, જી."

"ક્યારથી?"

"કાલથી."

"પણ તમે તો પરણેલાં હશો ને?"

"હા, જી."

"ત્યારે કેમ થશે? તમારા પતિનું કેમ થશે? તેઓ ખાદી પહેરે છે ખરા?"

શરમાતાં શરમાતાં તેમણે કહ્યું "ના."

"ત્યારે કેમ થશે?"

"તેમની મરજી પ્રમાણે વર્તીશ."

૧. વહેલા ઊઠવાના ઉલ્લેખ પરથી, જુઓ "આશ્રમની બહેનોને પત્ર", ૪–૧૦–૧૯૨૭.

Gandhi Heritage Portal

"ત્યારે તમે મને વચન આપો છો તેનું કેમ થશે?"

બાપડી મૂંઝાઈ. એટલે ગાંધીજીએ પૂછ્યું : "તમારા પતિ ઉપર તમારો પ્રભાવ કંઈ પડતો નથી?"

વળી જરા શરમ અને સંકોચ સાથે કહ્યું, "પડે છે."

"બસ, ત્યારે પછી શું? તમે પહેરજો અને પહેરાવજો. અને તે ન પહેરવા દે તો વિનયથી તેમની આજ્ઞાનો ઇનકાર કરજો. સીતાજીએ પણ રામચંદ્રની આજ્ઞા નહોતી માની તે ખબર છે ને?"

એ વળી શું? એ બહેન બિચારી શેની કલ્પના કરી શકે? સીતા જેવી સીતાએ પતિની આજ્ઞાનું કયે દિવસે ઉલ્લંઘન કર્યું હશે? પણ ગાંધીજીએ સમજાવ્યું :

"જુઓ હું તમને કહું. વનવાસ જતાં સીતાજીને રોકયાં ત્યારે રામચંદ્રજીનું કહ્યું તેમણે માન્યું'તું કે? નહીં જ માન્યું. કારણ તેમણે વનવાસમાં રામચંદ્રજીની પાછળ પાછળ જવાનો પોતાનો ધર્મ માન્યો. એ જ રીતે તમારા પતિ તમને તમારા ધર્મના આચરણમાં – ખાદી પહેરવામાં – વિઘ્ન નાખે તો તમારે વિનયથી તેની અવગણના કરવી."

"હા," કહીને બહેન હસી, અને 'વચન પાળવાની કોશિશ કરીશ,' કહીને રજા લીધી.

[મૂળ ગુજરાતી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી; શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી તથા મહાદેવભાઈની ડાયરી, પુસ્તક અગિયારમું

## ૬૨. સુરેન્દ્રને પત્ર

[ઑકટોબર ૪, ૧૯૨૭ પછી][૧]

ચિ. સુરેન્દ્ર,

તમારો કાગળ મળ્યો. મેં ટૂંકામાં લખ્યો કે મને હજુ અસલી શક્તિ નથી આવી ગઈ અને જ્યાં ટૂંકામાં લખ્યે ચાલે ત્યાં તેમ કરું છું. મેં મારી અનુકૂળતા દર્શાવવામાં જરાયે નિરાશા નથી અનુભવી, નથી મને ક્રોધ આવ્યો. તમે બાલકૃષ્ણ ઇત્યાદિ રીઢા થયેલા જ્યારે પ્રાર્થનાના સમયમાં ફેરફાર ઇચ્છો ત્યારે કરવામાં મારે વિરોધ ન કરવો જોઈએ એ ધર્મ સમજીને હું અનુકૂળ થયો. વળી જ્યારે હું અપંગ બન્યો, ત્યાં મારું આવવાનું ક્યારે થાય તે નક્કી ન હોય ત્યારે મારે ૪ વાગ્યાના આગ્રહને વળગવું એ દુરાગ્રહમાં ખપે તેથી પણ અનુકૂળ થયો.

હું પોતે સાજો સાજો હોઉં ને હાજર હોઉં તો જુદો જ નિર્ણય કદાચ કરું એ સંભવે, પણ આરોગ્યને જોખમે તો ૪ વાગ્યાને ન વળગું. ૪ વાગ્યાની પ્રાર્થના એ કંઈ અચલિત સિદ્ધાંત નથી, એ સાધ્ય નથી, સાધન માત્ર છે.

તમારો ભાવ હું સાવ સમજી શકયો છું. મારી અનુકૂળતા તમે સમજી લેજો. હું નથી નિરાશ થયો, નથી કાયર થયો, કેવળ સાર્વજનિક હિત વિચારીને જ મેં ૪ વાગ્યાનો આગ્રહ ખેંચી લીધો છે. મગનલાલને વધારે સમજાવ્યું છે છતાં હજુ શંકા હોય તો પૂછજો.

૧. જુઓ આ પહેલાંનો લેખ ૬૧ "સુરેન્દ્રને પત્ર", [૪–૧૦–૧૯૨૭ની આસપાસ].

Gandhi Heritage Portal

બાલકૃષ્ણનો કાગળ મળ્યો છે. કાગળ મળવાથી રાજી થયો છું. અવકાશ મળ્યે લખવાનો છું. છોટેલાલને પણ કહેજો કદાચ આજ હું તેને ન લખી શકું.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી : એસ. એન. ૯૪૧૭

## ૬૩. મીરાંબહેનને પત્ર

બુધવાર [ઑક્ટોબર ૫, ૧૯૨૭][1]

ચિ. મીરાં,

હું માનું છું કે હું મદ્રાસથી ઝપાટાબંધ દૂર જઈ રહ્યો છું. તેથી તારા પત્રો મને પહોંચી શક્યા નથી. આવતી કાલે ઢગલો પત્રો મળવાની આશા રાખું છું. આ પત્ર તને માત્ર એટલું કહેવા લખ્યો છે કે મને તારું સ્મરણ રહે છે.

પ્યાર,

બાપુ

[મૂળ અંગ્રેજી]

મૂળ પત્ર પરથી : સી. ડબલ્યુ. ૫૨૯૮; શ્રીમતી મીરાંબહેનના સૌજન્યથી

## ૬૪. કોઈલપટ્ટીની જાહેર સભામાં ભાષણ

ઑક્ટોબર ૫, ૧૯૨૭

મહાત્માજીએ બધાં માનપત્રો અને થેલીઓનો સ્વીકાર કરીને આભાર માન્યો અને કહ્યું કે અહીં મને જે વસ્તુઓ મળી છે તેમનું સભા પૂરી થયા પછી, બીજી જગ્યાએ કરું છું તેમ, અહીં જ લિલામ કરીશ. કારણ કે આવી વસ્તુઓ હું મારી પાસે રાખવા ઇચ્છતો નથી. વળી આ વસ્તુઓ મારી સાથે એક જગ્યાએથી બીજી જગ્યાએ ફેરવવી મુશ્કેલ છે. અહીંના લોકો આ વસ્તુઓ લિલામમાં ખરીદીને સહેલાઈથી પોતાની પાસે રાખી શકશે અને એ રીતે તેઓ જે રકમ આપશે તેનો ઉપયોગ ગરીબોને રાહત આપવા માટે તથા દરિદ્રનારાયણની સેવા માટે કરવામાં આવશે.

એક માનપત્રમાં કહેવામાં આવ્યું હતું કે દક્ષિણ હિંદમાં બ્રાહ્મણ-બ્રાહ્મણેતર વચ્ચેનો સંબંધ ઉત્તર હિંદમાં હિંદુમુસ્લિમ વચ્ચેના સંબંધ જેવો જ વણસતો જાય છે. એ વાતનો ઉલ્લેખ કરીને મહાત્માજીએ કહ્યું કે, હું એ પ્રશ્ન સમજવાનો પ્રયત્ન કરી રહ્યો છું અને બ્રાહ્મણેતર ચળવળના નેતાઓને આ બાબત મારી સાથે ચર્ચવા જેટલો સમય આપી શકું તેટલો આપું છું. મને લાગે છે કે હવે હું આ પ્રશ્ન સમજ્યો છું, અને યંગ ઇન્ડિયામાં[2] આ સંબંધમાં લખીને આ બંને

૧. મીરાંબહેને પોતાના સંગ્રહમાં આ પત્રને ૧૯૨૭ના અંતમાં મૂકયો છે. ઑક્ટોબર, ૧૯૨૭ના પહેલા અઠવાડિયામાં ગાંધીજીએ મીરાંબહેનને રોજ પત્ર લખ્યા છે. પાંચમી તારીખનો કોઈ પત્ર મળતો નથી. તે દિવસે બુધવાર હતો. આ પત્રમાંનો વિષય તેને ૪થી અને ૬ઠ્ઠી ઑક્ટોબર, ૧૯૨૭ના પત્રો સાથે જોડી આપે છે.

૨. જુઓ "વર્ણાશ્રમ અને તેની વિડંબના", ૧૭-૧૧-૧૯૨૭.

Gandhi Heritage Portal

કોમો વચ્ચેના મતભેદ દૂર કરવાનો તથા તેમની વચ્ચે મિત્રાચારીભર્યા સંબંધો સ્થાપવાનો પ્રયત્ન કરીશ. એથી વિશેષ હું કઈ ન કરું. કારણ કે બેમાંથી એકે કોમના નેતાઓ મારી સલાહ માનશે એવો મને વિશ્વાસ નથી. બંને કોમના નેતાઓએ ભેગા થઈને મતભેદના મુદ્દાઓની ચર્ચા કરવી જોઈએ અને પરસ્પર મેળ સાધવાનો સાચા દિલથી પ્રયત્ન કરવો જોઈએ. બ્રાહ્મણો સામે બ્રાહ્મણેતરો જે ફરિયાદ કરે છે તે અમુક અંશે વાજબી છે. પણ કેટલીક વાર તેઓ વધારીને વાત કરે છે. તેમની વાજબી વાત હું સ્વીકારી લઉં, પણ બ્રાહ્મણેતરોમાં બ્રાહ્મણો પ્રત્યે જે ગેરવાજબી દ્વેષ છે તે મને પસંદ નથી. હું બ્રાહ્મણેતરોની એ વાત સાથે સંમત છું કે બ્રાહ્મણો પોતાનું કર્તવ્ય યોગ્ય રીતે બજાવતા નથી. પણ બ્રાહ્મણેતર નેતાઓ કહે છે કે બ્રાહ્મણોએ જ બધી ખરાબી ઊભી કરી છે. તેમની એ વાત હું સ્વીકારી શકતો નથી. વળી મને એવો વિશ્વાસ પણ નથી કે બ્રાહ્મણો મારી સલાહ માનીને પોતાના પુરાણા અધિકારો છોડવા તૈયાર થશે. પણ હું તમને કહું છું કે આ લડાઈ તદ્દન ગેરવાજબી છે અને આપણા દેશના હિતની વિરુદ્ધની છે. સૌથી વિશેષ તો હું બંને કોમના નેતાઓને આપસમાં વાજબી અને ન્યાયી સમાધાન કરવા આગ્રહ કરું છું. મારા અભિપ્રાયો હું યંગ ઇન્ડિયામાં પ્રગટ કરીશ. બીજાઓ તે સ્વીકારે કે ન સ્વીકારે તેની મને ચિંતા નથી. . . .[1]

[મૂળ અંગ્રેજી]

હિન્દુ, ૮–૧૦–૧૯૨૭

## ૬૫. 'રોષભર્યો વિરોધ'

એક બંગાળી શાળાના હેડ માસ્તર લખે છે :[2]

> આપે મદ્રાસમાં[3] વિદ્યાર્થીઓને માત્ર વિધવા છોકરીઓ સાથે જ લગ્ન કરવા ભાષણોમાં કહ્યું અને સલાહ આપી એથી અમને ઘણો આઘાત લાગ્યો છે.
>
> આવી સલાહ વિધવાઓની આજીવન બ્રહ્મચર્ય પાળવાની વૃત્તિનો નાશ કરશે. . . . લગ્ન સંબંધી આપના વિચારો દેહાંતર, પુનર્જન્મ અને મુક્તિની હિંદુ માન્યતાને ઊથલાવી નાખશે અને હિંદુ સમાજને બીજા સમાજોની સપાટીએ ઉતારી પાડશે જે આપણને પસંદ નથી. . . . અહલ્યાબાઈ, રાણી ભવાની, બેહુલા, સીતા, સાવિત્રી અને દમયંતીનાં ઉદાહરણો હિંદુ સમાજને માર્ગદર્શન આપશે અને આપણે તેને તેઓના આદર્શો પ્રમાણે ચલાવવો જ જોઈએ. . . .

આ રોષભર્યા વિરોધથી નથી મારા વિચારો બદલાયા કે નથી મને પશ્ચાત્તાપ થયો. એક પણ વિધવા જેનામાં ઇચ્છાશક્તિ છે, જે બ્રહ્મચર્યને સમજે છે અને તે પાળવા કટિબદ્ધ છે તે મારી સલાહથી પોતાના નિશ્ચયમાંથી ચળશે નહીં. પણ મારી સલાહનો અમલ કરવામાં આવશે તો કુમળી વયની બાળાઓ, જેઓ લગ્ન વખતે લગ્નનો અર્થ નહોતી સમજતી તેમને જરૂર ઘણી રાહત મળશે. એ બાળાઓ માટે 'વિધવા' શબ્દનો ઉપયોગ એ પવિત્ર શબ્દનો ભારે દુરુપયોગ છે. આ પત્રલેખકનો જે આશય છે એ જ આશયથી હું દેશના યુવાનોને કહેવાતી વિધવાઓ

૧. ત્યાર પછી ગાંધીજી ખાદી અને અસ્પૃશ્યતા વિશે બોલ્યા.
૨. અહીં માત્ર સારાંશ આપ્યો છે.
૩. જુઓ પુસ્તક ૩૪, લેખ ૪૧૯.

Gandhi Heritage Portal

સાથે જ લગ્ન કરવા અથવા બિલકુલ લગ્ન નહીં કરવાની સલાહ આપું છું. આ પ્રથાની પવિત્રતા, તેમાંથી બાળવૈધવ્યનો શાપ દૂર કરવામાં આવે તો જ જાળવી શકાય.

વિધવાઓ બ્રહ્મચર્ય પાળે તો તેમને મોક્ષ મળે છે એ વાતનો અનુભવ થયો હોય એવો કોઈ પણ આધાર નથી. મોક્ષ માટે કેવળ બ્રહ્મચર્ય ઉપરાંત બીજી ઘણી વસ્તુઓની આવશ્યકતા રહે છે. અને ઉપરથી લાદવામાં આવેલા બ્રહ્મચર્યમાં ખાસ કોઈ ગુણ નથી. એથી તો ઘણી વાર છૂપાં પાપ થાય છે અને જે સમાજમાં એવાં પાપ થાય છે તે સમાજની નીતિમત્તાનો હ્રાસ થાય છે. પત્રલેખક એટલી વાત સમજી લે કે હું મારા પોતાના નિરીક્ષણ પરથી લખું છું.

મારી આ સલાહને પરિણામે બાળવિધવાઓને શુદ્ધ ન્યાય મળે અને બીજી કન્યાઓને કુમળી વયે પુરુષની વિષયવાસના માટે વેચી દેવાને બદલે વય અને બુદ્ધિની દૃષ્ટિએ પૂરો વિકાસ પ્રાપ્ત કરવાની તક આપવામાં આવે તો મને ઘણો આનંદ થશે.

લગ્ન વિશેની મારી માન્યતા એવી નથી જે દેહાંતર, પુનર્જન્મ કે મુક્તિની માન્યતા સાથે અસંગત હોય. વાચકે જાણવું જોઈએ કે કરોડો હિંદુઓમાં, જેમને આપણે આપણા ઘમંડમાં નીચલા વર્ણના કહીએ છીએ તેમનામાં વિધવાના પુનર્લગ્ન પર પ્રતિબંધ નથી અને જો ઘરડા વિધુરોના પુનર્લગ્નથી મુક્તિની માન્યતામાં બાધ ન આવતો હોય તો જે છોકરીઓને ખોટી રીતે વિધવા કહેવામાં આવે છે તેમના વાસ્તવિક લગ્નથી એ ભવ્ય માન્યતામાં શી રીતે બાધ આવે તે હું સમજી શકતો નથી. પત્રલેખકની જાણ માટે હું કહીશ કે દેહાંતર અને પુનર્જન્મ એ મારે માટે માત્ર સિદ્ધાંત નથી પણ મારે મન તો એ, રોજ સૂર્ય ઊગે છે એટલી જ સ્પષ્ટ હકીકત છે. મુક્તિ એક સત્ય છે જે પ્રાપ્ત કરવા માટે હું મારી સઘળી શક્તિથી પ્રયત્ન કરી રહ્યો છું. અને આ મુક્તિના ચિંતનથી જ મને બાળવિધવાઓ પ્રત્યે થતા અન્યાયનું સ્પષ્ટ ભાન થયું છે. આપણે આપણી નબળાઈમાં પત્રલેખકે જેમનો ઉલ્લેખ કર્યો છે તે સીતા અને બીજી અમર સતીઓનાં નામ આજની પીડિત બાળવિધવાઓના નામની સાથે ન લેવાં જોઈએ.

છેવટે, જોકે હિંદુ ધર્મમાં સાચા વૈધવ્યનો મહિમા યોગ્ય રીતે જ ગાયેલો છે, છતાં હું સમજું છું ત્યાં સુધી વૈદિક કાળમાં વિધવાના પુનર્લગ્ન પર સંપૂર્ણ પ્રતિબંધ હતો એવું માનવાને કોઈ કારણ નથી. પણ મારી લડાઈ સાચા વૈધવ્ય સામે નથી. મારી લડાઈ તો તેની ધૃણાસ્પદ અને હાસ્યજનક નકલ સામે છે. વધારે સારો રસ્તો તો એ છે કે, હું જેમની વાત કરું છું અને જેમને અસહ્ય સ્થિતિમાંથી છોડાવવાની લેશ પણ સ્ત્રીદાક્ષિણ્ય ધરાવતા દરેક હિંદુની ફરજ છે, તેમને વિધવાઓ જ ગણવામાં ન આવે. તેથી હું નમ્રતાપૂર્વક પણ ભારપૂર્વક દરેક હિંદુ યુવકને ફરીથી સલાહ આપું છું કે તેમણે ખોટી રીતે વિધવાઓ કહેવામાં આવતી આ કુમારિકાઓ સિવાય બીજી કન્યા સાથે લગ્ન કરવાની ના પાડવી જોઈએ.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ६–१०–१९२७

Gandhi Heritage Portal

## ૯૬. નોંધ

### એક ખાદીપ્રેમી

ડૉ. કૈલાસનાથ કાટ્જુ[1] જેઓ અલ્લાહાબાદના સુપ્રસિદ્ધ વકીલ છે તેમણે થોડા વખત પહેલાં મને એક પત્ર લખ્યો હતો અને તેમાં અનેક બાબતોની ચર્ચા કરી હતી. એ પત્રમાં તેમણે ખાદી પ્રત્યેનો પોતાનો પ્રેમ વ્યક્ત કર્યો હતો અને તેની સાથે અખિલ હિંદ ચરખા સંઘને પોતાના ફાળાનો પહેલો હપતો પણ મોકલ્યો હતો. મને લાગ્યું કે એ પત્રમાંનો ખાદીને લગતો ભાગ ધનિક લોકો અને ખાસ કરીને વકીલોના પ્રોત્સાહન માટે પ્રસિદ્ધ કરવો જોઈએ. તેથી તેમનો પત્ર પ્રસિદ્ધ કરવાની પરવાનગી મેળવવા માટે મેં તેમને પત્ર લખ્યો અને તેમાં પ્રસંગવશાત્ પરદેશી કાળા આલપાકા[2] વિરુદ્ધમાં તેમની સાથે દલીલ કરી અને કાંતણયજ્ઞનું મહત્ત્વ સમજાવવાનો પ્રયાસ કર્યો. હવે હું તેમના બે પત્રોમાંનો ખાદી સંબંધી ભાગ નીચે આપી શકું છું :[3]

વકીલો અને બીજા ધંધાદારી માણસો ભલે બીજી બાબતોમાં બહુ ન કરી શકે, પણ તેઓ બધા ખાદી અપનાવીને અને અખિલ હિંદ ચરખા સંઘને મદદ કરીને ડૉ. કાટ્જુના પ્રશંસાપાત્ર દૃષ્ટાંતનું અનુકરણ કરી શકે. ચરખા સંઘને હમેશાં પૈસાની તંગી રહે છે કારણ કે હમણાં સંઘના હાથમાં જેટલાં ગામ છે તેના કરતાં વધુ ગામોમાં કામ ગોઠવવાની માગણી આવતી જાય છે. મૂડી વધાર્યા સિવાય ખાદીનો જથ્થો વધારી શકાય નહીં. અને જ્યાં સુધી ખાદી હિંદુસ્તાનમાં સાર્વત્રિક થાય નહીં ત્યાં સુધી સંઘને દર વરસે ખર્ચ કરવો પડશે.

### બેવડું પાપ

એક ભાઈ, જેમણે મને પોતાનું સાચું નામ મોકલ્યું છે પણ 'એક કુંવારો' એવું ઉપનામ ધારણ કર્યું છે તેમણે, થોડા વખત પહેલાં પ્રસિદ્ધ થયેલા મારા એક લેખ "આ તે લગ્ન કહેવાય?"[4] સંબંધમાં લાંબો પત્ર લખ્યો છે જે ટૂંકમાં નીચે આપું છું :

> આપના સાપ્તાહિકના ચાલુ માસના ૧લી તારીખના અંકમાં "આ તે લગ્ન કહેવાય?" —એ મથાળા નીચે પ્રસિદ્ધ થયેલો લેખ મેં રસપૂર્વક વાંચ્યો છે. તેમાં સંબંધ ધરાવતા પક્ષોનાં નામ આપવામાં આવ્યાં નથી, પણ કારવારના ગૌડ સારસ્વત બ્રાહ્મણોમાં તે જાણીતાં છે. જે કોમમાં આ લગ્ન થયું છે તે કોમના સભ્ય તરીકે હું જાહેર જનતાને અને ખાસ કરીને સારાયે હિંદુસ્તાનમાં વસતા ગૌડ સારસ્વત બ્રાહ્મણોને વિચારાર્થે થોડા શબ્દો કહેવા માગું છું :
>
> છોકરી ખરીદવી એ શરમની વાત છે, એમાં જરાયે શંકા નથી. પણ અમારામાં એક બીજો રિવાજ છે જે એટલો જ ખરાબ છે. તેમાં પિતાને પોતાની પુત્રી માટે વર ખરીદવો પડે છે અને વરને જે રકમ મળે છે તેને પરઠણ કહેવામાં આવે છે. તે છોકરીના પિતાની આર્થિક શક્તિ પરથી નહીં, પણ છોકરાની આવક પરથી અને કેટલીક વાર છોકરાની કેળવણી

૧. ૧૮૮૭–૧૯૬૮; પ્રસિદ્ધ કોંગ્રેસી નેતા; કેટલાક વખત સુધી ભારત સરકારના ગૃહમંત્રી.

૨. એક જાતના ઘેટાના ઊનમાંથી બનાવેલું કપડું.

૩. અહીં આપ્યા નથી. કાટ્જુએ ખાદીફંડમાં માસિક ફાળો મોકલવાનું, નિયમિત કાંતવાનું તથા પરદેશી આલપાકાને બદલે બારીક કાળી ખાદી વાપરવાનું વચન આપ્યું હતું.

૪. ૧–૯–૧૯૨૭ના અંકમાં; જુઓ પુસ્તક ૩૪.

Gandhi Heritage Portal

પરથી નક્કી કરવામાં આવે છે. છોકરાઓ જેટલી વધુ કેળવણી લીધી હોય, જેટલી ઊંચી પદવી પ્રાપ્ત કરી હોય તેટલી તેની લગ્નના બજારમાં ઊંચી કિંમત અંકાય છે. થોડા વખત પહેલાં મુંબઈમાં એક સુશિક્ષિત ગૃહસ્થનું લગ્ન થયું. તેઓ એક ઉચ્ચ સરકારી અધિકારી છે. એમ કહેવાય છે કે તેમને ૨૦,૦૦૦ રૂપિયા પહેરામણીના આપવામાં આવ્યા. આ ખરેખર દુ:ખની વાત છે કે, ઉચ્ચ કેળવણી પ્રાપ્ત કરનાર જેમની પાસેથી આ રિવાજો બંધ કરવાની અપેક્ષા રાખવામાં આવે છે તેઓ જ આ રિવાજોનો આશ્રય લઈને આટલા નીચે પડતા જાય છે.

આ વિષયમાં આ જ કોમના સભ્ય તરફથી મને બીજો એક પત્ર મળ્યો છે. જેઓ પત્નીઓ ખરીદવા ઇચ્છે છે તેઓ તેમની શોધમાં ગોવા જતા લાગે છે. કારણ કે ત્યાં જ એવા ગરીબ સારસ્વત બ્રાહ્મણો મળી આવે છે જેઓ પૈસાદાર થઈ જવા માટે પોતાની પુત્રીઓને તેમના પિતા કે દાદા થવા યોગ્ય લોકોને વેચતાં શરમાતા નથી. આમ આ કોમ બેવડું પાપ કરે છે. વધુમાં વધુ પૈસા આપવા તૈયાર પિતાને પોતાની પુત્રી માટે સુશિક્ષિત યુવાન મળી રહે છે અને ગરીબ માબાપ પોતાની કુમળી વયની પુત્રીઓને ઊંચામાં ઊંચી કિંમત આપવા તૈયાર હોય એવા વૃદ્ધ પુરુષો (કેટલીક વાર શિક્ષિત)ને વેચવા તૈયાર હોય છે. સારસ્વત બ્રાહ્મણો જો કંઈક આશ્વાસન લેવા ઇચ્છતા હોય અને એક કે બીજા બહાના હેઠળ આ બાબતમાં સુધારો કરવાનું મુલતવી રાખવા માગતા હોય તો એક આશ્વાસન છે અને તે એ કે એવી બીજી પણ જ્ઞાતિઓ છે જે આ અનિષ્ટથી મુક્ત નથી. ફરક હશે તો માત્ર પ્રમાણનો હશે. પણ જો સારસ્વત કોમ આ બાબતમાં સુધારો કરવામાં આગેવાની લેવા માગતી હોય તો 'તમે પણ મારા જેવા જ છો' એવા ખોટા બહાનાનો આશ્રય નહીં લે અને હવે જ્યારે આ અનિષ્ટ ઉઘાડું પડયું જ છે ત્યારે આ બેવડા પાપમાંથી મુક્ત થવાનો પ્રયત્ન શરૂ કરી દેશે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ६-१०-१९२७

## ९७. મીરાંબહેનને પત્ર

ઑક્ટોબર ૬, ૧૯૨૭

ચિ. મીરાં,

હું આ તુતીકોરીનથી લખી રહ્યો છું. અહીં તારો કાગળ મળશે એમ હું ધારતો હતો. તું સુખરૂપ પહોંચ્યાના ખબર મને આશ્રમ તરફથી મળ્યા છે. ઈશ્વર તારું ભલું કરો.

સસ્નેહ,

બાપુ

મીરાંબહેન
સત્યાગ્રહ આશ્રમ
સાબરમતી

[મૂળ અંગ્રેજી]

મૂળ પત્ર પરથી : સી. ડબલ્યુ. ૫૨૮૪; શ્રીમતી મીરાંબહેનના સૌજન્યથી

ગાં. ૩૫–૬

Gandhi Heritage Portal

# ૬૮. તુતીકોરીનની જાહેર સભામાં ભાષણ

ઑક્ટોબર ૬, ૧૯૨૭

પ્રમુખશ્રી અને મિત્રો,

આ બધાં માનપત્રો અને થેલીઓ બદલ હું તમારો આભાર માનું છું. સરથમ્બલ અને સરસ્વતીદેવીનો પણ તેમનાં કંકણ માટે આભાર માનું છું. આ બહેનોએ હું કહું તે પહેલાં મારી માગણી પૂરી કરી છે. હું જ્યાં જ્યાં અને જ્યારે જ્યારે બહેનોને મળું છું ત્યારે તેમની પાસે ઘરેણાંની માગણી કરું જ છું. હું આ નવી અને સુંદર અંગૂઠી આપનારનો તથા ચાંદીના પ્યાલા આપનાર ભાઈઓનો પણ આભાર માનું છું. આ બધી વસ્તુઓ અને મઢેલાં માનપત્રો હમણાં તમારી સમક્ષ વેચવા માટે મૂકવામાં આવશે. કારણ, હવે તમે સૌ જાણો છો કે હું આ બધી વસ્તુઓનો ઉપયોગ કરતો નથી. અને પોતાને દરિદ્રનારાયણનો પ્રતિનિધિ કહેનારને માટે આ બધી વસ્તુઓનો અંગત ઉપયોગ કરવો ઉચિત ન ગણાય. વળી, હું તમારી ભેટોનો અંગત ઉપયોગ નથી કરતો પણ તેમને સહર્ષ આવકારું તો છું. મને આવી ભેટો સ્વીકારવાનો અધિકાર છે.

તમારે ત્યાં એક હિંદી શિક્ષક છે તે માટે તમને અભિનંદન આપું છું અને મને એ જાણીને આનંદ થયો કે એકલાં છોકરાછોકરીઓ જ નહીં પણ મોટી ઉંમરનાં સ્ત્રીપુરુષો પણ હિંદી શીખે છે. પણ મને જાણવા મળ્યું છે કે હિંદી શિક્ષણનું બધું ખર્ચ તમે ઉઠાવતા નથી. એમ હોય તો, હું માનું છું કે તમારી રાષ્ટ્રભક્તિ પર એ એક કલંક છે. તમે જાણો છો તેમ, છેલ્લાં કેટલાંય વર્ષોથી આ હિંદી પ્રચારનું ખર્ચ ઉત્તર હિંદના લોકો ઉઠાવે છે. પણ હવે આ કામ સ્વાવલંબી થવું જોઈએ. ખરેખર એક કે બે હિંદી શિક્ષકોને નભાવવા માટે તમારે બહુ પૈસા નહીં ખરચવા પડે. તેથી હું ધારું છું કે એ શિક્ષકનું બધું ખર્ચ ઉપાડવા તમે દરેક પ્રયત્ન કરશો.

તમારે ત્યાં એક રાષ્ટ્રીય શાળા છે તે માટે અને તેને લોકમાન્ય બાળ ગંગાધર ટિળકનું નામ આપવામાં આવ્યું છે તે માટે તમને મુબારકબાદી આપું છું. તમારા માનપત્રમાં મને એ વાંચીને દુ:ખ થયું કે એ શાળાનો ખર્ચ તમે ઉપાડી શકતા નથી. તમારી શાળામાં અસ્પૃશ્યતા નથી અને તમે એ શાળામાં હિંદી પણ શીખવો છો એ સારી વાત છે. મને પૂરી આશા છે કે રાષ્ટ્રપ્રેમી નાગરિકો આ સંસ્થાની સ્થિતિની તપાસ કરશે અને તેને સ્વાવલંબી બનાવશે. તમારા માનપત્રમાં તમે કહ્યું છે કે હું અહીં આ નગરમાં જે ફાળો એકઠો કરું તેમાંથી અમુક ભાગ શાળા માટે આપું. મારે દિલગીરી સાથે કહેવું પડે છે કે એ શક્ય નથી. હું ગમે તેટલું ઇચ્છું તોપણ એક નિશ્ચિત ઉદ્દેશ માટે અંકિત કરેલી રકમનો અર્ધો ભાગ પણ બીજા કામમાં વાપરવો એ મારે માટે ઉચિત કે પ્રામાણિક ન ગણાય. તેમ છતાં જો કોઈ નાગરિકોએ પોતાની થેલી, તેનો અમુક ભાગ શાળાને આપવામાં આવે એવું સ્પષ્ટ જણાવીને આપી હોય તો હું ખુશીથી તેમ કરું. હજુ પણ જો કોઈ નાગરિક કોઈ રકમ એ રીતે આપવાના વિચારના હોય તો મને તેમ કરતાં ઘણો આનંદ થશે. પણ આ સંસ્થા ચલાવવાની આ કોઈ રીત નથી; જોકે એથી એને થોડી મદદ મળશે. પણ તુતીકોરીનના નાગરિકોની એ ફરજ છે કે તેઓ આ સંસ્થાની સ્થિતિની તપાસ કરે અને તેને તદ્દન સ્વાવલંબી બનાવે.

Gandhi Heritage Portal

અનેક રાષ્ટ્રીય શાળાઓના મારા અંગત અનુભવ પરથી હું જાણું છું કે આ સંસ્થાઓ કેવી રીતે ચલાવવામાં આવે છે અને તે રાષ્ટ્રીય ઉદ્દેશો કેવી સુંદર રીતે પાર પાડી રહી છે. ઉત્તરમાં આપણા દેશબંધુઓ પર જે સંકટ આવી પડ્યું છે તેમાં તમે કંઈ રસ લીધો હોય તો તમે જોશો કે ત્યાંનાં ગામડાંમાં આવેલી રાષ્ટ્રીય સંસ્થાઓના વિદ્યાર્થીઓએ બગડેલી જમીન સુધારવામાં અને ગામડાંનાં લોકોને સંકટમાં રાહત આપવામાં પોતાની શક્તિ અને સાધનોના પ્રમાણમાં ઘણી મદદ કરી છે. ગુજરાતમાં રાષ્ટ્રીય શાળાઓના વિદ્યાર્થીઓએ સ્વયંસ્ફૂર્તિથી અને સ્વેચ્છાએ જે સંગીન મદદ કરી તે મદદ વિના શ્રી વલ્લભભાઈ પટેલે રેલસંકટમાં લોકોને રાહત આપવા જે કંઈ કામ કર્યું તે એ ન કરી શક્યા હોત. તેથી તુતીકોરીનના નાગરિકોને હું આ સંસ્થા ચાલુ રાખવા આગ્રહ કરું છું.

તમારે માટે ખાદી ફંડમાંથી થોડી મદદ મેળવવાનો એક રસ્તો છે. અખિલ હિંદ ચરખા સંઘ નામની એક સંસ્થા છે તે તમે જાણો છો. જો તમે તમારા વિદ્યાર્થીઓને કાંતણ પ્રવૃત્તિ અપનાવી સૂતર પેદા કરવા સમજાવો તો તે સૂતર તમે સંઘને મોકલી શકો. તે તમને તેની સારી કિંમત આપશે અને એ રીતે તમને મદદ કરવાની પણ કોશિશ કરશે.

મેં લોકોને કહેતાં સાંભળ્યા છે કે આ પ્રાંતના પ્રવાસમાં મેં તામિલ ભાષાનો ઉલ્લેખ કર્યો નથી તેમ જ તે શીખવાની આવશ્યકતા વિશે પણ કંઈ કહ્યું નથી એ કારણે મારા પર દોષારોપણ પણ કરવામાં આવ્યું છે. હું દિલગીર છું કે ઠપકાની આ લહાણી હું સ્વીકારી શકતો નથી. મને સારી રીતે ઓળખનારા કબૂલ કરશે કે મને આવો ઠપકો આપવો એ મારા પ્રત્યે અનુદારતા દાખવવા જેવું છે. અંગ્રેજી શીખતાં પહેલાં તામિલ ભાષા શીખવાની આવશ્યકતા વિશે મેં ઘણીયે વાર વિસ્તારથી ચર્ચા કરી છે. અરે, છેક ૧૯૧૫થી હું તામિલને અંગ્રેજી કરતાં પ્રથમ પસંદગી આપવાનું કહેતો આવ્યું છું. દસ વરસ પહેલાં એટલે કે ૧૯૧૭ પહેલાં મેં સારાયે હિંદુસ્તાનની શાળાઓમાં વિદ્યાર્થીઓને પ્રાદેશિક ભાષા દ્વારા શિક્ષણ આપવામાં આવે તે માટે સતત ચળવળ ચલાવી હતી અને લોકોને વાતચીતમાં પોતાની ભાષાનો ઉપયોગ કરીને તથા એનો અભ્યાસ કરીને તેનો વિકાસ કરવા કહ્યું હતું.

તિરુકુરલમાં[1] જે રત્નોનો ભંડાર ભરેલો છે તે તરફ તમે મારું ધ્યાન ખેંચ્યું તે સારું કર્યું છે. હું તમને કહું કે આજથી વીસેક વરસ પહેલાં મેં તિરુકુરલ મૂળ તામિલમાં વાંચવાની ઇચ્છા અને હેતુથી તામિલ ભાષા શીખવાનો આરંભ કર્યો. મારે માટે એ બહુ દુઃખની વાત છે કે ઈશ્વરે મને તામિલ ભાષાનો અભ્યાસ પૂરો કરવાનો સમય જ ન આપ્યો. પ્રાદેશિક ભાષાને શિક્ષણનું માધ્યમ બનાવવા માટે ચળવળ ચાલે છે. હું સંપૂર્ણ રીતે એ ચળવળના પક્ષમાં છું. આપણે તામિલ ભાષા શીખવી જોઈએ, તેને અંગ્રેજી ભાષા કરતાં પ્રથમ પસંદગી આપવી જોઈએ અને તેને બીજી બધી ભાષાઓની ઉપર મૂકવી જોઈએ.

તમે જાણો છો તેમ, મેં એક જગ્યાએ સ્વાગત સમિતિને, તેમણે પોતાની પ્રાદેશિક તામિલ ભાષાને બદલે અંગ્રેજીમાં માનપત્ર વાંચ્યું તે માટે હળવો ઠપકો આપ્યો છે. એટલે હું આશા રાખું છું કે હવે આ બબતમાં તમે મારા પર દોષારોપણ નહીં કરો, કારણ કે તમે જાણો છો કે હું બધી શાળાઓમાં અને કેન્દ્રોમાં અંગ્રેજીનું સ્થાન તામિલને આપવાના પક્ષનો છું.

૧. એક પ્રાચીન તામિલ ગ્રંથ.

Gandhi Heritage Portal

એક માનપત્ર તુતીકોરીનના માછીઓનું પણ છે. તેમની સામે એક મુશ્કેલી ઊભી થઈ છે. તેઓ મને તેમાંથી નીકળવાનો રસ્તો બતાવવા કહે છે. મને કબૂલ કરતાં દુ:ખ થાય છે કે તેમના માનપત્રમાં જે વિધેયકનો ઉલ્લેખ છે તે મેં વાંચ્યું નથી. આ બાબતમાં તો સ્થાનિક દેશભકતોએ તેમને માર્ગદર્શન આપવું જોઈએ. માનપત્રમાં કહેલી બધી બાબતોનો જવાબ આપ્યા પછી હવે જેને માટે હું અહીં આવ્યો છું તે મારા પ્રિય વિષય પર આવું છું. . . .[1]

[મૂળ અંગ્રેજી]

હિન્દુ, ૮–૧૦–૧૯૨૭

# ૬૯. તિનેવેલીની જાહેર સભામાં ભાષણ

ઑક્ટોબર ૭, ૧૯૨૭

પ્રમુખશ્રી અને મિત્રો,

આ સંખ્યાબંધ માનપત્રો તથા તમારી થેલીઓ અને ભેટો બદલ હું તમારો આભાર માનું છું. તમે તમારાં બધાં માનપત્રો વાંચવાનો આગ્રહ ન રાખ્યો તે માટે તો તમારો ખાસ આભાર માનું છું. આજે હું કંઈક થાકયો છું અને ગાડીમાં બેસીને આવતો હતો ત્યારે તિનેવેલીમાં તે વખતના લોકોના ભારે શોરબકોર અને ઘોંઘાટથી તો વળી મને વધારે થાક લાગ્યો છે. અને મારે માટે મોડું પણ થઈ ગયું છે. તેથી તમે માનપત્રો વાંચવાનો તમારો અધિકાર જવા દીધો તેની હું કેટલી બધી કદર કરું છું તે તમે હવે સમજી શકશો. તમે મને નાનીમોટી એટલી બધી ભેટો આપી છે કે, સભાને અંતે હમેશાં કરું છું તેમ, જ્યારે હું તેમનું લિલામ કરીશ ત્યારે સારો સરખો વખત જશે. કહેવાની ભાગ્યે જ જરૂર છે કે તમારાં બધાં માનપત્રો મેં વાંચી લીધાં છે. તેમનો અનુવાદ મને આપવામાં આવ્યો હતો. હિંદી ખ્રિસ્તી યુવક સંઘના માનપત્રમાં તેમની કોમ તરફથી ખાતરી આપવામાં આવી છે કે પહેલાં અમે રાષ્ટ્રીય ચળવળોમાં ભાગ નહીં લીધો હોય પણ હવે તો અમે એમાં સારો એવો ભાગ લઈ રહ્યા છીએ. હું આ ખાતરીની ઘણી કદર કરું છું. ખરેખર, સારાયે દક્ષિણ હિંદુસ્તાનમાં ખ્રિસ્તી મિત્રોમાં દેખાતા આ સ્પષ્ટ વલણને હું ખૂબ રસપૂર્વક અને આનંદપૂર્વક નિહાળી રહ્યો છું. આમ જ હોવું જોઈએ, એમાં મને જરાયે શંકા નથી. ખ્રિસ્તી ધર્મ કે બીજો કોઈ ધર્મ સ્વીકારવો એટલે રાષ્ટ્રીયતા છોડી દેવી એવો અર્થ કદી ન થવો જોઈએ. રાષ્ટ્રીયતા કદી સંકુચિત અથવા આંતરરાષ્ટ્રીયતા સાથે અસંગત ન હોવી જોઈએ. જે રાષ્ટ્રવાદ નર્યા સ્વાર્થ ઉપર અને બીજાં રાષ્ટ્રોના શોષણ પર આધારિત હોય તે ખરેખર એક અનિષ્ટ છે. પરંતુ આંતરરાષ્ટ્રીયતાવાદની કલ્પના હું તંદુરસ્ત અને ઇચ્છવાયોગ્ય રાષ્ટ્રીય ભાવના સિવાય કરી જ શકતો નથી.

એ માનપત્રમાં ખાદીપ્રવૃત્તિ પ્રત્યે સંપૂર્ણ સહાનુભૂતિ દર્શાવવામાં આવી છે, એ જોઈને મને આનંદ થયો. ખાદી જેવી માની પણ ન શકાય એટલી સાદી વસ્તુ સામેનો થોડો સરખો વિરોધ પણ મને ભયંકર લાગે છે. આખરે તો ખાદી બીજું કંઈ જ નથી પણ હિંદનાં ભૂખે મરતાં લાખો માણસો સાથે એકરૂપ થવાની ઇચ્છા જ છે. જે પુરુષ કે સ્ત્રીને આ લાખો શ્રમજીવીઓ માટે જરાયે

૧. ત્યાર પછી ગાંધીજી ખાદી અને અસ્પૃશ્યતા વિશે બોલ્યા.

Gandhi Heritage Portal

લાગણી હોય અથવા તેમની સેવા કરવાની ઇચ્છા હોય તે એવી સેવાની શરૂઆત ખાદીથી કરી શકે. હમણાં જ સર વિશ્વેશ્વરૈયાએ ગામડાંના લોકોની સ્થિતિ વિશે દુઃખ પ્રગટ કર્યું. તેમણે કહ્યું કે, ગામડાંના લોકો, જેમની પાસે આટલો બધો સમય અને નવરાશ હોય છે તેઓ પોતે પેદા કરેલો કાચો માલ હિંદની બહાર મોકલી દે છે અને પોતાના પ્રયત્નથી પોતાને મદદ કરવાની તક ગુમાવે છે. ખરેખર, દેશના આ ભાગમાં તમે પેદા કરો છો તે કપાસનો સદુપયોગ કરવાની તમને અજોડ તક મળે છે. અહીં ટેબલ ઉપર આ ખાદીના જે કટકા તમે જુઓ છો તેનો ઇતિહાસ તમને કહું. તમારી વચ્ચે એક ગૃહસ્થ બેઠા છે જેમનું નામ શ્રી આરંવલર્થનાથમ્ પિલ્લાઈ છે. તેમણે અને સારા માયાળુ યજમાન શ્રી વિશ્વનાથ પિલ્લાઈએ સાથે મળીને બે શાળાઓમાં છોકરાછોકરીઓને સાદું કાંતણકામ શીખવવાનું ગોઠવ્યું છે. અને તકલી પર કાંતનારાં આ છોકરાછોકરીઓની મહેનત એક મહિનામાં સત્તર વાર ખાદી તૈયાર કરવા માટે પૂરતી થાય છે. હું આશા રાખું છું કે છોકરાછોકરીઓના આ થોડા સરખા ઉત્પાદનને આ સભામાં બેઠેલા કોઈ તુચ્છ નહીં માનતા હોય. કારણ, અત્યાર સુધી એક વાર પણ ખાદી તૈયાર કરવી એટલે શું તે તેઓ જાણતાં નહોતાં. દુનિયામાં આપણો દેશ સૌથી વધુ માનવશક્તિ ધરાવનારા દેશોમાંનો એક છે. મેં હમણાં જેમના શબ્દો ટાંકયા તે સર વિશ્વેશ્વરૈયાના કથન મુજબ, આ માનવશક્તિ, વપરાયા વગરની પડી રહે છે. આખા હિંદુસ્તાનની તમામ શાળાઓ રોજ થોડો વખત આપે તો કશી મૂડી વગર અથવા હુન્નરકળાની ખાસ આવડત વગર દેશની ઉત્પાદક શક્તિમાં કેટલો ભારે વધારો થાય તેની કલ્પના કરો. મારી પાસે અહીં લગભગ ૮૫ વાર ખાદી છે જે બધી અહીં તમારા પોતાના કપાસમાંથી તમારાં પોતાનાં છોકરાછોકરીઓએ કાંતેલી ને વણેલી છે. અહીં, તમારી સામે ઐતિહાસિક કાપડ મૂકેલું છે, એમાં કવિતા પણ એટલી જ રહેલી છે. એ ગૃહસ્થે મને એક તાકો આપ્યો છે અને સભામાં તેનું લિલામ ન કરતાં હું પોતે તેનો ઉપયોગ કરું એવી વિનંતી કરી છે. મારી પાસેથી આવું વચન લેવા માટે તેમણે મને પ્રોત્સાહન આપવાની જરૂર નહોતી. ખરું જોતાં, આ ખાદીની પેઠે, હું વાપરું છું તે ખાદીના દરેક કટકાનો પોતાનો કાંઈક આવો જ ઇતિહાસ છે. હું જે કપડાં પહેરું છું તેનું સૂતર કઈ બહેન કે દીકરીએ કાંત્યું અને કોને હાથે એ વણાયું, એ જાણીને મને ઘણો આનંદ થાય છે. હિંદુસ્તાનમાં આ એક ઘણો વ્યાપક અને સાર્વત્રિક ઉદ્યોગ છે જે આપણા ભૂખે મરતા લાખો દેશબંધુઓને આવરી લે છે એટલું જ નહીં, પણ એના પાયા પર તમે એક મહાન રાષ્ટ્રીય પ્રવૃત્તિ પણ ઊભી કરી શકો છો અને આ દેશની બધી નાતજાતોને એક કરી શકો છો.

પણ આ મિત્રોને ખાદીના ભવિષ્યમાં તથા આમજનતાની ઊંડી અને દુઃખદ ગરીબી મોટે ભાગે દૂર કરવાની એની શક્તિમાં વિશ્વાસ છે છતાં આ દેશમાં બ્રાહ્મણ-બ્રાહ્મણેતરના સવાલના નિરાકરણમાં તેમને હવે વિશ્વાસ રહ્યો નથી. તેમને ભય છે કે કાંઈ નહીં તો બેમાંથી એક પક્ષને ડર છે કે તામિલનાડુમાં ખાદી અંગેના કામમાં બ્રાહ્મણોનું વર્ચસ્વ વધારે પડતું છે. તેથી હું તેમની સાથે એવી શરતથી બંધાયો છું કે આ ખાદી તમને વેચી તો શકું પણ તેની જે કિંમત ઊપજે તેનો ઉપયોગ મારે ખાદી કામ માટે તામિલનાડુમાં ન કરવો. મેં તેમને એ વચન આપ્યું છે, કારણ કે તમે જેટલા પૈસા આપી શકો તેટલા બધા પૈસાની મારે દેશના બીજા ભાગોમાં ખાદી કાર્ય માટે જરૂર છે. પણ તમને જણાવું કે તામિલનાડુના ખાદી સંગઠનમાં બેશક, બ્રાહ્મણોની સંખ્યા વધારે છે છતાં આ ચળવળથી જેમને મદદ મળે છે તે કાંતનારા ને વણનારાઓ મોટે ભાગે બ્રાહ્મણેતરો છે. વળી ચરખા સંઘના પ્રમુખ અને મુખ્ય

Gandhi Heritage Portal

માણસ તરીકે હું તમને ખાતરી આપું છું કે જો મને બ્રાહ્મણેતરોમાંથી મારી શરતે એટલા કુશળ કાર્યકર્તાઓ મળે તો હું ચરખાસંઘમાંથી બધા જ બ્રાહ્મણ કાર્યકર્તાઓને આજે જ બરતરફ કરી દઉં. વળી આગળ કહું કે તામિલનાડુમાં જે થોડા બ્રાહ્મણો ચરખા સંઘમાં કામ કરે છે તેમાંનો લગભગ દરેક જણ સંઘ તેમને કદી પણ આપી શકે તેના કરતાં ઘણું વધારે કમાઈ શકે તેમ છે. હું તમને ખાતરી આપું છું કે ચરખા સંઘ એવી સંસ્થા નથી જેમાં પૈસાદાર થવાની ઇચ્છા રાખનાર કોઈ પણ વ્યક્તિ દાખલ થઈ શકે. એમાં દાખલ થવા માટે નિઃસ્વાર્થપણું, આત્મભોગ અને પવિત્ર જીવનની આવશ્યકતા રહે છે. સરકારી નોકરીઓમાં જે પગારનાં ધોરણો છે એટલા પગાર આપીને ચરખા સંઘ હું ચલાવી ન શકું. ચરખા સંઘમાં એવા માણસો છે જે એક સમયે મહિને ૧,૦૦૦ થી ૧૫૦૦ રૂપિયા કમાતા હતા અને જેમને હવે સંઘમાંથી માંડ માંડ મહિને ૧૦૦ રૂપિયા મળે છે. ચરખા સંઘના આવા અધિકારીઓને મોટા પગાર આપવા માંડું તો મારે નાદારી કોરટમાં અરજી કરવી પડે. (હાસ્ય) એટલે મારી પાસેથી જાણી લો કે જે બ્રાહ્મણો ચરખા સંઘમાં જોડાયા હોય તો તેઓ સાચી બ્રાહ્મણ ભાવનાથી કામ કરે છે. અને મારે તમારી સમક્ષ કબૂલ કરવું જોઈએ કે હું બ્રાહ્મણ નથી છતાં સાચી અને વાસ્તવિક બ્રાહ્મણ ભાવના માટે મને ભારે માન છે. જો એવી ભાવનાવાળા માણસો મને મોટી સંખ્યામાં મળી શકે તો આજે આ દેશને પીડતા સવાલોમાંના લગભગ દરેક સવાલનો ઉકેલ લાવવાનું હું વિશ્વાસપૂર્વક હાથમાં લઈ શકું. બ્રાહ્મણનો મૂળ અર્થ છે — જેને બ્રહ્મનું જ્ઞાન છે તે. અને તેનામાં વિદ્યા, આત્મભોગ તથા સેવાના ગુણો મૂર્તિમંત થયેલા હોવા જોઈએ. હું કબૂલ કરું છું કે આવા બ્રાહ્મણો હિંદમાં દરેક જગ્યાએ મળતા નથી. પણ એવા બ્રાહ્મણો હજુ પણ અસ્તિત્વ ધરાવે છે એનો હું તમને મારો અંગત પુરાવો આપું છું. અને એવા દરેક બ્રાહ્મણને પકડવો એ હિંદનાં મારાં અનેક કામોમાંનું એક કામ છે. મને ખાતરી છે કે ચરખા સંઘમાં લગભગ મેં કહ્યા તેવા કેટલાક બ્રાહ્મણો છે. અને અંગત રીતે હું માનું છું કે એવા માણસોના જ્ઞાન અને આત્મભોગ સિવાય આ મહાન ચળવળ આજે ચાલે છે તેટલા વ્યાપક પ્રમાણમાં ચલાવવી શકય નથી. જો મારી પાસે સમય અને શક્તિ હોત તો હું આ બ્રાહ્મણ-બ્રાહ્મણેતરના ત્રાસદાયક સવાલ વિશે વધુ વિસ્તારપૂર્વક વાત કરત. હું માનું છું કે હવે મને આ સવાલની ઠીક ઠીક પકડ આવી છે. મને સમય મળે કે તરત હું મારા વિચારો લખી કાઢવાની આશા રાખું છું. પરંતુ આપણે બ્રાહ્મણ-બ્રાહ્મણેતરના સવાલ વિશે વાદવિવાદ અને ચર્ચા ભલે કરીએ, પણ હિંદની આમજનતાને ન ભૂલીએ.

ટૂંકમાં કહું તો, બ્રાહ્મણ-બ્રાહ્મણેતરનો સવાલ પણ આખરે તો અસ્પૃશ્યતાનો સવાલ જ બની રહે છે. જે માણસ અસ્પૃશ્યતાના આ નાગને મારવામાં સફળ થશે તેણે બ્રાહ્મણ-બ્રાહ્મણેતરના સવાલના મૂળ પર ઘા કર્યો હશે. કારણ મને સ્પષ્ટ ખાતરી થઈ છે કે આ અસ્પૃશ્યતાના શાપે જ હિંદુ ધર્મમાં ઘૂસી જઈને ખુદ હિંદુ ધર્મને બગાડી મૂકયો છે. આખરે જે અસ્પૃશ્યતાએ તેના ઉગ્ર અને અસહ્યરૂપે આપણને, જેમને અડીને કે જોઈને અભડાઈ જવાય એવા અસ્પૃશ્યો આપ્યા છે તે અસ્પૃશ્યતા હિંદુ ધર્મના હાર્દમાં વ્યાપી ગઈ છે. એક વર્ગ બીજા વર્ગ પર ઘમંડ-પૂર્વક શ્રેષ્ઠતાનો દાવો કરે એ જ અસ્પૃશ્યતાનો પાયો છે. અને એક વાર આપણે આ શ્રેષ્ઠાતારૂપી અનેક માથાંવાળા રાક્ષસ સાથે પતાવવામાં સફળ થઈએ તો પછી, હું માનું છું કે આપણે કોઈ બાબત વિશે લડવાનું રહેશે નહીં. તેથી હું તમને સૌને દરેક પ્રકારની અસ્પૃશ્યતા સામેની જેહાદમાં મારી સાથે જોડાવા આમંત્રું છું. તમારાં માનપત્રોમાંથી અને આજે સાંજે થયેલી વાતચીત પરથી મને એ જાણીને આનંદ થયો કે તમારી મ્યુનિસિપલ શાળાઓ અસ્પૃશ્યો માટે

Gandhi Heritage Portal

ખુલ્લી છે. પણ હું કહું છું કે તમે એટલાથી સંતોષ ન માનશો. જ્યારે અસ્પૃશ્યતા આપણામાંથી ખરેખર દૂર થશે ત્યારે તમને અસ્પૃશ્યોનો જુદો વાસ જોવા નહીં મળે. અસ્પૃશ્યોને કોઈ પણ મંદિરના અંદરના ભાગમાં ગર્ભાગાર સુધી જવાનો ઊંચામાં ઊંચા બ્રાહ્મણના જેટલો જ અધિકાર હશે. તેમને જાહેર કૂવાઓનો ઉપયોગ કરવાનો અને જાહેર સ્થાનોમાં જવાનો બીજા કોઈ પણ માણસને હોય તેટલો જ અધિકાર હશે. પછી આપણે ત્યાં બ્રાહ્મણોનું તળાવ, બ્રાહ્મણેતરોનું તળાવ અને અસ્પૃશ્યોનું તળાવ નહીં હોય. ભગવદ્‌ગીતાના શબ્દોમાં બ્રાહ્મણ અને ભંગી ઈશ્વર આગળ સમાન હશે. અને પંડિતો જેમ ઘણી વાર ભ્રમમાં નાખે છે તેમ ભ્રમમાં પડીને તમે એવું ન માનશો કે ગીતાનું આ વચન અસાધારણ મહિમાવાળા કે આધ્યાત્મિક ગુણોવાળા લોકોને જ લાગુ પડે છે. જ્યારે અસ્પૃશ્યતાનો ખરેખર અંત આવ્યો હશે ત્યારે તમારે ત્યાં, હમણાં હું જેની વાત કરવાનો છું એવું કશું જોવા નહીં મળે.

હું મારી સાથે જે કાગળપત્રો લાવ્યો છું તેમાં એક દુઃખદાયક પત્ર છે જે અહીંના જ એક ભાઈએ મને લખ્યો છે. તે મને કહે છે કે તમારી તામ્રપર્ણી નદીનું પાણી અહીંના નાગરિકો બગાડે છે. તે કહે છે કે કૉલેરા અટકાવવા માટે દાક્તરો તમારા શરીરમાં ઇંજેક્શન આપે છે જ્યારે તમે પોતે નદીનું પાણી અનેક રીતે ગંદું કરીને તેમાં કૉલેરાનાં જંતુઓ નાખો છો. મેં ઘણી જગ્યાએ નગરપાલિકાના વહીવટની કેટલીક ખામીઓ વિશે જાહેરમાં ખુલ્લેખુલ્લી વાત કરી છે તે માટે અહીંની નગરપાલિકાએ પોતાના માનપત્રમાં મને ધન્યવાદ આપ્યા છે. અને નગરપાલિકાના સભ્યો કહે છે કે તેઓ આ ભાષણોમાંથી લાભ લેવાની આશા રાખે છે. હું જરૂર આશા રાખું છું કે તેમની આ આશા નજીકના ભવિષ્યમાં પૂરી થશે. મારી સૂચના છે કે, નદીકિનારે જે ગંદકી એક સવારથી બીજી સવાર સુધી એકઠી થાય છે તે સાફ કરવાથી તમારા કામની શરૂઆત કરો. તમે જોયું હશે કે મેં આ અનિષ્ટને પણ અસ્પૃશ્યતા સાથે સાંકળ્યું છે. હું આ વાત મારા પોતાના અનુભવ પરથી નહીં, પણ હિંદુસ્તાનના હજારો માણસોના અનુભવ પરથી કહું છું. દુર્ભાગ્યે, અસ્પૃશ્યતાને કારણે આપણને આપણા પોતાના સ્વાસ્થ્ય-સંરક્ષણ પ્રત્યે ધ્યાન ન આપવાની ટેવ પડી છે. આપણે કહેવાતા ઊંચ વર્ણના લોકો આપણા પોતાના સ્વાસ્થ્ય-સંરક્ષણ પ્રત્યે ધ્યાન આપતા નથી. આપણા અહંકાર અને પૂર્વગ્રહને કારણે આપણે માનીએ છીએ કે એ કામ તો ખાસ કરીને અસ્પૃશ્યોનું છે. અને આપણા આ દેશબંધુઓ પ્રત્યે આપણે એક પ્રકારનો તિરસ્કાર કેળવ્યો હોઈ આપણે તેઓ શું કામ કરે છે અને કેવી રીતે કરે છે એ પણ જોતા નથી. તેમને બિચારાઓને સ્વાસ્થ્ય-સંરક્ષણના પ્રાથમિક નિયમો પણ કદી શીખવવામાં આવ્યા નથી અને તેથી નદીકિનારો હોય કે બીજી કોઈ જગ્યા હોય, પણ તેમના સાફ કર્યા પછી પણ તે જગ્યાઓ એવી ને એવી જ ગંદી રહે છે. તમને ખબર નહીં હોય કે આ ગંભીર ખામી દૂર કરવા માટે મારે અમદાવાદની કૉંગ્રેસના કામ માટે ઝાડુવાળાઓની એક ટુકડી ઊભી કરવી પડી હતી અને તેમાં અસ્પૃશ્યો નહીં, પણ બ્રાહ્મણો અને બ્રાહ્મણેતરોને સામેલ કર્યા હતા. તમે સારી રીતે અને વગર ખર્ચે રસ્તા અને જાજરૂની સફાઈનું કામ કરવા ઇચ્છતા હો તો તમારે દરેકે તમારા પોતાના ભંગી બનવું જોઈએ. જે માતા પોતાના બાળક માટે ભંગીનું કામ નથી કરતી તે માતા મટી જાય છે. થોડો વિચાર કરશો તો તમે જોઈ શકશો કે તમારામાંથી જેમના મનમાં પોતાના નગરના કલ્યાણનો ખ્યાલ છે તે સૌને આવી માતાની સ્થિતિ અપનાવવી પડશે. જો મારા પ્રવાસ દરમ્યાન કહી શકાય કે તમે પોતે ભંગીનું કામ પણ કરવાનો નિશ્ચય કર્યો છે, તો એથી મને ઘણો આનંદ થશે.

Gandhi Heritage Portal

બીજા ઘણા સામાજિક સવાલો વિશે ચર્ચા કરવી મને ગમે છે, પણ મારે એ પ્રશ્નો છોડી દેવા પડશે. વિરુધુનગરના નાદાર મિત્રોને મેં જે વચન આપ્યું હતું તે મારે ભૂલવું ન જોઈએ. તમે છાપાંમાં કદાચ આ પ્રાદેશિક અસ્પૃશ્યતા વિશે વાંચ્યું હશે. નાદાર જેવા શુદ્ધ અને સાહસિક વેપારી લોકોને તિનેવેલી અને મદુરા જિલ્લાનાં મંદિરોમાં દાખલ થવા દેવામાં ન આવે તે એ જિલ્લાઓના હિંદુઓ માટે શરમની વાત છે. હું ઇચ્છું છું કે તમે કોઈ પણ રીતે આ અનિષ્ટમાંથી બને તેટલા વહેલા મુક્ત થાઓ. હવે સ્વયંસેવકો સભામાં ફરીને ફાળો ઉઘરાવશે, તેટલામાં હું આ વસ્તુઓનું લિલામ કરીશ. હું આશા રાખું છું કે જે લોકો આ કાપડ ખરીદશે તેઓ એ પહેરવામાં ગૌરવ માનશે.

[મૂળ અંગ્રેજી]

हिन्दु, १०–१०–१९२७

## ૭૦. પ્રાગજી દેસાઈને પત્ર

ઑક્ટોબર ૮, ૧૯૨૭

ભાઈશ્રી ૫ પ્રાગજી,

તમારો કાગળ મળ્યો છે. તે પહેલાં જ હું તો શાસ્ત્રીજીને તથા ઍન્ડ્રૂઝને લખી ચૂકયો હતો. તમારો કાગળ દીનબંધુને મારી ભલામણ સાથે મોકલી દીધો છે. તેણે ભૂલ કરી હોય એમ હું તો માનતો નથી. ગમે તે થયું હોય, તે ઇરાદાપૂર્વક જૂઠું ન જ બોલે ને તેની જે સેવા હોય તેનો આપણે તો પાડ જ માનીએ. ઉતાવળે કંઈ જ ન કરજો. તમે નાતાલમાં રહી ગયા છો એટલે મુદતી પરમિટ લેવાની કશી જરૂર નથી. પણ જો શાસ્ત્રી આગ્રહ કરે ને વર્ષ પછીની જૂજ પરમિટ અપાવવાનું બીડું ઝડપે તો ને ટ્રાન્સવાલમાં રહેવા જ માગતા હો તો મુદતની પરમિટ લેજો. દેવદાસ જ મણિલાલને દૂર કરી રહ્યા છે. એ તો બહુ સારું થયું છે.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી : જી. એન. ૫૦૩૦

Gandhi Heritage Portal

## ૭૧. મીરાંબહેનને પત્ર

ઑક્ટોબર ૮, ૧૯૨૭

ચિ. મીરાં,

હું તને રોજ પત્ર લખવાનો નથી. કારણ, મારો ખ્યાલ છે કે તને રાહત આપનારા મલમની જરૂર નથી. ઘા અત્યાર સુધીમાં રુઝાઈ ગયો હશે. અને આશ્રમમાંથી આવેલા તારા પત્રથી મને ધીરજ આવી છે.

હા, તું દુગ્ધાલયનું કામ અથવા તને જે ગમે તે કામ કરી શકે છે. તારા ખોરાકનું કેમ છે? છોટેલાલનો સંદેશો હું સ્વીકારતો નથી. તેણે મને લખવું જોઈએ અને તે પણ વિસ્તારથી.

સસ્નેહ,

બાપુ

[મૂળ અંગ્રેજી]

મૂળ પત્ર પરથી: સી. ડબલ્યુ. ૫૨૮૫; શ્રીમતી મીરાંબહેનના સૌજન્યથી

## ૭૨. નાગરકોઇલમાં ભાષણ[1]

ઑક્ટોબર ૮, ૧૯૨૭

હિંદુસ્તાનના આ અતિસુંદર પ્રદેશની ફરી મુલાકાત લેતાં મને બહુ આનંદ થાય છે. પરંતુ હિંદુસ્તાનમાં બીજે કોઈ પણ ઠેકાણે અસ્પૃશ્યતાનો જેટલો કાબૂ નથી તેટલો આ સુંદર મુલકમાં છે એ જોઈ મને થતું ઊંડું દુઃખ હું તમારાથી છુપાવી શકતો નથી. આ સંસ્કારી હિંદુ રાજ્યમાં અનુપસાર્યતા અને અદૃશ્યતા જેવા બિહામણા સ્વરૂપમાં, અસ્પૃશ્યતા દેખા દે છે તે જોતાં એક હિંદુ તરીકે મને બહુ નીચાજોણું લાગે છે. હું જવાબદારીના યોગ્ય ભાન સાથે કહું છું કે આ અસ્પૃશ્યતા એક શાપ છે કે જે હિંદુ ધર્મનું હાર્દ ખાઈ જાય છે; અને મને ઘણી વખતે એમ લાગે છે કે આપણે પૂરતી સાવચેતી નહીં રાખીએ અને આ પાપને આપણામાંથી નહીં કાઢીએ તો હિંદુ ધર્મનો પોતાનો જ નાશ થવાનો ડર છે. તર્કના, દેશદેશાંતરના પ્રવાસના અને જુદા જુદા ધર્મોના તુલનાત્મક અભ્યાસના આ જમાનામાં એવા પણ લોકો હોય — જેમાંના કેટલાક તો કેળવાયેલા છે — કે જેઓ કેવળ જન્મના કારણે એક પણ માણસને અસ્પૃશ્ય, અનુપસાર્ય અને અદૃશ્ય ગણવાની ભૂંડી પ્રથાને ટેકો આપે એ મારી બુદ્ધિમાં જ ઊતરતું નથી. હિંદુત્વના એક સામાન્ય, નમ્ર અભ્યાસી તરીકે અને એનું હાર્દ સમજીને એનું અક્ષરશઃ પાલન કરવાની ઇચ્છાનો દાવો કરનાર તરીકે હું તમને કહું કે આ ભૂંડી પ્રથા માટે નથી કોઈ પ્રમાણ કે નથી કોઈ આધાર. સંસ્કૃતમાં જે કાંઈ લખાયું હોય અને શાસ્ત્રોમાં છપાયું હોય તે આપણને બંધનકર્તા છે એવું માનીને આપણી જાતને આપણે છેતરીએ નહીં. જે નીતિનાં મૂળભૂત તત્ત્વોની વિરુદ્ધ

૧. "ત્રાવણકોરને સંદેશો", એ શીર્ષક હેઠળ પ્રસિદ્ધ થયું.

Gandhi Heritage Portal

છે, અને જે, કેળવાયેલા તર્કની વિરુદ્ધ જાય છે તે, ગમે એટલું પુરાણું હોય તોપણ તેની, શાસ્ત્રમાં ગણના થઈ શકે નહીં. આ જે હું કહું છું તેને માટે વેદોમાં, મહાભારતમાં અને ભગવદ્‌ગીતામાં પૂરતાં પ્રમાણો છે. એટલે હું આશા રાખું છું કે ત્રાવણકોરના સંસ્કારી રાજકર્તા માટે, એમના રાજકાળ દરમિયાન, દેશમાંથી આ દૂષણને નાબૂદ કરવાનું શકય બનશે. અને જુગજુગથી ગુલામી દશા ભોગવતા આ લોકોને સંપૂર્ણ મુક્તિ મેળવવાનું, પોતાના રાજકાળ દરમિયાન શકય બન્યું છે એવું પોતાની જાતને અને પોતાની પ્રજાને કહી શકે એનાથી વધુ આભિજાત્ય એક સ્ત્રી માટે બીજું શું હોઈ શકે?

પણ એમની અને એમના મંત્રીઓની મુશ્કેલીઓનો મને ખ્યાલ છે. કોઈ એક સરકાર ગમે એટલી જોહુકમી હોય પણ આવા સુધારાઓ અમલમાં મૂકવામાં એ હમેશાં ભીરુ હોય છે અને સાવધાનીપૂર્વક વર્તે છે. આને માટે ડાહી સરકાર, લોકોની ચળવળને આવકારશે; અને ગાંડી સરકાર લોકમતથી ઉશ્કેરાઈ જશે અને આવી ચળવળને દાબી દેવા માટે હિંસા આચરશે. પણ વાઈકોમ સત્યાગ્રહના મારા જાતઅનુભવથી હું જાણું છું કે આ સુધારો દાખલ કરવા માટે એના હાથ મજબૂત કરવા, એ, આવી ચળવળને સહી લે એટલું જ નહીં પણ આવકારે એવી સરકાર અહીં છે. એટલે સાચી શરૂઆત, કહેવાતા અસ્પૃશ્યો જેમને ખોટી રીતે "અવર્ણ" કહેવામાં આવે છે તેમણે નહીં પણ ત્રાવણકોરના લોકોએ જ કરવી જોઈએ. મારે મન તો "અવર્ણ" હિંદુ શબ્દ જ ખોટો છે અને હિંદુ ધર્મનો નિંદક છે. ઘણી બાબતોમાં ઉપાય અગર શરૂઆત કરવાનું કામ એમનું નહીં પણ કહેવાતા સવર્ણ હિંદુનું હોય છે કે જેમણે અસ્પૃશ્યતાના પાપમાંથી મુક્તિ મેળવવાની હોય છે. મને કહેવા દો કે અસ્પૃશ્યતા એક ગુનો છે એમ તમે સહિષ્ણુતાપૂર્વક માનો એટલું જ પૂરતું નથી. જે કોઈ, કોઈ એક ગુનાહિત કૃત્યનો નિષ્ક્રિય સાક્ષી બને છે તે સાચેસાચ અને કાયદાની દૃષ્ટિએ પણ એમાં સક્રિય ભાગીદાર બને છે. તેથી તમારે કાયદેસર અને યોગ્ય રસ્તે તમારી ચળવળ શરૂ કરવી જોઈએ અને ચાલુ રાખવી જોઈએ. બ્રાહ્મણ આચાર્યો કે જેઓ આ સુધારાનો કે જેનો સમય પાકી ગયો છે તેનો — વિરોધ કરી રહ્યા છે તેમને જો મારો સાદ પહોંચે તો હું આ કહી સંભળાવું. એ એક દુઃખદાયક હકીકત છે પણ ઐતિહાસિક સત્ય છે કે ધર્માચાર્યો, જે, ધર્મના સાચા રક્ષકો હોવા જોઈએ તે, ધર્મના રક્ષકો બનવાને બદલે એના નાશના હાથા બની રહ્યા છે. હું આ કહું છું ત્યારે મારી નજર સમક્ષ ત્રાવણકોરના તેમ જ બીજા પ્રદેશોના તે ધર્માચાર્યો છે કે જેઓ એમના અજ્ઞાનના કારણે અગર એનાથી પણ કોઈ વધુ ખરાબ કારણે જે ધર્મના એ રક્ષક હોવાનું મનાય છે તેનો જ નાશ કરી રહ્યા છે. એમની સમગ્ર વિદ્વત્તા ધૂળ થઈ જાય છે, જ્યારે એનો ઉપયોગ આ ભૂંડા વહેમોના અને ભયાનક પાપના સમર્થનમાં થાય છે. તેથી હું ઇચ્છું છું કે એ લોકો બહુ મોડું થાય એ પહેલાં, આવતા સમયનાં એંધાણ ઓળખી લે અને એમને અને આપણને સત્યના માર્ગે, ઇચ્છાએ કે અનિચ્છાએ લઈ જનારા બનાવોની સાથેસાથે આગળ વધે. દુનિયાના સર્વ ધર્મો બીજી બાબતોમાં ભલે મતભેદ ધરાવતા હોય પણ આ દુનિયામાં સત્ય સિવાય બીજું કશું જીવંત નથી એ તો સૌ એકમતે જાહેર કરે છે.

ઉતાવળિયા સુધારકને પણ ચેતવણી આપું કે જો એ સાચા, સીધા અને સાંકડા રાહ પર નહીં ચાલે તો એ પોતાની જાતને નુકસાન કરશે; અને સુધારો, કે જેને માટેની એની અધીરાઈ વાજબી છે તેને પણ નુકસાન કરશે. હું એવો દાવો કરવાની હિંમત કરું છું કે મેં એના હાથમાં સત્યાગ્રહરૂપી એક અજોડ અને અમૂલ્ય શસ્ત્ર મૂક્યું છે. પણ પછી, સફળ સત્યાગ્રહની શરતો

Gandhi Heritage Portal

પણ ઠીકઠીક આકરી છે. જો એને ઈશ્વરમાં વિશ્વાસ હોય, એના પોતાનામાં વિશ્વાસ હોય, પોતે લઈ બેઠેલા કાર્યમાં વિશ્વાસ હોય તો એ કદી હિંસા નહીં આચરે — અન્યાય, અજ્ઞાન અને હિંસા પણ આચરનાર અતિ ઝનૂની વિરોધી સામે પણ નહીં આચરે. હું કહું છું કે, સત્ય, હિંસાથી કદી સમર્થિત થતું નથી એ વિધાનને વિરોધનો કોઈ ભય નથી. એટલે સત્યાગ્રહી, એના વિરોધીઓને અગર એના કહેવાતા દુશ્મનોને, હિંસાના બળથી નહીં પણ પ્રેમના બળથી, પરિવર્તનની ક્રિયાથી જીતવા આશા રાખે છે. એની રીત હમેશાં નમ્ર અને શિષ્ટાચારભરી હશે. એ કોઈ દિવસ અતિશયોક્તિ નહીં કરે. અને અહિંસાનું બીજું નામ પ્રેમ છે એટલે એની પાસે જાતે દુ:ખ ભોગવવા સિવાય બીજું કોઈ હથિયાર નથી. અને એ સૌ ઉપરાંત અસ્પૃશ્યતાનિવારણ જેવી ચળવળમાં — જે મારી દૃષ્ટિએ તત્ત્વત: ધાર્મિક છે અને જાતને પવિત્ર કરનારી છે તેમાં — ધિક્કાર, ઉતાવળ, અવિચારીપણું અને અતિશયોક્તિને સ્થાન નથી. સત્યાગ્રહ, સીધી ક્રિયાની એક અતિ શક્તિશાળી પદ્ધતિ છે એટલે સત્યાગ્રહી, સત્યાગ્રહનો આશરો લેતાં પહેલાં, બીજા બધા ઉપાયો અજમાવી જુએ છે. તેથી એ હમેશાં અને સતત, સ્થાપિત સત્તાની પાસે દાદ માગતો રહેશે, લોકમતને અપીલ કરશે અને કેળવશે, જે કોઈ એને સાંભળવા માગે તેને પોતાની વાત શાંતિથી અને ધીરજથી સમજાવશે; અને એ બધું કર્યા પછી જ એ સત્યાગ્રહનો આશરો લેશે. પણ જ્યારે એને એમ લાગે કે એનો અંતરાત્મા એને ફરજ પાડે છે અને તેથી એ સત્યાગ્રહ આદરે છે ત્યારે એ સઘળું હોમી દે છે અને એને પાછા ફરવાનું રહેતું નથી. હું આશા રાખું છું કે આ સર્વવિદિત દૂષણને કાઢવા માટે લોકોને આ દેશમાં આટલું બધું સહન કરવાની જરૂર નહીં પડે.

તમને જાણીને આનંદ થશે કે હું અહીં આવ્યો કે તુરત પોલીસ કમિશનરે મને મળવા આવવાની મહેરબાની કરી, અને અમે આ મહાપ્રશ્નને વિશે ચર્ચા કરી. હું જાણું છું ત્યાં સુધી આ ક્ષણે બે પ્રશ્નો ઊભા છે : એક તિરુવરપ્પુના રસ્તાઓ વિશે, અને બીજો સચીન્દ્રમ વિશે. મને ખબર છે ત્યાં સુધી આ બંને જગ્યાઓએ સુધારકોને પક્ષે સત્ય છે. મને કહેવામાં આવ્યું છે કે પહેલા સ્થળે સત્યાગ્રહીઓએ લડત શરૂ પણ કરી દીધી છે. મને લાગે છે આ ઉતાવળિયું પગલું છે. એટલે મેં એમને તાર કર્યો છે કે એ હાલ પૂરતા અટકી જાય અને આવતી કાલે મને ત્રિવેન્દ્રમમાં મળે. જો મને તક મળશે — અને હું આશા રાખું છું એ મળશે — તો આ બંને પ્રશ્નો હું સત્તાવાળાઓ સાથે ચર્ચવા માગું છું. જોકે ત્રાવણકોરની મારી આ મુલાકાત મુખ્યત્વે ખાદી અને ખાદી-ઉઘરાણાં માટે જ યોજાઈ છે, છતાં મારા નસીબે અહીં આવતાં જ અસ્પૃશ્યતાનિવારણના ઝઘડામાં મને નાખ્યો છે. જે કાંઈ થોડો સમય મને છે તેમાં માનભર્યું સમાધાન કરવા માટે લોકો અને રાજ, બંનેને નમ્રપણે મદદ કરવામાં હું બાકી નહીં રાખું.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २०-१०-१९२७

ભાષાંતર : महादेवभाईनी डायरी, પુસ્તક અગિયારમું

Gandhi Heritage Portal

## ૭૩. મણિલાલ અને સુશીલાબહેન ગાંધીને પત્ર

ત્રાવણકોર,
[ઑક્ટોબર ૯, ૧૯૨૭][1]

ચિ. મણિલાલ ને ચિ. સુશીલા,

તમારા કાગળો મળ્યા કરે છે. શાસ્ત્રીજીનો દોષ તમે જે બતાવો છો એનો આપણે વિચાર ન કરી શકીએ. એ દોષ સરકારી નોકરીમાં લગભગ અનિવાર્ય છે. સરકારની પદ્ધતિ જ્યારે મને બહુ દોષિત લાગી ત્યારે જ અસહકાર સ્વીકાર્યો. તમે જે વાયુમાં ઊછર્યાં છો તે એવી સ્તુતિ સહન ન કરી શકો એ યોગ્ય જ છે. પણ વડીલો પ્રત્યે માન એમ સૂચવે કે તેની બને ત્યાં લગી આપણે ટીકા ન કરીએ. મને તમે એ દોષ બતાવ્યો એ તો ઠીક જ કર્યું છે. શાસ્ત્રીજી પ્રત્યેના તમારા વર્તનમાં કે તેમની પ્રત્યેના હાર્દિક માનમાં ફેરફાર ન થવા દેજો. શાસ્ત્રીજી જેવા નીતિમાન ને કુશળ દેશસેવક આપણી પાસે થોડા જ છે.

દેવદાસનું હરસનું ઑપરેશન કરાવ્યું છે. તે દાક્તર રાજનની ઇસ્પિતાલમાં છે. આજે છ દિવસ થયા. તેને ઠીક છે. આશ્રમના લગભગ બધા માણસો સંકટના કામમાં રોકાઈ ગયા છે. અમે આજ ત્રાવણકોરમાં આવ્યાં છીએ. બા કન્યાકુમારી જોવા ગઈ છે. મેં ને મહાદેવે તો દર્શન કર્યાં છે. કાકાસાહેબ પણ સાથે જ છે. તે પણ ગયા છે.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી : જી. એન. ૪૭૨૯

## ૭૪. ત્રિવેન્દ્રમમાં ભાષણ[2]

[ઑક્ટોબર ૧૦, ૧૯૨૭ કે તે પહેલાં][3]

નાગરકૉઈલની માફક અહીં પણ દિવસનો મોટો ભાગ આ પ્રશ્નની ચર્ચામાં ગાળ્યો છે. હું દીવાનસાહેબને અમુક અંશે તો સભ્યતાની ખાતર કેવળ મળવા જ ગયો હતો, છતાં સ્વાભાવિક રીતે અમે આ કંટકભર્યા પ્રશ્નની ચર્ચા કરવાનું શરૂ કર્યું. અને અહીં આવતાં મને થોડીક મિનિટોનો વિલંબ થયો તેનું કારણ પણ એ છે કે હું નામદાર મહારાણીશ્રીને મળવા ગયો હતો અને ત્યાં પણ એમની સાથે આ જ પ્રશ્નની ચર્ચામાં હું ઊતરી પડયો. ત્રાવણકોરની મારી પ્રથમ મુલાકાત પછી આ પરિસ્તાનની મુલાકાત વારંવાર લેવાની મને ઇચ્છા રહ્યા કરી છે. હું

૧. દેવદાસે હરસનું ઑપરેશન કરાવ્યાના ઉલ્લેખ પરથી; "મીરાંબહેનને પત્ર", ૩–૧૦–૧૯૨૭ પણ જુઓ.

૨. "ત્રાવણકોરને સંદેશો", એ શીર્ષક હેઠળ પ્રસિદ્ધ થયું.

૩. મહાદેવ દેસાઈના "સાપ્તાહિક પત્ર" પ્રમાણે ૧૯૨૭ના ઑક્ટોબરની ૯મી અને ૧૦મીએ ગાંધીજી ત્રિવેન્દ્રમમાં હતા. ત્રાવણકોરના મહારાજા અને મહારાણીને મળ્યા પછી તેમણે ભાષણ આપ્યું હતું. "નાગરકૉઈલમાં ભાષણ", ૮–૧૦–૧૯૨૭ પણ જુઓ.

Gandhi Heritage Portal

પહેલાં આવ્યો ત્યારે એના કુદરતી સૌંદર્યથી, ત્રાવણકોરમાં કન્યાકુમારીના સ્થાપનથી અને આ દેશની સ્ત્રીઓની સાદાઈ અને સ્વતંત્રતાથી હું મુગ્ધ થયો હતો. પરંતુ આ બધા વિચારો અને સ્મરણોથી મને જે આનંદ થયો હતો તે બધો અહીં અસ્પૃશ્યતાએ ભૂંડું સ્વરૂપ પકડયું છે એ વિચાર આવતાં મારી ગયો છે; અને કેળવણીના ક્ષેત્રે આખા હિંદુસ્તાનમાં પ્રથમ નંબરે હોવાનો વિશેષાધિકાર ભોગવનાર આ અતિપ્રાચીન હિંદુ રાજ્યમાં આ દૂષણ આટલા ભયંકર સ્વરૂપે ટકી રહ્યું છે એનો વિચાર આવતાં મને દુ:ખ થાય છે. અસ્પૃશ્યતાના આ અતિ ભૂંડા સ્વરૂપથી મને હમેશ આટલું બધું દુ:ખ થાય છે કારણ કે હું મારી જાતને હિંદુત્વના રંગથી રંગાયેલો, હિંદુઓનો પણ હિંદુ માનું છું. જે બધાં પુસ્તકો જેમને આપણે હિંદુ શાસ્ત્રોના નામે ઓળખીએ છીએ તેમાં, આપણી માન્યતા મુજબની અને આપણે પાળીએ છીએ એ પ્રકારની અસ્પૃશ્યતા માટેનું એક પણ પ્રમાણ શોધવામાં મને નિષ્ફળતા મળી છે. પણ મેં બીજે બધે અનેક વખત કહ્યું છે તેમ, જો મને એમ માલૂમ પડે કે હિંદુ ધર્મને અસ્પૃશ્યતા ખરેખર મંજૂર છે તો એ ધર્મનો ત્યાગ કરવામાં મને જરાય આનાકાની હોવી જોઈએ નહીં. કારણ કે હું માનું છું કે ધર્મ, એ નામને લાયક બનવા માટે ન્યાય અને નીતિનાં તાત્ત્વિક સત્યોને અસંગત હોવો જોઈએ નહીં. પણ મારી માન્યતા એ છે કે અસ્પૃશ્યતા હિંદુ ધર્મનું અંગ નથી અને તેથી જ હું એ ધર્મને વળગી રહું છું અને આ ભયાનક દૂષણને કારણે રોજરોજ અધીરો બનતો જાઉં છું. એટલે જ્યારે મેં જાણ્યું કે આ પ્રશ્ન ત્રાવણકોરને પજવી રહ્યો છે ત્યારે એમાં ઝંપલાવવામાં મેં આનાકાની ન કરી. મેં આ પ્રશ્ન ઉપાડી લીધો છે તે, રાજને કોઈ પણ પ્રકારે મૂંઝવણમાં મૂકવા માટે નહીં, કારણ કે હું માનું છું કે નામદાર મહારાણીસાહેબ તો એમની પ્રજાના ભલા માટે ઉત્સુક છે. આ પ્રકારનાં સુધારક હોવાનો પણ એ દાવો કરે છે. અને, આ દૂષણ જેમ બને તેમ વહેલું નાબૂદ થાય એમ જોવા એ ઈંતેજાર છે, એમ હું તમને કહું તો હું કોઈ વિશ્વાસભંગ નથી કરતો એમ હું માનું છું.

પણ સુધારાની બાબતમાં સરકાર દોરવણી આપી શકે નહીં. રાજ્યશાસનનો સ્વભાવ જ એવો હોય કે તે, શાસિત પ્રજાએ વ્યક્ત કરેલી ઇચ્છાનો અર્થ અને અમલ સારામાં સારી રીતે કરે; અને લોકો ન અપનાવી શકે એવો સુધારો એમના ઉપર લાદવો એક સંપૂર્ણ જોહુકમી સરકારને પણ અશક્ય લાગશે. એટલે જો હું ત્રાવણકોર રાજનો પ્રજાજન હોઉં તો, લોકો આ સુધારો જેટલી ઝડપે અપનાવવા ઇચ્છે છે તેટલી ઝડપે મારી સરકાર આ સુધારો દાખલ કરવા ઇચ્છે છે એટલું હું જાણું, તો મને સંપૂર્ણ સંતોષ થવો જોઈએ. પણ આટલો સંતોષ મેળવ્યા પછી આ સુધારાનો સંદેશ ગામડે ગામડે અને વ્યક્તિએ વ્યક્તિએ પહોંચાડું ત્યાં સુધી એક ક્ષણ પણ હું આરામ ન લઉં. સતત અને વ્યવસ્થિત ચળવળ, પ્રાણવાન પ્રગતિનું હાર્દ છે; અને તેથી જો હું તમારા સ્થાને હોઉં તો આ સુધારો અમલમાં ન મૂકવામાં આવે ત્યાં સુધી હું સરકારને જંપીને બેસવા ન દઉં. “જંપીને બેસવા ન દઉં” એટલે એમ નહીં જ કે સરકારને મૂંઝવણમાં મૂકું. ડાહી સરકાર તો, પોતે જે સુધારો કરવા ઇચ્છે છે તે કરવા માટે આવી ચળવળનાં ટેકો, હૂંફ અને ઉત્તેજનાને આવકારે છે અને માગે છે. મને ખબર છે કે હું છેલ્લો જ્યારે અહીં આવ્યો ત્યારે મને કહેવામાં આવ્યું હતું કે બધા સવર્ણ હિંદુઓ અસ્પૃશ્યતાનાં સર્વ પ્રકારનાં રૂપોની નાબૂદી માટે અત્યંત આતુર છે. પણ મને ડર છે કે એમની આ ઇચ્છાના અમલની બાબતમાં એઓ ઊંઘતા રહ્યા છે, અને એ ઇચ્છાને કોઈ મૂર્ત સ્વરૂપ આપ્યું નથી. મને લાગે છે કે રાજના દરેક હિંદુની એ આવશ્યક ફરજ છે કે એ ફરજના પાલન માટે એ પોતે જાગ્રત થાય

Gandhi Heritage Portal

અને પોતાના આળસુ ભાઈઓને પણ એ માટે જાગ્રત કરે. મને લેશમાત્ર શંકા નથી કે જો સવર્ણ હિંદુઓ એકી અવાજે પોતાની ઇચ્છા પ્રદર્શિત કરે તો અસ્પૃશ્યતાનો આ રાક્ષસ નાબૂદ થશે. એટલે આપણી પોતાની આળસ અને જડતાને માટે સરકારને દોષ દેવો એ ખોટું છે.

પણ દરેક કોમમાં અને દરેક દેશમાં સુધારકો તો આંગળીને વેઢે ગણાય એટલા હોય છે; અને મને ખબર છે કે આવા બધા સુધારા દાખલ કરવાનો ભાર સુધારકોના એ નિષ્ઠાવાન નાનકડા જૂથના માથે જ આવી પડે છે. આવા પુરાણા દૂષણની સામે સુધારકો શું કરે એ પ્રશ્ન ખરેખર ઉકેલ માગે છે. દુનિયાભરના સુધારકો, હું જણાવવા માગું છું તે બેમાંથી એક ઉપાય અજમાવે છે. આમાંના ઘણા મોટા ભાગનાએ જંગલી આંદોલનો જગાવી, હિંસા આચરી દૂષણો તરફ ધ્યાન દોર્યું છે. આવાં આંદોલનોથી સરકાર મૂંઝવણમાં મુકાય છે. લોકો મૂંઝવણમાં મુકાય છે અને પ્રજાના શાંતિમય જીવનમાં ખળભળાટ પેદા થાય છે. બીજા પ્રકારના સુધારકો જેમને હું અહિંસાવાદી કહું તે, નમ્ર આંદોલનનો આશ્રય લે છે. એ મન, વચન અગર કર્મની હિંસા આચરી ધ્યાન દોરવાનું તુચ્છકારે છે, પણ કેવળ જાત પર દુઃખ વહોરી લઈને ધ્યાન દોરે છે. એ કોઈ દિવસ અતિશયોક્તિ કરતા નથી. એ સત્યથી લેશમાત્ર ચલિત થતા નથી; અને જોકે દૂષણ કાઢવા અધીરા હોય છે છતાં દોષ કાઢનારનું પણ બૂરું ઇચ્છતા નથી. મેં એને ટૂંકું નામ આપ્યું છે, અને દક્ષિણ આફ્રિકાની માફક અહીં પણ મેં એને “સત્યાગ્રહ”ના નામે લોક સમક્ષ મૂક્યું છે. સત્યાગ્રહ અને સવિનયભંગને એક ક્ષણ માટે પણ ભેળસેળ કરશો નહીં. સવિનયભંગ સત્યાગ્રહની એક શાખા છે એ વિશે શંકા નથી. એનો ઉપયોગ શરૂઆતમાં નહીં, પણ બીજું બધું અજમાવ્યા પછી છેક છેવટે કરવાનો હોય છે. એમાં ઘણી શિસ્તની અપેક્ષા રહે છે; અખૂટ આત્મસંયમની અપેક્ષા રહે છે. એના પાયામાં ઉદારતા છે અને વિરોધીઓના હેતુ વિશે પણ એ, જેનો પુરાવો નથી એવો પ્રતિકૂળ આક્ષેપ મૂકતું નથી. કારણ કે એ જોર-જબરીથી નહીં પણ સમજાવીને પરિવર્તન કરવા માગે છે.

હવે તમે કલ્પી શકશો કે વિરુધુનગરમાં[૧] મારી મુલાકાત લેનાર એક મિત્રે મારા આખા સિદ્ધાંતનો અને મારી ટીકાઓનો ભારે ઊલટો અર્થ કર્યો એમ જ્યારે મેં જાણ્યું ત્યારે મને કેટલું આશ્ચર્ય અને દુઃખ થયું હશે. એમની અને મારી વચ્ચે જે બન્યું હતું તેનો એમણે જે હેવાલ त्रिवेन्द्रम एक्स्प्रेसમાં આપ્યો તે મેં જોયો. એમની સાથે મારે જે વાતચીત થઈ હતી તે પહેલેથી છેવટ સુધી એમણે મારીમચડીને મૂકી છે. (એક અવાજ “શરમ”) પણ શરમનો પોકાર પાડવો એ યોગ્ય નથી. એમ લાગે છે કે જે ગૃહસ્થે એ પોકાર પાડ્યો તેમને સહિષ્ણુતાના ગુણ અગર અર્થની ખબર નથી. હું એક ક્ષણ પણ એમ સૂચવવા માગતો નથી કે જે મિત્ર મને મળવા આવ્યા હતા તેમણે જાણીજોઈને અગર હેતુપૂર્વક મારા કહેવાના અર્થને મચડ્યો છે. આજે સવારે એમણે જે ખુલાસો કર્યો તે માનવા હું તૈયાર છું. પણ અત્યારે આ વાત તરફ મેં તમારું ધ્યાન ખાસ એટલા માટે દોર્યું કે સત્યાગ્રહનો હું શો અર્થ કરું છું એનો તમને ખ્યાલ આપું, અને આ સૂક્ષ્મ હથિયારનો ઉપયોગ ન જાણનારા એમાં માથું મારે છે ત્યારે શું ભયસ્થાનો રહેલાં છે એ, તમને સમજાવું. પોતાની ભૂમિકા વિશે પૂરેપૂરી ખાતરી ન હોય ત્યાં સુધી, અને સામાન્ય કરતાં વિશેષ પ્રમાણમાં જાતસંયમ ન હોય ત્યાં સુધી ભાવિ સુધારકને આ ઉપાય અજમાવવા સામે ચેતવણી આપવા ખાતર જ હું આ ઉદાહરણ આપું છું; અને સત્યાગ્રહની આ પદ્ધતિ,

૧. હિન્દુએ આપેલી આ મુલાકાતના હેવાલ માટે જુઓ પરિશિષ્ટ ૩.

Gandhi Heritage Portal

જેને હું અતુલ્ય હથિયાર માનું છું તેના વિશેની મારી આસક્તિ જોતાં, બની શકે ત્યાં સુધી એનો ખોટો ઉપયોગ અગર અયોગ્ય ઉપયોગ થાય એ રોકવા હું માગું છું. તેથી મેં આ મિત્રને સલાહ આપી છે કે સત્યાગ્રહનો ખરો અર્થ એ સમજે નહીં અને એનું સાચું હાર્દ પચાવી શકે નહીં ત્યાં સુધી એમણે આ પ્રશ્નથી દૂર રહેવું.

પણ આમ કહીને, એક પણ સુધારકની ધગશ ઉપર હું ઠંડું પાણી રેડવા માગતો નથી. હું આ બાબતમાં આટલી વિગતોમાં ઊતરું છું તેનું સીધુંસાદું કારણ એ છે કે બને એટલી ઝડપે આ પ્રશ્નનો નિકાલ આવે એ માટે તમે કાર્ય કરો એમ હું ઇચ્છું છું. તેથી હું નમ્રપણે સૂચવવા માગું છું કે તમારામાંથી જેમને જાહેર જીવનનો થોડો અનુભવ હોય તેમણે આ ચળવળ ઉપાડી લેવી જોઈએ, અપનાવવી જોઈએ, અને આ પ્રશ્નમાં રસ લેતા, પણ તેના ઉકેલની રીત વિશે અણજાણ એવા જવાનિયાઓની શક્તિને અને ઇચ્છાને જોતરવી જોઈએ. હું એમ પણ સૂચવવા માગું છું કે તમે સત્તાવાળાઓના સંપર્કમાં રહો અને આ સુધારો દાખલ થાય નહીં ત્યાં સુધી રોજેરોજ એમનો જીવ ખાવ. કારણ કે મને એ કહેવાની છૂટ છે કે આ સુધારો દાખલ કરવા માટે કેવળ નામદાર મહારાણી જ નહીં પણ દીવાનસાહેબ પોતે પણ ઇચ્છા ધરાવે છે. પણ એ જુદા ધર્મના છે એટલે એમની મર્યાદાઓ હું અને તમે—હિંદુઓ—સમજી શકીએ છીએ. મારા અભિપ્રાયે, જ્યાં સુધી સરકારને લાગેવળગે છે ત્યાં સુધી તો સુધારાની એ, તરફેણમાં છે—ફક્ત શરૂઆત તમારા તરફથી થવી જોઈએ—સરકાર તરફથી નહીં.

આ અતિમહત્ત્વના પ્રશ્નને આવી શાસ્ત્રીય શૈલીમાં છણવા માટે મને માફ કરશો. મારે માટે બીજો કોઈ રસ્તો નથી કારણ કે થોડાક નેતાઓની પરિષદ બોલાવી એમાં આ પ્રશ્નના દરેક પાસાની ચર્ચા કરવા જેટલો મને સમય નથી. તેથી મને લાગ્યું કે આટલા મોટા જન-સમુદાય આગળ અસ્પૃશ્યતા અંગેના મારા ભાષણમાં રહેલું ભારેપણું તમે મનમાં નહીં લો.

આમાંથી ઉદ્‌ભવતો એક પ્રશ્ન આજ સવારે મને પૂછવામાં આવ્યો હતો—વર્ણાશ્રમધર્મને અસ્પૃશ્યતા સાથે શો સંબંધ છે? એનો અર્થ એ કે મારે તમને વર્ણાશ્રમધર્મ અંગેના મારા ખ્યાલ વિશે થોડા શબ્દો કહેવા. હિંદુ ધર્મ વિશે હું જે કાંઈ જાણું છું તે પરથી કહું કે વર્ણનો અર્થ ન માની શકાય એટલો સહેલો છે. એનો એટલો જ અર્થ છે કે આપણા બાપદાદાનો અને વારસાગત ધંધો જ આપણે સૌએ કરવો જોઈએ સિવાય કે એ, નીતિના મૂળભૂત સિદ્ધાંતોને અનુરૂપ ન હોય; અને તે પણ, કેવળ આજીવિકા કમાવાના હેતુથી કરવો. બધા ધર્મોમાં મનુષ્યની જે વ્યાખ્યા આપી છે તે આપણે સ્વીકારીએ તો આને હું આપણા અસ્તિત્વનો કાયદો માનું છું. ઈશ્વરે જે જીવસૃષ્ટિ ઉત્પન્ન કરી છે તેમાં મનુષ્ય એ એક જ એવું પ્રાણી છે કે જેને, એ એના કર્તાને ઓળખે તે માટે પેદા કરવામાં આવ્યું છે. એટલે મનુષ્યના જીવનનું ધ્યેય રોજેરોજ ભૌતિક ભવિષ્ય સુધારવાનું અને ભૌતિક સંપત્તિ વધારવાનું નથી પણ એનો મુખ્ય વ્યવસાય તો દિનપ્રતિદિન એના કર્તાની નજીક આવવાનો છે. આ વ્યાખ્યામાંથી જ આપણા પ્રાચીન ઋષિઓએ અસ્તિત્વનો કાયદો શોધી કાઢ્યો. તમને પ્રતીતિ થશે કે આપણે બધા જો વર્ણના આ કાયદાને અનુસરીએ તો આપણે આપણી ભૌતિક મહેચ્છાઓને મર્યાદિત કરીશું, અને જે વડે અને જેની મારફતે ઈશ્વરને ઓળખી શકાય તેવા મહાન ક્ષેત્રની શોધ માટે આપણે આપણી શક્તિઓને છૂટી કરી શકીશું. તો પછી તમે તુરત જોઈ શકશો કે આજે દુનિયાભરમાં ચાલતી અને આપણું ધ્યાન રોકતી ક્રિયાઓમાં નવદશાંશ ક્રિયાઓ બંધ પડી જશે. તો પછી તમને કહેવાનો હક પ્રાપ્ત થશે કે વર્ણ જે રીતે આજે આપણે પાળીએ છીએ તે, વર્ણનો

Gandhi Heritage Portal

જે અર્થ મેં વર્ણવ્યો છે તેનું હાસ્યાસ્પદ સ્વરૂપ છે. અને નિ:શંક છે, પણ એમ જ. પણ જેમ અસત્ય, સત્યનું આડંબરી સ્વરૂપ ધારણ કરે છે એ કારણે આપણે સત્યને ધિક્કારતા નથી અને સત્યમાંથી અસત્યને જુદું પાડીએ છીએ અને સત્યને જ વળગી રહીએ છીએ, તે જ પ્રમાણે વર્ણ તરીકે મનાતા એના વિકૃત સ્વરૂપનો આપણે નાશ કરી શકીએ અને હિંદુ સમાજને એની આજની પતિત દશામાંથી પવિત્ર બનાવી શકીએ.

મેં જે કહ્યું છે તેમાંથી આશ્રમનો ઉપસિદ્ધાંત જ પેદા થાય છે; અને આજે વર્ણનું સ્વરૂપ વિકૃત બન્યું છે તો આશ્રમ તો સાવ અદૃશ્ય બની ગયો છે. આશ્રમ એટલે મનુષ્યના જીવનના ચાર તબક્કા; અને હું તો ઇચ્છું કે વિદ્યાર્થીઓ — આર્ટ્સ, સાયન્સ અને કાયદાનો અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓ — કે જેમણે મને સદ્ભાવથી એમની થેલીઓ આપી છે તેઓ મને એવી ખાતરી આપી શકે કે તેઓ પહેલા આશ્રમના નિયમો મુજબ પોતાનું જીવન ગાળે છે, અને મન, વચન અને કર્મથી બ્રહ્મચારી છે. બ્રહ્મચર્યાશ્રમનો આદેશ છે કે જેઓ ઓછામાં ઓછાં પચીસ વર્ષ સુધી બ્રહ્મચારીનું જીવન ગાળે તેઓ જ બીજા આશ્રમમાં — ગૃહસ્થાશ્રમમાં — પ્રવેશ પામી શકે. અને મનુષ્યને એ હોય તેના કરતાં વધુ સારો બનાવવો અને એના કર્તાની નજીક લઈ જવો એ પ્રકારની હિંદુ ધર્મની આખી કલ્પના છે, એ કારણે ઋષિઓએ ગૃહસ્થાશ્રમના તબક્કાની પણ મર્યાદા બાંધી અને આપણા ઉપર વાનપ્રસ્થાશ્રમ અને સંન્યાસાશ્રમ પાળવાની આવશ્યકતા લાદી. પણ આજે તો સાચો બ્રહ્મચારી, સાચો ગૃહસ્થ — વાનપ્રસ્થી અને સંન્યાસીની તો વાતો જ મૂકી દો — આખા દેશમાં શોધ્યો નહીં જડે. આપણી ઇચ્છા હોય તો, જીવનની આ રચનાને આપણા દોઢડહાપણમાં આપણે ભલે હસી કાઢીએ, પણ એ, હિંદુત્વની મહાન સફળતાનું રહસ્ય છે એ વિશે મને તો જરાય શંકા નથી. મિસરની, અસીરિયાની અને બાબિલોનની સંસ્કૃતિ મરી પરવારી પણ હિંદુ સંસ્કૃતિ જીવતી રહી છે. ખ્રિસ્તી સંસ્કૃતિને તો હજી બે હજાર વર્ષ જ થયાં છે. ઇસ્લામિક સંસ્કૃતિ હજી ગઈ કાલની જ છે એમ કહેવાય. આ બંને મહાન છે; છતાં મારા નમ્ર અભિપ્રાયે એ હજી ઘડાઈ રહી છે. ખ્રિસ્તી યુરોપ જરાય ક્રાઇસ્ટમય નથી. એ તો હજી ફાંફાં મારે છે. અને તેમ જ, મારા અભિપ્રાયે, ઇસ્લામ પણ હજી એના મહાન રહસ્ય માટે ફાંફાં મારે છે. અને આજે આ ત્રણ મહાન ધર્મો વચ્ચે તંદુરસ્ત તેમ જ અતિશય રોગિષ્ઠ અને ભૂંડી પણ હરીફાઈ ચાલી રહી છે. સમય જતાં મારા મનમાં રોજ એવી દૃઢ માન્યતા બંધાતી જાય છે કે વર્ણ, મનુષ્યના અસ્તિત્વનો નિયમ છે અને તેથી હિંદુત્વને ટકાવી રાખવા માટે એ જેટલો જરૂરનો છે — અને એને રક્ષે છે — તેટલો જ જરૂરનો ખ્રિસ્તી ધર્મ અને ઇસ્લામ ધર્મ માટે છે.

આ કારણે, દક્ષિણમાંના કેટલાક હિંદુઓમાં આજકાલ એમ કહેવાની જે એક ફૅશન પડી ગઈ છે કે "વર્ણાશ્રમધર્મ તો હિંદુ ધર્મને શાપરૂપ છે," તે હું માનતો નથી. પણ આનો અર્થ એ નથી કે વર્ણાશ્રમધર્મનું જે ભૂંડું સ્વરૂપ આજે આપણી આસપાસ આપણે જોઈ રહ્યા છીએ તેની તરફ નરમાશ બતાવવી અગર એક ક્ષણભર પણ એની બરદાસ્ત કરવી. વર્ણાશ્રમને જ્ઞાતિ સાથે કાંઈ લેવાદેવા નથી. તમે કહી શકો કે જ્ઞાતિ, હિંદુ પ્રગતિને અવરોધકારક છે; અને અસ્પૃશ્યતા મેં અત્યાર અગાઉ કહ્યું છે તેમ અગર વર્ણવ્યું છે તેમ વર્ણાશ્રમધર્મ ઉપર ઊગેલું ગૂમડું છે. ઘઉં અને ડાંગરનાં ખેતરોમાં ઊગતાં ઝાંખરાંને જેમ આપણે નીંદી નાખીએ છીએ તેમ આ ઝાંખરાં જેવું ઊગેલું પણ નીંદી નાખવા યોગ્ય છે.

Gandhi Heritage Portal

વર્ણના આ ખ્યાલમાં ઊંચનીચનો લેશમાત્ર ભેદ નથી. જો હિંદુત્વનો ફરી સાચો અર્થ ઘટાવું તો સૌ જીવ સર્વથા સરખા છે—એક છે. તેથી "હું બીજા ત્રણ વર્ણો કરતાં ઊંચો છું" એવું જ્યારે બ્રાહ્મણ કહે છે ત્યારે એના એ કથનમાં અહંકાર રહેલો છે. જૂના કાળના બ્રાહ્મણો આવું નહોતા કહેતા. એ, પ્રણિપાત પામતા, તે, શ્રેષ્ઠ હોવાનો એ દાવો કરતા તે કારણે નહીં પણ ફળની લેશમાત્ર અપેક્ષા રાખ્યા વિના કેવળ સેવા કરવાનો એ દાવો કરતા તે કારણે. જે ધર્મ-ગુરુઓ, આજે, બ્રાહ્મણનાં કર્મ કરવાનો ડોળ કરનારા અને ધર્મને વિકૃત કરનારા છે તેઓ હિંદુત્વ અને બ્રાહ્મણત્વના રક્ષક નથી. જે ઝાડ ઉપર એ બેઠા છે તેના મૂળમાં એ લોકો જાણે-અજાણે ઘા કરે છે; અને જ્યારે એ કહે છે કે શાસ્ત્રમાં અસ્પૃશ્યતાનો આદેશ છે, અને જ્યારે એ અનુપસાર્યતાની વાત કરે છે ત્યારે મને એમ કહેતાં આનાકાની થતી નથી કે એઓ એમના ધર્મથી વિરુદ્ધ વર્તે છે અને હિંદુત્વના હાર્દનો ખોટો અર્થ કરે છે. અહીં હાજર રહેલા અને મારું કહેવું સાંભળતા તમે હિંદુઓ હવે કદાચ સમજી શક્યા હશો કે જાગ્રત થવાનું અને આ દૂષણમાંથી મુક્ત થવાનું કેમ અત્યંત જરૂરી છે. એક પ્રાચીન હિંદુ રાજના વતની તરીકે આ સુધારાનું નેતૃત્વ ગ્રહણ કરવામાં તમને અભિમાન હોવું જોઈએ. અહીંનું વાતાવરણ જોતાં મને તો એમ લાગે છે કે જો તમે મન દઈને અને ઉત્સાહપૂર્વક સુધારાનું કામ ઉપાડી લો તો એને માટે આ ક્ષણ ખરેખર એક શુભ અવસર છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २०-१०-१९२७

ભાષાંતર : મહાદેવભાઈની ડાયરી, પુસ્તક અગિયારમું

## ૭૫. મીરાંબહેનને પત્ર

ઑક્ટોબર ૧૦, ૧૯૨૭

ચિ. મીરાં,

તારો પત્ર મળ્યો. હા, તારા દર અઠવાડિયે બે પત્ર મળે એથી મને સંતોષ છે. તારી બધી ચિંતામાંથી મુક્ત થાઉં પછી મને અઠવાડિયે એક પત્રથી પણ સંતોષ થશે. હવે હું લગભગ ચિંતામુક્ત થયો છું. અને તેથી મેં પણ તને દરરોજ પત્ર લખવાનું છોડી દીધું છે.

તારી યોજના કૃષ્ણદાસ, સુરેન્દ્ર, છોટેલાલ અને બીજાઓ સાથે ચર્ચવાનું ચાલુ રાખજે. તેમને તેમનો અભિપ્રાય સ્પષ્ટ જણાવવા કહેજે. તું વધારે ચોકીદારો રાખી શકે છે. ભણસાળી પાસે જવાનું ચૂકીશ નહીં. તેણે સાત દિવસના ઉપવાસ શરૂ કર્યા છે. એ માટે મેં ઘણા વખત પહેલાં સંમતિ આપી હતી. હું જાણું છું કે તારી હાજરીથી તેને શાંતિ મળે છે.

હા, અહીં તેમ જ ત્યાં બધું બરાબર હોય તો તું ઓરિસ્સા આવજે. તારે તબિયત સાચવ-વાની છે.

તને કેટલાંક પુસ્તકો મોકલવા માટે મિ. સ્મિથને લખું છું.

અહીં ગઈ કાલે હું રેસિડેન્ટને મળ્યો. તેમણે મને પહેલો સવાલ એ પૂછયો કે, તું મારી સાથે છે કે કેમ. પછી તેમણે કહ્યું કે તેઓ રજા પર હતા ત્યારે તારા બનેવીએ તેમની જગ્યાએ કામ કર્યું હતું. મેં તેમને કહ્યું કે તું ચેટ્ટીનાડમાં થોડા દિવસ મારી સાથે હતી.



Gandhi Heritage Portal

વાળનો પ્રશ્ન મને પોતાને પણ કાંઈક મુશ્કેલ લાગે છે. એ વસ્તુ આમ તો સારી જ છે એમાં મને શંકા નથી. પણ એમ કરવું સલાહભર્યું છે કે કેમ એ વિશે મને ખાતરી નથી. પણ એને વિશે હું વધુ વિચાર નહીં કરું. ત્યાંની સ્ત્રીઓને પોતાનો છેવટનો નિર્ણય આપવા દો. મણિ વાળ કપાવવાનો વિરોધ શા માટે કરે છે? આમાં ઉતાવળ ન થવી જોઈએ. આ બાબતમાં લેડી સ્લેડ શું કહેશે એનું મને કૌતુક થાય છે. હું ઇચ્છું છું કે તું આ બાબતમાં તેમની સાથે પણ ચર્ચા કરી લે. મને ખબર છે કે, તારી દરેક બાબતમાં તેઓ ખૂબ જ રસ ધરાવે છે.

તને ખબર છે કે મગનલાલ પાસે ગોશાળા વિશેનાં પુસ્તકોનો સારો સંગ્રહ છે. તારે એમાંનાં કેટલાંક જોઈ લેવાં જોઈએ.

સસ્નેહ,

બાપુ

[મૂળ અંગ્રેજી]

મૂળ પત્ર પરથી : સી. ડબલ્યુ. ૫૨૮૬; શ્રીમતી મીરાંબહેનના સૌજન્યથી

## ૭૬. હૉરેસ જી. ઍલેક્ઝાંડરને પત્ર

પ્રવાસમાં,
ઑક્ટોબર ૧૦, ૧૯૨૭

પ્રિય ભાઈ,

આ બધા દિવસો દરમ્યાન તમારો પત્ર હું મારી સમક્ષ રાખી રહ્યો છું. તમારા પત્ર મુજબ તમારો સાબરમતી આશ્રમ જવાનો સમય હવે નજીક આવી રહ્યો હોવાથી તમારા ત્યાં જવાથી આશ્રમના લોકોને કેટલો બધો આનંદ થશે એ તમને જણાવવા માટે હું તમને આ પત્ર લખી રહ્યો છું. પણ મને જણાવતાં દિલગીરી થાય છે કે તમારું સ્વાગત કરવા હું પોતે ત્યાં હાજર નહીં હોઉં. હમણાં હું રેંટિયાનો સંદેશો લઈને દક્ષિણમાં પ્રવાસ કરી રહ્યો છું. અને આ પ્રવાસ નવેમ્બરની અધવચ સુધી ચાલશે. પછી હું ઓરિસ્સા જઈશ. જાન્યુઆરીની શરૂઆત પહેલાં હું આશ્રમમાં પાછા ફરવાની આશા રાખતો નથી.

તમારો સહૃદયી
**મો. ક. ગાંધી**

મિ. હૉરેસ જી. ઍલેક્ઝાંડર
મિ. જે. એમ. હાઈલૅન્ડને ત્યાં
હોલી રોડ
નાગપુર

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : જી. એન. ૧૪૦૪

Gandhi Heritage Portal

## ૭૭. છગનલાલ જોશીને પત્ર

ત્રિવેન્દ્રમ,
ઑક્ટોબર ૧૦, ૧૯૨૭

તમારે ગભરાવાનું કશું કારણ નથી. તમે પ્રયત્નવાન છો એ જાણું છું. પોતાની પત્ની વિશે નિર્વિકાર રહેવું એ તો અતિશય મુશ્કેલ છે એમ હું તો અનુભવે જાણનાર રહ્યો, એટલે તમારી ઉપર દયા છૂટે છે. પણ જ્યાં લગી તમે એકાંત નહીં છોડો, નોખા નહીં સૂઓ અને જરૂર જણાય તો થોડો સમય છૂટા નહીં રહો ત્યાં લગી તમે એકબીજા પ્રત્યે વિકાર નહીં જીતો. તમારાં પત્ની ક્યાં લગી તમને મદદ કરે છે તે તો મેં તમારી પાસેથી જાણ્યું નથી. જો એની પણ મદદ હોય તો તમારો રસ્તો સીધો છે; ન હોય તો મુશ્કેલ છે. આ જય તમારે મેળવવાનો જ છે. અને એમ જાણજો કે જેમ [જેમ] તમારું હૃદય કોમળ થતું જશે તેમ તેમ તમે વિકારને જીતતા જશો. વિકારવશ થવામાં કઠોરતાની જરૂર પડે છે. જેના હૃદયમાં કેવળ કરુણા જ રહેલી છે તેને વિકારવશ થવાની એક ક્ષણ પણ મળતી જ નથી. તેથી જ મેં ઘણી વેળા કહ્યું છે, શુદ્ધ બ્રહ્મચારી ક્રોધને વશ થાય જ નહીં. શાસ્ત્રમાં તેવાં દૃષ્ટાંતો જોવામાં આવે છે તે અનુભવ વિનાનાં છે, અને સ્થૂળ બ્રહ્મચર્યનાં છે. તમે ઊંડા ઊતરશો તો આ વચનનું સત્ય તમે પોતે જ અનુભવશો.

મારા ઉપવાસનો ભય સહુએ છોડી દેવાનો છે. દેવદાસને નિમિત્તે મેં ક્યાં ઉપવાસ કર્યા છે? એ ભયમાં કેવળ મોહ અને અજ્ઞાન જ છે. હું એકાએક ઉપવાસ કરતો જ નથી ને કરું છું ત્યારે મારી પોતાની શુદ્ધિ તથા શાંતિને સારુ. ઉપવાસને ભયનું કારણ સમજવાને બદલે ચોકીનું કારણ સમજી વધાવી લેવા જેવી વસ્તુ છે. શુદ્ધ પ્રયત્નવાન, માબાપ કે મિત્રની ચોકીથી ડરતા નથી પણ એને વધાવી લે છે; તેમ મારા ઉપવાસ ગણવા જોઈએ. ઉપવાસનો દુરુપયોગ થાય છે ખરો, પણ જ્ઞાનપૂર્વક થતા ઉપવાસ સત્યના પૂજારીને સારુ અત્યાવશ્યક છે એ વિશે મને ખાતરી છે. સારામાં સારી વસ્તુનો વધારેમાં વધારે દુરુપયોગ શકય છે એ આપણે ક્યાં નથી જાણતા? સારા કહેવાતા માણસ જેટલું છેતરી શકયા છે તેટલું નઠારા મનાતા કાંઈ થોડા જ છેતરી શકે છે?

[મૂળ ગુજરાતી]

મહાદેવભાઈની હસ્તલિખિત ડાયરીમાંથી; શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી તથા મહાદેવભાઈની ડાયરી, પુસ્તક અગિયારમું

Gandhi Heritage Portal

## ૭૮. મગનલાલ ગાંધીને પત્ર

[ઑક્ટોબર ૧૦, ૧૯૨૭ આસપાસ][1]

ચિ. મગનલાલ,

તમારા બંને કાગળો મળ્યા. . . .[2] વિશે આશ્રમમાં જ સજ્જડ મતભેદ જોઉં છું. હવે આ બાબત તમને તો તકલીફ નહીં આપું. કેટલોક પત્રવ્યવહાર છગનલાલ જોશીની સાથે ચલાવી રહ્યો છું. તે ઉકેલીને હમણાં તો મૌન ધારણ કરીશ ને જાન્યુઆરી માસમાં ત્યાં આવ્યે તે અધ્યાય ઉકેલવાનો પ્રયત્ન કરીશ. મારા મનમાં શંકા રહી જ જાય છે. નિર્દોષ માણસ આપઘાત નથી કરતા. . . ના મારી ઉપરના કાગળો મને શંકાશીલ બનાવે છે. જગન્નાથના બળવામાં તે હતા એ તો તમે જાણો જ છો. તે બળવો . . . નો હું કદી શમાવી નહોતો શક્યો. આમ મને વહેમ ભરાઈ ગયો છે. રામદાસનો કાગળ મારી ઉપર છે તેમાં તે પોતાના વહેમાતાં કારણો દર્શાવે છે. તે સબળ નથી પણ રામદાસને વહેમ તો સ્વતંત્ર રીતે આવ્યો. . . . કોઈને કંઈ જ ખબર ન કરતા ગયા એ મને ભયાનક લાગે છે. ક્યાંય સંતાઈ રહ્યા હોય એમ મને લાગતું નથી. એમ બની આવે તો હું તો મહાવ્યથામાંથી છૂટું. કેમ કે મારા વહેમનાં ભોગ તો અત્યારે પુત્રસમાન . . . અને પુત્રીઓ સમાન . . ., . . . થઈ પડયાં છે.

દુગ્ધાલયના આંકડાના સુધારાની મને જરૂર નથી. હું તો તમારો બંને ભાઈઓનો એકત્ર રિપોર્ટ માગું છું. તમે બેંગલોરમાં મને આશ્વાસન આપ્યું તે મારે સારુ બસ હતું. પણ નારણદાસે મને લખ્યું કે આંકડાઓમાં ૨૧ ભૂલો હતી અને તે ભૂલો એવી કે દુગ્ધાલયમાં ખોટ બતાવે. તમારામાં સુધારામાં ખોટ નથી જોતો. મને તો ચિંતા એટલી જ હતી કે જો આપણી ભૂલ એવી હોય કે જેથી પરિણામ બતાવ્યું તેથી ઊલટું હોય તો આપણે જાહેર કરવું જોઈએ. એટલે તમે નારણદાસની સાથે આંકડા ચર્ચીને મને લખો કે શું પરિણામ આવ્યું.

તમારો ત્રીજો કાગળ મળ્યો છે. તેમાં તમે મને ત્યાં આવવાનું લખો છો. મારી તબિયત વિશે તો મહાદેવે કાલે લખ્યું છે. તબિયતમાં કશો ઉપદ્રવ નથી. છાપાંવાળાઓને તો શું જ કહીએ? મને કંઈ થાય તો અહીંથી કોઈ તાર ન કરે એવું બને જ નહીં એમ સમજી લેવું જોઈએ.

હું તો ત્યાં આવવાને સારુ અધીરો છું. ત્યાંનો વાયુ શુદ્ધ હોય કે અશુદ્ધ પણ મારું સ્થાન ત્યાં જ હોય. અશુદ્ધ છે તેથી વિશેષ. ત્યાંના અશુદ્ધ વાયુથી ભાગીને હું ક્યાં જાઉં? ત્યાંના અશુદ્ધ વાયુને સારુ હું તો સૌથી વધારે દોષિત છું કેમ કે હું ત્યાં સ્થિર થઈને રહ્યો જ નથી. એટલે મને ત્યાં આવવાનો આગ્રહ કરવો પડે તેમ નથી. માત્ર અહીંનું કામ પડતું ન જ મેલાય ને શરીર આપે ત્યાં લગી કામ તેની પાસેથી લઈ લેવું જોઈએ એવી મારી માન્યતા છે. એટલે પડયો છું. તેથી મારી ગણતરી તો એવી છે કે હું ત્યાં જાન્યુઆરીના આરંભમાં પહોંચીશ.

'પણ તમે કદી હારતા નહીં.'

૧. ડાયરીમાં આપેલી વિગતોની ભૂલના અને . . .ના આશ્રમ છોડી ગયાના ઉલ્લેખ પરથી વર્ષ નક્કી કરવામાં આવ્યું છે.

૨. અહીં નામ આપ્યાં નથી.

Gandhi Heritage Portal

'કદી નહીં હારના ભાવે સારી જાન જાવે.'
અથવા
'હરિનો મારગ છે શૂરાનો નહીં કાયરનું કામ જોને.'
અથવા

'सुखदुःखे समे कृत्वा लाभालाभौ जयाजयौ ।
ततो युद्धाय युज्यस्व नैवं पापमवाप्स्यसि' ॥

પોતા પ્રત્યે કઠોરતા, પ્રતિપક્ષી પ્રત્યે ઉદારતા એ ન્યાય છે.

[મૂળ ગુજરાતી]

મૂળ પત્ર પરથી : સી. ડબલ્યુ. ૭૭૬૮; શ્રીમતી રાધાબહેન ચૌધરીના સૌજન્યથી

## ૭૯. આશ્રમની બહેનોને પત્ર

આસો વદ ૧, '૮૩ [ઑક્ટોબર ૧૧, ૧૯૨૭][1]

વહાલાં બહેનો,

મારા આગલા કાગળથી તમારામાં ઠીક ખળભળાટ થયો જણાય છે. તેથી જ તમારો કાગળ મને હજુ નથી મળ્યો. આ ખળભળાટ મને ગમે છે. વિનયને અર્થે તમે એકબીજાની સાથે હળોભળો એટલેથી મને સંતોષ નહીં થાય, તમે સંતોષ ન માનજો. આપણે જેમ તેમ નિભાવી નથી જ લેવું, પણ આપણે તો હૃદય મેળવવાં છે. આપણે પોતાને કે બીજાંને કે જગતને છેતરવું નથી. તેથી જે કંઈ મનમાં ભરાઈ રહ્યું હોય તે બહાર લાવવું જોઈએ. એક વાર મનમાં રહેલો મેલ નીકળી જશે તો પાછો નવો દાખલ થતાં વાર લાગશે. પણ જો મેલ જરાયે ભરાયો હશે તો જેમ મેલા વાસણમાં નાખેલું સાફ પાણી પણ મેલું થઈ જાય છે, તેમ મેલા મનમાં સારા વિચારો ભળે તે પણ મેલા થઈ જાય છે. જેને વિશે આપણને એક વાર શક આવે તેની બધી વાતોને વિશે આપણે વહેમાઈએ છીએ.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી : જી. એન. ૩૬૭૦ તથા બાપુના પત્રો – ૧ : આશ્રમની બહેનોને, પા. ૪૧

૧. આશ્રમની બહેનોમાં વિખવાદ થયાના ઉલ્લેખ ઉપરથી વર્ષ નક્કી કરવામાં આવ્યું છે. જુઓ "આશ્રમની બહેનોને પત્ર", ૨૬–૯–૧૯૨૭.

Gandhi Heritage Portal

## ૮૦. દેવચંદ પારેખને પત્ર

[ઑક્ટોબર ૧૧, ૧૯૨૭][1]

ભાઈશ્રી ૫ દેવચંદભાઈ,

તમારો કાગળ મળ્યો. ભાઈ અમૃતલાલ ઠક્કર તો માને છે કે હવે પરિષદ[2] ભરવાની નથી. આ વર્ષની તો ન જ થઈ. પરિષદને હવે નવું વલણ તો આપવું જ જોઈશે એમ મને લાગે છે, તેમાં હું મારી અત્યારની માનસિક સ્થિતિમાં ભળી નહીં શકું પણ કરડુ મગ જેવો થઈ રહેવાનો ભય છે. તેથી નવું મંડાણ બાંધીને નવું ચણતર કરવું બરોબર નથી?

બાપુના આશીર્વાદ

પાછળ

મુસાફરીની તારીખો

| | |
|---|---|
| ૧૬–૧૭ | કોઈબતુર |
| ૧૮ | પોલાચી |
| ૧૯ | તિરુપુર |
| ૨૦ | ગોબીચેટ્ટીપાલયમ |
| ૨૧ | ઈરોદ |
| ૨૨ | સાલેમ |
| ૨૩–૨૪ | તિરુચેંગોડ |
| ૨૫ | કાલીકટ |
| ૨૬–૩૧ | મેંગલોર |

૧૯ નવેમ્બર સુધી સિલોન

ભાઈશ્રી ૫ દેવચંદ પારેખ
બૅરિસ્ટર, જેતપુર

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી: જી. એન. ૫૬૯૨

૧. ટપાલની છાપ પરથી.
૨. કાઠિયાવાડ રાજકીય પરિષદ.

Gandhi Heritage Portal

# ૮૧. ક્વિલોનમાં ભાષણ[1]

ઑક્ટોબર ૧૧, ૧૯૨૭

સોમલનો નાનો સરખો અંશ પણ દૂધને ઝેર બનાવે છે તેમ અસ્પૃશ્યતા હિંદુત્વને ઝેર બનાવે છે. દૂધના ગુણ અને ઉપયોગ જાણતા હોઈએ અને સોમલનો ગુણ જાણતા હોઈએ, એટલે દૂધના દેગડા પાસે બેઠેલો માણસ એમ કહે કે-સોમલને ધીમે ધીમે દૂર કરીશું તો એને શું કરશું? કાં તો સોમલ સદંતર દૂર કરવું જોઈએ નહીં તો દૂધનો આખો દેગડો જ ઢોળી નાખવો જોઈએ. એ જ પ્રમાણે એક હિંદુ તરીકે મને લાગે છે કે અસ્પૃશ્યતાનું દૂષણ હિંદુત્વના દૂધને ઝેરી અને ગંદું બનાવે છે. એટલે મને એમ લાગે છે કે આવી બાબતમાં ધીરજ ધરવી એ ગુણ નથી. આપણી જાતને રોકવી અશક્ય છે. દૂષણ કાઢવાની બાબતમાં ધીરજ રાખીને બેસી રહેવું એટલે એની અને આપણી જાતની સાચેસાચ ઉપેક્ષા કરવી. એટલે વિનાઆનાકાનીએ મેં કહ્યું છે કે આ સુધારો દાખલ કરવામાં ત્રાવણકોર રાજ્યે પહેલ કરવી જોઈએ અને એકે સપાટે આ દૂષણનું નામનિશાન ભૂંસી નાખવું જોઈએ. પરંતુ હું એ પણ જાણું છું કે જ્યાં સુધી સવર્ણ હિંદુઓનું પીઠબળ – સક્રિય પીઠબળ – ન હોય ત્યાં સુધી એક હિંદુ રાજ્યને [માટે] પણ એ દૂષણ દૂર કરવું શક્ય નથી. એટલા માટે રાજ્યના વડાને નહીં પણ ખાસ કરીને તમને વિનંતી કરું છું અને આ સભામાં હાજર રહેલા એકેએક હિંદુને અંગત રીતે ચોક્કસ અપીલ કરું છું. તમે અને હું કહેવાતા અસ્પૃશ્યો અને અનુપસાર્યો તરફની આપણી ફરજ ચૂક્યા છીએ અને તેટલે અંશે તમે અને હું હિંદુત્વના કૃત્રિમ પ્રતિનિધિઓ છીએ.

[2]આવા સુંદર, આવા મનોહર પ્રદેશમાં માણસ, માણસ પ્રત્યે આટલી બધી મલિનતા રાખી શકે છે એ જાણીને મને અતીવ વેદના થાય છે. તમારે ત્યાં હિંદુ ધર્મ જે સ્વરૂપે પ્રગટી રહ્યો છે તે જ હિંદુ ધર્મનું સાચું સ્વરૂપ છે એમ જગત માની લે તો એનો દોષ કેમ કઢાશે? તમારું રાજ્ય, તમારો પ્રદેશ, ભલેને ગમે એટલાં રૂડાં હોય, પણ આ બાબતમાં તમારા રાજ્યના, હિંદુ ધર્મના, અને આખા દેશના દુર્ભાગ્યે તમે સરાસર ભૂંડા છો.

તમને કોઈ અસ્પૃશ્યતાનો બચાવ કરનારાં શાસ્ત્રો બતાવવા આવે તો તેને સીધો રસ્તો બતાવી દેજો. આ યુગમાં એક માણસ, કે એક સમૂહ જે કાંઈ કરે તે ઝાઝું ગુપ્ત રહેતું નથી, જગતની બત્રીસીએ એ વાત ચડે છે. જગત આપણી કિંમત કરી રહ્યું છે. જો આપણે અસ્પૃશ્યતાને વળગી રહીશું તો આપણી આબરૂના કાંકરા છે એ ખચીત માનજો. આજે દુનિયાના બધા ધર્મો મહાધર્મના કાંટે તોળાઈ રહ્યા છે. આપણે આંધળા બનીને એમ ન માની બેસીએ કે આપણને કોઈ જોતું જ નથી. આપણી આગળ જે દાવાનળ ઝઝૂમી રહ્યો છે તે જોવાની ના ન પાડીએ તો સારું. આજે જે મહાસંગ્રામ ચાલી રહ્યો છે તેમાંથી હિંદુ ધર્મે જીવતા નીકળવું હોય તો અસ્પૃશ્યતાને ખાડમાં નાખવી જોઈએ; નહીં તો પોતે ખાડમાં નખાવું જોઈશે. પણ મને ખબર છે જ કે હિંદુત્વ

૧. "ત્રાવણકોરને સંદેશો", એ શીર્ષક હેઠળ પ્રસિદ્ધ થયેલું.
૨. આ પૅરેગ્રાફ અંગ્રેજીમાં નથી.

Gandhi Heritage Portal

મરણપથારીએ નથી, મરવાનું નથી, કારણ કે હું જોઈ શકું છું કે અસ્પૃશ્યતા મરણપથારીએ પડી છે અને થોડો વધુ સમય જીવવા માટે છેલ્લા શ્વાસ ઘૂંટી રહી છે.

[મૂળ અંગ્રેજી]

યંગ ઇન્ડિયા, ૨૦–૧૦–૧૯૨૭

ભાષાંતર : મહાદેવભાઈની ડાયરી, પુસ્તક અગિયારમું

## ૮૨. સી. એફ. ઍન્ડ્રૂઝને પત્ર

પ્રવાસમાં,
ઑક્ટોબર ૧૨, ૧૯૨૭

પ્રિય ચાર્લી,

જે લખવાનું તમે મને વચન આપ્યું હતું તે તમારા બે પત્રો મળ્યા અને જેમાં તમે નાડકર્ણીને જવાબ આપ્યો છે તે પત્ર પણ મળ્યો. જવાબ યોગ્ય વખતે પ્રકાશિત કરવામાં આવશે.[૧]

કાંતણ-નિબંધ વિશેનો તમારો અભિપ્રાય અને વાઈસરૉયને તમે શું કહ્યું તે જાણવા આતુર છું.[૨]

મને પૂરી આશા છે કે તમે વિશ્વેશ્વરૈયાનું નામ મોકલ્યું છે તે ઘણું મોડું મોકલેલું નહીં ગણાય.

આશા રાખું છું કે પ્રાગજી અને મેઢ વિશેનો મારો પત્ર તમને મળી ગયો હશે. ઓરિસ્સા વિશે તમારો તાર મને મળ્યો હતો.

તમારો હાથ તદ્દન સારો થઈ જાય ત્યારે મને તે જણાવવા માટે તમે બાર આના ખર્ચો તેમાં મને વાંધો નથી.

સસ્નેહ,

મોહન

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : જી. એન. ૨૬૨૨

૧. જુઓ "ટ્રૅક્ટરનો ઉપયોગ", યંગ ઇન્ડિયા, ૩–૧૧–૧૯૨૭.

૨. આ બાબતના ગાંધીજીના પહેલાંના પત્ર માટે જુઓ "સી. એફ. ઍન્ડ્રૂઝને પત્ર", ૧–૧૦–૧૯૨૭.

Gandhi Heritage Portal

# ૮૩. અલેપ્પીની જાહેર સભામાં ભાષણ

ઑક્ટોબર ૧૨, ૧૯૨૭

પ્રમુખશ્રી અને મિત્રો,

તમારાં માનપત્રો માટે તેમ જ દરિદ્રનારાયણ માટે તમે ભેટ આપેલી અનેક થેલીઓ માટે હું તમારો આભાર માનું છું. મેં નાગરકોઈલમાં કહ્યું હતું તેમ, હું ત્રાવણકોરમાં દાખલ થયો કે તરત જ અસ્પૃશ્યતાના સવાલનો અભ્યાસ કરવામાં અને તેના નિરાકરણ માટે મદદ કરવામાં હું તલ્લીન બની ગયો. આ કામ માટે ત્રાવણકોરનો મારો પ્રવાસ બહુ ટૂંકો હોવાથી આજના છેલ્લા દિવસે હું મારા ભાષણનો મોટો ભાગ એ સવાલને આપવા માગું છું. મારી પાસે વધારે સમય હોત તો સારું, જેથી હું અહીં વધુ રોકાઈને આ સવાલનો વધારે સારો અભ્યાસ કરી શકત અને જે મદદ કરી શકું તે અહીં જ કરત.

આ સવાલમાં હું કંઈક નિષ્ણાત હોઈ, મને લાગે છે કે હું રાજ્યને અને લોકોને બંનેને આ પ્રશ્નનો વાજબી ઉકેલ કરવામાં જે કંઈ થોડી મદદ થઈ શકે તે કરી શકું. મને કહેતાં આનંદ થાય છે અને હું કૃતજ્ઞતા અનુભવું છું કે રાજમાતાથી માંડીને છેક રાજ્યના અધિકારીઓએ સૌએ મારી વાત, મેં જે ભાવનાથી કહી એ જ ભાવનાથી સ્વીકારી છે. અવર્ણ મિત્રો માટે હું મારા મનમાં કોઈ શંકા રાખી ન શકું. કારણ કે હું મને પોતાને અસ્પૃશ્યોમાં પણ અસ્પૃશ્ય ગણું છું અને અનેક સભામાં હું મને પોતાને નાયાડી કહેતાં અચકાયો નથી. ઘણું કરીને તમારા-માંના કેટલાક, નાયાડી એટલે શું, એ પણ જાણતા નહીં હોય. નાયાડી એવું પ્રાણી છે જેનું સ્થાન કહેવાતા અસ્પૃશ્યોમાં પણ નીચામાં નીચું છે. આજના હિંદુઓ માટે આ વાત હમેશ માટે શરમ-ભરેલી છે. સવર્ણ હિંદુઓ તેને જોવા માત્રથી અભડાઈ જાય છે. એટલે આપણે કહીએ છીએ તેમ એને માર્ગ પરથી ખસેડીને ગટરને હવાલે કરવામાં આવ્યો છે એટલું જ નહીં, પણ તેને સવર્ણ હિંદુ સમક્ષ જવાની પણ રજા નથી. કોચીનના કે ત્રિચુરના કોણ જાણે ક્યાંના બજારમાં થઈને હું જતો હતો. ત્યારે નાયાડી જાતિની કેટલીક વ્યક્તિઓને મળવાની દુઃખદ ફરજ મારે બજાવવી પડી હતી. અને હું તમને ખાતરી આપું છું કે જો મને સમય હોય, જો મેં બીજાં કામ માથે ન લીધાં હોય અને જો મારામાં હિંમત હોય તો હું સવર્ણોની વસ્તી છોડીને, જેમને જોવાથી પણ અભડાવાય છે એવા આ નાયાડી અસ્પૃશ્યોની વચ્ચે રહેવાનો આનંદ માણું. આપણે હિંદુઓએ માનવતાના એક ભાગ પ્રત્યે જે મોટો અપરાધ કર્યો છે, અને હજી કરી રહ્યા છીએ, તેનું આ એક નાનુંસરખું પ્રાયશ્ચિત્ત છે. પણ હું એમ માનીને ખુશ થાઉં છું અથવા મારી જાતને છેતરું છું કે નાયાડીઓ વચ્ચે ન રહીને હું વધારે મોટું પ્રાયશ્ચિત્ત કરી રહ્યો છું, કારણ કે આજે હિંદુ ધર્મ પર અને હિંદુઓ પર મહાન પાપનો જે બોજો છે તેના ભાનથી હું ભારે માનસિક યાતના ભોગવી રહ્યો છું. જેની સૂધબૂધ ઠેકાણે છે એવા પોતાની જાતને સનાતની હિંદુ કહેવડાવતા એક સનાતની હિંદુ તરીકે, હું મારી જવાબદારીના પૂરા ભાન સાથે કહું છું કે, જો આપણે વખતસર નહીં જાગીએ અને આ ઘોર પાપને આપણી વચ્ચેથી દૂર નહીં કરીએ તો તેને માટે આપણે હિંદુઓએ ઈશ્વર અને મનુષ્ય સમક્ષ જવાબ આપવો પડશે.

Gandhi Heritage Portal

[1]આજે સાંજે અનેક એઝવા નેતાઓ સાથે મારે ઘણી લાંબી ચર્ચા થઈ. હું તમને કહું કે એ લોકો એઝવા છે એમ મને કહેવામાં આવ્યું ન હોત તો હું એમને એઝવા તરીકે ઓળખી શકત નહીં અને એમની, અને જેઓ પોતાની જાતને સવર્ણ હિંદુ માને છે તેમની વચ્ચે મને લેશમાત્ર તફાવત દેખાયો નથી. ઘણાય સવર્ણો કરતાં એમની આર્થિક સ્થિતિ જરૂર વધુ સારી છે. એમની કેળવણીની લાયકાતમાં કાંઈ ખામી નથી, અને એમની શારીરિક સ્વચ્છતાની બાબતમાં એ લોકો, દેશના એક છેડેથી બીજા છેડા સુધીના મારા ભ્રમણમાં મેં જોયેલા અનેક બ્રાહ્મણો અને બીજાઓ કરતાં જરૂર ઘણા ચડી જાય. એટલે જ્યારે હું આ મિત્રોને મળ્યો, એમનું માનપત્ર વાંચ્યું, અને જાણ્યું કે આ મિત્રો, અસ્પૃશ્યો ગણાતા હતા, ત્રાવણકોરના કેટલાક જાહેર રસ્તાઓ વાપરવા માટે નાલાયક ગણાતા હતા, મંદિરમાં એમની હાજરીથી મંદિર અભડાતું હતું, અને અહીં બેઠેલા ઊંચામાં ઊંચા લોકો જે કર રાજ્યને આપે છે તે જ કર આ લોકો આપે છે છતાં એમનાં દીકરા-દીકરીઓને તેઓ સરકારી કેટલીક શાળાઓમાં મોકલી શકતા નથી ત્યારે મારું હિંદુ માથું મેં શરમથી નીચું નમાવ્યું. કારણ કે આપણે યાદ રાખવું જોઈએ કે આ બધી બાબતોમાં અમાનુષીપણે એમને અયોગ્ય ગણવા છતાં રાજ્યને કર આપવાની બાબતમાં, સવર્ણો માફક જ એમની પાસેથી કર વસૂલ કરવામાં આવે છે. મારા અભિપ્રાયે આ એક એવું કાર્ય છે કે જેમાં, જેમને પોતાના ધર્મની પડી છે તેવા અનેક હિંદુઓની, પોતાનું જીવન અર્પણ કરવાની ફરજ છે. અને નામદાર મહારાણીસાહેબ તો જ્ઞાની છે એટલે મને જરૂર આશા છે કે ત્રાવણકોરના માથેથી આ કલંક દૂર ન થાય ત્યાં સુધી એ જંપીને બેસશે નહીં. એમની સાથે, દીવાનસાહેબ સાથે, પોલીસના વડા સાથે અને છેલ્લા પણ ઓછા મહત્ત્વના નહીં એવા દેવસ્વમના કમિશનર સાથે મારે જે વાતો થઈ છે તે પરથી હું એવી આશા સાથે ત્રાવણકોર છોડું છું કે કાંઈ નહીં તો છેવટે રસ્તાનો પ્રશ્ન તો સૌને સંતોષ થાય એ પ્રમાણે ઊકલી જશે. એ પ્રબળ આશાએ તો સત્યાગ્રહ મોકૂફ રાખવાની સલાહ મેં પ્રતિનિધિમંડળને આજે આપી છે; અને મને આ સભાને જણાવતાં આનંદ થાય છે કે આ પ્રશ્નનો સંતોષકારક નિવેડો આવે ત્યાં સુધી સત્યાગ્રહ મોકૂફ રાખવાની મારી સલાહ માનવા એમણે મહેરબાની દાખવી છે. હું જે આશા સેવતો અહીંથી જઉં છું તેમાં કોઈ પ્રકારની નાસીપાસી આવે એવું ઈશ્વર ન કરે એમ માગું છું. પણ મેં મિત્રોને કહ્યું છે કે યોગ્ય સમયમાં એમનાં દુઃખ દૂર ન થાય, અને બધા જ પ્રાથમિક ઉપાયો અજમાવ્યા પછી પણ રાહત મેળવવામાં એ નિષ્ફળ જાય તો જે એમના હક છે તે મેળવવા માટે સત્યાગ્રહનો આશરો લેવાનો માર્ગ એમના માટે ખુલ્લો છે એટલું જ નહીં પણ એ લેવો એ એમની ફરજ થઈ પડે છે.

જે આશા હું મારા મનમાં સેવી રહ્યો છું તેનો ભાવાર્થ હું ફરીથી કહું. વાઈકોમના સમાધાનને એક બાબતમાં હું દમ વિનાનું માનું છું; છતાં બીજી બાબતોમાં અને બીજા દૃષ્ટિબિંદુથી એ, રાજ તેમ જ અવર્ણ હિંદુ, બંને માટે માનભર્યું છે. એ સમાધાનમાં સ્વતંત્રતાનો શિલાસ્તંભ છે એમ હું માનું છું. હું એને "સ્વતંત્રતાનો શિલાસ્તંભ" કહું છું કારણ કે એ સમાધાન, સ્વાતંત્ર્યની દિશામાં, ઓછામાં ઓછું એક બાબતમાં, એક મોટું પગલું ભરતો, રાજા અને પ્રજા વચ્ચેનો એક લેખિત કરાર છે. પણ જ્યાં સુધી અવર્ણ હિંદુઓને લાગેવળગે છે ત્યાં સુધી એ, કોઈ અર્થમાં છેવટનું સમાધાન નથી. એ તો ઓછામાં ઓછા કેટલાથી સંતોષ માનવો એમ

૧. આ અને આ પછીના બે પેરેગ્રાફનું ભાષાંતર મહાદેવભાઈની ડાયરી, પુસ્તક અગિયારમામાંથી આપ્યું છે.

Gandhi Heritage Portal

વિચારીને, એ સમયે, અને એ સમય પૂરતું જ, સ્વીકારેલું સમાધાન હતું. સરકાર માટે તો એ સમાધાનથી કદી પણ પીછેહઠ કરવાની વાત જ નથી. એ સમાધાનથી સરકારે પોતાના માટે એક સ્થાન નિયત કર્યું છે કે જ્યાંથી એ આગળ વધી શકે. તેથી એનો અર્થ હમેશાં અવર્ણ હિંદુઓની તરફેણમાં જ ઘટાવવો જોઈએ. અને અહિંદુઓની સ્વતંત્રતા ઉપર કાપ મુકાય એવો તો એનો કદી પણ અર્થ ઘટાવી શકાય નહીં. આ સિદ્ધાંત અનુસાર થિરુવરપ્પુના મામલાની બાબતમાં એમ કહી શકાય કે ત્યાંના રસ્તાઓ વાપરવાનો જે હક ખ્રિસ્તીઓ અને બીજા અહિંદુઓ પ્રથમથી ભોગવી રહ્યા છે તેના ઉપર કાપ મૂકવાનું સરકાર માટે શક્ય નથી. એટલે આ રસ્તાઓ અવર્ણ હિંદુઓ માટે ખુલ્લા મૂકવા એ એમની આવશ્યક ફરજ છે; અને એમ કરવામાં જે કાંઈ મુશ્કેલીઓ ઊભી થાય તેનું નિવારણ કરવાનું કામ સરકારનું છે—એમાં સરકારને અનુકૂળતા કરી આપવાનું કામ અવર્ણ હિંદુઓનું નથી. સચીન્દ્ર મંદિરની આજુબાજુના રસ્તાઓ વિશેનો અણઉકેલ્યો પ્રશ્ન જોકે તદ્દન આવો જ નથી છતાં લગભગ આવા જ પ્રકારનો છે. અને હું આશા રાખું છું કે તદ્દન નજીકના ભવિષ્યમાં મેં સૂચવેલી રાહત આપવામાં રહેલી બધી મુશ્કેલીઓનું નિવારણ રાજ કરશે.

આ મર્યાદામાં રહીને મેં એઝવા મિત્રોને સલાહ આપી છે કે એમણે એમની પ્રવૃત્તિ હમણાં બંધ કરવી અને હું આશા રાખું છું કે આ સંજોગોમાં શ્રી માધવન્ સામે જે હુકમ બજાવવાનું સરકારે આવશ્યક માન્યું છે તે, વિનાવિલંબે પાછો ખેંચી લેવામાં આવશે. મને લાગે છે કે હવે અત્યારે તો એ હુકમ, તેમ જ થિરુવરપ્પુની અમુક હદ સુધીમાં સભા ભરવા ઉપર મૂકેલો સામાન્ય પ્રતિબંધ પણ તદ્દન બિનજરૂરી છે.[1]

શ્રી ટી. કે. માધવન્ : મહાત્માજી, મને આખાયે કોટ્ટાયમ જિલ્લામાં ભાષણ કરવાની મનાઈ કરવામાં આવી છે.

મારી ભૂલ થઈ. એ હુકમ તેમને આખા કોટ્ટાયમમાં ભાષણ કરવાની મનાઈ કરે છે. હું માનું છું કે મેં કહ્યા તે સંજોગોમાં આ હુકમ તદ્દન બિનજરૂરી છે. અને બીજો સામાન્ય હુકમ જે એ પ્રદેશમાં સભાઓ ભરવાની મનાઈ કરે છે તે પણ એટલો જ બિનજરૂરી છે.

આ અવર્ણ હિંદુ મિત્રોને બે શબ્દો કહીશ. હું તેમના દુ:ખમાં પૂરેપૂરો ભાગીદાર છું. અને જો મને ખાતરી થાય અથવા કોઈ મને ખાતરી કરાવી આપે કે આજે મારો જાન આપવાથી હું તેમને માટે પૂર્ણ સ્વતંત્રતાનો પટ્ટો મેળવી શકું છું તો હું આ ક્ષણે જ મારો જાન આપું. પણ જ્યાં સુધી મને એવી ખાતરી ન થઈ જાય ત્યાં સુધી હું જીવતો રહીને આ અમૂલ્ય સ્વતંત્રતા માટે કામ કરવામાં સંતોષ માનું છું. તેથી હું તેમને યાદ રાખવા કહું છું કે કોઈ ઘોર અન્યાય દૂર કરાવવો હોય ત્યારે આપણે અધીરા તો થઈ શકીએ છીએ, પણ આપણે ધીરજ રાખીએ એ પણ જરૂરી છે. આપણામાં સચ્ચાઈ, સ્વાર્થત્યાગ અને અડગ નિશ્ચય હોય તો પ્રગતિ તદ્દન નિશ્ચિત છે. ઇતિહાસનાં પાનાં ખુલ્લાં છે અને જે કોઈ વાંચવા માગે તે તેમાં જોઈ શકે છે કે જે લોકોએ સુધારા માટે કામ કર્યું છે તેઓએ પરિણામની જરાયે પરવા રાખ્યા વગર, પણ સાથે સાથે કામ એ જ કામનો પુરસ્કાર છે એવી માન્યતાથી કામ કર્યું છે અને જે પરિણામની આશાથી કામ કરવામાં આવ્યું હોય તે પરિણામ લાવ્યા વગર તે રહેતું નથી. તેથી હું તમને કહું છું કે તમે ભગવદ્‌ગીતાના ઉપદેશની ભાવનાથી કામ કરો. ગીતા આપણને શીખવે છે કે,

૧. હવે પછીનો ભાગ હિન્દુના ૧૫-૧૦-૧૯૨૭ના અંકમાંથી લીધો છે.

Gandhi Heritage Portal

कर्मण्ये वाधिकारस्ते मा फलेषु कदाचन — અને એ દિવ્ય ગ્રંથમાં આપવામાં આવેલા આવા અફર વચન પછી નિરાશ થવાનું કે ગાંડાની પેઠે અધીરા થવાનું કશું કારણ નથી. વળી તેઓ સમજી લે કે આજે સારાયે હિંદુસ્તાનમાં મારા જેવો એક જ હિંદુ કંઈ આ ઉદ્દેશ માટે કામ કરે છે એમ નથી, પણ બીજા ઘણા હિંદુઓ છે જેઓ તેજસ્વી પુરુષો છે, હિંદના કસાયેલા સેવકો છે અને નીવડેલા ને આખા દેશમાં જાણીતા કાર્યકર્તા છે, તેઓ આ જ ઉદ્દેશ માટે પોતાની શક્તિ પ્રમાણે કામ કરી રહ્યા છે. મને જરાયે શંકા નથી કે ઘણા નજીકના ભવિષ્યમાં આપણે બધા જોઈશું કે ભયાનક સ્વપ્ન જેવી આ અસ્પૃશ્યતા એક ભૂતકાળની વસ્તુ બની ગઈ છે.

સવર્ણ હિંદુઓને બે શબ્દ કહું. અત્યાર સુધી મેં રાજ્યની ફરજની અને અવર્ણ હિંદુઓની ફરજની વાત કરી છે. પણ સવર્ણ હિંદુઓની ફરજ કંઈ નાની નથી, બલકે ઘણી મોટી છે. રાજ્ય તો આખરે પ્રજાના વિચારનો પડઘો પાડે છે. અસ્પૃશ્યતાનો અપરાધ સવર્ણ હિંદુઓ કરે છે. તેથી પ્રાયશ્ચિત્ત તેમણે કરવાનું છે. અવર્ણ હિંદુઓને હરેક પ્રકારે મદદ કરવાની તેમની ફરજ છે. જો તેઓ આ ઉદ્દેશ માટે પોતાની સક્રિય સહાનુભૂતિ બતાવે, પોતે જાગ્રત થાય અને સરકારને હંફાવે તો તેઓ જોશે કે સત્યાગ્રહની દારુણ કષ્ટસહનની અગ્નિપરીક્ષાનો માર્ગ પકડવો એ અવર્ણો માટે તદ્દન બિનજરૂરી છે. જો તેઓ ત્રાવણકોરમાં આ સુધારો સિદ્ધ કરવાને યશ ખાટી જવા માગતા હોય તો તેમણે કટુતાનો પ્યાલો છલોછલ ભરાઈ જાય અને અવર્ણ હિંદુઓને, આપણે માટે શરમભરેલી સ્થિતિમાં મુકાવાની ફરજ પડે, ત્યાં સુધી થોભવું ન જોઈએ.

ખરું જોતાં આ વખતે હું ખાદી માટે જ ત્રાવણકોર આવ્યો છું. તે વિષય પર આવતાં પહેલાં હવે હું બીજા એક મહત્ત્વના વિષયની ચર્ચા કરવા ઇચ્છું છું. હું દારૂ પીવાની બૂરી આદત વિશે ચર્ચા કરવા ઇચ્છું છું. જે લોકો દારૂની આ બૂરી લતમાં સપડાયા હોય તેઓ સમજી લે કે દારૂની ટેવથી માણસ માણસ મટી જાય છે. જે માણસ દારૂના નશામાં હોય છે તે પત્ની અને બહેન વચ્ચે ભેદ સમજતો નથી. ઇતિહાસમાં નોંધાયેલા કેટલાક મોટામાં મોટા ગુના દારૂનો નશો કરનારા લોકોએ કર્યા હતા. દક્ષિણ આફ્રિકામાં જે અનેક માણસોને દારૂ પી પીને ગટરમાં આળોટતા જોઈને મને પોતાને દુ:ખ થયું હતું, તેઓ બીજી રીતે પ્રતિષ્ઠિત લોકો હતા. આ આબકારી આવક બંધ કરવાની સરકારને ફરજ પાડવી એ ત્રાવણકોરના દારૂ નહીં પીનારા લોકોનું કર્તવ્ય છે. હું એ આવકના સાધનને અનૈતિક માનું છું. એ ખરું કે, આ પ્રદેશમાંથી દારૂની બદી દૂર ન થાય ત્યાં સુધી આંદોલન કરવાની તમારી ફરજ છે. કુદરતે જ્યાં સૌંદર્ય વેર્યું છે એવી આ સુંદર ભૂમિને દારૂના શાપથી ગંધાવા ન દેશો. અને જો તમે હિંદુ, ખ્રિસ્તી, મુસલમાન તરીકે માનવપ્રકૃતિની મૂળ એકતાને સમજતા હો અને તમારા પડોશીઓને પોતાનાં ભાઈબહેન જેવાં ગણતા હો તો તમારી ફરજ છે કે તમે દારૂડિયાઓ પાસે જાઓ અને તેમને નમ્રતાપૂર્વક સમજાવીને એ ટેવમાંથી છોડાવો. સંપૂર્ણ દારૂબંધી હું તદ્દન આવશ્યક માનું છું. કારણ કે જેમને દારૂની ટેવ પડી છે તેમના માર્ગમાં જ્યાં સુધી પ્રલોભન મૂકવામાં આવશે ત્યાં સુધી ગમે તેટલું સમજાવવાથી પણ તેઓ એ ટેવ નહીં છોડે. તેથી દારૂડિયા લોકોમાં અને સરકાર સામે આ આંદોલન સાથોસાથ ચાલવું જોઈએ.

હવે રેંટિયાના સંદેશા વિશે તમારો વધારે સમય લેવાનું જરૂરી ન હોવું જોઈએ. તમારી થેલીઓ ખાદી વિશેની તમારી શ્રદ્ધાની નિશાની છે. પણ તમે માનતા હો કે મારા તરફ થોડા રૂપિયા ફેંકીને તમે લાખો ગરીબ લોકો પ્રત્યેની તમારી ફરજ બજાવી છે તો તમારી મોટી ભૂલ

Gandhi Heritage Portal

થાય છે. લાખો ગરીબ શ્રમજીવીઓના પવિત્ર હાથો વડે જેના ઉત્પાદનનું કામ હું કરવા માગું છું તે ખાદી તમે નહીં પહેરો તો આ પ્રવાસમાં મને જે થેલીઓ મળે છે તેમનો ઉપયોગ હું નહીં કરી શકું અને તેનો ભાર મને અસહ્ય થઈ પડશે. તેથી તમારી આ ભેટોને હું તમારું એવું વચન ગણું છું કે તમે તમારા ઘર માટે હવે પછી માત્ર ખાદીનો જ ઉપયોગ કરશો. રેંટિયા મારફત તમારે ત્રાવણકોરનાં ગામડાંને પણ સંગઠિત કરવાનો પ્રયાસ કરવો જોઈએ. આખા દેશમાં કાંતવાનું વાતાવરણ જમાવવા માટે આપણે સૌએ યજ્ઞ તરીકે અને દાખલો બેસાડવા માટે કાંતવું જોઈએ. ગામડાંને જો આપણે કાંતણ મારફત સંગઠિત કરવાં હોય તો બુદ્ધિશાળી લોકો કાંતવામાં નિપુણતા પ્રાપ્ત કરે એ પણ જરૂરી છે. ત્રિવેન્દ્રમમાં મને એ સાંભળીને આનંદ થયો હતો કે રાજ્ય સરકારે રાજ્યની શાળાઓમાં કાંતણ દાખલ કરાવવા માટે અમુક રકમ આપવાનો ઠરાવ ક્યારનોયે કર્યો છે. ત્રાવણકોરની બહેનો શુદ્ધ સફેદ વસ્ત્રો પહેરે છે તેથી હિંદુસ્તાનમાં ત્રાવણકોર એવું સ્થળ છે જ્યાં ખાદીને લોકપ્રિય બનાવવાનું કામ સહેલામાં સહેલું છે. તમારે ત્રાવણકોરમાં બનેલી ખાદી જ શા માટે પહેરવી જોઈએ એનું એક વધુ કારણ આપું. તમે સંપૂર્ણ દારૂબંધી માટે ચળવળ ચલાવશો ત્યારે તમારી સામે દલીલ કરવામાં આવશે કે ત્રાવણકોરનાં બાળકોને શિક્ષણ આપવું હોય તો, આબકારી આવકમાંથી મળતી રકમ, જે હું સમજું છું કે વીસ લાખથી ઉપર છે, તે બીજે કોઈ રસ્તે મેળવવી જોઈશે. જો ત્રાવણકોરના ચાળીસ લાખ લોકો ત્રાવણકોરમાં બનેલી ખાદી જ પહેરે તો હું તમને ખાતરી આપું છું કે તમે દર વરસે ખાદીમાંથી ચાળીસ લાખથી ચાર ગણા રૂપિયા બચાવશો. ખાદીના અર્થશાસ્ત્રનો ધ્યાનપૂર્વક અભ્યાસ કરશો તો તમે જોશો કે આ આબકારી આવકને બદલે બીજી રકમ મેળવવાની સમસ્યા શક્ય એટલી સહેલામાં સહેલી બની જશે. આ મહાન ઉદ્દેશ તમે, કોઈ ઉપયોગી કામમાં આપતા હો એવો સમય આપીને નહીં, પણ તદ્દન નકામા જતા સમયનો ઉપયોગ કરીને પાર પાડી શકો. આ ખાદી-ઉદ્યોગની યોજના કોઈ ચાલુ ઉદ્યોગનું સ્થાન લેવા માટે કરવામાં આવી નથી, પણ એનો ઉદ્દેશ રાષ્ટ્રના નવરાશના સમયનો ઉપયોગ કરવાનો છે. મને ત્રાવણકોરના ઘણા ભાઈઓ તરફથી જાણવા મળ્યું છે કે ત્રાવણકોરના લોકો પાસે નવરાશનો એટલો બધો સમય હોય છે કે તેઓ કંઈક આળસમાં જીવન ગુજારે છે એમ કહેવું ખોટું નથી.

હું આશા રાખું છું કે મેં તમને સૂચવેલી આ ત્રણે વસ્તુઓ જેમને વિશે મેં તમને વાત કરી છે તે, તમે મારા ગયા પછી પણ યાદ રાખશો. હું ઈશ્વરને પ્રાર્થના કરું છું કે તે તમને મારી વાત સમજવાનું ડહાપણ આપે અને તેનો અમલ કરવાની શક્તિ આપે.

[મૂળ અંગ્રેજી]

हिन्दु, १५–१०–१९२७; तथा यंग इन्डिया, २०–१०–१९२७

Gandhi Heritage Portal

# ૮૪. નોંધ

## સાચી કેળવણી

અધ્યાપક મલકાનીએ અમદાવાદથી નીચેનો તાર મોકલ્યો છે :

> સર પુરુષોત્તમદાસને મળવા મુંબઈ જાઉં છું. સેન્ટ્રલ ફંડમાંથી મદદની બહુ જ જરૂર છે. વલ્લભભાઈએ મદદનું વચન આપ્યું છે. કૃપાલાનીએ કહ્યું છે કે વિદ્યાપીઠના સ્વયંસેવકો જશે.

સર વિશ્વેશ્વરૈયાએ ગઈ તા. ૩જીએ પૂનામાં અખિલ ભારત સ્વદેશી બજાર અને ઔદ્યોગિક પ્રદર્શન ખુલ્લું મૂકતાં નીચેના ઉદ્ગારો કાઢ્યા છે :

> જો મારાં વચનોની યુનિવર્સિટીઓ પર કંઈ અસર પડી શકે તો હું તેમને વિનંતી કરું છું કે જ્યાં સુધી આપણી અત્યારની આર્થિક અશક્તિ ચાલુ રહે ત્યાં સુધી તેઓ સાહિત્યના અને તાત્ત્વિક અભ્યાસક્રમમાં મર્યાદિત સંખ્યાને જ દાખલ કરે, અને વિદ્યાર્થીઓને ખેતી, એન્જિનિયરિંગ, યંત્રશાસ્ત્ર અને વેપારની ડિગ્રીઓ લેવા લલચાવે.

આપણી આજની કેળવણી અક્ષરજ્ઞાનને એકાંગી મહત્ત્વ આપે છે એ એની એક ગંભીર ખામી પર સર વિશ્વેશ્વરૈયાએ ભાર મૂકયો છે. હું એથી વધારે ગંભીર બીજી એક ખામી બતાવવા માગું છું. વિદ્યાર્થીઓનાં મનમાં એવો ખ્યાલ પેદા કરવામાં આવે છે કે જ્યાં સુધી તેઓ શાળા-કૉલેજનો, સાહિત્યનો અભ્યાસ કરતા હોય ત્યાં સુધી તેઓ ભણતરનો ભોગ આપીને સેવાનાં કામ ન કરે, પછી એ કામ ભલે ગમે એટલાં નાનાં કે ટૂંકી મુદતનાં હોય. વિદ્યાર્થીઓ જો સંકટનિવારણના કામને સારુ પોતાની, સાહિત્યની કે ઉદ્યોગની કેળવણી મોકૂફ રાખે તો તેઓ કશું ખોશે નહીં પણ ઘણું મેળવશે. એવું કામ આજે ગુજરાતમાં કેટલાક વિદ્યાર્થીઓ કરી રહ્યા છે. કેળવણી માત્રનું ધ્યેય સેવા જ હોવું જોઈએ. અને જો અભ્યાસકાળમાં જ વિદ્યાર્થીને સેવા કરવાની તક મળે તો તેણે એ તકને વિરલ સદ્ભાગ્યની ગણવી જોઈએ, અને તેને અભ્યાસમાં ખલેલ ગણવાને બદલે અભ્યાસની પૂર્તિ માનવી જોઈએ. તેથી ગુજરાત મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓ પોતાનું સેવાકાર્ય ગુજરાતની સીમા બહાર ફેલાવે એને હું અંતઃકરણપૂર્વક વધાવી લઉં છું. થોડા દિવસ પર જ મેં કહેલું કે આપણામાં પ્રાંતીયતાનું સાંકડાપણું ન આવવું જોઈએ. સંકટ-નિવારણના કાર્યકર્તાઓની ફોજ ઊભી કરવાનું સંગઠન ગુજરાત જેટલું સિંધમાં નથી. તેથી ગુજરાત પોતાના સ્વયંસેવકોને સિંધમાં કે બીજા કોઈ પ્રાંતમાં જ્યાં જ્યાં તેમની સેવાનો ઉપયોગ થઈ શકે ત્યાં મોકલે એવી તેની પાસેથી આશા રખાય છે. અને વળી ગુજરાત અને તેમાં વિશેષે ગુજરાતના રાષ્ટ્રીય વિદ્યાર્થીઓ તો સિંધના ઋણી છે, કેમ કે અસહકારની હિલચાલમાં સિંધે ત્રણ પ્રસિદ્ધ કેળવણીકારો — આચાર્ય ગિદવાણી, આચાર્ય કૃપાલાની અને અધ્યાપક મલકાની — ને ગુજરાતમાં મોકલ્યા છે. તેથી જો ગુજરાતના વિદ્યાર્થીઓ સિંધમાં જશે તો તેઓ પોતાની સાદી ફરજ બજાવશે એટલું જ.

## કાંગડી ગુરુકુળની મદદ

ગુજરાતે સંકટનિવારણને સારુ કરેલી વિનંતીનો જે જવાબ મળ્યો છે તે અતિશય સંતોષ-કારક છે. જેમણે શરૂઆતમાં જ મદદ મોકલી તેમાં બે સંસ્થાઓ પણ હતી : કાંગડી ગુરુકુળ

Gandhi Heritage Portal

અને શાંતિનિકેતન. એમના દાનથી મારું હૃદય કેટલું રાજી થશે એ જાણીને તેમણે મને એ દાનની ખબર તાર દ્વારા આપી અને દાન પરબારાં શ્રી વલ્લભભાઈને મોકલી આપ્યાં. ગુરુકુળ તરફથી ચાર હપતે જે દાન આવ્યાં તેની વિગત પણ આચાર્ય રામદેવજીએ મને લખી છે. તેઓ કહે છે કે હજુ વધારે મોકલવાની આશા છે. તેઓ લખે છે :

> શિક્ષકોએ તેમના પગારમાંથી અમુક ટકા આપ્યા છે. બ્રહ્મચારીઓએ પોતાનાં કપડાં હમેશની જેમ ધોબી પાસે ધોવડાવવાને બદલે હાથે ધોઈને પૈસા બચાવ્યા છે. કન્યા ગુરુકુળની બ્રહ્મચારિણીઓએ અમુક વખત સુધી ઘીદૂધ છોડીને બચત કરી છે.

ગુજરાતમાં મદદ મેળવનારાઓ અને વહેંચનારાઓ યાદ રાખે કે જે દાન મળ્યાં છે તેમાંનાં કેટલાંકની પાછળ કેટલો ત્યાગ રહેલો છે. સ્વામી શ્રદ્ધાનંદજી જ્યારે ગુરુકુળના સંચાલક હતા ત્યારે દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહની લડત વખતે ગુરુકુળમાં તેમણે પ્રથમ દાખલ કરેલી ત્યાગની પ્રથાનું સ્મરણ મને ગુરુકુળનાં છોકરાછોકરીઓના આજના ત્યાગથી થાય છે. એટલે ગુરુકુળની પરંપરામાં ઊછરેલાં છોકરાછોકરીઓ પાસે અમુક પ્રસંગે આવા આપભોગની અપેક્ષા તો હમેશાં રાખવાની છે.

## ગોરક્ષા ઈનામી નિબંધ વિશે

વાચકને યાદ હશે કે તા. ૧લી નવેમ્બર ૧૯૨૫ના *નવજીવન*માં ગોરક્ષા વિશે અંગ્રેજી, સંસ્કૃત અથવા હિંદીમાં સર્વોત્તમ નિબંધને સારુ શ્રીયુત રેવાશંકર જગજીવન ઝવેરી તરફથી રૂ. ૧,૦૦૦નું ઈનામ આપવાનું મેં જાહેર કર્યું હતું. તેમ જ તા. ૧૩મી ડિસેમ્બર ૧૯૨૫ના *નવજીવન*માં શ્રીયુત તુલસીદાસ ખીમજી તરફથી એ જ વિષયના સર્વોત્તમ ગુજરાતી નિબંધને સારુ રૂ. ૨૫૧નું ઈનામ આપવા જણાવ્યું હતું. નિબંધની શરત નીચે પ્રમાણે હતી :

> નિબંધ તા. ૩૧ માર્ચ ૧૯૨૬ [પાછળથી તારીખ ફેરવીને ૩૧ મેની મુદત ઠરાવી હતી] સુધીમાં સાબરમતી સત્યાગ્રહ આશ્રમમાં અખિલ ભારત ગોરક્ષા મંડળના મંત્રીને પહોંચાડવો જોઈએ. તેમાં ગોરક્ષાની ઉત્પત્તિ, તેનું રહસ્ય તથા તેમાં અંતર્ભાવ પામતા પ્રશ્નોની ચર્ચા થવી જોઈએ, અને પ્રતિપાદ્ય વિષયના ટેકામાં લેખકે શાસ્ત્રાધાર ટાંકવા જોઈએ. ઉપરાંત શાસ્ત્રોની ખોજ કરી ગોરક્ષાના કાર્યમાં લાગેલી સંસ્થાઓ અગર મંડળીઓનાં દુગ્ધાલય-ચર્માલય ચલાવવા સામે શાસ્ત્રોમાં કોઈ જગ્યાએ નિષેધ કરેલો છે કે કેમ એની પણ તપાસ તેમાં આવવી જોઈએ. વળી ભારતીય ગોરક્ષાના ઇતિહાસનાં ઊગમ શોધી તેને અંગે આ દેશમાં જુદે જુદે કાળે કેવા કેવા ઇલાજો લેવામાં આવ્યા તેમ જ પદ્ધતિઓ ગ્રહણ કરવામાં આવી તેનું વિવેચન આવવું જોઈએ. હિંદુસ્તાનનાં ઢોરની સંખ્યાના આંકડા, ગોચરનો સવાલ તેમ જ તેને લગતી સરકારની નીતિની અસર વિશે તેમાં ચર્ચા આવવી જોઈએ, અને ગોરક્ષામાં સફળતાને સારુ કેવા ઉપાયો યોજવા જોઈએ તેનું સૂચન હોવું જોઈએ.

આચાર્ય આનંદશંકર બાપુભાઈ ધ્રુવ, શ્રીયુત ચિંતામણિ વિનાયક વૈદ્ય તથા શ્રીયુત વાલજી ગોવિંદજી દેસાઈને પરીક્ષકો નીમવામાં આવ્યા હતા. ઉપર દર્શાવેલી શરત પ્રમાણે એકે નિબંધ ઈનામને લાયક જણાયો નથી એવા નિર્ણય ઉપર પરીક્ષકો એકબીજાથી સ્વતંત્ર રીતે આવ્યા છે એમ જાહેર કરતાં મને ખેદ થાય છે. જેનો વિચાર કરવાનું પ્રયોજન નથી એવાં કારણોને લીધે પરિણામ પ્રગટ કરવામાં વિલંબ થયો છે તેને માટે હું દિલગીર છું. પણ જેઓએ આ વિષયનો અભ્યાસ કર્યો છે તથા જેઓ આ મહત્ત્વના વિષયમાં રસ લે છે તેમને વિષયને લાયક નિબંધ લખવાનો

Gandhi Heritage Portal

પ્રયત્ન કરવા હું વીનવું છું. નિબંધની હરીફાઈમાં જેણે ભાગ લીધો છે તે ફરીને પ્રયાસ કરે. પરીક્ષકો મને જણાવે છે કે કેટલાક લેખકોએ ઠીક મહેનત કરી છે, પણ વિષયના સંશોધનમાં કરવો ઘટે એટલો ઉદ્યમ કોઈએ કર્યો નથી, અને નિબંધની શરતો પૂરી કરી નથી.

ઇનામની વાત હવે રહી નથી, તોપણ યોગ્ય પ્રયાસ થાય અને નિબંધ મંત્રીને મોકલવામાં આવે તો નિબંધની પરીક્ષા કરાવવામાં તેમ જ લાયક જણાય તો ઇનામ અપાવવામાં કાંઈ અડચણ નહીં આવે એમ હું ધારું છું. લેખકોની ઠીક સંખ્યા પોતાનાં નામ તથા લાયકાતની વિગત સાથે નિબંધ લખવાનો પોતાનો ઇરાદો મને જણાવશે તો પ્રથમની શરતે જ ઇનામ ફરી જાહેર કરી શકાશે એવી મને આશા છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया : ૧૩–૧૦–૧૯૨૭

ભાષાંતર : नवजीवन, ૧૬–૧૦–૧૯૨૭ અને ૨૩–૧૦–૧૯૨૭

# ૮૫. હિંદુ કાયદો અને મૈસૂર

બેંગલોરના શ્રીયુત ભાષ્યમ આયંગર લખે છે :

> વર્તમાન હિંદુ કાયદાના સિદ્ધાંતો જૂનાપુરાણા છે અને આપણી ન્યાય અને ઔચિત્યની ભાવનાથી વિરુદ્ધ છે. હું નીચે થોડા દાખલા આપું છું :[1]

ઉપરના પત્રને મેં ખાસ અગત્ય આપી છે એનો અર્થ એવો નથી કે લેખકે સૂચવેલા દરેક સુધારાને હું ટેકો આપું છું. તેમાંના કેટલાક સુધારા પ્રત્યે તરત ધ્યાન આપવું જોઈએ એ વિશે શંકા નથી. અને જે લોકો હિંદુ સમાજને તેની અસંગતિઓથી મુક્ત કરવા ઇચ્છતા હોય તેમણે આમાંના દરેક સુધારા વિશે ગંભીરપણે વિચાર કરવો જોઈએ, એ વિશે પણ મને શંકા નથી.

અંગ્રેજોના જમાના પહેલાં અહીં કરોડો લોકોના જીવન સાથે સંબંધ ધરાવતા કડક હિંદુ કાયદા જેવી કોઈ વસ્તુ નહોતી. સ્મૃતિઓ તરીકે જાણીતા નિયમો કડક નહીં પણ માર્ગદર્શક નિયમો હતા. તેમને આજના વકીલો જાણે છે તેવો કાયદાનો આધાર નહોતો. સ્મૃતિમાં જણાવેલા નિષેધોનું પાલન કાયદાના ભય કરતાં વધારે તો સમાજના ભયથી કરવામાં આવતું હતું. સ્મૃતિઓ, તેમાં મળતા પરસ્પર વિરોધી શ્લોકો પરથી સ્પષ્ટ જણાય છે તેમ, આપણી પોતાની માફક જ સતત વિકાસની પ્રક્રિયામાંથી પસાર થતી જતી હતી, અને સમાજશાસ્ત્રમાં થતી નવી શોધોને અનુકૂળ બનતી જતી હતી. નવી પરિસ્થિતિ પ્રમાણે બુદ્ધિમાન રાજાઓને તેમની નવી વ્યાખ્યા કરાવવાની સ્વતંત્રતા હતી. હિંદુ ધર્મ અને હિંદુ શાસ્ત્રને આજે જેવું સ્થિર અને અપરિવર્તનીય સ્વરૂપ આપવાનો પ્રયત્ન કરવામાં આવે છે તેવું સ્વરૂપ તેમનું ક્યારેય નહોતું. બેશક, તે સમયમાં એવા રાજાઓ અને પ્રધાનો હતા જેમનામાં સમાજનાં માન અને વફાદારી મેળવવા માટે આવશ્યક બુદ્ધિ અને અધિકાર હતાં. પણ હવે તો એવું માનવાની પ્રથા પડી ગઈ છે કે સ્મૃતિઓ અને ધર્મને નામે જે ચાલે છે તે બધું તદ્દન અપરિવર્તનીય છે. જે શ્લોકોનો અમલ કરવાનું

૧. પત્રલેખકે વારસો, વિધવાવિવાહ, આંતરજ્ઞાતીય લગ્ન, દત્તકગ્રહણ વગેરે બાબતમાં દસ વિધાનોનો ઉલ્લેખ કરીને સૂચવ્યું હતું કે મૈસૂર રાજ્યે કાયદો કરીને ઇચ્છિત સુધારા કરવા જોઈએ.

Gandhi Heritage Portal

મુશ્કેલ લાગે છે અથવા જે શ્લોકો આપણી નૈતિક ભાવનાની સાવ વિરુદ્ધ જણાય છે તેમની આપણે નિરાંતે ઉપેક્ષા કરીએ છીએ. જો હિંદુ સમાજે માનવજાતિની ઉત્ક્રાંતિમાં એક પ્રગતિશીલ એકમ બનવું હોય તો આ અસંતોષકારક સ્થિતિ કોઈ ને કોઈ દિવસે અને કોઈ ને કોઈ રીતે બદલાવી જ જોઈએ. બ્રિટિશ શાસકો તેમના જુદા ધર્મને અને આદર્શને કારણે આવાં પરિવર્તન કરી શકે નહીં. તેમનો આદર્શ તો એવો છે કે પોતાની વ્યાપારી સર્વોપરિતા જાળવી રાખવી અને એ આદર્શની પ્રાપ્તિ માટે બીજાં નૈતિક કે અનૈતિક દરેક હિતનો ભોગ આપવો. એટલે જ્યાં સુધી હિંદુ લોકમત જાહેર રીતે માગણી ન કરે ત્યાં સુધી, તેઓ આપણા રીતરિવાજોમાં અથવા કહેવાતા કાયદાઓમાં કોઈ ભારે પરિવર્તન – તેમના આદર્શને નુકસાન પહોંચાડ્યા સિવાય – ન કરી શકાય એવું કરવાનો પ્રયત્ન નહીં કરે એટલું જ નહીં પણ તેને મંજૂરી પણ નહીં આપે. અને બ્રિટિશ હિંદ જેવા વિશાળ પ્રદેશમાં જ્યાં અનેક વિચારધારાઓ અને અનેક કાયદાઓ છે ત્યાં હિંદુ લોકમતને એકસરખા મુદ્દાઓ પર કેન્દ્રિત કરવો મુશ્કેલ છે. અને એવો જે લોકમત આજે છે તે સ્વાભાવિક રીતે અને આવશ્યક રીતે રાજકીય સ્વતંત્રતાની લડતમાં પડેલો છે. મૈસૂર જેવા રાજ્યને એવી કોઈ મર્યાદાઓ કે એવી બીજી પ્રવૃત્તિ નથી. મારા નમ્ર અભિપ્રાય મુજબ, હિંદુ કાયદામાંથી અસંગતિ વગેરે દૂર કરવાના કામમાં પહેલ કરવાની મૈસૂર રાજ્યની ફરજ છે. આવા ફેરફારો કરવા માટે મૈસૂર રાજ્ય પૂરતું મોટું છે અને તે પૂરતું મહત્ત્વ ધરાવે છે. એ ઉત્તરોત્તર એક બંધારણીય રાજાસત્તાક રાજ્ય બની ગયું છે. ત્યાં વિધાનસભા છે, જે સામાજિક ફેરફારો કરવા માટે પૂરતું પ્રતિનિધિત્વ ધરાવે છે. હિંદુ કાયદામાં કયા કયા ફેરફારો કરવા આવશ્યક છે તેનો વિચાર કરવા માટે એક કમિટી નીમવાની માગણી કરતો એક ઠરાવ ક્યારનોયે તેમાં કરવામાં આવ્યો હોય એમ જણાય છે. અને જો રૂઢિચુસ્ત તેમ જ પ્રગતિશીલ હિંદુઓના મતનું પ્રતિનિધિત્વ ધરાવતી એક શક્તિશાળી કમિટી નીમવામાં આવે તો તેની ભલામણો ઉપયોગી થઈ પડે અને જરૂરી સુધારા કરવા માટે રસ્તો ખુલ્લો થાય. આવી કમિટીઓની રચના કરવા વિશેના મૈસૂર વિધાનસભાના નિયમો હું જાણતો નથી; પણ તે મૈસૂર રાજ્યની બહારના સભાસદો લઈ શકાય કે નિયુક્ત કરી શકાય એટલા અનુકૂળ હશે એમાં શંકા નથી. ગમે તે હો, શ્રીયુત ભાષ્યમ્ આયંગરે બતાવી આપ્યું છે કે હિંદુ કાયદામાં ઘણી બાબતોમાં સુધારા કરવાની ખાસ જરૂર છે. મોડા પડેલા આ સુધારાની શરૂઆત કરવા માટે મૈસૂર રાજ્ય જેવું યોગ્ય બીજું કોઈ રાજ્ય નથી.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १३–१०–१९२७



Gandhi Heritage Portal

# ૮૬. મદ્રાસવાળો સત્યાગ્રહ[૧]

નીલ પૂતળાવાળા સત્યાગ્રહના સ્વયંસેવકોએ મને આપેલાં વચન પ્રમાણે તેમણે મેં માગેલી વિગતોના કાગળો મોકલી આપ્યા છે. તે ઉપરથી જણાય છે કે મને કાગળો મોકલ્યા ત્યારે હિલચાલ શરૂ થયાને દોઢ મહિનો થયો હતો, એટલામાં ૩૦ સ્વયંસેવકોએ જેલ મેળવી છે. આમાંથી ૨૯ હિંદુ, એક મુસલમાન, એક પાંત્રીસ વરસની બહેન અને એક તેની દીકરી છે. આ ૩૨ જણમાંથી બેએ માફી માગી અને છૂટી ગયાં. માફી જો ચેપી ન નીવડે તો થોડાકની માફીથી કંઈ ડરવાનું નથી. દરેક લડતમાં લેભાગુ તો હોવાના જ. જે માણસો જેલ ગયા છે તેઓ પ્રખ્યાતિ પામેલા માણસો નથી. એ વસ્તુ સત્યાગ્રહની લડતમાં હાનિરૂપ નથી, પણ લાભ જ છે. સત્યાગ્રહમાં સત્યથી મળતી પ્રતિષ્ઠા સિવાય બીજી પ્રતિષ્ઠાની જરૂર નથી, તપસ્યાના બળ સિવાય બીજા બળની આવશ્યકતા નથી. એ બળ પોતાની લડત વિશેની અડગ શ્રદ્ધામાંથી અને સંપૂર્ણ અહિંસાવૃત્તિમાંથી મળે છે. સ્વયંસેવકો અધીરા ન જ બને. અધીરાઈ એ હિંસાનું અંગ છે. સત્યાગ્રહી વિજયનો વિચાર જ કરતો નથી. તેને તો વિજય વિશે શંકા જ નથી, પણ તે એમ પણ જાણે છે કે વિજય ઈશ્વર જ આપનાર છે, તેનું કામ તો માત્ર સંકટ સહન કરવાનું છે.

મારી પાસે જે કાગળો આવ્યા છે તેમાં આવકખર્ચનો હિસાબ આપ્યો છે. આવકનો હિસાબ વિગતવાર છે, અને તેનો આંકડો રૂ. ૨૨૮–૨–૬ છે. ખર્ચ આ પ્રમાણે બતાવ્યો છે : વીશીખર્ચ રૂ. ૭૧–૭–૯; ગાડીભાડું રૂ. ૫૩–૨–૬; સભાની જાહેર ખબર છપામણી રૂ. ૩૯–૪–૦; ટપાલખર્ચ રૂ. ૨૧–૮–૯; સભામાં બત્તી વગેરેનું ખર્ચ રૂ. ૨૨–૮–૦. મને આ હિસાબથી સંતોષ નથી થતો. મને આથી વધારે વિગત જોઈએ. પણ સત્યાગ્રહીઓ વીશીખર્ચ, ગાડીભાડું, અને બત્તી ઉપર ઓછું ખર્ચે તો સારું. આમાં મારી ભૂલ થતી હોય તો તેઓ સુધારે. મને ખબર છે કે મારી પોતાની સભાઓ પાછળ આવી જાતનો ખર્ચ મર્યાદારહિત થાય છે. કૉંગ્રેસ સપ્તાહમાં પણ અતિશય પડતું ખર્ચ થાય છે એવો આરોપ જરૂર થઈ શકે એમ છે. પણ દરિદ્રનારાયણના પ્રતિનિધિ તરીકે ઓળખાવનાર મારા જેવાની બાબતમાં પણ શું બને છે એ લખીને જ આ બાબતમાં શું કરવું જોઈએ એ હું બતાવું. જ્યાં ૬ નારંગીની જરૂર હોય ત્યાં ૬૦ મગાવવામાં આવે છે, જ્યારે એક મોટરકારથી ચાલે એમ હોય છે ત્યારે ૬ તૈયાર રાખવામાં આવે છે, અને જ્યાં એક હાથફાનસથી ચાલે ત્યાં મોટી કિટ્સનલાઈટ ઊભી કરવામાં આવે છે. સત્યાગ્રહીઓ સમજે કે તેમણે તો તેમને મળતાં નાણાંની પાઈએ પાઈનો કંજૂસ પોતાના ધનનો ઉપયોગ કરે તેમ ઉપયોગ કરવો જોઈએ. મારી સૂચના એવી છે કે તેમણે કોઈ પ્રસિદ્ધ સ્થાનિક માણસને પોતાનાં નાણાં સોંપવાં, અને કોઈ પરગજુ ઑડિટર પાસે પોતાના હિસાબ તપાસાવરાવવા. જાહેર પૈસો વાપરતાં કડકમાં કડક પ્રામાણિકતા અને કાળજી રાખવાની જરૂર છે. સ્વચ્છ, સંગીન, સાર્વજનિક જીવનના વિકાસ માટે આ એક અત્યાવશ્યક વસ્તુ છે.

ત્રીજા કાગળમાં સત્યાગ્રહીઓએ લોકોને વિનંતી કરેલી છે. સત્યાગ્રહીના નિવેદનમાં વિનયી ભાષા જોઈએ. આ વિનંતીપત્રમાં કાંઈ વાંધા જેવું નથી પણ તેની ભાષા તો ઘણી સુધારી શકાય એમ છે. "નીલ જ નહીં, પણ તેની નખ્ખોદિયા પ્રજાનું સત્યાનાશ વાળવું જોઈએ," એ

૧. "ગોઝારાં સ્મારક અને અહિંસા", ૨૯–૯–૧૯૨૭ પણ જુઓ.

Gandhi Heritage Portal

વાક્ય એ વિનંતીપત્રમાં શોભતું નથી. જનરલ નીલ તો બિચારો ઈશ્વરના દરબારમાં છે. આપણે તો આજે તેના પૂતળાની સાથે કામ છે; અને તે પણ તે પૂતળાની સાથે નહીં, પણ જે સિદ્ધાંત તે પૂતળાની પાછળ રહેલો છે તેનો આપણે નાશ કરવા માગીએ છીએ. આપણે કોઈ માણસને નુકસાન નથી પહોંચાડવા ઇચ્છતા. અને આપણે તો આપણા ધ્યેયને પહોંચવું છે તે સંકટ ભોગવીને; લોકમત, અને બને તો અંગ્રેજોનો પણ મત, આપણા પક્ષમાં કરી લઈને. આવા કાર્યમાં ક્રોધ અને તિરસ્કારની ભાષાને સ્થાન ન હોય.

આટલું તો સ્વયંસેવકો પરત્વે.

હવે લોકોને. તેઓની આ સ્વયંસેવકોને મદદ કરવાની સ્પષ્ટ ફરજ રહેલી છે. લોકો ભલે જેલ ન જાય, પણ તેઓ આ હિલચાલની અનેક રીતે દેખરેખ રાખી શકે, તેના ઉપર અંકુશ રાખી શકે, તેને દોરી શકે અને મદદ કરી શકે. આ પૂતળાને ખસેડવા માટેની હિલચાલ એ તો એક ભયંકર રોગના બાહ્ય ચિહ્નનો નાશ કરવાની હિલચાલ બરાબર છે. અને એ પૂતળું ખસશે તોયે રોગ નાશ ન પામે, તોપણ રોગનું દુઃખ કંઈક ઓછું થશે અને રોગનિવારણનો રસ્તો નીકળશે. વળી ઘણી વાર ઊંડાં રોગનાં મૂળિયાં તેનાં બાહ્ય ચિહ્નો ઉપર પ્રહાર કરવાથી પકડી શકાય છે. એટલે સત્યાગ્રહી સ્વયંસેવકો આ લડત સાફ રીતે લડે, અને સત્યાગ્રહની શરતને પાળીને પોતાની લડત ચલાવ્યે જશે, ત્યાં સુધી તેમને લોકોની મદદ અને સહાનુભૂતિનો અધિકાર રહેશે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १३–१०–१९२७

ભાષાંતર : नवजीवन, १६–१०–१९२७

## ૮૭. ખાદીના નમૂના

અખિલ હિંદ ચરખા સંઘના ટેક્નિકલ વિભાગ તરફથી મને જણાવવામાં આવ્યું છે કે બધા ખાદી ભંડારોએ પોતાના નમૂનાઓની સાથે આવશ્યક વિગતો મોકલી નથી. અને કેટલાક ભંડારોએ તો નમૂના જ મોકલ્યા નથી. લગભગ ૪૦ જગ્યાએથી નમૂના આવ્યા છે, તેમાં ૨૦ જગ્યાએથી જરૂરી વિગતો મોકલવામાં આવી નથી. કઈ કઈ વિગતો મોકલવી જોઈએ તે નીચે આપું છું :

દરેક ટુકડો ચાર ચોરસવારનો હોવો જોઈએ અને તેની સાથે નીચેની વિગતોવાળી કાપલી હોવી જોઈએ :

૧. તાકાનો પનો (ઇંચમાં).
૨. તાકાની લંબાઈ (વારમાં).
૩. તાણાના દરેક ઇંચમાં તારની સંખ્યા, તાણાના સૂતરનો આંક અને વાણાના દરેક ઇંચમાં તારની સંખ્યા.
૪. એક ચોરસવારનું વજન (તોલામાં).
૫. એક વારની પડતર કિંમત.
૬. એક વારની વેચાણ કિંમત.

Gandhi Heritage Portal

ખાદી ભંડારોએ સમજવું જોઈએ કે આ વિગતો સામાન્ય ખાદી ચળવળના હિતમાં જરૂરી છે તેમ તેમના પોતાના હિતમાં પણ જરૂરી છે. જુદા જુદા ખાદી ભંડારો અને બીજા કાર્યકર્તાઓ જો ટેક્‌નિકલ વિભાગને તેના સંશોધનકાર્યમાં મદદ ન કરે તો તેને માટે જુદી જુદી હકીકતો પરથી એક સર્વસામાન્ય નિર્ણય કરવો, અનુમાનો તારવવાં અને ખાદી ઉત્પાદકોને માર્ગદર્શન આપવું અશક્ય થઈ પડે. અને જ્યાં સુધી મુખ્ય કાર્યાલયના આદેશનો નીચેની સંસ્થાઓ તરત અમલ ન કરે ત્યાં સુધી શિસ્ત કેળવવી શક્ય નથી અને પોતાની પ્રવૃત્તિમાં દરેક જગ્યાએ સ્વૈચ્છિક શિસ્ત કેળવાય નહીં ત્યાં સુધી અખિલ હિંદ ચરખા સંઘ માટે પોતાનો ઉદ્દેશ પાર પાડવાનું અશક્ય થઈ પડશે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १३-१०-१९२७

## ૮૮. અર્નાકુલમમાં ભાષણ

ઑક્ટોબર ૧૩, ૧૯૨૭

મિત્રો,

માનપત્ર અને તમારી થેલીઓ બદલ હું તમારો આભાર માનું છું. આ થેલીઓ કોની કેટલી છે એ જાણવામાં તમને રસ પડશે : લગભગ ૫૦૦ રૂપિયા વિદ્યાર્થીઓ તરફથી અને ૪૦૦ ને થોડા વધુ લોકો તરફથી છે. હું આશા રાખું છું કે અહીં એકઠા થયેલા લોકો આ તફાવતનો અર્થ સમજશે અને સભા છોડતાં પહેલાં તફાવત સરખો કરી લેશે. મને જણાવતાં આનંદ થાય છે કે આજે સવારે મને દરબાર તરફથી ૫૦૦ રૂપિયાનો ચેક દીવાનસાહેબ પાસેથી મળ્યો છે, તથા મહારાજાની પુત્રી શ્રીમતી વિલાસિનીદેવી, જે હમણાં ઇંગ્લંડ છે તેમના તરફથી મહારાણી મારફત ૩૦૦ રૂપિયા નોટોમાં મળ્યા છે. વળી, મહારાણીનાં બહેન શ્રીમતી રત્નમે ઠીક સારી રીતે કાંતેલા સૂતરનું એક પારસલ પણ આપ્યું છે જેમાંનું થોડું સૂતર મહારાણીએ પોતે કાંતેલું છે. એ ઉઘાડી વાત છે કે અર્નાકુલમમાં હું જે ખાદીને અનુકૂળ વાતાવરણ જોઉં છું તેનું કારણ મહારાજાનું કુટુંબ ખાદીને ટેકો આપે છે તે છે અને મને એ જાણીને અતિશય આનંદ થયો કે ખ્રિસ્તીઓ, હિંદુઓ, અને આપણી વચ્ચે કેટલાક યહૂદી મિત્રો છે તેઓ અને કેટલાક મુસલમાનો પણ ખાદી પસંદ કરે છે. પણ તેની સાથે મને એ જાણીને દુઃખ થયું કે, બેથી વધુ વરસ પહેલાં અહીં ખાદી માટે જે ઉત્સાહ અને પ્રેમ હતો તે આજે નથી. મારા અભિપ્રાય પ્રમાણે એ ખોટું છે. આપણા પર એવો આરોપ છે કે આપણે બહુ જલદી ઉત્સાહમાં આવી જઈએ છીએ અને એ ઉત્સાહ જલદી ઠંડો પણ પડી જાય છે. હું ઇચ્છું છું કે આ આરોપ તમે જૂઠો પાડો. મારા નમ્ર અભિપ્રાય મુજબ ખાદીનું કામ એવું છે જેમાં સતત પ્રયાસ અને સતત ઉત્સાહ આવશ્યક છે.

અને જો હું તમને, હિંદનાં ૭,૦૦,૦૦૦ ગામડાંમાં વસતા ને ભૂખે મરતા કરોડો લોકો માટે ખાદીનું કેટલું મહત્ત્વ છે એ સમજાવી શકું તો તમે સમજી જશો કે એ ઉત્સાહ અને પ્રયત્ન આવશ્યક છે એટલું જ નહીં, પણ એ અનિવાર્ય પણ છે. એક હકીકત ધ્યાનમાં રાખો કે

Gandhi Heritage Portal

ખાદીની યોજના નગરવાસીઓની સેવા માટે નહીં પણ ગામડાંમાં વસતા ભૂખે મરતા કરોડો લોકોની સેવા માટે કરવામાં આવી છે.

ગાંધીજીએ કહ્યું કે જે જગ્યાએ દક્ષિણ હિંદનું એક ઉત્તમ બંદર બનાવવું છે ત્યાં એકઠા થવાને બદલે અહીં કૉલેજના મેદાનમાં મળ્યા છીએ એ એક શુભ લક્ષણ છે.

આ વસ્તુને હું એ હકીકતનું ચિહ્ન પણ માનવા ઇચ્છું છું કે આ સંસ્થામાં ભણતાં છોકરા-છોકરીઓ પોતાનાં ભૂખે મરતાં ભાઈબહેનોને ભૂલશે નહીં, અને હું જાણું છું કે જો હું વિદ્યાર્થી-જગતની શક્તિનો ઉપયોગ કરી શકું તો હિંદુસ્તાનમાં ખાદીને સાર્વત્રિક બનાવવામાં અને લોકોની દુઃખદાયક ગરીબી દૂર કરવામાં મુશ્કેલી નહીં પડે. આ સુંદર રાજ્યનાં છોકરાછોકરીઓ અને નરનારીઓ યાદ રાખે કે મોટાં શહેરોમાં છોકરાછોકરીઓ જે કેળવણી પ્રાપ્ત કરે છે તેનું ખર્ચ દેશનાં શ્રમજીવીઓના શ્રમમાંથી આવે છે. અને મને તમને એટલું જ કહેવા દો કે તમને બોધ મળે તે માટે મેં અહીં મારી સામે એક ઘણું જ નાનું ખાદી-પ્રદર્શન ભર્યું છે.

અહીં મહાત્માજીએ કેટલીક હાથે કાંતેલી અને હાથે વણેલી બારીક સાડીઓ તથા થેલીઓ બતાવી જેમાંની કેટલીક પર ભરતકામ કરેલું હતું. તેમણે કહ્યું કે આ સાડીઓ આંધ્રમાં તૈયાર થયેલી છે અને પોશાક માટે અતિશય ચીવટ રાખનાર બહેન પણ પહેરી શકે તેવી છે. તેમણે કહ્યું કે પ્રદર્શનની આ વસ્તુઓમાંથી કેવળ કાંતનારાઓને જ રોજ એકથી બે આના રોજી મળે છે એવું નથી, રોજ એકથી બે રૂપિયા કમાનારને પણ કામ મળે છે. તેમણે કહ્યું કે ભરતગૂંથણનું કામ મુંબઈમાં કરવામાં આવ્યું છે જ્યાં મુંબઈની કેટલીક ધનિક હિંદુ અને પારસી બહેનો કંઈ વેતન લીધા વિના પોતાની દેખરેખ નીચે લગભગ ૧૫૦ છોકરીઓનો વર્ગ ચલાવે છે. તેમણે કહ્યું કે તમે આ જે બારીક તકલાદી કાપડ પહેર્યું છે અને જે પહેરવામાં ત્રાવણકોર અને કોચીનની બહેનોને હમેશાં આનંદ થાય છે તેના કરતાં મારી સામેના આ નમૂનાઓ ઘણા સારા છે. મારી સમક્ષ પડેલી ચીજો રાષ્ટ્રપ્રેમની અને ધર્મની ભાવનાથી રંગાયેલી છે. મેં જે ખાદીની વાત કરી તે પહેરનાર સ્ત્રી કે પુરુષ પોતાના દેશના ગરીબમાં ગરીબ માણસ સાથે સીધો સંબંધ બાંધે છે.

તેથી હું કહું છું કે તમે ખાદીકામને માત્ર વખત પસાર કરવાની વસ્તુ નહીં પણ એક ખાસ અધિકાર ગણજો. હું ઇચ્છું છું કે આ સંસ્થાના છોકરાછોકરીઓ ખાદીને પ્રેમસંદેશ તરીકે સ્વીકારે અને ગામડાંમાં કામ કરે.

મહારાજાસાહેબે મારું જે આતિથ્ય કર્યું તથા જે ભેટ મોકલી તે બદલ હું તેમનો આભાર માનવા ઇચ્છું છું. એ ઉપકારનો બદલો હું એક જ રીતે વાળી શકું, અને તે આ રાજ્યમાં અસ્તિત્વ ધરાવતી કેટલીક વસ્તુઓ વિશે મારા વિચાર નિખાલસપણે રજૂ કરીને. મારા જેવા માણસ માટે બીજી કોઈ રીતે સેવા કરવાનું શક્ય નથી. તેથી જે પ્રશ્ને ત્રાવણકોરમાં મારું ધ્યાન રોક્યું હતું તે જ પ્રશ્નની હું ચર્ચા કરવા ઇચ્છું છું. કારણ હું જોઉં છું કે જેમ ત્રાવણકોરના લોકોને આ પ્રશ્ન મૂંઝવે છે તેમ તમને, કોચીનના લોકોને પણ તે મૂંઝવી રહ્યો છે. અહીં તમારે ત્યાં અસ્પૃશ્યતા છે, અનુપસાર્યતા છે અને નજરે પડે તોપણ અભડાવાય એવી અસ્પૃશ્યતા પણ છે. જ્યાં હિંદુ રાજા રાજ્ય કરે છે તેવા રાજ્યમાં આ વસ્તુ જોઈને મને ઊંડું દુઃખ થાય છે. આ હિંદુ રાજ્યોમાં અસ્પૃશ્યતા હોય એ અત્યંત શોચનીય વાત છે. 13665

એક અવાજ : અહીં ત્રાવણકોર કરતાં પણ ખરાબ સ્થિતિ છે.

[1]જ્યાં અત્યંત ગાઢ અંધકારનું સામ્રાજ્ય પથરાયેલું છે ત્યાં એ અંધકારનું માપ હું નક્કી કરું એથી શો ફાયદો? હું કબૂલ કરું છું કે આ રાજ્યમાં હમણાં હમણાં અસ્પૃશ્યોની દશામાં ઘણી ઉન્નતિ સધાઈ છે. હું એ પણ સ્વીકારું છું કે આ દિશામાં વધુ ઝડપે સુધારો થાય એવી ઇચ્છા

૧. આ પૅરેગ્રાફનું ભાષાંતર: મહાદેવભાઈની ડાયરીમાંથી આપવામાં આવ્યું છે.

ગાંધી સ્મારક સંગ્રહાલય
Gandhi Heritage Portal

મહારાજાસાહેબ તથા એમના અધિકારીઓમાં છે. રાજકુટુંબની એક વ્યક્તિ પુલાયા ભાઈઓ માટે એક સંસ્થા ચલાવે છે એ જાણીને મને ઘણો આનંદ થયો. પણ આટલાથી હું સંતોષ માનું એ અશક્ય છે; અને હું ઇચ્છું છું કે મહારાજાસાહેબ તથા એમના અધિકારીઓ આ જુગજૂનું દૂષણ કાઢવા મારી અધીરાઈમાં સહભાગી બને. મહારાજા, રાજકર્તા તરીકે, રાજ્યની પ્રગતિનો અંદાજ, કોઈ નાના ગજથી ભલે કાઢે, અને ભલે સંતોષ માને. પણ એ તો પવિત્ર ધર્મના રક્ષક હોવા જોઈએ – જેમ દરેક હિંદુ હોવો જોઈએ–; અને તેથી હિંદુ ધર્મના હાર્દને કોરી ખાતા આ મહાન દૂષણને વિશે એમણે ધીરજ ધરવી જોઈએ નહીં. બીજી ઋતુમાં તો ઠીક કે કપ્તાન ધીમે ધીમે ઠંડે પેટે વહાણ હંકાર્યે જાય. પણ હાલ તો દરિયો ભારે તોફાની છે; જરાયે બેદરકારી રાખવામાં આવે તો વહાણના ચૂરેચૂરા થઈ જાય એમ છે. જગત આજે જોઈ રહ્યું છે કે કરોડો હિંદુઓ પોતાના ધર્મની નાવને આજે શી રીતે બચાવવાના છે. જો તોફાનના વમળમાં ભરાઈ એને પછડાવા ન દેવું હોય તો ઠંડે પેટે નહીં પણ ધમધોકાર વહાણ હંકાર્યે જવું જોઈશે. એમાં પછી બ્રાહ્મણોની અમુક લાગણી દુખાશે, અને એમનો અમુક વહેમ આડે આવશે એવો વિચાર કરવો એ કુશળ નાવિકને છાજે એમ નથી. એ લાગણી અને વહેમ દૂર થાય ત્યાં સુધી રોકાવા બેસે તો વહાણના ભૂકા ઊડી જવાનો સંભવ છે.

ત્યાર પછી મહાત્મા ગાંધીએ કોચીનમાં પ્રચલિત એક પ્રથા વિશે વાત કરી. એ પ્રથા એવી છે કે, જ્યારે મંદિરમાંથી દેવદેવીઓનો વરઘોડો જાહેર રસ્તા પરથી લઈ જવામાં આવે છે ત્યારે અસ્પૃશ્યોને રસ્તાથી દૂર રાખવામાં આવે છે, જાણે કે એ રસ્તા દુરસ્ત રાખવાના ખર્ચમાં અસ્પૃશ્યોએ ફાળો જ ન આપ્યો હોય. તેમણે કહ્યું :

તમારી વિધાનસભાની[1] કાર્યવાહીના રિપોર્ટનાં પાનાં ફેરવતાં મને રમૂજ પડી ને દુઃખ પણ થયું. તેમાં પ્રાચીન સમયથી ચાલતા આવતા રિવાજને આધારે આ પ્રથાનો બચાવ કરવામાં આવ્યો છે. હું એક વખતે અમુક ઢબની કામગીરી બજાવતો વકીલ હતો એટલે મેં મારી યાદદાસ્ત તાજી કરીને જાણવાની કોશિશ કરી કે આ પ્રાચીન રિવાજ શું છે. અને મને એક કેસ બાબતમાં કંઈક એવું વાંચ્યાનું ઝાંખું સ્મરણ છે, જેમાં ન્યાયાધીશે એવી તીખી ટીકા કરી હતી કે માનવતા વિરુદ્ધ અપરાધ કરવા માટે કદી પ્રાચીન રિવાજને કારણ તરીકે રજૂ ન કરવો જોઈએ. આ પ્રાચીન રિવાજો સમયના વહેણ સાથે આવ્યા છે. પાપ તો ખુદ આદમના જેટલું પ્રાચીન છે; પણ મેં એક પણ પુસ્તક એવું નથી વાંચ્યું જેમાં કહેવામાં આવ્યું હોય કે પાપ આપણને પરાપૂર્વથી વારસામાં આવ્યું છે. એટલે એમાં દખલ ન કરવી જોઈએ. એ જ રિપોર્ટમાં જાહેર રસ્તાઓના ઉપયોગ બાબત મેં બીજી પણ કેટલીક રમૂજી વાતો જોઈ. મેં જોયું કે કિલ્લો અવર્ણ લોકો માટે ખુલ્લો નથી; કારણ કે ત્યાં એક મંદિર આવેલું છે. અને મંદિરો નજીક આવેલી શાળાઓ સઘળા વર્ગોનાં બાળકો માટે ખુલ્લી નથી.

આજે બપોર પછી બે એઝવા મિત્રોને મળીને ગાંધીજીને આનંદ થયો. તેમની સાથે તેમણે આ પ્રશ્ન વિશે લંબાણથી ચર્ચા કરી. તેમણે આ પ્રશ્ન વિશે જે ઊંડી લાગણીથી વાત કરી તે ગાંધીજી સમજી શક્યા. એ મિત્રોએ જે દલીલ કરી તે બ્રિટિશ હિંદમાં અને દક્ષિણ આફ્રિકામાં કરવામાં આવે છે તેવી જ હતી, અને વર્તમાન સ્થિતિ વિશે તેમનું મન પુણ્યપ્રકોપથી ભરેલું હતું. ગાંધીજીએ કહ્યું કે અસ્પૃશ્યોને પ્રાથમિક ન્યાય અપાવવા માટે રાજ્યને હલાવવાની સવર્ણ હિંદુઓની ફરજ છે.

પછી મહાત્મા ગાંધીએ દેવદાસીની પ્રથાનો ઉલ્લેખ કરીને કહ્યું કે આ પ્રથા તમને લાંછન લગાડનારી છે. આ ઘૃણિત પ્રથાનો ધાર્મિકતાને નામે પ્રચાર કરવામાં આવે છે કે કેમ એની મને માહિતી નથી.

૧. કોચીન વિધાનસભાની.

Gandhi Heritage Portal

એક અવાજ : કોઈ દેવદાસી અહીંની નથી. તેઓ બધી બહારથી લાવવામાં આવી છે.

મહાત્માજી : આયાત કરેલો દારૂ પણ નિષિદ્ધ છે. (હાસ્ય)

મહાત્માજીએ કહ્યું કે આખા રાજ્યમાં એક પણ દેવદાસી હોય તો એ દરેક યુવકને માટે શરમની વાત છે.

વધુમાં મહાત્મા ગાંધીએ દારૂના વેપારનો ઉલ્લેખ કરીને કહ્યું કે દારૂમાંથી જે આવક થાય છે તે અનૈતિક આવક છે. જો તમારામાં સાચી રાષ્ટ્રીય કે સામાજિક ભાવના હોય તો તમારી વચ્ચે એક પણ દારૂડિયો હોય એ તમારો દોષ ગણાવો જોઈએ. શરાબખોરી દૂર કરવાની બે રીત છે: (૧) રાજ્યમાં સંપૂર્ણ દારૂબંધી કરાવવા માટે સતત આંદોલન ચલાવવું, અને (૨) દારૂના વ્યસનનો ભોગ બનેલા લોકોમાં સુધારા કરવાની ચળવળ ચલાવવી. કેવળ સંપૂર્ણ દારૂબંધી પૂરતી નથી તેમ જ કેવળ સુધારાની ચળવળ પણ સંપૂર્ણ દારૂબંધી સિવાય સફળ નહીં થાય. બંને વસ્તુ સાથોસાથ ચાલવી જોઈએ, અને રાજ્યની આવક ઓછી થાય તેને વધારે પડતું મહત્ત્વ ન આપવું જોઈએ. રાજ્યની આવકની જ વાત કરીએ તો આ રાજ્યમાં જેટલી ખાદીની જરૂરિયાત છે તેટલી ખાદી તમે તૈયાર કરી શકો તો લોકોની કમાણી ચાર ગણી કરી શકો.

ઉપસંહાર કરતાં તેમણે એકઠા થયેલા લોકોને પોતાનો સંદેશો યાદ રાખવા અપીલ કરી અને કહ્યું કે હું ઇચ્છું છું કે તમારામાંથી કેટલાકે ખાદીકાર્યમાં અથવા મેં કહ્યાં તેમાંના કોઈક કામમાં વળગી જવું જોઈએ. એ બધાં જ કામ અત્યંત મહત્ત્વનાં છે. તેમણે ઉપસ્થિત લોકોને ખાદી-ફંડમાં પોતાથી બને તેટલો ફાળો આપવા અપીલ કરી. સ્વયંસેવકો ફાળો ઉઘરાવવા સભામાં ફર્યા, અને લોકોએ તેમને ઉદારતાપૂર્વક ફાળો આપ્યો. મહાત્માજીએ કહ્યું કે ત્રાવણકોર અને કોચીનમાં બહેનો બહુ ઘરેણાં પહેરતી નથી; પણ હું કબૂલ કરું છું કે તમે જે થોડાં ઘરેણાં પહેર્યાં છે તેની પણ મને થોડી ઈર્ષા આવે છે. (ભારે હસાહસ). દેશમાં ઘણા લોકો એવા છે જેઓ ખરેખર ભૂખે મરે છે. એટલે તમે ઘરેણાં વડે શરીર શણગારો એ વાજબી નથી. સાચું સૌંદર્ય ઘરેણાં પહેરવામાં નહીં પણ શુદ્ધ ચારિત્ર્યમાં રહેલું છે.

[મૂળ અંગ્રેજી]

હિન્દુ, ૧૫-૧૦-૧૯૨૭

## ૮૯. ડબલ્યુ. એચ. પિટને પત્ર

ટ્રેનમાં,
ત્રિચુર,
ઑક્ટોબર ૧૪, ૧૯૨૭

પ્રિય મિ. પિટ,[1]

તમારો પત્ર મળ્યો તેથી આનંદ થયો અને તમે ખૂબ ઊંઘ્યા એ જાણીને પણ આનંદ થયો. સવારની મુલાકાત તો બિનજરૂરી શિષ્ટાચાર જ થાત. મિસિસ પિટને કહેશો કે તેમની સાથે હસ્ત-ધૂનન કરી શક્યો તેથી મને ઘણો આનંદ થયો.

અલેપ્પીમાં મેં આપેલું ભાષણ તમે જોયું હશે. શ્રી માધવન્ અને બીજા મિત્રોએ પોતાની પ્રવૃત્તિ બંધ કરી છે અને મારી સલાહ લીધા વિના તેઓ આગળ પગલું નહીં ભરે. અલબત્ત, હું પ્રથમ તમારો સંપર્ક સાધ્યા વિના કશું કરીશ નહીં. તમે થિરુવરપ્પુ અને સચીન્દ્રમાં પરિસ્થિતિ

૧. ત્રિવેન્દ્રમના પોલીસ કમિશનર.

Gandhi Heritage Portal

સુધારી લેશો એવી આશા હું રાખી શકું? હું દેવસ્વમના કમિશનરને લખું એમ ઇચ્છતા હો તો હું જરૂર તેમ કરીશ. હવે મનાઈહુકમો પાછા ખેંચી લેવાશે તો એ એક શોભાસ્પદ કાર્ય થશે.

તમારો સહૃદયી
**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]
માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૪૯૨૩

## ૯૦. ત્રિચુરમાં ભાષણ

ઑક્ટોબર ૧૪, ૧૯૨૭

પ્રમુખશ્રી અને મિત્રો,

માનપત્ર માટે અને જે અનેક થેલીઓ તમે ભેટ આપી છે તે બદલ હું તમારો આભાર માનું છું. ત્રિચુરની આ બીજી મુલાકાતનો આનંદ માણવાની હું રાહ જોતો હતો. અને જોકે હું એમ તો નથી કહી શકતો કે ત્રિચુર પાસે મેં જે અપેક્ષા રાખી હતી તે બધી પૂરી થઈ છે, પણ અનેક મિત્રો સાથેની મારી વાતચીતમાં અને અનેક સંસ્થાઓની મુલાકાતમાં મેં જે જોયું-જાણ્યું છે તે આશા રાખવા માટે પૂરતું છે. ત્રિચુરની શાળાઓમાં કાંતણ બહુ લોકપ્રિય બન્યું છે એ જોઈને મને ઘણો જ આનંદ થયો. મેં સેંકડો છોકરાછોકરીઓને રેંટિયા પર કે તકલી પર કાંતતાં જોયાં. પણ મેં કહ્યું છે અને લખ્યું છે તેમ આ કાંતવાનું કામ ધાર્મિક શ્રદ્ધાથી અને સેવાભાવથી તથા વૈજ્ઞાનિક ભાવનાથી કરવું જોઈએ. મિસિસ સ્વાન્સ જે સંસ્થા ચલાવે છે તે સંસ્થામાં છોકરીઓને કાંતતી જોવાનો મને લહાવો મળ્યો હતો. સંસ્થા માટે મિસિસ સ્વાન્સનો ઉત્સાહ જોઈને હું મુગ્ધ થયો. પરંતુ ત્યાં પણ મેં જોયું કે સૂતર વૈજ્ઞાનિક રીતે કંતાતું નથી. કપાસ ન મળે ત્યાં સુધી કાંતણ દાખલ જ ન કરવામાં આવે તો જરાયે વાંધો નથી. પણ અતિ ઉત્સાહી લોકોને હાથે પણ કાંતણ અપ્રિય થઈ જવાનું જોખમ રહેલું છે. કેમ કે તેઓ કાંતણની કળા જાણતા હોતા નથી એટલે ખોટી રીતે કાંતે એવો સંભવ છે. મને મારી શાળાના દિવસો યાદ છે જ્યારે છોકરાઓમાં ભૂમિતિનો વિષય બહુ અપ્રિય થઈ પડ્યો હતો. એ વિષય અપ્રિય થઈ પડવાનું કારણ વિદ્યાર્થીઓ નહોતા પણ શિક્ષક પોતે હતા. વિષયની પૂરી પકડ નહીં હોવાને કારણે તેઓ વિદ્યાર્થીઓ સામે પાટિયા પર પ્રમેયો લખીને પોતાને આવડે એ રીતે કંઈક ગગડાવી જતા જે વિદ્યાર્થીઓ સમજી શકતા નહોતા. હવે, અંગત રીતે હું એવું માનું છું કે ભૂમિતિ એક ખૂબ જ ગમે એવો વિષય છે અને એની મનોરંજકતા મને સમજાઈ પછી છોકરાઓ ઘણી વાર આ વિષય સામે વાંધો ઉઠાવે છે તે હું સમજી શક્યો નથી. પણ આવી બાબતોમાં ઊંડા ઊતરશો તો તમે જોશો કે જ્યાં કોઈ ખાસ વિષય છોકરાછોકરીઓને નીરસ લાગે છે અથવા રસપ્રદ નથી થઈ શકતો ત્યાં વાંક એ વિષયનો કે છોકરાછોકરીઓનો નથી હોતો, પણ મુખ્યત્વે શિક્ષકોનો હોય છે. પણ ભૂમિતિ જે મહાન વિજ્ઞાન છે અને દુનિયાભરમાં જેના હજારો ઉપાસકો છે તે કોઈ મૂરખ શિક્ષકોને હાથે શીખવવાનો વખત આવે તોપણ તેથી કશું નુકસાન થવાનો ભય મારા સમયમાંય નહોતો અને આજે પણ નથી. પણ હિંદના કરોડો મજૂરી કરીને જીવનારા લોકોના

Gandhi Heritage Portal

દુર્ભાગ્યે હાથકાંતણ હજી પણ તેના ખુદ અસ્તિત્વ માટે તરફડિયાં મારે છે. યુરોપિયન વિચાર-પ્રણાલીમાં ઊછરેલા અર્થશાસ્ત્રીઓ, કાંતણની હું જ્યારે એક વૈજ્ઞાનિક વસ્તુ તરીકે અને સૌંદર્ય અને કળાના ચિહ્ન તરીકે હિમાયત કરું છું ત્યારે મને હસી કાઢે છે. દુનિયામાં હરીફાઈની પદ્ધતિ સર્વોપરી છે અને અર્થશાસ્ત્રમાં અંતિમ નિર્ણાયક શબ્દ છે એવું માનતા હોઈ· તેઓ ધારે છે કે રેંટિયો તો ખાલી મારું રમકડું છે જે હું મૃત્યુ પામું તેની સાથે નષ્ટ કરી દેવાનું છે. એટલે આ બાળક જે પોતાના અસ્તિત્વ માટે તરફડિયાં મારી રહ્યું છે તેને વિશેની મારી ચિંતા તમે સમજી શકશો, અને આ વસ્તુ બાબતમાં અવ્યવસ્થા ઊભી ન કરશો, એમ કહું તો મને માફ કરશો. અને આ વાત હું, આ વિષયનો ૧૯૦૮થી કાળજીપૂર્વક અભ્યાસ કર્યા પછી કહું છું. કાંતણ એ આપણાં છોકરાછોકરીઓ શીખે અને આપણા લોકો અપનાવે એવો ઘણા હાથઉદ્યોગોમાંનો એક ઉદ્યોગ નથી. પણ મારા અભિપ્રાય મુજબ તો એ હિંદની ભૂખે મરતી આમજનતાના જીવનની મુખ્ય વસ્તુ છે. હું એવા નિર્ણય પર આવ્યો છું કે કોઈ પણ યોજનામાં હાથકાંતણને કેન્દ્રસ્થાન આપ્યા વગર આમજનતાની વધારેમાં વધારે ઊંડી જતી ગરીબાઈનો કોઈ ઉકેલ શકય નથી. તેથી રાજ્યે હાથકાંતણને જે રીતે ટેકો આપ્યો છે તે જોતાં હું તેને મુબારકબાદી આપું છું. અને જે છોકરાછોકરીઓને આજે મેં જોયાં તેમને તથા શિક્ષકોને કાંતણ અપનાવવા માટે અભિનંદન આપું છું, પણ તેની સાથે હું રાજ્યના અધિકારીઓને, શિક્ષકોને, છોકરાછોકરીઓને તથા રાજ્યનું હિત જેમને હસ્તક છે તે સૌને આ વિષયમાં ગંભીરતાપૂર્વક ધ્યાન આપવા વિનંતી કરું છું.

અમદાવાદમાં અમે કહેવાતા અસ્પૃશ્યોના લગભગ ૧૦૦૦ છોકરાઓ ઉપર પ્રયોગ કરી રહ્યા છીએ. અને હું ખાતરીપૂર્વક કહું છું કે અમે એમાં સારા પ્રમાણમાં સફળતા મેળવી છે. આ પ્રયોગ શ્રીમતી અનસૂયાબહેનની અંગત દેખરેખ નીચે ચાલે છે. તેઓ પોતે એક કરોડપતિના કુટુંબમાં ઊછરેલાં છે. પણ મેં તમને કહ્યું જ છે કે આ પ્રયોગમાં જે સફળતા મળી છે તે મેળવવા માટે ઘણા નિષ્ણાતોને એના વિકાસ માટે પોતાનો કીમતી સમય આપવો પડે એમ છે. અને એ બાબતમાં અમે એવા અંતિમ નિર્ણય પર આવ્યા છીએ કે શાળાઓમાં રેંટિયો દાખલ કરવો એ ખોટું છે; કાંતવાનું તકલી પર જ રાખવું જોઈશે. અમે ત્યાં જે જુદી જુદી રીતો અજમાવી તેમાં હું નહીં ઊતરું, પણ માત્ર એ પ્રયોગનાં પરિણામો જણાવીશ. બધા છોકરાઓની તકલીઓ કાળજીપૂર્વક તપાસવામાં આવે છે; દરેક છોકરા પાસે સારા પીંજેલા રૂની પૂણી હોય છે. તકલી ચલાવતી વખતે છોકરાઓના હાથ ઘણી વાર પરસેવાથી ભીના થવાનો સંભવ હોય છે. તેથી તેમને કહેવામાં આવે છે કે તકલી ફેરવતી વખતે હાથ ભીના ન હોય એ જોવું જોઈએ. દરેક છોકરાનું સૂતર સાચવીને રાખવામાં આવે છે અને તેના વળ, આંક અને મજબૂતીની પરીક્ષા કરવામાં આવે છે. અને અમે જોયું કે ન મનાય એટલા ટૂંકા સમયમાં પરિણામમાં ૫૦ ટકા સુધીનો સુધારો થયો. આ પરીક્ષાને કારણે સરેરાશ ઝડપ પણ વધેલી માલૂમ પડી છે. દરેક શિક્ષકને પગારમાં થોડો વધારો આપવાનો કહીને આ કળા શીખી લેવા માટે પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. તેથી અત્યારે દરેક શિક્ષક સારું પીંજીકાંતી જાણે છે. સૂતરની પરીક્ષા હજુ પણ કરવામાં આવે છે અને આ પ્રયોગ દરમ્યાન જે પરિણામો આવ્યાં છે તે સરવાળે ઉત્સાહપ્રેરક છે. અને અમે અનુભવે જોયું છે કે આ રીતે છોકરાઓ પાસેથી જે સૂતર મળ્યું તે રેંટિયા દ્વારા મળતા સૂતરથી ચાર કે પાંચ ગણું છે. આનું કારણ એ નથી કે રેંટિયા પર કાંતનાર છોકરો તકલી પર કાંતનાર કરતાં ઓછું કાંતે છે. પણ બધા છોકરાઓ માટે એક સાથે રેંટિયા પર કાંતવું અશકય હતું. વળી રેંટિયાનું એવું છે કે તે આ તોફાની છોકરાઓના હાથમાં ઘડીએ ઘડીએ

Gandhi Heritage Portal

બગડી જાય છે. અને તમને એક ગુપ્ત વાત કહી દઉં કે અમે એ પણ જોયું કે છોકરાછોકરીઓ તો છોકરાછોકરીઓ જ રહેવાનાં અને તોફાની પણ હોવાનાં. અને તેઓ થોડું નિર્દોષ તોફાન પણ ન કરે, એવી કડક શિસ્ત તેમનામાં નહોતી, પણ અમે સમજ્યા કે એ તોફાન તો એમની ઊભરાઈ જતી શક્તિની નિશાની હતી. તેથી અમે એ શક્તિનો આ કામ માટે ઉપયોગ કરીએ છીએ. અને હવે આપણે ત્યાં જઈએ તો તેમને હસતાં, ગાતાં અને રોજ નિયમિત અરધો કલાક કાંતતાં જોઈશું. દરેક છોકરો વરસ દરમ્યાન પોતાની જરૂર જેટલું અને થોડું પોતાના કુટુંબ માટે કાંતી લઈ શકે એ સ્થિતિએ અમે પહોંચવા માગીએ છીએ. એવો હિસાબ ગણવામાં આવ્યો છે કે જો હિંદની અરધી વસ્તી દરરોજ પોતાના ફુરસદના કલાકોમાંનો થોડો સમય આપે તો આખા દેશની જરૂરિયાત કરતાં પણ થોડું વધું સૂતર તૈયાર થઈ શકે.

પણ મારે આ મોટી સભાને હાથકાંતણની વિગતો આપવામાં રોકી રાખવી ન જોઈએ. તમે આ મહાન પ્રયોગ કરી રહ્યા છો, એ જોતાં હું માત્ર એટલું જ કહું છું કે તમે આ કામ બહુ ગંભીરતાપૂર્વક, વૈજ્ઞાનિક રીતે અને કુશળતાપૂર્વક કરજો. પણ આ બાબતમાં જો તમે ખરેખર ગંભીરતાપૂર્વક વિચાર કરતા હો અને માત્ર રમત ન કરતા હો તથા જો તમને કાંતણમાં મળે છે તેટલો રસ હોય અથવા તેના થોડા ભાગ જેટલો પણ રસ હોય તો હું સૂચવું છું કે છોકરાઓ અને તેમનાં માબાપને ખાદી પહેરવા સમજાવવાં એ તદ્દન જરૂરી છે. છોકરાઓ ખાદી નથી પહેરતા એટલું તમે સ્વીકારો તેની સાથે જ આ પ્રયોગની કશી મહત્તા રહેતી નથી એમ જ્યારે હું કહું છું ત્યારે મારી એ વાત તમે સમજશો. ખૂબ ધ્યાનપૂર્વક જોવા છતાં મેં જ્યારે જોયું કે આ સંસ્થાઓમાં હું જેમને મળ્યો તેમાંનાં ઘણાં ઓછાં છોકરાછોકરીઓ ખાદી પહેરે છે, ત્યારે મને ઘણું દુઃખ થયું. પણ જ્યાં સુધી શિક્ષકો પોતે દાખલો ન બેસાડે ત્યાં સુધી છોકરાછોકરીઓ ખાદી પહેરે કે માબાપો તેમને પહેરવાનું પ્રોત્સાહન આપે એવો સંભવ નથી. હું કેટલાક ઘણા સારા લોકોને ઓળખું છું જેઓ પોતે ખૂબ ધૂમ્રપાન કરે છે, પણ પોતાનાં બાળકોને બીડી નહીં પીવાની શિખામણ આપે છે. આવી શિખામણનું કેવું ભયંકર પરિણામ આવે તેની તમે સહેલાઈથી કલ્પના કરી શકો છો. છોકરાઓ એ શિખામણને હસી કાઢે છે અને છાનામાના ધૂમ્રપાન કરે છે. એટલે જો તમે ખરેખર માનતા હો અને તમારી બધી વાતચીત પરથી તથા મને જે બધાં માનપત્રો મળ્યાં છે તે પરથી જણાય છે કે તમે ખરેખર માનો છો—કે આમજનતાની ગરીબીના પ્રશ્નનું મોટે ભાગે નિરાકરણ કરવાની હાંથકાંતણની કાર્યક્ષમતામાં તમારી શ્રદ્ધા છે તો તમારે પોતે ગંભીરતાપૂર્વક ખાદી અપનાવવી જોઈએ અને વાતાવરણને ખાદીની ભાવના અને રેંટિયાથી ભરી દેવું જોઈએ.

આ રાજ્યમાં, જ્યાં ખ્રિસ્તી, હિંદુ અને બીજી બધી કોમનાં છોકરાછોકરીઓ આટલું શિક્ષણ પામે છે, તે સુંદર રાજ્યને કાપડની બાબતમાં સ્વાવલંબી બનાવવું એ તમારે માટે ખરેખર ઘણી સહેલી વસ્તુ છે. સર દીનશા વાચ્છા જેવાના આધારભૂત કથન મુજબ હિંદની કાપડની જરૂરિયાત જણ દીઠ વાર્ષિક ૧૩ વારની છે. તેથી હું એટલા કાપડના માથાદીઠ ૪ રૂપિયા ગણું છું. આ સંખ્યાને રાજ્યની વસ્તીની સંખ્યાએ ગુણી જુઓ તો તમે પોતે જોશો કે દર વરસે તમે સરવાળે કેટલી મોટી રકમ બચાવી શકો છો. અને આ વાત મને તરત જ મદ્યપાનના શાપિત સવાલ પર લાવી મૂકે છે.

આ રાજ્યમાં જ્યાં શિક્ષણનો આટલો બધો પ્રચાર છે, જ્યાં આટલી બધી શિક્ષણ-સંસ્થાઓ છે, આટલા બધા હિંદુઓ અને ખ્રિસ્તીઓ છે ત્યાં આ ભયંકર બદીને સહન કરવામાં આવે છે.

Gandhi Heritage Portal

એથી મને ઘણું આશ્ચર્ય થાય છે. જો આપણે ખરેખર માનતા હોઈએ અને આપણે માનવું જ જોઈએ કે આ દેશનાં સૌ લોકો આપણાં સગાં ભાઈબહેન છે, તો આ અનિષ્ટને માત્ર એક દિવસ પણ ટકવા દેવું ન જોઈએ. આપણાં બાળકોને પોતાની કેળવણી માટે મોટેભાગે આ અનૈતિક આવકના સાધન પર આધાર રાખવો પડે છે એ ભયંકર હકીકતનો વિચાર આપણે શાંત મનથી કરી શકીશું ખરા? સંપૂર્ણ દારૂબંધીનો આ આવશ્યક સુધારો કરવામાં નાણાંકીય મુશ્કેલીની વાત મેં ઘણાને મોઢે સાંભળી છે. મેં તમને આ મુશ્કેલીનો તૈયાર ઉકેલ રેંટિયાના રૂપમાં આપ્યો છે. હરેક ઉચિત ઉપાય કરીને ખરું જોતાં આ અનિષ્ટ દૂર કરવાની તમારા બધાની ધાર્મિક ફરજ છે. અને દારૂની બદી વિશે જો હું આ સૂરમાં વાત કરું છું તો આ સુંદર રાજ્ય કે જ્યાં અમુક લોકોને જોવાથી કે તેમની નજીક જવાથી પણ અભડાવાય એવા નિંદ્ય સ્વરૂપમાં અસ્પૃશ્યતા જોવામાં આવે છે, તેને વિશે મારે શું કહેવું?

હું જાણું છું કે રાજ્યે આ કહેવાતા અસ્પૃશ્યોને મદદ કરવા ઘણું કર્યું છે. મને એ જોઈને ઘણો આનંદ થયો કે રાજકુટુંબના એક સભ્ય પુલાયા લોકોના એક વાસની સંભાળ રાખે છે અને તેમના આ વાસને રાજ્ય તરફથી સારી આર્થિક મદદ મળી છે. અહીંથી નજીકમાં રહેતા ખ્રિસ્તી યુવક સંઘના મંત્રીને મળીને મને આનંદ થયો. તેઓ એવા જ એક વાસની સંભાળ રાખે છે અને એ વાસને રાજ્ય તરફથી વાર્ષિક ૩૦૦થી ૪૦૦ રૂપિયાની મદદ મળે છે. વળી, શિક્ષણ ખાતાના નિયામક સાથે મારે જે ખુલ્લા દિલથી વાત થઈ તેમાંથી મને એ જાણીને એટલો જ આનંદ થયો કે આ રાજ્યની શાળાઓમાં ભણતા લગભગ ૫૦ ટકા છોકરાઓ આ અસ્પૃશ્ય વર્ગના છે.[૧] તમે ભૂલ સુધારી તે માટે તમારો આભાર માનું છું. હવે હું સમજ્યો કે શાળાઓમાં ભણતા છોકરાઓના ૫૦ ટકા નહીં પણ દલિત અથવા અસ્પૃશ્ય વર્ગના શાળામાં ભણવાની ઉંમરના છોકરાઓના ૫૦ ટકા ભણવા જાય છે. આ વાત પણ, જોકે મેં પહેલાં કહેલી વાત જેટલી સંતોષકારક નથી, છતાં સંતોષકારક તો છે જ. વચ્ચે એટલું કહી દઉં કે આ છોકરાઓ, અને આશા રાખું છું કે છોકરીઓ પણ, જેમની આટલા લાંબા સમયથી ઉપેક્ષા કરવામાં આવે છે તેમના તરફ વિશેષ લક્ષ આપવાની જરૂર છે. અને તેઓ યોગ્ય રીતે જ રાજ્યની સામાન્ય શાળાઓમાં ભણે છે તેથી મારા નમ્ર અભિપ્રાય મુજબ શિક્ષણનો અભ્યાસક્રમ તપાસીને તેમાં ફેરફાર કરવાની જરૂર છે. પરંતુ આ દિશામાં જે પ્રગતિ થઈ છે તે માટે રાજ્ય અને રાજ્યના લોકોને હું અભિનંદન આપું છું, છતાં પણ મારે તમને મારી એ લાગણી જણાવવી જોઈએ કે આ પ્રગતિ બીજી રીતે ગમે તેટલી ભારે જણાતી હોય, પણ હિંદુ ધર્મમાં જે ભયંકર અનિષ્ટ ફેલાયું છે તે જોતાં એ હજી નજીવી છે. આપણા જેવા જ મનુષ્યોના એક વર્ગને અસ્પૃશ્ય ગણીને આપણે મનુષ્ય અને ઈશ્વર પ્રત્યે જે પાપ કર્યું છે તેનું પૂરતું પ્રાયશ્ચિત્ત કરવું હોય તો આ પ્રગતિનો વેગ અત્યારે છે તેના કરતાં ઘણો વધારવો જોઈશે. ખ્રિસ્તી યુવક સંઘના મંત્રી પાસે મેં નાયાડી લોકોની સ્થિતિનું આબેહૂબ પણ દુ:ખદ વર્ણન સાંભળ્યું. એ દુ:ખદ વાતચીતનું વિગતવાર વર્ણન કરીને મારે તમારો સમય ન લેવો જોઈએ. આપણે હિંદુઓએ આપણાં જ ભાઈભાંડુંઓ પર એક પછી એક જે અન્યાયો લાદ્યા છે તે વિશે ઘણુંખરું મારા કરતાં તમે વધારે સારી રીતે જાણો છો. અને જ્યારે આપણે આપણી પોતાની જાત પર રોષ કરીને ખડા થઈએ અને આ અનિષ્ટને નિર્મૂળ કરીએ ત્યારે જ આ પાપને

૧. અહીં વચમાં નિયામક રાવસાહેબ મથાઈએ ગાંધીજીએ આપેલા આંકડામાં સુધારો કર્યો હતો.

Gandhi Heritage Portal

થોડુંઘણું પણ ધોઈ શકીએ. ધીરજ રાખવાના પક્ષમાં અને પૂર્વગ્રહોના પક્ષમાં, એ પૂર્વગ્રહ ભલે ગમે તેટલા ખરાબ હોય છતાં હમેશાં જે દલીલ કરવામાં આવે છે તે હું જાણું છું, પણ હિંદના એક છેડેથી બીજા છેડા સુધી આ વર્ગોની દશા જોયા પછી હું તમને એટલું જ કહી શકું કે પ્રગતિ વિશે અને પ્રગતિની શરતો વિશે ફિલસૂફોની જેમ વાતો કરીને આપણે થાકી જઈએ છીએ. મારે માટે તો, અસ્પૃશ્યોને સંપૂર્ણપણે દૂર કરવાનો પ્રશ્ન એ હિંદુ ધર્મની ભારેમાં ભારે કસોટી છે. જોકે આ પ્રશ્નમાં સારાંખોટાં ભારે રાજકીય અને આર્થિક પરિણામો આવી શકે, પણ મારે માટે તો એ મુખ્યત્વે ધાર્મિક પ્રશ્ન છે. આ પ્રશ્ન સવર્ણ હિંદુઓ માટે આત્મ-શુદ્ધિનો પ્રશ્ન છે. એટલે જ્યારે આપણે આ બધી વસ્તુઓ આસ્તે આસ્તે કરવાની વાત કરીએ છીએ ત્યારે મને લાગે છે કે આપણે આ લોકો પ્રત્યે આપણી ફરજ બજાવતા નથી. જ્યાં સુધી આપણામાંનો દરેક જણ આ લોકોનાં ઉજ્જડ ઘરોમાં આશા અને આશ્વાસનનું કિરણ લઈ જવા માટે મિશનરી નહીં બને ત્યાં સુધી મને સંતોષ નહીં થાય. એટલે તમે સમજી શકશો કે, અમુક પ્રસંગોએ જ્યારે આ લોકો જાહેર રસ્તા પરથી પસાર થાય છે ત્યારે તેમને ત્યાંથી ધક્કા મારીને દૂર કાઢવામાં આવે છે અને મંદિરોની હદમાં આવેલી શાળાઓમાં આ વર્ગનાં બાળકોને દાખલ કરવામાં આવતાં નથી, એ જોઈને મને ઊંડું દુ:ખ કેમ થાય છે. આપણાં મંદિરોમાં આ સ્ત્રીપુરુષોના પ્રવેશ સામેના મનાઈહુકમો વિશે મારા મનનું સમાધાન કરવું મને અશક્ય લાગે છે. મારા અભિપ્રાય પ્રમાણે તો જે જગ્યાએ, પોતાનાં જ સંતાનોના નજીક આવવાથી ઈશ્વર પોતે અભડાઈ જાય છે એવું માનવાની ધૃષ્ટતા કરવામાં આવતી હોય તે જગ્યા રહેવા લાયક નથી. જે મંદિરમાં પ્રવેશ કરતાં એક પણ માણસને, તે અમુક જાતિમાં જન્મ્યો છે તે કારણે, રોકવામાં આવે તે મારે માટે મંદિર જ રહેતું નથી. તેથી હું તમને લોકો પ્રત્યેની તમારી ફરજ બહાદુરીપૂર્વક બજાવવા પૂરેપૂરી ગંભીરતાથી અને આગ્રહપૂર્વક અપીલ કરું છું.

એક બીજું પણ અનિષ્ટ છે જે સમાજને ભ્રષ્ટ કરી રહ્યું છે. મારી પાસે દેવદાસી પ્રથા વિશે એક છાપેલો ખુલ્લો પત્ર છે. તેમાં કેટલાક મિત્રોની સહીઓ છે, જેમને હું ઓળખતો નથી અને કેટલીક સહીઓ તો હું વાંચી પણ શક્યો નથી. એ પત્ર સાથે મહારાજા સાહેબને કરેલી એક અરજી છે. આ અરજીમાંની હકીકત દુ:ખદ છે. તેમાં પ્રથમ કેવી રીતે થોડી દેવદાસી-ઓને રાજ્યમાં લાવવામાં આવી હતી અને હવે તેમની સંખ્યા કેવી રીતે વધતી જાય છે તેનું વર્ણન છે. અરજીમાં જણાવેલી વાત કેટલી સાબિત કરી શકાય એવી છે તેની મને ખબર નથી, પણ જે કંઈ હું જાણું છું તે એટલું જ છે કે એ અરજી ઠીકઠીક દલીલપૂર્વકની છે અને જવાબ-દાર લોકોએ લખેલી છે. પ્રથમ દર્શને એ વિશ્વાસપાત્ર હોવાની છાપ પડે છે. એ અરજીમાં કહેવામાં આવ્યું છે કે દેવદાસીઓને જન્મતી છોકરીઓ તથા તેમણે બીજા વર્ગો પાસેથી દત્તક લીધેલી છોકરીઓ ઈશ્વરને નામે, વસ્તુત: ખૂબ જ ભયંકર હેતુઓ માટે અર્પણ કરવામાં આવે છે જેની કલ્પના કરવી મુશ્કેલ છે. અરજીમાં લોકોના એક આખા વર્ગનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જે આ કુમળી વયની બાળાઓનો ગેરકાયદેસર કાર્યો માટે ઉપયોગ કરીને પોતાને તથા હિંદુ-સ્તાનને કલંકિત કરે છે. આ અરજીમાં કહેવામાં આવેલી વાતોનો રદિયો આપવાનું તમારાથી કેટલે અંશે બની શકશે તેની મને ખબર નથી. પણ તમે જેઓ, આ રાજ્યમાં જાહેર મતને દોરવણી આપનારા અને જાહેર મત ઘડનારાઓ છો, તેમણે આ અરજી ધ્યાનપૂર્વક વાંચવી જોઈએ. તમે જોશો કે આ અરજીમાં રજૂ કરવામાં આવેલી ફરિયાદો માટે સંગીન કારણ છે. તમારે આ પ્રશ્ન ગંભીરતા-પૂર્વક હાથ ધરવો જોઈએ. મૈસૂર રાજ્યે છેક ૧૯૦૯માં તે સમયે પ્રચલિત એવા આ ભયંકર

Gandhi Heritage Portal

અનિષ્ટનો ઉપાય કરવા માટે ઠરાવ કર્યો હતો. આ અરજીમાં એ ઠરાવનો કૃતજ્ઞતાપૂર્વક ઉલ્લેખ કરવામાં આવ્યો છે અને એ યોગ્ય જ છે. હું માનું છું કે આ ઠરાવ આ રાજ્યે નકલ કરવા જેવો છે. આ ઠરાવ આપણી આ અભાગી બહેનોને શરૂઆત પૂરતો ન્યાય આપે છે. તમે કદાચ જાણતા હશો કે અત્યારે મદ્રાસની વિધાન પરિષદમાં એક મહિલા સભ્ય તરફથી આ જ નમૂનાનું એક વિધેયક પસાર કરાવવા પ્રયત્ન થઈ રહ્યો છે. એ વિધેયક કંઈક મૈસૂરના ઠરાવ જેવું જ છે. અરજીમાં એવો ઠરાવ કરવા માટે ખાતરીલાયક કારણો આપવામાં આવ્યાં છે. હું તમને સૌને આ નાજુક પ્રશ્નનો ગંભીરતાપૂર્વક અભ્યાસ કરવા ભલામણ કરું છું.

હવે હું વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ બંને વિશે કંઈક કહીશ. તેમના તરફથી મને માનપત્ર મળ્યું છે અને આજે બપોર પછી હું તેમને મળ્યો હતો. મારે માટે એ અત્યંત આનંદ અને સંતોષની વાત છે કે આ દેશના એક છેડાથી બીજા છેડા સુધી હજારો વિદ્યાર્થીઓને મારામાં વિશ્વાસ છે. અને હું તમને ખાતરીપૂર્વક કહું છું કે મને આ વિશ્વાસને પાત્ર બનાવવા માટે હું આપણા સૌના સર્જનહાર પરમાત્માને દરરોજ હૃદયથી પ્રાર્થના કરું છું કે આ સભામાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ સમક્ષ દિલ ખોલીને બોલવા માટે મારી પાસે પૂરતો સમય હોત તો કેવું સારું! હું જાણું છું કે હું કદાચ આ જીવનમાં તમને ફરીથી નહીં મળું, પણ મારું હૃદય હમેશાં તમારી સાથે છે.

મને હમેશાં લાગ્યું છે કે આપણું શિક્ષણ અનેક રીતે દોષવાળું અને અધૂરું છે. તમારા માનપત્રમાં તમે પોતે જ એવો અભિપ્રાય વ્યક્ત કર્યો છે અને એવી ઉચ્ચ આશા વ્યક્ત કરી છે કે મારા અહીં આવવાથી શિક્ષણની બાબતમાં બધું સુધરી જશે. એવી આશા રાખવા માટે કોઈ આધાર હોત તો મને ગમત. શિક્ષણની યોજનામાં પરિવર્તન કરવાની જરૂર છે અને દેશભરમાં એ ભારે મોટી સમસ્યા છે. મેં એ વિશે લખ્યું છે અને કેટલાક પુખ્ત ઉંમરના છોકરાઓ ઘણું કરીને મારા વિચારોથી પરિચિત હશે. હું માનું છું કે મારા વિચારોમાં જરાયે ફેરફાર થયો નથી અને સમયની સાથે મારો વિશ્વાસ પાકો થતો ગયો છે. પણ એ ઉકેલ એવો છે જેની અત્યારે ચર્ચા કરવાની પણ હું હિંમત કરતો નથી. દેશના શિક્ષણશાસ્ત્રીઓ પર એ આધાર રાખે છે અને તેથી પણ વધારે તો ખરેખર એ એવા અનેક સંજોગો પર આધાર રાખે છે જેના પર એમનો પણ કશો કાબૂ નથી. તેથી છોકરાછોકરીઓને વાત કરવા માટે મેં એક એવી પદ્ધતિ અપનાવી છે જે સહેલાઈથી અપનાવી શકાય તેવી છે અને અત્યારના અભ્યાસક્રમમાં જરાયે ફેરફાર કર્યા સિવાય તેઓ અપનાવી શકે તેવી છે. બધા જ શિક્ષણશાસ્ત્રીઓ, સાચી કે ખોટી રીતે, માને છે કે શિક્ષણ ધર્મનિરપેક્ષ હોવું જોઈએ.

મેં પોતે હમેશાં એ વિચાર સાથે ભારપૂર્વક અસંમતિ દર્શાવી છે. પરંતુ જે પરિસ્થિતિ છે તેમાં પણ વિદ્યાર્થીઓ કોઈક કક્ષાએ કંઈક ધાર્મિક સાંત્વન, કંઈક ધાર્મિક શિક્ષણ મેળવે એ જરૂરી છે. દુર્ભાગ્યે, જે માબાપ પોતાનાં બાળકોને આ શાળાઓમાં મોકલે છે તેમનાં ઘર લગભગ ભાંગી પડયાં છે. તેમનામાં પોતાનાં છોકરાછોકરીઓને આ આવશ્યક શિક્ષણ આપવાની યોગ્યતા કે ઇચ્છા નથી. જે ધાર્મિક અને નૈતિક વાતાવરણ એક વખત દરેક ઘર અને ગામમાં હતું એમ આપણે માનીએ છીએ તે આજે રહ્યું નથી. પણ ઈશ્વરનો આભાર માનો કે વિદ્યાર્થીઓએ નિરાશ થવાની જરૂર નથી. જો તમારામાં ધાર્મિક અને નૈતિક વૃત્તિ હોય, જે આપણા દરેકમાં હોવી જોઈએ, તો આપણે આપણી જ જાતને આવશ્યક તાલીમ આપી શકીએ.

Gandhi Heritage Portal

ધાર્મિક કેળવણી શાળામાં જોઈએ કે ન જોઈએ એ વિશે બે મત છે. હું તો માનું છું કે જોઈએ. ધર્મ અને નીતિની કેળવણી એટલે બીજું કશું જ નહીં, પણ ચારિત્રસંગઠન, અને ચારિત્રસંગઠન ઈશ્વરશ્રદ્ધા વિના અશકય છે. એટલે બાળક-બાળાઓને હું કહું છું કે તમે કદી ઈશ્વર વિશે શ્રદ્ધા ન ખોશો એટલે આત્મશ્રદ્ધા ન ખોશો. અને યાદ રાખજો કે તમારામાં કોઈ પાપી વિચાર ઘર કરે તો પેલી શ્રદ્ધાનો તમારામાંથી લોપ થયો છે. અસત્ય, અપ્રેમ, અહિંસા, વિષયીપણું, એ બધું આસ્તિકતાના અભાવમાંથી ઉત્પન્ન થાય છે. જગતમાં આત્માનો આત્મા જેવો બીજો કોઈ શત્રુ નથી. ભગવદ્ગીતાના શ્લોકે શ્લોકમાં એ વાત લખેલી છે, બીજાં શાસ્ત્રો પણ એ જ વાત કહે છે. એટલે આ પાપી ટોળીની સાથે હમેશાં હિંમતપૂર્વક આથડવાનું અને એને હૃદયમાં તસુમાત્ર સ્થાન ન દેવાનું તમારું કામ છે. જગતમાં કોઈ પણ કુકૃત્ય કુવિચાર વિના થવું અશકય છે, એટલે કુકૃત્યના મૂળ ઉપર કુહાડી મૂકો. ઘણા વિદ્યાર્થીઓ મને કહે છે કે 'આ બધું સમજીએ છીએ પણ અમારા હૃદયનું કેમ કરીએ? કુવિચાર તો આવ્યે જ જાય છે.' આમ કહીને તેઓ કુવિચારની સાથેનો સંગ્રામ જ છોડી દે છે, ભલા થાય તો કોઈ ગંદી ચોપડી મળે તેની ઓથે એવા વિચારને આશ્રય દેતા થાય છે. ત્યારે મારે જણાવવું જોઈએ કે આમાં બે વાત તો છે. એક તો એ કે કુવિચાર તો આવ્યા જ કરવાના. અપૂર્ણ મનુષ્ય આપણે જ્યાં સુધી છીએ ત્યાં સુધી કુવિચાર આવ્યા વિના નહીં રહેવાના. એટલે ઈશ્વરનું નામ લઈને એમની સાથે સંગ્રામ કર્યા કર્યે જ છૂટકો છે. પણ બીજી વાત એ વિચારોને જાણેઅજાણે ઉત્તેજન અને આશ્રય આપવાની છે. તમે આઠે પહોર ચોકી ન રાખશો તો એ વિચારો આખરે તમારી ઉપર સવારી કરશે, અને પછી તેની સામે લડવાની શક્તિ જ નહીં પણ વૃત્તિ પણ ચાલી જશે. એ શત્રુઓને આવતાં કદાચ આપણે અટકાવી ન શકીએ, પણ એ આવ્યા એટલે પછી તેની સામે બાથ ભીડવી અને તેને વશ થવાને બદલે મરણને ભેટવું એ શૂરાનું કામ છે. આ એક દવા. બીજી દવા ગરીબસેવા છે. ગરીબને નિમિત્તે ઈશ્વરનું નામ લઈને નિયમિત અર્ધો કલાક કાંતવાનો યજ્ઞ કરતા રહેશો તો ઉપરના સંગ્રામમાં ઠીક મદદ મળશે. મારો અને મારા ઘણા સાથીઓનો અનુભવ છે કે આ પુણ્ય કૃત્યથી અર્ધી બાજી જીતી શકાય છે.[1] રેંટિયાનું આ આધ્યાત્મિક રહસ્ય છે. પણ રેંટિયો તમને અપીલ ન કરતો હોય તો મને તેની પરવા નથી. હું માત્ર એટલું સૂચવું છું કે તમારે તમારી અને આ દરિદ્ર લોકો વચ્ચે જીવંત સંબંધ સ્થાપિત કરવો જોઈએ. એટલું કરશો તો તમે તરત જ જોશો કે તમે તમારા ચારિત્ર્યઘડતર માટે આ પાકો પાયો નાખ્યો છે. મેં તમને કહ્યું તે સમજવામાં ઈશ્વર તમને મદદ કરે અને તે પ્રમાણે વર્તવાની શક્તિ આપે.

[મૂળ અંગ્રેજી]

*હિન્દુ*, ૧૭–૧૦–૧૯૨૭

૧. આ પૅરેગ્રાફનું અહીં સુધીનું ભાષાંતર *નવજીવન*, ૩૦–૧૦–૧૯૨૭ના અંકમાંથી આપ્યું છે.

Gandhi Heritage Portal

# ૯૧. દલિત વર્ગોનાં પ્રતિનિધિમંડળો સાથે વાતચીત

ઑક્ટોબર ૧૫, ૧૯૨૭

મહાત્માજીએ બંને પ્રતિનિધિમંડળોને[1] સાથે મળવાનો આગ્રહ રાખ્યો જેથી ચેરુમા અને એઝવાને એક જ હૉલમાં એકઠા કરી શકાય.

શ્રી પી. સી. ગોપાલને એઝવાઓને અગ્રહારમના રસ્તા પર થઈને જવા દેવામાં આવતા નથી તેથી જે મુશ્કેલીઓ પડે છે તે સમજાવી.

મહાત્માજીએ પૂછયું કે આ બંધી તહેવારના દિવસોએ જ કરવામાં આવે છે કે વરસના બધા દિવસોએ? શ્રી ગોપાલને જવાબ આપ્યો કે અગ્રહારમના રસ્તાઓ પર આ બંધી આખું વરસ અમલમાં રહે છે....

મહાત્માજીના પ્રશ્નનો જવાબ આપતાં શ્રી શેષૈયાએ તેમને જણાવ્યું કે સામાન્ય શાળાઓમાં દલિત વર્ગોનો પ્રવેશ એ ઠગારી આશા છે જે માત્ર કાગળ પર રહેલી છે.

શ્રી રાઘવ મેનને મહાત્માજીને જણાવ્યું કે ઊંચ વર્ગોએ એઝવાઓ પર લાદેલી જુદી જુદી સામાજિક અગવડોને કારણે કેટલાક એઝવાઓ ખ્રિસ્તી અને ઇસ્લામ ધર્મમાં જતા રહ્યા છે. પણ હિંદુ ધર્મમાંથી થતા આવા ધર્મપરિવર્તન પર આર્યસમાજના પ્રયત્નોથી અંકુશ આવ્યો છે. આર્યસમાજે મદ્રાસ હાઈકોર્ટનો ચુકાદો મેળવ્યો છે કે નગરપાલિકાની હદમાં આવતા જાહેર રસ્તાઓ પર સૌ લોકોને સરખો અધિકાર છે અને સમાજનો એક વિભાગ બીજા વિભાગને જાહેર રસ્તાઓનો કાયદેસર ઉપયોગ કરતાં અટકાવી શકે નહીં.

મહાત્માજીએ કહ્યું કે કેરળમાં બધી જગાએ આ પ્રશ્ન છે અને તેથી લોકમત જાગ્રત કરવો જોઈએ.

શ્રી પી. સી. ગોપાલને મહાત્માજી પાસેથી એ જાણવાની ઇચ્છા બતાવી કે, જો બધા ધર્મો સરખા છે તો એઝવાઓ જાણવા માગે છે કે તેઓ પોતાને થતા અન્યાયોના નિવારણ અર્થે બીજા ધર્મો સ્વીકારી શકે?

મહાત્માજીએ કહ્યું કે તમારે હિંદુ ધર્મ છોડવો ન જોઈએ, પણ પોતાનો ઉદ્દેશ પાર પાડવા માટે સઘળાં વાજબી સાધનોથી લડવું જોઈએ. તમે જો હિંદુ ધર્મની ઉપયોગિતા સમજો તો તેની આગળ કહેવાતા ઊંચ વર્ણોના જુલમો કંઈ જ નથી.

શ્રી ચમિયપ્પને મહાત્માજીને કહ્યું કે થોડા લોકોને બાદ કરતાં મોટા ભાગના એઝવાઓ બીજા ધર્મોમાં જવા માગતા નથી. તેમની જમીનો પર ઊંચ વર્ણના લોકોની માલિકી છે, એ કારણે તેઓ લડતાં ડરે છે.

મહાત્માજીએ કહ્યું કે જો તમે બધા એકમત થાઓ અને તમારામાં શિસ્ત અને હિંમત હોય તો તમે તમારી સામાજિક સ્વતંત્રતા મેળવી શકો.

શ્રી ચેમિયપ્પને મહાત્માજીનું ધ્યાન ખેંચ્યું કે આ લડતમાં આમજનતાની તો વાત જ જવા દો. ખુદ કૉંગ્રેસીઓ અમને મદદ કરતા નથી....

મહાત્માજીએ કહ્યું કે હું એ વિશે જરૂર કૉંગ્રેસીઓને વાત કરીશ. પણ તેઓ મારી સલાહ માનશે કે કેમ તે હું કહી શકતો નથી. તેમણે ઉમેર્યું કે કેટલાક કૉંગ્રેસીઓ તો માત્ર નામના કૉંગ્રેસીઓ છે.

૧. સી. શેષૈયાના નેતૃત્વ હેઠળ દલિત વર્ગોનું પ્રતિનિધિમંડળ અને ટી. એમ. ચેમિયપ્પન, સુકુમારન્ અને પી. સી. ગોપાલનના નેતૃત્વ હેઠળ એઝવાઓનું પ્રતિનિધિમંડળ.

Gandhi Heritage Portal

શ્રી શેષૈયાએ કહ્યું કે... ચેરુમાઓ મંદિરપ્રવેશની આકાંક્ષા રાખતા નથી, તેમને તો માત્ર જાહેર રસ્તાઓનો ઉપયોગ કરવા દેવામાં આવે એટલું જોઈએ છે.

મહાત્માજી : મંદિરપ્રવેશ પણ શા માટે નહીં? સારાયે મલબારમાં આ એક મુશ્કેલ સવાલ હતો.

શ્રી પી. સી. ગોપાલન જાણવા માગતા હતા કે એઝવાઓ હિંસાનો ઉપયોગ કરીને, એટલે કે મુક્કા સામે મુક્કો ઉગામીને સખત લડત આપી શકે?

મહાત્માજીએ હિંસા પ્રત્યે નાપસંદગી બતાવી. તેમણે કહ્યું, હું તો કોરટમાં ફરિયાદ પણ ન નોંધાવું, પણ એઝવાઓ ઇચ્છે તો નોંધાવી શકે છે. હિંદુ મહાસભા મોજૂદ છે, એ સંસ્થાને તેઓ અપીલ કરી શકે છે. હિંસાથી તેમનો કેસ બગડી જશે. સત્યાગ્રહ હિંસાનું પૂરેપૂરું સ્થાન લઈ શકે.

શ્રી ગોપાલને મહાત્માજીને કહ્યું કે મારી કોમની મુક્તિ ધર્મપરિવર્તન કરવામાં અથવા સ્વરાજની લડતથી દૂર રહેવામાં રહેલી છે. શ્રી ગોપાલને કહ્યું કે, હું જાણવા માગું છું કે વિશુદ્ધ હિંદુ ધર્મ સ્થપાવાની કોઈ આશા છે?

મહાત્માજી : હા, છે. એવી આશા ન હોય તો હું હિંદુ નહીં રહું અને જીવી નહીં શકું.

એઝવા આર્યસમાજ કે બ્રહ્મોસમાજમાં જોડાઈ શકે કે કેમ, એવા બીજા એક સવાલના જવાબમાં મહાત્માજીએ કહ્યું કે તેઓ જોડાવા ઇચ્છે તો જોડાઈ શકે.

પછી મહાત્માજીએ પૂછ્યું કે, અહીં બેઠેલા મોટા ભાગના લોકોએ ખાદી કેમ નથી પહેરી? શ્રી ચેમિયપ્પને કહ્યું કે, આ સામાજિક લડતમાં અત્યારે સરકાર અમારો એકમાત્ર આધાર છે. તેમણે ખાદીફંડમાં ફાળો નહીં ભરવા સરકારે થોડા વખત પહેલાં કાઢેલા હુકમની યાદ આપતાં કહ્યું કે આથી અમે એ એકમાત્ર આધાર અને સહાનુભૂતિ ખોવા ઇચ્છતા નથી. તેમણે મહાત્મા ગાંધીને આ લડતમાં એઝવાઓને મદદ કરવા અપીલ કરી.

મહાત્મા ગાંધીએ બનતી બધી મદદ આપવાની ખાતરી આપી. તેમણે શ્રોતાઓને જણાવ્યું કે, હવે હું ખાદીકાર્ય છોડીને તરત જ અસ્પૃશ્યતાનિવારણનું કામ હાથમાં લેવાનો છું. તેમણે પ્રતિનિધિમંડળો મળવા આવ્યાં તે માટે તેમનો આભાર માન્યો અને કહ્યું કે હું હમણાં શબરી આશ્રમ જાઉં છું જ્યાં અસ્પૃશ્યતાનિવારણનું કામ ચાલી રહ્યું છે. ત્યાંથી હું કુંભકોણમ્ મઠના શ્રીમદ્ શંકરાચાર્યને મળવા જઈશ, જેથી અસ્પૃશ્યતાનિવારણની બાબતમાં મારાથી બની શકે તો હું સ્વામીજીને મારા વિચારો સાથે સંમત કરી શકું.[૧]

[મૂળ અંગ્રેજી]

હિન્દુ, ૧૭-૧૦-૧૯૨૭

૧. હિન્દુના હેવાલમાં આગળ કહેવામાં આવ્યું છે કે, "મહાત્માજી અને તેમનું મંડળ મોટરમાં નેલ્લીચેરી ગામ ગયા. ત્યાં તેઓ કુંભકોણમ્ મઠમાં કામકોટિ પીઠના શ્રી શંકરાચાર્યને મળ્યા. એ બે મહાન પુરુષો વચ્ચે ખુલ્લા દિલથી વાત થઈ. મુલાકાત લગભગ ૩૦ મિનિટ ચાલી હતી અને તદ્દન ખાનગી રાખવામાં આવી હતી." આ મુલાકાતના રિપોર્ટ માટે જુઓ પરિશિષ્ટ ૪.

Gandhi Heritage Portal

# ૯૨. પાલઘાટની જાહેર સભામાં ભાષણ

ઑક્ટોબર ૧૫, ૧૯૨૭

મિત્રો,

તમારાં માનપત્રો અને તમારી અનેક થેલીઓ માટે તમારો આભાર માનું છું. તમે જાણો છો તેમ પાલઘાટની મારી આ પહેલી મુલાકાત નથી. ગઈ વખતે હું અહીં આવ્યો ત્યારે તમે જે પ્રેમ બતાવ્યો હતો તેનું મને બરાબર સ્મરણ છે. તાલુકા બોર્ડ રેંટિયા પ્રત્યે થોડું ધ્યાન આપે છે એ જાણીને મને આનંદ થયો. હું આશા રાખું છું કે તમે તમારી બધી શાળાઓમાં વૈજ્ઞાનિક રીતે કાંતવાનું ગોઠવશો. મને ગઈ કાલે ત્રિચુરમાં લગભગ ચારસો-પાંચસો છોકરાછોકરીઓને કાંતતાં જોવાની તક મળી હતી. તેઓ બે હાઈસ્કૂલોનાં છોકરાછોકરીઓ હતાં. હું એમ તો ન કહી શકું કે તેમનું કાંતણ ઊંચી કક્ષાનું હતું, છતાં એ એક ઉમદા દૃશ્ય હતું. છોકરાછોકરીઓ કાંતતાં હતાં ત્યારે તેમણે ખાદી નહીં, પણ વિદેશી કપડાં પહેર્યાં હતાં એ વિસંગતિ જોઈને એનો બધો આનંદ ઓસરી ગયો. હું આશા રાખું છું કે એ વિસંગતિ તમારી શાળાઓમાં નહીં હોય. રેંટિયાના ફલિતાર્થો સમજી લેવાની જરૂર છે. આપણાં છોકરાછોકરીઓ ગમે તેટલું કાંતે, અથવા લગભગ ભૂખે મરતા ગામડાંના કરોડો લોકો ગમે તેટલું સૂતર કાંતે પણ જો એ સૂતરમાંથી તૈયાર થતી ખાદીનો આપણે ઉપયોગ ન કરીએ તો, તમે સહેલાઈથી સમજી શકશો કે એ બધું નકામું છે. એટલે જો રેંટિયાનો સંદેશો તમે ઝીલતા લાગો છો તેમ ઝીલતા હો તો હું તમને અદબપૂર્વક કહું છું કે એ સંદેશા પ્રત્યે નિષ્ઠા રાખો અને તમે પોતે ખાદી અપનાવો. આ પ્રવાસમાં હું જ્યાં જ્યાં ગયો છું ત્યાં ત્યાં મેં જોયું છે કે રેંટિયાના સંદેશાને હાર્દિક આવકાર મળ્યો છે. પરંતુ આપણે ખાદી પહેરતા ન હોઈએ તો, માત્ર મોઢાની વાતો – પછી ભલે તેની સાથે ભરેલી થેલી પણ હોય – આપણાં ૭,૦૦,૦૦૦ ગામડાંના ભૂખે મરતા લાખો લોકોનું દુઃખ દૂર નહીં કરી શકે.

અહીં તમારે ત્યાં શબરી આશ્રમ નામનો એક આશ્રમ છે. આ શબરી આશ્રમ તરફથી મને આ ખાદીનો સુંદર કટકો મળ્યો છે. આ આશ્રમમાં નાના છોકરાઓ, જેમને હું મળ્યો છું, તેઓ કાંતે છે અને તેમના નાના નાના હાથો વણે પણ છે. હું કટકાને સુંદર કહું છું તે એટલા માટે નહીં કે તે, તમે પહેરેલા કાપડ જેટલો બારીક કે મુલાયમ છે; પણ તેની પાછળ જે એક ઇતિહાસ, એક અદ્ભુત ભાવ રહેલો છે તે કારણે કહું છું. આ ખાદીનો કટકો તરત જ તમને એ છોકરાઓના અને ગામડાંના લાખો લોકોના સંપર્કમાં લાવી મૂકે છે. એની સાથે જે ભાવના જોડાયેલી છે તે ભાવનાને કારણે પણ એ સુંદર છે. કોઈ મહાન ચિત્રકાર એક શબને રંગીને આપણી આગળ કળાના સુંદર નમૂના તરીકે રજૂ કરે તો આપણે તેનો સ્પર્શ નહીં કરીએ, પણ ડરીને પાછા ભાગીશું. આપણી મા સુંદર ગણાતી હોય કે ન ગણાતી હોય, આપણે તેને પગે લાગીએ છીએ. મને ખાતરી છે કે આપણામાંથી દરેક જણ માટે પોતાની મા કરતાં વધુ સુંદર બીજી કોઈ સ્ત્રી નહીં હોય. ત્યારે સૌન્દર્ય તો એની સાથે જોડાયેલી ભાવના અને સ્મૃતિમાંથી આવે છે. સભાને અંતે આ કાપડ તમારી સમક્ષ વેચવા માટે રજૂ કરીને હું તમારી સૌન્દર્ય વિશેની સમજની પરીક્ષા કરીશ. કંઈ નહીં તો છેવટ તમારામાંથી કેટલાક જણે



Gandhi Heritage Portal

તો, છાપાંમાં જોયું હશે કે ચેટ્ટીનાડમાં ખાદીનો એક નાનો ટુકડો જે ખરું જોતાં આ જાડી ખાદી કરતાં ઘણો બારીક હતો તેના મને ૧,૦૦૦ રૂપિયા મળ્યા હતા. કારણ કે એ ખાદીનું સૂતર ત્યાં એક ત્યાગની ભાવનાવાળા કળાકારે કાંત્યું હતું અને તે ત્યાં જ દેવકોટ્ટામાં વણવામાં આવ્યું હતું.

પાલઘાટમાં જે વિશ્વભારતી વાચનાલય ચલાવવામાં આવે છે તેના તરફથી મને થેલી મળી છે. એ વાચનાલય સાથે સંબંધ ધરાવતા લોકો ઇચ્છે છે કે હું ખાદીભંડારનું ઔપચારિક રીતે ઉદ્‌ઘાટન કરું. હું ખુશીથી એ ઉદ્‌ઘાટન કરું છું અને આશા રાખું છું કે તેને તમારા સૌ તરફથી યોગ્ય પ્રોત્સાહન મળશે. મને આ ભંડારમાંથી પણ થોડી ખાદી મળી છે. જો તમે સભા પૂરી થયા પછી પણ અત્યારે છે તેવી શાંતિ જાળવી રાખશો તો તે ખરીદી શકશો. પણ ખાદી વિશે હું જે કંઈ કહી શકું તે બધું મને આનંદદાયક લાગે છે. છતાં મારે હવે એ વિષય પર આવવું જોઈએ જેણે કેરળના સારાયે પ્રવાસ દરમ્યાન મારું ધ્યાન રોકયું છે.

હું અસ્પૃશ્યતાના અનિષ્ટની વાત કરું છું જે અહીં એવા ઉગ્રમાં ઉગ્ર સ્વરૂપે જાણીતી છે કે અસ્પૃશ્યો નજીક આવે અથવા નજરે ચડે તેથી પણ અભડાઈ જવાય. હું જ્યારે જ્યારે કેરળમાં આવ્યો છું ત્યારે મને હમેશાં એ જોઈને ઊંડું દુઃખ થયું છે કે, સૌન્દર્યમાં જે આખા હિંદુસ્તાનમાં લગભગ અજોડ છે એવા આ સુંદર પ્રદેશમાં, અસ્પૃશ્યતા તેના બધા વિકરાળ સ્વરૂપમાં મોજૂદ છે. એઝવા અને ચેરુમા મિત્રોના પ્રતિનિધિમંડળ સાથે મારે લાંબી ને ગંભીર ચર્ચા થઈ. અસ્પૃશ્યોના આ જટિલ પેટા-વિભાગોની મને માહિતી નથી તેની મારે ક્ષમાપના કરવાની નથી. મારે માટે એટલું જાણવું પૂરતું છે કે આ અનેક માથાંવાળો રાક્ષસ છે. હું ખાતરી-પૂર્વક કહું છું કે અહીં અસ્પૃશ્યતામાં જે બધા ચડતાઊતરતા વર્ગો છે તે સમજવામાં મને જરાયે આનંદ થતો નથી. આ બધી ચડતીઊતરતી અસ્પૃશ્યતા વિશે સાંભળું છું ત્યારે મને અપમાન લાગે છે અને શરમ આવે છે. મારા દુઃખમાં ઉમેરો કરવા માટે મને આજે એક વસ્તુ પ્રત્યક્ષ જોવા મળી જે હું સહેલાઈથી ભૂલી શકીશ નહીં.

પાલઘાટમાં આવ્યા પછી મેં મને જે ઘરમાં ઉતારો આપવામાં આવ્યો છે તેની નજીક એક તીણો અવાજ સાંભળ્યો. મેં મારા અજ્ઞાનમાં માન્યું કે આ એક ઉદ્યોગ-કેન્દ્ર હોઈ અહીં કોઈ કારખાનામાં ભારે બોજ ખેંચતી વખતે રાહત માટે આવો અવાજ કરતા હશે. અમદાવાદ અને મુંબઈમાં હું આવા અવાજો સાંભળું છું. અમે પાલઘાટ પહોંચ્યા પછી એકાદ કલાકમાં શ્રી ચ. રાજગોપાલાચારી મારી પાસે આવ્યા અને મને પૂછયું કે, તમે કંઈ વિચિત્ર અવાજો સાંભળો છો? મેં હા કહી. તેમણે મને સીધું પૂછયું કે આ અવાજ શાનો છે તે તમે જાણો છો? તેમણે કહ્યું કે એ એક નાયાડીનો અવાજ છે અને ઉમેર્યું કે એક નાયાડી દૂર રહીને ભીખ માગી રહ્યો છે તેની આ નિશાની છે. તે કેટલે દૂર હશે તે મેં એમને પૂછી જોયું. તે નજીક છે એમ જાણીને, આટલો બધો અવાજ કરનાર માણસ કોણ છે, એ જોવા હું જલદી જલદી બહાર નીકળ્યો. મને એ ક્યાં મળ્યો હશે એ તો તમે બધા જાણો છો. તે રસ્તા પર ચાલતો નહોતો પણ રસ્તાની બાજુએ કરેલી વાડથી થોડે દૂર હતો. મેં તેને પાસે આવવા કહ્યું. તે પાસે તો આવ્યો પણ વાડની આ તરફ રસ્તા પર ન આવ્યો. તેણે કહ્યું કે રસ્તા તરફ આવવાની હું હિંમત નહીં કરું. તેણે ઉમેર્યું કે હું કદી પાલઘાટના રસ્તાઓ પર ચાલ્યો નથી. આ દુઃખદાયક દૃષ્ટાંતની બાકીની વાત તમને કહી સંભળાવવાની જરૂર નથી.

Gandhi Heritage Portal

એ માણસ ખરેખર ભૂખે મરતો હોય એમ તો દેખાયું નહીં. પણ મારા મતે એ કંઈ હિંદુઓએ શાબાશી લેવા જેવી બાબત નહોતી. મારે માટે તો એ વસ્તુ જેને આપણે મનુષ્ય અથવા આપણો ભાઈ માનવાની ના પાડીએ છીએ એવા એ માણસ સામે, મુઠ્ઠી ચોખા ફેંકીને બતાવાતા તિરસ્કારની, અધ:પતનની નિશાની હતી. અઠવાડિયામાં શનિવારે ને બુધવારે આ લોકો તરફ આપણે જે રીતે ચોખા ફેંકીએ છીએ એમ ચોખા ફેંકીને આપણે માનવોને પતિત કરીએ છીએ એટલું જ નહીં, પણ ભીખ માગવાના ધંધાને ઉત્તેજન આપીએ છીએ. હું નથી માનતો કે આ માણસ જેવા બે સશક્ત હાથ અને પગ ધરાવતા મજબૂત માણસોને ખોરાક કે પૈસા આપવામાં દાનધર્મ છે. મેં એ માણસને જ્યારે પૂછ્યું કે તું ભીખ માગવાનું છોડીને કોઈ નિયમિત મજૂરીનું કામ કરીશ? ત્યારે તેણે મને કહ્યું કે, મારા ભાઈઓની સલાહ લીધા વિના હું તેમ કરી શકું નહીં. આ ખોટાં દાનધર્મના કેવાં ને કેટલાં ભયંકર પરિણામ આવશે તેનું તારણ કાઢવાનું હું તમારા પર, તમારામાંની દરેક બુદ્ધિશાળી વ્યક્તિ પર છોડું છું. આપણા આ ગરીબ દેશમાં આ પ્રકારના દાનધર્મનાં કેટલાંક પરિણામો આપણે ક્યારના ભોગવી રહ્યા છીએ. આ નામોશી-ભરેલું દૃશ્ય જોયા પછી બે કલાક મને જેમનો મેં પહેલાં ઉલ્લેખ કર્યો હતો તે મિત્રોને મળવાનો લહાવો મળ્યો.

તેમાંના કેટલાક ભાઈઓ તમારામાંના વધુમાં વધુ વિદ્વાન જેટલા જ વિદ્વાન હતા. તેમની અને અહીં બેઠેલા ઉચ્ચમાં ઉચ્ચ લોકોની વચ્ચે મેં કશો ફરક ન જોયો, અને છતાં તેમનાં માનપત્રોએ અન્યાયની એવી કથની સંભળાવી જે આપણામાંના એકેએક જણને શરમાવવા માટે પૂરતી છે. તેમને અસ્પૃશ્ય ગણવામાં આવે છે તેટલા જ કારણે તેઓ કેટલાક જાહેર રસ્તાઓ પર તમારી પેઠે જ કર આપે છે છતાં ચાલી શકતા નથી. મંદિરપ્રવેશનો તો વિચાર જ થઈ શકે તેમ નથી. તેઓમાંના કેટલાક તો કોઈ પણ રસ્તા પર ચાલી શકતા નથી અને સવર્ણ હિંદુઓએ જે કર્યું છે તેનો દાખલો લઈને તેમણે પહેલાં મેં કહ્યું તેમ પોતાની અંદર અસ્પૃશ્યતાના ચડઊતર વર્ગો પાડ્યા છે. તેમણે મને મદદ માટે વિનંતી કરી છે. હું તેમને જે મદદ કરવા ઇચ્છું છું તેવી મદદ કરવાની શક્તિ મારામાં હોત તો કેવું સારું! કારણ એક હિંદુ તરીકે મને લાગે છે કે આપણે તેમના પ્રત્યે કરેલા અપરાધમાં હું ભાગીદાર છું. હું ઇચ્છું છું કે અહીં ઉપસ્થિત સૌ ભાઈબહેનોને હું એટલું સમજાવી શકું કે આ રીતે આપણે તેમના પ્રત્યે, આપણા પોતા પ્રત્યે અને આપણા ધર્મ પ્રત્યે ઘોર અન્યાય કરી રહ્યા છીએ. હું ઇચ્છું છું કે મારામાં તમને એટલું સમજાવવાની શક્તિ હોય કે આજે આપણે પાળીએ છીએ એવી અસ્પૃશ્યતા માટે હિંદુ ધર્મમાં જરાયે આધાર નથી. આ ભયંકર અન્યાય સામે મારો સમગ્ર હિંદુ આત્મા બળવો કરે છે. આપણા ધર્મગ્રંથોમાં ક્યાંય એઝવા, પુલાયા, નાયાડી વગેરેનો ઉલ્લેખ થયો હોય તો તે મેં શોધી જોયો, પણ મારી મહેનત વ્યર્થ ગઈ. મેં અહીં ત્રાવણકોરમાં અને બીજી જગ્યાએ વિદ્વાન લોકોને નમ્રતાપૂર્વક પૂછ્યું કે આ લોકોને અસ્પૃશ્યોના વર્ગમાં કેવી રીતે મૂકી શકાય અને કયા આધારે તે કહો. હું તમને કહું છું કે આ બધાં ભયંકર કૃત્યો માટે રિવાજ સિવાય બીજું એકે પ્રમાણ નથી. પણ આ અનૈતિક રિવાજ માટે કોઈ ધાર્મિક પ્રમાણ બતાવવાની કોઈએ હજુ ધૃષ્ટતા કરી નથી. જો આપણે આ સમસ્યાઓનો આપણા પોતા પૂરતો વિચાર કરવામાં આળસ ન કર્યું હોત, આપણે આપણી બુદ્ધિને વહેમોને હવાલે ન કરી હોત તો આપણે આ અનિષ્ટને આંખના પલકારામાં દૂર કરી શકત. મનુષ્યોના એક વર્ગ પરની બીજા વર્ગની શ્રેષ્ઠતાના દાવા માટે મેં હિંદુ ધર્મમાં, બીજા કોઈ ધર્મમાં કે ફિલસૂફીની કોઈ પદ્ધતિમાં કશો પણ

Gandhi Heritage Portal

આધાર જોયો નથી. જો આપણે આ અસમાનતાના સિદ્ધાંતને આપણા હૃદયમાં સ્થાન આપીએ તો સ્વરાજનો વિચાર કરવાનું આપણને શોભે નહીં. લોકશાહી સંસ્થાઓની આપણે મોઢે આપણે વાતો તો ખૂબ વિદ્વત્તાભરી રીતે કરીએ છીએ પરંતુ અંતરમાંથી તો બીજાઓને, જેની મોઢેથી વાત કરીએ છીએ એવા પ્રાથમિક અધિકારોથી, વંચિત કરવાની ઇચ્છા સેવીએ છીએ. હિંદુઓનું ને હિંદુ ધર્મનું હિત જેમને હૈયે છે એવા સૌ વિદ્વાન લોકોને, હું કહું છું કે સવેળા જાગ્રત થાઓ અને આ ભયંકર રાક્ષસને મરણતોલ ફટકો મારો. જો તમે રાષ્ટ્રવાદી હો અને તમને દેશ માટે લાગણી હોય અને તે જ પ્રમાણે આપણા દેશના સૌથી નીચલા વર્ગના માણસો માટે લાગણી હોય તો નાયાડી, પુલાયા તથા ખોટી રીતે અસ્પૃશ્યો કહેવામાં આવે છે એવા બધા લોકોના વાસમાં જાઓ અને તેમની સ્થિતિ સુધારવા માટે જીવન અર્પણ કરો.

મને જ્યારે આ બે પ્રતિનિધિમંડળોના મિત્રોએ જણાવ્યું કે, કેટલાક એવા કૉંગ્રેસીઓ પણ છે જેઓ અસ્પૃશ્યતામાં માને છે અને આ લોકોને તેમનાથી દૂર રાખે છે ત્યારે મને ઘણું દુ:ખ થયું. જો મને એવી ખાતરી થાય કે, આ લોકોને ખોટી ખબર મળી છે અને આ આરોપ ટકી શકે એવો નથી તો મને ઘણો આનંદ થાય. પણ અસ્પૃશ્યતાને મનમાં સ્થાન આપે એવા કોઈ કૉંગ્રેસીઓ હોય તો જેની પાસે કૉંગ્રેસના સિદ્ધાંત અને કૉંગ્રેસના ઠરાવો વિશે કંઈક જાણવાની અપેક્ષા રાખવામાં આવે છે એવા એક કૉંગ્રેસી તરીકે હું તમને કહું છું કે તેમણે પોતાના સભ્યપદનું રાજીનામું આપવું જોઈએ. તેમણે જાણવું જોઈએ કે નવા બંધારણ મુજબ મળેલી પહેલી કૉંગ્રેસમાં સ્વરાજનો જે ઠરાવ કરવામાં આવ્યો છે તે ઠરાવનું અસ્પૃશ્યતાનિવારણ અવિભાજ્ય અંગ છે. મારા અભિપ્રાય મુજબ આ ઠરાવ લગભગ કૉંગ્રેસના સિદ્ધાંત જેટલો જ પવિત્ર છે. જો આપણે અસ્પૃશ્યતાનિવારણમાં ન માનતા હોઈએ, અને આપણે રાષ્ટ્ર પ્રત્યે, કૉંગ્રેસ પ્રત્યે વફાદાર રહેવું હોય, આપણા પોતા પ્રત્યે વફાદાર રહેવું હોય તો, આપણે માટે કૉંગ્રેસના સિદ્ધાંતને પડકારવાનો, એ ઠરાવને પડકારવાનો અથવા એ ઠરાવ રદ કરાવવાની હિલચાલ કરવાનો રસ્તો ખુલ્લો છે. તમે અસ્પૃશ્યતાને તમારા મનમાં સ્થાન આપો અને છતાં અસ્પૃશ્યતા વિશેના ઠરાવને ટેકો આપો તો તમે સત્યવાદી નથી. પણ મેં તો આખરે તમારી સમક્ષ જેની સાથે રમત ન કરી શકાય એવી એક વસ્તુની માત્ર દુ:ખદાયક અને દુન્યવી બાજુ રજૂ કરી છે. તમે કૉંગ્રેસી હો કે ન હો એથી શો ફરક પડે છે? તમે જેઓ હિંદુઓ છો તેમની આ મોટા સવાલનો યોગ્ય વિચાર કરવાની અને તેને ધાર્મિક રહસ્યની દૃષ્ટિએ તપાસવાની ફરજ નથી? હું તો આ અનિષ્ટ દૂર કરવાની વાતને ખરેખર હિંદુ ધર્મની ભારે કસોટી માનું છું. મારા નમ્ર અભિપ્રાય પ્રમાણે બ્રાહ્મણ-બ્રાહ્મણેતરનો સવાલ, હિંદુમુસ્લિમ સવાલ અને બીજા ઘણા સવાલો જે આજે આપણને પીડી રહ્યા છે તે બધા અસ્પૃશ્યતાના આ સવાલનાં જ સ્વરૂપો છે.

જેમને ઈશ્વરે બુદ્ધિ આપી છે અને વિશેષ લાભો આપ્યા છે એવા આપણે જો સમજી લઈએ કે આપણે આપણા દેશબંધુઓમાંના નાનામાં નાના અને ગરીબમાં ગરીબ લોકોના સેવકો છીએ તો આપણી વચ્ચે ઊભા થયેલા બધા સવાલો પળવારમાં અદૃશ્ય થઈ જાય. આ દેશમાં તેમ જ આખી દુનિયામાં જે ભારે લોકજાગૃતિ થઈ છે તેની સામે અભિમાન, ઉદ્ધતાઈ અને મોટાઈને એક પળ પણ ટકાવી રાખવાં અશક્ય છે.

આ મિત્રો સહન કરી રહ્યા છે એ બધા અન્યાયો માટે કંઈ બચાવ છે કે કેમ, તે જોવા મેં મારું મગજ ઘસી કાઢ્યું છે, અને તમને હું કહું છું કે મને એકે બચાવ મળ્યો નથી. પણ મારે તમારો વધુ સમય લેવો ન જોઈએ. હું ફક્ત ઈશ્વરને પ્રાર્થના કરું છું કે તે તમારી બુદ્ધિની

Gandhi Heritage Portal

આંખો ખોલે, તમારા અંતરાત્માને જાગ્રત કરે અને તમને, આ લોકો પાસે જવાની અને આ પ્રશ્નનો ઉકેલ કરવાની તથા જે રાહતના તેઓ અધિકારી છે, તે તેમને આપવાની શક્તિ આપે.

તમે ઘણી ધીરજથી મને સાંભળ્યો તે માટે તમારો આભાર માનું છું.

[મૂળ અંગ્રેજી]

હિન્દુ, ૧૮-૧૦-૧૯૨૭

# ૯૩. કોઇંબતુરમાં સ્ત્રીઓની સભામાં ભાષણ

ઑક્ટોબર ૧૬, ૧૯૨૭

બહેનો,

તમે આ અવાજ બંધ નહીં કરો તો હું તમારી સાથે વાત નહીં કરી શકું. તમે મને થેલી આપી તે બદલ હું તમારો આભાર માનું છું. મારે તમને એકબે વસ્તુ વિશે જ વાત કરવાની છે. આપણે સૌને હિંદુસ્તાનમાં રામરાજ્ય જોઈએ છે. તમે સીતાની પેઠે જીવન ગાળી ન શકો તો હિંદુસ્તાનમાં રામરાજ્ય નહીં મેળવી શકો. સીતા મનથી અને શરીરથી પવિત્ર હતાં. હું માનું છું અને મારો એ અભિપ્રાય છે કે તમારામાંની ઘણી સ્ત્રીઓ, ઘણા મોટા ભાગની સ્ત્રીઓ પરદેશી વસ્ત્રો પહેરીને તમારા શરીરને અપવિત્ર કરો છો. સીતાદેવી એમ નહોતાં કરતાં. એક ક્ષણ માટે પણ ન માનશો કે સીતાદેવી પોતાના શરીરને શણગારવા માટે સુંદર અને બારીક પરદેશી કપડાં પસંદ કરતાં હતાં અથવા પરદેશથી મંગાવતાં હતાં. એથી ઊલટું, આપણે જાણીએ છીએ કે સીતાદેવીના સમયમાં સીતાદેવી અને હિંદની તમામ સ્ત્રીઓ કાંતતી હતી અને હિંદુસ્તાનના પુરુષોએ વણેલું કાપડ પહેરતી હતી. અને એ સરસ હતું. આપણા પ્રાચીન ગ્રંથોમાં એ બતાવવા માટે પૂરતી સામગ્રી છે કે તે સમયમાં બધી જ સ્ત્રીઓ પોતાને હાથે સૂતર કાંતતી હતી અને આપણે જોઈતું કાપડ આપણે બનાવી લેતા હતા. એ ગ્રંથોમાં કહેવામાં આવ્યું છે કે એ સમયમાં હિંદનાં ગામડાં ને શહેરોના લાખો લોકો સારી રીતે ખાતા હતા અને પૂરતાં કપડાં પહેરતા હતા. પણ તમે તમારા શરીરને પરદેશી સાડીઓથી શણગારો છો, જ્યારે આપણાં ગામડાંમાં લાખો સ્ત્રીઓ ભૂખે મરે છે. હું જાણું છું કે આમાં સ્ત્રીઓ કરતાં પુરુષો ઓછા અપરાધી નથી. હું જાણું છું કે વિદેશી કાપડ પહેરવાની આદત પહેલાં હિંદના પુરુષોએ પાડી. આનું પરિણામ એ આવ્યું કે ગામડાંમાં પુરુષો ને સ્ત્રીઓ રોજ રોજ ગરીબ થતાં જાય છે અને રોજ રોજ ઊંડા દુ:ખમાં ડૂબતાં જાય છે. સીતાદેવીની પેઠે દરરોજ હિંદનાં ગરીબ ભાઈબહેનોનો વિચાર કરો. તમે એમનો વિચાર કરશો, તો મને ખાતરી છે કે તમને એ વાત સમજાશે કે તેમના પવિત્ર હાથોએ વણેલી ખાદી પહેરવી એ તમારી ફરજ છે. હું તમને એક બીજી વસ્તુ કહું જે સીતાદેવી કરતાં હતાં. તેઓ કોઈ પણ માણસને અસ્પૃશ્ય માનતાં નહોતાં. તેમણે અને મહાન રામે ખુશીથી અને કૃતજ્ઞતાપૂર્વક નિષાદરાજની સેવા સ્વીકારી હતી, જે આજના આપણા ખોટા ખ્યાલો મુજબ અસ્પૃશ્ય ગણાય. રામના મહાન ભાઈ ભરતે જ્યારે જાણ્યું કે નિષાદરાજે રામની ભક્તિભાવે સેવા કરી હતી ત્યારે તેઓ નિષાદરાજને ભાવથી ભેટ્યા હતા. ઋષિઓ અને સંન્યાસીઓના રાજા ભરતને તમે જાણો છો. આજે જે લોકો આપણી સેવા કરે છે, આપણાં ખેતરો ખેડે છે, આપણાં જાજરૂ સાફ કરે છે તેમને આપણે સ્પર્શ કરવા યોગ્ય માનતા નથી. હું

Gandhi Heritage Portal

તમને કહું છું કે આ ધર્મ નથી, અધર્મ છે. અને હું ઇચ્છું છું કે તમારે આ અસ્પૃશ્યતાના કલંકથી મુક્ત થવું જોઈએ.

ત્રીજી વસ્તુ, જેની હું વાત કરવા માગું છું એ દેવદાસી વિશે છે. બહેનો, હું જાણું છું કે તેમાંની કેટલીક બહેનો અહીં બેઠેલી છે. દેવદાસીના ધંધાને હું અનૈતિક માનું છું. તેમણે આ ધંધામાં પડવું નહોતું જોઈતું. હું સમજું છું કે અહીં તમારી સ્ત્રીઓની કલબ કે સ્ત્રીઓનું મંડળ છે. તમારી પહેલી ફરજ આ અભાગી બહેનોની સંભાળ લેવાની છે. તમે બધાં એક થઈને આ બાબતમાં ચળવળ કરો તો તમે કોઇંબતુરનાં ભાઈબહેનોને આ સંબંધમાં પોતાનું કર્તવ્ય બજાવવાની ફરજ પાડી શકો.

આ પ્રકારના સુધારાનું કામ તમારે તમારા હાથમાં લેવું જોઈએ. તમે મદ્રાસનાં ડૉ. મુથુલક્ષ્મીનું નામ સાંભળ્યું હશે. મદ્રાસની વિધાનસભામાં એ તમારાં પ્રતિનિધિ છે. તે એનાં ઉપાધ્યક્ષિકા પણ છે. મારે એમની સાથે લાંબી વાતચીત થઈ હતી. તેમનો અભિપ્રાય છે, અને બીજા લોકો પણ માને છે કે હવે હિંદુ સમાજના આ ભયંકર અનિષ્ટ સામે ઝૂઝવાનો સમય પાકી ગયો છે. તમારે પણ અહીં એ પ્રમાણે કરવું જોઈએ.

એક બીજું અનિષ્ટ પણ છે જેને વિશે હું તમને વાત કરવા ઇચ્છું છું. તમે તમારી દીકરીઓને, તેઓ લગ્ન શું છે, તે સમજી શકે તે પહેલાં પરણાવી દો છો. તેઓ પુખ્ત ઉંમરની થાય નહીં, ઓછામાં ઓછી ૧૬ વરસની થાય નહીં ત્યાં સુધી તેમના વિવાહ ન કરશો. હું તમને કહું છું કે એમ કરવું એ પાપ છે.

અમદાવાદમાં મારી સાથે ૧૬ વરસ કરતાં મોટી ઉંમરની અપરિણીત છોકરીઓ રહે છે. તેઓ તમારા ઘરનાં ફૂલો જેટલી નિર્દોષ છે. સમાજસેવાનાં ઘણાં કામ કરવામાં તેઓ પોતાનો સમય ગાળે છે. ત્યાં તેમને યોગ્ય કેળવણી આપવામાં આવે છે. તેઓ પોતે ઇચ્છે નહીં ત્યાં સુધી તેમનાં લગ્ન કરવામાં આવનાર નથી. એક ક્ષણ પણ એવો વિચાર ન કરશો કે આ કામ તમારું નથી, પુરુષોનું છે. આ તો ખાસ કરીને સ્ત્રીઓ માટેનું તમારું કામ છે. જાગ્રત થાઓ અને છોકરીઓના સુખ માટે કામ કરો. પુરુષો એ નહીં કરી શકે અને નહીં કરે.

મેં જે સત્ય તમને કહ્યું તે સમજવા માટે તમારે કૉલેજમાં જવાની કે એકે લીટી વાંચવાની જરૂર નથી. તમે આ બધું સહેલાઈથી સમજી શકો તેમ છો. આને હું માનવતાની કેળવણી કહું છું જે, કક્કાનો એક અક્ષર પણ જાણ્યા વિના સ્ત્રીઓ પ્રાપ્ત કરી શકે છે. મારે હવે તમને કહેવું જોઈએ કે તમારી થેલીથી મને સંતોષ થયો નથી. તમારી બહેનોએ, બીજા જિલ્લાઓની સ્ત્રીઓએ, આ ચળવળ અંગે શું કર્યું છે તે હું તમને કહી શકું છું. મલબારની છોકરીઓ તમારી જેમ બહુ ઘરેણાં પહેરતી નથી. ભારે ઘરેણાં તો હું ફક્ત તામિલનાડુ અને આંધ્રમાં જોઉં છું. મલબારની બહેનોએ તો જે એકાદ બંગડી કે વીંટી વગેરે પહેરી હતી તે ખાદી ચળવળ માટે ઉતારી આપી. અને મારી તેમને કાયમની વિનંતી છે કે તેઓ દાનમાં આપેલાં ઘરેણાંને બદલે નવાં ઘરેણાં મેળવવા માટે તેમના પતિને પજવે નહીં, કે તેમનાં માબાપને સતાવે નહીં. તમને તમારી ગરીબ બહેનો માટે લાગણી થતી હોય, અને તમારી ઇચ્છા હોય તો તેમને માટે હું તમારાં ઘરેણાંની માગણી કરું. આ ભેટ તદ્દન સ્વેચ્છાપૂર્વક અને રાજીખુશીથી આપવી જોઈએ.

યાદ રાખો કે સ્ત્રીનું સૌન્દર્ય તેનાં કપડાં અને ઘરેણાંમાં રહેલું નથી, પણ તેના હૃદયની પવિત્રતામાં રહેલું છે. તમે મને તમારાં ઘરેણાં આપો છો કે નહીં, એ ગૌણ વાત છે. પણ હું જરૂર ઇચ્છું છું કે મેં જે સત્યો તમને હમણાં કહ્યાં તે યાદ રાખો. અને હું મારા અનુભવ

Gandhi Heritage Portal

પરથી કહું છું કે પુષ્કળ ઘરેણાં પહેરવાની ઇચ્છા રાખવી એ સારું નથી. સુંદર કપડાં ને ઘરેણાં વિશેના તમારા ખ્યાલો સુધારવાની તમને સલાહ આપવા પતિદેવો મને ઘણી વાર કહે છે. હું તમને કહી શકું છું કે કેટલાક એવા પતિદેવો છે જેમણે મને ખાતરીપૂર્વક કહ્યું છે કે જે પત્નીઓ મારા ઉપદેશથી પ્રભાવિત થઈ છે તેઓ પોતે એ પ્રભાવથી રાજી થઈ છે.

ઈશ્વર તમારી મારફત આપણા દેશનું કલ્યાણ કરો.

[મૂળ અંગ્રેજી]

હિન્દુ, ૧૯-૧૦-૧૯૨૭

## ૯૪. કોઈંબતુરની જાહેર સભામાં ભાષણ

ઑક્ટોબર ૧૬, ૧૯૨૭

તમે મને જે ભેટો ને માનપત્રો આપ્યાં છે તે બદલ હું તમારો સૌનો આભાર માનું છું. મને ખાતરી છે કે, જે મંડળોએ માનપત્રો આપ્યાં છે તેમનાં અને જેમણે ભેટો આપી છે તેમનાં તથા ભેટોનાં નામ હું કહી જાઉં એવું તમે નહીં ઇચ્છતા હો. જે કંઈ દરિદ્રનારાયણના હિતાર્થે આપવામાં આવે તેનો ઉલ્લેખ કરવો જરૂરી નથી. હું તમને જણાવી દઉં કે મને માનપત્રોના જે અનુવાદ આપવામાં આવ્યા છે તે બધાં અથવા મૂળ માનપત્રો મેં કાળજીપૂર્વક વાંચ્યાં છે.

સૌથી પહેલાં હું નગરપાલિકાનું માનપત્ર લઈશ. નગરપાલિકાએ પોતાના અભિપ્રાય છૂટથી, વિનયપૂર્વક અને દૃઢતાપૂર્વક દર્શાવ્યા છે તેટલા માટે જ નહીં પણ હું ગઈ વખતે કોઈંબતુર આવ્યો ત્યારે તેમણે મને આપેલા માનપત્રની યાદ તાજી કરવા માટે પણ મારે તેનો આભાર માનવો જોઈએ. મારી આખી જિંદગીમાં મને મારા પ્રશંસકો કરતાં મારા ટીકાકારો તરફથી વધુ લાભ થયો છે, અને જ્યારે એ ટીકા આ માનપત્રની છે તેવી વિનયી અને મૈત્રીપૂર્ણ ભાષામાં કરવામાં આવી હોય ત્યારે ખાસ કરીને લાભ થયો છે. આ[1] મ્યુનિસિપાલિટીએ ૧૯૨૧માં મને જે માનપત્ર આપ્યું હતું તેમાં અસહકારની, ખાસ કરીને શાળાઓ અને સરકારી નોકરીના બહિષ્કારની ઉપયોગિતા વિશે શંકા દર્શાવી હતી. અને આજના માનપત્રમાં પણ એ વસ્તુનો ઉલ્લેખ થયેલો જોઉં છું. ૧૯૨૧માં દેશને મેં જે સલાહ આપી હતી તેના ઉપર પ્રભુને યાદ કરીને મેં ખૂબ વિચાર કર્યો છે. અસહકારની વિરુદ્ધ જે કાંઈ લખવામાં આવ્યું છે તે અતિશય ધ્યાનપૂર્વક અને મોકળે મને મેં ફરીફરીને વાંચ્યું છે. મને મારા અવલોકનના પરિણામે જણાય છે કે ૧૯૨૧માં મારા જે વિચાર હતા તેમાં જરાયે ફેર નથી પડ્યો, પણ ઊલટા તે વધારે દૃઢ થયા છે. મારા નમ્ર મત પ્રમાણે અસહકાર પછી દેશને જે લાભ થયો છે તેટલો ગયા બે જમાનામાં તેને કદી નથી થયો. અહિંસાત્મક અસહકાર વિશે ભાવિ ઇતિહાસકારો શો મત આપશે એ વિશે મને કશી શંકા જ નથી. વળી મારી એવી પણ અચૂક માન્યતા છે કે જે જે વિદ્યાર્થીએ પોતાની શાળા છોડી છે અને જે સરકારી નોકરે સરકારી નોકરી છોડી છે તેમને પોતાના અસહકારથી પારાવાર લાભ જ થયો છે, નુકસાન કશું નથી થયું. જેમ બધાં જ સ્ત્રીપુરુષો સત્યનાં પૂજારી ન હોવા છતાં સત્યની અમોઘતા તથા

૧. આ પૅરેગ્રાફનું બાકીનું ભાષાંતર નવજીવન, ૬-૧૧-૧૯૨૭ના અંકમાંથી આપ્યું છે.

Gandhi Heritage Portal

શુદ્ધતા વિશે બેમત હોઈ જ ન શકે, તેમ અસહકાર છતાં લોકો સરકારી નોકરી કરતા બંધ નથી પડયા, અને સરકારી શાળામાં વિદ્યાર્થીઓ હજી ભરેલા છે, તેથી અસહકારના સિદ્ધાંતની નિષ્ફળતા સિદ્ધ ન થઈ શકે. પણ હું તો એથી આગળ જઈને એમ કહીશ કે જે માણસો ચાલુ ઈતિહાસ ધ્યાનપૂર્વક અને નિષ્પક્ષ રીતે અવલોકવાને ઈચ્છા રાખતા હોય તેમને સંપૂર્ણ ખાતરી થશે કે પોતાની નોકરી છોડનાર અનેક સરકારી નોકરો અને શાળા તથા વિદ્યાલય છોડનારા અનેક વિદ્યાર્થીઓ સરસ કામ આપી રહ્યા છે. એક દિવસ તદ્દન અણધારી રીતે લાખો માણસો અસહકારની હાકલ સાંભળી તેને એકે અવાજે જવાબ દેવા નીકળી પડયા એના કરતાં બીજું કૌતુક કયું હોઈ શકે? જો સહકાર એ કર્તવ્ય હોય તો અમુક સંજોગોમાં અસહકાર પણ એટલું જ કર્તવ્ય છે. આગળ વધીને હું એમ પણ કહું કે જો આ દેશને અહિંસા દ્વારા સ્વરાજ મેળવવું હોય તો કોઈ નહીં તો કોઈ દિવસે તેને અસહકાર આદર્યા સિવાય છૂટકો નથી. આજે હું અહિંસાત્મક અસહકારની વાત નથી કરતો તેનું કારણ એ નથી કે મારામાં શ્રદ્ધાની જ્યોત પ્રથમની જેમ અખંડ ઝળકી રહી નથી, પણ વ્યવહારજ્ઞ માણસ તરીકે મને એના અમલને માટે યોગ્ય વાતાવરણ કયાંયે દેખાતું નથી. આને વિશે દલીલમાં ઊતરવાની હું જરૂર જોતો નથી.

નગરપાલિકાના હાલના માનપત્રમાં, સનાતન ધર્મ વિશે હું જે વિચારો વ્યક્ત કરતો આવ્યો છું તેની સામે સભ્ય છતાં સખત શબ્દોમાં વિરોધ નોંધાવવામાં આવ્યો છે. આ માનપત્ર ઘડનારાઓ અથવા તેની નીચે સહી કરનારાઓ વર્ણાશ્રમ ધર્મને તદ્દન અનિષ્ટ માનતા લાગે છે. હું મારી શ્રદ્ધા ફરીથી જાહેર કરું છું કે વર્ણાશ્રમ ધર્મ નર્યું અનિષ્ટ નથી, પણ હિંદુ ધર્મની ઈમારત જે પાયાઓ પર રચવામાં આવી છે તે પાયામાંનો એક પાયો છે. મારા નમ્ર અભિપ્રાય મુજબ માનપત્ર ઘડનારાઓએ છાયાને સાચી વસ્તુ માની લેવાની ભૂલ કરી છે. આવી ગંભીર ભૂલ કરવાને બદલે તેમણે મને વર્ણાશ્રમ ધર્મને નામે તેનું જે વિકૃત અને હાસ્યજનક રૂપ ચાલે છે તેની સામે જેહાદ પોકારવા બોલાવ્યો હોત તો તેઓએ મને તેમના ઝંડા નીચે એક સ્વયંસેવક તરીકે નોંધાયેલો જોયો હોત. હું વર્ણાશ્રમને આપણા જીવનનો એક કાનૂન માનું છું, અને જેમ ગુરુત્વાકર્ષણનો નિયમ એક મહાન બુદ્ધિશાળી પુરુષે શોધ્યો તે પહેલાં આપણા વડવાઓ તેનું પાલન કરતા હતા તેમ આવા કાનૂનો આપણે જાણતા હોઈએ કે ન જાણતા હોઈએ તોપણ આપણે એ કાનૂનોનું પાલન કરવું પડે છે. કુદરતના નિયમો કઠોર હોય છે. આપણે એ નિયમોનું ઉલ્લંઘન કરીને તેની શિક્ષામાંથી છટકી શકતા નથી. મને રોજેરોજ ખાતરી થતી જાય છે કે આપણું હિંદુસ્તાન અને બાકીની દુનિયા વર્ણાશ્રમધર્મના નિયમના ભંગને કારણે દુઃખ ભોગવી રહ્યાં છે. જો આજે હિંદુસ્તાન મને પડતી દશામાં દેખાતું હોય તો તેનું કારણ વર્ણાશ્રમધર્મ નથી, પણ આપણે વર્ણાશ્રમધર્મનો જાણી જોઈને ભંગ કરીએ છીએ તે છે. વર્ણાશ્રમધર્મ આ જગતમાં માણસનું જીવનકાર્ય નક્કી કરી આપે છે. રોજરોજ માણસ ધન એકઠું કરવાના માર્ગો શોધવા માટે અને આજીવિકાનાં જુદાં જુદાં સાધનો શોધવા માટે જન્મ્યો નથી; એથી ઊલટું, તેનો જન્મ એટલા માટે થયો છે કે તે પોતાના સરજનહારને ઓળખવા માટે પોતાની શક્તિના એકેએક અણુનો ઉપયોગ કરે. તેથી આજીવિકા માટે આ ધર્મ માણસ પર પોતાના બાપદાદાનો ધંધો સ્વીકારવાની મર્યાદા મૂકે છે. એનું નામ જ વર્ણાશ્રમધર્મ. એથી જરાયે વધુ નહીં તેમ ઓછો પણ નહીં. અને મોટા ભાગના હિંદુઓ પોતાના જીવનમાં એ ધર્મનો ઈનકાર કરતા જણાય છે તેટલા જ કારણસર મારે એ ધર્મની ઉપેક્ષા કરવી એ શકય, ઈચ્છનીય કે જરૂરી નથી. આ રીતે જોતાં વર્ણાશ્રમધર્મ અને આજે જે જ્ઞાતિપ્રથા જોઈએ છીએ તેની વચ્ચે કશું

Gandhi Heritage Portal

સામ્ય નથી. એટલે વર્ણાશ્રમધર્મની વ્યાખ્યામાં અસ્પૃશ્યતા આવતી નથી અને વર્ણાશ્રમધર્મે અસ્પૃશ્યતા ક્યારેય સહન કરી નથી. એ ધર્મમાં ઊંચનીચનો કોઈ વિચાર નથી. ઘણા લોકો, લાખો લોકો ઈશ્વરનું નામ ફોગટમાં લે છે અને ખુદ ઈશ્વરને નામે મનુષ્ય અને ઈશ્વરનું અપમાન કરે છે તેથી શું આપણે ઈશ્વરનો ઈનકાર કરીશું અને તેને બીજું કોઈ નામ આપીશું? તેથી હું આ માનપત્રના ઘડનારાઓ અને શ્રોતાઓને આ જ્ઞાતિપ્રથાના ભૂત અને અસ્પૃશ્યતાના શાપ સામેની આ જેહાદમાં મારી સાથે જોડાવા આદરપૂર્વક આમંત્રણ આપું છું; અને હું તમને વચન આપું છું કે જો તમે મારી સાથે આ જેહાદમાં જોડાશો તો એ જેહાદને અંતે તમે જોશો કે હિંદુ ધર્મમાં એવી કોઈ વસ્તુ બાકી નહીં હોય જેની સામે લડવું પડે. હું બ્રાહ્મણ-બ્રાહ્મણેતરના દક્ષિણના ઘણા શક્તિશાળી માણસોને મૂંઝવી રહેલા આ મોટા સવાલનો પ્રાર્થનામય બનીને વિચાર કરી રહ્યો છું. અને હું રોજ એવા નિર્ણય પર આવું છું કે આ સવાલ જેટલે અંશે બ્રાહ્મણેતરોનો છે તેટલે અંશે તે અસ્પૃશ્યતા સામેની લડાઈનો એક તબક્કો છે.

હવે આદિદ્રવિડ મિત્રોના માનપત્ર પર આવું. મેં ત્રાવણકોરમાં પ્રવેશ કર્યો ત્યારથી આ સવાલે એક કે બીજા રૂપે મારું ધ્યાન રોકયું છે. આદિદ્રવિડ મિત્રોને હું ખાતરી આપું છું કે એ સવાલનો ઉકેલ લાવવામાં મારું બધું ધ્યાન રોકાયેલું છે. થોડા વખતથી હું મારો પરિચય નાયાડી તરીકે આપવામાં આનંદ માનું છું. અને મને એ વાતનું દુ:ખ છે કે હું શ્રી આર. કે. ષણ્મુખમ ચેટ્ટિયારના આલેશાન મકાનમાં તેમનું આતિથ્ય સ્વીકારવાનું ના પાડીને સીધો નાયાડીઓ પાસે જઈ તેમનું આતિથ્ય સ્વીકારીને તેમની વચ્ચે રહેવાની હિંમત ન કરી શકયો. પણ આદિદ્રવિડી મિત્રોને હું ખાતરી આપવા ઈચ્છું છું કે અસ્પૃશ્યતાના આ શાપનો હવે ઝપાટાબંધ અંત આવવા માંડયો છે. તેમના પ્રવેશ માટે મંદિરનાં દ્વાર ખૂલ્યાં નથી એ સાચું છે. અમુક રસ્તા તેમને માટે હજુ બંધ છે તે પણ સાચું છે. અસ્પૃશ્યતા અને અદર્શનીયતા એ બંને હજી અસ્તિત્વમાં છે એ પણ તદ્દન સાચું છે. પરંતુ હું એ પણ જાણું છું કે આ અસહ્ય અનિષ્ટની સામે લોકમત રોજ જોર પકડતો જાય છે અને મને ખાતરી છે કે હિંદુ ધર્મમાંથી આ અનિષ્ટ આપણામાંના કોઈ કલ્પી શકે તેના કરતાં જલદીથી ભૂંસાઈ જશે.

પરંતુ આદિદ્રવિડ મિત્રોના માનપત્રમાં એક આંખ ઉઘાડનારો ફકરો છે. એ ફકરો એટલો મહત્ત્વનો છે કે હું તમને તે વાંચી સંભળાવવા ઈચ્છું છું.

> સરકાર અમારા વાસમાં અથવા તેની નજીકમાં દારૂનાં પીઠાં ખોલીને અમારા નવજુવાનોને દારૂ પીવા લલચાવે છે. આ પીઠાંને બદલે ઔદ્યોગિક કેન્દ્રો ખોલવામાં આવે અને આબકારી કૉન્ટ્રૅક્ટરોને બદલે સામાજિક કાર્યકર્તાઓ અમને મદદ કરે તો ઘણા થોડા સમયમાં અમારી પ્રગતિ થાય એમાં શંકા નથી. તેથી અમે આપને ખરા દિલથી વિનંતી કરીએ છીએ કે અમારી કોમને વિનાશમાંથી બચાવવા માટે અમારા વાસમાં કે તેની આસપાસ ઔદ્યોગિક શાળાઓ ખોલીને અમને મદદ કરશો.

આ ફકરો આપણને વિચાર કરવા માટે ઘણો ખોરાક આપે છે. આજે બપોર પછી મેં કહ્યું હતું તે ફરીથી કહું કે કેટલાયે સભ્યોના સંગીન પ્રયાસ છતાં સરકાર નગરપાલિકાની હદમાં આવેલાં દારૂનાં થોડાં પીઠાં બંધ કરવાની નગરપાલિકાની સલાહ સ્વીકારતી નથી. મારે માટે એ ઘણી જ દુ:ખની વાત છે કે આવી સીધીસાદી દરખાસ્ત સરકારે અભરાઈએ ચડાવી. મેં હમણાં આદિદ્રવિડો તરફથી જે ફકરો વાંચી સંભળાવ્યો તેની ભાવના સાથે હું પોતે પૂરેપૂરો સંમત છું. અને હું ઈચ્છું છું કે તમે, કોઈંબતુરના નાગરિકો તમે જેમને દારૂ પીવાની ટેવ પાડી

Gandhi Heritage Portal

છે એવા લોકોને મદદ કરવા લડત શરૂ કરો અને તમારા શહેરને દારૂના શાપથી મુક્ત કરો. હું એ પણ ઇચ્છું છું કે કેટલાંક નવજવાન પુરુષો અને સ્ત્રીઓ આદિદ્રવિડ મિત્રોનો પડકાર ઝીલવા સ્વયંસેવક તરીકે આગળ આવે અને તેમને દારૂ પીતા કરવાને બદલે તેમને માટે ઔદ્યોગિક શાળાઓ ખોલે.

હવે હું મહાસભા સમિતિના માનપત્ર ઉપર આવું છું. એ માનપત્ર મને સુકાન પાછું સ્વીકારવાની વિનંતી કરે છે. આનો અર્થ હું તો એટલો જ કરું કે આ માનપત્ર આપનારાઓના હૃદયમાં ઊંડે ઊંડે ૧૯૨૦ના અસહકારના કાર્યક્રમ વિશે શ્રદ્ધા છુપાયેલી પડી છે. તો હું તમને કહું છું કે મેં સુકાન કદી છોડયું જ નથી. સુકાન મારા હાથમાં જ છે. મારા કાલાવાલા પણ ચાલુ જ છે. પણ મારા વહાણમાં બેસનાર, મારા કાલાવાલા સાંભળનાર, ન મળે તો મારે કરવું શું? પણ આના કરતાં વધારે સારો જવાબ મારી પાસે છે. સુકાન મેં છોડયું નથી એનો અર્થ જરા વધારે સ્પષ્ટ કરું. જેલમાં જતાં પહેલાં પણ મેં પોકારી પોકારીને કહેલું કે અહિંસાને પોતાનો ધર્મ માનનાર માણસ મહાસભાનો રચનાત્મક કાર્યક્રમ પૂરો કરવાની વાત કર્યા સિવાય બીજી કોઈ પણ રીતે દેશની આગેવાની ન કરી શકે. રચનાત્મક કાર્યક્રમનો સૌથી મહત્ત્વનો ભાગ તે રેંટિયાનો કાર્યક્રમ છે. અને મહાસભાની સંમતિ અને પરવાનગીથી અખિલ ભારત ચરખા સંઘના પ્રમુખ તરીકે એ કાર્યક્રમનું સુકાન મારા હાથમાં છે.[1] ચરખા સંઘ એ કૉંગ્રેસે રચેલી એક સંસ્થા છે. તે એવી સંસ્થા છે જે ખંત અને વ્યવસ્થિત પ્રયાસો દ્વારા ખુદ કૉંગ્રેસને પોતાનામાં સમાવવા માટે કામ કરે છે. જેમને પોતાના દેશની સ્વતંત્રતા પ્રાપ્ત કરવા માટે અહિંસાની કાર્યસાધકતામાં પૂરો વિશ્વાસ છે તેઓ ખાદીમાં માન્યા સિવાય અને તે આ દેશમાં સાર્વત્રિક થાય તે માટે પ્રયત્ન કર્યા વગર રહી શકે નહીં. આ વસ્તુ પૂરેપૂરી સિદ્ધ ન થાય ત્યાં સુધી તેમણે બીજા કોઈ સિદ્ધાંતની વાત ન કરવી જોઈએ. જો કોઈ મારા નેતૃત્વની માગણી કરે અને હું જે નેતૃત્વ આપી રહ્યો છું તેની ઉપેક્ષા કરે તો તે પ્રશ્ન પૂછનાર અહિંસાની લડતના ફલિતાર્થો સમજ્યો છે કે નહીં, એ વિશે શંકા થાય છે. યાદ રાખો કે ગરીબમાં ગરીબ લોકોનો જેમાં સમાવેશ થાય છે એવા ૩૦ કરોડ લોકોની સેવા માટે યોજાયેલા ચરખા સંઘને વધુમાં વધુ વહીવટી કુશળતાની અને બને તેટલા વ્યાપક પ્રચારની જરૂર છે. યાદ રાખો કે તેને પોતાની સફળતા માટે કાર્યકર્તાઓમાં સતત જાગૃતિની, સતત ખંતની, તથા ઉપહાસ, વિરોધ અને દ્વેષપૂર્ણ ખોટી રજૂઆતોની સામે અદમ્ય શ્રદ્ધાની આવશ્યકતા છે. તે કાર્યકર્તાઓ પાસે નિરંતર અજોડ ત્યાગની, કશી ઉત્તેજના વિનાના ત્યાગની અપેક્ષા રાખે છે. અને ઈશ્વરકૃપાથી આવું સંગઠન હિંદ ચલાવી શકે અને તેને દૂરમાં દૂરનાં ગામડાં સુધી પહોંચાડી શકે તો આપણે કલ્પી શકીએ કે આટલી એક વસ્તુ સિદ્ધ કર્યા પછી આ દેશને સ્વતંત્ર કરવા માટે ઘણું થોડું કરવાનું બાકી રહેશે. આ પ્રયાસોને અનુકૂળ જવાબ આપવાની હિંદુસ્તાનની શક્તિમાં મારી શ્રદ્ધા વધતી જાય છે. અને જેમાં હું માથું મારું છું એવી અસહકાર, વર્ણાશ્રમધર્મ અને બીજી ઘણી વસ્તુઓ વિશેના મારા વિચારો સાથે તમે સંમત હો કે ન હો, હું તમને સૌને દરિદ્રનારાયણ માટે કામ કરવા વિનંતી કરું છું.

છેલ્લી વાત આપણી અભાગી બહેનોની કહેતાં દેવદાસીઓની કરવાની છે. પણ એ વાત છેલ્લી લઉં છું તેથી તે ઓછા મહત્ત્વની છે એવું ન માનશો. હું સમજું છું કે એઓ તમારે

૧. આ પૅરેગ્રાફનું અહીં સુધીનું ભાષાંતર નવજીવન, ૬-૧૧-૧૯૨૭ના અંકમાંથી આપ્યું છે.

Gandhi Heritage Portal

ત્યાં પણ છે. તેઓમાંની કેટલીક આજે બપોર પછી સ્ત્રીઓની સભામાં હાજર હતી. દેવદાસીની પ્રથા આપણા ધર્મ કે દેશની આબરૂ વધારતી નથી. વિધાન પરિષદમાં ડૉ. મુથુલક્ષ્મી અમ્મલે રજૂ કરેલું એક વિધેયક નિર્ણયની રાહ જોતું પડયું છે. હું સમજું છું ત્યાં સુધી એ મૈસૂરના કાયદા પરથી તૈયાર કરેલું છે. એ સંસ્કારી રાજ્યે આ સવાલ ઘણા વખત પહેલાં, ૧૯૦૯માં હાથ ધર્યો હતો. એવો કાયદો થતાં પહેલાં હું બે વસ્તુઓ સૂચવું છું. જે યુવાનો કે વૃદ્ધો આ પ્રિય બહેનોનો ગેરકાયદેસર ઉપયોગ કરે છે તેઓ એ બહેનોને પોતાની દુષ્ટ વાસનાઓનો ભોગ બનાવવાનું છોડી દે. બીજું, આ પ્રથા સામેની જેહાદ ભલે કાયદા મારફતે કરવાની હોય કે આ અનિષ્ટ સામે લોકમત જાગ્રત કરીને કરવાની હોય, દરેક જણ એ જેહાદમાં જોડાઈ જાય.

મેં તમને થકવી નાખ્યા હોય તો માફ કરશો. તમારાં બધાં માનપત્રો ગંભીર પ્રકારનાં છે અને મને લાગ્યું કે જો મારે વિવેક દાખવવો હોય તો મારે તેમનો બની શકે તેટલો વિસ્તારપૂર્વક જવાબ આપવો જોઈએ. હું તમને મેં જે વસ્તુઓ કહી તેના પર વિચાર કરવા અને તેમાંથી જે વસ્તુઓ તમને ગમે તેનો અમલ કરવા વિનંતી કરું છું.

[મૂળ અંગ્રેજી]

હિન્દુ, ૧૮–૧૦–૧૯૨૭

## ૯૫. મીરાંબહેનને પત્ર

ઑક્ટોબર ૧૭, ૧૯૨૭

ચિ. મીરાં,

તારા બધા પત્રો મળ્યા. ગયા અઠવાડિયા દરમ્યાન સોમવારના પત્ર પછી મને યાદ છે ત્યાં સુધી મેં તને પત્ર લખ્યો નથી. ત્રાવણકોર અને મલબારમાં ખૂબ દોડાદોડ અને ચિંતામાં સમય ગયો. એ બધું મારી ઇચ્છાથી જ થયું. આથી મને આરામ લેવાની જરૂર પડી હતી. આ વાત મેં રાજગોપાલાચારીને કહી કે તરત જ તેમણે ત્રણ સ્થળોની તથા જ્યાં હું જવા ઇચ્છતો હતો, એવા તેમના આશ્રમની મુલાકાત રદ કરી. પણ મેં પોતે સ્વીકારેલા સિલોનના ભરચક કાર્યક્રમ માટે મારે તાજા થવું છે એટલે હું એ રદ કરવામાં સંમત થયો છું. મારી તબિયત તદ્દન સારી છે એ કહેવાની જરૂર નથી. આરામ તો માત્ર સાવચેતીનું પગલું છે. ૨૧મી તારીખે હું તિરુપુર જાઉં છું, અને ૨૪મીએ રાત્રે ત્યાંથી નીકળીશ. બાકીનો કાર્યક્રમ જેમનો તેમ છે. મેંગલોરની પાસે ક્યાં ક્યાં જવાનું છે તેની મને હજી ખબર નથી. એટલે ૨૬મી ને ૩૧મી તારીખ વચ્ચે પહોંચનારા પત્રો તું મેંગલોર લખજે.

વાળ કપાવવાની બાબતમાં ઉતાવળ ન કરવી જોઈએ. હું ઇચ્છું છું કે તું સ્ત્રીઓને તારા વિચારની કરી લે. મને ઘણી ઇચ્છા છે કે સ્ત્રીઓમાં તારો ખૂબ પ્રભાવ પડે. એટલે તારે વગર કારણે તેમની નજરમાં એક વિચિત્ર પ્રાણી ન બની જવું જોઈએ. તારી તદ્દન અંગત બાબતમાં પણ જો તું તેમની લાગણીનો ખ્યાલ રાખશે તો તેઓ તેની કદર કરશે.

અતિથિગૃહ વિશે તારી સૂચનાઓ ઉત્તમ હતી. જો તું આવી બધી બાબતો કઠોર બન્યા સિવાય પાર પાડી શકે તો તેમાં મારી સંમતિ તને મળેલી જ ગણી લેજે. ગમે તેટલી બેદરકારી

Gandhi Heritage Portal

અને દેખીતી ગંદકી દૂર કરવાના આગ્રહમાંથી ઝઘડા થાય એમ હોય તો, આપણે તે સહન કરી લેવા જોઈએ. પણ આરોગ્ય માટે જોખમકારક હોય એવી અસ્વચ્છતા તો ઝઘડા થાય કે ન થાય, દૂર કરવી જ જોઈએ. મારા કહેવાની મતલબ તું સમજે છે.

જેટલા વધુ આશ્રમવાસીઓની નિકટ તું આવી શકે તેટલાની નિકટ આવવાનું રાખજે. જો તું છોટેલાલના સ્વભાવના નાના નાના દોષો દૂર કરી શકે તો તે એક મોટા આશીર્વાદરૂપ થશે. તું આશ્રમની ભાવના અને વાતાવરણ આત્મસાત્ કરી શકે તે માટે, હું ઇચ્છું છું કે, તારે કડક સમયપત્રક ન બનાવવું. વચમાં કંઈ આવી પડે તે કરવા માટે તું મુક્ત રહી શકે, એટલા માટે થોડા કલાકો તું ખાલી રાખજે.

હા, ગૌશાળામાં સંપૂર્ણ સ્વચ્છતા રહે તે માટે જરૂર આગ્રહ રાખ. પરંતુ એમાં પણ ઊંચામાં ઊંચા ધોરણે પહોંચવા માટે સારી સોબતનો ભોગ ન આપીશ. જે વસ્તુ આજ સુધી કંઈ દેખીતું નુકસાન થયા વિના ચાલી તે થોડો વધુ વખત ચલાવી લઈ શકાય.

તું અંબાલાલ અને તેમના કુટુંબને મળવા ગઈ તે સારું કર્યું. શ્રી અંબાલાલ તેમના દુરાગ્રહ અને ઘણી વાર સમજ વિનાના અને કઠોર અભિપ્રાયો ધરાવતા છતાં, ઘણા સારા માણસ છે.

હું તમારી વચ્ચે છું ત્યાં સુધી, પાયાના સિદ્ધાંતોના રક્ષણ માટે આવશ્યક હોય તે સિવાય બીજાં કોઈ કડક વ્રતો લેવાની હમણાં જરૂર નથી. હું ન હોઉં ત્યારે તારા પોતાના વિકાસ માટે અથવા જે સમાજમાં તું રહે છે તેના વિકાસ માટે શું આવશ્યક છે તે નક્કી કરવા માટે તું તારી વિવેકબુદ્ધિનો ઉપયોગ કરજે.

મિ. સૉન્ડર્સને કહેજે કે તેઓ સૂચવે છે તેવું પુસ્તક લખવું મારે માટે મુશ્કેલ છે. કેવળ તાત્ત્વિક ચર્ચા કરતું કંઈ પણ લખાણ લખવું મારા સ્વભાવની વિરુદ્ધ છે. અને જે માણસ ક્ષણેક્ષણના હિસાબે જીવી રહ્યો છે તે સમય ક્યાંથી કાઢે!

સિલોનમાં, હું બીજું સરનામું ન આપું ત્યાં સુધી મારું સરનામું કોલંબો જ રહેશે.

સસ્નેહ,

બાપુ

[મૂળ અંગ્રેજી]

મૂળ પત્ર પરથી: સી. ડબલ્યુ. ૫૨૮૭; શ્રીમતી મીરાંબહેનના સૌજન્યથી

Gandhi Heritage Portal

## ૯૬. છગનલાલ ગાંધીને પત્ર

કોઈમ્બતુર,
સોમવાર, ઑક્ટોબર ૧૭, ૧૯૨૭

ચિ. છગનલાલ,

તમારો કાગળ મળ્યો. મિ. લૉરેન્સનો કાગળ વાંચી ગયો. પાછો મોકલું છું. તમે ઠીક કામ કરી રહ્યા છો. આશ્રમમાંથી રજા મળે તો જરૂર રોકાજો. તમારો લેખ મને મળ્યો નથી. કદાચ મહાદેવ પાસે પડ્યો હશે. આશ્રમમાં ખળભળાટ ચાલી રહ્યો છે તે તો જાણતા હશો. તેની ચિંતા તમારે ત્યાં બેઠાં વેઠવાની હોય નહીં. હું તેનો ઉકેલ અહીં બેઠો કરી રહ્યો છું. પણ નિશ્ચિંત છું. છેવટે બધું શમી જશે. પાણીની ચક્કી જ્યાં ધોધ મળે ત્યાં તો ચાલી શકે, પણ કૃત્રિમ ધોધ તૈયાર કરીને ચલાવવા જતાં માથા કરતાં મૂંડામણ ભારે પડી જાય. મારી તબિયત સારી રહે છે. ૧લીએ ઊપડીશ અને લંકા ૧૯મીએ છોડીશ. એટલે તે દરમ્યાન કાગળ કોલંબો મોકલશો.

ત્રણ દિવસ તો દરિયામાં જશે. પ્રભુદાસ પોતાના દરદની કે બીજી કશી ચિંતા નહીં કરે તો ઝટ સારો થશે. સારા થવા સારુ ગજા ઉપરવટ ચાલવા-હાલવાનું પણ ન રાખે. આલમોડામાં તો ઇચ્છે ત્યાં લગી રહે. આમ નિર્ભય ન થાય ત્યાં લગી પાછો ન ફરે તેમાં કાંઈ ખોડ નથી. દેવદાસથી દોષ થયો છે. એટલે ત્યાં કે ક્યાંય હમણાં આવે એમ નથી લાગતું. વર્ધા જવા ધારે છે. પણ હજુ ઑપરેશન. . . [1]એટલે પથારીવશ છે. ૨૮મીએ મને તિરુપુર મળશે તેમ ધારું છું.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

મૂળ પત્ર પરથી: સી. ડબલ્યુ. ૯૧૮૮

## ૯૭. કરીમ મહમદ માસ્તરને પત્ર

ઑક્ટોબર ૧૭, ૧૯૨૭

ભાઈશ્રી ક. મ.,

તમે મોકલેલું પુસ્તક હું આખું ધ્યાનપૂર્વક વાંચી ગયો છું. એની ઉપયોગિતા વિશે મને શંકા છે. તમે ઊંડા નથી ઊતર્યા. કેટલીક વસ્તુઓ, જે, નામાંકિત ઉલેમાઓ પણ નથી માનતા તેને તમે માનવા યોગ્ય ગણી, ઉતારી છે. આ હકીકતોનું તારણ તો અહીં નહીં કરું. તે તે વાતો તમે પોતે માનતા હો તો તમને મારે સમજાવવાપણું ન હોય, પણ આવી વાતોવાળું પુસ્તક હું પોતે કોઈને વાંચવાની ભલામણ ઈસ્લામ સમજવાને ખાતર ન કરું.

વળી કેટલીક હકીકતો એવી છે કે જે આ કઠિન સમયે મને તો ભયાનક પણ લાગે. ૨૬-૨૭ પાનાં જોઈ જજો. એમાં તમે જણાવો છો કે જેઓ દેવદેવીઓને પૂજે છે તેઓનો ગુનો તો ખુદા માફ કરનારો જ નથી, તેવા "જુલમગાર"ને સારુ તો હમેશાં નરક જ છે, તેઓને સારુ ઈબાદત કરવી ન કરવી એકસરખું જ છે. મુસલમાન આ વાંચે તેની ઉપર શી

૧. મૂળમાં અહીં ખાલી છે.

Gandhi Heritage Portal

અસર થાય? એ વાંચનાર અને માનનાર, એક ઘડીભર પણ, દેવદેવીઓને માનનાર હિંદુને કેમ સાંખે? એની સાથે કેમ ભળે? એ પાનાં હિંદુ વાંચે તેની ઉપર શી અસર થાય?

એ આયતો મેં પૂર્વે પણ વાંચી છે—તમે જે અર્થ કાઢયો છે તે હું નથી કાઢતો. તમે કાઢયો છે એ જ સાચો અર્થ હોય તો હું તે સહન કરું, પણ ખેદ જરૂર પામું.

ઈસ્લામ ઉપર લખનાર, જેને બહોળું જ્ઞાન ન હોય ને જેનામાં અતિ ઉદારતા ન હોય તે કાંઈ જ ન લખે એમ હું અત્યારે ઈચ્છું.

મો. ક. ગાંધી

[મૂળ ગુજરાતી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી, શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી; તથા મહાદેવભાઈની ડાયરી, પુસ્તક અગિયારમું

## ૯૮. કિશોરલાલ મશરૂવાળાને પત્ર

કોઈંબતુર,
ઑકટોબર ૧૭, ૧૯૨૭

તમારા ત્રણ કાગળ મળ્યા છે. ચોરી[૧] બાબતનો મોડો મળ્યો. તેને પણ ત્રણ દિવસ થયા. પણ તમારો બીજો કાગળ જે પહેલો મળ્યો તેમાં જવાબની ઉતાવળ ન હતી એટલે મેં તાર ન કર્યો. લખવાનો વખત તો વહેલો ન જ મળી શકયો. તમારો સત્ય પરનો કાગળ કાલે મળ્યો. તેમાં તમે ચોરીવાળા કાગળના જવાબની રાહ જોતા લાગ્યા. એટલે આજે તાર મોકલ્યો છે તે[૨] મળ્યો હશે. તારમાં પૂરું તો નથી જ લખી શકયો.

સમાજમાં રહેતાં છતાં કેટલીક વસ્તુઓ એવી છે કે જે, સમાજની જેમ આપણે ન કરીએ—ન કરી શકીએ. સમાજ પોતે અહિંસાને ન માનવાથી કે ન પાળી શકવાથી ચોરને દંડે; પણ જે અહિંસાનો પ્રયોગ કરતા હોય, કરવાની જેમનામાં હિંમત હોય તે તટસ્થ રહે. એમ ન કરે તો અહિંસા ધર્મ પાળતાં પોતે શીખી જ ન શકે; એટલે, સમાજ આગળ વધી જ ન શકે. આ અભિપ્રાય બરોબર હોય તો તમારાથી પુરાવો આપવા ન જ જવાય. કોર્ટ પરાણે તેડે તો જવું જોઈએ. આ દાખલામાં તો તમે કોર્ટને વિનયપૂર્વક તમારો ધર્મ જણાવો એટલે તમારા વિના ચોરને દંડ દે ને પુરાવો બીજો ન મળે તો છોડી પણ દે.

આટલે લગી તો મને સ્પષ્ટ લાગે છે. પણ ચોરની ઉપર દયા માગવાનો તમને અધિકાર નથી. દયા કયારે આવી? જ્યારે એ આવ્યો ત્યારે આવી હોત તો, ન તમને કે ન ગોમતીને[૩] ડરવાપણું કે ચોરની પાછળ દોડવાપણું રહેત. એ માલ લઈ જાત એ તમે સહન કરત. આટલે ઊંચે આપણે હજુ ચડયા નથી. બીક છૂટી નથી, માલિકીનો મોહ છૂટયો નથી. તેથી

૧. કિશોરલાલના નિવાસસ્થાનેથી એક પેટી લઈ જતાં કોઈ ચોર ઝલાઈ ગયો હતો. નીચલી કોર્ટમાં કિશોરલાલે ચોરની વિરુદ્ધ પુરાવો આપ્યો પણ મૅજિસ્ટ્રેટને ચોરને માફી આપવા વિનંતી કરી. દરમ્યાન એમણે ગાંધીજીની સલાહ લીધી. એ મળતાં એમણે સેશન્સ કોર્ટમાં પુરાવો આપવાની ના પાડી દીધી.

૨. આ મળતો નથી.

૩. શ્રી કિશોરલાલભાઈનાં પત્ની.

Gandhi Heritage Portal

દયાની માગણી મને અસ્થાને લાગે છે કેમ કે એ કૃત્રિમ છે. આપણે એ દયા આપણામાં ઉગાડવાનો પ્રયત્ન કરીએ – કરી રહ્યા છીએ. પણ જ્યાં લગી એ લાગણીએ આપણામાં ઘર નથી કર્યું ત્યાં લગી દયાની લાગણી હાર્દિક ન ગણાય; એટલે સાચી પણ ન ગણાય. વળી જો દયાની લાગણીએ આપણા હૃદયમાં સ્થાન કરી લીધું હોય તો આપણે ચોરને હાથ કરવો જોઈએ, એને મળવું જોઈએ, એને સુધારવાનો પ્રયત્ન કરવો જોઈએ. વળી અદાલતથી, આવી દયાની માગણીનો સ્વીકાર પણ ન થાય. ચોર પોતે માગણી કરે, સુધરવાને પ્રયત્ન કરે તો અદાલત વિચારે. અથવા આપણે ચોરને ઘરમાં સંઘરવા ને એને ઉપદ્રવ કરતો અટકાવવા તૈયાર થઈએ તોયે અદાલત આપણું સાંભળે. અહીં તો આપણે એવું કંઈ જ કરી શકીએ એમ નથી. તેથી દયાની માગણી કરવા તરફ મારું મન ઢળતું નથી. દંડ અથવા દયાની વચ્ચેનો કોઈ માર્ગ મને જડયો નથી. દયા, જ્યાં દંડના જેટલી પણ અસર ન કરતી હોય ત્યાં તે સાચી નથી અથવા પૂરતી નથી એમ સમજવું જોઈએ. હિંદુમુસલમાન ઝઘડામાંથી મેં હાથ કાઢી લીધા જેવું છે કેમ કે મારી દયાને હું અધૂરી કે કૃત્રિમ અનુભવું છું. કૃત્રિમ એટલે જૂઠી નહીં પણ બુદ્ધિથી આગળ ન વધેલી. જો તે બુદ્ધિથી આગળ ગયેલી હોય તો મને દંડની અવેજી કંઈ પણ સૂઝવી જોઈએ. એવું અત્યારે તો મારામાં નથી. હું એવી તીવ્ર અહિંસા હૃદયમાં પ્રગટાવવા ખૂબ મથી રહ્યો છું; પણ હજી તો નિષ્ફળ ગયો જ ગણાઉં – હાર્યો નથી.

તમારી એક ભૂલ સુધારું. મને લાગે છે કે એ સરતચૂક જ છે. તમે લખો છો કે આજનો કાયદો ચોરીને ગુનો નથી ગણતો, પણ પકડાવું એ ગુનો છે; એવું તો છેક નથી જ. પકડાય નહીં તે ચોર દંડમુક્ત રહે છે એમ કહો તો ખરું ગણાય. પણ તે તો આદર્શ યુગમાં પણ એવું જ હશે. ચોરીની સાથે સજા એવું તો ઈશ્વર જ કરી શકે; ને આસ્તિક હોય તે માને પણ છે કે દોષમાત્રની સજા મનુષ્યને ભોગવવી જ પડે છે. તમારો કહેવાનો આશય પણ આટલો જ છે એમ હું માની લઉં છું.

હવે આશ્રમના ખળભળાટ વિશે. મને એમાં નવાઈ નથી લાગતી, આઘાત પણ નથી પહોંચતો. હૃદય ચોખ્ખાં કરવાનો, શુદ્ધ મેળ મેળવવાનો આ પ્રયત્ન છે; ત્યાં આવા ભડકા અનિવાર્ય છે. આપણે મંડળ કર્યું તે ઠીક જ થયું છે એવી, મારી તો આ બનાવોથી જ ખાતરી થાય છે. આમાંથી જ આપણે કામ કરતાં શીખીશું; ને અહિંસાને અનુસરતાં સામાજિક નવા નિયમો પણ જો કોઈ હશે તો તે શોધતાં શીખીશું. જો આપણામાં કોઈ સંપૂર્ણ પ્રાણી હોત તો એક નવી સ્મૃતિ ઘડીને બેસી ગયો હોત. આપણે તો અપૂર્ણ છતાં સાથે મળી સંપૂર્ણ થવાનો શુભ ને શુદ્ધ પ્રયત્ન કરી રહ્યા છીએ. જે ભળી ન શકે તેને સારુ નવી સંસ્થા કાઢીને બેસી જઈએ તેમાંય હું દુઃખ ન માનું – જો હેતુ નિર્મળ હોય તો. આપણામાં જ્યાં લગી સાચી નમ્રતા એટલે સાચી અહિંસા પ્રગટ નથી થઈ ત્યાં લગી મતભેદો – જેની મેળવણી ન થઈ શકે તેવા – થયા કરશે. એવે પ્રસંગે નવી સંસ્થા, જેનો ઉપયોગ હોય, તે ઊભી કરતાં શાને સંકોચ પામીએ? જો બધા અહિંસા ભણી ધસતા હશે તો કદાચ પાછા એક થશે; નહીં થાય તો તો જુદી જુદી ડાળે ઝૂલતાં છતાં એક જ ઝાડનો આશ્રય લેનારા હશે; ને તેથી એઓની ભિન્નતામાંયે એઓ પોતે ને લોકો એકતા જ જોશે. તેથી મને તો આટલું જ જાળવવાની આવશ્યકતા લાગે છે; કોઈના હૃદયમાં પાપ ન હો, એકબીજાને જૂઠા કે પાપી ન માને, કોઈના મનમાં સ્વાર્થ કે દંભ ન હો.

Gandhi Heritage Portal

સત્યની બાબત હવે અહીં નહીં ચર્ચું. તમે લખો છો એ બધું સમજ્યો છું ને એનો સ્વીકાર પણ કરું છું. છતાં એમાંના ઘણા વિચારોને બીજો સુંદર પક્ષ છે અને એ ધ્યાન બહાર ન હોવો જોઈએ. પણ આ વિષયને બીજે સમયે હાથમાં લઈશ. મને ઉતાવળ નથી. આપણે એક જ વસ્તુને શોધી રહ્યા છીએ એમ હું માનું છું. તમે રાતના સવા વાગ્યે કાગળો લખવા બેસો એ હું માગતો નથી, ઇચ્છતો નથી, ને અયોગ્ય સમજું છું. ગોમતી તમારી સેવા મળે તો જ પેલા ઉપચાર કરાવે એ એને નથી શોભતું. ગમે તે, શુદ્ધભાવે સેવા કરે તેની સેવા સ્વીકારવાની શક્તિ એણે મેળવી લેવી જ જોઈએ.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી; શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી તથા મહાદેવભાઈની ડાયરી, પુસ્તક અગિયારમું

## ૯૯. ગંગાબહેન વૈદ્યને પત્ર

કોઈમ્બતુર,
સોમવાર [ઑક્ટોબર ૧૭, ૧૯૨૭][1]

ચિ. ગંગાબહેન,

તમારા બંને કાગળો મળ્યા. તમે બહેનો મને લખો છો તેથી દુઃખ લાગે તેમ નથી. ત્યાં બનતું બધું જાણવાનો મારો ધર્મ છે. ત્યાં ન રહું તો વિચારોથી મદદ અપાય તેટલી તો આપું.

બહેનોની પ્રાર્થનાની ઉત્પત્તિ તમારાથી થઈ છે. હવે તેમાં તમને રસ ન આવે તો તો દરિયામાં આગ લાગ્યા જેવું જ ગણાય ના? તેમાં જવાનો તો તમારો વિશેષ ધર્મ છે.

ત્યાં જે ખટપટ થઈ તે વિશે હું બધાંને દોરવા ઇચ્છું છું, ન્યાય તોળવા નથી માગતો. છતાં બધાંને મળ્યા વિના મનમાંયે કશો અભિપ્રાય નહીં બાંધું...... નો દોષ મને તો વસ્યો જ નથી. મેં ચિ....નો કાગળ તપાસને અર્થે નથી મોકલ્યો પણ બધી બહેનોની સમજને સારુ ને એકબીજા મળી ચોખવટ કરી નાખે તે સારુ. . . .નો કાગળ વાંચી કોઈએ ખિન્ન થવાનું કારણ જ ન હતું. આપણે વિશે કોઈ કંઈ બૂરું ધારે એ આપણે જાણીએ તેમાં ખિન્ન શાને થઈએ? આપણે બૂરું કર્યું હોય તોયે ખિન્ન ન થતાં જાણીએ ત્યારે તે ધોઈ નાખીએ; ને બતાવનારનો પાડ માનીએ. દોષ વિના દોષારોપણ કરે તો બુઢ્ઢા હોય કે બાળક છતાં તેને અજ્ઞાની માની માફ કરીએ.

બીજી બહેનોને પણ આ જણાવવા ધારો તો જણાવજો.

હવે તમારા પ્રશ્નો —

સોનાની ઉપમા વિશે કંઈ કહેવાનું નથી રહેતું.

બોરડી, બોરીવલી અને માતરમાં તમને શાંતિ હતી કેમ કે ત્યાં તમે મહેમાન હતાં ને સાવધાન હતાં. ત્યાં તમે ઊભું કરેલું વાતાવરણ હતું અથવા મહેમાન સમજી વાતાવરણ તમને અનુકૂળ થઈ જતું હતું. પણ આશ્રમને તમે ઘર ગણ્યું છે, ઘર કર્યું છે. એટલે ત્યાં તમે મહેમાન ન રહ્યાં. બધાં કુટુંબીજન [જેવાં] રહ્યાં એટલે ત્યાં જ તમારી કસોટી થાય. ત્યાં તમને સહુ વઢી શકે, ત્યાં તમને કોઈ ન ગણકારે તોયે તમારે નિભાવવું રહ્યું. નિભાવી શકો તો શાંતિ મેળવો.

૧. આ તારીખે ગાંધીજી કોઈમ્બતુર હતા.

Gandhi Heritage Portal

જ્યાં અશાંતિનું કારણ જ ન હોય ત્યાં મળતી શાંતિ, શાંતિ નથી. અફીણની શાંતિ શા કામની? અશાંતિમાંથી શાંતિ મેળવે તે જ જીતી ગણાય. જ્યાં લગી તમે આશ્રમમાં મહાશાંતિ ન ભોગવો ત્યાં લગી તમે ખરી શાંતિ નથી મેળવી એમ માનજો, ત્યાં લગી તમે આશ્રમવાસિની નથી થયાં.

આશ્રમવાસિની એ કે જે આશ્રમને બધા છોડે તોયે પોતે ત્યાં જ રહી દેહ છોડે. તે વિના આશ્રમ બનવાનું જ નથી.

આશ્રમ બન્યું છે એમ મેં કદી માન્યું નથી. તેને બનાવવાનો આપણે પ્રયત્ન કરી રહ્યાં છીએ.

જેને તમે જીવનનો વિકાસ માનો છો તે વિકાસ જ છે એમ તમે કે અમે કોઈ ન કહી શકીએ. "અંતકાળે પણ જે મારું સ્મરણ કરી શકે છે" અથવા "અંતકાળે પણ જે શાંત છે" તે જ મને પામે છે એ ભગવદ્‌વાક્ય છે. એટલે આપણી પરીક્ષા તો તે જ ટાણે થાય. ને તે પરીક્ષા કોણ કરે? સાચી વાત એ છે કે ખરી શાંતિ આપણે કહી ન શકીએ, અનુભવાય. અસંખ્ય મૂઢને પૂછીએ તો તે શાંત છે એમ જ કહેવાય ના? પણ તે કંઈ જ્ઞાનમય શાંતિ નથી. જ્ઞાનમય શાંતિ અલૌકિક વસ્તુ છે. ભૂખ, તરસ, ઠંડી, તાપ વગેરે સહન કરવાની શક્તિને પણ શાંતિ ન ગણીએ. ઘણા ખૂનીઓએ એ સહનશક્તિ બતાવી છે. પણ તેઓને કોઈ એક વાંકો શબ્દ કહે તો તેઓ તલવાર ખેંચે છે. ખરી શાંતિ તેને હોય જેને "નહીં રાગ ન લોભ ન માન મુદા, જિનકે સમ વૈભવ વા વિપદા."[1]

હજુ ન સમજાયું હોય તો ને ત્યાં લગી પૂછયા જ કરજો.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

મૂળ પત્ર પરથી : સી. ડબલ્યુ. ૮૭૦૫; ગંગાબહેન વૈદ્યના સૌજન્યથી તથા बापुना पत्रो–६ गं. स्व. गंगाबहेनने, पा. ११–१२

## ૧૦૦. આશ્રમની બહેનોને પત્ર

મૌનવાર, ૧૭–૧૦–૧૯૨૭

બહેનો,

તમારો કાગળ મળ્યો છે. તમે બહુ બેચેન થયાં છો એ હું સમજ્યો છું. તેથી હું ગભરાતો નથી. મેં જ્યારે આ વિષય ઉકેલ્યો ત્યારે જ સમજતો હતો કે તમે બેચેન થશો. પણ તે વિના મેલ કાઢી શકાય તેવું મેં ન જોયું. હવે તમે ધીરજ રાખશો. સૌ સારાં વાનાં થશે; ને આપણે નવી ને સાચી શાંતિ અનુભવશું. આપણે એક કુટુંબ બન્યા છીએ. કુટુંબમાં ખળભળાટ થાય તો આપણે શું કરીએ? જો બંને સાચાં હોય તો એકબીજાનો રોષ સહન કરે, પોતે પોતાને શમાવવાનો પ્રયત્ન કરે, તેમ જ આપણે અહીં કરવાનું છે. આપણે સહુ પોતાનો ધર્મ પાળતા થઈ જઈએ તો જે ન પાળતાં હોય તે પાળતાં થઈ જાય અથવા કરડુ મગની જેમ નીકળી જાય. આ ખળભળાટમાંથી એકબીજા પ્રત્યે ઉદારતા રાખવાની શિક્ષા તો લઈ જ લેજો. ઉદારતાનો પદાર્થપાઠ ત્યારે જ શિખાય જ્યારે આપણે જેને દોષિત માનતા હોઈએ ત્યારે પણ તેના પ્રત્યે રોષ ન કરીએ ને પ્રેમ કરીએ, તેની સેવા કરીએ. એકબીજા વચ્ચે વિચારની ને આચારની

૧. रामचरितमानस, ઉત્તરકાંડ.



Gandhi Heritage Portal

એકતા જ્યાં લગી હોય ત્યાં લગી ભાવ રાખીએ છીએ તે ઉદારતા અથવા પ્રેમનો ગુણ નથી. તે કેવળ મિત્રતા છે, પરસ્પર પ્રેમ છે એમ કહેવાય ખરું.

પણ પ્રેમ શબ્દનો ઉપયોગ ત્યાં અનુચિત ગણવો જોઈએ. એને સ્નેહ કહીએ. દુશ્મન પ્રત્યે મિત્રભાવનું નામ પ્રેમ છે.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી : જી. એન. ૩૬૭૧ તથા બાપુના પત્રો–૧ : આશ્રમની બહેનોને, પા. ૪૧–૨

## ૧૦૧. વિ. ઝ. પટેલને તાર[1]

[કોઈમ્બતુર,
ઑક્ટોબર ૧૭, ૧૯૨૭ અથવા તે પછી]

વિઠ્ઠલભાઈ પટેલ
નડિયાદ

નવેમ્બરમાં સિલોન જવાનું નક્કી થયું છે. માંડી વાળવું મુશ્કેલ છે. ૨૧મી સુધી અહીં છું, પછી તિરુપુર[2].

ગાંધી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૨૮૬૨

૧. આ તાર વિઠ્ઠલભાઈના ૧૭મી તારીખના તારના જવાબમાં કરવામાં આવ્યો હતો. એ તાર ગાંધીજીને ૧૭મીએ જ મળ્યો હતો. તાર આ પ્રમાણે હતો : "આપનો કાર્યક્રમ એવી રીતે ગોઠવો જેથી આપ નવેમ્બરની બીજીથી આઠમી સુધી મારી સાથે રહી શકો. ઘણી મહત્ત્વની બાબત છે. તમારા પરનો મારો પત્ર લઈને દયાળજી અહીં આવે છે."

૨. આ તારના જવાબમાં વિઠ્ઠલભાઈએ વળતો તાર કર્યો : "આપને બધી મુશ્કેલીઓ હઠાવીને બીજી તારીખે મારી સાથે આવવું પડશે. તેથી આપનો કાર્યક્રમ એ પ્રમાણે ગોઠવો અને તારથી જવાબ આપો. દયાળભાઈ અહીંથી નીકળી ગયા છે." વિઠ્ઠલભાઈ વાઇસરૉય તરફથી ગાંધીજીનું વલણ તપાસતા હતા એમ સ્પષ્ટ જણાય છે. વાઇસરૉયના વિઠ્ઠલભાઈ પર તા. ૧૩–૧૦–૧૯૨૭ના પત્રમાં બીજી બાબતો સાથે કહેવામાં આવ્યું છે કે, "હવે હું એમ કહેવાની સ્થિતિમાં છું કે હું શ્રી ગાંધી તથા ડૉ. અનસારીને દિલ્હી આવીને મને મળવાનું આમંત્રણ આપવા ઇચ્છું છું; અને તેથી, તેઓ મારા આમંત્રણનો સ્વીકાર કરવા ઇચ્છે છે કે કેમ તે તેમની પાસેથી જાણી લેશો તો આભારી થઈશ." વિઠ્ઠલભાઈ પટેલ, લાઈફ એન્ડ ટાઇમ્સ, ખંડ ૨

Gandhi Heritage Portal

# ૧૦૧(૧). શ્રી બાલાજીરાવ સાથે વાતચીત[૧]

[ઑક્ટોબર ૧૭–૧૮, ૧૯૨૭][૨]

શ્રી બાલાજીરાવ એક વકીલ હતા. તેમણે અસહકારમાં પોતાનું બધું સોનું – અમુક હજારનું– રાજગોપાલાચારીને આપી દીધેલું, અને વકીલાત છોડેલી તે છોડેલી. આજે એઓ ખાદીનું અર્થ-શાસ્ત્ર સમજવાને અનેક પુસ્તકોનો અભ્યાસ કરી રહ્યા છે. પોતે વાંચેલાં પુસ્તકોનો એક ઢગલો લઈને તેઓ ગાંધીજીને ભેટ આપવા લાવ્યા હતા. તે દિવસે સોમવાર હતો. તેમનો ખૂબ આભાર માની ગાંધીજીએ તેમને બીજે દિવસે આવવા કહ્યું. બિચારા એટલા તો નમ્ર છે કે આખો દિવસ બહાર બેસી રહે, પણ આવ્યા છે એમ કહે નહીં; ગાંધીજી પાસે આવે તો પૂછયા વિના એકે શબ્દ બોલે નહીં. ગાંધીજી તો એમને દોરવા માગતા હતા. બોલાવેલા બીજે દિવસે એ આવ્યા એટલે ગાંધીજીએ એમને કહ્યું :

તમે યંગ इन्डिया માટે ઉતારા મોકલો છો તે ઉપરથી તમે ખાદી વિશે બહુ વ્યવહારજ્ઞાન ધરાવતા હો એમ નથી લાગતું. એ વ્યવહારજ્ઞાન હોય તો આ પુસ્તકોમાંથી તમે અનેક વસ્તુઓ ઉપજાવી શકો.

હું તો આ બાબતમાં વેત્તા નથી, માત્ર શોખ ધરાવું છું.

હા; પણ ઘણી વાર શોખ ધરાવનારો વેત્તા કરતાં ચડી તો જાય. ગ્લૅડ્સ્ટન થોડા જ લાકડાં ચીરવાનો ધંધો શીખ્યા હતા? તેમને તો માત્ર શોખ હતો. પણ તે તેના વેત્તા બની ગયા હતા એમ કહેવાય. કયું કેમ કપાય, કયાં કુહાડી મૂકી શકાય એ બધી વાતોની તેમને જેવી ખબર હતી તેવી બીજા કોઈને નહોતી. બ્રૅડલો કાંઈ વકીલ નહોતા પણ તેમને કાયદાના જ્ઞાનનો શોખ હતો, એટલે તેમણે कायदामां अक्कल નામનું પુસ્તક લખ્યું, જે લખવાની મગદૂર ઘણા વકીલોની પણ નહોતી. તેમના ઉપર એક વાર દરિયાકિનારે ભાષણ ન કરવાનો હુકમ હતો, એટલે તેમણે પાણીમાં જઈ હોડી ઉપર પ્લૅટફૉર્મ કર્યું, અને પોલીસે આભા થઈને જોયા કીધું! આપણે ત્યાં એવા વકીલો નહીં છતાં કાયદાના જ્ઞાનના શોખીન ગોખલે હતા, શાસ્ત્રી છે. એમ તમે તમારા ખાદીના શોખને જીવંત કરી મૂકો, તમે જે શ્રદ્ધાથી આ વાચન ચલાવો છો તે શ્રદ્ધાને જ્ઞાનવાન બનાવો એ માગું. તમારું વાચન શોધખોળવાળું હોય, તમારા વાચનમાં પસંદગી હોય, અને અમુક ધ્યેય હોય એમ હું ઇચ્છું છું. તમે એટલું જ જણાવો એ બસ નથી કે ફલાણે ઠેકાણે રેંટિયા ચાલતા હતા, કારણ યંત્રો આવ્યાં તે પહેલાં બધે જ તે ચાલતા હતા, પણ તમારે તો બતાવવું જોઈએ કે જુદે જુદે સ્થાને રેંટિયા બંધ પડવાની શી અસર થઈ, લોકોને બીજા શા ધંધા મળ્યા, કયાં કયાં એનું પુનરુજ્જીવન શકય છે અને કરવા યોગ્ય છે. એ બધું તમારા અભ્યાસમાંથી નીકળવું જોઈએ.

[મૂળ ગુજરાતી]

नवजीवन, ૩૦–૧૦–૧૯૨૭

૧. नवजीवनમાં આ લેખ મહાદેવ દેસાઈના “સાપ્તાહિક પત્ર”માં “એક વિદ્યાર્થી” પેટામથાળા હેઠળ આવે છે.

૨. આ વાતચીત કોઇમ્બતુરમાં થયેલી. આ લેખમાં તે સોમવારે અને મંગળવારે થઈ હોવાનો ઉલ્લેખ છે. ૧૬થી ૨૨ ઑક્ટોબર સુધી ગાંધીજી કોઇમ્બતુરમાં હતા. સોમવાર ૧૭ ઑક્ટોબરે આવતો હતો. તે પરથી તારીખ નક્કી કરી છે.

Gandhi Heritage Portal

## ૧૦૨. રામેશ્વરદાસ પોદ્દારને પત્ર

પ્રવાસમાં,
આસો વદ ૮ [ઑક્ટોબર ૧૮, ૧૯૨૭][1]

ભાઈ રામેશ્વરદાસ,

શું લખું? નરકમાં રહો છો એવું કેમ માનો છો? શા માટે રહો છો? એટલું સમજો કે રામનામ સિવાય આપણી પાસે બીજો કોઈ ઉપાય નથી. નિશ્ચય કરી લો કે રામકૃપાથી હૃદયનો બધો મેલ દૂર થઈ જશે.

બાપુના આશીર્વાદ

[મૂળ હિંદી]

પત્રની છબી પરથી: જી. એન. ૧૮૫

## ૧૦૩. હિંદુ શા માટે?

પોતાને હિંદુસ્તાનનાં આજીવન મિત્ર તરીકે ઓળખાવનાર એક અમેરિકન બહેન લખે છે:

> હિંદુ ધર્મ પૂર્વના મહાન ધર્મોમાંનો એક છે. આપે હિંદુ ધર્મ અને ખ્રિસ્તી ધર્મનો અભ્યાસ કર્યો છે અને તેને પરિણામે આપે હિંદુ હોવાનું જાહેર કર્યું છે. આપ આપની આ પસંદગીનાં કારણો અમને જણાવવાની મહેરબાની કરશો? હિંદુઓ અને ખ્રિસ્તીઓ બંને એમ માને છે કે ઈશ્વરને ઓળખવા અને શુદ્ધ ભાવે તથા સત્યનિષ્ઠાએ તેની ઉપાસના કરવી એ જ મનુષ્યનું પ્રધાન કર્તવ્ય છે. અમેરિકાના ખ્રિસ્તીઓએ, ઈશુને પરમાત્માનું વ્યક્ત રૂપ માનીને, તેને વિશે હિંદુસ્તાનના લોકોને કહેવા માટે પોતાનાં હજારો પુત્રપુત્રીઓને હિંદુસ્તાન મોકલ્યાં છે. તેના બદલામાં આપ હિંદુ ધર્મ વિશેનું આપનું નિરૂપણ અમને ન જણાવો, અને હિંદુ ધર્મ તથા ઈશુના ઉપદેશની પરસ્પર તુલના ન કરો? આને માટે હું તમારો ઘણો આભાર માનીશ.

મેં કેટલીયે મિશનરીઓની સભાઓમાં અંગ્રેજ અને અમેરિકન પાદરીઓને કહેવાની હિંમત ધરી છે કે ઈશુ વિશે હિંદુસ્તાનને તેમણે "કહેવાનું" મોકૂફ રાખ્યું હોત, અને તેના ગિરિપ્રવચનને જ માત્ર પોતાના જીવનમાં આચરી બતાવ્યું હોત, તો હિંદુસ્તાન તેમને વિશે કશી શંકા ન રાખત, દેશીઓ વચ્ચેના તેમના જીવનની કદર કરત અને તેમની હાજરીનો સીધો લાભ મેળવત. આવો મારો અભિપ્રાય હોવાથી હું અમેરિકન મિત્રોને હિંદુ ધર્મ વિશે "બદલા"માં કંઈ પણ કહી શકું એમ નથી. લોકો બીજાને પોતાના ધર્મ વિશે, ખાસ કરીને ધર્માંતર કરાવવાના ઉદ્દેશથી કહે એમાં હું માનતો જ નથી. ધર્મ કહ્યો જતો નથી. ધર્મ તો આચરવો જોઈએ. અને ત્યારે જ

૧. પત્રમાંની વાત પરથી વરસ નક્કી કરવામાં આવ્યું છે. જુઓ. પુસ્તક ૩૪, પા. ૨૧૩.

Gandhi Heritage Portal

તેનો સ્વયંપ્રચાર થાય છે. મારા પોતાના જીવનમાં હિંદુ ધર્મનું રહસ્ય સ્ફુટ થાય તે વિના બીજી રીતે એ રહસ્ય સમજાવવાને હું યોગ્ય નથી. અને જો હું લખીને હિંદુ ધર્મનું રહસ્ય ન જણાવું તો હું ખ્રિસ્તી ધર્મ સાથે તેની સરખામણી પણ ન કરું. એટલે ટૂંકામાં હું હિંદુ શા માટે છું એ જ જણાવી દઉં.

કુળની અસરમાં હું માનું છું એટલે હિંદુ કુટુંબમાં જન્મ ધરીને હું હિંદુ રહ્યો છું. મારા નીતિવિચારથી અથવા મારા આત્મવિકાસથી કંઈ પણ વિરુદ્ધ વસ્તુ હિંદુ ધર્મમાં મેં જોઈ હોત તો મેં એનો ત્યાગ કર્યો હોત. પણ પરીક્ષા કરવાથી લાગ્યું છે કે મારી જાણના બધા ધર્મોમાં હિંદુ ધર્મ સૌથી વધુ સહિષ્ણુ છે. હિંદુ ધર્મ એના અનુયાયીઓએ માનવા જ જોઈએ એવા સિદ્ધાંતોની જાળથી મુક્ત છે. આ મને બહુ ગમે છે. કારણ તેથી હિંદુ ધર્મીને આત્મોન્નતિનો વિશાળમાં વિશાળ અવકાશ રહે છે. હિંદુ ધર્મ સાંકડો નથી તેને લીધે હિંદુઓ બીજા બધા ધર્મોને માન આપી શકે છે, એટલું જ નહીં પણ બીજા ધર્મોમાં સાર હોય તે ગ્રહણ પણ કરી શકે છે. અહિંસા ધર્મમાત્રને સામાન્ય છે. પણ હિંદુ ધર્મમાં એ સિદ્ધાંતની ખિલવણી તથા પ્રયોગ બધાથી વિશેષ છે. (જૈન ધર્મ તથા બૌદ્ધ ધર્મને હું હિંદુ ધર્મથી નોખા નથી ગણતો.) કેવળ મનુષ્યમાત્ર જ નહીં પણ જીવમાત્ર એક છે એમ હિંદુ ધર્મ માને છે. મારા મત પ્રમાણે હિંદુ ધર્મના ગોરક્ષાના સિદ્ધાંતે દયાધર્મના વિકાસમાં અપૂર્વ ફાળો આપ્યો છે. ગોરક્ષા એટલે જીવમાત્રની એકતા અને પવિત્રતાના સિદ્ધાંતનો વ્યાવહારિક પ્રયોગ. પુનર્જન્મનો મહાન સિદ્ધાંત “एकमेवाद्वितीयम्”ના સિદ્ધાંતના ફળરૂપ છે. છેવટે વર્ણાશ્રમ ધર્મ સત્યની નિરંતર શોધનું ભવ્ય પરિણામ છે. આ સ્થળે ઉપર દર્શાવેલી વસ્તુઓની વ્યાખ્યાઓથી હું લેખને લંબાવતો નથી. પણ એટલું કહી દઉં કે ગોરક્ષા તથા વર્ણાશ્રમ વિશે આજનો જે ખ્યાલ છે તે મારે મતે મૂળ વસ્તુની વિડંબના જ છે. ગોરક્ષા તથા વર્ણાશ્રમ વિશે મેં જૂના અંકોમાં વ્યાખ્યા કરી છે. તે જિજ્ઞાસુએ જોઈ લેવી. વર્ણાશ્રમ વિશે તરતમાં લખવાની હું આશા રાખું છું. હિંદુ ધર્મનાં જે વિશિષ્ટ લક્ષણોને લઈ હું હિંદુ ધર્મ પાળું છું એ લક્ષણોની અત્યંત ટૂંકી રૂપરેખા જ મેં આ સ્થળે આપી છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २०-१०-१९२७

ભાષાંતર : नवजीवन, ૩૦-૧૦-૧૯૨૭

Gandhi Heritage Portal

## ૧૦૪. વિ. ઝ. પટેલને તાર

ઑક્ટોબર ૨૦, ૧૯૨૭

દયાળજી હમણાં જ આવ્યા. તમારો તાર પણ આવ્યો. સિલોનના કાર્યક્રમમાં ફેરફાર કરવાનું મુશ્કેલ. આમંત્રણ મળે તો પાછળથી દિલ્હી કે બીજી જગ્યાએ ખુશીથી જાઉં. મારા અભિપ્રાય મુજબ હાલની પરિસ્થિતિમાં મુત્સદ્દીગીરીને માર્ગે ઉપયોગી સેવા કરી શકું એવી મને આશા નથી. જો મારી મર્યાદાઓ છતાં તરત દિલ્હી આવવાનું જરૂર લાગે તો સિલોનની મુલાકાત મુલતવી રાખવા અને દિલ્હી આવવા તૈયાર છું, પણ શરત એટલી કે આમંત્રણ જાહેર કરવામાં આવે અને મુલાકાતના સાર વિશે સંમત નિવેદન પ્રગટ કરવાની અનુમતિ આપવામાં આવે. તમને આ સંતોષકારક લાગતું હોય તો આનો પૂરો પાઠ યોગ્ય જગ્યાએ મોકલશો. પણ અંગત રીતે તમને કહું છું કે આ બાબતથી મને મુક્ત રાખો. હું કાલે અહીં છું, ચોવીસમી સુધી તિરુપુર છું અને પચીસમીએ કાલિકટ.

[મૂળ અંગ્રેજી]

વિઠ્ઠલભાઈ પટેલ, લાઇફ એન્ડ ટાઇમ્સ, ખંડ ૨, પા. ૭૭૭

## ૧૦૫. વિ. ઝ. પટેલને તાર[1]

ઑક્ટોબર ૨૦, ૧૯૨૭

તમારો તાર મળ્યો. હું માનું છું કે શરતો અપમાનકારક કે સખત નથી, પણ જાહેર હિતમાં ઇચ્છનીય છે. પૂરો પાઠ તારથી મોકલો.

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૧૨૮૬૪

૧. આ તાર વિ. ઝ. પટેલના ૨૦–૧૦–૧૯૨૭ના તારના જવાબમાં કરવામાં આવ્યો હતો. તાર આ પ્રમાણે હતો: "આપના તારનો પૂરો પાઠ યોગ્ય જગ્યાએ મોકલું તે પહેલાં આપને ફરીથી વિનંતી કરું છું કે આપ વગર શરતે આમંત્રણનો સ્વીકાર કરો. આપનું આ જ વલણ કાયમ રહેતું હોય તો હું પૂરો પાઠ મોકલી દઈશ અને જવાબ આપને જણાવીશ. તરત તાર કરશો."

Gandhi Heritage Portal

## ૧૦૬. વી. એસ. શ્રીનિવાસ શાસ્ત્રીને પત્ર

કોઈમ્બતુર,

ઑક્ટોબર ૨૦, ૧૯૨૭

પ્રિય ભાઈ,

હમણાં હમણાં દક્ષિણ આફ્રિકાથી ગરમાગરમ ખબરો આવી રહી છે. આની સાથે છાપાની એક કાપલી છે. જે બને છે તે હું જોઈ રહ્યો છું, પણ કંઈ ન બોલવામાં ડહાપણ માનું છું. પણ જરૂર જણાશે ત્યારે વચ્ચે પડતાં હું અચકાઈશ નહીં. મને વ્યગ્ર કરનારી વસ્તુ મણિલાલના પત્રનો એક ફકરો છે, જેનો અનુવાદ નીચે આપું છું:

> તેમનાં ભાષણોથી મને પૂરો સંતોષ નથી.[1] તેઓ સામ્રાજ્યની પ્રશંસા કરવામાં અને તેનાથી હિંદુસ્તાનને થયેલા લાભો ગણાવવામાં હદ બહાર જાય છે. આમ તેઓ યુરોપિયનોને ખુશ કરવાનું જરૂરી સમજે છે. તેઓ એમ માનતા લાગે છે કે આ રીતે જ આપણે અહીં કંઈક મેળવી શકીશું. આ ભાષણોની અસર હિંદમાં સારી નહીં થઈ શકે. તેથી તેમણે મને કહ્યું છે કે તેમનાં ભાષણો મારે इन्डियन ओपीनियनમાં ન છાપવાં.

મને લાગ્યું કે મણિલાલનો આ પત્ર મારે તમને મોકલવો જોઈએ. કારણ, તે સારો છોકરો છે અને બહાદુર છોકરો છે. સામ્રાજ્ય વિશેના મારા હાલના વિચારો તે જાણે છે, તેથી મને તેની મનોવૃત્તિ વિશે આશ્ચર્ય થતું નથી. તેનામાં એટલું સમજવાની વિવેકબુદ્ધિ નથી કે આપણે સામ્રાજ્ય વિશે એકસરખા વિચારો ન ધરાવતા હોવા છતાં સગાભાઈઓ જેવા છીએ. મેં તેને તેના આ પત્ર વિશે વિશેષ કંઈ કહ્યું નથી, માત્ર ઉતાવળે અભિપ્રાય પર આવવા સામે ચેતવણી આપી છે અને કહ્યું છે કે તમે પ્રામાણિકપણે માનો છો કે સામ્રાજ્યની પ્રવૃત્તિ સરવાળે લાભદાયક છે. પણ અલબત્ત, તમે તેને તમારી પાસે બોલાવીને, તમારા પુત્રને વાત કરો તેમ વાત કરતાં અચકાશો નહીં. હું આશા રાખું છું કે તમે અહીં કેટલાંક છાપાંમાં અવારનવાર જે કંઈ આવે છે તે વિશે અથવા ત્યાં લોકો જે વાતો કરતા હોય તે વિશે ચિંતા નહીં કરો. જ્યારે તમે મારી પાસે કંઈ કરાવવા ઇચ્છો ત્યારે મહેરબાની કરીને મને કહેતાં અચકાશો નહીં. અલબત્ત, તમે જાણો છો કે ખાસ કરીને રોજેરોજ પ્રવાસમાં હોઉં છું ત્યારે હું છાપાં ધ્યાનથી વાંચતો નથી.

ઈશ્વર તમને તંદુરસ્ત રાખે.

સસ્નેહ,

તમારો

**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

लेटर्स ऑफ श्रीनिवास શાસ્ત્રી, પા. ૧૬૯–૭૦

૧. શ્રીનિવાસ શાસ્ત્રીએ ઑક્ટોબર ૯, ૧૯૨૭ને દિવસે પ્રિટોરિયાથી પોતાના ભાઈને લખ્યું હતું: "સામ્રાજ્ય વિશેના મારા વિચારોની ટીકાની મેં પૂરી અપેક્ષા રાખી હતી. લોકોએ સારાનરસા વચ્ચે ભેદ પાડતાં શીખવું જોઈએ. જેનો અંતરાત્મા જાગ્રત છે એવા જાહેર વક્તાએ ઘણી વાર સત્ય છુપાવવાનો દોષ વહોરીને સંતોષ માનવો જોઈએ. જો તે અસત્યને ઉત્તેજન ન આપતો હોય તો તેણે શક્ય તેટલું કરેલું કહેવાય."

Gandhi Heritage Portal

## ૧૦૭. પ્રભાવતીબહેનને પત્ર

આસો વદ ૧૦ [ઑક્ટોબર ૨૦, ૧૯૨૭][1]

ચિ. પ્રભાવતી,

તારો પત્ર મળ્યો જ હતો. પરંતુ સમય ન હોવાથી આથી વહેલો જવાબ લખી શક્યો નથી.

તને આશ્રમમાં મોકલવા વિશે મારા બધા પ્રયત્નો હજુ સુધી તો નિષ્ફળ ગયા છે. હવે તો મેં આશા લગભગ છોડી દીધી છે. ચિ. મૃત્યુંજય શું કરશે તેની પણ કંઈ ખબર નથી. હવે તો તું તારા પોતાના બળે આવી શકે તો જ બની શકે. પિતાજી સાથે વાત કર અને તેઓ કોઈ પણ ઉપાયે તને મોકલી શકે તો સારું. આશ્રમ જવાની તક ન મળે તોપણ કદી અશાંત ન થઈશ. આશ્રમમાં અમે જે શ્લોકો બોલીએ છીએ તેમાં એક આ છે :

दुःखेष्वनुद्विग्नमनाः सुखेषु विगतस्पृहः
वीतरागभयक्रोधः स्थितधीर्मुनिरुच्यते ।।[2]

અથવા તુલસીદાસે કહ્યું છે :

जिनके सम वैभव वा विपदा[3]

તારા પતિની કંઈ વધુ ભાળ મળી હોય તો લખજે.

મારી તબિયત સારી રહે છે. આ પત્ર તારા હાથમાં આવશે ત્યારે હું મૅંગલોરની નજીક હોઈશ.

૨૬–૩૧ મૅંગલોર
નવેમ્બર ૪–૧૯ કોલંબો
ત્રણ દિવસ દરિયામાં જશે.

બાપુના આશીર્વાદ

[મૂળ હિંદી]
પત્રની છબી પરથી : જી. એન. ૩૩૩૦

૧. વરસનો નિર્ણય પ્રવાસના કાર્યક્રમ પરથી કરવામાં આવ્યો છે.
૨. ભગવદ્ગીતા ૨, ૫૬.
૩. रामचरितमानस, ઉત્તરકાંડ.

Gandhi Heritage Portal

## ૧૦૮. મણિલાલ અને સુશીલાબહેન ગાંધીને પત્ર

ગુરુવાર, ઑક્ટોબર ૨૦, ૧૯૨૭

ચિ. મણિલાલ અને સુશીલા,

તમારા કાગળો મળ્યા છે.

તમારા શાસ્ત્રીજી વિશેના કાગળમાંથી તેને વિશેનો તમારો અભિપ્રાય મેં તેને મોકલ્યો છે. મને લાગ્યું કે તે જાણે એ જ બરોબર છે. ભાષણોના છૂટાછવાયા ઉતારા તેમને ઉતારી પાડવાના ઈરાદાથી કોઈએ અહીંના છાપામાં મોકલ્યા છે. સામ્રાજ્યની સ્તુતિ તે કરે તેમાં મને નવાઈ કે દુઃખ ન થાય કેમ કે તેમનો એવો અભિપ્રાય છે, નહીં તો નોકરી ન લે. છતાં તમારા મનમાં જે આવે તે તમે તેમની પાસે વિનયપૂર્વક મૂકી શકો છો કે જેથી તમને કંઈ કહેવું હોય તો કહે ને સમજાવે. કશી બાબતમાં ઉતાવળ ન કરજો.

દેવદાસને હરસનું ઑપરેશન કરાવ્યું છે. ત્રિચીમાં દાક્તર રાજને કર્યું છે. તેની ઈસ્પિતાલમાં જ છે. હવે તો બહુ સારું છે. જરા ઝખમ છે તે રુઝાઈ જશે. મને પરમ દિવસે મળશે.

આશ્રમના તમારી પાસે મોકલેલા માલના લેણા છે તે તમારે તુરત મોકલી દેવાની જરૂર છે. મેં તમને સમજાવ્યું છે કે એ પૈસા તો રોકાય જ નહીં કેમ કે આશ્રમને એવી ધીરધાર કરવાનો અધિકાર જ નથી. તેથી ઉતાવળે આ પૈસા ચૂકવી દેજો.

સુશીલાનું વજન કેટલું વધ્યું? હવે તે કેટલા માઈલ ચાલી શકે? કાને કેમ રહે છે? બીબાં ગોઠવે છે? ગીતાજીનો ઉપયોગ થાય છે?

બાપુના આશીર્વાદ

[તા. ક.]

ઍન્ડ્રૂઝે પ્રાગજી બાબત નાતાલ તાર કર્યો છે એવો તેનો તાર મળ્યો છે.

તમારો કાગળ હમણાં જ આવ્યો છે. તેમાં તમને એક મેલે કાગળ ન મળ્યાનું લખો છો તે મળી જવો જોઈએ. એક મેલ સરતચૂકથી ભુલાઈ છે ખરી.

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી : જી. એન. ૪૭૨૬

Gandhi Heritage Portal

## ૧૦૯. મીરાંબહેનને પત્ર

ઑક્ટોબર ૨૧, ૧૯૨૭

ચિ. મીરાં,

તારા પત્રો મને નિયમિત મળે છે. તું જેટલા ઇચ્છે તેટલા પત્રો લખવાની હું તને મના નથી કરતો. મેં એટલું જ કહ્યું હતું કે તું મને અઠવાડિયે એક પત્ર લખીશ તો મને સંતોષ થશે. એકે પત્ર ન મળે તો મને ચિંતા થાય. રોજ એક પત્ર લખવાની તને ઇચ્છા થાય તો હું એ આવકારીશ.

તને તાપમાં ફરવામાં તકલીફ તો નથી થતી ને? તાપથી માથાનું રક્ષણ કરવા માટે તું કંઈ પહેરે છે? હૅટ પહેરવાની જરૂર લાગતી હોય તો તે પહેરતાં અચકાઈશ નહીં.

હું માનું સ્થાન લઉં છું અથવા હું એ વિશિષ્ટ અધિકારનું સ્થાન લઉં છું છતાં તેથી સાચી માનું તો તારે મન આ પહેલાં કદી હતું તેના કરતાં પણ વધુ મહત્ત્વ હોવું જોઈએ. મારો તારી સાથેનો સંબંધ શુદ્ધ થાય તે માટે એ સંબંધે તારા બધા સ્નેહસંબંધોને દૃઢ બનાવવા જોઈએ. માત્ર તે સંબંધો વધુ શુદ્ધ થવા જોઈએ અને તેમનામાંથી સ્વાર્થનો અંશ નીકળી જવો જોઈએ.

સસ્નેહ,

બાપુ

[મૂળ અંગ્રેજી]

મૂળ પત્ર પરથી: સી. ડબલ્યુ. ૫૨૮૮; શ્રીમતી મીરાંબહેનના સૌજન્યથી

## ૧૦૯ (૧). કોઇંબતુરમાં ખાદીમંડળના સભ્યોને સલાહ[1]

[ઑક્ટોબર ૨૨, ૧૯૨૭ કે તે પછી][2]

અમે કોઈંબતુરમાં હતા ત્યારે કેટલાક ખાદીપ્રેમીઓએ ગાંધીજીની પાસે આવીને આવો સવાલ કર્યો હતો, અને તેમને ગાંધીજીએ જે જવાબ આપ્યો હતો તે અહીં[3] આ ખાદીમંડળના સભ્યોને માટે ઉતારું છું:

જેમ સાચા હિંદુ થયા વિના તમે હિંદુ ધર્મની સાચી સેવા ન કરી શકો, તેમ સાચા ખાદીધારી થયા વિના તમે ખાદીનો પ્રચાર પણ ન કરી શકો. તમે તપાસી જુઓ કે તમારા ઘરના ખૂણેખૂણામાં પડેલાં કપડાંના કટકા ખાદીના છે કે મિલના છે; તમે તમારા દિલને પૂછો કે તમારા ઘરનું પ્રત્યેક માણસ ખાદી સિવાય બીજું કશું પહેરે છે કે નહીં; અને તમને સમજાશે કે હજી કેટલું કરવાનું બાકી છે. જુઓ પેલો કાપડનો કટકો પડયો છે તે! એનો ઈતિહાસ છે. હું ફરીને

૧. શ્રી મહાદેવ દેસાઈના "સાપ્તાહિક પત્ર"માંથી. દિલ્હીના ખાદીમંડળ સાથેની વાતચીત દરમ્યાન ગાંધીજી આનો ઉલ્લેખ કરે છે.

૨. આ તારીખ સુધી ગાંધીજી કોઇંબતુરમાં હતા.

૩. દિલ્હીના. જુઓ લેખ ૧૩૮ (૧).

Gandhi Heritage Portal

આવ્યો ત્યારે મારે પગની ધૂળ સાફ કરવા કપડું જોઈતું હતું. કસ્તૂરબાઈને બીજું કપડું ન જડયું તે આ કપડું ક્યાંકથી ઉઠાવ્યું અને ધરી દીધું. મેં એ વિચાર વિના ઉઠાવી લીધું, અને પગ લૂછી લીધા. મારે એ નહોતું વાપરવું જોઈતું, પણ મેં એ વાપર્યું એનો અર્થ એ છે કે જે જાતના આદર્શ ખાદીધારી હોવું જોઈએ તેવો આદર્શ ખાદીધારી હું નથી. તમે એવા ખાદીધારી થશો ત્યારે ખાદી સાર્વત્રિક થતાં વાર ન લાગે. આપણે પ્રથમ પંડની સાથે સાચા થવું જોઈશે. અને તમને આટલા કટ્ટર થવાનું હું કહું છું તે શા સારુ? પરદેશી કાપડ બનાવનારનો મને દ્વેષ છે તેથી નહીં; પણ હું દરરોજ દીવા જેવું સ્પષ્ટ જોઉં છું કે વિલાયતી કાપડ માટે અપાતો દરેક આનો મારા ગરીબ ભૂખે મરતા પડોશીની પાસેથી હું છીનવી લઉં છું, અને ખાદીને માટે વપરાતો દરેક આનો એ કોઈ ભીડ ભોગવતા મારા પડોશીના ગજવામાં પડે છે. આ માણસો જો હું તેમની બનાવેલી ખાદી ન લઉં તો ભૂખે મરે. ખાદી મંડળનો દરેક સભ્ય આ વસ્તુ સમજે અને બીજાને સમજાવી શકે એ આવશ્યક છે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧૩–૧૧–૧૯૨૭

## ૧૧૦. સુરેન્દ્રને પત્ર

[ઑક્ટોબર ૨૨, ૧૯૨૭ પછી][1]

ચિ. સુરેન્દ્ર,

તમારો કાગળ મળ્યો. પૂ. ગંગાબહેન[2] માગે છે કે તમારે બહેનોના વર્ગને થોડો સમય રોજ દેવો. મને આ માગણી ગમે છે. થોડો સમય બચાવી શકાય તો જરૂર દેજો.

આજ સુંદરમ્[3] અહીં અનાયાસે મળી ગયો. મેં તો દેવદાસને ત્યાં જ આવવાનું સૂચવેલું. વર્ધા પસંદ કર્યું છે. તેનો જખમ રુઝાતાં કેટલોક સમય જશે એવો ભય છે.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી : એસ. એન. ૯૪૧૦

૧. દેવદાસના જખમના ઉલ્લેખ પરથી. ૨૭–૧૦–૧૯૨૭ને દિવસે ગાંધીજી દેવદાસને મળવા ધારતા હતા. જુઓ "મણિલાલ અને સુશીલાબહેન ગાંધીને પત્ર", ૨૦–૧૦–૧૯૨૭.

૨. ગંગાબહેન વૈદ્ય.

૩. ત્રિભુવનદાસ લુહાર, ગુજરાતના પ્રસિદ્ધ કવિ શ્રી સુંદરમ્.

Gandhi Heritage Portal

## ૧૧૧. વિ. ઝ. પટેલને તાર[1]

તિરુપુર,
ઑક્ટોબર ૨૩, ૧૯૨૭

તમારો તાર હમણાં જ મળ્યો. પ્રકાશનની મુશ્કેલી સમજું છું અને મારી હાજરી દેખીતી રીતે અગત્યની છે એ જોતાં આમંત્રણ આવશે તો ખુશીથી સ્વીકારીશ. ચોવીસમી સુધી તિરુપુરમાં છું. પચીસમીએ કાલિકટ. છવીસમીએ અને ત્યાર પછી મેંગલોર.

ગાંધી

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૧૨૮૬૫

## ૧૧૨. તિરુપુરમાં વિદ્યાર્થીઓ સમક્ષ ભાષણ

ઑક્ટોબર ૨૩, ૧૯૨૭

[2]ગીતાનો વર્ગ ખુલ્લો મૂકતાં મહાત્માજીએ વિદ્યાર્થીઓને સવારે ચાર વાગ્યે ઊઠીને નિયમિત ગીતાનો પાઠ કરવા કહ્યું. એમણે કહ્યું કે ગીતાનો અભ્યાસ તમે ખરા મનથી શરૂ કરો એમ હું ઇચ્છું છું.

ગીતા તામિલી અનુવાદ સાથે વાંચજો — અંગ્રેજી અનુવાદ સાથે નહીં. પરદેશી બોધભાષામાં તમે એનું હાર્દ અપનાવી શકશો નહીં.

ભગવદ્‌ગીતાનો આદરપૂર્વકનો અભ્યાસ મને જેટલું આશ્વાસન આપે તેટલું બીજું કોઈ આપી શકે એવું હું કલ્પી શકતો નથી. અને જો વિદ્યાર્થીઓ એટલું યાદ રાખે કે, જે, ગીતાનો અભ્યાસ કરે છે તે, એમના સંસ્કૃતના જ્ઞાનનું પ્રદર્શન કરવા માટે નહીં — અરે, એમના, ગીતાના

૧. આ તાર વિઠ્ઠલભાઈ પટેલના ઑક્ટોબર ૨૩, ૧૯૨૭ના તારના જવાબમાં કરવામાં આવ્યો હતો. તાર આ પ્રમાણે હતો: "વાઇસરૉય તરફથી નીચેનો તાર મળ્યો: શરૂ: '૨૮ સી. ૨૦મી ઑક્ટોબરના તમારા તાર માટે આભાર માનું છું. ગાંધીની મુશ્કેલી હું બરાબર સમજું છું અને ખાસ કરીને તેમની તબિયત જોતાં, તેમને પોતાના કાર્યક્રમમાં ફેરફાર કરીને લાંબી મુસાફરી કરવાનું હું સૂચવીશ નહીં. સિવાય કે તેમને મળવાનું મને મહત્ત્વનું લાગે. મુલાકાત થાય તો આમંત્રણની હકીકત જાહેર કરવામાં આવે એ બાબત હું તદ્દન રાજી છું. પરંતુ મને લાગે છે કે મુલાકાતની વસ્તુ બાબત નિવેદન કરવા હું સંમત થઈ શકતો નથી. કારણ એથી મુલાકાતની ગુપ્તતાને હાનિ પહોંચ્યા વગર નહીં રહે. જો તમારા તરફથી મને જાણવા મળશે કે આ સંજોગોમાં તેઓ દિલ્હી આવશે તો હું તેમને ખુશીથી આમંત્રણ આપીશ. આ જાણી લઈને મને તારથી જણાવો. તે દરમ્યાન તમને કંઈ વાંધો ન હોય તો, મારો વિચાર ડૉ. અનસારીને, વધુ વિલંબ કર્યા સિવાય ૨૭ નવેમ્બરે અહીં આવીને મને મળવા માટે આમંત્રણ આપવાનો છે.' સમાપ્ત. દેશને ખાતર મારી સલાહ અને આગ્રહ છે કે આપ મને વાઇસરૉયને એવી ખાતરી આપવાની રજા આપો કે આપ તેમનું આમંત્રણ સ્વીકારશો. જવાબ તરત આપો."

૨. આ પૅરેગ્રાફનો અનુવાદ અંગ્રેજી પુસ્તક પરથી આપ્યો છે. મહાદેવભાઈની ડાયરીમાં એ નથી.

Gandhi Heritage Portal

જ્ઞાનનું પણ પ્રદર્શન કરવા માટે નહીં —, તો એમને જણાશે કે એનો અભ્યાસ, એમાંથી આધ્યાત્મિક સાંત્વન મેળવવા માટે અને એમની સામે આવી ઊભેલી નૈતિક મુશ્કેલીઓ નિવારવા માટે એ કરે છે. જે કોઈ એનો માનપૂર્વક અભ્યાસ કરે છે તે દેશનો અને તેની મારફત મનુષ્યમાત્રનો સાચો સેવક બન્યા વિના રહેતો નથી.

ત્રીજો અધ્યાય ચાવીરૂપ છે. એમાં કર્મ, જ્ઞાન અને ભક્તિની ત્રિવેણી છે. જીવનમાં આ ત્રણેયનો સુમેળ હોવો જોઈએ. પણ બધાનો પાયો કર્મ છે. જે સ્વયંસેવક છે તેણે તો કર્મયોગની જ સાધના કરવી રહી, અને એ કરવા માટે કર્મયોગના પ્રકરણના પાઠ સિવાય બીજો કયો પાઠ વધારે યોગ્ય હોય? અનેક, એમાંથી હિંસા શોધવા, એ વાંચે છે. પણ ગીતાને બરોબર સમજો એ ખાતર તમારી પાસે સાધનસંપત્તિ પણ જોઈએ. અહિંસા, સત્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ અને અસ્તેયનાં સાધનો લઈને જ તમે ગીતાનો અર્થ ઉકેલી શકશો. અને એ રીતે ઉકેલતાં તમને એમાંથી હિંસા ન જડે; અહિંસા જ જડશે. યોગ્ય શમદમ સાધનથી એનો અભ્યાસ કરશો તો તમને એમાંથી, તમને ખ્યાલ પણ ન હોય એવી શાંતિ મળશે.

[મૂળ અંગ્રેજી]

हिन्दु, ૨૫–૧૦–૧૯૨૭ તથા यंग इन्डिया, ૩–૧૧–૧૯૨૭

ભાષાંતર: महादेवभाईनी डायरी, પુસ્તક અગિયારમું

## ૧૧૩. વર્ણધર્મ વિશે વાતચીત[1]

ઑક્ટોબર ૨૩, ૧૯૨૭

વર્ણાશ્રમની ચર્ચા કરવા માટે કેટલાક યુવાનોએ[2] ગાંધીજીની મુલાકાત માગી. . . . બ્રાહ્મણ પોતે બ્રાહ્મણ રહે ત્યાં સુધી એ પોતે ઊંચા છે એ વિચાર તેઓ છોડી જ કઈ રીતે શકે એ વિચારે તેઓ વ્યથિત થતા હતા.

વાતનો તાકીદે નિવેડો લાવવા માટે ગાંધીજીએ છેક છેલ્લો દાખલો આપતાં કહ્યું :

ઊંચાનીચાનો ભેદ નથી રહેતો એ તમને કેમ સમજાવું? હું તમને કહું છું કે જેમ સીતા વ્યભિચારિણી કરતાં ઊંચી નહોતી, તેમ બ્રાહ્મણ શૂદ્ર કરતાં ઊંચા નથી. સીતા ઊંચી નહોતી એમ તમે માનો છો?

"ના, નથી માનતા. એવું તે કાંઈ હોય?"

હોય. સીતાના પોતાના મનમાં ઊંચાપણાનો ભાવ નહોતો. સીતાજીને પોતાની પવિત્રતાનો ખ્યાલ સરખો નહોતો, અભિમાન ક્યાંથી હોય? અને અભિમાન વિના, એ, બીજી સ્ત્રીને પોતાના કરતાં ઊતરતી શી રીતે માને? હિમાલય વાદળ સાથે વાતો કરે છે, પણ એને એની ઊંચાઈનો સ્વપ્ને પણ ખ્યાલ નથી; એ તો એની ગંભીર નમ્રતામાં સમાધિસ્થ છે. જો એને અભિમાન થાય તો એના ચૂરેચૂરા થાય. એમ જ વર્ણ એટલે ઊંચાનીચા દર્શાવનારું માપ એવો અર્થ

૧. મહાદેવ દેસાઈના "સાપ્તાહિક પત્ર"માંથી.

૨. વિઠ્ઠલદાસ આનંદજી સૈત, એમ. એન. ચિકના ચેટ્ટિયાર, કંદસ્વામી ચેટ્ટી, અવિનાશીલિંગમ ચેટ્ટિયાર, કે. એસ. રામસ્વામી ગોઉન્દર, પી. ટી. આશર અને વેંકટાચલમ પિલ્લાઈ.

Gandhi Heritage Portal

થાય, તો વર્ણ તો ગળે ટૂંપો થઈ પડે. મૅક્સમૂલર હિંદુ સંસ્કૃતિ સમજ્યા હતા. એમણે લખ્યું છે : "હિંદે જીવનને કર્તવ્યરૂપે જ જોયું, જ્યારે બીજા દેશોએ કર્તવ્ય અને ભોગને ભેળવ્યાં." વર્ણ એટલે દરેકને પોતપોતાના વડવાઓ તરફથી મળેલ જીવનકર્તવ્ય.

પશ્ચિમમાં જ્યારે લોકો આમવર્ગની સ્થિતિ સુધારવાની વાત કરે છે, ત્યારે કહે છે કે એ લોકોનું ધોરણ ઊંચું કરો. આપણે આ રીતે વાત ન કરી શકીએ, કારણ જ્યાં પોતપોતાનું ધોરણ પોતામાં જ પડેલું છે ત્યાં બહારનો શી રીતે એને ઊંચું કરી શકે? આપણે તો દરેકને પોતાનું કર્તવ્ય સમજવાની અને દિનપ્રતિદિન પ્રભુની નિકટ પહોંચવાની તક વધારી શકીએ.

તમે તો આજે આખા આ કર્તવ્યવૃક્ષનું મૂળ ઉખેડવા બેઠા છો. એ વૃક્ષનાં કેટલાંક ડાળ-પાંખડાં સડેલાં છે એ હું કબૂલ કરું છું. તે બધાંને આપણે કાપી નાખવાં જોઈએ, પણ મૂળમાં કુહાડી મૂકવાની તો જરૂર નથી જ. તમે મૂળમાં કુહાડી મૂકવા બેઠા છો, એટલે તમે અનાડી માળી છો. તમને તમારા બાગની કિંમત નથી. જે વૃક્ષે તમને પોષણ આપ્યું, છાયા આપી, તે જ વૃક્ષને તમારે કાપવું છે!

પણ વૃક્ષને કાપવાના તમારા પ્રયત્ન મિથ્યા છે એ પણ માનજો. કારણ જે સાચા બ્રાહ્મણ છે તે તમારા કુઠારાઘાત ઝીલ્યા કરશે, અને લોહી નીગળતા ઘા ઉપર ઘા ઝીલતા ઊભા રહેશે. આજે એવા સાચા બ્રાહ્મણ જૂજ છે એ વાત સાચી. ક્ષત્રિયો પણ ક્યાં છે? વૈશ્યો અને શૂદ્રો પણ ક્યાં છે? શૂદ્ર થવામાં પણ કંઈક વિશેષતા છે એ સમજો છો ના? આજે તો આપણે બધા ગુલામ છીએ. આજે તો એક ડાયર આવીને આપણને ધ્રૂજાવે છે. એટલે બહેતર છે કે આપણે સૌ ગુલામીમાંથી નીકળી આપણા વર્ણધર્મને સમજતા થઈએ. ઘણાકને વૈશ્ય થવું પડશે, કારણ આજે વૈશ્યના પગ તળે બધા કચરાઈ રહ્યા છીએ.

'બ્રાહ્મણ થઈએ' એમ કહું છું એટલે છીએ તેના કરતાં ઊંચા થઈએ એમ નહીં, પણ બ્રાહ્મણના ઉચ્ચ સેવાધર્મને આપણે લાયક થઈએ. આજે તો આપણે એટલા અધોગતિને પામેલા છીએ કે અમુક બ્રાહ્મણ અને અમુક શૂદ્ર, અમુક ઊંચો અને અમુક નીચો એ ભાષામાં જ આપણું ગાડું ખૂંચી ગયેલું છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ૩–૧૧–૧૯૨૭
ભાષાંતર : મહાદેવભાઈની ડાયરી, પુસ્તક અગિયારમું; શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી

Gandhi Heritage Portal

## ૧૧૪. તિરુપુરની જાહેર સભામાં ભાષણ[1]

ઑક્ટોબર ૨૩, ૧૯૨૭

મિત્રો,

તમારાં બધાં માનપત્રો અને આ બધી થેલીઓ તથા ખાદીની જુદી જુદી ભેટો અને આ બે હીરાનાં એરિંગ માટે તમારો આભાર માનું છું. આ ભેટોએ મારે ને તમારે માટેનું કામ નક્કી કરી દીધું છે. કારણ, હવે તો તમે જાણતા હશો કે આ કીમતી ભેટોનું મારે મન અંગત ઉપયોગ માટે નહીં પણ દરિદ્રનારાયણના હિતમાં જ મહત્ત્વ છે, મારા પોતાના ઉપયોગ માટે જે થોડી ખાદી મારે જોઈએ તે તો મારી પાસે છે. અને તેથી જો તમે ધીરજ રાખશો તો ભાષણને અંતે આ બધી ખાદી, આ કીમતી એરિંગો તથા ફ્રેમો તમારી પસંદગી માટે રજૂ કરીશ. તમે મને યાદ દેવડાવ્યું કે કેટલાક વખત પહેલાં હું તિરુપુર આવ્યો હતો ત્યારે તમે મને ખાદીનો રાજા અને તિરુપુરને ખાદીના રાજાની રાજધાની કહી હતી. એ પદવી મેં કૃતજ્ઞતાપૂર્વક અને નમ્રતાપૂર્વક સ્વીકારી લીધી હતી. અને તિરુપુરને ખાદીના રાજાની રાજધાની કહેવાનો તમારો દાવો મેં સ્વીકારી લીધો હતો અને હું સખતાઈ કરનારો રાજા નથી તેથી કહી શકું છું કે તમે પોતાની જાતને આપેલા પદને ઠીક ઠીક લાયક નીવડયા છો. ખાદી ઉત્પાદનની બાબતમાં તમે આખા હિંદમાં પહેલું સ્થાન જાળવી રાખશો. તમે તમારી ખાદીની જાતમાં સુધારો કર્યો છે. પણ હું જ્યારે મારી મહત્ત્વાકાંક્ષાનો અને તમારી પાસે અને સારાયે હિંદુસ્તાન પાસે જે અપેક્ષા રાખવામાં આવી છે તેનો વિચાર કરું છું ત્યારે મારે કબૂલવું પડે છે કે પ્રગતિ પ્રમાણમાં ઠીક હોવા છતાં સંતોષકારક નથી. કારણ કે આખા હિંદુસ્તાનમાં આપણે જે કરવા માગીએ છીએ એ જોતાં સ્વાભાવિક રીતે જ આ રાજધાની આજુબાજુના વિસ્તારમાં પેદા થતા બધા રૂનો ઉપયોગ કરે એવી અપેક્ષા રાખવામાં આવે છે. હું આશા રાખું છું કે તમે સેવાના પ્રભાવે કપાસના ઉત્પાદકો પર એવો કાબૂ રાખો કે તેઓ પોતાનો કપાસ તમને જ વેચે. વળી હું તમારી પાસે એવી પણ આશા રાખું છું કે એ જ સેવાના હકથી ગામડાંના ગરીબ લોકો પર એવો પ્રભાવ પાડો કે એક પણ ઘર એવું ન રહે જેમાં રેંટિયો ન ચાલતો હોય અને એક પણ વણકર એવો ન રહે જે હાથે કાંતેલા સૂતર સિવાય બીજું કંઈ વણતો હોય. આ વસ્તુ તમારી શક્તિની બહાર છે એવું ન માનશો. જો તમે તમારા નગરને ખાદીની રાજધાની કહેવાનો વિશેષાધિકાર કાયમ રાખવા માગતા હો તો તમારે આટલી મહત્ત્વાકાંક્ષા રાખવી જોઈએ. અને જો તમારો ઉદ્દેશ ગામડાંના ગરીબ લોકોનું શોષણ કરવાનો નહીં હોય, પણ તેમની સેવા કરવાનો હશે તો તમે જોશો કે ગામડાના લોકો પર અને કપાસ ઉગાડનારાઓ પર થોડા જ વખતમાં તમારો જે પ્રભાવ પડવો જોઈએ તે પડયો હશે. અને આ બધું ખાદીના જુદા જુદા વેપારીઓ વચ્ચે હાર્દિક સહકાર હશે તો જ થઈ શકશે. વળી, તમારે ખાદીમાંથી પૈસા કમાવાની મહત્ત્વાકાંક્ષા પર અંકુશ મૂકવો પડશે. ખાદી એ એક સંગીન આર્થિક યોજના છે એમાં મને શંકા નથી. એ તમને સારી રીતે ગુજરાન ચાલે એટલું આપી શકે અને મધ્યમસરનો નફો આપી શકે.

૧. ગાંધીજીના અંગ્રેજી ભાષણનો સી. રાજગોપાલાચારીએ વાક્યે વાક્યે તામિલમાં તરજુમો કર્યો હતો.

Gandhi Heritage Portal

એમાં વ્યાજના ઊંચા દર મેળવવા ઇચ્છતા લોકો માટે સ્થાન નથી; ન હોવું જોઈએ. જે મંડળો કે સંસ્થાઓ પોતાની મૂડી પર ૨૫ ટકા આપવા શક્તિમાન હોય છે અથવા ૨૦ ટકા આપે છે તેમની તરફ હું પોતે હમેશાં શંકાની દૃષ્ટિએ જોઉં છું. જેની સામે કશો વાંધો ન લઈ શકાય એવું એક સામાન્ય વિધાન નિર્ભયપણે કરી શકાય કે, જ્યાં બહુ મોટા ને બેસુમાર નફા થયા છે ત્યાં તે ગરીબ લોકોને ભોગે થયા છે. પણ ખાદીની આખી કલ્પના એવી છે કે, આપણે જેઓ ખાદીના વિકાસ માટે કામ કરી રહ્યા છીએ તેમણે પોતાને આ ભૂખે મરતા ગ્રામવાસીઓના ટ્રસ્ટી ગણવા જોઈએ. તેથી યોગ્ય આજીવિકા માટે જરૂરી હોય તે કરતાં જેટલી વધારે કમાણી થાય તેટલી આ ગ્રામવાસીઓને પાછી આપવી જોઈએ. અને જ્યાં સુધી અહીં કાંતવાનું ચાલુ રહેશે ત્યાં સુધી તમે જોશો કે રાજા પોતાની આ નાની રાજધાનીને વળગી રહેશે અને યોગ્યતા પ્રમાણે તેની જાહેરાત કરશે.

પણ દરિદ્રનારાયણની આ પેઢીમાં બીજા ભાગીદારો પણ છે, અને તે કાંતનારા ને વણનારા છે. હું જાણું છું કે આ સભામાં કાંતનારા હાજર નથી. મને કહેવામાં આવ્યું છે કે કેટલાક વણકરો અહીં આવ્યા છે. અહીં બેઠેલા વણકરોને હું કહેવા ઇચ્છું છું કે મને એ સાંભળીને દુ:ખ થયું છે કે અહીં કેટલાક વણકરો દારૂ અને જુગારની લતમાં સપડાયેલા છે. હું ઇચ્છું છું કે મારો આ સંદેશ તમે બીજા વણકરો, જેઓ અહીં હાજર નથી તેમને પહોંચાડશો. દરિદ્રનારાયણની પેઢીમાં દારૂડિયા અને જુગારીઓને ખરેખર કોઈ સ્થાન નથી. દારૂ એક એવું અનિષ્ટ છે જેણે આખી દુનિયામાં હજારો ઘરોને પાયમાલ કર્યાં છે. અને ખાદી સાથે જરાયે સંબંધ ધરાવતા વણકરોની ફરજ છે કે ઓછામાં ઓછું તેઓ દારૂ પીને પોતાના શરીરને અભડાવે નહીં. દારૂના નશામાં માણસ પત્ની અને બહેન વચ્ચેનો ભેદ ભૂલી જાય છે. તેથી હું આશા રાખું છું કે તિરુપુરના યુવાનો જાગ્રત થશે અને જેમને દારૂની લત પડી છે તેમની વચ્ચે કામ કરશે અને તેમને નમ્રતાપૂર્વક સમજાવીને દારૂની ટેવમાંથી છોડાવશે.

જુગાર એક એવો દુર્ગુણ છે જે જુગારીની અધોગતિ કરે છે, અને તેની પાસે અસંખ્ય ગુના કરાવે છે. તેથી એને અવશ્ય છોડી દેવો જોઈએ. તમે જાણો છો કે દક્ષિણનો આ ભાગ ખૂનના ગુના માટે જાણીતો છે. કોઈ અઠવાડિયું ભાગ્યે જ જતું હશે જ્યારે ખૂનના કેટલાક બનાવો ન બન્યા હોય અને એ સુવિદિત છે કે જ્યાં દારૂ ને જુગાર હોય છે ત્યાં તેને પરિણામે ખૂનો થાય જ છે. સમાજમાં એવા માણસો હોય જે જીવનને એટલું સસ્તું માનતા હોય કે જરા ઉશ્કેરણી કે જરા બહાનું મળતાં કોઈનું ખૂન કરે, તો આપણે શરમાવું જોઈએ. જો અહીં આ સમાજમાં કોઈ પરોપકારી માણસો હોય અને મને શંકા નથી કે છે,— તો હું ઇચ્છું છું કે તેઓ આ ગુનાનો અભ્યાસ કરે, તેનાં ચોક્કસ કારણો જાણી લે, અને તેમના આ સુંદર જિલ્લામાંથી આ શરમજનક અનિષ્ટને દૂર કરવાનો પ્રયાસ કરે.

આજે સવારે મ્યુનિસિપલ હાઈસ્કૂલના હેડમાસ્તર અને કેટલાક વિદ્યાર્થીઓને મળીને મને ઘણો જ હર્ષ અને ઘણો જ આનંદ થયો. તેમણે મને ગીતાવર્ગનું ઉદ્ઘાટન કરવા કહ્યું અને તેની વિધિ કરવા વિદ્યાર્થીઓ અને શિક્ષકો બંને વહેલી સવારે લગભગ પોણાચાર વાગ્યે આવી ગયા. હું આશા રાખું છું કે આ વિદ્યાર્થીઓ આ પવિત્ર અભ્યાસને લાયક નીવડશે અને એક વાર આ મહાન કાર્યનો આરંભ કર્યા પછી તેમાં પાછા નહીં પડે કે તેની ઉપેક્ષા નહીં કરે. આ પગલું સાચી દિશામાં ભરવામાં આવ્યું છે. અત્યારે આ દેશમાં સાહિત્યિક કેળવણી વિશે લોકોને ઘેલછા લાગી છે. પણ ચારિત્ર્યના ઘડતર માટે બહુ ઓછો આગ્રહ રાખવામાં આવે છે. મારા

Gandhi Heritage Portal

નમ્ર અભિપ્રાય મુજબ, જે કેળવણીનું નિર્માણ ચારિત્ર્યના મજબૂત પાયા પર ન થયું હોય એ કેળવણી પ્રાણ વગરના શરીર જેવી છે. અને એક હિંદુ છોકરા માટે ગીતાના આદરપૂર્વકના અભ્યાસ જેવું ચારિત્ર્યને દૃઢ કરનારું બીજું સાધન હું કલ્પી શકતો નથી. વિદ્યાર્થીઓ યાદ રાખે કે ગીતાનો અભ્યાસ તેમણે સંસ્કૃતના જ્ઞાનનું કે ખુદ ગીતાના જ્ઞાનનું પ્રદર્શન કરવા માટે નહીં, પણ તેમાંથી આધ્યાત્મિક સમાધાન મેળવવા અને તેની મદદથી પોતાની બધી મુશ્કેલીઓનું નિરાકરણ કરવા માટે કરવાનો છે. જે માણસ એ ગ્રંથનો શ્રદ્ધાપૂર્વક અભ્યાસ કરે તે રાષ્ટ્રનો અને તેની મારફત જનતાનો સાચો સેવક બન્યા વગર રહી શકે નહીં. લોકમાન્ય ટિળકે આપણને કહ્યું છે કે ગીતા મુખ્યત્વે કર્મનો ઉપદેશ છે અને એ કર્મ બિલકુલ નિઃસ્વાર્થ કર્મ છે. અને નિઃસ્વાર્થ કર્મ બીજું કંઈ નહીં પણ સેવા છે, યજ્ઞ છે. વિરુદ્ધમાં ભલે ગમે તે કહેવામાં આવે તોપણ મેં એવું કહેવાની હિંમત કરી છે કે ગીતામાં કહ્યો છે એવો આ યુગનો સાચો યજ્ઞ ભૂખે મરતા લાખો લોકો માટે અને તેમને નામે કરવાનો કાંતણયજ્ઞ છે. અને જો વિદ્યાર્થીઓએ પોતાની અને ભૂખે મરતા લાખો લોકોની વચ્ચે એમણે સ્થાપવો જોઈતો જીવંત સંબંધ સ્થાપવો હોય તો તેઓ જોશે કે એમ કરવા માટે રેંટિયા જેવું બીજું કોઈ શક્તિશાળી સાધન નથી.

તેથી નગરપાલિકાના માનપત્રમાં શાળાઓ અંગે રેંટિયાનો ઉલ્લેખ જોઈને મને આનંદ થયો. અને હું આશા રાખું છું કે નગરપાલિકા નજીકના ભવિષ્યમાં પોતાના નિશ્ચયનો અમલ કરશે. હવે વધુ બોલીને મારે તમને રોકી રાખવા ન જોઈએ, કારણ કે આ બધી વસ્તુઓનો નિકાલ કરવામાં મને મદદ કરવાની વિનંતી કરવામાં હું તમારો થોડો વખત લઈશ. તે દરમ્યાન સ્વયંસેવકો લોકો પાસે જશે અને જેમને ખાદીમાં શ્રદ્ધા છે અને જેમણે ખાદીફંડમાં કંઈ આપ્યું નથી તેમની પાસેથી ફાળો એકઠો કરશો.

[મૂળ અંગ્રેજી]

હિન્દુ, ૨૫-૧૦-૧૯૨૭

## ૧૧૫. મીરાંબહેનને પત્ર

ઑક્ટોબર ૨૪, ૧૯૨૭

ચિ. મીરાં,

તારા બધા પત્રો મળ્યા અને તે બધાથી મને આનંદ થયો.

તેં પૂછ્યું છે કે ગેરવલ્લે ગયેલો કાગળ ક્યાં ગયો હશે? મેં કોઈ પત્ર દબાવી રાખ્યો નથી. એટલે યથાકાળે એ તને મળવો જોઈએ.

હજી તેં તારું વજન મને જણાવ્યું નથી.

ભણસાળીની[1] બાબતમાં તારું પૃથક્કરણ હું સ્વીકારું છું. તે એટલા ભલા છે કે મિત્રતાભરી ટીકાથી માઠું લગાડશે નહીં. તેથી તારે તેમની સાથે છૂટથી વાત કરવી જોઈએ અને જોવું જોઈએ કે તેમની બાબતમાં તું શું કરી શકે તેમ છે. છોટેલાલની બાબતમાં પણ એમ જ. એને પલોટવો જોઈએ. ઘણું કરીને એ તારું સાંભળશે. તું આ બધા બીમાર માણસોની સંભાળ લે છે અને

૧. જે. પી. ભણસાળી; સત્યાગ્રહ આશ્રમ, સાબરમતીના એક આશ્રમવાસી.



Gandhi Heritage Portal

મને રોજ ખબર આપે છે તેથી હું ઘણો રાજી થયો છું. તું ગૌશાળા અને પાંજરાપોળ જોઈને ત્યાંની હકીકત આપે તેની રાહ જોઈશ.

મેં જે થોડો આરામ લીધો તે (માંદગી આવતી) અટકાવવા લીધો એમ પણ ન કહેવાય. એ તો માત્ર સાવચેતી હતી. ખરું જોતાં તિરુપુર ગયો ત્યારે જે બે સ્થળો છોડી દીધાં હતાં ત્યાં જઈને મેં એ આરામની કિંમત ચૂકવી દીધી. પરંતુ આ નિર્દોષ વિક્ષેપે તારી ધીરજની સારી કસોટી કરી. કોઈ પણ ખબરથી, ખરાબ ખબરથી પણ તને ચિંતા ન થવી જોઈએ. તારે એવો વિચાર ન કરવો જોઈએ કે "તેઓ ત્યાં ન ગયા હોત અથવા વધારે આરામ લીધો હોત તો કેવું સારું". હું મારી પૂરેપૂરી — મારો સ્વભાવ રાખવા દે તેટલી — કાળજી રાખું છું, એટલું તું માને એટલે બસ. મને આરામની જરૂર છે એ વિશે શંકા નથી. પણ મને એ કોણ આપશે? આપણને જે જોઈતું હોય છે તે બધું આપણને મળે છે ખરું? જો એમ હોત તો પછી આપણી શ્રદ્ધાને માટે અવકાશ જ ક્યાં રહેત? એક તરણું સરખું પણ તેની મરજી વિના હાલતું નથી, એટલું આપણે જાણીએ તે બહુ છે. તેના પર આપણે શ્રદ્ધા રાખીશું તો તે આપણી સંભાળ રાખશે. પણ તે પૈસાથી જે જે સુખસગવડો મેળવી શકાય એમ હોય તે બધી મેળવી લીધા પછી શ્રદ્ધા રાખનારાઓની જેમ નહીં. જોકે, અમુક સંભાળ તો આપણે રાખવી જ રહી, પણ શ્રદ્ધાવાળા માણસો પોતાના સ્વભાવની વિરુદ્ધ જઈને, સામાન્ય માણસોને પાલવી ન શકે એવા ઉપાયો કે એવી અગમચેતીની જોગવાઈ મર્યાદા બહાર જઈને નહીં કરે. એટલા માટે, જેટલી ઓછી સંભાળ એટલું સારું અને આપણામાંનો અદનામાં અદનો માણસ વાજબી પ્રયત્નથી મેળવી શકે એથી વધુ નહીં એ આપણું સૂત્ર છે. આ ધોરણથી માપતાં હું પોતે મારી સંભાળ લઉં છું, અને બીજાઓ તરફથી લેવાય છે તે કેટલીયે વધારે પડતી છે અને ઈશ્વર પરની શ્રદ્ધાના મારા દાવાની સાથે વિસંગત છે. આમ તું જોશે કે, આ દિશામાં હું જે કંઈ કરું છું તે બધું મને વધારે પડતું લાગે છે અને મને ઘણી વાર થાય છે કે થોડા વખત માટે જો મારા તરફ દુર્લક્ષ કરવામાં આવે તો ભારે લાભ થાય. આજે તો મારી આળપંપાળનો પાર નથી.

ફરી એક વાર વિક્ષેપ પડવાનો સંભવ છે અને મારે એકબે દિવસ માટે દિલ્હી જવું પડશે. આજે સાંજ સુધીમાં ઘણું કરીને મને એની ખબર પડશે.

પ્યાર.

બાપુ

[મૂળ અંગ્રેજી]

મૂળ પત્ર પરથી : સી. ડબલ્યુ. ૫૨૮૯; શ્રીમતી મીરાંબહેનના સૌજન્યથી

Gandhi Heritage Portal

## ૧૧૬. સતીશચંદ્ર દાસગુપ્તાને પત્ર

ઑક્ટોબર ૨૪, ૧૯૨૭

પ્રિય સતીશબાબુ,

તમારો પત્ર દિલગીરી થાય એવો છે પણ કાંઈ નહીં. વાતાવરણ જોતાં જરૂરી લાગે તેથી, અને આપણે પૈસા ખરચી શકીએ તેથી વધુ કરવાનો પ્રયાસ ન કરવો જોઈએ. મુખ્ય વસ્તુ તમારો સ્ટૉક ઓછો કરવો એ છે. તમારી પેટી (પેટી રેંટિયો) આવ્યે હું શું કરી શકું તે જોઈશ.

નવો રેંટિયો હવે આવી ગયો છે. તેને પૅક કરવામાં અસાધારણ કાળજી રાખી હોય એમ જણાય છે; છતાં અહીં તે ભાંગેલી હાલતમાં મળ્યો છે. વચલા ભાગના ભાંગીને બે ટુકડા થઈ ગયા છે અને ચાંપને પણ નુકસાન પહોંચ્યું છે. છતાં આ રેંટિયો તપાસવામાં મને મુશ્કેલી પડી નથી. આ રેંટિયો મૂળ રેંટિયા કરતાં સારો છે, છતાં જે રેંટિયો કેશુએ બનાવ્યો છે અને હું હમણાં વાપરું છું, તેના જેવો નથી. તમે મોકલ્યો છે તેના કરતાં એ ઘણો મજબૂત છે. તેની ધરી પેટીની બહાર નીકળતી નથી. હાથો અને ફાળકો ધાતુનાં છે. આરા ઘણા મજબૂત છે. નાભિ પણ ધાતુની બનાવેલી છે. ઘણી બેદરકારીથી વાપરવા છતાં તે હજી બગડયો નથી. તમારા રેંટિયામાં વધુ સુધારા કરો અથવા તેને માન્ય ધોરણ પર મૂકો તે પહેલાં તમારે કેશુનો રેંટિયો જોઈ લેવો જોઈએ. તમારે ત્યાં પેટી રેંટિયાની ઘણી માગ છે?

તબિયત કેવી રહે છે? હૃદય હજી પણ તકલીફ આપે છે?

તમે મને સમાચાર આપ્યા તે પહેલાં મેં શ્યામબાબુ વિશે સાંભળ્યું હતું. તેઓ તેમના આ નવા કામને વળગી રહે કે વળગી રહી શકે તો સારું. શરદબાબુને તેમનાં પત્નીની સંમતિ મળી? તેમણે ભગવાં તો પહેર્યાં, હવે વધારે શું કરશે? મને તો તમારો સંન્યાસ વધુ ગમે છે.

મારે દિલ્હી જવું પડે અને સિલોન જવાનું થોડા દિવસ મુલતવી રાખવું પડે એવો ઘણો સંભવ છે. આજે કે કાલે ચોક્કસ ખબર પડશે.

તારિણીની તબિયત પહેલાં કરતાં સારી છે? અને છોકરો કેમ છે?

અભય આશ્રમ વિશે મને પૂરેપૂરો હેવાલ મળ્યો હતો. તે પરથી જણાય છે કે તેમના તરફથી કોઈ હુમલો નથી થયો. અને બુકાની બાંધેલા ભાલાવાળાઓની વાત તો તદ્દન બનાવટી છે. આવી બનાવટી વાતો તો હમણાં રોજની થઈ પડી છે. યુદ્ધ દરમ્યાન બંને પક્ષો તરફથી આવી જ બનાવટી વાતો કહેવામાં આવતી હતી.

સસ્નેહ,

બાપુ

આ કૅપ્ટન પેટાવલનો પત્ર અને સાથેનું બિડાણ આ સાથે છે. આવો પત્ર પહેલી વાર નથી આવ્યો. પહેલાં પણ આવા પત્રો ઘણી વાર આવ્યા છે. મને યાદ છે કે, એક વાર તમે મને તેમની સંસ્થા વિશે પ્રતિકૂળ રિપોર્ટ આપ્યો હતો. હવે તેઓ ડૉ. રાયનું પ્રમાણપત્ર લઈને આવ્યા છે. આ વખતે મેં તેમને તમને મળીને તમારી સાથે ચર્ચા કરવા કહ્યું છે. તેમને થોડો સમય આપજો અને તેઓ સીધે રસ્તે ચાલતા ન દેખાય તો તેમને તેમની ભૂલ બતાવજો.

બાપુ

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : જી. એન. ૧૫૭૮

Gandhi Heritage Portal

# ૧૧૭. સી. એફ. ઍન્ડ્રૂઝને પત્ર

ઑક્ટોબર ૨૪, ૧૯૨૭

પ્રિય ચાર્લી,

છેવટે તમારે પોતાને હાથે લખેલો પત્ર મળ્યો.

હું તમને કહેવાનું ભૂલી ગયો કે સર પુરુષોત્તમદાસે મને લખ્યું છે કે તેઓ પૂર્વ આફ્રિકા જવા માટે સમય કાઢી શકે તેમ નથી. તેમણે સરોજિનીદેવીનું નામ સૂચવ્યું હતું. તેમને મોકલવાં પણ ઠીક થઈ પડે. પણ તમે આ બાબત વિચાર કરજો અને તમે શું વિચારો છો તે જણાવજો.

કૅપ્ટન પેટાવલ પોતાની યોજનામાં મારો ટેકો મેળવવા કાગળ પર કાગળ લખી રહ્યા છે. કોણ જાણે કેમ, મને તેમનામાં વિશ્વાસ બેસતો નથી. તમે મને તેમને વિશે ચેતવણી આપી છે. હવે તેઓ ઇચ્છે છે કે તેમની યોજના અને કામ જોઈને મને તેનો રિપોર્ટ કરવા માટે હું કોઈને કહું. આખરે થાકીને મેં તેમને કહ્યું છે કે મેં તેમની બાબત તમને અને સતીશબાબુને સોંપી છે. હું ઉપયોગ કરી શકું એવું કંઈક તમે કહેવા ઇચ્છો છો? હવે તેમણે ડૉ. રાય પાસેથી એક ઉત્સાહ આપે એવું પ્રમાણપત્ર મેળવ્યું છે. તેઓ જેટલાં વધુ પ્રમાણપત્રો મેળવે છે તેટલો જ મારો અસંતોષ વધતો જાય છે.

ગુજરાતને ૩૦ લાખ રૂપિયા જાહેર ફાળામાંથી મળ્યા નથી પણ સરકાર તરફથી ઘણી ભારે રકમ મળી છે. કલકત્તાના ગુજરાતીઓનો આખી રકમ ઓરિસ્સાને આપી દેવાનો વિચાર મને ગમ્યો. એ રકમનો ઉપયોગ કરવા માટે તમારી પાસે સારા અને શક્તિશાળી માણસો છે કે કેમ એ સવાલ છે. ગુજરાતમાં લગભગ ૧,૦૦૦ કાર્યકર્તાઓ ફાળાનું કામ કરી રહ્યા છે.

આંગળી બાબત મને ઘણી ચિંતા થઈ છે. આંગળી વળતી નથી એ નવી વસ્તુ છે. જ્યારે તમે મને એ પૂરેપૂરી સારી થયાના ખબર આપશો ત્યારે હું નિરાંતનો દમ ખેંચીશ.

મારે સિલોન જવાનું થોડું મુલતવી રાખવું પડે અને દિલ્હી જવું પડે એવો ઘણો સંભવ છે. કાલ સુધીમાં મને ચોક્કસ ખબર પડશે.

અમારા સૌ તરફથી સસ્નેહ,

મોહન

સોરાબ હિંદ આવવા નીકળ્યો છે. સ્મારક વિશે હું તેને જરૂર વાત કરીશ. હું તમારી સાથે પૂરેપૂરો સંમત છું કે રુસ્તમજી જીવતા હોત તો તેઓ આખી રકમ મોકલી દેત.

મોહન

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: જી. એન. ૨૬૨૩

Gandhi Heritage Portal

## ૧૧૮. આર. પાર્થસારથિને પત્ર

ઑક્ટોબર ૨૪, ૧૯૨૭

પ્રિય ભાઈ,

તમારો પત્ર મળ્યો. પ્રદર્શનમાં ખાદીની સાથે મિલ કાપડ અને ખાસ કરીને પરદેશી કાપડ રાખવાનું કદી મંજૂર કર્યાનું મને યાદ નથી. મેં તો માત્ર, પ્રદર્શનમાં કોઈક જગ્યાએ હિંદી મિલોનું કાપડ પણ પ્રદર્શિત કરવામાં આવશે એ જાણ્યા છતાં, અનિચ્છાએ ખાદીને અલગ ખંડમાં પ્રદર્શિત કરવા સંમતિ આપી હતી.

તમારો સહૃદયી

**મો. ક. ગાંધી**

શ્રીયુત આર. પાર્થસારથિ
૧૨, એરંડેલ સ્ટ્રીટ,
માઇલાપુર,
મદ્રાસ.

[મૂળ અંગ્રેજી]

મૂળ પત્ર પરથી : જી. એન. ૧૦૮૪૭

## ૧૧૯. વાઇસરૉયને તાર[1]

[ઑક્ટોબર ૨૪, ૧૯૨૭ અથવા તે પછી]

નામદાર વાઇસરૉય
વાઇસરૉય શિબિર

આપનો તાર હમણાં જ મળ્યો. તે જોતાં નિયત સમયે આપની સેવામાં હાજર થવાની આશા રાખું છું.

**ગાંધી**

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૨૮૬૬

૧. આ તાર વાઇસરૉયના ઑક્ટોબર ૨૪, ૧૯૨૭ના તારના જવાબમાં કરવામાં આવ્યો હતો. વાઇસરૉયનો તાર નીચે મુજબ હતો : "હું આપની સાથે કેટલીક મહત્ત્વની, એમ કહો કે તાકીદની, બાબતો વિશે વાત કરવા આતુર છું. અને જો આપને અનુકૂળ હોય, અને આપ મને દિલ્હી આવીને મળી શકો તો મને બહુ આનંદ થશે. મારે માટે સૌથી અનુકૂળ સમય બુધવાર, નવેમ્બર ૨, સાડા અગિયાર વાગ્યે હશે. હું જાણું છું કે હું આપને ઘણી ટૂંકી નોટિસ આપું છું અને આથી આપને જરૂર અગવડ પડશે, પણ આશા રાખું છું કે એથી આપને માટે આવવાનું અશક્ય નહીં થાય. તે દિવસે આવી શકશો કે કેમ, તે તારથી જણાવો."

Gandhi Heritage Portal

## ૧૨૦. ચંદ ત્યાગીને પત્ર

દીપાવલી [ઑક્ટોબર ૨૫, ૧૯૨૭][1]

ભાઈ ચંદ,

તમારો પત્ર મળ્યો. ચાંદ્રાયણના વ્રત વિશે હવે તો ધીરજ રાખજો. તમે આશ્રમમાં આવી ગયા એ જાણીને મને આનંદ થયો છે. શું કામ કરો છો?

બાપુના આશીર્વાદ

[મૂળ હિંદી]

છબી પરથી: જી. એન. ૩૨૬૯

## ૧૨૧. આશ્રમની બહેનોને પત્ર

દિવાળી, મંગળવાર, '૮૩ ઑક્ટોબર ૨૫, ૧૯૨૭

બહેનો,

તમારો કાગળ મળ્યો છે. તમે કાયર ન થતાં. બધાં સાફ થાય ત્યારે જ એક પણ સાફ થાય એવો ઊંધો ન્યાય ન તોળજો. નિયમ આ છે: એક સાફ થાય તો બીજાં થવાનાં જ. આને લગતી આપણામાં બે કહેવત છે: (૧) આપ ભલા તો જગ ભલા, (૨) यथा पिण्डे तथा ब्रह्मांडे. જો આમ ન હોય તો જગતને સારુ કોઈ દહાડો આશા જ ન રખાય.

રામ જગતને ઢાંકે છે. સીતા સ્ત્રીમાત્રને સારુ આધાર છે. એટલે નિરાશ ન થતાં બધી શુદ્ધ થવા મહેનત કરશો. પોતાના કર્તવ્યને વિશે પરાયણ રહેશો તો તમે જોશો કે બધું સીધું થઈ જશે. "હારવું" શબ્દ આપણા શબ્દકોશમાં હોય જ નહીં.

જોઉં છું તમે નવા વર્ષે કેવા નવા નિશ્ચયો કર્યા છે. ન બોલે તેને બોલાવજો. જે ન આવે તેને ઘેર જજો. જે રિસાય તેને રીઝવજો. અને આ બધું તેના ભલાને સારુ નહીં પણ તમારા ભલાને સારુ કરજો. જગત લેણદાર છે. આપણે તેના કરજદાર છીએ.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી: જી. એન. ૩૬૭૨ તથા બાપુના પત્રો – ૧: આશ્રમની બહેનોને, પા. ૪૨–૩

૧. ગાંધીજીએ આ પહેલાં ચંદ ત્યાગીને આશ્રમમાં જવા કહ્યું હતું; જુઓ પુસ્તક ૩૩, પા. ૧૬૪.

Gandhi Heritage Portal

# ૧૨૨. કાલિકટની જાહેર સભામાં ભાષણ

ઑક્ટોબર ૨૫, ૧૯૨૭

મિત્રો,

આ બધાં માનપત્રો, આ થેલીઓ, સૂતર, પુસ્તકો તથા એક ઘડિયાળની ભેટો માટે હું તમારો આભાર માનું છું. આ વસ્તુઓ હું તમે લઈ લો એટલા માટે રજૂ કરીશ અને તેના નગદ પૈસા બનાવીશ. અને અહીં આપણા એક મિત્રે મને હમણાં જ રવીન્દ્રનાથ ઠાકુરની સાધનાની એક નકલ મોકલી છે. આ મિત્ર એક વિદ્યાર્થી છે અને કહે છે: "આ પુસ્તક, એટલે કે ઠાકુરની સાધના ભેટ આપવામાં મારો એક જ ઉદ્દેશ છે અને તે એ કે આપ તેનું લિલામ કરો અને જે પૈસા મળે તે વિદ્યાર્થીઓની થેલીમાં ઉમેરો."

હવે મને ઘણાં વરસ પહેલાંનો એક પ્રસંગ યાદ આવે છે જ્યારે મને મારા મિત્ર અને ભાઈ શૌકતઅલી સાથે આ સુંદર દરિયાકિનારે આવી જ એક સભાને સંબોધવાનો લહાવો મળ્યો હતો. ત્યારથી આજ સુધીમાં દેશમાં અનેક પરિવર્તનો થયાં છે અને અનેક ગંભીર બનાવો બન્યા છે. આપણે એ પણ જાણીએ છીએ કે અત્યારે ઉત્તરમાં ક્ષિતિજ પર અત્યંત અંધારું છવાયેલું છે. પણ ક્ષિતિજ પરનાં અંધારાં છતાં જો હું, આ દેશમાં હિંદુમુસલમાનોએ સગા ભાઈઓની જેમ રહેવું જરૂરી છે અને શક્ય છે એ મારી અડગ શ્રદ્ધા જાહેર ન કરું તો હું મારી જાત પ્રત્યે અને મારા દેશ પ્રત્યે બેવફા ઠરું. આવી એકતા જે અતિ ઇચ્છનીય છે તે કેવી રીતે સધાશે એ તો કેવળ ઈશ્વર જ જાણે છે. પણ આપણે જાણીએ છીએ કે ઈશ્વર ઘણી વાર માણસની યોજનાઓ ઊંધી વાળે છે અને કંઈક એવી સ્થિતિ પેદા કરે છે જેને માટે માણસ જરાયે તૈયાર હોતો નથી. દેશનું હિત જેમને હૈયે છે તેમને હું મારી આ જીવંત શ્રદ્ધામાં ભાગીદાર બનવા આમંત્રું છું. આ પરથી મને આજે બપોર પછી એક કંઈક વિલક્ષણ પત્ર મારા હાથમાં આપવામાં આવ્યો હતો તે યાદ આવે છે. આ પત્રના લેખક કોણ છે તે હું હજી જાણી શક્યો નથી. આ લાંબો પત્ર હું આખો વાંચી શક્યો નહોતો, પણ તે વાંચીને તેનો સાર મને આપવા એક મિત્રને મેં કહ્યું હતું. એ પત્રનો સાર આ પ્રમાણે છે: 'મુસલમાનો અને ખ્રિસ્તીઓને તમારે ખાતર ગાયને બચાવવા માટે કહેવું એ તો બહુ સારું જ છે.' પણ એ મિત્ર આગળ કહે છે: 'પણ જે હિંદુઓ ધર્મના પવિત્ર નામે રોજેરોજ ને વરસોવરસ નિર્દોષ પશુપક્ષીઓનો વધ કરે છે તેમને વિશે તમે શું કરો છો?' આપણે આ ઠપકાને લાયક જ છીએ. ઈશ્વરને નામે નિર્દોષ પશુપક્ષીઓનું બલિદાન આપવાનું આ અનિષ્ટ, દેશના આ ભાગમાં કેટલું પ્રચલિત છે તેની મને ખબર નથી. લેખક આ બાબતો વિશે મારા વિચારો ભાગ્યે જ જાણે છે. જ્યાં જ્યાં મેં આ અનિષ્ટ જોયું છે ત્યાં ત્યાં તેને ધિક્કારી કાઢવામાં મેં મારી જાતને બચાવી નથી કે મારા શ્રોતાઓને બચાવ્યા નથી. હું જાણું છું કે સર્વશક્તિમાન ઈશ્વરને નામે પશુપક્ષીઓનો ભોગ આપવાની પ્રથા એક પાપપૂર્ણ વહેમ છે. અને હિંદુઓ માટે, તેઓ ગમે ત્યાં રહેતા હોય, આ પાપી પ્રથા બંધ કરવાનો સમય પાકી ગયો છે. આ અમાનુષી પ્રથા બંધ કરાવવા માટે જે કોઈ ચળવળ કરવામાં આવે તેમાં હમેશાં મારો સાથ છે. મને એ જાણીને આશ્વાસન મળે છે કે આ પ્રથા આ દેશમાં વધતી નથી. પણ દિવસે દિવસે એ બદનામ થતી જાય છે. હમણાં

Gandhi Heritage Portal

પેલે દિવસે જ ત્રાવણકોરની રાજમાતાએ આવા બધા ભોગ આપવાની બંધી કરી દીધી છે અને તેઓ જે વસ્તુ હુકમ બહાર પાડીને કરી શક્યાં છે તે તમે દેશના આ ભાગમાં આ પ્રથા સામે લોકમત કેળવીને કરી શકો છો.

પણ હવે મારે મારા ભાષણની બીજી બાબતો પર આવવું જોઈએ. વિદ્યાર્થીઓએ માનપત્ર આપ્યું તેથી મને આનંદ થયો. તેમણે મને માનપત્ર આપ્યું તેમાં કશું નવું નથી. હિંદુસ્તાનભરમાં વિદ્યાર્થીજગતનો વિશ્વાસ અને તેમની મૈત્રી સંપાદન કરવાનું સદ્ભાગ્ય મને પ્રાપ્ત થયું છે. પણ આ માનપત્ર વિશે હું મારો આનંદ વ્યક્ત કરું છું તેનું કારણ એ છે કે તેમાં ખાદી વિશે વચન આપવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓએ પોતાના માનપત્રમાં ગંભીરતાપૂર્વક વચન આપ્યું છે કે હવેથી તેઓ ખાદી સિવાય બીજું કાપડ પહેરશે નહીં. વિદ્યાર્થીઓને હું યાદ આપું કે વચન એ બહુ પવિત્ર વસ્તુ છે. ઘણુંખરું આપણા દેશમાં અને બીજા દેશોમાં પણ ખાસ કરીને ઉત્સાહી વિદ્યાર્થીઓમાં જાતજાતનાં વચન આપવાનો રિવાજ છે. વચન આપવાની સાથે તે કોઈ પણ ભોગે પાળવાનો દૃઢ નિશ્ચય નથી હોતો તો વચન આપવાની આ ટેવ ખરેખર બૂરી ટેવ છે. મારી યાદદાસ્ત બરાબર હોય તો, કાલિકટના એક શિક્ષક તરફથી મને એક કરુણ પત્ર મળ્યો હતો, જેમાં મને વિદ્યાર્થીજગતને વાત કરવાનું અને તેમની કેટલીક નિર્બળતાઓ પર ભાર મૂકવાનું કહેવામાં આવ્યું હતું. દુનિયાભરમાં કેળવણીકારોને રોજ રોજ ખાતરી થતી જાય છે કે ચારિત્ર્યના મજબૂત પાયા પર આધારિત ન હોય તો કેવળ સાહિત્યિક કેળવણી નિરર્થક છે એટલું જ નહીં એ એક હાનિકારક સિદ્ધિ છે. અને ચારિત્ર્યઘડતરનો આરંભ ખરેખર સત્યના સંપૂર્ણ પાલનથી થાય છે. અને એક વાર અપાયેલા વચનનું પાલન ન કરવું એ સત્યનો દ્રોહ છે. ઉતાવળમાં અને પૂરો વિચાર કર્યા વગર વચનો ન આપવાં એમાં કશું ખોટું નથી, પણ એક વાર વચન આપી દીધા પછી તેને વળગી રહેવું અને તેનું પાલન કરવું તદ્દન આવશ્યક છે, પછી ભલે એ પ્રયાસમાં આપણે મરવું પડે. તેથી હું આશા રાખું છું કે વિદ્યાર્થીઓ વચન આપ્યા પછી તેનું પાલન કરશે.

પણ આ પત્રમાં બીજી કેટલીક વસ્તુઓ વિશે મારું ધ્યાન ખેંચવામાં આવ્યું છે. તેમાં કહેવામાં આવ્યું છે કે વિદ્યાર્થીઓ અવિચારીપણે એક ખોટા પ્રવાહમાં ઘસડાઈ રહ્યા છે અને તેઓ ખોટી લતે ચડવા લાગ્યા છે. ઉપર ઉપરથી જોતાં બહુ મામૂલી ગણાતી, વિદ્યાર્થીઓમાં ફેલાતી જતી ધૂમ્રપાન કરવાની અને વધારે પડતાં ચા-કૉફી પીવાની આદત તરફ મારું ધ્યાન ખેંચવામાં આવ્યું હતું. આ વસ્તુઓ ભલે નજીવી લાગે, પણ હું ઘણા વિદ્યાર્થીઓના અનુભવ પરથી જાણું છું કે એ કોઈ પણ હિસાબે નજીવી નથી. એ આત્મસંયમના અભાવનું લક્ષણ છે. અને સંયમનો આ અભાવ હિંદુસ્તાનભરમાં વિદ્યાર્થીઓના સ્વાસ્થ્યનું નખ્ખોદ વાળી રહ્યો છે. તેથી હું વિદ્યાર્થીઓને, મેં કહેલી વાત પર સારી રીતે વિચાર કરવા અને પોતાનું જીવન નવેસર ઘડવા આગ્રહ કરું છું. હિંદુ વિચાર પ્રમાણે વિદ્યાર્થી જ્યાં સુધી વિદ્યાભ્યાસ કરતો હોય ત્યાં સુધી તેણે બ્રહ્મચર્ય પાળવું જોઈએ. જે વિદ્યાર્થી આ માનસિક અને શારીરિક સંયમ પાળવા ઇચ્છતો હોય, અને એણે ઇચ્છવું પણ જોઈએ, તેણે આવી બધી અનાવશ્યક વસ્તુઓ છોડી દેવી જોઈએ.

હવે બીજાં માનપત્રો પર આવું. દરેક માનપત્રમાં રેંટિયાના સંદેશાનું ઉત્સાહપૂર્વક સમર્થન કરવામાં આવ્યું છે એ જોઈને મને આનંદ થયો. હાથે કાંતેલા સૂતરનું કાપડ છોડી દઈને આપણે હિંદની માનવતા સામે ગુનો કર્યો છે. અને આ બાબતમાં કાલિકટ પહેલું ગુનેગાર હોય એમ જ

Gandhi Heritage Portal

જણાય છે. હું સમજું છું કે કાલિકટ નામ પડવાનું કારણ એ છે કે એ પહેલું બંદર હતું. હિંદુસ્તાને પરદેશી કેલિકો ઉતારવા માંડ્યું હતું. પણ હવે ખાદીની શક્તિમાં તમારો વિશ્વાસ જોઉં છું અને તમે કહ્યું તેમ કાલિકટ તો સમૃદ્ધ નગર છે પણ આજુબાજુનો પ્રદેશ ગરીબીથી પીડાય છે. એટલે કાલિકટે શરૂ કરેલી ખરાબી દૂર કરવાની તમારી ફરજ છે. અને તમારાં માનપત્રોમાં તમે જે કંઈ કહ્યું છે તેમાં તમે પ્રામાણિક હો તો મારે તમને, મેં વિદ્યાર્થીઓને કહ્યું છે તે જ કહેવાનું છે કે તમે સૌ પરદેશી કાપડ છોડો અને ખાદી અપનાવો. પરંતુ એટલું જ પૂરતું નથી, તમારે આ જ સ્થળે ખાદીના સંગઠન અને ઉત્પાદનમાં તમારી બુદ્ધિનો ઉપયોગ કરવાનો છે. તમે વિદ્યાર્થીઓ સહિત, સૌ નાગરિકો કાંતણયજ્ઞ કરીને એ કરી શકો અને એ રીતે કાંતવાનું વાતાવરણ પેદા કરીને તમે રેંટિયાનો સંદેશો આજુબાજુનાં બધાં ગામડાંમાં લઈ જઈ શકો અને ગામડાંના લોકો પાસે આખા મલબાર માટે સૂતર કાંતવાની આશા રાખી શકો. આટલું કરશો તો તમે જોશો કે તમે દેશની સમૃદ્ધિમાં દર વરસે માથાદીઠ ૪ રૂપિયાનો ઉમેરો કરી શકો છો અને તે પણ કોઈ ઉપયોગી કામ છોડ્યા વગર અને બીજી રીતે ઉપયોગી થતી એક પણ મિનિટ આપ્યા વગર. અને આપણા વડવાઓએ કરેલા પાપનું આ પ્રાયશ્ચિત્ત કરવાની આપણી પાસે અપેક્ષા રાખવામાં આવી છે.

વળી, દેશના આ ભાગમાં અસ્પૃશ્યતાનું ભયંકર અનિષ્ટ તેના તીવ્ર રૂપમાં વ્યાપેલું છે. અહીં અસ્પૃશ્યો પાસે આવે કે નજરે ચડે તેથી પણ અભડાઈ જવાય છે. આપણે હિંદુઓ આ અનિષ્ટમાંથી જેટલા વહેલા મુક્ત થઈએ તેટલું આપણે માટે અને હિંદુ ધર્મ માટે સારું છે.

દારૂની બદી દેશના ગરીબ લોકોની માણસાઈનો નાશ કરી રહી છે. જો આપણે દેશના ગરીબમાં ગરીબ માણસ સાથે એકતા અનુભવવા માગતા હોઈએ તો આપણે તેમની વચ્ચે જઈને કામ કરવું જોઈએ અને આ બૂરી આદતથી તેમને છોડાવવાનો પ્રયત્ન કરવો જોઈએ. અને જ્યાં સુધી તમે દેશમાં સંપૂર્ણ દારૂબંધી ન કરાવો ત્યાં સુધી તમને સંતોષ ન જ થવો જોઈએ.

બીજી કેટલીક વસ્તુઓ વિશે હું બીજી સભાઓમાં વાત કરતો આવ્યો છું. તે બધી વસ્તુઓ જોકે મહત્ત્વની છે, છતાં તે વિશે હું તમારો સમય લેવા માગતો નથી. પણ હું તમારી સાથે થોડો વધુ સોદો કરવા ઇચ્છું છું. અહીં બહેનો પાસેથી મને કેટલાંક ઘરેણાં મળ્યાં છે. મારી પાસે હાથે તૈયાર કરેલી ખાદીનો એક ટુકડો છે જે મારા અભિપ્રાય મુજબ સુંદર છે. આ ટુકડો મને શબરી આશ્રમ તરફથી મળ્યો છે. શબરી આશ્રમ વિશે તો તમારામાંના ઘણા જાણતા હશે અથવા જાણવું જોઈએ. એ આશ્રમ ચૂપચાપ ખાદીનું કાર્ય કરી રહ્યો છે તેમ જ અસ્પૃશ્યોમાં પણ કામ કરી રહ્યો છે. હું ઇચ્છું છું કે તમે તેની પ્રવૃત્તિ જુઓ અને તે તમને ગમે તો આશ્રમને મદદ કરો. આ ખાદી જે સૂતરની બનેલી છે, તે સૂતર એક બ્રાહ્મણ, બે નાયર, ત્રણ પુલાયા અને ચાર થિયાઓએ કાંત્યું છે. આશ્રમનાં બાળકોએ જ એને વણી છે. તેનો ઇતિહાસ આવો અદ્ભુત અને મનોરંજક છે.

મેં આ પુસ્તક[1] વિશે તો તમારું ધ્યાન ખેંચ્યું જ છે. તે ઉપરાંત એક મિત્રે ભેટ આપેલાં આ બીજાં ઉપયોગી પુસ્તકો છે. અને જો તમને મારી સાથે અહીં થોડો વખત રોકાવા જેટલી ધીરજ હોય, અને જો તમે આ વસ્તુઓની હરાજીમાં માગણી કરશો તો સ્વાભાવિક રીતે એમાં થોડો સમય જશે. બહેનોની સભામાં એક બહેને મને આ સુંદર ટાઇમપીસ આપ્યું છે. આને

૧. સાધનાની નકલ.

Gandhi Heritage Portal

આઠ દિવસે એક વાર ચાવી આપવાની છે અને તે તદ્દન સારી સ્થિતિમાં છે. આ એક કાંડાનું ઘડિયાળ છે અને કેટલીક વીંટીઓ છે જેમાંની એક સુંદર છે. અને આ ફ્રેમો છે જે સૌ જાણે છે કે આ સભામાં ઊપડી જશે. હું આ ફ્રેમોથી શરૂઆત કરવા માગું છું. મારી પાસે આ બધાં માનપત્રોની આગળથી આપવામાં આવેલી નકલો તો છે. હવે આપણે શરૂ કરી શકીએ.

[મૂળ અંગ્રેજી]

हिन्दु, ૨૭–૧૦–૧૯૨૭

## ૧૨૩. વિ. ઝ. પટેલને તાર

ઑક્ટોબર ૨૬, ૧૯૨૭

મેંગલોર બોટ દ્વારા ઓગણત્રીસમીએ મુંબઈ પહોંચું છું. ત્રીસમીએ તમને વડોદરાથી લઈ લઈશ.[1]

[મૂળ અંગ્રેજી]

विठ्ठलभाई पटेल, लाइफ एन्ड टाइम्स, ખંડ ૨જો, પૃ. ૭૮૦.

## ૧૨૪. કાલિકટમાં આદિદ્રવિડો સમક્ષ ભાષણ

ઑક્ટોબર ૨૬, ૧૯૨૭

પ્રિય મિત્રો,

તમારી વચ્ચે આવીને મને અત્યંત આનંદ થયો. મને એ પણ ગમ્યું કે તમે બરાબર મારી સામે બેઠા છો, જેથી હું તમને બધાને સારી રીતે જોઈ શકું.

અહીં આ જુદા જુદા વિભાગો છે એથી મને જરા દુઃખ થાય છે. પણ એ કદાચ મારી સગવડ માટે અનિવાર્ય હતું. મેં બીજી જગ્યાની પેઠે અહીં પણ તમને વધારે મોટી સંખ્યામાં જોવાની આશા રાખી હતી.

મેં તમારું આખું માનપત્ર વાંચી લીધું છે, કારણ એનો અનુવાદ મને મળ્યો છે. હું હૃદયથી તમારી સાથે છું એની ખાતરી આપવાની જરૂર ન હોય. અને જો માત્ર મોઢે કહેવાથી હું તમારામાંનો એક બની શકતો હોઉં તો મેં મારી જાતને નાયાડી તરીકે જ ગણાવી છે. પણ હું જાણું છું કે અત્યારે એમ કહેવું એ કદાચ ધૃષ્ટતા ગણાય. હું એક પણ નાયાડીના સંપર્કમાં આવ્યો નથી અને ફક્ત એક પ્રસંગે જ્યારે હું નાયાડીને જોઈ શક્યો હતો ત્યારે પણ તેનો સ્પર્શ કરવાનું બન્યું નહોતું; કારણ કે અમારી વચ્ચે એક ભયંકર વાડ ઊભી હતી. એ વાડ પાછળથી હું ને મારા મિત્રો ઊભા હતા ત્યાં રસ્તા ઉપર આવવા હું તેને સમજાવી શક્યો નહીં. અને મેં મારા મનને એવું મનાવી લીધું કે મને વાડ ઓળંગીને કે વાડની સાથે સાથે ચાલીને સામી બાજુએ એ મિત્ર પાસે જવાનો સમય નથી. એટલે જો આ શ્રોતાગણમાંથી અથવા બીજી જગ્યાએથી કોઈ મારા પર ખાલી મોઢાની વાતો કરનારા તરીકેનો આરોપ મૂકે તો મારે

૧. વાઇસરૉયને મળવા દિલ્હી જતાં.

Gandhi Heritage Portal

તરત જ ગુનો કબૂલ કરી લેવો જોઈએ. પણ ગુનો કબૂલ કરવાની સાથે સાથે મારે અચકાયા વગર જાહેર કરવું જોઈએ કે મને નાયાડી લોકો માટે અને તમારે માટે દુનિયામાં કોઈને પણ થઈ શકે તેટલી તીવ્ર લાગણી થાય છે. વારુ, પણ મને જરા ડર છે કે આ લાંબું માનપત્ર તમે સમજ્યા નથી અથવા તમને સમજાવવામાં આવ્યું નથી. અને તેથી, એ માનપત્રમાં શું છે એ હું તમને કહેવા માગું છું. તેનો સાર એ છે કે જેઓ અસ્પૃશ્ય, તેમ જ પાસે જવાથી અને જોવાથી પણ અભડાઈ જવાય એવા ગણાય છે તેઓ પોતાની જ જન્મભૂમિમાં ન્યાત બહાર જ નહીં પણ ગુલામ પણ ગણાય છે. તેમને ખરીદીને વેચી શકાય એવી મિલકત ગણવામાં આવે છે. રસ્તાઓનો ઉપયોગ કરવાનો જે અધિકાર દુનિયાના કોઈ પણ ભાગમાં માણસને હોવો જોઈએ તે અધિકાર તેમને નથી. અને કાલિકટની મ્યુનિસિપલ શાળામાં એક છોકરીને દાખલ કરાવવામાં તમને ઓછી મુશ્કેલી નથી પડી. આ છેલ્લો આક્ષેપ, જે ચોક્કસ પ્રકારનો છે તે કેટલે અંશે સાચો છે તેની મને ખબર નથી. હું સારી પેઠે જાણું છું કે તમારા માનપત્રમાં કહેલી વાત મોટે ભાગે સાચી છે. અને તે સાચી છે કારણ કે અહીં એકઠા મળેલા અને મને આ માનપત્ર અપાય છે તેના તેમ જ તમને હું જે ભાષણ આપું છું તેના સાક્ષી રહેલા અમે સૌએ પણ તમારાં હિતોની ઉપેક્ષા કરી છે અને આજે પણ કરી રહ્યા છીએ. ખોટી રીતે અમને પોતાને સ્પૃશ્ય અને બીજું પણ ઘણું કહેનારા અને શ્રેષ્ઠતાનો દાવો કરનારા અમે તમારે માટે ખરેખર સગા ભાઈ જેવી લાગણી ધરાવતા હોત તો આ વસ્તુઓ એક દિવસ પણ ટકી શકત નહીં, પણ આ કાળા વાદળમાં પ્રકાશની એક રેખા રહેલી છે. હિંદુ આત્માને કારી ઘા લાગ્યો છે અને અત્યારે આખાયે હિંદુસ્તાનમાં તમારા પ્રત્યે કરવામાં આવેલા ભયંકર અન્યાયનું થોડુંઘણું પ્રાયશ્ચિત્ત કરવા માટે આજની ઘડીએ એક જબરજસ્ત ચળવળ ચાલી રહી છે. મોટા માણસો તરીકે જાણીતા ઘણા હિંદીઓ, આજે આ બાબતમાં રસ લઈ રહ્યા છે. તેથી મારા મનમાં જરાયે શંકા નથી કે, એવો સમય બહુ જલદીથી આવી રહ્યો છે જ્યારે આ બધી ગેરલાયકાતો બિલકુલ અદૃશ્ય થઈ જશે. વળી, મને એ બાબતમાં પણ શંકા નથી કે જો હિંદુઓના ત્યાગ અને પ્રાયશ્ચિત્તને પરિણામે આ ગેરલાયકાતો દૂર નહીં થાય તો ખુદ હિંદુ ધર્મ ખતમ થઈ જશે.

તમે માનપત્રોમાં સૂચવ્યું છે અથવા તમારા તરફથી સૂચવવામાં આવ્યું છે કે, તમારે માટે બધી જગ્યાએ એવી સંસ્થાઓ સ્થપાવી જોઈએ જ્યાં રહીને તમારા છોકરાઓ અભ્યાસ કરી શકે. આ વિચાર બેશક, વખાણવા લાયક છે. તમે પોતે જ શ્રી કેલપ્પન નાયરનું નામ આપ્યું છે. તેઓ આવી એક સંસ્થા ચલાવે છે. અહીંથી થોડે દૂર શબરી આશ્રમ પણ છે. પણ હું જાણું છું કે તમારી જરૂરિયાત જોતાં આ સગવડ ઘણી ઓછી છે. અને હું તમને કહેવા માગું છું અને આ શ્રોતાજનોમાંના દરેકને કહેવા માગું છું કે જો વધારે સંસ્થાઓ ન નીકળી હોય તો તેનું કારણ પૈસાનો અભાવ નહીં પણ કાર્યકર્તાઓનો અભાવ છે. આજે હિંદુસ્તાનમાં એવા ઘણા હિંદુઓ છે જેમને જો એવી ખાતરી આપી શકાય કે આ કામ કરવા માટે પ્રામાણિક, ઉદ્યમી, ત્યાગી અને હોશિયાર કાર્યકર્તાઓ છે તો તેઓ જોઈએ તેટલા પૈસા આપવા તૈયાર છે. પણ સવર્ણ હિંદુઓ માટે એ શરમની વાત છે કે આપણી પાસે મેં વર્ણવ્યા તેવા વધુ કાર્યકર્તાઓ નથી અને હું એ પણ જાણું છું કે અહીંના લોકો પાસે આ કામ માટે પૂરતા પૈસા પણ નથી. આ કામ માટે પણ આવશ્યક પૈસાનો મોટો ભાગ ઉત્તર હિંદુસ્તાનથી આવે છે. એમ ન હોવું જોઈએ. અને સુધારાની આ ચળવળ, જે હિંદુ ધર્મમાં ક્યારની થવી જોઈતી હતી તે આખા હિંદુસ્તાનમાં ફેલાય તે માટે દરેક જગ્યાએ સ્થાનિક હિંદુઓએ આગળ આવવું જોઈએ અને

Gandhi Heritage Portal

આ ચળવળને માણસ અને પૈસા આપીને સંગઠિત કરવી જોઈએ. આ બાબતમાં મારે એક નક્કર સૂચના કરવાની છે. મારી અપેક્ષા વિરુદ્ધ આ સભામાં આદિદ્રવિડો કરતાં સવર્ણ હિંદુઓ અને બીજા લોક વધારે છે. તેથી આ સભાને અંતે હું ખાદીફંડ માટે નહીં, પણ આ ખાસ પ્રકારના કામમાં જરૂરી પૈસા આપવાની અપીલ કરવા માગું છું. અને એ પૈસાનો ઉપયોગ હું કેરળમાં કરવાના કામ માટે બીજું મોટું ફંડ ઊભું કરવાના આરંભ તરીકે કરીશ. આ સભામાં જે રકમ એકઠી થશે તે હું મારી પાસે રાખીશ, જેથી તે એક સ્થાનિક સમિતિ બનાવીને તેને સોંપી શકાય; કારણ, મને લાગે છે કે આ જાતના કામ માટે પૈસા હમેશાં ઉત્તર હિંદુસ્તાનમાંથી આવે એ સારું નથી. એવી રીતે કરેલું કામ ખરું જોતાં વાસ્તવિક કામ ન ગણાય. જરૂર તો એ વસ્તુની છે કે દરેક હિંદુ આ અન્યાય દૂર કરવા ચોક્કસ રીતે કામ કરે અને કંઈ નહીં તો છેવટ, આ કામ માટે દર મહિને કે દર વર્ષે અમુક રકમ જુદી કાઢીને અવર્ણોને થયેલું નુકસાન ભરપાઈ કરે. અને હું તમને ખાતરી આપી શકું છું કે તમે હવે જે કંઈ પૈસા આપશો તે, જ્યાં સુધી હું પોતાનું ફંડ હોય એવી અને કામ પણ કરતી હોય એવી એક યોગ્ય સમિતિ જોઉં નહીં ત્યાં સુધી કોઈને આપીશ નહીં.

આટલી વાત સવર્ણ હિંદુઓએ કરવાના કામ અંગે છે. પણ તમે કહ્યું છે એ બરોબર જ છે અથવા તમારા તરફથી આ માનપત્રમાં કહેવામાં આવ્યું છે એ તદ્દન સાચું છે કે આખરે મુક્તિ તો તમારા પોતાના પ્રયાસોથી જ આવશે. જો તમને તમારા બળનું ભાન થાય તો તમે આજે જ મુક્ત થઈ શકો, એ વિશે મને જરાયે શંકા નથી. પણ આ માનપત્રમાં કહેવામાં આવ્યું છે અને એ સાચું છે કે અત્યારે તો બળની એ ઉષ્માનો અનુભવ કરવો તમારી શક્તિની બહાર છે. પણ કેટલીક વસ્તુઓ એવી છે જે તમે તરત કરી શકો છો. તમે દારૂ પીતા હો તો તે છોડી દેવો જોઈએ. તમે તમાકુ પીતા હો તો તે તમારે છોડી દેવી જોઈએ. તમે મુડદાલ માંસ ખાતા હો તો તે તમારે છોડી દેવું જોઈએ. તમે માનો છો કે કોઈ હિંદુ ગોહત્યા કરે અથવા ગોમાંસ ખાય એ અસહ્ય છે. દરેક હિંદુ માટે આ એક બાબતનો સખત નિષેધ કરવામાં આવ્યો છે. અને મારા નમ્ર અભિપ્રાય મુજબ ગોવધ કરવાના કે ગોમાંસ ખાવાના આ નિષેધનો ઉપરથી દેખાય છે તે કરતાં ઘણો ઊંડો અર્થ છે. તેથી હું ઇચ્છું છું કે તમે આ આદત છોડી દો. મેં હમણાં આપણા યજમાન પાસેથી સાંભળ્યું છે કે તમારામાંના ઘણા ગોમાંસ ખાવાનું છોડી રહ્યા છે. આ સાંભળીને મને ઘણો જ આનંદ થાય છે. તમે ગોમાંસ ખાતા આવ્યા છો, એવો વિચાર કરવા માટે પણ મારે તમારી માફી માગવી જોઈએ. પણ તમને યાદ હશે કે મેં શરતી વાત કરી હતી. વળી હું જાણું છું કે દક્ષિણ હિંદના બીજા ભાગોમાં આદિદ્રવિડો ગોમાંસ ખાય છે. અને જો તમે આત્મશુદ્ધિની આ પ્રક્રિયા થોડી થોડી કરીને ચાલુ રાખશો તો તમે તમારો વિકાસ થતો જોશો અને કદાચ કોઈથી પણ ન મેળવી શકાય એવો આત્મવિશ્વાસ મેળવશો.

હું હવે તમને બીજું કંઈ પણ વધારે કહેવા માગતો નથી. કારણ કે હવે મારે, જે કામ મેં વિચારી રાખ્યું છે તે કરવું છે. પણ હું આશા રાખીશ કે, તમને અહીં લાવવામાં આવ્યા છે અથવા તમે આવ્યા છો એટલે આ સભા યોજનારાઓ તમને મેં કરેલી વાત વિગતવાર સમજાવશે અને તમે પોતે તમારા સંબંધીઓ કે ઓળખીતાઓની વચ્ચે જશો અને મારો સંદેશો તેમને પહોંચાડશો.

હવે હું ફાળો એકઠો કરનારાઓને સભામાં મોકલું તે પહેલાં મુખ્ય મુખ્ય માણસો, તેમના ખિસ્સામાં પૂરતા પૈસા ન હોય તો પોતપોતાનો ફાળો જાહેર કરે. હું આશા રાખીશ કે જે

Gandhi Heritage Portal

ફાળો જાહેર કરવામાં આવે તે હું મેંગલોર છોડું તે પહેલાં મને આપી દેવામાં આવશે. હું ફાળા ઉઘરાવવામાં અને તેની ગોઠવણ કરવામાં નિષ્ણાત છું અને હું જાણું છું કે ફાળાની બાબતમાં થોડા કલાક કરતાં વધુ મહેતલ આપવામાં ઘણું જોખમ હોય છે. હું પ્રેમના દબાણ સિવાય બીજું કોઈ દબાણ કરવા માગતો નથી. પણ મેં તમારી સમક્ષ જે ભાષણ કર્યું તેનો મર્મ તમે સમજ્યા હો તો હું ઇચ્છું છું કે તમે ફાળો આપવામાં કંજૂસાઈ નહીં કરો. આ કામને તમે તમારું પોતાનું કામ ગણો એમ ઇચ્છું છું. હવે, ફાળો ઉઘરાવવાનું કામ તમારા હાથમાં સોંપું છું.

આ તબક્કે લગભગ ૩૮૦ રૂપિયાનો ફાળો જાહેર કરવામાં આવ્યો અને ત્યાં જ ભરી દેવામાં આવ્યો. ફાળો ઉઘરાવવાનું ચાલતું હતું તે દરમ્યાન મહાત્માજીને એક પત્ર આપવામાં આવ્યો જે તેમણે વાંચ્યો. એ પત્ર નીચે મુજબ હતો:

> આ મહિનાની પાંચમી તારીખે મારે જિલ્લા સ્કાઉટ માસ્તર અને બૉય સ્કાઉટ ઍસોસિયેશનના પ્રાંતીય સંગઠન મંત્રી સાથે એક વકીલને ઘેર જવાનું થયું. એ વકીલના મુનીમે અમને આવકાર આપ્યો અને અમને ઓસરીમાં બેસાડ્યા. પછી વકીલને અમારો પરિચયપત્ર મોકલવામાં આવ્યો. પછી તેમનો મુનીમ બહાર આવ્યો અને મને કહ્યું કે, નામ પરથી તમે જેની પાસે ન જવાય એવા અનુપસાર્ય અંત્યજ લાગો છો તેથી તમારે બહાર આંગણામાં ઊભા રહેવું. સ્વમાનના ખ્યાલથી હું ત્યાંથી ચાલ્યો આવ્યો. આ પ્રસંગે હું એ ઉચ્ચ કેળવણી પામેલા બ્રાહ્મણ ગૃહસ્થની ટીકા કરીને આપનો કીમતી સમય લેવા માગતો નથી. આપને જાણીને જરૂર દુઃખ થશે કે મેં જે વકીલનું નામ આપ્યું છે તે આ જિલ્લાના સર્વોત્તમ બ્રાહ્મણોમાંના પણ એક છે. આ દાખલા પરથી જણાય છે કે હિંદુસ્તાનના આ ભાગમાં અસ્પૃશ્યતાના અનિષ્ટનાં મૂળ કેટલાં ઊંડાં ગયાં છે.

મહાત્માજીએ સાવધાનીપૂર્વક પત્રમાંનાં બધાં નામોનો ઉલ્લેખ ટાળીને કહ્યું:

અલબત્ત, આ એક શરમભરેલી વસ્તુ છે. હું માનું છું કે આ બનાવ જરૂર બન્યો હશે; કારણ હું પોતે જાણું છું કે આવા બનાવો બીજી જગ્યાએ પણ બન્યા છે. ખરેખર, આ શોભાભર્યું નથી. પણ આપણે અહીં છીએ તે બધા, જેઓ હજી પણ અનુપસાર્યતા જેવી ભયંકર અસ્પૃશ્યતાને સંઘરે છે તેમને માટે કંઈક પ્રાયશ્ચિત્ત કરીએ. કોઈ અંધશ્રાદ્ધાળુ આવું કરે એ હું સમજી શકું; પણ જે માણસે જેવી તેવી પણ કૉલેજની કેળવણી લીધી છે, વકીલ થયો છે, વકીલાત કરે છે અને એથીયે વિશેષ હશે, તેમ છતાં તે આટલી ઉચ્છૃંખલતા, અથવા અજ્ઞાન, અથવા ગમે તે વિશેષણ કે ગમે તે નામ આપો, બતાવે અને પોતાને ત્યાંથી એક પૂરેપૂરા સજ્જન માણસને કાઢી મૂકે, એ હું સમજી શકતો નથી. આવો બનાવ બનવો ન જોઈએ. પણ તમારી સમક્ષ આ બનાવનો ઉલ્લેખ મેં મારી અપીલને વધુ અસરકારક બનાવવા માટે કર્યો છે.

હવે મારી સૂચના એ છે કે આ સભા ગોઠવનારાઓ નકામા બેસી ન રહે પણ આજે જ કામ શરૂ કરે અને નામ માટે નહીં પણ કામ કરવા માટે, નક્કર કામ કરવા માટે, એક નાની સમિતિ રચે. એ સમિતિના સભ્યોનાં નામ મને મોકલજો. આજે હું મૅંગલોર જાઉં છું. મેં સિલોન જવાની આશા રાખી હતી પણ ત્યાં નહીં જઈ શકું અને મૅંગલોરને ચાર દિવસ આપવા ધાર્યા હતા તે નહીં આપી શકું. વાઇસરૉયનું તાકીદનું આમંત્રણ મળ્યું છે. તેઓ પોતાના તારમાં જણાવે છે તેમ, "તાકીદના અને મહત્ત્વના કામે" મને દિલ્હી બોલાવે છે. એટલે મારે સિલોન જવાનું મુલતવી રાખીને મૅંગલોરથી દિલ્હી જવું પડશે. પછી ત્યાંથી બને તેટલો વહેલો આવીને

Gandhi Heritage Portal

હું સિલોન જવાની આશા રાખું છું. પણ તમે મને દિલ્હી લખી શકો. ત્યાં હું ૩૧મી તારીખે પહોંચવાની આશા રાખું છું અને ત્યાં ત્રણ દિવસ રોકાઈશ. આ સૂચના હું એટલા માટે કરું છું કે તમે સમય ગુમાવો નહીં. હું ઇચ્છું છું કે આ સમિતિ એક નક્કર સમિતિ હોય અને તે મલબારમાં આ કામ માટે જોઈતી રકમની એકેએક પાઈ મલબારમાંથી જ ઊભી કરવાની બાબતને પોતાની પ્રતિષ્ઠાનો પ્રશ્ન બનાવે. હવે મલબાર વિશે હું ઘણું જાણું છું. હું જાણું છું કે મલબાર તમારી આ શુદ્ધીકરણની ચળવળનો આર્થિક બોજો ઉઠાવવા શક્તિમાન છે.

આટલું કહ્યા પછી હવે હું એક બીજી વાત કહેવા ઇચ્છું છું તે અસ્પૃશ્યતા વિશે નથી. પણ એ વિશે મારી સામે બેઠેલા આ મિત્રોનું ધ્યાન ખેંચ્યા વગર હું સભા છોડી શકું તેમ નથી. એક પણ પુરુષ કે સ્ત્રી જે અહીં જન્મ લેવાને કારણે અથવા અહીં વસવાને કારણે હિંદુસ્તાનને પોતાનો દેશ માને છે, તેને ખાદીની ઉપેક્ષા કરીને દેશના ગરીબમાં ગરીબ માણસની ઉપેક્ષા કરતો જોઈને મને ઘણું દુઃખ થાય છે. આપણા દેશમાં લાખો લોકો એવા છે જેઓ અસ્પૃશ્ય કહેવાતા નથી, પણ અડધા ભૂખમરાને કારણે અસ્પૃશ્ય બની ગયા છે. તેઓ અસ્પૃશ્ય બની ગયા છે કારણ કે તેમની પાસે કોઈ જતું નથી, તેમનો કોઈ વિચાર કરતું નથી. તેઓ જીવે છે કે મરે છે તેની કોઈ ચિંતા કરતું નથી. પશુઓ અને બીજાં પ્રાણીઓ કંઈ નહીં તો પોતાનો ખોરાક તો કોઈ ને કોઈ રીતે મેળવી જ લે છે. પણ આ લોકો તો પશુઓ કરતાં પણ હીન દશામાં છે કારણ તેઓ અડધો ભૂખમરો વેઠે છે. તેથી હું ઇચ્છું છું કે તમે તેમનો વિચાર કરો અને તેમને નામે અને તેમને ખાતર ખાદી સિવાય બીજું કાપડ ખરીદવામાં એક પણ રૂપિયો ખર્ચશો નહીં. યાદ રાખો કે ખાદી માટે ખર્ચેલો એક રૂપિયો ૧૬ સ્ત્રીઓને એક દિવસનું ભોજન આપવા બરાબર છે.

અને એ ઉપરાંત તમે બધા રોજ થોડું કાંતો એમ ઇચ્છું છું. તમને કાંતતાં ન આવડતું હોય તો તમારે એ શીખી લેવું જોઈએ. તમે તમારા પોતાના કાંતેલા સૂતરમાંથી તમારાં કપડાં બનાવડાવી શકો. હું તમને જણાવવા ઇચ્છું છું કે સેંકડો, કદાચ હજારો, પણ હજારોનો આંકડો હું સાબિત ન કરી શકું એટલે સેંકડો કહેવાતા અસ્પૃશ્યોનો રેંટિયા મારફત ઉદ્ધાર કરવામાં આવ્યો છે. હિંદુસ્તાનના ઉત્તરના ભાગમાં ઘણા અસ્પૃશ્યો વણકર હતા. પણ તેઓ બારીક કે નકશી કાપડ નહોતા વણતા, સાદું, જાડું કાપડ વણતા હતા. પછી માન્ચેસ્ટરનું બારીક કાપડ આવ્યું એટલે તેઓ વણતા બંધ થયા; કારણ કે તેમને વણવાનું કામ કોઈ આપતું નહોતું. હું આશ્રમમાં એક કુટુંબને ઓળખું છું, જેણે આ ચળવળ શરૂ થયા પછી આજે કેટલાક હજાર રૂપિયા એકઠા કર્યા છે. એ કુટુંબ, જેમાં પતિ, પત્ની અને કામ કરતો એક છોકરો પણ છે તથા હું માનું છું કે એક બાળક પણ છે. હાલમાં તેઓ દર મહિને ૭૫ રૂપિયા કમાય છે, અને રહેવાનું ઘર મફત વાપરે છે. આવાં ઘણાં કુટુંબોના દાખલા આપી શકું; જોકે તેઓ આ કુટુંબ જેટલું નથી કમાતાં પણ સારી રીતે ગુજરાન ચલાવી શકે તેટલું તો કમાય છે. માની લો કે આ ચળવળ બંધ થઈ, તો શું થશે? આ બધાં કુટુંબો પાછાં બેકાર થશે. માનો કે આ ચળવળ આજના કરતાં વધુ પ્રગતિ કરવાનું ચાલુ રાખે તો આવાં સેંકડો ને હજારો કુટુંબોને આ કામમાં ગોઠવી શકાય. કારણ, હું જાણું છું કે, બારીકમાં બારીક ખાદી તૈયાર કરવાની આપણી શક્તિને સીમા નથી, પણ કોણ જાણે કેમ, દુર્ભાગ્યે આપણામાં આપણા દેશને ચાહવાની ઇચ્છા નથી રહી એમ લાગે છે. અને તેથી આજે હિંદુસ્તાનમાં આપણી પાસે માંગ કરતાં વધુ ખાદી છે. આદિ-દ્રવિડ ભાઈઓ, હું ઇચ્છું છું કે તમે, આ સ્થિતિ બદલો, કારણ કે તમારા પછી તો તમારા

Gandhi Heritage Portal

જેવા લાખોની સંખ્યામાં ગણતરી થાય એટલા ગરીબ લોકો છે. જ્યારે ખાદી હિંદુસ્તાનમાં ચલણી સિક્કો બની જશે ત્યારે આપણી આર્થિક પ્રગતિને દુનિયાની કોઈ સત્તા રોકી શકશે નહીં. હવે, હું મારી આ અપીલનો જવાબ વાળવા માટે તમારો સૌનો આભાર માનું છું.

[મૂળ અંગ્રેજી]

हिन्दु, ૨૮-૧૦-૧૯૨૭

## ૧૨૫. મૅંગલોરની જાહેર સભામાં ભાષણ[1]

ઑક્ટોબર ૨૬, ૧૯૨૭

તમે દરિદ્રનારાયણ માટે જે બધા પૈસા આપ્યા તથા માનપત્રો આપ્યાં તે બદલ હું તમારો આભારી છું. અહીં આવ્યા પછી કેટલાક લોકોએ મારી સાથે મારી પોતાની ભાષામાં વાત કરી એથી હું બહુ રાજી થયો છું. હું જોઉં છું કે આર્યસમાજ તરફથી એક માનપત્ર હિંદીમાં પણ આપવામાં આવ્યું છે. બધાં જ માનપત્રો હિંદીમાં અથવા કાંઈ નહીં તો, તમારી પોતાની કન્નડ ભાષામાં હોત તો મને વધારે આનંદ થાત. આ દુનિયામાં પરમેશ્વર જ આપણને દુ:ખસુખ આપે છે. મેં આ માનપત્રો પરદેશી ભાષામાં વંચાતાં સાંભળ્યાં ત્યારે પરમેશ્વરે મને દુ:ખ આપ્યું. આ શહેરમાં હું તમારી સાથે મૂળમાં તો ચાર દિવસ રહેવા માગતો હતો. એમ કરી શક્યો હોત તો મને આનંદ થાત. સામાન્ય સંજોગોમાં આજે હું નીલેશ્વરમાં હોવો જોઈતો હતો. આજે બપોર પછી અમે નીલેશ્વર સ્ટેશને પહોંચ્યા ત્યારે મેં ત્યાં હજારો લોકોને નિરાશ થઈને ઊભેલા જોયા. અને એ સ્ટેશન છોડી તેમને નિરાશ કરી અહીં આવતાં મને ઘણું દુ:ખ થયું. મને થોડું આશ્વાસન એ હકીકતમાંથી મળે છે કે આટલા બધા લોકોને નિરાશ કરવા પડે છે તેનું કારણ દેશની સેવાના અનિવાર્ય કારણસર મારે મારા કાર્યક્રમમાં ફેરફાર કરવો પડે છે.

હું તિરુપુરમાં હતો ત્યારે મને વાઇસરૉયનો તાર મળ્યો હતો. એ તારમાં તેઓ નામદારે, કેટલીક મહત્ત્વની બાબતો વિશે મારી સાથે ચર્ચા કરવા માટે મને દિલ્હી આવવા વિનંતી કરી હતી. મને લાગે છે કે એ વિનંતી સ્વીકારીને પણ હું દેશની કંઈક સેવા કરી શકું એમ છું. તેથી એ આમંત્રણનો અસ્વીકાર કરવાનું મને ઠીક ન લાગ્યું. મેં તમને કહ્યું કે મારે દિલ્હી જવાનું છે એટલે હું તમારી વચ્ચે વધુ વખત રહી શકું તેમ નથી. એટલે તમે મને માફ કરશો. તમે બધા એ જાણવા ઇંતેજાર હશો કે કયા ચોક્કસ કામે હું વાઇસરૉયને મળવા દિલ્હી જાઉં છું, તેમણે મને શા માટે બોલાવ્યો છે, અને કઈ મહત્ત્વની બાબત તેઓ મારી સાથે ચર્ચવા માગે છે. દિલગીર છું કે હું પોતે જ એ વિશે કંઈ પણ વધુ જાણતો નથી. તેમણે મને માત્ર, થોડી અગવડ વેઠીને પણ, આવવા વિનંતી કરી છે. મને પૂરો વિશ્વાસ છે કે દિલ્હીમાં હું મારું કામ બે દિવસમાં પતાવી શકીશ. પછી મારે સિલોન જવું છે. ત્યાંથી પાછા આવ્યા પછી મને સમય અને સગવડ હશે તો તમારા જિલ્લાનો બધો કાર્યક્રમ હું પૂરો કરીશ.

મારે સિલોન જવું છે અને ત્યાં ગોઠવાયેલા બધા કાર્યક્રમો પૂરા કરવા છે. અહીં દરિદ્ર-નારાયણની સેવા કરું છું તે જ રીતે મારે સિલોનના દરિદ્રનારાયણની સેવા કરવી છે. એટલે

૧. ગંગાધરરાવ દેશપાંડેએ આ ભાષણનું કન્નડમાં ભાષાંતર કર્યું હતું.

Gandhi Heritage Portal

આ બધાં કારણોસર હું આવતી કાલે મેંગલોરથી સમુદ્રને રસ્તે એકાએક ચાલ્યો જાઉં છું તે માટે મને ક્ષમા કરશો.

છ કે સાત વરસ પહેલાં હું અહીં મારા ભાઈ શૌકતઅલી સાથે આવ્યો હતો. એ મુલાકાત હું કદી ભૂલીશ નહીં. તે વખતે હિંદુ, મુસ્લિમ, ખ્રિસ્તી, શીખ અને આ દેશના બીજા સૌ લોકો હળીમળીને રહેતા હતા. તેઓ એકબીજાનો વિશ્વાસ કરતા હતા. તેમને માંહોમાંહે પૂર ભરોંસો હતો. આજે ઉત્તર હિંદુસ્તાનમાં હિંદુમુસલમાન લડે છે અને એકબીજાનાં માથાં ભાંગે છે. આ સ્થિતિ ચાલુ ન રહેવી જોઈએ. મને વિશ્વાસ છે કે ટૂંક સમયમાં તેમની વચ્ચે સારા સંબંધો પાછા સ્થપાશે.

તમારાં બધાં માનપત્રોમાં તમે રેંટિયાનો ને ખાદીનો ઉલ્લેખ કર્યો છે અને ચળવળની સફળતામાં સંપૂર્ણ વિશ્વાસ વ્યક્ત કર્યો છે. તમે જે પૈસા આપ્યા છે તે બધા આ કામને માટે છે. આ ચળવળમાં અમને શ્રદ્ધા છે એટલું તમે કહો તેટલું પૂરતું નથી. એટલાથી કંઈ ચળવળ સફળ નહીં થાય. તમે બધા ખાદી પહેરો તો જ ખાદીની આ ચળવળ સફળ થશે. મારી આસપાસ બેઠેલા ઘણા લોકોને હું પરદેશી કપડાં પહેરેલા જોઉં છું. આપણા દેશમાં પૂરતો કપાસ અને પૂરતી ખાદ્ય સામગ્રી પેદા થાય છે. આપણા બધા દેશવાસીઓ પરદેશથી આવતો ખોરાક જ ખાતા હોત તો આજે આપણી કેવી અવદશા થઈ હોત! પરદેશી કાપડ પહેરવાથી પણ એ જ દશા થાય છે. એક બહેને મને કહ્યું કે જ્યાં સુધી સારી બારીક ખાદી નહીં મળે ત્યાં સુધી પોતે ખાદીનાં કપડાં નહીં પહેરે. હવે હું તમને એક ઉદાહરણ આપું. માનો કે તમારી માએ કે તમારી દીકરીએ રસોઈ કરી છે. તે બહુ સરસ ન થઈ હોય તોપણ તમને તે સ્વાદિષ્ટ લાગે છે. એ જ રીતે તમારાં ભાઈબહેનોએ તૈયાર કરેલું કાપડ, ભલે તે જરા જાડું ને બરછટ હોય તોપણ, તમારે તરત સ્વીકારી લેવું જોઈએ. બારીક ખાદીની બાબતમાં, હું તમારે જોઈએ તેટલી બારીક ખાદી આપી શકું તેમ છું. તમે જોઈ શકો છો કે જેના પર માનપત્ર છપાયાં છે તે કાપડ તથા મારાં પત્ની ખાદીની જે સાડીઓ પહેરે છે તેનું કાપડ કેટલું બારીક છે. તમે થોડી તકલીફ ઉઠાવો અને થોડો રસ લો તો તમે પણ આવી બારીક ખાદી તૈયાર કરી શકો. હું તમને વિનંતી કરું છું તે આ છે; તમારે મને વચન આપવું જોઈએ કે આજ પછી તમે ખાદી જ પહેરશો.

તમારી નગરપાલિકાના માનપત્રમાં મને એ જોઈને આનંદ થયો કે નગરપાલિકાના અધિકાર ક્ષેત્રમાં આવતી શાળાઓમાં કાંતણ દાખલ કરવામાં આવ્યું છે. આ શાળાઓમાં નાનાં બાળકો તકલી પર સુંદર તાર કાઢી શકે. શાળાઓમાં ઉપયોગ કરવા માટેનું એ સારામાં સારું સાધન છે. તમારે તેમને વૈજ્ઞાનિક રીતે કાંતતાં શીખવવું જોઈએ. મેં જોયું છે કે જેઓ ખાદી માટે સૂતર કાંતવામાં પડ્યા છે તેઓ ઘણા સુખી અને સંતુષ્ટ છે. પણ નગરપાલિકાના બધા સભ્યો ખાદી નથી પહેરતા. હું જાણું છું કે તેઓ કાંતતા પણ નથી. એટલે જો તેઓ શાળાઓમાં રેંટિયા દાખલ કરે અને વિદ્યાર્થીઓને કાંતવાનું કહે તો વિદ્યાર્થીઓ તેને એક સજા તરીકે ગણશે. એટલે પોતાના વિદ્યાર્થીઓને સંતોષ આપવા માટે કમમાં કમ તેમણે તો ખાદી પહેરવી જ જોઈએ.

હિંદુ ધર્મમાં અસ્પૃશ્યતા જેવાં કેટલાંક અનિષ્ટો છે જેમના પ્રત્યે હું તમારું ધ્યાન ખેંચીશ. જો આપણી હિંદમાતાએ મુક્તિ મેળવવી જ હોય તો દરેક હિંદુની ફરજ છે કે તેઓ આ ભયંકર અનિષ્ટોને દેશમાંથી તરત જ દૂર કરવાની કોશિશ કરે.

અહીં જે વિદ્યાર્થીઓ એકઠા થયા છે તેમને હું ફક્ત એક વાત કહેવા ઇચ્છું છું. તે એ છે કે આ દેશનું ભવિષ્ય તમારા એકલા પર આધાર રાખે છે. તમે ભણો છો તેથી દેશની

Gandhi Heritage Portal

સેવા કરો છો એમ ન કહી શકાય. અને કેવળ તમારા જ્ઞાનની માત્રાને એવી સેવા સાથે કશો સંબંધ નથી. મારે તમને બે કે ત્રણ વાત વધુ કહેવી હતી; પણ હું તમને રોકવા માગતો નથી.

તમારામાંથી ઘણાને ખબર હશે કે અહીં હિંદી પ્રચારનું કામ સ્વ. પૂજ્ય સ્વામી શ્રદ્ધાનંદજીના એક શિષ્ય કરી રહ્યા છે. જેઓ હિંદી શીખવા માગતા હોય તેમને તેઓ શીખવશે. હું તમને, ખાસ કરીને વિદ્યાર્થીઓને, એ ભાષા શીખી લેવા અપીલ કરું છું. આ ભાષાના અભ્યાસ વિશે મેં બીજી જગ્યાએ આપેલાં ભાષણોમાં ઉલ્લેખ કર્યો છે અને અનેક લેખો પણ લખ્યા છે. છતાં હજી તમે વધુ સાંભળવા માગતા હો તો થોડા શબ્દો કહીશ. જો તમે આખા હિંદુસ્તાનની સેવા કરવા ઇચ્છતા હો તો, જો તમે આ વિશાળ દેશના ઉત્તરના અને દક્ષિણના ભાગો વચ્ચે એકતા સ્થાપવા માગતા હો તો તમારે હિંદી શીખવું જરૂરી છે.

છેવટે, જેમણે ફાળામાં પૂરતા પૈસા ન આપ્યા હોય તેઓ અત્યારે પણ આપી શકે છે. કોઈ બહેનો દરિદ્રનારાયણને કંઈ ઘરેણાં ભેટ આપવા માગતી હોય તો આપે. મારી બહેનો બાબતમાં હું તમને એટલું જ કહીશ કે તમારો આદર્શ સીતાદેવી છે. તે પોતાના સ્વાભાવિક રૂપમાં સુંદર લાગતાં હતાં. તમારે પણ તમારા સૌંદર્યમાં વધારો કરવા ઘરેણાંની મદદની ઇચ્છા ન રાખવી જોઈએ. વળી જ્યારે તમારી ઘણી બહેનો ભોજન અને કામ ન મળવાને કારણે ભૂખે મરી રહી છે ત્યારે તમે ઘરેણાં પહેરો એ સારું નથી. જેઓ ૧૦૦ રૂપિયાની કિંમતનું એક ઘરેણું આપશે તેઓ પોતાની ૧૬૦૦ ગરીબ બહેનોને એક દિવસનું ભોજન આપશે. આ બહેનો ભીખ માગતી નથી. હું ભિખારીને પૈસા નથી આપતો. હું તેમની પાસે પૂરું કામ લઉં છું. તામિલનાડુ, ત્રાવણકોર અને બીજી જગ્યાઓએ ઘણી બહેનો અને નાનાં બાળકોએ મને જુદી જુદી જાતનાં હીરામોતી અને ઘરેણાં આપ્યાં છે. હું તમારો સૌનો આભાર માનું છું. ઈશ્વર તમને મેં કહ્યું તે બધું સમજવાની શક્તિ આપો.

[મૂળ અંગ્રેજી]

हिन्दु, ૨૮–૧૦–૧૯૨૭

## ૧૨૯. એક વીરાંગના

૧૯૨૧માં બેઝવાડામાં સ્ત્રીઓની મોટી સભામાં એક બાળાને મેં જોઈ. સભામાં તે એકલી જ ખાદીધારી હતી. તેણે સભાની વ્યવસ્થા માથે ઉપાડી લીધી હતી, અને ઉત્સાહ અને દૃઢતાપૂર્વક ચોતરફ ઘૂમી રહી હતી. બંગડીઓ, હાર ઇત્યાદિ પોતાનાં બધાં કીમતી ઘરેણાંનો ત્યાગ કરનાર, મારા ખ્યાલ પ્રમાણે, તે પહેલી જ હતી. મને તે ઘરેણાં ઉતારી આપતી હતી ત્યારે મેં પૂછ્યું, "તમારાં માતપિતાની રજા તમે લીધી છે કે?" તેણે કહ્યું, "મારાં માબાપ મારા કામની વચ્ચે આવતાં જ નથી, અને હું જેમ કરું તેમ કરવા દે છે." અન્નપૂર્ણાદેવી અંગ્રેજી સહેલાઈથી બોલતી હતી. તેણે કલકત્તાની બિથ્યુન કૉલેજમાં અભ્યાસ કર્યો હતો. સ્ત્રીઓના મોટા સમુદાયમાં ઉઘરાણું કરવા નીકળી પડી હતી, અને પુષ્કળ ઘરેણાં અને રોકડ ભેળું કરી લાવી હતી. તે દિવસથી નિયમિતપણે તેણે લડતમાં ભાગ લીધો હતો, અથવા ખરું કહીએ તો તેણે પોતાની જાતને અર્પણ કરી હતી. કોકોનાડા મહાસભા વખતે સ્વયંસેવિકા દળની તે નેત્રી હતી. અને તે વખતે તેણે જે સુંદર કામ કર્યું હતું તેની અનેક માણસોએ મુક્તકંઠે પ્રશંસા કરેલી. દુર્ભાગ્યે



Gandhi Heritage Portal

તે વેળા પણ તેનું શરીર સાવ તંદુરસ્ત તો નહોતું જ. તેનાં લગ્ન શ્રી મંગુતી બાપી નીદુ બી. એસ સી.ની સાથે થયાં હતાં. હું કોઈમ્બતુર હતો ત્યારે તેણે દેહ છોડયાનો તાર મને અણધાર્યો મળ્યો. તે વખતે તેના મૃત્યુને કેટલાક દહાડા થઈ ગયા હતા. હવે મારા પર શ્રી નીદુનો કાગળ આવ્યો છે તેમાંથી હું નીચેનો ઉતારો આપું છું:[1]

એકનિષ્ઠ સ્વયંસેવિકા જ મારે હાથથી ગઈ છે, એટલું જ નહીં પણ તેથીયે વિશેષ ખોટ મને પડી છે. મારે સદ્ભાગ્યે દેશમાં મને ઘણીક દીકરીઓ સાંપડી છે તેમાંની એક દીકરી ખોઈ બેઠો હોઉં એમ મને લાગે છે. મારી ઉત્તમ દીકરીઓમાંની તે એક હતી. પોતાની શ્રદ્ધામાંથી તે કદી ડગી નહોતી. કામ કરતાં તેણે કદી લાભ કે કીર્તિનો વિચાર કર્યો નહોતો. અનેક સ્ત્રીઓ પોતાની પવિત્રતા અને એકનિષ્ઠ ભક્તિના બળે અન્નપૂર્ણાદેવીએ પોતાના પતિ ઉપર જમાવી હતી એવી મીઠી સત્તા જમાવે તો કેવું સારું! તેણે દેશસેવા કરવામાં પોતાનું શરીર ગાળી નાખ્યું તે માટે મને નરમ ઠપકો આપવામાં આવ્યો છે તે હું સમજું છું. કરોડો માણસોના માનવા પ્રમાણે પૂર્વે હિંદ પવિત્ર અને સ્વતંત્ર હતું, એવું ફરીથી બનાવવા માટે આ ભલી બહેનને પગલે ચાલી અસંખ્ય યુવાનો અને યુવતીઓએ પોતાનું બલિદાન આપવું પડશે એમાં મને લગીર પણ શંકા નથી.

ઉપરના પત્રમાં જણાવેલ સમિતિના સભ્ય થવાનું હું સ્વીકારી નથી શક્યો, કારણ કે મારી પ્રવૃત્તિ બહુ વ્યાપક છે, અને સેંકડો સમિતિઓના સભ્ય થવું મારાથી પહોંચાય જ નહીં. શોભા ખાતર કે માત્ર મારું નામ આપવા ખાતર સભ્ય થવાની વાત મને કદી રુચી જ નથી. અન્નપૂર્ણાદેવી જેવી વીરાંગના, પવિત્ર અને દેશસેવિકાનું સ્મરણ જાળવવા માટે સ્થાનિક સ્મારક થવું જોઈએ એમાં મને બિલકુલ શંકા નથી. પણ તેના પતિને માટે તો તેને પગલે ચાલવું અને દેશસેવામાં જ પોતાની પત્નીનું દર્શન કરવું એ જ ઉત્તમોત્તમ સ્મારક છે. કારણ કે તેમના પોતાના કહેવા પ્રમાણેયે અન્નપૂર્ણાદેવીએ દેશસેવામાં જ પોતાની જાતને ગાળી નાખી હતી.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २७–१०–१९२७

भाषांतर: नवजीवन, ६–११–१९२७

૧. આ ઉતારો અહીં આપ્યો નથી. તેમાં બહેન અન્નપૂર્ણાને ગાંધીજીના ખાદી, અસહકાર અને આરોગ્ય અંગેના સિદ્ધાંતોને ચુસ્તપણે વળગી રહેનાર એક અનુયાયી તરીકે વર્ણવ્યાં હતાં. અને પત્રલેખકે તેની સ્મારક સમિતિમાં ગાંધીજીનું નામ મૂકવાની સંમતિ માગી હતી.

Gandhi Heritage Portal

## ૧૨૭. અનુકરણીય

મધ્યપ્રાંતની ચાંદા મ્યુનિસિપાલિટીના ઉપપ્રમુખ લખે છે:

મધ્યપ્રાંત અને વરાડમાં આ જ મ્યુનિસિપાલિટીએ ખાદીને જકાતથી મુક્ત કરી છે. વિશેષમાં, ૧૯૨૨થી તે ખાદીકાર્યને ૫૦૦ રૂપિયાની વાર્ષિક મદદ આપતી આવે છે, અને તે 'શુદ્ધ ખાદીકાર્યાલય'ને નભાવવામાં વપરાય છે. હાલ અખિલ ભારત ચરખા સંઘે આ કાર્યાલયને માન્ય રાખ્યું છે. તેમાં ઉત્પન્ન થતું સૂતર તેનાં આંક, સમાનતા અને કસમાં આખા મહારાષ્ટ્રમાં સૌથી ઊંચું આવે છે. ૧૯૨૨ની સાલથી મ્યુનિસિપાલિટી પોતાના દરેક કામમાં 'ચાંદા ખાદી કાર્યાલય'માં ઉત્પન્ન થતી ખાદીને જ વાપરે છે. હવે તે નિશાળોમાં ખાદી દાખલ કરવાની યોજના વિચારી રહી છે.

ઉપર જણાવેલો ઠરાવ નીચે પ્રમાણે છે:

ઠરાવ કરવામાં આવે છે કે અખિલ ભારત ચરખા સંઘે જેના સાચાપણા વિશે પ્રમાણ-પત્ર આપ્યું હોય એવી હાથે કાંતેલી અને હાથે વણેલી ખાદીને જકાતમાંથી મુક્ત રાખવી.

દરેક મ્યુનિસિપાલિટીએ આ પગલાનું અનુકરણ કરવું ઘટે. આ મ્યુનિસિપાલિટીનો ખાદી-કાર્ય પ્રત્યેનો પ્રેમ કંઈ નવોસવો નથી. તે તો સારી રીતે કસાયો છે. બીજી નાનીમોટી મ્યુનિસિપાલિટીઓની જેમ એ પણ અનેક ચડતીપડતી વચ્ચેથી પસાર થઈ છે, અને વર્ષે વર્ષે એનો વિકાસ થયો છે. મ્યુનિસિપાલિટી આટલું કરી શકી છે તેનું કારણ એ છે કે એના ઘણા સભ્યો રેંટિયાના સંદેશામાં માને છે, એટલું જ નહીં, પણ એમણે પોતાની એ શ્રદ્ધાને જીવનમાં ઉતારી છે. આ મ્યુનિસિપાલિટીઓનો ખાદીવિકાસ ક્રમસર થયો છે. સૌ પહેલાં એણે નાણાંની મદદ આપી, પછી નોકરચાકરોનાં કપડાંમાં ખાદી વાપરી. એ પછી ખાદીને જકાતમાંથી મુક્ત કરી, અને હવે શાળાઓમાં કાંતણકામ દાખલ કરવા ધાર્યું છે. હું ઇચ્છું કે શાળાઓમાં શાસ્ત્રીય પદ્ધતિએ કાંતણકામ ચાલશે, અને બાળકબાળિકાઓ કાંતવું શરૂ કરે તે પહેલાં તેમને ખાદી પહેરતાં કરવામાં આવશે, તથા અંગમહેનતનું બીજું કામ નહીં કરતાં તેમણે કાંતવું જ શા માટે જોઈએ તે તેમને સમજાવવામાં આવશે. મારી સૂચના છે કે કાંતવાનું તકલીએ કરવું, રેંટિયે નહીં. જે છોકરાઓ કાંતવા માટે ખૂબ રાગ બતાવે અને તેમાં ઊંડો રસ લે તેમને રેંટિયા ધીરી શકાય. તેઓ તેના ઉપર નિશાળમાં નહીં, પણ ઘેર જ કાંતે; અને એક વર્ષ સુધી તેઓ સતત કામ કરે તો આપેલા રેંટિયા તેમની માલિકીમાં સોંપવા. છોકરાછોકરીઓ કાંતવા માંડે તે પહેલાં તેમને પીંજણકામ શીખવવું જોઈએ. તેમનું કામકાજ રોજ તપાસવું અને વખતોવખત તેની વિગતવાર નોંધ રાખવી.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २७–१०–१९२७

ભાષાંતર: नवजीवन, ૩૦–૧૦–૧૯૨૭

Gandhi Heritage Portal

# ૧૨૮. કપાસનું વાવેતર

એક ભાઈ લખે છે:

> કપાસ ઉગાડનારાઓ થોડોક કપાસ પોતાને માટે સંઘરે, એનું સૂતર કાંતે, અને આખરે તેની પોતાને માટે ખાદી બનાવે એટલું તેને સમજાવવાને સારુ એક વિશાળ હિલચાલ થવી જોઈએ. કપાસ ન ઊગતો હોય એવા ભાગોમાં દરેક ખેડૂત જેમ પોતાની જરૂર પૂરતાં શાકભાજી ઉગાડે છે તેમ વાપરજોગો કપાસ પણ ઉગાડે એવું તેમને ઉત્તેજન આપવું જોઈએ. જો આ પ્રથા લોકપ્રિય થાય તો ખેડૂતવર્ગને માટે ખાદી સસ્તી થશે. દક્ષિણ હિંદુસ્તાનમાં ખાદીહિલચાલ પહેલાં આ પ્રમાણે કરનારા ખેડૂતો હતા. કપાસના આ જાતના વાવેતરમાં સૌથી સારું ઉત્તેજન દેશી રાજ્યો આપી શકે એમ છે.

આ સૂચનામાં ઘણું વજૂદ છે. ખેડૂતોને પોતાની જરૂરજોગો કપાસ સંઘરી રાખવાનું સમજાવવાનો પ્રયોગ બીજોલિયા (રજપૂતાના), બારડોલી અને કાઠિયાવાડમાં ચાલી રહ્યો છે. પણ કાઠિયાવાડમાં જ્યારે રૂના ભાવ તેજ હોય ત્યારે સંઘરેલો કપાસ વેચી નાખવાની લાલચ રોકવી ખેડૂતોને કઠણ પડે છે. એ તો ત્યારે જ બની શકે જ્યારે ખેડૂતો ખાદીનું અર્થશાસ્ત્ર સમજે અને જાણે કે કપાસ પર વણાટ પહેલાંની ક્રિયાઓ કરવામાં નવરાશના વખતમાં કરેલા શ્રમનું ફળ મોંઘે ભાવે કપાસ વેચ્યાના જેટલું જ આવશે, એટલું નહીં પણ તેઓ સટ્ટાબાજના પંજામાંથી છૂટી શકશે. આનો અર્થ એ કે અખિલ ભારત ચરખા સંઘે ખેડૂતોને ખાદીનું અર્થશાસ્ત્ર શીખવવું રહ્યું. ખાદીકાર્યનાં સર્વ અંગોને પહોંચી વળવાને સારુ ખાદીસેવકો ખેડૂતોના ગાઢ સંસર્ગમાં આવે એ જરૂરનું છે; કારણ શહેરના વાપરની ખાદીની પેદાશ માટે કપાસ ખરીદવાને પણ ખેડૂતોના સંસર્ગમાં આવવું પડશે, અને અત્યારની જેમ બજારમાંથી કપાસ ખરીદવાને બદલે પરભારો ખેડૂતોની પાસે લેવો પડશે. જો આપણે સટ્ટાબાજીથી અને રૂના બજારની તેજીમંદીથી સ્વતંત્ર થવા માગતા હોઈએ તો આપણે ખેડૂતોના સંસર્ગમાં આવવું પડશે અને તેમને આપણી સાથે સીધો વહેવાર કરવા સમજાવવા પડશે. જેમ જેમ ખાદીની પ્રગતિ થતી જશે તેમ તેમ આપણને જણાશે કે આપણી કાર્યપદ્ધતિ વેપારીવર્ગની આજ સુધીની પદ્ધતિથી તદ્દન જુદી જ રાખવી પડશે. વેપારની દુનિયામાં તો મોંઘામાં મોંઘું વેચવું ને સોંઘામાં સોંઘું ખરીદવું એ ન્યાય પ્રવર્તે છે. વેપારની દુનિયા આજે ન્યાયના પાયા પર નથી ચાલતી. એનું સૂત્ર છે: 'ખરીદનારાઓ ચેતજો' ખાદીના અર્થશાસ્ત્રનું સૂત્ર છે: 'સર્વોદય'. તેથી એમાં આજની આત્મઘાતી હરીફાઈને સ્થાન નથી. ખાદીના અર્થશાસ્ત્રનો ઉદ્દેશ ગરીબમાં ગરીબને અને અનાથને લાભ કરવાનો છે. અને ખાદીસેવકો જેટલે અંશે આમવર્ગમાં ભળશે અને તેમનો વિશ્વાસ સંપાદન કરશે તેટલે અંશે જ ખાદીકાર્ય સફળ થવાનું છે. અને તેમનો વિશ્વાસ મેળવવાનો એકમાત્ર રસ્તો એમની અંદર નિઃસ્વાર્થ કાર્ય કરવાનો છે.

કપાસ ઉગાડનારા કપાસ સંઘરે અને બીજા ખેડૂતો ઘરના વાપરજોગો ઉગાડી લે એ બાબતમાં દેશી રાજ્યોને વધારે અનુકૂળતા છે એમ આ પત્રલેખક જણાવે છે એ અવશ્ય સાચું છે. પણ સવાલ એ છે કે 'બિલાડીને ગળે ઘંટ કોણ બાંધે?' મોટા ભાગનાં દેશી રાજ્યો ખેડૂતવર્ગના કલ્યાણની ભાગ્યે જ પરવા રાખે છે. આજે તો એમના જીવનનું ધ્યેય ગમે તે ભોગે બને એટલી

Gandhi Heritage Portal

આવક વધારવી, અને એનો મોટામાં મોટો ભાગ પોતાના ભોગવિલાસ માટે વાપરવો, એટલું જ છે. વળી બીજા મૂડીદારોની જેમ તેમને પણ ખાદીના અર્થશાસ્ત્ર પર શ્રદ્ધા નથી. ગ્રામીણ ઉદ્યોગ તરીકે રેંટિયાની શક્તિ કેટલી છે તે શોધી કાઢવાનો એક અખતરો અત્યારે મૈસૂરમાં અતિશય સાવચેતીપૂર્વક ચાલી રહ્યો છે. જો એ અખતરો શાસ્ત્રીય રીતે અને ધીરજથી ચલાવવામાં આવે અને સફળ થાય તો એનો ચેપ બીજે પણ લાગશે એવી આશા આપણે રાખીએ.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २७–१०–१९२७

ભાષાંતર : नवजीवन, ૬–૧૧–૧૯૨૭

# ૧૨૯. અસ્પૃશ્યતાનિવારણ

કારવારથી શ્રી એસ. ડી. નાડકર્ણી તા. ૧૦મી સપ્ટેમ્બરના કાગળમાં જણાવે છે :

ગયે અઠવાડિયે મેં અને મારા ભાઈએ જુવાન મિત્રોની મદદથી અનેક અણધારી મુસીબતો વચ્ચે ‘ખરો સાર્વજનિક ગણેશ ઉત્સવ’ સફળ રીતે ઊજવ્યો હતો. ખરો સાર્વજનિક એટલા માટે કે સરઘસ, પૂજા, ભજન, આરતી, કીર્તન, પુરાણવાચન અને છેવટે ખાસ તૈયાર કરાવેલા તથા ઉત્સવ દરમ્યાન બે વખત ભજવાયેલા નાટ્યપ્રયોગ આદિ કાર્યક્રમમાં અમે બીજા હિંદુઓ સાથે ‘અસ્પૃશ્યો’ને પણ ભેળવ્યા હતા. ડિસ્ટ્રિક્ટ સ્કૂલ કમિટીના એક અંત્યજ સભ્યના જાતઅનુભવ ઉપરથી નાટકની વસ્તુ લેવામાં આવી હતી. નજીકના ગામમાં, મંદિરમાં બેસતી નિશાળમાં આ સભ્યને તપાસ કરવા અંદર જવાની ના પાડવામાં આવી હતી, ત્યારે મુસલમાન સભ્યને તથા તેમના સાથીને અંદર જવા દેવામાં આવ્યા હતા! આપના માન્યામાં આવશે? — આપણામાંના જ કેટલાક લોકોએ (‘જોજે, અડકતો’ કહેનારા હિંદુઓએ) આ નાટક ભજવાતું અટકાવવા તરખટ ઊભું કર્યું. આ નાટક મુસ્લિમ વિરોધી છે એવું (હડહડતું જૂઠું) બહાનું બતાવી, તે ભજવાતું અટકાવવું જોઈએ એવી અરજી અમલદારોને કરવા માટે તેમણે મુસલમાનોને ચડાવ્યા. આપણી કોમમાં તલસ્પર્શી સુધારણા કરવા સામેનો આપણા લોકોનો વિરોધ આથી વધુ આપઘાતક હશે? પણ બુદ્ધિ અને ન્યાયનો પાડ કે આ બધી મહેનત પાણીમાં જ ગઈ!

આ કામ માટે અમે ખાસ નોંતરેલા પૂનાના ચિત્રે શાસ્ત્રી (મહારાષ્ટ્ર હિંદુ સભાના પ્રમુખ)-ની મદદથી અમે અહીં હિંદુસભાની એક શાખા ઉઘાડી છે. તેનો ખાસ ઉદ્દેશ અસ્પૃશ્યતા સામે બાથ ભીડવાનો અને આપણાં જાહેર મંદિરોમાં અંત્યજોને દાખલ કરાવવાનો છે.

સુધારકોએ યોજેલા નિર્દોષ પ્રયોગમાં કહેવાતા અસ્પૃશ્યની હાજરી સામે, જાતમેળે ધર્મચુસ્ત કહેવડાવતા અને શ્રી નાડકર્ણી પ્રમાણે ‘જોજે, અડકતો’ કહેનારા હિંદુઓએ જે વિરોધ લીધો છે ને વિરોધની જે રીત અખત્યાર કરી છે, તે બંને નથી તેમને કે નથી હિંદુ ધર્મને શોભા આપતાં. એ તો, ધર્મના પવિત્ર નામ હેઠળ ધર્માંધતા કેટલી હદે જાય છે તે બતાવે છે. અંત્યજ મિત્રોને પોતાના સરઘસમાં લેવા બદલ તથા નાટ્યપ્રયોગમાં દાખલ કરવા બદલ હું શ્રી નાડકર્ણીને અને તેમના મિત્રોને ધન્યવાદ આપું છું. અસ્પૃશ્યતા ટાળવાનો એક જ ઉપાય છે : દરેક સુધારક દલિત કોમોની વતી આવું એકાદ રચનાત્મક કાર્ય — ભલે તે નાનું સરખું હોય — કરે; અને વિનય ને અડગતાથી

Gandhi Heritage Portal

શંકા ને વહેમનાં જાળાં તોડી પાડે. મને આશા છે કે અંત્યજોને મંદિરમાં દાખલ કરાવવાના પ્રયત્નોમાં કારવારના સુધારકોને સફળતા મળે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २७–१०–१९२७

ભાષાંતર : नवजीवन, ૩૦–૧૦–૧૯૨૭

## ૧૩૦. દક્ષિણ હિંદને સંદેશ

[ઑક્ટોબર ૨૭, ૧૯૨૭][૧]

દક્ષિણમાંથી વિદાય થતાં મને ઘણું દુ:ખ થાય છે. હું જ્યાં જ્યાં ગયો છું ત્યાં મને દરેક જાતના લોકો પાસેથી, જેઓ પોતાને જુદી રાજકીય વિચારસરણીવાળા માને છે તેમની પાસે પણ, ખૂબ પ્રેમ મળ્યો છે. હું જ્યાં જ્યાં ગયો ત્યાં મેં રેંટિયાના સંદેશામાં સાચી શ્રદ્ધા જોઈ. તેથી હું દક્ષિણપ્રદેશ પૂરી આશા સાથે છોડી રહ્યો છું. મને થોડો વધુ સમય મળ્યો હોત તો મને ઘણો આનંદ થાત, અને જે જે જગ્યાનાં આમંત્રણ હું સ્વીકારી ન શકયો તે બધી જગ્યાએ હું જઈ શકયો હોત. હવે લોકોને હું કહું છું કે તેઓ પોતાની શ્રદ્ધાનો અમલ કરે અને આજ સુધી કર્યો હોય તેનાથી પણ વધુ કરે, એટલે ખાદીમાં તેમણે અપેક્ષા નહીં રાખી હોય એટલી શક્તિનું તેમને દર્શન થશે.

[મૂળ અંગ્રેજી]

हिन्दु, ૨૯–૧૦–૧૯૨૭

## ૧૩૧. છાપાના પ્રતિનિધિને મુલાકાત

મુંબઈ,
ઑક્ટોબર ૨૯, ૧૯૨૭

इन्डियन डेली मेलના પ્રતિનિધિએ પૂછયું કે, રૉયલ કમિશનમાં સલાહકારોની નિમણૂક સ્વીકારવા આપ તૈયાર છો કે તેનો બહિષ્કાર કરશો? તેના જવાબમાં મહાત્મા ગાંધીએ કહ્યું :

મેં આ પ્રશ્ન વિશે વિચાર કર્યો નથી.

તેમણે કહ્યું, હું દૂર દક્ષિણ હિંદમાં હોઈ બનાવોના સંપર્કમાં નહોતો તેથી રૉયલ કમિશનમાં હિંદીઓને ન લેવા વિશે જે અફવાઓ મને કહેવામાં આવી છે, તે વિશે હું કંઈ કહેવા તૈયાર નથી.

એકતા પરિષદનો ઉલ્લેખ કરતાં ગાંધીજીએ કહ્યું કે મને તેમાં ખાસ કરીને આમંત્રણ આપવામાં આવ્યું નહોતું; પણ અખિલ હિંદ કૉંગ્રેસ સમિતિ તથા કાર્યવાહક સમિતિનો સભ્ય હોઈ, મેં સામાન્ય સંજોગોમાં પરિષદમાં હાજરી આપી હોત. હું પરિષદમાં હાજર ન રહ્યો કારણ કે મારી સેવાઓનો કંઈ પણ ઉપયોગ થાય એમ નહોતું.

૧. ગાંધીજી બીજી નવેમ્બરે વાઇસરૉયને મળી શકાય તે માટે મેંગલોરથી ઑક્ટોબરની ૨૭મીએ સવારમાં નીકળ્યા હતા.

Gandhi Heritage Portal

પ્રતિનિધિએ તેમને પૂછ્યું કે હિંદુમુસ્લિમ એકતાનો સવાલ મહત્ત્વનો છે એ જોતાં આપને નથી લાગતું કે, જો આપે પરિષદની કાર્યવાહીમાં સહકાર આપ્યો હોત તો તે આ સવાલનો મિત્રાચારીભર્યો નિવેડો લાવવામાં બહુ મદદકર્તા થાત?

[ગાંધીજી] : હું કબૂલ કરું છું કે આ બહુ મહત્ત્વનો સવાલ છે. પરિષદની વિચારણામાં હું મદદ કરી શકીશ એમ મને લાગ્યું હોત તો જરૂર મારો પ્રવાસ મુલતવી રાખીને હું કલકત્તા ગયો હોત. ટૂંકમાં હું એટલું જ કહું છું કે એકતા કરવાની રીતની બાબતમાં હું અનોખા વિચારો ધરાવું છું જે અત્યારના વાતાવરણમાં સ્વીકારાવી શકાય તેમ નથી. તેથી હું મદદરૂપ થવાને બદલે બાધારૂપ થાઉં. એટલે મને લાગ્યું કે પરિષદમાં ન જવું એ એક પ્રકારની સેવા છે.

મહાત્માજીએ ઉમેર્યું કે મારા એ 'અનોખા વિચારો' यंग इन्डियानां પૃષ્ઠોમાંથી એકઠા કરી શકાય.[1]

[એક બીજા સવાલના જવાબમાં ગાંધીજીએ કહ્યું :]

કોઈ જાહેર બાબત વિશે મારી સલાહ માટે મને કોઈ બોલાવે તો હું જવાની ના નથી પાડતો.

તેમણે કહ્યું કે, હું કોઈના પ્રતિનિધિ તરીકે વાઇસરૉયને મળવા નથી જતો. કલકત્તાની એકતા પરિષદ વિશે કંઈક પ્રશ્ન પૂછતાં તેમણે કહ્યું :

પરિષદમાં મને આમંત્રણ નહોતું આપવામાં આવ્યું. મને આમંત્રણ નહીં આપવામાં શ્રી આયંગરે મારા ઉપર ઉપકાર જ કર્યો છે. આ પ્રશ્ન વિશે તેઓ મારા વિચારો જાણે છે અને તેઓ મારા સાચા મિત્ર હોઈ તેમણે મને નકામું કષ્ટ ન આપ્યું.

અખિલ હિંદ કૉંગ્રેસ સમિતિના સભ્ય તરીકે આપ સંમેલનમાં કેમ ન ગયા, એવો પ્રશ્ન પુછાતાં મહાત્માજીએ કહ્યું :

મારા ત્યાં જવાથી કંઈ લાભ ન થાત. હિંદુઓ કે મુસલમાનોના વલણ વિશે મને સહાનુભૂતિ નથી એટલે પરિષદમાં મારી હાજરી અવરોધક જ થઈ હોત.

દક્ષિણના પ્રવાસ વિશેના પ્રશ્નના જવાબમાં ગાંધીજીએ કહ્યું :

હું આ પ્રવાસમાંથી આશા લઈને આવ્યો છું. લોકોએ ખાદી વિશે ભારે ઉત્સાહ બતાવ્યો— જોકે તેઓ એથી પણ વધુ ઉત્સાહ બતાવી શકયા હોત. મારા ખ્યાલ પ્રમાણે હવે ખાદીએ મૂળ નાખી દીધાં છે.

કેટલાંક હિંદુ મંદિરમાં ઈશ્વરનો વાસ વેશ્યાગૃહમાં હોય તેટલો જ હોય છે, એવા પોતાના કથન વિશે આવેલી ટીકાનો જવાબ આપતાં તેમણે કહ્યું :

મેં જે કહ્યું છે તેમાંથી એક પણ શબ્દ પાછો ખેંચવા હું તૈયાર નથી. એક રીતે એ જ સત્ય છે. ઈશ્વર સર્વવ્યાપી છે. ચોરોના અડ્ડામાં, તાડીની દુકાનોમાં અને વેશ્યાવાડામાં પણ તે હાજર છે. પણ ઈશ્વરની ઉપાસના કરવા માટે આપણે એ સ્થળોએ નથી જતા. એ કામને માટે આપણે મંદિર શોધીએ છીએ, એવા વિશ્વાસથી કે ત્યાંનું વાતાવરણ પવિત્ર હશે. આ અર્થમાં, હું કહું છું કે, કેટલાંક હિંદુ મંદિરોમાં ઈશ્વરનો વાસ નથી હોતો, અથવા હોય છે તો વેશ્યાવાડામાં હોય છે તેટલો જ હોય છે. મારા આ કથનથી કોઈ હિંદુઓને માઠું લાગ્યું હોય તો તે માટે હું દિલગીર છું. પણ સત્યને ખાતર, હિંદુ ધર્મને ખાતર, હું મારું કથન પાછું લઈ શકતો નથી તેમ તેમાં વધારોઘટાડો કરી શકતો નથી.

૧. આના પછીનો ભાગ હિન્દી દૈનિક आज, ૩૧-૧૦-૧૯૨૭ના અંકમાંથી ભાષાંતર કરી આપ્યો છે.

Gandhi Heritage Portal

[પૂતળા સત્યાગ્રહ[1] વિશે બોલતાં ગાંધીજીએ કહ્યું :]

પૂતળું ખસેડવા બાબતનો ઠરાવ મદ્રાસ કાઉન્સિલે ઉડાડી મૂકયો તેથી મદ્રાસના યુવાનોએ બમણા પ્રયાસ કરવા જોઈએ અને કાઉન્સિલના જે સભ્યોએ ઠરાવને ટેકો આપ્યો છે તેમણે યુવકોને દરેક રીતે મદદ કરવી જોઈએ. હું એટલું કહ્યા વગર રહી શકતો નથી કે જે સભ્યોએ ઠરાવની વિરુદ્ધ મત આપ્યો તેઓ આ ચળવળનું મહત્ત્વ સમજ્યા નથી. યુરોપિયનોએ પણ આમાં જે વિઘ્ન નાખ્યું તેનું પણ મને દુઃખ છે.

[મૂળ અંગ્રેજી]

हिन्दु, ૩૧-૧૦-૧૯૨૭ તથા आज, ૩૧-૧૦-૧૯૨૭

## ૧૩૨. इन्डियन नेशनल हेरल्डના પ્રતિનિધિને મુલાકાત[2]

[ઑકટોબર ૩૦, ૧૯૨૭ કે તે પહેલાં][3]

इन्डियन नेशनल हेरल्डના પ્રતિનિધિએ ગાંધીજીને કહ્યું કે એવી એક વાત ચોમેર પ્રસરી રહી છે કે સ્ટૅચ્યુટરી કમિશન (શાહી કમિશન) સંસદ સભ્યોનું જ બનેલું હશે. હિંદીઓને તો એમાં કેવળ સલાહકાર મદદનીશો તરીકે જ કામ કરવાનું રહેશે. પ્રતિનિધિએ ગાંધીજીને પૂછયું કે વાઇસરૉય સાથેની મુલાકાતમાં જો આ વાત ગાંધીજી સમક્ષ મૂકવામાં આવશે તો તેઓ કેવું વલણ ધારશે? ગાંધીજીએ કહ્યું :

શાહી કમિશન કેવી રીતે ઘડાવું જોઈએ તે વિષય મારે માટે એટલો જ અજાણ્યો છે જેટલો ક્ષયરોગની ચિકિત્સા કે જે દાક્તરી નિષ્ણાતનું ક્ષેત્ર છે. શાહી કમિશનના વિષય ઉપર મેં વિચાર કર્યો જ નથી કારણ એ સ્પષ્ટ રીતે મારા જ્ઞાન, વિચાર અને કાર્યના ક્ષેત્રની બહારનો છે.

પ્ર. આપને જો શાહી કમિશનના સભ્ય બનાવવામાં આવે તો આપ તે સ્વીકારો?

આ પ્રશ્ન મને પૂછવાની શી જરૂર? હું હિંદનો વાઇસરૉય નિમાઉં તો શું કરું એવી કપોળ-કલ્પના મેં એક વાર કરી હતી, પણ હવે તો એવી કલ્પના કરવાના દિવસ જતા રહ્યા.

છેલ્લે, हेरल्डના પ્રતિનિધિએ પૂછયું : “દેશની બીમારીઓના એક અમોઘ રામબાણ ઈલાજ તરીકે, એવું સૂચવવામાં આવ્યું છે કે આપણી રાજકીય પ્રવૃત્તિની બધી જ સર્વોપરી સત્તા આપને આપવામાં આવે અને આપને હિંદના મુસોલિનીનો ભાગ ભજવવાનો આગ્રહ કરવામાં આવે. આ વિચાર કેવોક ચાલશે એમ આપ માનો છો?'

જવાબમાં ગાંધીજી ખરા મનથી હસ્યા અને પછી પૂરી ગંભીરતાથી જવાબ આપ્યો :

મને મુસોલિની થવાની ઇચ્છા નથી, કે એની બધી સત્તા મને મળે પણ નહીં. જો સર-મુખત્યારી મારા પર ઠોકી બેસાડવામાં આવે તો હિંદના મુસોલિની તરીકે હું ખૂબ જ કંગાળ દેખાવ કરું. વળી સામાજિક કે બીજા કોઈ પણ સુધારા તમે બળજબરીથી લાદી ન શકો. બીજા શબ્દોમાં કહીએ તો, તમે બળપૂર્વક લોકોને સારા ન બનાવી શકો.

[મૂળ અંગ્રેજી]

अमृतबझार पत्रिका, ૩-૧૧-૧૯૨૭

૧. મદ્રાસમાં નીલનું પૂતળું ખસેડવા બાબત. પા. ૪૮-૫૧ તથા પા. ૧૧૪-૫ પણ જુઓ.

૨. આ લેખમાં શરૂમાં આપેલી તારીખ પ્રમાણે લેખ ૧૩૨, ૧૩૩નો ક્રમ અંગ્રેજી પ્રમાણે ન રાખતાં અરસપરસ ફેરવ્યો છે.

૩. ૨૯ ઑક્ટોબરે ગાંધીજી મુંબઈ આવ્યા અને ૩૦મીએ દિલ્હી જવા રવાના થયા.

Gandhi Heritage Portal

## ૧૩૩. નોંધ

### નધણિયાતી

જે ભાષાને સારુ સર્વસામાન્ય ને બધા શબ્દો ન મળી શકે એવો શબ્દકોશ નથી તે નધણિયાતી ગણાય. અંગ્રેજી શબ્દોની જોડણીને સારુ આપણી પાસે અખૂટ સાધન છે. બૃહદ્ કોશોથી માંડીને ખીસામાં રાખવાના સસ્તા ટિચકુડા કોશ મળી શકે છે. તે બધામાં એક જ પ્રકારની જોડણી મળી આવે છે.

હિંદુસ્તાનની બીજી ભાષાઓને સારુ રૂઢ કોશો છે એવો મારો ખ્યાલ છે. માત્ર ગુજરાતી જ એક નધણિયાતી ભાષા રહી છે. હું એક પણ કોશ નથી જાણતો કે સર્વમાન્ય હોય અથવા જેમાં બધા ગુજરાતી શબ્દો મળે. મેં ઘણી વેળા પ્રયોગો કર્યા છે ને હું ઘણી વેળા નિષ્ફળ ગયો છું.

આ દોષ ટાળવા કેટલાક સેવકો વર્ષો થયાં પ્રયત્ન કરી રહ્યા છે. તે કામ હવે થાળે પડયું છે એમ ગણી શકાય. તેની ખાસ જવાબદારી ભાઈ નરહરિ પરીખે ઉપાડી છે. તેના પ્રણેતા કાકાસાહેબ કાલેલકર છે. જે નિયમોને અનુસરીને કોશ તૈયાર થઈ રહ્યો છે તે નિયમોમાં જેટલા સાક્ષરોની સંમતિ મેળવી શકાય તેટલાની મેળવવામાં આવી છે. કોશ[૧] તેમના સહીસિક્કાથી બહાર પડશે.

પણ જેમ આ કાર્ય આગળ વધે છે તેમ તેની મુશ્કેલીઓ વધારે જોવામાં આવે છે. તેમાંની કેટલીક ટાળવામાં દરેક ભાષાપ્રેમી મદદ દઈ શકે છે. તે મદદ કેવી રીતે ને કયા પ્રકારની તેનું વર્ણન ભાઈ નરહરિ પરીખના ભાષાપ્રેમી પ્રત્યેના વિનંતીપત્રમાં આ અંકમાં વાંચનાર જોશે. ઘણાની મદદ વિના આ કામ જેવું થવું જોઈએ તેવું નહીં થઈ શકે. તેથી સહુ યથાશક્તિ મદદ કરશે એવી આશા હું રાખું છું.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૩૦-૧૦-૧૯૨૭

## ૧૩૪. મીરાંબહેનને પત્ર

રવિવાર [ઑક્ટોબર ૩૦, ૧૯૨૭][૨]

ચિ. મીરાં,

તારા પત્રોથી મને ઘણું સાંત્વન મળ્યું, કારણ કે એથી હું દરદીઓ વિશે બધું જાણી શકયો. તું રસોડું બરાબર સાફ કરે છે એ જાણીને આનંદ થયો. ગયા સોમવારે મેં તને પત્ર લખ્યો હતો. અત્યાર સુધીમાં તે તને મળી ગયો હશે. વધુ આવતી કાલે.

સસ્નેહ,

બાપુ

૧. દ. બા. કાલેલકરની પ્રસ્તાવના સાથે જોડણીકોશ ૧૯૨૯માં પ્રથમ પ્રગટ થયો હતો.

૨. બાપુના આશ્રમમાં રોકાવાના ઉલ્લેખ પરથી અને પહેલાં લખેલા પત્રના ઉલ્લેખ પરથી. જુઓ "મીરાંબહેનને પત્ર", ૨૪-૧૦-૧૯૨૭.

Gandhi Heritage Portal

[તા. ક.]

પ્રવાસમાંથી પાછા ફરતાં હું એક દિવસ આશ્રમમાં રોકાવાની આશા રાખું છું.

[મૂળ અંગ્રેજી]

મૂળ પત્ર પરથી : સી. ડબલ્યુ. ૫૨૯૬; શ્રીમતી મીરાંબહેનના સૌજન્યથી

## ૧૩૫. મીરાંબહેનને પત્ર

સોમવાર [ઑક્ટોબર ૩૧, ૧૯૨૭][1]

ચિ. મીરાં,

આ હું દોડતી અને આમતેમ ઝોલાં ખાતી ગાડીમાં લખી રહ્યો છું. અને આજે મને કશુંયે લખવાની વૃત્તિ નથી. બપોરના ચાર વાગ્યા છે. અને સોમવારના કાગળો લખવાનું મેં શરૂ કર્યું છે. મેં ઠીક ઠીક ઊંઘી લીધું છે અને બે મિત્રોની વાતો પણ સારી પેઠે સાંભળી લીધી છે.

ગૌશાળામાં તેમ જ પાંજરાપોળમાં જે કંઈ તારા જોવામાં આવ્યું હોય તે બધું તથા દસેયનાં નામો તું મને લખે એમ હું ઇચ્છું છું. પણ મને દિલ્હી મળે એ રીતે જવાબ લખવાનો તને સમય મળશે કે કેમ એ વિશે શંકા છે. કેમ કે ૨જી તારીખે પહેલી જ મુલાકાતમાં વાઇસરૉય સાથે હું પતાવી દઉં તો તે જ દિવસે સાંજે દિલ્હીથી સાબરમતી માટે ઊપડવા ધારું છું. જોઈએ શું થાય છે. મુલાકાતમાંથી ઝાઝું નીપજવાની આશા નથી, પણ એ કારણે લંબાવવામાં આવેલો હાથ મારાથી ન તરછોડાય.

બંને ગંભીર દરદીઓને તાવમાંથી સાવ મુક્ત થયેલા જોવાની આશા રાખું છું. એ બંનેને મુખ્યત્વે દૂધ લેવા અને પેટ સાફ રાખવા દબાણ કરજે.

સસ્નેહ,

બાપુ

[મૂળ અંગ્રેજી]

મૂળ પત્ર પરથી : સી. ડબલ્યુ. ૫૨૯૦; શ્રીમતી મીરાંબહેનના સૌજન્યથી

૧. આ પછીના પત્રમાં આવતા લખાણ પરથી, તથા જુઓ, "મીરાંબહેનને પત્ર", ૩૦-૧૦-૧૯૨૭.

Gandhi Heritage Portal

## ૧૩૬. આશ્રમની બહેનોને પત્ર

કારતક સુદ ૬, '૮૪, ઑક્ટોબર ૩૧, ૧૯૨૭

બહેનો,

એક કાગળ શાહીથી લખવાનો પ્રયત્ન કર્યો. પણ ટ્રેન એટલા વેગથી ને એટલી બધી ડોલતી ચાલે છે કે શાહીથી લખી શકાય એમ નથી ને સોમવારનો કાગળ તો મેલાય જ કેમ?

એક થવાના તમારા પ્રયત્નો તમે કદી ન છોડતાં. આપણા પ્રયત્નમાં જ સફળતા છે. શુભ પ્રયત્નો કદી નિષ્ફળ જતા નથી એ ભગવાનની પ્રતિજ્ઞા છે ને થોડોઘણો એનો અનુભવ આપણને બધાંને છે. તમે કોઠારને હવે છોડી શકતાં જ નથી. લીધેલું કાર્ય કાયર થઈને ન જ છોડીએ. કાયર થવાનું કે હારવાનું કશું કારણ જ નથી. બેચાર બહેનોને અનુભવ મળી જાય ને તેઓ કુશળ થઈ જાય એટલે કશી અડચણ ન જ આવવી જોઈએ. જો કાયર થઈને કોઠાર છોડશો, તો બીજું કામ લેતાં હમેશાં અચકાશો. મતભેદો, રાગદ્વેષાદિ રહેતાં છતાં કામો જે હોય તે તો થવાં જ જોઈએ. બધાં કરે તેથી ઓછું તો આપણે ન જ કરીએ.

બેચાર દહાડામાં મળી જવાની આશા રાખું છુ.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી : જી. એન. ૩૬૭૩ તથા બાપુના પત્રો – ૧ : આશ્રમની બહેનોને પા. ૪૩

## ૧૩૭. ગંગાબહેન ઝવેરીને પત્ર

મૌનવાર, કારતક સુદ ૬, [ઑક્ટોબર ૩૧, ૧૯૨૭][1]

ચિ. ગંગાબહેન ઝવેરી,

છોકરી અને તેની મા બાબતનો કાગળ મળ્યો. દાઝ્યાની દવા તો ગંગાબહેન[2] બરોબર કરી જ શકશે. દાક્તરો ઉપરથી વિશ્વાસ ઊઠે એ તો સારું જ છે. પણ તે તેની બેદરકારીને સારુ નહીં ઊઠવો જોઈએ. દરકાર એ તો નોખો ગુણ છે. એટલે જેની દરકાર વિશે શંકા ન જ હોય ને જેની ઉપર શ્રદ્ધા હોય, તેના હાથમાં જ મૂકીએ ને પછી ઈશ્વરને આધીન થઈ જઈએ.

તમે પ્રમુખપદ છોડવા અધીરાં ન બનો. હું હવે તો એક દિવસને સારુ ત્યાં આવી જઈશ એટલે મને વધારે કહેજો. એ પદને અધિકાર ન સમજતાં બોજો સમજો. તે કદી બીજાની ઉપર ન છોડીએ.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી : જી. એન. ૩૧૨૪

૧. ૧૯૨૭ના સપ્ટેમ્બરમાં ગંગાબહેન ઝવેરી આશ્રમની બહેનોના પ્રમુખપદે ચૂંટાઈ આવ્યાં હતાં.
૨. ગંગાબહેન વૈદ્ય.

Gandhi Heritage Portal

## ૧૩૮. પરશુરામ મેહરોત્રાને પત્ર

મંગળવાર, નવેમ્બર ૧, ૧૯૨૭

ચિ. પરશુરામ,

તમારો પત્ર હમણાં જ મળ્યો. રાજકિશોરીના[૧] આત્માને તો શાંતિ જ છે. તમે ધીરજ રાખજો. ઈશ્વર તમને શાંતિ અને ભક્તિ આપો.

બાપુના આશીર્વાદ

[મૂળ હિંદી]

મૂળ પત્ર પરથી : સી. ડબલ્યુ. ૨૯૭૨; શ્રી પરશુરામ મેહરોત્રાના સૌજન્યથી

## ૧૩૮(૧). દિલ્હીમાં ખાદી મંડળને મુલાકાત[૨]

નવેમ્બર ૧, ૧૯૨૭

વારુ, તમે બધા રોજનીશી લખો છો ખરા? જો નહીં રાખતા હો તો તમારા કાર્યનો હિસાબ શી રીતે રહેશે? તમે તો જે ખાદીની ફેરી કરનારા હો તેમણે નોંધવું જોઈએ કે આજે આટલી ખાદી વેચી, જે ચરખાપ્રચાર કરનાર હોય તે નોંધે કે આજે આટલા રેંટિયા સુધાર્યા, આટલી ત્રાક સરખી કરી, વગેરે. જેમ વેપારીનો ચોપડો તેમ તમારી રોજનીશી. વહાણનો કપ્તાન 'લૉગ-બુક' રાખે છે, જેમાં વહાણની હિલચાલનો હેવાલ નોંધે છે, તેમ તમે પણ તમારા વહાણની હિલચાલનો હેવાલ નોંધો. આમ તમે રોજનીશી રાખો અને પછી નિયમિત મળતા જાઓ, અને એકબીજાની પાસેથી સૂચના વગેરે મેળવતા જાઓ.

એક સભ્યે એક વિચિત્ર સવાલ કર્યો : "ખાદીનો પ્રચાર આ રીતે કેમ થઈ શકે? કાંઈ રાજકાજની ઉષ્માની જરૂર નથી લાગતી? એ વિના તો બધી પ્રવૃત્તિ ઠંડી જ ચાલે. એમ ખાદી તો પહેરતા રહીશું, પણ ખરીદશે કોણ? વિલાયતી કપડું ઘણું સસ્તું મળે અને ખાદી મોંઘી મળે. જ્યાં સુધી સ્વદેશપ્રેમની ભાવના જાગ્રત નથી થઈ ત્યાં સુધી આ લોકો ખાદી ન લે. એટલે એને ઉત્તેજનાર કાંઈક રાજકીય ઉષ્મા જોઈએ."[૩]

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧૩–૧૧–૧૯૨૭

૧. પરશુરામ મેહરોત્રાનાં પત્ની, જે થોડા દિવસ પહેલાં મૃત્યુ પામ્યાં હતાં.

૨. શ્રી મહાદેવ દેસાઈના "સાપ્તાહિક પત્ર"માંથી આ ભાગ, "એક ખાદીમંડળ" એ પેટામથાળા નીચે પ્રસિદ્ધ થયો હતો. મુલાકાત દા. અનસારીને ત્યાં થઈ હતી.

૩. આ સવાલનો ગાંધીજીનો જવાબ આ લેખમાં નથી. પણ કોઇમ્બતુરમાં કેટલાક ખાદીપ્રેમીઓએ એમને આવો જ સવાલ કર્યો હતો. તેનો ગાંધીજીએ જે જવાબ આપ્યો હતો તે માટે જુઓ લેખ ૧૦૯(૧).

Gandhi Heritage Portal

# ૧૩૯. દિલ્હીની જામિયામિલિયા ઈસ્લામિયામાં ભાષણ

નવેમ્બર ૨, ૧૯૨૭

### અહમદ મહમદ કાછલિયા

અત્યારે જે બાળકોની ઓળખાણ તમને કરાવવામાં આવી તે મારા મિત્ર, સાથી અને મારા સગા ભાઈ સમાન મરહૂમ અહમદ મહમદ કાછલિયાના પૌત્રો છે. આ બાળકોને જોઈ મને મરહૂમનું સ્મરણ થાય છે, અને મને લાગે છે કે એમને વિશે મારે તમને કંઈક કહેવું જોઈએ. સત્યાગ્રહના કાળમાં દક્ષિણ આફ્રિકામાં જે હિંદુઓ અને મુસલમાનો રહેતા હતા તેમાં કાછલિયાની બહાદુરી અને પ્રામાણિકતામાં તેમની તોલે આવી શકે એવો એકે હિંદી નહોતો. દેશનાં માનઆબરૂને ખાતર તેમણે સર્વસ્વનો ભોગ આપેલો. તેમણે પોતાના વેપારની, મિલકતની, મિત્રોની, કશાની દરકાર કર્યા વિના લડતમાં યાહોમ કર્યું હતું. એ દિવસોમાં પણ હિંદુમુસલમાનના ભૂંડા મતભેદ અવારનવાર દેખા દેતા, પણ કાછલિયાએ એ બે વચ્ચે સમતોલપણું જાળવ્યું હતું. પોતાની કોમ પ્રત્યે પક્ષપાતનો આરોપ એમના પર કોઈએ કદી મૂક્યો જાણ્યો નથી.

સ્વદેશપ્રેમ અને સહિષ્ણુતાનો આ મહાન ગુણ તેઓ કોઈ નિશાળમાં કે વિલાયત જઈને શીખ્યા નહોતા, પણ ઘરમાં જ શીખેલા. તેઓ ગુજરાતી પણ મુશ્કેલીથી લખી શકતા. છતાં તેઓ વકીલોની દલીલોનો જે રીતે જવાબ આપતા ને તેમને મૂંઝવતા તે જોઈને વકીલો આશ્ચર્યચકિત થતા, અને તેમની અસાધારણ વ્યવહારકુશળતા વકીલોને ઘણી વાર બહુ મદદગાર થઈ પડતી. સત્યાગ્રહીઓની આગેવાની કરનાર તેઓ હતા, અને લડત લડતાં જ તેમણે દેહ છોડયો.[૧] એમને અલી નામનો એક દીકરો હતો, તેને તેઓ મારી પાસે મૂકી ગયેલા. અગિયાર વર્ષનો એ બાળક અદ્ભુત સંયમવાળો અને ભાવિક મુસલમાન હતો. રમજાનમાં તે કદી એક પણ રોજો પડવા દેતો નહીં. આટલું છતાં તેને હિંદુ છોકરાઓ પ્રત્યે દ્વેષ નહોતો. આજે હિંદુઓમાં તેમ જ મુસલમાનોમાં જેને ધર્મનિષ્ઠા કહેવામાં આવે છે તેનો અર્થ બીજા ધર્મો પ્રત્યે તિરસ્કાર નહીં તો અણગમો તો છે જ. અલીમાં એવો તિરસ્કાર કે અણગમો નહોતો. એ પિતાપુત્રની જોડીનાં નામ મારે સારુ પવિત્ર છે. એમનું દૃષ્ટાંત તમને પ્રેરક નીવડો એવી મારી પ્રાર્થના છે.

### વિદ્યાર્થીઓનો ત્યાગ

એ દિવસોમાં જ્યારે હિંદુ અને મુસલમાન એકદિલ, અને એકબીજાને ખાતર તેમ જ દેશને ખાતર લોહી રેડવાને તત્પર દેખાતા હતા, ત્યારે મેં વિદ્યાર્થીઓને સરકારી શાળાકૉલેજો છોડવાની વિનંતી કરેલી. એ વિનંતી કર્યાને સારુ આટલાં વર્ષો પછી મને જરાયે પશ્ચાત્તાપ નથી થતો. મારો તો દૃઢ અભિપ્રાય છે કે એ હાકલને જેમણે જવાબ આપ્યો તેમણે દેશની સેવા કરી છે, અને મારી ખાતરી છે કે હિંદુસ્તાનના ભાવિ ઈતિહાસકારને વિદ્યાર્થીઓના આ ત્યાગની કદર કરવી જ પડશે.

૧. ખરેખર એ વખતે હકીમ અજમલખાને કહ્યું કે, ધીમા અવાજને કારણે ગાંધીજીને સાંભળી શકાતા નથી, તેથી ગાંધીજી જે બોલે તે વાક્યેવાક્ય મૌલાના મહમદઅલીએ ફરીથી બોલવું. આ પછીથી ગાંધીજી જે બોલ્યા તે મહમદઅલી ફરીથી બોલ્યા.

Gandhi Heritage Portal

[1]પણ ખેદની વાત છે કે આજે આપણે ત્યાં કેટલાક મુસલમાનો એવા છે જે મસ્જિદમાં જાય છે અને નમાજ પઢે છે, અને કેટલાક હિંદુઓ પણ એવા છે જે મંદિરમાં જાય છે અને ભગવાનને પ્રાર્થના કરે છે; અને તેમ છતાં તેઓ એકબીજાને ધિક્કારતા હોય છે. તેઓ એમ વિચારવા લાગ્યા છે કે મસ્જિદમાં કે મંદિરમાં જવું એટલે એકબીજાને ધિક્કારવા. ધાર્મિક આત્માવાળો હોવા છતાં અલીએ એવું કદી વિચાર્યું નથી. આ વાત મેં તમને કહી તેનું એક માત્ર કારણ એટલું જ છે કે તમે સૌ પણ મહાન કાછલિયા અને તેના પ્રેમાળ પુત્ર અલી જેવા દેશભક્ત બનો. એમનું ઉમદા હૃદય તમને પ્રભુ આપે એવી મારી પ્રાર્થના છે.

૧૯૨૦ના ઑક્ટોબરની ૧૧મીના યાદગાર દિવસની હકીમજીએ તમને યાદ આપી છે. એ દિવસે હિંદુઓ અને મુસલમાનો તેમના ભેદભાવ ભૂલીને કાયમ માટે એક થઈ ગયા. બધી જ સરકારી અથવા સરકારની મદદથી ચાલતી સંસ્થાઓ છોડી દેવાની એ દિવસે હિંદની સારીયે વિદ્યાર્થી આલમને હાકલ કરવામાં આવી. હું જાણું છું કે આ આમંત્રણમાં મારો સારો એવો ફાળો હતો. પણ આજે સાત સાત વર્ષ પછી પણ હું એટલું કહેવાની હિંમત ધરાવું છું કે એમ કરવા બદલ મને કોઈ દિલગીરી થતી નથી કે એમ કરવામાં મેં કોઈ ભૂલ કરી હોય તેવું પણ મને લાગતું નથી. હું માનું છું કે સરકારી સંસ્થાઓ છોડી દેનારાઓએ દેશની એક મહાન સેવા કરી છે. મને વિશ્વાસ છે કે એ સમયનો ભારતનો ઇતિહાસ લખાશે ત્યારે ઇતિહાસકારને એ હકીકત લખવી જ પડશે કે તે વખતે સરકારી સંસ્થાઓનો બૉયકૉટ કરનારાઓએ ખરેખર તેમનું અને દેશનું એક મોટું હિત કર્યું છે.

એ ગૌરવભર્યા દિવસોનાં કંઈક ચિહ્નો અહીં છે એમ જોઈને હું રાજી થયો છું, અને લડતનો વાવટો ફરકતો રાખવાને તમે તનતોડ પ્રયત્ન કરી રહ્યા છો એ જોઈ મને અતિશય આનંદ થાય છે. તમારી સંખ્યા નાની છે એ ખરું, પણ દુનિયા કોઈ કાળે ભલા અને સાચા માણસોથી ઊભરાઈ ગઈ નથી. હું તમને કહું છું કે નાની સંખ્યા વિશે તમે કદી ચિંતા ન કરશો, પણ યાદ રાખજો કે તમે ગમે તેટલા થોડા હશો તોયે દેશના સ્વાતંત્ર્યનો આધાર તમારી ઉપર છે.

### બે આવશ્યક વસ્તુઓ

સ્વાતંત્ર્યને તમારા અક્ષરજ્ઞાન જોડે કે તમે તકલીને યાંત્રિક રીતે ફેરવો એની જોડે પણ થોડો જ સંબંધ છે. હિંદુસ્તાનના સ્વાતંત્ર્ય માટેની આવશ્યક વસ્તુઓ જો તમારામાં ન હોય તો બીજા કોનામાં હોય એ હું નથી જાણતો. એ વસ્તુઓ તે આ : ઈશ્વરથી ડરવું, અને કોઈ પણ મનુષ્ય કે સામ્રાજ્યને નામે ઓળખાતા મનુષ્યસંઘનો ડર છોડવો. જો આ બે આવશ્યક વસ્તુઓની કેળવણી તમારી સંસ્થાઓમાં ન મળી શકતી હોય તો બીજે ક્યાં મળી શકે એ હું નથી જાણતો. પણ હું તમારા અધ્યાપકોને ઓળખું છું, હકીમસાહેબને ઓળખું છું, એટલે મારી ખાતરી છે કે આ બે વસ્તુઓ અહીં બહુ કાળજીથી શીખવવામાં આવતી હોવી જોઈએ.

તમારી આર્થિક સંકડામણની પણ મને ચિંતા નથી. ઊલટું, આપણે જેમ તેમ કરીને નિભાવ કરતા હોઈએ એ મારે સારુ તો આનંદની વાત છે, કેમ કે એ રીતે આપણે આપણા સરજનહારને વધારે યાદ કરીશું અને તેનાથી ડરતા રહીશું.

૧. આ અને આ પછીના એમ બે પૅરેગ્રાફ હિન્દુસ્તાન ટાઇમ્સ પરથી અનુવાદ કરી લીધા છે.

Gandhi Heritage Portal

[1]મહાત્માજીએ એ વાત ઉપર ખૂબ ભાર મૂકયો કે જો યુનિવર્સિટી સારું કામ કરતી હોય તો પરમાત્મા તેમને ફંડની જોગવાઈ કરી આપશે જ એવો વિશ્વાસ તેમને હોવો જ જોઈએ.

### મગજને ઠંડાં રાખજો

હકીમજીએ કહ્યું એ ખરું છે કે દિલ્હીમાં આવવું મારે માટે કઠણ હતું. પણ તમારી પાસે આવવામાં મારે સારુ આશ્વાસન અને આનંદ રહેલાં છે. હું અહીંયાં તમને રાજી કરવા નથી આવ્યો, પણ પોતે રાજી થવા આવ્યો છું. હું મનમાં સ્વાર્થ રાખીને આવ્યો છું. હું તમને એ કહેવા આવ્યો છું કે તમારી મિલિયાની બહાર ભલે દ્વેષ અને ઝેરવેરની ગમે તેટલી જવાળાઓ સળગે, હિંદુ અને મુસલમાન ભલે એકબીજાનાં ગળાં કાપે, પણ તમે અહીંના છોકરાઓ તમારાં મગજને ઠંડાં રાખજો, તમારા સરજનહારને બેવફા ન નીવડજો. તમારાં હ્રદયમાં દ્વેષને સ્થાન ન આપજો. દેશની અને એમાં વસતા ધર્મોની પાયમાલી થતી જોઈ મનમાં પણ જરાયે રાજી ન થજો.

### ખાદીની સેવા

તમે જોયું હશે કે મેં ખાદી કે તકલી વિશે કશું નથી કહ્યું. એનું કારણ એ છે કે મેં જે આવશ્યક વસ્તુઓ કહી તેની આગળ ખાદી અને તકલી પણ કશી વિસાતમાં નથી. તકલી તમે ભલે ફેરવજો, ખાદી ભલે પહેરજો, પણ મેં જે બે વસ્તુઓ તમને કહી તેનું આચરણ તમે નહીં કરતા હો તો તમારી ખાદી અને તકલી જરાયે લેખે નથી લાગવાનાં. પણ મારી ખાતરી છે કે હકીમસાહેબે તમને ખાદી પહેરવાની જરૂર વિશે જે કહ્યું છે તે તમે નહીં ભૂલી જાઓ. તમે યાદ રાખજો કે ખાદી વડે જ આજે ૫૦ હજાર કાંતનાર ઉપરાંત સેંકડો વણકરો, ધોબીઓ અને સુતારોને આપણે રોજી આપી રહ્યા છીએ. એ પણ નહીં ભૂલતા કે આમાંનો મોટો ભાગ મુસલમાન છે. રેંટિયા વિના ઘણી જગ્યાએ મુસલમાન સ્ત્રીઓ ભૂખે મરતી હોત. હિંદુ તેમ જ મુસલમાન ગરીબવર્ગ સાથે એકતા સાધવાનો ખાદી પહેરવા સિવાય બીજો રસ્તો નથી.

[2]પછી નૈતિક ચારિત્ર્યઘડતરની તાત્કાલિક આવશ્યકતા વિશે મહાત્માજી ખૂબ લાગણીથી બોલ્યા. તેમણે કહ્યું :

દેશના પ્રવાસ દરમ્યાન હું હજારો વિદ્યાર્થીઓને મળ્યો. મેં જોયું કે તેઓ કેટલીયે બૂરી અને ખરાબ ટેવોના ભોગ થઈ પડયા હતા. તમે બધા એ જાણો છો તેથી મારે એ અહીં કહી બતાવવી ન જોઈએ. મારી ભગવાનને પ્રાર્થના છે કે તે તમને એ ખરાબ કાર્યમાંથી છોડાવે. જ્યારે માણસ પોતાના હાથ, આંખ અને મન દૂષિત કરે છે ત્યારે તે માણસ નથી રહેતો પણ પશુ બની જાય છે.

તમારે હાથ, મન કે આંખથી કોઈ અનિષ્ટ કદી આચરવું નહીં. આપણે ખરેખરા શૂરવીર બનવા માગતા હોઈએ તો બધી જ સ્ત્રીઓને આપણે તેમની વય પ્રમાણે આપણી મા, બહેન કે દીકરી જ માનવી જોઈએ. કોઈ સ્ત્રી પ્રત્યે ખરાબ નજરે ન જુઓ. સ્ત્રીનું માન જાળવવા આપણે મરવા પણ તૈયાર રહેવું જોઈએ. હું જાણું છું કે અત્યારે લોકો આ ફરજ ચૂકી રહ્યા છે. આ અનિષ્ટથી પ્રભુ તમને બચાવે એવી હું ફરીથી તેમને પ્રાર્થના કરું છું.

૧. આ પૅરેગ્રાફનું ભાષાંતર હિન્દુસ્તાન ટાઇમ્સ પરથી કર્યું છે.

૨. આ પૅરેગ્રાફ યંગ ઇન્ડિયા પરથી અને આ પછીના બે પૅરેગ્રાફ હિન્દુસ્તાન ટાઇમ્સ પરથી અનુવાદ કરી લીધા છે.

Gandhi Heritage Portal

આ બધા ઉપરાંત તમે પવિત્ર અને શુદ્ધ રહેજો, જીવને જોખમે પણ વચન પાળતાં શીખજો, અને જે દૃષ્ટાંતો મેં તમારી આગળ મૂક્યાં છે તેની સ્મૃતિને તમારા હૃદયમાં સદૈવ જાગ્રત રાખજો.

[૧]છેલ્લે થેલી આપવા બદલ મહાત્માજીએ વિદ્યાર્થીઓનો આભાર માન્યો અને પ્રાર્થના કરી કે તેમની યુનિવર્સિટી ચિરકાળ રહો અને હિંદના સ્વાતંત્ર્યનું કેન્દ્ર બનો.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १०–११–१९२७ तथा हिन्दुस्तान टाइम्स, ४–११–१९२७

ભાષાંતર : नवजीवन, १३–११–१९२७

## ૧૪૦. આત્મપરિવર્તન

લોકમાન્યે પોતાનો સંદેશ ચાર સાદા શબ્દોમાં આપણને આપ્યો છે. છતાં જેમ ઈશ્વરની હસ્તીને વિશે શંકા ઉઠાવનારા કેટલાક પડયા છે તેમ હજુ એવા લોકો પણ છે જેઓ સ્વરાજ એ પોતાનો જન્મસિદ્ધ હક છે એ સૂત્રને વિશે શંકા ઉઠાવે છે. તેથી સ્વરાજની હિલચાલનો ઉદ્દેશ આપણાં હૃદયમાં સ્વરાજ આપણો જન્મસિદ્ધ હક છે એ જ્ઞાનનો ઉદય કરાવવાનો છે. આ આત્મપરિવર્તનની જરૂર અત્યાર સુધીમાં આપણને ઘણે પ્રસંગે દેખાઈ છે. એમાં નીલના પૂતળાના સત્યાગ્રહને વિશે મદ્રાસની ધારાસભામાં થયેલી ચર્ચાએ જરૂરનું એક વધારે અને સચોટ સ્મરણ કરાવ્યું છે. એ ગોઝારા સ્મારકને ઉઠાવી લેવાની માગણીનો નિર્દોષ ઠરાવ મોટી બહુમતીથી ઊડી ગયો. ધારાસભાના ભડવીરો સિવાયના લગભગ બધા જ હિંદી સભાસદોએ ઠરાવની વિરુદ્ધ મત આપ્યો. સ્વરાજ પક્ષની અને બીજા સૌની મનોવૃત્તિમાં જે તીવ્ર ભેદ રહેલો છે તે આ ઠરાવે બતાવી આપ્યો. આ નિર્ણય અને આ ચર્ચા પરથી આપણે ફરી એક વાર જોઈ શકયા છીએ કે સ્વરાજ જેટલું અંગ્રેજ 'રાજ્યકર્તાઓ'ના દુરાગ્રહને લીધે રોકાતું નથી તેટલું આપણી પોતાની, આપણા મોભાને ઓળખવાની ને તેને સારુ લડવાની અનિચ્છાને લીધે રોકાય છે. મારા નમ્ર મત પ્રમાણે નીલનું પૂતળું ઉઠાવવાની હિલચાલ આપણા ધ્યેયની પ્રાપ્તિનું એક પગથિયું છે. આપણું રાષ્ટ્રીય સ્વમાન તો એ માગે છે કે એક નીલનું પૂતળું જ નહીં, પણ આપણી ગુલામીનું એકેએક ચિહ્‌ન ઉઠાવી લેવામાં આવે. આ પૂતળાને હું આપણી ગુલામીનું જ ચિહ્‌ન ગણું છું. આ હિલચાલનો હેતુ કશો આર્થિક લાભ મેળવવાનો નથી એ વસ્તુ એ હિલચાલને સબળ બનાવે છે. જ્યારે લાખો હિંદીઓ કેવળ સ્વમાનના રક્ષણને અર્થે એકઠા થઈને પોતાનું બલિદાન આપશે ત્યારે સ્વરાજ હાથવેંતમાં આવશે. યુનિયન જેકનું અપમાન થાય એને કોઈ પણ અંગ્રેજ અંગત અપમાન શા માટે ગણે છે? અને એનો વિરોધ કરવામાં મરવા તત્પર શા માટે થાય છે? એ ભાવના તિરસ્કાર કરવા અથવા દાબી દેવા જેવી નથી. એ અપમાનનો વિરોધ કરવા તે જે સાધન વાપરે છે તે ઘણી વાર જંગલી હોય છે એ ખરું. પણ જો તે આ ભાવનાને જ ભૂલી જાય તો તેના રાષ્ટ્રની સંગીનતા અને એ રાષ્ટ્રને અર્થે આપભોગ આપવાની તેની શક્તિ બંને હણાયા વિના ન રહે. તે જ પ્રમાણે આપણને જો આપણા જન્મસિદ્ધ હકનું ભાન હોય તો આપણા રાષ્ટ્રને અપમાનરૂપ એવું એક પૂતળું આપણી

૧. આ પેરેગ્રાફ हिन्दुस्तान टाइम्समांથી અનુવાદ કરી લીધો છે.

Gandhi Heritage Portal

વચ્ચોવચ ઊભું છે એ ન સાંખનારા જુવાનો પડ્યા છે એ જાણીને આપણે અભિમાન લેવું જોઈએ. ધારાસભાની ચર્ચામાં ભાગ લેનારા ઘણા હિંદી સભ્યોએ એવું કશું ભાન કે અભિમાન બતાવ્યું નથી. રાષ્ટ્રની લડત લડનારા આ જુવાનો એ સભ્યોને મન અજ્ઞાન માણસો છે, અને એમનું વર્તન કેવળ તિરસ્કારને જ પાત્ર છે. રાષ્ટ્રને પ્રેરણા આપી ખાનદાન બનાવે એવા જીવનવાળા રાષ્ટ્રવીરોનાં પૂતળાં જે સ્થાન પર હોવાં જોઈએ તેવા રાજમાર્ગ પર નીલનું પૂતળું ઊભું રહે એમાં પેલા સભ્યોને કશું અજુગતું જણાયું નથી.

આ સત્યાગ્રહ જનરલ નીલ નામની વ્યક્તિની સામે નથી એ સ્પષ્ટ કરવામાં આવ્યું જ છે. 'ભયભીતપણા'નું સામ્રાજ્ય કાયમ કરવાને ઊભું કરેલું પૂતળું જનરલ નીલને બદલે જનરલ વીરસિંગનું હોત તો તેની સામેનો સત્યાગ્રહ પણ એટલો જ યોગ્ય અને આવશ્યક ગણાત.

ધારાસભામાં યુરોપિયન સભ્યોએ પણ પૂતળાનો બચાવ કર્યો. એમના શબ્દોમાં સાવચેતી, મર્યાદા અને ખરાપણાનો આભાસ હતાં. છતાં એમાંથી યુરોપિયન મનોવૃત્તિ તો જણાઈ ગઈ. જે કાર્યને સારુ જનરલ નીલનું પૂતળું ઊભું કરેલું છે તે સામ્રાજ્યને બચાવવા સારુ આવશ્યક હતું. અને જનરલ નીલનાં કુકર્મોને ઢાંકવાને સારુ તેમને ઢાલની બીજી બાજુએ પુસ્તકના લેખક મિ. ટૉમસનને ચસકેલ કહી કોરે મૂકવો પડ્યો, અને બળવા પછી બે વરસે મદ્રાસના ૧૧૦ હિંદુઓએ જનરલ નીલની ટુકડીને આપેલું એક ખુશામતિયા માનપત્ર પુરાતત્ત્વની ખાણમાંથી ખોળી કાઢવું પડ્યું! આ માનપત્ર કેવા સંજોગોમાં અપાયું એ ચોકસ જાણવાનું સાધન મારી પાસે નથી. પણ એવું માનપત્ર અપાયું એ મને જરાયે વિચિત્ર લાગતું નથી. કારણ એવા દાખલા ચાલુ બનાવોમાંથી પણ ક્યાં ટાંકી શકાય એમ નથી? જનરલ ડાયરને ખુદ અમૃતસરમાં આવું માનપત્ર મળ્યું નહોતું? અને હજુયે જો સર માઈકલ ઓડવાયર હિંદ પાછો આવે અને સારા રાજ્યવહીવટને અર્થે એને માનપત્ર આપવાની જરૂર જણાય તો એવું માનપત્ર આપનારા ૧૧૦ હિંદીઓ ન નીકળે તો જ નવાઈ ગણાય. આપણી પોતાની નજર સામે લોકોને અત્યંત અકારા એવા વાઈસરૉયોને માનપત્રો અને વિજયચિહ્નો નથી મળ્યાં?

જે ભાવના અંગ્રેજો બતાવે તો અંગ્રેજોને શરમ આવે એવી ભાવના આપણામાં હોય તેને તેઓ હર્ષથી વધાવે એ અતિશય દયાજનક છે. એક પરિષદમાં વફાદારીના ઠરાવ પર બોલતાં એક વિદ્વાન હિંદી બોલી ગયા કે "દરેક અંગ્રેજ મારો ગુરુ છે, અને મારામાં જે કંઈ છે તે વિલાયતને આભારી છે." એ શબ્દોથી જે હર્ષના પોકાર થયા તેમાં એક ગવર્નરની સ્ત્રીએ અગ્રભાગ લીધાનું મને યાદ છે. મદ્રાસ ધારાસભાનો પ્રસંગ એ જાતનો હતો, અને તેથી મારું મન દુભાયું.

પણ જે જુવાનો જુલમનાં સ્મારકો સામે લડી રહ્યા છે તેઓએ મદ્રાસ ધારાસભાના અવળા મતથી હિંમત હારવાની જરૂર નથી. આ લડતનો વિરોધ કરનારા અંગ્રેજો કે હિંદીઓ પર તેઓ રોષ ન કરે. તેઓ પોતા પર અને પોતાની લડત પર શ્રદ્ધા રાખે. એ રીતે તેઓ આજે વિરોધ કરનારાઓનાં દિલ પલટાવી શકશે. જો તેઓ કડકપણે અહિંસક રહેશે અને મર્યાદાનું ઉલ્લંઘન નહીં કરે, તો જે લડતનો પાયો તેમણે નાખ્યો છે તેનો વિજય મળ્યા વિના રહેવાનો નથી.

[મૂળ અંગ્રેજી]

યંગ ઇન્ડિયા, ૩-૧૧-૧૯૨૭

ભાષાંતર : નવજીવન, ૬-૧૧-૧૯૨૭

ગાં. ૩૫-૧૩

Gandhi Heritage Portal

## ૧૪૧. મીઠુબહેન પિટીટને તાર

નવેમ્બર ૩, ૧૯૨૭

મીઠુબહેન પિટીટ
મુંબઈ

આજે રાત્રે અમદાવાદથી મુંબઈ આવવા નીકળું છું, પાંચમીએ સાંજે કોલંબો ઊપડીશ.

[મૂળ અંગ્રેજી]

માઇક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૨૮૩૮

## ૧૪૨. સોમસુંદરમને તાર

નવેમ્બર ૫, ૧૯૨૭

સોમસુંદરમ્
પ્રોક્ટર
૮૯, ડૅમ સ્ટ્રીટ
કોલંબો

બ્રિટિશ ઇન્ડિયા માલવાહક સ્ટીમરમાં કાલે વહેલી સવારે નીકળું છું. લગભગ દસમી તારીખે પહોંચીશ.

ગાંધી

[મૂળ અંગ્રેજી]

માઇક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૨૮૩૮

## ૧૪૩. જાલરસ્ટને મુંબઈ તાર

નવેમ્બર ૫, ૧૯૨૭

જાલરસ્ટ[૧]
મુંબઈ

આજે રાત્રે ગુજરાત મેલમાં નીકળું છું. ગ્રાન્ટરોડ સ્ટેશન પર મળો. સ્ટેશનથી સીધો કોલંબોની સ્ટીમર પકડવા ઊપડીશ.

[મૂળ અંગ્રેજી]

માઇક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૨૮૩૮

૧. ઘણું કરીને જાલભાઈ અને રુસ્તમજીની પેઢી.

Gandhi Heritage Portal

## ૧૪૪. ચ. રાજગોપાલાચારીને તાર

નવેમ્બર ૫, ૧૯૨૭

ચ. રાજગોપાલાચારી
ગાંધી આશ્રમ
તીરુચેંગોડુ

આવતી કાલે વહેલી સવારે સ્ટીમરમાં નીકળું છું. લગભગ દસમીએ કોલંબો પહોંચીશ. કોલંબો તાર કરશો. લક્ષ્મીને સાથે લાવશો.

બાપુ

[મૂળ અંગ્રેજી]
માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૨૮૩૮

## ૧૪૫. ઘનશ્યામદાસ બિરલાને પત્ર

મુંબઈ
રવિવાર [નવેમ્બર ૬, ૧૯૨૭][૧]

ભાઈ ઘનશ્યામદાસજી,

તમારો પત્ર મળ્યો. અનાયાસ જ મળ્યો. કારણ કે હું જે સ્ટીમરમાં જવાનો હતો તે રોકાઈ ગઈ.[૨] સારું થયું.

'મારવાડી વ્યાજ' એ શબ્દપ્રયોગથી તમને દુઃખ થવું જોઈતું નહોતું. અને થયું તો મારા જેવાને તે જ વખતે કહી દેવું જોઈતું હતું. મેં તો એ શબ્દનો પ્રયોગ કેવળ વિનોદમાં જ કર્યો હતો. કાઠિયાવાડી શબ્દનો પ્રયોગ હું ખરાબ અર્થમાં ઘણી વાર કરું છું. કાઠિયાવાડીનો અર્થ ખટપટિયો લુચ્ચો એવો થાય છે. એનો અર્થ એવો તો નથી કે હું પણ એવો છું. તમારા પ્રેમને વશ થઈને તમે ઇચ્છો તો, વિનોદમાં પણ મારવાડી શબ્દનો ખરાબ અર્થમાં પ્રયોગ નહીં કરું. પરંતુ હું ઇચ્છું છું કે તમે એવા પ્રયોગથી ડરો નહીં. 'વ્હેન ગ્રીક મીટ્સ ગ્રીક'નો[૩] પ્રયોગ પ્રખ્યાત છે એથી કોઈ ગ્રીક માત્રને દગાબાજ નહીં સમજે.

તમારી જાણ ખાતર લખું છું કે ગુજરાતમાં પણ અયોગ્ય અને નિર્દય વ્યાજ લેનારા ઘણા છે. મારવાડી સારા હોય કે ખરાબ, તમે તો હૃદયથી છો તેવા શરીરે સારા થઈ જાઓ, અને મારવાડીની આહુતિ ભારતવર્ષના યજ્ઞમાં આપી દો.

તમારો
**મોહનદાસ**

૧૧–૨૧ કોલંબો[૪]
૨૨–૨૫ પ્રવાસ[૫]

[મૂળ હિંદી]
મૂળ પત્ર પરથી : સી. ડબલ્યુ. ૬૧૫૦; શ્રી ઘનશ્યામદાસ બિરલાના સૌજન્યથી

૧. સિલોન જતી સ્ટીમર રોકાઈ જવાના ઉલ્લેખ પરથી.
૨. જુઓ આ પછીનો પત્ર.
૩. મૂળમાં આ અંગ્રેજી લિપિમાં લખેલું છે.
૪–૫. મૂળમાં આંકડા હિંદીમાં તથા શબ્દો અંગ્રેજીમાં લખેલા છે.

Gandhi Heritage Portal

## ૧૪૬. મીરાંબહેનને પત્ર

નવેમ્બર ૬, ૧૯૨૭

ચિ. મીરાં,

માણસ ધારે છે કંઈ અને ઈશ્વર કરે છે કંઈ! મુંબઈ પહોંચ્યો ત્યાં શાંતિકુમારે હળવે રહીને કહ્યું કે સ્ટીમર આજે જવાની નથી, કાલે જશે. આમાં તેમનો કંઈ દોષ નહોતો. મુલતવી રહ્યાની ખબર તેમને એટલી મોડી પડી કે તે મને જણાવી ન શકયા. હું ઇચ્છત તો આજે ટ્રેનમાં જઈ શકત. પણ એક દિવસના વિલંબનો મને કંઈ વાંધો નહોતો. સ્ટીમર તૂતીકોરીન બંદર કરશે જ્યાં અમારે ૯મી કે ૧૦મીએ પહોંચવું જોઈએ.

આશા રાખું છું કે તું તદ્દન સ્વસ્થ હશે અને તેં કૃષ્ણદાસ સાથે બધી વાતનો ખુલાસો કરી લીધો હશે. ગઈ કાલે ભણસાળી સાથે વાત થઈ એથી મને સંતોષ થયો નથી. તેનો દેખાવ અને હાવભાવ બદલાઈ ગયાં છે. તેના વર્તનમાં ભલમનસાઈ અને મીઠાશ હતી. પણ તેનામાં વિચિત્રતા અને અસ્વાભાવિકતા હતી, એથી મને દુ:ખ થયું. તું એની સાથે સંપર્ક વધારજે અને તેને આ અસ્થિર મનોદશામાંથી નીકળવામાં મદદ કરજે. પણ તેની સાથે અત્યંત સાવધાની અને કોમળતાથી વર્તવાની જરૂર છે.

હું આવતી કાલે (સોમવારે) કદાચ પત્ર નહીં લખું, કારણ કે ટપાલ નાખી શકાય એવી કોઈ જગ્યાએ થોભવાનું નહીં થાય. પત્રોના જવાબ લખવાનું પૂરું કરવા માટે જ આજે મેં ખાસ મૌન લીધું છે.

પ્યાર,

બાપુ

[મૂળ અંગ્રેજી]

મૂળ પત્ર પરથી: સી. ડબલ્યુ. ૫૨૯૧; શ્રીમતી મીરાંબહેનના સૌજન્યથી

## ૧૪૭. મણિલાલ અને સુશીલાબહેન ગાંધીને પત્ર

નવેમ્બર ૬, ૧૯૨૭

ચિ. મણિલાલ અને સુશીલા,

તમારા કાગળ મળ્યા કરે છે. પણ એને હું વ્યવહાર કે વચન જાળવવા લખાયેલા કાગળો માનું છું. મારા વડીલોને હું લખતો ત્યારે એવા ન લખતો પણ મારી રહેણીનો ચિતાર આપતો. આજે ૩૨ વર્ષની મીરાંબહેન મને કાગળ લખે છે તે જોકે અઠવાડિયામાં બેચાર વખત હોય છતાં દસવીસ પાનાં ભરે છે. પોતાની માને દર અઠવાડિયે લખે છે તેમાં પણ પોતાના ઉદ્ગારો ઠાલવે છે. તમ બેમાંથી એકને તો વખત મળવો જ જોઈએ. તમારા પ્રેસનું શું થાય છે, તમારી મુશ્કેલીઓ કેવી છે, તમારું ખર્ચ વધ્યું કે ઘટયું, છાપાની ઘરાકી શી છે વગેરે અનેક વસ્તુ લખવા ધારો તો લખી શકો. ત્યાંની સામાજિક ને રાજપ્રકરણી સ્થિતિનો હેવાલ પણ આપવા ધારો તો આપી શકો. એનો મારાથી પ્રસંગે ઉપયોગ પણ થાય.

સુશીલાનું શરીર કેમ બંધાતું નથી? ખોરાક પચે છે? શું ખાય છે? દૂધ કેટલું પીએ છે? દૂધ તાજું મેળવો છો કે ગાયનું? સુશીલા હવે પ્રેસમાં કેટલું કામ કરે છે?

Gandhi Heritage Portal

આ વખતની ટપાલ ચૂકવી પડત પણ ઈશ્વરે જ બચાવ્યા છે. કેમ કે આજે જ મારે દરિયા રસ્તે કોલંબો ઊપડવાનું હતું. ત્યાંથી હું દક્ષિણ આફ્રિકાની મેલને ન પહોંચી શકત. આજે રવિવાર છે. મેલ બુધવારે ઊપડે છે.

સોરાબજી અને તેની વહુ આજે આવી ગયાં. આશીર્વાદ લઈ ગયાં. લગ્ન ૧૮મીએ છે. હરિલાલ વિશે ઘણું લખાય પણ આજે તો વખત નહીં આપું.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી : જી. એન. ૪૭૨૭

## ૧૪૮. સિલોનના લોકોને સંદેશો

[નવેમ્બર ૭, ૧૯૨૭ પહેલાં]

હું સિલોન જાઉં છું તે જોકે જાતે બની બેઠેલા દરિદ્રનારાયણના પ્રતિનિધિ તરીકે અને એથી મારી ઝોળી ભરાઈ જવાની મોટી આશાએ જાઉં છું. પણ એ ઐતિહાસિક દ્વીપની મુલાકાત લેવાની હું ઘણા વખતથી આતુરતાપૂર્વક રાહ જોતો હતો. ૧૯૦૧માં હું ત્યાં લગભગ પહોંચી ગયો હતો, પણ ઈશ્વરે કંઈક જુદું જ ધાર્યું હતું. હું મજૂર છું અને સિલોન તેની આજની સ્થિતિએ પહોંચી શક્યું છે એવા (જેમને કારણે) સિલોનના મજૂરોની ઓળખાણ કરવાનું મને ઘણું ગમશે.

[મૂળ અંગ્રેજી]

*સિલોન ઑબ્ઝર્વર*, ૭–૧૧–૧૯૨૭

## ૧૪૯. એન. આર. મલકાનીને તાર

મુંબઈ,
નવેમ્બર ૭, ૧૯૨૭

પ્રોફેસર મલકાની
નેશનલ કૉલેજ
હૈદરાબાદ (સિંધ)

થડાની તમને છૂટા કરે તો બધો વખત રાહતકાર્યમાં આપો.

ગાંધી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : જી. એન. ૮૮૦

Gandhi Heritage Portal

## ૧૫૦. મીરાંબહેનને પત્ર

નવેમ્બર ૭, ૧૯૨૭

ચિ. મીરાં,

જોકે મારે કંઈ કહેવાનું નથી, પણ તને દર સોમવારે લખવાની આદત હું છોડવા માગતો નથી.

હું માનું છું કે ડેરી વિશેનાં જે પુસ્તકો તું વાંચે છે તેમાંથી નોંધ કરતી હશે. હવે તું આ કામમાં પડી જ છે તો તેમાં તું નિષ્ણાત થાય એમ ઇચ્છું છું. તારાથી બની શકે તો તારે આંકડા પર પણ કાબૂ મેળવી લેવો જોઈએ. પણ આ કે બીજું કામ કરીને તારે માંદા ન પડવું જોઈએ. તું સહેલાઈથી પહોંચી વળી શકે એટલું જ કરજે.

છોટેલાલ સાથે સંપર્ક વધારજે. તેણે પોતાના કઢંગાપણામાંથી અને ગમગીનીમાંથી નીકળવું જોઈએ. હવે તેના વ્યક્તિત્વનો વિકાસ થવો જોઈએ.

પારનેરકર વારંવાર માંદા પડે છે તેનું કારણ પણ શોધી કાઢજે. તેણે ઘણું કામ કરવું હોય તો તેણે તંદુરસ્ત રહેવું જોઈએ.

સસ્નેહ,

બાપુ

[તા. ક.]

સફર ખરેખર ઘણી જ આનંદદાયક છે.

[મૂળ અંગ્રેજી]

મૂળ પત્ર પરથી : સી. ડબલ્યુ. ૫૨૯૨; શ્રીમતી મીરાંબહેનના સૌજન્યથી

## ૧૫૧. બનારસીદાસ ચતુર્વેદીને પત્ર

નવેમ્બર ૭, ૧૯૨૭

ભાઈ બનારસીદાસજી,

તમારા બે પત્ર મળ્યા પરંતુ મુસાફરીમાં હોવાથી આથી વહેલો જવાબ ન લખી શક્યો.

હવે તમે કંઈક સ્થાયી કામ લીધું છે તેથી મને ઘણો આનંદ થયો.

ગૅરીસનનું જીવનચરિત્ર આશ્રમમાં છે. તે તમને મોકલવા આશ્રમમાં લખું છું. ઉપયોગ કર્યા પછી પાછું મોકલશો.

તમારો

**મોહનદાસ**

[તા. ક.]

આફ્રિકા જવાનું માંડી વાળ્યું તે સારું થયું.

પંડિત બનારસીદાસ ચતુર્વેદી
૯૧, અપર સર્ક્યુલર રોડ
કલકત્તા[૧]

[મૂળ હિંદી]

પત્રની છબી પરથી : જી. એન. ૨૫૫૮

૧. મૂળમાં સરનામું અંગ્રેજીમાં છે.

Gandhi Heritage Portal

## ૧૫૨. તુલસી મહેરને પત્ર

કારતક સુદ ૧૩ [નવેમ્બર ૭, ૧૯૨૭][1]

ચિ. તુલસી મહેર,

તારો નવા વર્ષનો પત્ર હમણાં વાંચી શક્યો. અમે સૌ સિલોન જતી સ્ટીમરમાં છીએ. સાથે કાકાસાહેબ પણ છે. તારું કામ સારું ચાલે છે અને તું પ્રસન્ન રહે છે એ જોઈને ઘણો આનંદ થાય છે. સિલોનમાં બેએક અઠવાડિયાં જશે. ત્યાર પછી ઉત્કલ અને પછી મદ્રાસ અને જાન્યુઆરીમાં આશ્રમ. હું આશ્રમમાં બે દિવસ રહી આવ્યો. ત્યાં મલેરિયાનું કંઈક જોર જણાય છે. દેવદાસને હરસનું ઑપરેશન કરાવ્યું છે. હવે સારું છે.

બાપુના આશીર્વાદ

શ્રી તુલસી મહેર
ચરખા પ્રચારક
નેપાલ

[મૂળ હિંદી]

પત્રની છબી પરથી: જી. એન. ૬૫૩૨

## ૧૫૩. ગંગાબહેન વૈદ્યને પત્ર

સોમવાર, નવેમ્બર ૭, ૧૯૨૭

ચિ. ગંગાબહેન (મોટાં),[2]

મને ટ્રેનમાં રમીબહેન અચાનક મળ્યાં. મહેમદાવાદથી નડિયાદ લગી સાથે બેસી ગયાં. તમારી જ વાત કરી. તમે બાળકોને નથી સંભાળતાં તેનું તેને દુઃખ છે. મેં કહ્યું, "જો ગંગાબહેનને તેની શરતે બાળકો મળે અને પછી તેની વચ્ચે કોઈ ન આવે તો તે જરૂર કબજો લે." આમ કહ્યું ત્યારે તેને કંઈ કહેવાપણું ન હતું. રમીબહેનને કાગળ તો લખ્યા જ કરતાં હશો. એમની ભાવનાઓ સારી છે. અત્યારે અક્ષરજ્ઞાન મેળવવામાં લીન થયાં છે.

તમારી ઉપર જે બોજો આવ્યો છે તેથી જરાયે ન હટજો. તમે મેળવેલા જ્ઞાનની ને અનુભવની કસોટી જ હવે થાય છે. ધીરજ, શાંતિ ને ઉદારતાથી બધી મુશ્કેલીઓને દૂર કરી શકશો.

એક સમુદ્ર જેમ બધી નદીઓને પોતાનામાં સમાવી લે છે, તેને શુદ્ધ કરે છે ને પાછો તે જ પાણી પાછું વાળે છે તેમ તમે એકલાં પણ સમુદ્રરૂપે થઈ જશો તો બધાંને સમાવી લેશો. સમુદ્ર જેમ સારી-નરસી નદીઓની વચ્ચે ભેદ નથી કરતો પણ બધીને શુદ્ધ કરે છે તેમ એક જ

૧. ગાંધીજીના સિલોનના પ્રવાસના ઉલ્લેખ પરથી.

૨. આશ્રમમાં બીજાં એક ગંગાબહેન હતાં. તેમનું નામ ગંગાબહેન ઝવેરી. તે નાનાં ગંગાબહેનથી ઓળખાતાં.

Gandhi Heritage Portal

મનુષ્ય, જેનું હૃદય અહિંસા અને સત્યથી શુદ્ધિ પામી વિશાળ થયું છે તેમાં બધા સમાઈ જાય છે [અને] છતાં તે ફુલાતું નથી, નથી વિકાર પામતું.

તમારે તેવા થવું છે એ યાદ રાખજો.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

મૂળ પત્ર પરથી : સી. ડબલ્યુ. ૮૭૦૬; ગંગાબહેન વૈદ્યના સૌજન્યથી તથા बापुना पत्रो–६ : गं. स्व. गंगाबहेनने, पा.१३

## ૧૫૪. આશ્રમની બહેનોને પત્ર

મૌનવાર, નવેમ્બર ૭, ૧૯૨૭

બહેનો,

આ કાગળ આગબોટમાં લખી રહ્યો છું. ટપાલમાં તો બે દિવસ પછી પડશે, પણ સોમવારે જ તમને કાગળ લખવાનો અભ્યાસ છે તેથી લખી નાખું છું.

આ વખતે આશ્રમમાં બે દિવસ ખૂબ કામના ગયા. થાકયો છતાં આશ્રમ છોડવું ન ગમ્યું.

તમારી બધાની જવાબદારી દિવસે દિવસે વધતી જાય છે એ તમે જોતાં હશો. કોઈ કાયર ન થતાં. કર્તવ્યમાં પરાયણ રહેજો ને અશાંતિમાંયે શાંતિ મેળવતાં શીખજો. આપણો આનંદ આપણા ધર્મપાલનમાં હોય, કાર્યની સફળતામાં કે સંજોગોની અનુકૂળતામાં નહીં. નરસિંહ મહેતાએ ગાયું છે કે

નીપજે નરથી તો કોઈ ન રહે દુ:ખી
શત્રુ મારીને સહુ મિત્ર રાખે.

પણ મનુષ્ય તો રંક પ્રાણી છે. તે રાજા તો ત્યારે જ થાય છે કે જ્યારે તે અહંકાર છોડી ઈશ્વરમાં સમાઈ જાય છે. સમુદ્રથી છૂટું પડેલું બિંદુ કોઈને ઉપયોગમાં નથી આવતું, પણ સમુદ્રમાં સમાઈ જવાથી પોતાની છાતી ઉપર આ મોટી આગબોટનો ભાર વહી રહ્યું છે. એમ જો આપણે આશ્રમમાં સમાઈ જતાં અને તેની વાટે જગતમાં એટલે ઈશ્વરમાં સમાઈ જતાં શીખી લઈએ તો પૃથ્વીનો ભાર ઉપાડતાં થયાં ગણાઈએ. પણ ત્યારે તો હું તું મટીને તે જ રહી જાય છે.

આગબોટ માલની જ હોય ત્યારે તેમાં ભારે એકાંત વર્તે છે.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી : જી. એન. ૩૬૭૫ તથા बापुना पत्रो–१ : आश्रमनी बहेनोने, પા. ૪૪

Gandhi Heritage Portal

## ૧૫૫. વિઠ્ઠલ લ. ફડકેને પત્ર

સોમવાર [નવેમ્બર ૭, ૧૯૨૭][1]

ભાઈ મામા,

વરતેજ અંત્યજ આશ્રમ ઉપરનો તમારો લેખ કાલે જ વાંચવા પામ્યો છું. લંકા જતી આગબોટમાં આ લખી રહ્યો છું. લેખ હવે તો બહુ જૂનો થયો એટલે એ જ રૂપમાં તો છાપવા નથી મોકલતો. અંત્યજ પ્રવૃત્તિ વિશે લખતાં કંઈ લખવા જેવો પ્રસંગ આવે ત્યારે જોઈશ. તમારું ગાડું કેમ ચાલી રહ્યું છે? કાકા સાથે છે. તબિયત સારી ગણાય.

૧૧-૨૧ કોલંબો

૨૨-૨૫ જાફના

ત્યાર બાદ ઓરિસ્સા ને પછી મદ્રાસ મહાસભાને સમયે.

બાપુના
વંદે માતરમ્

શ્રી મામાસાહેબ ફડકે
અંત્યજ આશ્રમ
ગોધરા

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી: જી. એન. ૩૮૧૯

## ૧૫૬. જી. એન. કાનિટકરને પત્ર

લંકા જતાં,
નવેમ્બર ૮, ૧૯૨૭

પ્રિય કાનિટકર,

તમે મારી પાસે મૂકી ગયા હતા તે રિપોર્ટ વાંચી ગયો. રિપોર્ટ વાંચવો ગમે એવો છે. હું આશા રાખું છું કે રિપોર્ટમાં જે જે ઉમેદ રાખવામાં આવી છે તે બધી તમે પાર પાડી શકશો. અને સારામાં સારો અને સસ્તામાં સસ્તો રેંટિયો તૈયાર કરવાના પ્રયાસમાં સફળ થશો.

તમારો સહૃદયી
**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

મૂળ પત્ર પરથી: સી. ડબલ્યુ. ૯૬૧; શ્રી ગજાનન કાનિટકરના સૌજન્યથી

૧. ટપાલની છાપ પરથી.

Gandhi Heritage Portal

## ૧૫૭. પ્રભાશંકર પટ્ટણીને પત્ર

મંગળવાર, કાર્તિક સુદ ૧૪ [નવેમ્બર ૮, ૧૯૨૭][1]

સુજ્ઞ ભાઈશ્રી,

આ કાગળ આગબોટમાં લખી રહ્યો છું. તમારો લાંબો કાગળ વખતસર મળ્યો હતો.

મને તો લાગ્યું કે મારા જેવાને તો દિલ્હી બોલાવવાની કશી જરૂર ન હતી. બીજાઓને બોલાવવામાંયે ઠીક ન થયું એમ લાગે છે. કોઈનો અભિપ્રાય જાણવાપણું ન હતું. કેવળ વાઈસરૉયને પોતાનો અભિપ્રાય જણાવવાપણું હતું. આ વિચિત્ર ઘટનાથી મને નવાઈ લાગતી. દેશની સ્થિતિ બતાવનારું એ ઘટનાદર્પણ છે.

હિંદુમુસ્લિમ બાબત તમારો ઉપાય દરદ કરતાં ભૂંડો છે. સામાન્ય કાયદાનો સીધો અમલ કરવામાં આવે તો ઘણા ટંટા થાય છે તે તો આજે મટે. આ વિશે ચર્ચા ઠીક ઠીક કરી હતી. લશ્કરી કાયદાથી બંને લડતા સેડથી ઐક્ય સધાય એમ હું માનતો નથી. જો રાજનીતિ બંનેને વઢાડીને રાજ્યસત્તા કાયમ કરવાની ન હોય તો હિંદુમુસ્લિમ પ્રશ્ન ભાગ્યે થોડા માસ ચાલે. બંને લડીને સંપે. પણ આ વાત થઈ લાંબી.

તમારી તબિયતને સારુ ક્યાંક જઈને આરામ લ્યો તોપણ સારું. આરામ કામમાંથી નહીં પણ ચિંતામાંથી.

હું લંકામાં ૧૫ દિવસ રહીશ. પછી એટલે આ માસની ૨૬મીએ ઓરિસ્સા જવા ઊપડીશ. જ્યાંથી નાતાલના દહાડામાં મદ્રાસ ને જાન્યુઆરીમાં આશ્રમ. કાઠિયાવાડ પરિષદ[2] જાન્યુઆરીની ૧૫મી કે ૧૪મીની આસપાસ ભરાવા સંભવ છે.

મોહનદાસના
વંદે માતરમ્

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી: સી. ડબલ્યુ. ૩૨૧૮

૧. કાગળ આગબોટમાંથી લખાયાના ઉલ્લેખ પરથી. આ તારીખે ગાંધીજી સિલોન જતી એસ. એસ. કોલાબા સ્ટીમર પર હતા.

૨. કાઠિયાવાડ રાજકીય પરિષદ.

Gandhi Heritage Portal

## ૧૫૮. અસહકાર નિષ્ફળ ગયો?

અસહકાર પૂરેપૂરો નિષ્ફળ નીવડયો છે એમ છાપાંઓમાં ફરીફરીને વાંચવામાં આવે છે. કેટલાયે વિવેકી ટીકાકારો ઘણી વાર ક્ષમા માગીને વાતચીતમાં આ સવાલ ઉઠાવે છે, અને ધીમેથી મને કહે છે કે જો મેં મારા અવિચારી અસહકારથી દેશને અવળે રસ્તે દોર્યો ન હોત તો દેશે ઘણી ભારે પ્રગતિ કરી હોત. આ વિષયને વર્તમાન રાજકારણ જોડે કશો સંબંધ નથી એમ કહેવાય. છતાં મેં એનો ઉલ્લેખ એટલા માટે જ કર્યો છે કે અસહકાર એ આપણને એક જાગ્રત શક્તિ લાધી છે અને ગમે તે ક્ષણે એ વિરાટ સ્વરૂપ ધારણ કરશે એવી મારી શ્રદ્ધા છે, અને જે લોકો ટીકા અને શંકાશીલતાની સામે થઈને પણ બહાદુરીથી અસહકારને વળગી રહ્યા છે તેમને મારે હિંમત આપવી છે. છતાં એક ભયંકર અર્ધસત્ય હું કબૂલ કરી લઉં કે અસહકાર જે ક્ષણે હિંસાત્મક બન્યો તે ક્ષણે એ પૂરેપૂરો નિષ્ફળ નીવડયો. ખરું જોતાં અસહકાર અને હિંસા એ આ જગાએ પરસ્પર વિરોધી શબ્દો છે. હિંસા આત્મઘાતી છે અને તેની સામે પ્રતિહિંસા હોય તો જ તે જીવી શકે છે, એ જાગ્રત શ્રદ્ધામાંથી તો અહિંસાત્મક અસહકારનો ઉદય થયો છે. તેથી જે ક્ષણે અસહકારમાં હિંસાએ પ્રવેશ કર્યો તે ક્ષણે એનો પ્રાણ અને રાષ્ટ્રનું સંગઠન કરવાની એની શક્તિ બંને હણાઈ ગયાં. પણ જેટલે અંશે તે અહિંસાત્મક હતો અને રહ્યો તેટલે અંશે એ સંપૂર્ણપણે સફળ નીવડયો એ સ્પષ્ટ વાત છે. ૧૯૨૦માં એકાએક જે સામુદાયિક જાગૃતિની જ્વાળા પ્રગટી તેમાં અહિંસાની શક્તિનું સર્વોત્તમ પ્રદર્શન થયું કહી શકાય. સરકારની જે પ્રતિષ્ઠા તૂટી છે તે હવે ફરી બંધાવાની નથી. સરકારી ઇલકાબો, અદાલતો અને શિક્ષણસંસ્થાઓનો જે પ્રભાવ ૧૯૨૦માં પડતો તે હવે નથી રહ્યો. દેશના કેટલાક પ્રથમ પંક્તિના વકીલોએ વકીલાતનો ધંધો હમેશને માટે છોડી દીધો છે અને ગરીબાઈ સ્વીકારી સુખી થયા છે. જે થોડીઘણી રાષ્ટ્રીય શાળાકૉલેજો રહી છે તે પોતાની સેવાનો સુંદર હિસાબ આપી રહેલી છે. ગુજરાતના ભર્યાભાદર્યા બગીચાની જળપ્રલયે મરુભૂમિ બનાવી દીધી ત્યાં સંકટનિવારણનું જે તંત્ર તૈયાર થયું એ જ જુઓ ને! રાષ્ટ્રીય શિક્ષણ-સંસ્થાઓના વિદ્યાર્થીઓ અને શિક્ષકો તેમ જ બીજા અસહકારીઓ ન હોત તો ગુજરાતના દુ:ખી ખેડૂતવર્ગને જે મદદની અતિશય જરૂર હતી ને જે મદદ વખતસર મળી તે ન જ મળી શકત. આ જાતનાં અનેક દૃષ્ટાંતો આપીને સિદ્ધ કરી શકાય એમ છે કે હિંદુસ્તાનમાં જ્યાં જ્યાં સાચું રાષ્ટ્રીય જીવન છે, જ્યાં જ્યાં ઉજળિયાત અને આમવર્ગ વચ્ચે અનુસંધાન છે ત્યાં ત્યાં એનો યશ અસહકારને જ ઘટે છે.

વળી એ કાર્યક્રમનાં ત્રણ રચનાત્મક અંગોનો વિચાર કરો. રાષ્ટ્રના પુનરુદ્ધારમાં ખાદીનો ફાળો વધતો જાય છે. લગભગ બે હજાર સેવકોની સેના દ્વારા ખાદી ૧૫૦૦ ઉપરાંત ગામડાંમાં મદદ પહોંચાડી રહી છે, અને પચાસ હજાર ઉપરાંત કાંતનારને અને ઓછામાં ઓછા દસેક હજાર વણકર, છીપા, રંગરેજ, ધોબી તેમ જ બીજા કારીગરોને દેખીતી રાહત આપી રહી છે. અસ્પૃશ્યતા ક્ષીણપ્રાણ થઈ ગઈ છે અને અંતકાળનાં ડચકાં ખાઈ રહી છે. હિંદુમુસલમાન એકતામાં કેટલી શક્તિ રહેલી છે તે ૧૯૨૦-૨૧ની એકતાએ બતાવ્યું હતું. આજે એ બે મહાન કોમો વચ્ચે પડેલી ફૂટમાં જે હિંસા, દગો, જૂઠાણું વગેરે દેખાય છે એ બેહૂદી વસ્તુઓ છે એ ખરું, પણ એ પણ અધકચરી અસ્મિતાનાં જ ચિહ્ન છે. અસહકારની હિલચાલ એ એક મંથનક્રિયા

Gandhi Heritage Portal

હતી અને છે. એ મંથનને લીધે કચરો ઉપર તરી આવ્યો છે. અને જો અહિંસાત્મક અસહકાર એ જાગ્રત અને પાવક શક્તિ હશે, તો અત્યારે ઉપર તરતા દેખાતા અને આપણી દૃષ્ટિને રોકી રહેલા કચરા નીચે એકતાનું જે નિર્મળ નવનીત તૈયાર થઈ રહ્યું છે તે થોડા જ વખતમાં આપણને દેખાશે. તેથી હું તો દીવા જેવું સ્પષ્ટ જોઈ શકું છું કે સાચું સ્વરાજ જ્યારે આવશે ત્યારે લંડનથી કૃપાવૃષ્ટિ રૂપે નથી પડવાનું, પણ પાપની વ્યવસ્થિત શક્તિ જોડે આકરો અને આરોગ્યદાયી અસહકાર કરીને જ આપણે તે કમાવાનું છે.

[મૂળ અંગ્રેજી]

યંગ ઇન્ડિયા, ૧૦-૧૧-૧૯૨૭

ભાષાંતર : નવજીવન, ૧૩-૧૧-૧૯૨૭

## ૧૫૯. હરજીવન કોટકને પત્ર

કવેરિબા બોટ પરથી,
નવેમ્બર ૧૦, ૧૯૨૭

સ્વપ્નદોષ એક વાર થાય તોપણ ચિંતા કરવી, શરમાવું જોઈએ. સ્વપ્નદોષ માત્ર વિકારથી જ થાય છે એમ કહી શકાય. હમણાં મેં સાંભળ્યું છે કે જેનો કોશ બંધ રહેતો હોય તેને પણ થઈ આવે છે. આ વાત સાચી છે; પણ કોશનું બંધ હોવું પણ વિકારને લીધે થાય છે. વિકારરહિત પુરુષ કે સ્ત્રી એક રતીભાર અનાજ પણ જરૂરિયાત ઉપરાંત નહીં લે. આવાને બંધકોશ હોય જ નહીં.

પણ ચિંતાના બે પ્રકાર છે: એક ચિંતા આવશ્યક અને ઊંચે લઈ જનાર છે, બીજી અનાવશ્યક અને નીચે લઈ જનાર છે. ચિંતા અને શરમ છતાં મન પ્રફુલ્લિત રહે, જો આપણે ઈરાદાપૂર્વક દોષ ન કર્યો હોય [અને] એમાં રસ ન લીધો હોય તો. આ ચિંતાનું બીજું નામ કાળજી. બીજી ચિંતા દોષમાં રસ લીધા છતાં પાછળથી ગ્લાનિ થાય છે તે. આ ચિંતા માણસને ખાઈ જાય છે છતાં, એ દોષ ઊંડો ઊતરતો જાય છે. આવા માણસને સ્વપ્નદોષ વધ્યા કરે છે. કાળજીવાળાને ઓછા થતા જાય છે. હવે તમે કદાચ સમજશો કે સ્વપ્નદોષવાળાથી બેફિકર થવાય જ નહીં. એ, વિકાર વશ કરવાના શુદ્ધ પ્રયત્ન કરતો હોય, જાગ્રત અવસ્થામાં વિકારને વશ રાખી શકતો હોય તે સ્વપ્નદોષ થવાથી ગભરાય નહીં, પણ ચેતે ને જાણે કે વિકારો તેને ફૂંકીફૂંકીને ખાઈ રહ્યા છે, ને તેથી, તેનાથી બચવા પ્રયત્ન કર્યા કરે. આમ કરતાં છતાં સ્વપ્નદોષ નાબૂદ ન થાય તો એ ધીરજ રાખે પણ પ્રયત્ન ન છોડે. હું પોતે સ્વપ્નદોષથી સાવ મુક્ત નથી. મારો એક કાળ હતો જ્યારે હું વર્ષો સુધી મુક્ત રહ્યો એવું સ્મરણ છે; પણ હિંદુસ્તાન આવ્યા પછી દૂધ શરૂ કર્યા પછી એ દોષો વધ્યા. દૂધ ઉપરાંત પણ કારણ છે. અહીંના વાતાવરણે પૂર્વના દિવસોનું સ્મરણ તાજું કર્યું. આત્મકથામાં આ પ્રકરણ આવવાનું છે ત્યાં જોશો.[1]

[મૂળ ગુજરાતી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી; શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી તથા મહાદેવભાઈની ડાયરી, પુસ્તક અગિયારમું

૧. જુઓ આત્મકથા ભા. ૪, પ્ર. ૩૦.

Gandhi Heritage Portal

## ૧૬૦. ડાહ્યાભાઈ મ. પટેલને પત્ર

કારતક વદ ૧ [નવેમ્બર ૧૦, ૧૯૨૭][1]

ભાઈશ્રી ૫ ડાહ્યાભાઈ,

તમારો કાગળ મળ્યો હતો. દરિયા રસ્તે કોલંબો જાઉં છું એટલે થોડોક વખત બચ્યો છે તેમાં કાગળોને ઉકેલી રહ્યો છું. હું બે દિવસ અનાયાસે આશ્રમમાં ગાળી ગયો. સતત પ્રયત્નથી અહંભાવ જશે જ. જાનેવારીમાં આશ્રમમાં આવીશ ત્યારે જરૂર આવજો.

બાપુના આશીર્વાદ

ભાઈશ્રી ૫ ડાહ્યાભાઈ
જિલ્લા કૉંગ્રેસ સમિતિ
ધોળકા, બી. બી. ઍન્ડ સી. આઈ. રેલવે

[મૂળ ગુજરાતી]

મૂળ પત્ર પરથી : સી. ડબલ્યુ. ૨૬૯૯; શ્રી ડાહ્યાભાઈ મ. પટેલના સૌજન્યથી

## ૧૬૧. સી. એફ. ઍન્ડ્રૂઝને પત્ર

સાબરમતી,
एस. एस. चिंकोआ
નવેમ્બર ૧૧, ૧૯૨૭

પ્રિય ચાર્લી,

તમને જાણે યુગોથી પત્ર ન લખ્યો હોય એમ લાગે છે. અને એમ લાગવાનું કારણ એ છે કે હું મુંબઈથી કોલંબોની આહ્લાદક સફર કરી રહ્યો છું. અમે ત્યાં આજે રાત્રે પહોંચીશું. આ પત્ર હું એક માલવાહક જહાજમાં લખાવી રહ્યો છું. હું જોઉં છું કે માલવાહક જહાજ, જો તે સ્વચ્છ હોય તો, શાંતિ માટે અને કામ કરવાના સમય માટે સારામાં સારું છે. મુંબઈથી તૂતીકોરીન સુધી અમને ઘણું મોટું, નવું, સ્વચ્છ અને હરવાફરવાની પૂરતી જગ્યાવાળું જહાજ મળ્યું હતું. એક દિવસ બચાવવા માટે તૂતીકોરીનમાં એ જહાજ છોડીને બીજા જહાજમાં બેઠો છું. આ જહાજ પણ આરામદાયક છે પણ એમાં બહુ જગ્યા નથી.

વારુ, વાઈસરૉયને મળ્યો.[2] હું કદાચ ગયો જ ન હોત, પણ મારી ટેવ મુજબ, મારે સાફ 'ના' પાડવી નહોતી. અમે ખાદી વિશે ચર્ચા નહોતી કરી, પણ ખાસ એ વિશે ચર્ચા કરવા

૧. ગાંધીજીની સિલોન યાત્રાના ઉલ્લેખ પરથી વર્ષ નક્કી કર્યું છે.
૨. ગાંધી-અર્વિન મિલન વિશેના રિપોર્ટ માટે જુઓ પરિશિષ્ટ ૫.

Gandhi Heritage Portal

તેમણે મને ફરીથી આમંત્રણ આપવાનું વચન આપ્યું છે. તમે તેમને જે નિબંધ મોકલ્યો છે તે તેમની આગળ પડયો હતો. તેઓ એક ભલા પણ સત્તા વગરના માણસ છે.[1]

હું દિલ્હીમાં રામચંદ્રનને મળ્યો હતો અને તમારે જમશેદપુર માટે જે માણસ જોઈએ છે તેને વિશે તેને વાત કરી હતી. હું તેને મળી શકયો નહોતો કારણ કે તે લાહોર હતો. તેથી હું તમને કંઈ સલાહ આપી શકું તેમ નથી. રામચંદ્રન માને છે કે તે સારો માણસ છે. તમે તેહલ રામાણીને મળ્યા હતા? તેમને વિશે તમારો શો મત છે?

દિલ્હીની મુલાકાતને કારણે મારા કાર્યક્રમમાં વિક્ષેપ પડયો હોવાથી હું ધાર્યા પ્રમાણે આ મહિનાની ૨૦મી તારીખે ઓરિસ્સા નહીં જઈ શકું. સિલોનને લગભગ એક પખવાડિયું આપવું જોઈએ. એટલે ઓરિસ્સા જવા માટે મારે મોડામાં મોડા આ મહિનાની ૨૬મી કે ૨૭મી તારીખે સિલોનથી નીકળીને ટૂંકામાં ટૂંકા રસ્તે ત્યાં પહોંચવું જોઈશે.

આશા રાખું છું કે તમારો હાથ હવે તદ્દન સારો થઈ ગયો હશે. બા અને મહાદેવ ઉપરાંત કાકા, પ્યારેલાલ અને જમનાદાસ[2] મારી સાથે છે. અને રાજગોપાલાચારી તથા સુબૈયા કોલંબોમાં મારી રાહ જુએ છે.

મેં તમને કહ્યું હતું કે દેવદાસને હરસનું ઑપરેશન કરાવ્યું છે. તેને ૮મી તારીખે રજા આપવામાં આવી હોવી જોઈએ.

સસ્નેહ,

મોહન

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : જી. એન. ૨૬૨૪

## ૧૯૨. વી. એ. સુંદરમને પત્ર

નવેમ્બર ૧૨, ૧૯૨૭

પ્રિય સુંદરમ્,

આ સફરમાં ચડી ગયેલા પત્રવ્યવહારને પહોંચી વળવાનો થોડો સમય મળ્યો છે. સાવિત્રીને સહીસલામત પ્રસૂતિ થઈ અને તેણે તમને એક કન્યા આપી એ જાણીને મેં ઈશ્વરનો આભાર માન્યો. બાળક સુખી થાઓ. આશા રાખું છું કે માની તબિયત તદ્દન સારી હશે.

તમારો

બાપુ

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : જી. એન. ૩૧૭૭

૧. વાઇસરૉયે ગાંધીજી સાથેની પોતાની પહેલી મુલાકાતનું વર્ણન કરતાં પોતાના પિતાને લખ્યું હતું : "હું પહેલ કરીને ગાંધીને મળ્યો. તેઓ ખરેખર એક દિલચસ્પ વ્યક્તિ છે. . . . તેઓ મને વ્યવહારુ રાજકારણથી બહુ દૂર લાગ્યા. મને લાગ્યું કે હું જાણે કોઈક એવી વ્યક્તિ સાથે વાત કરું છું જે કોઈક બીજા ગ્રહ પરથી આ ગ્રહ પર એક પખવાડિયાની ટૂંકી મુલાકાતે આવી છે અને જેનું માનસિક વલણ આ ગ્રહની ઘણીખરી બાબતોનું નિયમન કરનાર વલણથી તદ્દન જુદું છે." (લાઇફ ઑફ લૉર્ડ હેલિફૅક્સ, પા. ૨૪૬–૭)

૨. ગાંધીજીના ભત્રીજા ખુશાલચંદ ગાંધીના સૌથી નાના પુત્ર.

Gandhi Heritage Portal

## ૧૬૩. નારણદાસ ગાંધીને પત્ર

કોલંબો જતાં આગબોટ પરથી,
નવેમ્બર ૧૨, ૧૯૨૭

ચિ. નારણદાસ,

તમારો ૧૬-૧૦-'૨૭નો કાગળ મારી પાસે પડયો છે. કોલંબો જતી આગબોટમાં તેનો ઉત્તર લખું છું. પ્રમુખ મંત્રી[1] વિશે તમે લખો છો એ બરોબર છે. પણ એ નિયમો જ્યારે એક સંસ્થા કેવળ તંત્ર તરીકે જ ચાલતી હોય ત્યારે. એવી સ્થિતિને હજુ આપણે પહોંચ્યા નથી. ત્યાં લગી જે કામો સરળતાથી થઈ શકતાં હોય તે કરી સંતુષ્ટ રહીએ તો સંસ્થા જામે. વધુ હું ત્યાં જાન્યુઆરીમાં આવું ત્યારે પૂછજો. કાઠિયાવાડના કામનો નિકાલ ત્યારે કરી જ લેશું.

જમનાદાસ મારી સાથે છે, એ તો જાણતા જ હશો.

બાપુના આશીર્વાદ

ચિ. નારણદાસ ગાંધી
સત્યાગ્રહ આશ્રમ
સાબરમતી
બી. બી. ઍન્ડ સી. આઈ. રેલવે
ઈન્ડિયા

[મૂળ ગુજરાતી]

મૂળ પત્ર પરથી : સી. ડબલ્યુ. ૭૭૧૩; શ્રી નારણદાસ ગાંધીના સૌજન્યથી તથા બાપુના પત્રો – ૯ : શ્રી નારણદાસ ગાંધીને, પા. ૩૪

## ૧૬૪. કજોડું અથવા બાળહત્યા

ધ્રાંગધ્રા રાજ્યમાં થયેલા અથવા થનારા કજોડાની જે હકીકત મારી પાસે આવી છે તે ઉપરથી કજોડાં વિશે ચાળીસ વર્ષ પૂર્વે નિબંધો વાંચેલા તે યાદ આવે છે. આજ પણ એવા સંબંધ બંધાઈ શકે છે એ દુઃખની વાત છે.

આ કામ કરનારા ધ્રાંગધ્રા રાજ્યના એક બ્રાહ્મણ નોકર ચરાડવાના વહીવટદાર નામે ભટ્ટ કેશવલાલ દામોદર છે. તેમની ઉંમર પંચાવન વર્ષ લગભગ છે. તેમને ત્રણ દીકરીઓ છે. પોતે ચાર વર્ષ પહેલાં ઘરભંગ થયા, ને હવે ફરી વિવાહ કરવાના ઈરાદાથી હાલમાં તેમણે તેર-ચૌદ વર્ષની એક બાળા સાથે નવી સગાઈ કરી છે.

આ વૃદ્ધ કેશવલાલના મોટા જમાઈએ આ સગપણ સંબંધમાં તેમની સાથે પોતાને થયેલ પત્રવ્યવહાર મારી ઉપર મોકલ્યો છે, તે એવી આશાએ કે હું કંઈ નવજીવનમાં લખું ને કદાચ તેથી આ વૃદ્ધ ભટજી પલળે, અથવા શરમાય, હજુ જાગ્યાવેળા છે તેટલામાં ચેતે, ને આ ભવિષ્યમાં થનારી બાળહત્યાના મહાપાપમાંથી ઊગરે.

૧. શ્રી છગનલાલ જોશી તે વખતે આશ્રમના મંત્રી હતા.

Gandhi Heritage Portal

ભર્તૃહરિએ પોતાના અનુભવમાંથી કહ્યું છે કે कामातुराणां न भयं न लज्जा. ત્રણ દીકરીના વનમાં વિચરતા આ કામાતુર બાપને કોઈ પણ રીતે ભય કે લજ્જા થાય, તો જરૂર પેલું કુમળું બાળક જે તેના ખોળામાં તેની પૌત્રી તરીકે બેસવા લાયક છે તે બચે.

ભટજી ૬ઠ્ઠી ઑકટોબરે ચરાડવાથી પોતાના જમાઈને લખે છે:[૧]

પ્રભા તે ભટજીની નાની દીકરી. તે પરણે ત્યારે ઘર "સૂનું" લાગે એટલા જ ખાતર આવડી ઉંમરે બીજો વિવાહ કરવાનું આ ભલા બાપને સૂઝયું છે! પણ એના લખાણના મોટા ભાગમાં તો લીટીએ લીટીએ વિષયરસ ટપકે છે.

આ વિષયાંધ વૃદ્ધ બીજવર પોતાની આશાઓનું વધારે પ્રદર્શન બીજા પત્રમાં નીચે પ્રમાણે કરાવે છે:[૨]

આ પત્ર ઉપરથી આપણે જોઈએ છીએ કે ભટજી આ સંબંધને "શુભકામ" માને છે. "રેશમી જાપાની ચોકડિયુંવાળી" ચૂંદડી પોતાની દીકરી "પ્રભાને આપી હતી તેવી" લેવા અને તે પ્રભાના જેવડી બાળવહુને પહેરાવવાના પોતાના કોડ ભટજી જમાઈને જણાવે છે, ને એ ચૂંદડી ઓઢાડવાનું "શુભકાર્ય" ભટજી પોતાની મોટી દીકરી જીવીની મારફતે કરવાની આશા રાખે છે!

પણ બંને મોટી દીકરીઓ તેમ જ મોટા જમાઈ આ પાપી સંબંધને વખોડે છે, વિરોધ કરે છે, અને જમાઈ સસરાને આ પાપમાંથી બચવા પત્ર દ્વારા વીનવે છે. તેના જવાબમાં ભટજી નીચે પ્રમાણે લખે છે:[૩]

આમ સીંદરી બળતાં છતાં વળ છોડતી નથી. હવે તો જમાઈ અને દીકરીની મદદ આ પાપકર્મમાં ન મળે તો હજુ કદાચ આ બાળહત્યામાંથી ભટજી બચે, ધ્રાંગધ્રા બચે, ને ભારતવર્ષ બચે.

આવાં કુકર્મો થતાં અટકાવવાનો ઉપાય કેવળ પ્રબળ લોકમત છે. અહીં લોકમત એટલે વૃદ્ધ કેશવલાલના જમાઈ, દીકરીઓ અને તેના નાતીલા તથા બીજા પડોશીઓ. આ બધાંએ નિરાશ ન થતાં દૃઢપણે વિનયથી ભટજીને સમજાવવા જોઈએ. દીકરીના બાપને પણ પોતાની દીકરીની હત્યા કરતાં અટકાવવાનો પ્રયત્ન કરવો જોઈએ. આમ જો ભટજીનો સર્વ રીતે અસહકાર થાય તો હજુ આ કુકર્મ થતું અટકે.

ભટજી અને ભટજી જેવા બીજા વૃદ્ધ વિધુરો જે પોતાના વિષયને રોકી ન શકતા હોય તેમણે અસંખ્ય વિધવાઓનો વિચાર કરવો. વિષયવેરી સ્ત્રીપુરુષને એકસરખી રીતે પીડે છે. પવિત્ર વિધવાઓનું સ્મરણ કરીને વિધુરો કાં શાંત ન થાય?

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧૩-૧૧-૧૯૨૭

૧ અને ૨. અને ૩. આ પત્રો અહીં આપ્યા નથી.

Gandhi Heritage Portal

# ૧૬૫. છાપાના પ્રતિનિધિને મુલાકાત

નવેમ્બર ૧૩, ૧૯૨૭

સ. આપના ફોટા આપનો સાચો ખ્યાલ નથી આપતા. આપનો ફોટો લેવામાં આવે છે ત્યારે આપ હસતું મોઢું રાખતા નથી?

જ. મેં મારી જાતે કદી ફોટો પડાવ્યો નથી.

સ. એ લોકો હાથે દોરેલાં ચિત્રો પરથી તો આપના ફોટા નથી બનાવતાને?

જ. એ તો ફોટોગ્રાફરો જાણે.

[ખાદીની પ્રગતિ વિશેના પ્રશ્નનો જવાબ આપતાં ગાંધીજીએ કહ્યું:]

મને સારી સરખી સફળતા મળી છે.

સ. રેંટિયો આખરે ઉદ્યોગવાદનાં અનિષ્ટો દૂર કરશે એમ માનો છો?

જ. હિંદુસ્તાનને લાગેવળગે છે ત્યાં સુધી મેં શ્રદ્ધાપૂર્વક આશા રાખી છે. હું શ્રદ્ધાપૂર્વક આશા રાખું છું કે રેંટિયો હિંદુસ્તાનમાં સાર્વત્રિક બની જશે અને તે ઉદ્યોગવાદનાં ઘણાં અનિષ્ટો દૂર કરશે.

[સાઈમન કમિશન વિશે અભિપ્રાય આપવા પ્રશ્નકારે કરેલી વિનંતીના જવાબમાં ગાંધીજીએ કહ્યું:]

મને લાગેવળગે છે ત્યાં સુધી આ બાબતમાં મારું અંત:કરણ રાષ્ટ્રીય કૉંગ્રેસના પ્રમુખ અને સામાન્ય કૉંગ્રેસના હાથમાં છે.

સ. આપને સંતોષ ન થયો હોય તો આપ બહિષ્કારની સલાહ આપશો?

જ. આ બાબતમાં કૉંગ્રેસના નેતાઓના અભિપ્રાયથી જુદો મારો કોઈ અભિપ્રાય નથી.

સ. તેઓ જે કોઈ નિર્ણય કરે તે સ્વીકારી લેવા આપ તૈયાર છો?

જ. હા, હું તે સ્વીકારીશ અને જો તેની સાથે સંમત નહીં થાઉં તો તેનો વિરોધ પણ નહીં કરું.

સ. મુત્સદ્દી લોકોના શાંતિ માટેના પ્રયાસો સફળ થશે એમ આપને લાગે છે? અથવા જગત બીજા યુદ્ધ તરફ ધસતું હોય એમ લાગે છે?

જ. આ સવાલનો જવાબ આપવો મુશ્કેલ છે. ઉપરથી જોતાં દુનિયા બીજા યુદ્ધ માટે તૈયારી કરતી જણાય છે, પણ આપણે આશા રાખીએ કે તેને ટાળી શકાશે.

[મૂળ અંગ્રેજી]

સિલોન ડેલી ન્યૂસ, ૧૪–૧૧–૧૯૨૭



Gandhi Heritage Portal

# ૧૯૬. કોલંબોમાં ચેટ્ટિયાર લોકો સમક્ષ ભાષણ

નવેમ્બર ૧૩, ૧૯૨૭

મિત્રો,

તમે આ બધી થેલીઓ[૧] વ્યવસ્થિત રીતે અને વિલંબ કર્યા વગર આપી તે બદલ હું તમારો આભાર માનું છું. મને લાગે છે કે જાણે હું ફરીથી ચેટ્ટિનાડમાં ઊભો છું. ચેટ્ટિનાડના મારા તાજેતરના પ્રવાસનાં ઘણાં આનંદદાયક સ્મરણો અત્યારે આબેહૂબ તાજાં થયાં છે. તેમની ઉદારતા અને માયા હું કદી ભૂલીશ નહીં. અને તમે અહીં કોલંબોમાં મેં ચેટ્ટિનાડમાં જોયું હતું તે બધાનું પુનરાવર્તન કરી રહ્યા છો. તમારી પાસેથી આ બધી ભેટો અને આ દયામાયા સ્વીકારવામાં મને એક જ આશ્વાસન છે કે આ બધું દરિદ્રનારાયણને માટે થઈ રહ્યું છે. અને હું મને પોતાને હિંદના લાખો ગરીબ લોકોનો ટ્રસ્ટી માનું છું તે જોતાં મને આ ભેટો સ્વીકારતાં શરમ કે હીણપત નથી લાગતી એટલું જ નહીં, પણ તમારી ઉદારતા ને કૃપા જોઈને વધારે માગવાનું મન થાય છે. તમે ગમે તેટલા ધનવાન કે ઉદાર હો, પણ ખરું જોતાં કોઈ પણ એક મંડળ કે સમૂહને માટે દરિદ્રનારાયણનાં લાખો મોઢાંને ખોરાક આપવાનું શકય નથી. એટલે જો તમારામાં કોઈ એવા હોય જેમણે કંઈ ન આપ્યું હોય અથવા કંજૂસાઈથી આપ્યું હોય તો હું તમને અપીલ કરું છું કે તમે તમારી થેલીઓ ખોલો અને દરિદ્રનારાયણ માટે જેટલું આપી શકાય તેટલું આપો. હિંદમાં રહેતા કે બહાર રહેતા કોઈ પણ હિંદી માટે, ધનનું આથી સારું રોકાણ હું કલ્પી શકતો નથી. અને તમારી ઉદારતા કેવળ ધન આપીને અટકવી ન જોઈએ. તમે આ કરોડો મૂંગા લોકો સાથે જીવંત સંબંધ બાંધવા માગતા હો તો તમારે ખાદી પહેરવી જોઈએ. એ ખાદી પેલા ભૂખે મરતા લોકોને હાથે બનેલી છે. તમે આ માર્ગે ચાલ્યા કરશો તો તમે જોશો કે જો તમારે કરોડો મૂંગા લોકો જોડેનો સંબંધ ચાલુ રાખવો હશે તો તમારે તમારું જીવન શુદ્ધ રાખવું પડશે. જ્યાં શુદ્ધ પ્રેમ હોય છે ત્યાં ઉદારતા હોય છે. અને જ્યાં વ્યક્તિગત શુદ્ધિ હોય છે ત્યાં એ સમાજમાં તરત એકતા ઊભી થાય છે. તમે જોશો કે શુદ્ધિ તરફનું તમારું એક પગલું તમને બીજાં પગલાં ભરવા પ્રેરે છે.

તમે એક વિલક્ષણ કહી શકાય એવા દેશમાં છો. ભૌગોલિક રીતે અને સરકારી રાહે સિલોન હિંદુસ્તાનનો ભાગ નથી ગણાતો. આ દેશમાં રહેતા વેપારીઓ તરીકે તમારી પાસે, તમે અહીંની વસ્તી સાથે અનુકરણીય રીતે અને પ્રામાણિકપણે વર્તો એવી આશા રાખવામાં આવે છે. તમારા વર્તન પરથી હિંદુસ્તાનના કરોડો લોકોના વર્તનનો તોલ બાંધવામાં આવશે. તેથી હું આશા રાખું છું કે આ સુંદર દેશના લોકો સાથે તમારું વર્તન તદ્દન ન્યાયી અને દોષરહિત હશે. તમારાં તોલમાપ ખરાં હોવાં જોઈએ, તમારા હિસાબો ચોક્કસ હોવા જોઈએ. અને હું આશા રાખું છું કે આ દ્વીપની દરેક સ્ત્રીને તમે તમારી બહેન, દીકરી કે માતા ગણતા હશો. આપણી પાસે ધનદોલત હોય તેથી આપણું માથું ન ફરવું જોઈએ. ધન તેના માલિકને માટે અથવા તે જેમની પાસેથી સંચિત કરવામાં આવ્યું હોય તેમને માટે આશીર્વાદરૂપ થવાનું હોય તો ધનની સાથે જવાબદારી વધવી જોઈએ.

૧. સિલોનમાં થયેલા ખાદીફાળા માટે જુઓ પરિશિષ્ટ ૨.

Gandhi Heritage Portal

મારે તમને વધારે વખત રોકવા ન જોઈએ. સિલોનમાં મેં મારું કામ હજી ભાગ્યે જ શરૂ કર્યું છે. આ દ્વીપના પ્રવાસ દરમ્યાન મારે ઘણી વસ્તુઓ વિશે બોલવું પડશે અને હું ઇચ્છું છું કે મને જે જુદી જુદી જગ્યાએ લઈ જવામાં આવે ત્યાં હું જે કંઈ કહું તે તમે વાંચજો. અને આ દ્વીપમાંથી ગયા પછી જ્યારે હું જોઈશ કે મેં મારા અંતરના ઊંડાણમાંથી જે વસ્તુઓ તમારી સમક્ષ મૂકી છે તે તમે ભૂલ્યા નથી, ત્યારે મને આનંદ થશે જે બીજી કોઈ વસ્તુથી ન થાય.

તમે ઉદારતાથી આપેલી આ બધી ભેટો બદલ હું ફરીથી તમારો આભાર માનું છું. અને કોઈ એવા લોકો હોય જેઓ કંઈ આપવા ઇચ્છતા હોય તો તેઓ આપી શકે છે. હું તમને એ પણ જણાવી દઉં કે, તમારે ખાદી જોઈતી હોય તો તે તમને જ્યાં મને ઉતારો આપવામાં આવ્યો છે ત્યાંથી મળી શકશે. ઈશ્વર તમારું કલ્યાણ કરો.

[મૂળ અંગ્રેજી]

સિલોન ડેલી ન્યૂસ, ૧૪–૧૧–૧૯૨૭ અને વિથ ગાંધીજી इन सिलोन

## ૧૬૭. કોલંબોની વિવેકાનંદ સોસાયટીમાં ભાષણ

નવેમ્બર ૧૩, ૧૯૨૭

તમારા માનપત્ર અને થેલી બદલ હું તમારો આભાર માનું છું. મને થોડો સમય મળ્યો તેમાં મેં તમારી સોસાયટીના કામનો રિપોર્ટ જોઈ જવાનો પ્રયત્ન કર્યો અને હું તમારી સોસાયટીની અનેક પ્રવૃત્તિઓ માટે તમને અભિનંદન આપું છું. વિવેકાનંદ નામ એવું છે જે દેતાંની સાથે આપણને જાદુઈ અસર થાય છે. તેઓ હિંદુસ્તાનના જીવન પર એક ન ભૂંસાય એવી છાપ મૂકી ગયા છે અને તમને અત્યારે હિંદુસ્તાનના ઘણા ભાગોમાં તેમને નામે સ્થપાયેલી સોસાયટીઓ જોવા મળશે. અને એ ઉપરાંત રામકૃષ્ણ મિશનની અનેક શાખાઓ તો વળી જુદી છે.

પણ હું જોઉં છું કે મારે તમને આ સભામાં વધુ વખત રોકવા ન જોઈએ. બહાર લોકો અધીરા થઈને રાહ જુએ છે. અત્યારે તો હું આ સોસાયટીને હરેક બાબતમાં સફળતા ઇચ્છું છું અને એક વસ્તુ સૂચવું છું કે, જ્યાં સુધી તમે તમારી આ પ્રવૃત્તિઓમાં દરિદ્રનારાયણની સેવા થાય એવી કોઈ એક વસ્તુ નહીં ઉમેરો ત્યાં સુધી એ પ્રવૃત્તિઓ અધૂરી રહેશે. મારે માટે તમારી થેલી તમે રેંટિયાના સંદેશની કદર કરો છો એ વાતનું પ્રતીક છે. તમારી સોસાયટીનું નામ વિવેકાનંદ હોય તો તમે હિંદના કરોડો ભૂખે મરતા લોકોની ઉપેક્ષા કરવાની હિંમત નહીં કરી શકો. અને એ વાતની રોજ રોજ ખાતરી થતી જાય છે કે રેંટિયા સિવાય હિંદના કરોડો ક્ષુધાર્ત લોકોની સેવા કરવી અશક્ય છે. તેથી હું હિંદીઓને, તેઓ હિંદમાં રહેતા હોય કે બહાર, એક સૂચના કરતાં અચકાતો નથી કે તેમણે, પોતાની અને પોતાની માતૃભૂમિના કરોડો ભૂખે મરતા લોકોની વચ્ચે જીવંત સંબંધ દર્શાવતું પ્રતીક પોતાના શરીર પર ધારણ કરવું જોઈએ.

મારી જમણી તરફ બેઠેલી બહેનોને તથા કોલંબોમાં, બલકે સિલોનભરમાં વસતા ફેશનવાળા હિંદીઓને કહેવા ઇચ્છું છું કે છ વરસના સતત પ્રયત્નો પછી હવે તમે ઇચ્છો તેવું બારીકમાં બારીક કાપડ ખાદીમાં પણ મળી શકે છે.

Gandhi Heritage Portal

મારી તમને વિનંતી છે કે પરદેશી અને મિલ કાપડ પહેરવાને બદલે ખાદી પહેરીને તમારા દેશના કરોડો ભૂખે મરતા લોકોની જે થોડી સેવા કરી શકાય તેમ છે એ સેવાને તુચ્છ ન ગણશો.

તમારા માનપત્ર બદલ હું ફરીથી તમારો આભાર માનું છું.

[મૂળ અંગ્રેજી]

सिलोन डेली न्यूस, १४-११-१९२७ तथा विथ गांधीजी इन सिलोन

## ૧૯૮. સુરેન્દ્રને પત્ર

મૌનવાર [નવેમ્બર ૧૩, ૧૯૨૭ કે તે પછી][1]

ચિ. સુરેન્દ્ર,

તમારો કાગળ મળ્યો છે. દેવદાસ રસ્તામાં ઘવાયો એટલે મુંબઈમાં રોકાવું પડયું. હવે તો તે વર્ધા પહોંચી ગયો હશે. ત્યાંથી બચી શકાય તો જરૂર વર્ધા જજો. ને તેને શાંતિ અપાય તેટલી આપજો. તેની પાસે જવાની ઇચ્છા સ્વાભાવિક છે તે રોકવા નથી માગતો.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી : એસ. એન. ૯૪૧૧

## ૧૯૯. ટાઇમ્સ ઑફ સિલોનને મુલાકાત

કોલંબો,

[નવેમ્બર ૧૪, ૧૯૨૭ કે તે પહેલાં][2]

ટાઇમ્મ ઑફ સિલોનના પ્રતિનિધિને મુલાકાત આપતાં ગાંધીજીએ કહ્યું કે સ્ટેચ્યુટરી (કાયદાથી સ્થાપિત થયેલું) કમિશન પ્રત્યેનું મારું વલણ કૉંગ્રેસ નક્કી કરશે.

બહિષ્કારની બાબતમાં તેમણે કહ્યું કે એક વ્યક્તિ તરીકે મારો અંગત અભિપ્રાય એ છે કે સક્રિય અને વ્યાપક બહિષ્કાર બ્રિટિશ સરકારને એક અસરકારક જવાબ થઈ પડશે.

આપ પ્રામાણિકપણે માનો છો કે અંગ્રેજો અહીંથી સદંતર ચાલ્યા જાય તો હિંદુસ્તાન વધુ સુખી થશે? – આ સવાલનો જવાબ આપતાં ગાંધીજીએ એવું કહ્યાના સમાચાર છે કે, હું માનું છું કે હિંદમાં જ નહીં, આફ્રિકામાં પણ સમસ્યાઓનું નિરાકરણ એ છે કે અંગ્રેજો મિત્રોની પેઠે રહે. હું કબૂલ કરું છું કે હિંદુસ્તાનમાં આંતરિક લડાઈઝઘડા છે, પણ હિંદુસ્તાન છેવટે પોતાની સ્વતંત્રતા મેળવશે. કોઈ વચલો માર્ગ નહીં ચાલે.

એક બીજા પ્રશ્નનો જવાબ આપતાં ગાંધીજીએ કહ્યું કે અસહકારનો ઉદ્દેશ અનિષ્ટ બળોનો મુકાબલો કરવાનો છે. અંતે તેમણે કહ્યું :

અમે મૈત્રી ઇચ્છીએ છીએ; અમારે કોઈ માલિક ન જોઈએ.

[મૂળ અંગ્રેજી]

हिन्दु, १५-११-१९२७

૧. દેવદાસ ગાંધીના ઉલ્લેખ પરથી. તેમને નવેમ્બરની ૮મીએ હૉસ્પિટાલમાંથી છુટ્ટી આપવામાં આવી હતી. જુઓ "સી. એફ. ઍન્ડ્રૂઝને પત્ર", ૧૧-૧૧-૧૯૨૭.

૨. મુલાકાતનો રિપોર્ટ આ તારીખે નીચે પ્રસિદ્ધ થયો હતો.

Gandhi Heritage Portal

## ૧૭૦. ધનગોપાલ મુખરજીને તાર

[નવેમ્બર ૧૪, ૧૯૨૭][૧]

ધનગોપાલ મુખરજી
મિસિસ વૉલર બૉર્ડનને ત્યાં
૧૦૨૦, લેકશોર ડ્રાઇવ
ચિકાગો

તમારો તાર મળ્યો. ટાઇમ્સે જેને છાપવાની ના પાડી તે હિંદી નેતાઓનો વિરોધ હિંદનાં વર્તમાનપત્રોમાં વ્યાપક રીતે છપાયો. મધર ઇન્ડિયા એકપક્ષી વિકૃત ચિત્ર છે. તેમાં દેખીતાં જૂઠાણાં અને ભયંકર અતિશયોક્તિ છે તથા મુદ્દાની હકીકતો દબાવી દેવામાં આવી છે. લેખિકા જેમની સાથે વાતચીત કર્યાનો દાવો કરે છે, એવા ઘણા લોકોએ તેનો જાહેર રીતે ઇનકાર કર્યો છે. એવી માન્યતા રોજ વધતી જાય છે કે આ પુસ્તક પશ્ચિમના લોકોની નજરમાં હિંદુસ્તાનને ઉતારી પાડવામાં રસ ધરાવતા લોકોની પ્રેરણાથી લખાયું છે. અને આ માન્યતા અકારણ નથી. લાંબા અનુભવવાળા અનેક અંગ્રેજો, અમેરિકનો અને અંગ્રેજ પાદરીઓએ એ પુસ્તકનું ખંડન કર્યું છે અને તેને ધિક્કારી કાઢયું છે.[૨]

ગાંધી

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૧૨૫૫૧

## ૧૭૧. મીરાંબહેનને પત્ર

નવેમ્બર ૧૪, ૧૯૨૭

ચિ. મીરાં,

તારા બે પત્રો મળ્યા.

દરિયાની આ મુસાફરી બહુ સારી લાગી અને એમ થયું કે હજી વધુ મુસાફરી કરવાની હોત તો સારું!

આ મહિનાની ૨૯મી તારીખે હું સિલોનથી ચોક્કસ નીકળીશ. ઓરિસ્સામાં સૌથી પહેલાં હું ગંજામ જિલ્લામાં બરહામપુર જઈશ. ત્યાં જવાના બે રસ્તા છે. એક કલકત્તા થઈને અને બીજો રાયચૂર-બેઝવાડા થઈને. બેમાંથી કયો સસ્તો કે સારો, તેની ખબર નથી. તું તપાસ કરીને

૧. મૂળમાં કરેલી નોંધ પરથી તથા કેથેરાઈન મેયોનું પુસ્તક જે ૧૯૨૭માં પ્રકાશિત થયું હતું તેના ઉલ્લેખ પરથી.

૨. ધનગોપાલ મુખરજીએ ૧૭-૧૧-૧૯૨૭ને દિવસે જવાબમાં ગાંધીજીને જણાવ્યું હતું કે લેક્ચર બ્યૂરોએ સરોજિની નાયડુને અમેરિકા આવીને, મિસ મેયોના પુસ્તકથી થયેલી હાનિ દૂર કરવા માટે ભાષણો આપવા આમંત્રણ આપ્યું છે.

Gandhi Heritage Portal

નક્કી કરજે. હું ધારું છું કે સુરેન્દ્ર બંને માર્ગોથી પરિચિત છે. હું ૨જી ડિસેમ્બરે બરહામપુર પહોંચવાની આશા રાખું છું. એટલે મેં ધાર્યું હતું તે પ્રમાણે, ઓરિસ્સામાં એક મહિનો નહીં થાય.

પહેરવા માટે જોઈતા કપડામાં કાપ મૂકવાનો તારો કાર્યક્રમ બહુ કડક છે. ઘરમાં તું રાખી શકે, પણ કદાચ દરેક પ્રસંગે નહીં રાખી શકે. સાડી તો, ખુદ જે કામ તું કરવા માગે છે તે કામ માટે જરૂરી છે. પણ હું કંઈ ન જાણું. આપણે બહુ ઉતાવળ ન કરવી જોઈએ. ગમે તેમ, આ બાબતમાં હું તારી ઇચ્છાની આડે નહીં આવું.

ભણસાળી પર જેટલો પ્રેમ વરસાવી શકાય તેટલો વરસાવ અને તેની અસર થવા દે. જ્યાં દલીલ નિષ્ફળ નીવડી છે ત્યાં પ્રેમ કદાચ સફળ થાય.

સસ્નેહ,

બાપુ

[મૂળ અંગ્રેજી]

મૂળ પત્ર પરથી : સી. ડબલ્યુ. ૫૨૯૩; શ્રીમતી મીરાંબહેનના સૌજન્યથી

## ૧૭૨. આશ્રમની બહેનોને પત્ર

કોલંબો,

મૌનવાર, નવેમ્બર ૧૪, ૧૯૨૭

બહેનો,

અમે કોલંબો શનિવારે પહોંચ્યા. તમારા કંઈક કાગળની આશા રાખી હતી, પણ આજ સોમવાર લગી નથી મળ્યો.

આ દેશ બહુ રળિયામણો છે. હિંદુસ્તાનની બહાર હોવા છતાં હિંદુસ્તાનના જેવો જ લાગે છે. દક્ષિણ તરફના જ લોકો ઘણા વસે છે. અહીંના વતનીઓથી તે કંઈ બહુ જુદા નથી લાગતા. અહીંની ઓરતોનો પોશાક સાદો છે. ઓરત-મરદનો પોશાક લગભગ સરખો કહેવાય. બંને ધોતિયાં પહેરે છે. જે પ્રમાણે સુરેન્દ્ર પહેરે છે તેવી ઢબે. માત્ર અહીંનાં ધોતિયાં રંગીન ને ભાતીગર હોય. ઉપર બંને જાકીટ પહેરે છે. જાકીટની બનાવટમાં થોડો તફાવત છે ખરો. ઓરતો જાકીટ વિના ન જ હોય, ત્યારે મરદો ઘણા કેવળ ધોતિયાંથી સંતોષ માને છે. કંઈક એવો જ પોશાક મલબારમાં પણ હોય છે. માત્ર ત્યાંનાં ધોતિયાં રંગીન નથી હોતાં. આ કપડાં સોંઘાં તો બહુ જ પડે. બંને પ્રદેશમાં લોકોને ખાદી ઉપર ભાવ પેદા થાય તો પહેરવામાં તો અડચણ ન જ આવે.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી : જી. એન. ૩૬૭૬ તથા बापुना पत्रो–१ : आश्रमनी बहेनोने, પા. ૪૫

Gandhi Heritage Portal

# ૧૭૩. કોલંબો નગરપાલિકાના માનપત્રના જવાબમાં ભાષણ

નવેમ્બર ૧૫, ૧૯૨૭

પ્રમુખશ્રી અને મિત્રો,

સૌથી પહેલાં તો હું તમારી સમક્ષ ઊભો થઈને બોલતો નથી તે માટે તમારી ક્ષમા માગવી જોઈએ. છેલ્લાં કેટલાંક વરસથી હું શ્રોતાઓ સમક્ષ ઊભો થઈને બોલી શકતો નથી. તેથી તમારી સમક્ષ બેઠાં બેઠાં બોલું તો તેને, તથા તમારું માનપત્ર મેં ઊભા થઈને લીધું નથી તેને મારો અવિવેક ન માનશો. વળી મારો અવાજ પણ અત્યારે દૂર સુધી સંભળાય એવો નથી, તે માટે દિલગીર છું. અને વખતસર અહીં આવી ન શકયો તે માટે તમારી અને કોલંબોના નાગરિકોની માફી માગું છું. પરંતુ એ દોષનો ભાર વધુ શક્તિશાળી ખભા પર પડવો જોઈએ. હું નામદાર વાઇસરૉયની વાત કરું છું. તેમણે મને દિલ્હી બોલાવ્યો અને તમે જો તે નામદાર ઉપર ઠપકાનો ઠરાવ કરવા માગતા હો તો હું જરૂર તમને સાથ આપીશ. પણ તમે કદાચ નામદાર વાઇસરૉયને માફ કરશો અને તેમની મારફત મને પણ માફ કરશો.

વિલંબનું બીજું કારણ એ હતું કે હું બે માલવાહક જહાજોમાં આવ્યો. અને મને બને તેટલો વહેલો પહોંચાડવાના કપ્તાનો તથા અધિકારીઓના પ્રયત્નો છતાં, માલવાહક જહાજો પર મુકાતી મર્યાદાઓ તમે સમજી શકશો. માલવાહક જહાજોને અધિકાર બહાર મુસાફરી કરતા મુસાફરો કરતાં પોતાના માલની વધુ ચિંતા કરવાની હોય છે.

તમારે હાથે આ માનપત્ર મળ્યું એ મારે માટે ઘણી આનંદની વાત છે. એને માટે મારી બિલકુલ તૈયારી નહોતી. હું અહીં, તમને પસંદ પડે તો કહું કે, પૈસાની લાલચે આવ્યો છું. હું મારા કેટલાક દેશબંધુઓના આમંત્રણથી સિલોન આવ્યો છું અને હવે ખતમ થવા આવેલું આ આખું વરસ મેં એક એવા કામ માટે પૈસા એકઠા કરવામાં વિતાવ્યું છે, જેનો ઉદ્દેશ હિંદુસ્તાનનાં કરોડો ગરીબોની સેવા કરવાનો છે. આ મિત્રોએ મને જે પ્રલોભન આપ્યું તે એટલું તો આકર્ષક હતું કે હું ના પાડી શકયો નહીં.

૧૯૦૧માં હું દુનિયાના ટાપુઓમાં મોતી જેવા આ ટાપુ પર આવતાં આવતાં રહી ગયો હતો. તમને ખબર નહીં હોય કે દક્ષિણ આફ્રિકામાં મારા ઘણા મુસલમાન મિત્રો છે. તેઓ મને પ્રાણ સમાન પ્રિય છે. તેમાંના કેટલાકે મને, હિંદુસ્તાન જતાં કોલંબો આવવા આગ્રહ કર્યો હતો. ત્યારે હું ખુશીથી આવી શકયો હોત. અને તે વખતે હું એક પ્રવાસી તરીકે આ સુંદર ટાપુના અજોડ સૌંદર્યનો આસ્વાદ લેવા અને તમારું ઉદાર આતિથ્ય માણવા આવ્યો હોત. પણ આજે હું એમ કહી શકતો નથી. તેથી હું આ માનપત્ર માટે તૈયાર નહોતો, કેમ કે આ માનપત્રને હું ભાગ્યે જ પાત્ર છું.

પરંતુ હું નગરપાલિકાના એક સભ્ય તરીકેના જીવનનો ચાહક છું અને જોકે મને નગર-પાલિકા મંડળના સભ્ય તરીકે કોઈ નગરપાલિકાની સેવા કરવાનું ભાગ્ય પ્રાપ્ત થયું નથી, છતાં હું એક શહેરી તરીકે બે મોટી નગરપાલિકાઓના નિકટના સંપર્કમાં આવ્યો છું – ડરબનની નગર-પાલિકા અને જોહાનિસબર્ગની નગરપાલિકા. અને જો તમે આ બે નગરપાલિકાઓના પ્રમુખોને

Gandhi Heritage Portal

પૂછશો તો તેઓ કદાચ સાક્ષી પૂરશે કે મેં તેમની, મારા જેવો એક નમ્ર નાગરિક કરી શકે તેવી સેવા કરી છે.

કોઈ પણ વ્યક્તિ માટે, પોતે જે સ્થાનને અપનાવ્યું હોય તે સ્થાનની સેવા કરવી એને હું મોટો લહાવો ગણું છું. ત્યારથી હું સારાયે હિંદુસ્તાનમાં મોટી નગરપાલિકાઓની કાર્યપદ્ધતિનો ઓછીવત્તી બારીકાઈથી અભ્યાસ કરતો રહ્યો છું અને પૂર્વમાં જેનું સંચાલન આદર્શ રીતે થતું હોય એવી નગરપાલિકાની શોધમાં છું. મારે તમારી સમક્ષ કબૂલ કરવું જોઈએ કે મને મારા પોતાના દેશમાં હજી એવી નગરપાલિકા સાંપડી નથી. તમારી નગરપાલિકા એવી આદર્શ નગરપાલિકા છે એમ કહી શકું તો મને ઘણો આનંદ થાય. પણ તમે મેળવેલી સિદ્ધિઓથી તદ્દન અજાણ હોવાથી હું કંઈ કહી શકતો નથી.

ગઈ કાલે મેં તમારા વહીવટના છેલ્લા રિપોર્ટની નકલ મેળવી હતી, પણ એ રસદાયક રિપોર્ટ પૂરો વાંચી લેવાનું શકય નહોતું.

ડરબન અને જોહાનિસબર્ગ બંને જગ્યાએ મેં પોતે પ્રારંભિક કાર્ય કરેલું હોઈ, મેં પ્લેગ સંબંધી પાન જોયાં અને મને એ જોઈને આઘાત લાગ્યો કે હજી સુધી તમે આ શાપમાંથી મુક્ત થયા નથી. ડરબન અને જોહાનિસબર્ગની બંને મોટી નગરપાલિકાઓને ભાગે પણ પ્લેગ આવ્યો હતો. જોહાનિસબર્ગમાં તો એ બહુ ઉગ્ર સ્વરૂપમાં હતો. પણ નગરપાલિકાના સભ્યોએ પ્લેગના વધુ આક્રમણથી નાગરિકોને બચાવવા માટે ખર્ચ કરવામાં બાકી રાખ્યું નહીં. જોહાનિસબર્ગે પ્લેગ સામે કેવી લડત આપી, તેના ઘણા રસિક ઇતિહાસમાં હું તમને નહીં ઉતારું. ડરબને પણ એમ જ કર્યું અને એ જ સંબંધમાં મને ગ્લાસગોની નગરપાલિકાનો અને એ મહાન નગરને પ્લેગથી સુરક્ષિત બનાવવા માટે ગ્લાસગોએ જે પાણીની પેઠે પૈસા ખર્ચ્યા તેનો અદ્‌ભુત ઇતિહાસ વાંચવાની તક મળી અને ગ્લાસગો તેમાં સફળ થયું. ત્યાં ફરીથી પ્લેગ થયાનું જાણ્યામાં નથી. મારી કદાચ ભૂલ પણ થતી હોય. પણ મને આશા છે કે મારી ધારણા તદ્દન સાચી છે. જોહાનિસબર્ગની મારી જાતમાહિતી પરથી કહી શકું છું કે ત્યાં ફરી પ્લેગનો ઉપદ્રવ થયો નથી. અલબત્ત, ત્યાંની આબોહવા દુનિયામાં કદાચ સારામાં સારી છે એ વસ્તુ એના પક્ષમાં છે, પરંતુ ત્યાંના નાગરિકોનું પુરુષાતન પણ એના શ્રેયનું એક ખાસ કારણ છે.

તમે જાણો છો તેમ, જોહાનિસબર્ગ પચરંગી વસ્તીવાળું શહેર છે. ત્યાં બાંટુઓની મોટી વસ્તી છે, ત્યાં હિંદીઓની વસ્તી પણ છે. ત્યાં અલગ લત્તા પણ છે, છતાં જોહાનિસબર્ગ પ્લેગથી મુક્ત છે.

અહીં મેં જોયું કે તમારી મુશ્કેલી બંદર-અધિકારી સાથેની છે. તમારા આ સુંદર બંદરે આવતું અનાજ અને આ બંદરે થઈને જતું અનાજ જંતુમુક્ત કરવું એ બહુ ખરચાળ છે. હું કહું છું કે આ નગરપાલિકાએ આ નગરને પ્લેગથી સુરક્ષિત કરવા માટે આવાં હિતો સામે લડવું જોઈએ અને મારા જેવા બહારથી આવતા મુલાકાતીએ પૂરું મુક્ત વાતાવરણ સર્જવું જોઈએ. જો મારો વૈદકીય સલાહકાર કહેત કે "તમારી આ પડી ભાંગેલી તબિયતમાં તમારે કોલંબો જેવી જગ્યાએ ન જવું જોઈએ" અને જો મને તેની સૂચના માનવા જેવી લાગી હોત તથા અહીં આવવા પહેલાં મેં એ પ્રકારનો રિપોર્ટ વાંચ્યો હોત તો હું અહીં આવ્યો ન હોત.

બીજી વસ્તુ જે હું તમારા આ રસપ્રદ રિપોર્ટમાં વાંચતો હતો તે તમારી ડેરીઓ વિશે હતી. . . .

Gandhi Heritage Portal

હું જોઉં છું કે તમે ન્યૂઝીલૅન્ડથી સૂકવેલું દૂધ મંગાવો છો. તમે દૂધના સૂકવેલા પદાર્થો મંગાવો છો અને એની વિશિષ્ટ ભાષામાં વાત કરું તો, તમે એ પદાર્થોને પાણીમાં ઓગાળીને એ પ્રવાહી વેચો છો જેને દૂધ નામ આપેલું જણાય છે. તમારા ડૉક્ટર તેને દૂધ તરીકે પાસ કરે છે એથી મને આશ્ચર્ય થાય છે. નંદીદુર્ગમાં હું આરામ લેતો હતો ત્યારે મિત્રોએ મને વિટામિન વિશે એક પુસ્તક મોકલ્યું હતું. અને એ લેખકો અને નામાંકિત નિષ્ણાતો સાચા હોય તો તેઓ આપણને કહે છે કે દૂધને અમુક ઉષ્ણતામાન સુધી ગરમ કરવામાં આવે તો તેમાંનાં વિટામિન નાશ પામે છે. હું સૂકવેલા દૂધના પદાર્થો વિશે કંઈક માહિતી ધરાવું છું. અને હું જાણું છું કે દૂધ જ્યારે એ સૂકી સ્થિતિએ પહોંચે છે ત્યારે તેમાંનાં વિટામિન નષ્ટ થાય છે. જ્યારે તમે દૂધનાં વિટામિન કાઢી લો છો ત્યારે દૂધની અર્ધી પૌષ્ટિકતા પણ નષ્ટ કરો છો. તમારે ત્યાં ઘણી ડેરીઓ છે. હું અહીં એક સૂચના કરવા માગું છું. તમારે ત્યાં નિરીક્ષકો છે, નિયમો છે અને કેટલીક વાર તમે કેસ પણ કરો છો. આ બધી મુશ્કેલી શા માટે વેઠો છો? શા માટે દુગ્ધાલયો નગરપાલિકાનાં બનાવી દઈને દૂધ પૂરું પાડવાનું કામ તમારા હાથમાં નથી લેતા? એમ કરશો તો તમે તમારાં બાળકોનું સ્વાસ્થ્ય સાચવી શકશો અને મારા જેવા વૃદ્ધ અને જીર્ણ શરીરવાળા માણસનું સ્વાસ્થ્ય પણ સાચવી શકશો. મને શંકા નથી કે તમારે ત્યાં કોલંબોમાં ઘણા વૃદ્ધ માણસો છે અને તેમને દૂધની જરૂર છે તથા તમારે ત્યાં મોટી મજૂર વસ્તી છે જેમને સસ્તું દૂધ મળવું જોઈએ. ટપાલની ટિકિટની જેમ દૂધનું પણ ચોકસ ધોરણ નક્કી કરવું જોઈએ અને લોકોને તદ્દન ખાતરીવાળું દૂધ મળવું જોઈએ. એમ કરવું હોય તો સૌથી સારો ઉપાય એ છે કે દૂધ પૂરું પાડવાનું કામ નગરપાલિકાને હવાલે કરીને તે કોલંબોના ગરીબમાં ગરીબ માણસને પહોંચે તેમ કરવું જોઈએ.

એક ત્રીજી વસ્તુ કહીને હું મારું ભાષણ પૂરું કરીશ. હું જાણું છું કે તમારે ત્યાં એક ઘણું સુંદર બંદર છે. હું અહીંના તમારા તજના બગીચાઓમાંથી પસાર થયો છું જે દુનિયાના કોઈ પણ શહેરને પ્રતિષ્ઠા અપાવે એવા છે. મેં તમારાં કેટલાંક આલેશાન મકાનો જોયાં છે. તે ખરેખર ઘણાં સારાં છે. પરંતુ તજના બગીચાઓમાં રહેનારાઓને અથવા જે લોકો શહેરમાં રહીને એનો વેપાર કરે છે તેમને તેમના કલ્યાણની કાળજી કરવા માટે કોઈ ટ્રસ્ટીની જરૂર છે ખરી? હું ધારું છું કે એવી કોઈ જરૂર નથી. પોતાની સંભાળ લઈ ન શકે એવા લોકો માટેના તેઓ ટ્રસ્ટી છે. તેથી તેઓ મજૂર વસ્તીના કલ્યાણ માટેના ટ્રસ્ટી છે.

હું અહીંના મજૂરોના ગીચ લત્તાઓમાં હજી જઈ શક્યો નથી. તેથી એ લત્તાઓ કેવી સ્થિતિમાં છે તે પ્રત્યક્ષ અનુભવ પરથી કહી શકતો નથી. પણ જો તમે કહી શકો કે તમારા મજૂર લત્તાઓ પણ તજના બગીચાઓ જેટલા જ ખુશબોદાર છે, તો હું તમારી વાત માનીશ અને હું મારા પ્રવાસમાં જ્યાં જ્યાં જઈશ ત્યાં ત્યાં તમારા શહેરની જાહેરાત કરીશ અને કહીશ કે "આદર્શ નગરપાલિકા જોવી હોય તો કોલંબો જાઓ." પણ હું નથી ધારતો કે આવું ખાસ ગુણ દર્શાવતું પ્રમાણપત્ર તમે મારી પાસેથી મેળવી શકશો. હું મજૂર લત્તાઓની સ્થિતિની વાત કરું છું. તમારા મજૂર વર્ગો વિશેના કેટલાક આંકડા હું જોતો રહ્યો છું.

હું માનું છું કે કોલંબો જેવી જગ્યા જે એક બાબતમાં ખરેખર સૂકી છે તે બીજી એક બાબતમાં સહેલાઈથી સૂકી થઈ શકે તેમ છે. અને જો તમે, કોલંબોના નાગરિકોના કલ્યાણ માટેના ટ્રસ્ટીઓ, તમે કોલંબોને સૂકું બનાવશો[૧] તો, તમારે માટે એમ કરવું ખરેખર શક્ય હોય તો,

૧. અહીં સૂકું બનાવશો એટલે દારૂબંધી દાખલ કરશો એ અર્થ છે.

ગાંધી સ્મારક સંગ્રહ
અમદાવાદ.
13665
Gandhi Heritage Portal

તમે કોલંબોના નાગરિકોના જ નહીં અને મારા જેવી એક તુચ્છ વ્યક્તિના જ નહીં પણ પૂર્વની બધી નગરપાલિકાઓના ધન્યવાદ મેળવી શકશો.

મેં સૂચવી તે દિશામાં માર્ગદર્શક બનવામાં ઈશ્વર તમને મદદ કરો. તમે મને માનપત્ર આપ્યું છે તે બદલ હું ફરીથી એક વાર તમારો આભાર માનું છું.

[મૂળ અંગ્રેજી]

सिलोन ऑब्झर्वर, ૧૫-૧૧-૧૯૨૭ તથા विथ गांधीजी इन सिलोन

## ૧૭૪. કોલંબોની આનંદ કૉલેજમાં ભાષણ

નવેમ્બર ૧૫, ૧૯૨૭

આચાર્યશ્રી, શિક્ષકો અને વિદ્યાર્થીઓ,

હું કોલંબો અને સિલોન આવી શક્યો અને તમારો પરિચય કરી શક્યો તેથી મને ઘણો આનંદ થયો. હું જ્યાં જાઉં છું ત્યાં શાળાનાં બાળકોને મળવાનું મને બહુ ગમે છે.

અહીં સિલોનમાં ઘણાખરા છોકરાઓ બુદ્ધના શિક્ષણની અસર તળે આવે છે. એ મહાન ગુરુએ આપણને સત્યનો માર્ગ શીખવ્યો છે. અને તમે, છોકરાઓ, આ પ્રકારની સંસ્થાઓમાં સત્યનો માર્ગ શીખવા આવો છો. પણ સત્યનો માર્ગ શીખવાનો અર્થ, સુંદર સારી અને મીઠી લાગતી અનેક વસ્તુઓ આપણા મગજમાં ભરી લેવી એ નથી પણ સાચું કાર્ય કરવું એ છે. વારુ, સત્યમાર્ગનો પહેલો સિદ્ધાંત એ છે કે સત્ય વિચારવું, સત્ય બોલવું અને સત્યનું આચરણ કરવું. અને બીજો સિદ્ધાંત એ છે કે પ્રાણીમાત્ર પ્રત્યે પ્રેમ રાખવો. ગૌતમ બુદ્ધમાં દયા અને કરુણા એટલાં ભર્યાં હતાં કે તેમણે જ, આપણને માત્ર મનુષ્યને જ નહીં પણ, જીવમાત્રને, બધી પ્રાણીસૃષ્ટિને ચાહતાં શીખવ્યું. વળી તેમણે આપણને અંગત જીવનની પવિત્રતા શીખવી. તેથી છોકરાઓ, જો તમે સત્યવાદી ન હો, દયાળુ ને માયાળુ ન હો અને તમારું વ્યક્તિગત આચરણ પવિત્ર ન હોય તો તમે આ સંસ્થામાં કશું શીખ્યા નથી. ગૌતમ બુદ્ધ ક્યાં જન્મ્યા હતા તે મને તમારામાંથી કયો છોકરો કહેશે?

મહાત્માની સામે બેઠેલા એક બહુ નાના છોકરાએ જવાબ આપ્યો કે તેઓ કપિલવસ્તુમાં જન્મ્યા હતા.

મહાત્માજી : અને કપિલવસ્તુ ક્યાં આવ્યું?

છોકરો : હિંદુસ્તાનમાં.

મહાત્માજી : ત્યારે છોકરાઓ, હું તમને બધાને કહું છું કે ગૌતમના દેશના લોકોના તમે કંઈક અંશે ઋણી છો. અને તમે ન જાણતા હો તો, મને કહેતાં દુઃખ થાય છે કે જે દેશમાં ગૌતમ રહ્યા, ઉપદેશ કર્યો અને જે દેશને પોતાનાં પવિત્ર પગલાંથી પાવન કર્યો તે દેશમાં ભયંકર ગરીબી અને કંગાલિયત છે. હિંદુસ્તાનના કરોડો લોકો એટલા બધા ગરીબ છે કે તેનું એક કારણ એ છે કે તેમણે પોતાનો પ્રાચીન ઉદ્યોગ છોડી દીધો છે અથવા એ ઉદ્યોગથી તેમને વંચિત કરવામાં આવ્યા છે. હું રેંટિયાની વાત કરું છું. વારુ, તો રેંટિયા પર કાંતીને વણાતું કાપડ હિંદનો દરેક જણ અને બીજા લોકો પહેરવા માંડે તો તેઓ ફરીથી રેંટિયો શરૂ કરી શકે. એ કાપડને ખાદી કહે છે.

Gandhi Heritage Portal

હવે, ગૌતમે તમને અને મારા દેશવાસીઓને આપેલા દયાના સંદેશાના બદલામાં તમે ગૌતમને કંઈક આપવા માગતા હો તો ખાદી જરૂર પહેરો. તમે નાના છોકરાઓએ અને બીજાઓએ જે કાપડ પહેર્યું છે તે હું જાણું છું ત્યાં સુધી કોલંબો કે સિલોનમાં બનેલું નથી. અને તમારે તમારું શરીર ઢાંકવા કેટલુંક કાપડ ખરીદવું પડે છે એ જોતાં, તમારી પ્રથમ ફરજ એ છે કે તમે ગૌતમના દેશના ભૂખે મરતા કરોડો લોકોએ વણેલું કાપડ ખરીદો. તમે એમ કરશો ત્યારે તમે સત્યમાર્ગના બીજા નંબરના સિદ્ધાંતનો ખરેખર અમલ કરશો અથવા અમલ કરવાનું શરૂ કરશો. મેં તમને જે કંઈ કહ્યું છે તે સ્વાભાવિક રીતે જ તમારા શિક્ષકોને તથા તમારાં માબાપોને બેવડી રીતે લાગુ પડે છે. તમે જો હોશિયાર, ભલા અને બહાદુર છોકરા હો તો તમે તમારા શિક્ષકો અને તમારાં માબાપો સાથે આ વસ્તુઓની ચર્ચા કરજો અને તેમને પૂછજો; "ગાંધી નામના આ વિચિત્ર માણસે અમને કહ્યું તે શું છે?" અને, હું ભૂલતો ન હોઉં તો, તેઓ મેં તમને જે કહ્યું છે તેના શબ્દેશબ્દનું સમર્થન કરશે. આ પૈસા તમે મને એ જ કામ માટે આપ્યા છે અને હિંદના ભૂખે મરતા કરોડો લોકોનો વિચાર કરીને આ પૈસા આપવા માટે હું તમારો અને શિક્ષકોનો આભાર માનું છું. ખાદી પહેરવી એ તો આજે તમે જે પગલું લીધું છે તેને માત્ર સ્થિરપણે પૂરું કરવા બરાબર છે. ઈશ્વર તમારા સૌનું કલ્યાણ કરો.

[મૂળ અંગ્રેજી]

સિલોન ડેલી ન્યૂસ, ૧૬–૧૧–૧૯૨૭ તથા વિથ ગાંધીજી इन સિલોન.

## ૧૭૫. કોલંબોના નાલંદા વિદ્યાલયમાં ભાષણ

નવેમ્બર ૧૫, ૧૯૨૭

આચાર્યશ્રી, શિક્ષકો અને વિદ્યાર્થીઓ,

જે કામને માટે હું આ સુંદર દ્વિપમાં આવ્યો છું તે કામ માટે આ દાન આપવા બદલ હું તમારો ઘણો આભાર માનું છું. . . .[1]

અને હું તમને સૂચવું છું કે જો તમે બુદ્ધે શીખવેલા દયાધર્મનો અમલ કરવા માગતા હો અને ગૌતમનું તમારા પરનું ઋણ કંઈક અંશે અદા કરવા માગતા હો તો, જ્યાં સુધી તમે પોતે ખાદી તૈયાર ન કરી શકો ત્યાં સુધી, હિંદુસ્તાનમાં બનેલી ખાદી પહેરો. મારા અનુવાદક મિત્રે[2] ગર્વપૂર્વક કહ્યું કે તેમણે જે કાપડ પહેર્યું છે તે સિલોનમાં બનેલું છે. વારુ, તેઓ સિલોનમાં તૈયાર કરેલી પૂરતી ખાદી લાવી આપે ત્યાં સુધી હું તમને હિંદુસ્તાનમાં બનેલી એક વાર ખાદી પણ ખરીદવાની મના કરીશ; અને તમે પોતાને હાથે કામ કરશો અને ખાદી તૈયાર કરશો તોપણ તમે બુદ્ધના અનુયાયી જ ગણાશો. તમે એમ કરશો તો એક ઉમદા દાખલો બેસાડીને આખી દુનિયાને મદદરૂપ થશો. પણ તે દરમ્યાન હું તમને સૂચવું છું કે જો તમે શિક્ષકો અને બીજા બધા ખાદી પહેરશો તો તમે એક સાચું કામ કર્યું ગણાશે અને આ થેલી આપીને તમે

૧. ત્યાર પછી ગાંધીજી બુદ્ધ અને ખાદીના સંદેશ વિશે બોલ્યા.
૨. જે. એસ. પી. જયવર્ધન, જેમણે ભાષણનો સિંહાલીમાં અનુવાદ કર્યો હતો.

Gandhi Heritage Portal

જે પગલું ભર્યું છે તેનું એ અનુસરણ હશે. આ ભેટ માટે તથા મને આ શાળામાં આમંત્રવા માટે હું ફરીથી એક વાર તમારો આભાર માનું છું.

[મૂળ અંગ્રેજી]

सिलोन डेली न्यूस, ૧૬-૧૧-૧૯૨૭ તથા विथ गांधीजी इन सिलोन.

## ૧૭૯. બૌદ્ધધર્મીઓ પ્રત્યે

નવેમ્બર ૧૫, ૧૯૨૭

તમે[1] મને માનપત્ર[2] આપ્યું તે બદલ હું તમારા સૌનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું. માનપત્રનો તરજુમો મને આગળથી આપ્યો એ વિવેકની હું કદર કરું છું. ધર્માચાર્યશ્રી અને ભિક્ષુઓએ હમણાં જે આશીર્વાદ આપ્યા તે બદલ હું તેમનો એટલો જ આભારી છું. આજે મને જે આશીર્વાદ મળ્યા છે તેને હું હમેશાં મોટો લહાવો ગણીશ અને આ સભા સમક્ષ હું ધર્માચાર્યશ્રીને અને ભિક્ષુઓને ખાતરી આપું છું કે હું એ આશીર્વાદને લાયક બનવા હમેશાં પ્રયત્ન કરીશ. તમારા માનપત્રમાં હિંદુસ્તાનમાં આવેલા બુદ્ધગયા મંદિરનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. અને ધર્માચાર્યશ્રીએ પણ હમણાં તેનો ઉલ્લેખ કર્યો. હું ઘણા વખતથી એ મહાન મંદિરની બાબતમાં રસ લઉં છું અને બેલગામમાં હિંદી રાષ્ટ્રીય કોંગ્રેસના પ્રમુખ તરીકે આ બાબતમાં કોંગ્રેસ તરફથી જે કંઈ થઈ શકે તેમ હતું તે કરવાનું સદ્‌ભાગ્ય મને પ્રાપ્ત થયું હતું.[3] કોંગ્રેસમાં મેં જે કંઈ કર્યું તે સંબંધમાં જે વિવાદ ઊભો થયો તેનો હેવાલ સિલોનના કોઈ અજ્ઞાત મિત્રે મને મોકલ્યો હતો. એ વાદવિવાદમાં પડવાનું મને યોગ્ય લાગ્યું નહોતું. અત્યારે પણ હું એમાં ઊતરવા ઇચ્છતો નથી. હું તમને માત્ર એટલી ખાતરી આપી શકું છું કે તમારા દાવાને આગળ ધપાવવા માટે મારાથી થઈ શકે તે મેં કર્યું હતું અને હજી પણ કરીશ. પરંતુ હું તમને એટલું જ કહી શકું કે કોંગ્રેસનો પ્રભાવ હું ઇચ્છું તેટલો નથી. માલકી અધિકાર બાબતમાં કેટલીયે મુશ્કેલી ઊભી કરવામાં આવી છે. અટપટી કાનૂની મુશ્કેલીઓ પણ આડી આવે છે. કોંગ્રેસે આ બાબતમાં વિચાર કરવા અને બની શકે તો અત્યારે મંદિરનો કબજો ધરાવતા મહંત સાથે સમાધાન કરવા પોતાની પાસેના સારામાં સારા માણસોની એક કમિટી નીમી. એ કમિટીએ પોતાનો રિપોર્ટ લખી દીધો છે અને હું માની લઉં છું કે તમારામાંના કેટલાકે એ કમિટીનો રિપોર્ટ જોયો છે. એ કમિટીએ પંચની નિમણૂક કરાવવા માટે પ્રયત્ન કર્યો પણ એમાં તે સફળ ન થઈ. પણ નિરાશ થવાનું કશું જ કારણ નથી. પરંતુ હું તમને એટલું કહું છું કે મારી બધી અંગત સહાનુભૂતિ તમારી સાથે છે અને એ મંદિરનો કબજો તમને સોંપવાનું જો મારા હાથમાં હોય તો એ તમને આજે જ મળી જાય. તમારા માનપત્રમાં સિલોનમાં આવેલા બીજા એક મંદિરનો ઉલ્લેખ છે. આ મંદિરના ઝઘડા વિશે હું કશું જ જાણતો નથી. તેથી હું ઇચ્છું છું કે તમારામાંથી કોઈ મને એ વિશેની વિગતો આપે અને એ પણ કહે કે હું અહીં છું તે દરમ્યાન એ

૧. આ પૅરેગ્રાફનો અનુવાદ यंग इन्डिया, ૨૪-૧૧-૧૯૨૭ના અંક પરથી આપ્યો છે.

૨. આ માનપત્ર વિદ્યોદય કૉલેજમાં બૌદ્ધસંઘોની અખિલ સિલોન કૉલેજ તરફથી આપવામાં આવ્યું હતું.

૩. જુઓ પુસ્તક ૨૫, પા. ૫૦૯.

Gandhi Heritage Portal

બાબતમાં કંઈ કરી શકું તેમ છું કે નહીં. એટલું માનજો કે જો મને લાગશે કે હું એ બાબતમાં કંઈ કરી શકું એમ છું તો તે હું અંગત રસ લઈને કરીશ અને તે તમારા ઉપર ઉપકાર કરવા માટે નહીં પણ મારા પોતાના સંતોષ માટે કરીશ.

## હું બૌદ્ધ છું?

તમે કદાચ નહીં જાણતા હો કે મારા એક દીકરાએ – સૌથી મોટા દીકરાએ – મારા પર બુદ્ધનો અનુયાયી હોવાનો આરોપ મૂક્યો છે, અને મારા કેટલાક દેશભાઈઓ પણ મારા પર સનાતન હિંદુ ધર્મને નામે બૌદ્ધ સિદ્ધાંતનો પ્રચાર કરવાનો આરોપ મૂકતાં અચકાતા નથી. મારા દીકરાના તેમ જ મારા હિંદુ મિત્રોના આરોપો પ્રત્યે મારો સમભાવ છે. મારા પર બુદ્ધના અનુયાયીપણાનો આરોપ થાય છે એમાં હું કેટલીક વાર ગૌરવ પણ માનું છું. અને આ શ્રોતા-વર્ગ આગળ કહેતાં મને જરાયે સંકોચ નથી થતો કે ભગવાન બુદ્ધના જીવનમાંથી લીધેલી પ્રેરણામાંથી મને ઘણું મળ્યું છે. કલકત્તામાં નવું બૌદ્ધ મંદિર બંધાયું છે તેના વાર્ષિક ઉત્સવ પ્રસંગે મેં આ વિચાર જાહેર પણ કર્યો હતો. એ સભાના આગેવાન આંગારિક ધર્મપાલ હતા. પોતાને જે કાર્ય વિશે અનન્ય પ્રેમ છે તેને પૂરતો જવાબ નથી મળતો એ વસ્તુ વિશે તેઓ શોક કરતા હતા. મને યાદ છે કે મેં તેમને આંસુ પાડવાને સારુ ઠપકો દીધો હતો. મેં એ સભામાં કહેલું કે બૌદ્ધ ધર્મને નામે ચાલતી વસ્તુને ભલે ભારતવર્ષમાંથી દેશવટો મળ્યો હોય, બુદ્ધનું જીવન અને તેમના ઉપદેશને તો ભારતવર્ષમાંથી દેશવટો નથી જ મળ્યો. આ બનાવ બન્યાને ત્રણ વર્ષો થયાં છે. એ સભામાં જે વિચાર મેં ઉચ્ચારેલો એ બદલવાને ત્યાર પછી મને કશું કારણ નથી મળ્યું. મારો એ નિશ્ચિત મત છે કે બુદ્ધના ઉપદેશનો મહત્ત્વનો ભાગ હિંદુ ધર્મમાં ભળી જઈને આજે તેનું અંગ થઈ ગયો છે. આજે હવે હિંદુ ભારતવર્ષ પાછાં પગલાં ભરે, અને ગૌતમે હિંદુ ધર્મ પર જે સુધારાનું મોજું ફેરવ્યું તેને ભૂંસી નાંખી શકે એ શક્ય રહ્યું નથી. પોતાના ભારે આપભોગથી, ભવ્ય ત્યાગથી અને જીવનની નિષ્કલંક પવિત્રતાથી તેઓ હિંદુ ધર્મ પર કદી ન ભૂંસાય એવી છાપ મૂકી ગયા, અને હિંદુ ધર્મ એ મહાન ગુરુનો કાયમનો ઋણી બનેલો છે. તમે જો મને એટલું કહેવા માટે ક્ષમા આપો, અને એટલું કહેવાની જો તમારી પરવાનગી પણ હોય, તો હું હિંમત કરીને કહું કે આજે બૌદ્ધ ધર્મને નામે ચાલતી વસ્તુમાંથી હિંદુ ધર્મે જેટલું ગ્રહણ કરી લીધું નથી તે બુદ્ધના જીવનનું અને તેમના ઉપદેશનું આવશ્યક અંગ નહોતું.

## હિંદુ ધર્મ અને બૌદ્ધ ધર્મ

મારો તો નિશ્ચિત અભિપ્રાય છે કે બૌદ્ધ ધર્મનો અથવા બુદ્ધના ઉપદેશનો પૂરો પરિપાક ભારતવર્ષમાં જ થયો હતો. એથી ઊલટું થવું શક્ય પણ નહોતું; કારણ ગૌતમ પોતે હિંદુ હતા, હિંદુશ્રેષ્ઠ હતા. હિંદુ ધર્મના ઉત્તમાંશથી તેઓ ભીંજાયા હતા. કેટલાંક તત્ત્વો જે વેદમાં દટાઈ રહેલાં હતાં અને જેની પર જાળાં બાઝી ગયાં હતાં તે તત્ત્વોને તેમણે નવજીવન આપ્યું. વેદમાં રહેલા ઝળહળતા સત્ય પર શબ્દોનું – નિરર્થક શબ્દજાળનું જે અરણ્ય જામ્યું હતું તેમાંથી તેમના મહાન હિંદુ આત્માએ પોતાનો રસ્તો શોધી કાઢ્યો. વેદના કેટલાક શબ્દોમાંથી તેમણે જે અર્થનું દોહન કર્યું તેનાથી એમના કાળના માણસો સાવ અજાણ હતા. ભારતવર્ષની ભૂમિ એમને આ ધર્મકાર્યને સારુ સૌથી અનુકૂળ લાગી. બુદ્ધ જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાં તેમની પાછળ જનાર અને તેમને વીંટળાઈ વળનાર ટોળાં ઈતર ધર્મીઓનાં નહીં પણ હિંદુઓનાં જ હતાં અને તેઓ

Gandhi Heritage Portal

વેદધર્મથી રંગાયેલાં હતાં. પણ બુદ્ધનો ઉપદેશ તેમના હૃદયની જેમ સાર્વભૌમ અને સર્વવ્યાપી હતો, અને તેથી તે એમના નિર્વાણ પછી પણ ટકયો અને આખી પૃથ્વી પર ફરી વળ્યો. બુદ્ધના અનુયાયી ગણાવાનું જોખમ વહોરીને પણ હું કહું છું કે એ હિંદુ ધર્મનો વિજય છે. બુદ્ધે હિંદુ ધર્મનો અસ્વીકાર કદી કર્યો નહોતો, તેમણે તો તેનો પાયો વિશાળ કર્યો. તેમણે હિંદુ ધર્મને નવજીવન આપ્યું અને એનું નવું રહસ્ય બતાવ્યું. પણ હવે જે મુદ્દો આવે છે ત્યાં મારે તમારી ક્ષમા અને ઉદારતા માગવાની છે. હું તમને એ કહેવા માગું છું કે બુદ્ધના ઉપદેશનો સંપૂર્ણ વિકાસ અને સ્વીકાર સિલોન, બ્રહ્મદેશ, ચીન કે તિબેટ કયાંયે નથી થયો. મને મારી મર્યાદાઓનું ભાન છે. બૌદ્ધ શાસ્ત્રોમાં પારંગત હોવાનો મારો દાવો નથી. કદાચ નાલંદા વિદ્યાલયના પાંચમા ધોરણનો છોકરો પણ બૌદ્ધ ધર્મશાસ્ત્રમાં મને નાપાસ કરી શકે. હું જાણું છું કે હું મહાવિદ્વાન ભિક્ષુઓ સમક્ષ અને તેટલા વિદ્વાન શ્રાવકો સમક્ષ બોલી રહ્યો છું, પણ મારા હૃદયની જે માન્યતા છે તે હું તમારી આગળ પ્રગટ ન કરું તો મેં તમારી પ્રત્યે તેમ જ પોતા પ્રત્યે અસત્યાચરણ કર્યું ગણાય.

### બુદ્ધ નિરીશ્વરવાદી હતા?

તમે તેમ જ ભારતવર્ષના બૌદ્ધ ગણાતા લોકોએ બુદ્ધનાં તત્ત્વોનો ઘણો અંશ સ્વીકાર્યો છે એમાં શંકા નથી. પણ જ્યારે હું તમારું જીવન તપાસું છું, અને સિલોન, બ્રહ્મદેશ, ચીન કે તિબેટના મિત્રોને પૂછપરછ કરું છું, ત્યારે જેને હું બુદ્ધના જીવનની મુખ્ય વસ્તુ માનું છું તેની અને તમારા આચરણની વચ્ચે રહેલા આટલા બધા ભેદો જોઈને મૂંઝાઉં છું. અને જો તમને કંટાળો ન આવતો હોય તો મને હમણાં જ સૂઝેલા ત્રણ મુદ્દાઓ તમારી આગળ ઉતાવળે ગણાવી જાઉં. પ્રથમ તો ઈશ્વરને નામે ઓળખાતા સર્વવ્યાપી મંગલ તત્ત્વ વિશેની આસ્તિકતા. મેં અસંખ્ય વાર કહેવાતું સાંભળ્યું છે, અને બૌદ્ધ ધર્મનું હાર્દ બતાવવાનો દાવો કરનારાં પુસ્તકોમાં વાંચ્યું છે કે બુદ્ધ નિરીશ્વરવાદી હતા. મારા નમ્ર અભિપ્રાય પ્રમાણે બુદ્ધના ઉપદેશની મુખ્ય વસ્તુ જ નિરીશ્વરવાદની વિરોધી છે. મારો નમ્ર મત એવો છે કે બુદ્ધના કાળમાં ઈશ્વરને નામે જે હીન વસ્તુઓ પ્રવર્તતી હતી તેનો તેમણે યોગ્ય રીતે જે અસ્વીકાર કર્યો તેમાંથી જ આ ગોટાળો ઉત્પન્ન થયો છે. ઈશ્વર નામનું કોઈ પ્રાણી દ્વેષને આધીન છે, પોતાનાં કાર્યોને સારુ પસ્તાવો કરી શકે છે, અને મૃત્યુલોકના રાજાઓની જેમ એ પણ લાલચો કે લાંચને વશ થાય છે, અને એને પોતાનાપરાયાનો ભેદ હોઈ શકે છે એ માન્યતાનો તેમણે જરૂર વિરોધ કર્યો હતો. ઈશ્વર નામના પ્રાણીને પશુઓનું — પોતાનાં જ સરજેલાં પશુઓનું — તાજું લોહી ભાવે છે, અને એનાથી એ પ્રસન્ન થાય છે. એ માન્યતા સામે તેમનો આખો અંતરાત્મા પુણ્યપ્રકોપથી ઊકળી ઊઠતો. તેથી તેમણે ઈશ્વરની તેને યોગ્ય સ્થાને પુનઃસ્થાપના કરી, અને એ પવિત્ર સિંહાસન પચાવી પાડીને જે લેભાગુ એના પર ચડી બેઠો હતો તેને પદભ્રષ્ટ કર્યો. આ વિશ્વનું સામ્રાજ્ય નીતિનિયમને આધારે ચાલે છે, અને એ નીતિનિયમ શાશ્વત અને અટળ છે એ તત્ત્વ પર તેમણે ભાર મૂકયો, અને તેની નવઘોષણા કરી. એ નિયમ જ ઈશ્વર છે એવું એમણે વિનાસંકોચે કહ્યું.

### નિર્વાણ એટલે શું?

ઈશ્વરના નિયમો શાશ્વત અને અટળ છે અને ઈશ્વરથી જુદા પાડી શકાય એવા નથી. તેમ ન હોય તો ઈશ્વરની પૂર્ણતા જ અધૂરી રહે. તેથી આ મોટો ગોટાળો ઊભો થયો છે કે

Gandhi Heritage Portal

બુદ્ધ ઈશ્વરને માનતા નહીં પણ કેવળ નીતિનિયમને જ માનતા. અને ઈશ્વર વિશેના ભ્રમને લીધે 'નિર્વાણ' એ ભવ્ય શબ્દના ખરા અર્થ વિશે પણ એવો જ ગોટાળો પેદા થયો છે. નિર્વાણ એટલે સર્વથા નાશ તો નથી જ. બુદ્ધના જીવનનું મુખ્ય તત્ત્વ હું સમજ્યો છું તે પ્રમાણે તો આપણામાં જેટલું હીન છે, જેટલું દુર્ગુણથી ભરેલું છે, જેટલું વિકારમય છે અને જેટલું વિકારને વશ છે, તે બધાનો સર્વથા નાશ તે નિર્વાણ છે. નિર્વાણ એ કબરની તમોગુણી જડ શાંતિ જેવું નથી. જે આત્મા આત્મસ્થિત છે, જે પરમાત્માના હૃદયમાં પોતાનું નિવાસસ્થાન પ્રાપ્ત કર્યાના આનંદમાં મગ્ન છે, તે આત્માની જીવંત શાંતિ, તેનું સાત્ત્વિક સુખ, તેનું નામ નિર્વાણ છે.

### બુદ્ધનો મોટામાં મોટો ફાળો

ત્રીજું, એક હીન વિચાર એવો ચાલે છે કે બૌદ્ધ ધર્મમાં જીવમાત્રની પવિત્રતાની કલ્પના બૌદ્ધ ધર્મ ભારતવર્ષ બહાર ગયો ત્યાર પછી આવી છે. ઇશ્વરની તેના શાશ્વત સ્થાને પુનઃસ્થાપના કરવામાં બુદ્ધે માનવજાતિની સેવામાં ભારે ફાળો આપ્યો છે ખરો, છતાં મારો નમ્ર મત એવો છે કે અલ્પમાં અલ્પ જીવમાત્રને માટે એમનામાં જે કડક આદર હતો તે એમનો એથીયે મોટો ફાળો છે. મને ખબર છે કે એ પોતે ભારતવર્ષને જેટલું ચડેલું જોવા ઇચ્છતા હતા એટલું એમના કાળનું ભારતવર્ષ ન ચડયું. પણ જ્યારે બુદ્ધનો ઉપદેશ બૌદ્ધ ધર્મ બન્યો અને પરદેશોમાં ફેલાયો ત્યારે તો પશુપક્ષીના જીવનની પવિત્રતાનો અર્થ સાધારણ માણસ કરે છે એવો રહ્યો નહીં. આ બાબતમાં સિલોનના બૌદ્ધ ધર્મનાં આચાર અને માન્યતા કેવાં છે એ હું જાણતો નથી, પણ બ્રહ્મદેશ અને ચીનમાં એણે કેવું સ્વરૂપ લીધું છે એની મને ખબર છે. ખાસ કરીને બ્રહ્મદેશમાં બ્રહ્મી બૌદ્ધો એક પણ પ્રાણી મારે નહીં, પણ બીજું કોઈ તેમને સારુ પ્રાણીને મારે અને તેનું માંસ રાંધીને તેમને પીરસે તો તેમને વાંધો નહીં. હવે જો કાર્યકારણના અટળ નિયમ પર આગ્રહપૂર્વક ભાર મૂકનાર જો કોઈ ધર્મગુરુ જગતમાં થયા હોય તો તે ગૌતમ હતા; અને છતાં હિંદ બહારના બૌદ્ધ મિત્રો પોતાનાં જ કર્મોનાં પરિણામો બની શકે તો ટાળવા માગે છે. પણ તમારી ધીરજ પર મારે અણઘટતી તાણ મૂકવી ન જોઈએ. જે કેટલીક વસ્તુઓ તમારા ધ્યાન પર આણવાનું મારું કર્તવ્ય મને જણાયું તેનો હું માત્ર સહેજ ઉલ્લેખ કરી ગયો છું. અને એ વસ્તુઓ પર તમે ગંભીરપણે વિચાર કરો તે સારુ પૂરેપૂરા આગ્રહથી અને તેટલી જ નમ્રતાથી તમારી આગળ મૂકું છું.

### બુદ્ધનાં સંતાનોનું ઋણ

હવે એક વાત કહીને હું ભાષણ સમાપ્ત કરીશ. કાલે રાત્રે સત્કાર સમિતિના સભ્યોએ મને કહ્યું કે ખાદીને સિલોન સાથે શો સંબંધ છે એ મારે કોઈ એક સભામાં સમજાવવું. આ સંદેશાનો તમારી આગળ વિસ્તાર કરવાનો સમય નથી રહ્યો, પણ હું એનો સાર બે વાક્યમાં આપવાનો પ્રયત્ન કરીશ. એક તો એ કે તમે જેઓ બુદ્ધને તમારાં હૃદયના સ્વામી ગણો છો તેમને માથે બુદ્ધની જન્મભૂમિનું કંઈક ઋણ છે. એ ભૂમિમાં બુદ્ધના લાખો વંશજો, જેઓને માટે તેમણે પુરુષાર્થ કર્યો અને જેઓને માટે તેમણે પ્રાણાર્પણ કર્યું તે, આજે દરિદ્ર દશામાં છે, કાયમનો અડધો ભૂખમરો ભોગવે છે. તેથી હું સૂચના કરવાની હિંમત કરું છું કે ખાદી એ તમારી અને તમારા હૃદયસ્વામીની વચ્ચે અનુસંધાન કરાવનારી વસ્તુ છે. જો તમે એમના ઉપદેશની મુખ્ય વસ્તુને અનુસરો, અને જીવનમાત્ર ક્ષણભંગુર હોવાથી જીવન પાર્થિવ વસ્તુઓના ત્યાગને સારુ છે એમ ગણશો, તો ખાદીના સંદેશની સુંદરતા તમને તરત સમજાશે; કારણ

Gandhi Heritage Portal

ખાદીનો બીજો અર્થ છે : સાદું જીવન અને ઉન્નત વિચાર. આ બે વિચારો સાથે લઈ જઈને બાકીનું બધું તમારી મેળે પૂરી લેજો, અને ખાદીના સંદેશાનો તમારો પોતાનો અર્થ ઉપજાવી કાઢજો. તમે જે ગાઢ પ્રેમ બતાવ્યો છે તેને સારુ, માનપત્રને સારુ, અને આચાર્યશ્રીના આશીર્વાદને સારુ ફરી તમારો આભાર માનું છું. મને આશા છે કે જે વૃત્તિથી મેં આ નમ્ર સંદેશો આપ્યો છે તે જ વૃત્તિથી તમે એને ઝીલશો. એ સંદેશો ટીકાકારનો નથી, પણ પરમ મિત્રનો છે એમ માનજો.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २४–११–१९२७

ભાષાંતર : नवजीवन, ૨૭–૧૧–૧૯૨૭

## ૧૭૭. કોલંબોના ખ્રિસ્તી યુવક સંઘમાં ભાષણ

નવેમ્બર ૧૫, ૧૯૨૭

[કોલંબોમાં ખ્રિસ્તી યુવક સંઘના હૉલમાં મોટા જનસમુદાય સમક્ષ બોલતાં ગાંધીજીએ કહ્યું કે હું રોજ આખી દુનિયામાં ખ્રિસ્તીઓના નિકટ સંપર્કમાં આવતો જાઉં છું અને એ સંપર્કના એક વધુ ઉદાહરણ તરીકે હું આ પ્રસંગને આવકારું છું. વધુમાં તેમણે કહ્યું :]

કેટલાક લોકો એવા છે જેઓ, હું ખ્રિસ્તી નથી એમ સ્પષ્ટ કહેલ છતાં, મારી વાત માનવાની ના પાડે છે.

હું સમજું છું ત્યાં સુધી ઈશુનો સંદેશો, તેના શુદ્ધ અને સમગ્ર રૂપમાં તેમના ‘સરમન ઑન ધ માઉન્ટ’ ગિરિપ્રવચનમાં આવી જાય છે. અને સરમન ઑન ધ માઉન્ટની બાબતમાં પણ સંદેશાની મારી નમ્ર વ્યાખ્યા રૂઢ વ્યાખ્યાથી ઘણી બાબતમાં જુદી છે. હું માનું છું કે ઈશુના સંદેશાને પશ્ચિમમાં વિકૃત કરવામાં આવ્યો છે. આમ કહેવું મારે માટે કદાચ ધૃષ્ટતા ગણાય, પણ સત્યના ઉપાસક તરીકે મને જે લાગે છે તે કહેતાં મારે અચકાવું ન જોઈએ. હું જાણું છું કે ખ્રિસ્તી ધર્મ વિશે મારો અભિપ્રાય જાણવા દુનિયા કંઈ થોભી રહી નથી.

આખરે તો માણસનો પોતાનો ધર્મ બીજી કોઈની નહીં પણ તેની અને તેના સરજનહાર વચ્ચેની બાબત છે. પણ આજે સાંજે મને મારા વિચારો તમારી સમક્ષ મૂકવાની ઇચ્છા થાય છે તેનું કારણ એ છે કે હું સત્યની મારી ખોજમાં તમારી સહાનુભૂતિ મેળવવા માગું છું. અને બીજું કારણ એ છે કે ઘણા ખ્રિસ્તી મિત્રો ઈશુના ઉપદેશ વિશેના મારા વિચારોમાં રસ ધરાવે છે. એટલે જો મારી સમક્ષ સરમન ઑન ધ માઉન્ટ અને તેની મારી પોતાની જ વ્યાખ્યા હોત તો હું એમ કહેતાં અચકાત નહીં કે, ‘હા, હું ખ્રિસ્તી છું.’ પણ હું જાણું છું કે જો હું અત્યારે એવું કંઈ કહું તો કદાચ તેથી ખૂબ જ ગંભીર ગેરસમજ થાય. મારા પર જૂઠો દાવો કરવાનો આરોપ પણ મુકાય, કારણ કે એ સ્થિતિમાં મારે તમને ખ્રિસ્તી ધર્મનો હું કરું છું તે અર્થ કહેવો પડે, અને ખ્રિસ્તી ધર્મ વિશે મારા પોતાના વિચારો તમને જણાવવાની મારી ઇચ્છા નથી. પણ નકારાત્મક રીતે હું તમને કહી શકું કે ખ્રિસ્તી ધર્મને નામે જે કંઈ ચાલે છે તેમાંનું ઘણું તો મારા નમ્ર અભિપ્રાય મુજબ, ‘સરમન ઑન ધ માઉન્ટ’નો ઇનકાર જ છે. અને મારા શબ્દો ધ્યાનમાં રાખજો. હું અત્યારે ખ્રિસ્તી આચરણની વાત નથી કરતો. હું ખ્રિસ્તી માન્યતાની,

Gandhi Heritage Portal

ખ્રિસ્તી ધર્મને પશ્ચિમમાં લોકો જે રૂપમાં સમજે છે તેની વાત કરું છું. હું જાણું છું અને મને એનું દુ:ખ છે કે દરેક જગ્યાએ માન્યતા કરતાં આચરણ ખૂબ જ ઓછું ઊતરે છે. પરંતુ આ હું ટીકાની દૃષ્ટિએ નથી કહેતો. હું મારા કીમતી અનુભવ પરથી જાણું છું કે, મારા કથન પ્રમાણે જોકે આચરણ કરવાની હું મારા જીવનની હરેક ક્ષણે કોશિશ કરું છું, છતાં હું મારાં કથનને પૂરેપૂરાં આચરણમાં મૂકી શકતો નથી. એટલે આ વાત હું ટીકાની દૃષ્ટિએ બિલકુલ જ કહેવા માગતો નથી. પણ હું તમારી સમક્ષ મારી પાયાની મુશ્કેલીઓ રજૂ કરવા માગું છું. ૧૮૯૩માં દક્ષિણ આફ્રિકામાં જ્યારે મેં એક નમ્ર વિદ્યાર્થી તરીકે ખ્રિસ્તી સાહિત્યનો અભ્યાસ કરવા માંડયો ત્યારે મેં મારી જાતને પૂછયું, 'આ ખ્રિસ્તી ધર્મ છે?' અને મને હમેશાં 'નેતિ નેતિ' (આ નહીં, આ નહીં) એવો વૈદિક ઉત્તર મળ્યો છે. અને મારો અંતરાત્મા મને કહે છે કે મારી વાત સાચી છે.

હું એક શ્રદ્ધાવાન અને ભાવિક માણસ હોવાનો દાવો કરું છું અને મારા કટકા કરવામાં આવે તોપણ ઈશ્વરનો ઇનકાર નહીં કરવાની અને ઈશ્વર છે જ એમ આગ્રહપૂર્વક કહેવાની શક્તિ ઈશ્વર મને જરૂર આપશે. મુસલમાનો કહે છે અલ્લાહ છે, અને તેના સિવાય બીજો કોઈ નથી. ખ્રિસ્તીઓ પણ એ જ વસ્તુ કહે છે અને હિંદુઓ પણ એવું જ કહે છે. અને જો હું કહું જ તો, બૌદ્ધો પણ જુદા શબ્દોમાં એ જ વસ્તુ કહે છે. આપણે ઈશ્વર શબ્દની વ્યાખ્યા જુદી જુદી ભલે કરીએ — જે ઈશ્વર આપણી આ પૃથ્વીને — આ નાનકડા ગ્રહને જ નહીં પણ આવા લાખો ને કરોડો ગ્રહોને પોતામાં સમાવે છે એ ઈશ્વરની આપણે જુદી જુદી વ્યાખ્યા ભલે કરીએ, પણ આપણે ઘૂંટણિયે ચાલતા તુચ્છ જીવો, જેને તેણે આટલા અસહાય બનાવ્યા છે, તેઓ તેની મહાનતા, તેનો નિ:સીમ પ્રેમ, તેની અનંત કરુણા કેવી રીતે માપી શકીએ? અને તે કરુણા, એવી કે તે માણસને તેની કરુણાનો અને ખુદ તેના અસ્તિત્વનો પણ ધૃષ્ટતાપૂર્વક ઇનકાર કરવા દે છે. તેને વિશે વાદવિવાદ કરવા દે છે અને તેના જેવા જ માણસોનાં ગળાં પણ કાપવા દે છે. ઈશ્વર જે આટલો ક્ષમાશીલ છે, આટલો દિવ્ય છે તેની મહાનતા આપણે કેવી રીતે માપી શકીએ? આમ આપણે એકસરખા શબ્દો ઉચ્ચારીએ, છતાં એ શબ્દોનો અર્થ આપણા બધા માટે એકસરખો હોતો નથી. અને તેથી હું કહું છું કે આપણે આપણાં ભાષણો કે લેખો દ્વારા ધર્મપરિવર્તન કરાવવાની, શુદ્ધિ કે તબલીઘ કરવાની જરૂર નથી. એ આપણે ખરું જોતાં આપણા જીવન મારફત જ કરી શકીએ. આપણું જીવન સૌના અભ્યાસ માટે ખુલ્લી કિતાબ જેવું હોવું જોઈએ. પોતાના મિશન પ્રત્યે આ દૃષ્ટિ રાખવા હું મિશનરી મિત્રોને સમજાવી શકું તો કેવું સારું! પછી અણવિશ્વાસ અને વહેમ નહીં હોય, ઈર્ષા અને ઝઘડા નહીં હોય.

પછી ગાંધીજીએ આ મુદ્દા અંગે અત્યારના ચીનનો દાખલો આપ્યો. તેમણે કહ્યું કે મહાન રાષ્ટ્રીય ઊથલપાથલની વેદનામાં, ચીનના યુવાનો પ્રત્યે મારી હાર્દિક સહાનુભૂતિ છે. ચીનમાં ખ્રિસ્તી ધર્મ વિરુદ્ધ ચળવળ ચાલે છે. ખ્રિસ્તી યુવતી સંઘે અને ખ્રિસ્તી યુવક સંઘના વિદ્યાર્થી વિભાગે મને મોકલેલી પત્રિકામાં એ વિશે વાંચવાની તક મને મળી છે. લેખકોએ ખ્રિસ્તી ધર્મ વિરોધી ચળવળનો પોતાને ગમતો અર્થ કર્યો છે, પણ ચીનના યુવાનો ખ્રિસ્તી ધર્મની ચળવળને ચીનની આત્માભિવ્યક્તિની વિરુદ્ધ ગણે છે એ વિશે શંકા નથી. મારે માટે તો આ ખ્રિસ્તી ધર્મ વિરોધી ચળવળનું તાત્પર્ય સ્પષ્ટ છે. તેમણે કહ્યું :

આ ચીની નવયુવકો ખ્રિસ્તી ધર્મપ્રચારકોને કહે છે કે તમારા પ્રચારને રાષ્ટ્રવિરોધી ન થવા દેશો. અને પશ્ચિમ તરફથી થતા ખ્રિસ્તી પ્રયાસો પ્રત્યે તેમના ખ્રિસ્તી મિત્રો પણ શંકા સેવવા લાગ્યા છે. હું તમારી સમક્ષ એ વિચાર રજૂ કરું છું કે આ નવયુવકોએ લખેલા નિબંધોમાં ગંભીર



Gandhi Heritage Portal

અર્થ છે. ગંભીર સત્ય છે. કારણ કે તેઓ જેટલા પ્રમાણમાં ખ્રિસ્તી ધર્મે શીખવ્યા પ્રમાણેનું જીવન ગાળે છે તેટલા પ્રમાણમાં પોતાના વર્તનને વાજબી ઠરાવવાનો પ્રયત્ન કરી રહ્યા છે તથા સાથે સાથે તેઓ જે વિરોધ કરે છે તે વિરોધનો આધાર શોધવાનો પણ પ્રયાસ કરી રહ્યા છે. હું ઇચ્છું છું કે ખ્રિસ્તી ધર્મવિરોધી ચળવળમાંથી તમે સૌ એવો સાર કાઢો કે તમને સિલોનના લોકોને તમારા મૂળ સાંસ્કૃતિક વારસામાંથી અલગ ન કરવા જોઈએ અને પશ્ચિમના લોકોએ સિલોનના લોકોના શિષ્ટાચાર, રીતરિવાજ અને આદતો પર, જ્યાં સુધી તે નીતિ અને સદાચારની વિરુદ્ધ ન હોય ત્યાં સુધી, જાણ્યેઅજાણ્યે હુમલો ન કરવો જોઈએ. જેને આધુનિક સભ્યતા માની લેવામાં આવે છે તેની સાથે ઈશુ ખ્રિસ્તના ઉપદેશને ગૂંચવશો નહીં અને જે લોકોની સાથે તમે તમારું ભાગ્ય જોડયું છે તેના પ્રત્યે અજાણતાં જબરદસ્તી કરશો નહીં. હું તમને ખાતરી આપું છું કે, પૂર્વના લોકોના જીવનને મૂળમાંથી ઉખેડી નાખવું એ ઈશુના ઉપદેશમાં આવતું નથી. તેમનામાં જે કંઈ સારું છે તેને વિશે સહિષ્ણુ બનો અને તમારા પૂર્વગ્રહોને કારણે તેમને વિશે ઉતાવળે મત બાંધશો નહીં. સામા વિશે એકદમ મત બાંધશો નહીં. એમાં ભય એવો છે કે તમારા પોતાના વિશે જ મત બંધાઈ જશે. પશ્ચિમની સભ્યતાની મહાનતા વિશેની તમારી શ્રદ્ધા છતાં અને તમારી બધી સિદ્ધિઓ વિશેની મગરૂરી છતાં હું તમને નમ્ર બનવા વિનંતી કરું છું અને સંદેહ માટે થોડો અવકાશ રાખવા કહું છું, કે જે સંદેહમાં ટેનિસને ગાયું છે તેમ વધુ સત્ય રહેલું છે. બેશક, 'સંદેહ' શબ્દથી તેઓ કંઈક જુદી વસ્તુ કહેવા માગતા હતા. આપણે દરેક પોતપોતાની રીતે જીવન જીવીએ, અને આપણું જીવન જો સાચું છે તો પછી અધીરા થવાની જરૂર જ ક્યાં છે? એની અસર એની મેળે જ થશે.

સિલોનના યુવાન મિત્રો,[1] તમને હું કહું છું કે પશ્ચિમમાંથી તમારી પાસે આવતા દબદબાથી અંજાઈ ન જશો. આ અસ્થાયી દેખાવોથી સમતુલા ન ગુમાવશો. બુદ્ધે તમને કદી ન ભુલાય એવા શબ્દોમાં કહ્યું છે કે આ જીવન આભાસમાત્ર છે, ક્ષણિક વસ્તુ છે. અને જો તમે તમારી આંખ સામે દેખાતી બધી વસ્તુઓની વ્યર્થતા સમજશો, આ પાર્થિવ શરીર, જેને આપણે નિત્ય પરિવર્તન પામતું જોઈએ છીએ તેની વ્યર્થતા સમજશો તો પરલોકમાં તમારે માટે ખજાના છે અને અહીં આ લોકમાં તમારે માટે કલ્પનાતીત શાંતિ છે, અને એવું સુખ છે જેનાથી આપણે સાવ અજાણ છીએ. એને માટે અદ્ભુત શ્રદ્ધાની, દિવ્ય શ્રદ્ધાની અને આંખ સામે જે કંઈ જોઈએ છીએ તે સર્વનું સમર્પણ કરવાની જરૂર છે. બુદ્ધે શું કર્યું, ઈશુએ શું કર્યું, મહંમદે પણ શું કર્યું? તેમનું જીવન આપભોગ અને ત્યાગનું જીવન હતું. બુદ્ધે તમામ સાંસારિક સુખોનો ત્યાગ કર્યો કારણ કે તેઓ પોતાનું સુખ, એટલે સત્યની ખોજ કરનારા લોકો ભોગ આપીને અને કષ્ટ સહન કરીને પ્રાપ્ત કરી શકે છે તે સુખ આખા જગત સાથે વહેંચીને ભોગવવા માગતા હતા. કીમતી પ્રાણોનો ભોગ આપીને હિમાલયના શિખર પર પહોંચવું ને ત્યાં થોડું સરખું નિરીક્ષણ કરવું એ જો સારી વસ્તુ હોય, પૃથ્વીને છેડે જઈને ધ્વજ રોપવા માટે એક પછી એક અનેક પ્રાણનો ભોગ આપવો એ જો ગૌરવની વસ્તુ હોય તો શક્તિસંપન્ન અને અવિનાશી એવા સત્યની ખોજમાં એક નહીં, લાખો નહીં, પણ કરોડો અને અબજો જીવન અર્પણ કરવાં એ કેટલા ગૌરવની વાત છે? એટલે તમે સમતુલા ગુમાવશો નહીં, તમારા પૂર્વજોની સાદાઈને છોડશો નહીં. એવો સમય આવી રહ્યો છે જ્યારે, જેઓ આજે પોતાની જરૂરિયાતો વધારવાની

૧. ખ્રિસ્તિ યુવક સંઘના સભ્યોમાં ખ્રિસ્તી તથા બૌદ્ધ બંને હતા.

Gandhi Heritage Portal

આંધળી દોટમાં પડ્યા છે અને પોતાના મિથ્યાભિમાનમાં માને છે કે એમ કરીને પોતે દુનિયાના સાચા તત્ત્વમાં, સાચા જ્ઞાનમાં વૃદ્ધિ કરી રહ્યા છે તેઓ પાછાં પગલાં ભરશે અને કહેશે : "આપણે આ શું કર્યું?" સંસ્કૃતિઓ આવી ને ગઈ અને આપણે જેને માટે બડાઈ હાંકીએ છીએ એ બધી પ્રગતિ છતાં મને ફરી ફરી પૂછવાનું મન થાય છે કે "આનો હેતુ શો છે?" ડાર્વિનના સમકાલીન વૉલેસે પણ આ જ વસ્તુ કહી છે. તેણે કહ્યું છે કે ચમત્કારિક શોધો અને સંશોધનોનાં પચાસ વર્ષોએ માણસ જાતની નૈતિક ઊંચાઈમાં એક ઇંચની પણ વૃદ્ધિ કરી નથી. એ જ વસ્તુ સ્વપ્નદ્રષ્ટા અને કહો કે કલ્પનામાં વિહાર કરનાર ટૉલ્સ્ટૉયે પણ કહી છે. એ જ વસ્તુ ઈશુ ખ્રિસ્તે, બુદ્ધે અને મહંમદે પણ કહી છે, જેમના ધર્મને મારા પોતાના દેશમાં આજે ઇનકારવામાં અને જૂઠો ઠરાવવામાં આવે છે.

અલબત્ત, "સરમન ઑન ધ માઉન્ટ"માં તમને આપેલા અમૃતના ઝરામાંથી તમે ખૂબ આસ્વાદ લો, પણ પછી તમારે ભગવાં પહેરીને ભેખ ધારણ કરવો પડશે. "સરમન"નો ઉપદેશ આપણામાંના દરેકને માટે છે. તમે ઈશ્વર અને ધનરૂપી શેતાન બંનેની એકસાથે સેવા નહીં કરી શકો. પરમ કૃપાળુ, દયાળુ અને સહિષ્ણુતાના અવતાર ઈશ્વર શેતાનનું 'ચાર દિવસનું ચાંદરણું' ખીલવા દે છે. પણ સિલોનના યુવાનો, હું તમને કહું છું કે, શેતાનના એ આત્મઘાતક છતાં વિનાશકારી તમાશાથી દૂર ભાગજો.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ८-१२-१९२७

## ૧૭૮. કોલંબોના મિશનરી સંમેલનમાં ભાષણ

નવેમ્બર ૧૬, ૧૯૨૭

અધ્યક્ષશ્રી અને મિત્રો,

તમે આ સભાને મારી ઇચ્છા જણાવીને મારું કામ ખૂબ જ સહેલું કરવાની કૃપા કરી છે. કોઈ પણ મિશનરી સંસ્થાના નિમંત્રણને હું હમેશાં આવકારું છું. અને મને સાથી મિશનરી કહેવામાં આવે છે એ વાતને હું મારી પ્રશંસા તરીકે સ્વીકારું છું. કદાચ આપણે 'મિશનરી' શબ્દનો એકસરખો અર્થ નહીં કરતા હોઈએ. તેમ છતાં એ પ્રશંસા મને ગમે છે. હું સમજું છું કે તમે દર મહિને સંમેલન ભરો છો અને તેમાં સિલોન અથવા કોલંબોના મિશનરીઓ એકઠા થાય છે. વળી મને કહેવામાં આવ્યું છે કે સંમેલનનો આ દિવસ તમે એ રીતે ગોઠવ્યો હતો જેથી તમે મને મળી શકો અને મને તમને મળવાનો લાભ આપી શકો. તમારી કમિટીના એ વિવેકની પણ હું કદર કરું છું. અને આ સંમેલન ખરેખર એ સ્વરૂપનું બની રહે તે માટે હું ઇચ્છું છું કે તમે અત્યારે તમારા મનમાં જે પ્રશ્ન ઊઠે તે પૂછો. એથી મારું કામ ખરેખર ઘણું હળવું થઈ જશે. મારે તમને ભાષણ આપવું નથી. મારે કશું નવું કહેવાનું નથી. કલકત્તામાં તેમ જ બેંગલોરમાં મિશનરી સંમેલનોમાં હું ભાષણ આપતો આવ્યો છું અને મદ્રાસમાં પણ મેં મિશનરીઓ સમક્ષ ભાષણ આપ્યું છે, અને મારી પાસે કદાચ મેં જે કંઈ કહ્યું છે તેમાં ઉમેરવાનું કંઈ જ નથી. પણ જો તમે મને, એ સંમેલનોમાં મેં આપેલાં ભાષણો વિશે અથવા બીજી જગ્યાએ કોઈ બીજા વિષય પર આપેલાં ભાષણો વિશે વાંચ્યું હોય તે પરથી, અથવા

Gandhi Heritage Portal

મારે વિશે જે કાંઈ સાંભળ્યું હોય તે પરથી, અને તમારામાંથી કેટલાકે મને જે નિકટનો બંધુભાવ બતાવ્યો છે તેમાંથી ઉદ્‌ભવતા સવાલો પૂછો તો તે વધારે ઠીક થઈ પડશે. હું જાણું છું કે તમારામાંના કેટલાકે મારે વિશે છાપાંમાં વાંચ્યું છે. અને જો તમે મારામાં એવો જ વિશ્વાસ રાખતા હો તો તમે મારે વિશે જે કંઈ સાંભળ્યું હોય તેમાંથી ગમે તે પ્રશ્ન પૂછો, અને હું તમને ખાતરી આપું છું કે દીવાનખાનાની એક નાનકડી સભામાં મૂંઝવનારા ગણાતા સવાલો તમે મને પૂછશો તોપણ હું ખોટું નહીં લગાડું. આપણે આ સભાને દીવાનખાનાની સભા નહીં પણ એવી સભા બનાવીએ જેમાં મિત્રો એકબીજાના વધુ ઘનિષ્ઠ મિત્રો બનવાનો અને ગેરસમજૂતીનું બધું ધુમ્મસ દૂર કરવાનો પ્રયત્ન કરતા હોય.

વધુમાં ગાંધીજીએ પોતે પ્રિટોરિયામાં સાંભળેલા એક ભજનનો ઉલ્લેખ કર્યો: "ધુમ્મસ વીખરાઈ જશે ત્યારે આપણે એકબીજાને વધારે સારી રીતે સમજીશું." અને જોઈશું કે એવું કાંઈ ધુમ્મસ હવે આપણા ઉપર રહ્યું નથી.

પ્રશ્નો માટે થોડો વખત શાંતિ રહી, પણ મિ. જી. પી. વિશાર્ડે પૂછ્યું: 'પાપની ક્ષમા શક્ય છે' એ સિદ્ધાંત વિશે આપ શું માનો છો?

ગાંધીજી: એ ખરેખર ઘણો સુંદર સવાલ છે. આ એક બહુ પુરાણો સવાલ છે અને દરેક પાપીના મનમાં સ્વાભાવિક રીતે જ ઊભો થાય છે. અને હું માનું છું કે, મેં ખરેખર પાપ કરવાની કદી ઇચ્છા કરી નથી છતાં ઇચ્છવા કરતાં મેં વધારે વાર પાપ કર્યું છે, તેથી હું જાણું છું કે ક્ષમાની કેટલી જરૂર છે. એક વાર નહીં પણ અનેક વાર, કોઈ પણ માણસ પોતે શરમાય એટલી વાર હું ઘણા ગંભીર પાપમાં દોરવાયો હતો, અને તમારામાંના કેટલાકે કદાચ મારા આ પાપનો એકરાર વાંચ્યો હશે. એટલે મારા પોતાના સંતોષ માટે પણ મારે આ સવાલ તપાસવો પડ્યો છે. હિંદુ ધર્મમાં થયેલા મારા ઉછેરને કારણે અથવા જૈન ધર્મને હિંદુ ધર્મથી અલગ પાડી શકાતો હોય તેટલા પ્રમાણમાં કેટલાક જૈન મિત્રો સાથેના ગાઢ સંપર્કને કારણે, અથવા ગમે તે કારણે, હું એવા નિર્ણય પર આવ્યો છું કે ઈશ્વરની ક્ષમા, આપણે લૌકિક અર્થમાં સમજીએ છીએ એવી, દાખલા તરીકે, રાજા પોતાની પ્રજાની ભૂલોની ક્ષમા આપે છે એવી ક્ષમા જેવી હોતી નથી; અને હું ધારું છું કે આટલી ઉંમરે નિર્ણય શબ્દ વાપરવો વધારે સલામત છે, છતાં એમાં સુધારો તો ગમે ત્યારે કરી શકાય છે.

હું ઈશ્વરના કાયદાને શાશ્વત અને અફર માનું છું. ઈશ્વરનો હેતુ હું સમજી શક્યો છું ત્યાં સુધી ઈશ્વર અને તેના કાયદામાં આપણે રાજા એટલે આ પૃથ્વી પરના રાજા અને તેના કાયદા વચ્ચે કરી શકીએ છીએ અને કરીએ છીએ એવો ભેદ કરી શકાતો નથી. તેમ છતાં એક અર્થમાં અહીં ક્ષમા જરૂર છે અને તે કોઈ અત્યંત ક્ષમાશીલ રાજા જે ક્ષમા આપી શકે તેના કરતાં વધુ નિશ્ચિત અને શ્રેષ્ઠ છે. અને એ ક્ષમા એક નવી આશા કરતાં જુદી નથી; એ ઈશ્વરનું નિશ્ચિત વરદાન છે જેની કોઈ પણ ભાઈબહેન, ઇચ્છે તો ખાતરી કરી શકે છે. અને હું સમજી શક્યો છું ત્યાં સુધી એ પ્રક્રિયા કંઈક આ ઢબે કામ કરે છે.

મહાત્મા ગાંધીએ ભાષણ ચાલુ રાખતાં કહ્યું કે જો કોઈને પોતાના અપરાધનું ભાન થાય અને તે અપરાધ ધોઈ કાઢવાની ઇચ્છા થાય તો તે પ્રાર્થના અને આજીજીથી શરૂઆત કરે છે. પ્રાર્થના અને આજીજી શબ્દોમાં લૌકિક અર્થ કરતાં વધારે વ્યાપક અર્થ રહેલો છે, અને જો આપણે આપણી અંદરના એ નિશ્ચિત પરિવર્તન માટેની જરૂરી કસોટીમાં પાર ઊતરીએ તો આપણને આપણા અંતરમાં રહેલા ઈશ્વરનું સ્પષ્ટ ભાન થાય છે અને એ પરિવર્તન થયા પછી પાપ કરનારને પોતાના અંતરમાં લાગે છે કે તેને માટે સુરક્ષાની દીવાલ ખડી થઈ રહી છે.

Gandhi Heritage Portal

અને તેમ છતાં તે પોતાની કોઈ વિશિષ્ટતાને કારણે નહીં પણ પેલી જીવંત સુરક્ષા-દીવાલને કારણે સુરક્ષાનો અનુભવ કરશે જેને તે પોતાની સામે, પોતાની ચારે બાજુ, પોતાની નીચે અને પોતાની ઉપરની બાજુએ ઊભી થતી જોશે અને એ દીવાલને કારણે તે પાપ અને અપરાધથી સુરક્ષિત બની જશે.

આ એક ધીમી પ્રક્રિયા છે. પરંતુ આપણી સમક્ષ તે ઝડપી ચમત્કારરૂપે આવતી લાગે છે અને તેથી આપણે તેને માટે 'ગ્રેસ' એટલે ઈશ્વરકૃપા શબ્દનો ઉપયોગ કરીએ છીએ. હું એ શબ્દ છૂટથી વાપરું છું કારણ કે હિંદુ ધર્મમાં પણ એને મળતો એક શબ્દ છે. એ શબ્દ ખ્રિસ્તી ધર્મોપદેશમાંથી સીધેસીધો ઉઠાવી લેવામાં આવ્યો નથી. એ, પુરોહિતોનાં લખાણોથી અલગ, હિંદુ ધર્મગુરુઓના બધા ગ્રંથોમાં ઠેકઠેકાણે વપરાયેલો જણાય છે. તેમણે પોતાના અનુભવો લખી કાઢ્યા છે અને તેમણે પોતાના અનુભવોને એકમેક જોડે સાંકળ્યા છે. મને આ પ્રક્રિયાનું જ્ઞાન કેવી રીતે થયું એની મને ચિંતા નથી. જો ખ્રિસ્તીઓ સાથેના મારા ઘનિષ્ઠ સંબંધમાંથી હું, આ પ્રક્રિયા સુધી પહોંચ્યો હોઉં તો મને આનંદ થશે. અથવા જો મારા હિંદુ ઉછેરને કારણે એ નિર્ણય પર આવ્યો હોઉં તોપણ મને આનંદ થશે. મારો ઉદ્દેશ તો એ શોધી કાઢવાનો છે કે હું મારાં પાપોથી બચી શકું કે નહીં, એ પાપાચારના કચડી નાખનારા બોજામાંથી કોઈ છુટકારો છે કે નહીં. તેથી મને લાગે છે કે એ ધીમી પ્રક્રિયા છે અને આપણે તેને અનુભવવા માંડીએ એટલી હદે એ પહોંચી છે ત્યારે આપણે કહીએ છીએ કે એકાએક પરિવર્તન થયું. ઈશ્વરના આ વિશ્વમાં ખરેખર ચમત્કાર જેવી કોઈ વસ્તુ નથી. વિશ્વ તો એવા નિશ્ચિત નિયમો પ્રમાણે ચાલી રહ્યું છે જે અપરિવર્તનીય છે. પણ આપણે એ બધા નિયમો સમજતા નથી એ જોતાં, અને ઈશ્વરની રીત ઘણી ગહન અને આપણી બુદ્ધિથી પર છે એ જોતાં આપણે ધીરજ રાખવી જરૂરી છે અને ત્યારે જ આપણે તેને ચમત્કાર કહેવામાં વાજબી ઠરીએ. પણ આખી પ્રક્રિયાને શાંતિથી નિરાંતે જોતાં મને નથી લાગતું કે ઈશ્વર ચમત્કારો મારફત કામ કરે છે અને જો મારી વાત સાચી હોય કે આ પ્રક્રિયા ધીરે ધીરે થતું પરિવર્તન છે તો આપણી અંદર બે વસ્તુઓ ચાલતી રહે છે. એક તો મિનિટે મિનિટે અને સેકન્ડે સેકન્ડે ચોકસ ઉદ્યમ કરતા રહી નિરંતર પ્રયાસ કરવો તે, અને બીજી વસ્તુ છે આપણને નવચેતન આપનાર એ સજીવન કરનારું તત્ત્વ જેને હું ઈશ્વર કહું છું તેની સહાય વિના આપણી નિશ્ચિત અને સંપૂર્ણ લાચારીનું ભાન. આમ એક તરફ જેને આપણે ઈશ્વરકૃપા કહીએ તે સહાય છે અને બીજી બાજુ, ગમે તેટલો નજીવો હોય એવો પુરુષપ્રયત્ન છે. બંને પ્રક્રિયાઓ સાથોસાથ ચાલે છે.[1]

ગાંધીજીએ વિગતવાર સમજાવ્યું કે આ ક્ષમા પૃથ્વી પરના કોઈ રાજા પાસે ગુનેગાર ક્ષમા માગે છે તે મેળવે છે એવી ક્ષમા હોઈ શકે નહીં. એ તો સાચા પશ્ચાત્તાપથી અને શુદ્ધીકરણના સતત પ્રયત્નથી થતા હૃદયપરિવર્તનનો સવાલ છે. આ સંબંધમાં ગાંધીજીએ પ્લીમથ બ્રધરનો દાખલો આપ્યો . . .[2] [અને કહ્યું]

પણ હું જે પ્લીમથ બ્રધરને મળ્યો તેણે તો દલીલ કરી કે પુરુષપ્રયત્ન જેવી કોઈ વસ્તુ જ નથી. જો તમે ઈશુના ક્રૂસારોહણની હકીકત સ્વીકારો તો તમારાં સઘળાં પાપ નાશ પામે. હું નવાઈ પામ્યો, કારણ કે હું ઘણાયે ખ્રિસ્તી મિત્રોને ઓળખતો હતો અને તેમના નિકટ સંપર્કમાં આવ્યો હતો જેઓ નિશ્ચિત પ્રયત્ન કરનારા હતા. તમે પાપ નથી કરતા? મેં તેમને પૂછ્યું. તેમણે કહ્યું, હા, કરું છું, પણ જિસસ મારે માટે દરમ્યાનગીરી કરે છે અને મારાં પાપ ધોઈ કાઢે છે એ હકીકતમાંથી મને બળ મળે છે." ઠીક, તમને કહું કે પેલા ક્વેકર મિત્ર જેમણે પ્લીમથ બ્રધર સાથે મારું ઓળખાણ કરાવ્યું હતું તેમને ઓછું આશ્ચર્ય નહોતું થયું, ક્ષમાયાચનાનાં

૧. આના પછીનો ભાગ ૨૨-૧૨-૧૯૨૭ના યંગ ઇન્ડિયામાં મહાદેવ દેસાઈએ લખેલા સિલોન મેમરીઝ "સિલોનનાં સંસ્મરણો"માંથી લીધો છે.

૨. જુઓ આત્મકથા, ભાગ ૨જો, પ્ર. ૧૧મું.

Gandhi Heritage Portal

કરવાનો અર્થ એ છે કે આપણે ફરી પાપ નહીં કરીએ અને ક્ષમા આપવાનો અર્થ એ છે કે આપણને બધાં પ્રલોભનોનો સામનો કરવાનું બળ પ્રાપ્ત થાય. સતત અને અથાક પ્રયત્ન કર્યા પછી જ ઈશ્વર રક્ષાની દીવાલના રૂપમાં આપણી વહારે આવે છે. પછી આપણે પાપ કરવાના નથી એ ભાન વધતું જાય છે. હક્સ્લે અને ગ્લૅડ્સ્ટન વચ્ચે થયેલા એક પ્રખ્યાત વાદવિવાદમાં ગ્લૅડ્સ્ટને એવું કહ્યાનું મને યાદ છે કે, આપણા પર ઈશ્વરની નિશ્ચિત કૃપા થાય પછી આપણે પાપ કરી જ ન શકીએ. ગ્લૅડ્સ્ટને કહેલું કે જિસસ તો જન્મથી જ પાપમુક્ત હતા, પણ આપણે તો નિરંતર પ્રયાસ કરીને જ એવા બની શકીએ. જ્યાં સુધી એક પણ પાપી વિચાર આપણા મનમાં આવે છે ત્યાં સુધી આપણે સમજી લેવું જોઈએ કે ઈશ્વરે આપણને પૂરી ક્ષમા આપી નથી. આપણા પર કૃપા કરી નથી.

[ધર્મની બાબતમાં આપની સ્થિતિ અધકચરી નથી, એ સવાલનો જવાબ આપતાં ગાંધીજીએ કહ્યું :]

જે મિત્રે આ ટીકા કરી છે તેમની હું જરૂર પ્રશંસા કરું છું, પણ તેઓ ખાતરી રાખે કે મારે માટે અધૂરી શ્રદ્ધા જેવી કોઈ ચીજ નથી. મને અસહ્ય સંપૂર્ણતાવાદી કહેવામાં આવે છે. હું જાણું છું કે હું જ્યારે મને પોતાને સનાતની હિંદુ કહું છું ત્યારે મિત્રો ગૂંચવણમાં પડે છે કારણ કે સનાતની કહેવાતા હિંદુમાં તેઓ સામાન્ય રીતે જે વસ્તુઓ જુએ છે તે મારામાં નથી જોતા. પણ તેનું કારણ તો એ છે કે ચુસ્ત હિંદુ હોવા છતાં હું મારા ધર્મમાં ખ્રિસ્તી, ઈસ્લામી અને જરથોસ્તી ધર્મના ઉપદેશો માટે સ્થાન જોઉં છું. અને તેથી કેટલાકને મારો હિંદુ ધર્મ ઘણી વસ્તુઓના મિશ્રણ જેવો લાગે છે અને કેટલાક તો મને બધા ધર્મોમાંથી સાર ગ્રહણ કરનાર સારગ્રાહી કહે છે. વારુ, કોઈ માણસને સારગ્રાહી કહેવો એનો અર્થ એ છે કે તેનો કોઈ ધર્મ નથી. પણ મારો ધર્મ ઘણો વ્યાપક છે જે ખ્રિસ્તીઓનો વિરોધ નથી કરતો, પ્લીમથ બ્રધરનો પણ નથી કરતો, ધર્માંધમાં ધર્માંધ મુસલમાનનો પણ નહીં. મારો ધર્મ અત્યંત વ્યાપક સહિષ્ણુતાના પાયા પર રચાયેલો છે. હું કોઈ માણસને તેનાં ધર્મઝનૂની કૃત્યો માટે ઠપકો આપવાનો ઈનકાર કરું છું, કારણ કે હું તેનાં એ કૃત્યોને તેની દૃષ્ટિથી જોવાનો પ્રયત્ન કરું છું. આ મારો વ્યાપક ધર્મ જ મને ટકાવી રાખે છે. આ સ્થિતિ કંઈક મૂંઝવનારી છે એ હું જાણું છું. પણ તે બીજાને મૂંઝવનારી છે, મને નહીં.

[મૂળ અંગ્રેજી]

सिलोन डेली न्यूस, १७-११-१९२७ तथा यंग इन्डिया, २२-१२-१९२७

Gandhi Heritage Portal

# ૧૭૯. કોલંબોમાં મજૂર મહાજનને સંબોધન

નવેમ્બર ૧૬, ૧૯૨૭

અધ્યક્ષશ્રી, મિત્રો અને સાથી-મજૂરો,

હું તમારા માનપત્ર બદલ, તથા જે કામને માટે હું દુનિયાના દ્વીપમાંના આ મોતી જેવા દ્વીપમાં આવ્યો છું તે કામને માટે તમે આપેલી સારી સરખી થેલી બદલ તમારો આભાર માનું છું. મેં તમને સાથી-મજૂરો તરીકે સંબોધીને મને પોતાને મજૂર કહ્યો છે. અને તેનું સાદું કારણ એ છે કે ૧૯૦૪થી હું પોતે મારી શક્તિ મુજબ મજૂર તરીકે રહેવાનો પ્રયત્ન કરતો આવ્યો છું. પણ એ સમયથી પણ ઘણો વહેલો હું શ્રમનું ગૌરવ સમજવા લાગ્યો હતો અને તેની કદર કરવા લાગ્યો હતો. અને સાથે સાથે એ સમયથી પણ લાંબો સમય પહેલાં મને એ વાત સમજાવા લાગી હતી કે મજૂરોને પોતાનો યોગ્ય હિસ્સો મળતો નથી, અને પરમ કૃપાળુ પરમેશ્વરે મારું જીવન એવું ઘડયું કે હું મજૂરોની અને તેમની સેવાની વધુ ને વધુ નિકટ ખેંચાતો ગયો. તેથી મને તમારી વચ્ચે આવીને સાથી-મજૂરો પાસેથી માનપત્ર સ્વીકારતાં, તથા જે લોકો, આર્થિક રીતે જોતાં, તમારા કરતાં ઘણી જ ખરાબ સ્થિતિમાં છે તેમના વતી થેલી સ્વીકારતાં ઘણો જ આનંદ થાય છે. તમે તમારા માનપત્રમાં 'હિંદ માતા' શબ્દનો ઉપયોગ કર્યો છે. તેણે મારા અંતરના સૌથી ઊંડા ભાગને સ્પર્શ કર્યો છે. એ શબ્દના પ્રયોગનો મારે મન ઘણો અર્થ છે; કારણ કે હું જાણું છું કે તમે બધા હિંદી નથી. કદાચ તમારામાં જેઓ હિંદી નથી અને જેઓ આ સંઘ કે સંઘોમાં, હું સમજું છું ત્યાં સુધી બહુમતીમાં છો તેમના મનમાં, આ શબ્દનો ઉપયોગ કરતી વખતે, એનો હું જે અર્થ કરું છું, અને જે હું હમણાં સમજાવીશ, તે અર્થ નહીં હોય. પુરાણકથા કેટલીક વાર ઇતિહાસ કરતાં ચડિયાતી હોય છે. એવી એક પુરાણકથા એવી છે કે પ્રાચીનકાળમાં આ દ્વીપને એક દુષ્ટ રાજાના હાથમાંથી છોડાવવા માટે રામ નામના એક રાજા લંકા આવ્યા હતા અને પોતાના વિજયના અધિકારથી આ સુંદર દ્વીપને હિંદ સાથે જોડી દેવાને બદલે તેમણે એ દુષ્ટ રાજાના ભાઈ વિભીષણને સોંપી દીધો અને તેને લંકાનો રાજા બનાવ્યો.

આજની ભાષામાં કહીએ તો એનો અર્થ એવો થાય કે રામે લંકાના લોકોની અથવા રાજા વિભીષણની રાજનિષ્ઠાની પરીક્ષા કર્યા વિના અને લોકોને અથવા રાજા વિભીષણને રક્ષિત તરીકે રાખ્યા વિના તેમને સીધેસીધું સ્વરાજ્ય અથવા સાંસ્થાનિક સ્વરાજ્ય આપી દીધું. એ પુરાણકથાના સમયથી આજ સુધીમાં અહીં અને હિંદમાં પણ અનેક પરિવર્તનો થયાં છે અને બંનેએ ભાગ્યની અનેક ચડતીપડતી જોઈ છે, પરંતુ હિંદમાં આજે પણ કરોડો લોકો કોઈ પણ ઐતિહાસિક બનાવો કરતાં આ પુરાણકથામાં વધુ દૃઢતાપૂર્વક માને છે. અને તમે, આ સુંદર દ્વીપના લોકો, તમારી તદ્દન નજીકના દેશ જોડે કંઈક સંબંધ સ્વીકારતાં શરમાતા ન હો તો, જે પુરાણકથા સ્વીકારવામાં હિંદના કરોડો લોકો જે ગર્વ લે છે તે ગર્વમાં ભાગ લેવાની હું તમને સલાહ આપું છું. હવે તમે સમજી શકશો કે મેં એમ શા માટે કહ્યું કે તમે, મારા અભિપ્રાય મુજબ ભારતના જ એક નાનકડા રાજ્યના લોકોએ, 'હિંદ માતા' શબ્દનો પ્રયોગ કરીને હિંદ પ્રત્યે તમારી નિષ્ઠા વ્યક્ત કરી એ સારું કર્યું.

Gandhi Heritage Portal

વળી હું તમને કહું છું કે પુરાણકથામાંના રામ આ પૃથ્વી પર થયા હોય કે ન થયા હોય અને પુરાણકથામાંનો દસ માથાંવાળો રાવણ લંકામાં થયો હોય કે ન થયો હોય પણ એ વાત સાચી છે કે એક રામ એવો છે જે આજે પણ હયાત છે અને એક રાવણ પણ એવો છે જે આજે પણ હયાત છે. હિંદુ ધર્મમાં રામ એ ઈશ્વરનું મધુર અને પવિત્ર નામ છે. અને હિંદુ પુરાણમાં મૂર્તિમંત અનિષ્ટને મનુષ્યના રૂપમાં રાવણ નામ આપવામાં આવ્યું છે. રામનું-ઈશ્વરનું કામ જ્યાંત્યાંથી અનિષ્ટનો નાશ કરવાનું છે અને તેવી જ રીતે વિભીષણ જેવા પોતાના ભક્તોને સ્વરાજ્યની ભેટ આપવાનું છે.

આપણે સૌ, મજૂર હોઈએ કે ન હોઈએ, આપણી અંદર રહેલા રામની સહાયથી આપણે આપણી અંદર રહેલા અનિષ્ટના રાક્ષસથી આપણી જાતને મુક્ત કરીએ અને સ્વરાજ્યની સનદ માગીએ. અને જેમને પોતાનો વાજબી હિસ્સો મેળવવાનો હજી બાકી છે એવા તમને, સાથી-મજૂરોને તમે પોતે અનિષ્ટમાંથી મુક્તિ મેળવી શકો અને સ્વરાજ્ય માટે લાયક થઈ શકો એટલા માટે કદાચ રામની સહાયની, રામની કૃપાની વધુ જરૂર છે. જો તમને કોઈ એમ કહે કે મેં દક્ષિણ આફ્રિકામાં ગિરમીટિયા મજૂરોને કંઈક સ્વતંત્રતા અપાવી અથવા અમદાવાદના કે મલબારના મજૂરોને સ્વતંત્રતા અપાવી, તો તે માનશો નહીં. તેમણે જે કંઈ મેળવ્યું તે, તેમણે સ્વરાજ્યને લગતા સખત નિયમોનું પાલન કર્યું તેથી મેળવ્યું છે. તેમણે પોતે પોતાને મદદ કરી તેથી તેઓ વિજયી થયા. મારા અભિપ્રાય પ્રમાણે તમારી સ્થિતિ સુધારવા માટે તમારે શું કરવું જોઈએ તે મને તમને સંક્ષેપમાં કહેવા દો. તમે સંઘોના રૂપમાં સંગઠિત થાઓ એ બેશક પહેલું પગલું છે. પણ હું તમને અનુભવ પરથી કહી શકું છું કે, હું તમને હમણાં કહેવાનો છું તે બીજી શરતો, જો તમે નહીં પાળો તો સંભવ એવો છે કે તમારો સંઘ પોતે જ તમારા બંધનનું એક કારણ બને. તમારે દરેકે સ્વાર્થી ન બનતાં, પોતાને બાકીના મજૂરોનાં હિતોના ટ્રસ્ટી ગણવા જોઈએ. ગમે તેવી ગંભીર અને ઉશ્કેરણીભરી પરિસ્થિતિમાં પણ તમારે અહિંસક રહેવું જોઈએ. તમારે સાચા માણસ બનવું હોય અને માણસ તરીકેનું ગૌરવ સમજવું હોય તો તમારે દારૂની બૂરી લત, તમે તેમાં પડયા જ હો તો, તદ્દન છોડી દેવી જોઈએ. પીધેલ માણસ પશુ કરતાંયે ખરાબ બની જાય છે અને પોતાની મા, બહેન અને પત્ની વચ્ચેનો ભેદ ભૂલી જાય છે. જો તમે ખરેખર મને તમારો મિત્ર માનતા હો તો તમારા આ બુઢ્ઢા મિત્રની સલાહ માનજો અને તમારી સામે ફૂંફાડા મારતા સાપ આગળથી તમે જેમ ભાગો તેમ દારૂથી દૂર ભાગજો. સાપ તો કેવળ શરીરનો જ નાશ કરી શકે છે પણ આ દારૂનું અનિષ્ટ તો અંદર રહેલા આત્માને દૂષિત કરે છે. તેથી સાપ કરતાં પણ આનો વધારે ભય રાખવા જેવું છે અને એને ટાળવા જેવું છે. તમને જુગારની બૂરી આદત હોય તો તે પણ છોડવી જોઈએ.

આથી પણ એક વધુ નાજુક વસ્તુ છે જેને વિશે કાલે અથવા આજે એક મિત્રનો સહી કરેલો પત્ર વાંચીને મને દુઃખ થયું. એ મિત્ર કહે છે કે મજૂરોમાં અંગત પવિત્રતાનો અભાવ છે. તેઓ કહે છે કે તમારામાંનાં ઘણાં, પુરુષો ને સ્ત્રીઓ, શિયળ માટે જરૂરી એવી મર્યાદાઓનો જરાયે ખ્યાલ રાખ્યા વિના સાંકડી જગ્યાઓમાં ભેગાં પડયાં રહો છો. મનુષ્યને પશુથી બિલકુલ જુદો પાડનારી અનેક વસ્તુઓમાંની એક વસ્તુ એ છે કે ઘણા જૂના કાળથી મનુષ્યે લગ્નના બંધનની પવિત્રતા સ્વીકારી છે અને પોતે જેને ઉત્તરોત્તર વધારતો ગયો છે એવા આત્મસંયમ દ્વારા સ્ત્રીની બાબતમાં એણે પોતાનું જીવન નિયંત્રિત બનાવ્યું છે.

Gandhi Heritage Portal

પ્યારા મિત્રો, જો તમારે મનુષ્ય તરીકે તમારું ગૌરવ પ્રાપ્ત કરવું હોય અને તમારે સાધવો જોઈતો મનુષ્ય તરીકેનો વધુમાં વધુ વિકાસ સાધવો હોય તો મેં કહી તે આ નાની વસ્તુ ધ્યાનમાં રાખજો, મનમાં કીમતી ગણીને સંઘરજો અને આજ રાતથી જ તેનો અમલ કરજો. જો પ્રાથમિક લાજમર્યાદા પાળી શકાય એવાં જુદાં અને પૂરતાં ઘર મેળવી ન શકો તો તમે એવી અધઃ-પતનની સ્થિતિમાં અને એટલા ટૂંકા પગારે કામ કરવાની ના પાડી દો. નૈતિક શુદ્ધિના પ્રાથમિક નિયમોનું પાલન કરવું અશક્ય થઈ પડે એટલા ઓછા પગારે કામ કરવા કરતાં તમે સાવ ભૂખમરાની સ્થિતિ સ્વીકારશો તો હું તમને બહાદુર માણસો ગણીને માન આપીશ. તમે હિંદુ હો, અથવા તમે પોતાને બૌદ્ધ કહેવડાવતા હો, ખ્રિસ્તી હો અથવા મુસલમાન હો તેની મને પરવા નથી, ધર્મની એક જ અને અફર માગણી એવી છે કે તમારી પત્ની સિવાય બીજી કોઈ પણ સ્ત્રીને તમારે તમારી બહેન કે મા ગણવી જોઈએ, તેનું શરીર તમારી મા-બહેનના શરીર જેટલું જ પવિત્ર ગણવું જોઈએ. મારી તમને સલાહ છે કે તમે તમારા સંઘનો ઉપયોગ જેટલો બહારના હુમલાથી બચવા માટે કરો તેટલો જ આંતરિક સુધારા માટે કરજો. અને યાદ રાખજો કે તમે તમારા હકો અને ખાસ અધિકારો માટે આગ્રહ રાખો છો એ તો તદ્દન બરાબર છે, પણ તેની સાથે તમારે તમારા દરેક હક સાથે જોડાયેલી ફરજનો પણ સ્વીકાર કરવો જોઈએ.

એટલે તમે માલિકો પાસે પૂરતા પગાર માટે, સારા વર્તાવ માટે અને સારાં હવાઉજાસવાળાં રહેઠાણો માટે આગ્રહ જરૂર રાખજો, પણ તેની સાથે એ વાત પણ સ્વીકારજો કે તમારે તમારા માલિકના ધંધાને તમારો પોતાનો ધંધો ગણીને ચાલવું જોઈએ અને પ્રામાણિકપણે અને ધ્યાનથી કામ કરવું જોઈએ. કોઈ પણ કારણે તમારે તમારાં બાળકો પ્રત્યે બેદરકારી ન રાખવી જોઈએ પણ તેઓ મોટાં થાય ત્યારે માનવસમાજમાં પોતાનો ભાગ સારી રીતે ભજવી શકે એટલા ખાતર તેમને યોગ્ય કેળવણી આપવી જોઈએ અને સારી રીતે ઉછેરવાં જોઈએ.

છેલ્લે, તમે હિંદના કરોડો કમનસીબ લોકોનો વિચાર કર્યો એ તો સારું જ કર્યું, પણ મારી તમને સલાહ છે કે ખાસ કરીને જો તમે હિંદુસ્તાનને હજી પણ માતૃરાજ્ય, માતૃદેશ ગણતા હો તો તેમની ને તમારી વચ્ચે જીવંત સંબંધ સ્થાપો. એ કરોડો લોકોને ખાતર, તમે તમારાં વસ્ત્રો માટે ખરચવાની એકેએક પાઈ, બીજું કોઈ કાપડ ન ખરીદતાં માત્ર ખાદી ખરીદવામાં વાપરજો. તમારા માનપત્ર માટે, તમારી થેલી માટે અને આજે સાંજે મેં જે થોડા શબ્દો તમને કહ્યા તે ધ્યાનપૂર્વક સાંભળવા માટે હું ફરીથી એક વાર તમારો આભાર માનું છું. હું તમારા સ્વયં-સેવકોનો પણ આભાર માનું છું. તેઓ શાંતિથી અને નિઃસ્વાર્થપણે પોતાની શક્તિ પ્રમાણે મારી સેવા કરતા રહ્યા છે અને મારી બરાબર કાળજી રાખતા રહ્યા છે. આ પહેલાં મેં તેમની સેવાની નોંધ નથી લીધી, પણ એ વસ્તુ મારા ધ્યાન બહાર નહોતી. હું આશા રાખું છું અને પ્રાર્થના કરું છું કે મેં જે થોડા શબ્દો કહ્યા છે તે તમારા દિલમાં ઊતરો અને ઈશ્વર તમને મારી સલાહ જો તમને ગમશે, તે પ્રમાણે વર્તવાનું ડહાપણ અને બળ આપો.

[મૂળ અંગ્રેજી]

સિલોન ડેલી ન્યૂસ, ૧૭–૧૧–૧૯૨૭

Gandhi Heritage Portal

## ૧૮૦. એક ઉતારો

તકલી સ્પિનિંગ પુસ્તિકાના સહલેખક તરીકે મિ. રિચાર્ડ ગ્રેગનું નામ યંગ ઇન્ડિયાના વાચકોને પરિચિત છે. તેમણે પોતાનું સંશોધનકાર્ય કરતાં શોધી કઢેલો નીચેનો પુરાણો ઉપયોગી ઉતારો[1] મોકલ્યો છે.

[મૂળ અંગ્રેજી]

યંગ ઇન્ડિયા, ૧૭-૧૧-૧૯૨૭

## ૧૮૧. વર્ણાશ્રમ

ગયા અંકમાં બ્રાહ્મણ-બ્રાહ્મણેતરના સવાલ વિશે શ્રી નાડકર્ણીનું ચર્ચાપત્ર[2] આપ્યું હતું. તામિલનાડુના છેલ્લા પ્રવાસનાં મારાં ભાષણોમાં વર્ણાશ્રમ વિશેના મારા વિચારો જણાવ્યા છે, અને તેમાંથી થોડોઘણો ભાગ યંગ ઇન્ડિયામાં તે તે વખતે ઉતારવામાં આવ્યો છે. હવે એ જ વિચારોને વધારે વિસ્તારથી સમજાવવાનું શ્રી નાડકર્ણીનું આમંત્રણ હું સ્વીકારી લઉં છું.

સવાલનો મુદ્દો સ્પષ્ટ કરવાને ખાતર એક વાત કહી દઉં. એક શૂદ્રે સંન્યાસી થવાની ધૃષ્ટતા કરી એટલા કારણસર રામે એનો શિરચ્છેદ કર્યો એ પ્રસિદ્ધ વાર્તાને હું આ સવાલમાં મેળવવા માગતો નથી. હું શાસ્ત્રોનો અક્ષરાર્થ નથી કરતો, શાસ્ત્રોને ઇતિહાસ તો નથી જ ગણતો. શંબૂકના શિરચ્છેદની વાર્તાનો રામના આખા ચારિત્ર સાથે મેળ નથી બેસતો. અને જુદાં જુદાં રામાયણોમાં ગમે તે કહેલું હોય, હું તો માનું છું કે મારો રામ શૂદ્રનો તો શું પણ બીજા કોઈનોય શિરચ્છેદ કરવા અસમર્થ છે. શંબૂકની વાર્તા પરથી કશું સિદ્ધ થતું હોય તો તે એટલું જ કે એ વાર્તાના કાળમાં શૂદ્રો અમુક વિધિઓ કરે એ દેહાંતદંડને પાત્ર ગણાતું. અહીંયાં શૂદ્રનો અર્થ શો કરવો તે આપણે જાણતા નથી. આ આખી કથાને રૂપક તરીકે ઘટાવેલી પણ મેં સાંભળી છે. પણ એથી હિંદુ ધર્મના વિકાસક્રમમાં કોઈક કાળે શૂદ્રો ઉપર કંઈક અયોગ્ય બંધનો મુકાયેલાં હતાં એ હકીકતમાં ફેર નથી પડતો. માત્ર શંબૂકના કહેવાતા શિરચ્છેદને સારુ પ્રાયશ્ચિત્ત કરવામાં શ્રી નાડકર્ણીની જોડે મારે જોડાવાની જરૂર નથી; કારણ એ નામની કોઈ ઐતિહાસિક વ્યક્તિનો શિરચ્છેદ રામ નામની કોઈ ઐતિહાસિક વ્યક્તિને હાથે થયો એમ હું માનતો જ નથી. હિંદુ ધર્મના ઊતરતા કહેવાતા વર્ગો પર — ખાસ કરીને અસ્પૃશ્ય કહેવાતા વર્ગો પર — ગુજરેલા જુલમને સારુ તો હું હિંદુ તરીકે મારા જીવનની પ્રત્યેક ક્ષણે પ્રાયશ્ચિત્ત કરી રહ્યો છું. મારો અભિપ્રાય એવો છે કે વર્ણાશ્રમના પ્રશ્નની ધાર્મિક દૃષ્ટિએ કરેલી મીમાંસામાં શંબૂક જેવાં દૃષ્ટાંતોને સ્થાન નથી.

૧. અહીં આપ્યો નથી. આ ઉતારો ૧૭૯૬માં રોમમાં પ્રસિદ્ધ થયેલા ફ્રાપાઓલિનો દા સેન બાર્ટોલોમિયોના પુસ્તક ए वॉयेज टु ध ईस्ट इन्डीझના અંગ્રેજી અનુવાદમાંથી લીધેલો હતો. તેમાં બીજી બાબતોની સાથે કહેવામાં આવ્યું હતું કે, "એટલું ખાતરીથી કહી શકાય કે કાંતણ, વણાટ અને રંગાટમાં હિંદીઓ દુનિયાની બધી પ્રજાઓ કરતાં ચડી જાય છે."

૨. ચર્ચાપત્રમાંના ઉતારા માટે જુઓ પરિશિષ્ટ ૯.

Gandhi Heritage Portal

તેથી હું જેને વર્ણાશ્રમ માનું છું એ વસ્તુ શું છે એટલું જ કહેવાનો મારો ઈરાદો છે. વર્ણાશ્રમનો જે અર્થ હું કરું છું તે હિંદુ ધર્મમાંથી નથી નીકળી શકતો એમ જો કોઈ મને સિદ્ધ કરી બતાવે તો વર્ણવ્યવસ્થાનો અસ્વીકાર કરતાં મને જરાયે સંકોચ થવાનો નથી. શ્રી નાડકર્ણી કહે છે તેમ વર્ણ અને આશ્રમ બે જુદા શબ્દો છે. આપણી આશ્રમવ્યવસ્થા મનુષ્યને જીવનનો હેતુ પાર પાડવાને વધારે લાયક બનાવે છે એટલું જ; જ્યારે વર્ણધર્મ તો એને સારુ અનિવાર્ય વસ્તુ છે. વર્ણધર્મ કહે છે કે માણસે પોતાની આજીવિકાને સારુ પોતાના પૂર્વજોનો ધર્મવિહિત ધંધો જ કરવો જોઈએ. આ નિયમ સાર્વભૌમ છે. અને આખા માનવકુટુંબ પર સામ્રાજ્ય ભોગવે છે એમ હું માનું છું. એના ભંગથી આપણે ભોગવવાં પડયાં છે એવાં ગંભીર પરિણામો ભોગવવાં પડે છે. પણ મનુષ્યજાતિનો ઘણો મોટો ભાગ અજાણ્યે પોતાના પૂર્વજોનો જ ધંધો કરે છે. આ નિયમને શોધીને અને જ્ઞાનપૂર્વક એનું પાલન કરીને હિંદુ ધર્મે માનવજાતિની ભારે સેવા કરી છે. મનુષ્યનું કર્તવ્ય ઈશ્વરને જાણવાનું છે એટલો જ જો તેના અને પશુના કર્તવ્યની વચ્ચે ભેદ હોય, તો એમાંથી એટલું ફલિત થાય છે કે પોતાની આજીવિકા મેળવવા માટે પોતાને કયો ધંધો વધારે અનુકૂળ આવશે એ શોધી કાઢવાના અખતરા કરવા પાછળ તેણે જીવનનો મુખ્ય ભાગ ન હોમવો જોઈએ. ઊલટું, બાપનો ધંધો કરવો એ જ એને માટે ઉત્તમ માર્ગ છે એમ તે સમજે, અને પોતાના બચતા સમય અને બુદ્ધિનો સદુપયોગ માનવજાતિને માટે ઈશ્વરે નિર્મેલા કર્તવ્યને સારુ લાયક થવામાં કરે.

તેથી શ્રી નાડકર્ણીએ સૂચવેલી મુશ્કેલી અહીં ઊભી થતી નથી. કારણ ઐચ્છિક સેવાનાં અનેકવિધ કાર્યો કરવાનો અને એને સારુ લાયકાત કેળવવાનો નિષેધ કોઈને સારુ છે જ નહીં. એટલે બ્રાહ્મણકુળમાં જન્મેલા શ્રી નાડકર્ણી અને વૈશ્યકુળમાં જન્મેલો હું ભીડને પ્રસંગે વિના-પગારે રાષ્ટ્રીય સ્વયંસેવકનું, નર્સનું અથવા ભંગીનું કામ અવશ્ય કરી શકીએ. એમાં વર્ણધર્મનો ભંગ નથી; જોકે એ ધર્મ અનુસાર એમણે બ્રાહ્મણ તરીકે આજીવિકા માટે તો પડોશીઓની દયાવૃત્તિ પર જ આધાર રાખવો જોઈએ. અને મારે વૈશ્ય તરીકે ગાંધિયાણાના ધંધામાંથી જ રોજી મેળવવી જોઈએ. કોઈ પણ ઉપયોગી સેવાકાર્ય કરવાની છૂટ દરેક જણને છે, પણ એને સારુ બદલો માગવાનો અધિકાર નથી.

વર્ણધર્મની આ કલ્પનામાં કોઈ એકબીજાથી ચડિયાતું નથી. ધંધામાત્ર, જેટલે અંશે તે વ્યક્તિગત કે સામાજિક નીતિના વિરોધી ન હોય તેટલે અંશે, સરખા અને આબરૂદાર છે. મૅક્સમૂલરે નથી કહ્યું કે હિંદુ ધર્મે બીજા કોઈ ધર્મ કરતાં વધારે અંશે જીવનને કેવળ કર્તવ્યરૂપ ગણ્યું છે?

હા, એટલું અવશ્ય કબૂલ કરવું જોઈએ કે હિંદુ ધર્મના વિકાસક્રમમાં કોઈક કાળે એમાં ભ્રષ્ટાચાર દાખલ થયો, અને ઊંચનીચપણાના સડાએ પેસીને એને બગાડી નાખ્યો. પણ ઊંચ-નીચપણાનો આ ખ્યાલ હિંદુ ધર્મમાં સર્વવ્યાપી એવી જે યજ્ઞની — ત્યાગની ભાવના છે તેનાથી તદ્દન અસંગત જણાય છે. જીવમાત્ર પ્રત્યે શુદ્ધ પ્રેમ એ જેનું વ્યાવહારિક સ્વરૂપ છે એવી અહિંસાના પાયા પર રચાયેલી જીવનવ્યવસ્થામાં કોઈ પણ વર્ગને બીજા કરતાં ઊંચો ગણવાનો અવકાશ ક્યાંથી હોય?

આ વર્ણધર્મની સામે કોઈ એમ ન કહે કે એને લીધે જીવન નીરસ થઈ જાય છે અને બધી ઉચ્ચ આકાંક્ષા હણાઈ જાય છે. મારો અભિપ્રાય એવો છે કે વર્ણધર્મને લીધે જ જીવન સૌને માટે શક્ય બને છે; મનુષ્યની મહત્ત્વાકાંક્ષાને લાયક જે એકમાત્ર વસ્તુ — આત્મપ્રાપ્તિ તેને

Gandhi Heritage Portal

તે પદે સ્થાપિત કરનાર પણ વર્ણધર્મ જ છે. આજે તો આપણે સ્વભાવે જ ક્ષણભંગુર એવી આર્થિક પ્રવૃત્તિઓ પાછળ વિચાર અને પુરુષાર્થને દોડાવતા દેખાઈએ છીએ, અને એમાં એટલા પરોવાઈ જઈએ છીએ કે જે એકમાત્ર આવશ્યક વસ્તુ છે તેને ભૂલી જઈએ છીએ.

મને જો કોઈ કહે કે વર્ણના મેં કરેલા અર્થને પુષ્ટિ મળે એવું હિંદુ ધર્મના આચારગ્રંથ સ્મૃતિઓમાં કશું નથી, તો તેને મારો જવાબ એ છે કે જીવનનાં મૂળભૂત અચળ સૂત્રો ઉપરથી રચાયેલી આચારની સ્મૃતિઓમાં આપણા નવા નવા અનુભવો અને નવાં નવાં નિરીક્ષણો પ્રમાણે વખતોવખત ફેરફાર થયા જ કરે છે. સ્મૃતિઓમાંથી એવા કેટલાયે નિયમો બતાવી શકાય એમ છે કે જે બંધનરૂપ તો શું, પાળવા લાયક પણ નથી ગણાતા. અચળ જીવનતત્ત્વો ગણ્યાંગાંઠયાં હોય છે, અને તે સર્વ ધર્મોમાં સમાન છે. જુદા જુદા ધર્મો એનો અમલ જુદી જુદી રીતે કરે છે. અને કોઈ ધર્મ હજુ એનો બધી સંભવિત રીતે અમલ નથી કરી શક્યો. જેમ જેમ વિચારોનો વિસ્તાર થાય અને નવી હકીકતોનું જ્ઞાન વધતું જાય તેમ તેમ એ તત્ત્વનો વિસ્તાર થવો જ જોઈએ. હું તો અવશ્ય માનું છું કે મનુષ્યના અનુભવનો વિકાસ થાય છે તેની સાથે શબ્દોના અર્થનો પણ વિકાસ થાય છે. યજ્ઞ, સત્ય, અહિંસા, વર્ણાશ્રમ વગેરે શબ્દોના અર્થ ભૂતકાળમાં હતા તે કરતાં આજે અનંતગણા વ્યાપક અને સમૃદ્ધ થયા છે. આ નિયમ વર્ણ શબ્દને લાગુ પાડીએ તો એના ચાલુ અર્થથી જકડાઈ રહેવું એ અયોગ્ય છે, મૂર્ખતા છે. આ યુગની જરૂરિયાતો સાથે અથવા આપણી નીતિભાવના સાથે એનો મેળ નથી બેસતો એમ માનીએ તો એને વળગી રહેવું એમાં આપઘાત છે.

આ રીતે વર્ણનો વિચાર કરીએ તો વર્ણને આજની ન્યાત જોડે કશો સંબંધ નથી. તેમ જ વર્ણાંતર ભોજન અને વિવાહનિષેધ વર્ણધર્મના સ્વીકારનું આવશ્યક અંગ નથી. આ વર્ણવ્યવસ્થાની રક્ષા કરવાને અર્થે દાખલ કરવામાં આવ્યા હોય એ સંભવ છે. સંયમના પાયા પર રચાયેલી કોઈ પણ જીવનવ્યવસ્થામાં સ્વૈરવિવાહ પર અંકુશ જરૂરનો છે. સ્વૈરભોજન પરનો અંકુશ સ્વચ્છતાના ખ્યાલમાંથી અથવા રહેણીના ભેદમાંથી ઊપજે છે. પણ પૂર્વે આ અંકુશની અવગણના કોઈ પણ પ્રકારની સામાજિક કે કાયદેસર સજાને અથવા વર્ણબહિષ્કારને પાત્ર ગણાતી નહોતી, અને આજે પણ ગણાવી ન જોઈએ.

વર્ણો મૂળ ચાર હતા. એ વિભાગ બુદ્ધિપૂર્વક થયેલો અને સમજાય એવો હતો. પણ વર્ણની સંખ્યા એ કંઈ વર્ણધર્મનું અંગ નથી. દાખલા તરીકે દરજીએ લુહાર ન બનવું જોઈએ, જોકે બંને વૈશ્ય ગણાતા હોય અને ગણાવા જોઈએ.

તામિલનાડુમાં મેં સૌથી વધારે જોરવાળો વાંધો તો એ સાંભળ્યો કે વર્ણવ્યવસ્થાનો મારો અર્થ જોતાં તે ગમે તેવી સારી અને નિર્દોષ જણાતી હોય તોયે એની જોડે જે બદબો રહેલી છે એ કારણે એને કાં તો નવું નામ આપવું જોઈએ, કાં તો એનો સર્વથા નાશ કરવો જોઈએ. આ વાંધો લેનારાઓનો ભય એ હતો કે મારા અર્થ તરફ દુર્લક્ષ થશે, અને છતાં વર્ણના નામ હેઠળ આજે હિંદુ ધર્મમાં જે બેહૂદી, અસમાનતા અને અત્યાચારો ચાલી રહેલા છે તેના સમર્થનમાં મારા વચનનું પ્રમાણ ટાંકવામાં આવશે. એમણે એમ પણ કહ્યું કે સામાન્ય લોકોની સમજમાં ન્યાત અને વર્ણનો અર્થ એક જ છે; વળી વર્ણનો સંયમ ક્યાંયે નથી પળાતો, વર્ણનો જુલમ માત્ર ઠેરઠેર જોવામાં આવે છે. આ બધા વાંધાઓમાં ઘણું વજૂદ છે એમાં શક નથી. પણ એ જાતના વાંધા તો એક કાળે સારી પણ અત્યારે સડી ગયેલી એવી ઘણી વ્યવસ્થાઓ સામે ઉઠાવી

Gandhi Heritage Portal

શકાય એમ છે. સુધારકનું કામ એ છે કે તેણે એ વ્યવસ્થાને જ તપાસવી, અને જો એના દોષો ગાળી શકાય એમ હોય તો તેને સુધારવા મંડી પડવું. પણ વર્ણ એ કેવળ મનુષ્યે નિર્માણ કરેલી વ્યવસ્થા નથી, પણ તેણે શોધી કાઢેલો નિયમ છે. તેથી એનો નાશ થવો અસંભવિત છે. એનું ગુપ્ત રહસ્ય અને એની શક્તિઓ શોધાવી જોઈએ અને સમાજના કલ્યાણને અર્થે વપરાવી જોઈએ. આપણે જોયું છે કે વર્ણધર્મ અથવા વર્ણવ્યવસ્થા પોતે દૂષિત નથી; દોષ તો એને વળગેલા ઊંચનીચપણાના ભાવમાં રહેલો છે.

એક સવાલ એ પણ ઊઠે છે કે આજના કાળમાં જ્યાં ચારે વર્ણો કે પેટાવર્ણો અંકુશ-માત્રને તોડી રહ્યા છે, પોતાનો આર્થિક લાભ વધારવાના યોગ્ય-અયોગ્ય તમામ ઉપાયો લઈ રહ્યા છે, અને જ્યાં કેટલાક વર્ગો બીજા કરતાં ઊંચા હોવાનો દાવો કરે છે અને બીજા એનો વાજબી વિરોધ કરે છે, ત્યાં વર્ણધર્મનું વ્યવહારમાં આચરણ શી રીતે કરવું? આપણે દુર્લક્ષ કરીશું તોયે એ નિયમ પોતે પોતાનો અમલ કર્યા વિના રહેવાનો નથી. પણ એ સજારૂપે હશે. આપણે જો વિનાશમાંથી ઊગરી જવું હોય તો આપણે એને વશ થયે છૂટકો છે. અને આજે આપણે “સૌથી લાયક એટલે કે (શરીરે) સૌથી સમર્થ હશે તે ઊગરશે” એ પાશવધર્મ પોતાને લાગુ પાડવામાં મશગૂલ છીએ, એ જોતાં આપણે સૌ એક જ વર્ણના એટલે કે શૂદ્રો છીએ એમ માનવું સારું છે; પછી ભલે કેટલાક શિક્ષક હોય, કેટલાક સૈનિક હોય, કે બીજા કેટલાક વેપારમાં પડેલા હોય. મને યાદ છે કે ૧૯૧૧માં નેલોરની સામાજિક પરિષદના પ્રમુખે સૂચના કરેલી કે પૂર્વે સૌ બ્રાહ્મણ હતા, એટલે હવે સૌ બ્રાહ્મણ ગણાવા જોઈએ અને બીજા વર્ણો કાઢી નાખવા જોઈએ. એ સૂચના મને ત્યારે વિચિત્ર લાગેલી, આજે પણ લાગે છે. આ સુધારો જો શાંતિથી કરવો હોય તો ઊંચા કહેવાતા વર્ણોએ નીચે ઊતરવું પડશે. જેઓને યુગો સુધી પોતાને સમાજમાં નીચામાં નીચા માનવાની તાલીમ મળી છે તેઓ એકાએક ઊંચા કહેવાતા વર્ણો જેટલા સાધનસંપન્ન નહીં થઈ શકે. તેથી તેઓ જો સત્તા મેળવવા માગે તો તેઓ માત્ર લોહી રેડીને—બીજા શબ્દોમાં કહીએ તો સમાજનો જ સંહાર કરીને તેમ કરી શકે.

પુનર્રચનાની મારી યોજનામાં મેં અસ્પૃશ્ય જાતિઓનો ઉલ્લેખ નથી કર્યો, કારણ વર્ણ-ધર્મમાં અથવા કહો કે હિંદુ ધર્મમાં હું અસ્પૃશ્યતાને સ્થાન નથી જોતો. એ વર્ગો બીજા સૌની સાથે શૂદ્રવર્ગમાં ભળી જશે. આ શૂદ્રવર્ગમાંથી પાવન થઈને ધીમે ધીમે બીજા ત્રણ વર્ણો ઉદ્-ભવશે. એમના ધંધાઓ વિવિધ છતાં દરજ્જો સમાન હશે. બ્રાહ્મણો બહુ થોડા હશે. ક્ષત્રિયવર્ગ એથીયે નાનો હશે, અને તે આજની જેમ ભાડૂતી સિપાઈ અથવા નિરંકુશ રાજ્યકર્તા નહીં હોય, પણ રાષ્ટ્રના સાચા રક્ષક અને હવાલદાર હશે, અને એની સેવામાં જાનની કુરબાની કરશે. સૌથી નાનો વર્ગ શૂદ્રોનો હશે, કારણ સુવ્યવસ્થિત સમાજમાં મનુષ્ય ભાઈબહેનો પાસેથી ઓછામાં ઓછી મજૂરી લેવામાં આવશે. મોટામાં મોટી સંખ્યા વૈશ્યોની હશે. એ વર્ણમાં તમામ ધંધાઓનો—ખેડૂતો, વેપારીઓ, કારીગરો વગેરે સૌનો—સમાવેશ થશે. આ યોજના મનોરાજ્ય જેવી લાગ-વાનો સંભવ છે. પણ આજે જે સમાજને હું છિન્નભિન્ન થતો જોઈ રહ્યો છું તેના નિરંકુશ સ્વેચ્છાચાર પ્રમાણે જીવવા કરતાં મને મારી કલ્પનાના આ મનોરાજ્યમાં વિહરવું વધારે પસંદ છે. પોતાનાં મનોરાજ્યનો સમાજને હાથે સ્વીકાર ન થાય તોયે તેમાં રહેવાની ને વિહરવાની વ્યક્તિઓને છૂટ છે. દરેક સુધારાની શરૂઆત વ્યક્તિથી જ થયેલી છે. જે સુધારામાં પોતાનો

Gandhi Heritage Portal

પ્રાણ હતો અને જેને શૂરવીર આત્માનો ટેકો હતો તેને એ સુધારકનો સમાજ સ્વીકાર્યા વિના રહ્યો નથી.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १७-११-१९२७

ભાષાંતર : नवजीवन, २७-११-१९२७

## ૧૮૨. ખાદીનાં તૈયાર કપડાં

ખાદીનાં તૈયાર કપડાં બાબતમાં એક પારસી મિત્રે કેટલાંક સૂચનો કર્યાં છે, જે હું વિસ્તારીને નીચે આપું છું:

> જેમ બજારમાં આપણને ખાદીની તૈયાર ટોપી મળે છે, તેમ ખાદીનાં દેશી અને વિલાયતી ઢબનાં જાકીટ અને ખમીસ કેમ ન મળે? આપણા ખાદીના દુકાનદારોમાં એટલી સૂઝ તો હોવી જોઈએ કે તેઓ કયા કયા પ્રકારનાં તૈયાર કપડાં વેચાય છે તે જાણી લે અને તેવાં ખાદીનાં કપડાં તૈયાર કરાવે.

ખાદી ભંડારોએ આ સૂચના વિચારવા જેવી છે. ખાદીને સસ્તી કરવાની અને શહેરના લોકોને રોજી આપવાની એક પદ્ધતિ એ રીતે ઊભી થશે. ખાદી સીવનાર દરજીમાં જો એટલી દેશભક્તિ હોય કે તે બજારભાવ કરતાં કંઈક ઓછી મજૂરી લે તો એથી એ કપડાં માટે જોઈતી ખાદીની કિંમત ઘટશે. કુમારી મીઠુબહેન પિટીટે નકશીકામની કેટલીક તરેહવાર ભાત શોધી કાઢી છે જે તે ખાદી પર ભરી આપે છે અને તેની ઠરાવેલી કિંમત તેના કેટલાક ગ્રાહકો ખુશીથી આપે છે, કારણ કે તેઓ જાણે છે કે એ રીતે તેઓ ખાદીને જ નહીં પણ જે છોકરીઓ આ ખાદી-કામ સિવાયની બીજી કોઈ શુદ્ધ રીતે રોજી મેળવી ન શકત તેમને પણ મદદ કરે છે. બિહાર અને તામિલનાડુમાં મેં એવા દરજીઓ જોયા છે જે માત્ર ખાદી જ સીવે છે. ભણેલાગણેલા લોકો પણ ખાદીની સેવા કરવા માટે અને સાથે સાથે પોતાની પણ સેવા કરવા માટે ખાદી સીવવાનું કામ કેમ શરૂ ન કરે?

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १७-११-१९२७

Gandhi Heritage Portal

## ૧૮૩. નેગોમ્બોમાં ભાષણ

નવેમ્બર ૧૭, ૧૯૨૭

અધ્યક્ષશ્રી અને મિત્રો,

તમારા આ સુંદર અને કલાત્મક માનપત્ર બદલ હું તમારો હૃદયપૂર્વક આભાર માનું છું. હું તમારા આ સુંદર દ્વીપમાં આવ્યો ત્યારથી બધી જગ્યાએ મારા પર પ્રેમ વરસાવવામાં આવ્યો છે અને તમે મને આ મનોહર સ્થાને બોલાવીને અને આ માનપત્ર આપીને એમાં ઉમેરો કર્યો છે. હું આશા રાખું છું કે મારા જે દેશબંધુઓ તમારી વચ્ચે રહે છે તેઓ શાંતિથી અને સંપીને રહેતા હશે. અને જેઓ હિંદુસ્તાનમાંથી આવેલા છે તે લોકોને હું કહું છું કે, તમે પોતાને હિંદુસ્તાનની સંસ્કૃતિ અને પરંપરાના પ્રતિનિધિ ગણજો અને તેમને લાયક બનજો. તમને, આ દ્વીપમાં વસતા ભાઈઓને હું વીનવું છું કે તમે તેમનામાં જ્યારે કોઈ ખામી જુઓ ત્યારે તેમને પોતાના નિકટના પડોશી ગણી તેમની સાથે ખામોશીથી વર્તજો.

મારા ભાષણને અંતે જો મારા જાણવામાં આવશે કે જેમ તમે સહકાર આપીને મારા મિશનને સફળ કર્યું છે તેમ તમે આપસમાં સહકારથી રહેતા આવ્યા છો, તો હું મારી જાતને સુખી અને ભાગ્યશાળી ગણીશ. તમે, સિલોનના આતિથ્યસત્કારપ્રિય લોકો, મારા નમ્ર મિશનની ઉપયોગિતા અને આવશ્યકતા સમજો છો તેથી મને જરાયે આશ્ચર્ય થતું નથી. એથી ઊલટું, જો તમે, સૌ કોઈ સ્વીકારે છે તેમ અડધો ભૂખમરો વેઠી રહેલા લાખો ને કરોડો લોકોનો તીવ્ર પોકાર સાંભળીને પોતાની ફરજ બજાવવાનો પ્રયત્ન ન કર્યો હોત તો મને ઘણું આશ્ચર્ય થાત. તમારા માનપત્ર બદલ ફરીથી એક વાર હું તમારો આભાર માનું છું.

[મૂળ અંગ્રેજી]

સિલોન ડેલી ન્યૂસ, ૧૮-૧૧-૧૯૨૭

## ૧૮૪. કુરુનેગલની જાહેર સભામાં ભાષણ

નવેમ્બર ૧૭, ૧૯૨૭

. . . શ્રી તંબીરાજાએ સિલોનની રાજકીય સ્થિતિનો અને રિફૉર્મ કમિશન પાસેથી તેઓ કેવી અપેક્ષા રાખે છે તેનો ઉલ્લેખ કર્યો છે. હું એ બાબતમાં કોઈ અભિપ્રાય આપું તો અહીં મારો જે આતિથ્યસત્કાર કરવામાં આવ્યો છે તેનો મેં દુરુપયોગ કર્યો ગણાય. તેમ છતાં હું આશા રાખું છું કે આ દેશની અપેક્ષાઓ પૂરી પાડવામાં આવશે અને રૉયલ કમિશન પોતાનું કામ પૂરું કરીને જે નિર્ણયો આપશે તે, લોકો માટે પૂરેપૂરા સંતોષકારક નીવડશે.

એક બીજો સવાલ છે જેને વિશે હું મારા વિચારો છૂટથી વ્યક્ત કરી શકું છું. એ સવાલ દારૂબંધીનો છે. મને જે થોડો સમય મળ્યો તેમાં મેં આંકડાઓનો કંઈક ખ્યાલ મેળવવા પ્રયત્ન કર્યો. અને મને એ જાણીને બહુ દુઃખ થયું કે આ બાબતમાં સિલોનની સ્થિતિ દરિયાપારના એના પડોશીઓ કરતાં સારી નથી. મારા અભિપ્રાય મુજબ જે માણસ દારૂના વ્યસનમાં સપડાયેલો છે તે પશુ કરતાં સારો નથી. સિલોનના મદ્યનિષેધ સંઘને હું સંપૂર્ણ સફળતા ઇચ્છું છું અને આશા રાખું છું કે સિલોન પૂરેપૂરું શરાબમુક્ત ન બને ત્યાં સુધી સંઘના સભ્યોને સંતોષ નહીં થાય. એક બીજી વસ્તુ છે જેને વિશે હું કંઈક કહેવા ઇચ્છું છું. મને કહેવામાં

Gandhi Heritage Portal

આવ્યું છે કે આ દ્વીપમાં અમુક જ્ઞાતિની ઊંચવર્ણની સ્ત્રીઓને કમરથી ઉપરનાં કપડાં પહેરવાની છૂટ નથી અપાતી. હું આશા રાખું છું કે અહીં બેઠેલી બહેનો, કોઈ પણ સ્ત્રીને પોતે ઇચ્છે તેવાં કપડાં પહેરતાં અટકાવવામાં આવે તેને અંગત અપમાન ગણશે. છેવટે, હું આશા રાખું છું કે આ દેશના લોકો હિંદુસ્તાનમાં બનતું કાપડ ખરીદીને હિંદુસ્તાનમાં ભૂખે મરતા પોતાના પડોશીઓને મદદ કરશે.

[મૂળ અંગ્રેજી]

સિલોન ડેલી ન્યૂસ, ૧૮–૧૧–૧૯૨૭

## ૧૮૫. માટલેની જાહેર સભામાં ભાષણ

નવેમ્બર ૧૮, ૧૯૨૭

તમે આ માનપત્રો અને ઉદાર દિલે થેલીઓ આપી તે બદલ હું તમારો આભાર માનું છું.

તમે તમારાં માનપત્રોમાં મારી પત્નીનો પણ ઉલ્લેખ કર્યો છે. પણ તમને જણાવતાં મને દુ:ખ થાય છે કે આજે તે મારી સાથે અહીં નથી. વાત એમ છે કે અમે સિલોનમાં જે પ્રવાસ ખેડી રહ્યાં છીએ તે તમારી પાસેથી માન પ્રાપ્ત કરવા માટે નહીં પણ માત્ર એવા એક કામ માટે છે કે જે મેં હિંદુસ્તાનના કરોડો લોકોને મદદ કરવા માટે હાથમાં લીધું છે. હકીકતમાં, ગઈ રાત્રે એક સજ્જને ભૂલ કરી હતી તેમ લોકો ઘણી વાર મારી પત્નીને મારી મા માનવાની ભૂલ કરી બેસે છે. મારે માટે, અને હું આશા રાખું છું કે મારી પત્નીને માટે પણ, એ ક્ષંતવ્ય ભૂલ છે એટલું જ નહીં, પણ આવકારદાયક ભૂલ છે. કેટલાંયે વરસથી, અમારી પરસ્પરની સંમતિથી તે મારી પત્ની રહી નથી. લગભગ ચાળીસ વર્ષ પહેલાં હું માવિહોણો થયો અને લગભગ ત્રીસ વરસથી તે મારી મા, મિત્ર, પરિચારિકા, રસોઇયણ, દાસી અને એવું બધું કામ કરનાર બની છે. જો આજે સવારના પહોરમાં તે સન્માનમાં ભાગ લેવા મારી સાથે આવી હોત તો હું જમ્યા વગર રહેત. અને મારાં કપડાં અને બીજી નાનીમોટી સગવડો વિશે કોઈએ ધ્યાન ન આપ્યું હોત. એટલે અમે એવી સમજૂતી કરી છે કે માન બધું હું લઉં અને ઊઠવેઠ બધી તે કરે. હું તમને ખાતરી આપું છું કે તમે તેને વિશે જે પ્રશંસાત્મક વાતો કહી છે તે કોઈ સહકાર્યકર્તા તેને જરૂર પહોંચાડશે. અને હું આશા રાખું છું કે મેં કરેલો ખુલાસો તમે તેની ગેરહાજરીનું પૂરતું કારણ માનીને સ્વીકારી લેશો.

એક મામૂલી અંગત ખુલાસો કરવામાં તમારો આટલો બધો સમય લીધો તે માટે મને માફ કરશો. પણ મારી સામે બેઠેલા ભાઈઓ અને ખાસ કરીને બહેનો જો એ ખુલાસાની ગંભીર બાજુ સમજશો અને તેના રહસ્યની કદર કરશો તો, તમે બધાં વધુ સુખી થશો એ વિશે મને શંકા નથી.

જે ભૂમિ બુદ્ધની ભાવનાથી ઓતપ્રોત છે ત્યાંના લોકોનું એ હકીકત તરફ ધ્યાન ખેંચવાની જરૂર ન હોય કે જીવન આનંદપ્રમોદ કરવા અને અધિકારો ભોગવવા માટે નથી પણ સેવા કરવા માટે અને ફરજ બજાવવા માટે છે.

સાંસારિક સુખો પર અનેક જાતનાં નિયંત્રણ મૂકવાની આવશ્યકતાનું ભાન એ જ વાસ્તવમાં મનુષ્યને પશુથી અલગ પાડનારી વસ્તુ છે.

Gandhi Heritage Portal

તેથી મને એ જોઈને આશ્ચર્ય થાય છે કે બુદ્ધની આ ભૂમિમાં લોકો, દેશના બીજા ભાગોની પેઠે જ દારૂના વ્યસનમાં પડેલા છે.

આ દ્વીપના આંકડાઓનો અભ્યાસ કરતાં મેં જોયું કે રાજ્યની મહેસૂલી આવકમાં સારો-સરખો ભાગ દારૂની આવકનો છે. વળી મને એ જાણીને વધુ આઘાત લાગ્યો કે અહીં પણ હિંદુસ્તાનની જેમ શરાબની આદત, શરમની કે અપ્રતિષ્ઠાની વસ્તુ ગણાતી નથી.

તમે જાણો છો કે હું એ દેશમાંથી આવું છું જ્યાં ગૌતમે જન્મ લીધો, જ્યાં તેમને જ્ઞાન થયું અને જ્યાં તેમણે જીવન વ્યતીત કર્યું. સિલોનના બૌદ્ધ ધર્મના વિદ્વાનો ગમે તે કહે, તમે મારી પાસેથી જાણી લો કે આ શરાબખોરી બુદ્ધની ભાવનાથી તદ્દન વિરુદ્ધ છે. આ દેશમાં હિંદુ ધર્મ, ખ્રિસ્તી ધર્મ અને ઇસ્લામમાં માનનારા લોકો મોટી સંખ્યામાં છે તેથી હું તમને કહું છું કે હિંદુ ધર્મમાં દારૂ પીવો એ પાપ છે; હું જાણું છું કે ઇસ્લામમાં પણ એ એટલી જ ઘૃણાસ્પદ વસ્તુ ગણાય છે. એ કબૂલ કરતાં મને દુઃખ થાય છે કે ખ્રિસ્તી ધર્મ પાળતા યુરોપમાં દારૂને અપ્રતિષ્ઠિત વસ્તુ ગણવામાં આવતી નથી. પણ મને કહેતાં આનંદ થાય છે કે હજારો નહીં તો, સેંકડો લોકો જેમની મિત્રતા માણવાનો મને લહાવો મળ્યો છે તેમણે મને ખાતરી-પૂર્વક કહ્યું છે કે યુરોપમાં મદ્યપાનની આ આદત ઈશુ ખ્રિસ્તની ભાવનાથી તદ્દન વિપરીત છે.

હું અમેરિકાના ખ્રિસ્તીઓના નિકટના સંપર્કમાં છું. તમે જાણો છો કે અમેરિકામાં આ લોકો દારૂની બદી સામે કેવા બહાદુરીપૂર્વક લડી રહ્યા છે. તેથી હું તમને સૌને, તમે બૌદ્ધ હો, હિંદુ હો, ખ્રિસ્તી હો કે મુસલમાન હો, આદરપૂર્વક આગ્રહ કરું છું કે આ દેશને દારૂના શાપમાંથી મુક્ત કરવાના મહાન પ્રયાસમાં એકત્ર થાઓ.

ઠંડા દેશોમાં દવા તરીકે દારૂની જરૂરિયાત વિશે ગમે તે કહેવામાં આવતું હોય, આ સમ-શીતોષ્ણ કટિબંધમાં તો દારૂ પીવાનું કશું કારણ નથી એ સૌ કોઈ કબૂલ કરે છે.

બીજી જે એક વસ્તુ વિશે હું તમારું ધ્યાન ખેંચવા ઇચ્છું છું તે છે બુદ્ધ ધર્મ જેવા દુનિયામાં સૌથી ઉદાર ધર્મમાં અસ્પૃશ્યતાનું અસ્તિત્વ. હું ઇચ્છું છું કે તમે તરત જ એવું જાહેર કરવાનાં પગલાં લો કે તમારામાંનો દરેક જણ દરજ્જામાં બાકીના બધા સાથે સમાન છે. જ્યાં સુધી એક પણ માણસને તમે અસ્પૃશ્ય ગણો છો ત્યાં સુધી તમે બૌદ્ધ ધર્મનો ઇનકાર કરો છો, માનવતાનો ઇનકાર કરો છો.

અંતમાં, તમે મારા કાર્ય પ્રત્યે સહાનુભૂતિ બતાવી છે, એટલે હું તમને, તમારાં કપડાં આ સુંદર દ્વીપમાં જ તૈયાર ન થાય ત્યાં સુધી ખાદીનું જ કાપડ ખરીદીને તમારી સહાનુભૂતિ વધારવા વિનંતી કરું છું.

મારા નાઈ મિત્રોએ પણ મને માનપત્ર અને થેલી આપી છે. ભૂખે મરતા લાખો માણસો પ્રત્યે સહકાર્યકર્તાઓએ પ્રદર્શિત કરેલી આ સહાનુભૂતિથી હું ઘણો પ્રભાવિત થયો છું. જેમની પાસે બે પૈસા છે તેઓ જો ગરીબ લોકોનો હમેશાં ખ્યાલ રાખશે તો મને ઘણો આનંદ થશે.

માનપત્રો અને થેલીઓ બદલ હું ફરીથી એક વાર તમારો આભાર માનું છું.

[મૂળ અંગ્રેજી]

विथ गांधीजी इन सिलोन, પા. ૭૦-૨



Gandhi Heritage Portal

# ૧૮૬. કૅન્ડીની ધર્મરાજ કૉલેજમાં ભાષણ

નવેમ્બર ૧૮, ૧૯૨૭

મારું એ સદ્ભાગ્ય છે કે હું દુનિયાના કોઈ પણ ભાગમાં જ્યાં જ્યાં ગયો છું ત્યાં મને અજાણ્યું નથી લાગ્યું, ઘર જેવું લાગ્યું છે અને મેં જોઈતી સગવડ મેળવી લીધી છે. જો હું એમ ન કરી શક્યો હોત તો કદાચ હું ઘણા વખત પહેલાં, ફરજિયાત આપઘાત કર્યા વગર જ મૃત્યુ પામ્યો હોત. પણ હું જ્યારે મારા પારસી મિત્રોને જોઉં છું ત્યારે તો મને બેવડું ઘરવટ જેવું લાગે છે અને ઘણો આનંદ થાય છે. આ વસ્તુ ખરેખર તમે સમજી શકો એમ નથી. તમને એમ પણ લાગશે કે હું મજાક કરું છું. આ મજાક નથી, ગંભીર વાત છે; કારણ કે દક્ષિણ આફ્રિકામાં અને હિંદુસ્તાનમાં પારસીઓ સાથે મારે નિકટનો સંબંધ રહ્યો છે અને વ્યક્તિગત રીતે મને તેમની પાસેથી એકલો પ્રેમનો જ ખજાનો મળ્યો છે. હમણાં પણ, બેશક, તમને ખબર નહીં હોય પણ તમને કહેતાં મને ઘણો આનંદ થાય છે કે મારા કેટલાક સારામાં સારા કાર્યકર્તાઓ પારસી છે, જેમાં હિંદના દાદાની ત્રણ પૌત્રીઓનો સમાવેશ થાય છે. પણ મારે મારી અંગત અને કૌટુંબિક વાતોમાં તમારો સમય ન લેવો જોઈએ. તમારી આ થેલી બદલ હું તમારો ઘણો જ આભાર માનું છું. અને મને અહીં આવવાની તક મળી એથી ઘણો આનંદ અનુભવું છું.

થોડી વાર પહેલાં મેં ટ્રિનિટી કૉલેજના વિદ્યાર્થીઓને કહ્યું છે તેમ તમારા શિક્ષણની રચના જો સત્ય અને ચારિત્ર્યશુદ્ધિના સંગીન પાયા પર નહીં થઈ હોય તો તે તદ્દન નકામું છે. તમે છોકરાઓ, જો તમારા જીવનની અંગત પવિત્રતા પ્રત્યે ધ્યાન નહીં આપો, જો તમે મનસાવાચા-કર્મણા શુદ્ધ બનવા કાળજી નહીં રાખો તો હું તમને કહું છું કે તમારું જીવન વ્યર્થ છે, ભલે પછી તમે દરેક રીતે સારા વિદ્વાન બની જાઓ.

મને તમારું ધ્યાન એક વસ્તુ પ્રત્યે ખેંચવાનું કહેવામાં આવ્યું છે. પવિત્રતા, સૌથી પહેલાં, પવિત્ર હૃદય ધરાવવામાં રહેલી હોય છે, પણ હૃદયમાં જે કંઈ હોય છે તે વાસ્તવમાં બહાર પણ આવી જાય છે અને બાહ્ય કર્મ અને બાહ્ય વર્તનમાં પ્રગટ થાય છે. જે છોકરો પોતાનું મુખ પવિત્ર રાખવા માગતો હશે તે કદી અપશબ્દ નહીં બોલે. બેશક, એટલી વાત તો તદ્દન સ્પષ્ટ છે. પણ તે પોતાના મોંમાં એવી કોઈ વસ્તુ પણ નહીં મૂકે જે તેની બુદ્ધિને કલુષિત કરે, તેના મનને કલુષિત કરે અને તેના મિત્રોને પણ હાનિ પહોંચાડે.

હું જાણું છું કે કેટલાક છોકરાઓ બીડી પીએ છે અને સિલોનમાં તમે કદાચ આ બાબતમાં બ્રહ્મદેશના છોકરાઓ જેટલા જ ખરાબ છો. જોકે ધૂમ્રપાનની આ બૂરી આદતને સંબંધ છે ત્યાં સુધી દરેક જગ્યાએ છોકરાઓ બગડતા જાય છે. અલબત્ત, કદાચ તમે જાણતા હશો કે, પારસીઓને ખરી કે ખોટી રીતે અગ્નિપૂજક કહેવામાં આવે છે, અને તેઓ સૂર્યમાં ઈશ્વરનાં દર્શન કરે છે, જે કેવળ અગ્નિદેવ જ છે. છતાં તેઓ તમારા કરતાં વધુ અગ્નિપૂજક નથી. તમારામાંના કેટલાક સારા પારસીઓ કદી ધૂમ્રપાન કરતા નથી અને જ્યારે તમારી દેખરેખ નીચે અમુક સંખ્યામાં છોકરાઓ હોય ત્યારે તમે એવી કાળજી લો છો કે તેઓ ધૂમ્રપાન કરીને પોતાનું મોઢું ન બગાડે.

Gandhi Heritage Portal

તમારામાંથી કોઈ ધૂમ્રપાન કરતા હો તો હવેથી એ બૂરી આદત છોડી દેજો. ધૂમ્રપાનથી શ્વાસ ગંધાય છે. એ ધૃણાજનક આદત છે. બીડી પીનાર ગાડીના ડબ્બામાં બીડી પીએ છે ત્યારે એટલો પણ વિચાર નથી કરતો કે તેની આસપાસ કદી પણ બીડી નહીં પીનારાં સ્ત્રી-પુરુષો બેઠેલાં છે અને તેના મોઢામાંથી નીકળતી દુર્ગંધથી તેમને ત્રાસ થશે.

બીડી દૂરથી તો નાની વસ્તુ દેખાય છે, પણ તેનો ધુમાડો જ્યારે મોઢામાં જઈને બહાર આવે છે ત્યારે તે ઝેરી બની ગયેલો હોય છે. ધૂમ્રપાન કરનારાઓ પોતે ક્યાં થૂંકે છે તેની પણ દરકાર કરતા નથી.

અહીં ગાંધીજીએ, તમાકુ પીવાની આદતની અસર દારૂ કરતાં પણ કેટલી બધી બૂરી છે તે સમજાવવા માટે, ટૉલ્સ્ટૉયની એક વાર્તા કહી આગળ ચલાવ્યું:

ધૂમ્રપાનથી બુદ્ધિ બહેર મારી જાય છે અને એ બૂરી આદત છે. તમે દાક્તરોને પૂછો, અને જો તેઓ સારા દાક્તરો હશે તો, તેઓ તમને કહેશે કે ઘણા દાખલામાં કૅન્સરનું કારણ ધૂમ્રપાન જણાયું છે, અથવા ઓછામાં ઓછું તેના મૂળમાં ધૂમ્રપાન હોય છે.

બીડી પીવાની કશી જરૂર નથી, પછી એ પીવી શા માટે? એ કંઈ ખોરાક નથી. તેમાં કશો આનંદ નથી, સિવાય કે પહેલી વાર કોઈકના સૂચવવાથી એમાં આનંદ જણાય છે.

છોકરાઓ, જો તમે સારા છોકરાઓ હો, જો તમે તમારા શિક્ષકો ને માબાપોના આજ્ઞાંકિત હો તો બીડી પીવાનું છોડો અને એનાથી જે બચત થાય તે હિંદુસ્તાનના ભૂખે મરતા લાખો લોકો માટે મને મોકલી દો.

[મૂળ અંગ્રેજી]

વિથ ગાંધીજી ઇન સિલોન, પા. ૭૫-૭૭

## ૧૮૭. કૅન્ડીમાં મ્યુનિસિપાલિટીના માનપત્રના જવાબમાં ભાષણ

નવેમ્બર ૧૮, ૧૯૨૭

અધ્યક્ષશ્રી અને મિત્રો,

હું દિલગીર છું કે મારો અવાજ થોડા જ મહિના પહેલાં હતો તેવો રહ્યો નથી. હવે મારો અવાજ લાંબે સુધી પહોંચતો નથી, એટલે જેઓ હૉલને છેડે બેઠા છે તેઓ મને સાંભળી ન શકે તો, હું આશા રાખું છું કે, તેઓ મને મારી શારીરિક અશક્તિ માટે માફ કરશે. તમારી સમક્ષ ઊભા રહીને બોલવાની મારી શારીરિક અશક્તિ માટે પણ તમારી માફી માગવાની જરૂર છે કે કેમ તે મને સમજાતું નથી. તમે મને જે માનપત્ર આપ્યું છે અને તેમાં મારા દેશની અને સામાન્ય માનવજાતની મેં કરેલી સેવાઓનો ઉલ્લેખ કર્યો છે તે બદલ હું તમારો અંત:કરણપૂર્વક આભાર માનું છું. આ પ્રાચીન નગર વિશે અને એના નાગરિકો જે મુશ્કેલીઓ વેઠી રહ્યા છે તે વિશે આજે હું કંઈક વાંચતો હતો. એ વાંચીને મારું મન દુ:ખ અને ખેદથી ભરાઈ ગયું. મેં એ પુસ્તિકા હજી પૂરી કરી નથી, પણ અહીંના નાગરિકો જે મુશ્કેલીઓ વેઠી રહ્યા છે તે સમજવા માટે જેટલું વાંચ્યું છે તેટલું પૂરતું છે. શ્રોતાજનો મારફત હું તમને એટલું જ કહી

Gandhi Heritage Portal

શકું કે તેમના પ્રત્યે મારી પૂરેપૂરી સહાનુભૂતિ છે. હું આશા રાખું છું કે તમારી તમામ શુભેચ્છાઓ ફળીભૂત થશે.

મેં કોલંબોમાં કહ્યું હતું તેમ હું નગરસેવાને ચાહનારો છું. હું માનું છું કે નગરની સેવા એ એક વિશેષાધિકાર છે, અને એક કર્તવ્ય છે જે સ્ત્રી કે પુરુષ, દરેક નાગરિકે પોતાની શક્તિ પ્રમાણે બજાવવું જોઈએ. એ સેવા નગરપાલિકાના સભ્ય થયા સિવાય કરી શકાય. નગરપાલિકાના સભ્ય ચૂંટાવાનું દરેકના ભાગ્યમાં હોતું નથી. હું નથી માનતો કે તમે સિલોનના લોકો, હિંદના લોકો કરતાં જુદા છો અને તેથી મને ડર છે કે હિંદની જેમ અહીં પણ નગરપાલિકાઓમાં સભ્યપદ મેળવવાની આશા સેવવામાં આવે છે અને એમ હોય તો આ વિચારમાંથી જેટલા વહેલા મુક્ત થઈએ તેટલું આપણે માટે સારું છે.

અહીં કોઈ ગંદા લત્તા છે કે નહીં તેની મને ખબર નથી. મને ડર છે કે ગંદા લત્તા તો હશે જ. પણ જેઓ નગરપાલિકાના સભ્યો છે તેમની ફરજ ધનિક નાગરિકો કરતાં ગરીબ નાગરિકો પ્રત્યે વધુ છે. મને મુંબઈ, કલકત્તા, અલ્લાહાબાદ અને હિંદનાં લગભગ બધાં મુખ્ય શહેરોની નગરપાલિકાઓનો અનુભવ છે અને મેં જોયું છે કે જે લોકો શક્તિશાળી ને સમૃદ્ધ હોય છે તેમને નગરપાલિકાની સેવાઓ યોગ્ય રીતે અને તરત મળી જાય છે; પણ એથી ઊલટું, ગરીબમાં ગરીબ લોકો પ્રત્યે ભાગ્યે જ ધ્યાન આપવામાં આવે છે. હિંદનાં બધાં જ શહેરોમાં એવી જ સ્થિતિ છે એમ કહું તો મારી ભૂલ ગણાય. પરંતુ નગરપાલિકાના કોઈ સભ્યોએ સૌથી ગરીબ લોકોની સેવાને પોતાની ફરજ માની નથી. મારે એ પણ કહેવું જોઈએ કે આ સ્થિતિમાં સુધારો થઈ રહ્યો છે, પણ સુધારાની ગતિ અતિશય ધીમી છે.

હું એમ કહેવાની હિંમત કરું છું કે સિલોનમાં તમે લોકો અમારા હિંદુસ્તાનના લોકો કરતાં ઘણા સુખી છો, કારણ કે તમારે ત્યાં વિશાળ માનવસમૂહ સાથે કામ પાડવાનું નથી. પ્રાકૃતિક સૌંદર્ય અથવા આબોહવામાં તમારો દેશ કોઈ પણ દેશ કરતાં ઊતરતો નથી. તમારે ત્યાં પ્લેગ અથવા પ્લેગનો ભય હોવાનું કશું કારણ નથી. દક્ષિણ આફ્રિકાનો મને મારા પોતાના દેશ કરતાં વધુ પરિચય છે, — ત્યાંની કેટલીક નગરપાલિકાઓની જેમ તમે પણ એવી બીમારીઓથી મુક્ત રહી શકો. હું જોઉં છું કે કેપની નગરપાલિકાઓની પેઠે અહીંની નગરપાલિકાઓ પણ પોતાનાં સ્થાનોની જાહેરાત કરવાનું અને દુનિયાના બધા ભાગોમાંથી લોકોને આકર્ષવાનું કામ કરે છે. તેઓ પોતાનાં શહેરોને સૌંદર્યધામ બનાવીને તેમની જાહેરાત કરે છે અને તમારું આ નગર તો સૌંદર્યમાં કેપટાઉનથી પણ ચડી જાય એવું છે.

સિલોનમાં ચારે બાજુ હું જે પ્રાકૃતિક સૌંદર્ય જોઉં છું તે દુનિયાના કોઈ પણ દેશ કરતાં ઊતરતું નથી. આ સૌંદર્યમાં, માણસથી થઈ શકે તેટલો બધો પ્રયત્ન કરીને ઉમેરો કરો તો જરૂર તમે આ સુંદર સ્થાનની જાહેરાત કરી શકો અને દુનિયાના તમામ ભાગોમાંથી લોકોને આકર્ષી શકો. અને તેમાં તેમને અને તમને પોતાને ઘણો લાભ થાય.

ભગવાન બુદ્ધનો ઉપદેશ ગ્રહણ કરનાર આ દ્વીપમાં (તમને) ઘણું શીખવાનું મળશે. તમારો મહાન ધર્મ દુનિયાના કોઈ ધર્મથી ઊતરે એવો નથી. એ એવો ધર્મ છે જે ઉદાત્ત વ્યક્તિને વધુ ઉદાત્ત બનાવે છે. આ ધર્મમાં માનનારાઓની સંખ્યા દુનિયામાં સૌથી વધુ છે. પણ તમારો ધર્મ આજે બહુ સારી સ્થિતિમાં નથી, કારણ કે તમે પ્રયત્ન કરતા નથી. એવો પ્રયત્ન કરવાની તમારી ફરજ છે.

Gandhi Heritage Portal

આ સુંદર સ્થાનને નાનકડું સ્વર્ગ બનાવો. એ કરતાં વધારે સારી શરૂઆત તમારે માટે બીજી કઈ હોઈ શકે? માનપત્ર બદલ હું તમારો ફરીથી આભાર માનું છું.

[મૂળ અંગ્રેજી]

सिलोन डेली न्यूस, १९–११–१९२७ तथा विथ गांधीजी इन सिलोन

## ૧૮૮. કૅન્ડીની જાહેર સભામાં ભાષણ

નવેમ્બર ૧૮, ૧૯૨૭

આ બધાં સુંદર માનપત્રો, માનપત્રોની કીમતી પેટીઓ અને અનેક થેલીઓ બદલ હું તમારો આભારી છું.

મેં એવી આશા રાખી હતી કે હું તમારી સમક્ષ કંઈક વિસ્તારપૂર્વક બોલી શકીશ, પરંતુ આ સભા માટે નક્કી થયેલી સાઠ મિનિટોમાંથી ચાળીસથી વધુ મિનિટ ભેટો આપવામાં અને માનપત્રો વાંચવામાં ચાલી ગઈ છે.

હું તમારા આ સુંદર દ્વીપમાં આવી શકયો તેથી મને ઘણો જ આનંદ થયો છે. તમારી વચ્ચે મેં જે થોડા કલાક ગાળ્યા તેમાં મને કૅન્ડીના લોકોની કેટલીક મુસીબતો અને દુ:ખો વિશે જાણવાનું મળ્યું છે. હું ઇચ્છું છું કે હું માત્ર શાબ્દિક સહાનુભૂતિ બતાવવા કરતાં કંઈક વિશેષ કરી શકું. પરંતુ જે પરિસ્થિતિ છે તેમાં તમને મારી હાર્દિક સહાનુભૂતિની ખાતરી આપીને અને તમારાં દુ:ખો કોઈ રીતે દૂર થાઓ, એવી પ્રાર્થના કરીને સંતોષ માનવો રહ્યો.

તમારા એક માનપત્રમાં તમે, બુદ્ધ ગયા તમને પાછું આપવામાં આવે તે માટે કંઈક કરવા મને કહો છો. હું તમને ખાતરી આપું છું કે એ મિલકત તમને પાછી અપાવવા માટે હું મારાથી બનતું બધું કર્યા વગર નહીં રહું. (હર્ષનાદ) પણ તમારી તાળીઓ યથાર્થ છે એવું હું માની શકતો હોત તો કેવું સારું! કારણ, મને ડર છે કે મારા બધા પ્રયત્નો છતાં તમને મદદ કરવાની મારી શક્તિ તમે કલ્પતા લાગો છો તેના કરતાં ઘણી ઓછી છે.

તેથી હું તમને સાવધ કરવા માગું છું કે મારી ખાતરી પર બહુ આશા ન બાંધશો અને તમારો અધિકાર સાબિત કરવા માટે તમારા પ્રયત્નોને બિલકુલ ઢીલા પડવા ન દેશો.

મેં આશા રાખી હતી કે હું તમને રેંટિયાના સંદેશા વિશે વાત કરી શકીશ, કારણ કે એ તમને પણ લાગુ પડે છે. પણ મને લાગે છે કે જે થોડી મિનિટનો સમય રહ્યો છે તે તમારી સમક્ષ પડેલા વધુ ગંભીર અને વધુ તાકીદના પ્રશ્નોને આપવાની મારી ફરજ છે.

મેં સાંભળ્યું છે અને મને એ જાણીને દુ:ખ થયું છે કે તમારામાં, બુદ્ધ ભગવાનના અનુયાયીઓમાં પણ, અસ્પૃશ્યતા કડકાઈથી પાળવામાં આવે છે. હું તમને ખાતરી આપું છું કે એ વાત બુદ્ધની ભાવનાથી સાવ વિરુદ્ધ છે. હું બૌદ્ધોને અને હિંદુઓને આગ્રહ કરું છું કે તેઓ સમાજને આ શાપથી મુક્ત કરે.

દુનિયાના બીજા ભાગોમાં છે તેમ તમારામાં મદ્યપાનનો શાપ પણ પ્રચલિત છે. હું જાણું છું ત્યાં સુધી શરાબખોરી દુનિયાના બધા મહાન ધર્મોની ભાવનાની વિરુદ્ધ છે અને બૌદ્ધ ધર્મની ભાવનાથી તો એ નિશ્ચિત રીતે વિરુદ્ધ છે.

Gandhi Heritage Portal

હું સમજું છું કે સ્થાનિક દારૂબંધી દાખલ કરવાનો તમને વૈકલ્પિક અધિકાર છે. હું તમારો કિનારો છોડીને જઈશ ત્યારે મને એ જાણીને ખૂબ આનંદ થશે કે આ સુંદર દ્વીપને દારૂના શાપમાંથી મુક્ત કરવા માટે તમે એ સ્થાનિક વૈકલ્પિક અધિકારનો પૂરેપૂરો ઉપયોગ કરી રહ્યા છો.

મને એ જાણીને દુઃખ થયું કે જાગીરો અને બગીચાઓ સ્થાનિક વૈકલ્પિક અધિકાર હેઠળ આવતા નથી. હું આશા રાખું છું કે મને આપવામાં આવેલી માહિતી સાચી નથી. પણ એ માહિતી સાચી હોય કે ખોટી, મને આશા છે કે મારો અવાજ કોઈક રીતે, જેમની અદ્ભુત સમૃદ્ધિનો આધાર મજૂરો પર છે એવા મોટા બગીચામાલિકોને પહોંચશે અને તેઓ પોતાને મજૂરોના કલ્યાણના ટ્રસ્ટી ગણશે. હું તેમને આદરપૂર્વક કહું છું કે મજૂરોનાં શરીર અને આત્મા પણ તેમના હવાલામાં છે. એટલે તેમના સામાજિક કલ્યાણમાં અંગત રસ લેવાની તેમની ફરજ છે. હું માનું છું કે મજૂરો સામે શરાબના રૂપમાં પ્રલોભનો નહીં મૂકવાની જ નહીં પણ તેમને ખોટી ટેવોમાંથી છોડાવવાની પણ તેમની ફરજ છે.

હું જોઉં છું કે આ સભા માટે નક્કી થયેલો સમય પૂરો થયો છે. એટલે કેન્ડીના લોકોએ મારા પ્રત્યે જે અત્યંત ભલી લાગણી બતાવી છે તે બદલ એક વાર ફરીથી તેમનો આભાર માનીને હું મારું ભાષણ સમાપ્ત કરું છું.

[મૂળ અંગ્રેજી]

विथ गांधीजी इन सिलोन, પા. ૭૭-૮

## ૧૮૯. બાદુલ્લાની જાહેર સભામાં ભાષણ

નવેમ્બર ૧૯, ૧૯૨૭

અધ્યક્ષશ્રી અને મિત્રો,

તમારા માનપત્ર અને થેલી બદલ હું તમારો આભાર માનું છું. તમારા આ સુંદર દ્વીપમાં આવતાં મને ઘણો જ આનંદ થયો છે.

હું મારી સમક્ષ નજીકના બગીચાઓમાંથી આવેલા હજારો મજૂરોને જોઉં છું. મને તમારી વચ્ચે આવીને તમે જે વાતાવરણમાં રહો છો તે તથા તમારાં રહેઠાણો અને તમારી રહેણીકરણી વગેરે જોવાનો સમય હોત તો કેવું સારું! તમને બધાને કદાચ ખબર નહીં હોય કે મારા જીવનનાં લગભગ ત્રીસ વરસ મજૂરોની વચ્ચે અથવા તેમના નિકટના સંપર્કમાં વીત્યાં છે અને તેથી તમારી વચ્ચે થોડા દિવસ ગાળવામાં અને તમારી જરૂરિયાતો અને આકાંક્ષાઓ સમજવામાં મને ઘણો જ આનંદ થાત. પણ હું આશા રાખું છું કે જે કારણે હું તમારી વચ્ચે આવીને થોડો વખત નથી રહી શકતો તે કારણને તમે પૂરતું દરગુજર કરવા લાયક ગણશો.

કારણ એ છે કે અત્યારે હું હિંદના એવા કરોડો લોકોના સ્વનિયુક્ત પ્રતિનિધિ તરીકે પ્રવાસ ખેડી રહ્યો છું કે જેમની સ્થિતિ તમારામાંના કોઈ પણ માણસ કરતાં બૂરી છે. મને ભેટ અપાતી તમે જોયેલી આ થેલીઓ તેમને માટે આપવામાં આવી છે.

આ થેલીનો એક એક રૂપિયો ૧૬ સ્ત્રીઓને તેમના પોતાના ઘરમાં ઓછામાં ઓછું એક દિવસ કામ આપવામાં ખર્ચાશે. આ ભાઈબહેનો એવાં છે જે અડધો ભૂખમરો વેઠે છે છતાં

Gandhi Heritage Portal

પોતાનાં ઘર કે ખેતર છોડી શકતાં નથી. જે પૈસા આખા વરસ દરમ્યાન એકઠા કરવામાં આવે છે તેમાંથી દર વરસે ૫૦,૦૦૦ સ્ત્રીઓને રેંટિયા ઉદ્યોગ મારફત તેમના પોતાના ઘરમાં મદદ કરવામાં આવે છે.

આ કાંતનારાંની પાછળ કેટલાય હજાર વણકરો, રંગરેજો, છીપાઓ, ધોબીઓ વગેરેને પણ મદદ આપવામાં આવે છે, જેઓ આ રેંટિયાનો પુનરુદ્ધાર ન થયો હોત તો બેકાર હોત.

આ કામ અખિલ હિંદ ચરખા સંઘ નામની અખિલ હિંદ સંસ્થા મારફત કરવામાં આવે છે. એમાં અનેક આત્મભોગ આપનારા લોકો છે જેઓ કાં તો કરોડપતિઓના પુત્રો છે અથવા જેમની યોગ્યતા અને પ્રામાણિકતા સ્વયંસિદ્ધ છે.

આ કામ માટે હું ધનિક લોકો પાસેથી ખુશીથી પૈસા એકઠા કરું છું, પણ મને મારી સમક્ષ બેઠેલા તમારા જેવા ગરીબ માણસો પાસેથી પૈસા એકઠા કરતાં ઘણો આનંદ થાય છે. ખુશીથી આપવામાં આવેલો દરેક પૈસો ધનિક માણસ પાસેથી મળેલા એક કે દસ રૂપિયાની નોટ જેટલો જ આવકાર્ય છે.

હું જાણું છું કે જેમણે અહીં હાજરી આપીને આ પ્રસંગને શોભાવ્યો છે એવા તમારામાંથી ઘણાને આ ફંડમાં ફાળો આપવાની તક જ આપવામાં આવી નથી. જો મારું અનુમાન સાચું હોય અને તમારામાંના ઘણાએ ફાળો ન આપ્યો હોય તો તમે સભામાંથી જાઓ તે પહેલાં તમે ઇચ્છો તેટલો ફાળો આ કામ માટે આપવા હું તમને વિનંતી કરું છું.

તમને જણાવતાં મને આનંદ થાય છે કે હું પ્રેક્ષકોને અપીલ કરી રહ્યો છું તે જ વખતે એક ભાઈએ દેખીતી રીતે જ પોતાના ખિસ્સામાંના બધા પૈસા મને મોકલી દીધા છે, જે આઠ રૂપિયા અને ઉપર થોડા પૈસા છે.

પણ એક વધુ ગંભીર વસ્તુ વિશે હું તમારું ધ્યાન દોરવા ઇચ્છું છું. તે એ છે કે તમારે આ ભૂખે મરતા કરોડો લોકો સાથે, આ ફંડમાંથી તેમણે પેદા કરેલી ખાદી પહેરીને, જીવંત સંબંધ બાંધવો જોઈએ. હું જે ખાદી તૈયાર કરું તેના ઘરાક નહીં મળે તો આ બધા પૈસા સાવ નકામા જશે. હું જોઉં છું કે મારી અપીલનો જવાબ મળવો શરૂ થઈ ગયો છે. અને જો તમારામાંનો દરેક જણ પોતાનો હાથ ખિસ્સામાં નાખે અને જેઓ પૈસા ઉઘરાવી રહ્યા છે તેમના તરફ નજર રાખે અને મારા તરફ કાન રાખે તો હું જે સંદેશો તમને હમણાં આપવાનો છું તે સહેલાઈથી આપી શકીશ.

એક મહત્ત્વની વસ્તુ વિશે હું તમારી સાથે ચર્ચા કરવા માગું છું. આજે સવારે પશ્ચિમના એક મિત્રે મને કહ્યું કે અહીં સેંકડો હાથસાળ ચાલતી હતી, અને તેમણે દિલગીરીપૂર્વક કહ્યું કે પરદેશી કાપડ અને પરદેશી સૂતરની આયાતને કારણે આ બધી સાળો ફાજલ પડી છે અને આ પુરાણો ઉદ્યોગ આ જિલ્લામાંથી નાશ પામ્યો છે.

મેં એ ભાઈને કહ્યું છે કે જો તેમને કપાસ પીલવાથી માંડીને કાંતવા સુધીની બધી પ્રક્રિયાઓ શીખવવા માટે કોઈ નિષ્ણાતની મદદ જોઈતી હોય તો તે તેમને સિલોનમાં જ મળી શકે તેમ છે. કોલંબોની પાસે એક કુટુંબ છે જેણે બધી જ પ્રક્રિયાઓ શીખી લીધી છે અને તે પોતાનું કાપડ કપાસમાંથી તૈયાર કરી લે છે.

આ સુંદર દ્વીપમાં પુરુષો ને સ્ત્રીઓ ખરેખર ગરીબ હોય તો બેશક, તમે પોતે કાંતેલા ને વણેલા કાપડનાં જ કપડાં પહેરો એના જેવી સારી વસ્તુ બીજી કોઈ નથી. તેથી હું આશા

Gandhi Heritage Portal

રાખું છું કે તમે આ પાદરી ગૃહસ્થના કામમાં અને તેની પ્રગતિમાં હાર્દિક મદદ કરશો અને તેઓ જે ઉદ્યોગ અને કળાકૌશલ્યનું કામ તમારી સમક્ષ રજૂ કરે તેનો ઉપયોગ કરશો.

આજે બપોર પછી એક બીજા ભાઈ પાસેથી મેં જાણ્યું કે અહીં તમારે ત્યાં આ પ્રકારનું સામાજિક કાર્ય, અથવા કોઈ પણ પ્રકારનું રાજકીય કાર્ય કરનાર કોઈ સંગઠન નથી. અને જો આ સભાનું એક પરિણામ એ આવે કે તમે નિ:સ્વાર્થ કાર્યકર્તાઓનું એક સંગઠન ઊભું કરી શકો તો એથી મને ઘણો જ આનંદ થશે.

વળી એક બીજા મિત્ર મારી પાસે આવ્યા અને તેમણે મને પૂછ્યું કે સિલોનના લોકો માટે રેંટિયાનો સંદેશ શો છે? તેમણે મને કહ્યું કે આ દ્વીપમાં એવાં સ્ત્રીપુરુષો પણ છે જેમને કામની જરૂર છે. મારા વધુ સવાલોના જવાબમાં તેમણે મને કહ્યું કે અમને એવો રસ્તો બતાવો જેથી આ સુંદર દેશના યુવકોને ઉતાવળમાં અને વગર સમજ્યે પશ્ચિમનું અનુકરણ કરતા અટકાવી શકાય.

એક ચોથા મિત્રે મને લખ્યું છે કે તમે સિલોનની કેટલીક સ્ત્રીઓને સુંદર કપડાં પહેરેલી જુઓ છો અને ઘણા નવયુવકોને યુરોપિયન ઢબના સુંદર પોશાકમાં જુઓ છો એને એ કપડાં પહેરનાર ધનિક હોવાની નિશાની તરીકે માની ન લેશો. આ પત્રલેખક મને કહે છે કે સુંદર પોશાકમાં સજ્જ થયેલા આ લોકોમાંના ઘણા, મને કહેતાં દુ:ખ થાય છે કે ચેટ્ટી અથવા પઠાણ શાહુકારોના પંજામાં ફસાય છે.

વારુ, રેંટિયાનો સંદેશ બધા વર્ગોના લોકોને માટે છે. જેની પાસે કદાચ કંઈ કામ નથી એવા પુરુષ કે સ્ત્રીને રેંટિયો કહે છે: “કાંતો એટલે તમને કંઈ નહીં તો છેવટ રોટલાનો ટુકડો તો મળી જ જશે.”

આ તો રેંટિયાનો આર્થિક સંદેશો છે, પણ તેનો સૌને માટે સાંસ્કૃતિક સંદેશ પણ છે. રેંટિયો તમને અને મને સાંસ્કૃતિક દૃષ્ટિએ કહે છે: “આ પૃથ્વી પર કરોડો લોકો એવા છે જેમને કામને અભાવે ફરજિયાત બેકાર રહેવું પડે છે એ જોતાં, અને હું એક જ એવું સાધન છું જે એક પણ માણસનું કામ છીનવી લીધા વિના તેમના હાથમાં મૂકી શકાય તેમ છે. તેથી, એ કરોડો લોકોને ખાતર તમે મને નહીં ચલાવો, અને એ રીતે પ્રામાણિક ઉદ્યમ, પ્રામાણિક કામ અને સ્વાશ્રય તથા ઈશ્વરની આ પૃથ્વી પર આશાનું વાતાવરણ પેદા નહીં કરો?”

એ સાંસ્કૃતિક સંદેશ રેંટિયો આ પૃથ્વી પરના બધા લોકોને આપે છે, પછી ભલે તેઓ ગમે તે દેશ, ધર્મ કે જાતિનાં હોય.

હું તમને ખાતરી આપું છું કે રેંટિયાની આ સાંસ્કૃતિક અપીલને પૃથ્વીના દૂરમાં દૂરના ખૂણામાં ધીમે ધીમે પણ નિશ્ચિત રીતે જવાબ મળી રહ્યો છે. હું એવા અંગ્રેજો, ઑસ્ટ્રેલિયનો, જર્મનો અને પોલોને ઓળખું છું જેમણે રેંટિયાની આ અપીલને ક્યારનીયે સ્વીકારી છે. અને હું સિલોનનાં સારી સ્થિતિવાળાં સ્ત્રીપુરુષોને ખાતરી આપું છું કે જો તેઓ રેંટિયાનો સાંસ્કૃતિક સંદેશો સ્વીકારી લેશે અને કમમાં કમ પોતાને જોઈતાં કપડાં માટેનું કેટલુંક કાપડ તેઓ પોતે બનાવી લેવાનો પ્રયત્ન કરશે તો આ કામ પૂરું કર્યા પછી તેઓ જોશે કે તેઓ આજે છે તેના કરતાં વધુ ઉન્નત થયા છે.

રેંટિયાનો એક ત્રીજો સંદેશો છે જે રૂપકાત્મક છે. રેંટિયો સાદું જીવન અને ઉચ્ચ વિચાર સૂચવે છે. આજે એક પછી એક ભૌતિક સુખસગવડો વધારતા જવાની, અને જીવનને, માણસ પોતાને કે પોતાના સર્જનહારને ઓળખવા યોગ્ય ન રહે એવું ગૂંચવણભર્યું બનાવી દેવાની

Gandhi Heritage Portal

મૂર્ખાઈભરી દોડ ચાલી રહી છે. રેંટિયો તેના વિરોધમાં ખડો છે. તે તમને અને મને આપણા જીવનની દરેક ક્ષણે આજીજીપૂર્વક કહે છે: 'મારો ઉપયોગ કરો અને તમે જોશો કે જો તમે સૌ સાથે મળીને મારો ઉપયોગ કરશો તો, હું ભલે નાનો અને તુચ્છ જણાતો હોઉં છતાં યંત્રરૂપી શાપની મૂર્ખાઈભરી અને વિવેકહીન પૂજા સામે એક દુર્નિવાર શક્તિ બની રહીશ.'

રેંટિયો સિલોનનાં, તરેહતરેહની ફેશનો ને ઢબછબની પાછળ દોડતાં સ્ત્રીપુરુષો સામે ઠપકાની નજરે જુએ છે અને તેમને કહે છે: 'तमारा देशने खातर बीजाओनी रीतभात अने रीत-रिवाजनुं अनुकरण न करशो. एनाथी तमने कदाच नुकसान ज थशे अने ईश्वरने खातर, सिलोननो दरेक माणस, जे न बनी शके एवा बनवानी इच्छा न करे.'

હવે મારે તમારી સમક્ષ બીજી એકબે વસ્તુઓ મૂકવી જોઈએ જેમને વિશે હું ચર્ચા કરવા માગું છું. મારે તમને શરાબખોરી વિશે કહેવું છે.

હું જાણું છું કે મજૂરોમાંના તમને ઘણાને દારૂનું વ્યસન વળગેલું છે. દારૂની લત સર્પદંશ કરતાં ખરાબ છે. સર્પદંશથી શરીરને ઝેર ચડે છે અને તે નાશ પામે છે, પણ દારૂનું વ્યસન તો આત્માને દૂષિત ને ભ્રષ્ટ કરે છે. તેથી હું તમને આગ્રહપૂર્વક કહું છું કે આ શાપથી તમે જેમ ફૂંફાડા મારતા સર્પથી ભાગો તેમ દૂર ભાગજો.

આ જિલ્લાના મજૂરો રોકનારા માલિકોને હું આદરપૂર્વક કહીશ કે તેમણે પોતાના મજૂરોના કલ્યાણને માટે પોતાની જાતને ટ્રસ્ટી તરીકે ગણવી જોઈએ અને તેમને દારૂની લતમાંથી છોડા-વવાનો પ્રયત્ન કરવો જોઈએ. મારા નમ્ર અભિપ્રાય મુજબ, પોતાની આજુબાજુનું દરેક પીઠું બંધ કરી દેવાની અને પોતાના મજૂરો સામેથી એવું દરેક પ્રલોભન દૂર કરવાની તેમની નૈતિક ફરજ છે. હું તેમને મારા પોતાના અનુભવ પરથી કહી શકું છું કે જો તેઓ પોતાના માણસો માટે સારાં ઉપાહારગૃહ ખોલશે અને તેમને માટે બધી જાતની નિર્દોષ રમતગમતની વ્યવસ્થા કરશે તો તેઓ જોશે કે તેમના માણસોને આ નશો ચડાવનાર પીણાની જરૂર નહીં રહે.

આજે હું કેન્ડીથી અહીં આવતો હતો ત્યારે મેં કેટલાંક અતિસુંદર કુદરતી દૃશ્યો જોયાં જે મેં મારી જિંદગીમાં ભાગ્યે જ જોયાં હશે. જ્યાં કુદરત આટલી ઉદાર છે, જ્યાં કુદરત તમારી આસપાસ આવાં ભવ્ય દૃશ્યો વડે હમેશાં નિર્દોષ નશો પૂરો પાડતી રહે છે ત્યાં એ ચળકાટ મારતા પરંતુ કાતિલ દારૂનો નશો કરવો એ ખરેખર એક ગુનો છે. હું બુદ્ધના અનુયાયીઓને કહું છું કે, બુદ્ધના ભક્તો કદી દારૂ પી શકે એવો વિચાર કરવો એ પણ બુદ્ધના ઉપદેશની ભાવનાથી વિરુદ્ધ છે.

મને એ સાંભળીને ઘણું દુઃખ થયું કે તમારામાંના ઘણા, જેઓ બૌદ્ધ છે તેઓ પણ અસ્પૃશ્યતાના શાપનું પાલન કરે છે. એક ઉચ્ચ અધિકારી પાસેથી મને જાણવા મળ્યું કે તમે, કેટલાક બૌદ્ધો, કોઈ અસ્પૃશ્ય સ્ત્રી કમરથી ઉપર કોઈ વસ્ત્ર પહેરે તો તેને તમારું અપમાન સમજો છો. મને વિરોધની બીક રાખ્યા વગર, કહેતાં સંકોચ નથી થતો કે જો તમે અસ્પૃશ્યતામાં માનતા હો તો તમે બુદ્ધના ઉપદેશનો સદંતર ઇનકાર કરો છો. તુચ્છમાં તુચ્છ પ્રાણીને જે પોતાના પ્રાણ સમ પ્રિય માનતા હતા તે ભગવાન બુદ્ધ, માણસ માણસ વચ્ચેના આ શાપરૂપ ભેદભાવને કદી સહન નહીં કરે અને એક પણ મનુષ્યને અસ્પૃશ્ય નહીં ગણે.

વળી, મને એ સાંભળીને પણ એટલું જ દુઃખ થયું કે તમે હિંદુઓ આ શાપને હિંદુ-સ્તાનમાં મૂકીને આવ્યા નથી પણ અહીં સિલોનમાં પણ સાથે લઈ આવ્યા છો. હું ઇચ્છું છું

Gandhi Heritage Portal

કે સિલોનમાં વસતા બૌદ્ધો અને હિંદુઓ બંને આ દિશામાં કામ શરૂ કરશે અને આ શાપને પોતાની વચ્ચેથી દૂર કરશે.

એક ઘણી મહત્ત્વની વસ્તુ જે હું ભૂલી ગયો હતો તેને વિશે બે શબ્દો કહેવા જોઈએ.

હું કોલંબોમાં હતો ત્યારે મને એક પત્ર મળ્યો હતો જેમાં કહેવામાં આવ્યું હતું કે બગીચાઓમાં અને મોટાં મોટાં કારખાનાંઓમાં સ્ત્રીપુરુષોનું જીવન જેટલું હોવું જોઈએ તેટલું શુદ્ધ નથી. એ પત્રમાં આગળ કહેવામાં આવ્યું હતું કે પુરુષો ને સ્ત્રીઓ વચ્ચેનો સંબંધ જેવો હોવો જોઈએ તેવો નથી.

મનુષ્યને પશુથી અલગ પાડનાર મુખ્ય વસ્તુ એ છે કે માણસ પુખ્ત વયનો થાય ત્યારથી તે સતત સંયમનું પાલન કરે છે. ઈશ્વરે મનુષ્યને પોતાની બહેન, મા, દીકરી અને પત્ની વચ્ચેનો ભેદ સમજવાની શક્તિ આપી છે. એક ક્ષણ માટે પણ એવું ન સમજશો કે, તમે મજૂરો છો તેથી તમને આ આવશ્યક ભેદો અને પ્રતિબંધો નહીં પાળવાની છૂટ છે. જો તમારાં ઘર, મર્યાદાના અને જરૂરી એકાંતના નિયમો પાળી શકાય એવી રીતે બનાવેલાં ન હોય તો હું તમારા માલિકોને વિનંતી કરું છું કે તેઓ તમને એ બધા નિયમો પાળી શકાય એવી સગવડો આપે.

મારા આ છેલ્લા શબ્દોનું મહત્ત્વ સમજવામાં ઈશ્વર તમને મદદ કરો!

[મૂળ અંગ્રેજી]

विथ गांधीजी इन सिलोन, પા. ૭૯-૮૫

## ૧૯૦. ‘ભૂંડી ભૂંછી’

કચ્છની બહાર રહેતા ગુજરાતીઓને ‘ભૂંડી ભૂંછી’નો ખ્યાલ સરખોયે નહીં હોય. ‘ભૂંડી ભૂંછી’ નામનો કર કચ્છમાં જ લેવાતો જણાય છે. આ કર મેઘવાળ જાતિમાં જે નાતરાં કરે તેની પાસેથી લેવામાં આવે છે. આ કરનો દરબાર તરફથી ઇજારો આપવામાં આવે છે. પોતાની કમાણી વધારવાને સારુ ઇજારદારો અનેક પ્રકારના જુલમ કરતા કહેવાય છે.

કચ્છમાં[૧] હું હતો ત્યારે આ અને એવી બીજી બાબતો વિશે મહારાવશ્રીની સાથે મારે વાત થઈ હતી. અને મેં જરૂર આશા રાખી હતી કે ભૂંડી ભૂંછીનો કર તો તુરતમાં નાબૂદ થશે જ. પણ મારી આ આશા ખોટી પડી લાગે છે, કેમ કે એક કચ્છી વાંચનાર લખે છે:[૨]

એ જ લખનાર ‘ભૂંડી ભૂંછી’ના કરથી અને તેના ઇજારાથી થતાં દુ:ખોનું વર્ણન આપે છે. તેમાંથી નીચેના ઉતારાઓ[૩] આપું છું:

આ ઉપરાંત બીજા ઉતારાઓ છાપતાં શરમ આવે એવી હકીકતો પણ લખનાર જણાવે છે તે છાપતો નથી. હું એવી આશા રાખું કે ઉપરની હકીકતોમાં પણ અતિશયોક્તિ હો. પણ નાતરાં ઉપર, તેમાંયે એક જ જાતિ ઉપર, આવો કર જ ન હોય. કચ્છમાં મેં એવો કોઈ અમલદાર ન ભાળ્યો કે જેણે આ કરનો બચાવ કર્યો હોય. “લાંબા સમયથી ચાલતો આવ્યો છે,” “કોઈનું

૧. ૨૨-૧૦-૧૯૨૫થી ૩-૧૧-૧૯૨૫ સુધી ગાંધીજી કચ્છમાં હતા.
૨. આ પત્ર અહીં આપ્યો નથી.
૩. અહીં આપ્યા નથી.

Gandhi Heritage Portal

ધ્યાન તે તરફ ગયું નથી." આવો લૂલો ઉત્તર કોઈ દેતા હતા ખરા. પણ અમને સહુને એમ જ લાગ્યું કે આ કર તો ગયો જ, અને નિર્દોષ મેઘવાળો ઉપરની આ હાડમારી ગઈ.

પણ તેમ નથી થયું ને લખનાર મારી મદદની આશા રાખે છે. હું ઇચ્છું કે મારી પાસે મહારાવશ્રીને કે તેમના અમલદારોને સમજાવવાની શક્તિ હો. તે હોય તો હું તેનો તુરત ઉપયોગ કરું. વર્તમાનપત્રોની અસરને મર્યાદા છે. મહાત્માઓની અસર તો તેમનો ઉપયોગ કરી લેવા પૂરતી જ ઘણી વાર જોવામાં આવે છે. સત્યાગ્રહીની અસર અમર્યાદ નથી. પત્રકાર તરીકે કચ્છમાં મારી અસર શૂન્યમાં ગણાય. મહાત્મા તરીકે ઉધાર પાસામાં અને સત્યાગ્રહી તરીકે સમય ઉપર રહી. સત્યાગ્રહીની અસર પ્રબળ છતાં તેને કાળ, ક્ષેત્ર અને સંજોગોની મર્યાદા છે. આ કાળે મારો સત્યાગ્રહ કચ્છના મેઘવાળોને ન પહોંચે. સંજોગો પ્રતિકૂળ છે, ને વળી કચ્છ મારા ક્ષેત્રની બહાર છે. તેથી મારી પાસે ઉપાય માત્ર અશક્ત – ગરીબ-ના વિનયનો, અરજીનો રહ્યો. તે અરજી હું આ લેખથી મહારાવશ્રી અને તેમના અમલદારોને કરું છું.

પણ કચ્છની પ્રજા પાસે તો, જો તેનામાં હિંમત અને દયા હોય તો, અઢળક ઉપાયો છે. તેને નથી બળવો કરવાની કે નથી બહુ આકરા ઉપાયો લેવાની જરૂર. રિસાવાના ઉપાયનો પ્રયોગ હિંદની પ્રજાએ હમેશાં કર્યો છે. જ્યારે રાજા ન્યાય ન કરે ત્યારે પ્રજા રિસાઈ શકી છે ને રાજાને સમજાવી શકી છે. અત્યારે તો રિસાવાની શક્તિ પણ આપણે ખોઈ બેઠા છીએ. મહાજન લઘુ-જન થઈ બેઠા છે. મને એવા સમયોનું સ્મરણ છે કે જ્યારે મહાજનની સત્તા રાજાના કરતાં પણ વધારે હતી. પણ મહાજનમંડળ આજ નામમાત્રમાં રહ્યું છે. તેઓમાં સ્વાર્થ અને અનીતિએ પ્રવેશ કર્યો છે, ને તેઓ એક વેળા લોકોના પ્રતિનિધિ અને ખરા રક્ષક હતા તે મટીને ઘણી જગ્યાએ લોકોના ભક્ષક થઈ બેઠેલા જોવામાં આવે છે. આથી રાજા તેમ જ અમલદારો પ્રજાથી નિર્ભય, બેપરવા અને સ્વેચ્છાચારી થઈ રહેલા પણ જોવામાં આવે છે. આ સ્થિતિ સુધારવાનો ઉપાય માત્ર લોકકેળવણી છે.

આ કેળવણી તે નિશાળની કેળવણી નહીં, પણ કેટલાક સુધારકો જે મરણિયા થઈ રણમાં નીકળે છતાં વિવેક ન છોડે, મર્યાદા જાળવે, ગાંભીર્ય રાખે, ને પોતાના ચારિત્ર્યબળથી રાજા-પ્રજા બંનેને ઢાંકે ને બંનેની ઉપર અસર પાડે તેવાની છે. તેઓ ખરી લોકકેળવણી આપી શકે છે. તેમ થતાં વાર લાગવાની હોય તો ભલે વાર લાગે. પણ તે જ સીધામાં સીધો ને ટૂંકો રસ્તો છે.

તેવો સુધારકવર્ગ જાગે તે દરમ્યાન જેને જેને જે સૂઝે તે સત્ય અને અહિંસાને માર્ગે કરે. મજકૂર લખનારે મને લખવાનો માર્ગ ગ્રહણ કર્યો છે. એ કેવળ નાનકડું પગલું છે. વધારે સારું પગલું તે ભરવા માગે તો તેણે મેઘવાળ જાતિમાં પ્રવેશ કરવો જોઈએ ને તેમનાં દુઃખોની વિગતવાર તપાસ કરવી જોઈએ. કેટલાંક દુઃખોનું નિવારણ તે જાતિમાં પ્રવેશ કરવાથી થાય તેવું છે. વળી યુવકવર્ગે હારીને બહાર બેસવા કરતાં જ્યાં જ્યાં અનીતિના, અન્યાયના દાવાનળ સળગતા હોય ત્યાં જઈ બેસી જવું જોઈએ. શુદ્ધ ભાવથી, ત્યાગપૂર્વક સાધના કરનારને સીધા ઉપાયો એની મેળે મળ્યા જ કરે છે.

[મૂળ ગુજરાતી]

नवजीवन, २०–११–१९२७

Gandhi Heritage Portal

# ૧૯૧. ચરખા સંઘ વિશે

એક બિહારી સજ્જન જે કલકત્તામાં રહે છે તેમણે હિંદીમાં ત્રણ પ્રશ્નો પૂછ્યા છે ને તેનો ઉત્તર નવજીવનમાં માગ્યો છે. ગુજરાતીઓને પણ તે પ્રશ્ન કેટલેક અંશે કામના હોઈ અહીં તેનું ગુજરાતી આપું છું:

૧. અખિલ ભારત ચરખા સંઘના તૂટી ગયા પછી એના માટે એકઠા કરવામાં આવેલા ફાળાનું શું થશે? જે લોકોએ એમાં પૈસા આપ્યા છે, આપે છે કે હવે પછી આપશે તેમનો તો તે ઉપર કોઈ જાતનો હક રહેવાનો નહીં. તો એ ફાળાના છેવટના ઉપયોગને લગતો નિર્ણય કરતી વેળાએ પૈસા ભરનારાઓને પૂછવામાં આવશે કે નહીં?

૨. મારા પ્રાંત (બિહાર)માં સાડા ત્રણ રૂપિયામાં આઠ હાથનો એક મજબૂત ધોતીજોટો મળે છે, પણ અભય આશ્રમ કે ખાદી પ્રતિષ્ઠાનમાં સવાચાર રૂપિયામાં પણ એવો જોટો નથી મળતો. આથી શું મારી શંકા મજબૂત નથી થતી કે આ સંસ્થાઓના ચાલકો દલાલી કાઢે છે, કારણ કે આ સંસ્થાઓ ઉપર અખિલ ભારત ચરખા સંઘનો કાબૂ નથી? બિહારમાં બધું કામ ચરખા સંઘના સીધા કાબૂ હેઠળ ચાલે છે.

૩. રાતદિવસ પ્રયત્ન કરવા છતાં ખાદીના ભાવમાં કેમ ઘટાડો નથી થતો? બંગાળમાં તો ગયાં બે વર્ષોમાં કંઈ જ ઘટાડો નથી થયો. હા, કાપડની જાતમાં કંઈક સુધારો થયો છે ખરો.

હું ખાદીપ્રવૃત્તિનો ચુસ્ત પક્ષપાતી હોઈ એ નાતે જ ઉપલા પ્રશ્નો પૂછ્યા છે.

પહેલા પ્રશ્નમાં ચરખા સંઘને વિશે કંઈક અશ્રદ્ધા છે ને દાનીઓના સામાન્ય અધિકારને વિશે અજ્ઞાન છે.

કેટલાક મિત્રો જે મને સારી પેઠે ઓળખે છે ને ચરખા સંઘના સભ્યોને ખૂબ જાણે છે, તેઓ પણ માને છે કે મારા મરણ પછી ચરખા સંઘ સૂઈ જશે ને ખાદીની પ્રવૃત્તિ ભાંગી પડશે. એક ટીકાકારે તો ત્યાં લગી ભવિષ્ય ભાખ્યું છે કે મારા શબને રેંટિયાઓમાંનાં લાકડાં વતી બાળવામાં આવશે. આવી સ્થિતિમાં મજકૂર ખાદી-પક્ષપાતીને શંકા ઊઠી છે તેમનો શો દોષ કાઢવો? પણ તેમને અને તેવાઓને હું ખાતરી આપવા માગું છું કે મારું શબ કોઈ રેંટિયાનાં લાકડાં વતી બાળવાના નથી. ચરખા સંઘના સભ્યો આજે કામ કરે છે તેના કરતાં મારા મૃત્યુ પછી બમણું કામ કરવાના છે. ખાદી ઉપર અનન્ય શ્રદ્ધાનો મેં ઇજારો નથી લીધો. દેશમાંથી ખાદીપ્રવૃત્તિ નાબૂદ થાય તેવું એક પણ ચિહ્ન હું જોતો નથી. પણ એવાં ચિહ્ન હું અવશ્ય જોઉં છું કે ખાદી ઉપર વિશ્વાસ વધતો જાય છે. વળી ચરખા સંઘની સમિતિના સભ્યો ખાદી-ભક્ત છે. તેઓ સ્વતંત્ર વિચાર કરનારા છે, તેમાંના કેટલાકે તો ખાદીને સર્વસ્વ અર્પણ કર્યું છે, તેને જ ખાતર જીવે છે. આવા લોકો ચરખા સંઘને તૂટવા દે એવું હું ધારી જ નથી શકતો. વિશેષમાં જેઓ અમુક સંસ્થામાં હોય તેઓએ પોતાની સંસ્થા વિશે અશ્રદ્ધા ન રાખતાં બીજા બેવફા નીવડે તોપણ પોતે અંત લગી વફાદાર રહે ને પોતાની સંસ્થાને ટકાવે એવી જ વૃત્તિ કેળવવા હમેશાં પ્રયાસ કરવો જોઈએ. એવા વફાદાર સેવકો ચરખા સંઘમાં છે એ વિશે મને લેશ પણ શંકા નથી.

Gandhi Heritage Portal

પણ જે ઉત્પન્ન થાય છે તેનો નાશ છે જ. એ ન્યાયે કોઈક દિવસ પણ ચરખા સંઘનો નાશ સંભવે છે. નાશ માત્ર હાનિરૂપ નથી. જે શુદ્ધ પ્રવૃત્તિ છે તેનો નાશ એક મહાન પરિવર્તનરૂપ છે. નાનું મંદિર તોડીને આપણે મોટું બાંધીએ છીએ ત્યારે નાના મંદિરનો ઉદ્ધાર થયો ગણીએ છીએ, ને તેમ જ છે. એ જ રીતે જ્યારે ચરખા સંઘ લય પામશે ત્યારે તે કોઈ મહાન સંસ્થામાં લય પામશે એવી મારી અનન્ય શ્રદ્ધા છે.

ચરખા સંઘમાં એક કોડી પણ આપનારનો હક શાશ્વત છે. ચરખા સંઘને દાનીઓની સંમતિ વિના સંકેલી ન જ લેવાય, એટલે કે જો ચરખા સંઘના દ્રવ્યનો ઉપયોગ ખાદીકાર્ય સિવાય બીજા કોઈ પણ કાર્યને સારુ કરવામાં આવે તો દાનીઓની સંમતિ હોવી જોઈએ. કોઈ કારભારી સ્વેચ્છાપૂર્વક ચરખા સંઘના નામનો કે દ્રવ્યનો દુરુપયોગ કરે તો ગમે તે દાની વચ્ચે પડી શકે છે. જે સંસ્થા દાનથી ચાલે છે તે સંસ્થા જાહેર છે, ને તેની સુવ્યવસ્થાને સારુ દાનીઓનો જ નહીં પણ આમમાત્રનો હક છે. આ સહજ વાત સહુ જાણતા નથી તેથી, અને જાણનારા આળસુ અથવા આપરખા હોવાથી, ઘણી સંસ્થાઓમાં અપ્રામાણિકપણું ચાલે છે ને પૈસાનો દુરુપયોગ થાય છે. પણ આની જવાબદારી કેવળ આમ ઉપર છે. જ્યાં સમાજ સૂતેલ, આળસુ, બેફિકર કે સ્વાર્થી છે, ત્યાં દંભી, લુચ્ચા વગેરે ફાવી જાય છે ને પોતાની ઇચ્છા પ્રમાણે વર્તે છે.

હવે બીજો પ્રશ્ન.

બિહારની ખાદી અને બંગાળની ખાદીના દામમાં ફેર છે એ સાવ સાચી વાત છે. પણ તેનું કારણ દલાલ નફો ખાઈ જાય છે એ નથી. બિહાર અને બંગાળની કાર્યપદ્ધતિમાં કંઈક ફેર છે તેથી બંગાળમાં ખાદી પેદા કરવાનો ખર્ચ વિશેષ છે. પણ મુખ્ય કારણ તો બંગાળમાં કાંતનાર અને વણકરને વધારે આપવું પડે એ છે. બંગાળની સંસ્થાઓ ઉપર પણ ચરખા સંઘની દેખરેખ અને અંકુશ છે જ. ખાદીકાર્ય જ એવું છે કે જેમાં પ્રાંતે પ્રાંતે હાલ તુરત તો નોખા ભાવો રહેશે જ. ગુજરાતની ખાદી કદાચ બંગાળ કરતાં પણ મોંઘી હશે. બિહાર કરતાં તો મોંઘી છે જ. આનું કારણ વચમાંથી કોઈ નફો ખાઈ જાય છે એ નથી. રજપૂતાનાની ખાદી બિહાર કરતાં પણ કદાચ સસ્તી છે. તામિલનાડુની કેટલીક ખાદી તો સસ્તી છે જ. આમાં હું કશી અડચણ જોતો નથી. ખાદીની મારફતે આપણે ગરીબોને તેમને પોતાને સ્થળે નભાવવા માગીએ છીએ. આમ કરતાં કોઈ જગ્યાએ વધારે ખર્ચ આવે, કોઈ જગ્યાએ ઓછો આવે. આપણે સંભાળ એટલી રાખવી જોઈએ કે ઘણોખરો બધો પૈસો ગરીબોનાં જ ગજવાંમાં જાય. તે સંભાળ જેટલી બને તેટલી કાળજીથી રાખવી એ ચરખા સંઘનું એક કાર્ય અવશ્ય છે, ને તે કરવામાં આવે છે. એટલું યાદ રાખવું જોઈએ કે બંગાળ એક જ એવો પ્રાંત છે કે જે પોતાને ત્યાં પેદા થતી લગભગ બધી ખાદી પોતાને ત્યાં એટલે બંગાળમાં જ ખપાવે છે.

હવે છેલ્લો પ્રશ્ન.

ખાદીની કિંમત આખા ભારતવર્ષમાં ઘટી છે એમ હું જાણું છું. એ જ નિયમ બંગાળની ખાદીને પણ લાગુ પડે છે. જ્યાં જાત સુધરી છે ને કિંમત તેની તે જ રહી છે ત્યાં પણ કિંમત ઘટી જ કહેવાય. સામાન્ય રીતે આખા ભારતવર્ષને સારુ એમ કહી શકાય કે સરેરાશ ઓછામાં ઓછા પચીસ ટકા કિંમત ઘટી છે. કેટલીક જગ્યાએ ને કેટલીક જાતોમાં તો પચાસ ટકા ઘટાડો પણ થયો છે. હાલ મુખ્ય કાળજી ખાદીની જાત સુધારવા તરફ રાખવામાં આવે છે.

Gandhi Heritage Portal

બિહારી ખાદીભક્ત ખાદીપ્રવૃત્તિમાં જે રસ લેતા જણાય છે, તે જ રસ બધા ખાદીભક્તો લે એ ઇચ્છવા જેવું છે. અને તેવો રસ વધારવામાં શંકાનિવારણ મદદગાર થઈ પડે છે. તેથી હું ઇચ્છું છું કે જેને પ્રામાણિક શંકાઓ હોય તે *નવજીવન* દ્વારા પોતાની શંકાનું નિવારણ કરાવે.

[મૂળ ગુજરાતી]

*નવજીવન*, ૨૦–૧૧–૧૯૨૭

## ૧૯૨. નુવારા ઈલિયામાં ભાષણ

નવેમ્બર ૨૦, ૧૯૨૭

અધ્યક્ષશ્રી, સન્નારીઓ ને સદ્‌ગૃહસ્થો,

તમારા માનપત્ર અને થેલી બદલ તમારો આભાર માનું છું. દરેક જગ્યાએ મારાં ભાષણોનો અનુવાદ સિંહલી અને તામિલ એ બંને ભાષાઓમાં કરવામાં આવ્યો છે, પણ અહીં હું જોઉં છું કે તમારામાંના મોટા ભાગના લોકો તામિલ છો તેથી મેં સ્વાગત સમિતિના અધ્યક્ષને સૂચવ્યું છે કે સિંહલી ભાષામાં અનુવાદ ન કરવો જેથી તમારો ને મારો સમય બચે. હું આશા રાખું છું કે આ વ્યવસ્થા તમે સ્વીકારી લેશો. સાહેબ, તમારા માનપત્રની સાદાઈ માટે તમે ક્ષમા માગી છે. એમાં ક્ષમાયાચનાની જરૂર નહોતી, ઊલટું, તમે પૈસા બચાવવા માટે મારાં હાર્દિક અભિનંદનને પાત્ર છો. હું હિંદના કરોડો ભૂખે મરતા લોકોનો પ્રતિનિધિ હોવાનો દાવો કરું છું એટલે તમે જે રકમ એકઠી કરો તેમાંની એકેએક પાઈ, એ ભૂખે મરતા કરોડો લોકોને ખાતર બચાવવા માટે હું કે તમે જેટલી ચોકસાઈ રાખીએ તેટલી ઓછી છે. ફૂલહાર અને બીજી કોઈ પણ સજાવટ પાછળ વપરાતા એકેએક રૂપિયા બાબતમાં મને દુઃખ થાય છે. યાદ રાખો કે એ રીતે બચાવેલો દરેક રૂપિયો ભૂખે મરતી સોળ સ્ત્રીઓને ભોજન આપશે. અને તેમને ખાતર જ હું તમારા દ્વીપમાં તમારી મદદ માગવા આવ્યો છું. અહીંના લોકો મારી અપીલનો ઉદારતાપૂર્વક જવાબ આપી રહ્યા છે એ મારે માટે ઘણી આનંદની વાત છે. હું સમજું છું કે આ થેલી મજૂરો, કંગાનીઆ[1] અને એવા બીજા લોકોએ સ્વેચ્છાપૂર્વક આપેલા ફાળામાંથી એકઠી થયેલી છે. આ ઉદારતાના બદલામાં હું માત્ર ધન્યવાદ ઉપરાંત કંઈ આપી શકું તેમ નથી, પણ હું એટલું જરૂર જાણું છું કે જેમણે જેમણે આ થેલીમાં સ્વેચ્છાથી ફાળો આપ્યો છે તે દરેકનું ઈશ્વર ભલું કરશે. તમે તમારા મોજશોખમાં, અત્તરો, રમકડાં, શણગાર અને સુંદર કપડાં વગેરેમાં જે પૈસા ખર્ચો છો એ તો પૈસાનો બગાડ છે. પણ એટલી ખાતરી રાખજો કે આ કામને માટે આપેલો દરેક રૂપિયો, દરેક ગીની દસગણી થઈને તમારી પાસે પાછી આવશે. અને આ સભામાં જો કોઈ એવા લોકો હોય જેમણે આ થેલીમાં હજી કંઈ પણ ફાળો ન આપ્યો હોય અથવા જેમની પાસે કોઈ માગવા ન આવ્યું હોય તો તેમને હું કહું છું કે હું બોલું છું તે દરમ્યાન તેઓ પોતાની ભેટ અવાજ કર્યા વગર, ધીમેથી મારી પાસે મોકલી દે. બેદુલ્લાની સભામાં મારી અપીલનો ઘણો ઉદાર જવાબ મળ્યો, તેથી આ અપીલ કરવાની મને હિંમત આવી છે. તમે જાણો છો કે હિંદનાં અસંખ્ય ગામડાંમાં દરેક ઘર ખંડેર થઈ ગયું છે કારણ કે એ ગરીબ લોકોનો

૧. મજૂર કંટ્રાક્ટરો.

Gandhi Heritage Portal

તેમની ખેતીની આવકમાં ઉમેરો કરતો એકનો એક ધંધો હતો તે છીનવી લેવામાં આવ્યો છે. હું આશા રાખું છું કે મિત્રો ફાળો એકઠો કરી રહ્યા હોય ત્યારે કોઈ અવાજ ન કરે. હું બોલું ત્યારે મહેરબાની કરીને શાંતિ રાખજો કારણ કે આ સુંદર પહાડની આજુબાજુ આવેલા નજીકના બગીચાઓમાંથી આવેલા મજૂરો જેઓ મારી આગળપાછળ બેઠેલા જણાય છે તેમને હું એક અંગત અપીલ કરવા માગું છું.

હું ઇચ્છું છું કે તમે મજૂરો એટલું સમજી લો કે હું તમારામાંનો જ એક છું અને લગભગ ત્રીસ વરસ પહેલાં દક્ષિણ આફ્રિકા ગયો ત્યારથી મારું ભાગ્ય હું તમારી સાથે જોડતો આવ્યો છું. હું ઇચ્છું છું કે તમે પુરુષો અને સ્ત્રીઓ તરીકે તમારું ગૌરવ સમજો અને પિછાનો. તમે મજૂર છો તેટલા માટે તમારી જાતને હલકી ન ગણશો અથવા બીજાઓને ગણવા ન દેશો. પ્રામાણિક મજૂરીમાં શરમ કદી હતી નહીં અને છે નહીં. આ ટેકરીઓની આસપાસ જે મજૂરો છે તે ન હોત તો ત્યાં આજે જે સ્થિતિ છે તે બિલકુલ અશકય બનત. પરંતુ તમારે તમારું ગૌરવ સાચવવું હોય તો તેની સાથે કેટલીક સ્પષ્ટ શરતો જોડાયેલી છે. સૌથી પહેલી અને મુખ્ય શરત એ છે કે તમારે દારૂની દુકાન નજીક જવું ન જોઈએ. શરાબ રાક્ષસ છે; તેની જાળમાં તમારે સપડાવું ન જોઈએ. પીધેલ માણસ પોતાની પત્ની અને બહેનો વચ્ચેનો ભેદ ભૂલી જાય છે. એટલે જો તમે દારૂ છોડી દીધો ન હોય તો તમારે એ શાપિત પાણીથી તમારું મોં નહીં અભડાવવાનો નિશ્ચય કરવો જોઈએ. પણ તમારે પોતાને માટે અને તમારા કુટુંબ માટે ખોરાક અને કપડાંની જોગવાઈ કર્યા પછી જો કંઈ પૈસા બચે તો તે સારા હેતુ માટે, તમારાં બાળકોની કેળવણી માટે રાખજો, એ હાલાકીના દિવસો માટે રાખજો જ્યારે તમારા હાથપગ ન ચાલે અને બેસી રહેવાનો વખત આવે. એ બધી બચત તમને ઉપયોગી થઈ પડશે અને હું તમને કહું છું કે આ બચતનો થોડો ભાગ ઈશ્વરને નામે જેઓ તમારા કરતાં વધારે ગરીબ છે એવા લોકો માટે વાપરજો.

હું એ પણ જાણું છું કે તમારામાંના ઘણા પવિત્ર જીવન ગાળતા નથી. અપવિત્ર જીવવું એ ખોટું છે. પૃથ્વી પરનાં તમામ પ્રાણીઓમાં માણસને ઈશ્વરે એવો બનાવ્યો છે કે તે સ્ત્રીઓમાં બહેન, દીકરી, મા અને પત્નીનો ભેદ કરી શકે છે. જે સ્થિતિમાં તમારે માટે શિસ્ત, પવિત્રતા અને સંયમનું જીવન જીવવું અશકય હોય એ સ્થિતિમાં રહેવાનો ઇનકાર કરી દો. હું આશા રાખું છું કે મારો અવાજ તમારા માલિકો સાંભળશે અને તેઓ તમારા રોજના જીવનમાં રસ લેશે. હું જાણું છું કે તમારામાંના ઘણા નવરાશના વખતમાં જુગાર રમીને પૈસા અને સમય બગાડો છો. તમારે તમારા નવરાશના સમયનો ઉપયોગ એવી ભૂંડી રીતે ન કરવો જોઈએ. તમને તમારા બગીચાઓમાં ખુલ્લી હવામાં રહેવાની પૂરતી સગવડ છે તેથી હું તમને સલાહ આપું છું કે તમે તમારો નવરાશનો સમય તમારી બુદ્ધિનો વિકાસ કરવામાં ગાળો. વળી તમારી પાસે ફુરસદ હોય તો તે સમય તમે તમારે માટે અને તમારા કુટુંબને માટે સૂતર કાંતવામાં ગાળો.

હું સમજું છું કે તમે આ દ્વીપમાં આવો છો ત્યારે અસ્પૃશ્યતાનો શાપ સાથે લઈને આવો છો. હું તમને કહું છું કે હિંદુ ધર્મમાં અસ્પૃશ્યતા માટે કોઈ આધાર નથી, એક પણ માણસને અસ્પૃશ્ય ગણવો એ ખોટું છે. મેં તમને જે વસ્તુઓ કહી છે તે બધી ધ્યાનમાં રાખશો તો તમે જોશો કે એ વસ્તુઓનો અમલ કરવાથી તમે વધુ સારાં સ્ત્રીપુરુષો બન્યાં હશો.

Gandhi Heritage Portal

કોલંબોથી મળેલા એક પત્રમાં મને યાદ દેવડાવવામાં આવ્યું છે કે સિલોનમાં ઘણા બગીચાઓમાં આંતરડાંના આંકડિયા કૃમિનો રોગ પ્રચલિત છે. આ રોગ પૂરેપૂરો ટાળી શકાય તેમ છે. અને મને એ જાણીને આશ્ચર્ય થાય છે કે તમારા માલિકો આ ખરાબ રોગથી કેમ બચી શકાય તે તમને શીખવી શક્યા નથી. હું ચોક્કસ જાણું છું કે આ રોગ માત્ર ગંદકીથી જ થાય છે. મને મળેલા પત્રમાં કહેવામાં આવ્યું છે કે આ રોગના કેટલાક ઉપાય એકદમ સરસ છે. એમ હોય તો જરૂર તમે એ ઉપાય કરી શકો છો. પણ આ રોગ સહેલાઈથી અટકાવી શકાય એમ છે એ જોતાં તેને થતો જ અટકાવવો એ વધારે સારું છે. મુખ્ય વસ્તુ આરોગ્ય-સંરક્ષણના નિયમો પાળવાની છે. મને કહેતાં દુઃખ થાય છે કે આરોગ્ય-સંરક્ષણની તમારી પદ્ધતિ સારી નથી. હું જાણું છું કે જો બગીચાના માલિકો તમને આરોગ્ય-સંરક્ષણના નિયમો શીખવવા માટે યોગ્ય પગલાં લેશે તો તેઓ પોતાની પ્રત્યે, તમારી પ્રત્યે અને માનવતા પ્રત્યે પોતાની ફરજ બજાવશે. આ રોગ પાણી ગંદું કરવાથી અને તે પાણી બધી જાતના કામમાં વાપરવાથી થાય છે. તમે આરોગ્ય-સંરક્ષણના પ્રાથમિક પાઠો સમજશો અને શીખશો અને પીવાના પાણીને કપડાં ધોઈને અને બીજી રીતે ગંદું નહીં કરો તો તમને કદી આંકડિયા કૃમિનો રોગ નહીં થાય. તમારા માનપત્ર બદલ અને ઉદારતાપૂર્વક આપેલી થેલી બદલ હું તમારો ફરીથી આભાર માનું છું.

[મૂળ અંગ્રેજી]

विथ गांधीजी इन सिलोन, पा. ८५-८८

## ૧૯૩. મીરાંબહેનને પત્ર

કૅન્ડી,

સોમવાર, નવેમ્બર ૨૧, ૧૯૨૭

ચિ. મીરાં,

તારા પત્રો મળ્યા.

છોટેલાલની તબિયત સુધરી શકતી ન હોય તો તેણે હવાફેર માટે જવું જોઈએ. એ શું કરે છે તે જોજે. ત્યાગીજીએ બીજો હુમલો અટકાવવો હોય તો તેમણે મોટે ભાગે દૂધ પર રહેવું જોઈએ. ભણસાળીની મને ચિંતા રહ્યા કરે છે. પારનેરકર ગયા તેથી હું રાજી થયો. તેમની તબિયત બરાબર સુધરે ત્યાં સુધી એ પાછા ન આવે એ વધારે સારું. તું બહાર હોઈશ તે દરમ્યાન સુરેન્દ્ર તારું સ્થાન બરાબર સંભાળશે. બીજી ડિસેમ્બરે હું બરહામપુર પહોંચીશ. બાબુ નિરંજન પટનાયકને, ખાદી ડેપો, બરહામપુર (જિલ્લો ગંજામ) તાર કરીને અથવા પત્ર લખીને તારા આવવાની ચોક્કસ તારીખ, પહોંચવાનો સમય અને કયે માર્ગે આવશે તે જણાવજે. દુગ્ધાલય વિશેનાં બે કે ત્રણથી વધુ પુસ્તકોનો બોજો રાખીશ નહીં. હું નથી માનતો કે ઓરિસ્સામાં તને અભ્યાસ માટે તું ધારે છે તેટલો સમય મળે.

મેં તને એવું કહ્યાનું યાદ છે કે માતુશ્રી પાસેથી તારે ગમે તેટલાં પુસ્તકો કે બીજી ચીજો ન મંગાવ્યા કરવી. પણ આ નિયમમાં દુગ્ધાલય વિશેનાં પુસ્તકો વિશે છૂટ મૂકી શકાય. તેમને પરિચિત વિશેષજ્ઞો ભલામણ કરે તે બધાં પુસ્તકો તેઓ મોકલી શકે છે.

Gandhi Heritage Portal

આપણે મળીએ તે પહેલાં કદાચ આ મારો છેલ્લો પત્ર હશે.

સસ્નેહ,

બાપુ

[મૂળ અંગ્રેજી]

મૂળ પત્ર પરથી: સી. ડબલ્યુ. ૫૨૯૪ શ્રીમતી મીરાંબહેનના સૌજન્યથી

## ૧૯૪. સતીશચંદ્ર દાસગુપ્તાને પત્ર

નવેમ્બર ૨૧, ૧૯૨૭

પ્રિય સતીશબાબુ,

તો હવે તમારા એક ભાઈ ચાલ્યા ગયા. પ્રિયજનોનાં આ મૃત્યુમાંથી જો આપણે શીખીએ તો, આપણને ઘણું શીખવા મળે છે. જન્મની પેઠે તે સદા આપણી સાથે છે. દરેક માણસને આટલું જ્ઞાન હોય છે છતાં સમય આવે છે ત્યારે આપણામાંથી ખૂબ જ ઓછા માણસો એમાંથી લાભ મેળવી શકે છે. અને કોણ જાણે, આપણે હિંદુઓ, જેમના પર મૃત્યુની ઓછામાં ઓછી અસર થવી જોઈએ તેમના પર સૌથી વધારે અસર થાય છે, અથવા મને એમ દેખાય છે. યુદ્ધમાં મૃત્યુ પામેલાઓની પાછળ કરવામાં આવેલા શરમજનક વિલાપનું મહાભારતમાં વર્ણન આવે છે તે તમે વાંચ્યું છે? આ હું તમારે માટે નથી લખતો. મને લાગે છે કે તમે પ્રમાણમાં સ્વસ્થ છો. હેમપ્રભાદેવી વિશે મને [શંકા છે.][1]. આ પત્રનો અનુવાદ તેને, તમારી ટીકા સાથે વાંચી સંભળાવજો.

તમે ખાદીનું પાર્સલ મોકલવા કહ્યું હતું તે મને મળ્યું નથી. મોકલ્યું હોત તો, હું માનું છું કે, મેં બધી ખાદી અહીં વેચી નાખી હોત. હું બીજી ડિસેમ્બરે બરહામપુર, જિલ્લો ગંજામ, પહોંચવાની આશા રાખું છું. ૨૯મી તારીખે સિલોનથી નીકળીશ. ૨૫મીએ કોલંબોથી નીકળીશ અને ૨૬મીએ જાફના પહોંચીશ.

સસ્નેહ,

તમારો

બાપુ

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: જી. એન. ૧૫૭૯

૧. આ શબ્દો વાંચી શકાતા નથી.



Gandhi Heritage Portal

## ૧૯૫. હેમપ્રભાદેવી દાસગુપ્તાને પત્ર

કૅન્ડી,
સોમવાર [નવેમ્બર ૨૧, ૧૯૨૭][1]

પ્રિય બહેન,

તારો પત્ર મળ્યો.

સતીશબાબુના ભાઈના મૃત્યુથી તું દુ:ખી નહીં થતી હોય. જન્મથી સુખ શું ને મરણથી દુ:ખ શું? આ તો ગીતાવાકય છે. હું જોઉં છું કે નિખિલની તબિયત હજી સારી નથી રહેતી તેથી તને ઘણી વ્યથા થાય છે. તને કેવી રીતે આશ્વાસન આપી શકું? આપણા બધા જ્ઞાનનો ઉપયોગ આવે સમયે ન કરી શકીએ તો જ્ઞાનનો કશો ઉપયોગ જ નથી. પોતાનું કર્તવ્ય કરવામાં જ સુખશાંતિ છે એમ સમજીને સમય વ્યતીત કરજે.

લંકાની મુસાફરીમાં કામ તો ઘણું રહે છે, પણ મુલક બહુ રમણીય છે. હવા ઠંડી છે એટલે કંઈ દુ:ખ નથી થતું.

બાપુના આશીર્વાદ

[મૂળ હિંદી]

પત્રની છબી પરથી: જી. એન. ૧૬૬૦

## ૧૯૬. આશ્રમની બહેનોને પત્ર

સોમવાર, નવેમ્બર ૨૧, ૧૯૨૭

બહેનો,

તમારા તરફથી હજુ કાગળ આ વેળા મળ્યો નથી. લંકામાં રખડવાનું એટલું બધું થાય છે કે કાગળો કોલંબોથી તુરત પહોંચી વળે તેમ નથી.

લંકાની સ્ત્રીઓને જોઈને આશ્રમની સ્ત્રીઓ વખતોવખત યાદ આવે છે. એક તરફથી સ્ત્રીઓનો પોશાક સાદો એ તો લખી ગયો, બીજી તરફથી મોટા ઘરની સ્ત્રીઓએ એટલો બધો શોખ વધારી દીધો છે કે તેના શરીર ઉપર રેશમ અને જરી સિવાય કંઈ જોવામાં જ નથી આવતું. મારી નજરે તો એ મુદ્દલ દીપતું જ નથી. એવા પોશાક કોને દેખાડવા કે કોને રીઝવવા પહેરતી હશે એ જ મનને પૂછયા કરું છું. અહીં પડદો તો છે જ નહીં.

સ્ત્રીઓ જેટલો શણગાર સજે છે તે શાને સારુ એ સવાલનો જવાબ હું આપી શકું તેના કરતાં તમે વધારે આપી શકો. પણ આ બધું જોઈને મને એમ તો થયું જ કે આશ્રમમાં ઓછામાં ઓછા શણગારની રૂઢિ દાખલ થઈ છે તે સારું જ થયું છે. આશ્રમમાં મુદ્દલ શણગાર નથી જ એમ તો મારું મન કબૂલ નથી કરતું. તમારું કબૂલ કરતું હોય તો કહેજો.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી: જી. એન. ૩૬૭૭ તથા બાપુના પત્રો – ૧ : આશ્રમની બહેનોને, પા. ૪૫–૬

૧. ગાંધીજી આ દિવસે કૅન્ડીમાં હતા.

Gandhi Heritage Portal

## ૧૯૭. આશ્રમનાં બાળકોને પત્ર

નવેમ્બર ૨૧, ૧૯૨૭

કૅન્ડી શહેરનો સ્વાભાવિક શણગાર એટલો ઉત્તમ છે કે એ જોતાં ધરાઈએ જ નહીં. નાની ટેકરીઓ ઝાડ-પાન-ઘાસથી ભરપૂર હોઈ સુકવણા જેવું તો કયાંય નજરે નથી આવતું. આવા સ્થળમાં એકાંતનું ફરવું મને બહુ ગમ્યું. કાકાસાહેબ કંઈક કામની વાત કરી રહ્યા હતા તેથી મારા કાન તે સાંભળતા હતા, પણ આંખ તો ઈશ્વરની લીલા જોયા જ કરતી હતી. આવાં વિશાળ મંદિરો હયાત હોવા છતાં ઈશ્વરનું ધ્યાન ધરવાને સારુ માણસો લાખો અથવા કરોડો રૂપિયા વિશાળ મંદિરો ચણવામાં કેમ ખરચતા હશે એ વિચાર આવે છે. મંદિરોની હયાતીથી ધર્મને કેટલું ઉત્તેજન મળ્યું હશે? આ સવાલ તમે વિચારજો ને તમારો નિર્ણય જણાવજો.

[મૂળ ગુજરાતી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી; શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી તથા મહાદેવ-ભાઈની ડાયરી, પુસ્તક આઠમું

## ૧૯૮. વિ. લ. ફડકેને પત્ર

સોમવાર [નવેમ્બર ૨૧, ૧૯૨૭][૧]

ભાઈશ્રી ૫ મામા,

તમારો કાગળ મળ્યો. જે વખતે હું તમારું વરતેજવાળું લખાણ વાંચવા પામ્યો ત્યારે તો તે છપાય એમ તમે નથી ઇચ્છયું ના? મીઠુબાઈનું ભાષણ છપાયાનું હું તો જાણતો જ નથી. પણ સંકટનિવારણ બાબતનાં લખાણો પરબાર્યાં છપાય છે ખરાં. વરતેજવાળી નોંધ ખાસ હતી તો તમારે સીધી મને જ ખાસ કરીને મોકલવી જોઈતી હતી. પંચમહાલમાં અંત્યંજોમાં ફરવું ઇષ્ટ હોય તો તે તમે જ કરી શકો એમ નથી લાગતું? તેઓમાં ફરતાં પણ આવડવું જોઈએ ના? નાનાભાઈને વીનવ્યા કરજો. કાકાને લખો તો તે લખે એમ . . . કાકા કહે છે. તમારી . . . સાથે રહી. બાકી . . . વાત તો તે વીસર્યા . . . નથી.[૨]

બાપુના આશીર્વાદ

ભાઈશ્રી ૫ મામા
અંત્યજ આશ્રમ
ગોધરા
બી. બી. સી. આઈ. રેલવે
ઈન્ડિયા

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી: જી. એન. ૩૮૧૮(૨)

૧. ટપાલની છાપ પરથી.
૨. અહીં મૂળ પોસ્ટકાર્ડ ખવાઈ ગયું છે.

Gandhi Heritage Portal

# ૧૯૯. કોલંબોમાં સ્ત્રીઓની સભામાં ભાષણ[1]

નવેમ્બર ૨૨, ૧૯૨૭

હું તો હજારો સાદી ભોળી બહેનો જ્યાં ભેગી મળે છે એવી સભામાં જાઉં છું. અને ત્યાં મારું હૃદય ઠાલવું છું; અહીં તો હૃદયનું એ ઐક્ય ન સાધી શકાય એમ મને લાગે છે. હું તમારી સાથે કંઈ ભાષામાં વાત કરું?

ઘડીક શાંત રહ્યા. પછી:

તમારી જાહોજલાલી જેનાં સ્વપ્નામાં નથી તેને માટે ભિક્ષાની ઝોળી ભેરવી તમારે બારણે આવીને ઊભો છું એમ જણાવ્યું. પછી કહ્યું:

જ્યારે અઢી હજાર વર્ષ ઉપર મહિન્દ લંકામાં આવેલો ત્યારે ભારતમાતાનાં બાળકો ભર્યાં-ભાદર્યાં હતાં. એમનાં પેટને તેમ જ આત્માને કશી વાતની ભૂખ નહોતી. એ વેળા અમારા ગ્રહ બળવાન હતા, અને અમારી કીર્તિ દેશવિદેશ પહોંચેલી હતી, અને એ કીર્તિમાં તમે પણ હિસ્સો લીધો હતો. આજે અમારે ત્યાં બંને વાતોનો ભૂખમરો છે, અને ભારતમાતાનાં ભૂખે ટળવળતાં બાળની સાથેનું સગપણ તમે ભૂલ્યાં ન હો તો આજે તમારી પાસે, તમે જેટલું આપી શકો તે લેવા આવ્યો છું. મારી ભૂખી આંખો તો બહેનોનાં ઘરેણાં ઉપર ફર્યા જ કરે છે.

અને એ ઘરેણાં ઊતરાવવા પાછળ બીજો હેતુ પણ રહેલો છે. કેવળ ગરીબને થોડા પૈસા મળે એટલો જ નહીં પણ તમારા જેવી બહેનોનો ઘરેણાં ઉપરનો મોહ કંઈક છૂટે એ હેતુ રહેલો છે. તમને એક સવાલ પૂછું? સ્ત્રી, પુરુષના કરતાં વધારે શણગાર કેમ સજતી હશે? શું એનામાં અભિમાન વધારે છે? શું એનામાં સૌંદર્યનું વધારે ભાન છે? ના; મને તો કેટલીક બહેનોએ કહ્યું છે કે એ, પુરુષને ખુશ કરવાને માટે જ આટલા ઢોંગ કરે છે. તો મારે તમને કહેવું જોઈએ કે જો તમારે કાંઈ જાહેર કાર્ય કરવું હોય તો તમારે પુરુષને ખુશ કરવાનો ધંધો છોડવો જોઈશે. જો હું સ્ત્રી હોત તો જરૂર સ્ત્રીને પોતાનું રમકડું માનનારા પુરુષની સામે હું બંડ કરત. અને આજે હું મનથી તો સ્ત્રી બની ગયો છું—સ્ત્રીના હૃદયમાં પેસવા માટે સ્ત્રી બન્યો છું. મારી સ્ત્રીનું હૃદય પણ જ્યાં સુધી હું એને ભોગનું સાધન માનતો હતો ત્યાં સુધી નહોતો ચોરી શક્યો. પણ જ્યારે મેં એને માતાનું સ્થાન આપ્યું, અને પતિ તરીકેના મારા બધા હક છોડી એને એના સર્વ હક સ્વાધીન કર્યા ત્યારે એ સ્વતંત્ર થઈને આજે મહાલે છે. એને, મને ખુશ કરવાની ખાતર શણગાર સજવાનું રહેલું નથી. એને તમે જુઓ છો: એના અંગ ઉપર એકે ઘરેણું તમે નથી જોતાં, કિનખાબ કસબ તો હોય જ ક્યાંથી? હું તમને એવી જોવા માગું છું. તમારા મનના અનેક તરંગો અને ફાંકાઓની ગુલામ થતી મટી જાઓ, પુરુષોની ગુલામી છોડો.

૧. આ સભાનું વર્ણન કરતાં મહાદેવભાઈ લખે છે: "ગાંધીજી પોતાની અજબ સરળતાથી પૂછે છે: સભા ક્યાં? સભા ક્યાં? આ તો સભામાં જતાં ક્યાંક મોટી થેલી લેવા મને ઘડીક ઊભો રાખવા માગો છો કે શું?' પણ ભરેલી સભા તો આ મહેલના મખમલ અને મશરૂ પાથરેલા ડ્રૉઇંગ રૂમમાં હતી. એમાં તો માત્ર ગણીગાંઠી ૧૨–૧૪ અમીર મહિલાઓ હીરામાણેકથી ઝગમગતાં અને જરી તથા કસબથી ભરેલાં વસ્ત્રાભૂષણોથી સજ્જ થઈને ગાદીઓ ઉપર બેઠી હતી. ગાંધીજી ઘડીક વાર સ્તબ્ધ થઈને બેઠા. જાણે કશું જ બોલ્યા વિના ઊઠી જશે એવું લાગ્યું. પણ એમ અપમાન થાય એટલે ગાંધીજીએ બોલવું શરૂ કર્યું.

Gandhi Heritage Portal

તમારાં લવેંડર વૉટર, તમારા પાઉડર અને તેલફૂલેલને તિલાંજલિ આપો. તમારે તમારી સુવાસ ફેલાવવી હોય તો તે તમારા હૃદયકુસુમમાંથી ફેલાવવી પડશે. અને તમારાં હૃદયકુસુમ વિકસશે ત્યારે તમે પુરુષનાં મન હરણ કરતી મટીને મનુષ્યનાં મન હરણ કરશો. એ તમારો જન્મસિદ્ધ હક છે, એ તમારું સ્વરાજ છે. માણસ સ્ત્રીની કૂખમાંથી પાકેલો છે. માણસ માત્ર સ્ત્રીને માતા તરીકે પૂજતો થાય એવી સ્થિતિ લાવી મૂકો, એ તમારા જ હાથમાં છે.

આ પછી રાવણ જેવાને પણ પોતાની પાવક આંખના તેજમાં ભસ્મ કરનારી સીતાની અને દક્ષિણ આફ્રિકામાં વિકરાળ પઠાણો, ચોરો અને ડાકુઓને પોતાના વિશુદ્ધ પ્રેમથી વશ કરનારી વીસ વર્ષની બાળા મિસ શ્લેશીનની વાત આવી, અને આખરે સાચું માન, સાચી શોભા શેમાં રહેલી છે એ કહીને પ્રવચન પૂરું કર્યું :

તમને બગીચામાં કામ કરનારી બહેનોની ભયંકર સ્થિતિની ખબર છે? એ બહેનોની લાજ એ તમારી લાજ છે. એ બહેનોમાં જઈને ઘૂમો, એમને તમારા જ્ઞાનનો લાભ આપો, એમને સ્વચ્છતા, નીતિના ખ્યાલ આપો, એમની સેવા કરો; એમની સેવા એ તમારી શોભા સમજો. અને ઘેર બેઠાં સેવાનાં સાધન શું ઓછાં છે? ભામટા જેવા અનેક પુરુષો શરાબ પીને સમાજને ત્રાસરૂપ થઈ બેઠા છે. તેમને તમે પાંસરા કરી શકો છો. મુક્તિ ફોજની કેટલીક શૂરી બહેનો નિર્ભયતાથી આવા બદમાશોમાં ભમે છે; તેમને ગળે વળગી, તેમને પગે પડી તેમની બૂરી આદતો છોડાવવાનું સમજાવે છે. એવી રીતે તમે પણ બદમાશોની સેવા કરી શકો છો. એ સેવાથી તમે જેવી શોભશો તેવી તમારા પોશાક અને વસ્ત્રાભૂષણોથી નહીં શોભો. અને એ વસ્ત્રાભૂષણો તમને જ્યાં સુધી વળગી રહેશે ત્યાં સુધી તમને સેવા કરવાનું નથી લાધવાનું. એ સેવાનો લહાવો લો, તમારા મિથ્યા શોખો મૂકી બચે તે પૈસા મને આપો. એને હું સારી રીતે વાપરીશ. ઈશ્વર મારા શબ્દોને તમારા હૃદયમાં વાસ આપો.

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી; શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી

ભાષાંતર : મહાદેવભાઈની ડાયરી, પુસ્તક ૧૧મું

## ૨૦૦. કોલંબોની જાહિરા કૉલેજમાં ભાષણ

નવેમ્બર ૨૨, ૧૯૨૭

આ કૉલેજમાં આવી શક્યો તેથી મને ખરેખર ઘણો જ આનંદ થયો છે.

દક્ષિણ આફ્રિકામાં મેં ગાળેલા સુખદ દિવસો તમે મને યાદ દેવડાવ્યા છે. એ દિવસોમાં મારું જીવન લગભગ પૂરેપૂરું મારા મુસલમાન દેશબંધુઓ સાથે જોડાયેલું હતું. અને ૧૮૯૩ના શરૂઆતના દિવસોમાં હું કેટલાક સરસમાં સરસ મુસલમાનોની સોબતમાં આવી પડ્યો જેમને મળવાનું અને પ્રભાવિત કરવાનું સદ્ભાગ્ય મને પ્રાપ્ત થયું છે. એટલે તમે મને આ હૉલમાં તમને મળવા આમંત્રણ આપ્યું તેથી મને કંઈ આશ્ચર્ય થયું નથી.

મૌલાના શૌકતઅલી સિલોનથી પાછા ફર્યા ત્યારે તેમણે મને સિલોનના મુસલમાનોનો સંદેશો પહોંચાડ્યો હતો કે મારે બને તેટલા જલદી સિલોન જવું. પણ તેઓ અને હું જે કામમાં ગૂંથાયેલા હતા તેને લઈને તે સમયે મારું અહીં આવવાનું અશક્ય બન્યું.

Gandhi Heritage Portal

તમારાંમાં જેમને હિંદનાં વર્તમાનપત્રો વાંચવાની ટેવ છે તેઓ જાણતા હશે કે હું કોલંબો આવવા નીકળ્યો તે પહેલાં જ દિલ્હીમાં મને જામિયા મિલિયાના અધ્યાપકો અને વિદ્યાર્થીઓને મળવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું હતું. તમને રીતસરનું ભાષણ આપવાનો મને સમય નથી કારણ કે બીજી નિયત થયેલી જગ્યાએ મારી રાહ જોવાય છે. પણ દિલ્હીમાં વિદ્યાર્થીઓને મેં જે ભાષણ[1] આપ્યું હતું તેનો સાર હું તમને કહી જઈશ.

આ મહાન કૉલેજમાં તમે જે શિક્ષણ મેળવો છો તેનો પાયો શુદ્ધ ચારિત્ર્ય પર રચાયો નહીં હોય તો તે વ્યર્થ જશે.

અહીં જે ઉત્સાહથી કામ ચાલી રહ્યું છે અને થોડાં જ વરસમાં જે અદ્‌ભુત પ્રગતિ કરવામાં આવી છે તે વિશે તમારી પત્રિકાઓમાં વાંચ્યું ત્યારે હું તેની પ્રશંસા કર્યા વગર રહી શક્યો નહીં. પરંતુ જ્યારે હું શિલારોપણવિધિ વખતે ગવર્નર સમક્ષ વાંચવામાં આવેલો રિપોર્ટ વાંચતો હતો ત્યારે મને એમ લાગ્યા વગર ન રહ્યું કે જો આપણે ચારિત્ર્યનો પાયો નાખી શકીએ તો કેવું સારું, જેથી એ પાયા ઉપર ઇમારત ચણતા જવાય અને પાછળથી એ ઇમારત તરફ આપણે હર્ષ અને ગૌરવપૂર્વક જોઈ શકીએ. પણ ચૂના ને પથ્થર વડે ચારિત્ર્યની રચના થઈ શકતી નથી. એ તમારા પોતાના હાથ સિવાય બીજાના હાથે રચી શકાતું નથી. આચાર્ય અને અધ્યાપકો તમને પુસ્તકોમાંથી ચારિત્ર્ય નહીં આપી શકે. ચારિત્ર્યનું નિર્માણ ખુદ તેમના જીવનમાંથી થાય છે અને ખરું કહીએ તો ચારિત્ર્ય તમારી પોતાની અંદરથી જ પ્રગટ થાય છે.

ખ્રિસ્તીધર્મ, હિંદુધર્મ અને દુનિયાના બીજા મહાન ધર્મોનો અભ્યાસ કરતાં મેં જોયું કે બધા ધર્મોમાં આપણે જે અપાર વિવિધતા જોઈએ છીએ તે વિવિધતામાં એક પાયાની એકતા રહેલી છે. એ છે : સત્ય અને નિરુપદ્રવતા. ‘નિરુપદ્રવતા’નો અર્થ તમારે શબ્દશઃ કરવો જોઈએ. એ અર્થ છે : દયા અને અહિંસા. તમે છોકરાઓ જો સત્ય ને અહિંસાનો હમેશાં દૃઢતાપૂર્વક આશ્રય લેશો તો તમને એવો અનુભવ થશે કે તમે તમારું ઘડતર નક્કર પાયા પર કર્યું છે.

તમે મને ઉદાર દિલથી જે થેલી આપી છે તે બદલ હું તમારો આભારી છું. એનો ઉપયોગ હિંદના કરોડો ભૂખે મરતા લોકોને કામ મેળવી આપવા માટે થવાનો છે. આ લોકોમાં હિંદુ, મુસલમાન અને ખ્રિસ્તી સૌ આવી જાય છે. એટલે મને આ દાન આપીને તમે આ કરોડો ભૂખે મરતા લોકો અને તમારી વચ્ચે સંબંધ સ્થાપ્યો છે, અને એમ કરવામાં તમે ઈશ્વર રાજી રહે એવું કામ કર્યું છે. આ રકમ કયા કામમાં વપરાવાની છે એ જો ન જાણો તો એ સંબંધ બહુ નબળો રહેશે. આ પૈસાનો ઉપયોગ, તમે મારા શરીર પર જુઓ છો તેવું કાપડ બનાવવા માટે, પુરુષો તેમ જ સ્ત્રીઓને કામે લગાડવામાં કરવામાં આવશે. પણ એ રીતે બનેલી ખાદી પહેરનાર લોકો ન મળે તો બધા પૈસા નકામા જશે.

હવે અમે લોકોની દરેક રુચિને અને ફૅશનને સંતોષી શકીએ છીએ. જો તમે હિંદની જનતા સાથે કાયમી અને અતૂટ સંબંધ બાંધવા માગતા હો તો હવે પછી તમે ખાદી જ પહેરજો.

[મૂળ અંગ્રેજી]

विथ गांधीजी इन सिलोन, પા. ૮૮–૯૦

૧. જુઓ “દિલ્હીની જામિયા મિલિયા ઇસ્લામિયામાં ભાષણ”, ૨–૧૧–૧૯૨૭.

Gandhi Heritage Portal

## ૨૦૧. કોલંબોમાં પારસીઓ સમક્ષ ભાષણ

નવેમ્બર ૨૨, ૧૯૨૭

તમે મને યોગ્ય માનપત્ર નહીં આપી શકવા બદલ મારી ક્ષમા માગી છે. તમારું માનપત્ર તો તમારાં હૃદયોમાં આલેખાયેલું છે અને એ હૃદયો તો તમે મારી સમક્ષ ખોલી દીધાં છે.

હું પારસીઓ સાથે એક અપૂર્વ બંધનથી બંધાયેલો છું. હું જ્યાં જ્યાં તેમના સંપર્કમાં આવ્યો છું ત્યાં ત્યાં એક હિંદુ તરીકે, તેમણે મારા પર જે પ્રેમ વરસાવ્યો છે તે કંઈક ન સમજાય એવો ગૂઢ અને અજેય છે.

હું જ્યાં જ્યાં ગયો છું ત્યાં ત્યાં પારસીઓએ મને અચૂક શોધી કાઢ્યો છે. જ્યારે મને ભાગ્યે જ કોઈ ઓળખતું હતું, જ્યારે મહાત્માપણાનો ભાર હજુ મારા પર લાદવામાં નહોતો આવ્યો ત્યારે એક પારસીએ મારી સાથે મૈત્રી કરી અને મને અપનાવ્યો. હું દક્ષિણ આફ્રિકાના પ્રસિદ્ધ સ્વ. પારસી રુસ્તમજીનો ઉલ્લેખ કરું છું.

૧૮૯૬માં હું ડરબન ઊતર્યો તે વખતે દક્ષિણ આફ્રિકાના યુરોપિયનોએ મને ઘેરી લઈને મારા પર જીવલેણ હુમલો કર્યો ત્યારે પારસી રુસ્તમજીએ પોતાના જાનમાલનું ગંભીર જોખમ ઉઠાવીને પણ મને અને મારા કુટુંબને પોતાને ત્યાં આશ્રય આપ્યો. ટોળાએ તેમનું ઘર બાળી મૂકવાની ધમકી આપી પણ રુસ્તમજી જરાયે ગભરાયા નહીં. ત્યારથી માંડીને તેઓ જીવ્યા ત્યાં સુધી મારી સાથેની તેમની મૈત્રી દરમ્યાન તેમણે મને અને મારી ચળવળને મદદ કરી અને ૧૯૨૧માં ટિળક સ્વરાજ્ય ફાળામાં તેમનું દાન વિદેશમાં વસતા હિંદીએ આપેલું મોટામાં મોટું દાન હતું.

શ્રી (પાછળથી સર) રતન તાતાએ મને, દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહમાં પૈસાની વધારેમાં વધારે જરૂર હતી તે વખતે પચીસ હજાર રૂપિયાનો ચેક મોકલ્યો હતો. અને દાદાભાઈ નવરોજી. તેમનું મારા પરનું ઋણ કઈ ભાષામાં વર્ણવું? ઇંગ્લંડમાં હું અજાણ્યો અને મિત્રવિહોણો નવજુવાન હતો ત્યારે તેમણે મને છાતીસરસો લીધો અને આજે તેમની પૌત્રીઓ મારા ખાદીના કામમાં અજેય દુર્ગની ગરજ સારે છે.

હું તમને વીનવું છું કે તમે તમારા પૂર્વજોની પરંપરા ચાલુ રાખજો, પશ્ચિમની ભભકાદાર ફૅશનની નકલ કરીને એ પૂર્વજોની સાદાઈ અને કરકસરને ભૂલશો નહીં. તમારી કોમ દાનશીલતા માટે આખી દુનિયામાં ખ્યાતિ પામેલી છે, અને દાનશીલતા સાથે એશઆરામ અને ઉડાઉપણાનો મેળ નથી બેસતો. મને એ જોઈને આનંદ થાય છે કે તમે અહીં તમારી કેટલીક સાદાઈ અને હિંદી રીતરિવાજ જાળવી રાખ્યા છે. તમે તમારી ધંધારોજગારની શક્તિ માટે પ્રખ્યાત છો અને તમારા લોકો જ્યાં જ્યાં ગયા છે ત્યાં તેમણે ખૂબ કમાણી કરી છે. પણ યાદ રાખો કે તેમને તેમની સંપત્તિએ નહીં પણ તેમની દાનશીલતાએ પ્રખ્યાત કર્યા છે.

એ પરંપરાને અખંડ રાખવા ઈશ્વર તમને મદદ કરો.

[મૂળ અંગ્રેજી]

विथ गांधीजी इन सिलोन, પા. ૯૯–૧૦૦

Gandhi Heritage Portal

# ૨૦૨. લંકા મહાસભાને સંદેશો

નવેમ્બર ૨૨, ૧૯૨૭

મારે વિશે તમે જે શબ્દો કહ્યા છે તેને સારુ હું તમારો આભાર માનું છું. પ્રાચીન કાળમાં ભારતવર્ષ અને લંકા વચ્ચે જે પ્રથમ સંબંધ બંધાયો તેનું સ્મરણ કરાવીને તમે મને જે આનંદ આપ્યો છે, તેને સારુ પણ તમારો આભાર માનું છું. એ સંબંધનો અર્થ ભારતવર્ષને સારુ શો છે, તમારે સારુ શો છે, જગતને સારુ શો છે, એ વિશેના મારા પોતાના વિચારો જણાવીને તમારો સમય રોકવા મારી ઈચ્છા નથી. હું આટલું જ કહીશ: મારો મત એવો છે કે ગૌતમ બુદ્ધનો ઉપદેશ એ નવો ધર્મ નહોતો. એ ઉન્નત તત્ત્વોનો જેટલો અભ્યાસ હું કરી શકયો છું તે પરથી હું એ નિર્ણય પર આવ્યો છું — અને એ નિર્ણય પર આવ્યાને ઘણો વખત થયો છે — કે ગૌતમ એ મોટામાં મોટા હિંદુ સુધારકોમાંના એક હતા, અને તેઓ પોતાના કાળના લોકો પર તેમ જ ભાવિ પ્રજા પર એ સુધારાની કદી ન ભૂંસાય એવી છાપ મૂકી ગયા. પણ આપણને જે ટૂંકો વખત મળેલો છે તેને હું આ અતિરસમય વિષયના વિચારમાં લઈ લઉં એ અયોગ્ય ગણાય. તેથી હું આ મહાસભાને લગતા વિષયો પર આવું છું.

**મહાસભાનો પાયો**

હિંદુસ્તાનમાં મહાસભા એ પવિત્ર શબ્દ છે. મહાસભા એ ચાળીસ વર્ષો ઉપરાંતના અસ્ખલિત આયુષ્યવાળી સંસ્થા છે. આજે હિંદુસ્તાનમાં એ જેટલી પ્રતિષ્ઠા ભોગવે છે તેટલી બીજી કોઈ રાજકીય સંસ્થા નથી ભોગવતી. અને દુનિયાની બધી સંસ્થાઓ અને સંઘો વિશે બને છે તેમ એ મહાસભાએ પણ ઘણા વારાફેરા જોયા છે, છતાં આજે તે આ પ્રતિષ્ઠાને પદે છે. તેથી હું માની લઉં છું કે મહાસભાનું નામ ધારણ કરવામાં તમે જરૂર જણાય, તેટલે અંશે એ માતાની — જો હિંદી રાષ્ટ્રીય મહાસભાને હું એ નામ આપું તો — પરંપરાને અનુસરવાનો ઈરાદો રાખેલો છે. અને એમ માની લઈને જ, મહાસભા કેવી જોઈએ અથવા હિંદની રાષ્ટ્રીય મહાસભા પોતાની પ્રતિષ્ઠા કઈ રીતે બાંધી શકે છે તે વિશેના મારા વિચારો તમારી આગળ રજૂ કરવાની હિંમત કરું છું. હું જાણું છું કે હિંદી મહાસભા સાથેનો મારો સંબંધ તો ફક્ત દસ જ વર્ષોનો છે — અથવા બરાબર ગણીને કહું તો હવે બાર વર્ષોનો છે. પણ તમે જાણો છો કે એ બાર વર્ષોનો સંબંધ એટલો ગાઢ છે, અને હું મહાસભા જોડે એટલો એકરૂપ ગણાયેલો છું કે હું કહું તેને તમે કંઈક અંશે પ્રમાણરૂપ માની લો તો ખોટું નથી. પણ એક રીતે એ માતા સાથે મારો સંબંધ લગભગ ૩૦ વરસથી છે. ૧૮૯૩ની સાલમાં હું દક્ષિણ આફ્રિકામાં ગયો ત્યારે ત્યાં મને મહાસભા વિશે સ્વપ્ન આવેલાં. એની પ્રવૃત્તિઓ વિશે હું કંઈક જાણતો હતો, પણ એ મહાસભાની એક પણ વાર્ષિક બેઠકમાં હું ગયો નહોતો. તમારી જ પેઠે મેં જુવાન તરીકે હિંદી કૉંગ્રેસનું નામ કાયમ રાખીને નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસ સ્થાપવામાં પૂરતો ભાગ લીધો હતો. ત્યાંની સ્થાનિક પરિસ્થિતિને આવશ્યક એવા કેટલાક ફેરફારો કર્યા હતા ખરા. તેથી જાહેર જીવનમાં એવી સંસ્થાઓ સાથે ૧૮૯૩થી માંડીને મારે જે સંબંધ છે તેના અનુભવનાં પરિણામો હું તમને જણાવી શકીશ. છેક ૧૮૯૪માં પણ હું જોઈ શકયો હતો કે એવી કોઈ પણ સંસ્થાએ સાચી સેવા

Gandhi Heritage Portal

કરવી હોય, 'રાષ્ટ્રીય' નામને લાયક બનવું હોય, તો એના મુખ્ય કાર્યકર્તાઓએ ઠીકઠીક — હું કહેવા તો જતો હતો ઘણો — આપભોગ આપવો જોઈએ. તમારી આગળ કબૂલ કરતાં મને કશો સંકોચ નથી થતો કે એવડા નાનકડા સમાજમાં પણ એ આદર્શનો અમલ કરવો મને બહુ કઠણ લાગતો હતો. નાતાલમાં અમારી — હિંદી સ્ત્રીપુરુષોની — સંખ્યા બહુ નાની હતી. નાતાલ એ દક્ષિણ આફ્રિકાનો નાનામાં નાનો પ્રાંત છે. એમાં લગભગ ૬૦ હજાર હિંદીઓની વસ્તી હતી. અને ઘણા મોટા ભાગને તો મહાસભાના કાર્યમાં અવાજ હતો જ નહીં. છતાં એ મહાસભા લોકોની પ્રતિનિધિ હતી, કારણ તેણે એ લોકોનું હિત સાચવવાનું માથે લીધું હતું. પણ એ સંસ્થાના ઇતિહાસ વિશે મારે લંબાણ ન કરવું જોઈએ. એવડી નાની સંસ્થામાં પણ અમારો અનુભવ એવો હતો કે એમાં કડવાશ થતી, સેવા કરતાં સત્તાની લાલસા વધારે જોવામાં આવતી, જાતને ઘસી નાખવા કરતાં પ્રતિષ્ઠા મેળવવાની આતુરતા વધારે દેખાતી. અને હિંદી મહાસભા જોડેના મારા ૧૨ વર્ષોના સંબંધમાં પણ મેં એ જ વસ્તુ જોઈ છે કે સ્વાર્થ અને પ્રતિષ્ઠાની લાલસા હમેશાં બહુ જોરાવર હોય છે અને અમારે તેમ જ તમારે — જેઓ પગભર થવા મથીએ છીએ, જેમને હજી સ્વતંત્રતા અને સ્વરાજના હક પ્રાપ્ત કરવાના રહ્યા છે તેમને જો જીવવું હોય અને આગળ વધવું હોય, તો તેમણે આપભોગની, જાતને ઘસી નાખવાની, અને સ્વાર્થને દબાવી દેવાની કેળવણી લીધે જ છૂટકો છે.

### સ્વરાજનો અર્થ

હું અહીં આટલો ટૂંકો સમય રહ્યો છું તેટલામાં તમારા રાજકારણનો અભ્યાસ કર્યાનો દાવો હું કરતો નથી. આ સંસ્થાની આંતરિક કાર્યવાહી કેવી છે તે હું જાણતો નથી. તે કેટલી બળવાન છે ને કેટલી લોકપ્રિય છે તે પણ જાણતો નથી. માત્ર હું આશા રાખું છું કે તે સબળ અને લોકપ્રિય હશે. હું આશા રાખું છું કે મેં જે ખામીઓ હમણાં ગણાવી તેનાથી તમે મુક્ત હશો. ચાલુ સરકાર સામે લડવું, અને ખાસ કરીને જ્યારે એ સરકાર પરદેશી હોય, અને એ સરકાર તળે આપણને પ્રગતિનો અને સંપૂર્ણ આત્મવિકાસનો પૂરતો અને મનગમતો અવકાશ નથી એવું આપણને લાગતું હોય, ત્યારે સરકાર સાથે બાથ ભીડવી એ મજાનો ખેલ છે એ હું જાણું છું. અને એ ખેલ મ પૂરતો કરી લીધો છે એ તમે જાણતા હશો. પણ હું એવા પણ નિર્ણય પર આવ્યો છું કે આત્મવિકાસ અને સ્વરાજ એ એવી વસ્તુઓ નથી જે આપણી પાસેથી કોઈ લઈ શકે અથવા આપણને કોઈ આપી શકે. એ તદ્દન સાચી વાત છે કે આપણાં ભાગ્ય જેના હાથમાં આવી પડયાં છે, અથવા જેઓ આપણા ભાગ્યવિધાતા દેખાય છે તેઓ જો રહેમ દિલવાળા હોય, સમભાવવાળા હોય, આપણી આકાંક્ષાઓને સમજતા હોય, તો આપણે પોતાનો વિકાસ કરવો સહેલો થઈ પડે છે. પણ અંતે સ્વરાજ માત્રનો આધાર સર્વાંશે આપણી પોતાની જ આંતરિક શક્તિ પર છે, ભારેમાં ભારે સંકટો સામે લડી પાર ઊતરવાની આપણી તાકાત પર છે. ખરું જોતાં જે સ્વરાજને મેળવવામાં ને ટકાવવામાં એવા સતત પુરુષાર્થની જરૂર નથી તેને સ્વરાજ જ ન કહી શકાય. તેથી મેં વાણીથી તેમ જ કર્મથી બતાવવાનો પ્રયત્ન કર્યો છે કે રાજકીય સ્વરાજ — એટલે કે સ્ત્રીપુરુષોની મોટી સંખ્યાનું સ્વરાજ એ વ્યક્તિગત સ્વરાજ કરતાં જરાયે જુદી વસ્તુ નથી, અને તેથી વ્યક્તિગત સ્વરાજને માટે જે સાધનોની જરૂર છે તે જ સાધનોથી આ રાજકીય સ્વરાજ પણ મેળવવાનું છે. અને તેથી તમો જાણો છો તેમ

Gandhi Heritage Portal

મેં હિંદુસ્તાનમાં વેળાકવેળાએ લોકો આગળ આ આદર્શ મૂકવાનો એટલો બધો પ્રયત્ન કર્યો છે કે તેનાથી ઘણી વાર તો રાજકીય ક્ષેત્રમાં જ રમી રહેલા માણસો કંટાળી ગયા છે.

### રાજકાજને ધાર્મિક બનાવો

રાજકાજમાં જે વિચારપરંપરાના પ્રવર્તક ગોખલે હતા તે પરંપરાનો હું છું. મેં એમને મારા રાજકીય ગુરુ કહેલા છે. એમણે કહેલી કે કરેલી દરેક વસ્તુ હું કબૂલ રાખતો અથવા આજે કબૂલ રાખું છું એવું નથી. પણ એમના જીવનની પ્રવર્તક શક્તિ (એમના નિકટમાં નિકટ સંસર્ગમાં આવનાર મારી સમજ પ્રમાણે) તે 'રાજકાજને ધાર્મિક બનાવવા'ની એમની ઉત્કટ ઇચ્છા હતી. આ શબ્દ એમણે પોતે બનાવેલો અને ભારત સેવક સમાજ, જેના તેઓ સંસ્થાપક અને પ્રથમ અધ્યક્ષ હતા તેની યોજનાના ઉપોદ્‌ઘાતમાં વાપરેલો છે. એમણે ઇરાદાપૂર્વક કહેલું કે આ સમાજ સ્થાપવામાં એમનો ઉદ્દેશ રાજકાજમાં ધાર્મિકતા દાખલ કરવાનો હતો. તેમણે પોતાના દેશમાં પોતાની આસપાસના રાજકારણનો અભ્યાસ કરેલો, એટલું જ નહીં પણ તેમણે ઇતિહાસનો ઊંડો અને કાળજીપૂર્વક અભ્યાસ કરેલો. જગતના તમામ દેશોના રાજકાજનો તેમણે અભ્યાસ કર્યો હતો. સર્વત્ર રાજકાજ અને ધાર્મિકતા વચ્ચે પૂરેપૂરા છૂટાછેડા જોઈને તેમને અતિશય નિરાશા થયા પછી તેમણે એ તત્ત્વને રાજકાજમાં દાખલ કરવાનો પોતાની શક્તિ પ્રમાણે ઉત્તમ પ્રયાસ કર્યો. અને એ પ્રયાસને કંઈક — હું કહેવા તો જતો હતો ઘણી — સફળતા મળ્યા વિના નથી રહી. તેથી જ તેમણે પોતાના સમાજને 'ભારત સેવક' એ નામ આપ્યું. આજે એ સમાજ હિંદુસ્તાનની સેવા અનેક રીતે કરી રહી છે. હું કહું છું તે તમને સ્વીકારવા યોગ્ય લાગે છે કે નહીં તે હું નથી જાણતો. પણ આ રમણીય પ્રદેશની મારી ટૂંકી મુલાકાતમાં તમે મારી પર હેતનો જે વરસાદ વરસાવ્યો છે તેને સારુ મારે કૃતજ્ઞતા બતાવવી હોય, સાચી કૃતજ્ઞતા બતાવવી હોય, તો તમે ખુશ થાઓ એવું કહેવા કરતાં મારા મનમાં જે લાગતું હોય તે કહેવું એ જ મારે કહેવું રહ્યું. તમે જાણતા હશો કે આ વસ્તુ — સત્ય — એ અમારી મહાસભાના ધ્યેયનું એક અંગ છે. અને તેથી એ ધ્યેય સત્ય અને શાંતિના ઉપાયોથી સ્વરાજ મેળવવાનું છે.

તમે જોશો કે ગમે તે ભોગે સત્યના અને અહિંસાના પાલનનો આગ્રહ કરતાં હું થાકતો જ નથી. મારો નમ્ર અભિપ્રાય એવો છે કે આ બે શરતો પળાય તો તમે દુનિયાની સૌથી જોરાવર સત્તાને પડકાર દઈ શકશો, અને છતાં પોતે આણીશુદ્ધ નીકળી શકશો, એટલું જ નહીં પણ તમારા કહેવાતા વિરોધીને પણ લવલેશ હાનિ કે ઈજા નહીં પહોંચે. થોડો વખત તમારા શાંતિમય ઘાનો તે અવળો અર્થ કરશે, તમારે વિશે ગેરસમજ ફેલાવશે; પણ તમે આ બે મોટી શરતોનું પાલન કરતા હો, ત્યાં સુધી તમારે એની લાગણીનો કે અભિપ્રાયનો વિચાર કરવાની જરૂર નથી. પછી તમે સુરક્ષિત છો. બીજા માર્ગ કરતાં આ માર્ગે તમે વધુ ઝડપભેર કૂચ કરી શકશો. આ માર્ગ લાંબો લાગવાનો સંભવ છે; પણ જો તમે મારો ૩૦ વર્ષોનો સતત, નિરપવાદ અનુભવ માનો તો હું તમને ખાતરી આપું છું કે સફળતાનો એ ટૂંકામાં ટૂંકો રસ્તો છે. એથી ટૂંકો રસ્તો મેં જાણ્યો નથી. એમાં ભારે શ્રદ્ધાની અને અખૂટ ધીરજની જરૂર પડે છે એ હું જાણું છું. પણ જો આ એક વાત આપણા મનમાં ચોંટી જાય, તો પછી જે મુત્સદ્દી પોતાનો નહીં પણ આખા રાષ્ટ્રનો સ્વાર્થ સાધવા માગતો હોય તેને સારુ આ એક જ રસ્તો ખુલ્લો છે. એક વાર નિર્ધાર થયો કે પછી શ્રદ્ધા પ્રગટે છે, અને એ શ્રદ્ધાની સાથે ધીરજ પણ આવે છે; કારણ આથી સારો કે ટૂંકો રસ્તો છે જ નહીં એ ભાન જાગ્રત હોય છે.

Gandhi Heritage Portal

## કોમવાદનો લૂણો

મને ભય છે કે હિંદુસ્તાનની પેઠે અહીં તમારામાં પણ ન્યાતજાત અને કોમના ભાગલા પડેલા છે. આજે અનાયાસે કોમવાદની સ્તુતિનું કંઈક લખાણ મારા વાંચવામાં આવ્યું. હિંદુસ્તાનમાં પણ આ લૂણો છે — અમે તેને લૂણો કહીએ છીએ, એની સ્તુતિ કરતા નથી. જેઓ કોમવાદને માને છે તેઓ પણ કહે છે કે એ એક આવશ્યક અનિષ્ટ છે અને બનતી ઉતાવળે નાબૂદ કરવા જેવું છે. હિંદમાં ત્રીસ કરોડ માણસોનો સવાલ છે. પણ તમારે ત્યાં તો એટલાં થોડાં સ્ત્રીપુરુષોનો સવાલ છે કે આ કોમવાદનો બચાવ — જોરદાર બચાવ — જોઈને મને સખેદાશ્ચર્ય થયું. હું તો એટલું જાણું છું કે કોમવાદ એ રાષ્ટ્રીયતાનો વિરોધી છે. અને તમારે સ્વરાજની જરૂર તો છે જ, હોવી જ જોઈએ. એ એક જ દેશનો જન્મહક નથી. સ્વરાજ એ તમામ દેશોનો જન્મહક છે. મારે કહેવું પડે છે કે સૌથી સુધરેલા માણસનો છે તેટલો જ એ જંગલીનો જન્મહક છે. ત્યારે જેની સંસ્કૃતિ જગતમાં કોઈથી ઊતરતી નથી, જે પ્રજાને કુદરતની તમામ બક્ષિસ ભરપૂર મળેલી છે તેનો હક તો કેટલો વધારે ગણાય! તમે માણસ, ધન અને કુદરતી બક્ષિસ એ બધી રીતે સાધનસંપન્ન છો. આ ભૂતળ પર બળવાન રાષ્ટ્ર થવાને જેટલી વસ્તુઓ જરૂરની છે તે બધી તમારી પાસે છે. છતાં આજે તમે એ સ્થિતિથી બહુ દૂર દેખાઓ છો. તમને અત્યારે સ્વરાજ જેવું કંઈક મળેલું છે એમ માનીને કોઈ સ્ત્રી કે પુરુષ ગૌરવ માની લેતાં હોય એમ હું નથી ધારતો. જ્યાં સુધી તમે ખ્રિસ્તીઓ, મુસલમાનો, બૌદ્ધો, હિંદુ, ગોરા, સિંહાલી, તામિલ અને મલાયા એ વિવિધ અવાજે બોલતા મટી સમસ્ત રાષ્ટ્રના એક અવાજે બોલતા નહીં થાઓ, ત્યાં સુધી એ સ્વરાજ તમને નહીં મળે — નહીં મળી શકે.

## સમર્પણવાળા સેવકો

અધ્યક્ષ મહાશય, આપે કહ્યું કે આ મહાસભા સર્વ કોમો અને સર્વ ધર્મોની પ્રતિનિધિ છે. એને સારુ હું તમને અભિનંદન આપું છું. એ દાવો સિદ્ધ કરવાની આપની શક્તિ ખરેખર હોય તો આપને ધન્યવાદ ઘટે છે, અને અમારે આ મહાસભાનું જ નહીં પણ આપનું પણ અનુકરણ કરવું ઘટે છે. અમારી સંસ્થા જૂની હોવા છતાં અમે એ દાવો સિદ્ધ કરવા સમર્થ નથી. અમે પ્રયત્ન કરી રહ્યા છીએ; અમે અંધારામાં ફાંફાં મારીએ છીએ; અમે પ્રાંતીયતાને દબાવી દેવા મથી રહ્યા છીએ; અમે કોમવાદને દબાવી દેવા મથી રહ્યા છીએ; અમે ધર્મવાદને — જો એવો શબ્દ બનાવી શકાય તો — દબાવી દેવા મથી રહ્યા છીએ. અમે રાષ્ટ્રીયતાને તેના સંપૂર્ણ સ્વરૂપમાં પ્રગટ કરવાને મથી રહ્યા છીએ. પણ મને કબૂલ કરતાં શરમ ઊપજે છે કે અમે હજુ એ સ્થિતિથી બહુ દૂર છીએ. પણ અમને પકડી પાડવાનું અને અમને દાખલો બેસાડવાનું તમારે માટે નિર્માયેલું છે. તમારે સારુ એ સહેલું છે, અમારા કરતાં ઘણું સહેલું છે. પણ એની એક અનિવાર્ય શરત એ છે કે તમારામાંથી કેટલાકે તો આ કાર્યને તમારો આખો સમય — આખો સમય જ નહીં, આખું જીવન સમર્પણ કરવું પડશે, અને તમારે જાતને દબાવી દેવી પડશે, ઘસી નાખવી પડશે. ગોખલેએ કહેલું કે રાજકાજ એ નવરાશની એક રમત જેવું બની ગયું છે. તેમની ઇચ્છા એવી હતી કે કેટલાક તો આખો વખત રાજકાજમાં રોકાયેલા હોવા જોઈએ, દેશના સૌથી કુશળ માણસોમાંના કેટલાકનું ધ્યાન એમાં જ પરોવાયેલું હોવું જોઈએ. માણસને મન સત્ય, અભય અને અહિંસા જ્યારે સર્વોપરી તત્ત્વો થાય ત્યારે જ તે રાષ્ટ્રની સેવામાં નિ:સ્વાર્થ સમર્પણ કરી શકે છે.

Gandhi Heritage Portal

હું આશા રાખું છું કે તમારી મહાસભામાં પુરુષોનું તેમ જ સ્ત્રીઓનું એવું સેવકમંડળ હશે; સ્ત્રીએ પણ પુરુષની હારોહાર પોતાનો ભાગ ભજવવો જોઈએ. મેં હિંદમાં કહ્યું છે તેમ આપણા એક અંગને પક્ષાઘાત થયેલો છે. સ્ત્રીઓએ પુરુષની કોટિએ આવવું રહ્યું છે. આજે મેં સ્ત્રીઓની એક સભામાં કહ્યું, "પુરુષના સ્વભાવના બધા જંગલીપણાનું તમે અનુકરણ ન કરજો. પણ પુરુષનો જે ઉત્તમ અંશ છે તેની સમાનતાએ તમારે પહોંચવું જ જોઈએ." પછી આ દ્વીપમાં તમે સુંદર એકરાગ જોઈ શકશો, પછી તમે કુદરતની આટલી કૃપાવૃષ્ટિને લાયક બનશો.

**બેવડી શરમ**

આજે સવારે હું કૅન્ડીથી કોલંબો આવતો હતો ત્યારે મારા મનમાં એ સવાલ ઊઠયો કે જે લંકાને ઈશ્વરે કૃપા કરીને આટલી સૌંદર્યતાની સગવડ આપેલી છે તેને પેલા જલદ પ્રવાહીના કેફથી બચાવવાને આ મહાસભા શું કરવાની હશે? હું તમને એક નમ્ર સૂચના કરું છું: મહાસભા જો સંપૂર્ણપણે રાષ્ટ્રીય થવા માગતી હોય તો તે આ સવાલને ટાળી ન જ શકે. આ સમશીતોષ્ણ હવામાં જ્યાં કશી કૃત્રિમ ઉત્તેજનાની જરૂર નથી, ત્યાં તમારી આવકનો મોટો ભાગ દારૂમાંથી આવે છે એ શરમની વાત છે. જે મજૂરોનાં હિતના તમે રક્ષક છો, જેઓ તમારી તરફેણમાં મત નાખીને એક જ વાર પોતાની ઇચ્છા જણાવી શકે છે, તેમના શા હાલ થાય છે તે તમે જાણતા નહીં હો. હૅટનમાં મેં હજારો મજૂરોને જોયા. મારા નાકમાં ગંધ લેવાની શક્તિ રહી નથી, પણ એક મિત્રે કહ્યું કે આમાંના કેટલાંકનાં મોં દારૂથી વાસ મારતાં હતાં. એમના જેવો જ એક જણ તેમને ત્યાં જતો હતો તેથી તેઓ ગાંડાતૂર બની ગયેલા ને તેમણે બધી મર્યાદા મૂકી દીધી હતી. તમે શું કહેશો એ તો હું જાણું છું. તમે કહેશો કે એ અતિશયતાનું પરિણામ હતું, અને હદમાં રહીને દારૂ પીવો એ ખોટું નથી. તો હું તમને કહું છું કે એમ કહેનારા ઘણાયને મેં અંતે એમાં પૂરેપૂરા સપડાયેલા જોયા છે. મને દક્ષિણ આફ્રિકાનાં શહેરોનો અનુભવ છે. ત્યાં મેં આફ્રિકનોને, ગોરાઓને, હિંદીઓને દારૂના કેફમાં ગટરમાં આળોટતા જોયા છે. વકીલ-બૅરિસ્ટરોને ગટરમાં આળોટતા જોયા છે, અને એમની એ શરમ ઢાંકવા સારુ એમને લઈ જતા પોલીસોને જોયા છે. દારૂથી ગાંડાતૂર થયેલા કપ્તાનોને પોતાની ઓરડી મુખ્ય અમલદારને સોંપીને જતા રહેતા, અથવા જ્યાંથી તેઓ ઉતારુઓની સલામતીની ચોકી કરે છે એમ મનાય તે ઓરડીને ભ્રષ્ટ કરતા મેં જોયા છે. તમે ભારતવર્ષ જોડેના સંબંધનો દાવો કરો છો, અને રામાયણની કથા જોડેના તમારા સંબંધનું સમર્થન કરો છો, તેથી તમારે તો રામરાજ્ય સિવાય સંતોષ માનવો જ ન જોઈએ. એમાં જ સ્વરાજ આવી જાય છે. અને જ્યારે આ સ્વર્ગસમી જાદુઈ ભૂમિમાં એક ખૂણેથી બીજે ખૂણે પાપની સવારી દમામભેર ફરે છે, ત્યારે તો તમારે આ સવાલ ખરી ખંતથી ઉપાડી લેવો જોઈએ, અને પ્રજાને પાયમાલીમાંથી ઉગારવી જોઈએ.

પછી રહી અસ્પૃશ્યતા. તમે રોડિયાઓને[1] અસ્પૃશ્ય ગણો છો. તેમની સ્ત્રીઓને ઉપરનું અર્ધાંગ ઢાંકવાની મનાઈ છે. મહાસભાએ રોડિયાઓનો સવાલ ઉપાડી લઈ તેમને અપનાવવાનો અને તેમને એમના ઉદ્ધારકાર્યમાં સ્વયંસેવકો બનાવવાનો સમય આવી પહોંચ્યો છે. લોકશાહીમાં સત્તાનો હિસ્સો સૌને ન મળે ત્યાં સુધી એ અસંભવિત વસ્તુ છે. લોકશાહી તે ટોળાંશાહી ન બની જાય એની સંભાળ લેવી જોઈએ ખરી. જે અંત્યજોને લીધે તમે આજીવિકા મેળવી શકો

૧. રોડિયાઓ વિશે કહેવાય છે કે તેઓ મનુષ્યમાંસને બદલે હરણનું માંસ રાજાને પૂરું પાડતા તેમાંથી તેઓ સમાજબહિષ્કૃત થયા.

Gandhi Heritage Portal

છો તેમને પણ સ્વરાજમાં હિસ્સો મળશે. પણ તમારે તેમનાં જીવનનો સ્પર્શ કરવો પડશે, એમની પાસે જવું પડશે, જે ઘોલકાંમાં તેઓ પાણીનાં માછલાંની જેમ ખીચોખીચ રહે છે તે જોવાં પડશે. મનુષ્યજાતિના આ ભાગની સંભાળ લેવી એ તમારો ધર્મ છે. એમનાં જીવન ઘડવાં કે કચડવાં એ તમારા હાથની વાત છે. હિંદી રાષ્ટ્રીય મહાસભાએ આ બંને સવાલોને પોતાના કર્યા છે. અમારા કાર્યક્રમનાં એ મુખ્ય અંગો છે. હું તમને આગ્રહપૂર્વક કહું છું કે તમારે જો તમારી સભાને સાચી રાષ્ટ્રીય બનાવવી હોય, લંકાના ગરીબમાં ગરીબ અને હીનમાં હીન લોકોની સાચી પ્રતિનિધિ બનાવવી હોય, તો તમારા કાર્યક્રમમાં આ વસ્તુઓ હજુ ઉમેરેલી ન હોય તો ઉમેરજો. અને તમારા રાજકાજને ધાર્મિકતાથી રંગજો. એટલે બીજું બધું આપોઆપ મળી રહેશે. અને સ્વરાજ જે તમારો જન્મહક છે તે લચી રહેલા વૃક્ષ પરથી પાકું ફળ ગરે એમ તમારા હાથમાં ગરી પડશે. આ સંદેશાની ઘટતી અસર થાઓ, અને એ તમારાં હૃદયમાં ઊતરો એવી મારી પ્રાર્થના છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १-१२-१९२७

ભાષાંતર : नवजीवन, ४-१२-१९२७

## ૨૦૩. કોલંબોના તામિલ સંઘમાં ભાષણ

નવેમ્બર ૨૨, ૧૯૨૭

તમારા માનપત્ર બદલ અને મારા કામ માટે તમે આપેલી થેલી બદલ હું તમારો ઘણો જ આભારી છું.

હું જાણું છું કે આ સુંદર દ્વીપમાં હું જ્યાં જ્યાં ગયો છું ત્યાં દરેક જગ્યાએ તામિલ મિત્રોએ મને ખૂબ જ પ્રેમથી ઘેરી લીધો છે, અને જે કામને માટે હું અહીં આવ્યો છું તેને માટે તેમનાથી આપી શકાય તેટલું આપ્યું છે. તેથી તમે, સંઘના સભ્યોએ મને તમારી તરફથી એક અલગ થેલી આપવાનું નક્કી કર્યું એથી મને આશ્ચર્ય થતું નથી. પરંતુ હું એ પણ જાણું છું કે તમે જે કંઈ આપ્યું છે તે આપવા તમે સારી રીતે શક્તિમાન છો અને જો તમે મારા સંદેશાનું પૂરું મહત્ત્વ સમજ્યા હો તો તમે આપ્યું છે તેના કરતાં ઘણું વધારે આપી શકો તેમ છો.

હું આ પૈસા એકઠા કરું છું તે કેવી રીતે વપરાય છે અને આ પૈસાની વહેંચણીમાંથી હું શી અપેક્ષા રાખું છું, તે આ સભાને જણાવવા માટે મને કહીને તમે, સાહેબ, મારા પર ઘણી મહેરબાની કરી છે.

હિંદુસ્તાનમાં અખિલ હિંદ ચરખા સંઘ નામનો એક સંઘ છે. તેનું પોતાનું બંધારણ છે અને નવ માણસોનું એક મંડળ તેના કામકાજનો વહીવટ કરે છે અને તેની શરૂઆતનાં પાંચ વરસ માટે હું તેનો પ્રમુખ છું. એક કરોડપતિ વેપારી આ સંઘના કોષાધ્યક્ષ છે. તેમનું નામ શેઠ જમનાલાલ બજાજ છે. અત્યારે તેઓ મારા વતી મંડળના અધ્યક્ષ તરીકે પણ કામ કરે છે. તેના મંત્રી શંકરલાલ બૅંકર એક ધનિકના પુત્ર છે. મંડળના બીજા સભ્યો એટલા જ

Gandhi Heritage Portal

પ્રસિદ્ધ છે અને તેમના આત્મભોગ માટે પણ જાણીતા છે. આ મંડળ આખા હિંદુસ્તાનમાં પોતાની શાખાઓ દ્વારા કામ કરે છે. બધા હિસાબો ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દ્વારા વખતોવખત તપાસાવવામાં આવે છે.

આ સંઘની મારફતે આજે સારાયે હિંદુસ્તાનમાં ૧૫૦૦ ઉપર ગામોની સેવા કરવામાં આવે છે. અને આ ગામોમાં ઓછામાં ઓછા ૫૦,૦૦૦ કાંતનારાઓ, જેમાં હિંદુ, મુસલમાન, કેટલાક ખ્રિસ્તીઓ અને બીજાઓ છે તેમને, રેંટિયા મારફત કામ આપવામાં આવે છે. રેંટિયો આવ્યો તે પહેલાં એ લોકોને વરસમાં ચાર મહિના કંઈ કામ રહેતું નહીં, જ્યારે હવે રેંટિયો આવ્યા પછી તેઓ રેંટિયો ચલાવીને રોજ એકથી બે આના મેળવે છે. આમાંથી સૌથી મોટી રકમ તામિલનાડુમાં ખર્ચાય છે, કારણ કે સૌથી વધુ સંખ્યામાં કાંતનારા તામિલનાડુના જિલ્લાઓમાં મળે છે જ્યાં લગભગ કાયમી દુકાળની સ્થિતિ પ્રવર્તે છે. ઘણી વાર સ્ત્રીઓ કેટલાય માઈલ ચાલીને રૂ અથવા પૂણીઓ લેવા અને સૂતર આપીને કમાણીના પૈસા લેવા આવે છે.

આ કાંતનારાઓ પાછળ કેટલાય હજાર વણકરોનો ઉદ્ધાર થયો છે. ધોબીઓનો પણ ઉદ્ધાર થયો છે જેમનું ખાસ કામ આવી ખાદી ધોવાનું છે. રંગરેજ, છીપા અને વેપારીઓને પણ કામ મળ્યું છે.

૧૯૦૦ માઈલ લાંબા અને ૧૫૦૦ માઈલ પહોળા આ વિશાળ ક્ષેત્રમાં લગભગ ૧૦૦૦ કારકુન વર્ગના કામદારોને રોકવામાં આવ્યા છે, જેઓ મહિને ૨૦થી ૩૦ કે ૪૦ રૂપિયા પણ કમાય છે. કેટલાક એવા છે જેમને મહિને ૭૫ કે ૧૫૦ રૂપિયા પણ મળે છે, પણ એવા લોકો ઘણા ઓછા છે. આ બધાની ઉપર વિનાવેતને કામ કરનારાઓનું એક જૂથ છે, તેમને કંઈ પણ મળતું નથી. પણ તેમને આ સેવાકાર્ય પ્રિય છે તેથી તેઓ કામ કરે છે. બધાં પ્રાંતીય કાર્યાલયો અને પેટા-પ્રાંતીય કાર્યાલયો પર પણ દેખરેખ રાખવામાં આવે છે, અને તેમણે રીતસર હિસાબ રાખવાના હોય છે જે વખતોવખત તપાસવામાં આવે છે.

આ સંઘની મારફતે ગયે વર્ષે વીસ લાખથી વધુ રૂપિયાની ખાદી તૈયાર થઈ અને વેચાઈ. આ કામ ગમે તેટલું વિસ્તારી શકાય તેમ છે, શરત એ કે અમને પ્રથમ માણસો મળે અને પછી પૈસા મળે. પાંચ કે છ વરસના અનુભવ પરથી અમને જણાયું છે કે જો અમને લોકો પાસેથી પૂરતી પૈસાની મદદ મળે, ખુશીથી ખાદી ખરીદનાર ઘરાકો મળે તથા સારી સંખ્યામાં યોગ્ય કાર્યકર્તાઓ મળે તો હિંદનાં તમામ સાત લાખ ગામડાંની સેવા કરવી એ અમારે માટે માત્ર સમયની વાત છે. તેથી હું આને દુનિયાનો મોટામાં મોટો સહકારી પ્રયત્ન કહેતાં અચકાયો નથી.

મેં તમારી સમક્ષ વર્ણવ્યાં તે પરિણામો જોકે સંતોષકારક છે પણ એ ઝળકતાં પરિણામો નથી અથવા આ કામ માટે કે મારી દૃષ્ટિએ, આ કામનો જે હેતુ છે તેને માટે જરાયે પૂરતાં નથી. પણ એ કામ તો જેમને તમારી જેમ હિંદ માટે લાગણી છે તેમનો હૃદયપલટો થાય એની જ રાહ જોઈને બેઠું છે. આજના કામથી મારું અભિમાન ભલે સંતોષાય, પણ હું જાણું છું કે જ્યાં સુધી મારે લોકોને ખાદીનો સિદ્ધાંત સ્વીકારવા માટે તથા તેમના ફાજલ પૈસા આપવા સમજાવવા માટે પ્રવાસ કરવો પડે છે ત્યાં સુધી આ સ્થિતિ સંતોષકારક ન કહેવાય. જો તમે પૈસા ઉઘરાવવાનું અને ખાદી માટે ગ્રાહકો શોધવાનું કામ મારે માથેથી લઈ લો તો હું તમને ખાતરી આપું છું કે આ ગામડાંમાં કામ ગોઠવવા માટે અને તમને સારામાં સારી અને સસ્તામાં સસ્તી ખાદી આપવા માટે એક નિષ્ણાત કાંતનાર તરીકે હું મારી બુદ્ધિનો ઉપયોગ કરી શકું.

Gandhi Heritage Portal

હું જાણું છું કે તમે બધા ઘડીક વારમાં કાંતણનિષ્ણાત ન થઈ શકો, પરંતુ ખાદીના ગ્રાહક બનીને તથા પૈસા એકઠા કરનાર બનીને તમે બધા ખાદીનિષ્ણાત તો બની શકો. હું જાણું છું અને મને એથી દુ:ખ પણ થાય છે કે દેશ મને પૈસાની અને ખાદીના ઘરાકોની શોધમાં એક જગ્યાએથી બીજી જગ્યાએ રખડવાની ફરજ પાડીને મારી શક્તિનો વધુ પડતો ખોટો ઉપયોગ કરી રહ્યો છે.

હું તમારી સાથે આમ દિલ ખોલીને વાત કરું છું તેનું સાદું કારણ એ છે કે તામિલનાડુ જેના પ્રવાસેથી હું આવ્યો છું અને જ્યાંથી તમને લાવવામાં આવ્યા છે ત્યાં, ખાસ કરીને ચેટ્ટિનાડમાં મારા પર એટલાં પ્રેમ અને ઉદારતા વરસાવવામાં આવ્યાં છે કે તમે મારામાં વધુ પ્રેમ અને ઉદારતા માટે તીવ્ર ઇચ્છા પેદા કરી છે.

હું સમજું છું કે તમારી એક રમતગમતની કલબ છે અને એ સારી વસ્તુ છે. હું ઇચ્છું છું કે તમે એથી ઊંચી કોટિના ખેલાડી પણ બનો; હિંદમાં ભૂખે મરતા લોકોને તમારા ધનમાંથી તમે ખેલદિલીની ભાવનાથી ભાગ આપો. અને તે તેમની સામે મૂઠી ચોખા ફેંકીને ન આપો, પણ હું જે રીતે તમને કામની તાલીમ આપીને આપવા ઇચ્છું છું તે રીતે આપો.

વળી હું ઇચ્છું છું કે તમે આ દ્વીપના મજૂરોને તમારી સેવા કરવાની શક્તિનો અથવા આવડતનો લાભ આપવા જેટલી ખેલદિલી બતાવો. એ એવી સમાજસેવા છે જેમાં ઘણા નવયુવાનોની, મારી સમક્ષ બેઠેલા જોઉં છું એવા નવયુવાનોની શક્તિની જરૂર છે. બેદુલ્લા અને હેટન વચ્ચે મેં જોયેલા હજારો મજૂરો વિશેનો મારો અનુભવ કહીને હું તમારો સમય નહીં લઉં. એક બાજુ હું તમને જોઈને ખુશ થયો અને બીજી બાજુ મેં એ જોયું કે જેમનું શોષણ થઈ રહ્યું છે અને જેઓ શુદ્ધ જીવન કેમ ગાળવું એ પણ જાણતા નથી, એવા એ લોકો માટે તમો, યુવાનોએ કરવાનું કેટલું બધું કામ પડેલું છે.

તમે મારો સંદેશો સાંભળ્યો. જો અહીં કોઈ એવા લોકો હોય જેમણે હજી કંઈ ન આપ્યું હોય અથવા પૂરતું ન આપ્યું હોય, તો તેઓ પોતાનું દાન મને મોકલે અને જો તમે એ લાખો ગરીબ લોકો અને તમારી વચ્ચે જીવંત સંબંધ બાંધવા ઇચ્છતા હો તો દાન આપવાની સાથે એ નિશ્ચય પણ કરજો કે હવે પછી અમે ખાદી સિવાય બીજું કાપડ ખરીદવાના નથી.

તમારી ઉદારતા બદલ હું ફરીથી તમારો આભાર માનું છું.

[મૂળ અંગ્રેજી]

हिन्दु, २८–११–१९२७ तथा विथ गांधीजी इन सिलोन

Gandhi Heritage Portal

# ૨૦૪. પાનદુરામાં ભાષણ

નવેમ્બર ૨૩, ૧૯૨૭

મહાત્માજીએ મિ. આર્થર વી. ડાયસની તપાસ કરી પણ તેઓ સભામાં આવ્યા નહોતા. તેમણે કહ્યું કે પાનદુરાની મદ્યનિષેધ ચળવળના પિતાને હું મળવા ઇચ્છું છું. મદ્યનિષેધ માટે કામ કરતા એ ભાઈને વિશે મેં સાંભળ્યું છે અને હું ધારું છું કે તેઓ હું જે ભાવનાથી કામ કરું છું એ જ ભાવનાથી કામ કરી રહ્યા છે. હું આશા રાખું છું કે પાનદુરાના લોકો મદ્યનિષેધ માટે વધુ પ્રયત્નો કરશે.

એટલું કરશો તો વર્તમાન પેઢી જ નહીં, ભવિષ્યની પેઢીઓ પણ તમારો આભાર માનશે. મારે નસીબે મારે અનેક જગ્યાએ દારૂડિયાઓની વચ્ચે રહેવાનું આવ્યું છે. મદ્યપાનની બદી વિશે મેં ઘણું સાહિત્ય વાંચ્યું છે. હું એવાં ઘરો જાણું છું જે મદ્યપાનને કારણે ઉજ્જડ થયાં છે. એ બદીથી લોકોને, પ્રતિષ્ઠિત લોકોને પાયમાલ થયેલા જાણ્યા છે. આ દારૂના અનિષ્ટને કારણે, મેં પતિઓને, પોતાની પત્નીઓ પ્રત્યે રાક્ષસી વર્તન કરતા જોયા છે. એક કપ્તાન, દારૂના નશામાં, હું મુસાફરી કરી રહ્યો હતો એવા એક વહાણના બધા ખલાસીઓના જાન લગભગ જોખમમાં મૂકી રહ્યો હતો. તમે ગરમ આબોહવામાં રહો છો એટલે તમારે માટે દારૂ પીવાનું કંઈ કારણ નથી. એ પાશવી વસ્તુ છે. ભગવાન બુદ્ધ અને માનવતા પ્રત્યેનું એ પાપ છે. એની ઘાતક અસર નીચે મહાન મજૂર વર્ગો વધુ ને વધુ નકામા થતા જાય છે. વળી અહીં સિલોનમાં અસ્પૃશ્યતા છે અને તે બૌદ્ધોમાં પણ છે.

કૅન્ડીના એક ગૃહસ્થે તેમને જણાવ્યું હતું કે બૌદ્ધોમાં પણ એક પ્રકારની અસ્પૃશ્યતા છે, જોકે બૌદ્ધ ધર્મ તેની વિરુદ્ધ છે.

અસ્પૃશ્યતાને નામ ગમે તે આપો, એ બૂરી વસ્તુ છે. બૌદ્ધ ધર્મમાં જ્યાં પશુઓ પ્રત્યે પણ દયા કરવાનો ઉપદેશ કરવામાં આવ્યો છે ત્યાં માણસો વચ્ચેની અસ્પૃશ્યતાને જરાયે અવકાશ નથી.

[મૂળ અંગ્રેજી]

સિલોન ડેલી ન્યૂસ, ૨૫-૧૧-૧૯૨૭

Gandhi Heritage Portal

## ૨૦૫. ગાલ્લેની જાહેર સભામાં ભાષણ

નવેમ્બર ૨૩, ૧૯૨૭

અધ્યક્ષશ્રી અને મિત્રો,

તમારાં માનપત્રો અને તમે એકઠી કરેલી રકમ મને ભેટ આપવા હું તમારો ખૂબ જ આભારી છું.

તમારા આ સુંદર દ્વીપના આતિથ્ય કરતા કિનારે ઊતર્યો ત્યારથી જ મને તમારી શુભેચ્છાઓ મળતી રહી છે અને તેમાં આ છોકરાછોકરીઓએ જે શુભ કામના દર્શાવતું ગીત ગાયું તેનું મહત્ત્વ ઓછું નથી. થોડી જ વાર પહેલાં તમારી નગરપાલિકા તરફથી પણ મને માનપત્ર મળ્યું છે. હું મારી શક્તિ પ્રમાણે બંનેનો સંયુક્ત જવાબ આપવા ઇચ્છું છું. પણ હું જાણું છું કે હું બને તેટલો ટૂંકો જવાબ આપું તો તમે મારો આભાર માનશો. કારણ કે હું તમને આ તાપમાં વધુ વખત રોકી રાખવા ઇચ્છતો નથી.

આ નગરના નાગરિકો તરીકે મારે તમને જે કંઈ કહેવાનું છે તેથી કશું જુદું, મારે નગરપાલિકાના સભ્યોને કહેવાનું નથી.

હું આ દ્વીપમાં આવ્યો ત્યારથી રોજ રોજ જે આશા વ્યક્ત કરતો આવ્યો છું તે અહીં ફરીથી વ્યક્ત કરવા માગું છું.

હું આશા રાખું છું કે તમે દારૂના શાપમાંથી મુક્ત થવા માટે અને આ દ્વીપમાંથી નાતજાતના ભેદભાવ દૂર કરવા તમારાથી બધું કરી છૂટશો. જીવનમાં એકધારો ત્યાગ કરનારા ગૌતમ બુદ્ધે, એવો ઉપદેશ આપ્યો છે કે તેમના અનુયાયીઓએ દારૂ પીને પોતાનું મોઢું ગંદું ન કરવું જોઈએ અને શરીરમાં એ ઝેર નાખવું ન જોઈએ. ઇસ્લામમાં દારૂની સ્પષ્ટ શબ્દોમાં નિંદા કરવામાં આવી છે. ખ્રિસ્તી ધર્મને હું સમજ્યો છું ત્યાં સુધી તેમાં દારૂ પીવાની આજ્ઞા નથી અને એક હિંદુ તરીકે હું પોતે તમને ખાતરી આપું છું કે મારો ધર્મ મદ્યપાનને પાપ માને છે.

તમારી માતૃભૂમિમાંથી તમે કોમવાદનો શાપ આ દ્વીપમાં લઈ આવ્યા છો, પણ હું આશા રાખું છું કે ઈશ્વર અને માનવતા માટેના આપણા જીવનકાર્યમાં તમે એક જન્મભૂમિનાં સંતાનોની પેઠે તમારા દેશના હિત માટે ખભેખભો મિલાવીને કામ કરશો. બુદ્ધ ભગવાનના ઉદાત્ત ઉપદેશની સાથે તમે હિંદુસ્તાનમાંથી નાતજાતના ભેદ પણ અહીં લઈ આવ્યા છો. આ ભેદભાવ પાળશો ત્યાં સુધી તમે બુદ્ધનો ઉપદેશ પૂરેપૂરો ગ્રહણ કર્યો છે એમ નહીં કહેવાય. આજે જગતભરમાં વ્યાપેલી લોકશાહીની ભાવનાની માગણી એવી છે કે કોઈએ પોતાને બીજાથી મોટો ન ગણવો જોઈએ. સૌ એક જ ઈશ્વરનાં પુત્રપુત્રીઓ છે.

છેલ્લે, હું આશા રાખું છું કે તમે તિરનાગમ મહિલા સંઘના દાખલાને, તમારા દાનને અને મારા પ્રત્યે વ્યક્ત કરેલા આદરને શોભાવશો. એ સંઘે હિક્કડુવામાં મારું સ્વાગત કરતી વખતે મને જણાવ્યું હતું કે તેઓ ખાદીને સ્ત્રીઓમાં લોકપ્રિય કરવા માટે એક ઝુંબેશ ચલાવવાનાં છે.

હિંદના લાખો ભૂખે મરતા લોકોની દશા સુધારવામાં મને મદદ કરવા બૌદ્ધો, હિંદુઓ અને મુસલમાનો અને ખ્રિસ્તીઓએ એક થઈને જે કામ કર્યું છે તે જોઈને મને ઘણો આનંદ



Gandhi Heritage Portal

થયો છે. હું ઈશ્વરને પ્રાર્થના કરું છું કે તમે જેમ એક થઈને કામ કર્યું છે તેમ તમારા સૌની માતૃભૂમિના હિતમાં તમે એક જ થઈને કામ કરતા રહો.

[મૂળ અંગ્રેજી]

વિથ ગાંધીજી ઇન સિલોન, પા. ૧૦૩–૫

## ૨૦૬. ગાલ્લેની મહિન્દ કૉલેજમાં ભાષણ

નવેમ્બર ૨૪, ૧૯૨૭

આ ઘણા જ આનંદદાયક સમારંભમાં[1] હું આવી શક્યો તેથી મને અત્યંત આનંદ થયો છે. તમારી કાર્યવાહી જોવાની અને આટલા બધા છોકરાઓનો પરિચય કરવાની તક આપીને તમે ખરેખર મારું બહુમાન કર્યું છે.

હું આશા રાખું છું કે આ સંસ્થાનો ઉત્તરોત્તર વિકાસ થતો રહેશે. સંસ્થા એ વિકાસને પાત્ર છે એ વિશે મને જરાયે શંકા નથી. આ સુંદર દ્વીપ અને તેના લોકો વિશે મને પૂરતી માહિતી મળી છે. એ ઉપરથી હું સમજ્યો છું કે આ દેશમાં બૌદ્ધો એટલી પૂરતી સંખ્યામાં છે કે તેઓ આવી એક જ સંસ્થાને નહીં પણ અનેક સંસ્થાઓને આશ્રય આપી શકે. તેથી હું આશા રાખું છું કે આ સંસ્થાને કદી આર્થિક મદદ માટે તલસવું નહીં પડે. પણ હું દક્ષિણ આફ્રિકાની અને હિંદુસ્તાનની શિક્ષણ સંસ્થાઓ વિશે કંઈક જાણું છું એટલે તમને કહું કે સાહિત્યિક શિક્ષણ કેવળ ઈંટચૂનાની ઈમારતમાં આવી જતું નથી. સાચા છોકરાઓ અને સાચી છોકરીઓ જ આવી સંસ્થાઓનું રોજેરોજ નિર્માણ કરે છે. સ્થાપત્યકલાની દૃષ્ટિએ તદ્દન દોષ-રહિત એવાં કેટલાંક વિશાળ ભવનોને હું જાણું છું જે બધાં શૈક્ષણિક સંસ્થાઓ કહેવાય છે, પણ તે ચૂનો કરેલી કબરો જેવાં છે. એથી ઊલટું, હું કેટલીક એવી સંસ્થાઓ પણ જાણું છું જેમને પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે પૈસાના અભાવે રોજેરોજ મથામણ કરવી પડે છે, પણ ખુદ એ અભાવને કારણે તે દિનપ્રતિદિન આધ્યાત્મિક પ્રગતિ કરી રહી છે. માનવજાતિના એક સૌથી મહાન ધર્મોપદેશક, જેમને તમે તમારા હૃદયમાં હૃદયસમ્રાટ તરીકે સ્થાન આપ્યું છે તેમણે પોતાનો જીવંત સંદેશ, માણસે બાંધેલા કોઈ ભવનમાં બેસીને નહીં પણ એક ભવ્ય વૃક્ષની છાયામાં બેસીને સંભળાવ્યો હતો. વળી હું એ સૂચવવાની હિંમત કરું છું કે આવી મહાન સંસ્થાનું ધ્યેય એવું શિક્ષણ આપવાનું હોવું જોઈએ અને તે એ રીતે આપવાનું હોવું જોઈએ કે સિલોનનો કોઈ પણ છોકરો કે છોકરી તે લઈ શકે.

એ વાત મારા ધ્યાનમાં છે કે હિંદુસ્તાનની જેમ આ દેશમાં પણ તમે શિક્ષણને દિનપ્રતિદિન વધુ ને વધુ ખર્ચાળ બનાવતા જાઓ છો જેથી ગરીબમાં ગરીબ બાળકો એ લઈ શકતાં નથી. આપણે સૌ સાવધ થઈએ કે એવી ભયંકર ભૂલ કરીને આપણે આવતી પેઢીઓના ધિક્કારને પાત્ર ન થઈએ. એ ધિક્કાર ન વહોરવો હોય તો હું વધુમાં વધુ ભારપૂર્વક કહું છું કે આ છોકરાઓને પહેલેથી છેલ્લે સુધીનું શિક્ષણ સિંહાલી ભાષામાં આપવું જોઈએ. હું ખાતરીપૂર્વક કહું છું કે રાષ્ટ્રનાં જે બાળકો પોતાની માતૃભાષા સિવાય બીજી કોઈ ભાષામાં શિક્ષણ લે છે તેઓ આત્મઘાત

૧. ઇનામવિતરણ સમારંભ.

Gandhi Heritage Portal

કરે છે. એ વસ્તુ તેમનો જન્મસિદ્ધ હક ઝૂંટવી લે છે. પરદેશી માધ્યમ બાળકોના મગજ પર અનાવશ્યક બોજો નાખે છે અને તેમની બધી મૌલિકતા હરી લે છે. એ તેમનો વિકાસ અટકાવે છે અને તેમને પોતાના ઘરથી વિખૂટાં પાડે છે. તેથી આ વસ્તુને હું રાષ્ટ્ર માટે ભારે કરુણ વસ્તુ ગણું છું. વળી હું એ પણ સૂચવવા ઇચ્છું છું કે હિંદુસ્તાનમાં સંસ્કૃત ભાષાને મેં માતૃભાષા તરીકે જાણી છે, અને તમે બધું ધાર્મિક શિક્ષણ જેમના ઉપદેશમાંથી મેળવ્યું છે તેઓ પોતે એક મહાન હિંદી હતા અને તેમણે સંસ્કૃત સાહિત્યમાંથી પ્રેરણા મેળવી હતી તેથી સંસ્કૃત ભાષાને અભ્યાસક્રમમાં એક ભાષા તરીકે દાખલ કરવામાં આવે અને તેનો ખંતપૂર્વક અભ્યાસ કરવામાં આવે એ તમારે પક્ષે બિલકુલ ઉચિત થઈ પડશે. આવી સંસ્થા પાસેથી હું એવી આશા રાખું છું કે તે સિલોનના આખા બૌદ્ધ સમાજને સિંહાલી ભાષામાં એવાં પાઠ્યપુસ્તકો આપે જેમાં પ્રાચીન સાહિત્યના ભંડારમાંથી ઉત્તમોત્તમ સાહિત્ય આપવામાં આવ્યું હોય.

હું આશા રાખું છું કે મેં તમારી આગળ કોઈ અપ્રાપ્ય આદર્શ રજૂ કર્યો છે એવું તમે નહીં માનો. મને ઇતિહાસમાંથી એવા દાખલા યાદ આવે છે જેમાં શિક્ષકોએ માતૃભાષાનું ગૌરવ ફરીથી પ્રસ્થાપિત કરવા માટે તથા ભુલાઈ જવાની તૈયારીમાં હતા એવા જ્ઞાનભંડારોને પુનઃ-પ્રતિષ્ઠા આપવા માટે ભગીરથ પ્રયત્નો કર્યા છે.

તમે વ્યાયામ અને રમતો પર પૂરતું ધ્યાન આપો છો એ જોઈને મને ખરેખર ઘણો આનંદ થયો. રમતગમતમાં તમે જે કીર્તિ મેળવી છે તે માટે તમને અભિનંદન આપું છું. તમારે ત્યાં કોઈ દેશી રમતો હતી કે નહીં તેની મને ખબર નથી. પણ જો મને કહેવામાં આવે કે તમારી આ પવિત્ર ભૂમિમાં ક્રિકેટ અને ફૂટબૉલ આવ્યાં તે પહેલાં તમારા છોકરાઓ કોઈ રમતો નહોતા રમતા તો મને ભારે આશ્ચર્ય જ નહીં પણ સાથે દુઃખ પણ થાય. તમારે ત્યાં રાષ્ટ્રીય રમતો હોય તો હું તમને આગ્રહપૂર્વક કહીશ કે તમારી સંસ્થાએ એ પુરાણી રમતો ફરીથી ચાલુ કરવામાં આગેવાની લેવી જોઈએ. હિંદુસ્તાનમાં અનેક ઉમદા દેશી રમતો છે, જે ક્રિકેટ કે ફૂટબૉલ જેટલી જ મનોરંજક અને સ્ફૂર્તિદાયક છે. તેમાં ફૂટબૉલમાં હોય છે તેટલું જોખમ પણ રહેલું છે. વળી એ રમતોમાં એક વધારાનો લાભ એ છે કે તે બિનખર્ચાળ છે કેમ કે તેમાં લગભગ કંઈ જ ખર્ચ થતું નથી.

'પ્રાચીન'ને નામે ચાલતી બધી વસ્તુઓનો હું અંધ ભક્ત નથી. જે અનિષ્ટ હોય કે અનૈતિક હોય તે બધું ગમે તેટલું પ્રાચીન હોય છતાં, તેનો નાશ કરતાં હું અચકાતો નથી. એટલો અપવાદ બાદ કરતાં, હું કબૂલ કરું છું કે હું પ્રાચીન રીતરિવાજોનો ભક્ત છું. અને એક પ્રજા આધુનિકતા માટેની દોડાદોડીમાં પોતાની બધી પ્રાચીન પરંપરાઓને ધિક્કારે છે અને પોતાના જીવનમાં તેમની અવગણના કરે છે એ જોઈને મને દુઃખ થાય છે.

આપણે પૂર્વના લોકો ઘણી વાર ઉતાવળમાં એવું માની બેસીએ છીએ કે આપણા પૂર્વજો આપણે માટે જે વિધિવિધાન આપી ગયા છે તે બીજું કંઈ નહીં પણ વહેમોનું બંડલ છે. પણ પૂર્વના અપ્રતીમ ખજાનાઓના મારા ઠીક ઠીક લાંબા અનુભવ પરથી હું એવા નિર્ણય પર આવ્યો છું કે તેમાં ઘણું વહેમથી ભરેલું હશે ખરું, પણ એથી ઘણું વધારે એવું છે જે વહેમ ભરેલું નથી એટલું જ નહીં, પણ આપણે તેને સાચી રીતે સમજીએ અને તેનો અમલ કરીએ તો માણસ માટે તે જીવનદાયી અને ઉન્નતિકારક બની રહે છે. એટલે પશ્ચિમના આંજી નાખનારા ઝગઝગાટથી આપણે અંજાઈ જવું ન જોઈએ.

Gandhi Heritage Portal

હું ફરીથી તમને સાવધ કરવા ઇચ્છું છું કે, પશ્ચિમની દરેક વસ્તુને હું વગરવિચાર્યે ધિક્કારું છું એવું માની લેશો નહીં. પશ્ચિમની એવી ઘણી વસ્તુઓ છે જે મેં પોતે અપનાવી છે. જે એક વિશિષ્ટ શક્તિ વડે માણસ ઇષ્ટ અને અનિષ્ટ તથા ખરા ને ખોટા વચ્ચે ભેદ પાડી શકે છે, તેને માટે એક મહાન અને અસરકારક સંસ્કૃત શબ્દ છે. એ શબ્દ છે: 'વિવેક'. અંગ્રેજીમાં એને મળતો લગભગ એની નજીકનો શબ્દ છે ડિસ્ક્રિમિનેશન. હું આશા રાખું છું કે તમે આ શબ્દ પાલિમાં તથા સિંહાલીમાં દાખલ કરશો.

એક બીજી વસ્તુ, તમારા અભ્યાસક્રમની બાબતમાં કહેવા ઇચ્છું છું. મેં આશા રાખી હતી કે હસ્તઉદ્યોગનો કંઈક ઉલ્લેખ કરવામાં આવશે. જો તમે તમારે ત્યાંના છોકરાઓને કોઈ હસ્તકળાઓ ન શીખવતા હો, અને હજી પણ સમય હોય, તો હું તમને આગ્રહપૂર્વક કહું છું કે તમારા અભ્યાસક્રમમાં આ દ્વીપમાં જાણીતા હોય એવા આવશ્યક હસ્તઉદ્યોગ દાખલ કરો. બેશક, આ સંસ્થામાંથી બહાર પડનારા બધા છોકરાઓ સરકારના કારકુનો કે નોકરો થવાની અપેક્ષા કે ઇચ્છા નહીં રાખે. જો તેઓ રાષ્ટ્રની શક્તિ વધારવા માગતા હોય તો તેમણે બધા દેશી હુન્નરઉદ્યોગો શીખીને તેમાં કુશળતા મેળવવી જોઈએ. અને સંસ્કારની તાલીમ તરીકે તથા ગરીબમાં ગરીબ લોકો સાથે તાદાત્મ્ય અનુભવવાના ચિહ્ન તરીકે હાથકાંતણ કરતાં વધુ ઉન્નતિકર બીજી કોઈ વસ્તુ હું જોતો નથી. કાંતવાની ક્રિયા તદ્દન સીધીસાદી છે અને સહેલાઈથી શીખી શકાય છે. હાથકાંતણની સાથે તમે એ વિચાર જોડો, કે તે તમે તમારે માટે નહીં પણ રાષ્ટ્રના ગરીબમાં ગરીબ લોકો માટે શીખો છો, તો તે માણસને ઉન્નત કરનારી ધાર્મિક ક્રિયા બની જાય છે. આ ધાર્મિક ક્રિયા ઉપરાંત કોઈ એવો ધંધો, કોઈ એવો હુન્નર શીખવવો જોઈએ જે વિદ્યાર્થીને પછીની જિંદગીમાં રોજી કમાવી આપી શકે.

તમે અભ્યાસક્રમમાં ધાર્મિક શિક્ષણને સ્થાન આપ્યું છે એ સારું કર્યું છે. ધાર્મિક શિક્ષણ આપવાની સારામાં સારી રીત કઈ એ સમજવા માટે મેં ઘણા છોકરાઓ પર પ્રયોગ કર્યો છે. મેં જોયું કે પુસ્તકનું શિક્ષણ કંઈક મદદરૂપ થાય છે, પણ એકલું પુસ્તકનું શિક્ષણ નકામું છે. મેં જોયું કે ધાર્મિક શિક્ષણ તો શિક્ષકો પોતે ધાર્મિક જીવન જીવીને જ આપી શકે. મ જોયું છે કે વિદ્યાર્થીઓ તેમની સમક્ષ શિક્ષકો જે પુસ્તકો વાંચે છે અથવા મોઢેથી ભાષણ આપે છે તેમાંથી જેટલું ગ્રહણ કરે છે તેના કરતાં શિક્ષકોના પોતાના જીવનમાંથી ઘણું ગ્રહણ કરે છે. મને એ જોઈને ઘણો આનંદ થયો છે કે છોકરાછોકરીઓમાં શિક્ષકોના મનમાં પ્રવેશ કરીને તેમના વિચારો જાણી લેવાની શક્તિ હોય છે જેની તેમને પોતાને પણ ખબર હોતી નથી. ધિક્કાર છે એ શિક્ષકને જે મોઢેથી એક વસ્તુ શીખવે છે અને મનમાં બીજી વસ્તુ રાખે છે.

હવે, એકલા છોકરાઓને એકબે વાક્યો કહીને હું મારું ભાષણ પૂરું કરીશ. ઘણા છોકરા-છોકરીઓના પિતા તરીકે, અથવા લગભગ એમ કહો કે હજારો છોકરાછોકરીઓના પિતા તરીકે હું તમને કહું છું કે આખરે તમારું ભાગ્ય તમારા પોતાના હાથમાં છે. તમે જો બે શરતોનું પાલન કરો તો, શાળામાં તમે શું શીખો છો ને શું નહીં તેની મને પરવા નથી. એક શરત એ છે કે ગમે તેવા પ્રતિકૂળ અને કપરા સંજોગોમાં પણ તમારે નિર્ભયતાથી સત્યને વળગી રહેવું જોઈએ. કોઈ સત્યનિષ્ઠ છોકરો, કોઈ બહાદુર છોકરો એક માખીને પણ ઈજા કરવાનો કદી વિચાર નહીં કરે. તે તેની પોતાની શાળામાં નબળા છોકરાઓનું રક્ષણ કરશે અને શાળામાં કે શાળાની બહાર જેમને તેની મદદની જરૂર હશે તેમને મદદ કરશે. જે છોકરો મનથી, શરીરથી અને આચરણમાં પવિત્ર ન હોય તેને કોઈ પણ શાળામાંથી બહાર કાઢી મૂકવો જોઈએ. બહાદુર છોકરો હમેશાં

Gandhi Heritage Portal

પોતાનું મન પવિત્ર રાખશે, દૃષ્ટિ સીધી રાખશે અને પોતાના હાથ નિષ્કલંક રાખશે. જીવનના આ મૂળભૂત સિદ્ધાંતો શીખવા માટે તમારે કોઈ શાળામાં જવાની જરૂર નથી. તમારામાં આ ત્રણ ગુણો હશે તો તમારા ચારિત્ર્યનું ઘડતર નક્કર પાયા પર થશે.

ઈશ્વરને મારી પ્રાર્થના છે કે સાચી અહિંસા અને પવિત્રતા તમારા જીવનમાં હમેશાં ઢાલરૂપ બની રહો. તમારી બધી ઉદાત્ત આકાંક્ષાઓ સિદ્ધ કરવામાં ઈશ્વર તમને મદદ કરો. આ સમારંભમાં ભાગ લેવા તમે આમંત્ર્યો તે બદલ ફરીથી હું તમારો આભાર માનું છું.

[મૂળ અંગ્રેજી]

विथ गांधीजी इन सिलोन, पा. १०५-९

## ૨૦૭. અકમિમાની કન્યા વણાટશાળામાં ભાષણ

નવેમ્બર ૨૪, ૧૯૨૭

તમે મને માનપત્ર અને થેલી આપી તેથી ઘણો જ આનંદ થયો છે અને અકમિમાની કન્યા વણાટશાળાનો પાયો નાખવા મને આમંત્રણ આપ્યું તેને હું મારું બહુમાન થયેલું સમજું છું. હું આશા રાખું છું કે આ શાળાની ઉન્નતિ થશે. તમે બધા કદાચ નહીં જાણતા હો કે અનેક ઉપયોગી કામો શીખતાં શીખતાં હું વણાટ પણ શીખ્યો હતો. કાંતણ અને વણાટ શીખતો હતો તે દરમ્યાન મેં જોયું કે જે દેશ વણાટકામ કરવા ઇચ્છતો હોય તેણે કાંતણ કામ પણ કરવું જોઈએ. મતલબ કે દેશના સ્વાશ્રય ને સ્વાવલંબનની દૃષ્ટિએ વણાટ-ઉદ્યોગમાં કાંતણનો સમાવેશ થાય છે. અને તમને એ સાંભળીને આશ્ચર્ય થશે કે ખુદ લૅંકેશાયરના મોટા વણાટ-ઉદ્યોગનો ઇતિહાસ જોતાં જણાય છે કે ત્યાં વણાટ પહેલાં કાંતણ દાખલ કરવામાં આવ્યું હતું. આ બાબત વિશે વધુ વિસ્તારપૂર્વક બોલવાનો મને સમય નથી. પણ હું એટલું કહીશ કે જો તમે સિલોનને સ્વાવલંબી અને સ્વાશ્રયી દેશ બનાવવા ઇચ્છતા હો તો તમારે માતૃભૂમિ હિંદુસ્તાનની જેમ કોઈક પ્રકારના કાંતણ અને વણાટ-ઉદ્યોગની જરૂર છે.

માનપત્રમાં બૌદ્ધોને બુદ્ધગયા પાછું મળવા બાબત જે ઉલ્લેખ કરવામાં આવ્યો હતો તે વિશે પણ મહાત્માજીએ ચર્ચા કરી. તેમણે કહ્યું કે જેની પાસે સત્તા હોય એવી કોઈ વ્યક્તિ મને સંપૂર્ણ સત્તા આપે અને મારા હાથમાં કલમ આપે તો અબઘડી બૌદ્ધોને બુદ્ધગયા પાછું મળી જાય. કમનસીબે, આ બાબતમાં હું જે કરવા ઇચ્છું તે પ્રમાણે કરવાની મને સત્તા નથી. પણ હું તમને ખાતરી આપું છું કે બુદ્ધગયા બૌદ્ધોને પાછું મેળવી આપવા માટે હું મારાથી બનતું બધું કરીશ. પણ સૌથી મહત્ત્વની વાત એ છે કે તમારે હિંમત ન હારવી જોઈએ કે નિરાશ ન થવું જોઈએ. તમારે તમારો પ્રયત્ન જારી રાખવો જોઈએ, કારણ કે એ સારી રીતે સ્વીકારાયેલો કાનૂની સિદ્ધાંત છે કે જેઓ પોતાના અધિકારો મેળવવા માટે જાગ્રત નથી રહેતા તેમને તે કદી મળતા નથી.

ગાંધીજીએ આગળ બોલતાં ગ્રામજીવનના વિષયનો ઉલ્લેખ કરતાં કહ્યું કે જો તમે દારૂને દેશવટો નહીં આપો તો તમારાં ગામડાં પાયમાલ થઈ જશે. આજે સવારે મને એ જાણીને ઘણો આનંદ થયો કે આ ભાગમાં આજુબાજુ ક્યાંય તમારા સુંદર મુલકને કદરૂપો બનાવનારું દારૂનું પીઠું નથી. તમારી આ સિદ્ધિ માટે હું તમને અભિનંદન આપું છું. આ હૉલમાં એકઠા થયેલા સંખ્યાબંધ બૌદ્ધ સાધુઓને હું વિનંતી કરું છું કે, તમે લોકોને સંપૂર્ણ દારૂનિષેધને રસ્તે વાળવાનો દરેક પ્રયત્ન કરજો. પણ, તમારે તમારા ક્ષેત્ર પૂરતા સંકુચિત થઈને સંતોષ ન માનવો જોઈએ. તમારે તમારી પ્રવૃત્તિ તમારા ક્ષેત્રની બહાર દૂર દૂર સુધી ફેલાવવી જોઈએ જેથી દારૂનો શાપ

Gandhi Heritage Portal

હમેશને માટે ને સંપૂર્ણ રીતે દૂર થાય, લોકોનું જીવન અધ:પતનમાંથી બચે અને આ દેશ દારૂ-ની ગંદકીથી મુક્ત બને.

છેવટે તેમણે કહ્યું કે બુદ્ધ માણસ માણસ વચ્ચે સમાનતાનો ઉપદેશ કરતા હતા. કોઈ પણ માણસનો પાડોશી તેના જેટલો જ સારો છે. નાતજાતના ભેદરૂપી આ શાપને દૂર કરવાનું તમે અહીં જ અને અત્યારે જ શરૂ નહીં કરો તો તમે આ ધર્મના લાયક અનુયાયી નથી.

[મૂળ અંગ્રેજી]

સિલોન ડેલી ન્યૂઝ, ૩–૧૨–૧૯૨૭

## ૨૦૮. મતારામાં ભાષણ

નવેમ્બર ૨૪, ૧૯૨૭

અધ્યક્ષશ્રી અને મિત્રો,

તમે આ બધાં માનપત્રો અને જુદી જુદી થેલીઓ આપવાની જે ભલમનસાઈ બતાવી તે બદલ હું તમારો ઘણો જ આભારી છું. શૉફરો, નાઈઓ તથા બીજા મિત્રોએ પોતાની થેલીઓ આ મંચ પર આપી છે. ગરીબ માણસો તરફથી મળેલી આ થેલીઓની હું સાચા દિલથી કદર કરું છું. એ ઉપરથી દેખાય છે કે તેઓ પોતાના કરતાં ઘણા ગરીબ લોકોને ભૂલ્યા નથી. પણ એક થેલીની જાહેરાત કરવામાં નથી આવી. એ થેલી એટલે તમારા પ્રતિનિધિ શ્રી ઓબેસેકરેનો પાંચસો રૂપિયાનો ચેક છે. આ ચેક વિશે બે મત છે; એક મારો મત છે, અને તે એ છે કે તેમણે પોતાની નમ્રતાથી પ્રેરાઈને પોતાની ભેટ છુપાવી છે. પણ બીજો પણ એક મત છે જે અનુભવ પર આધારિત હોઈ મારા મત કરતાં વધુ વજનદાર છે. અને તે એ છે કે શ્રી ઓબેસેકરે એટલા કંજૂસ છે કે શૉફરોની થેલી[1] સાથે પોતાના પાંચસો રૂપિયાની સરખામણી કરવામાં આવે તેથી તે જાહેર કરવા ઇચ્છતા નથી. પણ હું એક ભિક્ષુક છું અને ટ્રસ્ટી છું તેથી ઓબેસેકરેની ઉદારતા કે કંજૂસાઈ બાબતમાં હું નિર્ણય ન આપી શકું. એ નિર્ણય આપવાનું તો હું, તેમના મતદાર મંડળ પર એટલે કે તમારા પર છોડું છું કે જેનું પ્રતિનિધિત્વ તેમણે યોગ્ય રીતે પણ કર્યું હોય કે અયોગ્ય રીતે પણ કર્યું હોય. પરંતુ હિંદના ભૂખે મરતા લાખો લોકો માટે મને જે દાન આપ્યું છે તે બદલ તમે બધા મારા હાર્દિક ધન્યવાદ સ્વીકારશો. હું તો તમને એટલી જ ખાતરી આપી શકું કે આ થેલીમાં નાખેલો દરેક રૂપિયો તમારા ખિસ્સામાંના રૂપિયા કરતાં વધારે ફળદાયી છે. કારણ કે મારા હાથમાંનો એક રૂપિયો એટલે એના સિવાય જેમને ભૂખે મરવું પડત એવી હિંદની ૧૬ ગરીબ કાંતનારીઓ માટેનું એક ટંકનું ભોજન.

આ સુંદર સ્થળે લઈ આવતી વખતે શ્રી ઓબેસેકરેએ મને ખબર આપી કે મતારામાં હાથવણાટ કરાવવાનો પ્રયત્ન ચાલે છે. આ પગલા માટે હું તમને અભિનંદન આપું છું અને જો થોડા મહિનામાં મને જણાવવામાં આવશે કે આ દેશમાં, કાંઈ નહીં તો તમે, પોતાને હાથે વણેલું કાપડ પહેરો છો, તો એ જાણીને મને જેટલો આનંદ થશે એટલો બીજી કોઈ ચીજથી નહીં થાય. પણ તમે તમારે પોતાને હાથે કાંતેલું ને વણેલું કાપડ પહેરવાની તૈયારી કરી રહ્યા

૧. શૉફર સંઘે રૂપિયા સોની થેલી આપી હતી.

Gandhi Heritage Portal

છો ત્યારે હું એટલું માગી શકું કે ભવિષ્યમાં તમારે કાપડ ખરીદવાનું હોય ત્યારે તમે ખાદી ખરીદીને તમે આપેલાં દાનોની ભાવના ચાલુ રાખશો. વળી એક બીજી વાત પણ કહું કે જો તમે તમારી કાપડની જરૂરિયાત બાબતમાં આત્મનિર્ભર થવા માગતા હો તો તેની શરૂઆત હાથ-કાંતણથી કરવી જોઈશે.

પછી મહાત્માજીએ નગરપાલિકાઓના કામની ચર્ચા કરી અને આગ્રહપૂર્વક કહ્યું કે કોઈ પણ બુદ્ધધર્મી દેશમાં શરાબ અને જાતિભેદનાં અનિષ્ટોને સ્થાન ન હોવું જોઈએ.

[મૂળ અંગ્રેજી]

સિલોન ડેલી ન્યૂઝ, ૩૦-૧૧-૧૯૨૭

## ૨૦૯. કોલંબોમાં કાયદાના વિદ્યાર્થીઓ સમક્ષ ભાષણ

[નવેમ્બર ૨૫, ૧૯૨૭][૧]

તમે આ સવાલ પૂછ્યો[૨] તેથી હું રાજી થયો. કારણ હું કહી શકું કે જો આ વિષયમાં હું અધિકારપૂર્વક ન બોલી શકું તો બીજું કોઈ તો ન જ બોલી શકે. કારણ કે વકીલ તરીકેની મારી સારીયે કારકિર્દી દરમ્યાન હું કદી સત્ય અને પ્રામાણિકતાથી જરાયે ચલિત થયો નથી.

વારુ, ત્યારે, વકીલાતના ધંધામાં ધાર્મિકતા દાખલ કરવી હોય તો તમારે એક વાત હમેશાં યાદ રાખવી જોઈએ કે દુર્ભાગ્યે આજે ઘણી વાર કરવામાં આવે છે તેમ તમારે તમારા ધંધાને ખિસ્સાં ભરવાનું સાધન ન બનાવતાં તેનો ઉપયોગ દેશની સેવામાં કરવો જોઈએ. બધા દેશોમાં એવા શ્રેષ્ઠ વકીલોના દાખલા મળે છે જેમણે સ્વાર્થત્યાગપૂર્વક જીવન ગાળ્યું અને જેમણે પોતાની તેજસ્વી કાનૂની પ્રતિભાનો સઘળો ઉપયોગ, પોતાને લગભગ ગરીબાઈમાં રહેવું પડયું હોવા છતાં પોતાના દેશની સેવામાં કર્યો. હિંદુસ્તાનમાં તમારી સમક્ષ સદ્‌ગત મનમોહન ઘોષનો દાખલો છે. તેમણે ગળીના બગીચામાલિકો એટલે નીલવરો સામે લડવાનું શરૂ કર્યું અને પોતાના ગરીબ અસીલોની, પોતાના શ્રમ માટે પોતાના અસીલો પાસેથી એક પણ પાઈ લીધા વગર, પોતાની તબિયતના ભોગે, પોતાના જીવના જોખમે, સેવા કરી. તેઓ અત્યંત બુદ્ધિશાળી વકીલ હતા, પણ તેની સાથે ભારે પરોપકારી પણ હતા. આ એક દાખલો એવો છે જે તમારે તમારી સમક્ષ રાખવો જોઈએ. અથવા એથીયે સારી વસ્તુ એ છે કે રસ્કિને પોતાના પુસ્તક અન ટુ ધિસ લાસ્ટ (સર્વોદય)માં આપેલા બોધને અનુસરો. તે પૂછે છે: 'જ્યારે સુથારને પોતાના કામ માટે મુશ્કેલીથી પંદર શિલિંગ મળે છે ત્યારે કોઈ વકીલે પોતાના કામના પંદર પાઉંડ શા માટે માગવા જોઈએ?' વકીલો દરેક જગ્યાએ અઘટિત ફી લે છે. હું કબૂલ કરું છું કે મેં પોતે એટલી ફી લીધી છે જેને અત્યારે હું અતિ ભારે ફી કહું. પણ મને કહેવા દો કે હું જ્યારે વકીલાત કરતો હતો ત્યારે પણ મેં મારા ધંધાને મારી જાહેર સેવાના માર્ગમાં અંતરાયરૂપ થવા દીધો નથી.

અને એક બીજી વસ્તુ છે જેની બાબતમાં હું તમને સાવધ કરવા માગું છું. ઇંગ્લંડમાં, દક્ષિણ આફ્રિકામાં લગભગ દરેક જગ્યાએ મેં જોયું છે કે વકીલો પોતાના અસીલો માટે જાણ્યે-

૧. આ તારીખે ગાંધીજી કોલંબોમાં હતા.

૨. વકીલાતના ધંધામાં ધાર્મિકતા કેવી રીતે દાખલ કરી શકાય?

Gandhi Heritage Portal

અજાણ્યે અસત્યનો આશ્રય લેવા દોરવાઈ જાય છે. એક પ્રસિદ્ધ અંગ્રેજ વકીલે તો એટલે સુધી કહ્યું છે કે પોતાનો અસીલ ગુનેગાર છે એમ જાણવા છતાં તેને બચાવવાની વકીલની ફરજ હોઈ શકે. આ બાબતમાં હું સંમત નથી. વકીલની ફરજ હમેશાં ગુનેગારને નિર્દોષ સાબિત કરવાની નહીં પણ ન્યાયાધીશો સમક્ષ સત્ય રજૂ કરવાની અને સત્ય નિર્ણય પર આવવામાં તેમને મદદ કરવાની છે. તમારા ધંધાનું ગૌરવ જાળવવાનું તમારા હાથમાં છે. તમે તમારી ફરજ નહીં બજાવો તો બીજા ધંધાઓનું શું થશે? નવયુવાનો, ભવિષ્યમાં નેતા બનવાનો દાવો તમે હમણાં જ કર્યો છે એટલે તમારે રાષ્ટ્રનું મીઠું બનવું જોઈએ. મીઠું જ જો પોતાનો સ્વાદ ખોઈ બેસે તો તેને કઈ વસ્તુથી ખારું બનાવી શકાય?

[મૂળ અંગ્રેજી]

विथ गांधीजी इन सिलोन, પા. ૩૫–૭

## ૨૧૦. કોલંબોના બૌદ્ધ યુવક સંઘમાં ભાષણ

નવેમ્બર ૨૫, ૧૯૨૭

શરૂઆતમાં ગાંધીજીએ સહિષ્ણુતાની આવશ્યકતા સમજાવી. તેમણે કહ્યું, હું કોઈ પણ અર્થમાં વિદ્વાન હોવાનો દાવો કરતો નથી. ધર્મ વિશે મારા અભ્યાસની શરૂઆત એડવિન આર્નોલ્ડના પુસ્તક ध लाइट ऑफ एशियाથી થઈ. એ પુસ્તકે મને મુગ્ધ કર્યો. તેમાં હું તલ્લીન થયો. ત્યારથી બુદ્ધની ભાવનાએ મારા મનનો કબજો લીધો છે. અને તે એટલે સુધી કે મારા પર પ્રચ્છન્ન બુદ્ધ હોવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. અને આ પહેલાં મેં એક પ્રસંગે કહ્યું છે તેમ એ આરોપને હું મારી પ્રશંસા માનું છું. જોકે હું જાણું છું કે હું જો એવો કોઈ દાવો કરું તો રૂઢિચુસ્ત બૌદ્ધો તેને તરત જ નામંજૂર કરશે. તેમ છતાં, બૌદ્ધ ધર્મની ભાવના ગ્રહણ કરનારી એક વ્યક્તિ તરીકે હું પૂરેપૂરી નમ્રતાપૂર્વક પણ વગર સંકોચે, મેં પાછલા પ્રસંગે કહી હતી એ જ વાત જુદી ભાષામાં કહીશ.

હિંદુ ધર્મમાં ધર્મોના ઉચિત અને ભક્તિપૂર્વકના અભ્યાસ માટે અમુક શરતો મૂકવામાં આવી છે. એ શરતો સાર્વત્રિક સ્વરૂપની છે. એ પણ યાદ રાખો કે ગૌતમ એક મહાન હિંદુ હતા. તેઓ હિંદુ ધર્મની ભાવનાથી ઓતપ્રોત હતા, વેદ ધર્મની ભાવનાથી તરબોળ હતા. તેમનો જન્મ અને ઉછેર એ પ્રેરણાદાયક પરિસ્થિતિમાં, આત્મતત્ત્વ માટે પ્રેરણાદાયક વાતાવરણમાં થયો હતો અને હું જાણું છું ત્યાં સુધી તેમણે હિંદુ ધર્મના કે વેદોના સંદેશાનો કદી ઇનકાર કર્યો નથી. તેમણે કર્યું એટલું કે તેમની આજુબાજુ ધર્મમાં જે જડતા વ્યાપેલી હતી તેમાં તેમણે જીવંત સુધારો દાખલ કર્યો. હું તમને એ કહેવાની ધૃષ્ટતા કરું છું કે જે મૂળ સ્રોતમાંથી ગૌતમ બુદ્ધે પ્રેરણા ગ્રહણ કરી તેનો, એટલે કે સંસ્કૃતનો અને સંસ્કૃત ધર્મશાસ્ત્રનો અભ્યાસ નહીં કરો ત્યાં સુધી તમારો બૌદ્ધ ધર્મનો અભ્યાસ અધૂરો રહેશે. પરંતુ જો તમે બૌદ્ધ ધર્મનો શબ્દાર્થ નહીં પણ બુદ્ધની ભાવના સમજવા માગતા હો તો એટલાથી તમારું કર્તવ્ય પૂરું થતું નથી. એ અભ્યાસની સાથે જોડાયેલી શરતો હવે હું તમારી સમક્ષ રજૂ કરું છું. શરતો એ છે કે જે પુરુષ અથવા સ્ત્રી ધર્મનો અભ્યાસ કરવા ઇચ્છે તેણે સૌથી પહેલાં પાંચ યમોનું પાલન કરવું જોઈએ. એ પાંચ યમ આત્મસંયમના નિયમો છે જે હું તમારી સમક્ષ કહી જાઉં છું. પહેલું બ્રહ્મચર્ય, બીજું સત્ય, ત્રીજી અહિંસા એટલે કે તદ્દન નિરુપદ્રવીપણું — કોઈ પણ જીવને ઈજા ન કરવી તે. ચોથી

Gandhi Heritage Portal

શરત છે અસ્તેય. અસ્તેય એટલે ચોરી ન કરવી. પણ અહીં ચોરી ન કરવી એનો અર્થ આપણે સામાન્ય રીતે સમજીએ છીએ એટલો જ નથી. જે વસ્તુ તમારી પોતાની નથી તે લઈ લેવી અથવા તેના તરફ લોભી નજરે જોવું એ પણ ચોરી છે. છેલ્લે આવે છે અપરિગ્રહ – જે માણસ ભૌતિક સંપત્તિનો માલિક બનવા ઇચ્છે છે તે બુદ્ધની ભાવના સમજવાને પાત્ર નથી. આ અનિવાર્ય શરતો છે. બીજી શરતો પણ છે, પરંતુ હું આ શરતોનું વર્ણન કરું છું કારણ કે એ પાયાની શરતો છે અને ગૌતમે બુદ્ધ થયા પહેલાં એ તમામ નિયમોનું પાલન કર્યું હતું એટલું જ નહીં, એ નિયમોની પાછળ રહેલી ભાવનાનું, તેમના કોઈ સમકાલીને નહીં કર્યું હોય તેવું પાલન કર્યું હતું. હું નમ્રતાપૂર્વક સૂચવું છું કે જ્યાં સુધી તમે પોતે આ નિયમોનું પાલન નહીં કરો અને ભક્તિભાવપૂર્વક બુદ્ધના ઉપદેશનો અર્થ સમજવાનો પ્રયત્ન નહીં કરો ત્યાં સુધી તમે બુદ્ધની ભાવના સમજી શકશો નહીં. તેમને વિશે લખાયેલાં બધાં પુસ્તકો વાંચીને તમે તેમની માહિતી મેળવી છે, એથી કશો ફરક પડતો નથી. પણ હું તમને ખાતરી આપું છું કે તમે આ પાયાનાં વ્રતોનું પાલન કરશો કે તરત જ તમે એ પુસ્તકોને સમજશો અને તેમનું નવી દૃષ્ટિએ અર્થઘટન કરશો. ઇસ્લામના ઘણા ટીકાકારોએ શું કર્યું છે તે જુઓ. જે ગ્રંથમાં કરોડો મુસલમાનોને શ્રદ્ધા છે તેને સંદર્ભમાંથી તોડીને તેમણે કેવો વિકૃત કર્યો છે અને ઇસ્લામના ઉપદેશોને કેવા ઘૃણાસ્પદ સ્વરૂપમાં રજૂ કર્યા છે! આ ટીકા લખનારા લોકો અપ્રામાણિક નહોતા, પ્રામાણિક હતા. તેઓ સત્યની ખોજ કરવાનો પ્રયત્ન નહોતા કરતા એમ નહીં. પણ કોઈ પણ ધર્મનો અભ્યાસ કરતાં પહેલાં પાલન કરવી જોઈતી શરતોની તેમને ખબર નહોતી. વળી હિંદુ ધર્મના ટીકાકારોએ શું કર્યું છે તે પણ જુઓ. મેં એ ટીકાકારોની ટીકાઓ વાંચીને તેમનો ભાવ સમજવાની કોશિશ કરી, પણ છેવટે હું એવા નિર્ણય પર આવ્યો છું કે તેઓ હિંદુ ધર્મનો કક્કો પણ સમજતા નથી અને તેનો સાવ ખોટો અર્થ ધરાવે છે. ખુદ ખ્રિસ્તી ધર્મ લો. ઘણા હિંદુઓએ તેનો ખોટો અર્થ તારવ્યો છે. તેમણે બાઇબલ, ઓલ્ડ ટેસ્ટામેન્ટ તથા ન્યૂ ટેસ્ટામેન્ટ પૂર્વગ્રહ રાખીને છિદ્રાન્વેષકની દૃષ્ટિએ વાંચ્યાં છે. પણ હિંદુઓની જ વાત શા માટે કરવી? પોતાને નાસ્તિક ગણવાનો ડોળ કરનારાં ખુદ અંગ્રેજોનાં પુસ્તકો મેં ક્યાં નથી વાંચ્યાં? તેમણે બાઇબલના અર્થનો અનર્થ કરી મૂક્યો છે અને નિર્દોષ પુરુષો અને સ્ત્રીઓના હાથમાં એટલું બધું ઉગ્ર સાહિત્ય મૂક્યું છે જે વાંચવાથી તેમને ભારે નુકસાન થયું છે. આ સંઘના યુવાનો સમક્ષ મેં આ મુદ્દા એટલા માટે રજૂ કર્યા છે કે હું એ જોવા આતુર છું કે તમે સિલોન સમક્ષ અને સિલોન દ્વારા દુનિયા સમક્ષ બૌદ્ધ ધર્મને પુનરુજ્જીવન પામેલા સ્વરૂપમાં રજૂ કરવામાં અગ્રેસર થાઓ અને દુનિયાને, તે ગ્રહણ ન કરે તેવો મૃતઃપ્રાય, રૂઢિગ્રસ્ત ધર્મ નહીં પણ જીવંત ધર્મ આપવામાં અગ્રેસર થાઓ.

પુરોહિતો પાસે મેં મારા પ્રતિનિધિને મોકલ્યો. તેમણે કહ્યું કે અમે દલીલો નથી કરી શકતા; અમે ફક્ત બુદ્ધ ભગવાને શીખવ્યું છે તેટલું કહી શકીએ છીએ. એ ઠીક છે, પણ આજે જ્યાં જોઈએ ત્યાં દરેક વસ્તુ વિશે જિજ્ઞાસાની ભાવના વ્યાપેલી છે. આપણે એ ભાવના સાથે પાનાં પાડવાનાં છે. દુનિયા સત્યની ખોજ કરવાની કોશિશમાં છે, અને આ ભયંકર સંઘર્ષની વચ્ચે શાંતિ માટે તલસી રહી છે. લોકોમાં સત્યને જાણવાની ઇચ્છા પણ મોજૂદ છે, પરંતુ મેં તમને કહ્યું તેમ, જેમણે ધર્મનો શાસ્ત્રીય અભ્યાસ કર્યો, જેમણે સત્ય પ્રાપ્ત કરવા માટે જીવન અર્પણ કર્યું અને જેમનાં હાડ હિમાલયના બરફમાં ઓગળી ગયાં તેઓ, પોતાના જ્ઞાનભંડાર હિંદના ત્રીસ કરોડ લોકો માટે જ નહીં પણ જે કોઈ તેને સમજવાનો પ્રયાસ કરે તે સૌને માટે, મૂકી

Gandhi Heritage Portal

ગયા છે. તેમણે કહ્યું છે: 'અમે તમને સત્ય આપી નહીં શકીએ.' એ લખીને કે બોલીને આપી શકાય એવી વસ્તુ નથી. એ જીવન દ્વારા જ આપી શકાય. એ બુદ્ધિથી પર છે, પણ અનુભવથી પર નથી. એટલે તેમણે કહ્યું: 'અમે કહીએ છીએ કે સત્ય વસ્તુ આ છે પણ તેની કસોટી તમારે પોતે કરવી જોઈશે. તમારી બુદ્ધિનો ઉપયોગ કરો. અમે તમારી બુદ્ધિને બૂઠી કરી દેવા ઇચ્છતા નથી. પણ બુદ્ધિનો ઉપયોગ કરતાં કરતાં, તમે અમારી પેઠે જ એવા નિર્ણય પર આવશો કે ઈશ્વરે આપણને જે બુદ્ધિ આપી છે તે આખરે મર્યાદિત વસ્તુ છે, તે અમર્યાદિત સુધી પહોંચી શકે નહીં. તેથી જેમ તમારે ભૂમિતિ કે બીજગણિત શીખવું હોય ત્યારે ગમે તેવી ત્રાસ આપનારી કે થકવી નાખનારી પ્રાથમિક પ્રક્રિયાઓમાંથી પસાર થવું પડે છે તેમ આ પ્રાથમિક શરતોનું પાલન કરો. તમે એ શરતોનું પાલન કરશો પછી જોશો કે અમે અમારા અનુભવ પરથી જે વસ્તુ કહીએ છીએ એ તમારી પોતાની પણ થશે.'

હવે હું તમને બુદ્ધનો ઉપદેશ આજે કેમ પળાતો નથી તેનો ફક્ત એક દાખલો આપીશ. મારા ભાષણનો આ ભાગ મેં છેલ્લી ઘડી સુધી મુલતવી રાખ્યો હતો; સિવાય કે વિદ્યોદય કૉલેજના મારા ભાષણમાં તેનો મેં માત્ર ઇશારો કર્યો હતો.

તમે માનો છો બુદ્ધે દુનિયાને એમ શીખવ્યું છે કે તુચ્છમાં તુચ્છ પ્રાણીને પણ પોતાના સમાન ગણવું જોઈએ. તેઓ પેટે ચાલતાં ક્ષુદ્ર પ્રાણીઓની જિંદગીને પણ પોતાની જિંદગી જેટલી જ કીમતી ગણતા. મનુષ્ય નીચલી કોટિની પ્રાણીસૃષ્ટિનો સ્વામી છે એમ કહેવું એ ખોટો અહંકાર છે. એથી ઊલટું, જીવનમાં ઈશ્વરે તેને વધુ મહત્ત્વની વસ્તુ આપેલી હોઈ તે નીચલી કોટિની પ્રાણીસૃષ્ટિનો ટ્રસ્ટી છે. અને મહાત્મા બુદ્ધે એ સત્ય પોતાના જીવનમાં આચરી બતાવ્યું. મેં તદ્દન નાની ઉંમરમાં ધ લાઇટ ઑફ एशियामां એક ફકરો વાંચ્યો હતો, જેમાં નિર્દોષ ઘેટાંનું લોહી અર્પણ કરવાથી ઈશ્વર પ્રસન્ન થાય છે, એવું માનનારા અહંકારી અને અજ્ઞાન બ્રાહ્મણો પાસેથી ભગવાન બુદ્ધે કેવી રીતે ઘેટું ઉઠાવીને પોતાને ખભે લઈ લીધું અને એક પણ ઘેટાનો ભોગ આપવા સામે તેમણે પડકાર કર્યો, તેનું વર્ણન કર્યું હતું. માત્ર તેમની હાજરીથી જ બ્રાહ્મણોનાં પાષાણ હૃદયો પીગળ્યાં. તેમણે ભગવાન બુદ્ધ તરફ જોયું અને પોતાની કાતિલ છરીઓ ફેંકી દીધી. અને દરેક જાનવરનો જીવ બચી ગયો. અહીં કરવામાં આવે છે તેમ, શું આ સંદેશો દુનિયાને જૂઠો ઠરાવવા માટે આપવામાં આવ્યો હતો? મને લાગે છે કે આ મહાન ધર્મનું રહસ્ય સમજનારા તમે સૌ જ્યાં સુધી સૃષ્ટિનાં તમામ પ્રાણીઓને અવધ્ય નથી માનતા ત્યાં સુધી ભગવાન બુદ્ધના ઉપદેશની ભાવનાને વફાદાર નથી. અને જ્યાં સુધી તમે માંસાહાર નહીં છોડો, અને જ્યાં સુધી તમે બીજું કોઈ તમારે માટે પ્રાણીઓની કતલ કરે છે તેથી તમે પોતે એ કતલ માટે ગુનેગાર નથી એવા ભ્રમમાંથી નીકળી નહીં જાઓ ત્યાં સુધી તમે સૃષ્ટિનાં તમામ પ્રાણીઓને અવધ્ય માનો છો એમ નહીં કહી શકાય. તમે રૂઢિરૂપી દીવાલનો આશ્રય શોધો છો. તમે કહો છો કે બુદ્ધ ભગવાને માંસાહારનો કદી નિષેધ કર્યો નથી. હું એવું માનતો નથી. તમે બુદ્ધના ઉપદેશ પ્રત્યે મેં સૂચવ્યું એ ભાવથી જોશો અને રૂઢિની ભાવનાને કસી જોશો તો તમને જુદી દૃષ્ટિ અને જુદો અર્થ મળશે. તમે જોશો કે બુદ્ધ ભગવાને જ્યારે કહ્યું કે, 'હું તમને માંસાહાર કરવાની મના નથી કરતો' ત્યારે તેઓ એવા લોકોને ઉપદેશ કરતા હતા જેઓ, ખ્રિસ્તીઓની ભાષામાં પાષાણ હૃદયના હતા. તેમણે તેમને માંસાહારની છૂટ આપી તે તેમની નબળાઈનો વિચાર કરીને આપી હતી, નહીં કે તેમને પોતાના ઉપદેશના તર્કશુદ્ધ અર્થની ખબર નહોતી. જો સ્વર્ગના દેવતાઓને પ્રાણીઓનું બલિદાન ન આપી શકાય તો આપણી સ્વાદેન્દ્રિયને

Gandhi Heritage Portal

કેમ આપી શકાય? તેમણે પશુઓના બલિદાનનો નિષેધ કર્યો ત્યારે પોતે શું કહી રહ્યા હતા તે જાણતા હતા. શું તેમને ખબર નહોતી કે પ્રાણીઓનો ભોગ આખરે તો ખાવાને માટે આપવામાં આવે છે? કલકત્તામાં હિંદુઓમાં શ્રેષ્ઠ હિંદુ ગૌતમનો આ સંદેશો ગ્રહણ કર્યા છતાં તેઓ કાલિ માતાને હજારો ઘેટાંબકરાંનો ભોગ શા માટે આપે છે એટલું તેમને અને હિંદુ ધર્મને કલંક લાગે છતાં પૂછવા દો. તેઓ ભોગ આપેલાં પશુઓનાં શબ હુગલીમાં ફેંકી દે છે? નહીં, તેઓ માંસની બોરીએ બોરી ખૂબ આનંદથી ખાઈ જાય છે અને માને છે કે કાલિને ભેટ ધરવાથી એ માંસ પવિત્ર થયું છે. એટલે બુદ્ધે કહ્યું હતું કે, તમારે કંઈ બલિદાન આપવું હોય તો તમારી જાતનું, તમારી વિષયવાસનાનું, તમારી ભૌતિક અને દુન્યવી આકાંક્ષાઓનું બલિદાન આપો. એ બલિદાન ઉન્નત કરનારું હશે. ભગવાન બુદ્ધનો આત્મા આ સભા પર છાઈ રહો અને તે તમને સૌને મારા શબ્દોનો તોલ કરવાની અને તેમને પચાવવાની શક્તિ આપો.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ૮–૧૨–૧૯૨૭

## ૨૧૧. કોલંબોના સિલોન ઇન્ડિયન ઍસોસિયેશનમાં ભાષણ[1]

નવેમ્બર ૨૫, ૧૯૨૭

પહેલું સૂત્ર એ કે પરદેશમાં જઈને વસીએ તો તે દેશના વાસીઓનાં સુખદુઃખ આપણાં કરીને બેસીએ. તેમનું કલ્યાણ એ આપણે માટે પહેલી વાત. આપણું કલ્યાણ એ પછી; એમાં જ શોભા છે, અને એમાં आत्मवत् सर्वभूतेषुના નિયમનું પાલન છે. બીજા આપણે ત્યાં આવીને વસે તો કેવી રીતે રહે એમ આપણે ઇચ્છીએ તેવી જ રીતે આપણે પણ તેમને ત્યાં રહીએ. આ જ વિચારશ્રેણી મુજબ હિંદુસ્તાનમાં અંગ્રેજોને કહું છું કે તેમણે પોતાના હિતની વાત હિંદીઓના હિતની વાત કર્યા પછી કરવી, અને મારા એ કથનને કોઈએ ખોટું નથી કહ્યું. આપણે આપણી ઉપર રાજ કરનારાઓની સાથેના સંબંધ વિશે એક નિયમ રાખીએ અને બીજા દેશમાં જઈએ ત્યારે આપણને બીજો નિયમ લાગુ પડવો જોઈએ એમ વાત કરીએ એ બની ન શકે. અને લંકા મારે મને પરદેશ નથી, લંકાવાસીઓ ભારતને માતા કહીને વર્ણવે છે એ મને બહુ ગમે છે, છતાં જ્યારે લંકાવાસીઓ સાથેના આપણા સંબંધને વ્યવસ્થિત કરવો છે ત્યારે તો આપણે પોતાને પરદેશી ગણીએ એ બરોબર છે. આવી બાબતમાં સુવર્ણ નિયમ એ છે કે જ્યાં સેવા કરવાની વાત હોય ત્યાં હજાર સગપણ કાઢીએ, જ્યાં હક મેળવવાની વાત હોય ત્યાં સગપણ ભૂલી જઈએ. હિંદુસ્તાનમાં પરપ્રાંતમાં જઈને વસનારાઓને અને રોજી મેળવનારાઓને પણ હું આ જ વાત કરું છું. બંગાળ કે પંજાબ કે ગુજરાત સિવાયના બીજા કોઈ પણ પ્રાંતમાં હું જાઉં છું ત્યારે ગુજરાતીઓને કહું છું કે તમારા હિતના કરતાં જે પ્રાંતમાં તમે વસતા પરદેશીઓના સંબંધ માટે સૂઝતો નથી, અને મારો અનેક વર્ષોનો અનુભવ કહે છે કે આ સુવર્ણ નિયમનો જ્યાં ભંગ થયો છે ત્યાં જ કજિયાકંકાસ, મારામારી થયાં છે. મને જરાયે શંકા નથી કે આ

૧. ચ. રાજગોપાલાચારીએ આ ભાષણનો તામિલમાં અનુવાદ કર્યો હતો.

Gandhi Heritage Portal

નિયમ પાળશો તો તમે તમને શોભાવશો, અને જે દેશમાંથી તમે જાઓ છો અને જે દેશની મુક્તિને માટે તમે તનતોડ પ્રયત્ન કરવા માગો છો તે દેશને પણ શોભાવશો.

[મૂળ અંગ્રેજી]

ધ સિલોન ડેલી ન્યૂઝ, ૨૬-૧૧-૧૯૨૭

ભાષાંતર : નવજીવન, ૧૧-૧૨-૧૯૨૭

## ૨૧૨. કોલંબોમાં રેડિયાર સંગમમાં ભાષણ

નવેમ્બર ૨૫, ૧૯૨૭

આ બધાં માનપત્રો અને બધી થેલીઓ બદલ હું તમારો આભાર માનું છું.

હું જોઉં છું કે જેમ જેમ સિલોન છોડીને જવાનો મારો સમય નજીક આવતો જાય છે તેમ તેમ તમારાં હૃદય વિશાળ થતાં જાય છે અને તમારાં હૃદયની સાથે સાથે તમારાં માનપત્રોની ફ્રેમો પણ મોટી થતી જાય છે. પણ તમારે રેડિયાર મિત્રોએ અને બીજાઓએ મને વધારે સારી રીતે ઓળખવો જોઈતો હતો અને સમજવું જોઈતું હતું કે જો તમે મને મોટી ફ્રેમોમાં મઢેલાં માનપત્રો આપશો તો સાબરમતીના મારા આશ્રમમાં તે મૂકવા માટે જગ્યા પણ બતાવવી જોઈશે. જો તમે ઉદારતાપૂર્વક આ બધાં માનપત્રો રાખી શકાય એવું મકાન બાંધવા માટે થોડાક હજાર રૂપિયા આપવા તૈયાર થાઓ તો તમને એટલું કહેવાની મને ફરજ પડે કે, આ બધી વસ્તુઓ રાખી શકું તે માટે મકાન બાંધવા માટે આપવા જેટલા પૈસા જો તમારી પાસે હોય તો “એ બધા પૈસા મને આપો જેથી એ પૈસાનો ઉપયોગ હિંદુસ્તાનની ગરીબ ભૂખે મરતી બહેનોને ભોજન આપવામાં કરવામાં આવશે.” તમને એ પણ ખબર હશે કે ગયાં કેટલાંક વર્ષોથી હું મારા અંગત ઉપયોગ માટે કીમતી ભેટો સ્વીકારતો નથી. તમે એ તો જાણો છો કે જે સભાઓમાં આ માનપત્રો આપવામાં આવ્યાં છે તે જ સભાઓમાં, અવિવેકના આરોપને પાત્ર ઠર્યા વગર તેમનું લિલામ કરતાં હું અચકાતો નથી. પણ આ સુંદર દ્વીપ જ્યાં મને પરાયો માનવાની ભૂલ થવાનો સંભવ રહે છે ત્યાં સિંહાલીઓની લાગણીનો વિચાર કરીને મેં તેમનાં માનપત્રો લિલામ કર્યાં નથી. પણ અહીં હું જાણું છું કે તમે મારે વિશે ગેરસમજૂતી નહીં કરો. તેથી હું તમારી સંમતિ મળી ગયેલી માની લઈને આ માનપત્રોના પૈસા કરવા ઇચ્છું છું જે તમે આપેલી થેલીઓની રકમમાં વધારો કરશે અને એટલાં ભૂખ્યાં માણસોને ભોજન આપશે. હું ખરેખર તમારાં માનપત્રોને મારે માટેનું એક પ્રલોભન ગણું છું. અને તેથી લાંબું ભાષણ કરીને તમારો ને મારો સમય નહીં બગાડું.

કોલંબો છોડીને જાઉં તે પહેલાં હું તમારી સમક્ષ એક કે બે વિચારો મૂકી જવા ઇચ્છું છું. આ સુંદર દ્વીપમાં તમે તમારો રોટલો કમાઓ છો તેથી હું તમને અહીં દૂધમાં સાકરની જેમ ભળી જવા કહું છું. દૂધથી છલોછલ ભરેલા પ્યાલામાં ધીરે ધીરે સાકર નાખીએ તો પ્યાલો ઊભરાતો નથી; સાકર પોતે દૂધમાં સમાઈ જઈ દૂધને વધુ સ્વાદિષ્ટ બનાવે છે. એ જ રીતે હું ઇચ્છું છું કે તમે આ દ્વીપમાં ઘૂસી જનારા તરીકે નહીં પણ જે લોકોની વચ્ચે તમે રહો છો તેમના જીવનને સમૃદ્ધ કરવા માટે રહો.

Gandhi Heritage Portal

એટલી સાવધાની રાખજો કે હિંદુસ્તાનમાંના આપણા દુર્ગુણો જીવનને ઝેરરૂપ કરવા માટે તમારી સાથે આ દેશમાં ન આવે. આપણે આ દેશમાં આપણી સાથે અસ્પૃશ્યતાનો શાપ લઈને ન આવીએ. પ્રભુના રાજ્યમાં કોઈ ઊંચનીચ હોઈ ન શકે. એટલા માટે આપણે, આ દુનિયાને, તે કેટલીક વાર બનતું દેખાય છે તેવું શેતાનનું રાજ્ય બનાવવાને બદલે ઈશ્વરનું રાજ્ય બનાવીએ. આપણું જીવન તદ્દન પવિત્ર બનાવીએ. દૃષ્ટિ સીધી અને હાથ ચોખ્ખા રાખીએ. અને તમે મને ઉદારતાપૂર્વક આટલી બધી ભેટો આપી છે ત્યારે તમારી પાસે એટલું ન માગું કે ભવિષ્યમાં તમે જ્યારે કંઈ કાપડ ખરીદો ત્યારે ખાદી જ ખરીદજો?

મિત્રો, આ દ્વીપમાં દારૂની બદી સામે જે ભારે આંદોલન ચાલી રહ્યું છે તેમાં જોડાવા માટે હું તમને આજીજી કરું છું. તમે પોતે દારૂથી દૂર રહેજો એટલું જ નહીં, પણ દારૂબંધીની ચળવળને મદદ કરજો અને જે કોમો દારૂ પીતી હોય તેમને તે છોડવામાં તથા આ દેશમાં સંપૂર્ણ દારૂબંધી કરવામાં મદદ કરજો.

તમે મારા પર જે પ્રેમ વરસાવ્યો છે તેને માટે ફરીથી તમારો આભાર માનું છું. તમારો પ્રેમ હું કદી ભૂલીશ નહીં.

[મૂળ અંગ્રેજી]

વિથ ગાંધીજી ઇન સિલોન, પૃ. ૧૧૫–૬

## ૨૧૩. કોલંબોની વિદાય સભામાં ભાષણ

નવેમ્બર ૨૫, ૧૯૨૭

અધ્યક્ષશ્રી અને મિત્રો,

તમે મારે માટે જે શબ્દો કહ્યા છે અને ખુદ તમારા તરફથી તથા કોલંબોના નાગરિકો તરફથી જે શુભેચ્છાઓ દર્શાવી છે તે બદલ હું તમારો આભાર માનું છું. તમારા આ ઉદાર હાથે આપેલી થેલી બદલ પણ હું તમારો આભાર માનું છું. અહીં જાહેર કરવામાં આવ્યું છે તેમ આ થેલીની રકમ ઠીક ઠીક મોટી છે, પણ હું જાણું છું અને તમારે જાણવું જોઈએ કે કોલંબોના નાગરિકોએ આ એક જ થેલી આપી નથી. કોલંબોમાં મારા રોકાણ દરમ્યાન જુદાં જુદાં મંડળો અને વ્યક્તિઓએ જાહેરમાં થેલીઓ આપી છે એટલું જ નહીં તેઓ મારે ઉતારે આવીને પોતાની થેલીઓ આપતા રહ્યા છે. આ બધાં દાનને પણ હું આ થેલીનો ભાગ માનું છું.

એક રીતે સિલોનની મારી મુલાકાત પૂરી થાય છે, જોકે ચોક્કસ કહીએ તો તમારા આતિથ્યની ભાવનાવાળા દેશમાંથી ૨૯મીની સાંજે જાફનાથી હું વિદાય થઈશ. કોણ જાણે કેમ, જાફના જતાં હું કોઈ જુદી જ જગ્યાએ જતો હોઉં એમ મને લાગે છે. હું મારી સાથે તમારી અસાધારણ રીતે સુંદર આબોહવાનાં તથા સિલોનના લોકોમાં ખૂબ જ મીઠાં સ્મરણો લઈને જાઉં છું. હું તમને ખાતરી આપું છું કે કોલંબો છોડતાં મને દુઃખ થાય છે અને જો મારાથી બની શક્યું હોત તો હું અહીં વધારે દિવસ રોકાયો હોત. પણ મારે ઓરિસ્સાનો પ્રવાસ કરવો છે. ઓરિસ્સા હિંદુસ્તાનના દુઃખીમાં દુઃખી ભાગોમાંનો એક પ્રાંત છે; અથવા એમ કહો કે સૌથી

Gandhi Heritage Portal

દુ:ખી ભાગ છે. હમણાં ત્યાં ભારે પૂરની આફત આવી છે. તેથી ત્યાં જવાનું હું મુલતવી રાખી શકું એમ નથી.

નામદાર ગવર્નરથી માંડીને નાનામાં નાના અમલદાર તરફથી અને મોટા વેપારી તથા બીજા મૂડીપતિઓથી માંડીને ગરીબમાં ગરીબ મજૂર તરફથી મને પ્રેમનો જ અનુભવ થયો છે અને મહાશય, તમે સાચું જ કહ્યું છે કે, નાતજાતના, રંગના કે ધર્મના ભેદ સિવાય તમામ લોકોએ મારા પર ખૂબ પ્રેમ વરસાવ્યો છે, અને મારા અહીં આવવાના ઉદ્દેશને સંબંધ છે ત્યાં સુધી તમારી પાસેથી જે આશાઓ રાખવામાં આવી છે તે બધી પૂરી થઈ જ છે.

તમે મને નિરાંતે રહેવા માટે ફરીથી સિલોન આવવા કહ્યું છે. ઈશ્વર મને એવો સમય આપશે અને અહીં આવવા માટે જીવતો રાખશે તો હું તમને ખાતરી આપું છું કે તમારે મને એ માટે દબાણ નહીં કરવું પડે. પણ આ સુંદર દ્વીપમાં હું ફરી આવી શકું કે ન આવી શકું, તમે એટલી ખાતરી રાખજો કે મારો આત્મા હમેશાં તમારી સાથે રહેશે અને તમારી પ્રગતિ હું ખૂબ રસપૂર્વક જોતો રહીશ.

મેં તમારા દેશની મુલાકાતે આવવાનું નક્કી કર્યું ત્યારે મેં મારા પર એક સખત મર્યાદા મૂકી હતી કે હું તમારા રાજકીય સવાલો વિશે કંઈ નહીં કહું, અને અત્યારે પણ હું એ વિશે કશું કહેવા ઇચ્છતો નથી. પણ હું જાણું છું કે હમણાં એક મહત્ત્વનું કમિશન તમારી રાજકીય સ્થિતિ વિશે તપાસ કરી રહ્યું છે. સમયની અનુકૂળતા પ્રમાણે હું તેની કાર્યવાહી તરફ નજર રાખવાનો પ્રયત્ન કરતો આવ્યો છું. અને હું આશા રાખું છું કે તેની કાર્યવાહી અને તેના નિર્ણયો એટલા સારા અને ડહાપણભર્યા હશે કે તે દુનિયાના સુંદરમાં સુંદર દેશોમાંના આ દેશને માટે નિર્ભેળ આશીર્વાદરૂપ નીવડશે.

રાજકીય સવાલોમાં ઊતર્યા વિના હું એટલી આશા વ્યક્ત કરીશ કે તમે મારા જેવા એક સામાન્ય માનવીનો સત્કાર કરવામાં એકતા સાધી છે તેવી જ રીતે તમારી રાજકીય આકાંક્ષાઓ સિદ્ધ કરવામાં એકતા સાધશો, તમારા તમામ મતભેદ ભૂલી જશો, અને હિંદુ, બૌદ્ધ, ખ્રિસ્તી, મુસલમાન વગેરે તરીકે અલગ અલગ વિચાર કરશો નહીં, પણ આ મહાન દેશની એક પ્રજા તરીકે વિચાર કરશો અને તમારી ઉદાત્ત રાજકીય આકાંક્ષાઓ સિદ્ધ કરશો. હું એ વાત કદી સમજી શક્યો નથી કે, કોઈ અલ્પસંખ્યક જાતિ શા માટે એમ માને છે કે, જો તેને અલગ પ્રતિનિધિત્વ નહીં આપવામાં આવે તો તેની માગણીઓનો યોગ્ય રીતે વિચાર કરવામાં નહીં આવે અને તે પૂરી પણ કરવામાં નહીં આવે. એવા વલણમાં મને હમેશાં રાષ્ટ્રીય જાગૃતિનો અભાવ દેખાયો છે.

આજે સવારે મારા દેશબંધુઓ સમક્ષ બોલતાં મેં જે વિચાર વ્યક્ત કર્યો હતો તે હું અહીં ફરીથી કહેવા ઇચ્છું છું. તે એ કે, જેમણે સિલોનને પોતાનો દેશ બનાવ્યો છે અને જ્યાં તેઓ પોતાની આજીવિકા કરતાં કંઈક વધારે મેળવે છે ત્યાં તેમણે અહીંના અસલ નિવાસીઓ એટલે કે સિંહાલીઓનાં હિત આગળ પોતાના હિતને ગૌણ ગણવું જોઈએ. પણ હું જાણું છું કે મારે આ વિષયમાં ઊંડા ઊતરવું ન જોઈએ.

હવે હું મારી બધી સભાઓમાં જે વિશે સતત બોલતો આવ્યો છું તે વિશે એટલે અસ્પૃશ્યતાના અનિષ્ટને લગતા નાતજાતના પ્રશ્ન વિશે એકબે વાક્યો કહીશ.

જેમની જેમની સાથે મેં આ વિષયની ચર્ચા કરી છે તે દરેકે મને ખાતરી આપી છે કે બૌદ્ધ ધર્મમાં અસ્પૃશ્યતા તો દૂર રહી, જાતિભેદને માટે પણ કોઈ આધાર નથી. આમ છતાં

Gandhi Heritage Portal

આશ્ચર્યની વાત છે કે આ દેશના બૌદ્ધોમાં પણ એકબીજાથી સાવ અલગ વિભાગો છે અને ઊંચનીચની એવી ભાવના છે જે રોડિયાઓની બાબતમાં બન્યું છે તેમ લગભગ અસ્પૃશ્યતા સુધી પહોંચે છે; જોકે આજે સવારમાં મને એ જાણીને આનંદ થયો કે આ રોડિયાઓની વસ્તી હવે ૬૦૦થી વધારે રહી નથી. હું જાણું છું કે જો હિંદુસ્તાન આ દેશમાં મહિન્દ અને બુદ્ધનો સંદેશો મોકલવા માટે ગર્વ લઈ શકે તો તમને નાતજાતના ભેદભાવ મોકલવા માટે તેણે શરમ પણ અનુભવવી જોઈએ. બુદ્ધની ભાવના હજી હિંદુસ્તાનમાંથી મળે તો, તમે વધુ ને વધુ ગ્રહણ કરી શકો અને એ મહાન દેશમાંથી તમને વારસામાં મળેલા શાપનો ત્યાગ કરી શકો તો કેવું સારું!

બૌદ્ધ ધર્મનો મેં જે અભ્યાસ કર્યો છે અને જાહેર મતને દોરનારાઓ સાથે ચર્ચા કરી છે તેમાંથી મને તમારે ત્યાં શરાબખોરીને ટેકો મળે એવું કશું મળ્યું નથી. મને એ જાણીને આનંદ થયો કે તમે કોઈ વિસ્તારમાં દારૂબંધી કરવા ઇચ્છો તો તેમ કરવાનો તમને અધિકાર છે અને તમે તેનો લાભ પણ ઉઠાવી રહ્યા છો. પણ મારો દુઃખદ અનુભવ એવો છે કે આ વિનાશ-કારક અનિષ્ટ સાથે રમત કરી શકાય તેમ નથી અથવા તેની સાથે ધીરજથી કામ લઈ શકાય તેમ નથી. તેથી હું તમને કંઈ નહીં તો મજૂર વસ્તીની શક્તિ અને નીતિનો નાશ કરી રહેલા આ ઘોર અનિષ્ટથી દેશને જલદી મુક્ત કરવા આદરપૂર્વક અનુરોધ કરું છું. હું જરૂર આશા રાખું છું કે તમે વિદેશી દારૂ તરફ પક્ષપાત બતાવવાની ભૂલ નહીં કરો. મને ખબર છે કે તે દેશી દારૂના જેટલો જ નુકસાનકારક હોય છે. જેટલે અંશે હું પરિસ્થિતિનો અભ્યાસ કરી શકયો છું અને મદ્યનિષેધના આ સવાલનો અનુભવ ધરાવતા અનેક દાક્તર મિત્રો સાથે ચર્ચા કરી શકયો છું તેટલે અંશે મને જરાયે શંકા નથી કે આપણે જેઓ સમશીતોષ્ણ કટિબંધમાં ફરીએ છીએ તેમને દારૂ પીવાનું કશું કારણ નથી.

હવે હું રેંટિયાના સંદેશા વિશે, તમને સંબંધ છે એટલે અંશે એકબે વાકયો કહીશ. હું જાણું છું અને મને એ જાણીને આનંદ થાય છે કે હિંદુસ્તાનમાં જે કષ્ટદાયક ગરીબી છે અને જેને કારણે લોકો રોજેરોજ ભૂખે મરે છે તેનાથી તમે સાવ અજાણ છો. તેથી તમારે માટે રેંટિયાનું કદાચ આર્થિક મહત્ત્વ કંઈ જ ન હોય, પણ આ સુંદર દેશ માટે એનું સાંસ્કૃતિક મહત્ત્વ ઘણું છે એ વિશે મને શંકા નથી. તેનો સાદાઈનો જીવંત સંદેશ તમામ દેશોને લાગુ પડે છે અને તમે કબૂલ કરશો કે જો તમારાં છોકરાછોકરીઓ તથા પુરુષો ને સ્ત્રીઓ પણ રોજ એક કલાક જાતે કાંતે અને જો તમે તમારી કાપડની જરૂરિયાતની બાબતમાં સ્વાવલંબી અને આત્મનિર્ભર બની જાઓ તો એથી તમને કંઈ પણ નુકસાન તો નહીં જ થાય, પણ તમારા રાષ્ટ્રના ગૌરવ અને આત્મવિશ્વાસમાં વધારો થશે.

તમારાં ઊંચ વર્ગનાં યુવાન સ્ત્રીપુરુષોને ફેશનનું જે ઘેલું લાગ્યું છે તે હું ઘણી ચિંતાની નજરે જોઈ રહ્યો છું. તેમને ભાન નથી કે પશ્ચિમમાંથી આવતા આ મોહિત કરનારા ભપકાના ગુલામ બનીને તેઓ આવી ફેશન કરવાની જેઓ કદી આશા રાખી શકે નહીં એવા, દેશના ગરીબ લોકોથી, કેવા અળગા થઈ રહ્યા છે. મને આશા છે કે જો તમે તમારી સાદાઈ છોડીને આ ક્ષુલ્લક ભપકો ગ્રહણ કરશો તો એ રાષ્ટ્રને માટે એક ભારે મોટી આફત, ભારે કરુણ ઘટના થઈ પડશે.

પણ રેંટિયાની આ સાંસ્કૃતિક બાજુની તમે કદર કરો કે ન કરો, તમે ઘણા મંચો પરથી હિંદુસ્તાનને પોતાની માતૃભૂમિ કહીને તેના પ્રત્યેની પોતાની નિષ્ઠા સ્વેચ્છાથી જાહેર કરી છે,

Gandhi Heritage Portal

અને ભારે થેલીઓ આપીને એ નિષ્ઠાની વાસ્તવિક સાબિતી આપી છે. હવે તમને મારી વિનંતી છે કે તમે બંને દેશને જોડનારી આ કડીને વધુ મજબૂત બનાવજો અને તમારા દાનમાંથી જે ખાદી તૈયાર થાય તેને તમારા પોશાકના કબાટમાં પૂરતું સ્થાન આપીને એ સંબંધને જીવંત બનાવજો.

તમે મારા પર ખૂબ ઉદારતાથી જે સ્નેહ વરસાવ્યો છે તેનો જરાયે બદલો વાળવાની મારામાં શક્તિ નથી. પણ મૂંગા અને ભૂખે મરતા કરોડો લોકો, જેમને માટે તમે તમારાં પાકીટ ખોલ્યાં છે, તેઓ આ મદદ માટે જરૂર તમને આશીર્વાદ આપશે એમાં મને શંકા નથી. અને એ કરોડો લોકોના સ્વનિયુક્ત નમ્ર પ્રતિનિધિ તરીકે હું સર્વશક્તિમાન પ્રભુને પ્રાર્થના કરું છું કે તે તમારું કલ્યાણ કરો, અને તેના તમારા પર, આ સુંદર દ્વીપના લોકો પર, જેને માટે તમે પાત્ર છો એવા બધા જ આશીર્વાદ ઊતરો. હું સ્વયંસેવકોનો અને સ્વાગત સમિતિના સભ્યોનો, તેમણે અમારા અહીંના રોકાણ દરમ્યાન મારા પ્રત્યે તથા મારા સાથીઓ પ્રત્યે જે સ્નેહ બતાવ્યો છે તે બદલ આભાર માનું છું.

[મૂળ અંગ્રેજી]

વિથ ગાંધીજી ઇન સિલોન, પા. ૧૧૭–૨૧

## ૨૧૪. જાફનાની જાહેર સભામાં ભાષણ

નવેમ્બર ૨૬, ૧૯૨૭

આ બધાં માનપત્રો અને જુદી જુદી થેલીઓ બદલ હું તમારો અત્યંત આભારી છું.

જે ભાવનાથી પ્રેરાઈને તમે તમારાં બધાં માનપત્રો વાંચવાનો આગ્રહ નથી રાખ્યો એ ભાવનાની હું કદર કરું છું. પરંતુ સ્વાગત સમિતિએ વિનયપૂર્વક અને મારી સગવડનો વિચાર કરીને બધાં માનપત્રોની નકલો મને પહેલેથી પહોંચાડી હતી. સભામાં આવતાં પહેલાં મેં આ બધાં માનપત્રો વાંચી લીધાં છે અને તેમાંના એક માનપત્રમાં તદ્દન સાચું કહેવામાં આવ્યું છે કે જાફનાના નવયુવકોને કારણે હું સિલોન આવ્યો છું.

સિલોન આવીને અને સિલોનવાસીઓનું ઉદાર આતિથ્ય માણીને હું એટલું કહી શકું છું કે મારા મનમાં તમારા આ સુંદર દેશની મુલાકાતનાં અત્યંત સુખદ સંસ્મરણો જ ભરેલાં છે.

જાફના આવ્યા પછી મને હું સિલોનમાં હોઉં એમ લાગતું નથી; હું હિંદુસ્તાનના જ કોઈ ભાગમાં હોઉં એમ લાગે છે. તમારા ચહેરા કે તમારી ભાષા મને અજાણ્યાં લાગતાં નથી. જોકે હું તમારામાંના દરેકને ચહેરા પરથી ઓળખી શકતો નથી, પણ હું જાણું છું કે હું તમારામાંના ઘણાને હિંદુસ્તાનમાં જ મળ્યો છું.

તેથી જ, મને લાગે છે કે તમે એમ માન્યું કે તમારે માત્ર મારું ઉદાર આતિથ્ય કરીને જ સંતોષ માનવાની જરૂર નથી, મારી પાસેથી કંઈક કામ પણ લેવું જોઈએ. હું જ્યારે સિલોનના દક્ષિણ અને મધ્ય ભાગમાં હતો ત્યારે પત્રલેખકોએ મારા પર કઠણ સવાલોનો એટલો વરસાદ નહોતો વરસાવ્યો જેટલો હું કોલંબોમાં હતો ત્યારે જાફનાના પત્રલેખકોએ વરસાવ્યો હતો. તેમણે મારી આગળ બધી જાતના મુશ્કેલ સવાલો રજૂ કર્યા છે.

Gandhi Heritage Portal

આ બધું હું ફરિયાદ તરીકે નથી કહેતો, પણ આનો ઉલ્લેખ હું તમને એટલું કહેવા માટે કરું છું કે આ બધા પત્રવ્યવહાર પાછળ રહેલા હેતુની હું કદર કરું છું. હું એ જાણું છું કે, તમારા કેટલાક સવાલોનો નિવેડો લાવવામાં મદદ કરવાની મારી શક્તિમાંના તમારા વિશ્વાસની એ નિશાની છે. એ તમારી સાથેની મારી મૈત્રીનો પણ પુરાવો છે. કારણ કે મિત્રનો એ વિશેષ અધિકાર છે કે તે પોતાના મિત્રનું માત્ર આતિથ્ય ન કરે, પણ મિત્રને પોતાના વિશ્વાસમાં પણ લે.

હું જાણું છું કે, પત્રલેખકોએ પોતાના પત્રોમાં ઉઠાવેલા સવાલોનો ઉકેલ હું તરત ન આપું તો તમે મને માફ કરશો. એ બધા પત્રો ખ્યાલમાં રાખીને, હું આ ચાર દિવસ તમારી વચ્ચે છું તે દરમ્યાન, મારી આસપાસના વાતાવરણમાંથી મને પૂછવામાં આવેલા પ્રશ્નોનો મર્મ સમજી લેવા માગું છું. એમ ન કરું તો, મને ખાતરી છે કે જે પ્રશ્નો વિશે મને પૂરતી માહિતી નથી તે પ્રશ્નો વિશે ઉતાવળે નિર્ણય પર આવીને હું તમને અને મને પોતાને અન્યાય કરી બેસું.

તમારાં ગ્રામમંડળો માટે હું તમને અભિનંદન આપું છું. તમારે ત્યાંનાં અનેક ગ્રામસંગઠનોની પ્રગતિ તથા કાર્યપદ્ધતિની માહિતી આપવા માટે જે લેખ તૈયાર કરવામાં આવ્યો છે તે હું વાંચી ગયો છું. એ નોંધના લેખકો સાથે હું સંમત થાઉં છું કે આ ગ્રામસંગઠનોનું સફળ સંચાલન એ નિ:સંદેહ સ્વરાજ્યપ્રાપ્તિની ચાવી છે. હું તમને મારા પોતાના અનુભવ પરથી કહું કે ગ્રામસંગઠનની સફળતા સારા કાયદા પર નહીં, પણ તે સંગઠન કરનારા સારા માણસો પર આધાર રાખે છે. એને માટે પોતાનાં ગામોમાં ઊંડો અને અંગત રસ લેનાર — પોતાના કુટુંબમાં લે છે તેવો રસ લેનાર — યુવાનોની અને મોટી ઉંમરના માણસોની પણ જરૂર પડશે. આખરે રાષ્ટ્રીયતાની સાચી કસોટી તો, માણસ પોતાના કુટુંબના અડધો ડઝન માણસોનો અથવા પોતાની જમાતના સો માણસોનો જ વિચાર ન કરતાં, તે જેને પોતાનું રાષ્ટ્ર કહે છે તેના હિતને પોતાનું હિત ગણે તેમાં રહેલી છે.

હું કોલંબોમાં હતો ત્યારે મને જે પુસ્તક મોકલવામાં આવ્યું હતું તથા ત્યાર પછી મને જે સાહિત્ય મળ્યું છે તે પરથી તમારી પ્રવૃત્તિની બાબતમાં હું એટલું જાણી શક્યો છું કે તમારી પાસે સફળ ગ્રામસંગઠન માટે જરૂરી સાધનો પૂરતાં છે. તમે એક નાનું સુઘટિત સંગઠન રચેલું છે, જેમાં એક જ ભાષા બોલનારા લોકો કામ કરે છે અને સ્પષ્ટપણે સુવ્યવસ્થિત શિક્ષણ-સંસ્થાઓ ધરાવે છે. એ સ્પષ્ટ છે કે તમે પ્રાચીન સંસ્કૃતિમાં જે કંઈ ઉદાત્ત અને સારું હતું તેના પ્રત્યેનો પ્રેમ હજી ખોયો નથી. પશ્ચિમમાંથી આવતા ભપકાના ધસારાથી તમે સૂધબૂધ ખોઈ નથી એ દેખીતું છે. તેથી તમારે માટે તમારા પોતાના ભાગ્યનું નિર્માણ કરવું તદ્દન સહેલું છે.

[૧]દારૂનો સમૂળગો નાશ કરવાની અણી ઉપર તમે લગભગ આવી પહોંચ્યા છો એ જાણી મને ઘણો આનંદ થયો છે. રોગચાળાનાં ધામ, દારૂનાં પીઠાં સદંતર બંધ કરાવવાનું તમારું પગલું સાચી દિશામાં છે. આ માટે અહીંના જ લોકોનાં નહીં, પણ આખી લંકાના અને ભારતવર્ષના તમને ધન્યવાદ ઘટે. વળી, નજીકના ભવિષ્યમાં દારૂની સદંતર બંધી માટે પ્રયાસ કરવાના તમારા વચનથી મને વધુ ખુશાલી ઊપજી છે. પરંતુ મને માલૂમ પડ્યું છે કે તમારા એ કાર્યમાં તમને ઘરની જ મુસીબતો છે.

૧. આ અને આ પછીના પાંચ પૅરેગ્રાફનું ભાષાંતર નવજીવન, ૧૧-૧૨-૧૯૨૭ના અંકમાંથી લીધું છે.



Gandhi Heritage Portal

એક જણે મારા ઉપર એક પત્રિકા બીડી છે. દારૂની બંધી માટે લડત ચલાવી રહેલાઓની પ્રવૃત્તિઓને તોડી પાડવાનો તેનો ઈરાદો સ્પષ્ટ છે. હું કબૂલ કરું છું કે એ પત્રિકા કુશળતાથી લખાઈ છે. મને ખેદ થાય છે કે એને કેટલાક ધર્માચાર્યોનો ટેકો છે. મારે દિલગીરી સાથે કહેવું પડે છે કે એનો લેખક ટોળ કરવાની મસ્તીમાં, જેમના વિચારોનો વિરોધ કરવાનું એણે આદર્યું છે, તેમની લાગણીઓ ઉપર આઘાત કરતાં અચકાયો નથી. જેના ઉપર કઢીભાતની સાદી ને સુંદર પિરસણી થાય છે, તેવી કેળની સુંદર પતરાળીની પણ મજાક ઉડાવવાનું લેખક ચૂકતા નથી. તેને પૂરતો ન્યાય આપવાની મારી ઇચ્છા છતાં, દારૂબંધી જેવો ગંભીર વિષય અને લેખક જો હિંદી હોય તો તેના દેશભાઈઓની ભલીભોળી સાદાઈની તેણે કરેલી હલકી મશ્કરી એ બે વચ્ચે હું કશો સંબંધ જોઈ શક્યો નથી. પણ તમારી મુશ્કેલીઓ ઘરની હોય કે બહારની હોય, તોયે મને આશા છે કે તમે દારૂનો સંપૂર્ણ બહિષ્કાર કરાવવા પાછળ લાગ્યા રહેશો.

પણ ટીકાકારોને સાંભળવામાં અને તેમની પાસેથી જાણવા જેવું જાણી લેવામાં હું માનતો આવ્યો છું, એટલે આ પત્રિકા ઉપરથી ઉદ્ભવેલી એકબે સૂચના કરવા ઇચ્છું છું. પહેલું તો બળજોરી કે જૂલમનો જરા જેટલો પણ પાશ ન હોવો જોઈએ. મારા નમ્ર મતે, કહી શકાય એવો એક પણ સુધારો જબરદસ્તીથી થઈ શક્યો નથી. કારણ કે જબરદસ્તીથી ઉપર ઉપરની ફતેહ મળી શકે તોપણ પરિણામે મૂળ અનિષ્ટને ટપી જાય એવાં નવાં અનિષ્ટો ઊભાં થાય છે. મારા કહેવાનો કોઈ અવળો અર્થ ન કરશો. કાયદાથી દારૂબંધી થાય એમાં હું કોઈ પણ રીતે ફરજિયાતપણું નથી જોતો. તેમાં પણ જ્યારે લોકમત સાચેસાચ અને સ્પષ્ટ રીતે દારૂબંધીની તરફેણમાં હોય, ત્યારે કાયદાથી દારૂબંધી જાહેર કરવી અને તેનો પૂરેપૂરો અમલ કરાવવા પાછળ તનતોડ મહેનત લેવી એ લોકોની પવિત્ર ફરજ થઈ પડે છે.

લેખકે અસત્યના જે દાખલાઓ આપ્યા છે તેમાં એક એ છે કે દારૂનિષેધની સભાઓમાં ભાગ લેનારાઓમાં એવા લોકો છે કે જે પોતે જ દારૂ પીતા હોય. દારૂબંધીની હિલચાલમાં ભાગ લેનારાઓમાં આવા દંભીઓની સંખ્યા જો મોટી હોય તો તો એ ચળવળનું આવી જ બન્યું સમજવું. હું ઉમેદ રાખું છું કે ન્યાયી, ઉમદા અને મનુષ્યને હિતકારી એવી પ્રવૃત્તિમાં તમે દંભીઓથી વેગળા રહેવાની પૂરતી કાળજી રાખશો.

મને લાગે છે કે મારે તમને એક બીજી ભલામણ કરવી જોઈએ : કાયદો કરાવીને પણ તમે નિરાંતે બેસશો નહીં, બેસી શકશો નહીં. પત્રિકાનો લેખક ઈશારો કરે છે કે અમેરિકામાં દારૂબંધીની ચળવળ નિષ્ફળ નીવડી છે. ખુદ અમેરિકનો પાસેથી મને વધુ માહિતી મળી છે. અમેરિકા જેવા વિશાળ દેશમાં સમૂળગી દારૂબંધી આપણને મુશ્કેલ બલકે તદ્દન અશક્ય લાગે, તોપણ તે અફળ ગઈ નથી, ધીરે ધીરે આગળ ધપે છે. અમેરિકાના સુધારકોને જે મુશ્કેલીઓની સામે થવું પડે છે તેની સરખામણીમાં તો તમારી મુશ્કેલીઓ કાંઈ વિસાતમાં નથી. આ બહાદુર સુધારકો પાસેથી તમે કાંઈક લેશો એવી હું આશા રાખું છું. વર્ષોના અખંડ અને અવિરત પ્રયત્ન પછી કાયદો કરાવી તેઓ જંપી ગયા નથી, પણ તેઓ સંગીન રચનાત્મક કાર્ય કરી રહ્યા છે. કારણ કે જ્યારે માણસ દારૂની લતમાં પડી જાય છે, ત્યારે તેને તેમાંથી વાળવો એ ઘણું અઘરું થઈ પડે છે. અમેરિકનો આવી જાતના માણસો સાથે કામ લેવાની જુદી જુદી યુક્તિઓ યોજી રહ્યા છે. દારૂડિયો દારૂની તલપથી પીડાય છે. તમારે તો તમારા કોઈ પીડાતા ભાઈ કે બહેનની જેમ એવાને તમારી ઓથમાં લેવાના છે. એમને રસ પડે તેટલા ખાતર

Gandhi Heritage Portal

પીઠાંને સ્થાને તમારે ઉપાહારગૃહો અને નિર્દોષ આનંદનાં બધાં સાધનો આપવાં પડશે. આ સુધારા કરવા પૂરતાં તમારી પાસે સઘળાં સાધનો છે. તમને આમાં વિજય મળશે તો હિંદુસ્તાનને એક ઉમદા દૃષ્ટાંત મળશે.

હવે છેલ્લી વાત. તમારા વિરોધી કામ કરનારાઓની સાથે તમે અધીરા કે ગુસ્સે થશો નહીં. હિંદ અને દુનિયાના બીજા ભાગોમાં જે સ્થિતિ પ્રવર્તે છે તે જાફનામાં હશે કે કેમ તેની મને ખબર નથી. પણ મને ખબર છે કે હિંદ, ઇંગ્લંડ અને અમેરિકામાં દારૂબંધીના વિરોધીઓના પક્ષમાં કુશળ પણ સિદ્ધાંત વિનાના લેખકો છે, એટલું જ નહીં પણ કલાલોનો પૈસો છે. પરંતુ જો તમે સત્ય અને અહિંસાના માર્ગે રહેશો તો પૈસાની મદદ મેળવી રહેલા આવા કળાબાજ લેખકોના હાથ હેઠા પડશે.

હવે હું દલિત અથવા કહો કે પીડિત વર્ગોની વાત પર આવું છું. તેમના તરફથી મને બે માનપત્રો મળ્યાં એથી મને ઘણો જ આનંદ થયો. મારે કબૂલ કરવું જોઈએ કે આ અનિષ્ટને તમારી વચ્ચે જોવા હું જરાયે તૈયાર નહોતો. મેં માન્યું હતું કે આ અનિષ્ટ તમે માતૃભૂમિમાં મૂકીને આવ્યા હશો અને સુધર્યા હશો. જે દેશ પર બુદ્ધનો આત્મા છાઈ રહ્યો છે એ દેશમાં તમે રહો છો એટલે મને લાગતું હતું કે તમે આ અસ્પૃશ્યતાના કલંકથી મુક્ત હશો. ગૌતમ આખરે હિંદુ હતા. તેઓ મહાન હિંદુ સુધારકોમાંના જ એક હતા. એટલે કોઈ હિંદુએ તેમની પાસેથી માનવપ્રેમ શીખતાં શરમાવું ન જોઈએ. આપણે સમજી લઈએ કે એક પણ માણસને આપણાથી નીચ અથવા અસ્પૃશ્ય ગણવો એ પાપ છે. જો તમને સર્વજ્ઞ અને સર્વને ચાહનાર ઈશ્વરમાં શ્રદ્ધા હોય, ને હોવી પણ જોઈએ, તો તમે દલિત ભાઈઓને આવકાર આપવા માટે તમારાં મંદિરોના દરવાજા તરત ખોલી નાખશો.

દલિત ભાઈઓને હું એક વાત કહીશ. મદ્યપાનની બાબતમાં તમે શું માનો છો તેની મને ખબર નથી. હું એટલું જાણું છું કે હિંદુસ્તાનમાં ઘણા દલિત ભાઈઓ દારૂની લતમાં પડેલા છે. તમારામાંથી કોઈને દારૂ પીવાની ટેવ હોય તો હું આશા રાખું છું કે તે તમે છોડી દેશો અને જો કોઈને મુડદાલ માંસ કે ગોમાંસ ખાવાની ટેવ હોય તો તે છોડી દઈને હિંદુ ધર્મના સાચા અનુયાયી બનજો.

ખ્રિસ્તીઓ અને હિંદુઓ વચ્ચે જે ઝઘડા ઊભા થયા છે તેમાં હું માનું છું કે નાની નાની વસ્તુઓને મોટું રૂપ આપવામાં આવ્યું છે. એ વિશે આવેલા ઘણા પત્રો મારી પાસે પડ્યા છે. આ પત્રોથી મને ઘણો આઘાત લાગ્યો છે. આ ઝઘડાઓનું કારણ હું સમજી શક્યો નથી. તેથી એ વિશે હું વધુ કંઈ કહેવા માગતો નથી. હું જાફનાથી જાઉં તે પહેલાં તમે તમારા મતભેદો માંહોમાંહે પતાવ્યા છે એવું સાંભળવાની ઇચ્છા રાખું છું. ખરેખર, તમારા લોકોની સંખ્યા એટલી ઓછી છે કે તમે આ નાના નાના મતભેદો અંદર અંદર સંતોષકારક રીતે પતાવી શકો. આ કાગળો પરથી હું સમજી શક્યો છું ત્યાં સુધી તમારી વચ્ચે પક્ષો પડવાનું કશું જ કારણ નથી. પણ આ બાબતમાં, ભવિષ્યમાં કોઈક પ્રસંગે વધુ કહેવાની આશા રાખું છું. અહીં તો હું એટલું જ કહી શકું કે આ બાબતમાં રસ ધરાવનાર દરેક જણ મને છૂટથી પણ સંક્ષેપમાં અને સમજાય એવી રીતે લખે. આ બાબતમાં તમને કંઈક મદદ કરતાં મને ઘણો આનંદ થશે.

છેલ્લે, તમે મને થેલીઓ આપવામાં આટલી બધી ઉદારતા બતાવી છે, અને હું જાણું છું કે હજી વધુ થેલીઓ મને મળવાની છે, તેથી મારી તમને વિનંતી છે કે તમારા કપડાંના કબાટમાં

Gandhi Heritage Portal

ખાદીને સ્થાન આપીને માતૃભૂમિ પ્રત્યેનો તમારો પ્રેમ અને હિંદના ભૂખે મરતા કરોડો લોકો પ્રત્યેની તમારી સહાનુભૂતિ ચાલુ રાખજો. એ તમારી અને ભૂખે મરતા લોકો વચ્ચેની જીવંત કડી બની રહેશે. હું જાણું છું કે આ બાબતમાં સૌથી વધુ દોષ આપણી બહેનોનો છે. હું તેમને વ્યક્તિગત રીતે અપીલ કરું છું કે તેઓ સુંદર રેશમી સાડીઓનો શોખ ઓછો કરે અને તેમની ભૂખે મરતી બહેનો તેમને માટે જે કાપડ તૈયાર કરે તેનાથી સંતોષ માને. ખરેખર, ત્યારે જ તેઓ પુરાણમાં વર્ણવ્યા મુજબ આ દેશને પોતાના પવિત્ર ચરણોથી પાવન કરનારી સીતાના આદર્શને કંઈક અંશે પહોંચી શકશે. હું તેમને ખાતરી આપું છું કે ખાદીની સાડી પહેરવાથી તેઓ ઓછી સુંદર નહીં લાગે. હું તેમને એ ચેતવણી પણ આપવા માગું છું કે હું અહીંથી જાઉં તે પહેલાં હું તેમની પાસેથી ઢગલાબંધ ઘરેણાંની આશા રાખું છું.

એક વસ્તુ મારે ભૂલવી ન જોઈએ. તમે મારા પર ઘણી વજનદાર વસ્તુઓ લાદી છે. હું તો માનતો હતો કે તમે મારી સાથે નિકટના પરિચયનો અને સંબંધનો દાવો કરો છો એટલે જાણતા હશો કે ભારે ફ્રેમમાં જડેલાં માનપત્રો આપશો તો તે તમને પાછાં આપવામાં આવશે અને તેના તમારે પૈસા આપવા પડશે. તમે ભારે ફ્રેમોનું ખરચ કર્યું છે એટલું જ નહીં માનપત્રોને શણગાર્યાં છે. તમને આ માનપત્રો ભારે કિંમતે ખરીદવાનું કહેવામાં આવશે એવો મનમાં ખ્યાલ રાખ્યા વગર તમે આ બધું કર્યું હોય તો તમે ભૂખે મરતી બહેનોને એટલા પૈસાથી વંચિત કરી છે.

[મૂળ અંગ્રેજી]

વિથ ગાંધીજી ઇન સિલોન, પા. ૧૨૧–૮

## ૨૧૫. જાફનામાં વિદ્યાર્થીઓની કૉંગ્રેસમાં ભાષણ

નવેમ્બર ૨૬, ૧૯૨૭

આજની સાંજે તમે મને માનપત્ર આપ્યું તે બદલ હું તમારો આભાર માનું છું. મને આ સુંદર દ્વીપમાં લાવવા બદલ તમે યશ લો છો એ યોગ્ય જ છે, પણ તમારે એ પણ યાદ રાખવું જોઈએ કે જેઓ કોઈક વસ્તુ માટે યશ લે છે તેમણે કંઈ કમનસીબ ઘટના બને તો તેનો અપયશ પણ લેવો પડે.

તમને આજે કોઈ સંદેશો આપવાનું ઘણું મુશ્કેલ જોઉં છું. તેનું સાદું કારણ એ છે કે, તમારી કૉંગ્રેસ વિશે મને પૂરતી માહિતી નથી તથા અહીં પ્રેક્ષકોમાં કોણ કોણ છે તેની પણ મને ખબર નથી. પણ તમારા અધ્યક્ષ મહાશયે તમારા ઉદ્દેશો મને જણાવ્યા છે. તેમાંના કેટલાક ઉદ્દેશો વિશે મને જે વિચારો સૂઝે છે તે હું તમારી સમક્ષ રજૂ કરવાનો પ્રયત્ન કરીશ.

તમારા અધ્યક્ષની વાત હું બરાબર સમજ્યો હોઉં તો તમારો પહેલો ઉદ્દેશ પ્રાચીન સંસ્કૃતિને પુનર્જીવિત કરવાનો છે. ત્યારે એ પ્રાચીન સંસ્કૃતિ શું છે એ તમારે સમજવું જોઈશે અને એ સંસ્કૃતિ એવી હોવી જોઈએ જેનો પુનરુદ્ધાર કરવામાં બધા વિદ્યાર્થીઓને, પછી તેઓ હિંદુ હોય, ખ્રિસ્તી હોય કે બૌદ્ધ હોય અથવા ગમે તે ધર્મના હોય તેમને રસ પડવો જોઈએ. કારણ, હું માની લઉં છું કે તમે જે પ્રાચીન સંસ્કૃતિની વાત કરો છો તેને તમે માત્ર હિંદુ વિદ્યાર્થીઓ પૂરતી મર્યાદિત રાખવા માગતા નથી. હું માની લઉં છું કે આ વિદ્યાર્થી કૉંગ્રેસમાં હિંદુ,

Gandhi Heritage Portal

ખ્રિસ્તી, મુસ્લિમ અને બૌદ્ધ એમ બધા વિદ્યાર્થીઓ સામેલ છે. જોકે આજે તેની યાદીમાં એકે મુસલમાન કે બૌદ્ધ વિદ્યાર્થી નથી, તેથી મારી દલીલને કશો વાંધો આવતો નથી. કારણ કે તમારો અંતિમ ઉદ્દેશ તો સ્વરાજ્ય મેળવવાનો છે, અને તે માત્ર જાફનાના હિંદુઓ અને ખ્રિસ્તીઓ માટે નહીં પણ જાફના જેનો માત્ર એક ભાગ છે એવા આ દ્વીપમાં વસતી તમામ જનતા માટે. એટલે મેં જુદા જુદા ધર્મોના વિદ્યાર્થીઓને સંઘમાં સામેલ કરવાની વાત કહી છે તે સાચી ઠરવી જોઈએ. આમ હોવાથી હવે આપણે પાછા મૂળ સવાલ ઉપર આવીએ. આપણે જે પ્રાચીન સંસ્કૃતિ પુનર્જીવિત કરવા માગીએ છીએ એ સંસ્કૃતિ શું છે? એ સંસ્કૃતિ એવી હોવી જોઈએ જે આ બધાં તત્ત્વોને સમાન હોય તથા બધાં તત્ત્વોને સ્વીકાર્ય હોય. તેથી બેશક, એ સંસ્કૃતિ મુખ્યત્વે હિંદુ સંસ્કૃતિ હશે પણ તે કેવળ હિંદુ સંસ્કૃતિ કદાપિ ન હોઈ શકે. એ સંસ્કૃતિ મુખ્યત્વે હિંદુ સંસ્કૃતિ હોવી જોઈએ એમ કહું છું તેનું કારણ એ છે કે પ્રાચીન સંસ્કૃતિને પુનર્જીવિત કરવાનો પ્રયત્ન કરનાર તમે મુખ્યત્વે હિંદુઓ છો. અને હમેશાં એ દેશનો વિચાર કરો છો જેને તમે યોગ્ય રીતે અને ગર્વપૂર્વક તમારી માતૃભૂમિ કહેવામાં આનંદ માનો છો.

હું જે કહું છું કે હિંદુ સંસ્કૃતિમાં બૌદ્ધ સંસ્કૃતિ આવી જ જાય છે તેનું સાદું કારણ એ છે કે બુદ્ધ પોતે હિંદી હતા, હિંદી જ નહીં પણ હિંદુઓમાં શ્રેષ્ઠ હિંદુ હતા. ગૌતમના જીવનમાં મેં એવું કંઈ જ નથી જોયું જેને આધારે માની શકાય કે તેમણે હિંદુ ધર્મ છોડીને કોઈ નવો ધર્મ ગ્રહણ કર્યો હતો. વળી ઈશુ પોતે એશિયાઈ હતા એ વિચાર કરતાં મારું કામ સહેલું થઈ જાય છે. અને તેથી ખરેખર વિચાર કરવાનો પ્રશ્ન એ છે કે, એશિયાઈ સંસ્કૃતિ અથવા પ્રાચીન એશિયાઇ સંસ્કૃતિ શું છે. વળી, વાત એમ છે કે મહંમદ પણ એશિયાઈ હતા. પ્રાચીન સંસ્કૃતિમાં માત્ર જે તત્ત્વો ઉદાત્ત અને સ્થાયી હોય તે બધાંને પુનર્જીવિત કરવાની ઈચ્છા તમે રાખી શકો; આ ધર્મોમાંના કોઈની પણ વિરુદ્ધ હોય એવી કોઈ વસ્તુને તમે પુનર્જીવિત નહીં કરી શકો. એટલે સરવાળે સવાલ એ છે કે આ બધા મહાન ધર્મોમાં સમાન તત્ત્વ—સૌથી મોટું સમાન તત્ત્વ કયું છે તે શોધી કાઢવું. આમ ઉદાત્ત વસ્તુઓની મારી પોતાની ગણતરી પ્રમાણે તમે આ જ એક સાદી વાત પર આવશો, અને તે એ કે સત્ય અને અહિંસા આ બધા મહાન ધર્મોમાં સમાન છે. એટલે તમે સત્યપરાયણ અને અહિંસક થવા માગો છો. તમે એવા રીતરિવાજોનો પુનરુદ્ધાર કરવા તો નહીં જ માગી શકો જે એક સમયે હિંદુ ધર્મનો ભાગ હતા અને જે તમે અને હું ભૂલી ગયા છીએ. સ્વર્ગસ્થ ન્યાયમૂર્તિ રાનડેએ પ્રાચીન સંસ્કૃતિ વિશે બોલતાં વ્યક્ત કરેલો એક મહાન વિચાર મને યાદ આવે છે. તેમણે પોતાના શ્રોતાઓને કહ્યું હતું કે તમારામાંથી કોઈ એક જણને માટે પણ એ કહેવું મુશ્કેલ થઈ પડશે કે પ્રાચીન સંસ્કૃતિનું ચોક્કસ સ્વરૂપ શું હતું, તે સંસ્કૃતિ પ્રાચીન ગણાતી ક્યારથી બંધ થઈ, અને અર્વાચીન ગણાવી ક્યારથી શરૂ થઈ. વળી તેમણે એ પણ કહ્યું કે કોઈ પણ ડાહ્યો માણસ કોઈ વસ્તુ પ્રાચીન છે એટલા માટે તેમાં વિશ્વાસ નહીં મૂકે. તેમણે કહ્યું કે સંસ્કૃતિ પ્રાચીન હોય કે અર્વાચીન, તેને બુદ્ધિ અને અનુભવની કસોટી પર કસવી જોઈએ. મારે આ કૉંગ્રેસના વિદ્યાર્થીઓને, જેઓ આ દેશના ભાગ્યવિધાતા છે તેમને આ ચેતવણી આપવી પડે છે કારણ કે, અહીં જ નહીં, પણ આખીયે દુનિયામાં પ્રત્યાઘાતી બળો આપણી આસપાસ ઊભાં થઈ રહ્યાં છે. હિંદમાંના મારા પોતાના અનુભવ પરથી હું જોઉં છું કે પ્રાચીન સંસ્કૃતિનો પુનરુદ્ધાર કરવાનું કહેનાર ઘણા લોકો, એ પુનરુદ્ધારને નામે પ્રાચીન વહેમો અને પૂર્વગ્રહોને પુનર્જીવિત કરતાં અચકાતા નથી.

Gandhi Heritage Portal

પોતાના ધીમા અવાજ માટે તથા પોતાના ભાષણનો તરજુમો કરવો પડે છે તે માટે ક્ષમા માગીને મહાત્માજીએ આગળ કહ્યું :

હું તમને, મારા પોતાના અનુભવ પરથી, ખુદ આપણી માતૃભૂમિમાં જે કેટલાંક પ્રત્યાઘાતી બળો ઊભાં થયાં છે તે વિશે કહેતો હતો. અસ્પૃશ્યતા જેવા ભયંકર સિદ્ધાંતને વાજબી ઠરાવવા માટે પ્રાચીન રિવાજો અને પ્રાચીન કાયદાઓને લગભગ કબરમાંથી ખોદી કાઢવામાં આવ્યા છે. તમને કેટલાકને ખબર હશે કે દેવદાસીની પ્રથાને વાજબી ઠરાવવા માટે એવો જ પ્રયાસ થઈ રહ્યો છે.

એટલે, પ્રાચીન સંસ્કૃતિના પુનરુદ્ધારને નામે ગેરરસ્તે દોરવાઈને ખોટું કરવા સામે મેં તમને જે ચેતવણી આપી તેને મેં એક લાંબું ભાષણ આપ્યું છે એમ તમે ન માનશો. આ ચેતવણીને તમે કદાચ સમજી શકશો. કારણ કે તે એક એવી વ્યક્તિએ આપી છે જે પોતે પ્રાચીન સંસ્કૃતિને ચાહે છે એટલું જ નહીં, પણ તે પ્રાચીન સંસ્કૃતિમાં જે કંઈ ઉમદા અને સ્થાયી છે તે બધાનો, પોતાના જીવનમાં, પુનરુદ્ધાર કરવાનો બનતો પ્રયત્ન કરી રહી છે. પ્રાચીન સંસ્કૃતિમાં છુપાયેલા ખજાનાની શોધ કરતાં મને એક અમૂલ્ય વસ્તુ એ હાથ લાગી છે કે પ્રાચીન હિંદુ સંસ્કૃતિમાં જે કંઈ સ્થાયી છે તે બધું ઈશુ, બુદ્ધ, મહંમદ અને જરથુષ્ટ્રના ઉપદેશોમાં પણ મળી આવે છે. તેથી મેં મારે માટે એક એવો વહેવારુ નિર્ણય કરી લીધો છે કે, જ્યારે હિંદુ ધર્મમાં મને એવી કોઈ વસ્તુ મળે છે જેમાં પ્રાચીન કાળના સભ્ય લોકો એક મત હોય, પણ તે મારા ખ્રિસ્તી ભાઈ કે મારા મુસલમાન ભાઈને અણગમતી હોય ત્યારે તરત જ મને બેચેની થવા લાગે છે અને એ વસ્તુની પ્રાચીનતાના દાવા વિશે મને શંકા આવવા માંડે છે. આમ પરીક્ષા કરતાં કરતાં હું એવા અનિવાર્ય અનુમાન પર આવ્યો કે આ દુનિયામાં આ બે ઉત્તમ અને પ્રાચીન વસ્તુઓ એટલે સત્ય અને અહિંસા જેટલી પ્રાચીન બીજી કોઈ વસ્તુ નથી. અને સત્ય અને અહિંસાના આ ધોરણે દલીલ કરતાં મેં એ પણ શોધી કાઢ્યું કે મારે એવા કોઈ પણ પ્રાચીન રીત-રિવાજોનો પુનરુદ્ધાર કરવાનો પ્રયત્ન ન કરવો જોઈએ જેનો આધુનિક જીવન સાથે મેળ ન બેસતો હોય. પ્રાચીન રીતરિવાજો જ્યારે તે અસ્તિત્વમાં આવ્યા તે કાળમાં તદ્દન સારા અને કદાચ બિલકુલ આવશ્યક હશે, પણ એવું બને કે તે સત્ય અને અહિંસા સાથે અસંગત ન હોય, છતાં તેમનો આધુનિક જમાનાની આવશ્યકતાઓ સાથે મેળ ન બેસે. પછી તમે જોઈ શકો છો કે જેને આપણે કરુણાનિધિ, દયામય, ક્ષમાશીલ કહીએ છીએ તે ઈશ્વરને નામે આપણે અસ્પૃશ્યતા, દેવદાસીની પ્રથા, મદ્યપાન અને પશુઓનું બલિદાન વગેરેને એકી વખતે નિર્દયતાપૂર્વક બંધ કરી દઈએ તો તમારી અને મારી સામેનો માર્ગ કેટલો સલામત બની જાય છે. આ બધી વસ્તુઓ આપણે વગર સંકોચે અને એકદમ છોડી શકીએ છીએ કારણ કે તે આપણી નૈતિક ભાવના સાથે બંધબેસતી નથી. આટલું આ સવાલની નિષેધાત્મક બાજુ વિશે, પણ તેની રચનાત્મક બાજુ પણ છે જે નિષેધાત્મક બાજુ જેટલી જ મહત્ત્વની છે.

તમારી સમક્ષ રચનાત્મક બાજુ મૂકતાં પહેલાં હું તમારી આગળ અહિંસાના સિદ્ધાંતનો એક અતિઆવશ્યક ઉપસિદ્ધાંત રજૂ કરવા માગું છું. મેં તે મારા અત્યંત પ્રિય મિત્રો અને સુધારકો, ચેટ્ટિનાડના થોડાક વિશ્વાસુ સમાજસુધારકો સમક્ષ રજૂ કર્યો હતો. એ ઉપસિદ્ધાંત અથવા અનુમાન આ છે. જો આપણે અહિંસામાં માનતા હોઈએ તો આપણે આ પૃથ્વી પરની સૌથી નીચેના માણસને ન મળી શકે તેવી કોઈ પણ ચીજની ઇચ્છા ન રાખવી જોઈએ. આ વિધાન જો સાચું હોય, અને મારો તો દાવો છે કે એ અહિંસાના સિદ્ધાંતમાંથી નીકળતો સીધો

Gandhi Heritage Portal

ઉપસિદ્ધાંત છે, એ જો તમે સ્વીકારતા હો અને તે સાચું વિધાન હોય તો એમાંથી એ ફલિત થાય છે કે આપણે દુનિયાની કોઈ પણ વસ્તુ માટે આપણી પુરાણી સાદાઈનો ત્યાગ નહીં કરીએ. હવે તમે કદાચ સમજી શકશો કે હું શા માટે પશ્ચિમમાંથી આવતા આધુનિકતાના ધસારાનો, આપણને ભ્રમમાં નાખનાર અને આંજી નાખીને લગભગ દબાવી દેનાર ઝળહળાટનો નિશ્ચયપૂર્વક વિરોધ કરું છું. મારા લેખોમાં તેમ જ મારાં ભાષણોમાં પણ મેં પશ્ચિમમાં અપનાવવામાં આવેલી આધુનિક રીતરસમો તેમ જ જરૂરિયાતો અને ભૌતિક સુખસગવડોની અતિશયતાની અને ઈશુએ ગિરિપ્રવચનમાં આપેલા ઉપદેશની વચ્ચેનો ફરક બતાવવાનો ઘણો પ્રયત્ન કર્યો છે. તેથી જ મારા ભાષણનાં શરૂઆતનાં વાક્યોમાં, જ્યારે મેં તમને કહ્યું કે આખરે તો જિસસ એક એશિયાઈ હતા અને મહંમદ પણ એક એશિયાઈ જ હતા ત્યારે આગળ હું શું કહેવાનો છું તેનો ઈશારો મેં કરી જ દીધો હતો. એક બાજુથી જિસસનો ઉપદેશ અને તેમનો સંદેશો અને બીજી બાજુથી આજે અમેરિકા ઇંગ્લંડ અને જગતના બીજા ભાગોમાં જે કાંઈ ચાલી રહ્યું છે, એ બે વચ્ચેનો તીવ્ર ફરક હું તમારા ધ્યાન પર લાવવા માગતો હતો. દક્ષિણ આફ્રિકામાં હું કંઈ નહીં તો હજારો ખ્રિસ્તી મિત્રો સાથે રહી શક્યો છું અને એ મિત્રોનું વર્તુળ હવે દુનિયાભરમાં વધતું જાય છે; એટલે તમે હિંદુઓ અને અહીં બેઠેલા મૂઠીભર બૌદ્ધો, ભલે એઓ મૂઠીભર હોય, તમે તમારી પ્રાચીન સંસ્કૃતિને વફાદાર હો તો એ ભ્રામક ઝળહળાટ સાથે જરાયે સંબંધ રાખવાનો ઇનકાર કરી દેજો, ભલે પછી તે તમારી પાસે કહેવાતા ખ્રિસ્તી લેબાસમાં આવે. જો તમને તમારા પોતાનામાં અડગ શ્રદ્ધા હશે અને એ શ્રદ્ધા જો તમે બેહદ કેળવતા જશો તો તમે જોશો કે પોતાની પાછળ પશ્ચિમનો ઝગઝગાટ લઈને તમારી પાસે આવેલા, ખ્રિસ્તી મિત્રો એ બધો ભપકો ફેંકી દેશે અને સાદાઈના સિદ્ધાંતના ભક્ત બની જશે, અને માત્ર તે જ વાત, શ્રોતાઓ સમક્ષ મેં રજૂ કરેલા ઉપસિદ્ધાંતની સચ્ચાઈ સિદ્ધ કરશે.

જો તમે મારી દલીલ બરાબર સમજ્યા હશો તો મારો સંદેશો, રેંટિયાનો મારો નિત્યનૂતન સંદેશો તરત જ સમજશો. રેંટિયામાં હું ઈશ્વરનો હાથ કામ કરતો જોઉં છું, રેંટિયામાં હું નાનામાં નાના માણસની આવશ્યકતાઓ સંતોષાતી જોઉં છું, તેથી હું ગમે ત્યારે રેંટિયાનો જ વિચાર કરું છું, રેંટિયો ચલાવું છું, રેંટિયા માટે પ્રાર્થના કરું છું અને રેંટિયા વિશે ભાષણો આપું છું. જો કોઈ એવી વસ્તુ હોય જે તમને દુનિયાના ભૂખે મરતા લોકોની નજીક લઈ જઈ શકે, તમને તરત જ ભંગીની પાયરી પર મૂકી દે તો હું મારો રેંટિયો પાછો ખેંચી લઉં અને પેલી વસ્તુને સ્વીકારી લઉં. તમે કદાચ એ પણ સમજશો કે હું શરમ છોડીને ભિક્ષાપાત્ર લઈને ઘેરઘેર ફરતો રહું છું અને દરેકને કહું છું કે, આ ભિક્ષાપાત્રમાં ખુશીથી નાખી શકતા હો તો કંઈક નાખો. હવે મારો સમય પૂરો થયો છે. મારે તમારી ધીરજ ખુટાડવી ન જોઈએ અને તેથી મારે આ ભાષણનો સાર ગ્રહણ કરવાનું તમને સોંપીને અહીંથી વિદાય લેવી જોઈએ. મેં વિદ્યાર્થીઓનો વિશ્વાસ સંપાદન કર્યો છે એટલે મારે તેમને બીજી ઘણી વસ્તુઓ કહેવાની છે, પણ અત્યારે મારે વિશેષ કંઈ કહેવું ન જોઈએ.

તમે જે કંઈ કર્યું છે અને કરી રહ્યા છો તે બદલ હું તમારો અંતઃકરણપૂર્વક આભાર માનું છું. હું કોલંબોમાં હતો ત્યારે તમારામાંના કેટલાકે મને એક લખાણ મોકલ્યું હતું. તેમાં જણાવ્યા પ્રમાણે તમે વર્તશો તો તે ખરેખર તમારી બહાદુરી ગણાશે. એ લખાણમાં એક વસ્તુ એવી હતી

Gandhi Heritage Portal

જે હું સુધારવા માગતો હતો. પણ તે માટે મારે બીજો કોઈ પ્રસંગ શોધવો જોઈશે. તમે જે ધીરજથી મારી વાત સાંભળી છે તે બદલ હું તમારો આભાર માનું છું.

[મૂળ અંગ્રેજી]

हिन्दु, १–१२–१९२७ तथा विथ गांधीजी इन सिलोन

## ૨૧૬. હરજીવન કોટકને પત્ર

જાફના,
નવેમ્બર ૨૭, ૧૯૨૭

બ્રહ્મચર્ય કોને આકરું નથી લાગ્યું? પણ તમે ભડકયા તો નથી ના? ખૂબ ચેતજો. લીધી પ્રતિજ્ઞા, જગત આમથી તેમ થાય તોપણ ન ફરે. ઉપવાસનો વિચાર ઠીક કર્યો છે. એથી કેટલી શાંતિ મળે છે એ જોજો. . .ને તો યાદ નથી જ કરતા ના? ખાદીને જ યાદ કરજો. ખાદી જેવી સ્ત્રી જગતમાં મળે તેમ છે નહીં, અને એને અસંખ્ય પુરુષો વરે છતાં એ અખંડ કુમારિકા છે, અને જે પુરુષ એને જ વરે છે તે વર્યો છતાં અખંડ બ્રહ્મચારી છે. એની જ અનન્ય ભક્તિ કરતાં તમને બીજા વિચાર કરવાનો સમય પણ કયાંથી રહે?

જે આ જગતમાં હવે તમારે સારુ નથી તેનો વિચાર શો? તમારા-મારા જેવા કેટલાક જયારે પ્રતિજ્ઞાઓના પાલનમાં દૃઢ રહીશું ત્યારે જ આ દાવાનળમાંથી આપણે અને જગત બચીએ.

[મૂળ ગુજરાતી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી; શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી તથા મહાદેવભાઈની ડાયરી, પુસ્તક અગિયારમું

## ૨૧૭. એક પત્ર

નવેમ્બર ૨૭, ૧૯૨૭

. . .નો વિષય કેમ શાંત થાય એ તો આપણે કોઈ નહીં કહી શકીએ. એનો વિષય શાંત કરવાનો ધર્મ તમારો નથી એ હું જાણું છું. પતિપત્નીમાંથી કોઈનો ધર્મ એકબીજાનો વિષય શાંત કરવાનો નથી. બંનેની ઇચ્છાએ જ એ વસ્તુ બનવી જોઈએ. સંસાર ચાલે જ જાય છે કેમ કે વિષયમાં તો બધા પડયા જ છીએ. એને રોકવાનો બધાનો ધર્મ છે. રોકતાં રોકતાં કોઈ મહાપરાક્રમી તરી જાય છે.

[મૂળ ગુજરાતી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી; શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી તથા મહાદેવભાઈની ડાયરી, પુસ્તક અગિયારમું

Gandhi Heritage Portal

# ૨૧૮. જાફનામાં ખ્રિસ્તી પાદરીઓ સાથે ચર્ચા[1]

નવેમ્બર ૨૭, ૧૯૨૭

રેવ. ડબલ્યુ. એ. કથિર્ગમેરે પૂછયું કે ધર્મની બાબતમાં હિંદનું ભવિષ્ય શું? ખ્રિસ્તીઓ તેમાં કેવો ભાગ લેશે, અને ગાંધીજી તેમની પાસે કેવો ભાગ લેવાની અપેક્ષા રાખે છે?

મહાત્માજીએ જવાબ આપ્યો કે પહેલા સવાલનો જવાબ આપવાનું મારી શક્તિની બહાર છે. બીજા સવાલનો જવાબ હું આપી શકીશ. ઘણાં વર્ષોથી મારી એવી ઇચ્છા છે કે હિંદુસ્તાનમાં બધા ધર્મો તેમના સાચા સ્વરૂપમાં ફૂલવાફાલવા જોઈએ, કારણ હું કોઈ એક ધર્મને, સંપૂર્ણ સત્ય માનતો નથી. મારી આ દૃષ્ટિ છે અને મારો સ્વભાવ આખી જિંદગી સહિષ્ણુ રહ્યો છે તેથી આ બાબતમાં મને ગમોઅણગમો નથી. મૈસૂરના દીવાનસાહેબે, ધર્મપરિવર્તન કરાવવામાં માનનારા પાદરીઓ અને મુસલમાનોને અપીલ કરી છે કે તેમણે અસ્પૃશ્યોને સારા હિંદુ બનાવવા જોઈએ. હું તેમની આ અપીલને ટેકો આપું છું. હું માનું છું કે જો જુદા જુદા મહાન ધર્મોના બધા માણસો એકબીજાના સંપર્કથી વધારે સારા બને તો આ દુનિયા આપણા વસવાટ માટેનું ઘણું સુંદર સ્થાન બની જાય. જ્યાં સુધી જુદા જુદા દૃષ્ટિકોણ હશે ત્યાં સુધી ખ્રિસ્તી ધર્મ, ઇસ્લામ, હિંદુ ધર્મ જેવું ધર્મોનું વિશાળ વર્ગીકરણ રહેવાનું અને આ બધા ધર્મોમાં કોઈ બે વ્યક્તિઓ એકસરખી રીતે વિચાર નહીં કરે. પણ જો તેઓ તે તે લોકોનો ધર્મ તેમના પોતાના દૃષ્ટિબિંદુથી તપાસે તો સૌ એકબીજા સાથે જલદી સંમત થાય. મારા સ્વપ્નનું હિંદ એક જ ધર્મનો વિકાસ કરે એવું હું ઇચ્છતો નથી. પણ હું ઇચ્છું છું કે તે એકબીજા વિશે જરાયે શંકાકુશંકા કે ઈર્ષ્યા, જે મને જાફનામાં પણ જોવા મળી છે, ઊભી કર્યા વિના સાથે સાથે કામ કરતા બધા ધર્મોનું માન જાળવે.

રેવ. જે. બિકનેલે પૂછયું : હિંદુસ્તાનમાં આપ હિંદુમુસ્લિમ એકતા માટે કામ કરો છો. તેમનામાં એકતા થવાની સંભાવના છે ખરી?

મહાત્માજી : હા, ચોક્કસ છે.

રેવ. બિકનેલ : એક ગોપૂજક છે અને બીજો ગોભક્ષક છે; એક મૂર્તિપૂજક છે અને બીજો મૂર્તિભંજક છે?

મહાત્માજીએ કહ્યું કે હું કબૂલ કરું છું કે ઉપર ઉપરના મતભેદો છે, અને હું કાંઈક અંશે રસોઇયો છું એટલે જાણું છું કે ગંદું મીઠું અને થોડી ગંદી ખાંડ સાથે ભળી જવાથી શું થાય છે. તેમને એક વાસણમાં નાખીને ચૂલા પર મૂકો અને થોડું પાણી રેડો. બધો કચરો ઉપર આવી જશે. જો હું અણઘડ રસોઇયો હોઉં તો એવા અનુમાન પર આવું કે આ બધો કચરો છે અને અધીરાઈથી તે ફેંકી દઉં. પણ હું કુશળ રસોઇયો હોઈ જાણું છું કે સપાટી પરથી કચરો સહેલાઈથી દૂર કરી શકાય છે અને મીઠાના અને સાકરના શુદ્ધ પાસાદાર ગાંગડા અલગ કરી શકાય છે. હિંદુમુસલમાનોનું પણ આવું જ છે. આજે તેઓ કૂતરાંની જેમ લડે છે, પણ તે એકબીજાની નજીક આવવા માટે જ લડે છે. અને તેઓ લડે છે તે ખરેખર એટલા માટે નહીં કે એક મૂર્તિપૂજક છે અને બીજો મૂર્તિભંજક છે અથવા એક ગોપૂજક છે અને બીજો ગોભક્ષક છે. પણ પરસ્પરનો ભય બંનેને લડાવે છે અને તેમને એકબીજાનો અવિશ્વાસ છે જે હમેશાં ભયમાંથી પેદા થાય છે. આજે આવું ચાલી રહ્યું છે અને દુર્ભાગ્યે બંને કોમો ખોટી શિખામણે ચડી છે અને બંને પોતપોતાના ધર્મનો અસલ ઉપદેશ ભૂલી ગઈ છે. હિંદુઓ અહિંસા પરમો ધર્મઃ કહેતાં થાકતા નથી પણ તેઓ અહિંસાનો સિદ્ધાંત ભૂલી ગયા છે. મુસલમાનો એવું

૧. મિશનરી કૉન્ફરન્સ સમક્ષ.

Gandhi Heritage Portal

માનતા લાગે છે કે ઇસ્લામમાં અહિંસાની પેઠે હિંસાને પણ પૂરતું સ્થાન છે. પણ મેં જ્યારે મારા મુસલમાન મિત્રોની ઊલટતપાસ લીધી ત્યારે તેમણે કહ્યું કે ઇસ્લામમાં કાનૂન તો હમેશાં અહિંસાનું પાલન કરવાનો છે પણ તેમાં અહિંસાનું પાલન ન કરી શકાય તો હિંસાની છૂટ આપવામાં આવી છે. એટલે કોઈ પણ સ્થિતિમાં બંને ધર્મમાં અહિંસા ખરેખર સમાન છે. લડાઈ ઇસ્લામ અને હિંદુ ધર્મ વચ્ચે નથી, પણ બંને ધર્મના ગુંડાઓ વચ્ચે છે. એટલે ગુંડાઓ જ્યારે થાકશે ત્યારે શાંત થશે. અથવા એમ નહીં થાય તો અડગ શ્રદ્ધા રાખનાર એક વ્યક્તિ તરીકે મને ખાતરી છે કે સારા હિંદુઓ અને સારા મુસલમાનો જેઓ આજે પાછળ રહ્યા છે તેઓ પ્રાર્થનામાં માનનારા હોઈ તેમની પ્રાર્થના સંભળાશે અને છેવટે ગુંડાઓના હાથ હેઠા પડશે.

સ. દક્ષિણ આફ્રિકામાં આપે જે કામ કર્યું તેમાં મને ખૂબ રસ પડ્યો અને એ કામથી મને ઘણો આનંદ થયો છે. દક્ષિણ આફ્રિકામાં આજ સુધીમાં જે પરિણામો આવ્યાં છે એથી આપને સંતોષ છે?

મહાત્માજી : હું કહેવા જતો હતો 'ખૂબ સંતોષ છે,' પણ એમ કહેવું વધારે પડતું ગણાય. પણ મને ઠીક ઠીક સંતોષ થયો છે. અત્યારે તો પરિસ્થિતિ ઘણી સારી જણાય છે. નામદાર શાસ્ત્રી ખરેખર ઘણું મહત્ત્વનું કામ કરી રહ્યા છે.

નવો કરાર અને ગીતામાંથી આપને પ્રેરણા અને શાંતિ કઈ રીતે મળે છે એવા એક પ્રશ્નનો જવાબ આપતાં મહાત્માજીએ કહ્યું કે મને નવા કરારમાંના ગિરિપ્રવચનમાંથી ખૂબ આશ્વાસન અને શાંતિ મળ્યાં છે, કારણ કે એ જ વસ્તુ મારા મનમાં રમ્યા કરતી હતી. ગીતાનો અભ્યાસ મેં પાછળથી કર્યો. અને ગિરિપ્રવચન અને ગીતા વચ્ચે હું કશો ફરક જોઈ શક્યો નથી. ગિરિપ્રવચનમાં જે વાતનું તાદૃશ વર્ણન કર્યું છે તે જ વાત ગીતાએ શાસ્ત્રીય સૂત્રોમાં રજૂ કરી છે. ગીતા એક રીતે શાસ્ત્રીય ગ્રંથ છે; બીજી રીતે શાસ્ત્રીય નથી કારણ કે તેમાં શાસ્ત્રીય નિરૂપણ કરવામાં આવ્યું નથી. પણ તેમાં શરણાગતિના સિદ્ધાંતનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે, અથવા હું કહીશ કે શુદ્ધ પ્રેમના સિદ્ધાંતનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. એ પ્રેમ એટલે કેટલાક માટે પ્રેમ અને બીજાઓ માટે નહીં, એવું નહીં; શુદ્ધ પ્રેમ, દ્વેષથી પર એવો પ્રેમ જે મને ગીતામાં, પ્રતિપાદિત કરેલો જોવા મળ્યો છે. પછી મહાત્માજીએ પોતે કેવી રીતે જૂનો કરાર વાંચ્યો અને ત્યાર પછી નવો કરાર ખૂબ આનંદથી વાંચ્યો અને પછી તેઓ કેવી રીતે ગીતા પર આવ્યા તેનો ઇતિહાસ કહ્યો જેથી શ્રોતાઓ પોતે તેમની પ્રેરણાનું સ્રોત ક્યાં છે તેનું અનુમાન કરી શકે.

[મૂળ અંગ્રેજી]

સિલોન ડેલી ન્યૂસ, ૧-૧૨-૧૯૨૭

Gandhi Heritage Portal

## ૨૧૯. જાફનામાં હિંદીઓની સભામાં ભાષણ

નવેમ્બર ૨૭, ૧૯૨૭

હું લંકા આવ્યો છું ત્યારથી મને વધારે ને વધારે ખાતરી થતી જાય છે કે હું લંકામાં નથી પણ હિંદના જ કોઈ સુશોભિત ભાગમાં છું. લંકા સૌંદર્યની દૃષ્ટિએ ખરેખર હિંદુસ્તાનની સુશોભિત આવૃત્તિ છે. લંકામાં પ્રાકૃતિક દૃશ્યો જોવાની અપેક્ષા તો મેં રાખી હતી પણ જે દૃશ્યો મેં ખરેખર જોયાં તે મારી બધી અપેક્ષાઓથી ચડી ગયાં છે અને તેથી હમણાંની એક સભામાં મારાથી કહ્યા વગર ન રહેવાયું કે, સિલોન તો જાણે હિંદમાતાની નથમાંથી પડી ગયેલું સુંદર મોતી હોય એવું લાગે છે. જો લંકાના લોકો પોતે હોવા જોઈએ એવા હિંદની સંસ્કૃતિના ખરેખર વારસદાર હોય તો તેમણે પોતાના જીવનમાં હિંદમાતાનું ઉમદા સ્વરૂપ પ્રતિબિંબિત કરવું જોઈએ.

ગૌતમ બુદ્ધ પણ આખરે હિંદુ સુધારકોમાંના એક સૌથી મહાન સુધારક નહોતા? અને બુદ્ધ ભગવાનના ઉપદેશનો વારસો મેળવી તેને ગ્રહણ કરનારા લંકાના લોકોએ માતૃભૂમિના લોકોથી આગળ શા માટે ન જવું જોઈએ? અફસોસની વાત છે કે જૂના વખતમાં લંકાને જ્યાંથી બળ મળતું હતું એ ઝરણું આજે લગભગ સુકાઈ ગયું લાગે છે. આજે તો અમે હિંદુસ્તાનના લોકો જાણે અવદશામાં ફસાઈ ગયા છીએ. અમે પોતે જ અમારા અસ્તિત્વ માટે તરફડિયાં મારી રહ્યા છીએ, અને તે એટલે સુધી કે અંગ્રેજ ઇતિહાસકારોના કહેવા મુજબ હિંદની ઓછામાં ઓછા દસમા ભાગની વસ્તી સતત ભૂખમરાની સ્થિતિમાં રહે છે.

આ વધતી જતી પીસી નાખતી ગરીબાઈનો દંશ દૂર કરવા માટે હું એક જગ્યાએથી બીજી જગ્યાએ ફરતો રહ્યો છું અને આ ગરીબ લોકો જેઓ પેટ ભરીને ખાવાનું કેવું હોય તે જાણતા નથી તેમને માટે ધનિક લોકોની સહાનુભૂતિ મેળવું છું. પણ હું જ્યાં જ્યાં જાઉં છું ત્યાં આપણા દેશબંધુઓ તરફથી તરત જ મને જવાબ મળે છે એ મારે માટે મોટું આશ્વાસન છે અને આ જ વસ્તુ મને ચારે બાજુ અંધકાર હોવા છતાં ટકાવી રાખે છે.

તેથી, તમે મને અહીં બોલાવ્યો, અને નક્કર સહાનુભૂતિ બતાવી એથી મને કંઈ આશ્ચર્ય થતું નથી. પણ તમને એ કહેવાની જરૂર નથી કે તમે જે સહાનુભૂતિ પૈસાના રૂપમાં બતાવી તે પૂરતી નથી. તેને હું વધુ આપવાની તમારી ઇચ્છાના પ્રતીક તરીકે જ સ્વીકારી શકું. અને તેથી હું જે દરેક જગ્યાએ કહેતો આવ્યો છું તે વાત અહીં હજારમી વખત કરીશ કે જ્યાં સુધી તમે આ દાન આપવાની સાથે સાથે ભવિષ્યમાં તમારી કાપડની જરૂરિયાત માટે ખાદી સિવાય બીજું કોઈ કાપડ નહીં ખરીદવાનો દૃઢ નિશ્ચય નહીં કરો ત્યાં સુધી તમે આપણાં ભૂખે મરતાં ભાઈબહેનો પ્રત્યે પ્રાથમિક ફરજ બજાવી ન ગણાય.

અને અહીં બેઠેલી બહેનોએ પણ ભૂખે મરતા લાખો લોકોને મદદ કરવી જોઈએ અને તેમની મૂક આજીજીનો જવાબ વાળવો જોઈએ. તેમણે કે પુરુષોએ તિરસ્કારપૂર્વક એમ ન કહેવું જોઈએ કે ખાદી પૂરતી બારીક નથી હોતી અને તે તેમની રુચિને માફક આવતી નથી. મેં આજ સુધી કોઈ માતા એવી ફરિયાદ કરતી નથી સાંભળી કે મારાં બાળકો સુંદર નથી, અથવા

Gandhi Heritage Portal

તેમને પોષવાં ભારે પડે છે. જો તમને આ ભૂખે મરતા લાખો લોકો માટે ખરેખર લાગણી હોય, જો તમે ખરેખર માનતા હો કે તેઓ ભૂખે મરે છે અને તેઓ તમારાં સગાં ભાઈબહેનો છે તો પછી તમે ખાદી મોંઘી છે અથવા હલકી જાતની છે એવી ફરિયાદ કેમ કરી શકો? જ્યારે તમે જોઈ રહ્યા છો કે લાખો લોકો ભૂખ્યા છે અને જો તમે તેમના પવિત્ર પણ ધ્રૂજતા હાથે તૈયાર કરેલી ખાદી પહેરો તો જ તેમને રોટલો આપી શકાય તેમ છે, ત્યારે તમને ફેશન કે કિંમત વિશે વિચાર કરવાનો શો અધિકાર છે?

તમે જે અંગ્રેજો અને જર્મનોએ ભારે કરવેરા ભર્યા, અવર્ણનીય યાતનાઓ સહન કરી અને ભયંકર પરિસ્થિતિમાં બધી જાતની મુશ્કેલીઓ વેઠી – મોતને પણ ભેટયા – તેમનો દાખલો નહીં લો? અને આ બધું તેમણે, પોતાના દેશની પ્રતિષ્ઠાને ખાતર કર્યું. તો પછી તમારી બનાવટી રુચિ અને ફૅશનવાળા પોશાક વિશેના વિચારો છોડવાનું તથા ખાદી માટે થોડી વધુ કિંમત આપવાનું કેટલું જરૂરી છે? કારણ કે અહીં તમારી બહેનોની માત્ર આબરૂ જ જોખમમાં નથી, તેમની ખુદ જિંદગી પણ જોખમમાં છે.

તેથી હું ઇચ્છું છું કે તમે ખાદી માટે, અને તમારે ફૅશનવાળી સાડીઓ જોઈતી હોય તો તેવી ભરત ભરેલી સાડીઓ માટે પણ શ્રી રાજગોપાલાચારી પર ઑર્ડરોનો વરસાદ વરસાવો. પણ મારે હવે બીજા વિષય પર આવવું જોઈએ.

જ્યારે જ્યારે હું હિંદમાંથી બહારના દેશોમાં ગયો છું અને હિંદના જુદા જુદા પ્રાંતોમાં પણ ગયો છું ત્યારે ત્યાં બીજા પ્રદેશમાંથી આવીને સ્થાયી થયેલા લોકોને મેં તેઓ પોતે જ્યાં આવીને વસ્યા હોય તે ભૂમિના લોકોનાં હિતો કરતાં પોતાનાં હિતોને ગૌણ સ્થાન આપવાની સલાહ આપી છે. તમે હિંદુ હો, મુસલમાન હો કે પારસી હો, તમે ગમે તે પ્રાંતના હો, મને લાગે છે કે તમારી એ અનિવાર્ય ફરજ છે કે તમે જ્યાં જ્યાં જાઓ ત્યાંના લોકોની સાથે તેમના પડખામાં કાંટાની જેમ નહીં, પણ દૂધમાં સાકરની જેમ ભળીને રહો. એવા લોકોની વચ્ચે, તમારી પોતાની સંસ્કૃતિના ટ્રસ્ટી બનીને તમારે રહેવું જોઈએ અને તેમનાં સુખદુ:ખને પોતાનાં સુખદુ:ખ ગણવાં જોઈએ.

[મૂળ અંગ્રેજી]

विथ गांधीजी इन सिलोन, પા. ૧૩૪–૬

Gandhi Heritage Portal

# ૨૨૦. લંકાવાસી હિંદુઓને

નવેમ્બર ૨૭, ૧૯૨૭

આ પહેલાં ઘણી ઉપયોગી સભાઓ[1] થઈ ગઈ છે, પરંતુ આજની સભા મને સૌથી વધુ ઉપયોગી લાગે છે, કારણ કે તમારી હિંદુઓની ખાસ સભા આગળ મારે બોલવું એમ ઠરાવ્યું છે. આનો અર્થ મને એ લાગે છે કે તમ હિંદુઓ આગળ મારે હિંદુ તરીકે બોલવું. અને તમે મને આમ બોલવાનું આમંત્રણ આપ્યું તેથી મને અત્યંત આનંદ થાય છે. તમે જાણો છો તેમ જૂના વિચારના હિંદુઓ સનાતની હોવાનો મારો દાવો સ્વીકારતા નથી, છતાં હું મારી જાતને સનાતની તરીકે ઓળખાવવાનો આગ્રહ કરતો આવ્યો છું. પણ આવો દાવો કરીને, હું સત્યનો પૂજારી હોઈને, તમને કોઈ પણ રીતે અવળું સમજાવવા નથી ઇચ્છતો. આ કે પેલા માણસ સાથે જમવા ન જમવામાં, કે તેને અડવા ન અડવામાં અથવા તો મુસલમાનો અને ખ્રિસ્તીઓ સાથે ઝઘડા કરવામાં જો સનાતન હિંદુ ધર્મ રહેતો હોય, તો ખરેખર હું એવો સનાતની હિંદુ નથી. પણ હિંદુ ધર્મમાં વાસ્તવિક રીતે શું હોઈ શકે એનું નિરૂપણ કરવું, કે પોતાના અંતર્નાદને અનુસરીને હિંદુ ધર્મને જીવનમાં ઉતારવો એ જ જો સનાતન હિંદુ ધર્મ હોય, તો મારો દાવો છે કે હું સનાતની છું. વળી મહાભારતકાર ભગવાન વ્યાસ પ્રમાણે હું સનાતની છું. એમણે મહાભારતમાં કોઈ ઠેકાણે આ વિષયમાં આમ કહ્યું છે : ત્રાજવાના એક પલ્લામાં સત્યને મૂકો, ને બીજામાં યજ્ઞાદિ મૂકો. સત્યવાળું પલ્લું સૌ યજ્ઞો – રાજસૂય અને અશ્વમેધ સુધ્ધાં – વાળા પલ્લા કરતાં નીચું નમશે. અને મહાભારતને જો પાંચમા વેદ તરીકે સ્વીકારીએ, તો હું સનાતની હિંદુ હોવાનો દાવો કરી શકું; કારણ કે મારા જીવનની પ્રત્યેક ક્ષણે હું કોઈ પણ જાતની બીજી ગણના કર્યા સિવાય સત્યનું પાલન કરવા મથી રહ્યો છું.

### વિશાળ હિંદુ ધર્મ

આ પ્રમાણે આ સભા આગળ મારો દાવો રજૂ કરીને, તમ હિંદુઓનો જાફનામાં તેમ જ લંકામાં શો ધર્મ છે તે સમજાવવા ઇચ્છું છું. પહેલી વાત તો આ બેટની મુખ્ય વસ્તી તરફ તમારી શી ફરજ રહી છે તે લઈશ. અને હું તમને જણાવીશ કે તેઓ તમારા સહધર્મીઓ છે. તેઓ ધારે તો આ વસ્તુનો ઇનકાર કરી શકે; કારણ કે તેઓ કહેશે કે બૌદ્ધ ધર્મ એ હિંદુ ધર્મ નથી, અને આમાં તેઓ કંઈક અંશે ખરા પણ છે. ઘણા હિંદુઓ બૌદ્ધ ધર્મ હિંદુ ધર્મને અંગભૂત છે એમ સ્વીકારવા તૈયાર નથી. ઊલટા, તેઓ તો હરખાઈને કહે છે કે તેઓ બૌદ્ધ ધર્મને હિંદમાંથી હાંકી કાઢી શક્યા છે. પણ હું તમને કહીશ કે તેમણે એવું કશું કર્યું નથી. બુદ્ધ પોતે જ હિંદુ હતા. તેમણે હિંદુ ધર્મને સુધારવાનો પ્રયત્ન કર્યો. તેમાં તેમને મોટે ભાગે સફળતા મળી. તે વખતે હિંદુ ધર્મે બુદ્ધના ઉપદેશોમાં સર્વ સુંદર હતું તે લીધું, ને પોતાનામાં પચાવી દીધું. એ દૃષ્ટિએ હું કહેવાની હિંમત કરું છું કે હિંદુ ધર્મ વિશાળ થયો; અને ખરેખર બુદ્ધ ધર્મનું ઉત્તમાંગ સ્વીકારીને, હિંદુ ધર્મે ગૌતમના ઉપદેશોને વળગી પડેલાં જાળાંઝાંખરાં ફેંકી દીધાં છે. અને લંકાવાસી બૌદ્ધોને આ વાતની ખાતરી કરાવવા માટે તમારે એમની વચ્ચે રહીને વિશાળ હિંદુ ધર્મનું જીવન જીવવું. ભારતવર્ષને બુદ્ધે એક વસ્તુ એ બતાવી કે નિર્દોષ પશુઓનાં બલિદાનથી રિઝાઈ

૧. આ સભા પહેલાં ગાંધીજીએ બીજી નવ સભાઓને સંબોધી હતી.

Gandhi Heritage Portal

જાય તે ઈશ્વર ઈશ્વર નથી. ઊલટું, તેમણે આદેશ આપ્યો કે ઈશ્વરને સંતોષવા માટે જેઓ પ્રાણીવધ કરશે તેઓ બેવડા પાપી થશે. આથી તમે હિંદુ ધર્મને વફાદાર હો, તો તમારે કાળજી રાખવી જોઈએ કે તમારા એક પણ મંદિરને પશુવધથી પતિત કરવામાં નહીં આવે. સમસ્ત હિંદુ ભારતવર્ષને હું કહેવા તૈયાર છું કે કોઈ પણ હેતુ અર્થે, અથવા તો પ્રભુને પ્રસન્ન કરવા માટે, એક પણ પશુનો હોમ કરવો એ અનર્થ છે, પાતક છે, અને અધર્મ છે.

### પ્રાણદાયી વર્ણ

ગૌતમે શીખવેલી બીજી વાત એ છે કે આજે થતો જ્ઞાતિભેદનો અર્થ – તેમના વખતમાં આજના જેવો જ અર્થ થતો – સાવ ખોટો છે. એટલે ઊંચનીચપણાનો જે ભેદભાવ એમના પોતાના વખતમાં પણ હિંદુ ધર્મને કોરી ખાતો હતો તે તેમણે ઉખેડી કાઢ્યો. પણ એમણે વર્ણાશ્રમધર્મનો નાશ નહોતો કર્યો. વર્ણધર્મ કંઈ જ્ઞાતિ નથી. દક્ષિણ હિંદનાં મારાં ઘણાં ભાષણોમાં અને यंग इन्डिया તથા नवजीवनમાં મેં વિસ્તારથી જણાવ્યા પ્રમાણે હું માનું છું કે જ્ઞાતિ અને વર્ણમાં કોઈ જાતનો મેળ નથી. વર્ણ પ્રાણ આપે છે, ત્યારે જ્ઞાતિ પ્રાણ શોષે છે; અને અસ્પૃશ્યતા એ જ્ઞાતિનું ભૂંડામાં ભૂંડું સ્વરૂપ છે. હું હિંમતથી કહીશ કે આજે જે અસ્પૃશ્યતા પળાતી દેખાય છે તેને હિંદુ ધર્મમાં કશો જ અવકાશ નથી. આથી તમે બૌદ્ધ દેશભાઈઓ વચ્ચે શુદ્ધ હિંદુ ધર્મ પ્રમાણે રહેવા માગતા હો, તો તમે એક પણ મનુષ્યને અસ્પૃશ્ય ન ગણશો. કમભાગ્યે લંકાના બૌદ્ધોએ પોતે જ હિંદુઓ પાસેથી આ શાપ વહોરી લીધો છે. જેમની પાસે જ્ઞાતિનું આવું બંધારણ ન હોવું જોઈએ, તેમણે જ પોતાનામાં આવી જ્ઞાતિ ઊભી કરી છે. ઈશ્વરને જાણીને ઊંચનીચના ભેદભાવ ભૂલી જાઓ; યાદ રાખો કે તમે સૌ હિંદુ છો – એકલોહિયા ભાઈ છો.

### મંદિરોને પવિત્ર કરો

જાફનાના એક હિંદુ ભાઈએ મારા ઉપરના એક પત્રમાં જણાવ્યું છે કે અહીંનાં કેટલાંક મંદિરોમાં કોઈ કોઈ પ્રસંગે તમે પતિત બહેનોના નાચ કરાવો છો. આ વાત સાચી હોય તો મારે કહેવું પડશે કે તમે દેવાલયોને વેશ્યાગારો બનાવો છો. મંદિરને એના પવિત્ર સ્વરૂપમાં રાખવા માટે કેટલીક ચોક્કસ મર્યાદાઓ જરૂરી છે. એક સંત જેટલો જ વેશ્યાને પણ દેવમંદિરમાં જવાનો અધિકાર છે; પણ તે પોતાની જાતને પવિત્ર બનાવવાના હેતુથી જ આ અધિકાર ભોગવી શકે. પરંતુ ધર્મના નામે કે પૂજાના ઝાકઝમાળ માટે મંદિરના નિયામકો જો વેશ્યાને દાખલ કરે, તો તેઓ પ્રભુના મંદિરને વેશ્યાનું ધામ કરી મૂકે છે. અને કોઈ પણ માણસ – પછી તે ગમે તેવો મોટો હોય – તમારી પાસે આવી વેશ્યાને મંદિરમાં નાચ કે એવા કોઈ બીજા કામ માટે લઈ જવાનું સૂચવે, તો તમે તેનો ઇનકાર કરજો અને મારી સૂચવેલી વાતનો સ્વીકાર કરજો. તમે સાચા હિંદુ થવા માગતા હો, ઈશ્વરને ભજવા માગતા હો, અને તમે શાણા હો, તો તો કહેવાતા અસ્પૃશ્યો માટે તમારાં મંદિરોના દરવાજા ખુલ્લા મૂકી દેજો. ઈશ્વર એના ભક્તોમાં ભેદભાવ નથી રાખતો. તે તો આ અસ્પૃશ્યોની તેમ જ કહેવાતા સ્પૃશ્યોની પ્રાર્થના એકસરખી રીતે સાંભળે છે; શરત માત્ર એટલી જ કે પ્રાર્થના મોઢાની નહીં પણ હૃદયની હોવી જોઈએ.

### પરધર્મો પ્રત્યે ઉદારતા

બીજી એવી કેટલીક વસ્તુઓ છે જેના ઉપર તમારે ધ્યાન ખેંચવું જોઈએ. મહાન ધર્મો પાળનારી ખ્રિસ્તી અને મુસ્લિમ પ્રજાઓ સાથે તમારે રહેવાનું છે. જાફનામાં બે કે ત્રણ ટકા

Gandhi Heritage Portal

જેટલી મુસલમાન વસ્તી છે. ખ્રિસ્તીઓ દશ ટકા છે. પણ તમારે તો, તેઓ બે ટકા કે વીસ ટકા હોય તોપણ તેમની વચ્ચે રહેવાનું છે. અને હિંદુ ધર્મને મેં પૂરેપૂરો ઓળખ્યો હોય, તો બીજા દરેક ધર્મ પ્રત્યે ઉદાર અને સહિષ્ણુ ન હોય તેવો ધર્મ હિંદુ ધર્મ નથી. અને તમારી માફક તેઓ પણ આ બેટના ને દ્વીપકલ્પના વતની હોઈ તમારે તેમને ભાઈઓ તરીકે ગણવા જોઈએ. જ્યાં સુધી તમે એમ ન કરો ત્યાં સુધી તમારામાં આવશ્યક રાષ્ટ્રભાવનાનો વિકાસ થશે નહીં; અને તેથી જરૂરી હિંદુત્વ તથા ભૂતદયા પણ ખીલવી શકશો નહીં. તમારાં સંતાનોની કેળવણી ઉપર કાબૂ રાખવાનો તમારો હક છે. અને સાંભળીને હું ખુશી થયો છું કે તમારું પોતાનું કેળવણી-મંડળ છે. તમારાથી બનતા પ્રમાણમાં તમે તેને સાચે રસ્તે મજબૂત કરો એવું ઇચ્છું છું. પણ આથી ખ્રિસ્તી મિશનોની સંસ્થાઓ સામે કશું ઝેરવેર ઉત્પન્ન ન થવું જોઈએ. તમારી પાસે કાબેલ શિક્ષણશાસ્ત્રીઓ હશે, અને તમારી પાસે હિંદુ બાળકો માટે જોઈતી સગવડો હશે, તો બધાં હિંદુ બાળકો સ્વાભાવિક રીતે તમારી સંસ્થાઓમાં આવશે. કેળવણીની બાબતમાં, મને આજે જણાય છે તેવી ઈર્ષ્યા કેમ હોઈ શકે તે હું સમજી શકતો નથી. હમણાં સુધી હિંદુઓ, ખ્રિસ્તીઓ, અને મુસલમાનો એકબીજા સાથે ભાઈચારાથી રહેતા હતા એ જાણીને મને આનંદ થયો છે. થોડા વખત ઉપર જ તમારી અને ખ્રિસ્તીઓ વચ્ચે છમકલું ઊભું થયું છે. તમારી બહુમતી હોવાથી તમારે ઉદાર થવું જોઈએ, અને તમારા ઝઘડાઓનો નિકાલ લાવવો જોઈએ. અને તમે હિંદુ ધર્મમાં ઘૂસેલા અધમ જ્ઞાતિભાવને દૂર કરશો, તો તમારી સઘળી મુશ્કેલીઓ ચાલી જશે.

### સંસ્કૃતનો અભ્યાસ

તમે બહુમતીમાં હોવાથી, તમારે યાદ રાખવું જોઈએ કે જાફનાને, અને જાફના મારફત આખી લંકાને, દારૂથી સદંતર મુક્ત કરવાની ફરજ તમારે માથે છે. અને જો તમારું કેળવણી-મંડળ પોતાની ફરજ અદા કરશે, તો તમારી શાળાઓમાં સંસ્કૃતના અભ્યાસને તમે ઉત્તેજન આપી શકશો. સંસ્કૃતનું થોડુંક પણ જ્ઞાન નહીં ધરાવનાર હિંદુ બાળકની કેળવણી અધૂરી છે એમ હું માનું છું. અને મારા ધારવા પ્રમાણે હિંદુ ધર્મમાં ભગવદ્‌ગીતા જેવો માન્ય અને સાર-વાહી બીજો એકે ગ્રંથ નથી. તેથી તમે અને તમારાં બાળકો હિંદુ ધર્મના સાચા તત્ત્વથી રંગાવા માગતાં હો, તો તમે ગીતાના બોધને સમજવાનો પૂરતો પ્રયત્ન કરજો. મહાભારત અને રામાયણ વિશે પણ તમારે ઠીક ઠીક જ્ઞાન મેળવવું જોઈએ.

છેવટમાં, દરેક સ્થળે જે બે વાતો મૂકી રહ્યો છું તે સિવાય, મારી પાસે મનુષ્યસમાજને આવી પડેલી અનેક મુશ્કેલીઓને દૂર કરવાનો બીજો ઉપાય નથી. સત્ય બોલો, અને ગમે તે ભોગે અહિંસાવ્રત પાળો. તમારી સામે બેઠો છું અને તમારી સાથે વાત કરું છું એટલી જ ખાતરીથી હું કહું છું કે જો હું તમને આ બે વસ્તુઓના પાલન માટે સમજાવી શકું, તો આપણી એકે એક મુશ્કેલી હવામાં તણખલા માફક ઊડી જશે; અને સાક્ષાત્ ઈશ્વર તેના દિવ્ય આસન પરથી નીચે આવશે, તમારી વચ્ચે રહેશે, અને કહેશે : “ભલી કરી, હિંદુઓ!”

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १५–१२–१९२७

ભાષાંતર : नवजीवन, १–१–१९२८

Gandhi Heritage Portal

## ૨૨૧. મીરાંબહેનને તાર

જાફના,
[નવેમ્બર] ૨૮ [૧૯૨૭][1]

મીરાંબાઈ
આશ્રમ
સાબરમતી

દાક્તરે ઘા ખોલ્યો છે? છઠ્ઠી તારીખ સુધી બરહામપુર અથવા તેની આસપાસ હોઈશ.

પ્યાર.

બાપુ

[મૂળ અંગ્રેજી]

મૂળ તાર પરથી : સી. ડબલ્યુ. ૫૨૯૫; શ્રીમતી મીરાંબહેનના સૌજન્યથી

## ૨૨૨. મીરાંબહેનને પત્ર

નવેમ્બર ૨૮, ૧૯૨૭

ચિ. મીરાં,

તારા પગમાં એવું તે શું દરદ થવા પામ્યું? પણ આ બધી ઈશ્વરે મોકલેલી આફતો કષ્ટ-સહન અને શિસ્તનો ભાગ જ છે. મેં તારા બે તારોનો[2] જવાબ આપી દીધો છે. તું ઉતાવળે કોઈ પગલું ભરીશ નહીં. તારા પગની દવા કરવાની જરૂર હોય તો આશ્રમમાં જ રહેવું સારું. કારણ કે મને લાગે છે મેં તને કહ્યું છે કે ઓરિસ્સામાં પણ થોડો પ્રવાસ કરવાનો રહેશે. મને એક જગ્યાએ રહીને આરામ લેવા નહીં દે. પણ જેનાથી તને વધુમાં વધુ શાંતિ મળે તેમ કરજે. ત્યાં તું સુખી ન રહી શકતી હોય તો તું લંગડાતી હોય કે સારી હોય, ચાલી આવજે. અને જો તું તારી જાત પર કાબૂ રાખીને ત્યાં રહી શકે તો જાન્યુઆરીમાં તો આપણે, ગમે તેમ થાય તોપણ મળીશું જ. પણ હું તારી ઇચ્છાની આડે આવવા માગતો નથી. તારો આત્મા તને કહે તેમ કરજે.

તારા પોશાકમાં તેં જે ફેરફાર કર્યો હોવાનું લખ્યું છે તે ફેરફાર મને એટલો જબરો નથી લાગતો.

સસ્નેહ,

બાપુ

[મૂળ અંગ્રેજી]

મૂળ પત્ર પરથી : સી. ડબલ્યુ. ૫૨૯૭; શ્રીમતી મીરાંબહેનના સૌજન્યથી

૧. આ તારીખે ગાંધીજી જાફનામાં હતા.
૨. જુઓ આ પહેલાંનો તાર.

Gandhi Heritage Portal

## ૨૨૩. અબ્બાસ તૈયબજીને પત્ર

જાફના,
નવેમ્બર ૨૮, ૧૯૨૭

પ્રિય ભર્ર્ર્ર્[1],

તમે શીરીં-ફરહાદની વાર્તા વાંચી છે? શું તમે પ્રેમીઓને પોતાના પ્રિયજનના પત્રોથી અથવા તેમને વિશેના સમાચારોથી કંટાળતા જાણ્યા છે? તો તમારા પત્ર માટે હું શા માટે તલસી રહ્યો હતો તે વિશે તમને આશ્ચર્ય થાય છે? રૈહાનાને મેં કેવી રીતે શોધી કાઢી એ કહાણી પણ એ જ પ્રકારની છે.

હવે પ્યાર.

તમારો
ભર્ર્ર્ર્

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૯૫૬૦

## ૨૨૪. સુરેન્દ્રને પત્ર

નવેમ્બર ૨૮, ૧૯૨૭

દેવદાસની સ્થિતિ અત્યંત દયાજનક છે. રાજાજી તેને લક્ષ્મી આપવા મુદ્દલ તૈયાર થાય એમ નથી, જે યોગ્ય જ છે. લક્ષ્મી તેમની આજ્ઞા વિના એક ડગલું પણ આગળ નહીં જાય. તે તો કલ્લોલ કરે છે. જ્યારે દેવદાસ દીવાના જેવો બની લક્ષ્મીનું નામ જપી ઝૂરે છે, ને પીડાય છે. આટલો પ્રેમ જો તે ઈશ્વર ઉપર કરતો હોત તો સાધુમાં ખપત અને મહા-સેવક બનત.

પણ પ્રકૃતિની સામે દેવદાસ પણ કેમ થાય? તેને મારી આજ્ઞા માનવી છે, પણ તેનો આત્મા તેની સામે થાય છે. હું લક્ષ્મીનાં લગ્ન નથી થવા દેતો એમ તે માનતો જણાય છે ને તેથી મારી ઉપર ચિડાયા કરે છે. આ સ્થિતિમાંથી તેને કેમ બચાવાય તે હાલ તો મને સૂઝતું નથી. તમારાથી તેને કોઈ પ્રકારે શાંત કરી શકાય, તેને ધર્મ સમજાવી શકાય તો સમજાવવો. એવું સંભવે કે હું દેવદાસને સમજ્યો ન હોઉં અને તેથી તેને અન્યાય કરતો હોઉં. કાગળ લખીને તેને શાંતિ અપાતી હોય તો આપો. હું તો હમેશાં તેને લખ્યા કરું છું.

તેનાં દર્દોનું કારણ પણ તેના મનમાં ભરેલા વિકારો જ છે એમ હું તો સ્પષ્ટ જોઉં છું. વિકારો મનુષ્યને તે ન જાણે તેમ કોતરી ખાય છે. એ વિશે મને શંકા નથી. દેવદાસ પોતાને

૧. ગાંધીજી અને અબ્બાસ તૈયબજી એકબીજાને આ રીતે સંબોધન કરતા હતા.



Gandhi Heritage Portal

વિલાસી માને છે એ સાચું છે. પણ વિલાસી શબ્દ હળવો છે. એનું મન વિષયી છે. આ તે ચોખ્ખું નથી જોઈ શકતો તેથી વિષય તેને બાળે છે.

[મૂળ ગુજરાતી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી; શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી

## ૨૨૫. આશ્રમની બહેનોને પત્ર

જાફના,
નવેમ્બર ૨૮, ૧૯૨૭

બહેનો,

આ પ્રદેશ પણ લંકા કહેવાય છે, છતાં તે દક્ષિણ લંકા કરતાં બહુ નિરાળો છે. અહીં તો તામિલ હિંદીની જ વસ્તી છે, ને તેઓ બધા રીતરિવાજ હિંદુસ્તાનના જ જાળવે છે. એટલે દક્ષિણમાં ને આમાં કંઈ ફેર જોવામાં નથી આવતો. બહેનો દક્ષિણના કરતાં કંઈક વધારે છૂટથી રહેતી હોય એમ જણાય છે ખરું. અહીં એક ગુજરાતી જોડું છે. બહેન રાજકોટના સારા કુટુંબની દીકરી છે. તેના પતિ વડોદરાના પ્રસિદ્ધ હરગોવિંદદાસ કાંટાવાળાના દીકરા છે. તે અહીં ન્યાયાધીશ છે. તેમણે ઠીક સુવાસ ફેલાવી છે. અહીં અરધું ખાવાનું તો કાશીબાઈ (બહેનનું નામ) પહોંચાડે છે. એટલે બા રજા ભોગવે છે એમ કહીએ તો ચાલે.

આવતી કાલે અહીંથી નીકળીએ છીએ. હવે જ્યાં જવું છે ત્યાં ખરાં હાડપિંજર છે. તેનાં ફરી દર્શન કરવા ને હૃદયને વધારે વલોવવા, રેંટિયાનો મર્મ વધારે સમજવા અધીરો થઈ રહ્યો છું.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી : જી. એન. ૩૬૭૬ તથા બાપુના પત્રો – ૧ : આશ્રમની બહેનોને, પા. ૪૬

## ૨૨૬. ટી. બી. કેશવરાવને પત્ર

નવેમ્બર ૨૯, ૧૯૨૭

પ્રિય ભાઈ,

તમારો પત્ર મળ્યો. મારો નિશ્ચિત મત છે કે ગીતા વાંચવાનો ને સમજવાનો દરેકને અધિકાર છે, વખત મળતાં હું તમારા પત્રની ચર્ચા[1] યંગ ઇન્ડિયામાં કરવાની આશા રાખું છું.

તમારો સહૃદયી
**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : જી. એન. ૧૫૯

૧. આ ચર્ચા ગાંધીજીએ ઘણું કરીને "સત્યનો અનર્થ", ૮-૧૨-૧૯૨૭માં કરી છે.

Gandhi Heritage Portal

## ૨૨૭. રામેશ્વરદાસ પોદ્દારને પત્ર

માગશર સુદ ૫ [નવેમ્બર ૨૯, ૧૯૨૭][૧]

ભાઈ રામેશ્વરદાસ,

તમારો પત્ર મળ્યો. આવતી કાલે હું દેશ તરફ આવવા નીકળીશ. રામનામનો જપ સાચા દિલથી કરવાથી અવશ્ય શાંતિ મળશે.

બાપુના આશીર્વાદ

[મૂળ હિન્દી]

પત્રની છબી પરથી : જી. એન. ૧૮૯

## ૨૨૮. જાફનાની સેંટ જૉન કૉલેજમાં ભાષણ

નવેમ્બર ૨૯, ૧૯૨૭

તમે મને અહીં મળવાની રાહ જોતા હતા તો હું કહી શકું છું કે તમને મળવા હું કંઈ ઓછો આતુર નહોતો. હું કરોડપતિઓ પાસેથી પૈસા લઉં છું, અને આભાર સાથે લઉં છું, પણ જેઓ પોતાના જીવનનું ઘડતર કરી રહ્યા છે એવાં છોકરાછોકરીઓ પાસેથી ગમે તેટલી નાની ભેટો સ્વીકારતાં પણ મને વધુ આનંદ થાય છે. વધુ આનંદ થવાનાં બે કારણ છે. એક કારણ એ છે કે જે દાન નિર્દોષ છોકરાછોકરીઓ પાસેથી મળે છે તે, દુન્યવી ડહાપણવાળા ગણી શકાય તેવા લોકો પાસેથી મળતાં દાન કરતાં ખૂબ જ વધારે ફળદાયી નીવડે છે. બીજું કારણ એ છે કે તમારા જેવાનાં દાનોથી મારી જવાબદારીનું ભાન વધુ તીવ્ર બની જાય છે...[૨]

તમારા પ્રેમ અને ઉદારતાનો બદલો વાળવાની શક્તિ મારામાં નથી. હું ઈશ્વરને માત્ર એટલી જ પ્રાર્થના કરી શકું કે જીવનમાં તે તમને બધાં શુભ કાર્યો પાર પાડવાની શક્તિ આપો. હું જાણું છું કે બૌદ્ધિક શિક્ષણની સાથે સાથે હૃદયનું સાચું શિક્ષણ ન મળે તો એકલું બૌદ્ધિક શિક્ષણ નિરર્થક છે. તમારી બુદ્ધિની સાથે તમારા હૃદયનો પણ વિકાસ થાઓ. હું ફરીથી એક વાર તમારો આભાર માનું છું.

[મૂળ અંગ્રેજી]

હિન્દુ, ૨-૧૨-૧૯૨૭

૧. ગાંધીજીએ સિલોનથી ૩૦-૧૧-૧૯૨૭ને દિવસે દેશ તરફ પ્રયાણ કર્યું હતું. મૂળ પત્ર પર સિલોનની છાપ છે.

૨. પછી ગાંધીજી ખાદી અને અસ્પૃશ્યતા વિશે બોલ્યા.

Gandhi Heritage Portal

# ૨૨૯. જાફનાની સેન્ટ્રલ કૉલેજમાં ભાષણ

નવેમ્બર ૨૯, ૧૯૨૭

હિંદના અડધો ભૂખમરો વેઠતા લાખો લોકો માટે તમે ઉદારતાપૂર્વક આપેલી થેલી બદલ હું તમારો અંત:કરણપૂર્વક આભાર માનું છું. અહીં તમે આજે સવારે ફરીથી કહી સંભળાવેલા મહત્ત્વના સવાલ[1] તરફ તમે ગઈ કાલે મારું ધ્યાન દોર્યું જ હતું. અત્યારથી માંડીને ૧૦-૩૦ સુધીમાં મારે ઘણી જગ્યાએ જવાનું છે. તેથી, અને જેમાં હું ઊતરવા નથી માગતો એવાં બીજાં પણ કેટલાંક કારણોને લીધે આ સવાલ મેં ખુશીથી ટાળ્યો હોત. પણ મારા જીવનમાં મેં એક એવો સિદ્ધાંત સ્વીકાર્યો છે કે જે પરિસ્થિતિ આવે તેને પહોંચી વળવાનું મારે માટે અશક્ય ન હોય તો, તેને સ્વીકારી મારે નિભાવી લેવી જોઈએ. તે મુજબ મારી પાસે જે થોડી મિનિટો રહી છે તેમાં હું એ સવાલનો જવાબ આપવા માગું છું.

એક વાક્યમાં કહું કે ઘણાં વર્ષોથી હું નઝારેથના જિસસને જગતમાં થઈ ગયેલા મહાન ધર્મગુરુઓમાંના એક માનતો આવ્યો છું. અને આ વાત હું પૂરેપૂરી નમ્રતાપૂર્વક કહું છું. હું નમ્રતાનો દાવો કરું છું તેનું સાદું કારણ એ છે કે મેં જે કંઈ કહ્યું છે તેવું બરાબર મને લાગ્યું છે. અલબત્ત, એક બિનઈસાઈ અને એક હિંદુ તરીકે મને ઈશુનું સ્થાન જેટલું ઊંચું લાગ્યું તેના કરતાં ઈસાઈઓ તેમને માટે વધારે ઊંચા સ્થાનનો દાવો કરે છે. હું જિસસને ઊંચું સ્થાન 'આપું છું' એમ કહેવાને બદલે તેમનું ઊંચું સ્થાન 'મને લાગ્યું છે' એમ હું જાણીજોઈને કહું છું, કારણ કે કોઈ મહાન પુરુષને સ્થાન આપવાનો, એમનું સ્થાન નક્કી કરવાનો મને કે બીજા કોઈને અધિકાર નથી. એમ કરવું એ ધૃષ્ટતા જ ગણાય. માનવજાતિના મહાન ગુરુઓને કોઈએ કોઈ 'સ્થાન' આપ્યું નથી, બલકે તેમને એ સ્થાન, માનવજાતિની તેમણે કરેલી સેવાને કારણે એક અધિકાર તરીકે પ્રાપ્ત થયેલું છે. પરંતુ અમુક લોકો સંબંધી અમુક લાગણી અનુભવવાનો અધિકાર તો આપણામાંના તુચ્છમાં તુચ્છ માણસને પણ છે. મહાન ગુરુઓ અને આપણી વચ્ચેનો સંબંધ કંઈક પતિપત્ની વચ્ચેના સંબંધ જેવો છે. જો હું બુદ્ધિથી એ નક્કી કરવા બેસું કે મારી પત્નીને મારા હૃદયમાં કયું સ્થાન આપું, તો એ ભયંકર વસ્તુ કરુણ વસ્તુ થઈ પડે. મારા હૃદયમાં તેને સ્થાન આપવાનું મારા હાથમાં નથી; પણ ત્યાં જે સ્થાનની તે અધિકારિણી છે તે સ્થાન તે લઈ જ લે છે. આ બાબત સંપૂર્ણપણે લાગણી અનુભવવાની છે. ત્યારે હું કહી શકું છું કે મારા હૃદયમાં જિસસે એક મહાન ઉપદેશકોમાંના એકનું સ્થાન લીધું છે અને મારા હૃદયમાં એ સ્થાન મેળવવામાં તેમનો પોતાનો ઠીક ઠીક હાથ રહ્યો છે. ખ્રિસ્તીઓની વાત હાલ પૂરતી બાજુએ રાખો. આ કૉલેજમાં ભણતા ૭૫ ટકા હિંદુઓને હું કહીશ કે તમે જિસસના ઉપદેશનો શ્રદ્ધાપૂર્વક અભ્યાસ નહીં કરો તો તમારું જીવન અધૂરું રહેશે. મારા પોતાના અનુભવ પરથી હું એવા નિર્ણય પર આવ્યો છું કે પોતે ગમે તે ધર્મના હોય છતાં જેઓ બીજા ધર્મોના શિક્ષણનો શ્રદ્ધાપૂર્વક અભ્યાસ કરે છે તેઓ પોતાના હૃદયને સંકુચિત કરવાને બદલે પોતાના ધર્મનો વિકાસ કરે છે. દુનિયાના કોઈ પણ મહાન ધર્મને હું પોતે ખોટો નથી માનતો. માનવ-

૧. કૉલેજના પ્રિન્સિપાલે ગાંધીજીને પૂછ્યું હતું કે તમે ઈશુ ખ્રિસ્તને જગતના મહાન ધર્મગુરુઓમાં, દૈવી પુરુષ તરીકે નહીં પણ એક મનુષ્ય અને ગુરુ તરીકે કેવું સ્થાન આપશો ?

Gandhi Heritage Portal

જાતિને સુધારવામાં બધા ધર્મોએ ફાળો આપ્યો છે અને આજે પણ તે પોતાનું કામ કરી રહ્યા છે. સંસ્કાર માટેની ઉદાર કેળવણીમાં મેં કહ્યું તેમ, બીજા ધર્મોનો શ્રદ્ધાપૂર્વકનો અભ્યાસ સામેલ કરવો જોઈએ. પણ આ બાબતમાં હું વધુ કહેવા માગતો નથી. એને માટે મારી પાસે સમય પણ નથી.

હું તમારી સમક્ષ બોલી રહ્યો છું ત્યાં મને જે એક વસ્તુ યાદ આવે છે તે બાઇબલના મારા શરૂના અભ્યાસમાંથી છે. નીચેનું વાક્ય વાંચતાંની સાથે એણે મારા મનનો કબજો લીધો :

> પણ પ્રથમ તમે ઈશ્વરનું પ્રભુત્વ અને તેની નેકી મેળવવાનો પ્રયત્ન કરો. એટલે આ બધી વસ્તુઓ તમને આપોઆપ મળી રહેશે.[1]

જો તમે આ વાકયનો ભાવ સમજી લો, તેની કદર કરો અને તે મુજબ આચરણ કરો તો હું કહું છું કે, તમારા હૃદયમાં જિસસનું અથવા બીજા કોઈ ધર્મગુરુનું શું સ્થાન છે, એ જાણવાની પણ જરૂર નહીં રહે. જો તમે સાચા ભંગીનું કામ કરશો, તમારાં હૃદયને સ્વચ્છ અને પવિત્ર બનાવશો અને તેમને મહાન ધર્મગુરુઓને લાયક બનાવશો તો તમે જોશો કે એ બધા મહાન ધર્મગુરુઓ, વગર આમંત્રણે પોતપોતાના સ્થાને બેસી જશે. મારા અભિપ્રાય પ્રમાણે એ સાચી કેળવણીનો પાયો છે. હૃદયની કેળવણી કરતાં મગજની કેળવણીને ગૌણ સ્થાન અપાવું જોઈએ. પવિત્ર બનવાના પ્રયત્નમાં ઈશ્વર તમને મદદ કરો.

[મૂળ અંગ્રેજી]

हिन्दु, २–१२–१९२७

## २३०. જાફનાની અન્ડુવિલ ગર્લ્સ કૉલેજમાં ભાષણ

નવેમ્બર ૨૯, ૧૯૨૭

આજે સવારમાં તમને મળતાં મને ખરેખર ઘણો જ આનંદ થાય છે. દિલના ઉમળકાથી આપેલી તમારી નાની નાની ભેટોને સામાન્ય થેલીમાં ભેળવી દેવાનો વિચાર મને જરાયે ગમ્યો નથી. પણ તમારી થેલી સામાન્ય થેલીમાં ભેળવી દેવાની હકીકતનો હું સારામાં સારો અર્થ એવો કરીશ કે તમે છોકરાઓ કરતાં વધુ નમ્ર હોઈ તમે કંઈક આપ્યું છે, એ વાત તમે મને જાણવા દેવા માગતાં નથી. પણ હિંદુસ્તાનભરમાં હું હજારો છોકરીઓને મળ્યો છું એટલે હવે છોકરીઓ માટે આજકાલ તેઓ જે સારાં કામ કરે તે મારાથી છુપાવવાનું મુશ્કેલ છે. વળી કેટલીક છોકરીઓ તો એવી છે જે પોતાને હાથે થતી ખરાબ વસ્તુઓ મને કહેવામાં કશી હરકત જોતી નથી. હું આશા રાખું છું કે મારી સમક્ષ બેઠેલી છોકરીઓમાંથી એક પણ છોકરી કશું દુરાચરણ કરતી નથી. તમારી ઊલટતપાસ કરવાનો મને સમય નથી એટલે હું તમને સવાલો પૂછીને કંટાળો આપીશ નહીં. પણ આપણી વચ્ચે જો એવી છોકરીઓ હોય જે દુરાચરણ કરતી હોય તો તેઓ સમજી લે કે તેમની કેળવણી નિરર્થક છે.

તમારાં માતાપિતા તમને ઢીંગલીઓ બનવા માટે શાળામાં મોકલતાં નથી; એથી ઊલટું, તમે દયાની દેવીઓ બનો એવી અપેક્ષા રાખવામાં આવે છે. ઇસ્પિતાલમાં અમુક જાતનો પોશાક પહેરનારી છોકરીઓ જ દયાની દેવીઓ કહેવાય એવું માનવાની ભૂલ ન કરશો. જ્યારે કોઈ

૧. સેન્ટ મેથ્યુ, ૬, ૩૩.

Gandhi Heritage Portal

છોકરી દયાની દેવી બને છે ત્યારે તરત જ તે પોતાનો વિચાર ઓછો કરે છે અને પોતાના કરતાં ગરીબ અને દુ:ખી લોકોનો વિચાર વધુ કરવા માંડે છે. અને મને જે થેલી આપવામાં આવી છે તેમાં તમારી શક્તિ પ્રમાણે ફાળો આપીને તમે દયાની દેવીઓનું કામ કર્યું છે. કારણ કે એ મને એવા લોકોને માટે આપવામાં આવી છે જેઓ કમભાગ્યે તમારા કરતાં વધુ ગરીબ છે. થોડા પૈસા આપી દેવા એ ઘણું સહેલું છે, પણ કોઈક નાનું કામ પણ પોતે કરવું એ વધુ મુશ્કેલ છે. તમે જે લોકોને માટે પૈસા આપ્યા છે તે લોકોને માટે જો તમને ખરેખર લાગણી હોય તો તમારે એક પગલું આગળ જઈને, તેઓ જે ખાદી તૈયાર કરે છે તે પહેરવી જોઈએ. તમારી પાસે ખાદી લાવવામાં આવે અને તમે કહો કે, 'ખાદી જરા જાડી છે; અમે તે પહેરી શકીએ તેમ નથી,' તો હું સમજીશ કે તમારામાં સ્વાર્થત્યાગની ભાવના નથી.

અહીં ઊંચ વર્ગો ને નીચ વર્ગો વચ્ચે, સ્પૃશ્યો અને અસ્પૃશ્યો વચ્ચે ભેદભાવ નથી એ ખૂબ સરસ વસ્તુ છે. અને તમારા હૃદયની ભાવના પણ એવી જ હોય અને તમે પોતાને બીજી છોકરીઓથી ઊંચી ન ગણતાં હો તો એ ખરેખર બહુ સારી વસ્તુ છે. ઈશ્વર તમારું કલ્યાણ કરો!

[મૂળ અંગ્રેજી]

*હિન્દુ*, ૨-૧૨-૧૯૨૭

## ૨૩૧. જાફનામાં સર રામનાથન ગર્લ્સ સ્કૂલમાં ભાષણ

નવેમ્બર ૨૯, ૧૯૨૭

આજે સવારે હું જાણે જાફનાની જુદી જુદી શિક્ષણસંસ્થાઓ જોવાનો કાર્યક્રમ સમાપ્ત કરવા માટે અહીં આવી શક્યો તેથી મને ખરેખર ઘણો આનંદ થયો છે. આજે સવારે, જે સુરુચિ અને સાદાઈથી આખો સમારંભ યોજવામાં આવ્યો છે તે, મારા ધ્યાન બહાર રહ્યો નથી. એટલે હું તમને ખાતરી આપું છું કે તમારી ૧,૧૧૧ રૂપિયાની ઉદાર થેલી તમે બીજી ઘણીખરી થેલીઓ કરતાં જુદી રીતે એટલે કે ખાદીની કોથળીમાં મૂકીને આપી તેની પણ હું કદર કરું છું. સૌથી મોટી વાત એ છે કે શ્રીમતી રામનાથને સર પી. રામનાથન, જેઓ પોતે આ સમારંભમાં હાજર રહી શક્યા નથી તેમનો માયાળુ તાર મને આપ્યો છે. સર રામનાથનની ઉદારતા અને વિચારશીલતાના સ્મારકરૂપ આ સંસ્થા હું જોઈ શક્યો ન હોત તો તેનું મને હમેશાં દુ:ખ રહ્યું હોત. શ્રીમતી રામનાથને તમારા માનપત્રની નકલ અને આ સંસ્થાનો રિપોર્ટ તથા તમારા સામયિકની બે નકલો મારી સગવડ માટે મને આગળથી મોકલી હતી.

તમારા માનપત્રમાં તમે મને વચન આપ્યું છે કે આજનો દિવસ તમે વાર્ષિક ઉત્સવ તરીકે ઊજવવાનાં છો અને તેનો ઉપયોગ ખાદીકાર્ય માટે ફાળો એકઠો કરવામાં કરવાનાં છો, એ વસ્તુએ મને લાગણીવશ કર્યો છે. હું જાણું છું કે તમારા તરફથી અપાયેલું આ વચન નકામું નથી પણ તમે તેનું ખૂબ કડકાઈથી પાલન કરવાનાં છો. જે કરોડો ભૂખે મરતા લોકો માટે હું આ પ્રવાસ ખેડી રહ્યો છું તેઓ જો પોતાની બહેનોના આ નિશ્ચયને કદાચ સમજી પણ શકે તો, તેઓ ખુશ ખુશ થઈ જાય એ હું જાણું છું. પણ તમને જાણીને દુ:ખ થશે કે જેમને માટે તમે થેલી આપી છે અને સિલોનમાંથી ઘણી થેલીઓ આપવામાં આવી છે_એવા આ મૂંગા લાખો

Gandhi Heritage Portal

લોકોને હું આ વાત સમજાવવાનો પ્રયત્ન કરું તો તેઓ એ સમજશે પણ નહીં. તેમના દુઃખદાયક જીવનનું હું ગમે તેટલું વર્ણન કરું તોપણ તે તમારી સમક્ષ તેમની સ્થિતિનું સાચું ચિત્ર રજૂ નહીં કરી શકે.

આ પરથી તરત જ મારી સમક્ષ એ સવાલ ઊભો થાય છે કે, આ અને એમના જેવા લોકો માટે તમે શું કરશો? જીવનમાં થોડી વધુ સાદાઈ દાખલ કરો, થોડાં વધુ પરિશ્રમી બનો, એવું સૂચન કરવું તો બહુ સહેલું છે, પણ એ તો આ સવાલની સાથે રમત કરવા જેવું છે. આવા અનેક વિચારો કર્યા પછી મને રેંટિયો સૂઝ્યો. હું તમને કહું છું તેમ મારી જાતને મેં કહ્યું કે જો તમે એ ભૂખે મરતા કરોડો લોકો અને તમારી પોતાની વચ્ચે જીવંત સંબંધ સ્થાપી શકો તો તમારે માટે, તેમને માટે અને જગત માટે કંઈક આશા રહે છે. આ સંસ્થામાં તમને ધાર્મિક શિક્ષણ આપવામાં આવે છે અને તે ઘણી સારી રીતે આપવામાં આવે છે. તમારે ત્યાં એક સુંદર મંદિર પણ છે. તમારા સમયપત્રક પરથી હું જોઉં છું કે દિવસની શરૂઆત તમે પ્રાર્થનાથી કરો છો. આ બધું સારું છે અને માણસને ઉન્નત કરનારું છે, પરંતુ જો તમે પોતાના રોજ-બ-રોજના જીવનમાં એ પ્રાર્થનાનું રોજેરોજ કાંઈક વ્યવહારુ કાર્યમાં રૂપાંતર નહીં કરો તો એ પ્રાર્થના માત્ર એક પોકળ વિધિ બની રહેશે. તેથી હું કહું છું કે એ પ્રાર્થનાની વિધિનો પાર પામવા માટે રેંટિયો અપનાવો, અર્ધો કલાક તેના પર બેસો અને હમણાં મેં જે કરોડો ભૂખે મરતા લોકોનું વર્ણન કર્યું તેમનો વિચાર કરો અને ઈશ્વરને યાદ કરીને કહો કે, 'હું તેઓને ખાતર કાંતું છું.' આટલું તમે સાચા દિલથી કરશો, જ્ઞાનપૂર્વક કરશો તો તરત જ તમે જોશો કે ભક્તિના એ સાચા કાર્ય વડે તમે વધુ નમ્ર બન્યાં છો, વધુ શુદ્ધ બન્યાં છો. તમે દેખાવ માટે નહીં પણ શરીર ઢાંકવા માટે કપડાં પહેરશો તો તમને ખાદી પહેરતાં અને તમારી ને કરોડો લોકો વચ્ચે સંબંધ જોડતાં સંકોચ નહીં થાય. આ સંસ્થાની છોકરીઓને મારે માત્ર આટલું જ કહેવાનું નથી.

સર રામનાથને તમારી જે સંભાળ લીધી છે અને તમારા પ્રત્યે જે લક્ષ આપ્યું છે અને લેડી રામનાથન તથા તેમની દેખરેખ નીચે કામ કરતા કર્મચારીઓ જે લક્ષ આપી રહ્યા છે તેને લાયક બનવું હોય તો તમારે બીજી અનેક વસ્તુઓ કરવી જોઈશે. મેં તમારાં સામયિકોમાં જોયું કે તેમાં તમારે ત્યાં ભણેલી કેટલીક જૂની છોકરીઓ શું કામ કરે છે તેનો કંઈક ક્ષમ્ય મગરૂરી સાથે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. મેં આ પ્રકારની નોંધો જોઈ. અમુક છોકરીએ અમુક સાથે લગ્ન કર્યું — એવી ચારપાંચ નોંધ. હું જાણું છું કે ઉંમરલાયક થયેલી છોકરીઓ લગભગ ૨૫ વરસની અથવા કહો કે ૨૨ વરસની પણ થઈ હોય ને લગ્ન કરે તેમાં કશું ખોટું નથી. પણ મેં એકે ઉલ્લેખ એવો ન જોયો કે અમુક છોકરીએ પોતાનું જીવન માત્ર સેવાર્થે અર્પણ કર્યું છે. તેથી મેં જે વાત બેંગલોરમાં છોકરીઓ માટેની નામદાર મહારાજા કૉલેજમાં કહી હતી તે જ વાત તમને કહેવા માગું છું. ત્યાં મેં કહ્યું હતું કે આવી સંસ્થાઓમાંથી બહાર પડો કે તરત જ તમે બધી છોકરીઓ માત્ર ઢીંગલીઓ બની જાઓ અને જાહેર જીવનમાંથી અદૃશ્ય થઈ જાઓ તો શિક્ષણશાસ્ત્રીઓ જે પ્રયત્નો કરે છે અને દાનવીરો તરફથી ઉદારતાપૂર્વક જે ખર્ચ કરવામાં આવે છે તેના બદલામાં બહુ ઓછો લાભ મળે છે. મોટા ભાગની છોકરીઓ શાળા કે કૉલેજ છોડતાંની સાથે જાહેર જીવનમાંથી અદૃશ્ય થઈ જાય છે. તમારે, આ સંસ્થાની છોકરીઓએ એમ ન કરવું જોઈએ. તમારી સમક્ષ મિસ એમરીનો તથા આ સંસ્થાની દેખરેખ રાખનારી બીજી બહેનોનો દાખલો છે જેઓ મારી ભૂલ ન થતી હોય તો અપરિણીત છે. દરેક છોકરી, દરેક હિંદી છોકરી, લગ્ન કરવા નથી જન્મી. હું એવી ઘણી છોકરીઓ બતાવી શકું જેઓ આજે ફક્ત એક માણસની

Gandhi Heritage Portal

સેવા કરવાને બદલે પોતાની જાત સેવામાં સમર્પણ કરી રહી છે. હવે એ સમય આવી ગયો છે જ્યારે હિંદુ છોકરીઓએ પાર્વતી અને સીતા સમાન, અને શકય હોય તો તેમનાથી શ્રેષ્ઠ બનવું જોઈએ. તમે પોતાને શિવમાર્ગીઓ કહો છો. પાર્વતીએ શું કર્યું હતું તે તમે જાણો છો. તેમણે પતિ મેળવવા પૈસા નહોતા ખરચ્યા તથા પોતાની જાતને વેચાવા નહોતી દીધી. અને આજે તેઓ સાત સતીઓમાં ગણાઈ ને હિંદુ ગગનમંડળને કોઈ શિક્ષણસંસ્થામાંથી મેળવેલી પદવીને કારણે નહીં પણ પોતાની અપૂર્વ તપસ્યાને કારણે શોભાવે છે. મારા જાણવામાં આવ્યું છે કે તમારે ત્યાં દહેજનો ઘાતક રિવાજ છે જેથી યુવાન છોકરીઓને યોગ્ય જીવનસાથી મેળવતાં ઘણી મુશ્કેલી પડે છે. તમારામાંની કેટલીક ઉંમરલાયક છોકરીઓ પાસે આવાં પ્રલોભનોનો સામનો કરવાની આશા રાખવામાં આવે છે. આવા અનિષ્ટ રિવાજોનો સામનો કરવા માગતાં હો તો તમારે, તમારામાંની કેટલીક છોકરીઓએ જીવનભર અથવા કંઈ નહીં તો કેટલાંક વરસ સુધી કુંવારાં રહેવાની શરૂઆત કરવી પડશે. પછી જ્યારે લગ્ન કરવાનો સમય આવે, તમને જીવન-સાથીની જરૂર જણાય ત્યારે તમે જેની પાસે પૈસા હોય, પ્રતિષ્ઠા હોય અને શારીરિક દૃષ્ટિએ જે સુંદર હોય એવા પુરુષની લાલસા રાખશો નહીં પણ પાર્વતીની પેઠે એવો જીવનસાથી શોધજો જેનામાં સુંદર ચારિત્ર્ય નિર્માણ કરનારા બધા અનુપમ ગુણો હોય. નારદજીએ પાર્વતી સમક્ષ શિવનું કેવું વર્ણન કર્યું હતું તે તમે જાણો છો. બિલકુલ દરિદ્રી, અંગે ભભૂતી, જરાયે સૌંદર્ય વિનાના અને બ્રહ્મચારી. પાર્વતીએ એ સાંભળીને કહ્યું કે એ જ મારા પતિ છે. તમારામાંની કેટલીક છોકરીઓ તપ કરવામાં સંતોષ નહીં માને ત્યાં સુધી અનેક શિવ પેદા નહીં થાય. એ તપ પાર્વતીએ કર્યું હતું તેવું હજાર વર્ષનું નહીં હોય. આપણે દુર્બળ માનવો એટલું તપ તો ન કરી શકીએ પણ તમારા જીવન દરમ્યાન તો તમે છેવટ એવું તપ કરી જ શકો. તમે આ શરતો સ્વીકારશો તો તમે ઢીંગલીઓની દુનિયામાં અદૃશ્ય થઈ જવાની ના પાડશો, પણ પાર્વતી, દમયંતી, સીતા અને સાવિત્રી જેવી સતી થવાની આકાંક્ષા સેવશો. મારા નમ્ર મત મુજબ, માત્ર ત્યારે જ, તમે આ પ્રકારની સંસ્થાને લાયક બનશો. ઈશ્વર તમારામાં આ મહત્ત્વાકાંક્ષા જાગ્રત કરે અને એ આકાંક્ષા તમે સેવતાં હો તો તે સિદ્ધ કરવામાં તમને મદદ કરે.

[મૂળ અંગ્રેજી]

हिन्दु, ૨–૧૨–૧૯૨૭

Gandhi Heritage Portal

## ૨૩૨ જાફનાની તેલ્લીપલ્લી વણાટશાળામાં ભાષણ

નવેમ્બર ૨૯, ૧૯૨૭

વણાટશાળા કાઢવા માટે મહાત્માજીએ વ્યવસ્થાપકોને અભિનંદન આપ્યાં, પણ તેમણે કહ્યું કે જ્યાં સુધી તમે હાથકાંતણ પણ દાખલ નહીં કરો ત્યાં સુધી તમને પૂરી સફળતા નહીં મળે. વણાટશાળાની સફળતા, અહીં વણાટ શીખીને મહિને થોડા રૂપિયા કમાતા લોકોની ગરજ પરથી ન માપવી જોઈએ, પણ તે સમાજને જે રીતે સમૃદ્ધ બનાવે અને સંસ્થાને સ્વાશ્રયી બનાવે તે પરથી માપવી જોઈએ. તમે હાથવણાટથી હાથકાંતણને અલગ કરશો અને કાંતણ માટેની રોજીનો હક કરશો તો તમે પૂરેપૂરા નિરાશ થશો. હું આશા રાખું છું કે મારું સ્વાગત કરવામાં હિંદુઓ અને ખ્રિસ્તીઓ જે ભાવનાથી જોડાયા છે એ જ ભાવના તેમના બધા સંબંધોમાં તેમને દોરતી રહેશે.

[મૂળ અંગ્રેજી]

હિન્દુ, ૨–૧૨–૧૯૨૭

## ૨૩૩. જાફનાની જાફના કૉલેજમાં ભાષણ

નવેમ્બર ૨૯, ૧૯૨૭

તમારા આ દ્વીપકલ્પની સંખ્યાબંધ શિક્ષણસંસ્થાઓની મુલાકાત લેતાં મને ઘણો જ આનંદ થયો. તેમાં પણ આ દ્વીપકલ્પમાં હું જૂનામાં જૂની સમજું છું એવી આ શિક્ષણસંસ્થામાં આવતાં મને ઓછો આનંદ થયો નથી. તે ઉપરાંત મને કહેવામાં આવ્યું છે કે આજે આ સંસ્થાના અનેક જૂના વિદ્યાર્થીઓ દેશના પ્રખ્યાત સેવકો છે. અને છેલ્લે, બૅંગલોરમાં મને તમારા વાઈસ પ્રિન્સિપાલને મળવાનો આનંદ પ્રાપ્ત થયો હતો. અને સ્વાગત સમિતિના બે મંત્રીઓ પણ આ શાળાના જૂના વિદ્યાર્થીઓ છે. છોકરાછોકરીઓના હસતા ચહેરા જોઈને મને હમેશાં આનંદ થાય છે. વળી હું જાણું છું કે જે કામ કરવાનું સદ્‌ભાગ્ય મને પ્રાપ્ત થયું છે એ કામ આજે માતૃભૂમિની સેવામાં પોતાનું સર્વસ્વ અર્પણ કરનારા અનેક પુખ્ત ઉંમરના છોકરાઓ કરી રહ્યા છે. તેથી તમારી થેલીની મારે મન ઘણી કિંમત છે. હું જાણું છું કે એવાં છોકરાછોકરીઓ પાસેથી મને મળેલી આ બધી રકમો, જે ખરેખર નાની નથી તે, મોટી ઉંમરના ડાહ્યા લોકો પાસેથી મળેલી રકમો કરતાં વધુ ફળદાયી નીવડશે. તમારા પૈસા નિર્દોષતાની છાપ સાથે આવે છે અને તે કરોડો અથવા કરોડોમાંનાં કેટલાંક એવાં સ્ત્રીપુરુષો પાસે જ જાય છે, જેઓ નિર્દોષ છે અને કદાચ હેતુપૂર્વક નિર્દોષ છે, કારણ કે તેઓ દોષિત બની શકતાં નથી. . . .[1]

[મૂળ અંગ્રેજી]

હિન્દુ, ૨–૧૨–૧૯૨૭

૧. ત્યાર પછી ગાંધીજી ખાદી, સત્ય અને પ્રેમ વિશે બોલ્યા.

Gandhi Heritage Portal

# ૨૩૪. રામનાડની જાહેર સભામાં ભાષણ

નવેમ્બર ૩૦, ૧૯૨૭

અધ્યક્ષશ્રી અને મિત્રો,

માનપત્રો, આ બધા સૂતરના હાર અને જુદી જુદી થેલીઓ બદલ હું તમારો આભારી છું. ઈશ્વર ખરેખર મહાન છે. અને જોવા માટે આપણી પાસે આંખો હોય તો આપણે હરેક પળે તેની મહાનતા જોઈ શકીએ છીએ. સાડા પાંચ વાગ્યે જ્યારે મુસળધાર વરસાદ વરસતો હતો ત્યારે મેં નિશ્ચય કર્યો હતો કે સભા ભરવામાં નહીં આવે. પણ મારો ભય ખોટો પડયો, વાદળો વીખરાઈ ગયાં અને અહીં આપણે વિશાળ મેદની જોઈએ છીએ. પણ ઈશ્વરે આ બધું મારે ખાતર કે તમારે ખાતર સમેટી લીધું એવું માનવા જેટલો હું અહંકારી નથી. પણ હું, આપણી નજીકમાં બનતા બનાવો આપણને અનુકૂળ થાય છે તેમાં ઈશ્વરની મહાનતા પિછાનવા જેટલો નમ્ર છું. અને આપણામાં એટલી નમ્રતા હોવી જોઈએ કે, બનાવો જ્યારે પ્રતિકૂળ બનતા જણાય અને દરેક વસ્તુ આપણા માર્ગમાં બાધારૂપ થતી જણાય ત્યારે આપણે ઈશ્વર સાથે કજિયો ન કરીએ અને ઈશ્વર બહુ મહાન નથી એવો વિચાર ન કરીએ. તમે ઇચ્છો તો હમણાં હું બોલી રહ્યો છું ત્યારે પણ માણસની ઇચ્છાની વ્યર્થતાનું પ્રદર્શન તમે જોઈ શકો છો.[1] અને તમે છત્રીઓ ભલે ઉઘાડો છતાં, હું ઇચ્છું છું કે તમે વરસાદની આ ઘનઘોર ઘટામાં, ઈશ્વરની મહાનતા અને માનવપ્રાણીની ક્ષુદ્રતાનાં દર્શન કરો. પણ હું અહીં ઈશ્વરની મહાનતા વિશે ભાષણ આપવા નથી આવ્યો. તેની મહાનતાની જાહેરાત કરવા માટે તેને મારા જેવાની જરૂર પણ નથી. એની મહાનતા તો કાળના વિશાળ પૃષ્ઠ પર ન ભૂંસાય એવા અક્ષરોથી લખાયેલી છે. એટલે આપણે તેને ભક્તિભાવપૂર્વક માથાં નમાવી આપણા કામે વળગીએ.[2]

આ સ્થળે હું બને તેટલો વહેલો આવવાની આશા રાખતો હતો અને અહીંથી માત્ર ત્રીસ જ માઈલ દૂર હતો છતાં અહીં ન આવી શકયો તેથી મને ઘણું દુઃખ થયું હતું. તેથી અત્યારે અહીં આવીને તમારી થેલી સ્વીકારવાની ઇચ્છા પૂરી કરી શકું છું તેથી મને ઘણો આનંદ થાય છે. મને તમને કહેવા દો કે અહીં આવતાં પહેલાં હું સ્ત્રીઓની એક સભામાં ગયો હતો. તેમને ભાષણ નહોતું જોઈતું. તેઓ ભાષણ સાંભળવા ઇચ્છતી નહોતી. તેમને જોઈને મને લાગ્યું કે તેઓ ઘણી ગરીબ સ્ત્રીઓ હતી. તેમની એક માત્ર ઇચ્છા પોતાની પાસેનું લગભગ બધું જ આપી દેવાની હતી. અને જો તેમની સાડીને છેડે બે પૈસા બાંધેલા હતા તો તેમાંથી એક પૈસો તેમણે પોતે આપ્યો અને બીજો પૈસો પોતાના બાળકને હાથે અપાવ્યો. આમ એક પછી એક પૈસો મારા ખોળામાં આવતો જોઈને મને ઘણો જ આનંદ થયો. એ આંખો અને એ હાથ જોઈને મને લાગ્યું કે જોકે એ હતા તો પૈસા, પણ એ દિલથી આપેલી ભેટ હતી અને કદાચ એ એમનું સર્વસ્વ હતું.

૧. વરસાદના છાંટા પડવા માંડયા હતા અને કેટલાક લોકોએ પોતાની છત્રીઓ ઉઘાડી હતી.
૨. હવે વરસાદ બિલકુલ બંધ થઈ ગયો હતો.

Gandhi Heritage Portal

[1]આ બહેનોએ જે પાઈપૈસા આપ્યા, તે મારે મતે દાનવીરોએ તોલી તોલીને આપેલાં નાણાંની આ થેલી કરતાં વધારે અદકું દાન છે એમ કહું તો મને માફ કરશો; અથવા તો કદાચ તમે પણ એ વાત સ્વીકારશો. તમારી થેલીની અવગણના કરવા માટે મેં આ તુલના નથી કરી. એ કરવામાં મારો હેતુ એ હતો કે આ હિલચાલ હિંદુસ્તાનના ગરીબોને માટે છે એ વાતનો સચોટ પુરાવો તમને મળે. આ વર્ણન મેં એટલા માટે આપ્યું કે સ્ત્રીઓ નાખી દેવા જેવી નથી, કે સ્ત્રીઓ પુરુષોની ગુલામ નથી, તેઓ પણ સ્વતંત્ર વ્યક્તિ છે. આ બહેનોમાં જે અચળ શ્રદ્ધા ભરી છે, તે અચળ શ્રદ્ધા તમારામાં આવે એ ખાતર મેં એ વર્ણન તમને આપ્યું છે. અને છેવટે તમે મને આગેવાની લેવાની વિનંતી કરી છે તેના જવાબમાં એ વર્ણન આપ્યું છે. તમે મને કહો છો કે રાજકાજમાં ભાગ લો, આજકાલ એ ગંદું થઈ ગયું છે તેને સ્વચ્છ અને પવિત્ર કરો. મેં કોઈમ્બતૂરમાં કહ્યું હતું તેમ અહીં પણ કહીશ કે રેંટિયાને મારો પૂરેપૂરો સમય આપી દેવામાં જ રાજકાજનો મારો ઠીક ઠીક હિસ્સો અપાઈ જાય છે. પણ તમે રાજ-કાજનો જે અર્થ કરો છો તે અર્થ કરીએ તો રાજકાજને પવિત્ર અને ધાર્મિક રૂપ આપવું, એ આ બહેનોની શ્રદ્ધા તમારામાં ન આવે ત્યાં સુધી અશક્ય છે. ગણતરી કરનારી, ભય રાખનારી, શંકા કર્યા કરનારી શ્રદ્ધા એ શ્રદ્ધા નથી. બાળક માતાના ખોળે ચડી તેને વળગી રહે છે, ત્યારે તે વિચાર કરવા નથી બેસતું કે તેની મા તેનું રક્ષણ કરવાનું સામર્થ્ય ધરાવે છે કે નહીં. અને મને લાગે છે કે જેમને સભાઓમાં જવાની અને પ્લૅટફૉર્મો ગજાવવાની ટેવ પડી છે તેમનામાં હિંદુસ્તાનના ભાવિ વિશે વિશ્વાસ હોત, નાનકડા રેંટિયાના સંદેશ વિશે વિશ્વાસ હોત, તો મને શંકા નથી કે આપણને આ પહેલાં સ્વરાજ મળ્યું હોત. રેંટિયો હિંદુસ્તાનના આર્થિક પ્રશ્નનો ફડચો કરવાનું સાધન ન હોય એમ ભલે માની લો, પણ રેંટિયો એ આપણી શ્રદ્ધાની કસોટી છે. મારા ગણતરીબાજ દેશબંધુઓની આગળ રેંટિયાનું અપૂર્વ અને અનૂટ અર્થશાસ્ત્ર સિદ્ધ કરી બતાવવાની જરૂર નથી. રેંટિયો એ વાપરનારાઓને માટે નિર્દોષ વસ્તુ છે, એ કરોડોને માટે કામ આપે છે, અને બે પૈસા આપે છે. જો આપણે આવા કોઈ સાધન વિશે શ્રદ્ધા રાખીને કામ કરીએ, તો દેશમાં એવી એક કાર્યશક્તિ ઉત્પન્ન થશે કે જેનો મુકાબલો કરવો ભારે પડશે. મને તો રેંટિયાને વિશે એ વિશ્વાસ છે, અને જ્યાં સુધી આ મહાન, પીડિત દેશને વિશે એ શ્રદ્ધા અને જાગૃતિ વ્યાપે નહીં ત્યાં સુધી રોકાવાને માટે હું તૈયાર છું.

તમારા માનપત્રમાં સ્ટૅચ્યુટરી કમિશનનો ઉલ્લેખ કર્યો છે. હું લગભગ ૧૭ દિવસથી, ચોક્કસ કહું તો ૨૩ દિવસથી એ સુંદર સુવાસિત દ્વીપમાં હોઈ હિંદુસ્તાનમાં બનતા બનાવોથી અલગ પડી ગયો હતો.

માત્ર કોલંબોનાં સ્થાનિક સમાચારપત્રોમાંથી મને કંઈક છૂટક ખબરો મળતી હતી. હવે દેશમાં આવીને હું બધા બનાવોની સાંકળ મેળવી લઈશ. પણ તે દરમ્યાન મેં સિલોનમાં ખબર-પત્રીઓને કહ્યું હતું તે ફરીથી કહું કે, સ્ટૅચ્યુટરી કમિશન બાબતમાં મેં મારા અંતરની ઇચ્છાને કૉંગ્રેસના પ્રમુખને અને કૉંગ્રેસીઓને સ્વાધીન કરી છે.[2]

તમે મને અહીં ખાદીકેન્દ્ર ખોલવા કહો છો. જો એ શક્ય હશે તો, મને જરાયે શંકા નથી કે ચરખા સંઘની કાઉન્સિલ તેની એક શાખા અહીં જરૂર ખોલશે. હું જાણું છું કે કાંતણ અને વણાટને સંબંધ છે ત્યાં સુધી આ અનુકૂળ સ્થાન છે. પણ દેશના જુદા જુદા ભાગોમાં

૧. આ પૅરેગ્રાફનું ભાષાંતર નવજીવન, ૧૮-૧૨-૧૯૨૭ના અંકમાંથી આપ્યું છે.

૨. જુઓ "છાપાના પ્રતિનિધિને મુલાકાત", ૧૩-૧૧-૧૯૨૭.

Gandhi Heritage Portal

કેન્દ્રો ખોલવા માટે ચરખા સંઘને ત્રણ વસ્તુની જરૂર છે — યોગ્ય કાર્યકર્તાઓ, અનુકૂળ વાતાવરણ અને પૈસા. પૈસાની મુશ્કેલી નથી. અને હોય તોપણ હમણાં તમે થેલી આપી છે. અનુકૂળ પરિસ્થિતિ તો છે જ. પણ દરેક જગ્યાએ મોટામાં મોટી મુશ્કેલી કાર્યકર્તાઓ મેળવવાની છે. સ્વાર્થત્યાગ કરનારા, ઉદ્યોગી અને કાંતણ-વણાટ તથા ખાદીના વેપારમાં કુશળ એવા કાર્યકર્તાઓ દેશમાં ઘણા ઓછા છે. તમારે ત્યાં મેં ગણાવ્યા તેવા ગુણોવાળા, પ્રામાણિક કાર્યકર્તાઓ હોય તો તમને મારી સલાહ છે કે તમે અખિલ હિંદ ચરખા સંઘની તામિલનાડુ શાખાના મંત્રી શ્રીયુત રામનાથન સાથે તરત જ પત્રવ્યવહાર શરૂ કરો.

અહીંની શાળાના છોકરાઓ પાસેથી બે થેલીઓ મળી એથી મને ઘણો આનંદ થયો. રાજા હાઈસ્કૂલના છોકરાઓએ, તેઓ પોતે થેલીમાં ઓછી રકમ આપી શક્યા તે બદલ માનપત્રમાં માફી માગી છે. સિલોનમાં કેટલાક વિદ્યાર્થીઓએ શાળાદીઠ એક હજાર રૂપિયા જેટલી રકમ આપી છે. જેમ કે રામનાથન સ્કૂલે પણ ગઈ કાલે એટલી જ રકમ આપી હતી. વિદ્યાર્થીઓની થેલી રકમની દૃષ્ટિએ જોઈએ તો ઘણી ઓછી ગણાય. પણ થેલીઓને હું તેમાંની રકમ પરથી નાનીમોટી ગણતો નથી. બહેનો તરફથી મળેલા ફાળાની જે થેલીનો મેં ઉલ્લેખ કર્યો છે, તે થેલીની માફક વિદ્યાર્થીઓએ પણ પોતે બચાવી શકે તેટલું બધું આપ્યું હોય તો તેમની થેલી નાની હોવા માટે ક્ષમા માગવાની કશી જરૂર નથી. પણ જો તેમણે ફાળો આપવામાં કંજૂસાઈ કરી હોય તો તેઓ ફરી વિચાર કરે અને બને તેટલી વધુમાં વધુ રકમ આપે. વિદ્યાર્થીઓના માનપત્રમાં તેમણે જે એવું વચન આપ્યું છે કે હવેથી તેઓ જેટલી બને તેટલી ખાદી ખરીદશે, એથી મને ખરેખર આનંદ થયો છે. વચન આપ્યા પછી તેમણે તે સારામાં સારી રીતે પાળવું જોઈએ. વિદ્યાર્થીઓએ સમજવું જોઈએ કે દેશનું ભવિષ્ય તેમના હાથમાં છે. અને જો વિદ્યાર્થીઓ પોતાના ચારિત્ર્યનું સુંદર ઘડતર ન કરે, તેમનાં મન પવિત્ર ન હોય અને હૃદય એથીયે ઓછું પવિત્ર હોય, અને તેઓ પોતાનાં વચન ન પાળે તો એ ભવિષ્ય જરાયે આશાસ્પદ નથી. વિદ્યાર્થીઓ સમજી લે કે ચારિત્ર્યના દૃઢ પાયા વિનાનું પુસ્તકિયા જ્ઞાન તદ્દન નકામું છે.

બે શબ્દો એકંદર સૌ શ્રોતાઓને કહીશ. જેમને દારૂની લત લાગી હોય તેમણે દારૂ છોડી દેવો જોઈએ અને આ દેશમાં સૌએ સંપૂર્ણ દારૂબંધી માટે કામ કરવું જોઈએ. અને હવે એ વખત આવ્યો છે કે જ્યારે આ દેશમાં ક્યારેય અસ્પૃશ્યતા જેવું અનિષ્ટ હતું એ વાત જ આપણે ભૂલી જવી જોઈએ. હું તમને કહું કે, સિલોનમાં જ્યારે મારા જાણવામાં આવ્યું કે આપણા પાડોશીઓને પણ આ અનિષ્ટનો ચેપ લાગ્યો છે ત્યારે મને બહુ શરમ આવી હતી. અને જો આપણે ખરેખર સ્વરાજ્ય જોઈતું હોય તો આપણામાંના કેટલાક બીજા કેટલાકથી ચડિયાતા છે, એ વાત જ ભૂલી જવી જોઈએ.

[મૂળ અંગ્રેજી]

*હિન્દુ*, ૨-૧૨-૧૯૨૭

Gandhi Heritage Portal

ગાંધી સ્મારક સંગ્રહ
ગ્રંથાલય
અમદાવાદ-૧૩

# ૨૩૫. હિંદુમુસલમાન ઐક્ય

દાક્તર અનસારીએ, હું ગઈ વેળા દિલ્હી હતો ત્યારે, મને વાત કરી હતી કે હિંદુમુસલમાન ઐક્ય વિશેની મારી શ્રદ્ધા અને ઉત્સાહ ચાલ્યાં ગયાં છે અને અલીભાઈઓ સરખા મુસલમાન મિત્રોથી હું અળગો રહું છું એમ પોતે કલકત્તામાં વિશ્વાસપાત્ર માણસો પાસેથી સાંભળ્યું હતું. અને તેમણે સૂચના કરી કે આ બાબતની ગેરસમજૂતી અને શંકા દૂર કરવા દિલ્હીમાં જાહેર સભામાં મારે આ વિશે બોલવું. હું આ સૂચના સ્વીકારી ન શક્યો. કારણો તો અનેક હતાં. પણ બીજું કશું નહીં તો એટલું કારણ મારે માટે બસ હતું કે આજની દિલ્હી, હકીમ-સાહેબ અજમલખાન અને સ્વામી શ્રદ્ધાનંદજીની જૂની દિલ્હી નથી રહી, પણ ગુંડાઓની નવી દિલ્હી બની છે. એટલે મેં કહ્યું કે એ શહેરમાં રહેવું મારે માટે કઠણ છે, અને ત્યાં જાહેર સભામાં ભાષણ કરવું એ એથી પણ કઠણ છે. છતાં મેં દાક્તર અનસારીને વચન આપ્યું કે આ છાપા દ્વારા પહેલી તકે મારી સ્થિતિ ચોખ્ખી કરીશ. હવે તેમ કરું છું.

હિંદુમુસલમાન ઐક્ય તેમ જ બીજી કોમો વચ્ચેના ઐક્ય વિશેની મારી શ્રદ્ધા તેમ જ મારી ચિંતા જેમનાં તેમ જ છે. પણ માત્ર તેની સાધના કરવાની રીત બદલાઈ છે. અગાઉ સભાઓમાં ભાષણ દ્વારા અને ઠરાવો દ્વારા આ ઐક્ય સાધવાનો પ્રયત્ન કરતો, ત્યારે આજ મને આ ઉપાયોમાં શ્રદ્ધા રહી નથી. કેમ કે તેને અનુકૂળ વાતાવરણ હાલ નથી. અવિશ્વાસ, ભય અને નિરાશાથી ભરેલા વાતાવરણમાં, મારા મતે આ ઉપાયો હૃદયનું ઐક્ય સ્થાપવામાં મદદરૂપ થવાને બદલે નડતરરૂપ થઈ પડે એમ છે. તેથી આજે હું તો કેવળ પ્રાર્થના અને બની શકે તેવાં વ્યક્તિગત મિત્રતાનાં કાર્યો ઉપર આધાર રાખી બેઠો છું. આથી જ ઐક્ય માટેની સભા-ઓમાં જવાની મને ઇચ્છા નથી રહી. પણ આનો અર્થ એમ નથી કે તેવા પ્રયત્નો હું નાપસંદ કરું છું. ઊલટું, જેને આવી સભાઓમાં શ્રદ્ધા હોય તેમણે તો તે ભરવી જ જોઈએ, અને હું તેમને સફળતા ઇચ્છું છું.

બંને કોમોના આજના મિજાજ સાથે મારો મેળ ખાય તેમ નથી. તેઓની પોતાની દૃષ્ટિએ તેમને કહેવાનો હક છે કે મારો ઇલાજ નિષ્ફળ નીવડ્યો છે. વગદાર વર્ગમાં મારા મતને માન-નારની સંખ્યા બહુ અલ્પ છે એમ હું કબૂલ કરું છું. સભાઓ તથા એવા પ્રકારનાં કાર્યોમાં ભાગ લઈને હું કંઈ કહેવા જેવી સેવા કરી શકું તેમ નથી, અને ખરું ઐક્ય સાધવા સિવાય મને બીજી કોઈ પણ લાલચ ન હોવાથી, જ્યાં હાજરી ભરીને સેવા ન કરી શકું ત્યાં દૂર રહ્યે કંઈક પણ સેવા થાય છે એમ માનું છું.

13665

મારા સિદ્ધાંત મુજબ તો સત્ય અને અહિંસા સિવાય ઐક્ય સાધવાનો બીજો માર્ગ જ નથી. હું જાણું છું કે બધા ઉપાયો વ્યર્થ જશે ત્યારે તેનો જય થવાનો જ છે. તેથી હું મારો મત ધરાવનાર એકલો જ હોઉં કે મને અનેકનો ટેકો હોય, તોપણ ઈશ્વરે જે રસ્તો બતાવ્યો જણાય છે તે જ રસ્તો મારે ગ્રહણ કરવો જોઈએ. આજે સગવડ કે લાભાર્થે અહિંસાની 'નીતિ' સ્વીકારવાનો ઇલાજ નકામો થઈ પડ્યો છે. અહિંસાને ઉખેડી નાખનારા આપણા પોતાના જ પક્ષમાં ન પડ્યા હોય તો નીતિ તરીકે પળાતી અહિંસા પણ બરોબર ફળે. પણ અમુક અવસર આવે ત્યારે હિંસા એ જ ધર્મ છે એવું માનનારા હોય ત્યારે 'નીતિ' તરીકે

Gandhi Heritage Portal

પળાતી અહિંસા ભાંગી પડે છે. એવે કાળે અહિંસામાં સંપૂર્ણ શ્રદ્ધા રાખનારની કસોટી થાય છે. એટલે મારી તેમ જ અહિંસાના સિદ્ધાંતની બંનેની કસોટી થઈ રહી છે. અને જો આપણને સફળતા મળતી ન દેખાતી હોય તોપણ તેમાં દોષ મારો જ ગણવો, સિદ્ધાંતનો નહીં. હું જાણું છું કે ઘણી વેળા મારે મારી પ્રકૃતિની સામે યુદ્ધ કરવું પડે છે. વાણી અને વર્તનમાં નહીં તો, વિચારમાં તો હું હજી અહિંસક નથી બન્યો. પણ એવો અહિંસક બનવા ઈશ્વરે આપેલી બધી શક્તિ હું ખર્ચી રહ્યો છું.

આ ઉપરથી વાચકના સમજવામાં આવશે કે આગાઉ જેટલો અલીભાઈઓના સંગમાં હાલ હું કેમ નથી હોતો. હજી હું તેઓની ચપટીમાં જ છું. હજી તેઓ મને સગા ભાઈ જેટલા જ વહાલા છે. મુસલમાનોની આપત્તિને કાળે તેમનું દુઃખ ઓઢવા માટે મને જરાયે ખેદ નથી થતો. વળી એવો અવસર આવે તો હું પાછી પાની કરું એમ નથી. પણ આજે જોકે અમારું સાધ્ય એક જ છે તોપણ અમારાં સાધન જુદાં છે. હું સિમલા તેમ જ કલકત્તા[1] જાઉં એમ તેઓ ઇચ્છતા હતા. કોહાટના રમખાણના[2] દિવસથી એક જ પરિસ્થિતિના અવલોકનમાંથી અમે એક અનુમાન ઉપર આવતા બંધ થયા છીએ. પણ બધી બાબતોમાં સામાએ મળતા થવું જ જોઈએ એવો આગ્રહ રાખે એવી મિત્રતાની કશી કિંમત નથી. પ્રામાણિક મતભેદો, પછી તે ગમે તેટલા તીવ્ર હોય તોપણ તેની તાણ ખમીને ટકી શકે તે જ ખરી મિત્રતા કહેવાય. હું અમારા મતભેદને પ્રામાણિક માનું છું, તેથી અલીભાઈઓ અને બીજા મુસલમાન મિત્રો સાથેની મારી મિત્રતા ભાંગી પડી છે કે ટાઢી થઈ ગઈ છે એવી જેને શંકા હોય તેણે સમજવું કે અમારી મિત્રતા જેવી ને તેવી જ છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १–१२–१९२७

ભાષાંતર : नवजीवन, ४–१२–१९२७

## ૨૩૬. અમેરિકાની મદદ

સતત પ્રવાસમાં હોવાને કારણે હું રેવ. જૉન હેન્સ હોમ્સનો[3] નીચેનો પત્ર આ પહેલાં પ્રસિદ્ધ નથી કરી શક્યો :

> તમારા દેશમાં ઑગસ્ટમાં ભયંકર રેલસંકટ આવ્યાના સમાચારો આવતાં તરત જ મેં યુનિટીમાં એ વાત પ્રસિદ્ધ કરી હતી. હવે મેં પ્રોફેસર હૅરી વૉર્ડના સહકારથી જેને અમે 'ગાંધી રાહત ફંડ' કહીએ છીએ એ ફાળા માટે જાહેર અપીલ બહાર પાડી છે. આ અપીલ અમે જુદાં જુદાં ધાર્મિક છાપાંમાં તથા ઉદારમતવાળી પત્રિકાઓમાં પ્રસિદ્ધ કરીએ છીએ અને હું કંઈક સારા પરિણામની આશા રાખું છું.

૧. ૧૯૨૭ના સપ્ટેમ્બરની શરૂઆતમાં સિમલામાં મહમદઅલી ઝીણાના પ્રમુખપદે હિંદુમુસ્લિમ આગેવાનોની એક ઐક્ય પરિષદ મળી હતી; અને એવી એક બીજી પરિષદ ૧૯૨૭ના ઑક્ટોબરની ૨૭મીએ કૉંગ્રેસ મહાસમિતિએ કલકત્તામાં બોલાવી હતી.

૨. જુઓ પુસ્તક ૨૯, પા. ૩૦૧–૯.

૩. અમેરિકન પાદરી. माय गांधीના કર્તા.

Gandhi Heritage Portal

એ દરમ્યાન યુનિટીએ પોતે પોતાનું જુદું રાહત ફંડ ખોલ્યું છે, અને આ સાથે હું શરૂઆતની ભેટ તરીકે ૧૦૦ ડૉલરનો મનીઑર્ડર મોકલું છું. બીજો ફાળો આવશે કે તરત મોકલીશું.

આપના પર અને આપના લોકો પર આવી પડેલી આ ભયંકર આપત્તિ બદલ હું આપને મારી ઊંડી સહાનુભૂતિ દર્શાવું છું. ખાસ કરીને અમદાવાદને આટલું સહન કરવું પડયું અને આશ્રમ સંકટમાં આવી પડયો તેથી મને ઘણું દુઃખ થયું. કંઈ વધુ ખબરો મોકલી શકો તો મોકલશો. એ અમને વધુ ફાળો ઉઘરાવવામાં મદદરૂપ થશે.

મને ખાતરી છે કે વાચક અમેરિકાથી આવેલી મદદની રકમ તરફ નહીં જુએ. હમણાં ગુજરાતમાં આવેલી રેલ જેવાં સ્થાનિક સંકટોમાં દૂર દૂરના દેશોની મદદની કોઈ આશા રાખવાનો આપણને કદાચ અધિકાર પણ નથી. તેથી મહત્ત્વ, અમેરિકાની આ વણમાગી અને અણધારી મદદ પાછળના હેતુનું છે.

[મૂળ અંગ્રેજી]

યંગ ઇન્ડિયા, ૧-૧૨-૧૯૨૭

# ૨૩૭. ખાદીનું અર્થશાસ્ત્ર

મારી પાસે બે નાનાં ચોપાનિયાં આવ્યાં છે. એક બિહારવાળા શ્રી રાજેન્દ્રબાબુનું લખેલું ખાદીનું અર્થશાસ્ત્ર અને બીજું શ્રી રાજગોપાલાચારીની દેખરેખ નીચે તામિલ પ્રાંતના સેલમ જિલ્લામાં તિરુચેંગોડુ ખાતે આવેલા ગાંધી આશ્રમના કામકાજના તથા હિસાબોના અહેવાલનું.

પહેલામાં સામાન્યપણે ધંધામાં રોકાયેલો માણસ પણ ખાદીનું અર્થશાસ્ત્ર સહેલાઈથી સમજી શકે તેવી રસભરી શૈલીમાં અને સંક્ષેપમાં ખાદીને લગતી સંગીન દલીલો તેમ જ પ્રમાણો રજૂ કરેલાં છે. એ દલીલો પોતે જ બને તેટલી સંક્ષેપમાં રજૂ કરવામાં આવેલી છે તેથી તેનો વિશેષ સંક્ષેપ કરવાનું આ સ્થળે બની શકે નહીં. પણ રેંટિયાની પાછળ રહેલી આખી દલીલ સચોટપણે વર્ણવીને શ્રી રાજેન્દ્રબાબુએ ખાદીની હિમાયત કરી છે. રેંટિયાની તરફેણમાં તેમ જ તેની વિરુદ્ધની તેમણે રજૂ કરેલી બધી દલીલો તપાસ્યા પછી તેમણે બતાવી આપ્યું છે કે રેંટિયો જો તેની સાચા દિલથી ઉપાસના કરવામાં આવે તો પરદેશી કાપડને હઠાવવાને પૂરેપૂરો શક્તિમાન છે. એટલું જ નહીં પણ ભારતવર્ષના બાવીસ કરોડ ને ચાળીસ લાખ ખેડૂતોને એ એક જ યંત્ર એવો પેટાધંધો પૂરો પાડી શકે એમ છે કે જેના વિના તેઓ વરસમાં ઓછામાં ઓછા ૧૨૦ દિવસ બેકાર રહે છે, અને જે એક જ પેટાધંધો તેમને તેવા બેકાર મહિનાઓના ભૂખમરાની સ્થિતિમાંથી ઉગારી શકે એમ છે. આ વિના અત્યારે તો તેઓ ભૂખમરો જ વેઠે છે.

શ્રી રાજગોપાલાચારીના આશ્રમનો અહેવાલ હકીકતો અને આંકડાઓના શાસ્ત્રીય અભ્યાસનો એક જાણવાજોગ નમૂનો છે. આ અહેવાલ જાણે રાજેન્દ્રબાબુના ચોપાનિયાના અમલનું જીવતું ઉદાહરણ હોય નહીં એમ જ લાગે છે. વાચક જાણીને રાજી થશે કે રાજાજીના આશ્રમમાં રોકાતા પૈસાના ૮૫ ટકા કાંતનારા તથા વણનારા પાછળ, ૯॥ ટકા કામદારો પાછળ, અને ૫॥ ટકા વહીવટી ખરચ પાછળ ખરચાય છે. અહેવાલમાં જાણવાજોગ અને નમૂનેદાર કોષ્ટકો આપેલાં છે તે ઉપરથી રેંટિયાપ્રવૃત્તિ અને ખાદીકામ પાછળ કાંતનારાઓને, વણનારાને, ધોબીઓને વગેરેને કેવી અને કેટકેટલી મજૂરી મળી શકે છે એનો સચોટ ખ્યાલ આવે છે. રેંટિયાના આગમન સિવાય

Gandhi Heritage Portal

આ બધા લોકો અને ખાસ કરી કાંતનારાઓ આજે જે કમાણી કરી રહ્યા છે તે કદી ન જ કરતાં હોત. અહેવાલને છેડે આશ્રમની પ્રવૃત્તિ અને ખરચના હિસાબોનો પણ રીતસર તપાસાવડાવેલો અહેવાલ આપેલો છે. એક પાના પર તો ખાદી ખરીદવા પાછળ આપણે જે નાણાં ખરચીએ છીએ તે કયા વર્ગના લોકોના ખીસામાં કેટલા પ્રમાણમાં જાય છે તેના આંકડા આપેલા છે. આ રહ્યા તે આંકડા :

| | |
|---|---|
| કપાસ ઉગાડનાર ખેડૂતને | ૩૭ ટકા |
| કાંતનાર તથા વણનારને | ૫૪ ,, |
| કામદારોને | ૬ ,, |
| પરચૂરણ | ૩ ,, |

આ આંકડાઓ નીચે નીચલું વાકય ઉમેર્યું છે :

> કપડાં તો તમારે પહેરવાં જોઈએ જ. પણ જો તમે ખાદી પહેરો તો ગામડાંમાં વસતા હિંદુસ્તાનને સબળ કરવામાં તમે મદદ કરો છો એ ધ્યાનમાં રાખજો.

આ એક જ આશ્રમે છેલ્લાં અઢી વર્ષ દરમ્યાન રૂ. ૧,૨૪,૫૩૬ આજુબાજુના પ્રદેશમાં વસતી ગામડાંની પ્રજામાં વહેંચ્યા છે, અને તે ખેરાત તરીકે નહીં પણ લોકોએ પોતપોતાના ઘરને આંગણે રહીને કરેલી ખાદીપ્રવૃત્તિને લગતી કંઈ ને કંઈ મજૂરીના વળતર પેટે.

આ આશ્રમ એક નાનું મફત દવાખાનું પણ ચલાવે છે જેમાં છેલ્લા અગિયાર મહિના દરમ્યાન ૧૦,૧૪૫ દરદીઓને દવાપાણીની મદદ કરવામાં આવી તેમ જ ૧૪૮ દરદીઓને શસ્ત્રક્રિયા કરવામાં આવી. આ દરદીઓમાં કહેવાતા 'અંત્યજો'ને લાભ આપવામાં આવ્યો જ એ કહેવાની જરૂર નથી.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १-१२-१९२७

ભાષાંતર : नवजीवन, ४-१२-१९२७

## ૨૩૮. ઍસોસિયેટેડ પ્રેસના પ્રતિનિધિને મુલાકાત

મદ્રાસ,

ડિસેમ્બર ૧, ૧૯૨૭

છાપાના પ્રતિનિધિએ પૂછેલા અનેક પ્રશ્નોનો જવાબ આપવાની ગાંધીજીએ ના પાડી, તેમણે કહ્યું :

હું સિલોનથી હમણાં તાજો જ આવેલો છું અને તેથી કોઈ પ્રશ્નોનો જવાબ આપી શકું તેમ નથી. . . .

ગાંધીજીએ સ્ટૅચ્યુટરી કમિશન[1] વિશે સિલોનમાં જે નિવેદન[2] કર્યું હતું કે મેં મારા અંતરની ઇચ્છાને કૉંગ્રેસ પ્રમુખને સ્વાધીન કરી છે, તે વિશે તેમનું ધ્યાન ખેંચવામાં આવ્યું. પ્રતિનિધિએ પૂછયું : શું હજી આપ આપના એ કથનને વળગી રહો છો? અને કૉંગ્રેસ પ્રમુખના એ વિચાર

૧. જુઓ પરિશિષ્ટ ૮.

૨. જુઓ, "છાપાના પ્રતિનિધિને મુલાકાત", ૧૩-૧૧-૧૯૨૭.

Gandhi Heritage Portal

સાથે સંમત છો કે આજની જરૂરિયાત, સ્ટૅચ્યુટરી કમિશનની[1] નિમણૂક પાછળની નીતિના સવાલ પર વ્યવસ્થિત સામૂહિક ચળવળ ફરીથી ચાલુ કરવાની દિશામાં, ગૌહત્તીના કાર્યક્રમમાં ફેરફાર કરવાની છે? આપ પોતે એવી ચળવળનું નેતૃત્વ કરશો? ગાંધીજીએ ફરીથી જવાબ આપ્યો કે છેલ્લાં કેટલાંક અઠવાડિયાંથી હું હિંદુસ્તાનમાં બનતા બનાવોના સંપર્કમાં નથી. એટલે આ સવાલનો વધુ સારી રીતે અભ્યાસ કરવાનો સમય મને ન મળે ત્યાં સુધી હાલ તરત હું કંઈ પણ કહેવા માગતો નથી. ગાંધીજીએ કહ્યું :

મદ્રાસમાં ડૉ. અનસારી[2] પ્રમુખની ગાદી સંભાળે ત્યાં સુધી મારું અંતઃકરણ શ્રીનિવાસ આયંગરની[3] પાસે છે.

[મૂળ અંગ્રેજી]

હિન્દુ, ૨–૧૨–૧૯૨૭

## ૨૩૯. ચિકાકોલની જાહેર સભામાં ભાષણ

ડિસેમ્બર ૩, ૧૯૨૭

તમે બધી સારી વસ્તુઓ ગરીબ ઉત્કલ[4] સાથે વહેંચી લેતા લાગો છો. હું એમ માનીને ફુલાતો હતો કે મારો ઈરાદો વીસે વીસ દિવસો ઓરિસ્સાનાં હાડપિંજરોને મળવામાં વિતાવવાનો હતો એટલે મારું આગમન પણ એક સારી વસ્તુ છે. પણ તમે આંધ્રવાસીઓ આ તરફ ઓરિસ્સાના દ્વારપાળ છો તેથી તમે મને આગળ વધતો અટકાવ્યો છે. પણ તમે મારા મનની વાત પણ જાણી ગયા છો એથી હું ખુશ છું. આંધ્રદેશમાં પ્રવેશ કર્યા પછી હું મારું કામકાજ તમારી સાથે કરતો જ રહ્યો છું. અને હું જાણું છું કે જે બધા અજ્ઞાત લોકો મારી સાથે, દરિદ્રનારાયણના સ્વનિયુક્ત પ્રતિનિધિ સાથે સહકાર કરતા આવ્યા છે તેમને ભગવાન બદલો આપશે. અને અહીં સુધ્ધાં તમે એ જ વસ્તુ કરી રહ્યા છો. ગઈ રાત્રે કેટલીક બહેનો આવી અને તેમણે મને થેલી આપી. પણ મને કહેવા દો કે આખરે આ કંઈ મારો આંધ્રનો પ્રવાસ નથી. હું તમને આટલી સહેલાઈથી છટકવા નહીં દઉં અને મેં ગંજમના કેટલાક ભાગનો પ્રવાસ કરી લીધો છે તેથી દેશભક્ત કોંડા વેંકટપૈય્યા પણ મને છોડશે નહીં. આવતા વરસની શરૂઆતમાં આંધ્રનો પ્રવાસ કરવાનું મેં વચન આપેલું છે અને હું આશા રાખું છું કે તમે જે કરી રહ્યા છો તે આવતે વર્ષે જે કરવાના છો તેનો માત્ર નમૂનો છે.

તમને સાચા અસહકારમાં શ્રદ્ધા છે. દારૂનું અનિષ્ટ મજૂર વસ્તીનાં મર્મસ્થાનોનો હ્રાસ કરી રહ્યું છે. હું ઇચ્છું છું કે તમે એ અનિષ્ટ સાથે જરાયે વિચાર કર્યા વગર અસહકાર કરો અને હું એક એવી ખેલદિલ દરખાસ્ત રજૂ કરું છું કે જેઓ દારૂની લત છોડી દે તેઓ તેમની અડધી બચત દરિદ્રનારાયણ માટે મને આપે. વળી, હું જોઉં છું કે તમારામાંના ઘણા લોકો ધૂમ્ર-પાનની બૂરી ટેવ વડે તમારાં મોંને ધુમાડિયાં જેવાં બનાવો છો. તમે ધૂમ્રપાન કરનારા જાણતા નથી કે એ કેટલી ગંદી ટેવ છે. મેં જોયું કે મેં અપીલ કરી ત્યારે ઘણા લોકોએ પોતાની

૧. વાઈસરૉયના નિવેદનમાંના ઉતારા માટે જુઓ પરિશિષ્ટ ૭.
૨. કૉંગ્રેસના નવા ચૂંટાયેલા પ્રમુખ.
૩. કૉંગ્રેસના પ્રમુખ જેઓ હવે ફારેગ થવાના હતા.
૪. ઓરિસ્સાનું બીજું નામ.



Gandhi Heritage Portal

સિગાર કે સિગારેટો ફેંકી દીધી. ધૂમ્રપાનની લતમાં ફસાયેલા મોટી ઉંમરના લોકો એ નથી જાણતા કે તેઓ પોતનાં બાળકો માટે વારસામાં શું મૂકી જાય છે. હું જાણું છું ને તમે પણ જાણો છો કે ઘણાં બાળકો બીડી બાબત પોતાનું કુતૂહલ સંતોષવા માટે પૈસા ચોરે છે. તેથી હું તમને આ ધૂમ્રપાન કરવાની આદત સાથે અસહકાર કરવા કહું છું અને તેમાંથી થતી બચત મારી સાથે વહેંચી લેવા કહું છું.

એ જ રીતે હિંદુઓએ અસ્પૃશ્યતાના રાક્ષસ સાથે પણ અસહકાર કરવો જોઈએ. હું તમને ખાતરી આપું છું કે એ શેતાન આપણને ઈશ્વરથી વિમુખ રાખે છે અને એ બાધા આપણા વિનાશ માટે ઊભી કરવામાં આવી છે.

પછી મહાત્માજીએ શ્રોતાજનોમાંથી કોઈએ લખીને આપેલા સવાલોના જવાબો આપવા માંડ્યા. પહેલો સવાલ હતો: માતૃભૂમિના ઉત્થાન માટે હવે નવયુવાનો કયા માર્ગો લઈ શકે? મહાત્માજીએ કહ્યું:

હું ઘણી વસ્તુઓ સૂચવી શકું, પણ એક વસ્તુ કરવી તેમને માટે સહેલામાં સહેલી છે અને એ છે ખાદીકાર્ય. તેઓ ખાદીકાર્યમાં વાપરવા માટે દર મહિને કે દર વરસે અમુક રકમ જુદી કાઢે. તેમને સમય હોય તો તેઓ પોતાના જિલ્લામાં ખાદીકાર્ય શરૂ કરી શકે. તેઓ એ કામ શરૂ કરશે તો જોશે કે પોતે જે કાંઈ ઉત્તમમાં ઉત્તમ આપી શકે તે તેમણે આપ્યું છે. તેઓ એ કામ ન કરી શકે અથવા તેમને કામ વ્યવસ્થિત રીતે ચલાવવા જેટલો આત્મવિશ્વાસ ન હોય તો તેઓ રોજ અરધો કલાક કાંતે અને એ સૂતર અખિલ હિંદ ચરખા સંઘને આપીને તેના સભ્ય બને.

બીજો સવાલ કાર્યકર્તા માટે આવશ્યક એવી શૈક્ષણિક અને બીજી યોગ્યતા વિશે હતો. મહાત્માજીએ કહ્યું:

શૈક્ષણિક લાયકાતને સંબંધ છે ત્યાં સુધી તેમણે પ્રાંતિક ભાષા ઉપરાંત રાષ્ટ્રીય ભાષા એટલે કે હિંદી જાણવી જોઈએ. પણ બીજી લાયકાતો એથી પણ ખૂબ જ વધારે મહત્ત્વની છે. તેઓ પૂરેપૂરા પ્રામાણિક હોવા જોઈએ અને તેમનું ખાનગી જીવન શુદ્ધ હોવું જોઈએ. જેમની દૃષ્ટિ નિષ્કપટ નથી અને જેમનાં મન કામવાસનાથી ભરેલાં છે એવા લોકો રાજકીય કાર્ય કરવા માટે લાયક નથી. અને મારા અભિપ્રાય મુજબ જે માણસ કોઈ પણ ભોગે સત્ય અને અહિંસાનું પાલન કરવામાં ન માનતો હોય તેણે રાજકારણમાં પડવું ન જોઈએ.

ત્રીજા સવાલનો જવાબ આપતાં મહાત્માજીએ કહ્યું:

જ્યારે આપણા બધા નેતાઓ તરેહ તરેહની યોજનાઓ વિચારે છે અને તૈયાર કરે છે ત્યારે આપણા જેવા સામાન્ય લોકો માટે સારામાં સારું કામ ખાદીના સંદેશાનો પૂરેપૂરો અમલ કરવાનું છે. સાઠ કરોડ રૂપિયા બચાવવાના પ્રયત્નમાં ભાગ લેવો એ તમારે ને મારે માટે નાની વસ્તુ નથી. તમે અને હું કાઉન્સિલો, એસેમ્બ્લીઓ કે મ્યુનિસિપાલિટીઓમાં તો જઈ શકતા નથી. જવા ઇચ્છીએ તોપણ આપણામાં એ કામ માટેની લાયકાત હોતી નથી. પણ ખાદી માટેની લાયકાત તો દરેકમાં જન્મથી જ હોય છે. એમાં હૃદયની કેળવણી સિવાય વધુ કેળવણીની જરૂર નથી. ખાદી અંગેનું કામ કરતાં તમે જોશો કે તમારામાં શક્તિનો સંચાર થઈ રહ્યો છે.

[મૂળ અંગ્રેજી]

*हिन्दु*, ૯–૧૨–૧૯૨૭

Gandhi Heritage Portal

## ૨૪૦. ખાદી નિબંધ

વાંચનાર જાણતા હશે કે શ્રી રેવાશંકર જગજીવને[1] કાઢેલ ઈનામથી અંગ્રેજીમાં ખાદી નિબંધ લખવાની યોજના કરવામાં આવી હતી. તે પ્રમાણે અધ્યાપક પુણતાંબેકર અને શ્રી વરદાચારીએ મળીને બનાવેલો નિબંધ ઈનામ મેળવી શક્યો. આ નિબંધ વાંચવાલાયક હોવાથી જમનાદાસ ભગવાનદાસ સ્મારકમાળાને સારુ તેનો અનુવાદ કરાવવામાં આવ્યો. સત્યાગ્રહાશ્રમના શ્રી છગનલાલ જોશીએ કર્યો છે, અને હવે તે છપાવ્યો છે. તેની કિંમત એક રૂપિયો રાખવામાં આવી છે. અનુવાદ ૨૧૫ પાનાં રોકે છે. બધાં મળી ૨૯૦ પાનાં છે. બાકીનાં પરિશિષ્ટોએ રોક્યાં છે. પરિશિષ્ટો બધાં ઉપયોગી છે. છેલ્લું ગુજરાતની ખાદીનો ટૂંકો ઈતિહાસ આપે છે. એટલે કે પૂર્વે ગુજરાતમાં ક્યાં ક્યાં ખાદી ઉત્પન્ન થતી હતી, ને તે અમૂલ્ય ઉદ્યોગ કેમ ભાંગ્યો તે બતાવવામાં આવ્યું છે. અનુવાદ સહેલી ભાષામાં છે, એટલે ગુજરાતી વાંચનારને સમજવામાં મુશ્કેલી આવે તેમ નથી. રેંટિયાપ્રવૃત્તિનું રહસ્ય સારી રીતે સમજવા ઈચ્છનારે આ પુસ્તક વાંચી જવાની આવશ્યકતા છે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૪-૧૨-૧૯૨૭

## ૨૪૧. બરહામપુરમાં[2] સ્ત્રીઓની સભામાં ભાષણ

ડિસેમ્બર ૪, ૧૯૨૭

બહેનો,

ખાદીકામને માટે તમે બે થેલીઓ ભેટ આપી છે. હું તમારી ભેટ આભાર સાથે સ્વીકારું છું. તમારે એમ ન માનવું જોઈએ કે હું તમારામાંની કેટલીક બહેનોને ઉરિયા અને કેટલીકને તેલુગુ ગણું છું. તમને એમ લાગવું જોઈએ કે, સૌ હિંદી છીએ. કેટલીક બહેનો કહે છે કે અમે આંધ્રની છીએ અને કેટલીક કહે છે કે અમે ઓરિસ્સાની છીએ. તમે સૌ હિંદની છો એમ માનો. તમે સૌ એકબીજીના સુખદુઃખમાં ભાગ લો. એ રીતે તમે સીતા જેવી બની શકશો. સીતા પોતાને અયોધ્યાનાં વતની માનતાં નહોતાં. તે હમેશાં પોતાને સારાયે હિંદનાં ગણતાં હતાં. તમે આ માનપત્ર રાષ્ટ્રીય ભાષામાં એટલે હિંદીમાં લખ્યું છે તેથી મને ખરેખર આનંદ થયો છે. તમારે સૌએ પરદેશી સાડી છોડી દેવી જોઈએ, અને ફક્ત ખાદી જ વાપરવી જોઈએ. સ્ત્રીઓએ સુંદર સાડી ને ઘરેણાં પહેરવાની જરૂર નથી. સ્ત્રીને જરૂર છે ફક્ત પવિત્રતાની. તમે બધાં ખાદી પહેરો. તમે સૌ શુદ્ધ અને સાચાં બનો. તમારે કોઈને અસ્પૃશ્ય ન ગણવો જોઈએ. હિંદુસ્તાનમાં એટલે કે ભારતવર્ષમાં કોઈને અસ્પૃશ્ય ગણવું એ મોટું પાપ છે. ઈશ્વરને ખાતર એ પાપ કરશો નહીં. ગરીબ, માંદાં, ભૂખ્યાં લોકોને ચાહો. તમે બધાં દરરોજ ઓછામાં ઓછો

૧. મુંબઈના શ્રી રેવાશંકર જગજીવન ઝવેરી.
૨. ઓરિસ્સામાં.

Gandhi Heritage Portal

અરધો કલાક કાંતીને તમારા તેમના પ્રત્યેના પ્રેમની સાબિતી આપો. જેમણે આ ખાદી ફંડમાં કંઈ ન આપ્યું હોય તેમને પૈસા અથવા ઘરેણાં આપવા હું વિનંતી કરું છું.

[મૂળ ઊડિયા]

સમાજ, ૧૦–૧૨–૧૯૨૭

## ૨૪૨. બરહામપુરમાં વિદ્યાર્થીઓની સભામાં ભાષણ

ડિસેમ્બર ૪, ૧૯૨૭

અધ્યાપકો, વિદ્યાર્થીઓ અને ભાઈઓ,

આ સભામાં આપણો કાર્યક્રમ બીજી સભાઓમાં અનુસરવામાં આવતા કાર્યક્રમથી જુદો હશે. અમે ઘણાં વરસથી અમારા સત્યાગ્રહ આશ્રમમાં પ્રાત:કાળે ૪-૧૫ વાગ્યે અને સાયંકાળે ૭-૦૦ વાગ્યે સામૂહિક પ્રાર્થના કરીએ છીએ. આશ્રમવાસીઓ બહાર જાય છે તો ત્યાં પણ આ સમયપત્રકનું પાલન કરે છે. [પ્રવાસ દરમ્યાન] સાંજના સાત વાગ્યે નિયમિત પ્રાર્થના કરવાનું મુશ્કેલ હોઈ અમે એવો નિયમ કર્યો છે કે રાત્રે સૂતાં પહેલાં પ્રાર્થના કરી લેવી જોઈએ.

તા. ૨જી ડિસેમ્બર ને શુક્રવારે અમે ગંજમ જિલ્લામાં પ્રવેશ કર્યો ત્યારે ઘણી રાત વીતી હતી. કામના બોજાને કારણે હું સૂતાં પહેલાં પ્રાર્થના કરવાનું ભૂલી ગયો. પ્રભાતે જાગ્યો ત્યારે હું ભયથી ધ્રૂજી ઊઠયો. મેં જોયું કે ઈશ્વર સમક્ષ મેં મોટી ભૂલ કરી હતી. એટલે અમે નક્કી કર્યું કે જે કોઈ પ્રાર્થના કરવાનું ભૂલી જાય તેણે કોઈક પ્રકારનું પ્રાયશ્ચિત્ત કરવું જોઈએ. અમે એ પણ નક્કી કર્યું કે અમે જ્યાં હોઈએ ત્યાં સાંજે ઓછામાં ઓછું એક વાર રામનામનું સ્મરણ કરવું. સમયપત્રક પ્રમાણે આ સભામાં હું સાત વાગ્યે આવવાનો હતો અને આપણે સાથે પ્રાર્થના કરીશું એમ માન્યું હતું. પણ છત્રપુરથી મોટરમાં આવતાં મેં જોયું કે સાત તો વાગી ગયા છે. એટલે મેં મોટરગાડીમાં એકલાએ પ્રાર્થના કરી લીધી. પણ જ્યારે આપણે સામૂહિક પ્રાર્થના કરવાનું નક્કી કર્યું છે ત્યારે હું તમને વિનંતી કરું છું કે તમે અહીં અને અત્યારે જ પ્રાર્થના કરો. જે વિદ્યાર્થીઓ અને બીજાઓને પ્રાર્થનામાં શ્રદ્ધા હોય તેઓ આંખ મીંચીને પ્રાર્થના કરે. પ્રાર્થના થઈ રહ્યા પછી હું તેની ઉપયોગિતા સમજાવવાનો પ્રયત્ન કરીશ. જેઓ પ્રાર્થના કરવા ન ઈચ્છતા હોય તેઓને મારી વિનંતી છે કે તેઓ શાંતિથી બેસી રહે.[1]

જેમ શરીરને માટે ખોરાક આવશ્યક છે તેમ જ આત્માને માટે પ્રાર્થના આવશ્યક છે. માણસ ખોરાક વિના ઘણા દહાડા ચલાવે — મૅકસ્વીનીએ ૭૦થી વધારે દિવસ ચલાવ્યું — પણ પ્રાર્થના વિના માણસ ક્ષણવાર પણ ન જીવી શકે, ન જીવી શકવું જોઈએ. તમે કહેશો કે પ્રાર્થના કર્યા વિના તો લાખો માણસો જીવે છે. હા, જીવે છે ખરાં, પણ એ પશુજીવન છે, અને માણસને માટે એ મૃત્યુ કરતાં ભૂંડું છે. મને તો શંકા નથી કે આજે આપણું વાતાવરણ

૧. પહેલા બે ફકરા ઊડિયા વર્તમાનપત્ર સમાજમાંથી લીધા છે. એ પછીનો ભાગ યંગ ઇન્ડિયા, ૧૫–૧૨–૧૯૨૭ના અંકમાં પ્રગટ થયેલા મહાદેવ દેસાઈના 'સાપ્તાહિક પત્ર'માંથી છે. મહાદેવ દેસાઈ એમાં ઉમેરે છે: "વિદ્યાર્થીઓની સભાનો સમય સાંજે સાત વાગ્યાનો રખાયો હતો. જોકે અમે સભામાં સાત વાગ્યે ન પહોંચી શક્યા અને પ્રાર્થના તો રસ્તે જ કરી હતી છતાં ગાંધીજીએ સામૂહિક પ્રાર્થના સભામાં જ કરવા ઠરાવ્યું. એટલે અમે એ કરી લીધી. વિદ્યાર્થીઓએ એ દરમ્યાન સંપૂર્ણ શાંતિ જાળવી.

Gandhi Heritage Portal

કજિયા, કંકાસ અને મારામારીથી ભરેલું છે તેનું કારણ એ છે કે આપણામાં સાચી પ્રાર્થનાની ભાવના રહી નથી. લાખો હિંદુઓ, મુસલમાનો અને ખ્રિસ્તીઓ પ્રાર્થના કરે છે એમ તમે કહેશો એ મને ખબર છે. પણ તમે એ કહેશો એમ જાણીને જ મેં 'સાચી પ્રાર્થના' શબ્દ વાપર્યો હતો. આપણને હોઠે ઈશ્વરનું નામ લેવાની આદત પડી ગઈ છે એટલે નામ લઈ છૂટીએ છીએ; પણ ઈશ્વરના નામથી આપણાં હૃદય કદી ભીનાં નથી થતાં, આત્મા કદી અજવાળાતો નથી. આ દંભ અને પાખંડથી બચી જવાના હેતુથી અમે આશ્રમમાં स्थितप्रज्ञस्य का ભાષાથી શરૂ થતા ગીતાજીના બીજા અધ્યાયના શ્લોકો બોલીએ છીએ. આ શ્લોકોનું રોજ મનન થવાથી સ્થિતપ્રજ્ઞના ગુણોનું રટણ કરીને આપણી ચિત્તશુદ્ધિ થવાનો અને હૃદય ઈશ્વરાભિમુખ થવાનો સંભવ છે. જો તમારે વિદ્યાર્થીઓએ શુદ્ધ ચારિત્ર અને ચિત્તશુદ્ધિ ઉપર તમારી કેળવણીનો પાયો નાખવો હોય, તો નિત્ય નિયમિત પ્રાતઃકાળે અને સંધ્યાકાળે પ્રાર્થના જેવો સરસ ઉપાય બીજો એકે નથી.[1]

[મૂળ અંગ્રેજી]

समाज, ૧૦-૧૨-૧૯૨૭ તથા यंग इन्डिया, ૧૫-૧૨-૧૯૨૭

## ૨૪૩. જમનાલાલ બજાજને તાર

બરહામપુર,
ડિસેમ્બર ૫, ૧૯૨૭

જમનાલાલ બજાજ
આશ્રમ
સાબરમતી

મોહનલાલ મળ્યા હતા. તમારા અને જયદયાલજીના તાર મળ્યા પહેલાં જ તેમને ઘેર મોકલી દીધા.

બાપુ

[મૂળ અંગ્રેજી]

पांचवें पुत्रको बापूके आशीर्वाद, પા. ૬૮

૧. યંગ ઇન્ડિયાના આ પૅરેગ્રાફનું ભાષાંતર નવજીવન, ૧૮-૧૨-૧૯૨૭ના અંકમાંથી લેવામાં આવ્યું છે.

Gandhi Heritage Portal

## ૨૪૪. આશ્રમની બહેનોને પત્ર

બ્રહ્મપુર,
મૌનવાર, ડિસેમ્બર ૫, ૧૯૨૭

બહેનો,

મણિબહેને લખેલો તમારો કાગળ મળ્યો. આજે મારી પાસે બહુ વખત નથી રહ્યો. આશ્રમમાં શૃંગાર તો ન જ હોવો જોઈએ એને વિશે મને શંકા જ નથી. આટલું તો સીધું જ છે કે જ્યાં લગી દેશમાં ભયંકર ભૂખમરો ચાલે ત્યાં લગી વાલની વીંટી રાખી મેલવી કે પહેરવી એ પાપ જ છે. કપડાં પહેરવાં તે એબ ઢાંકવા ને ટાઢતડકાથી બચવા પૂરતાં જ હોય. એ આદર્શને પહોંચી વળવાનો સહુ બહેનોએ પ્રયત્ન કરવો જોઈએ.

શણગારની ઉત્પત્તિ વિશે તો આજે નહીં લખું. મારો સવાલ પણ બરાબર સમજાયો નથી લાગતો.

લક્ષ્મીબહેન માંદાં કેમ પડયાં? તે તો માંદાં ન જ પડતાં.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી: જી. એન. ૩૬૭૯ તથા બાપુના પત્રો – ૧: આશ્રમની બહેનોને, પા. ૪૭

## ૨૪૫. મણિલાલ અને સુશીલાબહેન ગાંધીને પત્ર

ડિસેમ્બર ૫, ૧૯૨૭

ચિ. મણિલાલ અને સુશીલા,

આ વખતે એક મેલ ચુકાયો છે. લંકામાં કંઈ મેળ નથી રાખી શકયો. રખડવાનું પણ બહુ જ થયું. પણ એમ ચુકાય તો તમે ન ગભરાશો ને મારી ચૂકનું અનુકરણ ન કરજો. મારા જેવાં બંને સાથે કામઢાં થાઓ ને મારા દોષોને ઓળંગી જતાં ન શીખ્યાં હો તો ત્યારે સુખેથી ચૂકજો. બાકી ખરા વારસ તો એ કે જે વારસામાં વૃદ્ધિ કરે.

કલાને સ્વદેશીપરદેશીનો ભેદ નથી એ સુશીલાનું લખવું ખરું છે, પણ એ વાકય વિચારવા જેવું છે. કલાને છીછરી રીતે વિચારીને તેની પાછળ કળાવિહારીઓ બહુ દોષો સુઝાડી દે છે. તેથી કળા કોને કહેવી એ તપાસવું જોઈએ. આપણી આંખને ગમ્યું તે કળા નયે હોય. ઘણા વિદ્વાનોએ માની તે કળા નયે હોય. કેટલાંયે ચિત્રો ને બાવલાંની કળાને વિશે મેં જગતમાં ખ્યાતિ પામેલા કળાનાયકોના મતભેદો વાંચ્યા છે. એટલે કળાનું રહસ્ય વિચારવા જેવું છે. **કળા કોને કહેવી**[1] એ પુસ્તકનો તરજુમો થયો છે. તે સુશીલાએ વાંચી જવો જોઈએ. ત્યાં એ પુસ્તક ન હોય તો મને લખજો.

૧. લિઓ ટૉલ્સ્ટૉય કૃત **વૉટ ઇઝ આર્ટ**.

Gandhi Heritage Portal

દેવદાસ ખૂબ મંદવાડમાં પિલાયો. નાક ખરાબ થયું છે. પાછો તાવ આવ્યો. હવે ઠીક છે. બા તેની પાસે ગઈ છે. આજે હું ઉત્કલમાં છું.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી: જી. એન. ૪૭૩૧

## ૨૪૬. છત્રપુરની સભામાં ભાષણ[૧]

[ડિસેમ્બર ૬, ૧૯૨૭ કે તે પહેલાં]

હિંદુસ્તાનની પુત્રીઓ—પ્રાંતીય ભાષાઓ વચ્ચે ચાલી રહેલી દૂષિત હરીફાઈનો અંત કયે દિવસે આવશે તેની રાહ જોયા કરું છું. એક ભાઈને ઘણી બહેનો હોય અને સૌને તે સરખી રીતે ચાહે છે તેમ આપણે શા સારુ સૌ ભાષાઓને સરખી રીતે નથી ચાહી શકતા? આ ભૂંડી હરીફાઈનું પરિણામ એ આવ્યું છે કે આપણે આપણી પ્રાંતીય ભાષા ભૂલી ગયા છીએ, અને બીજી પ્રાંતીય ભાષાઓનો દ્વેષ કરીએ છીએ; અને એવા ભ્રમમાં પડેલા છીએ કે અંગ્રેજી દેશની રાષ્ટ્રભાષાની જ નહીં પણ પ્રાંતીય ભાષાઓની પણ ગરજ સારી શકશે. આ ગામડામાં પણ મને અંગ્રેજીમાં ભાષણ આપવાની સિફારસ થઈ હતી; આ મને દેશની પુત્રીઓ પ્રત્યે દ્રોહ, અને પરદેશી ભાષા પ્રત્યે ખોટો મોહ બતાવે છે. અંગ્રેજી પ્રત્યે મને દ્વેષ નથી, પણ હું હિંદીને એકલીને રાષ્ટ્રભાષા તરીકે માનું છું એટલે તેને માટે મને વધારે પ્રેમ છે. અને એ જ કારણે હું હિંદુસ્તાનના શિક્ષિત વર્ગોને હિંદી રાષ્ટ્રભાષા બનાવવાનો આગ્રહ કરી રહ્યો છું. હિંદીની મારફતે જ આપણે બીજા પ્રાંતોની ભાષાઓની સાથે સંબંધમાં આવી શકીએ એમ છીએ, અને તેની પ્રગતિ કરી શકીએ એમ છીએ. પરદેશી ભાષા દ્વારા શીખવાને લીધે આપણાં બુદ્ધિ અને હૃદયનો વિકાસ બંધ ન થઈ ગયો હોત, તો આપણે દેશની પાંચ-છ ભાષાઓ સહેજે શીખી શક્યા હોત. દેશી ભાષાઓ વચ્ચેની હરીફાઈ વિશેની મારી ટીકા આપણી સંકુચિત પ્રાંતીયતાને પણ લાગુ પડે છે. એ પ્રાંતીયતાને લીધે આપણામાં રાષ્ટ્રીયતાનો પૂરો વિકાસ નથી થઈ શક્યો. રાષ્ટ્રીયતાની વૃદ્ધિનો સુવર્ણ નિયમ એ છે કે સબળાએ હમેશાં નબળાને મદદ કરવી, નબળા માટે ઘસાવું, નબળા માટે પોતાના સ્વાર્થનો ત્યાગ કરવો. આટલું કહ્યા પછી તમે ખાદીનો મર્મ પણ સમજશો. ખાદી શુદ્ધ રાષ્ટ્રીયતા ઉત્પન્ન કરવાને અર્થે છે, અને ખાદી જ ગરીબ, પીડિત અને દલિતોને તવંગર તથા સુખીની સાથે રાખી શકે એમ છે.'

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ૧૫–૧૨–૧૯૨૭

ભાષાંતર: નવજીવન, ૧૮–૧૨–૧૯૨૭

૧. મહાદેવ દેસાઈ પોતાના 'સાપ્તાહિક પત્ર'માં લખે છે: "ચિકાકોલમાં છોકરાઓએ 'जनगणमन' ગાયું હતું. કોઈ સંકુચિત આંધ્રવાસીએ મદ્રાસ અને ઉત્કલ સહિતના પ્રાંતોના ઉલ્લેખવાળી લીટીઓ છોડી દીધી હતી અને તેણે ઉત્કલની જગ્યાએ આંધ્ર મૂક્યું હતું. . . . અનેક શોરબકોરવાળી સભાઓ પછી, છત્રપુરની સભા પહેલી શાંત સભા હતી એટલે ગાંધીજીએ આ સંકુચિત ભાવનાને વખોડી કાઢવાની તક લીધી."

Gandhi Heritage Portal

## ૨૪૭. મગનલાલ ગાંધીને પત્ર

મંગળવાર [ડિસેમ્બર ૬, ૧૯૨૭][૧]

ચિ. મગનલાલ,

તમારો કાગળ મળ્યો. તમારા કાગળની રાહ તો જોઉં જ પણ ન આવે એટલે સમજી જાઉં. તમારું સ્તવન તો થાય જ. બેસૂરી વાત જ્યારે કરવાનું પ્રસ્તુત હોય ત્યારે તે સૂરવાળી ગણાય કારણ કે તે જ સત્ય હોય ને સત્ય હમેશાં સૂરવાળું જ હોય. તેથી મને જે કહેવું યોગ્ય હોય તે કહેતાં ન ચૂકજો. તમે જે કાગળોનું લખો છો તે મને મળ્યા નથી. ઘણે ભાગે કાગળો ગેરવલ્લે નથી જતા, પણ આ તો ન મળ્યા. સત્યના પ્રયોગોમાં ઘણીયે ભૂલો રહી જતી હશે. કાળજી તો રાખું છું. પણ જ્યાં સ્મરણશક્તિ ધોખો દે ત્યાં કોને દુ:ખ રડું? નાની કે મોટી હકીકતો મને જણાવ્યા વિના ન રહેજો.

"અજહું ન નિકસે પ્રાણ કઠોર".[૨] મને તો ભય છે જ. પણ મહાદેવે તો પોતાને અર્થે ગાયેલું. તેનો ઈતિહાસ તો મહાદેવ સંભળાવે ત્યારે સાંભળજો. તમે જે કાર્યમાં હમણાં લીન થયા છો તે ઠીક જ થયું છે.[૩] આશ્રમે જવાનું થાય છે એ પણ ઠીક થયું છે. તમારી સૂચના ને ટીકા તો દેતા જ રહેજો. આદર્શ ગામને આદર્શ કરાવવામાં પ્રાણ રેડજો, એટલે તેમાં પ્રાણવાન માણસો વસશે.

બા ત્યાં એટલે દેવદાસ પાસે ગઈ છે. બીજું લખવાનો સમય નથી રહ્યો.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

મૂળ પત્ર પરથી: સી. ડબલ્યુ. ૭૭૬૯; શ્રીમતી રાધાબહેન ચૌધરીના સૌજન્યથી

## ૨૪૮. સત્યનો અનર્થ

એક ભાઈ એક શાળાના આચાર્યની મદદથી વિદ્યાર્થીઓમાં ગીતાનો અભ્યાસ દાખલ કરવાનો પ્રયત્ન કરી રહ્યા છે. પણ ગીતાનો વર્ગ ગોઠવવાને થોડા વખત પર મળેલી સભામાં એક બૅંકના વ્યવસ્થાપક ઊભા થયા, અને સભાના કામમાં દખલ નાખીને બોલ્યા: "વિદ્યાર્થીઓને ગીતા ભણવાનો અધિકાર નથી, ગીતા કંઈ વિદ્યાર્થીઓના હાથમાં મૂકવાનું રમકડું નથી." હવે પેલા ભાઈએ મને આ બનાવ વિશે લાંબો અને દલીલોથી ભરેલો કાગળ લખ્યો છે. અને પોતાની દલીલના ટેકામાં રામકૃષ્ણ પરમહંસનાં કેટલાંક વચનો ટાંકયાં છે, તેમાંથી નીચેનાં અહીં ઉતારું છું:

> છોકરાઓને તેમ જ જુવાનોને ઈશ્વરપ્રાપ્તિની સાધના કરવાનું ઉત્તેજન આપવું જોઈએ. તેઓ વગર બગાડેલાં ફળ જેવા હોય છે, અને સંસારની વાસનાઓનો દૂષિત સ્પર્શ તેમને

૧. બા દેવદાસ પાસે ગયાં છે તે ઉલ્લેખ પરથી આ તારીખ નક્કી કરી છે. જુઓ "મણિલાલ અને સુશીલાબહેન ગાંધીને પત્ર", ૫-૧૨-૧૯૨૭.

૨. ૧૬મી સદીના હિન્દી ભક્તકવિ દાદૂના પદની પ્રથમ પંક્તિ.

૩. પત્રલેખકે ગામડાંઓમાં ઉપાડેલા રચનાત્મક કાર્યનો ઉલ્લેખ છે.

Gandhi Heritage Portal

જરાયે લાગ્યો હોતો નથી. એવી વાસનાઓ એમનાં મનમાં એક વાર પેઠી એટલે પછી એમને મોક્ષને માર્ગે વાળવા બહુ મુશ્કેલ છે.

હું જુવાનોને આટલા બધા શા માટે ચાહું છું? કારણ તેઓ પોતાના મનના સોળે-સોળ આની માલિક છે. તેઓ મોટા થતા જાય તેમ એમાં નાનાનાના ભાગ પડી જવાના. વિવાહિત માણસનું અડધું મન સ્ત્રીમાં પરોવાય છે. બાળક જન્મે ત્યારે ચાર આની મન ખેંચી લે છે, અને બાકીની ચાર આની માબાપ, દુનિયાનાં માનપાન, કપડાંલત્તાંની મોજ-મજા વગેરેમાં વેરાઈ જાય છે. તેથી બાળકનું મન ઈશ્વરને સહેલાઈથી ઓળખી શકે છે. ઘરડા માણસને સારુ એ બહુ કઠણ વાત છે.

પોપટનો કંઠ મોટી ઉંમરે પાકટ થયા પછી એને ગાતાં ન શીખવી શકાય. એ બચ્ચું હોય ત્યારે જ શીખવવું જોઈએ. તે જ પ્રમાણે ઘડપણમાં મન ઈશ્વર ઉપર પરોવાવવું કઠણ છે. બચપણમાં એ સહેલાઈથી પરોવી શકાય છે.

એક શેર ભેગવાળા દૂધમાં નવટાંક પાણી હોય તો પાણી બાળવાને બહુ થોડો શ્રમ અને થોડું બળતણ જોઈએ. પણ શેર દૂધમાં પોણો શેર પાણી હોય તો તે બાળવાને સારુ કેટલી મહેનત પડે ને કેટલું બળતણ જોઈએ! બાળકના મનને વાસનાઓનો પાશ થોડો જ લાગ્યો હોય, તેથી તે ઈશ્વર તરફ વળી શકે. વાસનાઓથી પૂરેપૂરા રંગાયેલા ઘરડા લોકોનાં મનને શી રીતે વાળી શકાય?

"લઘુ વૃક્ષ વાળ્યું વળે જેમ વાળો" પણ પાકા વાંસને વાળવા જઈએ તો એ તૂટી જવાનો. બાળકના હૃદયને ઈશ્વર તરફ વાળવું સહેલું, પણ ઘરડા માણસનું હૃદય ખેંચવા જઈએ તો તે છટકી જાય છે.

મનુષ્યનું મન રાઈના પડીકા જેવું છે. પડીકું ફાટી જતાં વેરાઈ ગયેલા દાણા વીણી ભેગા કરવા જેમ કઠણ છે, તેમ જ્યારે મનુષ્યનું મન અનેક દિશાઓમાં દોડે અને સંસારની જાળમાં ગૂંથાઈ ગયું હોય ત્યારે એને વાળીને એકાગ્ર કરવું મહાકઠણ છે. બાળકનું મન અનેક દિશાઓમાં નથી દોડતું, તેથી તે કોઈ પણ વસ્તુ પર સહેલાઈથી એકાગ્ર કરી શકાય છે. પણ ઘરડા માણસનું મન સંસારમાં જ રમી રહેલું હોવાથી તેને એમાંથી ખેંચીને ઈશ્વર પ્રત્યે વાળવું અતિ કઠણ છે.

વેદાધ્યનના અધિકાર વિશે મેં સાંભળ્યું હતું, પણ પેલા બૅંકના વ્યવસ્થાપકે કલ્પેલા અધિકારની જરૂર ગીતાના અભ્યાસને સારુ હશે એવો ખ્યાલ મને કદી નહોતો. એ અધિકારને સારુ કયા ગુણ જોઈએ એમ તેમણે કહ્યું હોત તો સારું થાત. ગીતા નિંદક સિવાયના સૌને માટે છે એ ગીતાએ પોતે જ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે. ખરું જોતાં હિંદુ ધર્મની મૂળ કલ્પના જ એ છે કે વિદ્યાર્થીનું જીવન બ્રહ્મચારીનું છે, અને તેણે એ જીવનની શરૂઆત ધર્મના જ્ઞાનથી તેમ જ તેના આચરણથી કરવી જોઈએ, જેથી પોતે જે શીખે છે તેને પચાવી શકે અને પોતાના જીવનમાં ધર્માચરણને ઓતપ્રોત કરી મૂકે. પ્રાચીન કાળનો વિદ્યાર્થી પોતાનો ધર્મ શું છે એ જાણ્યા પહેલાં જ એનું આચરણ કરવા માંડતો, અને આ આચરણ પછી તેને જે જ્ઞાન મળતું તેનાથી પોતાને માટે નિયત કરેલા આચારનું રહસ્ય તે સમજી શકતો.

એટલે અધિકાર તો તે વખતે પણ હતો. પણ એ અધિકાર પાંચ યમ—અહિંસા, સત્ય, અસ્તેય, અપરિગ્રહ અને બ્રહ્મચર્ય—રૂપી સદાચારનો હતો. ધર્મનું અધ્યયન કરવા ઇચ્છનાર દરેક જણને આ નિયમોનું પાલન કરવું પડતું, ધર્મના પાયારૂપ આ તત્ત્વોની આવશ્યકતા સિદ્ધ કરવાને ધર્મગ્રંથો વાંચવાની જરૂર રહેતી નહીં.

Gandhi Heritage Portal

પણ આજે આ જાતના ઘણા અર્થવાહી શબ્દોની જેમ "અધિકાર" શબ્દની પણ વિકૃતિ થઈ છે. એક ધર્મભ્રષ્ટ માણસને, તે બ્રાહ્મણ કહેવાય છે એટલા જ કારણે, શાસ્ત્રો વાંચવાનો અને આપણને સમજાવવાનો અધિકાર ગણાય છે. જ્યારે બીજો એક માણસ જે અમુક સ્થિતિમાં જન્મ્યાથી 'અસ્પૃશ્ય'પદને પામ્યો તે પછી ગમે તેટલો ધર્મનિષ્ઠ હોય તોપણ તેને શાસ્ત્રો વાંચવાનો નિષેધ છે!

પણ જે મહાભારતનો ગીતા એ એક ભાગ છે તેના લેખકે આ ગાંડા નિષેધનો વિરોધ કરવાને સારુ જ એ મહાકાવ્ય લખ્યું, અને વર્ણ કે જાતિનો જરા પણ ભેદ રાખ્યા વિના સૌને એ વાંચવાની છૂટ મૂકી દીધી. માત્ર હું ધારું છું કે એમાં મેં ગણાવ્યા એ યમના પાલનની શરત રાખી હશે. "હું ધારું છું" એ શબ્દો મેં એટલા માટે ઉમેર્યા છે કે મહાભારતના અભ્યાસને માટે યમના પાલનની શરત મૂકેલી હોય એવું આ લખતી વખતે મને યાદ નથી આવતું. પણ અનુભવ કહે છે કે હૃદયની શુદ્ધિ અને ભક્તિભાવ એ બે વસ્તુઓ શાસ્ત્રગ્રંથો બરાબર સમજવાને સારુ આવશ્યક છે.

આજના છાપખાનાના જમાનાએ તમામ બંધનો તોડી નાખ્યાં છે. આજે ધર્મનિષ્ઠ લોકો જેટલી છૂટથી શાસ્ત્રો વાંચે છે તેટલી જ છૂટથી નાસ્તિકો પણ વાંચે છે. પણ આપણે આ જગાએ તો વિદ્યાર્થીઓ ધર્મશિક્ષણના અને ઉપાસનાના એક અંગ તરીકે ગીતા વાંચે એ યોગ્ય છે કે નહીં એની ચર્ચા કરીએ છીએ. એમાં હું એટલું કહું કે યમનિયમના પાલનની શક્તિ અને તેથી ગીતાભ્યાસની લાયકાત જેનામાં વિદ્યાર્થીઓ કરતાં વધુ હોય એવો એકે વર્ગ મારી કલ્પનામાં આવતો નથી. દુર્ભાગ્યે એટલું કબૂલ કરવું પડે છે કે મોટે ભાગે વિદ્યાર્થીઓ તેમ જ શિક્ષકો પાંચ યમના ખરા અધિકાર વિશે જરાયે વિચાર કરતા નથી.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ८-१२-१९२७

ભાષાંતર : नवजीवन, ११-१२-१९२७

## ૨૪૯. દેવમંદિર

અહીં સિલોનમાં, જ્યાં કુદરતે પોતાનો અમૂલ્ય ખજાનો છૂટે હાથે વેર્યો છે એવા વાતાવરણમાં यंग इन्डिया માટે લેખ લખતાં લખતાં મને એક કવિહૃદય મિત્રનો પત્ર યાદ આવે છે જે તેમણે આવાં જ દૃશ્યો વચ્ચે બેસીને લખ્યો હતો. એ પત્રમાંના એક ફકરામાં હું વાચકને ભાગીદાર બનાવવા ઇચ્છું છું.

> એક સોહામણી સવાર! શીતળ અને મેઘાચ્છાદિત, જેમાં આછા સૂર્યનાં કિરણો મખમલ જેવાં કોમળ છે. પ્રભાત અદ્‌ભુત રીતે શાંત છે — પ્રાર્થનાની નીરવતા જેવી નીરવતા છવાઈ રહી છે. અને ધુમ્મસ ધૂપ જેવું જણાય છે, વૃક્ષો સમાધિમાં બેઠેલા પૂજારીઓ છે અને પક્ષીઓ તથા જંતુઓ ભજન ગાવા આવેલા તીર્થયાત્રીઓ છે. અહા! કુદરત પાસેથી માણસ સાચો ત્યાગ શીખી શકયો હોત તો કેવું સારું! આપણી ઇચ્છા મુજબ ગમે ત્યારે અને ગમે ત્યાં પૂજા કરવાનો આપણો જન્મસિદ્ધ અધિકાર આપણે ભૂલી ગયા હોઈએ એમ લાગે છે. કરડી નજરથી અને બહારની અસરથી આપણી પૂજાને સુરક્ષિત રાખવા આપણે મંદિરો, મસ્જિદો અને દેવળો બાંધીએ છીએ, પણ આપણે ભૂલી જઈએ છીએ

Gandhi Heritage Portal

કે દીવાલોને આંખો અને કાન હોય છે અને કોને ખબર, છાપરાંમાં પણ ભૂતોનાં ટોળાં ભરાયાં હોય!

અરે ભગવાન, આ પછી તો હું ઉપદેશ આપતો હોઈશ! આવા મનોહર પ્રભાતે એ કેવું મૂર્ખાઈભર્યું છે? પાસેના એક ઉદ્યાનમાં એક નાનું બાળક પક્ષીની માફક નચિંતપણે અને હર્ષથી ગાઈ રહ્યું છે. મને ત્યાં જઈને તેના નાનકડા ચરણની રજ લેવાની ઇચ્છા થાય છે. અને હું એ બાળકની પેઠે મારું હૃદય ગીતમાં ઠાલવી શકતો નથી, એટલે મારો એક માત્ર આશરો મૌનમાં જ છે.

જ્યારે આપણે જોઈએ છીએ કે વિશાળ આકાશના નીલા ચંદરવા હેઠળ નિત્યનવીન મંદિર આપણને દરેકને—ધર્મને નામે ઝઘડા કરીને ઈશ્વરનું નામ બદનામ કરવાને બદલે—સાચી પ્રાર્થના કરવા આમંત્રે છે ત્યારે દંભ અને પાખંડને છુપાવનારાં અને ગરીબોનો પ્રવેશ બંધ કરનારાં દેવળો, મસીદો ને મંદિરો ઈશ્વર અને ઈશ્વરની પૂજાના ઉપહાસ જેવાં જણાય છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ८–१२–१९२७

## ૨૫૦. બાણપુરમાં ભાષણ

ડિસેમ્બર ૮, ૧૯૨૭

તમારા માનપત્ર અને થેલી બદલ હું તમારો આભાર માનું છું. મારા દાક્તરોની સલાહનો વિચાર કરીને મેં બાણપુર આવવાનો વિચાર માંડી વાળ્યો હતો. પણ મેં જ્યારે જાણ્યું કે ગામડાના લોકોને પોલીસ એવી ધમકી અને ચેતવણી આપે છે કે, જો તમે સભામાં આવ્યા તો તમને ઘોડાના પગ નીચે કચરી નાખવામાં આવશે અને સિપાઈઓ તમને ગોળીથી વીંધી નાખશે, ત્યારે મેં બાણપુર આવવાનો નિશ્ચય કર્યો.

[1]જે માણસ ડરે તેને બીજો ડરાવે એવો કાનૂન છે. જે નહીં ડરે તેને ડરાવનારો ડરાવવાની વાત ભૂલે છે. અને જે ડરે છે તે સામાન્ય રીતે પોતાના દોષના કારણે ડરે છે. તમે કાંઈ ગુનો કર્યો નથી. સીધે રસ્તે ચાલનારને જગતમાં કોઈનો ડર નથી. પોલીસ પણ આખરે તો આપણા ભાઈ છે. એ ડરાવે તો એને કહીએ કે તું શેનો ડરાવે છે? જો તે પૈસા કઢાવવા માગે, તો કહેવું: "તને કોડી ન મળે." જેલમાં જવાનું કહે, તો ખુશીથી કહેવું: "ચાલ." મારે, તો તેને સામો મારવા ન જતાં કહેવું: "શા સારુ મારે છે?" છતાં મારે તો મહાસભાનો કોઈ નેતા તમારી પડોશમાં હોય અથવા કોઈ પ્રતિષ્ઠિત સજ્જન હોય તેને જઈને ખબર આપવી, પણ અદાલતમાં ન જવું. અદાલતમાં જવાથી ફાયદો નથી. પણ મારો ઉપાય તમને ન પસંદ પડે અથવા ન પાલવે, તો અદાલતમાં પણ જવું. પણ ડરી જવું એ ભયંકર પાપ છે. કારણ ડરનારો મનુષ્યત્વ છોડે છે. આ જગતમાં ઈશ્વર સિવાય કોઈથી ન ડરીએ. હું અહીં કાલે બે વાગ્યા સુધી છું. કોઈને પોલીસના ત્રાસની વાત કરવી હોય તે મને સંભળાવી જાય.

૧. આ પેરેગ્રાફનું ભાષાંતર નવજીવન, ૨૫–૧૨–૧૯૨૭ના અંકમાંથી આપ્યું છે.

Gandhi Heritage Portal

તમારા માનપત્રમાં જણાવવામાં આવ્યું છે કે, અહીં ખાદીનું કંઈ પણ કામ થતું નથી. તમારા જિલ્લાના બીજા ભાગોના ખાદી કાર્યકર્તાઓની સલાહ લો અને તમારે ત્યાં સ્થાનિક ખાદી તૈયાર ન કરી શકો ત્યાં સુધી ઓરિસ્સામાં બનેલી ખાદી ખરીદજો.

[મૂળ અંગ્રેજી]

हिन्दु, १२-१२-१९२७, यंग इन्डिया, २२-१२-१९२७

## ૨૫૧. સી. એફ. ઍન્ડ્રૂઝને પત્ર

[બોલગઢ,
ડિસેમ્બર ૧૦, ૧૯૨૭][1]

પ્રિય ચાર્લી,

હવે હું આખો કાર્યક્રમ પૂરો કરવા આવ્યો છું. સમ્બલપુર છોડી દેવામાં આવશે. તમે મને જમશેદપુર નથી મોકલતા તે માટે તમારો આભારી છું. હું સોમવાર સુધી અહીં છું. સોમવારે રાત્રે સખીગોપાલ પહોંચીશ અને બુધવારે બાલાસોર. બાકીનું અનિશ્ચિત છે. ખડગપુરનો વિજય[2] ખરેખર ઈશ્વરની બક્ષિસ છે.

સસ્નેહ,

**મોહન**

[તા. ક.]

મારી તબિયત સારી છે.

સી. એફ. ઍન્ડ્રૂઝ
બાલાસોર

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: જી. એન. ૨૬૨૫

૧. ટપાલની છાપ પરથી.

૨. ઑગસ્ટ–સપ્ટેમ્બર, ૧૯૨૭માં બંગાળ–નાગપુર રેલવેના વહીવટદારોએ ખડગપુર કારખાનાના ૧૯૦૦ કામદારોને ઓછા કરવાનો નિર્ણય કર્યો. કામદારોએ શાંત પ્રતિકાર કર્યો. કારખાનું ૧૨મી સપ્ટેમ્બરે બંધ કરવામાં આવ્યું અને આઠમી ડિસેમ્બરે ફરીથી ખોલવામાં આવ્યું ત્યારે તપાસને પરિણામે કાઢી મૂકેલા કારીગરોમાંથી કેટલાકને પાછા રાખવામાં આવ્યા અને થોડા છૂટા કરેલા કારીગરોને આપવાની નુકસાનીની રકમમાં વધારો કરવામાં આવ્યો. (इन्डिया इन १९२७-२८, पा. १७७-८)

Gandhi Heritage Portal

# ૨૫૨. ચક્રવર્તી રાજગોપાલાચારીને પત્ર

બોલગઢ,
ડિસેમ્બર ૧૦, ૧૯૨૭

પ્રિય સી. આર.,

તમને જાણીને આશ્ચર્ય થશે કે મને એક નાનકડા સુંદર ગામમાં ત્રણ દિવસ આરામ લેવાના મળ્યા છે. તેની પહેલાંનો ગંજામનો કાર્યક્રમ છતાં ત્યાં વીસ હજાર મળ્યા; કદાચ સિલોનના કાર્યક્રમ કરતાં પણ ખરાબ હતો, ત્યાર પછી એક દાક્તર મારું લોહીનું દબાણ માપવા આવ્યા. લોહીનું દબાણ તપાસવા માટે નિરંજનબાબુએ તમે કહી હતી તેવી જ ગોઠવણી કરી છે. દાક્તરે જોયું કે દબાણ ૧૯૦ છે એટલે તે ભડકયો અને આખો કાર્યક્રમ નવેસર ગોઠવવામાં આવ્યો છે. અને પરિણામે મને આ આરામ મળ્યો છે. અંગત રીતે તો હું દાક્તરે માપેલા દબાણના આંકમાં માનતો નથી, પણ તેણે ખોટું વાંચ્યું હોય તોપણ તેથી લાભ જ થયો છે. કટકથી આવેલા એક નવા દાક્તરે દબાણ ૧૫૫ અને ૧૬૫ની વચ્ચે હોવાનું જણાવ્યું. તેનું પોતાનું માનવું છે કે દબાણ ૧૫૫ ને ૧૬૦ની વચ્ચે છે. મહાદેવ અને પ્યારેલાલે ૧૬૫ માપ્યું. ડાયાસ્ટૉલિક ૯૦-૧૦૦ છે. આ માપ સાચાં હોય તો દબાણ પહેલાં હતું તેટલું જ છે અને ચિંતા જેવું કંઈ નથી. પણ આ હું તમને લોહીનું દબાણ જણાવવા માટે નથી લખતો. હું તદ્દન તંદુરસ્ત છું એટલું તમે જાણો એટલું બસ છે.

આ પત્ર હું સાથેનો પત્ર તમને મોકલવા માટે લખાવી રહ્યો છું. જો તમે કોઈને, એ ગામની તપાસ કરીને એ દરખાસ્ત આપણે સ્વીકારી શકીએ એમ છીએ કે કેમ તે જાણી લાવવા મોકલી શકતા હો તો મોકલશો. કોઈ પણ સ્થિતિમાં તમે પોતે પત્રલેખક શ્રી જી. સુબ્રહ્મણ્યમ સાથે પત્રવ્યવહાર કરશો. હું તેમને પોસ્ટ કાર્ડ લખીને તમારા પત્રની રાહ જોવા જણાવું છું.

ડૉ. જોસેફનો પત્ર પણ તમને મોકલું છું. તેમની સૂચના મને ગમે છે. હું માનું છું કે આપણે નાગરકૉઈલમાં કંઈક કામ કરવું જોઈએ, અને તમારી પાસે કંઈ બીજી યોજના ન હોય તો તેમની સાથે પત્રવ્યવહાર કરો અને તેમને લખો કે તમારી યોજના માન્ય છે અને તે સંઘની[1] સમિતિ સમક્ષ મૂકવામાં આવશે અને તમને જલદી જવાબ આપવામાં આવશે. તે દરમ્યાન તમે તેમને તેઓ માગે છે તે સૂતરનો નમૂનો મોકલી શકો તો મોકલશો. આપણે સૂતર લઈ શકીએ અને ત્યાં સ્થાનિક વણકરો હોય તો તે વણાવી પણ શકીએ એવી સ્થિતિમાં હોવા જોઈએ. ડૉ. જોસેફને જલદી લખશો. મેં તેમને જણાવ્યું છે કે તેમની યોજના મને ગમે છે અને તેમનો પત્ર મેં તમને વિચારણાર્થે મોકલ્યો છે.

હું આશા રાખું છું કે મદ્રાસમાં તમે મકાનની વ્યવસ્થા કરી દીધી હશે. સતીશબાબુ એક દિવસ માટે અહીં આવ્યા હતા. તેઓ મદ્રાસ આવશે અને આપણી સાથે રહેશે. તમારે થોડું બકરીના દૂધનું માખણ આશરે એક પાઉંડ જેટલું તૈયાર રાખવું જોઈશે.

૧. અખિલ હિંદ ચરખા સંઘ.

Gandhi Heritage Portal

. . .[1]નો પત્ર આ સાથે છે. તેમને પહોંચ લખશો. હું તેમને લખતો નથી. તેમની સૂચના ઠીક લાગે છે. બેશક, અમે તમારી સાથે જ હોઈશું.

બાપુ

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૨૬૪૭

## ૨૫૩. બોલગઢની જાહેર સભામાં ભાષણ

ડિસેમ્બર ૧૦, ૧૯૨૭

કૉલેરા, શીતળા કે મલેરિયા જેવા રોગો કરતાં પણ ભય વધારે ઘાતક છે. રોગ શરીરને જ નબળું પાડે છે જ્યારે ભય આત્માનો નાશ કરે છે. અને બીકણ માણસો ઈશ્વરને સમજી શકતા નથી. જે માણસ ઈશ્વરથી ડરીને ચાલે છે, ઈશ્વરનું નામ લે છે તે માણસોથી ડરી ન શકે. મિત્રોએ મને કહેલી એ વાતને હું ખોટી ગણી કાઢી શકું એમ નથી, કે પોલીસો અને બીજાઓએ તમને ધમકી આપી છે ને કહ્યું છે કે જેઓ મારી પાસે આવશે તેમને બધાને સરકાર પકડી લેશે. સરકાર લોકોની ધરપકડ કરવા માગે છે એવી કોઈ વસ્તુની મને ખબર નથી અને હું જાણું છું ત્યાં સુધી હજી સુધી સરકારે લોકોને હું જે ફંડ ઉઘરાવું છું તેમાં ફાળો ન આપવાનું કહ્યું નથી. હું એવું સમજું છું કે ઓરિસ્સા ગરીબ છે એટલે જમીનદારો અને સરકારી અધિકારીઓ લોકોને પોતાના સ્વાર્થને માટે ભયમાં રાખવા માગે છે. બાણપુરના પ્રવાસ પછી મને વાતાવરણમાં કંઈક વિચિત્ર વસ્તુઓ જોવા મળી છે. હું સમજી નથી શકતો કે લોકોને મારાથી દૂર રાખવાથી અને ખાદીના કામમાં દખલ કરવાથી સરકારને કેવા પ્રકારનો સંતોષ થશે. કોઈ માણસ બીજા માણસને સતાવે એ વિચાર જ હું સહન કરી શકતો નથી અને આવા સાદાભોળા લોકો સાથે આવું વર્તન કરવામાં આવે એની મને શરમ આવે છે. વળી એક બાજુથી પરદેશી લોકોનો જુલમ હું સહન કરી શકતો નથી ત્યારે મારા પોતાના જ દેશના જમીનદારો ને અધિકારીઓ લોકોને ડરાવે છે, એથી મને શરમ આવે છે. જેમને ડરાવવામાં આવ્યા છે તેમનાં નામો મને આપવામાં આવે તો હું તેમને મળવા માગું છું અને જમીનદારોનાં નામ પણ મને આપવામાં આવે તો હું તેમને મળીને તેમની સાથે આ બાબતની ચર્ચા કરીશ. ભય રોગો કરતાં પણ વધુ પ્રાણઘાતક છે. હું લોકોને ભય છોડવા કહું છું જેથી ડરાવનારાઓનું કામ આપોઆપ બંધ થઈ જાય. દારૂ, જુગાર અને વેશ્યાવૃત્તિ છોડો જેથી તમે ઈશ્વરને પ્રાપ્ત કરવા જેટલા પવિત્ર બની શકશો. હું ઓરિસ્સામાં થેલીઓ લેવા નથી આવ્યો, પણ ખાદી માટે ગરીબો પાસે પણ ભીખ માગતાં હું અચકાતો નથી. ભગવાન તમારું કલ્યાણ કરો.

[મૂળ અંગ્રેજી]

ઓરિસ્સા સરકારના રેકર્ડમાંથી

૧. મૂળમાં અહીં ખાલી જગ્યા છે.

Gandhi Heritage Portal

# ૨૫૪. એડા રોઝનગ્રીનને પત્ર

આશ્રમ,
સાબરમતી,
ડિસેમ્બર ૧૧, ૧૯૨૭

પ્રિય મિત્ર,

તમારો પત્ર[1] મળ્યો જેને માટે હું તમારો આભાર માનું છું. તમે સેલ્ફ રિસ્ટ્રેન્ટ વર્સસ સેલ્ફ ઇન્ડલ્જન્સનો અનુવાદ કરી શકો છો. શરતોની બાબત હું તમારા પર છોડું છું. જે કંઈ આપવામાં આવશે તે જાહેર ઉપયોગમાં ખર્ચાશે.

પશ્ચિમની સ્ત્રીઓ વિશે તમે જે કહો છો તે થોડે અંશે જ સાચું છે અને કદાચ હિંદની સ્ત્રીઓ વિશે પણ અમુક અંશે સાચું છે. પણ આ તો ફૅશનેબલ સ્ત્રીઓ છે અને તે ઘણી ઓછી છે. ઘણા મોટા ભાગની સ્ત્રીઓને લાગેવળગે છે ત્યાં સુધી, તેઓ પોતાના કામમાં એટલી ગૂંથાયેલી રહે છે કે તેમને પાશવી વાસનાઓનો વિચાર કરવાનો સમય જ હોતો નથી. પાશવી વાસના જોર કરે ત્યારે આક્રમક બનવાનો હક જાણે પુરુષ માટે જ અનામત રહે છે. તમે નિષ્ક્રિયતાના વલણ વિશે જે વાત કહો છો તે તો દુર્ભાગ્યે આખી દુનિયાની સ્ત્રીઓ વિશે તદ્દન સાચી છે. અને હું નથી ધારતો કે મોટા ભાગની સ્ત્રીઓ ક્યારેય એ નિષ્ક્રિયતાનું વલણ દૂર કરી શકે. કદાચ તેમના શરીરનું બંધારણ જ એવું છે જે ખાસ તાલીમ વડે ઊભા કરેલા અમુક ચોક્કસ સંજોગો બાદ કરતાં તેમના સક્રિય પ્રતિકાર વૃત્તિના વિકાસને અટકાવે છે. અને સ્ત્રી નિષ્ક્રિય વલણવાળી છે તેથી જ મેં કહ્યું છે કે સ્ત્રી કરતાં પુરુષ વધુ દોષને પાત્ર છે અને પશ્ચિમની ફૅશનેબલ સ્ત્રી પણ સૂક્ષ્મ આકર્ષણ કે નખરાં કરવાથી વિશેષ કંઈ કરતી નથી. સ્ત્રીઓએ પુરુષો પર આક્રમણ કર્યું હોય એવા બહુ દાખલા મારી જાણમાં નથી. સ્ત્રીના હૃદયમાં કામવાસનાએ તોફાન મચાવ્યું હોય તોપણ તેનામાં આક્રમક થવાને બદલે પોતાની જાત પર કાબૂ રાખવાની અને ઝૂરી મરવાની અસાધારણ શક્તિ હોય છે.

તમારો સહૃદયી

એમ. એડા રોઝનગ્રીન
લિડિંગો, સ્વિડન

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૧૨૫૪૧

૧. ૨૮-૯-૧૯૨૭નો. એ પત્રમાં રોઝનગ્રીને ગાંધીજીના પુસ્તકનો સ્વિડિશમાં અનુવાદ કરવાની પરવાનગી માગી હતી.

Gandhi Heritage Portal

# ૨૫૫. હેન્રી નીલને પત્ર

આશ્રમ,
સાબરમતી,
ડિસેમ્બર ૧૧, ૧૯૨૭

પ્રિય ભાઈ,

તમારો માયાળુ પત્ર[1] તથા સાથે બીડેલા કાગળો મળ્યા. મને નથી લાગતું કે તમને અનુકૂળ આવે એવું હું ખરેખર કંઈક લખી શકું. એટલે તમારી માગણી ન સ્વીકારવા માટે મને માફ કરશો.

બાળકલ્યાણના સવાલને સંબંધ છે ત્યાં સુધી, એ વાત તદ્દન સાચી છે કે લૉર્ડ લિટન કહે છે એ અર્થમાં મેં એ સવાલમાં રસ લીધો નથી, પણ જેને હું વધારે ઉચ્ચ અર્થ કહું છું એ અર્થમાં અને જેમાં થોડા હજાર નહીં પણ કરોડો બાળકોનો સમાવેશ થાય છે તે અર્થમાં હું તેમના કલ્યાણકાર્યમાં સતત રોકાયેલો રહ્યો છું. કારણ કે હાથકાંતણની ચળવળ આ દેશના કરોડો ભૂખે મરતા લોકો, જેમાં નાનાં બાળકો પણ સામેલ છે, તેમને યત્કિંચિત્ મદદ કરવાના ઉદ્દેશથી યોજવામાં આવી છે. અને જો હું સફળ થાઉં તો હું જાણું છું કે જે પ્રકારનું બાળ-કલ્યાણ તમારા ને લૉર્ડ લિટનના ખ્યાલમાં છે તે નિશ્ચિત થશે.

તમે જે છાપેલું પાનું મોકલ્યું છે તેનો જવાબ આપવો મુશ્કેલ છે કારણ કે લેખકે એ જ વસ્તુને જુદા દૃષ્ટિકોણથી જોઈ છે. તેથી તેને વિશે કંઈ ટીકા કરવાની મારી ઇચ્છા નથી. એ લેખ તમારી ઇચ્છા મુજબ તમને પાછો મોકલું છું.

તમારો સહૃદયી

જજ હેન્રી નીલ

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૨૫૪૫

૧. પોતાના ૮-૧૦-૧૯૨૭ના પત્રમાં હેન્રી નીલે ગાંધીજી પાસે "ભારતના લોકો પર ઈશુ ખ્રિસ્તના ઉપદેશના પ્રભાવની બાબતમાં એક પૂરેપૂરું વિસ્તૃત નિવેદન" માગ્યું હતું. બીજા વિષયો પર પણ એમણે ગાંધીજીના વિચાર માગ્યા હતા.

Gandhi Heritage Portal

## ૨૫૬. કોચીનના સગીર-રક્ષા સમાજના મંત્રીને પત્ર

આશ્રમ,
સાબરમતી,
ડિસેમ્બર ૧૧, ૧૯૨૭

ભાઈશ્રી,

સતત પ્રવાસને કારણે તમારો પત્ર આજે જ હાથમાં આવી શક્યો છે. જોકે દેવદાસીન પ્રથાને વખોડી કાઢતાં હું અચકાતો નથી. છતાં તમારા સમાજના કોઈ પણ સભ્યને હું વ્યક્તિગત રીતે ઓળખતો ન હોવાથી મારે માટે તમારી અપીલ વિશે કંઈ પણ કહેવું ઉચિત ન ગણાય. તમે જો ત્યાં અપરિચિત છો તો મારે માટે તમે એથીયે વધુ અપરિચિત છો. તેથી તમારી ફરજ ત્યાં પ્રામાણિકપણે અને સખત કામ કરીને લોકોમાં પરિચિત થવાની છે. અને મને ખાતરી છે કે કોચીનમાં એવા ઘણા ઉદાર માણસો હશે જેઓ તમારું કામ ઉપાડી લેશે.

તમારો સહૃદયી

ધિ સેક્રેટરી
સોસાયટી ફૉર પ્રોટેકશન ઑફ માઇનર્સ
કોચીન

[મૂળ અંગ્રેજી]

માઇક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૨૬૪૨

## ૨૫૭. ડી. આર. ભાંડારકરને પત્ર

આશ્રમ,
સાબરમતી,
ડિસેમ્બર ૧૧, ૧૯૨૭

પ્રિય ભાઈ,

સતત પ્રવાસમાં હોવાને કારણે હું તમારા પત્રનો જવાબ જલદી લખી શક્યો નથી. તમે બાંધી આપેલી સમયમર્યાદામાં મારા પર નાખેલું કામ પૂરું કરવાનું લગભગ અશક્ય છે. હું જાતે એ કામ ન કરું તો ફક્ત મહાદેવ દેસાઈ તે કરી શકે તેમ છે. પણ તેમના પરના અત્યારના બોજામાં ઉમેરો કરવાનું મને ગમતું નથી. ફેબ્રુઆરી સુધી તેમને કે મને એક પળની પણ ફુરસદ નથી.

તમારો સહૃદયી

પ્રોફેસર ડી. આર. ભાંડારકર
૩૫, બાલીગંજ સર્ક્યુલર રોડ
કલકત્તા

[મૂળ અંગ્રેજી]

માઇક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૨૬૪૩



Gandhi Heritage Portal

## ૨૫૮. જે. એન. જિનેન્દ્રદાસને પત્ર

આશ્રમ,
સાબરમતી,
ડિસેમ્બર ૧૧, ૧૯૨૭

પ્રિય ભાઈ,

તમારો લાંબો પત્ર મળ્યો હતો. એક દેશમાંથી બીજા દેશમાં જતા દુ:ખી લોકોની અવરજવરને લોકમતના દબાણથી રોકવાનું કે નિયમન કરવાનું અશક્ય છે અને કાયદાથી એને અટકાવવી એ ખોટું છે. પણ ગમે તે જાતિના ગરીબ મજૂરોની અવરજવર સાથે જોડાયેલાં અનિષ્ટોને રોકવા માટે સિલોનમાં ડહાપણભર્યો સુધારક કાનૂન કરવાથી ઘણું થઈ શકે. તમારે સિલોનમાં એવો લોકમત ઊભો કરવો જોઈએ જે મજૂરોના માલિકો પાસે મજૂરો માટે માનવીય વર્તાવની, પૂરતી રોજીની અને આરોગ્ય જળવાય એવાં અને મોકળાશવાળાં ઘરો બાંધવાની હકથી માગણી કરે. હિંદુસ્તાનના મજૂરોને પરદેશી ગણવાને બદલે તમારે તેમને પોતાના ગણવા જોઈએ. આખરે, મજૂરો સિલોન જાય છે કારણ કે ત્યાં તેમની જરૂર છે.

તમારો સહૃદયી

જે. એન. જિનેન્દ્રદાસ
૪૫, પરાનવાડિયા રોડ
મરાડાના, કોલંબો

[મૂળ અંગ્રેજી]

માઈક્રોફિલ્મ પરથી: એસ. એન. ૧૨૬૪૪

## ૨૫૯. એક પત્ર

આશ્રમ,
સાબરમતી,
ડિસેમ્બર ૧૧, ૧૯૨૭

ભાઈશ્રી,

તમારો પત્ર મળ્યો. મુક્તિ માટે ખ્રિસ્તી ધર્મ અપનાવવો આવશ્યક છે એવું હું માનતો નથી. ઈશુ ખ્રિસ્ત એકમાત્ર ઈશ્વરી પુરુષ છે એવું હું માનતો નથી. હું નથી માનતો કે બધા રોમન કૅથલિક પાદરીઓનું જીવન શંકાથી પર છે. લગ્નમાં બેમાંથી એક પક્ષની માગણીથી સંભોગ કરવાનો રહે છે એમ કહેવું એ મારા અભિપ્રાય મુજબ, લગ્ન વિશે હલકો મત ધરાવવા બરાબર છે. લગ્નના એના કરતાં ઘણા ઉમદા ઉપયોગો છે. એક પક્ષની માગણી થતાં બીજા પક્ષે સંભોગમાં સંમત થવાની ધર્મ આજ્ઞા કરે છે એવી મને જાણ નથી. એથી ઊલટું, બંને પક્ષો સરખી ઇચ્છા ન બતાવે ત્યાં સુધી સંભોગની છૂટ નથી.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

માઈક્રોફિલ્મ પરથી: એસ. એન. ૧૨૬૪૫

Gandhi Heritage Portal

# ૨૬૦. શ્રીપ્રકાશને પત્ર

બોલગઢ (ઓરિસ્સા),
ડિસેમ્બર ૧૧, ૧૯૨૭

પ્રિય શ્રીપ્રકાશ,

આટલા લાંબા વખત સુધી તમારા પત્રનો જવાબ ન આપવા માટે મને માફ કરશો. પણ મારી પાસે મારી શક્તિ બહારનું કામ લેવામાં આવ્યું અને ઢગલાબંધ પત્રોનો જવાબ આપવાનો મારી પાસે સમય ન રહ્યો. ઉત્કલના એક અજાણ્યા અને દૂરના ગામડામાં મને આરામ લેવાની ફરજ પાડવામાં આવી છે તેથી જ મને એકઠા થયેલા પત્રોનો જવાબ લખવાનો સમય મળ્યો છે અને સ્વાભાવિક રીતે જ તમારો પત્ર મારા હાથમાં આવ્યો છે. તમારા પત્ર સાથે આશ્રમમાંથી આવેલી રસીદ આ સાથે છે.

આજવાળા લોકોએ ફરિયાદ ન કરવી જોઈએ. ભેટ તરીકે નકલો માત્ર જાણીતાં અંગ્રેજી છાપાંઓને જ મોકલવામાં આવી છે. જાણીતા મિત્રોને પણ નકલો મોકલવામાં આવી નથી. એનું કારણ એટલું જ છે કે આખરે યંગ इन्डिया અને नवजीवन હાલમાં ઘણાં ગરીબ પત્રો છે. તેમનો ફેલાવો ૧૯૨૦માં અને ૧૯૨૧માં હતો તેટલો નથી. વળી જાહેરખબર ન લેવાની વગેરે મુશ્કેલીઓ છતાં સ્વાશ્રયી રહેવાના કડક નિયમનું પાલન કરવામાં આવે છે. અને જ્યારે આ પત્રો ચલાવતાં કંઈ બચે છે ત્યારે તે બધું જાહેર કાર્યમાં જાય છે. એટલે જો आज મફત નકલની અપેક્ષા રાખે તો એટલું ગરીબ માણસોના ખિસ્સામાંથી લઈ લીધેલું ગણાય. જો આટલા ખુલાસા પછી તમે અથવા आज કાર્યાલયના કાર્યકરો મફત નકલની આશા રાખતા હો તો મને જણાવશો એટલે હું સ્વામી આનંદને એક નકલ મોકલવા લખીશ. અલબત્ત, હું જાણું છું કે કલકત્તાના बसुमतिની માફક आज તમારી તરફનું એક આગળ પડતું પત્ર છે. પણ હું જાણું છું ત્યાં સુધી કોઈ દેશી ભાષાના છાપાને અંગ્રેજી નકલ મોકલવામાં આવી નથી.

તમે પત્ર દ્વારા અથવા મારી પાસે આવીને તમારું દિલ ખોલો. મને તમારો બોજો હળવો કરવામાં આનંદ થશે. મને તમારો મિત્ર સમજો. હું તમારી વાત મારા મનમાં જ રાખીશ અને તમારો બોજો હળવો કરવામાં મદદ કરીશ. જાન્યુઆરીમાં હું સાબરમતીમાં છું. દિલગીર છું કે એ મહિનામાં થોડા દિવસ માટે મારે કાઠિયાવાડ જવું પડશે.[1] પણ જો તમે આખો મહિનો ત્યાં હશો તો તમે પણ મારી સાથે કાઠિયાવાડ આવી શકશો અને એ વિચિત્ર પ્રદેશ જોઈ શકશો.

રેંટિયો નિયમિત જરૂર ચલાવો અને એક વાર તમારો હાથ બેસી ગયો કે તમે તેને છોડવા નહીં માગો. એ તમારો વિશ્વાસુ સાથી થઈ રહેશે અને તમે આજ્ઞા કરશો ત્યારે જ તમારી સાથે બોલશે. પણ રેંટિયો ચલાવવામાં તમને પૂરો આનંદ તો માત્ર ત્યારે જ આવશે જ્યારે તમે એનો અને એની મારફતે તમારો સંબંધ આપણા દેશના દરિદ્રમાં દરિદ્ર લોકો સાથે જોડશો. અને જો ગરીબમાં ગરીબ લોકો સાથે એકરૂપ થવામાં કંઈ શરમ ન હોય તો તકલી સાથે રાખવામાં કશી શરમ શા માટે હોવી જોઈએ? હું માનું છું કે તમને ખબર હશે કે અલમોડામાં

૧. "જુઓ કાઠિયાવાડ રાજકીય પરિષદ, પોરબંદરમાં ભાષણ", ૨૨-૧-૧૯૨૮.

Gandhi Heritage Portal

અને હિંદના બીજા ઘણા ભાગોમાં ભરવાડો જ્યાં જાય છે ત્યાં પોતાની તકલી સાથે રાખે છે અને ઊન કાંતતા રહે છે.

તમારો

શ્રીયુત શ્રીપ્રકાશ
બનારસ

[મૂળ અંગ્રેજી]
માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૨૬૪૯

## ૨૯૧. હરજીવન કોટકને પત્ર

બોલગઢ, ઓરિસ્સા,
ડિસેમ્બર ૧૧, ૧૯૨૭

મન મેલું થાય ત્યારે મેલા વિચાર કાઢવાના પ્રયાસમાં રોકવાને બદલે એને બીજા કામમાં જ રોકી દેવું; એટલે કે પોતાના કામના વિચારમાં રોકવું, રામનામમાં રોકવું, કંઈ વાંચવામાં રોકવું, કંઈ મજૂરીમાં રોકવું—એવી કે એમાં મન પણ પરોવવું પડે. આંખને ભમવા જ ન દેવી; કોઈ પણ સ્ત્રીની ઉપર પડે તો એને ખેંચી જ લેવી. સ્ત્રી કે પુરુષની સામે જોવાની આવશ્યકતા ભાગ્યે જ હોય છે. તેથી જ બ્રહ્મચારીને અને બધાને આજ્ઞા છે કે આંખને નીચે રસ્તા ઉપર રાખીને જ ચાલવું, બેઠા હોઈએ ત્યારે સ્થિર રાખવી. આ બાહ્ય ઉપાય છે; પણ અમૂલ્ય છે. ઉપવાસની જરૂર લાગે ત્યારે કરજો.

સાતવળેકરજીની પાસે જવાની જરૂર નથી. એ આસન શીખવી શકશે ખરા. આસન શીખવા યોગ્ય છે. એટલા સારુ જવું હોય તો જરૂર જજો. એને હું સારી પેઠે ઓળખું છું. સજ્જન પુરુષ છે.

ઉપવાસમાં પણ વીર્યસ્રાવ થાય છતાં ડરવાનું નથી. વૈદ્યો કહે છે કે વિષયવિકાર વિના, મળના બોજાથી પણ સ્રાવ થઈ જાય છે. પણ એમ માનવાને બદલે વિષયવિકારથી જ સ્રાવ થાય છે એમ માનવું વધારે લાભદાયક છે. વિકારોની આપણને હમેશાં માહિતી નથી રહેતી. છેલ્લા પંદર દિવસમાં મને બે વાર નિદ્રામાં સ્રાવ થઈ ગયો. મને સ્વપ્નાનું ભાન નથી. હસ્તદોષ તો મને કદી હતો જ નહીં. આ સ્રાવનું કારણ શારીરિક નબળાઈ તો છે જ. પણ હું તો જાણું છું કે મારામાં ઊંડે ઊંડે વિકારો ભર્યા છે. એને, જાગ્રત અવસ્થામાં તો કાબૂમાં રાખી શકું છું; પણ જે વસ્તુ શરીરમાં ઝેરની જેમ ભરાઈ રહેલી છે તે બળાત્કારે પણ પોતાનો માર્ગ કરી લે છે. મને તેનું દુઃખ છે પણ ગભરાટ નથી. હું સાવધાન રહું છું. શત્રુને દાબું છું; એને દેશનિકાલ નથી કરી શક્યો. હુ સાચો હઈશ તો દેશનિકાલ પણ થશે. સત્યનો તાપ એ સહી નહીં શકે. આ જ તમારી સ્થિતિ હોય તો મારા અનુભવમાંથી શીખજો. વિકારરૂપે સ્વસ્ત્રી કે પરસ્ત્રી વિશે, એ એક જ વસ્તુ છે. પરિણામે એ જુદો છે. આપણે અત્યારે વિકારરૂપે જ આ શત્રુનો વિચાર કરીએ છીએ. એટલે જાણજો કે સ્વસ્ત્રીને વિશે મારા જેવો વિષયી બીજો ભાગ્યે જ હશે. તેથી મેં તમને મારી દયાજનક સ્થિતિ બતાવી હિંમત આપી છે. આજે "બા"

Gandhi Heritage Portal

મને મા છે. એ, મહાપ્રયત્ને અને ઈશ્વરપ્રસાદથી થયું છે. પણ એ ગંદા જીવનના વારસારૂપે રહેલા અવશેષો મને પીડે છે. હું એને પીડયા કરું છું; અને ઈશ્વરકૃપા હશે તો આ દેહે જ એને જીતીશ.

[મૂળ ગુજરાતી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી; શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી તથા મહાદેવભાઈની ડાયરી, પુસ્તક અગિયારમું

## ૨૬૨. આશ્રમની બહેનોને પત્ર

બોલગઢ,
મૌનવાર, ડિસેમ્બર ૧૨, ૧૯૨૭

બહેનો,

આજ મને પરમ એકાંત તો છે, પણ તે એકાંત માંદાની કોટડીની એકાંત છે. અહીંની સ્થિતિ જોઈને હૃદય સળગે છે ને અહીં જ રહી જવાનું મન થઈ જાય છે. તમારામાંથી કોઈ પણ બહેન તૈયાર હોય તો તેને હું જરૂર અહીં આવવા લલચાવું. અહીં બધી સ્ત્રીઓ ઓઝલ પાળે છે. લોકોને નથી પૂરાં કપડાં ને નથી ખાવાનું. ઓરિસ્સામાં પ્રવેશ કર્યા પહેલાં, છે તેના કરતાં કપડાં ઓછાં કરવાની માગણી જ્યારે મીરાંબહેને કરી ત્યારે હું કંઈક ગભરાયો હતો. અહીં આવીને જોયું કે એ માગણી ઠીક જ થઈ. અહીંની સ્ત્રીઓ માત્ર એક ધોતી જ પહેરે છે. અરધો ભાગ કેડે ને અરધો ભાગ શરીરના ઉપલા ભાગ સારુ. ખાવામાં ન મળે ઘી ને ન મળે દૂધ. લોકો બધા ભયભીત. કોઈ પોલીસે બિવડાવ્યાં છે તેથી મારી પાસે પણ નથી આવતાં. એક ઘરમાં મીરાંબહેનને એકલી મૂકીને હું ચાલ્યો એટલે પચાસેક સ્ત્રીઓ તેને વીંટળાઈને બેસી ગઈ ને અનેક પ્રકારની વાતો પૂછવા લાગી. આ બહેનોમાં જો કોઈ બહેન કામ કરનારી હોય તો ઘણું કરી શકે એમ મારો અભિપ્રાય છે. પણ આ બધું તો ભવિષ્યને સારુ રહ્યું. હમણાં તો તમે બધી તૈયાર થાઓ. તૈયાર થાઓ એટલે "હુંપણું" ભૂલી જાઓ. એટલું કરો તો ગમે ત્યાં જવાય.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી : જી. એન. ૩૬૮૦ તથા બાપુના પત્રો – ૧ : આશ્રમની બહેનોને, પા. ૪૭–૮

Gandhi Heritage Portal

## ૨૬૩. રમેશચંદ્રને પત્ર

પ્રવાસમાં,

ડિસેમ્બર ૧૩, ૧૯૨૭

ભાઈ રમેશચંદ્રજી,

તમને જવાબ આપવાની આશાથી તમારો પત્ર મેં આજ સુધી રાખી મૂકયો. આજે જવાબ લખી શકું છું.

માંસાહાર અને શાકાહાર બંનેમાં હિંસા છે. પણ એક વસ્તુ વિના માણસ કયાંય જીવી શકે નહીં, જ્યારે બીજી વિના તે ઘણુંખરું કોઈ પણ જગ્યાએ જીવી શકે છે. જો દુ:ખના ભાનમાં જીવ જીવ વચ્ચે ભેદ હોય તો ગાયને મરતી વખતે જે દુ:ખ થાય છે તે વનસ્પતિ જીવને નથી થતું. જીવમાત્રને માટે હિંસા કોઈ ને કોઈ રૂપમાં અપરિહાર્ય છે. અહિંસાધર્મનો પાળનાર ઓછામાં ઓછી હિંસા કરશે. બીજા ધર્મોમાં માંસાહારની આજ્ઞા નથી. ફક્ત તેનો પ્રતિબંધ નથી. બીજા ધર્મોમાં કે હિંદુ ધર્મમાં પણ એ પ્રથા છે એ જાણવું સારું. પણ જો આપણી બુદ્ધિ શાકાહારને નૈતિક દૃષ્ટિએ માંસાહાર કરતાં ચડિયાતો માનતી હોય તો આપણે તે સ્વીકારવું જોઈએ. અહિંસાનો ઉપાસક વનસ્પતિના ઉપયોગમાં પણ મર્યાદિત બનતો જશે. ગ્રીનલૅન્ડ જેવી જગ્યાએ નિરામિષાહારી રહેવું મુશ્કેલ છે, અશકય નથી. અશકય છે એવું સાબિત કરવામાં આવે તોપણ એથી દરેક જગ્યાએ માંસાહારની આવશ્યકતા સિદ્ધ થઈ શકતી નથી. પ્રવૃત્તિ માત્ર સદોષ હોવા છતાં આપણે તુલના કરીને ઘણી વસ્તુઓનો ત્યાગ કરતા રહીએ છીએ. મુમુક્ષુના જીવનમાં નિરંતર ત્યાગવૃત્તિ વધતી જાય છે, વધવી આવશ્યક છે.

દૂધ અને ઈંડાંમાં ભેદ છે. ઈંડાં અનાવશ્યક છે, દૂધ પણ કરોડો માટે અનાવશ્યક છે. મેં મૂર્છાવશ થઈને વિલાયતમાં ઈંડાં ખાધાં છે, જેમ આ દેશમાં માંસ ખાધું હતું. પણ હું સાવધ થયો ત્યારથી મેં એનો ત્યાગ કર્યો અને નિરામિષાહારી મિત્રો સાથે પણ જેમાં ઈંડાં ન હોય એટલી જ વસ્તુ લેતો. હવે મને ખબર પડી છે કે નિર્જીવ ઈંડાં ઘણાં પેદા થાય છે. એનું શાસ્ત્ર છે અને ઘણુંખરું નિર્જીવ ઈંડાં જ લોકો ખાય છે. પણ તેથી ઈંડાં ખાદ્યપદાર્થ ન બની શકે.

અહિંસા વ્યાપક ધર્મ છે. દેહને પ્રાણથી અલગ કરવો એ જ હિંસા નથી. બ્રહ્મચર્યનો ત્યાગ પણ મારી દૃષ્ટિએ હિંસા છે. એ વાત જાણીતી છે કે માંસાહાર, ઈંડાં અને દૂધ પણ બ્રહ્મચારી માટે ત્યાજ્ય વસ્તુ છે. કેવળ વનસ્પતિના આહારથી બ્રહ્મચર્ય સરળ બની જાય છે.

અંતે, જોકે ધાર્મિક મનુષ્ય માટે આહારનો વિષય અતિઆવશ્યક છે, છતાં તેમાં જ ધર્મ અથવા અહિંસાની સમાપ્તિ નથી તેમ એ સર્વોપરી વસ્તુ પણ નથી. ધર્મ અને અહિંસાનું પાલન એ હૃદયની વસ્તુ છે. હૃદયને વિશુદ્ધ બનાવવામાં માંસાહારના ત્યાગની જેને આવશ્યકતા ન લાગે તે એનો ત્યાગ ન કરે.

આપનો

**મોહનદાસ**

[મૂળ હિંદી]

પત્રની છબી પરથી : જી. એન. ૬૨૭૯

Gandhi Heritage Portal

## ૨૬૪. સાકરચંદને તાર

બાલાસોર,
ડિસેમ્બર ૧૪, ૧૯૨૭

સાકરચંદ શેઠ
કેનિલવર્થ કૉલેજ
પંચગની

આશા રાખું છું કે તમારી તબિયત સારી છે. પત્ર લખી રહ્યો છું. ઈશ્વર તમને સુખી કરો.

ગાંધી

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : જી. એન. ૭૧૫૯

## ૨૬૫. કૅપ્ટન જે. ડબ્લ્યુ. પેટાવલને પત્ર

(કૅમ્પ) બાલાસોર,
ડિસેમ્બર ૧૪, ૧૯૨૭

પ્રિય ભાઈ,

ટ્રેનમાં લખેલો તમારો પત્ર મળ્યો. એ કરુણ છે, કારણ હું માનું છું કે મારો સ્વભાવ સામાને અનુકૂળ થવા જેટલો નરમ છે છતાં હું આપણી વચ્ચે મહત્ત્વના મતભેદ જોઉં છું જ્યારે તમે ફક્ત વિગતોની બાબતમાં જ મતભેદ જોતા લાગો છો. મને આપણા દૃષ્ટિકોણ તદ્દન ભિન્ન લાગે છે. તમારી નજર સામે નજીવા અલ્પસંખ્યક શિક્ષિત હિંદીઓ છે જ્યારે મારી નજર સામે રેલવે લાઇનથી દૂર દૂરનાં ગામડાંમાં રહેતા ગરીબમાં ગરીબ અભણ હિંદીઓ છે. શિક્ષિત હિંદીઓનો વર્ગ બેશક મહત્ત્વનો વર્ગ છે, પરંતુ અભણ અને ગરીબ હિંદીઓનો ખ્યાલ ન રહે અને એમનું હિત ન જળવાય તો એ વર્ગનું કશું જ મહત્ત્વ નથી. શિક્ષિત હિંદીઓ આમજનતાને માટે ભોગ આપવા તૈયાર હોય તો જ તેઓ પોતાના અસ્તિત્વને વાજબી ઠરાવી શકે. એટલે તમારી યોજના મને આકર્ષી શકતી નથી. સર પી. સી. રાયની પ્રસ્તાવના મેં વાંચી છે અને બીજાં લખાણો જે તમે મોકલતા રહ્યા છો તે પણ વાંચ્યાં છે; આ મહાન પુરુષોની હું પ્રશંસા કરુ છું, છતાં તેઓ મને મારી મૂળ સ્થિતિમાંથી ડગાવી શકતા નથી. તેથી હું ઇચ્છું છું કે તમે આપણી વચ્ચેનો પાયાનો મતભેદ સ્વીકારો અને એ મતભેદ છતાં મારા પર પ્રેમ રાખી શકો તો રાખો. મારા પૂરતું તો એ મતભેદ મને તમને ચાહતાં અટકાવતો નથી અને તેથી તમારા પત્રોના જવાબમાં મારાથી બની શકે તેટલી વખત લખતાં અને આપણા સ્વભાવમાં રહેલો ભેદ સ્પષ્ટ કરવાની કોશિશ કરતાં અટકાવતો નથી; જેથી પરિણામે આપણી વચ્ચેનો

Gandhi Heritage Portal

મતભેદ આપણે જલદી સ્વીકારી શકીએ અને આશા રાખી શકીએ કે એક દિવસ આપણામાંથી એક જણ બીજાનો દૃષ્ટિકોણ સ્વીકારી લેશે.

તમારો સહૃદયી

કૅપ્ટન જે. ડબલ્યુ. પેટાવલ
બાગબજાર
કલકત્તા

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૨૬૪૮

## ૨૬૬. મારા ‘અપરાધ’

દુષ્ટોનું દમન કરવું અને સાધુઓનું રક્ષણ કરવું એ આદર્શ સરકારનો અને એથી વધારે અંશે મહાત્માનો પ્રથમ ધર્મ છે એ તમે કબૂલ કરો છો ખરા? એમ હોય તો એ જુગજૂના સૂત્રની સાથે તમારી રાજકીય ફિલસૂફીનો મેળ કેવી રીતે બેસે છે એ જણાવશો? કુરુક્ષેત્રની રણભૂમિ પર શ્રીકૃષ્ણે અર્જુનને કરેલા ઉપદેશનો સાર આ નથી શું?

બલિરાજાને પદભ્રષ્ટ કરનાર, વાલિનો વધ કરનાર અને જરાસંધનો સંહાર કરનાર અવતારોએ પણ આ ડહાપણભરેલી નીતિ નહોતી સ્વીકારી?

કુટિલ શત્રુઓના ઘાનો વિરોધ અપ્રતિકારથી—અવેરથી કરવાની આશા સામાન્ય માનવીઓ પાસેથી, અને તે પણ મોટા મનુષ્યસમૂહ પાસેથી તમે શી રીતે રાખી શકો? એ જોતાં, તમારા ભાવનામય ઉદ્દેશો અને તત્ત્વો અવ્યવહારુ છે, અને સામાન્ય માણસોને માટે અગમ્ય છે, એમ અમે માનીએ એ અયોગ્ય ગણાય ખરું? દક્ષિણ આફ્રિકાની તમારી કામચલાઉ અને છૂટીછવાઈ જીતનાં તમારા પ્રશંસકોએ હદ બહારનાં વખાણ કર્યાં છે, અને હિંદુસ્તાનના જે સામાન્ય અક્કલના લોકોએ ભોળે ભાવે ગાડરિયા પ્રવાહમાં તણાઈને તમારું કહ્યું કર્યું છે તેઓ આફતોમાં ફસાયા છે. તેમને બિચારાને શી ખબર કે હિંદુસ્તાન જેવા અનેક ભાષાઓવાળા અને વિવિધ ધર્મોવાળા વિશાળ દેશમાં દક્ષિણ આફ્રિકાની સરખામણી કામ ન લાગે? સેંકડો નવજુવાન દેશભક્તોની જિંદગીના રસકસનો ભોગ આપ્યા પછી તમને પોતાને એટલું ભાન નથી થયું કે “વરસમાં સ્વરાજ”ની તમારી વાત ખાલી બડાઈ નીવડી છે? તમારા કાર્યક્રમને અનુસરીને ગંતુરના લોકોએ બહાદુરી અને મર્દાનગીથી લાંબા વખત સુધી કર ન ભર્યા,[૧] તેમને તમે બારડોલી[૨]માં ખાધેલી ગુલાંટથી[૩] પારાવાર નુકસાન થયું એ તમે કબૂલ નહીં કરો?

તમે ખિલાફતની ચળવળમાં ભાગ લીધો, અને પછી મહાસભા મૂઠીભર ધર્માંધ મુસલમાનોના હાથનું રમકડું થઈ પડી, એનું સરવાળે પરિણામ શું આવ્યું તે જણાવશો? જે

૧. જુઓ પુસ્તક ૨૨, પા. ૩૪૩.

૨. ૧૯૨૨ના ફેબ્રુઆરીની ૧૨મીએ બારડોલી સત્યાગ્રહ મુલતવી રાખવામાં આવ્યો તે; જુઓ પુ. ૨૨, પા. ૩૪૪.

૩. જુઓ પુસ્તક ૧૯, પા. ૧૪૨–૪૪ અને પરિશિષ્ટ ૧.

Gandhi Heritage Portal

હિંદુમુસલમાન ઐક્ય વિશે તમે એટલું બધું બોલતા અને લખતા હતા, અને જેને નામે તમે તમામ હિંદુઓને મુસલમાન ભાઈઓની આફતમાં તેમને સાથ દેવાની વિનંતી કરી, તે ઐક્ય મુસલમાનોની ગરજ સરી ગઈ તે જ ક્ષણે કેવું સ્વપ્નવત્ થઈ ગયું તે તમે ન જોયું? ધર્માંધ અને બહાદુર મુસલમાનો અને જાતિદલિત અને બીકણ હિંદુઓ વચ્ચે તમારા ધાર્મિક ઉપદેશોથી સાચી એકતા બંધાશે એવી આશા તમે કદી રાખી શકો ખરા? તમારા અહિંસાના સિદ્ધાંતને લીધે તમે મહાસભામાં આગળ આવ્યા તે દિવસથી ઊલટા કોમી ઝઘડાઓ વધતા ગયા છે એ તમે કદી જોઈ શકયા છો કે નહીં?

તમારી રાજકીય ફિલસૂફીને ધર્મની ભાષાનો ઓછાડ ગમે એટલો ઓઢાડો તોયે પંડિત માલવિયા, દેશબંધુ દાસ, લાલા લજપતરાય, વિજયરાઘવાચારી, કેળકર, ડૉ. મુંજે તેમ જ હિંદુસ્તાનના બીજા નેતાઓ એ ફિલસૂફીથી કંટાળી ગયા છે એ તમે કબૂલ નહીં કરો?

શરૂઆતમાં તમે લોકમાન્ય ટિળકની આગેવાની સ્વીકારી નહોતી? પણ કોણ જાણે કેમ, આજે તમે સમાજના અને ધર્મના અનેક દટાઈ ગયેલા ઝઘડાઓને ફરી ઉખેળો છો, અને રાષ્ટ્રીય લડતને નુકસાન પહોંચાડો છો. ખાસ કરીને ગરીબ ગાય જેવા હિંદુઓમાં આ ઝઘડાઓથી મતમતાંતરના ભાગલા વધશે એ તમે નથી જોઈ શકતા? આપણી લડતના શત્રુઓ જેઓ આપણી વિરુદ્ધ એક દલીલ એ કરે છે કે આપણામાં રાજકીય સ્વાતંત્ર્યની સામાજિક લાયકાત નથી, તે શત્રુઓના હાથમાં તમે અજાણતાં હથિયાર નથી થઈ પડતા?

જે દેવમંદિરો સવર્ણ હિંદુઓએ પોતે માત્ર પોતાના જ ઉપયોગને અર્થે બાંધ્યાં, તેમાં પ્રવેશ કરવાને અંત્યજોને ઊભા કરવાને ઉશ્કેરવા એ તમારા જેવાને શોભે? તમે શું પોતાને ત્રિનેત્ર એવા રુદ્ર માનો છો કે આ લાંબા કાળની રૂઢિઓને એક સપાટે ભસ્મ કરવાનો તમને અધિકાર હોય? હવે વળી તમે વિધવાઓની વહારે ધાયા છો, અને તમે કુમળાં મનના જુવાનોને વિધવાવિવાહ કરવાની સલાહ આપવાની હિંમત કરી છે એ જોઈને અમને આશ્ચર્ય થયું છે. તમે એટલો વિચાર નથી કરતા કે સ્વામી વિવેકાનંદે તેમ જ બીજાઓએ ડહાપણ વાપરીને વિધવાવિવાહની હિમાયત નહોતી કરી, કારણ આજના કન્યાવિવાહમાં પણ જે મુશ્કેલીઓ નડે છે તે તેઓ જાણતા હતા. સ્વરાજનો સવાલ કેવળ રાજકીય છે, અને એને વિશે આપણે સૌએ એકમત થઈને ખડા રહેવું જોઈએ. ત્યારે એ સવાલની સાથે આવા અતિશય વિવાદાસ્પદ સવાલોને ભેળવવાથી એકરાગ ઉત્પન્ન કરવામાં શી મદદ થશે એ કહેશો?

આ વિજ્ઞાનના પ્રગતિમાન યુગમાં તમારો રેંટિયો લોકપ્રિય નથી થવાનો. આજ સુધીના અનુભવ પરથી ડાહ્યા થઈને તમે તમારી શક્તિઓને મજૂર સંઘોના ક્ષેત્રમાં જ રોકી રાખો એ સારું છે એમ તમને નથી લાગતું?

અહિંસાધર્મના સાચા ઉપાસક તરીકે, કતલખાનાં નભાવનારી મ્યુનિસિપાલિટીઓનાં માનપત્રોનો અસ્વીકાર કરવો એ તમારું સ્પષ્ટ કર્તવ્ય નથી?

હું બહેરામપુરામાં હતો ત્યારે એક ભાઈએ મને મોકલેલો પત્ર ટૂંકાવીને ઉપર આપ્યો છે. જે વસ્તુ ઘણા મનમાં સેવી રહ્યા છે તેને આ ભાઈએ હિંમતપૂર્વક શબ્દમાં મૂકી છે એમ માનવાને મારી પાસે કારણ છે. તેથી મને લાગે છે કે આ અપરાધપત્રનો મારે જવાબ આપવો ઘટે છે.

Gandhi Heritage Portal

એમાંના સવાલોના વિગતવાર જવાબો આપવાની જરૂર ભાગ્યે જ હોય. આપણામાંના ઘણા શાસ્ત્ર તરીકે સ્વીકારેલાં વચનોનો અક્ષરાર્થ કરવાની અતિગંભીર ભૂલ કરે છે. તેઓ ભૂલી જાય છે કે અક્ષરાર્થ કરવો એ શાસ્ત્રનો ઘાત છે, શાસ્ત્રનો પ્રાણ તો એના ભાવમાં રહેલો છે. મહાભારત તેમ જ પુરાણો ઈતિહાસ નથી, તેમ કેવળ ધાર્મિક સૂત્રો પણ નથી. મને તો લાગે છે કે મનુષ્યના ધાર્મિક ઈતિહાસનાં વિવિધ દૃષ્ટાંતો આપવાના અદ્ભુત ઉદ્દેશથી એની રચના થયેલી છે. એમાં વર્ણવેલાં વીર નરનારીઓ આપણા જેવાં જ અપૂર્ણ માનવીઓ છે; ભેદ માત્ર ઓછાવત્તાનો છે. એમનાં જે કર્મો વર્ણવ્યાં છે તેમાં ભૂલ ન જ હોય એવું નથી, તેથી આપણે સારુ એ અચૂક આદર્શ ન ગણી શકાય. મહાભારતે આખા ગ્રંથને અંતે એનો સાર આપતાં કહ્યું છે કે જગતમાં સત્ય બીજી બધી વસ્તુઓ કરતાં સર્વોપરી છે.

પણ શાસ્ત્રોને નામે લખાયેલી બધી વસ્તુઓ ગ્રાહ્ય છે એમ બતાવવાનો મારો ઉદ્દેશ નથી. એવા ગ્રંથોના પ્રાર્થનાપૂર્વક વાચનથી મારા પર જે છાપ પડે છે તેનો સાર હું ગ્રહણ કરું છું. સત્યના દરેક શોધકનો તેમ કરવાનો ધર્મ છે. તેથી હું માનું છું કે જે શાસ્ત્રગ્રંથોમાંથી આ પત્રલેખકે મારી આગળ કોયડા મૂક્યા છે, તે જ ગ્રંથોના ધર્મોપદેશમાંથી મારી સત્ય અને અહિંસા પરની શ્રદ્ધા ઉદ્ભવેલી છે, અને એ વચનોના પાયા પર જ તે બંધાયેલી છે. એટલું જ નહીં પણ આજે મારી શ્રદ્ધા મારા જીવનમાં ઊંડી ઊતરી તેની સાથે ઓતપ્રોત થઈ ગયેલી હોવાથી એ અથવા બીજા કોઈ પણ ગ્રંથોથી સ્વતંત્ર રીતે ટકવાની શક્તિ એનામાં છે. અત્યંત ધર્મપરાયણ મનુષ્યના જીવનમાં એક કાળ એવો અવશ્ય આવવાનો જ જ્યારે એની શ્રદ્ધા સ્વાવલંબી થવાની. તેથી 'અવતારો'એ ગમે તે કર્યું એ ન કર્યું સિદ્ધ કરવામાં આવે તેની મારે મન કશી કિંમત નથી. મારો દિવસે દિવસ દૃઢ અને વિશાળ થતો અનુભવ મને કહે છે કે સત્ય અને અહિંસાના પાલનની પરાકાષ્ઠા કર્યા વિના વ્યક્તિઓને કે રાષ્ટ્રોને શાંતિ મળવાની આશા નથી. વેરનીતિનો કદી વિજય થયો નથી. કપટ અને જોરજુલમવાળી વેરનીતિનો કામચલાઉ અને દેખીતો વિજય થયાનાં છૂટાંછવાયાં દૃષ્ટાંતો પરથી આપણે ભ્રમમાં પડવાની જરૂર નથી. જગતમાં દ્વેષ કરતાં પ્રેમ વધારે છે, અસત્ય કરતાં સત્ય વધારે છે, તેથી જ તો જગત ટકી રહ્યું છે. જે કોઈ માણસ વિચાર કરવાની તસ્દી લેશે તે સૌ આ કથનને કસોટીએ ચડાવી એની સત્યતાની ખાતરી કરી શકશે. કપટ અને જોરજુલમ એ રોગ છે; સત્ય અને અહિંસા આરોગ્ય છે. જગતનો નાશ નથી થયો એ જ દીવા જેવું બતાવી આપે છે કે જગતમાં વ્યાધિ કરતાં આરોગ્ય વધારે છે. તેથી આપણે જેઓ એ જોઈ શકીએ છીએ તેમણે વિકટમાં વિકટ સંજોગોમાં પણ આરોગ્યના નિયમોનું પાલન કરવું ઘટે છે.

મારો ઉપદેશ કે સિદ્ધાંત ભાવનામય કે અવ્યવહારુ નથી, કારણ હું જે સિદ્ધાંત શીખવું છું તે સનાતન છે, અને હું જે ઉપદેશ કરું છું તેને વ્યવહારમાં ઉતારવા હું પ્રયત્ન કરું છું. મારો તો એ દાવો છે કે જેનું આચરણ હું કરું છું તેનું આચરણ સૌને સારુ શક્ય છે, કેમ કે હું એક અતિસામાન્ય મનુષ્ય છું, અને અલ્પમાં અલ્પ મનુષ્યને જે લાલચો વળગે છે અને જે નબળાઈઓ નડે છે તેમાંથી હું મુક્ત નથી.

દક્ષિણ આફ્રિકાની ફતેહ તે વખતે રાખેલા આદર્શની કસોટીએ સંપૂર્ણ હતી. અને જે વસ્તુ નાના સમૂહોને વિશે સાચી છે તે એ જ જાતના પણ પ્રમાણમાં મોટા પ્રયત્નથી મોટા સમૂહોને વિશે પણ સાચી પડવી જ જોઈએ.

Gandhi Heritage Portal

મારી પદ્ધતિ પર મને એટલી શ્રદ્ધા છે કે હું ભવિષ્યવાણી કરી શકું છું કે ભવિષ્યની પ્રજા ૧૯૨૦–૨૧નાં વરસોની હિંદુસ્તાનના ઇતિહાસનાં સૌથી તેજસ્વી પાનામાં ગણતરી કરશે, અને એમાં 'બારડોલીની ગુલાંટ'ને સૌથી તેજસ્વી ગણશે. બારડોલીના નિર્ણયને લીધે હિંદુસ્તાન જગતની સામે નિર્ભયતાથી મીટ માંડી શકે છે અને માથું ઊંચું રાખી શકે છે. મહાસભાના ધ્યેયમાં અહિંસાને સ્થાન આપ્યા પછી રાષ્ટ્રને માટે ખરો, હિંમતનો અને માનભર્યો એ એક જ રસ્તો હતો. સ્વરાજની લડાઈ એ હાંસીખેલ નહોતા. અને એમાં જો કોઈને અનિચ્છાએ સહન કરવું પડયું હોય તો એનું કારણ એ હતું કે તેઓ આગ જોડે ખેલ્યા હતા.

ખિલાફતની હિલચાલમાં ભાગ લીધાથી બંને પક્ષો સબળ બન્યા છે, અને એ હિલચાલના પરિણામે આમવર્ગની જે જાગૃતિ થઈ છે, તે થતાં, નહીં તો જમાનાઓ લાગત. સાચું ઐક્ય સ્થપાવાનું હશે તો એ મારા સિદ્ધાંતોના યોગ્ય પાલનથી જ આવશે. આજના હિંદુમુસલમાનના ઝઘડા કે હિંદુહિંદુના ઝઘડા અથવા મુસલમાનોના માંહોમાંહેના ઝઘડા એ આમવર્ગની જાગૃતિની નિશાની છે. આજે આપણે જોઈએ છીએ તે કેવળ શુદ્ધિની ક્રિયામાં ઉપર તરી આવતો કચરો જ છે. આ ભાઈ જો ખાંડના કારખાનામાં ખાંડ ધોવાની ક્રિયા જોશે તો તેમને મારા કહેવાનો અર્થ સમજાશે. આજે જે કચરો ઝઘડાઓને રૂપે ઉપર તરી આવ્યો છે તે અંતે તો નીકળી જ જવાનો છે. પંડિત મદનમોહન માલવિયાજી અને આ પત્રલેખકે ગણાવેલા બીજા નેતાઓ મારી રાજકીય ફિલસૂફીથી કંટાળી ગયા હોય એવું મારી જાણમાં નથી. કેટલાકની તો એથી ઊલટી સ્થિતિ છે એ હું જાણું છું. પણ તેઓ કંટાળ્યા હોય તોયે જે મિત્રોના અભિપ્રાયને હું કીમતી ગણતાં ને હૃદયમાં સંઘરતાં શીખ્યો છું, તે તમામ મિત્રોના કંટાળાની તાણ સહન કરવાની શક્તિ મારી શ્રદ્ધામાં છે એવી મને આશા છે.

લોકમાન્યે જે નીતિ સ્વીકારવાનો અપરાધ કદી કર્યો નહોતો એવી નીતિનું આરોપણ આ પત્રલેખક તેમને વિશે કરે છે તેમાં લોકમાન્ય વિશેનું તેમનું અજ્ઞાન ઉઘાડું પડે છે. અમારી વચ્ચે તાત્ત્વિક ભેદો હતા એ હું જાણું છું, પણ આ ભાઈએ કલ્પના કરી છે તેવા નહોતા. આપણા વીર પુરુષોનાં જે પગલાં આપણે જાણતા કે સમજતા ન હોઈએ તેનું આંધળું અનુકરણ કરવું એ કંઈ આપણે તેમની પાસેથી શીખવાનું નથી. આપણે તો તેમની બહાદુરી, તેમનો મહાન આપભોગ, તેમનો એટલો જ મહાન ઉદ્યોગ, એમનો દેશપ્રેમ, અને પોતાના આદર્શોનું સતત સેવન એ બધું આપણા જીવનમાં ઉતારવું જોઈએ. એમનાં છૂટાંછવાયાં કામોનું દેશકાળના વિચાર વિના કે પૂરતા જ્ઞાન વિના અનુકરણ કરવાથી આપણે વિનાશકારક ભૂલો કરવાના.

હું માનું છું કે જે સામાજિક સુધારા મેં સૂચવ્યા છે, અને જેમાં ઈશ્વરકૃપાએ આપણા ઘણા પ્રસિદ્ધ દેશબંધુઓનો મને સાથ છે, તેના વિના હિંદુ ધર્મનો નાશ થવાનો ભય રહેલો છે.

પત્રલેખકની અશ્રદ્ધા છતાં રેંટિયાનો પ્રચાર મક્કમ રીતે વધી રહ્યો છે. રેંટિયાકાર્ય એ મજૂરવર્ગના મહાસાગરને મારો ફાળો છે.

હું મ્યુનિસિપાલિટીઓ પાસેથી માનપત્રો લઉં છું, ત્યારે તેમાં કતલખાનામાં ચાલતી કતલથી અસ્પૃષ્ટ રહું છું એવો મારો દાવો છે. ઊલટું, એમનાં માનપત્રોથી મારા સિદ્ધાંતોનો એમનામાં પ્રચાર કરવાની મને તક મળે છે; અને મને કહેતાં આનંદ થાય છે કે મ્યુનિસિપાલિટીઓ એની

Gandhi Heritage Portal

સામે કદી વાંધો ઉઠાવતી નથી, એટલું જ નહીં પણ કેટલીક તો મેં નમ્રપણે કરેલી સૂચનાઓને અમલમાં પણ મૂકે છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १५-१२-१९२७

ભાષાંતર : नवजीवन, १८-१२-१९२७

## ૨૬૭. એચ. એ. જે. ગિડનેને પત્ર

આશ્રમ,

સાબરમતી,

ડિસેમ્બર, ૧૫, ૧૯૨૭

પ્રિય ભાઈ,

તમારો પત્ર[1] મળ્યો હતો. તમને લાંબો સંદેશો મોકલવાનો મને સમય નથી, પણ હું આટલું કહી શકું છું.

ઍંગ્લો-ઇન્ડિયન સમાજની વર્તમાન અને ભાવિ નીતિ યુરોપિયનો તરીકે માન્યતા મેળવવાનો પ્રયાસ કરવાની નહીં પણ હિંદની આમજનતાના હિતને પોતાનું હિત બનાવવાનો પ્રયાસ કરવાની હોવી જોઈએ. કારણ તેઓ જે કંઈ છે તે હિંદની આમજનતાને લીધે જ છે. યુરોપિયન લોહીની હકીકતને અંતરાયરૂપ ગણવી જોઈએ અને તેનો ઉપયોગ યુરોપના છીછરા ભપકાની નકલ કરવામાં નહીં પણ યુરોપિયનોના સારા ગુણો આત્મસાત કરવામાં અને એ ગુણોમાં આમજનતાને ભાગીદાર બનાવવામાં કરવો જોઈએ. કેટલાક ઍંગ્લો-ઇન્ડિયનોનો, પોતાને જુદા જ વર્ગના ગણવાનો અને પોતાને માટે વિશેષ અધિકારો કઢાવી લેવાનો પ્રયત્ન અંતે નકામો અને શરમાવનારો નીવડશે.

લે. કર્નલ એચ. એ. જે. ગિડને

કલકત્તા

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૨૬૩૯

૧. ગિડનેએ તા. ૨૫-૧૧-૧૯૨૭ને દિવસે લખેલો. એમા એમણે ઍંગ્લો ઇન્ડિયન રિવ્યુના નાતાલ અંક માટે સંદેશો માગ્યો હતો.

Gandhi Heritage Portal

## ૨૬૮. આઈ. સંન્યાસ રાજુ અને બીજાઓને પત્ર

આશ્રમ,
સાબરમતી,
ડિસેમ્બર ૧૫, ૧૯૨૭

ભાઈશ્રી,

ખાદીકામ માટે ખાદી બોર્ડે, હવે ચરખા સંઘે, અગાઉથી આપેલા પૈસા માટે જે આંધ્રના મિત્રોએ કાયદેસરની ગૅરંટી આપી હતી તેમનાં નામ મેં દેશભક્ત વેંકટપૈય્યા પાસેથી મેળવ્યાં છે. હું સમજું છું કે તમે આ ગૅરંટી આપનારાઓમાંના એક છો અને તમારી પાસેથી વસૂલાત કરવામાં મુશ્કેલી છે. હું તમને તમારી જવાબદારી અદા કરવા આગ્રહપૂર્વક વિનંતી કરું છું. એ જવાબદારી માત્ર કાયદેસરની જ નહીં પણ નૈતિક છે. અને આપણે, જેઓ દેશની સેવા કરવાનો દાવો કરીએ છીએ તેઓ, મારા અભિપ્રાય મુજબ, કેવળ કાયદેસર કરતાં પણ વિશેષે કરીને નૈતિક જવાબદારીથી બંધાયેલા છીએ. તેથી હું આશા રાખું છું કે તમારી બધી મિલકત પર આ રકમનો પહેલો હક છે એમ માનીને આ જવાબદારી અદા કરશો અને બીજા મિત્રોને પોતાની જવાબદારી અદા કરવા સમજાવશો.

તમારો સહૃદયી

(૧) ઈવ્વાતુરી સંન્યાસ રાજુ, ડેવડી
(૨) ગડે રાજમન્નાર, બરહામપુર
(૩) ઉન્નવ રામલિંગમ્ પંતુલુ, મ્યુનિસિપલ ચૅરમૅન, બરહામપુર
(૪) મલ્લાડી કૃષ્ણમૂર્તિ પંતુલુ, વકીલ બરહામપુર
(૫) ઠાકુર રામકૃષ્ણરાવ (જેઓ હવે કાશી ચાલ્યા ગયા છે)[૧]

[મૂળ અંગ્રેજી]

માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૨૬૪૯

૧. તેમને પત્ર મોકલવામાં આવ્યો નહોતો.

Gandhi Heritage Portal

## ૨૬૯. વસુમતીબહેન પંડિતને પત્ર

બાલાસોર,
ડિસેમ્બર ૧૬, ૧૯૨૭

જમનાલાલજી, મગનલાલ ઈત્યાદિની પાસે પેટ ખોલ્યું એ બહુ જ ડહાપણ કર્યું છે. જેને પોતાના દોષનું દર્શન થયું છે, જેણે ખોળિયું બદલ્યું છે, તેને આગળના ખોળિયાની વાત કરતાં શરમ શી? પાપ એ પણ દર્દ છે, અને દર્દ માત્ર પાપ છે. મને ઍપેન્ડિસાઈટીસની વાત કરતાં સંકોચ થાય તો તમને માનસિક ઍપેન્ડિસાઈટીસની વાત કરતાં સંકોચ હોય. હા, જ્યાં લગી દર્દને સંઘરી રાખીએ ત્યાં લગી તો શરમ હોય, સંકોચ હોય, બળતરા હોય. પણ વાઢકાપ કરીને દર્દને ફેંકયા પછી તો શરીર જેમ હળવું થાય છે તેમ જ મન થવું જોઈએ.

[મૂળ ગુજરાતી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી; શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી તથા મહાદેવભાઈની ડાયરી, પુસ્તક અગિયારમું

## ૨૭૦. બહેરામજી ખંભાતાને પત્ર

ડિસેમ્બર ૧૬, ૧૯૨૭

ભાઈશ્રી ૫ ખંભાતા,

ભાઈ ગોવિંદજી ચેડા તમારે શરણ છે એટલે હું કશી ફિકર નથી કરતો. દાક્તર જીવરાજ મહેતા શું કહે છે, કોણ ઑપરેશન કરનાર છે વગેરે મને લખતા રહેજો.

તમારી તબિયત સારી થઈ ગઈ હશે. તમને બંનેને

બાપુના આશીર્વાદ

[તા. ક.]

૧૮-૨૧ કટક
૨૩મી મદ્રાસ

[મૂળ ગુજરાતી]

મૂળ પત્ર પરથી : સી. ડબલ્યુ. ૫૦૧૧; શ્રીમતી તેહમીનાબહેન ખંભાતાના સૌજન્યથી

Gandhi Heritage Portal

## ૨૭૧. ગોરક્ષા વિશે લેખો

શ્રી વાલજી દેસાઈએ જે લેખો ગુજરાતી અને અંગ્રેજીમાં આ વિષય ઉપર નવજીવન તથા યંગ ઇન્ડિયામાં લખ્યા છે તેને પુસ્તકરૂપે બહાર પાડવાની માગણી કેટલાક વાંચનારાઓ તરફથી થઈ છે. તેના ખર્ચને પેટે ધૂળિયાના શ્રી રામેશ્વરદાસે રૂ. પચીસ આપવા લખ્યું છે. એ પુસ્તક પ્રગટ કરતાં ખર્ચ થાય તે ઊપજે કે નહીં તે વિશે શંકા છે; તેથી જો બીજા ગોભક્ત સહાય મોકલે તો જ પુસ્તક પ્રગટ કરી શકાય. નવજીવન, વગર મદદે સાહસ ખેડી શકે તેમ હાલ નથી. અખિલ ભારત ગોરક્ષામંડળ પાસે જે દ્રવ્ય છે તે તેના રચનાત્મક કામને પહોંચવા પૂરતું નથી, એટલે તેમાંથી પણ તે ખોટ પૂરી કરવા હિંમત ચાલતી નથી. થોડી થોડી સહાય વાંચનાર વર્ગ મોકલી દેશે તો પુસ્તક તુરત પ્રગટ કરવામાં આવશે. તેમાં જો કશો નફો રહેશે તો તે ગોરક્ષા-મંડળને દેવામાં આવશે. સહાયના પ્રમાણમાં પુસ્તક ગુજરાતી, અંગ્રેજી ને હિંદીમાં છપાવવામાં આવશે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧૮–૧૨–૧૯૨૭

## ૨૭૨. પી. તિરુકોટાસુંદરમ્ પિલ્લેને પત્ર

કટક,
ડિસેમ્બર ૧૮, ૧૯૨૭

પ્રિય તિરુકોટાસુંદરમ્,

હું સિલોનનો પ્રવાસ લગભગ પૂરો કરવા આવ્યો હતો ત્યાં તમારો પત્ર[1] મળ્યો. હું વહેલો જવાબ ન આપી શક્યો કારણ કે તમારો પત્ર ક્યાંક મુકાઈ ગયો હતો એટલે મારા ધ્યાન-બહાર રહી ગયો હતો. મેં આ બાબતમાં પૂરેપૂરી તપાસ કરી છે અને હું એવા નિર્ણય પર આવ્યો છું કે શ્રીયુત વરદાચારીએ બની શકે તેટલી જલદી થેલીની રકમ ગણી લીધી હતી. ઝડપી પ્રવાસમાં થેલીઓની રકમ દાતાઓની હાજરીમાં અથવા જે દિવસે થેલી મળે તે જ રાત્રે ગણી લેવાનું શક્ય નથી. દાન લેનારાઓની પ્રામાણિકતામાં અને તેની સંભાળ રાખવા અને ખર્ચવા માટે પ્રામાણિક માણસો પસંદ કરવાની તેમની શક્તિમાં પૂરેપૂરો વિશ્વાસ હોય છે ત્યારે જ દાતાઓ દાન આપે છે. થેલીઓમાંથી જાહેર કરેલી રકમ કરતાં ઓછી રકમ નીકળી હોય એવો આ પહેલો પ્રસંગ નથી. અને દાન પ્રાપ્ત કરનારના હાથમાં થેલી પહોંચે તે પહેલાં તેમાંની રકમ ઓછી થાય એમાં ઘણુંખરું થેલી સંભાળનારનો દોષ હોતો નથી. એટલે હું તમને એટલું જ આશ્વાસન આપી શકું કે એ ઘટ વિશે તમે અકળાશો નહીં. આમાં તમારા પર

૧. તિરુકોટાસુંદરમે પાલમકોટ્ટામાં મળેલી થેલીમાં નીકળેલી રૂ. ૨૦૦૦ની ઘટ બાબત ગાંધીજીનું ધ્યાન ખેંચ્યું હતું અને તપાસ કરવા વિનંતી કરી હતી (એસ. એન. ૧૨૬૪૦).

Gandhi Heritage Portal

કોઈ આક્ષેપ આવતો નથી તેમ જ ખાદી સંગઠનમાં મારી સાથે જોડાયેલાઓ પર પણ એ આવવો ન જોઈએ.

શ્રીયુત વરદાચારી ખાદી કાર્યકર્તાઓમાં અત્યંત વિશ્વાસુ કાર્યકર્તા છે અને હું તમને ખાતરી આપું છું કે તમારે તેમની પ્રામાણિકતા વિશે વહેમ લાવવાનું કે તેમના ઉદ્યમી સ્વભાવ વિશે શંકા કરવાનું કોઈ કારણ નથી. અખિલ હિંદ ચરખા સંઘમાં તેમના કરતાં વધુ ઉદ્યમી અને પ્રામાણિક કાર્યકર્તા મારી જાણમાં નથી. તેમણે કહ્યું છે કે તેમણે પાલમકોટ્ટામાં થેલી જરૂર ગણી હતી, પણ ગણ્યા પછી તમે તેમને મળી શક્યા નહીં. તેથી શ્રીયુત વિશ્વનાથ પિલ્લે ગણવાની જે તારીખ સમજ્યા છે તે બાબતમાં કંઈક ગેરસમજૂતી થઈ છે એટલું સ્પષ્ટ છે. અને હજી તમને સંતોષ થયો હોય તો હું મદ્રાસમાં હોઉં ત્યારે મને મળજો. હું તમને થોડી મિનિટ આપવાનો પ્રયત્ન કરીશ.

તમારો સહૃદયી

શ્રીયુત પી. તિરુકોટાસુંદરમ્
સિંદુપુંડુરાજ
તિનેવેલી

[મૂળ અંગ્રેજી]
માઇક્રોફિલ્મ પરથી: એસ. એન. ૧૨૬૪૦ એ

## ૨૭૩. ગોપરાજુ સત્યનારાયણ મૂર્તિને પત્ર

આશ્રમ,
સાબરમતી,
ડિસેમ્બર ૧૯, ૧૯૨૭

પ્રિય ભાઈ,

તમારો પત્ર મળ્યો. હું તમને રામનામ કરતાં કોઈ સારી વસ્તુ આપી શક્યો નથી. તમને ભૂતપ્રેતનો તમારા પર હુમલો થવાનો ડર લાગે ત્યારે તમારે રામનું ચિંતન કરવું જોઈએ, એટલે તે બધાં સૂર્ય સામે ધુમ્મસ વિખેરાય તેમ વિખેરાઈ જશે. તમારી જગ્યાએ હું હોઉં તો સશક્ત ભિખારીને કંઈ ન આપું, પછી તે બ્રાહ્મણ હોય કે બીજો ગમે તે હોય. તમારું શરીર ખમી શકે તો શિયાળામાં પણ વહેલી સવારે ઠંડા પાણીથી સ્નાન કરવું એ સરસ વસ્તુ છે. કોઈ સારા હેતુ માટે સાઇકલ ચલાવવામાં હું કંઈ હાનિ જોતો નથી. તમારે આશ્રમમાં જવું હોય તો તમારે મંત્રીને લખવું જોઈએ.

તમારો સહૃદયી
**મો. ક. ગાંધી**

શ્રીયુત ગોપરાજુ સત્યનારાયણ મૂર્તિ
વરાહગિરિ હાઉસ
બરહામપુર

[મૂળ અંગ્રેજી]
છબી પરથી: જી. એન. ૬૦૯૦

Gandhi Heritage Portal

## ૨૭૪. રૈહાનાબહેન તૈયબજીને પત્ર

કટક,[1]
ડિસેમ્બર ૧૯, ૧૯૨૭

પ્રિય રૈહાના,

તારો પત્ર મળ્યો. આજે મારે લખાવવું પડે છે. આ પત્ર હું અમને કટક લઈ જતી આંચકા ખવડાવતી રેલગાડીમાં લખાવી રહ્યો છું.

હું જાણું છું કે તું હિંદુઓના પૂર્વગ્રહો પચાવી શકે એમ છે. બિચારા નોકરોની સમજ એટલી જ હોય. હું માનું છું કે જે કડવાશ મેં મુસલમાન બહેનોમાં જોઈ તે એ જ કોટિની હિંદુ બહેનોમાં નથી એમ નથી. એ બહેનોના સ્વાશ્રયી બનવાના નિષ્ફળ પ્રયત્નોનું મેં જે વર્ણન કર્યું છે તે બહુ સારું, બહુ રમૂજી અને દુ:ખદ છે. સમૃદ્ધિ આપણામાંથી ઘણાને કેવા બગાડી મૂકે છે!

હું આશા રાખું છું કે છોલેલા બટાટા પર તેં જે જોર કર્યું તેથી તે બિચારાને ખાસ ખરાબ અસર નહીં થઈ હોય. તું 'વિષાદ'માંથી બહાર નીકળી એથી મને આનંદ થયો. તું જાણે છે કે ગીતાના અભ્યાસી તરીકે તને જરાયે વિષાદ થવો ન જોઈએ.

સસ્નેહ,

બાપુ

કુમારી રૈહાના તૈયબજી
લાલા રઘુબીરસિંહને ત્યાં
કાશ્મીરી ગેટ, દિલ્હી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૯૬૦૬

૧. આ પત્ર જે ગાંધીજીએ કટક જતી ગાડીમાં લખાવ્યો હતો તે ઘણું કરીને આ તારીખે ટાઈપ કરવામાં આવ્યો હતો અને તેના પર સહી કરવામાં આવી હતી.



Gandhi Heritage Portal

## ૨૭૫. એસ. હૅન્ડી પરિંબનાયગમને પત્ર

આશ્રમ,
સાબરમતી,
ડિસેમ્બર ૧૯, ૧૯૨૭

પ્રિય ભાઈ,

તમારો પત્ર મળ્યો. ખાદી માટે તમારા ઉત્સાહથી મને આનંદ થયો. એ ઉત્સાહ તમે એક જ રીતે ટકાવી રાખી શકશો. એ રીત એ છે કે ખાદી કાર્ય પૂરી કુશળતાથી, વ્યવસ્થિત રીતે કરો. એને માટે તમને ખાદીની બધી પ્રક્રિયાઓમાં કુશળ હોય એવા કોઈક માણસની જરૂર પડશે. તમારે ત્યાં કોલંબોમાં શ્રીયુત જયરામદાસ જયવર્ધન છે. તમે વધુ કાર્યકરોને તાલીમ આપવા ઇચ્છતા હો તો શ્રીયુત ચ. રાજગોપાલાચારી કદાચ એક કે બે જણાને તિરુચેંગોડુના આશ્રમમાં લઈ શકશે. હું જાણું છું કે તમે આ ઉત્સાહને કોઈ પણ હિસાબે ઓસરી જવા નહીં દો.

તમારો સહૃદયી

શ્રીયુત હૅન્ડી પરિંબનાયગમ
જાફના કૉલેજ
વડુકોડ્ડાઈ
સિલોન

[મૂળ અંગ્રેજી]
માઇક્રોફિલ્મ પરથી: એસ. એન. ૧૨૬૨૨

## ૨૭૬. કે. એસ. કારંથને પત્ર

આશ્રમ,
સાબરમતી,
ડિસેમ્બર ૧૯, ૧૯૨૭

ભાઈશ્રી,

તમારો પત્ર મળ્યો. બેશક, તમે તમારું પુસ્તક પ્રકાશિત કરવા ઇચ્છતા હો તો તેમાં કશી હાનિ નથી. મારો પોતાનો અનુભવ એવો છે કે માણસ વધુ પ્રમાણમાં અને વધુ ચોક્કસ અનુભવ ન મેળવે ત્યાં સુધી તેણે આવાં પુસ્તકો ન છપાવવાં જોઈએ.

જુદા જુદા પ્રકારનાં આસનોનો તમે ઉલ્લેખ કર્યો છે તે જુદાં જુદાં પુસ્તકોમાંથી લીધેલો જણાય છે. એવાં પુસ્તકોના લેખકો સાથે હું પત્રવ્યવહાર કરતો રહ્યો છું અને મેં જોયું છે કે તેમણે જે કંઈ લખ્યું છે તે તેમના પોતાના અનુભવ પરથી અથવા વિશ્વાસ મૂકી શકાય એવા બીજાઓના અનુભવ પરથી પૂરેપૂરું સાચું ઠરતું નથી. પણ તમે જે કંઈ લખ્યું છે તેમાં તમને વિશ્વાસ હોય તો હું તમને પુસ્તક પ્રસિદ્ધ કરતાં અટકાવવા ઇચ્છતો નથી. આસન અને પ્રાણાયામ જો ખરેખર, દાવો કરવામાં આવે છે તેટલાં કાર્યસાધક હોય, તો શા માટે તમે પોતે

Gandhi Heritage Portal

તેમને પૂરેપૂરાં અજમાવી જોતા નથી? હું પોતે એ પ્રમાણે કરવાનો ઈરાદો રાખતો હતો, પણ મારી માંદગીને કારણે નિષ્ણાતોએ પોતે જ મને અટકાવ્યો.

બ્રહ્મચર્ય અને વિધવાવિવાહનું એકી સાથે સમર્થન કરવામાં, હું જો એ બંને વસ્તુ તેની તે વ્યક્તિઓ વિશે ન કરતો હોઉં તો, કશી અસંગતિ જોતો નથી. બધા જ નવયુવકો બ્રહ્મચારી હોય અને રહે એમ હું ઇચ્છું છું. પણ જેમને સંયમ પાળવાનું અશક્ય લાગતું હોય તેમને લગ્ન કરવા માટે સંમતિ અને ટેકો આપતાં, બલકે તેમના વિવાહ કરાવતાં હું અચકાયો નથી. અલબત્ત, હું જ્યારે બાળવિધવાઓના લગ્નની હિમાયત કરું છું ત્યારે માની લઉં છું કે તેઓ દરેક પ્રાણી શોધે છે તે આનંદ ઇચ્છે છે અને માત્ર થોડાં મનુષ્યો જ તે મેળવવાના પ્રયત્નમાં સંયમ રાખી શકે છે. બ્રહ્મચર્ય ઉપરથી લાદી શકાય એવી વસ્તુ નથી અને બાળવિધવાઓને અવિવાહિત રહેવાની ફરજ પાડવી એ પાપ છે.

જે પતિત બહેનોનો ઉલ્લેખ તમે કર્યો છે તેમને કોઈ પણ જ્ઞાતિના માણસ સાથે લગ્ન કરવામાં વાંધો ન હોય તો કશી મુશ્કેલી ન રહેવી જોઈએ અને તેમણે કોઈ પણ જ્ઞાતિ સામે વાંધો પણ ન લેવો જોઈએ. યોગ્ય વર ન મળી શકે તો હું તેમને બ્રહ્મચર્ય પાળવાનું કહું છું તેમાં અર્થ રહેલો છે. એટલે કે જો તેઓ જ્ઞાતિ કે પ્રાંતની મર્યાદા સાચવવા ઇચ્છતી હોય, અને છતાં શુદ્ધ જીવન ગાળવા ઇચ્છતી હોય તો સ્વાભાવિક રીતે જ તેમણે બ્રહ્મચર્ય પાળવું જોઈએ અથવા તો તેમણે ગમે તે પ્રકારના કોઈ પણ પુરુષનો સ્વીકાર કરવો જોઈએ.

सेल्फ रिस्ट्रेन्ट वर्सस सेल्फ इन्डल्जन्सનો અનુવાદ છાપી શકો છો, પણ તેમ કરતાં પહેલાં નવજીવનના વ્યવસ્થાપકને પૂછી લેશો કે તેમણે ક્યાંક કોઈને પરવાનગી આપી તો નથી દીધી?

રામકૃષ્ણ પરમહંસ વિશે તમે શું લખ્યું છે તેની મને ખબર નથી. તમારી માહિતી છતાં તેઓ અહિંસાની મૂર્તિ હતા એમ જણાવવામાં કોઈ દોષ નથી. તેઓ અહિંસા ધર્મમાં માનતા હતા અને પોતાની સમજ પ્રમાણે તેનો અમલ કરવાનો પ્રયત્ન કરતા હતા. તેમણે કોઈ એવી વસ્તુ કરી હોય જે આજે આપણા વધુ અનુભવને કારણે આપણને અહિંસાની વિરુદ્ધ લાગતી હોય તેથી તેમના સદ્‌ગુણોમાં ખામી આવતી નથી; કારણ કે ખોરાકની બાબતમાં તેઓ પોતાની ચારે બાજુ ચાલતા રીતરિવાજોથી બહાર નીકળીને વિચાર કરી શકતા નહોતા. સંભવ છે[1] કે ભાવિ પેઢીઓ રાંધેલો ખોરાક ખાવાની વાતને અહિંસાની વિરુદ્ધની ગણે અને છતાં અહિંસાના આજના અધિકારી પુરુષો, રાંધેલો ખોરાક ખાવામાં રહેલી અસંગતતા ન શોધી કાઢવા માટે નિંદાને પાત્ર નહીં ગણાય. કોઈ પણ માણસ અહિંસાનું સંપૂર્ણ પાલન ન કરી શકે. ભૌતિક શરીર છે ત્યાં સુધી અમુક પ્રમાણમાં હિંસા અનિવાર્ય છે. તેથી અહિંસાનો ઉપાસક એ હિંસાનું પ્રમાણ ઓછામાં ઓછું કરવા નિરંતર પ્રયત્નશીલ રહે છે.

તમારા પુસ્તકનું લખાણ તમને પાછું મોકલું એમ ઇચ્છતા હો તો જણાવશો.

તમારો સહૃદયી

શ્રીયુત કે. એસ. કારંથ
કે. એસ. આચારલુ, એમ. એ. ને ત્યાં
શિક્ષક, દેવાંગેરે

[મૂળ અંગ્રેજી]

માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૨૬૫૨

૧. અહીં મૂળમાં ‘નથી’ (નૉટ) છે, એ ભૂલ લાગે છે.

Gandhi Heritage Portal

## ૨૭૭. ઑલિવ ડોકને પત્ર

આશ્રમ,
સાબરમતી,
ડિસેમ્બર ૧૯, ૧૯૨૭

પ્રિય ઑલિવ,

તારા કુટુંબ વિશે અને તારાં પરાક્રમો વિશે મિસ શ્લેશિન પાસે બધું સાંભળીને ઘણો આનંદ થયો. ક્લેમેન્ટ, જે હવે ડૉ. ક્લેમેન્ટ છે તેની સાથે હાથ મિલાવવાની અને તારી પાસે લીડ કાઈન્ડલી લાઈટ સાંભળવાની ઘણી ઈચ્છા છે. તને એ દૃશ્ય[1] કદાચ યાદ નહીં હોય, મને યાદ છે અને મારી સ્મૃતિ એટલી સ્પષ્ટ છે કે જો હું ચિત્રકાર હોઉં તો એ ચીતરી શકું.

આફ્રિકાનાં જંગલોમાં તારા સાહસિક ભ્રમણથી મને જરાયે આશ્ચર્ય થયું નથી, કારણ કે જોસેફ ડોકનાં બાળકો પાસે હું એથી ઓછાની આશા ન રાખું.

આ પત્ર હું બોલીને લખાવું છું તે માટે મને માફ કરજે. મારે તને લખવાનું મુલતવી રાખવું કે બોલીને લખાવવું એ બેમાંથી પસંદગી કરવાની હતી. મેં વધારે સારી પસંદગી કરી છે. અવારનવાર લખતી રહેજે.[2]

તમને સૌને પ્યાર.

તારો સહૃદયી
**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

મૂળ પત્ર પરથી : સી. ડબલ્યુ. ૯૨૨૭ સી. એમ. ડોકના સૌજન્યથી

## ૨૭૮. આશ્રમની બહેનોને પત્ર

કટક,
મૌનવાર ડિસેમ્બર ૧૯, ૧૯૨૭

બહેનો,

ઈશ્વર ઈચ્છા હશે જ તો આ પછી એક જ સોમવાર તમને કાગળ લખવાનો રહેશે.

મણિબહેનનો કાગળ મળ્યો છે. પોશાકની વાત વધારે ચર્ચવાનું તમે સૂચવો છો. હમણાં તો નહીં ચર્ચું, પણ આપણે મળીએ ત્યારે અવશ્ય પ્રશ્નો કરજો. ઊંડે ઊંડે પણ જ્યાં લગી શણગારનો મોહ રહ્યો છે ત્યાં લગી દેખાદેખીથી કંઈ પણ ફેરફાર કે ત્યાગ કરવો એ નિરર્થક છે. પણ જ્યારે મોહ ઊતરે છતાં મન તે તરફ જતું હોય ત્યારે તો દેખાદેખીએ, શરમે, ગમે તે બહાને મોહને મારીએ ને ઘટતા ફેરફાર કરીએ. મોહાદિ દુશ્મનો આપણને એટલા તો પજવે છે કે આપણને જે યોગ્ય મદદ મળી આવે તેનો ઉપયોગ આપણે કરીને તેમાંથી બચીએ. આ બધું જે સાચા છે, ને સાચા થવા માગે છે તેને સારુ લખાય. ગીતાજીએ એક ઠેકાણે કહ્યું છે કે જે ઉપરથી સંયમ કરીને મનમાં વિષયોને ભજ્યા કરે છે તે મૂઢાત્મા મિથ્યાચારી છે. આ વાક્ય

૧. જુઓ પુસ્તક ૨૯, પા. ૧૦૩–૪.

૨. માર્ચ ૧૯૨૮ને દિવસે આ પત્રની પહોંચ ઑલિવે સ્વીકારી હતી (એસ. એન. ૧૧૯૬૮).

Gandhi Heritage Portal

પાખંડીને સારુ છે. તે જ ગીતાજી સાચા પ્રયત્ન કરનારને કહે છે કે પ્રમાથી[1] ઇન્દ્રિયોનો વારંવાર સંયમ કરો.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી: જી. એન. ૩૬૭૪ તથા બાપુના પત્રો – ૧: આશ્રમની બહેનોને, પા. ૪૮

## ૨૭૯. નારણદાસ ગાંધીને પત્ર

મૌનવાર [ડિસેમ્બર ૧૯][2] ૧૯૨૭

ચિ. નારણદાસ,

આ સાથેનો કાગળ વાંચી તેનો જવાબ મોકલશો. ને પછી તે જ કાગળ ભાઈ ફૂલચંદને જવાબ સારુ મોકલજો. ભાઈ ફૂલચંદ મને અસલ કાગળ પણ જવાબ સારુ મોકલે. જવાબ મદ્રાસ મોકલજો.

પુરુષોત્તમની તબિયત હવે તો તદ્દન સારી થઈ ગઈ છે.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

મૂળ પત્ર પરથી: સી. ડબલ્યુ. ૭૭૧૩. શ્રીમતી રાધાબહેન ચૌધરીના સૌજન્યથી તથા બાપુના પત્રો–૯: શ્રી નારણદાસ ગાંધીને, પા. ૪૦

## ૨૮૦. સી. એફ. ઍન્ડ્રૂઝને પત્ર

કટક,
ડિસેમ્બર ૨૦, ૧૯૨૭

પ્રિય ચાર્લી,

સાથેના કાગળો તમારે વાંચવા અને વિચારવા માટે તથા સૂચનમાં કંઈ છે કે કેમ તે મને જણાવવા માટે છે.

દાક્તરો કહે છે કે લોહીનું દબાણ ભારે છે, પણ મને તેની કંઈ અસર જણાતી નથી. અને ત્રણ દાક્તરો અને ત્રણ યંત્રોએ ગઈ કાલે દબાણના જુદા જુદા આંક આપ્યા: ૨૦૦, ૧૮૦, ૧૬૦! દાક્તરોમાં જ મતભેદ પડે ત્યારે શું કરવું? કોઈ પણ સંજોગોમાં, તમારે ચિંતા ન કરવી જોઈએ.

સસ્નેહ,

મોહન

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: જી. એન. ૨૬૨૬

૧. વલોવી નાખનારી.

૨. ૨૩ ડિસેમ્બરે ગાંધીજી મદ્રાસ પહોંચ્યા હતા.

Gandhi Heritage Portal

## ૨૮૧. એમ. ફ્રાન્સિસ એચ. લ્યૂકને પત્ર

આશ્રમ,
સાબરમતી,
ડિસેમ્બર ૨૦, ૧૯૨૭

પ્રિય બહેન,

તમારો પત્ર[1] મળ્યો. તમે કોઈ ઇસ્પિતાલ સાથે જોડાઈ જાઓ જ્યાં તમે તમારા ખ્યાલમાં હોય એવા લોકોના સંપર્કમાં સહેલાઈથી આવી શકશો. આથી સારો રસ્તો મને કોઈ સૂઝતો નથી.

તમે આશ્રમમાં આવ્યાં હતાં તે મને યાદ છે. અત્યારે હું પ્રવાસમાં છું અને તમારે જોઈએ છે તેવો ફોટો મારી પાસે નથી. તમને કદાચ ખબર નહીં હોય કે મેં કદી ફોટો પડાવ્યો નથી. પણ અલબત્ત, બજારમાં મારા ઝડપી લીધેલા ઘણા ફોટા મળે છે.

તમારો સહૃદયી

એમ. ફ્રાન્સિસ એચ. લ્યૂક
ધિ મૅટ્રન્સ ઑફિસ
સૅન્ટ ટોમસ હૉસ્પિટલ, એસ. ઈ. ૧
લંડન

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૨૫૫૪

## ૨૮૨. એસ. એન. ઘોષને પત્ર

આશ્રમ,
સાબરમતી,
ડિસેમ્બર ૨૦, ૧૯૨૭

ભાઈશ્રી,

તમારો પત્ર મળ્યો. ભેટની યાદીમાં તમારું નામ મૂકવા યંગ ઇન્ડિયાના વ્યવસ્થાપકને લખું છું.

તમારી ત્યાંની લડત વિશે હું કંઈ લખતો નથી, કારણ કે શું થઈ શકે તે વિશે મને પોતાને કંઈ સૂઝતું નથી. તમે યંગ ઇન્ડિયા નિયમિત વાંચતા હો તો તમે જોયું હશે કે હું એક પણ શબ્દ નકામો લખતો નથી. ઘણી વસ્તુઓ વિશે હું લાચારી અનુભવું છું અને તેથી તેને છોડી દઉં છું. હું નથી લખતો તેનું કારણ એ નથી કે મદદ કરવાની મારી ઇચ્છા નથી.

તમારો સહૃદયી

શ્રીયુત એસ. એન. ઘોષ
ધિ ઇન્ડિયા ફ્રીડમ ફાઉન્ડેશન
૭૯૯, બ્રૉડવે, ન્યૂયૉર્ક (યુ. એસ. એ.)

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૨૫૫૫

૧. ૨૬–૯–૧૯૨૭નો; પત્રમાં આ એક શિક્ષિત અંગ્રેજ બહેને લખ્યું હતું કે, પોતે દીનદુખિયાં અને અસ્પૃશ્યોની સેવા કરવા ઇચ્છે છે.

Gandhi Heritage Portal

## ૨૮૩. હેલેન હૉસડિંગને પત્ર

કટક,
(ઓરિસ્સા)
ડિસેમ્બર ૨૦, ૧૯૨૭

તારા પત્રો મળ્યા છે, જે મારા સતત પ્રવાસને લઈને જવાબ આપ્યા વગરના રહ્યા છે. વળી, મારું લોહીનું દબાણ વધી રહ્યું છે એમ દાક્તરો કહેતા હોવા છતાં હું જેમતેમ ચલાવ્યે રાખું છું એનાથી વિશેષ ઉપયોગી તને કહેવા માટે મારી પાસે બહુ સમય પણ નથી. નવા વર્ષની શરૂઆતમાં જ હું આશ્રમ પહોંચવાની આશા રાખું છું. કોઈ પણ દિવસ હું તારી પાસે એ સાંભળવાની આશા રાખું છું કે હિંદમાંથી લઈ ગયેલી બધી શારીરિક નબળાઈ હવે તેં ડાન્યૂબમાં ફેંકી દીધી છે અને તારો ટહુકાર તું આ દુ:ખી દેશમાં આવી તે પહેલાં હતો એટલો જ જોરદાર છે.

મિસ હેલેન હૉસડિંગ
હરચિંગ એ. ઍમરસી
બી મિનચેન (જર્મની)

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૧૨૫૫૬

## ૨૮૪. કટકના ખાદી કાર્યકર્તાઓ સમક્ષ ભાષણ[1]

ડિસેમ્બર ૨૦, ૧૯૨૭

૧

આ સંસ્થાના સંચાલકો બૅન્ક ઑફ ઇંગ્લંડના સંચાલકો જેટલા જ સાવધ અને સંસ્થાના હિત બાબત જાગ્રત હોવા જોઈએ. બૅન્ક ઑફ ઇંગ્લંડ દુનિયાનો સૌથી મોટો સહકારી સંઘ છે. આપણા સંચાલકો તો તેમના કરતાં વધુ નિ:સ્વાર્થ હોવા જોઈએ કારણ કે ખાદીસંઘ સ્વાર્થ માટે નહીં પણ દેશના ગરીબમાં ગરીબ લોકોની સેવા માટે છે. તેમની લાયકાત ખાદીશાસ્ત્રની નાનામાં નાની વિગતમાં ધ્યાન આપીને તેમાં નિષ્ણાત થવામાં રહેલી છે. તેઓ કાંતવામાં અને વ્યવસ્થા કરવામાં કુશળ નહીં હોય તો તેમને માટે કંઈ પરિણામ લાવવું અશક્ય છે.

તમે કેટલાક પ્રશ્નો પૂછ્યા છે તે પરથી જણાઈ આવે છે કે તમે કેટલા અવ્યવહારુ છો. તમારામાંથી કેટલાક જાણવા માગે છે કે, અમે લંગોટ પહેરીએ અને અમુક જ ખોરાક ખાઈએ

૧. આ ભાષણો ૧૯૨૭ના ડિસેમ્બરની ૧૮, ૧૯, અને ૨૦મી તારીખે આપવામાં આવ્યાં હતાં. અહીં તે છેલ્લા દિવસના ભાષણની તારીખ નીચે આપવામાં આવ્યાં છે. આ ભાષણો વિશે મહાદેવ દેસાઈ કહે છે: "જેઓ સહિયારા ભંડોળવાળી ખાદી કંપની ચલાવવા માગતા હતા તેમણે રાજપાલયમના વેપારીઓને આપી હતી તેવી સલાહ આપવામાં આવી હતી. જુઓ "રાજપાલયમના ખાદી વસ્ત્રાલયમાં, ભાષણ", ૪-૧૦-૧૯૨૭.

Gandhi Heritage Portal

એવું તમે ઇચ્છો છો? વારુ, હું તમારા પોશાક કે ખોરાક નિયંત્રિત કરવા નથી ઇચ્છતો. હું એટલું જ ઇચ્છું છું કે તમે આ આંદોલનની ભાવના સમજો અને તમારું જીવન એને અનુકૂળ બનાવો.

તમને, જેઓ ઓરિસ્સાની સેવા કરવા ઇચ્છો છો તેમને હું કહું છું કે ઓરિસ્સાને આખા હિંદનો ખાદીભંડાર બનાવો. અને જ્યાં સુધી તમારામાંથી હરીફાઈની ભાવના દૂર નહીં થાય અને સૌ ઉત્પાદન પર ધ્યાન કેન્દ્રિત નહીં કરો ત્યાં સુધી તમે એ નહીં કરી શકો. ખાદી ખાદી વચ્ચે હરીફાઈ ન હોઈ શકે. બીજા પ્રાંતોમાંથી આવતી ખાદી સામે તમારો વિરોધ હું સમજી શકું છું. પણ ઓરિસ્સાના જ જુદા જુદા ભાગોમાં તૈયાર થયેલી ખાદી વચ્ચે કોઈ ભેદ ન રાખવો જોઈએ. તમે બધા સાથે મળીને કામ કરવા પર અને ખાદીના વેચાણને એકમેકને અનુકૂળ બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરો.

થોડા દિવસ પર મેં કેટલાક નવયુવકોને ખેતીના વિકાસની વાતો કરતા સાંભળ્યા હતા. જો મને કોઈ સાબિત કરી આપે કે એ આપણા ખ્યાલમાં જે કરોડો લોકો છે તેમને માટે વહેવારુ છે અને ગરીબ લોકોને ગરીબાઈ અને અછતથી બચાવી શકે તેમ છે તો કાંતવા વિશે હું મારો અભિપ્રાય બદલીશ. પણ હું તમને ચેતવણી આપું છું કે હાલની પરિસ્થિતિમાં તમે સફળ નહીં થાઓ. હું એક આદર્શ ફાર્મ બનાવવાની કોશિશ કરી રહ્યો છું. કેટલાક મૂરખ મિત્રો મને અખતરા કરવા માટે પૈસા આપે છે અને એ અખતરાઓમાં હું છૂટે હાથે પૈસા ખર્ચું છું. સ્વર્ગસ્થ સર ગંગારામ સાથે મેં વાત કરી હતી અને મેં તેમને મારી જમીન વિશે બધી માહિતી આપી હતી પણ તેઓ અમારી ખેતી સુધારવા માટે કોઈ તૈયાર વહેવારુ યોજના ન આપી શક્યા. હું તમને કહું છું કે ગામડાંમાં જઈને ધામા નાખો, પણ ત્યાં તેમના શેઠ તરીકે કે હિતકર્તા તરીકે નહીં પણ તેમના નમ્ર સેવક તરીકે જાઓ. ત્યાં તમારું આચરણ, તમારું રોજબરોજનું જીવન એવું હોવું જોઈએ કે જે જોઈને તેઓ પોતે શું કરવું ને કેમ જીવવું તે શીખે. જેમ વરાળ પોતે, જો તેને યોગ્ય નિયંત્રણમાં ન રાખવામાં આવે તો કશા ઉપયોગની નથી, પણ નિયંત્રણમાં રાખવામાં આવે ત્યારે જ તે પ્રચંડ શક્તિ બની જાય છે તેમ કેવળ ભાવના કશા કામમાં નહીં આવે. હું તો તમને ગામડિયાઓના ઘવાયેલા આત્માને રૂઝવવા દેવદૂતો થઈને ગામડાંમાં પહોંચી જવા કહું છું.

૨

તમે તૈયાર કરેલી ખાદીનો નિકાલ કેમ કરવો તેની ચિંતા ન કરશો. જરૂર પડશે તો, તેના વેચાણના ભારમાંથી હું તમને મુક્ત કરીશ. તમે તો જેટલી બને તેટલી ખાદી તૈયાર કરતા જાઓ. ખાદી તૈયાર કરવા માટે ઓરિસ્સા કરતાં સારું બીજું કોઈ ક્ષેત્ર ન હોઈ શકે. ખાદીને એક ઓરિસ્સા જ ઉપયોગી ધંધો સાબિત કરી શકે એમ છે. મેં તો ૧૯૦૮માં જ્ઞાનદૃષ્ટિએ સિદ્ધ કર્યું હતું કે રેંટિયા વિના ઉદ્ધાર નથી, પણ ઓરિસ્સાએ પ્રયોગ કરીને સિદ્ધ કરવું રહ્યું છે. અને એ મારા વિશ્વાસનો પડઘો પાડે ન થાય, પણ તમારા પોતાના વિશ્વાસે જ થાય. એ વિશ્વાસ તમને ઊગી જવો જોઈએ. લોકોને તમે સિદ્ધ કરી આપો કે રેંટિયા વિના ઉદ્ધાર નથી, અને તેમ કરીને તમારી શરતે કામ આપો. તમારા પોતાના મનમાં એ શ્રદ્ધા એટલી દૃઢ કરજો કે ગાંધી પોતાની શ્રદ્ધા બદલે તોપણ તમે ડગશો નહીં. લોકોને બતાવી દો કે વધારે અન્ન જોઈતું હોય તો તેમણે કામ કરવું જોઈશે અને કામ તમે તમારી શરતે આપો તે સિવાય બીજું નહીં હોય. યાદ રાખજો કે ખાદી લોકોની દેશભક્તિ ઉપર લાંબો કાળ ન -ભી શકે. ખાદી બીજા કાપડ કરતાં ચડિયાતી બનશે તો જ ટકવાની છે.

Gandhi Heritage Portal

યાદ રાખો કે જ્યાં સુધી લોકો સમજશે નહીં કે ખાદીમાં જ તેમની મુક્તિ છે અને તેમને લાગશે નહીં કે ખાદી સિવાય તેઓ જીવી નહીં શકે ત્યાં સુધી તમને સફળતા નહીં મળે. યાદ રાખો કે આ આંદોલન હું માત્ર વિદેશી કાપડનો બહિષ્કાર કરવા માટે ચલાવતો નથી. આ તો આપણે જીવવા માટેની એક આવશ્યક શરત છે અને આપણે જીવવું જ હોય તો આપણે માટે જોઈતું કાપડ બનાવી લેવું એ એની અંગભૂત શરત છે.

ગામડાંમાં જાઓ અને ગામડાંના થઈને રહો. ચારબતિયાની શાળાના શિક્ષકે જે વાત કહી તે આંખ ખોલનારી હતી. તે એક નમૂનારૂપ ગામ હતું. તેની પાસે કામ કરવા માટે કેવું ક્ષેત્ર છે! તમે ગામની શાળા તમારા હાથમાં લઈ શકો, બાળકોને અપનાવી શકો અને તેમની મારફતે ગામડાંના લોકોમાં કામ કરી શકો. તેમના દુ:ખમાં ભાગ લો, તેમને પૂછો કે તમે તમારા કુટુંબનાં માણસોને પોતાના ઘરમાં બેસીને રોટલો કમાઈ લેવાને બદલે કલકત્તાનાં રોગગ્રસ્ત ઘોલકાંમાં શા માટે મોકલો છો? તેમના ઘરમાં જાઓ, તેમનો રેંટિયો, તેમની પીંજણ જુઓ, તેની ખામીઓ બતાવો, તેઓ કેમ જીવે છે તે જુઓ, તેમને સ્વચ્છતાના પ્રાથમિક નિયમો શીખવો. આ રચનાત્મક પ્રકારના કાંતણથી સ્વરાજ આવશે, આ ભૂમિ પર રેંટિયો પોતાનું સુંદર સંગીત ગાશે. દરેક ગામને સ્વાવલંબી બનાવો, દરેક ઘરને પોતાની ખાદી બનાવતું અને વાપરતું કરો. અને વધારાની ખાદી માટે, જો એ ખાદી ધોરણસરની હોય તો, તે બધી વેચી દેવાની મારી પાસેથી લેખિત ગૅરંટી લો. યાદ રાખો કે જે કાર્યકર્તા પોતાના ગામને સ્વાશ્રયી બનાવશે તે જ સાચો કાર્યકર્તા ગણાશે. આ બધા કામનું પરિણામ વ્યક્તિ પરત્વે જુદું જુદું હશે. આને માટે પ્રેમની શાળાની વિદ્યા સિવાય બીજી વિદ્યાની જરૂર નથી. છે આપણી પાસે સાચા, પ્રામાણિક, ખુમારીવાળા અને દેશપ્રેમથી ઊભરાતા ઉત્તમ કાર્યકર્તાઓ?

૩

[1]આ દુ:ખી દેશમાં તમારો પ્રાંત બેવડો દુ:ખી છે. તમારી આસપાસના બેવડા દુ:ખમાં ડૂબેલા લોકોના દુ:ખમાં તમે ડૂબી જાઓ, અને તેના નિવારણ આગળ બીજું બધું તમને વ્યર્થ જણાઓ. આટલું દુ:ખ છે તેથી તમારે માટે રસ્તો બીજા પ્રાંત કરતાં સૌથી સહેલો છે; હા, ખાંડાની ધાર જેવો ભલે હોય, એ રસ્તે તમારે સાચે અને ભક્તિમય હૃદયે ચાલવું રહ્યું. ત્રણ દિવસો થયાં અહીં આપણે પ્રાર્થના કરીએ છીએ. સાચી પ્રાર્થના હૃદયની છે—હોઠની નહીં પણ હૃદયની—અને એ સાચી પ્રાર્થના જે બળ, જે આરામ અને જે શાંતિ આપે છે તે બીજી કોઈ રીતે ન મળે. સાચી પ્રાર્થના દુ:ખના ડુંગરને પણ ડુબાવી દે છે. જેને એ પ્રયોગ કરી જોવો હોય તે કરી જુએ.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २९-१२-१९२७

૧. આ પૅરેગ્રાફનું ભાષાંતર નવજીવન, ૧-૧-૧૯૨૮ના અંકમાંથી લીધું છે.

Gandhi Heritage Portal

# ૨૮૫. દેવી વેસ્ટને પત્ર

આશ્રમ,
સાબરમતી,
ડિસેમ્બર ૨૧, ૧૯૨૭

તારો પત્ર[1] મળ્યો. રેલથી[2] ખરેખર ભયંકર નુકસાન થયું છે. પણ તેમાં સંકટગ્રસ્ત લોકોના સર્વોત્તમ ગુણો પણ પ્રગટ થયા છે. એક સંગઠન એકાએક ખડું થઈ ગયું જેણે ભારે નિશ્ચય-પૂર્વક અને એટલી જ ભારે સફળતાથી એ સંકટનો સામનો કર્યો.

મિસ સ્લેશિન મને હમણાં હમણાં નિયમિત પત્રો લખતી રહી છે. અલબત્ત, તે પહેલાંના જેટલી જ ઘેલી અને ભલી રહી છે. આલબર્ટ[3] આજકાલ બિલકુલ પત્ર લખતો નથી. તેમ છતાં મને તેના સમાચાર મળ્યા હતા અને હું જાણું છું કે તે અને તેનું કુટુંબ મજામાં છે. મણિલાલ અને તેની પત્ની મને નિયમિત લખતાં રહે છે.

મારી તબિયત ઠીક ઠીક સારી રહે છે. કદાચ પહેલાં જેવી તંદુરસ્તી તો હું કદી નહીં મેળવી શકું, છતાં જે કંઈ શક્તિ ઈશ્વરે મારામાં રહેવા દીધી છે તેને માટે હું તેનો આભારી છું.

આશા છે કે તને यंग इन्डिया તથા इन्डियन ओपीनियन પણ નિયમિત મળ્યા કરે છે. ન મળતાં હોય તો મને જણાવજે. પ્રભુદાસની તબિયત હવે ઘણી સારી છે. તે પોતાના પિતા સાથે એક હવા ખાવાને સ્થળે છે, બીજાં, જેમને તું ઓળખે છે તેઓ મજામાં છે. તેં ફોટો પડાવ્યો હોય તો એક નકલ મને જરૂર મોકલજે. મને ખાતરી છે કે આશ્રમમાં જેઓ તને ઓળખે છે અને તને ખૂબ ચાહે છે તેઓ બધાં તને સદેહે ન જોઈ શકે તો તારો ફોટો જોઈને તો ખુશ થશે જ. તેં જોયું હશે તેમ, મેં સિલોન સહિત દક્ષિણ હિંદુસ્તાનનો ખૂબ થકવી નાખે એવો પ્રવાસ કર્યો. હવે હું નવા વર્ષને દિવસે કે તે પહેલાં આશ્રમ પહોંચવાની આશા રાખું છું.

તારો

મિસ દેવી વેસ્ટ
૨૩, જૉર્જ સ્ટ્રીટ
લાઉથ, લિંકસ

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૨૩૪૩

૧. દેવી વેસ્ટે ગાંધીજીને તેમના જન્મદિને એટલે તા. ૨–૧૦–૧૯૨૭ને દિવસે પત્ર લખ્યો હતો.
૨. ગુજરાતમાં ૧૯૨૭ના ઑગસ્ટમાં આવેલી રેલ. જુઓ પુસ્તક ૩૪.
૩. એ. ડબલ્યુ. વેસ્ટ, દેવી વેસ્ટના ભાઈ.

Gandhi Heritage Portal

## ૨૮૬. નિર્મલચંદ્ર ડેને પત્ર

આશ્રમ,
સાબરમતી,
ડિસેમ્બર ૨૧, ૧૯૨૭

પ્રિય ભાઈ,

તમારો પત્ર મળ્યો. હું બરાબર જોઈ શકું છું કે જ્યાં સુધી તમને ઈશ્વરમાં જીવંત શ્રદ્ધા નહીં હોય ત્યાં સુધી તમે પાપી વિચારોથી મુક્ત નહીં થઈ શકો, પાપકર્મથી તો નહીં જ. એવી શ્રદ્ધા પ્રાપ્ત કરવાનો જે એકમાત્ર માર્ગ હું સૂચવી શકું છું તે એ છે કે મનુષ્યની તુચ્છતાને, અને તેથી તમારી પોતાની તુચ્છતાને સમજો અને . . .[1]માં દૃઢ શ્રદ્ધા રાખો, અને તે એવું માનીને કે એક એવી 'પરમ શક્તિ' હોવી જોઈએ જે પૂર્ણ છે અને જેણે આ અદ્ભુત દૃશ્ય-જગત ઉત્પન્ન કર્યું છે.

અનિષ્ટની ઉત્પત્તિ વિશે તમારી સાથે દલીલ કરવાની મારામાં શકિત નથી. મારે માટે એટલું પૂરતું છે કે હું નમ્રતાપૂર્વક અનિષ્ટને અનિષ્ટ તરીકે ઓળખું અને તેની સામે ટક્કર ઝીલવા પ્રયત્ન કરું. કારણ, હું જાણું છું કે ઈશ્વરમાં મારી શ્રદ્ધા છે અને તે મને અનિષ્ટ સામે લડવામાં હમેશાં સહાય કરે છે. વિજય પ્રયત્ન કરવામાં રહેલો છે. એ પ્રયત્ન માટે અને નમ્રતાપૂર્વક ગુરુની શોધ કરવા માટે શુદ્ધ જીવન ગાળવું આવશ્યક બને છે.

તમારો સહૃદયી

શ્રીયુત નિર્મલચંદ્ર ડે
એન્જિનિયરિંગ કૉલેજ હૉસ્ટેલ, શિવપુર
પો. બોટનિકલ ગાર્ડન
હાવરા

[મૂળ અંગ્રેજી]

માઇક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૨૬૫૩ એ

૧. અહીં મૂળમાં ખાલી જગ્યા છે.

Gandhi Heritage Portal

## ૨૮૭. વિશ્વંભર સહાયને પત્ર

આશ્રમ,
સાબરમતી,
ડિસેમ્બર ૨૧, ૧૯૨૭

પ્રિય ભાઈ,

દિલગીર છું કે તમારો પત્ર આજે જ હાથમાં લઈ શકું છું. મારી યાદદાસ્ત બરાબર હોય તો મેં મારી ગાઈડ ટુ હેલ્થ[1]નો હિંદી કે ઉર્દૂ અનુવાદ પ્રકાશિત કરવાના સર્વ હક કોઈને આપ્યા નથી. મને ખબર છે કે ઘણા લોકોએ હિંદુસ્તાનમાં અને યુરોપમાં બંને જગ્યાએ એ પુસ્તકનો અનુવાદ પ્રકાશિત કર્યો છે. તમારે મેસર્સ એન. ડી. સહગલ ઍન્ડ સન્સ, લાહોર, ને મારો અધિકારપત્ર બતાવવા કહેવું જોઈએ, અને જો એવો કોઈ અધિકારપત્ર તમને બતાવવામાં આવે તો તેની એક નકલ મને તપાસ કરવા માટે મોકલશો.

તમારો સહૃદયી

શ્રીયુત વિશ્વંભર સહાય
પ્રેમ સાહિત્ય ભંડાર
મેરઠ

[મૂળ અંગ્રેજી]

માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૨૬૫૪

## ૨૮૮. દેવીચંદને પત્ર

આશ્રમ,
સાબરમતી,
ડિસેમ્બર ૨૧, ૧૯૨૭

ભાઈશ્રી,

તમારા પત્રનો આથી વહેલો જવાબ ન લખી શક્યો તે માટે દિલગીર છું. તમે કરેલી તપાસ બિલકુલ મુદ્દાસરની છે. ખાદી માટે હું જે પૈસા એકઠા કરું છું અથવા જે પૈસા મને મોકલવામાં આવે છે તે, જો હું વિશ્વાસભંગ ન કરું તો, ખાદી માટે જ ખરચાવા જોઈએ. પણ હું અસ્પૃશ્યો માટે જરૂર પૈસા એકઠા કરું છું અને મને મળતા પણ રહે છે, જે તેમના ઉત્કર્ષ માટે જ ખર્ચવામાં આવે છે. આમ હું જે પ્રવૃત્તિઓ માટે પૈસા એકઠા કરું છું તેના પર મારું સીધું કે આડકતરું નિયંત્રણ રહે છે.

તમારો સહૃદયી

શ્રીયુત દેવીચંદ
પ્રમુખ, દયાનંદ દલિત ઉદ્ધાર મંડળ
હોશિયારપુર, પંજાબ

[મૂળ અંગ્રેજી]

માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૨૬૫૫

૧. આરોગ્ય વિશે સામાન્ય જ્ઞાન સંબંધી ગુજરાતી લેખમાળાનો અંગ્રેજી અનુવાદ. જે ઇન્ડિયન ઓપીનિયનમાં ૪ જાન્યુઆરી ૧૯૧૩થી ૧૬ ઑગસ્ટ ૧૯૧૩ સુધીમાં પ્રસિદ્ધ થયો હતો. જુઓ પુસ્તક ૧૧ અને ૧૨.

Gandhi Heritage Portal

## ૨૮૯. મણીન્દ્રચંદ્ર રૉયને પત્ર

આશ્રમ,
સાબરમતી,
ડિસેમ્બર ૨૧, ૧૯૨૭

ભાઈશ્રી,

તમારા પત્રનો જવાબ આથી વહેલો નથી આપી શકયો. 'મનુષ્ય જાતિએ આત્મસુધારણા માટે પ્રયત્ન ન કરવો જોઈએ' એવી તમારી દલીલથી તમારી વિવેકબુદ્ધિ ભ્રમિત થયેલી છે, એમ મને લાગ્યા વગર રહેતું નથી. તમે કહેશો કે જેને વગર ગુને સજા કરવામાં આવી હોય એવા કેદીએ પોતાની મુક્તિ માટે પ્રયત્ન ન કરવો જોઈએ. પોતે કોઈ દિવસ જોયોજાણ્યો નથી એવા પુરુષની ગુલામીમાં સોંપી દેવામાં આવેલી એક અસહાય નિર્દોષ બાળા અને એક કેદી વચ્ચે હું કોઈ ભેદ જોતો નથી. તમારી દલીલો પ્રથમ દલીલ જેવી જ જણાય છે.

તમારો સહૃદયી

શ્રીયુત મણીન્દ્રચંદ્ર રૉય
હેડમાસ્તર
બરહામપુર નૅશનલ સ્કૂલ
બરહામપુર પોસ્ટ ખાગ્રા

[મૂળ અંગ્રેજી]

માઇક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૨૬૫૬

## ૨૯૦. ટી. કે. રામુન્ની મેનનને પત્ર

આશ્રમ,
સાબરમતી,
ડિસેમ્બર ૨૧, ૧૯૨૭

પ્રિય ભાઈ,

તમારા પત્રનો આથી વહેલો જવાબ નથી આપી શકયો તે માટે દિલગીર છું. હું ઇચ્છું છું કે તમે મને બની શકે તો, હું મદ્રાસમાં હોઉં ત્યારે મળો. તમારી પાસેની નોકરી તમે ઉતાવળે છોડી દો એમ હું નથી ઇચ્છતો.

તમારો સહૃદયી

શ્રીયુત ટી. કે. રામુન્ની મેનન
કોઑપરેટિવ ઑફિસર
પોસ્ટ પુથિયારા (મલબાર)

[મૂળ અંગ્રેજી]

માઇક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૨૬૫૭

Gandhi Heritage Portal

# ૨૯૧. પ્યારેલાલને પત્ર

આશ્રમ,
સાબરમતી,
ડિસેમ્બર ૨૧, ૧૯૨૭

પ્રિય ભાઈ,

તમારો પત્ર હું આથી વહેલો હાથમાં લઈ શક્યો નથી. હું ધારું છું કે તમને યોજના કરતાં યોગ્ય કાર્યકર્તાઓની વધારે જરૂર છે. અને તમારી પાસે મિસ જેમીનર તથા બાબુ જુગલકિશોર છે એટલે હું માનું છું કે તમે તેમની સલાહ પ્રમાણે ચાલો એ સૌથી સારું છે. હું તમને એક ભૂલથી સાવધ રહેવા કહું છું. તે એ કે વિધવાગૃહને માત્ર એવી સાહિત્યિક શાળા બનાવી દેવામાં આવે જેમાં વિધવાઓને બધું બીજાઓએ તૈયાર કરેલું મળતું હોય. હું તો વિધવાઓને કોઈક ઉદ્યોગધંધાની તાલીમ આપું અને તેમને સ્વાશ્રયી અને છેવટે આત્મનિર્ભર બનાવું. તેઓ સાંપ્રદાયિક ન બની જાય તેની પણ હું સાવધાની રાખું.

તમારો સહૃદયી

શ્રીયુત પ્યારેલાલ[1]
નં. ૨, મેટકાફ હાઉસ રોડ
દિલ્હી

[મૂળ અંગ્રેજી]
માઇક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૨૬૫૮

# ૨૯૨. આપણી સૌની શરમ

લાંબા વખતથી મુલતવી રાખેલા ઓરિસ્સાના પ્રવાસે આવીને મારાં દુ:ખ અને ભોંઠપનો કડવો પ્યાલો ભરી દીધો છે. બોલગઢ, જે નજીકના રેલવે સ્ટેશનથી ૩૧ માઈલ દૂર છે ત્યાં હું ૧૧મી તારીખે દીનબંધુ ઍન્ડ્રૂઝ જોડે વાત કરતો બેઠો હતો, ત્યાં પીઠેથી અડધો વળી ગયેલો એક માણસ માત્ર એક ગંદી લંગોટી પહેરીને ડરતો ડરતો અમારી સામે આવ્યો. તેણે જમીન પરથી એક તરણું ઉપાડી મોઢામાં મૂક્યું, અને અમારી આગળ સાષ્ટાંગ પ્રણિપાત કર્યા. પછી તે ઊઠયો, હાથ જોડ્યા, વાંકો વળીને નમ્યો, મોંમાંથી તરણું કાઢી વાળમાં ગોઠવી દીધું, અને પાછો જવાની તૈયારીમાં હતો. આ દૃશ્ય જોઈને હું તો અંતરવેદનાથી સમસમી રહ્યો હતો. આ વિધિ સમાપ્ત થયો કે તરત જ મેં બૂમ પાડીને દુભાષિયાને બોલાવ્યો, પેલા મિત્રને પાસે આવવાનું કહ્યું, અને તેની સાથે વાતચીત શરૂ કરી. તે અંત્યજ હતો. છ માઈલ દૂરના એક ગામડામાં રહેતો હતો. બોલગઢમાં લાકડાંની ભારી વેચવા આવેલો ત્યાં મને આવેલો સાંભળી મને જોવા આવ્યો હતો. તરણું મોંમાં લેવાનું કારણ પૂછતાં તેણે કહ્યું, 'આપને માન આપવા.' મેં શરમથી

૧. એક પરોપકારી સજ્જન; ૧૯૩૮માં એમનું અવસાન થયું.

Gandhi Heritage Portal

નીચું જોયું. માનની કિંમત મને અસહ્ય લાગી. મારા હિંદુ આત્માને ઊંડો આઘાત થયો. મેં પેલાની પાસે ભેટ માગી. તે કેડે ખોસેલો પૈસો શોધવા લાગ્યો. મેં કહ્યું, "મારે તમારો પૈસો નથી જોઈતો. હું તો એથી કંઈક સારી વસ્તુ માગું છું." "એ હું આપીશ." તેણે જવાબ દીધો. મેં એની પાસેથી જાણી લીધું હતું કે તે રૂઢિને અનુસરીને દારૂ પીતો હતો અને મડદાલ માંસ ખાતો હતો.

"મારે તમારી પાસેથી ભેટ જોઈએ છે તે આ. જગતમાં કોઈ પણ માણસની આગળ મોંમાં તરણું નહીં લેવાનું વચન આપો. એમાં માણસની માણસાઈને હીણપત લાગે છે. ફરી કદી દારૂ ન પીજો કારણ તે માણસને પશુ બનાવે છે. ફરી કદી મડદાલ માંસ ન ખાજો, કારણ એ કામ હિંદુ ધર્મથી વિરુદ્ધ છે, અને કોઈ પણ સુધરેલો માણસ મડદાલ માંસ કદી ખાય નહીં."

"પણ હું દારૂ ન પીઉં, મડદાલ માંસ ન ખાઉં, તો મારા લોકો મને નાત બહાર મૂકે," પેલા બિચારાએ કહ્યું.

"તો નાત બહાર રહેજો, અને જરૂર જણાય તો એ ગામડાનો ત્યાગ કરજો."

આ દીનદલિત માણસે વચન આપ્યું. એને જો તે પાળશે તો એની ત્રિવિધ ભેટ તે મને મળતા ઉદાર દેશભાઈઓના રૂપિયા કરતાં વધારે કીમતી છે.

આ અસ્પૃશ્યતા આપણી મોટામાં મોટી શરમ છે. એની ભોંઠપ ઊંડી ને ઊંડી ઊતરતી જાય છે.

પણ આ અવિસ્મરણીય બનાવ તો એ શરમ અને દુ:ખનો અંશમાત્ર છે. બાણપુર થઈને સરકારી ઓરિસ્સામાં પ્રવેશ કરતાં જેવી સ્મશાનશાંતિ મેં જોઈ છે તેવી ૧૯૧૬ના[૧] ચંપારણના દિવસો પછી કદી નથી જોઈ. અને મને ભય છે કે ઓરિસ્સાની શાંતિ ચંપારણ કરતાંયે બૂરી છે. ચંપારણની પ્રજામાં થોડા દિવસો રહ્યા પછી તેમનામાં ચેતન આવેલું મેં જોયું હતું. ઓરિસ્સાની પ્રજા ચેતનને એટલું જલદી ઝીલે એ વિશે મને શંકા છે. મેં સાંભળ્યું કે જમીનદારો, રાજાઓ અને સ્થાનિક પોલીસોએ મળીને લોકોને ડરાવી, મારી પાસે આવતા અટકાવવાનો પ્રપંચ કર્યો હતો. હું તો અભિમાનથી માનવા લાગ્યો હતો કે રાજાઓ, જમીનદારો અને નાનામાં નાના પોલીસ અમલદારો મારો અવિશ્વાસ કે ભય રાખતા મટી ગયા છે. ઓરિસ્સાના અનુભવે મને ચાનક લગાડી છે. બહુ ફરવા જેટલી શક્તિ મારામાં ન હોવાથી મેં મિત્રોને લોકોને મળવા મોકલ્યા, અને આ દશાનું કારણ જાણી લીધું. તેઓ ખબર લાવ્યા કે મારી પાસે ન આવવાનું તેમ જ મારા માનમાં થનારા કોઈ પણ દેખાવોમાં ભાગ ન લેવાનું લોકોને સજાનો ડર આપીને કહેવામાં આવ્યું હતું. એવી ચેતવણીઓ પૂર્વે અને બીજા પ્રાંતોમાં નીકળી ચૂકેલી છે. પણ આજના જેવા શાંતિના કાળમાં એની કશી જ અસર થયેલી નથી. પણ મેં જોયું કે ઓરિસ્સાની પ્રજા તો કાયમની ભયભીત દશામાં રહે છે અને સહેજે વશ થઈ જાય એવી છે.

આ શરમમાં આપણો તેમ જ પરદેશી રાજ્યકર્તાઓ બંનેનો હિસ્સો છે. રાજાઓ, જમીનદારો અને નાના અમલદારો આપણા જ જાતભાઈઓ છે એ સાચું. પણ ભયનું ખરું મૂળ તો રાજ્યકર્તાઓ છે. એમનું રાજ્યતંત્ર 'ભયભીતપણા' પર રચાયેલું છે. પ્રતિષ્ઠાને નામે તેઓએ ગમે તે ઉપાય લઈને આપણામાંના ઊંચામાં ઊંચા લોકોને નીચા નમવાની ફરજ પાડી છે. તેઓએ જ્યાં ભ્રષ્ટતા ઉપજાવી નથી ત્યાં વધારી તો છે જ. પ્રજામાં ઘોર ભયભીતપણું પ્રવર્તે છે એ

૧. અહીં ૧૯૧૭ જોઈએ.

Gandhi Heritage Portal

તેમની જાણમાં છે. છતાં તેમણે પોતાનો અમલ કાયમ રાખવાને માટે ચાલુ દશાને ટકાવી રાખી છે, અને જ્યાં એમ નથી કર્યું ત્યાં પણ ભયભીતપણું કે એનાં કારણો દૂર કરવાનો એમણે લવલેશ પ્રયત્ન નથી કર્યો. તેથી મેં જોયેલાં કરુણ દૃશ્યોને સારુ સીધી જવાબદારી ભલે એમની ન હોય, પણ એ જવાબદારીમાં એમનો ઠીક ઠીક ભાગ ગણ્યા વિના ચાલે એમ નથી.

પણ આપણી શરમ તો એથીયે મોટી છે. જો આપણે બળવાન હોત, સ્વમાનને ચાહનારા હોત, અને ડરને વશ ન થઈએ એવા હોત, તો પરદેશી રાજ્યકર્તાઓ આપણને રંજાડવા અસમર્થ નીવડત. જેઓ ડરને વશ થાય છે તેમને જ બીજા ડરાવે છે. અને એ તો કબૂલ કરવું જ રહ્યું છે કે બ્રિટિશ અમલની શરૂઆત પહેલાં લાંબા કાળથી આપણા જમીનદારો અને રાજાઓએ આપણને ડરકુ બનાવી દીધા હતા. પહેલાં જે વસ્તુ કંઈક અણઘડ દશામાં હયાત હતી તેને આજના રાજ્યકર્તાઓએ શાસ્ત્રબદ્ધ કરી છે. તેથી ઓરિસ્સાના કાર્યકર્તાઓએ આ ત્રાસદાયક, એટલું જ નહીં પણ લગભગ નામર્દાઈ જેવું બીકણપણું છોડી દેવાનું શિક્ષણ પ્રજાને આપવું રહ્યું છે. અને એ કાર્ય તેઓ જમીનદારો, રાજાઓ કે પોલીસ અમલદારોને ગાળો દેવાથી નહીં કરી શકે. આ વર્ગો તો જ્યારે જોશે કે પ્રજાએ નામર્દાઈ છોડી દીધી છે ત્યારે તેઓ નમવા લાગશે, એટલું જ નહીં પણ મિત્રભાવ રાખતા થશે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २२–१२–१९२७

ભાષાંતર: नवजीवन, २५–१२–१९२७

## ૨૯૩. કશું તુચ્છ નથી

એક મિત્રે મને રેંટિયા વિશેનો એક સંવાદ પ્રકાશિત કરવા માટે મોકલ્યો છે. એ કથામાં મને કોઈ વસ્તુ મળતું નથી તેથી હું તે છાપતો નથી. પણ લેખકે ઉદ્ધૃત કરેલી નીચેની બોધ-દાયક કવિતા હું ખુશીથી છાપું છું. એ એક નાની બાળકીના મુખમાં મૂકી છે. એ પોતાના નાના ભાઈને કહે છે કે, આપણે નાનાં બાળકો છીએ, છતાં આપણે ગરીબોને ખાતર રેંટિયા પર કાંતવાનું શરૂ કરવું જોઈએ:

અલ્પ તો'યે કંઈ ચીજો મોંઘેરી દીસતી અહીં!
સુવર્ણપુષ્પ કો નાનું નમાવી સ્વર્ણપાંખડી,
કહેશે: "ફૂલડું હું તો નાનેરું તુચ્છ તુચ્છ હા!
ખીલ્યું કયમ? ન ખીલું એ આશીર્વાદ સમું બને."
થાકયા કૈં કેટલા પાન્થ, તાજગી મેળવે કયમ?
વંચિત એ સહુ થાશે, મીઠી એ ખુશબો થકી.
ના જોતાં ફૂલડું રૂડું, રમ્ય એ ખીણમાં ખીલ્યું,
કહેશો બાલુડાં નાનાં, કૈં કૈં કેવાં દુ:ખી થતાં?

અલ્પ તો'યે કંઈ ચીજો મોંઘેરી દીસતી અહીં!
લીલા તૃણે ઝગંતું આ હિમબિન્દુ અહીં કહે:

Gandhi Heritage Portal

"તુચ્છ હું હિમબિન્દુ હા! કોણ ને શું કરી શકું?
ટકું? ના; ના ટકું એ તો આશીર્વાદ સમું બને."
તપ્યો ના દિન એ વળે, તરણું અલ્પ તો'ય હા!
હતું એ આશ્રયસ્થાન, હિમબિન્દુ તણું ભલું.
વિલાય સૂર્યના તાપે, ખરતું અવનિ પરે!
ભીંજવી રાખતું લીલું, બિન્દુ હાવાં મળે નહીં!

અલ્પ તો'યે કંઈ ચીજો મોંઘેરી દીસતી અહીં!
કલ્પો કે ગ્રીષ્મના તીખા મધ્યાહ્ને પંથ કાપતો—
જાય છે કોક પંથી, ને વાયુની મંદ લ્હેરખી
પોતાને માનતી તુચ્છ સોચે: મારું ગજું નહીં
રસ્તે ચાલ્યા જતા પંથી કેરો તાપ નિવારવા!
આસ્વાદી લહરી મીઠી મંદ મંદ સમીરની—
પંથી શું ના કહેશે કે, લ્હેરખી શીત આ રૂડી
માને છે નિજને તુચ્છ, ભૂલ એની ભયંકર?

અલ્પ તો'યે કંઈ ચીજો મોંઘેરી દીસતી અહીં!
બાળ નાનો ભલે તો'યે કાર્યો કંઈ કરતો ભલાં;
અપેક્ષા બળની કેવી, નાનાશા બાળની કને?
જ્ઞાનની બાલુડા પાસે આશ શી કરવી ઘટે?
જુઓને પ્રેમથી કેવો બીજાને કાજ એ કરે
બાળ છોને રહ્યો નાનો, કાર્યો કિન્તુ કશાં રૂડાં?
નાને મુખે ઘણું બોલ્યું સાચું કરી બતાવવા
બળથી અદકેરો એ આત્માનો પ્રેમ ઝંખતો!

આ સુંદર કડીઓ આપણામાંના ઘણાખરા મોટા માણસો જેઓ આ કાલ્પનિક કથામાંનાં નાનાં બાળકો કરતાં સારી વાતો નથી કરતા તેમને પણ એટલી જ લાગુ પડે છે, યજ્ઞકાંતણ ન કરવા માટે આપણે એવું ખોટું બહાનું ન કાઢીએ કે એ તો કશા ઉપયોગ વિનાની તુચ્છ વસ્તુ છે. આપણું કામ આવી દલીલો કરીને આળસ કરવાનું નથી. આપણું કામ તો જે થોડુંઘણું આપણાથી થઈ શકે તે કરવાનું અને ઈશ્વર ઇચ્છે તે પ્રમાણે તેનો ઉપયોગ કરવાનું તેના પર છોડી દેવાનું છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २२-१२-१९२७



Gandhi Heritage Portal

## ૨૯૪. સુભદ્રાબહેન તુળજાપુરકરને પત્ર

આશ્રમ,
સાબરમતી,
ડિસેમ્બર ૨૩, ૧૯૨૭

મારી નાનકડી બહેન,

તારા પત્રનો[1] જવાબ આથી વહેલો ન આપી શકયો. તું આખી ગીતા એક પણ ભૂલ વગર મોઢે બોલી જઈ શકે છે અને એમ બોલી જવા માટે તને પારિતોષિક મળ્યું છે તે માટે હું તને અભિનંદન આપું છું. ગીતાનો અભ્યાસ કરવાની સારામાં સારી રીત, તેનો પાઠ કરવા ઉપરાંત, એ છે કે, એક એક શ્લોક લઈને તેનો પૂરેપૂરો અર્થ સમજવો અને પોતાના જીવનમાં તેનો અમલ કરવો. હું કયારેક મુંબઈ આવું ત્યારે તું કદાચ આવીને મને કેટલાક અધ્યાય સંભળાવશે.

તારો સહૃદયી

કુમારી સુભદ્રા તુળજાપુરકર
એન. પી. પથારેને ઘેર
પોર્ટુગીઝ ચર્ચ પાસે
દાદર, મુંબઈ

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૧૨૬૩૫ એ

## ૨૯૫. બેગમ ઝેબુન્નિસાને પત્ર

આશ્રમ,
સાબરમતી,
ડિસેમ્બર ૨૩, ૧૯૨૭

પ્રિય બહેન,

દિલગીર છું કે હું તમારા પત્રનો જવાબ આથી વહેલો ન આપી શકયો. આશ્રમમાંથી મને ખબર મળી છે કે તમારું નાટક મળ્યું છે. પણ તમે જોયું હશે તેમ, હું સતત પ્રવાસ કરી રહ્યો છું. હું જોકે જાન્યુઆરીમાં આશ્રમ પહોંચવાની અપેક્ષા રાખું છું, પણ તમારું લખાણ જોવાનો સમય કયારે મળશે તેનો કંઈ ખ્યાલ આવતો નથી. તેથી હું તમને એટલું જ વચન આપી શકું કે હું તે બની શકે તેટલું વહેલું વાંચી લેવાનો પ્રયત્ન કરીશ. પણ જો તમે તે

૧. ૬–૧૦–૧૯૨૭નો પત્ર; પત્રલેખિકાની ઉંમર પંદર વરસની હતી.

Gandhi Heritage Portal

છપાવવા માગતાં હો તો મારા અભિપ્રાયની રાહ ન જોશો, પણ મૌલાના મઝહરુલ હક અને ડૉ. સૈયદ મહમદ જેવા મિત્રો સંમતિ આપતા હોય તો તેને પ્રેસમાં આપી દેશો.

તમારો સહૃદયી

બેગમ ઝેબુન્નિસા[1]
સૈયદ અહમદઅલી સાહેબને ત્યાં
મહલ્લા સાહબગંજ
છપરા

[મૂળ અંગ્રેજી]

માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૨૬૩૭

## ૨૯૬. પિચપ્પા સુબ્રહ્મણ્યમ્ ચેટ્ટિયારને પત્ર

મદ્રાસ,
ડિસેમ્બર ૨૩, ૧૯૨૭

પ્રિય ભાઈ,

જે વિવાહને કારણે તમારે મને છોડીને કોલંબોથી ચાલ્યા જવું પડ્યું હતું તે સારી રીતે ઊજવાઈ ગયો એ જાણીને મને ઘણો આનંદ થયો. વિવાહિત યુગલને મારી શુભેચ્છાઓ ફરીથી પહોંચાડજો અને તેમને કહેજો કે હું તેમની બંનેની પાસે એવી આશા રાખું છું કે તેઓ દેશની સેવા માટે કામ કરે.

હા, સિલોનથી ફાળો ઘણો સારો મળ્યો. તમને કોઈ ખાસ વસ્તુની ભલામણ કરવાની મને જરૂર લાગતી નથી, કારણ હું જાણું છું કે તમારું દિલ ખાદી સેવામાં છે જે આજે દેશની સૌથી વ્યાપક અને વ્યવહારુ સેવા છે.

તમારો સહૃદયી

શ્રીયુત પિચપ્પા સુબ્રહ્મણ્યમ્ ચેટ્ટિયાર
અમરાવતી, પુદુર
ગાંધીનગર
જિલ્લો રામનાડ

[મૂળ અંગ્રેજી]

માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૨૬૫૯

૧. એક મુસ્લિમ બહેન, જે પોતાનું ઉર્દૂ નાટક ગાંધીજીને અર્પણ કરવા ઇચ્છતી હતી.

Gandhi Heritage Portal

# ૨૯૭. કમલાદેવીને પત્ર

આશ્રમ,
સાબરમતી,
ડિસેમ્બર ૨૩, ૧૯૨૭

વહાલાં બહેન,

તમારો પત્ર[1] મને ગમ્યો. તમે હિંદુસ્તાનની છોકરીઓ અને સ્ત્રીઓ વિશે જે કહો છો તે મોટે ભાગે સાચું છે. પરંતુ આ ગુલામી દૂર કરવા માટે તમે અને તમારા જેવી સ્થિતિમાં હોય તેવી છોકરીઓ ઘણું કરી શકે. તમે તમારા નિશ્ચયમાં દૃઢ હો અને તેની સાથે નમ્રતા રાખો તો મને ખાતરી છે કે તમારા પિતા તમને તમારી પોતાની મનોવૃત્તિ પ્રમાણે વર્તવા દેશે. પરંતુ પરિણામ લાવવા માટે તમારે ધીરજ રાખવી જોઈએ. સાબરમતી આશ્રમમાં જે સાદા જીવનની તમે તમારે માટે કલ્પના કરી છે તેવું જીવન ત્યાં જીવો. આખરે સૌથી મોટી વસ્તુ મન છે. અને જો તમારું મન સાદાઈ અને પવિત્રતાના વિચારને વર્યું હોય તો દુનિયાની કોઈ તાકાત તમારા મનને એ વિચારથી છૂટું નહીં પાડી શકે.

જીવનની જરૂરિયાતો વિશેના તમારા વિચાર અંગે તમે લખ્યું તે મેં જોયું છે. હું તમારા પિતા સાથે વાત કરું અથવા તેમની સાથે પત્રવ્યવહાર પણ કરું એવું તમે ઇચ્છો છો? તમારે તમારા પિતા સાથે છૂટથી વાત કરતાં અને તેમનામાં પૂરો વિશ્વાસ મૂકતાં ડરવું ન જોઈએ.

તમારો સહૃદયી

શ્રીમતી કમલાદેવી
અખિલ મિસ્ત્રી લેન
કલકત્તા

[મૂળ અંગ્રેજી]

માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૨૬૬૦

૧. કમલાદેવીનાં માતપિતા તેમનું લગ્ન કરવા માગતાં હતાં. પરંતુ કમલાદેવી આશ્રમમાં જઈને રહેવા ઇચ્છતાં હતાં. જુઓ પુસ્તક ૩૪, પા. ૨૫૪ તથા ૩૭૪.

Gandhi Heritage Portal

## ૨૯૮. એસ. જી. દાતારને પત્ર

આશ્રમ,
સાબરમતી,
ડિસેમ્બર ૨૩, ૧૯૨૭

પ્રિય ભાઈ,

તમારો પત્ર તથા શ્રાદ્ધ વિશેનો લેખ મળ્યો. આ લેખ મેં છાપ્યો નથી કારણ કે તમારા દૃષ્ટિકોણની ચર્ચા યંગ ઇન્ડિયામાં ઘણી વાર કરવામાં આવી છે. મારા અભિપ્રાય પ્રમાણે પુત્ર પોતાનાં સ્વર્ગસ્થ માતાપિતાનું સૌથી સારું શ્રાદ્ધ એમના બધા સારા ગુણો પોતાના જીવનમાં ઉતારીને કરી શકે. શાસ્ત્રના શબ્દોનું માત્ર રટણ કરવું એ તો તેમના આત્માને હણવા બરાબર છે.

તમારો સહૃદયી

શ્રીયુત એસ. જી. દાતાર
વકીલ
બાગલકોટ

[મૂળ અંગ્રેજી]

માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૨૯૬૧

## ૨૯૯. આર. રામસ્વામીને પત્ર

આશ્રમ,
સાબરમતી,
ડિસેમ્બર ૨૩, ૧૯૨૭

પ્રિય ભાઈ,

તમારો પત્ર તથા સાથેનો ખાદી વિશેનો લેખ મળ્યો. આ લેખ યંગ ઇન્ડિયામાં છાપવો જરૂરી હોય એમ લાગતું નથી. તેથી એ પાછો મોકલું છું. મારા અભિપ્રાય મુજબ તમે જે પ્રકારનું નિવેદન તૈયાર કર્યું છે એવાં નિવેદનોથી ખાદી લોકપ્રિય નહીં થાય. એને માટે સંગઠન અને વ્યક્તિગત પ્રચારની જરૂર છે અને એ બંને બાબતમાં બની શકે તેટલું ધ્યાન આપવામાં આવે છે.

તમારો સહૃદયી

શ્રીયુત આર. રામસ્વામી
૬, શિવાપ્પા મૅન્શન
દાદર, મુંબઈ

[મૂળ અંગ્રેજી]

માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૨૯૬૨

Gandhi Heritage Portal

## ૩૦૦. એક પત્ર

આશ્રમ,
સાબરમતી,
ડિસેમ્બર ૨૩, ૧૯૨૭

ભાઈશ્રી,

તમારાં માતુશ્રીએ તમારી મારફત મોકલેલા દસ રૂપિયાની રસીદ આ સાથે છે. આ દાન માટે તેમનો આભાર માનશો.

સાચા બ્રહ્મચારી બનવું હોય તો તેણે બધા ઉત્તેજક ખોરાક, ઉત્તેજક વાતચીત, ઉત્તેજક નાટકસિનેમાથી દૂર રહેવું જોઈએ અને પોતાના શરીરને કાંતણ, પીંજણ, વણાટ જેવા કોઈ ઉપયોગી કામમાં લગાડવું જોઈએ. તેણે મનને શુદ્ધ વસ્તુઓ લખવા વાંચવામાં લગાડવું જોઈએ તથા ઈશ્વરનું સતત ચિંતન કરવું જોઈએ અને માનવું જોઈએ કે તે આપણા તમામ વિચારો અને કાર્યોનો સાક્ષી છે.

તમારો સહૃદયી

શ્રીયુત
ટિઓન
ઓલ્ડ સક્કર

[મૂળ અંગ્રેજી]

માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૨૬૬૩

## ૩૦૧. એસ. વી. વિશ્વનાથ આયરને પત્ર

આશ્રમ,
સાબરમતી,
ડિસેમ્બર ૨૩, ૧૯૨૭

પ્રિય ભાઈ,

તમારા પત્રનો જવાબ આથી વહેલો આપી શકું તેમ નહોતું. પરીક્ષા લેવા બાબતની તમારી સૂચના સંબંધમાં શું થઈ શકે તેમ છે તે હું જોઈશ. પરંતુ હાલમાં જો કંઈ જરૂરી હોય તો તે સૈદ્ધાંતિક જ્ઞાન નહીં પણ વ્યાવહારિક કાર્ય છે.

એરિંગની બાબતમાં તમે દર્શાવેલો પૂર્વગ્રહ હોવા છતાં હું ઘણી સ્ત્રીઓને પોતાનાં એરિંગ આપી દેવા સમજાવી શક્યો છું. નૈતિક આધાર વિનાના અથવા અનૈતિક હોય એવા રીતરિવાજો ગમે તેટલા પ્રાચીન હોય અને તેમને પૂર્વગ્રહોનો ગમે તેટલો ટેકો હોય છતાં તેમની સાથે આપણે લડવાનું છે.

તમારો સહૃદયી

શ્રીયુત એસ. વી. વિશ્વનાથ આયર
વકીલ, તુતીકોરીન

[મૂળ અંગ્રેજી]

માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૨૬૬૪

Gandhi Heritage Portal

## ૩૦૨. ચેરુકાન્ડી કુટ્ટનને પત્ર

આશ્રમ,
સાબરમતી,
ડિસેમ્બર ૨૩, ૧૯૨૭

ભાઈશ્રી,

મારી પૂછપરછના જવાબમાં પ્રિટોરિયાના ઇમિગ્રેશન અને એશિયાટિક અફેર્સના કમિશનર તરફથી આવેલા પત્રની નકલ આ સાથે છે. તમે મને વધુ માહિતી આપી શકો તો હું નાતાલના અધિકારીઓ સાથે પત્રવ્યવહાર કરીશ.

તમારો સહૃદયી

શ્રીયુત ચેરુકાન્ડી કુટ્ટન
ઇંગ્લિશ કંપોઝીટર
"મલબાર સ્પેક્ટેટર પ્રેસ"
કાલિકટ (દક્ષિણ મલબાર)

[મૂળ અંગ્રેજી]

માઇક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૨૯૬૫

## ૩૦૩. કે. કેલપ્પનને પત્ર

આશ્રમ,
સાબરમતી,
ડિસેમ્બર ૨૩, ૧૯૨૭

પ્રિય કેલપ્પન,

તમારા તરફથી જાણે જમાનાઓથી કોઈ ખબર નથી. આની સાથે એક પત્ર[1] છે; તે કૃપા કરીને વાંચો અને આ વસાહત વિશે કંઈ જાણતા હો તો જણાવો, અને ન જાણતા હો તો તમારે ત્યાં જવું પડશે અને ત્યાંની સ્થિતિનો હેવાલ મોકલવો પડશે.

જે કમિટીની મેં સૂચના કરી હતી તેનું શું કર્યું, અને તમારી પાસે હું મૂકી ગયો હતો તે ફંડનું શું કર્યું?

તમારો સહૃદયી

શ્રીયુત કે. કેલપ્પન નાયર
પાયોલી
ઉત્તર મલબાર

[મૂળ અંગ્રેજી]

માઇક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૪૬૨૪

૧. આ પત્ર પુલાયા કૉલોની, ચલાકુડી,ના વ્યવસ્થાપક વી. કે. શંકરનો હતો. આ વસાહતનું સંચાલન દલિતવર્ગ વિકાસ સોસાયટી તરફથી કરવામાં આવતું હતું. શંકરે ગાંધીજીની સલાહસૂચના માગી હતી.

Gandhi Heritage Portal

## ૩૦૪. મદ્રાસમાં ખાદી અને હિંદી પ્રદર્શનમાં ભાષણ

ડિસેમ્બર ૨૩, ૧૯૨૭

મહાત્માજીએ પ્રદર્શનનું ઉદ્‌ઘાટન કરતાં પહેલાં અંગ્રેજીમાં ભાષણ કર્યું જેનો શ્રી ચ. રાજગોપાલાચારીએ તામિલમાં અનુવાદ કર્યો. તેમણે કહ્યું કે આ પ્રદર્શનનું ઉદ્‌ઘાટન કરવાનું મને કહેવામાં આવ્યું તેને હું મોટો લહાવો સમજું છું. મારી શારીરિક સ્થિતિ એટલી સારી નથી કે સૌ સાંભળી શકે એટલે મોટે અવાજે હું બોલું. હું લાંબું ભાષણ કરવાનો નથી અને મારી તબિયતની હાલની સ્થિતિમાં હું આટલી મોટી સભાને ભાષણ આપી શકું તેમ નથી. ખાદીની આવશ્યકતા વિશે મારે લાંબું ભાષણ કરવાની જરૂર નથી, કારણ કે હું હમણાં જ ઉત્કલથી આવું છું જ્યાં મેં ભૂખમરાથી કૃશ અને દુર્બળ બની ગયેલાં સ્ત્રીપુરુષોને મારી પોતાની નજરે જોયાં છે. આવા લોકોને ખાદી ઘણો જ લાભ કરશે. આ સભામાં બેઠેલા લોકોએ ઉત્કલના એ ભૂખે મરતા લોકોને જોયા હોય તો તેઓ મારી સાથે તરત જ સંમત થાય કે ખાદી જ માત્ર એવી વસ્તુ છે જે તેમને આવી હીન દશામાંથી ઉગારી શકે. ખાદીની ચળવળ એક એવી ચળવળ છે જેમાં તામિલ અને તેલુગુભાષી લોકો, ઉત્તર અને દક્ષિણ હિંદના લોકો, જાતિ અને ધર્મના ભેદભાવ વિના ભાગ લઈ શકે છે. ઉત્કલની મુલાકાત તેમને સ્વાભાવિક રીતે જ ખાદીની ચળવળને ટેકો આપવા પ્રેરશે. ઔદ્યોગિક પ્રદર્શનની બાજુમાં ખાદી પ્રદર્શન હાથી આગળ કીડી જેવું જણાય છે. મોટા પ્રદર્શનમાં વિદેશી તથા દેશી બંને વસ્તુઓ છે. ખાદી પ્રદર્શનમાં તમે કેવળ હાથે કાંતેલો અને હાથે વણેલો સ્વદેશી માલ જોશો. અને ત્યાં કોઈ હરીફાઈ નથી; હરીફાઈ એટલી જ છે કે, "હું કઈ રીતે સેવા કરું, હું કઈ રીતે સૌથી સારી સેવા કરું?" ખાદી પ્રદર્શનમાં તમે ગરીબ પુરુષો અને સ્ત્રીઓએ બનાવેલો માલ જોશો અને એ માલ બનાવવામાં ઘણા ગરીબ લોકોને રોટી મળી હશે. માન્ચેસ્ટરમાં બનેલો માલ અને હિંદુસ્તાનની મિલોમાં બનેલો માલ અંગ્રેજ અને હિંદી મૂડીદારોને સમૃદ્ધ કરે છે, જ્યારે ખાદી ગરીબમાં ગરીબ મજૂરો, કે જેમની પાસે ગુજરાનનું બીજું કોઈ સાધન નથી તેમને રોટલો આપે છે. ખાદીના આંદોલને ૨,૦૦૦ ગામડાંમાં ફેલાયેલા ૭૫,૦૦૦ કાંતનારાઓને ભોજન આપ્યું છે અને ૬,૦૦૦ વણકરો ખાદી વણીને ગુજરાન ચલાવે છે. મેં આ આંદોલન સંબંધમાં માત્ર કાંતનારા અને વણનારાઓનો જ ઉલ્લેખ કર્યો છે અને છપાઈ, રંગાઈ વગેરેમાં રોકાયેલા આ આંદોલનથી જેમને લાભ થયો છે એવા બીજા લોકોને ગણાવ્યા નથી. આ ગરીબ લોકો ઉપરાંત મધ્યમ વર્ગના લગભગ ૧,૦૦૦ યુવકોએ પણ ખાદીનું કામ કરવા માંડયું છે. વળી ખાદી બેકારોને કામ આપશે અને ઘણા લોકોનાં મન જેણે ઉદ્વિગ્ન કરી મૂક્યાં છે એવા મધ્યમવર્ગની બેકારીના સવાલનો ઉકેલ આણશે. ખાદી હિંદુસ્તાનના લોકોને એટલે બ્રાહ્મણો અને બ્રાહ્મણેતરોને હિંદુઓ અને મુસલમાનોને તથા કહેવાતા અસ્પૃશ્યોને કામ આપશે. હવે થોડી જ વારમાં તમે નમૂના જોવા માટે પ્રદર્શનના સ્ટૉલો પર જશો. ત્યાં જાઓ ત્યારે મારી તમને વિનંતી છે કે તમે ગરીબો માટેની સહાનુભૂતિની ભાવના લઈને જજો અને વિચાર કરજો કે ગરીબ લોકોએ જેમતેમ જીવી જવા માટે કંઈક કમાઈ લેવા કેટલાં સમય અને શક્તિ ખર્ચ્યાં હશે. વળી તમે જોશો કે ખાદીની વસ્તુઓની કિંમત ઘણી ઘટી ગઈ છે.

ખાદી પ્રદર્શનની પાસે તમે હિંદી પ્રદર્શન જોશો. હિંદી આંદોલનની કલ્પના કરોડો હિંદીઓના હિતનો ખ્યાલ રાખીને કરવામાં આવી છે. હિંદી અથવા હિંદુસ્તાની ૨૧ કરોડ લોકો બોલે છે અને ઘણા મુસલમાનોની એ માતૃભાષા છે. એ જ એક એવી ભાષા છે જે આંતરપ્રાંતીય થઈ શકે તેમ છે. કેટલાક સમયથી દક્ષિણ હિંદુસ્તાનમાં હિંદીનો પ્રચાર કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે. હિંદી પ્રચાર સભાની સ્થાપના કરવામાં આવી છે અને તે તામિલનાડુ અને આંધ્ર દેશમાં ઘણા લોકોને હિંદીનું શિક્ષણ આપે છે. એ બે પ્રાંતોમાં ઘણા લોકો હિંદી શીખ્યા છે

Gandhi Heritage Portal

અને તેમણે પરીક્ષાઓ પસાર કરી છે. હિંદી પ્રદર્શનનું ઉદ્‌ઘાટન પંડિત મદનમોહન માલવિયા કરવાના હતા. પણ તેઓ આવ્યા નથી એટલે એનું ઉદ્‌ઘાટન કરવાનું મને કહેવામાં આવ્યું છે. હું તમને કહું છું કે હિંદી શીખો અને તમને એ પણ કહું છું કે એ સહેલાઈથી શીખી શકાય છે. શીખી લીધા પછી તમે જોશો કે એ સુંદર ભાષા છે.

આ શબ્દો સાથે તેમણે ખાદી અને હિંદી પ્રદર્શનો ખુલ્લાં મૂક્યાં.

[મૂળ અંગ્રેજી]

हिन्दु, ૨૪-૧૨-૧૯૨૭

## ૩૦૫. એક લેખ પર નોંધ[1]

આ કલંકમાંથી આપણે ક્યારે છૂટશું? ગયા પ્રલયે[2] પણ હિંદુઓની આંખ નથી ખોલી? ‘ઢેડ’ ‘ભંગી’ને હલકા કોણે રચ્યા? વાણિયા-બ્રાહ્મણ ઊંચ ક્યારે થયા?

[મૂળ ગુજરાતી]

नवजीवन, ૨૫-૧૨-૧૯૨૭

## ૩૦૬. ઇન્દ્રરાજ રેંટિયો

કાશ્મીરમાં રેંટિયાને જે સ્થાન છે એ વિશેનો લેખ શ્રી હરજીવનદાસ કોટકે खादी पत्रिकाના તા. ૧-૧૨-’૨૭ના અંકમાં લખ્યો છે. તે દરેક ખાદીપ્રેમીને વાંચી જવાની હું ભલામણ કરું છું. તે લેખની કિંમત ભાઈ હરજીવનદાસના અનુભવમાં રહેલી છે. તેમણે જાતે કાશ્મીરમાં રહીને જે નિરીક્ષણ કર્યું તે પછી તે લેખ લખાયો છે. તેમાંથી ત્રણ વાતો સ્પષ્ટ થાય છે:

૧. રેંટિયાનું મહત્ત્વ,

૨. કાશ્મીરમાં હજુ પણ એ પ્રવૃત્તિને સારુ રહેલું સ્થાન, અને

૩. કાશ્મીરમાં આ અમૂલ્ય હુન્નરની પડતી.

રેંટિયાના મહત્ત્વના પુરાવાઓ આપણને દક્ષિણમાં કન્યાકુમારી લગી નાગરકૉઇલમાં મળે છે; પૂર્વમાં છેક આસામમાં મળે છે; ને હવે ઉત્તરમાં છેક કાશ્મીરમાં મળ્યા છે. પશ્ચિમમાં છેક કાઠિયાવાડમાં મળી આવે છે. પશ્ચિમમાં કરાંચીને નથી મૂકતો, કેમ કે કરાંચી નવું શહેર છે ને ત્યાં લોકો ધનના મદમાં રેંટિયાની કિંમત બહુ ન જાણે એ સ્વાભાવિક છે,—જોકે ત્યાં પણ સ્વ. શ્રી રણછોડદાસ જેવા ખાદીભક્તની પ્રવૃત્તિથી આજ લગી નવે ધોરણે રેંટિયાપ્રચાર ચાલી રહ્યો છે, ખાદીનો ઉપયોગ થાય છે.

ભાઈ હરજીવનદાસના લેખ ઉપરથી આપણને સાવધાન કરનારી ખબર મળે છે કે ત્યાં રેશમ થાય છે તે હાથે કાંતેલું નથી હોતું. આજ લગી તે હાથે કાંતેલું હશે એમ માની આપણામાંના

૧. આ નોંધ શ્રી મોહનલાલ કા. પંડ્યાના લેખ “ફરક કેટલો અને કેવો?” ઉપર લખાયેલી છે. લેખમાં ડાકોરજીના પુણ્યક્ષેત્રમાં રણછોડજીના મંદિરમાં દર્શનનો તથા ગોમતીજીમાં સ્નાનનો લહાવો અસ્પૃશ્યો લઈ શકતા નથી તેની ચર્ચા કરી હતી.

૨. ગુજરાતનું મહારેલસંકટ; જુઓ પુસ્તક ૩૪.

Gandhi Heritage Portal

શોખીન લોકો કાશ્મીરી રેશમનો ઉપયોગ કરતા, પણ જેઓ હાથકંતામણનાં જ સૂતર, ઊન કે રેશમનાં કપડાંનો ઉપયોગ કરવા માગે છે તેમને કાશ્મીરી રેશમ પણ ત્યાજ્ય છે એ સ્પષ્ટ છે. ઉત્તમ વસ્તુ પહેરવા જેટલું હાથે કાંતવું, મધ્યમ નજીકમાં નજીક કંતાવી લેવું, કનિષ્ઠ પ્રામાણિક વેચનાર પાસેથી હાથકંતામણને નામે જે મળી આવે તે પહેરવું.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૫-૧૨-૧૯૨૭

## ૩૦૭. હિંદુ વિધવા શું કરે?

અજમેરથી એક સજ્જન હિંદીમાં લખે છે:

> મૈં ચાહતા હૂં કિ આપ મેરે નિમ્નલિખિત પ્રશ્નકા ઉત્તર નવજીવન મેં દેં.
>
> હિંદુ વિધવાઓંકો જો પુનર્વિવાહ નહીં કરના ચાહતીં અપના શેષ જીવન કિસ પ્રકાર વ્યતીત કરના ચાહિયે?
>
> મહર્ષિ દયાનંદ ને તો લિખા હૈ કિ ઉનકો બ્રહ્મચર્યપૂર્વક રહતે હુએ સ્વયં પઢના ઔર બાલિકાઓંકો પઢાના ચાહિયે.
>
> ક્યા આપ ઈસ બાતસે સહમત હૈં? ઈસકો માનતે હુએ ભારતકી વર્તમાન સ્થિતિકો દેખતે હુએ આપ ઔર કૌન કૌન સી બાતોંકો ઈસકે સાથ જોડ દેના ચાહતે હૈં?

મહર્ષિ દયાનંદનો અભિપ્રાય કેવળ શીખવા-શીખવવામાં જ વિધવા પોતાનો સમય ગાળે એમ નથી, પણ એ વસ્તુ દૃષ્ટાંત રૂપે હોય. શિક્ષાનો અર્થ આ ઠેકાણે તો અક્ષરજ્ઞાન જ છે. અક્ષરજ્ઞાન અમુક અંશે આવશ્યક છે. પણ મારી દૃષ્ટિએ એથીયે વધારે આવશ્યક શિક્ષણ ભૂખમરો દૂર કરવાનું છે. અને તે રેંટિયા-શિક્ષણ છે. એ મારો નિશ્ચય દિવસે દિવસે વધતો જાય છે. જો આપણે, વાંચી-લખી જાણનારા, પોતાને ઊંચ વર્ણના માનનારા મધ્યમવર્ગના લોકો આપણા વર્ગની બહાર રહેલા કંગાળ લોકોનો વિચાર કરીએ, તો કોઈને રેંટિયા વિના બીજું ન જ સૂઝે. રેંટિયો મુખ્યપણે સ્ત્રીઓ જ ચલાવશે. મુખ્યપણે સમય પણ સ્ત્રીઓની જ પાસે છે. એટલે તેમની મારફતે હિંદુસ્તાનના કરોડો રૂપિયા બહાર જતા બચાવવા અને ખરું સ્વરાજ — રામરાજ — મેળવવું, એમ હું સ્થળે સ્થળે અને રાતદહાડો પોકારી પોકારીને કહ્યા કરું છું.

સ્ત્રીઓમાં પ્રવેશ તો સ્ત્રીઓ જ સારી રીતે કરી શકે. અહીં ઉત્કલ દેશમાં, જ્યાં હું આ લખી રહ્યો છું ત્યાં, ગરીબ સ્ત્રીઓ પણ પડદામાં રહે છે. તેમના પડદાને તોડી તેમની વચ્ચે કોણ જઈ શકે? મારી સાથે મીરાંબાઈ છે. તેમને મેં એક ગામડાની સ્ત્રીઓમાં મોકલ્યાં. પચાસેક સ્ત્રીઓ તેમની આસપાસ વીંટળાઈ ગઈ, ને હર્ષઘેલી થઈ ગઈ; અનેક વાતો પૂછવા લાગી, ને રેંટિયાની વાત નીકળી. આ સ્ત્રીઓ છેક ભોળી, સાદી ને અણજાણ હતી. ખરી કેળવણી તો આવી અસંખ્ય સ્ત્રીઓને મળવી જોઈએ. સ્વચ્છ ચારિત્રવાળી વિધવાઓ આવી કેળવણી સહેજે આપી શકે; પોતાનું કામ સાધે ને હિંદુસ્તાનનો બેડો પાર થાય. પરોપકારી વિધવા આ કામ સહેજે શીખી શકે, ને સહેજે કરી શકે. પણ તેમાં મોટી શરત તો એ છે કે તેને ગામડાંમાં જવાની ધગશ થાય, ને તેમાં રહી અકળાય નહીં. બ્રહ્મચર્યનું વ્રત લેનારી વિધવા અબળા નથી, અપંગ નથી. તે જો પોતાને ઓળખે તો તે બળવતી છે, સ્વાશ્રયી છે, સુરક્ષિત છે. આજકાલ

Gandhi Heritage Portal

બાળાઓને આપવામાં આવતી શિક્ષાના કાર્યને હું ઉપરના કાર્યના પ્રમાણમાં તુચ્છ ગણું છું. પણ જે વિધવા ગામડાંમાં ન જ જાય, આળસમાં દિવસ ગાળતી હોય, અથવા ધર્મભ્રમમાં વરસોવરસ તીર્થક્ષેત્રોને નામે ગણાતાં સ્થળોમાં ભ્રમણ કરતી હોય, તે કરતાં તે તો શહેરોમાં રહી બાળશિક્ષણ આપતી હોય તે સારું જ છે. તેની પાસે દરદીઓની સારવારનું વિશાળ ક્ષેત્ર પણ પડયું છે. હિંદુ સ્ત્રી નર્સ તરીકે ઘણી થોડી જ જોવામાં આવે છે. મહારાષ્ટ્રમાં વિધવાઓ નર્સનું કામ શીખે છે. પણ મહારાષ્ટ્રની બહાર બહુ થોડી જ વિધવાઓ એ કામ શીખવા તૈયાર હોય છે.

પણ મેં બતાવ્યાં છે એ કાર્યો પણ દૃષ્ટાંતરૂપે જ સમજવાં. પ્રત્યેક સમજુ વિધવા, જે બ્રહ્મચર્યનું પાલન કરવા ઇચ્છે છે તેણે પોતાની મેળે કંઈક પણ પરોપકારી પ્રવૃત્તિ શોધી લઈ તેમાં પોતાનું જીવન ગાળવું ઘટે છે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૫-૧૨-૧૯૨૭

## ૩૦૮. ડૉ. એમ. એ. અનસારીને પત્ર

ડિસેમ્બર ૨૫, ૧૯૨૭

પ્રિય ડૉ. અનસારી,

પંડિત માલવિયા સાથે મારે લાંબી વાત થઈ હતી. ગાય અને સંગીત વિશેનો ઠરાવ અત્યારે છે તે રૂપમાં તેમને સ્વીકાર્ય નથી તેમ જ મને પણ સ્વીકાર્ય નથી. મેં બે સુધારા સૂચવ્યા છે જેની સાથે તેઓ સંમત થાય છે અને માને છે કે તેમાં હિંદુ સભા પણ સંમત થશે.

પહેલો એ છે કે પ્રસ્તાવનામાં અધિકારોનો ઉલ્લેખ કરવાને બદલે “એકે પક્ષના અધિકારોને બાધ ન આવે એ રીતે, વગેરે.”[1] એટલું કહેવું.

જેને હું સૌથી મહત્ત્વનો અને સાચો ઉકેલ માનું છું એવો બીજો સુધારો એ છે કે મુસલમાનો ગોવધ ન કરે, અને હિંદુઓ મસીદો સામે વાજાં ન વગાડે. આ વસ્તુઓ પરસ્પર સંમતિથી કાયદામાં જણાવવી જોઈએ. માલવિયાજી માને છે કે જો મુસલમાનો બીજી દરખાસ્ત સ્વીકારી શકે તો હું હિંદુ સભાની સંમતિ મેળવી શકીશ.

આ બે દરખાસ્તોમાં કંઈક હોવા બાબતમાં તમને વિશ્વાસ પડતો હોય તો એકતાના ઠરાવ કરવાનું મુલતવી રાખો અને આપણે આ દરખાસ્તોનો બધી બાજુથી વિચાર કરી લઈએ.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૨૩૯૧

૧. આ સૂચના સ્વીકારવામાં આવી હોય એમ લાગે છે. જુઓ, પરિશિષ્ટ ૯ના હિંદુમુસ્લિમ એકતા વિષેના ઠરાવના ભાગ બ ની કલમ ૧.

Gandhi Heritage Portal

## ૩૦૯. સી. એફ. ઍન્ડ્રૂઝને પત્ર

ડિસેમ્બર ૨૬, ૧૯૨૭

પ્રિય ચાર્લી,

મેં તમારા ઠરાવોમાં ફેરફાર કર્યા છે. ઓરિસ્સા વિશેનો ઠરાવ કૉંગ્રેસમાં ન લાવવો જોઈએ. કારણ કે એવાં બીજાં અનેક સ્થળો છે જેમણે સહન કર્યું છે. ઓરિસ્સાની વિશિષ્ટ ગરીબી પુરાણી છે. ગ્રેગના પુસ્તકનાં પ્રૂફ વાંચવા બાબત શું થઈ શકે એમ છે તે જોઈશ. મેં કૉંગ્રેસ સમિતિની કોઈ બેઠકમાં હાજરી આપી નથી. સારો આરામ લઈ રહ્યો છું. અહીંના દાક્તરોને લોહીના દબાણમાં ખાસ વધારો જણાતો નથી. હું આવતી કાલે અથવા પરમ દિવસે અહીંથી ઊપડું છું. ૧૩મી જાન્યુઆરીએ અથવા તે પહેલાં તમે આશ્રમમાં આવી પહોંચશો એવી આશા રાખું છું. ટકર મારી સાથે છે.

સસ્નેહ,

મોહન

મિ. સી. એફ. ઍન્ડ્રૂઝ
શાંતિનિકેતન

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : જી. એન. ૨૬૨૭

## ૩૧૦. ફૂલચંદ કે. શાહને પત્ર

સેન્ટ્રલ સ્ટેશન, મદ્રાસ
મૌનવાર [ડિસેમ્બર ૨૬, ૧૯૨૭][1]

ભાઈશ્રી ૫ ફૂલચંદ,

તમારો કાગળ મળ્યો. એ તમને શોભે છે. મને તો શક કે ચિંતા હતાં જ નહીં. હું આશ્રમ મોડામાં મોડો શનિવારે પહોંચવાની આશા રાખું છું.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

પત્રની નકલ પરથી : સી. ડબલ્યુ. ૨૮૩૨; શ્રીમતી શારદાબહેન શાહના સૌજન્યથી

૧. ટપાલની છાપ પરથી.

Gandhi Heritage Portal

## ૩૧૧. રેવાશંકર ઝવેરીને પત્ર

સોમવાર [ડિસેમ્બર ૨૬, ૧૯૨૭][1]

મુ. રેવાશંકરભાઈ,

આજે દેવદાસનો કાગળ છે તે ઉપરથી સમજ્યો છું કે તમે પણ ઘવાયા છો ને મુંબઈ આવી ગયા છો. આવતી કાલે તો અહીંથી ચાલવાનો ઈરાદો છે એટલે ગુરુવારે ત્યાં પહોંચીશ. તેમ ન થઈ શકે તો શુક્રવારે તો જરૂર. ઈશ્વર રક્ષા કરો.

**મોહનદાસ**ના પ્રણામ

મુ. રેવાશંકરભાઈ
મણિભવન
૭, લેબરનમ રોડ
ગામદેવી, મુંબઈ

[મૂળ ગુજરાતી]

મૂળ પત્ર પરથી: જી. એન. ૧૨૬૬

## ૩૧૨. આશ્રમની બહેનોને પત્ર

મદ્રાસ,
સોમવાર [ડિસેમ્બર ૨૬, ૧૯૨૭][2]

વહાલાં બહેનો,

તમારો કાગળ મળ્યો છે. મારો ઈરાદો તો આજે જ અહીંથી નીકળવાનો હતો પણ હવે તો કાલે નહીં તો બુધવારે તો નીકળીશ જ એમ માનું છું. એટલે મોડામાં મોડા શનિવારે આપણે મળશું એમ માનીએ.

તમારામાંથી કોઈ ઉત્કલ જવા આજે ન નીકળે એ તો સમજાય છે. છેવટે તો ઘણી બહેનોએ આશ્રમમાંથી જ તૈયાર થયે છૂટકો છે.

તાર લખાવવાની ભૂલ થઈ છે એમ લખો છો એ હું સમજ્યો નથી. હવે તો મળીએ ત્યારે સમજાવજો.

જે કામ આપણને પ્રિય હોય છે તેને આપણે ભૂલતાં નથી. ભાવિક સ્ત્રીપુરુષોને મેં મંદિરોમાં અનેક પ્રકારની સેવા બહુ પ્રેમ ને રસપૂર્વક કરતાં જોયાં છે. કાંતવાનો યજ્ઞ બધી સેવામાં સર્વોપરી સ્થાન ભોગવે છે, એવી આપણી માન્યતા ગણાય છે. આ વિશે શંકા હોય તો જરૂર પૂછજો.

**બાપુના આશીર્વાદ**

[મૂળ ગુજરાતી]

મૂળ પત્ર પરથી : સી. ડબલ્યુ. ૭૭૭૦; શ્રીમતી રાધાબહેન ચૌધરીના સૌજન્યથી

૧. ટપાલની છાપ પરથી.
૨. ઉત્કલ તથા ગાંધીજીના આશ્રમમાં પાછા ફરવાના ઉલ્લેખ પરથી.

Gandhi Heritage Portal

## ૩૧૩. દક્ષિણ આફ્રિકાના હિંદીઓ વિશે ઠરાવ

[ડિસેમ્બર ૨૭, ૧૯૨૭][1]

આ કૉંગ્રેસ જોકે દક્ષિણ આફ્રિકામાં હિંદી વસાહતીઓને મળેલી રાહતનો સ્વીકાર કરે છે અને હિંદુસ્તાન તથા દક્ષિણ આફ્રિકા સંઘ વચ્ચે થયેલી સમજૂતીને હિંદી વસાહતીઓ સાથે વધારે સારું વર્તન કરવાની સંઘ સરકારની ઇચ્છાનું પ્રતીક ગણે છે, પણ જ્યાં સુધી સંઘના મતાધિકાર ધરાવતા નિવાસીઓના જેટલો દરજ્જો વસાહતીઓને આપવામાં ન આવે ત્યાં સુધી કૉંગ્રેસને સંતોષ થઈ શકે નહીં. કૉંગ્રેસ સંઘ સરકારને, બધા વર્ગભેદના કાયદા, ખાસ કરીને ૧૯૨૬નો રંગભેદનો કાયદો જેમાં હોટેલોમાં હિંદીઓને વેટર તરીકે નોકરીમાં રાખવાનો નિષેધ કરવામાં આવ્યો છે તે, ૧૯૨૭ના દારૂ સંબંધી વિધેયકની કલમ, તથા જાતિઓને અલગ રાખવાની વાત આવે છે તેટલા પ્રમાણમાં નાતાલના મ્યુનિસિપલ જમીન-ફેરફારીના વટહુકમો રદ કરીને બંને દેશો વચ્ચે પેદા થયેલી સદ્ભાવનાને દૃઢ કરવા અપીલ કરે છે.

આ કૉંગ્રેસ દીનબંધુ સી. એફ. ઍન્ડ્રૂઝે દક્ષિણ આફ્રિકા અને પૂર્વ આફ્રિકામાં હિંદી વસાહતીઓના દરજ્જા સંબંધમાં કરેલા મહાન અને પરોપકારી કાર્ય માટે તેમના પ્રત્યેની તેની ઊંડી કૃતજ્ઞતાની લાગણીની નોંધ લે છે.

[મૂળ અંગ્રેજી]

रिपोर्ट ऑफ ध फॉर्टी-सेकन्ड इन्डियन नेशनल कॉंग्रेस एट मद्रास १९२७, पा. ५९

## ૩૧૪. ડૉ. એમ. એ. અનસારીને પત્ર

ડિસેમ્બર ૨૮, ૧૯૨૭

પ્રિય ડૉ. અનસારી,

ગાય વિશેના ઠરાવથી તો હું પૂરેપૂરો હચમચી ઊઠયો છું. એ ઠરાવ હું ગઈ કાલે રાતે જ ધ્યાનપૂર્વક વાંચી શક્યો. હું એનો જેમ વધુ વિચાર કરું છું તેમ હું વધુ સંકોચ અનુભવું છું. એમ. એ. આઝાદ સાથે મેં જે મુસદ્દો[2] મોકલ્યો છે તે એની અવેજીમાં નથી. મેં મૌલાના સાહેબને કહ્યું છે કે મને એ કોઈ પણ રીતે સંતોષજનક લાગતો નથી. હું જોઈ શકું છું કે આનો એક માત્ર ઉકેલ મેં સૂચવ્યો છે તે જ છે. તેથી હું તમને આગ્રહપૂર્વક કહું છું કે આ અધિવેશનમાં એ ઠરાવ અંગે કશું જ કરશો નહીં. જે મુસલમાન મિત્રો અહીં છે અને જેમને હું ઓળખું છું તેમની સાથે મારે વાત કરવી જોઈએ અને તેમની સમક્ષ મારી ભયંકર સ્થિતિ રજૂ કરવી જોઈએ. પણ આ તબક્કે હું તમને તકલીફ નહીં આપું. તમારા હાથ પર ઘણાં કામ

૧. આ ઠરાવ ગાંધીજીએ ઘડયો હતો. હિંદી રાષ્ટ્રીય મહાસભાના તા. ૨૭-૧૨-૧૯૨૭ને રોજ ભરાયેલા વાર્ષિક અધિવેશનમાં કૉંગ્રેસ પ્રમુખ ડૉ. એમ. એ. અનસારીએ તે રજૂ કર્યો હતો અને તે સર્વાનુમતે પસાર થયો હતો.

૨. આ મુસદ્દો કૉંગ્રેસે પસાર કરેલા હિંદુમુસ્લિમ એકતાના ઠરાવના ભાગ બ ની પહેલી કલમ હશે એમ માની શકાય. જુઓ પરિશિષ્ટ ૯.

Gandhi Heritage Portal

છે. આમ છતાં હું અલીભાઈઓને મળવાનો પ્રયત્ન કરી રહ્યો છું. હું મદદ કરવા આવ્યો હતો. હવે હું અંતરાયરૂપ બનતો જાઉં છું. મારું દુ:ખ અવર્ણનીય છે.

તમારો સહૃદયી
**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૧૨૩૯૨

## ૩૧૫. એક પત્ર[1]

ડિસેમ્બર ૨૮, ૧૯૨૭

પ્રિય મિત્ર અને ભાઈ,

ગાય વિશેનો ઠરાવ મારા દિલમાં ઊંડો જખમ કરી ગયો છે. એને વિશે હું તમારી સાથે ચર્ચા કરવા અને તમને મારી મુશ્કેલી સમજાવવા ઇચ્છું છું. તમને બંનેને અને શક્ય હોય તો શ્વેબને હું મળવા ઇચ્છું છું. બીજા જે મિત્રો આવી શકે તેમ હોય તેમને પણ લાવશો.

સસ્નેહ,

તમારો સહૃદયી
**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૧૨૩૯૩

## ૩૧૬. રાજદ્વારી કેદીઓ

અંબાલાવાળા લાલા દુનીચંદે હિંદુસ્તાનની જુદી જુદી જેલોમાં પુરાયેલા રાજદ્વારી કેદીઓ વિશે વિલાયતમાં એક પત્રિકા પ્રગટ કરી છે તેની નકલ મને મોકલી છે. હિંદી પ્રજાને માટે એ પત્રિકામાં નવું કશું નથી. અને એ પ્રગટ કરવામાં લેખકનો જે હેતુ છે તેને સારુ તો એને વધુ વિગતોથી ભરેલો અને વધુ ચોકસાઈવાળી સહેલાઈથી બનાવી શકાત. પત્રિકા સાથેના કાગળમાં આ રાજદ્વારી કેદીઓનો ઉલ્લેખ હું ભાગ્યે જ કરું છું. એને સારુ તેમણે મને જરા ઠપકો આપ્યો છે. આપણા આ દેશભાઈઓ વિશે ન બોલવાનો અર્થ એ થતો હોય કે તેમની પ્રત્યે મને અભાવ અથવા ઉપેક્ષા છે, તો એ ઠપકાને હું પાત્ર છું ખરો. પણ મારો દાવો તો એ છે કે આ કેદીઓને મુક્ત થયેલા જોવાની મારી આતુરતા કોઈનાથી ઊતરે એમ નથી. પણ મેં એમનો ઉલ્લેખ કરવો ઇરાદાપૂર્વક છોડી દીધો છે. હું ધારું છું કે યંગ ઇન્ડિયાનાં પાનાં ઘણા નિરર્થક શબ્દોથી ભરાતાં નથી. આ પાનાંમાં જે કંઈ લખાય છે તે તમામનો ચોકસ ઉદ્દેશ હોય છે. એક કાળ એવો હતો જ્યારે હું આ મુકદ્દમાઓનું પૃથક્કરણ કરતો અને એમાંના ઘણામાં થયેલો અન્યાય ઉઘાડો પાડતો. પણ ત્યારે મને બ્રિટિશ રાજ્યતંત્ર પર વિશ્વાસ હતો, અને એમાંથી

૧. આ પત્ર ઘણું કરીને મૌલાના મહમદઅલીને લખ્યો હોય એમ જણાય છે. જુઓ આ પહેલાંનો પત્ર.

Gandhi Heritage Portal

આખરે તો સારું જ નીકળવાનું છે એમ માની હું અભિમાન લેતો હતો. મારો એ વિશ્વાસ ઊડી ગયા પછી એ રાજતંત્રના અમલદારોને અસરકારક વિનવણી કરવાની શક્તિ પણ મેં ગુમાવી છે. બ્રિટિશ નેકી અને બ્રિટિશ ન્યાયબુદ્ધિ વિશે હું કદી લખી શકું એમ નથી. ઊલટું, મને તો લાગે છે કે એ રાજતંત્ર જોખમમાં હોય અથવા છે એમ અમલદારોને લાગે ત્યારે એ તંત્ર જ તેમને નેકીથી વર્તતાં અથવા ન્યાય આપતાં રોકે છે. એમના રાજ્યતંત્રને કોઈ પણ જાતનું જોખમ ન હોય તેવી બાબતોમાં તેમની પાસેથી હજુ પણ ન્યાય મળી શકે એ હું કબૂલ કરું છું. પણ જ્યારે એ તંત્ર જોખમમાં હોય અથવા છે એમ એમને લાગે છે ત્યારે તેઓ પોતાની ન્યાયબુદ્ધિ ખોઈ બેસે છે, એટલું જ નહીં પણ સમતોલપણું પણ ખોઈ બેસે છે, અને એ તંત્રને ટકાવવાને કોઈ પણ ઉપાય લેવામાં તેમને નામોશી કે હીણપત જણાતી નથી. ડાયરશાહી અને ઓડવાયરશાહી[1] એ છૂટાછવાયા બનાવો નહોતા. માત્ર જલિયાંવાલા પહેલાં હું એ તરફ આંખ મીંચતો. ખરું જોતાં એવા અત્યાચારોની જરૂર તેમને જ્યારે જ્યારે ભાસી છે ત્યારે એનો આશ્રય સર્વ દેશોમાં અને સર્વ કાળે લેવામાં આવ્યો છે.

જે રાજદ્વારી કેદીઓને શોભીતા કે નાટકરૂપ મુકદ્દમા વડે કે મુકદ્દમા વિના પૂરી રાખવામાં આવેલા છે તેમને એ રાજતંત્રના રક્ષણને અર્થે પૂરવામાં આવેલા છે એ મારે સારુ સંતોષની વાત છે. એ તંત્રના અમલદારો પોતાના તંત્રને ઉખાડવાના શકદાર રાજદ્વારી કેદીને — ખાસ કરીને તે હિંસાનાં સાધનો વાપરવા માગે છે એમ મનાતું હોય ત્યારે — છોડી મૂકવા કરતાં લોહિયાળા હાથે પકડાયેલા અને ગુનેગાર ઠરેલા છતાં ખાનગી સ્વાર્થને સારુ ખૂન કરનાર આરોપીને છોડી મૂકવાનું ઘણું વધારે પસંદ કરશે.

તેથી લાલા દુનીચંદે ધ્યાનમાં રાખેલા રાજદ્વારી કેદીઓની વતી રાજકર્તાઓને કંઈ પણ વિનવણી કરવી એમાં મને સમયનો દુર્વ્યય અને માનહાનિ જણાય છે. અને એમનું કહેવું ગદર પક્ષના કેદીઓ, પંજાબ માર્શલ લૉના કેદીઓ અને બંગાળના કેદીઓને વિશે છે. તેમ શ્રી સુભાષ બોઝના જેવા છૂટાછવાયા છુટકારાથી પણ આપણે ભ્રમિત થવાની જરૂર નથી. એમની ગંભીર માંદગી મદદે ન આવી હોત, તો પ્રજાએ ચલાવેલી ચળવળ છતાં ઘણે ભાગે એમને મુક્તિ ન જ મળી હોત. એ લોકોએ ચોખ્ખેચોખ્ખા શબ્દોમાં કહ્યું નથી કે એમને કેવળ માંદગીને જ કારણે છૂટા કરવામાં આવ્યા છે? એમના રૂપાળા સુધારા કમિશનને સારુ અનુકૂળ વાતાવરણ પેદા કરવાની વિનંતીના જવાબમાં અર્લ વિંટરટને[2] બંગાળના કેદીઓને છોડવાની ઘસીને ના નથી પાડી?

જેમને એ રાજ્યતંત્ર પર વિશ્વાસ હોય તેઓ જરૂર બ્રિટિશ ન્યાયબુદ્ધિ અને નેકીને નામે વિનવણી કરે.

મારો માર્ગ ચોખ્ખો છે. જે સ્વતંત્રતાનો વાયુ લેવા આપણે ઇચ્છીએ છીએ તેની પૂરતી કિંમત આપણે હજુ નથી આપી. તેથી જો આપણે સ્વતંત્રતા, જે મનુષ્યનો જન્મસિદ્ધ હક છે તે લેવા માગતા હોઈએ, તો આપણે જે કિંમત આપવી પડશે એનો આ ગિરફતારીઓ તો એક નાનકડો અંશ માત્ર છે. આપણે તો કતલખાના સુધીની કૂચ મેઢાંબકરાંની જેમ લાચારીથી નહીં પણ બલિદાનની આતુરતાથી કરવી પડશે. એને સારુ હિંસાનો તેમ જ અહિંસાનો એ બંને

૧. ૧૯૧૯ના એપ્રિલમાં જલિયાંવાલા બાગના અત્યાચારમાં જનરલ ડાયર અને ઓડવાયર જવાબદાર હતા.

૨. નાયબ હિંદી વજીર.

Gandhi Heritage Portal

માર્ગો ખુલ્લા છે. હિંસાનો માર્ગ આપણને માત્ર અંધારામાં જ દોરી શકશે; અને જે અજ્ઞાન સ્ત્રીપુરુષો જેઓ સ્વાતંત્ર્ય શું તે જાણતાં નથી અને જેમને એ કીમતી વસ્તુ ખરીદવાની લેશમાત્ર ઇચ્છા નથી, તેમને પરાણે પાર વિનાનું દુઃખ સહન કરવું પડશે. અહિંસાનો માર્ગ સ્વાતંત્ર્યનો સૌથી અચૂક અને ટૂંકામાં ટૂંકો રસ્તો છે. તે ઓછામાં ઓછું દુઃખ ઉપજાવે છે, અને તે પણ જેઓ તેને સારુ તૈયાર હોય એટલું જ નહીં પણ તેને વધાવી લેવા રાજી હોય તેવાને જ. પણ આકરું, બહોળું અને ત્રાસદાયક દુઃખ તો કોઈ પણ રસ્તે જતાં ભોગવવું જ પડવાનું. જે દુઃખમાંથી આપણે પાર ઊતર્યા છીએ, તે તો ફક્ત ભાવિ દુઃખની એક વાનગી છે.

એટલે આ રાજ્યતંત્ર સ્વભાવે જ દૂષિત છે એ મારા અભિપ્રાય સાથે જેઓ સંમત હોય તેમનું કર્તવ્ય એ છે કે તેમણે અમલદારોને વિનવણી કરવી છોડી દેવી, અને સતત પ્રયત્નપૂર્વક અને આપણી લડત વિશે અને આપણાં સાધનો વિશે અખૂટ શ્રદ્ધા રાખીને રાષ્ટ્રને વિનવણી કર્યા કરવી. કારાગૃહના દરવાજા ઉઘાડી નાખવાની શક્તિ રાષ્ટ્રે નથી કેળવી ત્યાં લગી આ કેદીઓને રાષ્ટ્રનાં તેમ જ તેમનાં પોતાનાં માન અને પ્રતિષ્ઠા સાચવીને છોડવી શકાય એમ નથી. એ ઘડી ન આવે ત્યાં સુધી આપણે આ કેદીઓના કારાવાસને ધીરજ અને હિંમતથી વેઠી લઈએ, અને પોતે એમના સદ્ભાગ્યમાં ભાગ લેવાને આનંદભેર તૈયાર રહીએ. બહેરા કાનો આગળ દયા માટે કાલાવાલા કર્યા કરવાથી, અને એ રીતે અજાણતાં લોકોમાં કેદ અને ફાંસીના ભયની મનોવૃત્તિ પેદા કરવાથી, આપણે આઝાદીનો દિવસ પાસે નથી આણવાના. આઝાદીના આશકોએ તો કેદ-ફાંસીને માનીતા મિત્રો અને મુક્તિદાતા ગણવાં જોઈએ.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २९–१२–१९२७

ભાષાંતર : नवजीवन, १–१–१९२८

## ३१७. इन्डियन डेली मेलने मुलाकात

મુંબઈ,

ડિસેમ્બર ૩૦, ૧૯૨૭

મદ્રાસના નેતાઓએ બંધારણના જે ત્રણ મુસદ્દા[1] તૈયાર કર્યા છે તેમાંથી આપને કયો મુસદ્દો હિંદને સૌથી બંધબેસતો લાગે છે એવા સવાલના જવાબમાંથી શ્રી ગાંધીએ કહ્યું કે હિંદના ભાવિ બંધારણ વિશે મેં કોઈ ચોકસ અભિપ્રાય બાંધ્યો નથી. તેમ છતાં તેમણે ઉમેર્યું:

હિંદુસ્તાનનું બંધારણ એ કોઈ એક વ્યક્તિએ નક્કી કરવાની બાબત નથી.

પોતાના મિત્રો અને શિષ્યો વચ્ચે બેસીને પોતાના હમેશના સાથી રેંટિયા પર કાંતતાં કાંતતાં શ્રી ગાંધીએ અમારા પ્રતિનિધિને સવાલો પૂછવા નમ્રપણે કહ્યું. મુલાકાતીએ પહેલો સવાલ પૂછ્યો: કૉંગ્રેસના મદ્રાસ અધિવેશન વિશે આપનો શો ખ્યાલ છે?

જવાબ: મદ્રાસ અધિવેશન એક અનોખું અધિવેશન હતું, કારણ કે તેમાં હિંદુમુસ્લિમ એકતાનો પાયો નંખાયો હોય એમ લાગે છે, આ હું ઠરાવોની ગુણવત્તાને કારણે નહીં પણ

૧. આ મુસદ્દા કૉંગ્રેસના મદ્રાસના અધિવેશન સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા. કાર્યવાહક સમિતિને, બીજાં મંડળો સાથે ચર્ચા-વિચારણા કરીને સુધારેલો મુસદ્દો એક ખાસ સંમેલન સમક્ષ મંજૂરી માટે રજૂ કરવાની સત્તા આપવામાં આવી હતી.



Gandhi Heritage Portal

ઠરાવો રજૂ કરવાની અને પસાર કરવાની રીત ઉપરથી કહું છું. પંડિત માલવિયાના સુંદર ભાષણમાં અને અલીભાઈઓએ તેના જવાબમાં આપેલાં એથીયે સુંદર ભાષણોમાં મને ભાવિ માટેનાં શુભ લક્ષણ જણાયાં. પંડિત માલવિયાના મહાન ભાષણ પછી મૌલાના મહંમદઅલી હર્ષાવેશમાં તેમને પગે પડયા અને મૌલાના શૌકતઅલી તેમને પંખો નાખવા લાગ્યા એ દૃશ્ય વખતે હું હાજર નહોતો, પણ કૉંગ્રેસ પ્રમુખે મને એ વર્ણવી બતાવ્યું. એથી મારું દિલ ખૂબ આનંદ અને આશાથી ઊભરાયું. હું આશા રાખું છું કે સૌજન્ય અને પરસ્પર વિશ્વાસની આ ભાવના ચેપી નીવડશે અને આપણે સામાન્ય લોકોમાં પણ આવો વિશ્વાસ જોઈ શકીશું. આ સુખદ ઘટના માટે રાષ્ટ્ર, ડૉ. અનસારી અને શ્રી એસ. આયંગર બંનેનું ઋણી બન્યું છે.

સ્વાતંત્ર્યના ઠરાવની[1] ચર્ચા વખતે આપ હાજર કેમ ન રહ્યા એ સવાલના જવાબમાં શ્રી ગાંધીએ કહ્યું કે, મારી તબિયતને કારણે સમિતિની કોઈ પણ બેઠકમાં હાજર રહેવાની મારી પાસે અપેક્ષા રાખવામાં આવી નહોતી. દાક્તરોની સલાહ અને મિત્રોની ઇચ્છા વિરુદ્ધ હું મદ્રાસ ગયો હતો. અને હું ત્યાં શ્રી શ્રીનિવાસ આયંગર તથા ડૉ. અનસારીને મદદ કરવા અને મારી જરૂર પડે તો તેમને મળી શકું એવા ખ્યાલથી ગયો હતો. મારી પાસે કાર્યવાહક સમિતિ, વિષયવિચારિણી સમિતિ કે ખુલ્લા અધિવેશનની ચર્ચાવિચારણામાં પણ ભાગ લેવાની અપેક્ષા રાખવામાં આવી નહોતી. એક અવિધિસરની બેઠક સિવાય મેં સમિતિની કોઈ બેઠકમાં ભાગ લીધો નથી. કૉંગ્રેસ અધિવેશન શરૂ થતાં તેમાં માત્ર થોડી મિનિટ હાજરી આપી હતી.

અમારા પ્રતિનિધિએ પૂછયું: "પણ સ્વતંત્રતાના ઠરાવ સાથે આપ સંમત નહોતા એ વાત સાચી છે?"

જવાબ: એ કંઈ છાની વાત નથી. પણ સ્વતંત્રતાના ઠરાવ વિશે મારી અસંમતિ એ ઠરાવને સામાન્ય રીતે વખોડનારા લોકોના જેવી નથી. ગયે વર્ષે એ ઠરાવ પસાર થયો ત્યારે મેં એ વિશે ચર્ચા કરી હતી અને એ ઠરાવ પ્રત્યેના મારા વલણ માટેનાં કારણો પણ મેં આપ્યાં છે. પણ કોઈ પણ જાતની ગેરસમજૂતીને અવકાશ ન રહે એટલા માટે મને સાવધાની રાખવા દો. હું એક ક્ષણ માટે પણ નથી માનતો કે હિંદુસ્તાન સ્વાતંત્ર્યને માટે લાયક નથી અથવા તે સ્વાતંત્ર્ય માટે તૈયાર નથી.

પછી અમારા પ્રતિનિધિએ હકીમ અજમલખાનના મૃત્યુની[2] વાત કાઢી એટલે શ્રી ગાંધીએ નીચે મુજબ નિવેદન કર્યું:

તેમના અવસાનથી આ તબક્કે ભારે અને દુ:ખદાયી ખોટ પડી છે. હકીમ અજમલખાન હિંદના સૌથી સાચા સેવકોમાંના એક હતા. અને હિંદુમુસ્લિમ એકતા માટે તેઓ સૌથી અમૂલ્ય પુરુષોમાંના એક હતા. હું એટલી જ આશા રાખી શકું કે જે વસ્તુ આપણે તેમના જીવન દરમ્યાન ન કરી અને ન શીખ્યા તે હવે તેમના અવસાન પછી અને તેમના અવસાનથી શીખીશું. છાપાંમાં જે વર્ણન આવ્યું છે કે, તેમની સ્મૃતિ અંગે શ્રાદ્ધાંજલિ આપવામાં હિંદુઓએ મુસલમાનોના જેટલી જ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો તે સાચું હોય તો એ બહુ સારું ચિહ્ન છે અને હું આશા રાખું છું કે તેમના મૃત્યુથી દિલ્હીમાં ભાઈચારાની અને મિત્રાચારીની જે ભાવના પેદા થઈ છે તે ચાલુ રહેશે, કાયમી બનશે અને આખાયે દેશમાં ફેલાશે.

હકીમજીનું મૃત્યુ મારે માટે ભારે અંગત ખોટ છે. દિલ્હીની રાષ્ટ્રીય મુસ્લિમ યુનિવર્સિટી જેને હકીમજીએ ઘણી કાળજીપૂર્વક પોષી છે અને જેને આર્થિક રીતે સધ્ધર પાયા પર મૂકવા

૧. એક જુદા ઠરાવમાં કૉંગ્રેસે જાહેર કર્યું કે, "હિંદના લોકોનું ધ્યેય પૂર્ણ રાષ્ટ્રીય સ્વતંત્રતા છે."
૨. ૨૯-૧૨-૧૯૨૭ના દિવસે.

Gandhi Heritage Portal

તેઓ ફંડ એકઠું કરી રહ્યા હતા તેમાં ફાળો આપીને તેને કોઈ પણ જોખમમાંથી બચાવવા ડૉ. અનસારી અને બીજા નેતાઓએ દેશભક્ત હિંદીઓને જે અપીલ કરી છે તેમાં હું પૂરેપૂરો સાથ આપું છું. પણ અલબત્ત, આ મહાન દેશભક્તની સ્મૃતિમાં ઊભું કરવાનું સારામાં સારું સ્મારક તો આ દેશમાં વસતા હિંદુમુસલમાન અને બીજી જાતિઓના લોકો વચ્ચે અતૂટ એકતા સ્થાપવામાં જ રહેલું છે.

[મૂળ અંગ્રેજી]

सर्चलाइट, ૬–૧–૧૯૨૮

## ૩૧૮. મણિલાલ અને સુશીલાબહેન ગાંધીને પત્ર

ડિસેમ્બર ૩૧, ૧૯૨૭

ચિ. મણિલાલ અને સુશીલા,

તમારા બંનેના કાગળ મળ્યા છે. હું આશ્રમમાં આવી ગયો છું. એટલે હવે ટપાલની ખબર રહેશે. તમે કાગળમાં એક વિગત તો આપી છે એ ઠીક કર્યું. શાસ્ત્રીજીને વિશે તમે લખો છો તે સમજું છું. તેમની સાથે જે વાત કરવી હોય તે વિવેકથી ને હિંમતથી કરી શકો છો. તમે તેમની સાથેની વાતનું વર્ણન ઠીક આપ્યું છે.

ડરબનની ઑફિસ કાઢી નાખવાનો વિચાર મને તો ગમે જ છે. હું તો માનું જ છું કે જો છાપાં તરીકે છાપું ન નભે તો ચલાવવાનો લોભ છોડી દેવા જેવો છે. અને છાપા તરીકે ચાલવું હોય તો તે ફિનિક્સથી પણ સુખેથી ચાલવું જોઈએ. કરજ કરીને કે તણાઈને કદી છાપું ન ચલાવજો. આટલું તો મારું જરૂર માનજો. આવી શરતે ત્યાં રહેવું મુશ્કેલ હોય તો તમે બંને અહીં આવતાં રહેજો. બાજી હાથથી કદી ન જવા દેજો.

અહીંના લેણા વિશે તમને લખ્યું છે તેનો જવાબ તમે નથી આપ્યો. ફરી પણ યાદ દઉં છું.

હવે સુશીલાને —

તમારા કાગળ સૂકા આવે છે. મણિલાલ લખે છે એ બરોબર જ છે કે તે કામમાં હોય તેથી ન લખી શકે, પણ તમારે તો લખવું જ જોઈએ. જીવનમાં રસ આવતો હોય તો ઘણુંય લખવાનું સૂઝે. પોતાના સુખદુ:ખની વાત માબાપને લખીને છોકરાં પાનાંનાં પાનાં ભરે, પણ તમારા કાગળમાં થોડી લીટી ઉપરાંત હોતું જ નથી. હજુ સુધી શરીર બંધાયું હોય એમ નથી લાગતું. ત્યાંના કોઈ દાક્તરને શરીર બતાવવું હોય તો બતાવવું. પણ શરીર બંધાવું જ જોઈએ. અહીં આવવાની ઇચ્છા થઈ જાય તો તમે બંને પણ મસલત કરી લેજો. મારી તરફથી તો રજા છે જ. રહેવું પણ તમારી ખુશી ઉપર છે. અહીં રહેવાય અથવા અકોલા. હું સસરો નથી પણ બાપ છું એમ જાણવું. સેવાને અર્થે શરીરનું જતન કરવાનો પણ ધર્મ છે. એ ધર્મનું પાલન કરજો.

નીલકંઠને[1] કાલે મળ્યો હતો. તે જાપાનથી પાછો આવી ગયો છે. તેનો કાગળ તો મળ્યો જ હશે. બાલુભાઈ પણ મળ્યા હતા.

આટલા ખબર આપજો—

૧. નીલકંઠ મશરૂવાળા.

Gandhi Heritage Portal

ઊઠવાનો-ખાવાનો વખત, કેટલી વાર ને શું ખાઓ છો, દિવસનો કાર્યક્રમ, ત્યાંની ઓળખાણો, ત્યાંનું ખર્ચ વગેરે. તમારી ચારની સહીનો તાર મળ્યો હતો.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી : જી. એન. ૪૭૩૨

## ૩૧૯. મણિબહેન પટેલને પત્ર

ગુરુવાર, ૧૯૨૭[1]

ચિ. મણિ,

તમને તાવ આવી ગયો અને તમને નબળાઈ રહ્યા કરે છે એ મને નથી ગમતું. ગજા ઉપરવટ થઈને મહેનત ન કરવી. હવે તો સમય છે કે નહીં તે હું નથી જાણતો, પણ મહાસભામાં આવવામાં તમારી ચૂંટણી થઈ હશે તો હું રાજી તો થઈશ જ.

બાપુના આશીર્વાદ

[તા. ક.]

મારી તબિયત વિશે કંઈ છાપામાં આવે તો જાણવું કે એમાં અતિશયોક્તિ છે. બ્લડપ્રેશરની ચડઊતર તો આ મુસાફરીમાં થયા જ કરી છે.

[મૂળ ગુજરાતી]

બાપુના પત્રો–૪ : मणिबहेन पटेलने, પા. ૫૮

## ૩૨૦. મણિબહેન પટેલને પત્ર

૧૯૨૭

ચિ. મણિ,

માંદા પડે તે આશ્રમમાંથી ભાગે કે? ક્યાં ગયેલ છો એ પણ હું તો જાણતો નથી. ભાગીને પણ ઝટ સારા થઈ જવું જોઈએ. ચેન ન પડે તો મારી પાસે આવવાની છૂટ છે, એ યાદ રાખવું. સહન થાય એટલો વૈરાગ લીધો હોય તો પચે. ન પચે એ વૈરાગ શાનો? કંઈક ખબરની તો હું રોજ રાહ જોઉં છું.

બાપુના આશીર્વાદ

[તા. ક.]

મુસાફરીની તારીખો તો જાણો છોના?

[મૂળ ગુજરાતી]

બાપુના પત્રો–૪ : मणिबहेन पटेलने, પા. ૫૭

૧. આ અને આ પછીના ૧૯૨૭ના પત્રની તારીખો નક્કી કરી શકાઈ નથી.

Gandhi Heritage Portal

## ૩૨૧. જમનાલાલ બજાજને પત્ર

સોમવાર [૧૯૨૭][1]

ચિ. જમનાલાલ,

આ સાથે રાજેન્દ્રબાબુનો કાગળ છે. મેં તો તેને લખ્યું છે કે પેલો કેસ લેવો હોય તો ભલે લે. પણ વૈજનાથજીને એક વાર હા લખ્યા પછી હવે તે ખેંચાય જ નહીં, મને આ કાગળથી દુ:ખ થયું છે.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી : જી. એન. ૨૮૮૧ તથા પાંચમા પુત્રને બાપુના આશીર્વાદ, પા. ૪૨

## ૩૨૨. પ્રભાવતીબહેનને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
સોમવાર [જાન્યુઆરી ૨, ૧૯૨૮][2]

ચિ. પ્રભાવતી,

તારા બંને પત્ર મળ્યા હતા. તને અહીં લાવવા માટે મેં તો ખૂબ પ્રયત્ન કર્યો. હજી પણ કરી રહ્યો છું. જોઈએ વિધાતા શું ઇચ્છે છે. ગીતાજીના બીજા અધ્યાયના શ્લોકો યાદ કરો. दु:खेष्वनुद्विग्नमना: सुखेषु विगतस्पृह:[3]

મારી તબિયત સારી છે, હું અહીં ઓછામાં ઓછા ત્રણ મહિના સુધી તો છું. મૃત્યુંજય[4] અને વિદ્યાવતી[5] બંને સારાં છે.

બાપુના આશીર્વાદ

[મૂળ હિંદી]

પત્રની છબી પરથી : જી. એન. ૩૩૦૩ તથા પાંચમા પુત્રને બાપુના આશીર્વાદ, પા. ૪૨

૧. પાંચમા પુત્રને બાપુના આશીર્વાદ, પા. ૪૨ પર પણ આ પત્રને ૧૯૨૭ની સાલમાં મૂક્યો છે.

૨. "ત્રણ મહિના" આશ્રમમાં જ રહેવાના ગાંધીજીના ઉલ્લેખ પરથી આ પત્ર જાન્યુઆરી, ૧૯૨૮ના પહેલા અઠવાડિયામાં લખાયો લાગે છે. જુઓ, "ઘનશ્યામદાસ બિરલાને પત્ર", ૫–૧–૧૯૨૮.

૩. અધ્યાય ૨, શ્લોક ૫૬.

૪. રાજેન્દ્રપ્રસાદના પુત્ર.

૫. મૃત્યુંજયનાં પત્ની અને પ્રભાવતીબહેનનાં બહેન.

Gandhi Heritage Portal

# ૩૨૩. જવાહરલાલ નેહરુને પત્ર[1]

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
જાન્યુઆરી ૪, ૧૯૨૮

ફરી વાંચ્યો નથી

પ્રિય જવાહરલાલ,

તમારો મારા ઉપર એટલો બધો પ્રેમ છે કે, હમણાં હું તમને જે લખવાનો છું તેની સામે તમને અણગમો નહીં થાય, એમ મને લાગે છે. એ ગમે તેમ હો, પણ મારો તમારા પર એટલો બધો પ્રેમ છે કે, મને જ્યારે લાગે કે, મારે લખવું જોઈએ, ત્યારે હું મારી કલમ રોકી શકતો નથી.

તમે બહુ જ ઝપાટે ચાલો છો. વિચાર કરવાને તથા અહીંની પરિસ્થિતિ સાથે બંધબેસતા થવાને તમારે થોડો વખત લેવો જોઈતો હતો. તમે ઘડેલા તથા પસાર કરાવેલા ઘણાખરા ઠરાવો એક વરસ મોકૂફ રાખી શકાતા હતા. 'પ્રજાસત્તાક સૈન્ય' (રિપબ્લિકન આર્મી)માં તમે કૂદી પડ્યા એ ઉતાવળિયું પગલું હતું. તમારાં એ કાર્યોની મને એટલી ચિંતા નથી જેટલી તોફાનીઓને તથા ગુંડાઓને તમે ઉત્તેજન આપો તેની છે. પરંતુ તમે તમારા વિચારો બદલ્યા હોય તોયે બેફામ અને નિરંકુશ હિંસા દેશને મુક્ત કરશે એમ તમે વિચારી ન શકો. યુરોપના તમારા અનુભવોની દૃષ્ટિથી દેશનું કાળજીપૂર્વક અવલોકન કરતાં તમને પાકી ખાતરી થાય કે, અત્યારની નીતિ-રીતિ તથા સાધનો ભૂલભરેલાં છે તો ખસૂસ તમે તમારા વિચારો અમલમાં મૂકો, પણ મહેરબાની કરીને અવશ્ય શિસ્તબદ્ધ પક્ષ રચો. કાનપુરના અનુભવો તમે જાણો જ છો. હરેક લડતમાં શિસ્તનું પાલન કરનારા માણસોની જરૂર રહે છે. તમારાં હથિયારોની બાબતમાં બેદરકાર રહીને તમે એ વસ્તુની બાબતમાં ઉપેક્ષા સેવતા લાગો છો.

મારી તો તમને સલાહ છે કે, હવે તમે રાષ્ટ્રીય કૉંગ્રેસના મહામંત્રી બન્યા છો એટલે મુખ્ય ઠરાવ, એટલે કે, એકતાના ઠરાવ પર તથા મહત્ત્વના પણ ગૌણ ઠરાવ, એટલે કે, સાઈમન કમિશનના[2] બહિષ્કારના ઠરાવ પર તમારી સઘળી શક્તિ કામે લગાડવાની તમારી ફરજ છે. એકતાનો ઠરાવ[3] સંગઠનની તથા સમજાવટની શક્તિની તમને મળેલી મહાન બક્ષિસના ઉપયોગની અપેક્ષા રાખે છે.

૧. આ પત્ર પંડિત જવાહરલાલ નેહરુની નીચે પ્રમાણેની નોંધ સાથે પ્રગટ થયો છે: "૧૯૨૭ના ડિસેમ્બરમાં હું યુરોપથી આવ્યો અને સીધો જ રાષ્ટ્રીય કૉંગ્રેસની બેઠકમાં મદ્રાસ ગયો. મારા આગ્રહથી કૉંગ્રેસની બેઠકમાં ઘણા ઠરાવો પસાર કરવામાં આવ્યા. કૉંગ્રેસની એ બેઠકમાંની મારી કેટલીક પ્રવૃત્તિઓ ગાંધીજીને પસંદ ન પડી. તેમણે મને આ પત્ર લખ્યો હતો."

૨. જુઓ પરિશિષ્ટ ૭.

૩. જુઓ પરિશિષ્ટ ૯.

Gandhi Heritage Portal

મારા મુદ્દાઓ વિશે વિસ્તારથી લખવા જેટલો મારી પાસે સમય નથી.

કમલાની તબિયત યુરોપના જેટલી જ અહીં સારી રહેતી હશે એવી આશા રાખું છું.

તમારો

બાપુ

[મૂળ અંગ્રેજી]

ए बन्च ऑफ ओल्ड लेटर्स, પા. ૫૫–૬

ભાષાંતર: केटलाक जूना पत्रो, પા. ૬૪

# ૩૨૪. મરહૂમ હકીમસાહેબ

હકીમસાહેબ અજમલખાનના મૃત્યુથી દેશે એક સાચામાં સાચો સેવક ગુમાવ્યો છે. હકીમસાહેબનું વ્યક્તિત્વ અનેકવિધ હતું. તેઓ ગરીબ તેમ જ તવંગર સૌની સરખી સેવા કરનાર કેવળ હકીમ જ નહોતા. તેઓ તો દરબારી દેશભક્ત હતા. તેઓ રાજામહારાજાઓના દરબારમાં પણ શોભતા, અને આમવર્ગની આલમને જીતવાની પણ તેમનામાં શક્તિ હતી. તેઓ મહાન મુસલમાન હતા, અને તેટલા જ મહાન હિંદી હતા. તેઓ હિંદુ તેમ જ મુસલમાન પર સરખો પ્રેમ રાખતા, અને બદલામાં તેમણે બંનેનાં પ્રેમ અને આદર સંપાદન કર્યાં હતાં. હિંદુમુસલમાન ઐકય એમના પ્રાણરૂપ હતું. આપણા કલહોથી તેમના પાછલા દિવસોમાં ખટાશ આવી ગઈ હતી. પણ સ્વદેશ પરની તેમ જ દેશભાઈઓ પરની તેમની શ્રદ્ધા કદી ચળી નહોતી. તેમને વિશ્વાસ હતો કે બંને કોમોને અંતે તો એક થયે જ છૂટકો છે. એવી એમની અચળ શ્રદ્ધા હોવાથી તેમણે ઐકયનો પ્રયત્ન કદી છોડયો નહોતો. તેઓ ઠીક ઠીક વખત સુધી અળગા રહ્યા, છતાં આખરે તો અસહકારીઓની સાથે જ પોતાની કિસ્તી ઝુકાવી હતી અને એમની સૌથી વહાલી અને સૌથી મોટી કૃતિ — તિબ્બિયા કૉલેજને જોખમમાં ઉતારતાં અચકાયા નહીં. આ કૉલેજ પ્રત્યે એમનો જે ગાઢ અનુરાગ હતો તે તો તેમના નિકટ પરિચયમાં આવેલા જ જાણતા હતા. હકીમજીના મૃત્યુથી મેં એક શાણો અને અડગ સાથી ગુમાવ્યો છે, એટલું જ નહીં પણ ભીડની ઘડીએ જેના પર હું આધાર રાખી શકત એવો મિત્ર ગુમાવ્યો છે. હિંદુમુસલમાન ઐકયની બાબતમાં તેઓ હમેશાં મારા દિગ્દર્શક હતા. એમની વિવેકશક્તિ, શાણપણ અને મનુષ્યસ્વભાવની પારખ એવાં હતાં કે ઘણે ભાગે એમના આપેલા નિર્ણયો ખરા નીવડતા. એવો પુરુષ કદી મરતો નથી. તેઓ હવે દેહધારી નથી રહ્યા, છતાં એમનો આત્મા તો હમેશાં આપણી સાથે રહેવાનો જ છે. અત્યારે પણ તે આપણને આપણું કર્તવ્ય એકનિષ્ઠાથી પાર પાડવા સાદ દઈ રહ્યો છે. અને આપણે જ્યાં સુધી સાચું હિંદુમુસલમાન ઐકય સાધ્યું નથી, ત્યાં સુધી તેમનું સ્મરણ કાયમ કરવા ગમે તે સ્મારક કરીએ તે અધૂરું જ રહેવાનું. તેમના જીવનકાળમાં આપણે જે ન કરી શકયા તે એમના મરણ દ્વારા કરતાં શીખવાની સન્મતિ પ્રભુ આપણને આપો.

પણ હકીમજી કંઈ તરંગી સ્વપ્નદ્રષ્ટા નહોતા. એ સ્વપ્નને સાચું પાડવા વિશે એમને શ્રદ્ધા હતી. જેમ વૈદક વિશેના એમના સ્વપ્નને એમણે તિબ્બિયા કૉલેજ દ્વારા સાચું પાડયું, તેમ પોતાના રાજકીય સ્વપ્નને જામિયામિલિયા — ઇસ્લામી રાષ્ટ્રીય વિદ્યાપીઠ — દ્વારા કંઈક અંશે સાચું પાડવાનો તેમનો પ્રયત્ન હતો. આ રાષ્ટ્રીય વિદ્યાપીઠ જ્યારે મરણપ્રાય થઈ ગઈ હતી, ત્યારે

Gandhi Heritage Portal

તેમણે તે સંસ્થાને અલીગઢથી દિલ્હી લઈ જવાની યોજના લગભગ એકલે હાથે પાર પાડી. પણ એ સ્થાનાંતરથી તેમની ચિંતામાં વધારો થયો. તે પછી કૉલેજની આર્થિક સ્થિરતા માટે તેઓ પોતાને વિશેષ જવાબદાર માનવા લાગ્યા. એને માટે નાણાંની મદદ પોતાના ગજવામાંથી કાઢનાર અથવા અંગત મિત્રો પાસેથી ફાળા રૂપે ભેગી કરનાર મુખ્ય વ્યક્તિ તેઓ જ હતા. એમનું તાત્કાલિક અને અનિવાર્ય સ્મારક તો જામિયાની આર્થિક સ્થિતિને પાકા પાયા પર મૂકીને જ ઊભું કરી શકાય એમ છે. હિંદુ તેમ જ મુસલમાન બંનેનું એમાં સરખું હિત રહેલું છે, અને હોવું જોઈએ. જે ચાર રાષ્ટ્રીય વિદ્યાપીઠો હજી જીવવા મથી રહી છે તેમાંની એક એ છે. બીજી ત્રણ તે બિહાર, કાશી અને ગૂજરાત વિદ્યાપીઠ છે. જ્યારે જામિયાની સ્થાપના થઈ ત્યારે હિંદુઓએ એમાં છૂટે હાથે નાણાં આપેલાં. આ મુસલમાન સંસ્થામાં રાષ્ટ્રીય આદર્શને જાગ્રત રાખવામાં આવેલો છે. શ્રી રામચંદ્રને[1] પોતાના બાર માસના અનુભવ પરથી લખેલો અને અન્યત્ર આપેલો લેખ[2] વાંચી જવાની વાચકને મારી ભલામણ છે. પ્રિન્સિપાલ ઝાકીર હુસેન ઉદાર દૃષ્ટિવાળા અને સાચા રાષ્ટ્રપ્રેમથી ભરેલા પ્રિન્સિપાલ છે. તેમને ઉત્તમ અધ્યાપકમંડળની મદદ છે. એ અધ્યાપકોમાંના કેટલાક પરદેશ ફરી આવેલા છે અને પરદેશની પદવીઓ ધરાવે છે. સંસ્થા દિલ્હી આવ્યા પછી તેનો વિકાસ થયો છે, અને જો એને સારી મદદ મળે તો એમાંથી ભારે પરિણામો નીપજવાની આશા રહેલી છે. જે હિંદુઓ અને મુસલમાનો હકીમ સાહેબના સ્મરણને માન આપવા માગતા હોય, જેમને અસહકારના રચનાત્મક અંગ પર વિશ્વાસ હોય, અને જેમને હિંદુમુસલમાન ઐક્ય વિશે શ્રદ્ધા હોય તેમનાથી અપાય એટલી આર્થિક મદદ આપવાની તેમની ફરજ છે એ વિશે શંકાને અવકાશ નથી. ડૉ. અનસારી, શ્રી શ્રીનિવાસ આયંગાર, શેઠ જમનાલાલ બજાજ અને પંડિત જવાહરલાલ નેહરુએ આ બાબતમાં વિનંતી બહાર પાડી દીધી છે. હવે હું પ્રિન્સિપાલ ઝાકીર હુસેન દ્વારા તે સંસ્થાની સ્થિતિનો ચોક્કસ ખ્યાલ મેળવવાનો પ્રયત્ન કરું છું, અને ડૉ. અનસારી સાથે પત્રવ્યવહાર ચલાવી રહ્યો છું. મને પૂરતી માહિતી મળી રહે કે તરત જ તે વાચકો આગળ મૂકવા માગું છું. તે દરમિયાન વખત ન ગુમાવવાને ખાતર હું નાણાં મોકલવાની વિનંતી તો કરું જ છું. જ્યાં સુધી એને સારુ યોગ્ય સમિતિ નહીં નિમાય અને નાણાંના અણિશુદ્ધ વહીવટની ખાતરી નહીં થાય, ત્યાં સુધી મળેલાં નાણાં કોઈને સોંપવામાં નહીં આવે. હું જરૂર આશા રાખું છું કે હિંદુઓ અને મુસલમાનો એકબીજા સાથે હરીફાઈ કરીને ફાળાની યાદીને ઊભરાવી મૂકશે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ५–१–१९२८

भाषांतर : नवजीवन, ८–१–१९२८

૧. જી. રામચંદ્રન્, જાણીતા ગાંધીવાદી કેળવણીકાર.

૨. "જામિયામાં મેં શું જોયું?", યંગ ઇન્ડિયાના ૫–૧–૧૯૨૮ના અંકમાં પ્રસિદ્ધ થયેલો.

Gandhi Heritage Portal

## ૩૨૫. મહાસભા

### ઐકય

ડૉક્ટર અનસારીના પ્રમુખસ્થાનેથી કરેલા ભાષણમાં ખાસ વસ્તુ એ હતી કે તેને પાને પાને ઐકયની તીવ્ર ઉત્કંઠા ટપકતી હતી. તેઓ જાણતા હતા કે એ કામ એમનાથી જ થશે એવી લોકો આશા રાખતા હતા. અને સાચે જ એકલે હાથે કોઈનાથી એ થાય એમ હતું તો તે ડૉક્ટર અનસારીના હાથમાં હતું. મહાસભાના પ્રમુખપદ કરતાં મોટું માન દેશ ન જ આપી શકે. એ માન ડૉક્ટરસાહેબે સ્વીકાર્યું, કારણ દેશને, ઐકયના કાર્યને અને પોતાને વિશે એમને શ્રદ્ધા હતી. અને પોતાનો મનોરથ પાર પાડવાને માટે એમણે કશું કરવાનું બાકી ન રાખ્યું. નસીબજોગે એમના પાસા પણ બધા સરખા પડયા. શ્રી શ્રીનિવાસ આયંગારને તો જાણે ઐકય સાધી શકાય તો બીજા કશાની પરવા જ નહોતી. આ બેપરવાઈથી પણ તેમણે ડૉક્ટર અનસારીનું કામ સહેલું કર્યું. સિમલામાં થોડી નિષ્ફળતા મેળવ્યા પછી પણ ફરી પાછી એટલી જ હિંમત કરવાની ભાગ્યે જ કોઈ પ્રમુખની છાતી ચાલે. પણ શ્રી આયંગાર હારે એમ નહોતું. ડૉક્ટર અનસારી, અલી ભાઈઓ, મૌલાના અબુલ કલામ આઝાદ અને બીજાઓને પોતાની સાથે રાખીને, અને પોતાની ટેવ પ્રમાણે આકાશપાતાળ એક કરીને, આખરે પોતાનો ઠરાવ પસાર કરાવ્યો. અમુક જ ઠરાવ કરાવવો એવી તેમને હઠ નહોતી. કલકત્તામાં ગાય અને મસ્જિદ આગળ વાજાં વિશે થયેલો ઠરાવ તો એવો હતો કે જે કોઈ હિંદુ ન સ્વીકારી શકે. એ વસ્તુ તેમને બતાવવામાં આવી, અને તેને બદલે બીજો ઠરાવ રજૂ કરવામાં આવ્યો ત્યારે તેમણે પૂરેપૂરા દિલથી, નિખાલસતાથી અને ઉદારતાથી પોતાના ઠરાવની ખામી કબૂલ કરી, અને નવા ઠરાવને જૂનાના સુધારા તરીકે સ્વીકાર્યો. જે મુસલમાનો હાજર હતા તેમણે આ ઉદારતાનો જવાબ વાળ્યો, અને પહેલાં કંઈક નારાજી અને સંકોચ સાથે પણ પાછળથી જરા સંકોચ વિના સુધારેલો ઠરાવ સ્વીકારી લીધો. પંડિત માલવિયાજી તો સૌની ઇચ્છાને બને તેટલા અનુકૂળ થવાનો પૂરેપૂરો ઇરાદો રાખીને આવેલા હતા. જો વિઘ્ન નાખવાની તેમની ઇચ્છા હોત તો તેમ કરવાની તેમની શક્તિ હતી, એ તેઓ પોતે જાણતા હતા અને સૌ કોઈ જાણતા હતા. પણ તેમણે વિઘ્ન ન જ નાખ્યું. હા, આ ઠરાવમાં પણ તેમને ઘણા સુધારાઓ જરૂરના લાગ્યા હતા, પણ તે ન સ્વીકારાય તેથી મૂળ ઠરાવ સ્વીકારવાની તેઓ વિરુદ્ધ નહોતા. પંડિત માલવિયાજી દેશમાં સૌથી વયોવૃદ્ધ મહાસભાવાદી કહેવાય. મહાસભા પ્રત્યે તેમની નિષ્ઠા અપ્રતિમ છે. તેમની દેશભક્તિ પ્રથમ પંક્તિની છે. પણ મારા મુસલમાન મિત્રોએ અત્યાર સુધી પંડિતજીની પ્રામાણિકતા અને રાષ્ટ્રીયતા વિશેની મારી શ્રદ્ધાની અવગણના કરી છે, અને તેમને દેશાભિમાનીને બદલે જાત્યભિમાની તરીકે વર્ણવ્યા છે. હિંદુમુસ્લિમ પ્રશ્નો વિશે એમના બધા વિચારો હું સ્વીકારી શકતો નથી, છતાં તેમની રાષ્ટ્રીયતા કે પ્રામાણિકતા વિશે મારી શ્રદ્ધા ઓછી કરવાનું મને કશું કારણ જણાયું નથી. આ બધું જોતાં, અલીભાઈઓને પંડિત માલવિયાજીનું ઐકયના ઠરાવ વિશેનું મહાભાષણ ખૂબ પસંદ પડયું એ જાણીને મને બહુ આનંદ થયો. જ્યાં સુધી હિંદુ અને મુસલમાન નેતાઓ એકબીજાનાં વિચાર, વાણી અને વર્તન વિશે અવિશ્વાસ રાખ્યા કરે ત્યાં સુધી સંપૂર્ણ ઠરાવો છતાં સાચું ઐકય ન થઈ શકે. આપણે આશા રાખીએ કે આ સભામાં ઉત્પન્ન થયેલો વિશ્વાસ ચાલુ રહેશે, અને

Gandhi Heritage Portal

વધારે અને વધારે વિસ્તારમાં ફેલાશે. મૌલાના મહમદઅલીને તો માલવિયાજીના ભાષણથી એટલો આનંદ થયો કે તેમણે પોતાના ભાષણમાં કહ્યું કે અર્લ વિંટર્ટનના કરતાં માલવિયાજી જ મુસલમાન જેવી નાની કોમના હિતનું વધારે રક્ષણ કરશે. આ રક્ષણની હિંદુઓ તરફથી કોઈ ખોળાધરી આપી શકે એવો કોઈ હિંદુ હોય તો તે માલવિયાજી છે. પણ તેઓ તેમની પાસેથી રખાતી આશા પાર પાડે કે નહીં, તોપણ હું તો ઇચ્છું કે મૌલાના અને બીજા મુસલમાનોએ તથા બીજી નાની કોમોએ ત્રીજા પક્ષની પાસેથી રક્ષણ મેળવવાની આશા હમેશને માટે છોડી દેવી જોઈએ. જો આ રક્ષણ મોટી કોમ સ્વેચ્છાએ ન આપે તો તેની સાથે લઢીને બળાત્કારે તે લેવું એ, ત્રીજા પક્ષને વચ્ચે પડવા નોતરી, બંને પક્ષોને નબળા કરી, નામોશી લગાડી, દેશને તેના ગુલામ બનાવવા કરતાં, બહેતર છે. એટલે મહાસભામાં આ વેળા મોટામાં મોટું કામ કાંઈ થયું હોય તો તે આ બંને કોમોનો દેખીતો હૃદયપલટો છે.

હિંદુ કોમના આમવર્ગનો વિચાર કરીએ તો તેમને ગાય અને વાજાંના ઠરાવની સાથે જ સંબંધ છે. એ ઠરાવ કલકત્તામાં થયો તે સ્વરૂપમાં તો તદ્દન ખરાબ હતો. વિષયવિચારિણી સભા આગળ જે સ્વરૂપમાં એ પસાર થયો અને મહાસભાએ આખરે જે રીતે પસાર કર્યો, તે જોતાં બહુ બહુ તો એને નિર્દોષ કહેવાય, અને દેશની વૃદ્ધિની આજની દશામાં એથી વધારે ન થઈ શક્યું હોત એમ કહેવાય. પણ એ ઠરાવથી મને મલકાઈ જવા જેવું નથી લાગતું. હું તો એને નભાવી લેવા જેવો ઠરાવ ગણીને સાંખી લઉં. છતાં એમાંથી ઘણું પરિણામ નીપજી શકે એમ છે. મહાસભાએ હિંદુઓ અને મુસલમાનોને જે વિનંતી કરી છે તે સૌના હૃદયને સ્પર્શ કરે, અને દરેક પક્ષ પોતાના કહેવાતા હકનો અમલ કરતાં બીજાની લાગણીનો વિચાર કરે તો શાંતિ દૂર ન કહેવાય, અને સ્વરાજ સહેજે મળે. ભાઈ ભાઈઓનાં ખૂન કરવાની જે પ્રથા ચાલી રહી છે તેની મૂર્ખાઈ સ્પષ્ટપણે સ્વીકારાય અને વર્તનમાં તેને અનુકૂળ ફેરફાર થાય, તો લૉર્ડ બર્કનહેડ દેશની આગળ બ્રિટિશ સિંહની ઉદ્ધત કેશવાળી ફફડાવે છે[૧] તેનો સુયોગ્ય જવાબ વાળી શકાય.

એટલે મહાસભાએ જે વિનંતી કરી છે તેનો અર્થ તપાસી જોવો એ ઠીક ગણાશે. ગાયની બાબતમાં હિંદુઓની લાગણી બચાવવાનો અર્થ ઉઘાડો જ છે. મુસલમાનો કુરબાની અથવા ખોરાક માટે ગાયની કતલ કરવાનું સ્વેચ્છાએ સાવ બંધ કરે, તો જ તેમણે હિંદુની લાગણીને માન આપ્યું કહેવાય. કોઈ જાલિમ બળજોરીથી ગાયને કસાઈના હાથેથી બચાવે, તો તેથી હિંદુ ધર્મ સંતોષાયો ન કહેવાશે. હિંદુસ્તાનના મુસલમાનો ગાયનો સ્વેચ્છાપૂર્વક ત્યાગ કરે એના કરતાં હિંદુઓને માટે વધારે રૂડું બીજું કશું ન હોઈ શકે. અને તેમ કરવામાં તેમને મુશ્કેલી નથી એમ ઇસ્લામનો ઠીક ઠીક અભ્યાસ કરેલો હોઈ હું કહી શકું છું. કારણ ઇસ્લામ પોતાના અનુયાયીઓને ગોવધ કરવાની ફરજ નથી પાડતો, ઊલટો બની શકે ત્યાં સુધી પોતાના પડોશીની લાગણીને ન દુભાવવાની અને પૂરેપૂરું માન આપવાની તે જરૂર ફરજ પાડે છે. મને તો મસ્જિદ આગળ વાજાં વગાડવાનો પ્રશ્ન અને ગોવધનો પ્રશ્ન એ બંને સમાન કોટિના લાગતા નથી. ગમે તેમ હોય, પણ એ સવાલે આજે એવું મહત્ત્વનું સ્વરૂપ લીધું છે કે એની અવગણના કરવી એ તો મૂર્ખાઈ જ કહેવાય. હિંદુઓ શું કરે તો મુસલમાનોની લાગણી ન દુભાય એ જણાવવાનું કામ મુસલમાનોનું છે. જો તેઓ કહે કે મસ્જિદ આગળ વાજાં વગાડવાં સદંતર

૧. જુઓ પુસ્તક ૨૭.

Gandhi Heritage Portal

બંધ કરવાથી જ તેમને સંતોષ થાય એમ છે તો હિંદુઓએ ઘડીનો વિચાર કર્યા વિના તેમ કરવું જ જોઈએ. જો આપણે હૃદયનું ઐક્ય સાધવું હોય તો, બંને કોમે પૂરતો ત્યાગ કરવાની તૈયારી રાખવી જોઈએ.

જો આ ઉત્તમ સ્થિતિ આણવી હોય તો ડૉક્ટર અનસારીએ શાંતિસંઘો નિયોજવા જોઈશે, અને ઐક્યના સંદેશાનો પ્રચાર કરવાની અને લોકોની પાસે તે સ્વીકારાવવાની સ્પષ્ટ સૂચના સાથે તેમને દેશમાં પાઠવવા જોઈશે. એ કામને માટે આપણી પાસે પૂરતી શક્તિ, પૂરતા પ્રામાણિક ઉદ્યમી અને પ્રસન્નતાપૂર્વક કામ કરનારા એકનિષ્ઠ સેવકો છે? આપણે આશા રાખીએ.

## બેજવાબદારી

વિષયવિચારિણી સભાની એકે બેઠકમાં હું જઈ શક્યો નહોતો, તોપણ બેજવાબ ભાષણો અને બેજવાબ કામકાજ થયા કીધું એની મને ખબર પડ્યા વિના ન રહી. નિયમપાલનનો અભાવ ઠીક ઠીક જોવામાં આવતો હતો. ભારે મહત્ત્વના ઠરાવો વિષયવિચારિણી સભા આગળ ઓચિંતા રજૂ કરવામાં આવ્યા, અને એ જવાબદાર મંડળે ઝાઝો વિચાર કે ચર્ચા કર્યા વિના તે સ્વીકારી પણ લીધા. સ્વાતંત્ર્યનો ઠરાવ[1] જે ગયે વર્ષે ઊડી ગયો હતો તે આ વર્ષે લગભગ કશાય વિરોધ વિના પસાર થયો. એ ઠરાવની ભાષા નિર્દોષ હતી, પણ મારા નમ્ર અભિપ્રાય પ્રમાણે એ ઘડવામાં ઉતાવળ હતી, અને એ પસાર કરવામાં અવિચાર હતો. આ ઠરાવનો વધારે વિચાર આવતા એકાદ અંકમાં[2] સ્વતંત્ર લેખ લખી કરવા ધારું છું.

બ્રિટિશ માલના બહિષ્કારનો ઠરાવ એટલા જ વિચાર વિના પસાર કરવામાં આવ્યો. આવા પ્રકારના ઠરાવનો અમલ તો થઈ શકવાનો નથી એવા જ્ઞાન છતાં, દર વર્ષે એ પસાર કર્યે જવામાં મહાસભા પોતાનો ભાર વક્કર ગુમાવે છે. આવા ઠરાવો પસાર કરીને આપણે આપણી અશક્તિનો પરિચય આપીએ છીએ, અને ટીકાકારોની હાંસીને તથા આપણા વિરોધીઓના તિરસ્કારને પાત્ર બનીએ છીએ. પણ મારા કહેવાનો કોઈ અનર્થ ન કરે. મહાસભાને બ્રિટિશ માલનો બહિષ્કાર કરવાની ઇચ્છા હોય તો તેમ કરવાનો સંપૂર્ણ હક છે. પણ દેશના સૌથી મોટા પ્રતિનિધિમંડળ તરીકે અમલમાં ન મુકાય એવી ધમકી આપી હાંસીને પાત્ર થવાનો એને જરાયે હક નથી.

આ તો મેં મહાસભાએ પસાર કરેલા ઘણા બેજવાબ ઠરાવોમાંથી માત્ર બે ચૂંટી કાઢ્યા. મહાસભાનું બંધારણ ઘડવામાં આવ્યું ત્યારે ઉદ્દેશ એ હતો કે મહાસભા દેશમાં વધારેમાં વધારે પ્રતિનિધિત્વવાળી અને વજનવાળી સંસ્થા બને; અને કરોડો લોકોની પાસે પોતાના ઠરાવોનો સ્વેચ્છાપૂર્વક અમલ કરાવીને, હાલની પ્રતિનિધિત્વવાળી કહેવાતી પણ ખરી રીતે ગુલામ બનાવનારી ધારાસભાઓ અને બીજી સરકારી સંસ્થાઓનું આપોઆપ, અને લગભગ અદૃશ્ય રીતે, સ્થાન લે. પણ જો મહાસભાના ઠરાવો વગરવિચાર્યે ઘડવામાં આવે અને કેવળ કાગળ ઉપર રહેનારા ઠરાવો હોય, લોકોને તેનો અમલ કરવાનો ન હોય, અથવા લોકોની જરૂરિયાતો અને મનોરથોનું તેમાં પ્રતિબિંબ ન પડતું હોય તો, તથા મહાસભાના સભ્યો નિયમપાલન, વિનય અને સ્થૂલ પ્રામાણિકતા પણ ન જાળવે, તો મહાસભાની જે હાક એક વાર વાગતી હતી અને વાગવી જોઈએ, તે નથી વાગવાની. મહાસમિતિના સભ્યો જો સમજે, જો તેઓ પોતાને પ્રજાના

૧. જુઓ "ઇન્ડિયન ડેલી મેલને મુલાકાત", ૩૦-૧૨-૧૯૨૭ પરની પાદટીપ.
૨. જુઓ "ઇન્ડિપેન્ડન્સ કે સ્વરાજ?", ૧૨-૧-૧૯૨૮.

Gandhi Heritage Portal

સેવકો સમજે, તો જગતની કોઈ પણ પાર્લમેન્ટના સભ્યોના જેટલા જ હકો અને સેવા કરવાની તેમના જેટલી જ તકો તેમને છે. પણ આજે તો આપણે આપણું ગૌરવ ભૂલી સમિતિને નિશાળિયાઓની ચર્ચામંડળી બનાવી મૂકી છે.

મહાસભાનું કાર્યવાહક મંડળ એ રાષ્ટ્રનું પ્રધાનમંડળ છે. એણે મહાસભાના અને મહાસમિતિના ઠરાવોનો અમલ કરાવવાનો છે, એટલે મહાસભાનું ધ્યેય જેથી પાર પડે એવા જ ઠરાવો મહાસમિતિની આગળ રજૂ કરવાની તેની જવાબદારી છે. મહાસમિતિની આગળ આવનાર દરેક ખાનગી ઠરાવની પૂરેપૂરી તપાસ થવી જોઈએ; અને કાર્યવાહકમંડળ જો તેનો વિરોધ કરે, તો તે ઠરાવો પસાર થવાનો જૂજ જ સંભવ રહેવો જોઈએ. સરકારી (એટલે કાર્યવાહકમંડળના) ઠરાવ કે ખાનગી (સમિતિના સભ્યના) ઠરાવની પાછળ અમલી યોજના જોઈએ. એટલે કોઈ પણ ખાનગી ઠરાવ રજૂ કરવામાં આવે કે તે રજૂ કરનારે તેનો અમલ કરવાની યોજના જણાવવાને તૈયાર હોવું જોઈએ. દાખલા તરીકે દરેક ગામમાં આધેડ વયનાં સ્ત્રીપુરુષો માટે મફત રાત્રિશાળા ખોલવાનો એક ઠરાવ લો. આ ઠરાવ મહાસભાને ન પસંદ કરવાનું કશું જ કારણ નથી. પણ તે ઠરાવ મૂકનારની પાસે તેને અમલમાં લાવવાની કશી ચોક્કસ વ્યવહાર-યોજના ન હોય, તો મહાસમિતિને તે ઠરાવ ઉપર ચર્ચા કરવાની ના પાડવાનો અધિકાર અને કર્તવ્ય છે. એટલે મહાસભાએ પોતાની પ્રતિષ્ઠા અને ઉપયોગિતા કાયમ રાખવાં હોય, તો મહાસમિતિના સભ્યોએ પોતાનું વર્તન બદલવું જોઈએ, અને પોતાની મહાજવાબદારી સમજવી જોઈએ.

## હાથી અને કીડી

મારા અભિપ્રાય પ્રમાણે મદ્રાસની મહાસભાના સ્વાગત મંડળે 'અખિલ ભારત પ્રદર્શન'નું નામ ધારણ કરનારું પ્રદર્શન પોતાના હાથ નીચે ભરવાની રજા આપવામાં ગંભીર ભૂલ કરી હતી. એને સરકારે પોતાનાં મહોર અને સિક્કો મારી દીધાં એથી કંઈ તેનો ગુણ નથી પ્રગટ થતો, કદાચ કંઈ ગુણ તેમાં હોય તે પણ હરાઈ જતો હોય તો નવાઈ નહીં. મહાસભા તો ઘણાંયે વર્ષો થયાં સરકારી મહેરબાની અને ખફગીથી બેપરવા બની બેઠી છે. કંઈ નહીં તો સને ૧૯૧૮થી મહાસભા જે આદર્શોને માટે કામ કરી રહી છે, તે બધા આ પ્રદર્શનની યોજનામાં ભુલાયા હતા. એ 'અખિલ ભારત પ્રદર્શન'માં શું શું હતું એની વાનગી આપું. તંબૂઓ કેટલાક પરદેશી પેઢીઓને તેમની વસ્તુઓના પ્રદર્શન માટે આપવામાં આવ્યા હતા: એક, યંત્રો અને બીજાં સંચાકામ માટે, કેટલાક પરદેશી સૂતરના વણાટકામ માટે, અને કેટલાક ઘડિયાળો વગેરેને માટે. આ પ્રદર્શનમાં ભાગ્યે જ કશું સ્વદેશી હતું; ઘણું પરદેશી અને બ્રિટિશ હતું, અને તે પણ મહાસભાના નામે અને આશ્રય તળે — જે મહાસભા સ્વદેશી ધર્મનો પ્રચાર કરતી મનાય છે, અને જેના કાર્યક્રમ ઉપર બ્રિટિશ માલનો બહિષ્કાર છે. એમાં ગામડિયાઓને રસ પડે અથવા બોધ મળે એવું તો કશું જ નહોતું. એમાં હિંદની ગ્રામ સભ્યતાનું પ્રતિબિંબ નહોતું પડતું, પણ પશ્ચિમની ગ્રામશોષક નાગરિક સભ્યતાનું પ્રતિબિંબ પડતું હતું. એ પ્રદર્શનમાં મહાસભાની ભાવનાનો ધ્વંસ થતો હતો, અને છેલ્લાં છ વર્ષોનાં ખાદી અને સ્વદેશી પ્રદર્શનોનો સ્પષ્ટ વિરોધ થતો હતો. વણાટનો તંબૂ તો જાણે ખાદીની હાંસી કરવાને માટે યોજવામાં આવ્યો હોય ને — જોકે ખાદીનો મતાધિકાર હજી મહાસભાના દફતરે મોજૂદ છે, અને અખિલ ભારત ચરખા સંઘની પ્રવૃત્તિને હજી મહાસભાના નામની છાપ મળે છે! પ્રેક્ષકો બધા અંગ્રેજી જાણનાર હોય તેમ બધી સૂચનાઓ અને નકશાઓ અંગ્રેજીમાં હતા. ખાદીની ઠેકડી કરનારી એક તખતીમાં આ પ્રમાણે લખ્યું હતું:

Gandhi Heritage Portal

ગરીબને અન્ન અને સશક્તને કામ આપો.
રેંટિયા ઉપર વાણો કાંતી,
મિલના સૂતરનો તાણો કરો
એટલે ગરીબીના સવાલનો નિકાલ થશે.

જો આ લખનારનો ઈરાદાપૂર્વક દુષ્ટ હેતુ ન હોય તો ખાદીના વિકાસનું તેનું અજ્ઞાન આમાં પ્રગટ થાય છે. રેંટિયાનો વાણો અને મિલનો તાણો એ ટુચકામાં કેવી ગંભીર ભૂલ રહેલી છે તે તો ઘણી વાર આ પત્રમાં બતાવવામાં આવ્યું છે. અહીં એટલું કહેવું બસ થશે કે જો વાણા માટે જ રેંટિયાનું સૂતર વાપરવાની નીતિ ગ્રહણ કરી હોત તો રેંટિયો અત્યાર અગાઉ સૂઈ ગયો હોત, અને તે આપણે જ વાંકે. અનુભવથી જોયું છે કે એ પ્રકારની મિશ્ર ખાદી બધી રીતે ખરાબ હતી.

બીજી તખતી ઉપરનો આ લેખ જુઓ — જે પહેલા કરતાં વધારે નહીં તો પહેલા જેટલો જ દુષ્ટતાભરેલો છે :

વણકરને રેંટિયાનો તાણો વાપરવાની ફરજ પાડવી
એ મનવારની સામે લડવા માટે છરી આપવા બરોબર છે.
કામ કરવાની ઉત્તમ પદ્ધતિ વણકર પાસેથી લઈ લેવી એ તેના અંગૂઠા
કાપવા બરોબર છે.

આમાં ખાદી સામે હળાહળ ઝેર ભર્યું છે, અને એમાં વણાટની કળાનું અજ્ઞાન અને વણકરોની દશાનું અજ્ઞાન રહેલું છે. લેખક ભૂલી ગયા છે કે આખી દુનિયામાં એક કાળ એવો હતો કે જ્યારે વણકરો વાણા અને તાણા બંનેને માટે રેંટિયાનું સૂતર વાપરતા, અને તે વેળાની વણાટકળાને આજ સુધી કોઈ આંટી શક્યું નથી. લેખકે 'અખિલ ભારત' પ્રદર્શનના મહેલમાંથી ખાદી પ્રદર્શનની ઝૂંપડીઓમાં ડોકિયું કરી જોયું હોત, તો પોતાની ભૂલ તે સહેજે જોઈ શકત. ત્યાં તે જોઈ શકત કે વણકરો આજે પણ મિલના તાણાના જેટલી જ સહેલાઈથી અને ઝડપથી રેંટિયાના તાણા એ અદ્‌ભુત સૌન્દર્યવાળાં થાન ઉત્પન્ન કરી રહ્યા છે. એ તો સહેજે સિદ્ધ કરી શકાય છે કે થોડા જ કાળમાં મિલનો તાણો વણકરનો નાશ કરશે, જ્યારે રેંટિયાનો તાણો વણકરનો પુનરુદ્ધાર કર્યા વિના રહેવાનો નથી. આજે પણ કેટલાયે વણકરોને રેંટિયાએ ખાટકીનો અને ભંગીના ધંધાનો આશ્રય લેવામાંથી બચાવી લીધા છે. ૧૦ કાંતનારાઓ વધ્યા એટલે આપોઆપ એક પૂરી રોજી મેળવનાર વણકર વધ્યો, પૂરી રોજી મેળવનાર એક પીંજારો વધ્યો, અને એ ઉપરાંત ધોબી, દરજી, સુતાર, લુહાર, રંગારા અને છાપગરને વધારે કામ મળે એ જુદું.

મહાસભાના આશ્રય તળે આવું પરદેશી અને દેશદ્રોહી પ્રદર્શન ભરાય એ, ઉપર જે બેજવાબદારીની હું વાત કહી ગયો તેનો પ્રત્યક્ષ અને જબરો પુરાવો છે. કોઈ મહાસભાવાદીએ જાણીજોઈને આ ધોળો હાથી મહાસભાને બારણે બાંધ્યો હોય એમ મારું માનવું નથી. પણ આ ભૂંડી બલા (શું કરું આ શબ્દ વાપર્યા વિના નથી ચાલતું) ઊભી કરવામાં વિચારનો અભાવ, કાળજીની ન્યૂનતા, અને જવાબદારીના ભાનનો અભાવ જવાબદાર હતાં.

આ હાથીના દરબારની બહાર જ આપણી કીડીબાઈનું દર હોય એમાં શંકા શી? અખિલ ભારત પ્રદર્શનના ચોગાનમાં ખાદીપ્રદર્શન ભરવા દેવાની મદ્રાસ સરકારે ના પાડી હતી એવી વાત મારે કાને આવી છે. મારે સારુ તો એ ભલું થયું. કારણ આ અખિલ ભારત પ્રદર્શનની ઓળખ કર્યા પછી તો પરદેશી માલના પ્રદર્શનમાંથી જઈને ખાદીપ્રદર્શન ખોલવા જવામાં

Gandhi Heritage Portal

રાષ્ટ્રીય નામોશીની યાદ આવત, અને મારે માટે એ ખોલવાની ક્રિયા અશક્ય નહીં તો મુશ્કેલ થઈ પડત.

ખાદીપ્રદર્શન કીડીબાઈ જેવડું હતું, પણ દેશી કળાનો નમૂનો હતું. ખાદીની શક્તિના અભ્યાસ અને પ્રદર્શનને માટે એ શાળા હતી. આની પાસે એક ભારતીય લલિતકલા પ્રદર્શન હતું — આ ડૉ. કઝિન્સના કલાપ્રેમી પરિશ્રમનું પરિણામ હતું.

'અખિલ ભારત' પ્રદર્શનમાં જૂજજાજ વસ્તુઓ શુદ્ધ દેશી હતી ખરી, પણ તે અસાવધ માણસને ભુલાવામાં નાખનારી અને જે મોટે ભાગે પરદેશી તમાશો હતો તેને ઢાંકનારી હતી.

ભવિષ્યમાં સ્વાગત મંડળો સાવધાન રહે!

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ५–१–१९२८

भाषांतर: नवजीवन, ८–१–१९२८

## ૩૨૯. હિંદની કવયિત્રીને આમંત્રણ

શ્રીમતી સરોજિનીદેવીને અમેરિકાથી એક આમંત્રણ[1] મળ્યું છે. એનો મુખ્ય ઉદ્દેશ મિસ મેયોના અસત્ય અને બદનક્ષી કરનારા પુસ્તકથી થયેલી હાનિકારક અસર દૂર કરવાનો છે. હિંદુસ્તાનમાં ગમે તેટલું લખવામાં આવે પણ તેથી, જ્યાં સુધી આ સનસનાટી ફેલાવનારી સ્ત્રીની વાતો સાંભળવા સનસનાટીભરી ખબરોની ભૂખી અને તેના પર જીવતી ભોળી જનતા બેઠી છે ત્યાં સુધી, આ સ્ત્રીએ કરેલી હાનિને પહોંચી વળી શકાય નહીં. મિસ મેયોના અશ્લીલ લેખોથી કોઈ વિચારશીલ અમેરિકન છેતરાશે નહીં. વિચારશીલ અમેરિકનને એ લેખોના ખંડનની જરૂર પણ નથી અને મધર ઇન્ડિયાથી પ્રભાવિત થઈ ચૂકેલી સામાન્ય જનતા તો એ પુસ્તકના ખંડનમાં હિંદુસ્તાનમાં લખાયેલા લેખો ગમે તેટલા તેજસ્વી હોય, છતાં કદી વાંચશે નહીં, તેથી સરોજિનીદેવીને અમેરિકા બોલાવીને મધર ઇન્ડિયાના જવાબમાં ભાષણો અપાવવાનો અમેરિકામાં ઉદ્ભવેલો વિચાર સારો છે. સરોજિનીદેવી આ આમંત્રણનો સ્વીકાર કરીને અમેરિકા જશે તો તેમની મુલાકાતથી મિસ મેયોની નવલકથાએ કરેલું કંઈ નહીં તો થોડું નુકસાન ઓછું થવાનો સંભવ છે. કવયિત્રી જ્યાં જ્યાં જશે ત્યાં લોકો સારી સંખ્યામાં એકઠા થશે અને તેમને ધીરજ અને આદરપૂર્વક સાંભળશે એ વિશે શંકા રાખવાની જરૂર નથી. તેમણે જે રીતે પોતાના વકતૃત્વના જાદુથી દક્ષિણ આફ્રિકાના લોકોની કલ્પનાશક્તિને મુગ્ધ કરી હતી[2] અને ગોળમેજી પરિષદ માટે તથા માનનીય શ્રીનિવાસ શાસ્ત્રી ત્યાં કરી રહ્યા છે તે મહાન કાર્ય માટે માર્ગ તૈયાર કર્યો હતો તે જ રીતે તેઓ અમેરિકનોની કલ્પનાશક્તિને મુગ્ધ કરી દેશે એ ચોક્કસ છે. આપણે આશા રાખીએ કે નિમંત્રણનો સ્વીકાર કરવા માટે તેમનો માર્ગ મોકળો થશે અને હિંદની આ પ્રભાવશાળી પુત્રીને આમંત્રણ આપતાં, ડૉ. અનસારી તેમને પરદેશના ધર્મકાર્ય માટે મુક્ત કરી શકશે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ५–१–१९२८

૧. જુઓ "ધન ગોપાલ મુકરજીને કેબલ", ૧૪–૧૧–૧૯૨૭.

૨. જુઓ પુસ્તક ૨૪.

Gandhi Heritage Portal

## ૩૨૭. ઘનશ્યામદાસ બિરલાને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
જાન્યુઆરી ૫, ૧૯૨૮

ભાઈ ઘનશ્યામદાસજી,

મેં જમનાલાલજી સાથે એક પત્ર મોકલ્યો હતો તે મળ્યો હશે. એક તાર પણ કર્યો હતો કે તમારી તબિયત સારી ન થાય ત્યાં સુધી એસેમ્બ્લીમાં હાજરી ન આપશો. પૂજ્ય માલવિયાજીને વાત કરવાનો હતો પણ અમે એટલી બધી વાતોમાં રોકાઈ ગયા હતા કે મને તમારું સ્મરણ ન રહ્યું. હવે આ વિશે એમને લખવાની જરૂર જોતો નથી. પૈસા જમનાલાલજીને ત્યાં જ મોકલ્યા હશે. એ વિશે હજુ સુધી કાંઈ સાંભળવામાં આવ્યું નથી.

પૂજ્ય માલવિયાજીના ભાષણની જાદુઈ અસર થઈ, અને તેઓ આ બાબતમાં ખૂબ પ્રયત્ન કરવાનું કહેતા હતા. જોઈએ શું થાય છે.

માર્ચની આખર સુધી હું આશ્રમમાં જ હોઈશ. ૧૭મી તારીખે પાંચ દિવસ માટે કાઠિયાવાડ જવું પડશે.[1]

આપનો
**મોહનદાસ**

[મૂળ હિંદી]

મૂળ પત્ર પરથી: સી. ડબલ્યુ. ૬૧૫૧; શ્રી ઘનશ્યામદાસ બિરલાના સૌજન્યથી

## ૩૨૮. મગનલાલ ગાંધીને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
શુક્રવાર [જાન્યુઆરી ૬, ૧૯૨૮][2]

ચિ. મગનલાલ,

તમારા કાગળનો જવાબ પૂરો તો હમણાં અપાય એમ નથી. મળશો ત્યારે વધારે.

ઊન અને કોશેટાનો ઉદ્યોગ સારો જ છે. આપણે અમુક પ્રમાણમાં તેને હાથ ધરી શકીએ છીએ. મને વધારે પૂછજો.

કુસુમને મારે આશીર્વાદ દેવાપણું નહીં રહે કેમ કે તે લગ્નમાં હું તો કંઈ ન જાઉં. મને લાગે છે કે નાતના વાડા તોડ્યે જ છૂટકો. પણ આને વિશે મને વધુ પૂછજો. તેમ જ નવીન-ધીરુ વિશે પૂછજો. તેઓનું ખર્ચ માણેકલાલ વગેરે આપે તો તેને રાખીએ જ.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

પત્રની નકલ પરથી: સી. ડબલ્યુ. ૯૧૬૭; શ્રીમતી રાધાબહેન ચૌધરીના સૌજન્યથી

૧. આ પત્ર મગનલાલને ૭-૧-'૨૮ના દિવસે મળ્યો હતો.
૨. કાઠિયાવાડ રાજકીય પરિષદ માટે.

Gandhi Heritage Portal

## ૩૨૯. સતીશચંદ્ર દાસગુપ્તાને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
જાન્યુઆરી ૭, ૧૯૨૮

પ્રિય સતીશબાબુ,

તમારા પત્રની રાહ જોતો રહ્યો છું. એટલું સ્પષ્ટ છે કે હજી તમારી તબિયત પ્રવાસ કરવા જેવી થઈ નથી. આ તાવથી વધુ અશક્તિ આવી હશે અને સાજા થવામાં વિલંબ થયો હશે. પરંતુ હું આશા રાખું છું કે તાવ ફરી આવ્યો નથી.

જવાહરલાલ અને ભરૂચાએ કેટલોક સમય તમારી સાથે ગાળ્યો એથી મને આનંદ થયો.

તમે જોયું હશે કે કીમતી પ્રદર્શન અને બીજી ઘણી વસ્તુઓ વિશેની તમારી વાત મારા ખ્યાલમાં આવી જ ગઈ હતી.

નિખિલ[1] કેમ છે, અને હેમપ્રભાદેવીની તબિયત કેવી રહી?

મારી તબિયત સારી લાગે છે.

સસ્નેહ,

બાપુ

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: જી. એન. ૧૫૮૦

## ૩૩૦. નાજુકલાલ નં. ચોકસીને પત્ર

શનિવાર [જાન્યુઆરી ૭, ૧૯૨૮][2]

ભાઈશ્રી ૫ નાજુકલાલ,

તમારો કાગળ મળ્યો. મને ઠીક છે. તમને આશ્ચર્ય થશે કે મોતીને કે બાળકને હજુ હું નિહાળીને જોઈ પણ નથી શકયો. મારા નિત્ય કામમાં ડૂબી ગયો છું. અવાય ત્યારે આવી જજો. કુસુમબહેન કહેતાં હતાં કે તમને આધાશીશી છે. એ ખરાબ વસ્તુ છે. માટીની લોપરી તેને સારુ કામની વસ્તુ છે. ખોરાક તો હળવો હોવો જ જોઈએ. કુસુમબહેનનું કામ જરા નાજુક છે. હજુ તેમણે કામ શોધી નથી લીધું. ઇચ્છા મુજબ કંઈક ગમે તે કરે છે. પણ ચિંતા જેવું કશું નથી.

બાપુના આશીર્વાદ

ભાઈશ્રી ૫ નાજુકલાલ ચોકસી
સેવાશ્રમ
ભરૂચ

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી: એસ. એન. ૧૨૧૪૨

૧. સતીશબાબુનો પુત્ર; ખૂબ બીમાર હતો અને પાછળથી જુલાઈ, ૧૯૨૮માં તેનું અવસાન થયું.
૨. ટપાલની છાપ પરથી.

Gandhi Heritage Portal

# ૩૩૧. ગીતા ઉપર ચર્ચા[1]

જાન્યુઆરી ૭, ૧૯૨૮

આ અધ્યાય[2] જેટલો મધુર રીતે ગવાયો, તેટલો મધુર છે. આ અધ્યાય આપણા જેવા દરદીઓને માટે — અંતર્વ્યથાથી પીડાતા દરદીઓ માટે — મલમપટ્ટીરૂપ છે. આપણે સૌ વિકારોથી ભરેલા છીએ, અને વિકાર મટાડવાનો કોલ — વચન ભગવાને પોતાને શરણ જનારને આપ્યો છે. આ અધ્યાયમાંથી એમ પણ ખબર પડે છે કે ગીતા લખાઈ ત્યારે વર્ણાશ્રમ ધર્મમાં ઊંચનીચના ભેદ પેસી ચૂકયા હતા, અને એકબીજાને એકબીજાથી નીચા ગણવા લાગ્યા હતા. બાકી, કોણ ઊંચો અને કોણ નીચો છે? જે સંપૂર્ણ નિર્વિકારી હોય તે બીજાને આંગળી કરીને બતાવે કે ફલાણો વિકારી છે. સૌ સરખા વિકારી છીએ, અને તે વિકારો મટાડવા માટે આમાં ભગવચ્છરણની રામબાણ દવા બતાવી છે. એથી એમ ન સમજવું કે પ્રયત્ન વિના બધા વિકારો શરણથી ધોવાઈ જશે. જેને ઈન્દ્રિયો, ઈચ્છાવિરુદ્ધ વિષયો તરફ ખેંચી જાય છે તે, પ્રયત્ન કરતો અને આંસુ સારતો જ્યારે ભગવાન તરફ વળશે ત્યારે ભગવાન જરૂર તેને વિકારમુક્ત કરશે.

આમાંથી બીજો વિચાર પણ ઉત્પન્ન થાય છે. પણ એનો વિચાર કાલે કરશું.

એ વિચાર એ છે કે આ અધ્યાયમાં પાપનું પ્રાયશ્ચિત્ત પણ આવી જાય છે. પાપનું પ્રાયશ્ચિત્ત ઉપવાસ નહીં, પણ ભક્તિ, પ્રપત્તિ. ઉપવાસની ઉપયોગિતા હું પૂરેપૂરી સમજું છું, પણ એની મર્યાદા પણ છે. પાપને માટે ઉપવાસ પ્રાયશ્ચિત્ત હોય જ નહીં, કદાચ ઢાંકણ થઈ પડે. પાપી એટલે તો પાપ કરનારા; પણ પાપયોનિ એટલે તો પાપરૂપ યોનિમાંથી જ જન્મેલા, એટલે તો તે મહાપાપી. એમાં કોની કલ્પના હશે તે તો આપણે ન કહી શકીએ, પણ સૌને ભગવત્પ્રપત્તિમાં આશ્વાસન રહેલું છે. પાપનું પ્રાયશ્ચિત્ત તો ભક્તિ છે. કેટલીક વાર ઉપવાસ એ ભક્તિભીના થવાને માટે જરૂરનો જણાય. એ સૌ પોતપોતાને માટે નક્કી કરી શકે છે. પણ ભક્તિ એ જ સાધન. અને ભક્તિ એટલે શૂન્ય થઈ જવું; પોતાને — એકડાને — ભૂંસી નાખવો. એટલું થાય તો ગમે તેટલાં પાપ [હોય તોપણ એ] નડતાં નથી. "સુદુરાચાર" કહ્યા તે કોઈ બીજા નથી, આપણે જ છીએ. હૃદયનાં અનેક પાપો કરનારા — બહારથી ઊજળા થઈને ફરનારા — આપણે સૌ પાપી છીએ, અને તેમને માટે આ અધ્યાયમાં ભગવાને વચન આપેલું છે.

અગિયારમો અને બારમો અધ્યાય:

અગિયારમામાં ભગવાનનાં અનેકાનેક દર્શન કરાવીને એ ભક્તિને માટે માણસને તૈયાર કર્યો છે; અને પછી બારમામાં ભક્તિનું રહસ્ય કહ્યું છે, સાચા ભક્તને વર્ણવ્યો છે. એ અધ્યાય તો એટલો નાનો છે કે કોઈ પણ જણ એને કંઠે કરી શકે છે.

ચૌદમો અને પંદરમો અધ્યાય:

ચૌદમામાં ત્રણ ગુણોનું વર્ણન છે. અને ૧૫મામાં પુરુષોત્તમનું વર્ણન છે. ત્રીસ વર્ષ ઉપર ડ્રમંડનું[3] પુસ્તક વાંચ્યું હતું. તેમાં, જડ જગતના કાયદા અધ્યાત્મ જગતને પણ લાગુ પડે છે

૧. *યંગ ઇન્ડિયા*, ૧૨-૧-૧૯૨૮ અને *નવજીવન*, ૧૫-૧-૧૯૨૮માં પણ જાન્યુઆરી ૬ અને ૭ તારીખે આપેલાં ગીતા ઉપરનાં ભાષણોના અહેવાલ આપ્યા છે.

૨. અધ્યાય ૯.

૩. ડૉ. હેન્રી ડ્રમંડ, *ધ નૅચરલ લૉ ઇન ધ સ્પિરિચ્યુઅલ વર્લ્ડ* અને *ધ ગ્રેટેસ્ટ થિંગ ઇન ધ વર્લ્ડ*ના લેખક.



Gandhi Heritage Portal

એ એણે અનેક દૃષ્ટાંતો આપીને સિદ્ધ કર્યું છે. એ આ ત્રિગુણાત્મક સૃષ્ટિમાં સિદ્ધ થતું જણાય છે. ૧૪મામાં માણસનું નિયમન કરનારા ત્રણ નિયમો કહ્યા છે. નિયમો તો અનેક છે પણ એના સત્ત્વ, રજસ અને તમસના ત્રણ વિભાગો પાડયા છે. આમાંથી એક જ ગુણવાળો કોઈ જ માણસ ન નજરે પડે; સૌ થોડેઘણે અંશે ત્રણે ગુણોથી ભરેલા છે. ધીમે ધીમે ચડતાં ચડતાં આપણે સાત્ત્વિક થઈએ અને આખરે સત્ત્વને પણ તરીને પુરુષોત્તમને પામીએ. પોતાના અવગુણને પહાડ જેવા ગણી વરાળ જેવા પાતળા થઈએ ત્યારે ખરી સાત્ત્વિકતા કેળવાય છે. પાણી અને વરાળનો દાખલો મને આ સ્થિતિ સમજાવવા માટે બંધબેસતો લાગે છે. પાણી જ્યારે બરફની દશામાં હોય છે ત્યારે એની ગતિ જમીન તરફ હોય છે, એ ધરતી ઉપર જ પડયું રહે છે; પણ વરાળ થવા માંડી કે એ ઉપર ચડવા માંડે છે. બરફ તરફી ઊંચે ચડવાની જે શક્તિ એ ખોઈ બેસે છે તે શક્તિ એનામાં વરાળ થયે આવે છે, અને અંતે એ વાદળું બની વર્ષાના રૂપમાં જગતનું કલ્યાણ કરે છે. આમાં પ્રભુના વિરાટ સ્વરૂપનું આપણને દર્શન થાય છે. બરફના પણ ઉપયોગ છે એ જુદી વાત છે; પાણી, સૂર્ય વિના વરાળ નથી બની શકતું એ વાત પણ આપણે હમણાં કોરે રાખીએ; તાત્પર્ય એ છે કે વાદળાં એ મોક્ષની દશા સૂચવે છે, વરાળ એ સાત્ત્વિક દશા સૂચવે છે, અને પાણી એ આપણી સ્થિતિ બતાવે છે.

આમ આપણે બબ્બે અધ્યાયનો સમન્વય કરવો રહ્યો.

[મૂળ ગુજરાતી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી; શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી

મહાદેવભાઈની ડાયરી, પુસ્તક બારમું

## ૩૩૨. ગોરક્ષાના લેખો

ગોરક્ષા વિશેના લેખો પ્રગટ કરવામાં મદદ દાખલ નીચે દર્શાવેલી વિગતે[1] રૂ. ૧૫૦ ધૂળિયાથી મળ્યા છે :

આ ઉપરાંત નવજીવન સંસ્થામાં નીચેની વિગતે[2] રૂ. ૫૦–૮–૦ મળ્યા છે :

હવે આ પુસ્તકને છાપવાના કાર્યનો વહેલો આરંભ થશે. પણ જેમ વધારે મદદ મળશે તેમ પુસ્તક વધારે સસ્તું થશે એ ગોસેવક યાદ રાખે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૮–૧–૧૯૨૮

૧. અને ૨. આ વિગતો અહીં આપી નથી.

Gandhi Heritage Portal

## ૩૩૩. માટીનો મહિમા

આરોગ્યના મારા પુસ્તકમાં[1] મેં માટીના ઉપચારો વિશે સારી પેઠે લખેલું. તે વાંચતાં માટીના પ્રયોગો કરનાર શ્રી વિઠ્ઠલદાસ પુરુષોત્તમદાસ લખે છે :[2]

આ ઉપરથી પોતાનો અનુભવ જણાવવા મેં લખતાં તેમણે નીચેનો પત્ર લખ્યો :[3]

આ બંને પત્રની સૂચનાનો ઉપયોગ ઘણાં દર્દોમાં તો છૂટથી થઈ શકે તેમ છે. જ્યાં જખમ થયો હોય અથવા ચામડી ઊતરી ગઈ હોય ત્યાં તો માટી ખુલ્લી ન જ મુકાય એમ મારો અભિપ્રાય છે. પેડુ ઉપર જરૂર છૂટી માટી મૂકી શકાય છે. અને કપડાંમાં મૂકેલી માટી જેને લાભ ન આપે તે છૂટી માટીનો પ્રયોગ કરી જુએ. હાલ પણ માટીના સામાન્ય પ્રયોગો હું કરું જ છું અને તેના ફાયદા અનુભવું છું. એ ઈલાજ એવો સહેલો, સસ્તો અને સાદો છે કે બધાએ મર્યાદામાં અજમાવવા યોગ્ય છે. પેટ ઉપર માટી મૂકવાનો પ્રયોગ ભૂખે પેટે જ થાય એ યથાર્થ છે. માટી હમેશાં ચોખ્ખી જગ્યાએથી લેવી જોઈએ એ યાદ રાખવાની આવશ્યકતા છે. માથાના દુખાવામાં, તાવમાં બરફનો ઉપયોગ કરવામાં આવે છે, ત્યાં માટી બરફના કરતાં સામાન્ય રીતે વધારે સારો જવાબ આપે છે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૮–૧–૧૯૨૮

## ૩૩૪. કનિકાના રાજાને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
જાન્યુઆરી ૮, ૧૯૨૮

ભાઈશ્રી,

દિલગીર છું કે ઉત્કલના મારા તાજેતરના પ્રવાસમાં હું આપના રાજમાં ન આવી શક્યો અને રૈયત પર થતા અત્યાચારો વિશે મારી પાસે આવેલી ફરિયાદોમાં કંઈ વજૂદ છે કે કેમ તેની ખાતરી ન કરી શક્યો. મારા પ્રવાસ દરમિયાન ઘણા લોકોએ આવી ફરિયાદો જોરદાર શબ્દોમાં કરી હતી. પણ આપની સાથે ફરીથી એક વાર સંપર્ક સાધ્યા પહેલાં મેં એ ફરિયાદો વિશે કાંઈ કહ્યું નથી. આ ફરિયાદો અંગે સત્ય હકીકત શોધી આપવા માટે મને એક પ્રતિનિધિ મોકલવાના વિચાર સાથે આપ સંમત થઈ શકશો?

તમારો સહૃદયી
**મો. ક. ગાંધી**

કનિકાના રાજા

[મૂળ અંગ્રેજી]

માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૦૩૫

૧. જુઓ પુસ્તક ૧૧ અને ૧૨. આ લેખો પાછળથી આરોગ્ય વિશે સામાન્ય જ્ઞાનના નામે પુસ્તકાકારે પ્રગટ થયા હતા.

૨. અને ૩. અહીં આપ્યા નથી.

Gandhi Heritage Portal

## ૩૩૫. ડબલ્યુ. એચ. પિટને પત્ર

[જાન્યુઆરી ૮, ૧૯૨૮][1]

પ્રિય મિ. પિટ,

થોડાં અઠવાડિયાં પહેલાં મેં તમને એક પત્ર[2] લખીને તપાસ કરી હતી કે તિરુવરપ્પુ અને સુચિન્દ્રમની બાબતમાં કંઈ પ્રગતિ થઈ રહી છે કે કેમ. એ પત્ર તમને મળ્યો કે નહીં? મને સતત પૂછપરછ કરવામાં આવી રહી છે.

મો. ક. ગાંધી

પોલીસ કમિશનર
ત્રિવેન્દ્રમ

[મૂળ અંગ્રેજી]

માઈક્રોફિલ્મ પરથી: એસ. એન. ૧૩૦૩૫ એ

## ૩૩૬. જામિયા મિલિયા ઇસ્લામિયાને સંદેશો[3]

[જાન્યુઆરી ૯, ૧૯૨૮ પહેલાં]

પ્રિય અધ્યાપકો અને વિદ્યાર્થીઓ,

હકીમસાહેબના અવસાનથી આપણે સંકટમાં આવી પડ્યા છીએ ત્યારે ઠક્કર સાહેબ તમને આશાનો સંદેશો મોકલવા મને કહે છે. સ્વર્ગસ્થનો આત્મા સદા આપણી સાથે રહો. આપણે જામિયાને એકતાનું જીવંત મંદિર બનાવીને તેમની સ્મૃતિને હમેશાં તાજી રાખીએ. તમારે નિરાશ ન થવું જોઈએ. અધ્યાપકો અને વિદ્યાર્થીઓ જામિયા પ્રત્યે નિષ્ઠા ધરાવતા હશે ત્યાં સુધી જામિયાનો નાશ નથી. મારા તરફથી તો હું તમને વચન આપું છું કે ઈશ્વરેચ્છા હશે તો તેણે મને બક્ષેલી બધી શક્તિનો ઉપયોગ હું આ સંસ્થાને સધ્ધર આર્થિક પાયા પર મૂકવામાં કરીશ.

સસ્નેહ,

તમારો સહૃદયી
મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]

बॉम्बे क्रॉनिकल, ૯–૧–૧૯૨૮

૧. આ પત્રનો મુસદ્દો ૮-૧૧-૧૯૨૮ના આની પહેલાંના પત્રના પાછલા ભાગ પર લખેલો છે.
૨. જુઓ "ડબલ્યુ. એચ. પિટને પત્ર", ૧૪-૧૦-૧૯૨૭.
૩. આ સંદેશો હકીમ અજમલખાનના અવસાનનો શોક પ્રદર્શિત કરવા યોજવામાં આવેલી દિલ્હીની જામિયા મિલિયા અધ્યાપકોની અને વિદ્યાર્થીઓની સભામાં વાંચી સંભળાવવામાં આવ્યો હતો.

Gandhi Heritage Portal

## ૩૩૭. મદનમોહન માલવિયાને તાર[1]

[જાન્યુઆરી ૯, ૧૯૨૮ કે તે પછી]

તિબ્બિયા માટેની જોગવાઈ સારી છે. જામિયા વિકસતી સંસ્થા હોવાથી આપની મદદ માટે વિનંતી કરું છું. એકતા સંબંધમાં, આપે અને ડૉ. અનસારીએ દિલ્હીમાં અને બીજી જગ્યાએ જઈને સંયુક્ત સભાઓ કરવી જોઈએ અને ઠરાવો પસાર કરવા જોઈએ. આ જ કામ માટે બીજાઓને પણ બીજી જગ્યાઓએ મોકલી શકાય. આપ બનારસથી આરંભ કરી શકો.

**ગાંધી**

મોકલવા પહેલાં મને સ્વચ્છ નકલ બતાવો. આ તાર હમણાં જ એક ગાડી આવશે તેની મારફત મોકલવાનો છે. તે ન આવે તો સાબરમતી જ મોકલવો.[2]

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૧૪૯૦૫

## ૩૩૮. અબ્બાસ તૈયબજીને પત્ર

સાબરમતી,
જાન્યુઆરી ૧૦, ૧૯૨૮

પ્રિય ભર્ર્ર્,

હા, હકીમસાહેબના અવસાનથી રાષ્ટ્રને ગંભીર ખોટ પડી છે. આશા રાખીએ કે રાષ્ટ્ર એમાંથી લાભ ઉઠાવશે.

બુધવારે કે ગુરુવારે બપોર પછી ૩-૦૦થી ૫-૦૦નો સમય મને તદ્દન અનુકૂળ રહેશે.

સસ્નેહ,

**ભર્ર્ર્**

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૯૫૬૧

૧. આ તાર માલવિયાજીના ૯ જાન્યુઆરીના નીચેના તારના જવાબમાં કરવામાં આવ્યો હતો: "પત્ર માટે આભાર. દિલ્હીના લાલા સુલતાનસિંહ કલકત્તામાં મને મળ્યા. તેમણે કહ્યું કે જામિયા ઇસ્લામિયા હિંદુઓને અપીલ નહીં કરે. તિબ્બિયા કૉલેજ આ અભિપ્રાય સાથે સંમત થશે. પણ આપ જે નક્કી કરશો તેને હું ટેકો આપીશ. હિંદુમુસ્લિમ કાર્ય સંબંધમાં આપ શું સૂચવો છો? પગલાં લેવામાં વિલંબ ન કરવો જોઈએ એ વિશે સંમત છું."

૨. આ ગાંધીજીએ પોતાના મંત્રીને આપેલી સૂચનાઓ છે એ સ્પષ્ટ છે.

Gandhi Heritage Portal

## ૩૩૯. નાજુકલાલ નં. ચોકસીને પત્ર

સત્યાગ્રહાશ્રમ,
સાબરમતી,
સોમવાર [જાન્યુઆરી ૧૦, ૧૯૨૮][1]

ભાઈશ્રી ૫ નાજુકલાલ,

તમે માટીના ઉપચાર શરૂ કર્યા એ ઠીક કર્યું. માટીને પલાળીને ફરી પલાળવાની નથી. જો તે સુકાઈ જાય તો ને જરૂર પડે તો બીજી લોપરી બનાવવી. લગભગ એક ઈંચ જાડી લોપરી કરી હોય તો તે ઝટ સુકાતી નથી. રાતની પેડુ ઉપરની તો રાત લગી ભીની રહે છે. બપોરના માથે મૂકેલી હોય તે સુકાવાનો સંભવ છે. દિવસના પેડુ ઉપર ન મૂકશો. કેમ કે હજમ કરવાની ક્રિયા ચાલતી હોય છે. મારો અનુભવ સુગંધી એટલે સાફ રાતી માટી વિશે સારો છે, પણ કાળી જ મળે તો તે વાપરવી. સાફ હોવી જોઈએ.

બ્લડ પ્રેશરને સારુ બે જ વસ્તુ સંભાળવી. ગજા ઉપરાંત પરિશ્રમ શરીરનો કે મનનો ન લેવો, દસ્ત સાફ રહેવો જ જોઈએ. રોજ ન આવે તો પિચકારી લેવી અથવા હલકો રેચ લેવો. કરાંજવું નહીં જ. ખોરાક બહુ હલકો લેવો. માત્ર બ્લડ પ્રેશરથી જરાયે ડરવાનું નથી. પણ તમને લકવો થઈ ગયો છે તેથી સાવધાન રહેવાની જરૂર છે ખરી. આટલું છતાં તમને ઈન્જેક્ષનથી ફાયદો થયો છે તેથી જો દાક્તર તે ફરી લેવાની સલાહ આપે તો સુખેથી લેજો. માથાની વેદના તો માટીથી જવી જ જોઈએ. ત્યાં પણ પેટ હલકું તો હોવું જ જોઈએ.

પ્રબોધ બહુ મજાનો છોકરો લાગે છે. ઈશ્વર તેના વિશેની આશાઓ સફળ કરો.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી : એસ. એન. ૧૨૧૪૩

## ૩૪૦. વી. એસ. શ્રીનિવાસ શાસ્ત્રીને પત્ર[2]

સાબરમતી,
જાન્યુઆરી ૧૧, ૧૯૨૮

પ્રિય ભાઈ,

તમારો મીઠો પત્ર મળ્યો. તેણે મને તિરુપુરના હેડ માસ્તરનું સ્મરણ કરાવ્યું. તમારા વિદ્યાર્થી હોઈ તેમણે મને કહ્યું કે તમે સંસ્કૃતમાં પણ અંગ્રેજીના જેટલા જ પારંગત છો. મને આની ખબર નહોતી. મેં વાલ્મીકિ રામાયણનો અનુવાદ જ વાંચ્યો છે અને તે પણ ઉપર ઉપરથી. મને

૧. મૂળમાં આ તારીખ છે; પણ જાન્યુઆરીની ૧૦મીએ મંગળવાર હતો.

૨. શાસ્ત્રીએ ટી. એન. જગદીશનને લખેલા પત્ર (૧૯૪૦)માંથી. ઉતારો આ રહ્યો : "રામાયણના પ્રશ્ન વિશે ગાંધીએ મને જે પત્ર લખ્યો છે તે ખરેખર એમની સર્વોત્તમ શૈલીમાં છે. તે વખતે હું દક્ષિણ આફ્રિકામાં હતો. ત્રાવણકોર રાજ્યમાં સ્ત્રીઓની એક સભામાં બોલતાં તેમણે કહ્યું હતું કે રામની પાછળ વનમાં જવામાં સીતાએ પોતાના પતિની આજ્ઞા ઉથાપી હતી; અને તેથી પૂરતું કારણ હોય ત્યારે પતિની આજ્ઞાને બાજુએ મૂકી શકાય. વાલ્મીકિને સમજવાની આ સ્પષ્ટ ભૂલ સામે વાંધો લઈને મેં લખ્યું હતું."

Gandhi Heritage Portal

તો તુલસી રામાયણમાં શ્રદ્ધા છે. પરંતુ તમે કહો છો તે બધું સ્વીકારું છું, અને છતાં માનું છું કે સીતા રામની ઇચ્છા વિરુદ્ધ વનમાં ગયાં અને તેમ કરીને ઉત્કૃષ્ટ કાર્ય કર્યું. એ જ રીતે રામે દશરથના વચનનું પાલન કરીને શ્રેષ્ઠ કાર્ય કર્યું. પણ હું નકામી દલીલ કરી રહ્યો છું. કારણ કે રામ અને સીતા પ્રત્યે આપણી જે ભક્તિ હોવી જોઈએ તેમાં તો આપણે એકમત છીએ.

હું તમારી પ્રવૃત્તિ પર નજર રાખું છું અને સર મહંમદ હબિબુલ્લાહ[1] પરના તમારા પત્રની નકલોને બહુ કીમતી ગણું છું.

તમારા મહાન કાર્યને નક્કર પાયા પર મૂકવું હોય તો તમારે ત્યાંનું રોકાણ લંબાવવું પડશે. એ જરૂર લંબાવશો.

સસ્નેહ,

**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

लेटर्स ऑफ श्रीनिवास शास्त्री, પા. ૧૭૧

## ૩૪૧. સતીશચંદ્ર દાસગુપ્તાને પત્ર

જાન્યુઆરી ૧૧, ૧૯૨૮

પ્રિય સતીશબાબુ,

તમારો પત્ર મળ્યો. મૌલાના તમને વધુ ઘરાકી લાવી આપી શકે તો ઘણું થયું.

સસ્નેહ,

**બાપુ**

શ્રીયુત સતીશબાબુ
ખાદી પ્રતિષ્ઠાન
કલકત્તા

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: જી. એન. ૧૫૮૧

૧. વાઇસરૉયની કાર્યકારિણી સમિતિના સભ્ય. ૧૯૨૬ના નવેમ્બરમાં જે હિંદી પ્રતિનિધિમંડળ દક્ષિણ આફ્રિકા ગયું તેના નેતા. જુઓ પુસ્તક ૩૩.

Gandhi Heritage Portal

## ૩૪૧ (૧). જવાહરલાલ નેહરુને પત્ર[1]

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
જાન્યુઆરી ૧૧, ૧૯૨૮

પ્રિય જવાહરલાલ,

તમારો પત્ર મળ્યો.

આશા રાખું છું કે ચાંદ[2] હવે સંકટમાંથી પાર ઊતરી હશે.

મારો મુદ્દો[3] એ નથી કે તમે તમારા કોઈ ઠરાવ પર, ખાસ કરીને સ્વતંત્રતાના ઠરાવ પર પૂરો વિચાર નહોતો કર્યો, પણ મારો મુદ્દો એ છે કે તમે કે બીજા કોઈએ આખી પરિસ્થિતિનો વિચાર ન કર્યો તેમ જ ઠરાવના સંબંધ કે ઔચિત્ય પર ધ્યાન ન આપ્યું. સારામાં સારા ઠરાવો પણ અપ્રસ્તુત અને અસ્થાને હોઈ શકે, પણ તમારે કૉંગ્રેસ વિશેના મારા લેખો કાળજીપૂર્વક વાંચવા જોઈએ. સ્વતંત્રતા વિશેનો ખાસ લેખ આવતી કાલે પ્રસિદ્ધ થશે.

એકતા વિશેના ઠરાવ બાબત ઘણી મહેનત કરવાની જરૂર છે.

જ્યારે આવી શકો ત્યારે જરૂર આવો અને આવો ત્યારે તમારું કામ સાથે લઈને આવો અને થોડા દિવસ અહીં રહો.

આ પત્ર બહુ તૂટક છે પણ હાલ તરત તમને વધુ લખી શકું તેમ નથી.

તમારો
બાપુ

[મૂળ અંગ્રેજી]

ગાંધી નેહરુ પેપર્સ, ૧૯૨૮
નેહરુ મેમોરિયલ મ્યુઝિયમ અને લાયબ્રેરીના સૌજન્યથી

૧. અંગ્રેજી પુસ્તકમાં આ પત્ર પૂર્તિરૂપે આપ્યો છે.
૨. વિજયાલક્ષ્મી પંડિતની સૌથી મોટી પુત્રી.
૩. જુઓ "જવાહરલાલ નેહરુને પત્ર", ૪-૧-૧૯૨૮.

Gandhi Heritage Portal

## ૩૪૨. સાબરમતીની પ્રાર્થના સભામાં ભાષણ[1]

[જાન્યુઆરી ૧૨, ૧૯૨૮ પહેલાં]

અમારી મૂર્ખાઈની આજે વાત કરવાની છે. એમાં અમારા ત્રણનો ભાગ છે, અથવા તો મારો મોટામાં મોટો ભાગ છે, કારણ મારે સૌથી વધારે જાગ્રત રહેવું જોઈએ અને હું ન રહ્યો.

ઘણાને થયું કે આ વળી શું હશે? પણ ગાંધીજીએ આખા કિસ્સાનો તાદૃશ અને પોતાની ભૂલોનું વર્ણન કરતાં અતિશયતાની ભાષા વાપરે છે તેવી ભાષા વાપરીને ચિતાર આપ્યો. ગાંધીજી જે ઓરડામાં ઊઠે-બેસે છે અને કામ કરે છે તે ઓરડાની નદી તરફની દીવાલ અને છાપરાં વચ્ચે જાળી છે. હવા અને અજવાળા માટે આ જાળી છે, પણ એમાંથી સૂરજ આવે છે ત્યારે સામી ભીંતે અઢેલીને બેઠેલા ગાંધીજીના મોં ઉપર ખૂબ તડકો આવે છે એટલે એમણે અમારામાંથી એક જણને કહ્યું કે સામે કંઈક બાંધી દો. તેણે બીજાને કહ્યું. તેઓ સુતાર અને એક પાટિયું લઈને આવ્યા, અને સુતારને પાટિયું એવી રીતે લગાડવાની સૂચના કરી કે જેથી પાટિયું ખસેડવું હોય તો ખસેડી શકાય અને પડદાની જેમ બંધ કરવું હોય તો બંધ કરી શકાય. ગાંધીજીએ હા તો પાડી, પણ સુતાર પોતે કામે વળગ્યો એટલે ગાંધીજી વિચારવા લાગ્યા કે એ બરોબર થયું કે નહીં. એ બરોબર ન લાગ્યું, એટલે તુરત જ પેલા બે સાથીઓને બોલાવી પોતાની મૂર્ખાઈના નમૂના તરીકે પેલા પાટિયાને વર્ણવ્યું. બીજે દિવસે સવારે સ્ત્રીઓની આગળ પણ એનું વર્ણન આપ્યું, અને સાંજની પ્રાર્થનામાં એ મૂર્ખાઈને વધારે જાહેરાત આપી.

આપણે ગરીબાઈનું વ્રત લેનારાને આ ન પોસાય. એ પાટિયું આવ્યું ત્યારે જ મને સૂઝવું જોઈતું હતું કે એની જગ્યાએ કાર્ડબોર્ડ કે કાંઈ કપડાનો કટકો પણ ચાલશે. આ પાટિયાની બે રૂપિયા કિંમત હશે, અને સુતારની ત્રણ કલાકની મજૂરી ચડશે તે વધારામાં; જ્યારે કાર્ડબોર્ડ અને કપડાની જૂજ કિંમત પડત, અને બે ખીલા ઠોકીને તેને લગાડી શકાત. આવી નાની નાની બાબતમાં આપણી શ્રદ્ધાની કસોટી થાય છે. આવે દરેક સમયે આપણે વિચારવું જોઈએ કે ગરીબ શી રીતે રહે, ગરીબ પોતાની જરૂરિયાત શી રીતે પૂરી પાડે.

[મૂળ અંગ્રેજી]

યંગ ઇન્ડિયા, ૧૨–૧–૧૯૨૮

ભાષાંતર: નવજીવન, ૧૫–૧–૧૯૨૮

૧. મહાદેવ દેસાઈના "આશ્રમમાં" નામના લેખમાંથી. એમાં "અકિંચન વ્રત" એ પેટામથાળા હેઠળના લખાણમાં આ ભાગ આપ્યો છે.

Gandhi Heritage Portal

## ૩૪૩. સાહેબ કેમ મળે?[1]

સાબરમતી,
[જાન્યુઆરી ૧૨, ૧૯૨૮ પહેલાં]

મને એ ભજનના શબ્દ તો યાદ નથી, પણ ભાવ તો ભુલાય એમ નથી. આખો દિવસ એ ભજનના ભણકારા મારા કાનમાં વાગ્યા જ કીધા છે. આપણે પ્રાર્થનામાં આવીએ છીએ એ કાંઈ સંગીત સાંભળવા નહીં, કે ફલાણાએ ખરાબ ગાયું કે ફલાણાએ સારું ગાયું એ જોવા ખાતર નહીં, પણ એ હેતુથી કે પ્રાર્થનામાં જે કાંઈ સાંભળ્યું હોય તેમાંનું કાંઈક તમે તમારા હૃદયમાં સાચવો અને આખો દિવસ તેની હૂંફ મેળવ્યા કરો. એ ન થાય તો આપણું પ્રાર્થનામાં આવ્યું ન આવ્યું સરખું છે. આજનું ભજન કેવું ભારે હતું! એમાં કબીરે બતાવ્યું છે કે સાહેબ એટલે ભગવાન કોને મળે? એ મોટાને તો ન જ મળે. પણ જે છોટા હોય તેને મળે. એને માટે એણે સાદાં સુંદર દૃષ્ટાંતો આપ્યાં છે. હાથી રેતીમાં પડેલી ખાંડને પોતાની સૂંઢ વડે ન વીણી શકે. [કીડી વીણી શકે.]

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧૫-૧-૧૯૨૮

## ૩૪૪. ક્ષમાનું રહસ્ય[2]

સાબરમતી,
[જાન્યુઆરી ૧૨, ૧૯૨૮ પહેલાં]

એક દિવસ ખાદી સેવા સંઘનો એક વિદ્યાર્થી પોતાનું દુ:ખ લઈને ગાંધીજી પાસે ગયો. એનું દુ:ખ ક્રોધ હતું. એનું ઓસડ શું? પ્રાયશ્ચિત્ત તરીકે ઉપવાસ કરું એમ પૂછ્યું. ગાંધીજીએ ઉપવાસને વિશે કહ્યું:

ઉપવાસ એ પ્રાયશ્ચિત્ત નથી. પણ ખરું પ્રાયશ્ચિત્ત તો જેની સામે તમે ક્રોધ કર્યો તેની માફી માગવામાં છે. તેને રીઝવીને તેની પાસેથી પ્રાયશ્ચિત્ત માગી લેવામાં છે.

એ ભાઈએ એ કર્યું. પણ સામા માણસની શી સ્થિતિ? આ કિસ્સામાં તો સામા માણસે ક્રોધની સામે કશો પ્રતિકાર નહોતો કર્યો, શાંત રહ્યો હતો. પણ શું એમ શાંત રહીને જ બધા ક્ષમા બતાવે? ક્ષમા એટલે શું? કેવળ અક્રોધ?

ક્રોધનું કારણ મળે તોપણ ખામોશ ખાઈ જવી, માર ખાઈ લેવો, કશું ન બોલવું એ માન્યતાએ હિંદુસ્તાનનું નખ્ખોદ વાળ્યું છે. અક્રોધથી ક્રોધને જિતાય એમ બુદ્ધ ભગવાને કહ્યું ત્યારે અક્રોધ એટલે કશું કરવું નહીં, ચૂપ રહેવું એમ કહેવા ધાર્યું હશે? મને નથી લાગતું. **क्षमा वीरस्य भूषणम्** કહ્યું, એ ક્ષમા તે કેવળ નિષ્ક્રિય ક્ષમા હશે? ના. એ અક્રોધ, એ ક્ષમા,

૧ અને ૨. મહાદેવ દેસાઈના "આશ્રમમાં" નામના લેખમાંથી.

Gandhi Heritage Portal

દયામાં પરિણમે, પ્રેમમાં પરિણમે ત્યારે એ શુદ્ધ ક્ષમા — વીરનું ભૂષણ બને છે. ક્રોધની સામે ક્રોધ ન કરતાં ક્રોધીને જઈને કહીએ કે તમને ક્રોધ કરાવવા માટે માફી માગું છું, અને પછી તેને નમ્રતાથી સમજાવવું કે સાનાની કંઈ ભૂલ થાય તોપણ ક્રોધ કરવો એ બરોબર નથી. આમ આત્માની શક્તિનો પ્રયોગ કરવામાં ક્ષમા રહેલી છે. અહિંસા એ આળસ નથી, પ્રમાદ નથી, અશક્તિ નથી, એ સક્રિયતા છે. આવી રીતે આત્માની શક્તિ પ્રગટ કરીને આપણે સામાનું જ નહીં પણ જગતનું કલ્યાણ કરવું એવું જ્ઞાન એ ક્ષમા વિશે રહેલું હોવું જોઈએ. આ ક્ષમા, આ પ્રેમ જેનામાં હોય તે પ્રગટાવી શકે એ સાચી વાત છે. પણ એ ધીમે ધીમે કેળવી શકાય તેવો ગુણ છે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧૫–૧–૧૯૨૮

## ૩૪૫. 'ઇન્ડિપેન્ડન્સ' કે સ્વરાજ?

'ઇન્ડિપેન્ડન્સ'નો ઠરાવ કરીને મહાસભાએ લૉર્ડ બર્કનહેડના ઉદ્ધત અપમાનનો યોગ્ય જવાબ વાળ્યો છે એમ કહેવામાં આવે છે. જો આ ગંભીરતાપૂર્વક કહેવામાં આવતું હોય તો મારે જણાવવું જોઈએ કે બાદશાહી કમિશન નીમવામાં અને તેની નિમણૂક જાહેર કરવામાં દેશનું જે અપમાન થયું છે તેનો કેવો જવાબ વાળવો જોઈએ એની આપણને કશી ગમગત નથી. એ અપમાનનો જવાબ ભાષણોથી ન વળાય, ભલે ને તે ગમે તેટલાં જબરદસ્ત હોય; કે બણગાં ફૂંકવાથી ન વળાય, ભલે બડી બહાદુરીથી તે ફૂંકવામાં આવતાં હોય. બ્રિટિશ પ્રધાન, તેના સાથીઓ અને તેની પાછળ પાછળ ચાલનારાઓનાં કૃત્યોનો જવાબ તો આપણે પણ તેને ભુલાવે એવું કાર્ય કરીને જ વાળી શકીએ. ધારો કે મહાસભાએ કશો ઠરાવ કરવાને બદલે પોતાની પાસેના તમામ પરદેશી કાપડની હોળી કરી હોત, અને દેશની પાસે પણ એવી હોળી કરાવી હોત તો એ કાંઈક જવાબ વળ્યો કહેવાત ખરો, જોકે પેલાં ભયંકર અપમાનની બરાબરી કરી શકે એવો તો નહીં જ. જો મહાસભાએ દરેક સરકારી નોકર પાસે રાજીનામાં અપાવ્યાં હોત — મુખ્ય ન્યાયાધીશથી માંડીને તે નાનામાં નાનાં સિપાઈસફરાં, અને લશ્કરના સિપાઈઓ પાસે રાજીનામાં અપાવ્યાં હોત – તો એ યોગ્ય જવાબ કહેવાત ખરો. એ થયું હોત તો બ્રિટિશ પ્રધાનો અને તેમને સાથ દેનારાઓનું આજે આપણાં પરાક્રમો જોઈને પેટનું પાણી પણ હાલતું નથી તેમને ખબર પડત કે ઠંડે પેટે કેમ બેસી રહેવાય છે!

કદાચ કહેવામાં આવશે કે આ સોના જેવી શિખામણ આપવામાં સાર શો, જ્યારે હું પોતે જ જાણું છું કે એનો અમલ થઈ શકવાનો નથી. અમલ ન થઈ શકે એમ હું નથી માનતો. આજે ઘણા હિંદીઓ એવા પડ્યા છે કે જેઓ કશું ન બોલતાં છતાં પ્રજાને ગુલામીમાં જકડી રાખનાર રાજતંત્રને આજે જેઓ ટકાવી રહ્યા છે તેઓ પોતપોતાની રાષ્ટ્રઘાતક નોકરી છોડે એ મંગળ દિવસની પોતપોતાની રીતે તૈયારી કરી રહ્યા છે. જ્યારે કાર્યની શક્તિ ન હોય ત્યારે જીભ ઉપર કાબૂ રાખવામાં હિંમત રહી છે, ડહાપણ તો રહ્યું છે જ. કાર્ય વિના કેવળ બડી બડી વાતો કરવી એ નાહકની વરાળ કાઢવા જેવું છે, અને સને ૧૯૨૦માં સખત ભાષણોને બદલે દેશભક્તો જેલ જવાનું પસંદ કરવા લાગ્યા ત્યારે સખતમાં સખત ભાષણોની ભભક ઊડી

Gandhi Heritage Portal

ગઈ. ભાષણ તો જેનાં મોં સિવાઈ ગયેલાં હોય તેને માટે આવશ્યક હોય. અંગ્રેજ વહીવટદારો આપણાં ભાષણોની મશ્કરી કરે છે અને ઘણી વાર તેઓ એવાં પગલાં લે છે કે જેમાં આપણાં ભાષણો માટે તેમનો તિરસ્કાર દેખાઈ આવે છે, અને તેમનું વર્તન જ આપણને તેમની વાત કરતાં વધારે અસરકારક ટોણો દે છે, "બકવાદ શું કરો છો? હિંમત હોય તો કરી બતાવો ને." આ ટોણાનો આપણે જવાબ ન દઈ શકીએ તો આપણું દરેક ધમકીભરેલું ભાષણ અથવા વ્યવહાર આપણી નામોશી અને આપણી અશક્તિ જાહેર કરશે. બેડીઓવાળા કેદીઓને મફતની ગાળો દેતા મેં જોયા છે, જે ગાળોથી જેલરને તો માત્ર હસવું જ આવે છે.

વારુ, બીજી વાત. 'ઇન્ડિપેન્ડન્સ' ધ્યેય બનાવવામાં આવ્યું તે શું કોઈ અંગ્રેજોએ આપણું કાંઈ અપમાન કર્યું તેના જવાબમાં? શું માણસો પોતાનાં ધ્યેય લોકોના ઉપર ઉપકાર કરવાને કે લોકોનાં કાર્યનો વિરોધ કરવાને માટે નક્કી કરતા હશે? મારું તો માનવું એવું છે કે આપણે અમુક ધ્યેય નક્કી કરીએ તો પછી તે જાહેર કરવું જ જોઈએ, અને બીજાનાં કાર્ય કે ધમકીનો વિચાર કર્યા વિના એ ધ્યેયની પાછળ મંડયા રહેવું જોઈએ.

એટલે 'ઇન્ડિપેન્ડન્સ'નો આપણે શો અર્થ કરીએ છીએ તે તો જરા સમજી લઈએ. ઇંગ્લંડ, રશિયા, સ્પેન, ઇટલી, ટર્કી, ચીલી, ભૂતાન સૌ 'ઇન્ડિપેન્ડન્સ' (સ્વતંત્રતા) ભોગવે છે. આમાંથી આપણને કઈ સ્વતંત્રતા જોઈએ છે? આથી એમ કોઈ ન માની લે કે મેં સ્વીકારી લીધું છે તે આપણું ધ્યેય ઇન્ડિપેન્ડન્સ છે. જો હિંદી ઇન્ડિપેન્ડન્સ આપણું ધ્યેય હોય તો એની એક જ વ્યાખ્યા આપનારા બે માણસો ન મળે. હકીકત તો એ છે કે ભવિષ્યમાં આપણે શું મેળવીશું એ આપણે પણ જાણતા નથી. એ આપણી વ્યાખ્યાઓ કરીને નહીં નક્કી કરી શકીએ, પણ આપણાં ઇચ્છા અને અનિચ્છાએ થતાં કૃત્યોથી જ એ નક્કી થશે. જો આપણે ડાહ્યા હઈશું તો વર્તમાનની જ આપણે દરકાર રાખશું એટલે ભાવિ એની મેળે સરખું ઊતરશે.

આની સામે મારું કહેવાનું એ છે કે 'સ્વરાજ' એ હમેશને માટે કામ આવે એવું અને સૌને ગમે એવું ધ્યેય છે. આપણે અંગ્રેજી શીખેલા હિંદીઓ અનેક વાર અજાણી રીતે એમ માની લેવાની ભયંકર ભૂલ કરીએ છીએ કે અંગ્રેજી બોલનારા ગણ્યાગાંઠયા હિંદીઓમાં જ હિંદ સમાઈ જાય છે. હું કહું છું કે કોઈની મગદૂર હોય તો આમવર્ગને સમજાય એવો હિંદી શબ્દ 'ઇન્ડિપેન્ડન્સ'ને માટે સૂચવે. કાંઈ નહીં તો આપણું સામાન્ય ધ્યેય સૂચવનારો શબ્દ ત્રીસ કરોડ લોકો સમજી શકે એવો દેશી શબ્દ હોવો જોઈએ. એ શબ્દ હિંદના દાદા દાદાભાઈ નવરોજીએ[1] દેશના નામે શોધ્યો હતો અને દેશને અર્પણ કર્યો હતો. એ શબ્દ 'સ્વરાજ'. એ શબ્દની વ્યાપ્તિ 'ઇન્ડિપેન્ડન્સ'ના કરતાં હજારગણી વધારે છે, અને એમાં 'ઇન્ડિપેન્ડન્સ' તો આવી જાય છે જ. એ શબ્દ પ્રાણભર્યો છે. એ હજારો હિંદીઓનાં ઉદાત્ત બલિદાનથી પવિત્ર થયેલો છે. એ શબ્દ હિંદુસ્તાનના દૂર દૂરના ખૂણામાં કદાચ ન ફેલાયો હોય તોપણ એવા બીજા કોઈ પણ શબ્દના કરતાં વધારે પ્રચલિત છે. એ શબ્દને કાઢીને જેના મૂલ્ય વિશે આપણને શંકા છે એવો અર્થ તેને બદલે મૂકીએ એ તો એ પવિત્ર શબ્દ ઉપર અત્યાચાર છે. મહાસભાનું કામકાજ હિંદુસ્તાનીમાં જ ચલાવવા માટે કશું કારણ બાકી રહ્યું હતું તો તે આ 'ઇન્ડિપેન્ડન્સ'ના ઠરાવથી મળી જાય છે. આપણી ભાષા હિંદી હોય તો આ ઠરાવ કરવા જેવી કરુણ પરિસ્થિતિમાં આપણે ન મુકાવું પડત. જો તેમ હોત તો આપણા બહાદુરમાં બહાદુર વક્તાઓએ 'સ્વરાજ' શબ્દના

૧. ૧૯૦૬માં કલકત્તા મુકામે મળેલ મહાસભાના અધ્યક્ષીય ભાષણમાં દાદાભાઈ નવરોજીએ 'સેલ્ફ – ગવર્મેન્ટ'ના પર્યાય તરીકે 'સ્વરાજ' શબ્દ વાપર્યો હતો.

Gandhi Heritage Portal

સ્વાભાવિક અર્થને શણગાર્યો હોત અને તેની સારીનરસી અનેક વ્યાખ્યાઓ કરવાનો પ્રયત્ન કર્યો હોત. 'ઇન્ડિપેન્ડન્સ'વાદીઓ પોતાના અનુભવનો લાભ લઈ આમવર્ગ, જેમને માટે તેઓ સ્વાતંત્ર્ય ચાહે છે તેમની વચ્ચે જઈને કામ કરવાનો નિશ્ચય કરે, અને મહાસભાની આમવર્ગની સભાઓમાં અંગ્રેજીના પ્રયોગનો બહિષ્કાર કરે એ આપણે ઇચ્છીએ.

ખરું પૂછો તો મને તો 'ઇન્ડિપેન્ડન્સ'ની ભૂખ નથી, પણ મારે તો અંગ્રેજના ઝૂંસરામાંથી મુક્ત થવું છે. એને માટે ગમે તે ભોગ આપવાને તૈયાર છું. એ ન મળે તો અંધાધૂંધી પણ હું સ્વીકારું. કારણ અંગ્રેજી શાંતિ તો મરણની શાંતિ છે. આખી પ્રજાના આવા જીવતા મૃત્યુ કરતાં ગમે તે સ્થિતિ સારી. આ રાક્ષસી રાજ્યે આ સુંદર ભૂમિનાં સંપત્તિ, નીતિ હરી લીધાં છે અને આત્માને હણ્યો છે. એ રાજ્યની અદાલતોને રોજ હું ન્યાય અને સત્યને તિલાંજલિ આપતી જોઉં છું. ભયભીત ઓઢિયા પ્રાંતમાંથી હું હમણાં જ આવ્યો છું. આ રાજ્ય પોતાના પાપી નિભાવને માટે મારા દેશબંધુઓનો દુરુપયોગ કરી રહ્યું છે. મને ઓરિસ્સા પ્રાંતના ખુર્દા જિલ્લામાંથી એક કાગળની સાથે કેટલાંયે પ્રતિજ્ઞાપત્રો મળ્યાં છે, જેમાં પ્રતિજ્ઞાપૂર્વક જણાવવામાં આવ્યું છે કે બંદૂકથી ડરાવીને લોકોની પાસે વધારે મહેસૂલ ભરવાની કબૂલાતો ઉપર સહી લેવામાં આવે છે. આ રાજ્યની બીજાં સૌ રાજ્યને ભુલાવે એવી ઉડાઉ નીતિએ રાજા અને મહારાજાઓને ઘેલા કરી દીધા છે, અને તેઓ પરિણામનો વિચાર કર્યા વિના, અંગ્રેજોની મર્કટની જેમ નકલ કરે છે અને પોતાની પ્રજાને અત્યાચારની ચક્કીમાં પીસે છે. પોતાના અનીતિમય વ્યાપારના રક્ષણ માટે આ રાજ્યને કોઈ પણ ઉપાય હલકો લાગતો નથી, અને ત્રીસ કરોડ લોકોને લાખ ગોરાની એડી તળે દબાયેલા રાખવા માટે એવડો લખલૂટ લશ્કરી ખર્ચ રાખ્યો છે કે પરિણામે લોકો અર્ધા ભૂખમરાની દશામાં રહે છે, અને હજારોનાં મુખ શરાબ વગેરે વસ્તુઓથી ભ્રષ્ટ થાય છે.

પણ મારો ધર્મ તો ગમે તેમ થઈ જાય તોયે અહિંસા જ રહેવાનો અને રહેશે. મારી રીત જ હૃદય બદલવાની છે, બળાત્કારની નથી; એમાં પોતે સંકટ સહન કરવાપણું રહેલું છે, જાલિમને દુઃખી કરવાપણું રહેલું નથી. હું જાણું છું કે આખી પ્રજા એ વસ્તુને ધર્મ તરીકે સ્વીકાર્યા વિના અને એનું તત્ત્વજ્ઞાન સ્વીકાર્યા વિના એનો અમલ કરી શકે છે. લોકો હમેશાં પોતાનાં સૌ કાર્યોનું તત્ત્વજ્ઞાન સમજે છે જ એમ નથી. હિંદુસ્તાનની મુક્તિ મારફત મારે તો જગતની કહેવાતી નબળી પ્રજાઓને પશ્ચિમના રક્તશોષક પંજામાંથી ઉગારવી છે. આ શોષણક્રિયામાં ઇંગ્લંડનો મોટામાં મોટો ભાગ છે. જો હિંદુસ્તાન અંગ્રેજોનાં હૃદય પલટાવી શકે — અને હું માનું છું કે પલટાવી શકે — તો હિંદુસ્તાન જગતના સામ્રાજ્યમાં એક મોટો ભાગીદાર બનશે, અને તેમાં ઇંગ્લંડની ઇચ્છા હોય તો ભાગીદાર બની શકે છે. જો હિંદ સમજે તો પોતાની મોટી જનસંખ્યા, પોતાની ભૌગોલિક સ્થિતિ અને પોતાની જુગજુગ જૂની સંસ્કૃતિ વડે તે સૌથી મોટો ભાગીદાર બની શકે છે. આ બડી બડી બાતેં હૈ એ હું સમજું છું. પડેલા હિંદ માટે જગતને હલાવવાનો અને નબળી પ્રજાઓનું રક્ષણ કરવાનો મનોરથ રાખવો એ ધૃષ્ટતા જ ગણાય. પણ 'ઇન્ડિપેન્ડન્સ'ની આ બૂમની સામે મારો સખત વિરોધ બતાવતાં મને જે સત્ય ભાસે છે તે મારાથી છૂપું ન રાખી શકાય. મારો મનોરથ તો એવો છે કે જેને માટે જીવવું અને જેને માટે મરવું બહેતર છે. પરિણામથી ડરીને તો શ્રેષ્ઠ સ્થિતિથી ઊતરતી એકે સ્થિતિ હું સ્વીકારું એમ નથી. એટલે કેવળ સમય જોઈને આ 'ઇન્ડિપેન્ડન્સ'નો હું વિરોધ નથી કરતો. હું તો હિંદુસ્તાન પોતાનું પોતે ચલાવતું બને એ જોવાનો ભૂખ્યો છું, અને તે સ્થિતિનું નામ 'સ્વરાજ' શબ્દ સિવાય બીજા શબ્દથી ન વર્ણવી શકાય. એ 'સ્વરાજ'ની વ્યાખ્યા અમુક કાળે પ્રજા કેટલું જોર

Gandhi Heritage Portal

બતાવી શકે છે તેની ઉપર આધાર રાખશે. અને હિંદુસ્તાન પોતાનું સંભાળી લેવાની શક્તિ મેળવશે એટલે સૌ પ્રજા પોતાનું સંભાળી લેશે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १२-१-१९२८

ભાષાંતર: नवजीवन, १५-१-१९२८

## ૩૪૯. ગેરકાયદે છૂટ લેવી

એક સિંધી મિત્ર લખે છે:

આની સાથે કરાંચીના સિંધ ઑબ્ઝર્વરની એક કાપલી બીડું છું, જેમાં આપ જોશો કે આવી જાહેરખબરો મારફતે જે દવાઓ લોકપ્રિય કરવાનો અને વેચવાનો પ્રયત્ન કરવામાં આવે છે તે દવાઓના ટેકામાં બીજાં નામોની સાથે આપના નામનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

હું નથી માનતો કે આ ફાર્મસીની જુદી જુદી જાતની દવાઓની પ્રશંસામાં આપે કંઈ કહ્યું હોય કે લખ્યું હોય.

આશા રાખું છું કે આપ यंग इन्डियाમાં આ વિશે લખશો.

મેં પણ આ જાહેરખબર જોઈ છે. એમાં મારા નામનો અને બેશક બીજા નેતાઓના નામનો ગેરકાયદે ઉપયોગ કરવામાં આવ્યો છે. આ ફાર્મસીઓ પોતાની નકામી વસ્તુઓની ઘરાકી મેળવવા માટે જે છૂટ લે છે તે વિચિત્ર છે. મારા અભિપ્રાય મુજબ કોઈના નામનો તેની રજા વિના ઉપયોગ કરવો એ ગેરકાયદેસર વસ્તુ છે અને કાયદા પ્રમાણે સજાને પાત્ર છે. અસહકારી તરીકે હું કાયદાનું રક્ષણ ન શોધું એટલે કોઈ પણ દવાની બાબતમાં મારા નામના ઉપયોગથી છેતરાવા સામે મારે આમજનતાને ચેતવણી આપીને સંતોષ માનવો રહ્યો. હમણાં હમણાં મેં પ્રમાણમાં નિર્દોષ અને જાણીતી એક-બે જુલાબની દવા તથા કિવનાઇન લીધું છે તેમ છતાં સામાન્ય રીતે મારો દવાનો અવિશ્વાસ પહેલાં જેટલો જ દૃઢ છે. હું આ દેશમાં ફાર્મસીઓની સંખ્યા વધેલી જોવા ઇચ્છતો નથી, હું તો લોકોને દવાની ગુલામીમાંથી મુક્ત થયેલ જોવા ઇચ્છું છું.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १२-१-१९२८

Gandhi Heritage Portal

## ૩૪૭. મદ્રાસ ખાદી-પ્રદર્શન

કૉંગ્રેસ સપ્તાહમાં મિ. પોલાક મદ્રાસમાં હતા એટલે મેં તેમને ખાદી-પ્રદર્શન જોવા અને જોઈને પોતાના વિચારો મને જણાવવા કહ્યું હતું. હવે તેમનો પત્ર આવ્યો છે જેમાંથી નીચેનો ઉતારો આપું છું:[1]

આ ટીકા જોકે ઊંડો વિચાર કરીને બાંધેલો અભિપ્રાય નથી, છતાં ભવિષ્યમાં પ્રદર્શન ગોઠવનારાઓને તે ઉપયોગી થશે. હું એ વિચાર સાથે સંમત થતો નથી કે જ્યાં સુધી કેળવાયેલા હિંદીઓને કિંમત, જાતભાત, ટકાઉપણું વગેરે બાબતમાં યંત્રના કાપડ જેવી જ ખાદી આપવામાં નહીં આવે ત્યાં સુધી તેઓ ખાદીને ઉત્તેજન આપશે નહીં. તેઓ પોતાની કલાવિષયક રુચિને સંતોષવા માટે અમુક ધોરણની અપેક્ષા જરૂર રાખે છે, પણ તેઓ ખુશીથી વધારાની કિંમત આપે છે અને ગુણવત્તા બાબતમાં ખાદી યંત્ર-કાપડ જેવી હોવી જોઈએ એવો જરાય આગ્રહ રાખતા નથી. શિક્ષિત અને સારી સ્થિતિના લોકો ખાદી ખરીદે છે તેનું કારણ એ છે કે તેઓ જાણે છે કે ખાદી દેશના ગરીબમાં ગરીબ માણસને સહારો આપે છે અને ખાદી વિના તેઓ એવા સહારાથી વંચિત થઈ જશે. પણ અલબત્ત, ખાદી ઉત્પાદકોએ એ કારણે ખાદીની જાત સુધારવાના પ્રયત્નમાં ગાફેલ રહેવાનું નથી. એ દિશામાં થયેલી પ્રગતિ ખરેખર ઘણી જ પ્રેરણાદાયક છે. યંત્રથી બનેલું કાપડ હતું જ નહીં ત્યારે ખાદીમાં જે સુંદરતા હતી, અને જેને કોઈ યંત્ર હજી પહોંચી શક્યું નથી, તેવી સુંદરતાએ પહોંચતાં સુધી કાર્યકર્તાઓએ સંતોષ માનવાનો નથી.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १२–१–१९२८

## ૩૪૮. મુકુંદનું પ્રાયશ્ચિત્ત

ચક્રવર્તી રાજગોપાલાચારીની એક મહત્ત્વાકાંક્ષા यंग इन्डिया માટે હૃદયસ્પર્શી વાર્તાઓ લખવાની હોય એમ જણાય છે. નીચે આપેલી વાર્તામાં, તેમની બીજી વાર્તાઓની જેમ નૈતિક ઉપદેશ રહેલો છે. આ એક ‘અસ્પૃશ્યતા’ને સ્પર્શતી વાર્તા[2] છે. આ વાર્તાથી કોઈ ‘સ્પૃશ્ય’નું પાષાણ હૃદય પીગળો!

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १२–१–१९२८

૧. અહીં આપ્યો નથી. પોલાકે પ્રદર્શનની જગ્યા અને ખામીવાળી ગોઠવણ વિશે ટીકા કરી હતી.
૨. અહીં આપી નથી.

Gandhi Heritage Portal

## ૩૪૯. મૈસૂર સરકારનું ખાદી કેન્દ્ર

મૈસૂર સરકારે ખાદી ઉત્પાદનનો પ્રયોગ શરૂ કર્યો છે અને કાર્યકર્તાઓ અને કામની યોજના બાબતમાં અખિલ હિંદ ચરખા સંઘની મદદનો લાભ લઈને બદનવાલ નામના કેન્દ્રમાં ઉત્સાહપૂર્વક કામ શરૂ કર્યું છે. ત્યાંના એક કાર્યકર્તા તરફથી શ્રીયુત રાજગોપાલાચારીને એક પત્ર મળ્યો છે, જેમાંથી કામની પ્રગતિનો રસદાયક હેવાલ નીચે ટૂંકમાં આપવામાં આવે છે.[1] એ પરથી જણાય છે કે ગ્રામપ્રદેશમાં જ્યાં પૂરક ધંધાની તીવ્ર માગ છે ત્યાં યોગ્ય રીતે કામ શરૂ કરવામાં આવે તો ખાદીનો પ્રચાર કેટલી સહેલાઈથી થાય છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १२–१–१९२८

## ૩૫૦. મણિલાલ અને સુશીલાબહેન ગાંધીને પત્ર

[જાન્યુઆરી ૧૫, ૧૯૨૮ પહેલાં][2]

ચિ. મણિલાલ તથા સુશીલા,

તમારા કાગળ મળ્યા છે.

આજે જ અકોલાથી કાગળ મળ્યો. તે ઉપરથી સુશીલાને કસુવાવડ થયાના ખબર મળ્યા. આ વાત મણિલાલે નથી બાને જણાવી નથી મને જણાવી. મને એવી બાબતો લખવામાં શરમ ક્ષોભ ન હોવાં જોઈએ. મારા વિચારો આ બાબતમાં જે છે તેથી પણ મારાથી આવી વસ્તુઓ છાની રાખવામાં કશો લાભ નથી ને પરોક્ષ રીતે હું જાણું તેથી ક્ષણભર વ્યથા થાય. મારા જેવા વિચારો મનુષ્ય રાખતા છતાં પણ એ વસ્તુને ઝટ છોડી શકતા નથી. છોડી શકતા હોય તો વિવાહ જ શાના થાય? વિવાહની ઉત્પત્તિ ભોગેચ્છામાં છે. પણ ઋષિઓએ તેને સંયમનું સાધન કરવાનો પ્રયત્ન કર્યો, અથવા કહો કે અમર્યાદિત સંબંધોને વિવાહથી મર્યાદિત કર્યા. પણ મનુષ્યનો ઝુકાવ હમેશાં ભોગ પ્રતિ હોવાથી તેણે વિવાહને પણ ભોગનું એક નવું યંત્ર કરી મૂક્યું. પણ તમારા જેવાં દંપતી સાવધાન રહી સંયમને વિશે પ્રયત્નવાન રહે એ ઉપરાંત મારાથી આશા રખાય જ નહીં. તેથી તમારે મને વિવાહનાં પરિણામોથી બિનવાકેફ રાખવાની આવશ્યકતા ન હોય.

હવે સુશીલાને આરામ થયો હશે. કસુવાવડ પછીના ઇલાજો બરોબર લેવાય તો તેનાં માઠાં પરિણામો હળવાં કરી શકાય છે. તેમાં એક વસ્તુ ને પ્રબળ વસ્તુ કચૂને બાથ છે એ જરૂર જાણજો. એ બાથ કસુવાવડના વ્યાધિને સુધારે છે ને ભવિષ્યની સુવાવડને સહેલી ને હળવી કરે છે. સાદો ખોરાક, નિયમિત નિદ્રા અને શરીર ઉશ્કેરાય એવી વસ્તુઓથી દૂર રહેવું જોઈએ. તમે બંને

૧. અહીં આપ્યો નથી.

૨. આંતરરાષ્ટ્રીય બંધુત્વ મંડળ આશ્રમમાં મળ્યું તે પહેલાં આ પત્ર લખાયો લાગે છે. જુઓ આ પછીનો લેખ.

Gandhi Heritage Portal

ક્યૂનેનું પુસ્તક અને જુસ્ટનું વાંચી જાઓ એ ઇચ્છવા જેવું છે. દાક્તર જૉન નિકલ્સનનું પુસ્તક પણ વાંચવા યોગ્ય છે.

આશ્રમમાં ભરતી થઈ છે ને બે દિવસમાં તો ઊભરાઈ જશે. લગભગ ૩૦ માણસો આવવાના છે. તેમાં બાર-પંદર પશ્ચિમના પણ હશે. રામદાસ આજે આવ્યો. રામી-મનુ કાલે આવ્યાં. દેવદાસ હજુ મુંબઈમાં હાડકાને સારુ ઉપચાર કરાવે છે.

ગીતાજીના અધ્યાય તમને કેમ નથી મળ્યા એ હું નથી જાણતો. મેં તો તરજુમો પૂરો કર્યો છે. મહાદેવને કહીશ.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી : જી. એન. ૪૭૨૮

ગાંધી સ્મારક સંગ્રહાલય અમદાવાદ-૧૩.

13665

## ૩૫૧. બંધુત્વના વિષય પર ચર્ચા[1]

[જાન્યુઆરી ૧૫, ૧૯૨૮ પહેલાં]

તમે બંધુત્વ વધારવા ભેગા થયા છો તો તમારાં સૌનાં કાર્યો ધાર્મિક થવાં જોઈએ, તેમાં ત્યાગ હોવો જોઈએ. મેં તો અનેક વર્ષો ઉપર અનેક ચર્ચાઓ કરવાને પરિણામે એવો નિશ્ચય કરી લીધો હતો કે બધા ધર્મો સાચા છે; બધા અપૂર્ણ તો છે જ, પણ બધા સાચા છે. અને હું મારા ધર્મને વળગી રહું છતાં મારે બીજા ધર્મો પ્રત્યે મારા ધર્મ જેટલાં જ માન અને પ્રેમ રાખવાં જોઈએ. અને એમાંથી એ ફલિત થાય છે કે મારે સૌને સરખા ગણવા જોઈએ. એટલે હિંદુ તરીકે મારી પ્રાર્થના એ ન હોય કે ઇતર ધર્મના હિંદુ ધર્મ સ્વીકારે, અથવા મુસલમાનની પ્રાર્થના એ ન હોય કે બીજા ધર્મના બધા ઇસ્લામ સ્વીકારે, કે ખ્રિસ્તીની એ પ્રાર્થના ન હોય કે બધા ખ્રિસ્તી થાય, પણ આપણી પ્રાર્થના તો એ હોવી જોઈએ કે સૌ પોતપોતાના ધર્મોમાં મક્કમ બને, ખ્રિસ્તી સાચો ખ્રિસ્તી બને, હિંદુ સાચો હિંદુ બને, મુસલમાન સાચો મુસલમાન બને. છૂપી છૂપી પણ મારા મનમાં એ લાગણી ન હોવી જોઈએ કે બીજા ધર્મના મારો ધર્મ સ્વીકારે. આ બંધુત્વનો પાયો છે. બધાં ગીતો ગવાયાં, ઈશુના બલિદાનની કથા કહેવામાં આવી તેનું પણ રહસ્ય આ જ છે. ખરે શાસ્ત્રી પાસે ભજન ગવડાવ્યું અને ઇમામસાહેબની પાસે

૧. આંતરરાષ્ટ્રીય બંધુત્વ મંડળની પરિષદના સભ્યો અને તેમના મિત્રો આશ્રમમાં રહ્યા હતા. તેમણે બંધુત્વનો "મૂળભૂત ઉદ્દેશ," એ વિષય પર ચર્ચા કરી હતી. મહાદેવ દેસાઈ એમના, "ધ વીક" નામના લેખમાં "ધ ફાઉન્ડેશન ઑફ ફેલોશિપ," એ શીર્ષક હેઠળ આનો હવાલો આપતાં લખે છે: "ચર્ચા બે દિવસ ચાલી. . . . એમાં કોઈ પણ સંકોચ વગર દિલથી વિચારવિનિમય થયો; અને અંતે એકબીજાની વચ્ચે સારી રીતે સમજૂતી થવી જ જોઈએ. . . . બધાએ એક વ્યાપક સહિષ્ણુતા માટે કામ કરવાનું છે, અંધકારની શક્તિઓ સાથે નહીં પણ પ્રકાશની શક્તિઓ સાથે મળવું અને રહેવું, અથવા દીનબંધુ ઍન્ડ્રૂઝે કહ્યું હતું તેમ ઈશ્વરનો સદંતર ત્યાગ કરીને ચાર્વાકમતવાદી બનનારાની વિરુદ્ધ ખડા થવું જોઈએ — એ બાબતમાં કોઈ પણ મતભેદ હતો નહીં. આ વાત પર તો બધા સંમત હતા જ, પણ એમ પણ લાગ્યું કે ઘણા સભ્યો ઠરાવના જરૂરી ઉપસિદ્ધાંતો સ્વીકારવા માગતા નહોતા. આ ઉપસિદ્ધાંતો ગાંધીજીએ આ અને બીજી સભામાં વિસ્તારથી સમજાવ્યા હતા. . . ."



Gandhi Heritage Portal

આપણે કુરાનેશરીફની આયત બોલાવી, પણ દીનબંધુ ઍન્ડ્રૂઝને એ લોકોના ધર્મો માટે પોતાના જેટલું માન ન હોય તો એ વિનંતીનો કાંઈ અર્થ નથી. એ તો સહિષ્ણુતાનો આડંબર કહેવાય, એ તો બંધુત્વનો દ્રોહ કહેવાય. પણ ઍન્ડ્રૂઝને હું સારી રીતે ઓળખું છું, અને તેઓ બીજાના ધર્મોને પોતાનાની જેમ જ ચાહનારા છે. એમ કરીને જ એમણે, જેમ હું બીજા ધર્મો માટે મારા જ ધર્મ જેટલો આદર રાખી મારા ધર્મને ઉદાર બનાવું છું તેમ, પોતાના ધર્મને શોભાવ્યો છે, ઉદાર બનાવ્યો છે. પણ જો તમારા મનમાં એમ હોય કે એક જ ધર્મ સાચો અને બીજા ખોટા તો તમારે બંધુત્વની વાત છોડી દેવી. અને પછી તો જે ધર્મો ત્યાજ્ય હોય તેને છોડતા જવું, અને એકાદને સ્વીકારીને તે ધર્મનું મંડળ બનાવી બેસવું. ગમે તેમ હોય, હું તો કહું છું કે આપણે સાચા બનવું. આપણને બીજા ધર્મો માટે આપણા ધર્મ જેટલું માન ન હોય, તો આ મંડળને તોડી નાખવું બહેતર છે; નામની સહિષ્ણુતાની દાંડી પીટવામાં સાર નથી. પાપીને સહન કરવો પણ પાપને સહન ન કરવું. અને પાપીને સહન કરવો એટલે પાપીના સંઘમાં જોડાવું એમ નહીં, એટલે ખોટા ધર્મવાળાઓની સાથે સામેલ થવું એમ નહીં, એનો તો ત્યાગ જ કરવો. ખોટો ધર્મ એ કે જેની પ્રવૃત્તિ તે ધર્મ માટે અને દુનિયા માટે એકંદરે હાનિકારક હોય. તમને જો હિંદુ ધર્મ માટે એવું લાગતું હોય તો તેનો ત્યાગ કરજો, પણ તેની એકંદર અસર પથ્ય હોય તો તેને માટે તમારા જ ધર્મ જેટલાં માન અને પ્રેમ રાખજો.

### ધર્મપરિવર્તન

"છૂપી રીતે પણ ન ઇચ્છશો કે પારકા ધર્મનો તમારા ધર્મને સ્વીકારે," એ સલાહ ઘણાને વિચારમાં નાખનારી થઈ પડી. ખ્રિસ્તીઓ, મુસલમાનોમાં એવી ઇચ્છા રાખનારા તો ઘણા હોય છે જ. સૌએ પોતપોતાના વિચારો દર્શાવ્યા. એટલે ગાંધીજીને પોતાના વિચારો વધારે સ્ફુટ કરવા પડ્યા :

ઇમામસાહેબના કરતાં મારી સ્થિતિ જુદી છે. મારે મારા ધર્મના પ્રચારને માટે પોતે પવિત્ર બનવું જોઈએ એ વાત તો સાચી જ, પણ હું તો ઇચ્છું પણ નહીં કે કોઈ પોતાનો ધર્મ તજીને મારો સ્વીકારે. મારી તો પ્રાર્થના હમેશાં એ જ હશે કે ઇમામસાહેબ ઉત્તમ મુસલમાન બને, અને ઉત્તમ મુસલમાનના કરતાં પણ ઉત્તમ પુરુષ બને. હિંદુ ધર્મનો અહિંસાનો સંદેશ મને અદ્ભુત લાગે છે. અને એ કારણે મારે મન, જેમ મારી સ્ત્રી મને અદ્ભુત સૌન્દર્યવતી લાગે છે તેમ, એ અદ્ભુત ધર્મ છે. પણ તેથી બીજા પોતાના ધર્મને માટે પણ એમ જ માની શકે છે. કોઈને સ્વતંત્ર વિચારે એમ થાય કે તેને તો ધર્મ બદલ્યા વિના ન ચાલે તો તે જુદી વાત છે. એમ પ્રામાણિક રીતે માણસ પોતાનો ધર્મ બદલી શકે છે. પણ ધર્મનો પ્રચાર કરવા જવું એ જુદી જ વાત છે. હું તો કહું કે જેમને પ્રાચીન, જંગલી અને ધર્મહીન પ્રજાઓ માનવામાં આવે છે તેમનામાં પણ હું મારો ધર્મ લઈને પ્રચાર કરવા તો ન જ જાઉં. એમાં અભિમાન છે. અભિમાન વિના વિનમ્ર ભાવે તેમ કરશું એમ કહેવામાં આવે છે. પણ એ અશક્ય છે. વિનયનો ડોળ કરનારા મેં ઘણા જોયા છે. મને તો લાગે છે કે હું સંપૂર્ણ થઈ રહીશ એટલે મારા વિચારોથી હું બીજા ઉપર અસર કરી શકીશ; મારા વિચાર જ આપોઆપ બીજાઓને પહોંચશે. મારો તો મારી સુધારણામાં જ બધો વખત ખપી જાય છે ત્યાં હું બીજાને વટાળવા ક્યાં જાઉં? જંગલીઓની પાસે જઈને મારું ડહાપણ બતાવવાને બદલે તેમની સમક્ષ તેમના જેવો નાગો થઈને ન ઊભો રહું? તેમને મારી પ્રાર્થનામાં ભળવાને બદલે હું જ તેમની પ્રાર્થનામાં ન ભળું? ધર્મપરિવર્તન કરાવવું અને સેવા કરવી એ બે સાથે ન બને.

Gandhi Heritage Portal

બીજે દિવસે સવારે પ્રશ્નોત્તર માટે આ મિત્રો મળ્યા. ત્યાં પણ આનો આ જ પ્રશ્ન ચર્ચાયો, કારણ સૌને ગાંધીજીએ ખૂબ વિચાર કરતા કરી મૂકયા હતા.

ત્યારે શું પોતાનો ધર્મ બીજા પાસે સ્વીકારાવવા ઇચ્છનારાને આ મંડળમાં ન દાખલ કરવા એવો આપ ઠરાવ કરાવો?

મને તો એમ લાગે છે ખરું. હું તો એવો ઠરાવ ઘડત ખરો, કારણ હું માનું છું કે એ વિના બંધુત્વ ન સ્થપાય.

ધર્મપરિવર્તન કરાવવાની ઇચ્છા એ ઈશ્વરદત્ત નથી?

મને શંકા છે. અને જો હોય તો ઇચ્છા માત્ર ઈશ્વરદત્ત છે. તો તો પછી ઈશ્વર પણ કહેશે કે મેં તો તમને વિવેકબુદ્ધિ પણ આપી છે, અને સદિચ્છા અને અસદિચ્છાનો વિવેક કરવાની શક્તિ પણ આપી છે ના?

"પણ તમે ખાદીનો તો પ્રચાર કરો છો, સ્વદેશીનો નવો યુગ સ્થાપવા માગો છો, તે કેમ?" એમ એક રમણીએ પૂછયું.

જેમ હું આરોગ્યના નિયમોનો પ્રચાર કરું છું તેમ આનો પણ કરું છું.

ત્યારે ધર્મનો પણ પ્રચાર એ રીતે ન થાય?

સવાલ યોગ્ય પૂછયો છે. પણ તમારે ભૂલવું ન જોઈએ કે આપણે તો એમ સિદ્ધાંત લઈને ચાલ્યા છીએ કે બધા ધર્મો સરખા સાચા છે. જો આર્થિક અને આરોગ્યના નિયમો ધર્મોની જેમ ભિન્ન ભિન્ન હોય અને સાચા હોય તો હું એકને સાચા અને બીજાને ખોટા એમ ન કહું. મને તો લાગે છે કે બીજાની ધાર્મિક માન્યતાની અસહિષ્ણુતાને બંધુત્વ સાથે ન બને.

અને એમ આપણે દૃષ્ટાંતો લઈને દલીલ ન કરીએ. અમુક અંશે જ એ દલીલ સાચી થાય. કુદરતમાંથી દાખલો લઈને તમે આધ્યાત્મિક ક્ષેત્રમાં તેને લાગુ પાડો ત્યારે તે અમુક અંશે લાગુ પડે, વધુ ન પડે. પણ હું જ તમને બીજો દાખલો આપું, લો. મારે તમને ગુલાબનું પુષ્પ આપવું છે, એ આપવામાં તો હાથ લંબાવવો પડે છે; પણ મારે એની સુગંધ જ તમને આપવી હોય તો? ગુલાબ તો સુગંધ આપોઆપ વેર્યા જ કરે છે. આથી આગળ વધીએ. આધ્યાત્મિક બાબતમાં પણ એમ જ પોતાની અસર પ્રસરે છે. એટલે આરોગ્યના નિયમોના પ્રચારની દલીલ એમ ન લાગુ પડાય. એક મિત્રે કહ્યું, અનહદ આનંદ થાય તે કેમ મનમાં રોકયો રોકી શકાય? એનો તો બીજાને ભાગ આપ્યે જ છૂટકો. વારુ, હું એમ કહીશ કે એવો અનહદ આનંદ હશે તે તો વાણીના વાહન વિના આપોઆપ પ્રગટશે. ધાર્મિક બાબતમાં સત્‌નો પ્રચાર એની મેળે જ થવા દઈએ તો સારું. સત્ એની મેળે જ કામ કરનારું છે. અસત્ ન કરી શકે, કારણ એ પાંગળું છે; એને સત્ રૂપે રજૂ થવું પડે છે.

પણ ઈશુએ પણ પ્રચાર તો કર્યો હતો ને?

હવે તમે મને સતાવો છો. મારે તમને ઈશુ ખ્રિસ્તના જીવનનો મારો અર્થ આપવો રહ્યો. વારુ, મારે તમને કહી દેવું જોઈએ કે બાઇબલની બધી વાતને હું ઐતિહાસિક તરીકે માનતો નથી. વળી એ પણ યાદ રાખવું જોઈએ કે ઈશુ કયાંય બહાર પ્રચાર કરવા નહોતા ગયા. તેમણે તો પોતાના લોકોમાં જ પોતાનું કામ કર્યું. પૉલે ઈશુના ઉપદેશનો જે અર્થ કર્યો છે, એ તેમના ઉપદેશથી બહુ વેગળો છે એમ હું માનું છું.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १९–१–१९२८

ભાષાંતર: नवजीवन, २२–१–१९२८

Gandhi Heritage Portal

## ૩૫૨. પ્રભાશંકર પટ્ટણીને પત્ર

રવિવાર [જાન્યુઆરી ૧૫, ૧૯૨૮ કે તે પહેલાં][૧]

સુજ્ઞ ભાઈશ્રી,

તમારો કાગળ મળ્યો છે. મારું ત્યાં આવવાનું ૨૪ કે ૨૫ તારીખે થશે. પણ મારી સમજ તો એવી છે કે મને પરબારા વરતેજ લઈ જશે. તમે પોરબંદર નથી આવવાના? તમારી તબિયતને ઠેકાણે લાવવાનો કંઈ ઉપાય નથી? મારી તો સારી જ છે. છાપાંઓની ઉપર આ બાબતમાં પણ ભરોસો રખાય એમ નથી.

**મોહનદાસના**
વંદેમાતરમ્

[મૂળ ગુજરાતી]
પત્રની છબી પરથી : જી. એન. ૫૯૦૫

## ૩૫૨(૧). જવાહરલાલ નેહરુને પત્ર[૨]

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
જાન્યુઆરી ૧૫, ૧૯૨૮

પ્રિય જવાહરલાલ,

તમારો પત્ર મળ્યો. તમે મને બીજું જે કંઈ લખી શકયા હોત તેના કરતાં એ પત્રની હું વધારે કદર કરું છું; કારણ કે એમાં તમે બિલકુલ સ્પષ્ટ વક્તા બન્યા છો, અને આટલાં વર્ષ સુધી તમે જે કાંઈ મનમાં છુપાવી રહ્યા હતા તે કઢાવવા ખાતર પણ જો પેલો લેખ મારાથી લખાયો હોય તો તેનો મને આનંદ છે. પણ એ વિશે હવે પછી.

આ પત્ર હું તમને માત્ર એટલું જ જણાવવા માટે લખાવું છું કે બિચારા બ્રૉકવે કફોડી હાલતમાં છે. હું સમજું છું કે તેમને બીજું એક ગંભીર ઑપરેશન કરાવવું પડશે અને કદાચ ઘણા મહિના સુધી હિંદુસ્તાનમાં જ રહેવું પડશે. વળી મને જાણવા મળ્યું છે કે તેઓ પિતાશ્રીએ[૩] મહાસમિતિ સાથે કરેલી એવી સમજથી આવ્યા છે કે તેમનું આવવા-જવાનું ખર્ચ કૉંગ્રેસ આપશે. એમ હોય તો હું માનું છું કે આપણે તેમનું ઇસ્પિતાલનું ખર્ચ પણ આપવું જોઈએ. અને તેઓ કૉંગ્રેસમાં આવી રહ્યા હતા એટલે કોઈ પણ સંજોગોમાં કદાચ આપણે તેમને આ

૧. અસ્પૃશ્યો માટેના મંદિરના શિલારોપણ અર્થે ૧૯૨૮ના જાન્યુઆરીની ૨૩ અને ૨૪મીએ ગાંધીજી વરતેજ હતા.

૨. આ પત્રનો ઉલ્લેખ "જવાહરલાલ નેહરુને પત્ર", ૧૭-૧-૧૯૨૮માં છે.

૩. પં. મોતીલાલ નેહરુ.

Gandhi Heritage Portal

ખર્ચ આપવું જોઈએ. મને લાગે છે હવે તરત જ ઇસ્પિતાલનું બિલ તેમના પર નીકળવા માંડશે. તમે તપાસ કરીને જરૂર લાગે તે કરશો. જરૂર લાગે તો તાર પણ કરશો.

હું સમજું છું કે મદ્રાસ કમિટીએ આ પહેલાં લગભગ રૂ. ૪૦૦ આપ્યા છે. એકલું ઇસ્પિતાલનું ખર્ચ જ, કહે છે કે રોજ લગભગ રૂ. ૧૨ આવે છે. હું શ્રીનિવાસ આયંગરને પણ લખું છું.[1]

તમારો સહૃદયી
**બાપુ**

[મૂળ અંગ્રેજી]
ગાંધી-નેહરુ પેપર્સ, ૧૯૨૮
નેહરુ મેમોરિયલ મ્યુઝિયમ અને લાઇબ્રેરીના સૌજન્યથી

## ૩૫૩. સતીશચંદ્ર દાસગુપ્તાને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
**સાબરમતી,**
જાન્યુઆરી ૧૫, ૧૯૨૮

પ્રિય સતીશબાબુ,

અખિલબાબુ મને બરાબર યાદ છે. તેમની પત્નીને થયેલા અકસ્માત વિશે હું તેમને લખી દઉં છું. તમે જે પ્રસંગનો ઉલ્લેખ કર્યો છે તે મને યાદ છે. મને તેઓ હમેશાં ગમ્યા છે. મેં જોકે મનમોહનબાબુએ કરેલો ઇનકાર મંજૂર રાખ્યો છે, છતાં અખિલબાબુ વિશે ખરાબ અભિપ્રાય બાંધ્યો નથી. હવે તમે મનમોહનબાબુ વિશે જે કહો છો એથી મને ખરેખર દુઃખ થાય છે.

ડૉ. રાયે મને બે પત્રો લખ્યા છે. પહેલા પત્રમાં તેમણે ખાદીનાં વખાણ કર્યાં છે અને બીજામાં તેમણે ખાદીમાં પોતાની અડગ શ્રદ્ધા જાહેર કરી છે અને જમનાલાલજીની મુલાકાતની ઇંતેજારી પ્રગટ કરી છે. બની શકશે તો એ પત્રોની નકલો હું તમને મોકલીશ.

હેમપ્રભાદેવી હવે પ્રસન્ન રહે છે એ જાણીને આનંદ થયો. તારિણી હજી અસ્વસ્થ રહ્યા કરે છે એ વિચિત્ર છે. કોઈક વધારે સારી આબોહવાવાળા સ્થળે રહીને તે પોતાનું સંશોધન કાર્ય ન કરી શકે?

સસ્નેહ,

**બાપુ**

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : જી. એન. ૧૫૮૨

૧. અંગ્રેજી પુસ્તકમાં આ પત્ર પૂર્તિરૂપે આપવામાં આવ્યો છે.

Gandhi Heritage Portal

## ૩૫૪. ગૂજરાત વિદ્યાપીઠ પદવીદાન સમારંભમાં આપેલું ભાષણ[1]

જાન્યુઆરી ૧૫, ૧૯૨૮

દીનબંધુ ઍન્ડ્રૂઝ એક ભલા અંગ્રેજ છે એટલું જ નથી, એમણે આ દેશને સારુ સર્વસ્વનો ત્યાગ કર્યો છે એટલું જ નહીં, પણ એઓ તો કલાકાર છે, કવિ છે, અને છટાદાર વક્તા છે. એમનાં ભાષણો અને એમનાં કાર્યોનો જેમણે અભ્યાસ કર્યો હોય તેઓ સમજી શકે કે એમની બધી કૃતિઓ વિશે કલા રહેલી છે. એ કવિ છે, કારણ ભવિષ્ય કેવું હોવું જોઈએ અને કેવું હોવાનું છે એ એ સમજે છે. એ છટાદાર વક્તા છે, એનું કારણ એ નથી કે એ ઊંચે સાદે બોલી શકે છે અને એમનાં ઉચ્ચાર અને ભાષા ઉત્તમ પ્રતિનાં છે, પણ એમની બધી છટા એમના હૃદયમાંથી ઊભરાય છે. એમનું ભાષણ વાંચશો ત્યારે તમને એક અસર થશે, અને એ ધ્યાનપૂર્વક સાંભળનારની ઉપર જુદી જ અસર થઈ હશે. સામાન્ય રીતે આપણે માનીએ છીએ કે જે માણસ કલાકના કલાક સુધી ધારા ચલાવે એ છટાદાર વક્તા. કોઈના મનમાં એમ થાય કે ઍન્ડ્રૂઝને બોલવાની આવડત ન હશે એટલે એ લખીને વાંચી ગયા. પણ એમ માનવું એ મૂર્ખાઈ છે. એમણે લખેલામાં એટલો રસ પૂરી દીધો કે એમાં એમણે આપણને તરબોળ કર્યા. એ રસ એમના હૃદયમાંથી નીતર્યો છે.

એમણે એમના ભાષણમાં મરહૂમ હકીમસાહેબનો ઉલ્લેખ કર્યો. ઉપરછલ્લી રીતે જોતાં કોકને એમ થાય કે હકીમસાહેબના મરણ સાથે સ્નાતકોના પદવીદાનને શો સંબંધ! એ તો કલા-હીનતાની નિશાની કહેવાય! પણ મને લાગે છે કે એમાં જ એમણે પોતાની કલા બતાવી દીધી છે, અને પોતાનો અર્થ સાધ્યો છે. ઍન્ડ્રૂઝ તમારા પ્રમાણમાં તો ઘરડા કહેવાય. એમણે પોતાના બાળપણની વાત કરી. હકીમસાહેબની પાસે એમણે પોતાની કેળવણી શરૂ કરી તેની વાત કરી. હકીમસાહેબ જ્યારે મોટા હકીમ થઈ ગયા હતા, અને પોતાના તબીબી જ્ઞાન મારફતે રાયરંકની સેવા કરતા હતા, ત્યારે ઍન્ડ્રૂઝે જોયું કે એઓ તો તેમની પાસે તાલીમ લઈ રહ્યા હતા. પોતાના અનુભવમાંથી જ તેમણે વાત કરીને કહ્યું કે મને મારા અધ્યાપકોનાં વ્યાખ્યાનો યાદ નથી, પણ મારું મોટામાં મોટું પવિત્રમાં પવિત્ર સ્મરણ તે તો પોતાના એક અધ્યાપક તેમનું હૃદય ભેદી શક્યા એ છે. અને એ જ કેળવણીનો સાર બતાવવાને માટે એમણે હકીમજીની કથા કહી સંભ-ળાવી. એમાં અદ્ભુત કલા ભરી છે, એમાં કરુણા તો છે જ. અને વાંચતાં વાંચતાં એમણે વીરરસનો સ્વાદ કરાવ્યો, અને છેવટે ત્યાગનો ઉપદેશ આપ્યો.

એ ઉપરાંત એમણે પોતાનો ઇતિહાસ આપ્યો. આપણાં હૃદય નિરાશાની ખાડમાં પડેલાં છે, અને આપણને એવો ભય થાય છે કે મકાનો તો આપણી પાસે છે, પણ બે વર્ષો પછી તેમાં કબૂતરો ઊડતાં હશે તો! એ નિરાશાની વાત એઓ જાણે છે. મેં એમને વાત નથી કરી, પણ એઓ તો વાતાવરણમાંથી જ એ જોઈ લે છે. એથી એમણે તમને કહ્યું કે તમારી પાસે તો

૧. મહાદેવ દેસાઈના "ગૂજરાત વિદ્યાપીઠ પદવીદાન સમારંભ" નામના લેખમાંથી. લેખની શરૂઆતમાં મહાદેવભાઈએ જણાવ્યું છે કે આ પદવીદાનનું વ્યાખ્યાન દીનબંધુ ઍન્ડ્રૂઝે આપ્યું હતું. અંગ્રેજી ન જાણનારની આગળ ગાંધીજીએ એ ભાષણનું નવનીત કાઢીને પોતાના ભાષણમાં રજૂ કર્યું. એમાં ઍન્ડ્રૂઝના ભાષણનો સાર રહેલો છતાં એક રીતે તે સ્વતંત્ર જ હતું.

Gandhi Heritage Portal

મકાનો છે, પૈસા છે, જમીન છે, ગુજરાત જેવા પ્રાંતમાં પૈસા મળ્યા પણ કરશે, પણ હું જે કૉલેજમાં ભણ્યો છું એની ઉત્પત્તિ સંભળાવું ત્યારે તમને આશ્ચર્ય થશે, અને તમને આશાનાં કિરણો દેખાશે. કારણ એની ઉત્પત્તિ તો નાનકડાં ઝૂંપડાંમાંથી થઈ. અને તે પણ એક વીર વિધવાથી — જે પરણી તે જ દિવસે રાંડી. તે તો ધારત તો પાછી પરણી શકત, પણ તે તો સેવાધર્મને વરી. તેણે સંન્યાસીઓ અને સાધુઓને શોધ્યા, અને વિદ્યાર્થીઓને શિક્ષા આપવાનું તેમને કહ્યું, અને તેમને રહેવાને ઝૂંપડાં બાંધી આપ્યાં. એ ઝૂંપડાંમાંથી આજની મોટી પેમ્બ્રોક કૉલેજ થઈ, જેમાંથી સ્પેન્સર અને ગ્રે જેવા કવિ પાકચા છે, પિટ જેવા રાજ્યનીતિધુરંધર પાકચા છે, બ્રાઉન જેવા પંડિતો પાકચા છે. આ વાત કરીને તેમણે તેમને આશ્વાસન આપ્યું છે કે જેવી મારી કૉલેજની કથા તેવી તમારી પણ કથા. તમારે ત્યાં પણ ધીરજથી કામ કરતા રહેશો તો વીરો પાકશે. અને એને માટે ઉપાય દર્શાવ્યો — આત્મશ્રદ્ધા. ઈશ્વરને માટે વિશ્વાસ હોય અને ધીરજ હોય તેમાંથી એ પાકે છે. ઉત્તમ વસ્તુ એકાએક પાકતી નથી. મોટા મજબૂત ઝાડનું બીજ કેટલાયે કાળ સુધી જમીનમાં જ રહે છે. પણ માળી જાણે છે કે એને સમયે એ ઝાડ થશે, કેટલોક વખત જમીન ઉપર ઘાસ ઊગશે તે પણ ઊગવા દેવું પડશે; માળી નિરાશ નથી થતો, કારણ તે જ્ઞાની છે. આપણી પાસેથી ઍન્ડ્રૂઝ એ જ્ઞાનની આશા રાખતા નથી, પણ શ્રદ્ધાની આશા રાખે છે. શ્રદ્ધાની 'બાઈબલ'ની વ્યાખ્યા એમણે આપણી આગળ મૂકી — જે વસ્તુ ન જોઈ શકીએ તેનો પુરાવો એ શ્રદ્ધા. એ શ્રદ્ધા તમારામાં હોય તો વિદ્યાપીઠ પડે જ નહીં. જેટલાં વર્ષો પેમ્બ્રોકને વધતાં લાગ્યાં તેટલાં આ વિદ્યાપીઠને નથી લાગ્યાં. તમે કહેશો કે પ્રગતિ તો આ જ ને કે ૧૫ કુમારમંદિરો બંધ થયાં! વળીયે પડશે, પણ તમને શ્રદ્ધા હશે તો નિરાશ ન થશો. કુમારમંદિરો પડી ગયાં કારણ આપણે અક્કડ રહ્યા, આપણે આપણી શરતો કાયમ રાખીને કહ્યું : કાંતવું હોય તો રહો, નહીં તો જાઓ. એક દિવસ એવો આવે કે અહીં કોઈ ન રહે, કુલપતિ જ બેઠો હોય, શિક્ષક પણ એ જ હોય અને શિષ્ય પણ એ જ હોય; એની સામે એનો રેંટિયો પડ્યો હોય તો કોક તો જોવા આવશે, કોઈ ન આવે તો વાંદરા તો આવશે, અને એનામાં શ્રદ્ધા હશે તો તેની સાથે તે વૈદર્ભીની જેમ વાતો કરશે, અને આશ્વાસન મેળવશે. મારી શ્રદ્ધાનો પુરાવો શો? પુરાવો એ જ કે એ છે. તમને કોઈ પૂછે તો કહેજો કે પેલો રેંટિયો રેંટિયો બક્યા કરે છે તેની પાસે જાઓ. એટલી શ્રદ્ધા તમારામાં હોય તો ઍન્ડ્રૂઝ કહે છે કે તમે એક નહીં પણ એક હજાર પેમ્બ્રોક પેદા કરશો. ક્યાં ઇંગ્લંડ અને ક્યાં હિંદ, જેમાં કેટલાંયે ઇંગ્લંડ સમાઈ જાય! પણ આપણામાં એટલી વીરતા છે? ધીરજ છે? વીરતા અને ધીરજ વિના શ્રદ્ધાનો પાક નથી ઊતરતો. આપણે આપણા સિદ્ધાંતો ઉપર કાયમ રહીએ અને વિશ્વાસ રાખીએ. ઘરાક જોઈને પડીકાં બાંધે અને દામ બદલતો જાય, તેવા દગાખોર વેપારીનો વેપાર આપણે નથી કરવો. આટલું કરશું તો વિદ્યાર્થી આવશે, માટે આટલું ઢીલું મૂકો, એ જાતના વેપારથી નથી પ્રજાને કશું મળવાનું, નથી વિદ્યાપીઠને કશું મળવાનું. અધ્યાપકોમાં શ્રદ્ધા હશે તો તેઓ એક જ અવાજ કાઢશે. વિદ્યાર્થી પણ એક જ અવાજ કાઢશે; તે કહેશે કે હું એકલો હઈશ તોપણ શું? અધ્યાપકો મારા ઉપર તેમનું સર્વસ્વ રેડવાના છે. ઈશ્વર પણ એક જ છે, પણ એની કૃતિ અનેક છે; એમ જે વિદ્યાર્થી એક છતાં નીડર થઈને બેસશે તેમાંથી ૧૦૦ પાકશે. એ ઍન્ડ્રૂઝના ભાષણનો સાર છે, એમની વીણાનો સૂર છે.

મારું પણ એ જ વ્યાખ્યાન છે એમ માનજો. તમે તમારા મનમાં વિદ્યાલય વિશે અભિમાન રાખજો, વિદ્યાપીઠને સંઘરજો, તમારાં જીવન ઉજ્જવળ કરજો જ્યાં બેઠા હો ત્યાં વિદ્યાપીઠનું

Gandhi Heritage Portal

સ્મરણ કરજો. ભવિષ્યમાં શું સ્વરૂપ લેશે તે તો તમે થોડા દિવસમાં જાણશો, પણ ધીરજ રાખજો. તમને આટલું તો કહી દેવા ઇચ્છું છું કે અમારામાંથી થોડા પણ જીવતા હશે ત્યાં સુધી વિદ્યાપીઠનો નાશ ન થવા દઈએ. આ વિદ્યાપીઠની હસ્તી માટે મારે ઓલવાઈ જવું પડે, દફનાઈ જવું પડે, તો તેમ કરવા તૈયાર છું. તમે વિદ્યાપીઠનો તાપ સહન કરી શકો તો તમારે માટે સદા આશ્રયસ્થાન છે એમ માનજો. ન સહન થાય તો મને દોષ ન દેજો, અધ્યાપકને દોષ ન દેજો, વિધાતાને દોષ દેજો. પણ અમે અમારા વચનપાલનમાં નિષ્ફળ જઈએ તો આપણે અહિંસક છીએ છતાં કહું છું કે અમારી કતલ કરવાનો તમને અધિકાર છે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૨-૧-૧૯૨૮

## ૩૫૫. દ્વિતીય સ્નાતક સંમેલનને સંદેશો

જાન્યુઆરી ૧૬, ૧૯૨૮

સ્નાતક સંઘ[1]ના ઉત્સવમાં હું જાતે ભાગ નથી લઈ શકતો તેનું દુ:ખ છે. હું આશા રાખું છું કે સ્નાતકો સંઘને સેવાનું પ્રચંડ સાધન બનાવીને તેને અને પોતાને શોભાવશે ને દેશના યજ્ઞમાં મોટો ફાળો આપશે.

[મૂળ ગુજરાતી]

સાબરમતી, પુસ્તક ૬, અંક ૪

## ૩૫૬. જવાહરલાલ નેહરુને પત્ર[2]

આશ્રમ,
સાબરમતી,
જાન્યુઆરી ૧૭, ૧૯૨૮

પ્રિય જવાહરલાલ,

વખત બચાવવા તથા મારા દુખતા ખભાને આરામ આપવા માટે મારે આ કાગળ બોલીને બીજા પાસે જ લખાવવો રહ્યો. રવિવારે મેં તમને ફેનર બ્રૉકવે વિશે પત્ર[3] લખ્યો હતો. એ તમને વખતસર મળી ગયો હશે એવી આશા રાખું છું.

તમે જેની ટીકા કરી છે તે લેખો[4] — બેશક, કહેવાતા ‘અખિલ હિંદ પ્રદર્શન’ વિશેના લેખ સિવાયના — જેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે મામલામાં મુખ્ય ભાગ ભજવનાર તમે હતા એટલા માટે જ મેં લખ્યા હતા, એ તમે જાણો છો? તમારી અને મારી વચ્ચે જે જાતનો

૧. ગૂજરાત વિદ્યાપીઠનો.
૨. તેમના તા. ૧૧-૧-૧૯૨૮ના પત્રના જવાબમાં; જુઓ પરિશિષ્ટ ૧૦.
૩. જુઓ “જવાહરલાલ નેહરુને પત્ર”, ૧૫-૧-૧૯૨૮.
૪. જુઓ “ મહાસભા ”, ૫-૧-૧૯૨૮, અને “ઇન્ડિપેન્ડન્સ કે સ્વરાજ ?”, ૧૨-૧-૧૯૨૮.

Gandhi Heritage Portal

સંબંધ છે તે જોતાં, મને એક પ્રકારની સલામતી લાગતી હતી કે, મારાં લખાણો જે ભાવનાથી પ્રેરાઈને લખવામાં આવ્યાં હતાં તે જ રીતે સમજવામાં આવશે. પણ હું જોઉં છું કે, ધાર્યો હેતુ બર આવ્યો નથી. એની મને ચિંતા નથી. કારણ કે, આટલાં બધાં વરસથી તમે તમારી જાતને દબાવી રાખતા આવ્યા છો તેમાંથી મારા એ લેખો જ તમને મુક્ત કરી શકે એમ છે, એ ઉઘાડું છે. તમારી અને મારી વચ્ચે થોડો દૃષ્ટિભેદ છે એમ મને લાગવા માંડ્યું હતું, પરંતુ એ આટલો બધો જબરજસ્ત હશે, એની મને કલ્પના સરખી નહોતી. રાષ્ટ્રને ખાતર, તેમ જ તમારા પોતાના વિચારોથી વિરુદ્ધ જઈને પણ મારી સાથે તથા મારા હાથ નીચે કામ કરવાથી તમે રાષ્ટ્રની સેવા કરી શકશો અને તેમાંથી અજ્ઞાતપણે બહાર આવી શકશો એવી માન્યતાથી પ્રેરાઈને વીરતાપૂર્વક તમારી જાતને દાબી રાખી રહ્યા હતા ત્યારે, આ અકુદરતી આપ-દબાણના બોજા નીચે તમે અકળાતા હતા અને ઊંચાનીચા થયા કરતા હતા. અને એ મનોદશામાં હતા ત્યારે, જે આજે તમને મારી ગંભીર ક્ષતિઓ લાગે છે તેની જ તમે ઉપેક્ષા કરી હતી. હું કોંગ્રેસને સક્રિયપણે દોરવણી આપતો હતો ત્યારે મહાસમિતિનાં કાર્યોના સંબંધમાં મેં એટલા જ કડક લેખો લખ્યા હતા એ હું તમને યંગ ઇન્ડિયાનાં પાનાંઓમાંથી બતાવી શકું એમ છું. જ્યારે જ્યારે બેજવાબદારીભરી વાતો કરવામાં આવી છે અથવા એવું પગલું ભરવામાં આવ્યું છે ત્યારે હર વખતે મહાસમિતિની બેઠકોમાં હું એ જ રીતે બોલ્યો છું. પરંતુ તમે મુગ્ધ દશામાં હતા ત્યારે એ વસ્તુઓ તમને આજની જેમ ખટકતી નહોતી અને તેથી તમારા પત્રમાંની અસંબદ્ધતાઓ બતાવી આપવાનું મને નિરર્થક લાગે છે. હવે તો મને ભવિષ્યના કાર્ય સાથે લેવાદેવા છે.

તમને મારાથી કશી પણ મુક્તિ જોઈતી હોય, તો તમે મને આ બધાં વરસો દરમ્યાન જે નમ્રતાભરી અને નિઃશંક વફાદારી આપી છે તેમાંથી હું તમને સંપૂર્ણ મુક્તિ આપું છું. તમારી મનોદશાની અત્યારે મને જાણ થઈ તેથી તો મારે મન તમારી એ વફાદારી વિશેષ કીમતી બને છે. હું સ્પષ્ટપણે જોઉં છું કે, તમારે મારી સામે તેમ જ મારા વિચારો સામે ખુલ્લેખુલ્લી રીતે ઝુંબેશ ચલાવવી જોઈએ. કેમ કે, હું ખોટો હોઉં તો દેશને પારાવાર નુકસાન કરી રહ્યો છું એ ઉઘાડું છે, અને એ જાણ્યા પછી મારી સામે બળવો ઉઠાવવાની તમારી ફરજ થઈ પડે છે. અથવા, તમારા નિર્ણયોના સાચાપણા વિશે તમને કશી શંકા હોય, તો તમારી સાથે રૂબરૂમાં એની ચર્ચા કરવાને હું તૈયાર છું. તમારી અને મારી વચ્ચેના મતભેદો મને એટલા બધા વિશાળ અને મૂળભૂત લાગે છે કે, આપણી વચ્ચે કોઈ સામાન્ય ભૂમિકા હોય એમ મને દેખાતું નથી. તમારા જેવા મારા આટલા બધા બહાદુર, આટલા બધા વફાદાર, આટલા બધા કાર્યકુશળ અને આટલા બધા પ્રામાણિક સાથીને મારે ગુમાવવો પડશે એ માટેનો મારો ખેદ તમારાથી હું છાનો રાખી શકતો નથી; પરંતુ ધ્યેયની સેવાને ખાતર સાથીદારોનો ભોગ આપ્યે જ છૂટકો. આવી બધી ગણતરીઓ કરતાં ધ્યેયને ચડિયાતું લેખવું જોઈએ. પણ આપણે સાથી તરીકે છૂટા પડવાનું થાય જ તોયે આપણા નિકટના અંગત સંબંધ પર એની કશી અસર નહીં થાય. ઘણા સમયથી આપણે એક જ કુટુંબના માણસો બની ગયા છીએ, અને આપણી વચ્ચે ગંભીર સ્વરૂપના રાજકીય મતભેદો હોય તે છતાં આપણે એક જ કુટુંબના સભ્યો રહીએ છીએ. ઘણા લોકો સાથે એવો સંબંધ રાખવાનું સદ્ભાગ્ય મને સાંપડ્યું છે. શાસ્ત્રીજીનો જ દાખલો લો. રાજકીય દૃષ્ટિએ તેમની અને મારી વચ્ચે ઉત્તર-દક્ષિણ જેટલું અંતર છે. પરંતુ અમે અમારા રાજકીય મતભેદો જાણ્યા તે અગાઉ અમારી વચ્ચે બંધાયેલો સંબંધ કાયમ રહ્યો અને અનેક અગ્નિપરીક્ષાઓમાં થઈને તેને પસાર થવું પડ્યું તેમ છતાં તે ટકી રહ્યો.

Gandhi Heritage Portal

તમારો ઝંડો ફરકાવવાની ગૌરવયુક્ત રીત હું સૂચવું. તમારા મતભેદો દર્શાવતો પત્ર પ્રસિદ્ધિ માટે તમે મારા પર લખો. હું તે યંગ ઇન્ડિયામાં છાપીશ અને તેનો ટૂંકો જવાબ લખીશ. તમારો પહેલો પત્ર વાંચીને તથા તેનો જવાબ લખીને મેં ફાડી નાખ્યો હતો. તમારો બીજો પત્ર મેં રાખી મૂકયો છે. તમે બીજો પત્ર લખવાની તકલીફમાં ઊતરવા માગતા ન હો, તો મારી પાસે છે તે પત્ર છાપવાને હું તૈયાર છું. એમાં કશું વાંધાજનક હોય એમ મને નથી લાગતું. પણ મને એવું કંઈ લાગશે તો તે બધું હું કાઢી નાખીશ એની ખાતરી રાખજો. એ પત્રને હું એક નિખાલસ અને પ્રામાણિક દસ્તાવેજ લેખું છું.

બાપુના આશીર્વાદ

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૩૦૪૦; તથા ए बन्च ऑफ ओल्ड लेटर्स

ભાષાંતર : केटलाक जूना पत्रो, પા. ૬૫-૬

## ૩૫૭. આર. રામચંદ્ર રાવને પત્ર[1]

આશ્રમ,
સાબરમતી,
જાન્યુઆરી ૧૭, ૧૯૨૮

પ્રિય ભાઈ,

તમારો પત્ર એ હકીકતનો પુરાવો છે કે ચિત્તો પોતાનો રંગ બદલી શકતો નથી. તમારા પત્રમાં મને પ્રહાર કરતા અને અધકચરી સામગ્રીમાંથી દેખીતી રીતે સાચો લાગતો કેસ તૈયાર કરતા કોઈ જૂના કલેક્ટરની ઝાંખી થઈ. સરખામણી કરતું એક દૃષ્ટાંત આપું. અંગ્રેજ રાજકર્તાઓ હિંદુસ્તાનમાં જેટલી જમીન રોકે છે તે ઘણી ઓછી છે, તેમની સંખ્યા તો કરોડોની હિંદીઓની સરખામણીમાં એથીયે ઓછી છે. સરકારી નોકરીમાં અંગ્રેજો કરતાં દેશી લોકો ઘણા છે. એટલે તમારી દલીલ પ્રમાણે તો અંગ્રેજો પોતાના રાજ્યને સ્વદેશી રાજ્ય કહી શકશે. અને છતાં તમે કે હું એવો કોઈ મૂર્ખાઈભરેલો દાવો સ્વીકારવાનો ઇનકાર કરીશું. અને દેશી પ્રદર્શનના ખાદી વિભાગને તમે ૬૨ હજાર ચો. ફૂટ જગ્યા અપાવી એ તો ખરેખર બહુ હોશિયારી કરી. ખાદી એ વિશાળ વિભાગની બહાર હતી એથી મને એક રીતે આનંદ જ થયો; પણ જો વિશ્વાસુ માણસોએ કહેલી એ વાત સાચી હોય કે સરકારે એવી ખાદીને એ મંડપની બહાર રાખવાની શરત કરી હતી તો તે શરમની વાત છે. અને તમે જે એમ કહ્યું કે વિદેશી કાપડના પ્રદર્શનની 'રજા' મેં આપી હતી, એ બરાબર છે? તમને યાદ આવતું નથી કે મેં જ્યારે પરદેશી કાપડના પ્રદર્શનની વાત સાંભળી ત્યારે ખાદી-પ્રદર્શન ભરવા ઘણી આનાકાની પછી સંમતિ આપી હતી? તમને યાદ નથી કે કૉંગ્રેસ સપ્તાહ દરમ્યાન ખાદી-પ્રદર્શન ભરવાની મને જરાયે પરવા

૧. આ પત્ર રામચંદ્ર રાવના ૯ જાન્યુઆરીના પત્રના જવાબમાં લખવામાં આવ્યો હતો. રામચંદ્ર રાવે "મદ્રાસમાં કોંગ્રેસ અધિવેશન દરમ્યાન ભરાયેલ ખાદી-પ્રદર્શન હિંદ-વિરોધી હતું" એવી ગાંધીજીની ટીકાનું ખંડન કર્યું હતું. જુઓ "રાષ્ટ્રીય કોંગ્રેસ", ૫-૧-૧૯૨૮.

Gandhi Heritage Portal

નહોતી? હું માની ગયો તેનું કારણ એટલું જ હતું કે મારે ખાદી-પ્રદર્શન ભરવું જોઈએ એવો તમે, એક જૂના મિત્રે, આગ્રહ રાખ્યો; અને મને કહ્યું કે જો હું નહીં ભરું તો તમારી સ્થિતિ કફોડી થશે. મેં તમને તે ભરવાની સંમતિ આપી ત્યાર પછી મને વિરોધ કરતા પત્રો મળ્યા હતા, પણ એક વાર વચન આપ્યા પછી હું તે પાછું ખેંચવા ઇચ્છતો નહોતો.

આટલાથી તમને સંતોષ ન થતો હોય અને તમારો પત્ર જનતા વાંચે એવો તમારો ખ્યાલ હોય તો હું તે ખુશીથી છાપીશ અને તેનો જવાબ આપીશ.

તમને એવી ખાતરી આપવાની ભાગ્યે જ જરૂર હોય કે મેં જે કંઈ લખ્યું તેમાં તમારી સામે મને અંગત કશું નથી. આજના અંધાધૂંધીના સમયમાં અસાધારણ ન ગણાય એવા એ તમાસામાં તમે તો માત્ર અનેક લોકોમાંના એક હતા. આ જ વસ્તુનું આવતી કૉંગ્રેસમાં પુનરાવર્તન થવાની બીક ન હોત તો હું ચૂપ થઈને પણ બેસી ગયો હોત. અલબત્ત, મારી ચેતવણી અને વિરોધ છતાં કદાચ આ વસ્તુનું પુનરાવર્તન પણ થાય. જો એમ થયું જ તો મારા પોતાના પર કાયરતાનો આક્ષેપ રહેશે નહીં.

તમારો સહૃદયી

દીવાન બહાદુર આર. રામચંદ્ર રાવ, બી. એ., સી.એસ. આઈ.
મંત્રી, એ. આઈ. એ. આઈ. કે. ઍન્ડ આર્ટ્સ એકિસબિશન
મદ્રાસ સેન્ટ્રલ અર્બન બૅન્ક
માયલાપુર, મદ્રાસ

[મૂળ અંગ્રેજી]

માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૦૪૧

## ૩૫૮. એસ. ગણેસનને પત્ર

આશ્રમ,
સાબરમતી,
જાન્યુઆરી ૧૭, ૧૯૨૮

પ્રિય ગણેસન,

તમારો તાર મળ્યો હતો. મારે તારથી જવાબ આપવાની જરૂર નથી. હિસ્ટરી ઑફ સત્યાગ્રહનો[1] સંપૂર્ણ અનુવાદ હવે તૈયાર છે. તમે છાપવાનું ક્યારે શરૂ કરી શકશો એની તારીખ તમે મને આપી છે; પૂરું કરવાની તારીખ તમે મને આપો એમ ઇચ્છું છું. તેથી ઇતિહાસ વેચવા માટે ક્યારે તૈયાર કરી શકશો તેની ચોક્કસ તારીખ મને આપો. તેનું પૂઠું પૂરેપૂરું ખાદીનું હોવું જોઈએ, અથવા કાગળનું. સમય અને નાણાં બંને બાબતમાં પહોંચી વળી શકો તેમ ન હો તો આ કામ હાથમાં લેશો નહીં. હું આ ઇતિહાસ જલદી બહાર પડે એમ ઇચ્છું છું, કારણ કે તેના વિના મને આત્મકથાનાં પ્રકરણો[2] લખવામાં રુકાવટ થાય છે.

૧. દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ, જુઓ પુસ્તક ૨૯.

૨. જુઓ પુસ્તક ૩૯.

Gandhi Heritage Portal

સેલ્ફ રિસ્ટ્રેન્ટ વર્સસ સેલ્ફ ઇન્ડલ્જન્સ[1] બાબતમાં તો કાગળ ક્યારનાયે ખરીદવામાં આવ્યા છે અને કંપોઝિંગનું કામ ફરીથી શરૂ પણ થઈ ગયું છે.

આ પત્રનો ચોક્કસ અને જલદી જવાબ આપો. હું તમને કહી દઉં કે સ્વામી આનંદની નજરમાં તમે જે પ્રતિષ્ઠા ખોઈ છે તે હજી પાછી મેળવી નથી અને એ દુઃખની વાત છે. કારણ કે તમે એ ન મેળવો ત્યાં સુધી મારે માટે તમને ઇચ્છું એટલી મદદ કરવાનું મુશ્કેલ છે.

મિ. ગ્રેગનો હૅન્ડ સ્પિનિંગ (હાથકાંતણ) વિશેનો નિબંધ તમે છાપી રહ્યા છો તે ક્યારે બહાર પડે એમ છે તે મને જણાવશો.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૩૦૪૨

## ૩૫૯. પોરબંદરના દીવાનને તાર

સાબરમતી,
જાન્યુઆરી ૧૮, ૧૯૨૮

દીવાન સાહેબ
પોરબંદર

હિઝ હાઈનેસના આમંત્રણ બદલ આભારી છું. મારી સાથે પરિષદના[2] પ્રમુખ અને કેટલીક બહેનો સહિત વીસ માણસ હશે. વ્યવસ્થા સ્વાગત સમિતિના હાથમાં છે. સમિતિ સાથે વાત કરી લેશો?

ગાંધી

[મૂળ અંગ્રેજી]

માઈક્રોફિલ્મ પરથી : એમ. એમ. યુ. ૨૦. ૨૫

૧. ગુજરાતીમાં આ નીતિનાશને માર્ગે એ નામે પ્રગટ થયું છે. એમાં આત્મસંયમ, બ્રહ્મચર્ય, સંતતિ-નિયમન વગેરે વિશે ગાંધીજીના લેખો તથા યંગ ઇન્ડિયામાં "ટૉવર્ડ્ઝ મૉરલ બૅંક્રપ્ટ્સી" ("નીતિનાશને માર્ગે") એ શીર્ષક હેઠળ પ્રગટ થયેલી લેખમાળાનો સંગ્રહ હતો. જુઓ પુસ્તક ૩૧.

૨. કાઠિયાવાડ રાજકીય પરિષદ.

Gandhi Heritage Portal

## ૩૬૦. એસ. ડી. નાડકર્ણીને પત્ર

આશ્રમ,
સાબરમતી,
જાન્યુઆરી ૧૮, ૧૯૨૮

પ્રિય ભાઈ,

તમારો પત્ર મળ્યો હતો. તમારા કેટલાક પત્રો મેં યંગ ઇન્ડિયાની ફાઈલમાં ઉપયોગ કરવા માટે રાખ્યા છે.[૧]

સ્મૃતિની દરખાસ્ત વિશે હું તમારી સાથે સંમત થઈ શકતો નથી. તમે ઘણી વાર ભાવ કરતાં ભાષા પર વધુ ભાર મૂકતા જણાઓ છો. હું 'પ્રેરણા' શબ્દનો પ્રયોગ કરું છું ત્યારે તેનો શાસ્ત્રીય અર્થ નથી કરતો. મને 'પ્રેરણા' થશે ત્યારે તમે જોશો કે હિન્દુ ધર્મને એક નવી સ્મૃતિ આપતાં મને કોઈ વસ્તુ અટકાવી નહીં શકે. અને તમને ખાનગીમાં કહેવા દો કે હું એવી પ્રેરણાની નેમ રાખું છું. એ પાર પડતાં સુધી મારે રાહ જોવી રહી.

મદ્રાસમાં તમને રૂબરૂ મળી શક્યો એથી મને ઘણો આનંદ થયો.

તમારો સહૃદયી

શ્રીયુત એસ. ડી. નાડકર્ણી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૩૦૪૩

## ૩૬૧. રતિલાલને પત્ર

સત્યાગ્રહાશ્રમ,
સાબરમતી,
જાન્યુઆરી ૧૮, ૧૯૨૮

ભાઈશ્રી ૫ રતિલાલ,

તમને તાર તો કર્યો છે. આજે ચિ. દેવદાસનો કાગળ છે તેમાં જણાવે છે કે તમને દુઃખ બહુ થયું છે. થાય. પણ તમારે તો ધીરજ રાખવી જ જોઈએ. શાકુભાઈનાં છોકરાં વગેરેની મને ખબર ન હતી. હું જોઉં છું કે તે મોટો વસ્તાર મૂકી ગયા છે. એઓને ધીરજ આપનાર તો તમે જ રહ્યા. જન્મમરણ તો સાથે પડ્યાં છે તેનો હર્ષશોક શો! કર્તવ્યનું પાલન કરીને આપણે પોતે પણ કાળ આવ્યે હસતે ચહેરે ચાલ્યા જઈએ એ જ શોભે. શાંત થજો.

**મોહનદાસ**ના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી : જી. એન. ૭૧૬૧

૧. જુઓ પુસ્તક ૩૬, "પત્રવ્યવહાર", ૧૬-૨-૧૯૨૮.

Gandhi Heritage Portal

## ૩૬૨. એક પત્ર

જાન્યુઆરી ૧૮, ૧૯૨૮

ભાઈ . . .,[૧]

જ્યાં સુધી . . .[૨]ની તરફ જોવાથી પણ ક્ષોભ થાય છે ત્યાં સુધી તેની તરફ જોવાનું પણ છોડો. આ બધું બળાત્કારે ન થવું જોઈએ. આ બાબત મને આશ્રમમાં પૂછજો.

બાપુના આશીર્વાદ

[મૂળ હિંદી]

મૂળ પત્ર પરથી: સી. ડબલ્યુ. ૧૬૩૯
રમણીકલાલ મોદીના સૌજન્યથી

## ૩૬૩. અજમલખાન જામિયા ફાળો

મરહૂમ હકીમસાહેબ અજમલખાનના સ્મરણને સારુ અને મુસ્લિમ રાષ્ટ્રીય વિદ્યાપીઠને પાકા પાયા પર મૂકવાને માટે ઊભા થવાના ફાળાને વિશે હવે મને ડૉ. અનસારી તરફથી ખબર મળી ગઈ છે. આ વિનંતીમાં પોતે તેમ જ પ્રિન્સિપાલ ઝાકીર હુસેન પણ મારી સાથે સામેલ છે એમ જાહેર કરવાની સત્તા તેમણે મને આપી છે. શેઠ જમનાલાલજી બજાજે આ ફાળાના કોષાધ્યક્ષ થવાનું કબૂલ કર્યું છે. હિંદુમુસલમાન વચ્ચેની આજની આવી લાગણીની દશામાં આ વિનંતી સાથે ઘણાં નામો જોડવાનું ઉચિત નથી જણાયું. છતાં અમારી આશા તો એ છે કે જેઓ મરહૂમના સ્મરણને પૂજનારા છે, અને જેમને એ સ્મારક રાષ્ટ્રીય મુસ્લિમ વિદ્યાપીઠ સાથે જોડવાનો વિચાર પસંદ છે, તેઓ પોતે આ વિનંતીના ભાગીદાર છે એમ સમજીને આ હિલચાલને સહાય આપ્યા વિના નહીં રહે.

મારા નમ્ર અભિપ્રાય પ્રમાણે, ઉપર સૂચવેલા ચોકસ સ્વરૂપમાં હકીમસાહેબની સ્મૃતિને કાયમ કરવી એ ઐક્યને વિશે શ્રદ્ધા રાખનાર હિંદુઓની તેમ જ મુસલમાનોની ફરજ છે. જામિયાની સ્થિરતા વિશે ખોળાધરી લેવી એ તેમની ફરજ છે, કેમ કે જે કાળે એમ મનાતું હતું કે આ બે કોમો વચ્ચે કાયમની એકતા સ્થપાઈ છે તે કાળે એ સંસ્થા ઉત્પન્ન થયેલી છે. અને જો અસહકારી રાષ્ટ્રીય મહાવિદ્યાલયો હિંદુમુસલમાન ઐક્યનો આદર્શ નહીં સેવતાં હોય, તેને સારુ પ્રયત્ન નહીં કરતાં હોય, અને અંતે એ ઐક્યનાં રક્ષક નહીં હોય, તો બીજી કોઈ વસ્તુ એ કામ નહીં કરે, નહીં કરી શકે. એટલે હું આશા રાખું છું કે સૌ એકતાપ્રેમીઓ આ ફાળામાં ઉદારતાથી નાણાં આપશે.

જામિયાની મુખ્ય સંસ્થામાં આજ ૨૦૦ વિદ્યાર્થીઓ છે, અને શહેરની શાખામાં ૭૪ છે. તે ઉપરાંત બે રાત્રિશાળાઓ ચાલે છે, તેનો લાભ લગભગ બસો વિદ્યાર્થીઓ લે છે. જામિયામાં અધ્યાપકો વગેરે સેવકોની સંખ્યા ૨૩ છે. પગાર વધારેમાં વધારે ૨૬૫ અને ઓછામાં ઓછો

૧. અને ૨. નામ છોડી દીધાં છે.

Gandhi Heritage Portal

૩૫ છે. પોતાની હાજતો પૂરતું જ લે એવા સ્વયંસેવકો મેળવવાનો પ્રિન્સિપાલનો સતત પ્રયત્ન છે. પગારની કુલ રકમ દર માસે રૂ. ૨,૩૦૦ની થાય છે. મકાનભાડું દર માસે રૂ. ૪૨૫ છે. કુલ માસિક ખર્ચ રૂ. ૪,૮૦૦ છે. છાત્રાલયની ફીના રૂ. ૧,૩૦૦ ગણતાં નિયમિત આવક રૂ. ૨,૭૦૦ની છે. આમ દર માસે રૂ. ૧૦૦ની ખોટ આવે છે. હકીમસાહેબ જીવતા હતા ત્યારે આ ખોટ જેમતેમ કરીને પૂરી કરતા. અધ્યાપકો પોતે મદદ મેળવી શકે એટલાં પોતાનાં નામ અને પ્રતિષ્ઠા જમાવે ત્યાં સુધી આ ખોટ પ્રજાએ પૂરવી જોઈએ. અને જ્યાં સુધી જામિયાને પોતાનું મકાન નથી ત્યાં સુધી હકીમસાહેબનું સ્મારક કાયમનું થયું ન ગણાય. તેથી નાણાં આપનારાઓ પોતાના દાનની રકમ નક્કી કરતાં કેટલાની જરૂર છે એનો વિચાર મનમાં રાખે.

ડૉ. અનસારી મને લખે છે કે સેન્ટ્રલ બૅન્કે અજમલખાન જામિયા ફાળાની રકમો સ્વીકારવાની અને પોતાની તમામ શાખાઓમાં એને લગતાં ચેક અને હૂંડીઓ વગર વટાવે વટાવી દેવાની તત્પરતા ઉદારભાવે બતાવી છે. કોષાધ્યક્ષનું સરનામું કાલબાદેવી રોડ, મુંબઈ છે.

આ ફાળામાં મળેલાં તમામ નાણાં અમારી ચાર ટ્રસ્ટીઓની વતી કોષાધ્યક્ષ સાચવશે, અને જ્યારે જામિયાની વતી ટ્રસ્ટનો યોગ્ય દસ્તાવેજ થઈ જશે ત્યાર પછી જ તેને આપવામાં આવશે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १९–१–१९२८

ભાષાંતર : नवजीवन, २२–१–१९२८

## ૩૬૪. કટ્ટા અસહકારીઓને

આ મહિને સાબરમતીમાં કટ્ટા અસહકારીઓની સભા થવાની હતી એ ખબર છાપામાં આવી ગયેલી જોઉં છું. કદાચ એમ બનવું અનિવાર્ય હોય. પણ સૌ લાગતાવળગતાઓને ખબર આપતાં દિલગીરી થાય છે કે હાલ તુરતને સારુ તો એ વિચાર છોડી દેવામાં આવ્યો છે. ઘણા કટ્ટા અસહકારીઓ એક કાર્યક્રમ ઘડવાના અને પરસ્પર વિચારની આપલે કરવાના ઉદ્દેશથી આવી સભા ભરવાની સૂચના લાંબા વખતથી કરી રહ્યા છે. એ માગણીએ મદ્રાસમાં આગ્રહનું સ્વરૂપ લીધું. મહાસભામાં આવેલા કટ્ટા અસહકારીઓને લાગ્યું કે કેટલાયે ઠરાવો પર તેમની ચોકસ સામુદાયિક નીતિ જાહેર થવી જોઈએ, અને તેમનો મહાસભામાં એક સ્વતંત્ર પક્ષ હોવો જોઈએ. સ્વતંત્ર પક્ષ સ્થાપવાના વિચારથી હું લોભાયો નહોતો, છતાં, ચર્ચાને સારુ અસહકારીઓની સભા બોલાવવાની વિરુદ્ધ હું નહોતો. પણ એને સારુ નિમંત્રણપત્ર ઘડવા બેઠો ત્યાં મેં જોયું કે એ કઠણ કામ છે. સભા માટે કોને કોને બોલાવવા એ નક્કી કરવું પણ એટલું જ કઠણ હતું. બંને કામો મને અશક્ય લાગ્યાં. એ વસ્તુમાં ઊંડા ઊતરતાં મેં જોયું કે આવી સભા કદાચ ડૉ. અનસારીને અસ્વસ્થ કરશે, એટલું જ નહીં પણ કમિશનના બહિષ્કાર પરથી દેશનું ધ્યાન ખેંચશે, જે વસ્તુઓ યોગ્ય અવસરની રાહ જોઈ શકે એમ છે તેની ચર્ચા કરી દેશની એકાગ્રતામાં ભંગ પાડશે, અને તેમ કરીને બહિષ્કારનો રાષ્ટ્રીય કાર્યક્રમ પાર પાડવાનું મુશ્કેલ કરી મૂકશે. મેં બીજું એ પણ જોયું કે જ્યાં સુધી હું જીવતો છું, સુલભ છું, અને મારી મગજશક્તિ ઠીક ઠીક તંદુરસ્ત અને જાગ્રત છે, ત્યાં સુધી મારા વિનાના અસહકાર પક્ષનું કામ પૂરેપૂરું અને જોશભેર ચાલવાનો સંભવ નથી. અને આ સૂચવેલી સભાની પાછળ વિચાર તો એવો પક્ષ ઘડવાનો હતો

Gandhi Heritage Portal

જેમાં મારે કંઈ ભાગ લેવાની જરૂર ન હોય. તત્ત્વત: એ કદાચ શકય હોય; પણ વ્યવહારમાં તો ઘણી બાબતો વિશે મારો અભિપ્રાય હમેશાં માગવામાં આવે. અને જે ચર્ચામાંથી એ બાબતો ઊભી થઈ હોય તેમાં હું હાજર હોઉં અને જે અભિપ્રાય આપું તેના કરતાં બહારથી આપેલો અભિપ્રાય સદોષ હોવાનો સંભવ વધારે રહે છે. આ વિચારોમાંથી મારું મન કંઈ નહીં તો હાલ તુરત સભા મુલતવી રાખવા તરફ વળ્યું. આ ફેરવેલો અભિપ્રાય મેં સૌથી પહેલાં શ્રી વલ્લભભાઈને જણાવ્યો. તેઓ એમાં સંમત થયા. બીજા મિત્રો બીજાં જ અને સ્વતંત્ર કારણોથી એ જ નિશ્ચય પર આવ્યા. તેથી સભાનો વિચાર હાલ તુરતને માટે તો મોકૂફ રાખવામાં આવ્યો છે.

હું આશા રાખું છું કે આ મોકૂફીથી કટ્ટા અસહકારીઓ નિરાશ નહીં થાય. આ વ્યવસ્થા વધારે સુંદર નથી એવી મારી ખાતરી નથી. રાષ્ટ્રીય કાર્યક્રમ તરીકે અસહકાર અંશત: મોકૂફ રાખવામાં આવ્યો છે ખરો, પણ અસહકારી વ્યક્તિઓને પોતાની શ્રદ્ધાની કસોટી કરી જોવાની તક તો છે જ. પક્ષની હૂંફ વિના એકલા ઊભા રહેવાથી તેમની શ્રદ્ધા ઊલટી વધારે સબળ બનશે. જ્યારે કોઈ પણ વસ્તુ ધર્મનું સબળ સ્વરૂપ લે છે — અને જે અસહકારીઓ હજી અસહકારને વળગી રહ્યા છે તેમને સારુ અસહકાર એ ધર્મ હોવો જ જોઈએ — ત્યારે તે પ્રાણવાન બને છે, અને પોતાને જોઈતું શ્રદ્ધાબળ અંતરમાંથી મેળવી લે છે. આપણે પણ દેશ પર એટલી શ્રદ્ધા રાખીએ કે જ્યારે આગળ ધપવાની હિલચાલનું મોજું ફરી આવશે ત્યારે અસહકારને છોડી ગયેલા તમામ માણસો એમાં યાહોમ કરીને પડયા વિના નહીં રહે. આ ઘડીએ સૂચવવા જેવું આગળનું પગલું મારી પાસે કંઈ નથી. કંઈક વચલો રસ્તો હું સૂચવી શકું તે દેશના જુદા જુદા પક્ષોને જે સંયુક્ત કાર્યક્રમ ઘડવાને મથી રહ્યા છે તેમાં વિક્ષેપ આણે એવો ભય રહે છે. દરમિયાન મારે કટ્ટા અસહકારીઓનું ધ્યાન ખાદીના મહાન રચનાત્મક કાર્યક્રમ તરફ ખેંચવાનું જ રહેલું છે. જેઓ એની શક્તિ પારખી શકતા નથી તેઓ અસહકારના સૌથી બળવાન અને સૌથી જાગ્રત અંગને — એટલે કે અહિંસાને સમજતા નથી એમ કહેવું જોઈએ. અહિંસા વિનાનો અસહકાર ધર્મની ઉચ્ચ કોટિએ કદી પહોંચી જ ન શકે; એ તો માત્ર લડતના અનેક દાવોમાંનો એક દાવ જ થઈ જાય. અહિંસાત્મક અસહકાર બીજા બધા ઉપાયોને બદલે રજૂ થયેલો રામબાણ ઉપાય છે. અને ખાદી એના રચનાત્મક અંગનો પાયો છે. આ રહ્યું ડેલી ડિસ્પૅચ નામના છાપામાં મિ. હારકોર્ટ રૉબર્ટસને ખાદીને અનિચ્છાએ આપેલું પ્રમાણપત્ર. એ લેખકને વિશે છાપાનો તંત્રી કહે છે કે "તેમણે બ્રિટિશ હિંદમાં ઘણાં વરસો ગાળ્યાં છે, અને ત્યાં એવા ધંધાઓમાં રોકાયેલો હતો જેમાં બજારની સ્થિતિનો અને હિંદી મનોદશાનો નિકટ પરિચય આવશ્યક હતો." તા. ૧૨–૧–'૨૮ના લીડરમાંથી હું નીચેનો ઉતારો લઉં છું:

> હિંદે ખરીદેલા બ્રિટિશ સુતરાઉ કાપડના જથ્થામાં થયેલા ભારે ઘટાડાનું કારણ આપતાં મિ. રૉબર્ટસન કહે છે કે એ ઘટાડો મહાયુદ્ધ પછીની અવ્યવસ્થા અને નાણાંની તંગાશને લીધે નથી; તેમ જ આમવર્ગની ગરીબાઈને લીધે નથી, કારણ "હિંદુસ્તાનનો ખેડૂતવર્ગ તો હમેશાં ભયંકર ગરીબાઈ ભોગવે છે;" દુકાળને લીધે પણ નથી, કારણ "હિંદુસ્તાનમાં દુકાળ તો લગભગ દર વરસે પડે છે;" એ ઘટાડાનું કારણ હિંદી અને જાપાની મિલોની અને સૌથી વધારે તો ખાદીની હરીફાઈ છે. ખાદીને વિશે તે કહે છે કે બીજાં તમામ કારણો કરતાં એ કયાંયે ચડી જાય છે. ખાદીને તે ખરો શત્રુ ગણે છે. એ ખાદીનું અને તેના આચાર્ય મહાત્મા ગાંધીનું તેણે કરેલું વર્ણન વાંચતાં રસ પડે એવું છે. . . તે કહે છે:

Gandhi Heritage Portal

"ખાદી એ અણઘડ શિખાઉ લોકોએ હાથે કાંતેલા સૂતરનું, જૂનીપુરાણી સાળો પર વણેલું, દેશી બનાવટનું કાપડ છે. તે ખડબચડું, કુમાશ વિનાનું, ગાંઠોવાળું અને સફાઈ વિનાનું હોય છે. તે હમેશાં મેલું દેખાય છે. છતાં એનો પ્રચાર ઘણો છે. તવંગર દેશીઓ પણ એનાં બનેલાં કપડાં પહેરવામાં અભિમાન લે છે. કેમ કે ઝપાટાબંધ વધતા જતા રાષ્ટ્રીય પક્ષની "હિંદીઓને માટે હિંદ" એ રણગર્જનાનું ખાદી એ મૂર્ત સ્વરૂપ છે. એના પર વપરાયેલો એક પણ પૈસો દેશ બહાર જતો નથી. જે માણસ ખાદી પહેરે છે તે હિંદુસ્તાનનાં ભૂખે મરતાં કરોડોને ખવડાવવામાં મદદ કરે છે, પોતાના દેશની સ્વતંત્રતા જાહેર કરે છે, અને પોતાને પ્રથમ પંક્તિનો દેશભક્ત સિદ્ધ કરે છે. . . . ખાદી એ હિંદમાંના પરદેશી અમલ સામે મહાત્મા ગાંધીએ ચલાવેલી ઝુંબેશમાં વાપરેલાં અનેક હથિયારોમાંનું એક છે, એટલું જ નહીં પણ તેમણે જ એ શોધી કાઢ્યું છે. અર્ધા સંત, અર્ધા ઝનૂની, અને સર્વાંશે દેશભક્ત એવા મહાત્મા ગાંધી જાતે ભાષણો કરીને તેમ જ દેશી છાપાં મારફતે હિંદના શિક્ષિત વર્ગનાં હૃદયને ભેદી રહ્યા છે. હિંદુસ્તાનમાં હવે અસહકારની વાતો નથી થતી તેથી તે મરી ગયો છે એવું નથી. હવે એણે શાંત અને ભયંકર પ્રવૃત્તિનું સ્વરૂપ લીધું છે. . . . મિ. ગાંધીના પ્રચારકો એક વાર આમવર્ગમાં આશા રેડે એટલે પછી હિંદુસ્તાન વિલાયતનું ગરીબ ઘરાક નહીં રહે, તે સમૂળગું ઘરાક જ નહીં રહે. . . . આ ઘા કેવળ સુતરાઉ કાપડ પર તાકેલો નથી. એ તો તમામ બ્રિટિશ માલનું બજાર પાયમાલ કરવાનો ચોકસ પ્રયત્ન છે."

જે સેવકો મહાત્મા ગાંધીના પ્રાણવાન નેતૃત્વ તળે ખાદીના પ્રચાર માટે કામ કરી રહ્યા છે તેમને આ વચનોથી ઉત્સાહ મળ્યા વિના નહીં રહે. . . અહિંસાના એ મહાન આચાર્ય માને છે કે રેંટિયા દ્વારા હિંદુસ્તાન આર્થિક સ્વાતંત્ર્ય મેળવી શકશે, અને રાજકીય સ્વાતંત્ર્ય તો તેની પાછળ આપોઆપ ચાલ્યું આવશે. મિ. રૉબર્ટસન ભડકી જઈને એક ઇલાજ સૂચવે છે તે આ પ્રમાણે છે: "બ્રિટિશ રાજ્ય પરનો વિશ્વાસ લોકોમાં ફરી બેસાડો, સામ્રાજ્યની કલ્પના કેળવો, બ્રિટિશ રાજ્યથી કેટલા લાભો થયા છે તેનું ભાન લોકોને કરાવો; એટલું કરશો તો હિંદી બજાર પાછું બ્રિટનના હાથમાં આવશે." તે કહે છે કે સિનેમાની ફિલમો દ્વારા બ્રિટિશ પક્ષનું પ્રચારકાર્ય ચલાવવું જોઈએ, અજ્ઞાન આમવર્ગને તે ફિલમો મફત દેખાડવી જોઈએ; તે ઉપરાંત છાપાં જેવાં પ્રચારનાં બીજાં સાધનોની પણ ઉપેક્ષા કરવી ન જોઈએ. જો આ સૂચનાનો અમલ થાય તો "હિંદુસ્તાન હજી આપણા હાથમાં રહે, અને ત્યાંનું આપણું બજાર છેક હાથમાંથી ચાલ્યું ન જાય." આમાં જરાયે વિલંબ થવો ન જોઈએ, કારણ "થોડાંક વરસમાં તો રાષ્ટ્રીયતાનું ખમીર એટલું ફેલાઈ ગયું હશે કે એની અસર નાબૂદ કરવાનો કોઈ પણ પ્રયત્ન મોડો પડવાને કારણે વિફળ નીવડશે." તે દરમ્યાન તે એવી સૂચના કરે છે કે "હિંદી રૂનું વિલાયતી કાપડ," "હિંદનું મોટામાં મોટું ઘરાક લૅંકેશાયર છે," "લૅંકેશાયરનું કાપડ ખરીદવું એ હિંદી ખેડૂતોને મદદ કરવા જેવું છે," એવા એવા વિચારોનો હિંદુસ્તાનમાં બહોળો પ્રચાર કરવાનો કંઈક પ્રયત્ન કરવો જોઈએ. અંતે તે કહે છે, "જો આ અને એવા બીજા ઇલાજો તરત જ કરવામાં નહીં આવે તો એટલું ચોકસ દેખાય છે કે લૅંકેશાયરના સુતરાઉ માલને સારુ હિંદી બજાર મંદ છે, એટલું જ નહીં મરણપ્રાય છે." પોતે સૂચવ્યું છે એવું વિલાયતી પ્રચારકાર્ય રાષ્ટ્રીય હિલચાલના ચડતા જુવાળને અટકાવશે એમ માનવામાં આ લેખકે મોટી ભૂલ કરી છે. હિંદુસ્તાનના ઉજળિયાત તેમ જ



Gandhi Heritage Portal

આમવર્ગ એવા કમઅક્કલ નથી કે તેઓ આ આખી બાજી ન જોઈ શકે. આર્થિક લૂંટને માટે થયેલા પ્રચારકાર્યની અસર એટલી જ થવાનો સંભવ છે કે તેથી ખાદીકાર્યને પ્રોત્સાહન મળશે, અને જે હિંદીઓ આજે રેંટિયાની આર્થિક શક્તિને ઝાઝું મહત્ત્વ નથી આપતા તેઓ પણ રેંટિયા તરફ જુદી દૃષ્ટિએ જોતા થશે. ઉપર સૂચવેલા પ્રચારકાર્યથી એટલું તો સ્પષ્ટ કબૂલ થશે કે ખાદીનો ફેલાવો વધતો જાય છે, અને એની અસર એ થશે કે આજે જે લોકો શંકાશીલની કોટિમાં છે તેમનામાં એને વિશે શ્રદ્ધા આવશે. હિંદ અને વિલાયતનો સંબંધ નિર્દોષ બનાવવો હોય, અને જે કારણો લૅંકેશાયરના વેપારને નુકસાન કરી રહ્યાં છે તે દૂર કરવાં હોય તો તે સ્વાર્થી પ્રચારકાર્યથી નહીં બને, પણ હિંદીઓની રાષ્ટ્રીય માગણી-ઓના જવાબમાં પૂરતી છૂટછાટ આપવાથી બની શકશે.

ખાદી એ ધમકી નથી એ કહેવાની જરૂર ન હોવી જોઈએ. ખાદી એ સ્વરાજની જેમ રાષ્ટ્રીય જીવનનો પ્રાણ છે. ગમે તેટલી ઉદાર ભાવની છૂટછાટ હોય તોપણ તેની ખાતર જેમ સ્વરાજની હિલચાલ ન છોડાય તેવું જ ખાદીનું છે. ખાદી છોડવી એ આમવર્ગને — હિંદુ-સ્તાનના આત્માને — વેચી નાખવા બરોબર છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १९–१–१९२८

ભાષાંતર : નવજીવન, ૨૨–૧–૧૯૨૮

## ૩૬૫. વી. કે. શંકર મેનનને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
જાન્યુઆરી ૧૯, ૧૯૨૮

પ્રિય ભાઈ,

તમારા પત્રની બાબતમાં, હું આ સાથે શ્રીયુત કેલપ્પનનો રિપોર્ટ[૧] મોકલું છું તે વાંચીને તમને ઠીક લાગે એવી ટીકા સાથે પાછો મોકલી આપશો.

તમારો સહૃદયી

બિડાણ ૧
શ્રીયુત વી. કે. શંકર મેનન
પુલાયા કૉલોની
(મલબાર)

[મૂળ અંગ્રેજી]

માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૪૬૨૭

૧. પુલાયા કૉલોની વિશે; જુઓ "કે. કેલપ્પનને પત્ર", ૨૩–૧૨–૧૯૨૭.

Gandhi Heritage Portal

# ૩૬૬. ડૉ. બિધાનચંદ્ર રૉયને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
જાન્યુઆરી ૧૯, ૧૯૨૮

પ્રિય ડૉ. રૉય,

તમારા પત્ર બદલ અને તમે મોકલેલી દવા બદલ હું તમારો તથા ડૉ. સરકારનો આભાર માનું છું. દવા પ્રત્યે મારો અણગમો તમે જાણો છો. માના દૂધ સિવાય હું એવી કોઈ વસ્તુ નહીં લઉં જેમાં મનુષ્યશરીરમાંથી લીધેલી કોઈ વસ્તુ હોય. તમે મોકલેલી ટીકડીઓ જે દ્રવ્યમાંથી બની છે તેમાં મૂત્રપિંડ અને પાચકપિંડનો ઉપયોગ થયેલો છે. આ મનુષ્યશરીરમાંથી લીધેલી કંઈક વસ્તુ નથી? માની લઈએ કે એ વસ્તુ મનુષ્યથી ઊતરતી કોટિના કોઈ પ્રાણીના શરીરમાંથી લેવામાં આવી છે, છતાં મારો વાંધો તો રહેવાનો જ. ખોરાકના અખતરા કરવા તરફનો મારો પક્ષપાત તમે જાણો છો. અને તમે જ્યારથી મારા શરીરમાં યુરિક ઍસિડ વધુ હોવાની શોધ કરી છે ત્યારથી મને ખોરાકમાં મૂળભૂત ફેરફાર કરવાની જરૂર જણાઈ છે. આશ્રમમાં કંઈક સ્થિર થઈને રહેવાનું બન્યું છે એટલે મને તક મળી છે અને હમણાં હું માત્ર તાજાં ફળ અને સૂકો મેવો લઉં છું. ખોરાકમાં હમણાં દ્રાક્ષની ચા, એટલે કે, છોતરાં તથા બીજ કાઢી નાખીને લગભગ ૪૦ દ્રાક્ષ ઉકાળીને લઉં છું. આ દિવસમાં ત્રણ વાર લઉં છું અને તેમાં દરેક વખતે પાણી સાથે પીસીને તૈયાર કરેલી લગભગ સવા તોલો બદામ ઉમેરું છું; બે વખત બબ્બે તોલા નાળિયેરનું દૂધ અને સાથે એક કે બે નારંગી દર વખતે લઉં છું. નાળિયેરનું દૂધ, તાજા પાકા નાળિયેરને છૂંદી તેમાં થોડું પાણી નાખી ખાદીના મજબૂત ટુકડાથી ગાળી લઈને તૈયાર કરવામાં આવે છે. આ હું એક પખવાડિયાથી કરી રહ્યો છું અને એથી મને કંઈ નુકસાન થયું નથી. ઝાડો વધારે નિયમિત થાય છે. મારું વજન કર્યું નથી તેમ જ લોહીનું દબાણ પણ માપ્યું નથી પણ મને સારું લાગે છે. મેં લોહીનું દબાણ મપાવવાનું અને વજન કરાવવાનું જાણી જોઈને ટાળ્યું છે, કારણ કે મને લાગે છે કે જો હું બીજી રીતે તંદુરસ્ત રહેતો હોઉં તો તેનું કશું મહત્ત્વ નથી.

મારા સ્વાસ્થ્યની બાબતમાં તમે આટલો બધો રસ લીધો છે તેથી મને લાગ્યું કે મેં જે ફેરફારો કર્યા છે તે તમને જણાવવા જોઈએ અને તમે ખૂબ જ વિચાર કરીને મોકલેલી દવા ન લેવાનું કારણ પણ તમને જણાવવું જોઈએ. હું ઇચ્છું છું કે હિંદી વૈદ ડૉક્ટરોએ મૌલિક સંશોધન કરવું જોઈએ અને આહાર પરિવર્તનની શક્યતાઓ તપાસવી જોઈએ. સંભવ છે કે સામાન્ય લોકો રોગની સારવારના સંયમપ્રધાન ઉપાયો સ્વીકારશે નહીં, પણ ગરીબ બિચારા મારા જેવા અતિ ઉત્સાહી માણસો માટે વૈદ્યોના મનમાં અને હૃદયમાં સ્થાન ન હોવું જોઈએ? હિંદી વૈદક પાસે વૈદક શાસ્ત્રમાં કંઈ નવો ફાળો આપવાનો નથી? અથવા શું હિંદી વૈદકને બીજા પરદેશી માલની સાથે આ અભાગી દેશમાં ઝીંકવામાં આવતી પરદેશી પેટંટ દવાઓ પર હમેશાં આધાર રાખવો પડશે? સંશોધન કરવાનો ઇજારો શા માટે પશ્ચિમ પાસે જ હોવો જોઈએ?

Gandhi Heritage Portal

તમારે મને કાંઈ સલાહસૂચના આપવી ન હોય તો આ પત્ર તમને પહોંચ સ્વીકારવા કે જવાબ આપવા માટે લખ્યો નથી. એટલે જો તમારે સલાહ કે માર્ગદર્શનરૂપે મને કંઈ વિશેષ કહેવાનું ન હોય તો તેને કચરાની ટોપલીમાં ફેંકી દેશો.

તમારો સહૃદયી

ડૉ. બિધાન રૉય
કલકત્તા

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૧૩૦૪૪

## ૩૬૭. સુરેશચંદ્ર બૅનરજીને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
જાન્યુઆરી ૧૯, ૧૯૨૮

પ્રિય સુરેશબાબુ,

તમારો પત્ર[1] મળ્યો. કોમિલ્લાની બાબતનો સુખદ અંત આવ્યો તેથી મને આનંદ થયો. આ સુધારો અંદરનો છે કે ઉપરથી લાદવામાં આવ્યો છે?

મારી તબિયતની બાબતમાં, ડૉ. રૉયે મોકલેલી દવા લેવાનું મને ગમ્યું નથી. એ કંઈક મનુષ્ય-શરીરમાંથી કાઢેલી વસ્તુ છે અને એવી કોઈ પણ દવા લેવાનો મને ભારે અણગમો છે, પણ મેં આહારમાં ઘણો ફેરફાર કર્યો છે. હવે હું ફક્ત ફળ અને થોડી પીસેલી બદામ તથા નાળિયેરના દૂધ પર રહું છું. હજી સુધી આનું કોઈ બૂરું પરિણામ આવ્યું નથી.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૧૩૦૪૫

૧. સુરેશબાબુનો ૧૧-૧-૧૯૨૮નો. પત્રમાં લખ્યું હતું: "કોમિલ્લાના બધા કોમી મુકદ્દમા બાબત સંતોષકારક સમાધાન થવાથી અમને બધાને છોડી મૂકવામાં આવ્યા છે. . . હું આશા રાખું છું કે આને પરિણામે . . . કંઈ નહીં તો થોડા વખત સુધી, સંપૂર્ણ મેળ અને શાંતિ રહેશે. . ."

Gandhi Heritage Portal

## ૩૬૮. સતીશચંદ્ર દાસગુપ્તાને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
જાન્યુઆરી ૨૦, ૧૯૨૮

પ્રિય સતીશબાબુ,

વિદેશી કાપડનો બહિષ્કાર અને મિલો વિશે માલવિયાજીનું નિવેદન મેં વાંચ્યું છે. મિલકાપડ અને ઇન્ફ્લુએન્ઝા વિશે તમે વાત કરી હતી તે મને યાદ છે. બહિષ્કાર વિશે યંગ ઇન્ડિયામાં ચર્ચા કરવાની આશા રાખું છું.[1]

નવો પ્રવાસ-રેંટિયો મેં હવે તપાસી જોયો છે. તેના આરા હાલી ગયા છે અને ધરી સહેલાઈથી ફરતી નથી અને તમે પહેલાં જોઈ ત્યારે હતી તેટલી જ સખત રહી છે. ત્યાં તમારી પાસે કોઈ એવો માણસ હોવો જોઈએ જે કસોટી કરવા માટે હમેશાં રેંટિયા પર કાંતતો રહે. હું ઇચ્છું છું કે તમે એક ખામી વગરનો રેંટિયો તૈયાર કરો. અને જ્યાં સુધી એક માણસ હમેશાં તેના પર કાંતતો ન રહે અને સુધારા સૂચવતો નહીં રહે ત્યાં સુધી તમે એ નહીં કરી શકો.

સસ્નેહ,

**બાપુ**

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : જી. એન. ૧૫૮૪

## ૩૬૯. મદનમોહન માલવિયાને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
પોષ વદ ૧૩ [જાન્યુઆરી ૨૦, ૧૯૨૮][2]

ભાઈસાહેબ,

આપના તારનો જવાબ[3] મેં આપ્યો હતો. હવે મારે જામિયા ફંડ બાબતમાં આપની સંમતિ જોઈએ.

આપે વિદેશી કાપડના બહિષ્કારની વાત ઉપસ્થિત કરી છે, પણ એની જ સાથે આપે મિલના કાપડની વાત કહી છે. હું આપને કેવી રીતે સમજાવું કે, જ્યાં સુધી મિલોવાળા આપણી સાથે કંઈક સંધિ ન કરે અને તેમના ભાવો પર આપણે અંકુશ ન રાખી શકીએ ત્યાં સુધી મિલોની મદદ નકામી જ નહીં, હાનિકારક[4] છે. ઊલટું[5], પહેલાં બંગાળમાં બન્યું હતું તેવું ફરીથી બનશે અને બહિષ્કારની શકયતામાંથી લોકોનો વિશ્વાસ ઊઠી જશે.

૧. જુઓ, "બ્રિટિશ માલનો બહિષ્કાર", ૨૬-૧-૧૯૨૮.
૨. જામિયા ફંડના ઉલ્લેખ પરથી. આ પહેલાંનો પત્ર પણ જુઓ.
૩. જુઓ "મદનમોહન માલવિયાને તાર", (૯-૧-૧૯૨૮ કે તે પછી).
૪. ૫. આ શબ્દો અસ્પષ્ટ છે.

Gandhi Heritage Portal

મારી ભાષા અથવા મારા અક્ષર સમજવામાં મુશ્કેલી પડે તો આપ મને જણાવી દેશો. હું લાચાર થઈને અંગ્રેજીમાં લખીશ. મને તો મારી ભાંગીતૂટી રાષ્ટ્રભાષા વધારે પ્રિય છે.

આપનો
**મોહનદાસ**

[મૂળ હિંદી]
પત્રની છબી પરથી : જી. એન. ૮૯૮૨

## ૩૭૦. હેમપ્રભાદેવી દાસગુપ્તાને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
જાન્યુઆરી ૨૦, ૧૯૨૮

પ્રિય બહેન,

તમારો પત્ર મળી ગયો છે. તમે નિશ્ચિંત રહો છો એ જાણીને મને ઘણો આનંદ થાય છે. આજકાલ જે રીતે શ્રાદ્ધ થાય છે તેના પર મને શ્રાદ્ધા નથી. અનિલના શ્રાદ્ધના દિવસે કેવળ ફળાહાર કરશો, એ જ નિમિત્તે યજ્ઞ તરીકે વધારે કાંતશો અને ઉત્તરકાંડમાંથી રામાયણનો પાઠ કરશો તથા ગીતાના બારમા અધ્યાયનું સારી રીતે મનન કરશો.

બાપુ

[મૂળ હિંદી]
પત્રની છબી પરથી : જી. એન. ૧૯૫૩

## ૩૭૧. પોરબંદરની કાઠિયાવાડ રાજકીય પરિષદમાં ભાષણ[1]

જાન્યુઆરી ૨૨, ૧૯૨૮

રાજા અને પ્રજા વચ્ચે કોઈ પણ પ્રકારની ગેરસમજ ન થાય અને આ પરિષદને પોતાની શક્તિનું પૂરું ભાન રહે તે હેતુથી અને કેટલોક સમય થયાં ચાલતી આવેલી પ્રથાને નિશ્ચિત કરવા સારુ આ પરિષદ ઠરાવ કરે છે કે પરિષદ કોઈ પણ રાજ્ય વિશે વ્યક્તિગત રીતે તેની નિંદા અથવા ટીકારૂપ ઠરાવ નહીં કરે.[2]

ગાંધીજીએ ઠરાવ પર વિવેચન કરતાં જણાવ્યું હતું કે:

આજનો અંકુશ જુવાનિયાઓને પસંદ ન પડે, પરંતુ સ્વરાજ્ય એટલે ભૂલો કરવાનો જન્મસિદ્ધ હક્ક એવી સલાહ હું આપું તે પહેલાં મારે મારી જવાબદારી વિચારવી જોઈએ. મેં તેનો વિચાર કર્યો છે અને તેમ કરીને જ સલાહ આપી છે એટલું જ નહીં પણ આ ઠરાવનો કર્તા પણ હું જ છું. પરમદિવસે વિષયવિચારિણીમાં બે વ્યક્તિગત ટીકાના ઠરાવો આવ્યા ત્યારે તે પસાર નહીં કરવાની મેં સલાહ આપી. પાછળથી મને વિચાર આવ્યો કે જે કારણોથી આ

૧. આ ચોથી પરિષદ હતી.
૨. આ ઠરાવ ગાંધીજીએ ઘડયો હતો. આ ઠરાવ માટે જુઓ "કાઠિયાવાડ રાજકીય પરિષદ," નવજીવન, ૨૯-૧-૧૯૨૮.

Gandhi Heritage Portal

પગલું મેં ભર્યું તે જોતાં તે પગલું અમુક સમય સુધી સ્થાયી રહેવું જોઈએ. આવો ઠરાવ ન કરીએ તો આપણું અસ્તિત્વ જોખમમાં છે. પણ મોતને ઠેલવા માટે આવો અંકુશ શા માટે રાખવો એવી શંકાને પણ સ્થાન છે. બીજા કોઈ સભ્ય તરફથી આ ઠરાવ આવ્યો હોત તો સમિતિએ એ ફેંકી દીધો હોત, પણ સમિતિ અને કાઠિયાવાડીઓએ મારા પર વિશ્વાસ રાખી મારો બોજો વધાર્યો છે, અને તે ઠરાવ પસાર કરી તમે મારો બોજ વધારશો. 'ગેરસમજ' એવા જે શબ્દો ઠરાવમાં રાખવામાં આવ્યા છે તે યુવકવર્ગે સાંખવાના છે.

ભાવનગર પરિષદ[1] વખતે જામનગર અને ગોંડલનાં જ રાજ્યો પરિષદ સમક્ષ હતાં. જામસાહેબને હું મળ્યો. તેમની સાથે ચર્ચા કરી. વસ્તુ શું હતી અને છે તે જાણું છું છતાં કામના બોજાને લીધે તે ચર્ચાનો પૂરતો લાભ હું નથી લઈ શક્યો. તેમની આગળ હું હાર્યો કે જીત્યો તે હમણાં હું કહી શકું તેમ નથી. ગોંડલના ઠાકોર આગળ મેં હાર ખાધી છે. છતાં વ્યક્તિગત ટીકા થવા દીધી નથી.

આજે પરિષદ પાંગળી, લૂલી અને આંધળી છે અને વ્યક્તિગત ટીકા ન કરવી એ મારો વિશ્વાસ હોઈ મેં ભાવનગરમાં અને અહીંયાં એ માગી લીધું છે કે પરિષદમાં વ્યક્તિગત ઠરાવ કે ટીકા ન કરવામાં આવે. પરિષદમાં ભાગ લેનારા અને કાર્યવાહકો ઠરાવ વિશે જાગ્રત રહે. પોતાને કરવાનું કાર્ય કરે, રાજા પ્રજા વચ્ચે ઓતપ્રોત થઈ રાજાઓને તેમના દોષ બતાવવાને ઉત્સુક રહેવા છતાં ભાષણ, કલમ અને જીભ પર અંકુશ મૂકે તો તે સંયમથી આપણને લાભ થશે, જે સંયમ આપણે બે પરિષદોમાં સ્વીકાર્યો છે તો પછી આપણી નબળાઈ જાણી હવે પછી પણ તે સંયમ જાળવવો જોઈએ. જે ગૃહસ્થને પોતાની અશક્તિનું ભાન હોય તે જગત આગળ મૂકવાથી તેના પરનો ભાર ઓછો થાય છે.

મર્યાદા મૂક્યા પછી વીરપુરુષો શું કરશે એમ પુછાય તો હું કહીશ કે તેવા વીરોનું સ્થાન પરિષદ નથી. પરિષદની બહાર છે. તેઓ જુદો સંઘ જમાવે. સત્યાગ્રહીઓ માટે આ પરિષદ નથી. મહાસભા પણ નથી. તેમના પર આ પરિષદ અંકુશ મૂકતી નથી. સત્યાગ્રહી ટીકા કરે, નિંદા તો ન જ કરે. જે રાજ્યમાં સડો ચાલતો હોય તે વિશે શું કરવું એમ પૂછવામાં આવે તો હું જણાવીશ કે રાજ્ય વિશે ટીકા કરવાની હિંમત આપણામાં આવવી જોઈએ. પણ પ્રજા જ નિર્બળ હોઈ સહન કરી લે તો તેને સહાય કરવા તેમની વચ્ચે રહી કામ કરવું જોઈએ. અન્યાય છે પણ તેને દૂર કરવા બીજું સ્થાન શોધવું જોઈએ. રાજાઓ એકબીજાના મિત્રો છે તેથી તેઓ એકબીજા પર ટીકા ન જ થવા દે. અલબત્ત, પરિષદ પરિષદ તરીકે વ્યક્તિગત ટીકા કે નિંદા ન કરી શકે.

આ ટીકા કરવા સિવાય ખાદીનું કાર્ય અને દેશી રાજ્યો કરતાં સનાતનીઓ તરફથી અંત્યજો ઉપર વધુ અન્યાય ગુજરે છે તે દૂર કરવાનું કાર્ય તમારી પાસે પડ્યું છે.

[મૂળ ગુજરાતી]

પ્રજાબંધુ, ૨૯–૧–૧૯૨૮

1. ૮–૧–૧૯૨૫ને દિવસે મળી હતી; ગાંધીજી એના પ્રમુખ હતા; જુઓ પુસ્તક ૨૫, પા. ૫૬૫–૮.

Gandhi Heritage Portal

## ૩૭૨. મીરાંબહેનને તાર

વરતેજ,
જાન્યુઆરી ૨૩, ૧૯૨૮

મીરાંબાઈ
જમનાદાસ ગાંધીને ત્યાં
મિડલ સ્કૂલ સામે
રાજકોટ

રો’નાનો[1] તાર છે કે પિતાનું શુક્રવારે રાતે શાંતિપૂર્વક અવસાન થયું. શાંતિ અને પ્રેમ [પાઠવું છું.]

બાપુ

[મૂળ અંગ્રેજી]

મૂળ પત્ર પરથી : સી. ડબલ્યુ. ૫૩૦૦; તથા જી. એન. ૮૧૯૦ શ્રીમતી મીરાંબહેનના સૌજન્યથી

## ૩૭૩. વરતેજમાં[2] ભાષણ

જાન્યુઆરી ૨૪, ૧૯૨૮

હિંદુ અંત્યજની સેવા કરે છે તેમાં તે તેની ઉપર ઉપકાર નથી કરતો, પણ પોતાની ઉપર જ ઉપકાર કરે છે. પોતાના અંત્યજ કહેવાતા ભાઈઓની હસ્તીને માટે જવાબદાર થઈને હિંદુઓએ જે પાપો કર્યાં છે તેનાં શુદ્ધિ અને પ્રાયશ્ચિત્ત તેઓ જેટલાં કરે તેટલાં ઓછાં. એટલે અંત્યજ સેવાનો જ્યારે થોડો પણ અવકાશ મળે ત્યારે તેને હું ધન્ય ઘડી સમજું છું, અને પાપનું કાંઈક પ્રાયશ્ચિત્ત કરું છું એમ લાગે છે. કોઈ પણ જાણ એમ ન મલકાય કે હું સેવા કરું છું એટલે મારે પ્રાયશ્ચિત્ત કરવાપણું કશું ન હોય. હું તમને કહેવા માગું છું કે એક પણ હિંદુએ કરેલા અત્યાચાર માટે બધા ભાગીદાર છે. જગતનો એ જ ન્યાય છે કે એક માણસ પાપ કરે ત્યાં સુધી જગત બધું જવાબદાર છે. એ ન્યાયને હિંદુમુસલમાન બંને ઘટાવી લે. જ્યાં સુધી જગતમાં જુદા જુદા વાડા છે ત્યાં સુધી દરેક વાડાવાળા પોતાના એકેએક માણસના પાપને માટે જવાબદાર છે.

મંદિર એટલે ઈંટ અથવા આરસનું ઘર નથી, કે તેમાં મૂર્તિની સ્થાપના થઈ ગઈ તેથી તે મંદિર બનતું નથી. મંદિર તે જ કહેવાય કે જેમાં પ્રાણપ્રતિષ્ઠા થઈ છે. બ્રાહ્મણને બોલાવી હવન કરાવીને મંદિર ખોલવામાં પાખંડ પણ હોવાનો સંભવ છે. સાચી વાત તો એ છે કે જેણે મંદિર બંધાવવાનો સંકલ્પ કર્યો હોય તેણે સંકલ્પની ઘડીથી પોતાનું જીવન પ્રાયશ્ચિત્તનાં કામોમાં જ

૧. મીરાંબહેનનાં બહેન.

૨. એ વખતના ભાવનગર રાજ્યનું ગામ. ગાંધીજીએ ત્યાં અંત્યજો માટેના રામના મંદિરનો પાયો નાખ્યો હતો.

Gandhi Heritage Portal

વ્યતીત કર્યું હોવું જોઈએ, અને પોતાનાં બધાં પુણ્યોનો ભાર એ મંદિરમાં નાખ્યો હોય. મંદિરના ચલાવનારા અને પૂજારી પણ તપશ્ચર્યામય જીવનવાળા હોય, અને એ મંદિરમાં પેસતાં જ પેસનારનું અંતર હાલી જાય. એવું આ મંદિર ન થવાનું હોય, એની પાછળ એટલી આત્મશુદ્ધિ અને વિચારશુદ્ધિ ન હોય તો એ ખાલી મકાન છે, પૃથ્વી પર બોજારૂપ છે એમ સમજજો; એ મંદિર કહેવાશે એટલે એટલો ભાગ મંદિર ગણાવાને લીધે નિરર્થક બનશે, એનો કશો ઉપયોગ ન થાય. કદાચ મંદિરને નામે એ હાનિકારક સંસ્થા પણ થઈ પડે—અનેક પાપોનું ધામ થઈ પડે. આ દોષો અહીં નથી એમ માનીને મેં એનું ખાતમુહૂર્ત કર્યું છે. વિચાર થઈ ગયો કે મંદિર કરવું, અને પાયો નાખ્યો, અને કોક દિવસ મંદિર બાંધવાની આશા રાખી બેસવું એમાં સાર નથી. ઉતાવળે આંબા ન પાકે તેમ ધર્મના છોડ ઉતાવળે નથી ઊગતા. એને માટે ખરો વિશ્વાસ જોઈએ, ઉદ્યમ જોઈએ, ધીરજ જોઈએ.

અંત્યજ ભાઈઓને એટલું કહીશ કે હિંદુ ધર્મ કહે છે કે 'આપ મૂઆ વિના સ્વર્ગે ન જવાય' એ અક્ષરશઃ સાચું છે. તમારે તમારી ઉન્નતિ સાધવાની છે. તમારું ભલું હિંદુઓ કરશે એમ ન માની બેસજો, તેઓ તો તમારી સેવા કરીને પોતાનું જ ભલું કરે છે. તમે તમારું પોત બતાવવા ઇચ્છતા હો તો જાગ્રત થાઓ. જે દોષો તમારામાં આરોપીને હિંદુઓ તમારો ત્યાગ કરે છે તે દોષો ટાળજો. તમારામાંથી વ્યસની હોય, પરમાટી ખાનારા હોય તે મંદિરમાં ન જઈ શકે એવો નિયમ કરજો. બીજા ઉચ્ચ કહેવાતા હિંદુઓના દોષો સામે આંગળી ન કરજો. "સમરથ કો નહીં દોષ ગુસાંઈ" ન્યાયે જગત તેમને માફ કરે પણ તમને ન કરે. બીજાના સેંકડોગણા દોષો હોય તોપણ તમારા દોષ કાઢી નાખવાનો પ્રયત્ન કરજો.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૯-૧-૧૯૨૮

## ૩૭૪. એ વાડા તોડો

[જાન્યુઆરી ૨૪, ૧૯૨૮][૧]

મહારાજાસાહેબ અને પ્રજાએ અને મોઢ જ્ઞાતિએ[૨] મારું અને મારા સાથીઓનું સ્વાગત કર્યું અને માનપત્ર આપ્યું તે માટે સૌનો હું અંતઃકરણપૂર્વક આભાર માનું છું. મોઢભાઈઓને એટલું કહેવું જોઈએ કે તમારી પાસેથી માનપત્ર લેવાનો મને કશો જ અધિકાર નથી—મોઢ જ્ઞાતિની જ્ઞાતિરૂપે હું કશી સેવા કરી શકયો હોઉં એવો સ્વપ્ને પણ ખ્યાલ નથી; કેટલાક ભાઈઓ એવું પણ માનનારા પડયા છે કે મેં કાંઈક નુકસાન કર્યું હશે, પણ સેવા નથી કરી. આ આરોપ ઘડીભર સ્વીકારી લઉં, તોપણ તમારું માનપત્ર તો તમારી ઉદારતા સૂચવે છે. પણ મને એટલી ઉદારતાથી સંતોષ ન થાય, કારણ એ ઉદારતાની નિશાની હોય છતાં માનપત્ર લેનાર અને આપનાર વચ્ચે ગુહ્ય સમજૂતી રહે છે કે માનપત્ર લેનાર જે કામ કરી રહ્યો છે તેને વિશે આપનારના આશીર્વાદ અને સંમતિ છે. એ પ્રકારની સમજૂતી આપણી વચ્ચે નથી એટલે પણ મને માનપત્ર લેતાં સંકોચ થાય.

૧. રામદાસ ગાંધીના લગ્નના ઉલ્લેખ પરથી. એ લગ્ન ૨૭મી જાન્યુઆરીએ થયાં હતાં.
૨. ગાંધીજી મોઢ વાણિયા હતા.

Gandhi Heritage Portal

તમારી આ નાનકડી જ્ઞાતિ વિશે આટલું કહું છું તેમાં મર્મ રહેલો છે; કારણ હું એમ માનનારો રહેલો છું કે આ નાના નાના વાડાઓનો નાશ કરવો જ જોઈએ, હિંદુ ધર્મની અંદર જ્ઞાતિઓને માટે સ્થાન નથી, એ વિશે મને શંકા નથી. અને આ હું મોઢ કે બીજી જે જે જ્ઞાતિઓ અહીં હોય તેને ઉદ્દેશીને કહું છું. ખરા શાસ્ત્રમાં જ્ઞાતિ સંબંધી કશો જ આધાર નથી. આધાર કેવળ ચાર વર્ણ માટે છે. એ ચાર વર્ણો રચીને ભગવાને હાથ ધોઈ નાખ્યા છે. વર્ણ-ધર્મમાં જ્ઞાતિની ગંધ જ નથી. તમને સૌને — મોઢ જ્ઞાતિ મારફતે સૌને — સંભળાવવા — વીનવવા ઇચ્છું છું કે આ જ્ઞાતિના વાડાને ભૂલી જજો. આજે જે જ્ઞાતિઓ પડેલી છે તેનો જ્ઞાતિની આહુતિ આપવામાં ઉપયોગ કરજો. એ જ્ઞાતિઓનો યજ્ઞ કરજો. અને એમાં કશું સંયમરૂપે રહેલું હોય તો તેનું પાલન કરજો. આ નાના વાડાઓનાં ખાબોચિયાંમાં પડ્યા રહીશું તો બદબો છૂટશે. ખાબોચિયાં પૂરવાની વૈદ્યો સલાહ આપે છે. તેમાંથી બદબો છૂટે છે એટલું જ નહીં પણ તેમાં મચ્છરો પેદા થાય છે, અને એ ઘાતક નીવડે છે. તેમ જ આ જ્ઞાતિરૂપ વાડાઓ મનુષ્યના ઘાતક છે એમ સમજજો. ઈશ્વર કોઈ દિવસ એવી ઘાતક રચના કરે જ નહીં એમ સમજજો. મારા અનુભવનું આ વચન કહું છું તે માનશો તો સુખી થશો. સમય પોતાનું કામ કર્યે જાય છે. એ સમયની સામે હાથ દેવો હોય તો ભલે દઈએ, પણ તે દેવો નિરર્થક છે એમ માનજો. જો આ વાડાઓના બચાવમાં આપણે નિરર્થક કાલક્ષેપ કર્યા કરશું તો તે સૂરજની સામે ધૂળ ઉરાડી પોતાની આંખમાં જ ઉડાડવાની રમત કર્યા બરાબર થશે. જો તમે મને માનપત્ર ન આપ્યું હોત તો આ વચનો સંભળાવવાનું મન ન થાત, પ્રસંગ ન મળત. આ વસ્તુને નાનકડી ન માનતા. ઘણાં વર્ષો થયાં આપણે વહેમ અને અજ્ઞાનમાં પડેલા છીએ, એ વહેમ અને અજ્ઞાનને જ્ઞાનનું રૂપ ન આપતા. આજે પૃથ્વી ઉપર જુદા જુદા ધર્મના મુકાબલા થઈ રહ્યા છે, અને તેનું ઉદાર ભાવે નિરીક્ષણ કરશો તો જણાશે કે આ જ્ઞાતિઓ પ્રગતિને, ધર્મને, સ્વરાજને, રામરાજ જેનું હું રટણ કરી રહ્યો છું તે રામરાજને રોકનારી છે. હું તમને પૂછું છું કે મોઢ જ્ઞાતિમાં એવું તે શું બળ્યું છે કે તેનાં જ ગીતો આપણે ગાઈએ? આપણા આચારવિચારની વચ્ચે જ્યાં ત્યાં વિરોધ જોવામાં આવે છે. આપણાં ગીતોનો ધ્વનિ જુદો અને આપણો આચાર જુદો. એ તો સાપ ગયા ને લિસોટા રહી ગયા તેના જેવું છે. આચારવિચારનું સામ્ય સાધવાનો ભગીરથ પ્રયત્ન કરો. તમે માનપત્ર આપ્યું છે તેના જવાબમાં એ પ્રયત્ન તમારી પાસે માગી લઉં છું. મેં જે ગુહ્ય સમજૂતીની વાત કરી છે તે પણ તમે સ્વીકારી લેશો, તો મને થશે કે ભલે મેં તમારી પાસે માનપત્ર લીધું અને ભલે હું જ્ઞાતિમાં જન્મ્યો.

મારો તો આચારવિચારની એકતાનો યજ્ઞ ચાલી રહ્યો છે, અને એ મારા યજ્ઞને લીધે મોઢ જ્ઞાતિએ મારો બહિષ્કાર કરેલો; જોકે પાછળથી મોઢોએ જ જોયું કે હું બહિષ્કારને લાયક નથી, કારણ મેં કદી જ્ઞાતિઓના ફાયદા સરખા લેવાનો વિચાર નથી કર્યો. હું તો મારો આ વાડો તોડવાનો પ્રયત્ન આગળ ચલાવવા ઇચ્છું છું. તમને ખબર નહીં હોય કે મેં મારા એક દીકરાનાં જ્ઞાતિથી બહાર લગ્ન કર્યાં છે. અને એમાં મને કશું નુકસાન નથી થયું. મારા છોકરાને એક ભક્તિભીના વૈષ્ણવ કુટુંબની કન્યા મળી, અને તેને માટે મારો દીકરો મને ધન્યવાદ આપે છે. એમ મેં તો બીજી જ્ઞાતિમાંથી એક ઝવેર ચોર્યું છે એમ કહું તો ચાલે. નાની નાની નાત-વાળાઓને હું કહું છું કે તમારી કન્યાઓ પડી રહેતી હોય તો મને સોંપજો, અને પરનાતના સારા, સુશીલ છોકરાઓ સાથે તુલસીને પાંદડે, અથવા સૂતરને તાંતણે પરણાવી આપીશ. અંત્યજ બાળાને ખોળે બેસાડનારા મને આમ પારકી નાત કન્યા આપતાં સંકોચ નથી માનતી તો તમને

Gandhi Heritage Portal

શા સારુ ડર હોય? હું તો ત્રણ દિવસ પછી એક મોઢ કન્યા સાથે મારા દીકરાના[૧] વિવાહ કરવાનો છું. આમ મારું કામ ચાલ્યા કરે છે, અડચણ આવતી નથી.

આમ મોઢ જ્ઞાતિને બહાને હું બધા વાડાવાળાઓને કહેવા માગું છું કે વાડા તોડો. અઢાર-વર્ણ તો લોકવાયકામાં છે, વર્ણ તો માત્ર ગુણકર્મથી વિભાગાયેલા માત્ર ચાર છે. ખાવાપીવાના આચાર અસ્પૃશ્યતાના વિષય છે, જ્યારે વર્ણ એ તો એક સુંદર વૃક્ષ છે જેની છાયા તળે બેસીને મનુષ્યજાત પોતા માટે છાયા અને પોષણ મેળવી શકે છે. વર્ણવ્યવસ્થા એ સંયમધર્મ છે, એમાં આર્થિક દૃષ્ટિ નથી પણ ધર્મપાલનનો ઉદ્દેશ છે. ઋષિમુનિઓએ એની ધર્મપાલનના ધોરી માર્ગ તરીકે કલ્પના અને રચના કરી છે, જ્યારે તેને બદલે એ આપણા સ્વાર્થ, આપણી એબ, આપણા ભોગોને પોષવાનું સાધન બની ગયું છે. એ શુદ્ધ વર્ણવ્યવસ્થા સાચવવાનો પ્રયત્ન કરો.

## “ડેમોક્રસી” કે “રામરાજ્ય”?

મારી પોતાની દૃષ્ટિએ સ્વરાજ અને રામરાજ એક છે, જોકે ભાઈઓની આગળ હું રામ-રાજ્ય શબ્દ બહુ વાર નથી વાપરતો. કારણ આ બુદ્ધિના યુગમાં સ્ત્રીઓ આગળ રેંટિયાની વાતો કરનારની રામરાજ્યની વાતો બુદ્ધિવાદી જુવાનોને ટાહેલાં જેવી લાગે. તેમને તો રામરાજ્ય નહીં પણ સ્વરાજ જોઈએ, અને તેઓ સ્વરાજની પણ ચમત્કારિક વ્યાખ્યાઓ આપે છે. મારી દૃષ્ટિએ એ ધૂળ જેવી છે. પણ આજે જ્યારે મહારાજાસાહેબ સમક્ષ અને તેની પ્રજા સમક્ષ હું ઊભો છું, એક કલાક સુધી મહારાજાએ પોતાના હૃદયના ઉદ્‌ગારો મારી આગળ ઠાલવ્યા છે, ત્યારે તેમની આગળ મારા હૃદયના ઉદ્‌ગારો ઠાલવવાનું મન થઈ જાય છે. સ્વરાજની કલ્પના સામાન્ય નથી, પણ તે રામરાજ્ય છે. એ રામરાજ્ય તે કેમ આવે, ક્યારે આવે? જ્યારે રાજા-પ્રજા બંને સીધાં હોય, જ્યારે રાજાપ્રજા બંનેનાં હૃદય પવિત્ર હોય, જ્યારે બંને ત્યાગ તરફ વળેલાં હોય, ભોગો ભોગવવામાં પણ સંકોચ અને સંયમ રાખતાં હોય, બંનેની વચ્ચે પિતા-પુત્રના જેવી સુંદર સંધિ હોય, ત્યારે તે રાજ્યને આપણે રામરાજ્ય કહીએ. આ આપણે ભૂલ્યા એટલે “ડેમોક્રસી” (પ્રજાતંત્ર)ની વાતો કરીએ છીએ. આજે ‘ડેમોક્રસી’નો યુગ ચાલે છે. મને એના અર્થની ખબર નથી; પણ જ્યાં પ્રજાનો અવાજ સંભળાય છે, પ્રજાના પ્રેમને પ્રાધાન્ય છે, ત્યાં ‘ડેમોક્રસી’ છે એમ કહેવાય. પણ મારા રામરાજ્યમાં માથાં ગણીને અથવા હાથ ગણીને પ્રજાના મતનું માપ ન કાઢી શકાય, એવી રીતે મત લેવાય તેને હું પંચનો મત ન માનું, પંચ બોલે તે પરમેશ્વર એ હાથ ઊંચા કરનારા પંચ ન હોય. ઋષિમુનિઓએ તપશ્ચર્યા કરીને જોયું કે માણસો તપશ્ચર્યા કરતા હોય, પ્રજાહિતની ભાવનાવાળા હોય અને તે મત આપે તે પ્રજામત કહેવાય. એનું નામ સાચી ડેમોક્રસી. મારા જેવો એકાદું ભાષણ આપીને તમારો મત ચોરી જાય તે મતમાં પ્રગટ થતી વસ્તુ તે ‘ડેમોક્રસી’ નથી. મારી ‘ડેમોક્રસી’ તો રામાયણમાં આલેખાયેલી છે —અને રામાયણ પણ હું જેમ સીધુંસાદું વાંચું છું અને તેમાંથી જે ભાવ નીકળે છે તે પ્રમાણે રામચંદ્રે કેમ રાજ્ય કર્યું? આજના રાજા તો રાજ કરવું એ પોતાનો જન્મસિદ્ધ હક માને છે; અને પ્રજાનો કશું કહેવાનો હક સ્વીકારતા નથી. પણ રાજાઓ જે રામના વંશજો કહેવાઓ તે રામે શું કર્યું તે તમે જાણો છો? કૃષ્ણના પણ તમે વંશજ કહેવાઓ. કૃષ્ણે પણ શું કર્યું? કૃષ્ણ તો દાસાનુદાસ હતા, રાજસૂય યજ્ઞ વેળા શ્રીકૃષ્ણે તો સૌના પગ ધોયા, પ્રજાના પગ ધોયા, એ

૧. રામદાસ ગાંધી.

Gandhi Heritage Portal

વાત સાચી હોય કે કાલ્પનિક હોય, એ પ્રથા તે વેળા હોય કે ન હોય, પણ તેનું રહસ્ય એ કે તેમણે પ્રજાને નિહાળીને પ્રજાને નમન કર્યું, પ્રજાના મતને નમન કર્યું. રામાયણમાં આ વસ્તુ જુદી રીતે આલેખાયેલી છે. ગુપ્તચર દ્વારા રામચંદ્રજી નગરચર્યા કરાવીને જાણે છે કે સીતાજીને વિશે એક ધોબીના ઘરમાં અપવાદ ચાલે છે. તેઓ તો જાણતા હતા કે અપવાદમાં કશું નહોતું, તેમને તો સીતા પ્રાણ કરતાં પ્યારાં હતાં, તેમની અને સીતાજીની વચ્ચે ભેદ પડાવે એવી કોઈ વસ્તુ નહોતી, છતાં આવો અપવાદ ચાલવા દેવો એ બરોબર નથી એમ સમજી તેમણે સીતાજીનો ત્યાગ કર્યો. એમ તો રામચંદ્રજી સીતામાં સમાતા હતા, અને સીતા રામચંદ્રજીમાં સમાતાં હતાં. જે સીતાને સારુ રામ લશ્કર લઈને ચડયા, જેની રાતદિવસ રામે ઝંખના કરી, તે સીતાના શરીરવિયોગની રામચંદ્રજીએ આવશ્યકતા માની. એવા પ્રજામતને માન આપનારા રાજા રામનું રાજ તે રામરાજ. એ રાજમાં કૂતરા સરખાને પણ ન દૂભવી શકાય, કારણ રામચંદ્રજી તો જીવમાત્રનો અંશ પોતામાં જુએ. એવા રાજ્યમાં વ્યભિચાર, પાખંડ, અસત્ય ન હોય. એ સત્યયુગમાં પ્રજાતંત્ર ચાલ્યા કરે. એ ભાંગ્યું એટલે રાજા રાજધર્મ છોડે. બહારથી આક્રમણો થવા લાગે. મનુષ્યનું લોહી બગડે છે ત્યારે બહારનાં જંતુઓ આક્રમણ કરે છે. તેમ જ સમાજશરીર અસ્વચ્છ થાય ત્યારે સમાજનાં અંગોરૂપ મનુષ્યો ઉપર બહારથી આક્રમણ શરૂ થાય છે.

પણ રાજાપ્રજા વચ્ચે પ્રેમનો મેળ સંધાય ત્યારે પ્રજાશરીર આક્રમણોની સામે ટક્કર ઝીલી શકે. રાજશાસન એ પ્રેમનું શાસન છે, રાજદંડ એટલે પશુબળ નહીં, પણ પ્રેમની ગાંઠ. રાજા શબ્દ જ 'રાજ્' એટલે શોભવું ધાતુ ઉપરથી બનેલો છે. એટલે રાજા એટલે જે શોભે છે તે, એ જેટલું જાણે છે તેટલું પ્રજા નથી જાણતી. એણે તો પ્રેમપાશથી પ્રજાને બાંધી લીધી છે તેથી તે દાસાનુદાસ છે. શ્રીકૃષ્ણ પણ દાસાનુદાસ હતા, અને તેમણે સેવકની પાટુ ખાધી. તેમ રાજા-રજવાડાંઓને કહું છું કે જો તેઓ રામ અને કૃષ્ણના વંશજો કહેવડાવવા ઇચ્છતા હોય તો તેમણે પ્રજાની પાટુ ખાવાને તૈયાર રહેવું જોઈએ. તમે પણ પ્રજાની ગાળો ખાઓ, પ્રજા ઘેલી થાય પણ રાજાથી ઘેલા ન થવાય. રાજા ઘેલા થાય તો પૃથ્વી રસાતળ જાય.

આ પછી અહિંસાપ્રેમી શ્રાવકો જેમની મોટી વસ્તી મોરબીમાં છે — જે શ્રીમદ્ રાજચંદ્રથી પુનિત થયેલું છે, અને ડૉ. મહેતા અને શ્રી રેવાશંકરભાઈ જેવા ઝવેરીઓથી પંકાયેલું છે — તેમને ઉદ્દેશીને યંત્રયુગની આફત વિશે આ ઉદ્ગારો કાઢયા:

### યંત્રયુગથી બચો

આ કૃષિપ્રધાન મુલક જેની અંદર સાત લાખ ગામડાં છે તે યંત્રયુગથી ન બચી શકે. એમાં તો જીવતાં યંત્રો છે, તેનો બચાવ કરીને જ દેશને બચાવી શકશો. એ યંત્રો તે ગાયમાતા અને એનો વંશ, મનુષ્યો અને એનો વંશ. જેની પાસે ચેતનમય યંત્રો પડયાં છે, જે હમેશાં વૃદ્ધિ કરી શકે છે એ માણસો જડ યંત્રયુગના પૂજારી થાય તો તેના ઉપર દુનિયાનો શાપ પડવાનો છે. આ ચક્રવર્તી રાજાઓનો દેશ જેમાં ૩૩ કરોડ જીવંત યંત્રો પડયાં છે તે યંત્રયુગનો પૂજારી થાય તો સમજજો કે આપણે રામના વંશના નથી, પણ રાવણના વંશના છીએ. આ કડવાં વેણ છે, પણ એ હૃદયના પ્રેમના ઉદ્ગારો છે. મને ઠાકોરસાહેબે હૃદયના ઉદ્ગારો આપ્યા, એટલે જ્યાં મને હૃદય મળે ત્યાં હું ભાન ભૂલીને હૃદય ચીરીને આપી દઉં છું. આજે નહીં, તો હું મરીશ ત્યાર પછી તમે સંભારશો કે આ માણસ વાત કરતો હતો તે ઠીક વાત કરતો હતો. યંત્રયુગને પ્રાધાન્ય આપશો તે દિવસે તમે તમારા ગળા ઉપર છરી મૂકવાના છો.

Gandhi Heritage Portal

ભવિષ્યમાં કોઈ ચંગીઝખાન ચડી આવે અને તેત્રીસ કરોડને કાપીને ત્રણ લાખ કરી દે તો પછી યંત્રો જોઈએ ખરાં — જેમ ઇંગ્લંડ-અમેરિકામાં આજે યંત્ર જોઈએ છે. અને અમેરિકા-ઇંગ્લંડે તો લૂંટવાનો ધંધો માંડેલો છે, તમે લૂંટશો કોને? આપણો દેશ જ્યાં આટલું બધું રળિયામણું છે, જ્યાં આવી સુંદર હવા છે, વિધવિધ વનસ્પતિ છે, જ્યાં બીજાં સાધનોથી અખૂટ ખાણા પડેલી છે, તેને કંગાળ થવાનું કશું કારણ નથી. આપણે જ આપણા દુશ્મન થઈને બેઠા છીએ.

એટલે જ હું ખાદી ખાદી કરી રહ્યો છું.

પોરબંદર પરિષદના ઠરાવ વિશેના, ખાદી વિશેના, અંત્યજોદ્ધાર વિશેના, ગોપાલન વિશેના ઉદ્ગાર મારે છોડવા પડે છે.

ખાદી વિશે બોલતાં ગાંધીજીએ ઝવેરીઓને ઉદ્દેશીને કહ્યું :

‘તમે ઝવેરીઓ બહારથી રૂપિયા લાવો છો તેની ખાદીની પાસે કશી કિંમત નથી. રૂના જેવા ચકચકતા તમારા હીરા નથી. રૂ ઉપર તો કેટલાંયે કાવ્યો રચાયાં છે. હીરા ઉપર કોઈએ કાવ્યો નથી કર્યાં.

રાજ્યોને ખાદીપ્રચારની વાત કરતાં મૈસૂર, સાવંતવાડી, કોચીન વગેરે રાજ્યોએ ખાદીને માટે આપેલી મદદની વાત કરી; રાજકોટ, પોરબંદર, પાલિતાણાની વાત કરી, અને રાજા તથા પ્રજા બંનેને રેંટિયો અપનાવવાની અને યજ્ઞરૂપે સાચવવાની વિનંતી કરી. આખરે પાછા ઉપસંહાર કરતાં તેઓ રાજાપ્રજાના સંબંધ ઉપર જ આવ્યા અને બોલ્યા :

### રાજાપ્રજાને સંદેશો

તમારી પાસે મારી માગણી છે કે હમેશાંને સારુ તમારી વચ્ચે મીઠાશ રહો. જેવી પ્રજા તેવા જ રાજા, તેમ જ જેવા રાજા તેવી જ પ્રજા. પ્રજામાં જૂઠાણું, કાયરતા, પ્રપંચ, પાખંડ હશે તો રાજા શું કરશે? રાજા કદાચ સારો હશે તો બચી જશે પણ તે પ્રજાને બચાવી ન શકે. પ્રજા પોતાની સ્ત્રીઓને પ્રજાથી જ સુરક્ષિત ન રાખી શકે તો રાજા તેને શું સુરક્ષિત રાખવાનો હતો? મોરબી જેવડું ગામ તેમાં ૧૨–૧૫ હજારની વસ્તીમાં અનેક તડાં અને અનેક વિખવાદ — કોને સારુ અને કયા ભવને સારુ? એ ભૂલો. સત્ય અને અહિંસા સિવાય બીજો ધર્મ નથી. તમે અહિંસાના ઉપાસકો ખટપટ શેની કરો? રાગદ્વેષ એટલે હિંસા. માંકડ, ચાંચડ ન મારવામાં અહિંસાધર્મ સમાપ્ત નથી થતો. એ તો કનિષ્ઠમાં કનિષ્ઠ અહિંસા છે. જેના હૃદયમાંથી પ્રેમની ધારા નિરંતર વહ્યા કરે છે તે જગતને પવિત્ર કરે છે — એ મારું વાકય નથી, એ તો મહાવીર કહી ગયા, એ તો ગીતાનું વચન છે, મેં તો એની લગાર ચટકી જોઈ લીધેલી છે, એ સત્ય અને અહિંસાના પાલનમાં મારું કામ સધાય છે. તમે એનું પાલન કરશો તો ઊગરી જવાના છો. જો પાખંડ અને પ્રપંચ ચલાવશો તો તમારી ખાદી, તમારાં ઢોર ન બચે. તમે સત્યની ધારાને સમજશો, અહિંસાની ગંગાને સમજશો, તો મેં કહેલી વાતો કરવી તમને સહેલી લાગશે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૯–૧–૧૯૨૮

Gandhi Heritage Portal

## ૩૭૫. બ્રિટિશ માલનો બહિષ્કાર

બ્રિટિશ સરકારે ઇરાદાપૂર્વક કરેલાં અપમાન અને ઉદ્ધતાઈનાં કૃત્યોની સામે પોતાનો રોષ બતાવવાની આપણા રાષ્ટ્રને ઇચ્છા થાય એમાં નવાઈ જેવું કંઈ જ નથી. આ દિશામાં જેમ જેમ નવી વાતો બહાર આવતી જાય છે તેમ તેમ બળતામાં ઘી હોમાય છે. એવી છેલ્લી વાત તે મરહૂમ રાજા સાતમા એડવર્ડે અને તેમના દીકરાએ એટલે અત્યારના રાજાએ 'દેશીઓ' વિશે — અને તે પણ લૉર્ડ સિંહાની બાબતમાં — તિરસ્કાર બતાવ્યાની છે. રાષ્ટ્રના પ્રતિનિધિઓએ બ્રિટિશ માલનો અંશત: કે સંપૂર્ણ બહિષ્કાર કરીને પોતાનો રોષ જાહેર કરવાનો પ્રયત્ન કર્યો છે. રાષ્ટ્રની એવી ઇચ્છા હોય તો તેમ કરવાનો તેને હક છે. એ બહિષ્કાર જો પૂરતા પ્રમાણમાં સફળ નીવડે તો એની ભારે અસર પડે એ વિશે શંકા છે જ નહીં.

પણ બ્રિટિશ માલના બહિષ્કારની બૂમનો સતત વિરોધ કરવો એ મારું દુર્ભાગ્ય કહો કે સદ્ભાગ્ય છે. આવો બહિષ્કાર અહિંસાનો વિરોધી છે એ મુખ્ય દલીલ પર તો હું કાયમ જ છું, છતાં અત્યારે તો ફક્ત એની શક્યતાની જ ચર્ચા કરવાનો મારો વિચાર છે. આટલો લાંબો વખત ચળવળ કર્યા પછી પણ આપણે એ બાબતમાં જરાયે આગળ વધી શક્યા નથી એ હકીકત જ બહિષ્કારનું કામ અતિશય મુશ્કેલ છે એમ માનવાને સારુ પૂરતો પુરાવો છે. સાબુ જેવી નાનકડી વસ્તુનો દાખલો લઈએ તોપણ આપણને જણાશે કે વિલાયતમાં બનેલા સાબુના બહિષ્કારમાં પણ આપણે કશી પ્રગતિ કરી શક્યા નથી. મહાસભાએ નીમેલી સમિતિએ કેટલીક વસ્તુઓના બહિષ્કારની ભલામણ કરી હતી. મારી જાણ પ્રમાણે તો એમાંની એક પણ વસ્તુ રાષ્ટ્રના વાપરમાંથી કાઢી નખાવવાનો કશો પ્રયત્ન હજુ સુધી થયો નથી. સજારૂપે કરેલો બહિષ્કાર સફળ નીવડે તો જ તેનો કંઈ ઉપયોગ છે. હિંદમાં આયાત થતી વસ્તુઓનો કોઈ અભ્યાસ કરે તો તે તરત જ જોઈ શકશે કે બ્રિટિશ સરકાર પર અસર પાડવાની દૃષ્ટિએ એમાંની ઘણીખરી વસ્તુઓનો બહિષ્કાર કરાવવા પાછળ શ્રમ કરવો એ તદ્દન વ્યર્થ છે. એ પણ ભૂલવું ન જોઈએ કે આટ-આટલાં વરસો ગયાં છતાં, આ એક જ કાર્યને વરેલા શાસ્ત્રજ્ઞોનું મંડળ આપણે ઊભું કરી શક્યા નથી. મહાસભાએ કરેલા એકેએક ઠરાવની નિષ્ફળતાને સારુ મને દોષ દેવાનો રિવાજ આજકાલ કેટલેક ઠેકાણે પડી ગયો દેખાય છે. મને કહેવામાં આવે છે કે અમુક ઠરાવ નિષ્ફળ ગયો કારણ કે હું એનો વિરોધ કરું છું કે એને સારુ કામ નથી કરતો. કોઈ પણ રાષ્ટ્રે આવી નિર્વીર્ય દશામાં રહેવું એના કરતાં મોટી હીણપત બીજી નથી. બ્રિટિશ માલના બહિષ્કારની કલ્પના અને ઝનૂનભરી હિમાયત તો હું દક્ષિણ આફ્રિકાથી પાછો ફર્યો તેનાં પહેલાંથી જ ચાલતી હતી એની ના પડાય એમ નથી. બ્રિટિશ માલના બહિષ્કારના ઠરાવની નિષ્ફળતાનું ખરું અને વધારે સ્વાભાવિક કારણ તો એ દેખીતું છે કે શાસ્ત્રજ્ઞોની કોઈ પણ સમિતિ એ બહિષ્કાર પાર પાડવાની સંતોષ-કારક યોજના હજુ સુધી શોધી શકી નથી. એમ કહેવામાં આવે છે કે ચીનને ફતેહ મળી તો આપણને શા સારુ ન મળે? હા, જો આપણી પાસે એ બહિષ્કારના નિયમન માટે શસ્ત્રબળ વાપરવાની, ખુલ્લો બળવો કરનાર સેના પેદા કરવાની, અને આ ખાસ ઉદ્દેશને સારુ બંદરના મજૂરો પાસે અને બ્રિટિશ માલની આવ-જા સાથે સંબંધ રાખનાર બીજાઓ પાસે પરાણે હડતાળ પડાવવાની ઇચ્છા, હિંમત અને તક હોય તો આપણને પણ ફતેહ મળે. મને લાગે છે કે આપણી

Gandhi Heritage Portal

ઇચ્છા હોય તોપણ, એવો ખુલ્લો સશસ્ત્ર બળવો ચલાવવાની સામગ્રી તો શું શક્તિ પણ આપણી પાસે નથી. અને જેમણે બ્રિટિશ માલના બહિષ્કારની હિમાયત કરી છે તેમણે તેમ જ સવિનયભંગ તપાસ સમિતિએ પણ શસ્ત્રબળથી કામ લેવાની કલ્પના તો કદી રાખી નથી. તેથી હું માનું છું કે બ્રિટિશ માલના બહિષ્કારની જે બૂમ વ્યર્થ અને લગભગ અશક્ય જણાઈ ચૂકી છે તે છોડી દેવામાં જ રાષ્ટ્રનો મોભો, પ્રતિષ્ઠા અને કલ્યાણ વધારે રહેલાં છે. દેશમાં પેદા કરી શકાય એવી તમામ વસ્તુઓમાં સાચા સ્વદેશીની હિમાયત કરવાની કાયમની જરૂરને સજારૂપ બહિષ્કાર સામેની દલીલો જરાય નડે એમ નથી.

છતાં નિરાશ થવાનું કંઈ જ કારણ નથી. આપણે માથે સતત ખડકાતા અન્યાયોની પરંપરા સામે આપણો રોષ બતાવવાનું તૈયાર અને સૌથી અસરકારક સાધન આપણી પાસે પડેલું છે. જો આપણો સંકલ્પ હોય, તો મારો તો દાવો છે કે એકલા બ્રિટિશ કાપડનો જ નહીં પણ તમામ પરદેશી કાપડનો સંપૂર્ણ બહિષ્કાર કરવાની શક્તિ આજે પણ આપણામાં છે. અને જો આપણે એટલું કરીએ તો આપણો રોષ બતાવવામાં આપણે સફળ થઈએ છીએ, એટલું જ નહીં પણ આપણે આમવર્ગની પહેલાં કદી નહોતી કરી એવી સેવા કરીએ છીએ, અને આખા રાષ્ટ્રના પુરુષાર્થમાં તેમનો સહકાર મેળવીએ છીએ. આ કામ કરવાને આપણી પાસે કાર્યકર્તાઓની સેના મોજૂદ છે. આ વસ્તુના પ્રત્યક્ષ જ્ઞાનવાળા શાસ્ત્રજ્ઞો આપણી પાસે પડેલા છે. એ વસ્તુની યોગ્યતા વિશે જરાયે મતભેદ નથી. પરદેશી કાપડનો બહિષ્કાર આગળ વધતો રોકનાર એકમાત્ર વસ્તુ આપણી પોતાની જ અશ્રદ્ધા છે. પરદેશી કાપડ કરતાં કેટલીક વિલાયતી (બ્રિટિશ) વસ્તુઓનો બહિષ્કાર કરવો વધારે શક્ય છે એમ આપણે અજ્ઞાનથી માની લઈએ છીએ એ વસ્તુ વિચિત્ર પણ દુ:ખદ છે.

પણ આ પરદેશી કાપડનો બહિષ્કાર સુધ્ધાં સારી પેઠે વિચાર કરીને ઘડી કાઢેલી યોજના વિના પાર પાડી શકાય એમ નથી. આમવર્ગના આર્થિક કલ્યાણરૂપી ઊંચા અને વધારે ટકાઉ પરિણામનો વિચાર બાજુએ મૂકી કેવળ બહિષ્કાર સાધવાનો જ આપણો વિચાર હોય, તો એમાં જો આપણને આપણી શરતે મિલો સહકાર આપે તો એ બહુ ટૂંકા વખતમાં બની શકે એમ છે. આપણી વણાટ અને કાંતણની મિલોના પ્રામાણિક અને હાર્દિક સહકાર વિના મિલના કાપડથી બહિષ્કાર સાધવાનો પ્રયત્ન કરવો એ તો આપઘાત વહોરી લેવા જેવું અને નરી આંખે નફાખોર મિલમાલિકોના પંજામાં સપડાવા જેવું થાય. જો આ મહાન રાષ્ટ્રીય લડતમાં દેશી મિલના કાપડને ભાગ ભજવવો હોય તો કાપડની જાત અને તેની કિંમત વિશે મિલોએ મહાસભા જોડે કરારમાં ઊતરવું જોઈએ. મિલ એજન્ટોએ તેમના શૅરવાળાઓનાં સંમતિ અને સહકાર મેળવીને કેવળ પોતાના તેમ જ શૅરવાળાઓના ટ્રસ્ટી મટી જવું જોઈએ, અને બંનેએ આખા દેશના ટ્રસ્ટી થવું જોઈએ. પછી વધારામાં ખાદીની મદદથી પરદેશી કાપડને આ દેશમાંથી કાયમનો દેશવટો દેવામાં સફળતા મળી શકશે. છતાં મિલોના સહકાર વિના પણ કેવળ ખાદી દ્વારા પરદેશી કાપડનો બહિષ્કાર સાધવો શક્ય છે, જોકે એમાં વખત વધારે લાગશે. એમાં પણ મિલો તો ભાગ ભજવશે જ, પણ તે માલિકોની ઇચ્છા વિરુદ્ધ હશે. ખાદી તેમના લોભ પર અસરકારક અંકુશ મૂકશે, કાપડનો દુકાળ અટકાવશે. ખાદી ભૂખે મરતાં કરોડોને ચેતન, આશા અને કામ આપશે, સાદું કપડું વણનાર વણકરોનો પ્રાચીન ધંધો સજીવન કરશે, અને અંતે થોડા જ વખતમાં પરદેશી કાપડને હાંકી કાઢી તેનું સ્થાન લેશે, અને મિલના નફા પર મર્યાદા મૂકશે. આટલું થતાં કેટલો કાળ જશે એનો આધાર તો રાષ્ટ્રના સંકલ્પમાં કેટલું બળ છે, અને ઝીણાં વસ્ત્રોની અભિરુચિનો તેમ જ

Gandhi Heritage Portal

પૈસાનો સહેજ ત્યાગ (જે કાપડ વાપરનાર, વ્યક્તિઓના ગજા ઉપરાંતનો ન કહેવાય) કરવાની કેટલી શક્તિ તેનામાં રહેલી છે એના પર છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २६–१–१९२८

ભાષાંતર : नवजीवन, २९–१–१९२८

## ૩૭૬. ખાદી ગાઇડ

અખિલ હિંદ ચરખા સંઘે બહાર પાડેલી ખાદી ગાઇડ એક ઉપયોગી પ્રકાશન છે. તેમાં ઉપયોગી પ્રસ્તાવના, ચરખા સંઘનું બંધારણ, અને જે પ્રાંતોમાં ખાદીનું ઉત્પાદન કરવામાં આવે છે ત્યાં કરવામાં આવેલા કામની વિગતો આપવામાં આવી છે. કોઈ ખાદીપ્રેમી અને પ્રામાણિક શંકા કરનાર આ માર્ગદર્શિકા મેળવ્યા વિના ન રહે. તેની કિંમત આઠ આના રાખવામાં આવી છે. આ પુસ્તિકા અખિલ હિંદ ચરખા સંઘ, મિરજાપુર, અમદાવાદ તથા બધા મુખ્ય ખાદી ભંડારોને ૯½ આનાની ટિકિટ મોકલવાથી મળી શકશે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २६–१–१९२८

## ૩૭૭. રાજેન્દ્રપ્રસાદ મિશ્રને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,<br>
સાબરમતી,<br>
જાન્યુઆરી ૨૬, ૧૯૨૮

ભાઈ રાજેન્દ્રપ્રસાદજી મિશ્ર,

આપનો પુત્ર મારી પાસે આવ્યો છે અને કહે છે કે તે અને તેની પત્ની પડદો છોડવા ઇચ્છે છે, પણ આપ તેનો વિરોધ કરો છો. તે મને પૂછે છે કે તેનો ધર્મ શો છે. મેં કહ્યું છે કે હમણાં તો આપની આજ્ઞાનું પાલન કરે અને પત્ની માટે એક શિક્ષિકા રાખે. શિક્ષિકા અહીંથી મોકલી શકાય તેમ છે. મારી તો આપને સલાહ છે કે આપ દંપતીને પોતાની ઇચ્છા મુજબ ચાલવા દેશો. આ જમાનામાં પડદો નભી શકે તેમ નથી, આવશ્યક પણ નથી. પ્રાચીન કાળમાં પડદાની બૂરી પ્રથા નહોતી.

આપનો<br>
**મોહનદાસ ગાંધી**

[મૂળ હિંદી]

પત્રની છબી પરથી : જી. એન. ૮૦૨૫

Gandhi Heritage Portal

## ૩૭૭(૧). જવાહરલાલ નેહરુને તાર[1]

સાબરમતી,
જાન્યુઆરી ૨૬, ૧૯૨૮

જવાહરલાલ નેહરુ
આનંદ ભવન
અલ્લાહાબાદ

તમારો પત્ર મળ્યો. મારો પત્ર[2] માત્ર તમને રાહત અને સ્વતંત્રતા આપવા માટે લખાયો હતો. તમારા તરફથી આવેલી કોઈ વસ્તુ પ્રકાશિત કરવાની ઇચ્છા નથી. શકય હોય તો પિતાજીને જરૂર લાવજો.

સસ્નેહ,

બાપુ

[મૂળ અંગ્રેજી]
ગાંધી-નેહરુ પેપર્સ, ૧૯૨૮
નેહરુ મેમોરિયલ મ્યુઝિયમ અને લાઈબ્રેરીના સૌજન્યથી

## ૩૭૮. સતીશચંદ્ર દાસગુપ્તાને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
જાન્યુઆરી ૨૭, ૧૯૨૮

પ્રિય સતીશબાબુ,

બધા રાજદ્વારી કેદીઓના છુટકારામાં તમે જે રસ લઈ રહ્યા છો અને તેમાંથી જે અનુમાનો તારવો છો તે હું જોઈ રહ્યો છું. અત્યારે હરેક વસ્તુ માટે આપણે સરકાર પર આધાર રાખતા હોઈએ તે વખતે આ મને અનિવાર્ય લાગે છે.

હજી તમારો લેખ મને મળ્યો નથી, પણ આ પત્ર ટપાલમાં નંખાય તે પહેલાં, મને આશા છે કે તે મને મળશે અને હું તે વાંચી લઈશ. કંઈ ટીકા કરવા જેવું હશે તો તે ટીકા આ પત્ર સાથે આવશે

ફૉરવર્ડની કાપલી બહુ મનોરંજક છે અને કંઈક દુ:ખ થાય એવી છે. મેં લાલા દુનીચંદનો મૂળ લેખ વાંચ્યો હતો. લાલા દુનીચંદ જો ફૉરવર્ડમાં આવેલાં ઝમકદાર મથાળાં વાંચશે તો કાં

૧. અંગ્રેજી પુસ્તકમાં આ લેખ પૂર્તિરૂપે આપ્યો છે.
૨. જુઓ "જવાહરલાલ નેહરુને પત્ર", ૧૭-૧-૧૯૨૮.



Gandhi Heritage Portal

તો હસશે અથવા રડશે. હું આશા રાખું છું કે મેં કર્યું છે તેમ તેઓ પણ માત્ર હસશે. યંગ ઇન્ડિયામાં મેં જે બેજવાબદારી વિશે લખ્યું છે[1] તેનું આ કાપલી એક વધુ ઉદાહરણ છે.

સસ્નેહ,

તમારો સહૃદયી

બાપુ

[તા. ક.]

તમારો લેખ હજી હાથમાં આવ્યો નથી.[2] તમારો બીજો પત્ર હમણાં મળ્યો. કૅપ્ટન પેટાવલને સંદેશો મોકલું છું. આશા રાખું છું કે મેમનસિંગની તમારી મુલાકાત સફળ થઈ હશે અને તેને લઈને તમને કંઈ ખરાબ અસર નહીં થઈ હોય.

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: જી. એન. ૧૫૮૩

## ૩૭૯. ડૉ. બી. એસ. મુંજેને પત્ર[3]

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
જાન્યુઆરી ૨૭, ૧૯૨૮

પ્રિય ડૉ. મુંજે,

મને પત્ર લખવામાં તમે પૂરો વિવેક વાપર્યો છે. તમારી સામાન્ય સૂચના સાથે હું પણ સંમત થઈ જાઉં. પરંતુ શું આપણે માત્ર મુસલમાનો પર સખતાઈ કરીને એ લાગુ પાડી શકીએ, અથવા સુધારાનો આરંભ તેમનાથી કરી શકીએ? શું દેશમાં આપણી કેવળ હિંદુઓની સંખ્યાબંધ સંસ્થાઓ નથી? વળી, આ મુસ્લિમ યુનિવર્સિટીમાં હિંદુ વિદ્યાર્થીઓના પ્રવેશની બંધી નથી. હકીકતમાં, આ યુનિવર્સિટીમાંથી સારી રાષ્ટ્રસેવા કરી રહેલા પ્રખ્યાત હિંદુ સ્નાતકો ક્યારનાયે

૧. જુઓ "રાષ્ટ્રીય કૉંગ્રેસ", ૫-૧-૧૯૨૮.

૨. આ પત્ર પર એ. સુબૈયાની નોંધ છે કે, "ઉપરની નોંધ લખાયા પછી બાપુજીને લેખ આપવામાં આવ્યો હતો."

૩. આ પત્ર ડૉ. મુંજેના ૧૮ જાન્યુઆરીના પત્રના જવાબમાં લખવામાં આવ્યો હતો. જામિયા મિલિયાના ફંડનો ઉલ્લેખ કરી ડૉક્ટરે પોતાના પત્રમાં લખ્યું હતું: "હું ઘણા વખતથી માનતો આવ્યો છું કે સાંપ્રદાયિક અલગતા પર ભાર મૂકવા માટે અને તેમાં અતિશયોક્તિ કરવા માટે આવી સાંપ્રદાયિક સંસ્થાઓ, બીજાં કારણો ઉપરાંત, મુખ્યત્વે જવાબદાર છે, પરિણામે છેવટે હિંદુમુસ્લિમ તંગદિલી થાય છે. . . . હું આપણા આદરણીય અને પ્રિય મરહૂમ હકીમજીના સ્મારકની રાષ્ટ્રીય યોજનામાં. . . . આપણા પૂજ્ય સદ્ગત સ્વામી શ્રદ્ધાનંદના સ્મારકની એવી જ યોજનામાં આપું તેમ, ખુશીથી સાથ આપીશ. . . . પણ એથીયે સારું તો એ છે કે સ્વામીજી અને હકીમજી બંનેનું સહિયારું સ્મારક થવા દો જે દુનિયાને પોકારીને કહેશે કે, હિંદુમુસલમાન બંનેએ, શુદ્ધ અને નિર્ભેળ રાષ્ટ્રીયતામાં જન્મેલી હાર્દિક એકતા સ્થાપવાનો અને એ રીતે ધિક્કારપાત્ર કોમવાદને તિરસ્કારપૂર્વક અને નિષ્ઠુરપણે ઠુકરાવી દેવાનો નિશ્ચય કર્યો છે. . . ." (એસ. એન. ૧૨૩૯૪).

Gandhi Heritage Portal

બહાર પડી ચૂક્યા છે. આજે પણ કેટલાક હિંદુઓ ત્યાં અભ્યાસ કરે છે. ત્રીજું, કોઈ સાંપ્રદાયિક સંસ્થાનો દૃષ્ટિકોણ રાષ્ટ્રીય હોય, અને તેનો ઉપયોગ ખરેખર રાષ્ટ્રીય પ્રગતિ માટે કરવામાં આવતો હોય તો એવી સાંપ્રદાયિક સંસ્થાને પણ રાષ્ટ્રીય કહી શકાય. તેથી, બની શકે તો હકીમજીના આ સ્મારકને તમે ટેકો આપો એમ હું ઇચ્છું છું.

શ્રદ્ધાનંદજીનું મૃત્યુ જે સંજોગોમાં થયું તે જોતાં તેમનું સ્મારક એક જુદી ભૂમિકા પર અને એક રીતે ઊંચી ભૂમિકા પર ઊભું થયેલું છે. પણ એના સ્મારકની જે કલ્પના કરવામાં આવી છે તે જોતાં તેને રાષ્ટ્રીય ન કહી શકાય. એ શુદ્ધ હિંદુ સ્મારક છે. કારણ કે શુદ્ધિ કાર્ય તેમ જ અસ્પૃશ્યતા એકલા હિંદુઓએ સંભાળવાની વસ્તુઓ છે. તેથી આ બંને સ્મારકોને અલગ રાખવાં જોઈશે. દરેક પોતાનો વિશિષ્ટ ઉદ્દેશ ધરાવે છે.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૧૨૩૯૪

## ૩૮૦. એફ. ડબલ્યુ. સ્ટેનથાલને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
જાન્યુઆરી ૨૭, ૧૯૨૮

પ્રિય ભાઈ,

તમારો પત્ર[1] મળ્યો. આવતા મંગળવારે બપોર પછી ૩-૦૦ અને ૫-૦૦ની વચ્ચે તમને મળતાં મને આનંદ થશે. સોમવારે આવો તો ભલે આવો, પણ હું મૌન રાખીશ, કારણ કે મારે માટે એ મૌનવાર છે. પણ તમારે સોમવારે રાત્રે ઊપડી જવાનું હોય અને હું તમને મળી જ ન શકું તેના કરતાં તમને સોમવારે આવવા સૂચવું છું. હું જોકે બોલી નહીં શકું, પણ તમે મને જે કહેવા ઇચ્છો તે કહી શકશો.

તમારો સહૃદયી

રેવ. એફ. ડબલ્યુ. સ્ટેનથાલ
સાલ્વેશન આર્મી સોલ્જર્સ હોમને સરનામે
દિલ્હી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૧૩૦૫૧

૧. ૨૩-૧-૧૯૨૮નો. સ્ટેનથાલ અને તેમનાં પત્ની મિશનરી હતાં. તેમણે લગભગ ૩૦ વરસ સુધી બંગાળી વિદ્યાર્થીઓ અને ગામડાંના સંથાલો વચ્ચે વિતાવ્યાં હતાં, અને હવે હિંદ છોડીને જતાં હતાં. તેમણે પોતાના પત્રમાં ગાંધીજીને મળવાની ઇચ્છા વ્યક્ત કરી હતી.

Gandhi Heritage Portal

# ૩૮૧. રામદાસ ગાંધીના વિવાહ પ્રસંગે ભાષણ[1]

સાબરમતી,
જાન્યુઆરી ૨૭, ૧૯૨૮

સાડા નવ વાગ્યે સૌ પ્રાર્થનાસ્થાને ભેગાં થયાં, અને ગાંધીજીએ વરવધૂને આશીર્વાદ આપ્યા. અગાઉ આશ્રમમાં સાત વિવાહ થઈ ગયા, ગયે વર્ષે અકોલામાં પોતાના બીજા પુત્રના વિવાહ ગાંધીજી કરી આવ્યા. પણ આ પ્રસંગનું કરુણ ગાંભીર્ય વર્ણવ્યું જાય એમ નથી. સુત, વિત્ત, દારા અને દેહનો ત્યાગ સદૈવ આચરતા અને ઉપદેશતા ગાંધીજી ક્ષણવાર સામાન્ય પિતાની લાગણીને વશ થયા, પોતાના જ હાથ નીચે ઊછરેલા, અને મા છતાં મા અને બાપ બંને બનીને ઉછેરેલા પોતાના બે પુત્રો દેવદાસ અને રામદાસની વાત કરતાં પોતાની સ્મૃતિમાં જાણે ૩૦–૩૦ વર્ષના ઈતિહાસ તાજા થયા, અને એ સ્મૃતિ આંખમાંથી છલકાઈ રહી. "રામદાસ તારે વિશે મેં ભારે આશા બાંધેલી છે," કહેતાં ડૂમો ભરાયો. "તારા કેટલાક દોષો તેં મારી આગળ કબૂલ કર્યા છે," કહેતાં તો સત્યવ્રત પિતાની, પોતાનો બીજો કશાનો નહીં તો સત્યનો વારસો કાયમ રાખનાર પુત્રની સત્યશીલતાના વિચારે, પાછી છાતી ભરાઈ આવી, અને અનેક ક્ષણ સુધી અવાક રહ્યા. સામાન્ય પિતાનો પુત્ર વિશેનો મોહ ગળું નહોતો રૂંધતો, ગાંધીજીનો સત્ય વિશેનો મોહ ગળું રૂંધી રહ્યો હતો. એ પવિત્ર પ્રેમ અને મોહની કરુણ ઘડીઓ ચીતરવાનું કોનું સામર્થ્ય છે?

અંતે હૈયું કઠણ કરી ગાંધીજી બોલ્યા :

પણ તારા એ દોષો મને વસ્યા નથી, એટલે હું એથી ભય નથી પામ્યો એમ મેં તને કહી દીધેલું છે. તેં કબૂલ કર્યું છે છતાં મેં તને નિર્દોષ, ભોળો માન્યો છે, તેથી હું રાજી થયો છું કે તું ચાલાક થઈ જગતને છેતરે તે કરતાં જગત તને ભોળો કહી છેતર્યા કરે તોય હું છાનોમાનો અભિમાન માનવાનો. એવો જ તું રહેજે. ગરીબાઈથી શરમાતો નહીં, બીતો નહીં.

નીમુને (વધૂને ઉદ્દેશીને) સાચવજે; તેનો સરદાર ન બનજે, મિત્ર બનજે. એની એટલે એનાં શરીર અને નીતિની રક્ષા કરજે, ને નીમુ તારાં શરીર અને નીતિની રક્ષા કરે. તેમ કરવા માટે તમારે બંનેએ હમેશાં ઉદ્યમી રહેવું પડશે. મૂર્છામાં આવી પતિપત્ની એકબીજાનો દુરુપયોગ કરે છે. તમે બેઉ સમજો અને જેટલો સંયમ પાળી શકાય તેટલો પાળજો.

અહીં ઊછર્યાં છો તેનો લાભ જગતને આપજો — સેવાપરાયણ રહેજો. સેવા કરતાં શરીર ઘસી નાખશો તેમાં જ તમે શોભશો એમાં મને જરાય શંકા નથી.

ગરીબ માણસ જેમ કરે છે તેમ બંને મહેનતુ, એકબીજાના કામમાં ભાગ લેતાં થજો. એ જ તમારો વિનોદ—આરામ થજો. જે જે અભિલાષા મારી તમે જાણો છો તે સફળ કરજો.

તમને મેં ગીતા અને ભજનાવલિ આપ્યાં છે, અને નાનકડી તકલી આપી છે. હું માગી લાવીને તમને ઘરેણાં આપત તો મારી હલકાઈ દેખાત, અને જગત હસત. પણ મારી તકલી અને મારી સૂત્રમાળ જોઈને જગત કહેશે કે મને શોભે તે શોધીને મેં તમને આપ્યું છે.

૧. મહાદેવ દેસાઈના "આશ્રમમાં" નામના લેખમાંથી. એમાં "એક પવિત્ર ધર્મવિધિ" એ મથાળા હેઠળ આ ભાષણ આપ્યું છે.

Gandhi Heritage Portal

ગીતાનું વખતોવખત મનન કરજો. એ તમારે માટે હીરાસોનાની ખાણ થઈ પડો. અને એ એવી ખાણ જ છે,—જો તમને શોધતાં આવડે તો. તમારો વિનોદ એમાંથી કાઢજો, તમારાં થાક અને કષ્ટ એના રસમાં ભૂલજો. તો જ તમારું કલ્યાણ થશે, તમે તેજસ્વી થશો. ઈશ્વર તમને દીર્ઘાયુ આપે, અને આપે તેનો તમે સારામાં સારો ઉપયોગ કરો.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૫–૨–૧૯૨૮

## ૩૮૨. સાબરમતી આશ્રમમાં ભાષણ[1]

જાન્યુઆરી ૨૭, ૧૯૨૮

સાંજે વિવાહવિધિના મર્મ વિશે પ્રાર્થનામાં બોલતાં નવી જ વાત ચર્ચી. આ વિવાહમાં કન્યા પણ મોઢ વણિક જ્ઞાતિની હતી, એટલે ગાંધીજીને જ્ઞાતિઓના વાડા તોડવા વિશે બોલવાનો પ્રસંગ મળ્યો, અને બોલ્યા :

એક જ જ્ઞાતિનાં વરકન્યાની આપલે થતી હોય એવો વિવાહ[2] આશ્રમમાં કદાચ આ છેલ્લો હશે એવી મારી આશા છે. કેટલોક સમય થતાં મને બહુ તીવ્ર રીતે લાગતું આવ્યું છે કે આશ્રમમાં જ આ સુધારાનો આરંભ કર્યે છૂટકો છે. બીજાઓને તે વિશે મુશ્કેલી હોય પણ આપણો સમુદાય આ બાબતમાં સહેજે પહેલ કરી શકે. આપણે એક જ્ઞાતિનું બીજી જ્ઞાતિનાને વરે તો ઉત્તેજન આપવું, એક જ જ્ઞાતિના વિવાહને ઉત્તેજન ન આપવું.

વિવાહના ઉદ્દેશ વિશે બોલતાં :

બ્રહ્મચર્યની વૃદ્ધિ ઇચ્છનાર આપણી સંસ્થા છે — વિવાહો કરી આપનાર આપણી સંસ્થા નથી એ ન ભૂલશો. જે વિવાહ કરીએ છીએ તે અનિવાર્ય સમજીને, તેને સંયમનું, ત્યાગનું સાધન સમજીને. વિધિ કેવળ ધર્મદૃષ્ટિએ જ થાય છે, એટલે તેમાં જેટલું બને તેટલાં ગાંભીર્ય અને સાદાઈ રેડીએ છીએ. કન્યાની ઉંમર વધારીને આપણે તેને ૨૦–૨૫ સુધી પહોંચી શકીએ તો સારું ખરું . . . ત્યાગી અને ભોગીની રહેણીકરણીમાં ચોખ્ખો તફાવત હોય. એ વસ્તુ કબૂલ નથી થતી તેથી ત્યાગ મુશ્કેલ થઈ પડે છે. ત્યાગ સંયમની સીમા નથી, ભોગને હમેશાં સીમા છે એ વિચાર હમેશાં યાદ રાખીએ, અને દેશ અર્થે ત્યાગ કરનારનો સમુદાય વધતો જ જવો જોઈએ એ યાદ રાખીએ.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૫–૨–૧૯૨૮

૧. મહાદેવ દેસાઈના "આશ્રમમાં" નામના લેખમાં "એક પવિત્ર ધર્મવિધિ" એ પેટામથાળા હેઠળ આ ભાષણ આપ્યું છે.

૨. જુઓ આ પહેલાંનો લેખ.

Gandhi Heritage Portal

## ૩૮૩. પ્રભાવતીબહેનને પત્ર

[જાન્યુઆરી ૨૭, ૧૯૨૮ પછી][1]

ચિ. પ્રભાવતી,

તારો પત્ર મળ્યો છે. બાબુજી[2] હવે સારા થઈ ગયા હશે. તારે માટે તો શું કહું? હું લગભગ લાચાર બની ગયો છું.

હું થોડા દિવસ માટે કાઠિયાવાડ ગયો હતો. તે વખતે મૃત્યુંજય અને વિદ્યાવતી બંને મારી સાથે આવ્યાં હતાં. બંનેની તબિયત હમણાં તો સારી રહે છે.

વસંત પંચમીને દિવસે રામદાસનું લગ્ન નીમુબહેન સાથે થયું. લગ્ન બહુ સાદાઈથી કરવામાં આવ્યું હતું.

બાપુના આશીર્વાદ

[મૂળ હિંદી]

પત્રની છબી પરથી : જી. એન. ૩૩૪૦

## ૩૮૪. ચ. રાજગોપાલાચારીને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
જાન્યુઆરી ૨૮, ૧૯૨૮

પ્રિય સી. આર.,

તમારો પત્ર[3] મળ્યો. હું ઇચ્છું છું કે તમે મારી ચિંતા કરવાનું છોડો. હું તમને માત્ર એટલી ખાતરી આપી શકું કે હું જાણીજોઈને મારી તબિયત બગડે એવું કંઈ નહીં કરું. પણ મારો સ્વભાવ તમે જાણો છો. હું કોઈ જગ્યાએ થોડો વખત પણ સ્થિર થઈને રહું તો આહારના અખતરા કર્યા વગર ન રહી શકું. તમે એ પણ જાણો છો કે મારી તીવ્ર ઇચ્છા હમેશાં લીલાં અને સૂકાં ફળના આહાર પર પાછા આવવાની અથવા કાંઈ નહીં તો, બની શકે તો દૂધ વિનાના આહાર પર આવવાની રહી છે. હમણાં મને લાગે છે કે હું એ સહેલાઈથી કરી શકું છું અને તેથી મેં એ પ્રમાણે કર્યું છે. હવે આ રીતે ચલાવી શકું છું એટલે દૂધ સિવાય ચલાવવું અશક્ય છે; એવી મને ખાતરી ન થાય ત્યાં સુધી મારે માટે ફરીથી દૂધ પર આવવાનું મુશ્કેલ છે. હું તમને માત્ર એટલું કહી શકું કે હું કોઈ વસ્તુ મમતે ચડીને નહીં કરું. ડૉ. મુથુની સલાહ અનુસાર હું મારું લોહીનું દબાણ મપાવતો નથી, પણ મારી તબિયત સરસ થતી જાય છે.

૧. રામદાસ ગાંધીના લગ્નના ઉલ્લેખ પરથી, જે આ દિવસે થયું હતું.

૨. બ્રજકિશોરપ્રસાદ, પ્રભાવતીબહેનના પિતા.

૩. ૨૩–૧–૧૯૨૮નો.

Gandhi Heritage Portal

કાઠિયાવાડમાં મેં જોયું કે હું થાક કે બીજી તકલીફ અનુભવ્યા વિના લગભગ પહેલાંના જેટલો જ ઊંચો અવાજ કાઢી શકું છું. આખો એક કલાક ચાલેલું મારું ભાષણ[1] અગાઉથી વિચારી રાખેલું હતું અને ખૂબ ઝડપથી આપવામાં આવ્યું હતું. છતાં એ પૂરું થયે થાકનું કોઈ ચિહ્ન જણાયું નહોતું. ખરે જ એ મારી પ્રગતિની કંઈક કસોટી હતી. અને સતત બે દિવસ સુધી રાતે ૧૧ વાગ્યા સુધી ચાલતી સમિતિની બેઠકોમાં મેં માત્ર હાજરી જ નહોતી આપી, વાત પણ કરી શક્યો હતો.

કામને વિશે પણ હું એમ તો નથી કહી શકતો કે હું બહુ શ્રમ પડે એવું કામ નથી કરતો, પણ એ મારી શક્તિની બહાર હોતું નથી.

લક્ષ્મીને તાવ શાથી આવ્યો? આશા રાખું છું કે તે હવે સારી થઈ ગઈ હશે.

અસ્પૃશ્યતાના કામ માટે હું તમને તરતમાં રૂ. ૫૦૦૦/– મોકલવાની આશા રાખું છું.

બાપુ

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૩૦૫૦

## ૩૮૫. રિચાર્ડ બી. ગ્રેગને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
જાન્યુઆરી ૨૮, ૧૯૨૮

પ્રિય ગોવિંદ,

હાલમાં તમે પૂના છો જાણીને આનંદ થયો. આશા રાખું છું કે તમે ઝપાટાબંધ સારા થઈ જશો. તમે બની શકે એટલા જલદી અહીં આવો તેની હું રાહ જોઈશ. હું ઇચ્છું છું કે તમે ડૉક્ટરના કે મારા ઋણી છો, એ ખ્યાલ તમારા મનમાંથી કાઢી નાખો. આખરે તો આપણે આ દુનિયામાં બદલાની આશા રાખ્યા વગર એકબીજાની સેવા કરવા માટે છીએ.

ખંભાતા દંપતીને મારા નમસ્કાર કહેજો અને બીજી વાર પત્ર લખો ત્યારે ખંભાતા કેમ છે તે જણાવજો.

તમને બધાને સસ્નેહ,

તમારો સહૃદયી
બાપુ

શ્રીયુત રિચાર્ડ બી. ગ્રેગ
શ્રીયુત એફ. પી. પોચાને ત્યાં
૮, નેપિયર રોડ,
કૅમ્પ, પૂના

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૩૦૫૬

૧. જુઓ "કાઠિયાવાડ રાજકીય પરિષદમાં ભાષણ", ૨૨-૧-૧૯૨૮.

Gandhi Heritage Portal

## ૩૮૬. હેમપ્રભાદેવી દાસગુપ્તાને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
જાન્યુઆરી ૨૮, ૧૯૨૮

પ્રિય બહેન,

તમારો પત્ર મળ્યો.

ઉર્દૂ શીખવાની તો આવશ્યકતા નથી. પરંતુ નવજીવનના જે શબ્દો ન સમજાય અને જે આશ્રમમાં કોઈ ન સમજાવી શકે તે વિશે અહીં લખજો. આ રીતે તમારો પોતાનો શબ્દકોષ તૈયાર કરી લેવો.

નિખિલની ચિંતા છોડો. જેને પ્રાર્થનામાં શ્રદ્ધા છે તેને કોઈ પણ પ્રકારની ચિંતા ન હોવી જોઈએ. પ્રાર્થનાનો એક અર્થ એ છે કે આપણે આપણી સઘળી ચિંતા પણ રોજ ઈશ્વરને ચરણે ધરી દઈએ છીએ. પછી ચિંતાને કોઈ સ્થાન નથી રહેતું.

બાપુના આશીર્વાદ

[મૂળ હિંદી]

પત્રની છબી પરથી: જી. એન. ૧૬૫૪

## ૩૮૭. ગૂજરાત વિદ્યાપીઠમાં ભાષણ[1]

જાન્યુઆરી ૨૮, ૧૯૨૮

આજે જે વિચારો રજૂ થયા તે મેં નથી કર્યા એમ નહીં. મહાસભાએ [સભ્ય ફી] ચાર આના રાખી ખરેખર પ્રજાતંત્ર કર્યું હતું. પણ તે મતાધિકારનો ઉપયોગ બરોબર થયો નથી. આ યોજનાથી સ્નાતકોને દૂર કરવાનો અથવા નિયામક સભાએ બરાબર કાર્ય નથી કર્યું એમ કહેવાનો આશય નથી. આજે બધાને એમ થઈ જાય કે બસ હવે અસહકાર નહીં જોઈએ અને મહાસભા પણ ઠરાવ કરે, પરંતુ મારી મરજી મુજબનું સ્વરાજ ન મળે ત્યાં સુધી હું સંતોષ ન માનું. આ રીતે ચૂંટણીનું તત્ત્વ દૂર કરી આ ટ્રસ્ટ એટલા માટે જ બનાવવાનું કે આ તંત્ર સમયાનુસાર ન થતાં પોતાના ધ્યેયને અનુસરે. અને તેટલી શક્તિ ન હોય તો બીજા શક્તિવાળાને સોંપી દે. આમ સોંપવામાં ઢીલ કરે તો સત્યાગ્રહ કરી શકાય અને નહીં તો પ્રજાનાં નાણાં માટે દંડો વાપરી શકાય. અથવા વચલો માર્ગ કોર્ટનો. મંડળમાં હું નથી એનું કારણ તો એ કે હું હવે કોઈ પણ મંડળમાં રહેતો નથી. આશ્રમ અને ચરખા સંઘની કાર્યવાહક સભાઓમાંથી હું છૂટો થયો છું. હવે મારે સત્તાથી — લોઢાના હાથથી — કામ નથી લેવું, પરંતુ પ્રેમથી અને તમારા

૧. સંસ્થાના બંધારણનું ઘડતર નવેસરથી કરવા અને સંસ્થાને નવા પાયા પર મૂકવા ગૂજરાત વિદ્યાપીઠની સેનેટની એક બેઠક મળી હતી. ગાંધીજી કુલસચિવ હતા અને તેમણે એ બેઠકનું અધ્યક્ષપદ સંભાળ્યું હતું. જુઓ પુસ્તક ૩૬, "ગૂજરાત વિદ્યાપીઠ", ૨-૨-૧૯૨૮.

Gandhi Heritage Portal

હૃદયને સ્પર્શીને કામ લેવું છે. મંડળની અંદર ન રહીને હું એ પણ બતાવવા માગું છું કે આ મંડળમાં જેઓ નથી તેઓની જવાબદારી ઓછી થતી નથી.

[મૂળ ગુજરાતી]

પ્રજાબંધુ, ૫–૨–૧૯૨૮

# ૩૮૮. એક બહેનની વિટંબણા

[જાન્યુઆરી ૨૯, ૧૯૨૮]

એક બહેન લખે છે:

> એક વર્ષ પહેલાં મેં તમને ખાદી વિશે ભાષણ આપતાં સાંભળ્યા હતા. તમે બધાને ખાદી પહેરવાની ભલામણ કરી હતી. તે ઉપરથી મેં ખાદી પહેરવાનો નિશ્ચય કર્યો. પણ અમે ગરીબ છીએ; ને મારા પતિ કહે છે કે ખાદી મોંઘી પડે છે. અમે મહારાષ્ટ્રમાં હોઈ દક્ષિણી સાડી વાપરીએ છીએ. તેની લંબાઈ નવ વાર હોય છે. હવે જો હું નવને બદલે છ વારની સાડી પહેરું તો ઘણું ખર્ચ બચે. પણ મારા વડીલો તેમ કરવા નથી દેતા. હું તેમને બહુ સમજાવું છું કે પ્રધાન વસ્તુ ખાદી છે, સાડી પહેરવાની રીત ગૌણ વસ્તુ છે. પણ તૂતીનો અવાજ કોણ સાંભળે? તેઓ કહે છે કે હું હજુ ભરજુવાનીમાં છું એટલે મને આવાં નખરાં સૂઝે છે. પણ જો તમે મને સંદેશો મોકલો કે ગમે તે ઢબે પણ ખાદી જ પહેરવી જોઈએ તો તેઓ માનશે. ગરીબ બહેનને આટલી મદદ જરૂર દેજો.

મૂળ કાગળ અંગ્રેજીમાં છે. મેં અહીં તેના જરૂરી ભાગનો તરજુમો આપ્યો છે. આ બહેનને તો મેં મારો અભિપ્રાય[1] મોકલી આપ્યો છે. પણ આ બહેનની મુશ્કેલીના જેવી મુશ્કેલી તો ઘણી બહેનોને આવે છે, એમ હું જાણું છું તેથી અહીં હું તેની નોંધ લઉં છું.

આ બહેનમાં દેશાભિમાન તીવ્ર હોવાનો સંભવ છે, કેમ કે ઘણી બહેનો આમની જેમ પોતે જ જૂની ઢબો કે જૂના રિવાજો છોડવા તૈયાર નથી હોતી. એક પણ અગવડ ભોગવ્યા વિના, રિવાજોની સારાસારતા વિચાર્યા વિના તેને વળગી રહેવા છતાં, વધારે ખર્ચ ન કરવું પડે એ શરતે સ્વરાજ મળે તો તે લેવા કે મેળવવા ઘણી બહેનો તેમ જ ઘણા ભાઈઓ તૈયાર હોય છે. પણ આમ સ્વરાજ મળવાનું જ નથી. સ્વરાજ મેળવવું એટલે સ્વાર્થત્યાગ કરવાની શક્તિ કેળવવી. અને સ્વાર્થત્યાગમાં પ્રાંતીયતાનો ત્યાગ પણ આવી જાય છે.

પ્રાંતીયતાથી રાષ્ટ્રીય સ્વરાજ તો મળે જ નહીં, પણ પ્રાંતીય સ્વરાજ મળવાનુંયે વધારે કઠિન બને. આ સાંકડી પ્રાંતીયતા જાળવી રાખવામાં બહેનોનો ફાળો કદાચ પુરુષો કરતાં વધારે છે. અમુક અંશે વિવિધતા સંગ્રહ કરવા યોગ્ય છે. પણ એ હદ ઓળંગ્યા પછી વિવિધતાને નામે પળાતા ભોગો અને રિવાજો રાષ્ટ્રભાવનાના નાશક છે. દક્ષિણી સાડી શોભાવાળી છે. પણ રાષ્ટ્રને ભોગે એ શોભા મળતી હોય તો તે ત્યાજ્ય છે. જો કચ્છી પછેડો કે પંજાબી ઓઢણી પહેર્યે ખાદી સસ્તી પડતી હોય તો આપણે તેમાં ખરી શોભા માનીએ. દક્ષિણી કછોટો, ગુજરાતી લટકતી

૧. આ પત્ર મળતો નથી.

Gandhi Heritage Portal

સાડી, કચ્છી પછેડો, બંગાળી રીત એ બધી સાડી પહેરવાની વિવિધ રાષ્ટ્રીય રીતો છે; અને તેમાંથી ગમે તે રીતે સાડી પહેરતાં તે રાષ્ટ્રીય રીત માનવી જોઈએ. આ બધી રીતોમાંથી એ રીત પસંદ કરાય કે જેથી શરીર પૂરું ઢંકાતાં કપડું ઓછામાં ઓછું જોઈએ. આ રીત કચ્છી ઘાઘરો ને પછેડો છે. પછેડો ત્રણ ગજમાં થાય છે. એટલે ગુજરાતી સાડી કરતાં પણ અરધું ખર્ચ થયું, અને ભાર ઓછો થયો એ વધારાનું. જો પછેડો ને ઘાઘરો એક જ રંગનાં હોય છે, તો સાડીને બદલે પછેડો પહેર્યાની ખબર પણ એકાએક પડતી નથી. આવા પ્રકારની રાષ્ટ્રીય રીતોની આપલે અને તેનું અનુકરણ સ્તુત્ય છે.

શ્રીમંતોને ત્યાં અનેક પ્રાંતોના પોશાકો હોય એ ઇચ્છવા યોગ્ય છે. ગુજરાતીને ત્યાં બંગાળી પરોણા આવે ત્યારે મિજબાન ધણીધણિયાણી બંગાળી પોશાક પહેરે, ને ગુજરાતી મહેમાનની પરોણાગત કરતું બંગાળી દંપતી ગુજરાતી પોશાક પહેરે, એમાં કેટલો વિવેક અને કેટલી રાષ્ટ્રીય ભાવના ભર્યાં છે? પણ આવું તો રાષ્ટ્રભાવનાવાળા ધનિક દેશપ્રેમી જ કરી શકે. મધ્યમવર્ગના ને ગરીબ દેશપ્રેમી જે પ્રાંતનો પોશાક ખાદી પહેરવા સારુ સસ્તો ને સરળ હોય તે પહેરવામાં અભિમાન સમજે. અને તેમાંયે કંગાળ શું પહેરે છે તેનો વિચાર કરી તેમાંથી પોતાને સારુ પોશાક નિપજાવે.

સ્વદેશી એટલે પોતાના ખાબોચિયામાં બૂડી મરવું એ નથી, પણ પોતાના ખાબોચિયાનો સાર્વજનિક સમુદ્રમાં હોમ કરવો. જો બધાં ખાબોચિયાં મેલાં હોય તો સમુદ્ર મેલો થઈ જાય. તેથી પ્રત્યેક ખાબોચિયું સાફ કરી, સાફ રાખીને જ હોમ કરાય. હોમ હમેશાં શુદ્ધ દ્રવ્યનો જ, શુદ્ધ હાથે જ થઈ શકે. તેથી આપણે સહેજે સમજી શકીએ છીએ કે દરેક સ્થાનિક રિવાજ કે રીત જે મેલાં નથી, નીતિવિરુદ્ધ નથી, તે જ રાષ્ટ્રના ઉપયોગમાં લેવાય. આટલી વસ્તુ સમજી શકાય તો રાષ્ટ્રપ્રેમ છેવટે વિશ્વપ્રેમનું સ્વરૂપ પકડી શકે.

અને જે વસ્તુ કપડાંને વિશે આપણે વિચારી તે જ ભાષા ખોરાક ઇત્યાદિને વિશે લાગુ પડે છે. જેમ આપણે અન્ય પ્રાંતના પોશાકનું અનુકરણ સમયાનુસાર કરીએ તેમ જ પ્રાંતીય ભાષા વગેરેનું કરીએ. અત્યારે તો અંગ્રેજી ભાષાને માતૃભાષાના કરતાં મોટું સ્થાન આપવાના નિરર્થક, અશક્ય અને ઘાતક પ્રયત્નમાં જ આપણને એટલો થાક ચડે છે કે આપણે આપણી માતૃભાષાની જાણ્યેઅજાણ્યે અવગણના કરીએ છીએ. જ્યાં આવું ચાલે ત્યાં પ્રાંતીય ભાષાનું પૂછવું જ શું?

[મૂળ ગુજરાતી]

नवजीवन, २९–१–१९२८

Gandhi Heritage Portal

## ૩૮૯. કાઠિયાવાડ રાજકીય પરિષદ

પરિષદ થઈ અને ગઈ. ઠક્કર બાપા[1]ના ભાષણ વિશે, લોકોની હાજરી વિશે, સ્વાગતમંડળના સ્વાગત વિશે, મે. રાણાસાહેબનાં વિવેક ને મૃદુતા વિશે, પરિષદમાં તેમની હાજરી વિશે તેમણે મહેમાનોને આપેલી જ્યાફત વિશે મારે કંઈ કહેવાપણું નથી. શેઠ દેવીદાસે સ્વાગતમાં માણા રહેવા ન દીધી. શેઠ ઉમર હાજી આમદ ઝવેરી જે સ્વાગતમંડળના પ્રમુખ હતા તેમની જગ્યા તેમણે બરોબર પૂરી, ને સ્વાગત કરતાં પોતીકા દ્રવ્યનો સંકોચ ન રાખ્યો. પ્રમુખના ભાષણમાં ભીલ અને ઢેડના ગોરને શોભે એવું ગાંભીર્ય હતું. પરિષદના ઠરાવો નિર્દોષ હતા. મને તેમાં રસ ન આવી શકયો, કેમ કે તે ઠરાવની પાછળ તેનો અમલ કરવા-કરાવવાનાં દૃઢ નિશ્ચય અને શક્તિ નહોતાં. ઠરાવો સૂચવનારામાંના ઘણાએ ઠરાવો સૂચવવામાં પોતાની કર્તવ્યપરાયણતાની સીમા માની લીધી જણાઈ. પરિષદ ખાદીપરિષદ નથી એમ સમજ્યો. મનમાં સમસમી ગયો. મેં એકલે તેનું ધ્યાન ધર્યું. મારી હાર મેં જાણી લીધી, પણ ખાદી પ્રત્યેનો મારો વિશ્વાસ મોળો ન થયો. તેથી મારે મારી બળતરા નથી રડવી.

હું તો કેવળ એક ઠરાવની ઉપર જ લખવા ઇચ્છું છું. તે ઠરાવ મારી કૃતિ છે, અને મને લાગે છે કે તે ઠરાવ રચી પસાર કરાવીને મેં પરિષદ ને કાઠિયાવાડની સેવા કરી છે. એ ઠરાવ આ છે[2] :

આ ઠરાવનો સંભવ સત્યની ઉપાસનાને આભારી છે. મેં જોયું કે મે. રાણાસાહેબની સાથે કેટલીક ગર્ભિત સમજૂતીને લીધે જ આ પરિષદ પોરબંદરમાં ભરાઈ શકી હતી. અને કેટલાક કાળ લગી આવી સમજૂતીથી જ પરિષદ ભરાઈ શકાશે. આમાં પરિષદની અપંગતાનું માપ હતું. આવી અપંગતા કોઈ પણ પરિષદને ન હો. જ્યાં એવી અપંગતા હોય ત્યાં કયાંક કંઈક ખોડ હોય છે. પણ અપંગતાને ઢાંકયે અપંગતા દૂર ન થાય. દર્દને ઢાંકનારા દર્દમાં વધારો કરે છે; તે મટાડવાના ઉપાયોની અવગણના કરે છે; પોતે પોતાના શત્રુ બને છે.

વિષયવિચારિણી સભામાં જ બે પ્રસંગો આવ્યા કે જેમાં સભાસદો દેશી રાજ્યની વ્યક્તિગત ટીકા કરનારા બે ઠરાવો લાવ્યા. એ ઠરાવો લાવવાનું કંઈ કારણ નહોતું એમ મારાથી કહી શકાય તેમ નથી. પણ એવા ઠરાવો લાવવા અથવા તેની ઉપર કંઈ કાર્ય કરવું એ પરિષદની શક્તિ બહાર હતું એમ મેં સ્પષ્ટ રીતે જોયું. એ ઠરાવો તો સમિતિએ કાઢી નાખ્યા. પણ એવા ઠરાવો લાવીને પરિષદ પોતાની હસ્તી લાંબી મુદત ન નભાવી શકે એમ મેં જોયું. તેથી મેં પરિષદને સલાહ આપી કે પરિષદે પોતાની અશક્તિ, પોતાની મર્યાદા જગજાહેર કરવી જોઈએ. આમ સાચી વાતનો સ્વીકાર કરી પરિષદ પોતાની અશક્તિ વહેલી દૂર કરશે ને પોતાને બચાવી લેશે એમ મેં સૂચવ્યું.

વિષયવિચારિણી સમિતિને સારુ આ ઘૂંટડો બહુ કડવો હતો. મને પણ આવી સલાહ આપવાનું ગમતું નહોતું. પણ મારો ધર્મ હું સ્પષ્ટ રીતે સમજી શકતો હતો. દુ:ખદ સુખદ જે સાચું

૧. ઠક્કરબાપા (સર્વન્ટ્સ ઑફ ઇન્ડિયા સોસાયટીના શ્રી અમૃતલાલ વિ. ઠક્કર) આ પરિષદના પ્રમુખ હતા.

૨. ઠરાવ માટે જુઓ "પોરબંદરની કાઠિયાવાડ રાજકીય પરિષદમાં ભાષણ," ૨૨-૧-૧૯૨૮.

Gandhi Heritage Portal

હોય તે કરવું જ જોઈએ. સાચું સુખ ક્યાં ઘણી વેળા ઝેર જેવું નથી લાગતું? કેટલાકને આ ઠરાવ અળખામણો લાગતાં છતાં, તેમણે ને બીજાઓએ અતિ ઉદારતા અને દીર્ઘદૃષ્ટિ વાપરી મારી સલાહનો સ્વીકાર કર્યો.

આથી મારી જવાબદારી વધી. હું જાણું છું કે આ ઠરાવનું કશું અનિષ્ટ પરિણામ આવે તા તેમાં મારો દોષ પ્રથમ ગણાવાનો છે. મને તો અનિષ્ટ પરિણામની કશી ધાસ્તી નથી, એટલું જ નહીં પણ મારી માન્યતા છે કે જો તે ઠરાવનો પરિષદ સદુપયોગ કરશે, તે ઠરાવની પાછળ જે કામો કરવાં રહ્યાં છે તે કરશે, તો પરિણામ સરસ આવવું જ જોઈએ. સ્વેચ્છાએ મૂકેલા અંકુશ, સ્વેચ્છાએ પાળેલા સંયમ, સંયમીને હમેશાં લાભદાયી નીવડે છે. સ્વેચ્છાએ મૂકેલા આ અંકુશને જુદો નિયમ લાગુ નથી પડતો.

પરિષદ મન, કર્મ અને વાચાથી આ ઠરાવનું પાલન કરશે તો મર્યાદાક્ષેત્રની અંદર રહેલાં કાર્યો કરવાની તેની શક્તિ વધશે. મર્યાદા પહેલાં રાજાઓ વ્યક્તિગત ટીકા કે નિંદાના ભયથી પરિષદ ભરવા દેતાં સંકોચ પામતા. મર્યાદા ચોખ્ખી રીતે ન જાણવાથી સભ્યો રાજ્યોના અંગત દોષો દૂર કરવાના મોહક લાગતા પણ વ્યર્થ પ્રયત્નમાં પડતા, ને તેથી કરી શકાય એવાં પણ મોહકતારહિત કાર્યો તરફ દુર્લક્ષ કરતા. હવે કાં તો આવાં નીરસ છતાં સરસ કાર્યો કરશે, અથવા પોતાના દરવાજા બંધ કરશે. કોઈને દેવાળું ગમતું નથી, તેથી પરિષદના કાર્યવાહકો ઇચ્છાએ કે અનિચ્છાએ પણ કરવા યોગ્ય કાર્યો કરશે એવી આશા આપણે રાખીએ.

મજકૂર ઠરાવનો એવો અર્થ તો કોઈ નહીં કરે કે એ ઠરાવથી આપણે જગત આગળ કબૂલ કરીએ છીએ કે રાજ્યો કોઈ ટીકાને પાત્ર નથી. નિંદા તો કોઈની ન જ કરીએ. ટીકાને પાત્ર રાજ્યો હોવા છતાં, આપણે એવું કબૂલ કરીએ છીએ કે અત્યારે આપણી પાસે કાઠિયાવાડના કોઈ પણ રાજ્યની સરહદમાં રહી તેની કે બીજાં રાજ્યોની ટીકા કરવાની શક્તિ ભવિષ્યમાં મેળવવાની આશાએ આપણે આવી મર્યાદા મૂકી છે. પરિષદમાં ઠરાવો મૂકયા સિવાય, પરિષદમાં સીધી કે આડકતરી રીતે કોઈ રાજ્યની અંગત ટીકા કર્યા સિવાય, તે તે રાજ્યોમાં જણાતા દોષો દૂર કરવાના જે ઉપાયો તેની પાસે હોય તે લેવાનો પરિષદની સમિતિને અધિકાર છે, તેનો ધર્મ છે. જેમ કે પરિષદની બેઠકને પ્રસંગે વિષયવિચારિણી સમિતિ પાસે ગમે તે સભ્ય હરકોઈ કાઠિયાવાડી રાજ્યના દોષોનું દર્શન સભ્યોને કરાવે ને સમિતિની તેને અંગે સલાહ માગે. અંકુશ એટલો જ કે તેને વિશે ઠરાવ પરિષદની પાસે ન મૂકી શકે. કાર્યવાહક સમિતિ તે તે રાજ્યની સાથે પત્રવ્યવહાર ચલાવી શકે, રાજાઓ તથા તેમના અમલદારોને મળી શકે અને દાદ આપવા વીનવે, અથવા ફરિયાદો ખોટી ઠરે તો તે વસ્તુ જાહેર કરે. એટલે કે સમિતિ મિત્ર તરીકે પ્રત્યેક રાજ્યની પાસે યોગ્ય રસ્તે જઈ શકશે. એવો સંભવ છે કે મર્યાદાનું રહસ્ય જાણ્યા પછી તે તે રાજ્યો એકાએક સ્વચ્છંદી ન થઈ ગયાં હોય, જાહેર મતની છેક અવગણના ન કરતાં હોય, તો સમિતિનાં આવાં પગલાંને વધાવી લે, અને તેને પોતાની ઢાલ તરીકે પણ વાપરે. એટલું આ સ્થળે યાદ રાખવું જોઈએ કે આવી તપાસનો સમિતિ ગેરલાભ ન ઉઠાવે. જે હકીકતો જાણે તેની જાહેર ચર્ચા ન કરે, અને જો તે તે રાજ્યની પાસે પહોંચવા ન પામે અથવા પહોંચતાં છતાં સંતોષ ન મળે તોયે મૂંગે મોઢે સહન કરે, અને સમજે કે રોગનું નિવારણ સમિતિની શક્તિની બહાર છે.

આવી મર્યાદિત દખલગીરી કહો કે તપાસ કહો, તેનું પરિણામ સમિતિનાં બાહોશી, ઉદ્યમ અને વિનય ઉપર નિર્ભર છે. જો તે પ્રથમથી જ તે તે રાજ્યોની સામે અભિપ્રાય બાંધી બેસે,

Gandhi Heritage Portal

ભરમાઈ જાય, તો કશું નહીં કરી શકે. રાજાઓનાં હૃદયને પિગળાવવાનો આત્મવિશ્વાસ તેનામાં હોવો જોઈએ. આવો આત્મવિશ્વાસ કેવળ રાજાપ્રજા ઉભયની અનન્ય સેવાથી આવે છે. બંનેની સેવા તેમને રીઝવવા ખાતર નહીં, પણ તેમના ભલા ખાતર તટસ્થભાવે કરવાની હોય, આવી સેવામાં સ્વપ્ને પણ સમિતિના સભ્યોના અંગત સ્વાર્થ ન હોવા જોઈએ. દેશી રાજ્યોની હસ્તી ઉપર આપણે હાથ નાખવા નથી માગતા, માત્ર તેની સુધારણા માગીએ છીએ, એ માન્યતા આ વસ્તુના ગર્ભમાં સમાયેલી છે. જો પરિષદ રાજ્યતંત્રનો જ નાશ કરવા ઇચ્છે તો પરિષદને રાજ્યોમાં મળવાનું સ્થાન જ નથી.

અહિંસાથી પરિવર્તન સધાય, નાશ ન સધાય; પ્રજાવાદને રાજાઓમાં સિદ્ધ કરાય, રાજાનો કે રાજ્યનો નાશ ન કરાય; રાજાપ્રજા ઉભયમાં જેટલું સારું છે તેટલાનો મેળ સધાય. ટૂંકામાં બંનેની વચ્ચે સંબંધ ધર્મનો રહે, પશુબળનો નહીં. આધુનિક વાયુ નાશક છે, પ્રાચીન સભ્યતા પોષક છે. અહિંસા સર્વનું શુભ સાધે છે, હિંસા એકના નાશની ઉપર બીજાની વૃદ્ધિનો પાયો રચે છે. પ્રજાસત્તા સર્વથા લાભકારક નથી, રાજસત્તા સર્વથા હાનિકારક નથી. બંનેનો ઉપયોગ છે. તે ક્યાં છે એ શોધવું રાજકીય પરિષદનું કાર્ય છે. કેમ કે પરિષદ સત્ય અને અહિંસાને માર્ગે પોતાના ધ્યેયને પહોંચવા માગે છે.

પરિષદ શું કરી શકે એ આપણે તપાસીએ. ખાદી, અંત્યજ સેવા, સામાજિક સુધારણા ઇત્યાદિ તો છે જ. આ કાર્યો કરી પરિષદ પ્રજાતત્ત્વને પોષે. રાજ્યપ્રકરણી બાબતો થોડી નથી. મદ્યપાનનિષેધ, કેળવણી, રેલવે ખાતું, વરસાદના પાણીનો સમસ્ત કાઠિયાવાડને સારુ સંગ્રહ, સમસ્ત કાઠિયાવાડને સારુ વૃક્ષોનો સંગ્રહ ને તેની વૃદ્ધિ, સમસ્ત કાઠિયાવાડને સારુ એક પ્રકારની જકાત અને એક પ્રકારનો તેનો વહીવટ, આવી રાજાપ્રજા બંનેનું કલ્યાણ કરનારી બીજી બાબતો પણ વર્ણવી શકાય. આ વસ્તુઓની ઘણી જ અગત્ય છે. તેના ઉપર જ કાઠિયાવાડ નભી શકે તેમ છે. તેના વિના કાઠિયાવાડ તેની મેળે જ નાશ પામવાનું.

આ કાર્યો સાધવામાં રાજાઓની મદદની જરૂર છે તેના કરતાં વિશેષ જરૂર અમલદારવર્ગની છે. અમલદારવર્ગ જો સ્વાર્થી અથવા લઘુદૃષ્ટિ હશે, તો રાજાઓ પોતે ઇચ્છે તે સુધારા પણ થવા ન પામે. રાજાના હાથપગ તેના અમલદાર છે. અમલદારવર્ગ એટલે પ્રજા. પ્રજા સુધરે તો રાજા સુધરે જ. પણ બોલતોચાલતો પ્રજાનો મોટો ભાગ અમલદારવર્ગનો છે. તેથી જ્યાં સુધી તે સ્વાર્થને ન ભૂલે, તે નીતિનો પંથ ગ્રહણ ન કરે, તે પોતાની આજીવિકાને સારુ નિર્ભય ન થાય, નિર્ભય થયેલા સાર્વજનિક કાર્યને સમજતા ને તેમાં રસ લેતા ન થાય, ત્યાં લગી રાજ્યોમાં સાચા સુધારા થવાની આશા થોડી જ રહે. તેથી રાજકીય પરિષદનો મહાન પ્રયાસ તો પ્રજામાં જ થવો ને રહેવો જોઈએ. પ્રજા મૂળ છે, રાજા ફળ છે. મૂળ મીઠું થશે તો ફળ મીઠું જ પાકવાનું.

વળી જો કાઠિયાવાડ રાજકીય પરિષદને નસીબે શોભવાનું હશે તો મુખ્ય રાજ્યોમાં તેની પ્રજાની નોખી પરિષદો હોવી જોઈએ, ને તે પરિષદો અવશ્ય પોતાના રાજ્યની બધી ટીકા વિનયપૂર્વક કરી શકે છે. આ પરિષદોએ પોતાની શક્તિ કેળવવી જોઈએ. તે શક્તિ કેળવવાને સારુ પણ રચનાત્મક કાર્યો થવાં જોઈએ. આની ઉપર તેની શક્તિની ખિલવણીનો આધાર છે.

આ કાર્યોને સારુ નિઃસ્વાર્થ, નીડર સેવકો જોઈએ. તે ક્યાં હશે? જે હોય, જેટલા હોય, તે શાંતિથી પોતાનું કાર્ય કર્યે જાય તો તેમાં વૃદ્ધિ થશે. "હું એકલો શું કરી શકું?" આવો નામર્દ વિચાર કોઈ ન કરો.

Gandhi Heritage Portal

**રાજાઓ પ્રત્યે**

આટલું તો મેં પ્રજાજન પરત્વે કહ્યું. રાજાઓ જો સમજે તો રાજકીય પરિષદના મજકૂર ઠરાવથી તેમની જવાબદારી બહુ વધી છે. આજ લગી તેઓ ટીકા અને નિંદાની બીકે કે તેને બહાને પરિષદની ઉપેક્ષા કરતા હતા, કોઈ અવગણના પણ કરતા હતા. પણ હવે મારી નમ્ર મતિ પ્રમાણે તો તેમણે પરિષદની સભ્યતાની કદર કરી પરિષદને વધાવી લેવી જોઈએ, તેને સંતોષવી જોઈએ, પોતાની અને પ્રજાની વચ્ચે તેનો પુલરૂપે ઉપયોગ કરવો જોઈએ. મારી પાસે પુરાવા છે તે ઉપરથી હું માનું છું કે કાઠિયાવાડનાં તમામ રાજ્યો ટીકાને યોગ્ય જ નથી એવું તો નથી જ. કેટલાકમાં બહુ મોટા દોષો છે એમ સાંભળવામાં આવ્યું છે. તેઓ આ યુગને ઓળખે. આખા જગતમાં જે અંધાધૂંધી ચાલી રહી છે, જેની ગંધ ભારતવર્ષમાં પણ પસરી રહેલી છે, તે એક મહાન નિશાની છે. અંધાધૂંધીરૂપે તે અવશ્ય ઝેરી છે, પણ તેને તળિયે હેતુ નિર્મળ છે. જાણ્યેઅજાણ્યે લોકો પોતે નીતિને માર્ગે ન જતા છતાં નીતિના ઉપાસક છે. સત્તાના આંધળા બળથી તેઓ થાકયા છે, અધીરા થયા છે. તેમનો ઉપાય રદ કરતાં પણ ભયાનક છે એ વાત તેઓ અધીરાઈમાં ભલે ભૂલી જતા હોય, પણ તેઓ ઇચ્છે છે સુધારણા, ઇચ્છે છે નીતિની સત્તા. તેમને માર્ગે નીતિ નહીં જ આવે એમ મારા જેવા સત્ય અને અહિંસાના ઉપાસક જોઈ શકે છે. પણ તેઓ એમ પણ જોઈ શકે છે કે જો સત્તાધિકારીઓ નહીં ચેતે તો તેમનો નાશ આવી પૂગ્યો છે. રાજાઓએ ચેતી જવાની આવશ્યકતા છે. વિનાશકાળની સૂચક વિપરીત બુદ્ધિ તેમને કદી ન હો. હિંદુસ્તાન નીતિનાશને માર્ગે નહીં જ ધસે એવી અચલિત શ્રદ્ધા જ મને જીવવા દે છે. એ શ્રદ્ધાને રાજાઓ સાચી પાડો.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૯–૧–૧૯૨૮

## ૩૯૦. પ્રશ્નોત્તરી

એક કાર્યકર્તાએ પૂછયું કે અ રાજ્યમાં અંત્યજશાળા કઢાય કે નહીં?

ગાંધીજીએ કહ્યું: “અ અપવિત્ર રાજ્ય છે એમ મેં ઘણી જગ્યાએ અને ઘણાને મોઢે સાંભળ્યું છે તે જો ખરું હોય તો ત્યાં કોઈ પણ પવિત્ર કાર્યને માટે ન જવાય. એ રાજ્યની અપવિત્રતા કાઢવાના કાર્યનો જ માત્ર આમાં અપવાદ છે. આપણે બ્રિટિશ રાજ્યમાં રહ્યા છીએ, તેથી તેને અમુક પ્રકારની પ્રતિષ્ઠા મળી જાય છે, પણ આપણે એ અનીતિમય રાજ્યતંત્ર અંદર રહીને તોડવું છે એટલે છૂટકો નથી. બાકી બીજા કોઈ પણ પવિત્ર કામ માટે કોઈ પણ સારા માણસે અપવિત્ર રાજ્યમાં જવું અથવા રહેવું એ રાજ્યની પ્રતિષ્ઠા વધારવા જવા જેવું છે.”

“સત્યાગ્રહ દળ” એ ભાઈ ફૂલચંદે યોજેલું સત્યાગ્રહની તૈયારી કરનાર યુવાનોનું નાનકડું મંડળ છે. હાલ ૨૨ યુવકો છે. સૌ ગાંધીજીની સલાહ વિના કશું પગલું ન લેવાને બંધાયેલા છે. એ યુવકોએ પ્રશ્નો પૂછયા.

પ્ર. દેશી રાજ્યોમાં સુધારા માટે એક અખિલ ભારતીય સત્યાગ્રહ સંસ્થા જોઈએ કે નહીં?

ઉ. ન જોઈએ. દક્ષિણ આફ્રિકામાં મારી સાથે ૬૦,૦૦૦ થઈ ગયા તેમાંના આજે કેટલા સત્યાગ્રહી છે? પણ તમારા ૨૨ તો જ્યારે જોઈએ ત્યારે કામ આપે એ હેતુથી ચૂંટાયેલા છે.

Gandhi Heritage Portal

તમે જ્યારે કામ ઉઠાવશો — અને તમે વિવેક વિના પગલું ભરવાના નથી — તે વેળા બીજા અનેક તમને મળી રહેશે. તમે સમજુ સત્યાગ્રહી હો તો તમે કહો છો તેવા અખિલ ભારતીય સત્યાગ્રહ દળની જરૂર નથી. પ્રસંગ આવે તમારું અને સાથે સાથે દેશનું ઝવેરાત પ્રગટશે.

પ્ર. સત્યાગ્રહ દળે ગુણ અને સંખ્યામાં કેવી રીતે વધવું?

ઉ. દરેક સત્યાગ્રહીએ જાગ્રત રહેવું જોઈએ. તેનામાં આળસ, શિથિલતા, તંદ્રા ન હોય, તેને વ્યાધિ ન હોય, એટલે દરેક જણ પોતાને વિશે સતત વિચાર કરતો હોવો જોઈએ. પોતે નક્કી કરેલી પોતાની પ્રવૃત્તિની અંદર પોતાને આંકયા જ કરે. વડા સેનાપતિની આગળ દરેક સૈનિકના કામકાજની રોજનીશી જોઈએ.

પ્ર. આજે તો ઘણા અંત્યજશાળા વગેરેમાં રોકાયેલા છે.

ઉ. હું તો એવા સત્યાગ્રહીને પૂછું કે તેણે બાળકોને સત્યાગ્રહનો સ્પર્શ કેટલો કરાવ્યો, બાળકોની સાથે તે કેટલો ઓતપ્રોત થઈ ગયો? છોકરાને પૂછું કે આ કોણ છે? તો તેણે કહેવું જોઈએ કે અમે તો આ શિક્ષકને જ બાપ તરીકે જાણીએ છીએ.

તમારામાં સત્યાગ્રહી દાક્તર છે. સત્યાગ્રહી દાક્તર કેવા હોવા જોઈએ તે કહું? એ ગરીબને પહેલું સ્થાન આપે, મારા જેવા અને બીજા જેમને ગમે ત્યારે દાક્તર મળે છે તેવાને દાદ ન દે. ગરીબોને પૂછે કે, જુઓ તમારા દાંત પડી ગયા છે, તમારે દાંતનું ચોકઠું જોઈએ છે? એ માણસને એમ ન થવું જોઈએ કે કોઈ ખરાબ દાંતવાળા નથી મળતા, મારો ધંધો કેમ ચાલશે! સત્યાગ્રહી દાક્તરની વધારે વ્યાખ્યા **हिंद स्वराज**માં જોઈ લેજો. સત્યાગ્રહી દાક્તર પોતાની આજીવિકા તો ધંધામાંથી મેળવવાનો વિચાર જ ન રાખે. ડૉ. વાનલેસે હજારો ઑપરેશનો કર્યાં, તેમની સંસ્થાને હજારો રૂપિયા લોકો આપી જાય છે, પણ તેમાંથી કોડી તે નથી રાખતા. સૅમ હિગિનબોટમ સિંધિયા પાસે ખેતીવાડી તજ્જ્ઞ તરીકે હતા. તેમને રૂ. ૪,૦૦૦ માસિક સલાહના મળતા, પણ તેમાંથી કોડી તેમણે અંગત વાપરવા માટે લીધી ખરી? હા; આપણા ચંદુલાલ દાક્તર છે ખરા — એ એવું જ કરનારા છે. પોતાનો ધંધો તો સરસ જાણે છે જ, પોતાને માટે કોડી લેતા નથી, અને ગરીબ તેમની પાસે જઈને ઊભા રહી શકે.

સત્યાગ્રહી નિર્મળ સાધન સાધે, પોતાની પ્રવૃત્તિ નક્કી કરી લઈને તેને જ વળગી રહે. એક વાર ખોટી વસ્તુને પણ સત્યનિષ્ઠાથી તેણે સત્ય માની હોય તો તેને વળગી રહે તેમાં જ તેની અનન્ય શ્રદ્ધા અંકાય. તુલસીદાસે કહ્યું છે:

રજત સીપ મહં ભાસ જિમિ, યથા ભાનુકર વારિ,
જદપિ મૃષા તિહું કાલ સોઈ, ભ્રમ ન સકે કોઉ ટારિ.

જગતને સત્ય માનીને ચાલીએ છીએ તો પછી જગતના હિતમાં જ મચ્યા રહેવું રહ્યું. એમાં જ કલ્યાણ છે.

પ્ર. ધારો કે अ રાજ્ય સત્યાગ્રહ કરવા જેટલું બગડયું છે તો અમે તેમાં થાણું નાખી શકીએ?

ઉ. ના; બહાર રહ્યા રહ્યા તમારે ખૂબ બળવાન બનવું રહ્યું, બહારથી अનો પ્રજામત કેળવવો રહ્યો. જ્યારે તમે જુઓ કે તમારામાં બળ વ્યાપ્યું છે, અને अમાં ગાબડું પડયું છે, ત્યાં કોક વિભીષણ મળી આવે એમ છે એમ જણાય તો સત્યાગ્રહ દળ अ ઉપર ચડાઈ કરે. એ ચડાઈ કરતાં છતાં જે રાજાની ખરાબ નીતિ માટે ચડાઈ કરવામાં આવે છે તે રાજા માટે પ્રેમ રાખે. એ બધું હોય ત્યારે ત્યાં સત્યાગ્રહ દળની છાવણી પડી શકે. દરમ્યાન તમે अના લોકોને કેળવી

Gandhi Heritage Portal

શકો. ત્યાંથી અનેક માણસો આવતા હોય તેમને પોતાની અધોગતિ વિશે જાગ્રત કરો. તેમાં પોતાનાં સગાં હોય તોપણ તેમને ત્યાં વિવાહ કે તેવા જ બીજા શુભ પ્રસંગ હોય તો ત્યાં ન જ જવું. એમ એ રાજ્યના લોકોને બહિષ્કારથી કેળવણી આપો.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૯-૧-૧૯૨૮

## ૩૯૧. વી. એસ. ભાસ્કરનને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
જાન્યુઆરી ૨૯, ૧૯૨૮

પ્રિય ભાસ્કરન,

તમારો તાર અને પત્ર મળ્યાં. હું કહ્યા વગર રહી શકતો નથી કે રાજીનામું આપવામાં તમે ઉતાવળ કરી છે. તમે ખાદી સેવામાં જોડાયા હતા તે કોઈને ખુશ કરવા નહીં, પણ દેશની સેવા કરવા જોડાયા હતા, અને કોઈ સારા કામ માટે કોઈ સંસ્થામાં જોડાનાર માણસે પોતાને અન્યાય થાય અથવા અન્યાય થયેલો લાગે તેથી સંસ્થા છોડવી ન જોઈએ. ઈમાનદાર માણસ પોતે જે સંસ્થામાં હોય તેને પોતાની ગણે અને તેથી પોતાના અધિકારોનો આગ્રહ રાખ્યા સિવાય પોતાની ફરજ બજાવે.

કંઈ અન્યાય થયો હોય તો તમારે રાજગોપાલાચારી સાથે તેની ચર્ચા કરવી જોઈએ. ત્યાં તમારી સાથે યોગ્ય વર્તન કરવામાં નથી આવતું એમ લાગતું હોય તેથી તમે આશ્રમમાં દોડી આવો એ હું પસંદ ન કરી શકું. જો ફરીથી વિચાર કરવાનો કંઈ અવકાશ રહ્યો હોય તો તમારી સ્થિતિ વિશે ફરી વિચાર કરો એમ ઇચ્છું છું.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૧૩૦૫૭

Gandhi Heritage Portal

## ૩૯૨. લાહોરની પંજાબ કૉંગ્રેસ સમિતિને તાર[1]

જાન્યુઆરી ૩૦, ૧૯૨૮

મુખ્ય મંત્રી
પંજાબ પ્રાંતીય કૉંગ્રેસ સમિતિ
લાહોર

આશા રાખું છું કે પ્રયત્નો સંપૂર્ણ રીતે સફળ થશે.

**ગાંધી**

[મૂળ અંગ્રેજી]
ટ્રિબ્યૂન, ૧–૨–૧૯૨૮

## ૩૯૩. સતીશચંદ્ર દાસગુપ્તાને પત્ર

જાન્યુઆરી ૩૦, ૧૯૨૮

પ્રિય સતીશબાબુ,

હવે તમારું નિવેદન મળ્યું અને વાંચી લીધું. ઠીક ઠીક ચોકસાઈભર્યું છે. એક કે બે વસ્તુઓ વિશે મને શંકા છે. તમે એની નીચે સહી કરી છે. આ મૂળ નકલ છે? કે કોઈ છાપાને મોકલેલા નિવેદનની એ નકલ છે? હું એને યંગ ઇન્ડિયામાં નહીં છાપું.

પ્યાર.

**બાપુ**

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : જી. એન. ૧૫૮૫

૧. આ તાર સાઇમન કમિશનના બહિષ્કાર સંબંધમાં અને એ કમિશનની હિંદની મુલાકાત વિરુદ્ધ પાડવામાં આવેલી હડતાળ સંબંધમાં કરવામાં આવ્યો હતો.



Gandhi Heritage Portal

## ૩૯૪. રમણીકલાલ મોદીને પત્ર

[જાન્યુઆરી ૩૦, ૧૯૨૮][1]

ચિ. રમણીકલાલ,

છગનલાલ માંદા છે એ ખરું પણ હમણાં જ તમારા કાગળથી જાણ્યું. કાલે બપોરે ૪ વાગ્યે સભા રખાય. ૩–૪નો સમય અનસૂયાબહેનને આપી દીધો છે. રાતે ૭–૩૦ વાગ્યે પણ રખાય. નિયમાવલિને[2] આજે હાથ લગાડાય એમ તો નથી લાગતું. પણ વહેલો કરીશ.

બાપુ

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી : એસ. એન. ૧૪૫૭૮

## ૩૯૫. ડી. એન. બૅનરજીને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
જાન્યુઆરી ૩૧, ૧૯૨૮

પ્રિય ભાઈ,

તમારો પત્ર[3] મળ્યો. જો તમારા મનમાં અહિંસા વિશે બિલકુલ સ્પષ્ટતા હોય તો તમારી ફરજ છે કે તમે જજ સમક્ષ એ નિવેદન કરો અને સાક્ષી આપવાની ના પાડો અને પરિણામ આનંદપૂર્વક ભોગવો. તમને એવી શ્રદ્ધા હોવી જોઈએ કે ફોજદારી કાયદા પ્રમાણે ચુકાદો આપનાર જજની એ ફરજ છે કે જે લોકો પોતે રહેતા હોય તે દેશના કાયદાઓનું પાલન ન કરતા હોય તેમને સજા કરે. અને આ દાખલામાં સવિનયભંગનો પણ સવાલ હોઈ ન શકે, કારણ કે જે સાક્ષીઓ પ્રશ્નોના જવાબ ન આપે તેમને સજા કરવાના કાયદાનો સ્વરાજ પછી પણ અમલ કરવામાં આવશે.

તમારો સહૃદયી

શ્રીયુત ડી. એન. બૅનરજી
૯૪, બડાદેવ
બનારસ સિટી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૩૦૫૮

૧. રમણીકલાલના ૩૦–૧–૧૯૨૮ના પત્રના જવાબમાં આ લખાયો હતો. આશ્રમના નિયમોનો એક ડ્રાફ્ટ કરી આપવાની એમાં એમણે ગાંધીજીને વિનંતી કરી હતી. અને આ ડ્રાફ્ટ ઉપર વિચાર કરવા ૩૧ જાન્યુઆરીએ પરિષદ ભરવાનું પણ તેમણે એમાં સૂચન કર્યું હતું.

૨. જુઓ પુસ્તક ૩૬, "સત્યાગ્રહ આશ્રમ", ૧૪–૬–૧૯૨૮.

૩. ૨૩–૧–૧૯૨૮ના પોતાના પત્રમાં બૅનરજીએ એક ફોજદારી મુકદ્દમામાં પોતે સાક્ષી આપવી કે નહીં એ બાબતમાં ગાંધીજીની સલાહ માગી હતી.

Gandhi Heritage Portal

# ૩૯૬. ઇલિઝાબેથ નુડસનને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
જાન્યુઆરી ૩૧, ૧૯૨૮

પ્રિય મિસ નુડસન,

તમારો પત્ર મળ્યો. હું કોઈ જલચિકિત્સાનું કેન્દ્ર ચલાવતો નથી. આશ્રમમાં કેટલાક લોકોને હું કયુને સ્નાન કરાવું છું એટલું જ. તમે આવી જ શકો તો આશ્રમમાં આવો. તમે આવશો તો આનંદ થશે; અને તમે અહીં કેટલીક બહેનોને તથા ભાઈઓને પણ માલિશ શીખવશો. અલબત્ત, તમારે રહેવાજમવા માટે કંઈ આપવું નહીં પડે. અને તમે ઇચ્છો ત્યાં સુધી રહેશો. અહીં જીવન બહુ સાદું છે, કદાચ વધારે કઠોર પણ છે. પણ હું જાણું છું કે તમને એની ચિંતા નથી.

તમારો સહૃદયી

મિસ ઈલિઝાબેથ નુડસન
અડયાર
મદ્રાસ

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૩૦૫૯

Gandhi Heritage Portal

# પરિશિષ્ટ ૧

## બ્રાહ્મણ અને બ્રાહ્મણેતર[1]

### ૧

### [એક પ્રશ્નોત્તરી]

[ગાંધીજીના દક્ષિણના પ્રવાસમાં ઘણી જગ્યાએ બ્રાહ્મણેતર મિત્રો ગાંધીજીની મુલાકાત લેવા આવતા અને બ્રાહ્મણ-બ્રાહ્મણેતરના સવાલનાં વિવિધ અંગોની ચર્ચા કરતા. ઘણી વાર એના એ જ સવાલ અનેક જગ્યાએ પુછાતા, પણ જવાબનો આધાર દરેક જગાના પ્રશ્નકર્તાઓની પાત્રતા પર રહેતો. એ બધા જવાબોને ભેગા કરીને મેં તેને પ્રશ્નોત્તરીના રૂપમાં ગોઠવ્યા છે. આમાં તાંજોર, ચેટ્ટીનાડ, વિરુધુનગર અને તિનેવેલીનાં તમામ સંભાષણોનો સમાવેશ થઈ જાય છે. મદુરાના સંભાષણ વખતે હું હાજર નહોતો, પણ હું માનું છું કે આ સંભાષણોના સંગ્રહમાં ત્યાં ચર્ચાયેલા વિષયો પણ આવી જાય છે. કડલોર, તાંજોર અને કોઇમ્બતૂરનાં જાહેર ભાષણોમાં કાઢેલા આ સવાલ વિશેના ઉદ્ગારો જે હું આ પત્રમાં આપી ચૂક્યો છું તે અહીં ફરી નથી આપતો. તે જ પ્રમાણે જે સંભાષણોનો સાર હું આપી ચૂક્યો છું — જેમ કે તિરુપુરમાં ઊંચનીચપણા વિશે થયેલું સંભાષણ — તે પણ મેં મૂકી દીધાં છે. **મ. હ. દે.**]

### સવાલને સ્પષ્ટ કરો

ગાંધીજી — તમારી સ્થિતિ મને સ્પષ્ટપણે સમજાવો એમ હું ઇચ્છું છું, કારણ તમારું દૃષ્ટિબિંદુ સમજવાની કે એની સાથે સહાનુભૂતિ ધરાવવાની હું ના પાડું છું એવું કહેવાય એ મને પસંદ નથી. મારા મન પર તો એવી છાપ પડી છે કે આ હિલચાલનું ખરું કારણ રાજકીય છે.

બ્રાહ્મણેતર મિત્ર — આ હિલચાલ એનાં રાજકીય અંગોના ઉત્પાદકો પહેલાંની ચાલી આવે છે. એનાં સામાજિક તેમ જ ધાર્મિક અંગો પણ છે.

એક ખ્રિસ્તી મિત્ર — જસ્ટિસ પક્ષ ઊભો થયો તેના મૂળમાં એ લાગણી રહેલી છે કે બ્રાહ્મણોની વૃત્તિ એકહથ્થુપણાની છે અને તેથી તેઓ વિશ્વાસને પાત્ર નથી, આ હું માત્ર આજના દક્ષિણના બ્રાહ્મણો વિશે જ કહું છું.

[અહીં સવાલજવાબ ઝપાટાબંધ ચાલવા લાગ્યા. નીચે હું માત્ર ગાંધીજીના જવાબોનો જ સાર આપું છું. **મ. હ. દે.**]

ગાંધીજી — પણ આ સવાલનો વિચાર કરતાં, બ્રાહ્મણધર્મે ઉત્તર હિંદમાં જે સ્વરૂપ લીધું છે તેનો વિચાર તમારે ન કરવો જોઈએ? ઉત્તર હિંદમાં બ્રાહ્મણો જે કંઈ દરજ્જો ભોગવે છે તે તેમને બ્રાહ્મણેતરોએ આપેલો છે. બ્રાહ્મણને સ્વતંત્ર દરજ્જો જ નથી, ખરું જોતાં ઉત્તર અને પશ્ચિમ હિંદમાં અમુક આગેવાન બ્રાહ્મણ છે કે બ્રાહ્મણેતર એનો વિચાર નથી થતો, પણ તેનામાં આગેવાન બનવાની શક્તિ છે કે નહીં એનો વિચાર થાય છે. પંજાબમાં લાલાજી જેઓ બ્રાહ્મણેતર છે તેઓ સૌથી મોટા આગેવાન હોઈ કર્તાહર્તા છે. યુક્ત પ્રાંતમાં માલવિયાજી છે તેઓ બ્રાહ્મણ છે. બંગાળમાં સુરેન્દ્રનાથ બૅનરજી જેઓ બ્રાહ્મણ હતા તેમને બ્રાહ્મણ તેમ જ બ્રાહ્મણેતર સરખું માન આપતા. ગુજરાતમાં પટેલ ભાઈઓ બ્રાહ્મણેતર છે. છતાં સૌના સરખા આદરપાત્ર છે.

અહીં દક્ષિણમાં તમે હિંદુ ધર્મના બે વાડાઓ કરી નાખ્યા છે, એટલું જ નહીં પણ આખા હિંદુસ્તાનના બ્રાહ્મણ અને બ્રાહ્મણેતર એવા બે વિભાગો કર્યા છે. બ્રાહ્મણેતરમાં મુસલમાનો તેમ જ ખ્રિસ્તીઓનો પણ સમાવેશ થઈ જાય. હવે હું ઇચ્છું છું કે તમારી પાસે તમારા ધ્યેય અને આદર્શની ચોખ્ખીચટ અને સૂત્રબદ્ધ કલ્પના હોવી જોઈએ.

૧. જુઓ “તાંજોરમાં ભાષણ”, ૧૬-૯-૧૯૨૭.

Gandhi Heritage Portal

ધારો કે તમારું ધ્યેય કેવળ રાજકીય છે, અને સરકારી હોદ્દાઓ પર બ્રાહ્મણોનો જે ઇજારો તમે જુઓ છો તેનો નાશ કરવાનો તમારો ઇરાદો છે; તો કદાચ 'બ્રાહ્મણેતર' શબ્દની તમે કરેલી વ્યાપક વ્યાખ્યા હું સમજી શકું. જોકે એમાં પણ મને તો મુશ્કેલીઓ જણાય છે.

પણ જો તમારી ધારણા સામાજિક સુધારો કરવાની પણ હોય, ધાર્મિક અને સામાજિક બંધીઓ દૂર કરાવવાનું પણ તમારું ધ્યેય હોય તો 'બ્રાહ્મણેતર'ની તમારી વ્યાખ્યામાં ઇતર ધર્મીઓનો પણ સમાવેશ થાય છે એ હું સમજી નથી શકતો. દાખલા તરીકે અસ્પૃશ્યતાનિવારણનો કે મંદિરપ્રવેશનો સવાલ લો. પરધર્મીના હેતુ ગમે તેવા શુદ્ધમાં શુદ્ધ હોય તોપણ તે આમાં વચ્ચે પડીને શું કરી શકે? ઇસ્લામ બહારનો માણસ ઇસ્લામના સુધારા વિશે હુકમ કરી શકે ખરો? મને ભય છે કે ધર્મની બાબતમાં પરધર્મીઓની તમામ દખલને હિંદુઓ ભારેમાં ભારે શંકાની નજરથી જોવાના.

તેથી આ સવાલને તમે બને એટલો ચોખ્ખોચટ કરી નાખો એમ હું ઇચ્છું છું. તમારા પર જે બંધીઓના અંકુશ છે તેને વિશે તો કશો સવાલ જ ન હોઈ શકે. એ બંધીઓ પડી છે એના નિવારણને સારુ તમારે સખત લડત લડવાની છે. પણ એ બંધીઓ વિશે સુધ્ધાં મનમાં કશો ભ્રમ ન રહેવા દેતા. સરકારી હોદ્દાઓને વિશે એટલું કહું કે જો મારે એ બાબતમાં કશી પસંદગી કરવાની હોત તો હું તમામ બ્રાહ્મણોને એ હોદ્દો તમારે માટે ખાલી કરવાની આગ્રહપૂર્વક ભલામણ કરત. પણ જ્યારે તમે ખાદીસેવામાં બ્રાહ્મણના ઇજારાની રાવ ખાવ છો ત્યારે હું એ સમજી જ શકતો નથી. ખાદીની આખી હિલચાલ મુખ્યત્વે બ્રાહ્મણેતર આમવર્ગની જ સેવા કરે છે. ચરખા સંઘની કાર્યવાહક સભાના લગભગ બધા સભ્યો બ્રાહ્મણેતરો છે. દક્ષિણમાં તમે ન્યાયપૂર્વક એમ કહી શકો ખરા કે ખાદીસેવામાં જોડાયેલા બ્રાહ્મણો આર્થિક લાભને સારુ એમાં પડ્યા છે? અને જ્યાં ઐચ્છિક સેવાનો સવાલ હોય ત્યાં ઇજારાની રાવ ખાવી જરાયે યોગ્ય ગણાય ખરી? છતાં એમાં પણ મારી જરૂરિયાતોને સંતોષે એવા બ્રાહ્મણેતરો મને લાવી આપો, તો હું વચન આપું છું કે બધા બ્રાહ્મણો તેમની જગાઓ ખાલી કરશે. મારી જાણ પ્રમાણે તો એમાંનો મોટો ભાગ ભારે આપભોગ આપીને એ કામ કરે છે.

## વર્ણધર્મ

સ.—વર્ણધર્મ પર આપ ભાર મૂકો છો એ અમે સમજી નથી શકતા. અત્યારના જ્ઞાતિભેદોને આપ યોગ્ય ગણો છો? વર્ણની વ્યાખ્યા શી?

જ.—વર્ણ એટલે માણસના ધંધાની પસંદગીનો પૂર્વનિર્ણય. મનુષ્ય પોતાની આજીવિકા મેળવવા માટે બાપદાદાનો જ ધંધો કરે એનું નામ વર્ણધર્મ. દરેક બાળક સ્વાભાવિકપણે પિતાના 'વર્ણ' (રંગ)ને અનુસરે છે, અથવા પિતાનો ધંધો કરવો પસંદ કરે છે. તેથી વર્ણ એ એક રીતે વંશવારસાનો નિયમ છે. વર્ણ એ હિંદુઓ પર કોઈએ ઠોકી બેસાડેલી વસ્તુ નથી, હિંદુજાતિનું શ્રેય સાચવવાનું જે પુરુષોને માથે હતું તેમણે તેને માટે શોધી કાઢેલો નિયમ છે. એ નિયમ મનુષ્યની કૃતિ નથી, પણ કુદરતનો અચળ નિયમ છે. ન્યૂટનના ગુરુત્વાકર્ષણના નિયમની માફક જે શક્તિ સર્વકાળ અસ્તિત્વમાં છે અને સૃષ્ટિમાં પ્રવર્તે છે એનું મનુષ્યની ભાષામાં કરેલું કથન છે. જેમ ગુરુત્વાકર્ષણનો નિયમ ન્યૂટને શોધી કાઢ્યો તે પહેલાં પણ તે અસ્તિત્વમાં હતો, એવું જ વર્ણધર્મનું છે. એ સૃષ્ટિનિયમને શોધવાનું હિંદુઓ માટે નિર્માયેલું હતું. પશ્ચિમના લોકોએ કુદરતના કેટલાક નિયમોની શોધ અને ઉપયોગ કરીને પોતાની આર્થિક સંપત્તિમાં ઘણો વધારો કર્યો છે. તે જ પ્રમાણે હિંદુઓ આ અમોઘ સામાજિક શક્તિની શોધ કરીને આધ્યાત્મિક ક્ષેત્રમાં જે સિદ્ધિ પ્રાપ્ત કરી શક્યા છે તે જગતની બીજી કોઈ પ્રજાએ મેળવી નથી.

વર્ણને ન્યાત જોડે કશો સંબંધ નથી. ન્યાત એ અસ્પૃશ્યતાની જેમ હિંદુ ધર્મ પર ઊગેલું 'અદકું અંગ' છે. આજે જે બધાં 'અદકાં અંગ' પર ભાર દેવાય છે તે કદી હિંદુ ધર્મમાં નહોતાં. પણ એવાં 'અદકાં અગ' તમે ખ્રિસ્તીધર્મ અને ઇસ્લામમાં પણ નથી જોતા?

એની સામે તમે જોઈએ એટલું લડો. વર્ણનો ખોટો વેશ ધરીને ફરતા ન્યાતભેદરૂપી રાક્ષસનો તમે જરૂર નાશ કરો. વર્ણની આ વિકૃતિએ જ હિંદુ ધર્મની અને હિંદુસ્તાનની અધોગતિ કરી છે. આપણે વર્ણધર્મનું પાલન કરતા ચૂક્યા એ જ આપણા આર્થિક અને આધ્યાત્મિક અધઃપાતનું મુખ્ય કારણ છે.

Gandhi Heritage Portal

બેકારી અને દારિદ્રચનું પણ એ એક કારણ છે, અને અસ્પૃશ્યતાને સારુ તેમ જ અનેક હિંદુઓના ધર્માંતરને સારુ પણ એ જ જવાબદાર છે.

પણ વર્ણધર્મના આજના આસુરી સ્વરૂપનો અને આસુરી રૂઢિઓનો વિરોધ કરવા જતા એ મૂળ ધર્મનો જ વિરોધ નહીં કરતા.

સ.—વર્ણો કેટલા છે?

જ.—ચાર. જોકે વર્ણધર્મના સ્વભાવમાં એવો કડક સંખ્યાભેદ નથી રહેલો. અવિરત પ્રયોગો અને શોધખોળ પછી ઋષિઓને આ ચતુર્વિધ ભેદ —આજીવિકા મેળવવાના ચાર માર્ગો જડચા છે.

સ.—ત્યારે એનો અર્થ એ નહીં કે જેટલા ધંધા તેટલા વર્ણ?

જ.—એ આવશ્યક નથી. સમાજના તમામ ધંધાઓને અધ્યાપન, રક્ષણ, અર્થોત્પાદન અને પરિચર્યા એ ચાર મુખ્ય વિભાગોમાં સહેલાઈથી વહેંચી શકાય એમ છે. જગતના વ્યવહારનો વિચાર કરીએ તો સર્વોપરી ધંધો અર્થોત્પાદનનો છે, જેમ સર્વ આશ્રમમાં સર્વોપરી ગૃહસ્થાશ્રમ છે. વૈશ્ય એ સર્વ વર્ણોનો આધાર છે, સંપત્તિ અને મિલકત ન હોય તો રક્ષકની શી જરૂર? ત્રીજા વર્ણને લીધે જ પહેલા બે અને ચોથો વર્ણ આવશ્યક છે. પહેલો વર્ણ હમેશાં બહુ જ નાનો હશે, કારણ એને સારુ કઠણ સંયમ જરૂરનો છે. સુવ્યવસ્થિત સમાજમાં બીજો વર્ણ પણ નાનો હોવો જોઈએ. તેવું જ ચોથા વર્ણનું.

સ.—મનુષ્ય જો પોતાનો જન્મપ્રાપ્ત ન હોય એવો ધંધો કરે તો એ કયા વર્ણનો ગણાય?

જ.—હિંદુ માન્યતા પ્રમાણે તો એ એના જન્મપ્રાપ્ત વર્ણનો જ ગણાય. પણ વર્ણને અનુસરીને ન જીવવામાં એ પોતાનો ઘાત કરે છે અને અધોગતિને પામે છે —પતિત બને છે.

સ.—મનુષ્ય શૂદ્ર હોઈને બ્રાહ્મણવર્ગનું કર્મ કરે તો તે પતિત થાય ખરો?

જ.—શૂદ્રને જ્ઞાનપ્રાપ્તિનો અધિકાર બ્રાહ્મણના જેટલો જ છે. પણ જો તે પોતાની આજીવિકા અધ્યાપન દ્વારા મેળવવાનો પ્રયત્ન કરે તો તે વર્ણધર્મથી પતિત થાય ખરો. પ્રાચીન કાળમાં ધંધાઓનાં સ્વયંભૂ મહાજનો હતાં, અને તે તે ધંધાના દરેક માણસને પોષણ આપવાની પરંપરાગત રૂઢિ હતી. સો વર્ષો પૂર્વે સુતારનો દીકરો કદી વકીલ થવાનો લોભ કરતો નહીં. આજે કરે છે, કારણ એ ધંધામાં તે પૈસા ચોરવાનો સૌથી સહેલો રસ્તો જુએ છે. વકીલ માને છે કે તેણે પોતાનું મગજ વાપરવાને સારુ ૫૫ હજાર રૂપિયાની ફી લેવી જોઈએ, અને હકીમસાહેબ જેવા વૈદ માને છે કે તેમણે પોતાની વૈદકીય સલાહને માટે દહાડાના હજાર રૂપિયા લેવા જોઈએ!

સ.—ત્યારે માણસને પોતાનો મનપસંદ ધંધો કરવાની છૂટ નહીં?

જ.—પણ બાપદાદાનો ધંધો એ જ એને મનગમતો એકમાત્ર ધંધો હોવો જોઈએ. એ ધંધો પસંદ કરવામાં કશું અયોગ્ય નથી. ઊલટું એમાં ખાનદાની છે. આજે તો આપણે સપ્તરંગી માણસો જોઈએ છીએ. તેથી જ સમાજમાં હિંસા પ્રવર્તે છે, અને સમાજ છિન્નભિન્ન થઈ ગયો છે. ઉપરછલ્લાં દૃષ્ટાંતોથી આપણે મનને ભ્રમિત ન થવા દેવું જોઈએ. બાપનો ધંધો કરનારા સુતારના દીકરા હજારો હશે, જ્યારે સુતારના દીકરા વકીલાત કરનારા તો સો પણ નહીં હોય. પ્રાચીન સમયમાં લોકોને બીજાના ધંધા પર તરાપ મારવાની અને ધનના ઢગલા કરવાની લોલુપતા નહોતી. દાખલા તરીકે, સીસેરોના કાળમાં વકીલનો ધંધો માનભર્યો ગણાતો. અને કોઈ ભારે મગજશક્તિવાળો સુતાર પૈસાની ખાતર નહીં પણ સેવાને અર્થે વકીલ થાય તો એ તદ્દન યોગ્ય ગણાય. પાછળથી એ ધંધામાં કીર્તિ અને ધનની લાલસા ઘૂસી ગઈ. વૈદો સમાજની સેવા કરતા અને સમાજ જે આપે તેથી સંતોષ માનતા, પણ હવે તેઓ વેપારી બન્યા છે અને સમાજને પણ ભયરૂપ થઈ પડ્યા છે. વૈદ અને વકીલના ધંધાનો હેતુ જ્યારે કેવળ પરગજુપણાનો હતો ત્યારે એ ધંધા પરોપકારી કહેવાતા એ યોગ્ય હતું.

સ.—એ બધી આદર્શ સ્થિતિની વાત થઈ. આજે તો સૌ પૈસાદાર ધંધાઓ પાછળ વલખાં મારે છે. એવી સ્થિતિમાં આપ શું કરવાની સલાહ આપો?

જ.—એ તમે જરા વધારે પડતી વાત કરી. અત્યારે શાળા, કૉલેજોમાં ભણતા છોકરાઓની સંખ્યા ભેગી કરો, અને એમાંથી કેટલા ટકા વિદ્વત્તાના ધંધામાં પડે છે એ શોધી કાઢો. ધોળે દહાડે લૂંટ કરવી સૌને માટે શક્ય નથી. આજની ચળવળ તો ધોળે દહાડે લૂંટ કરવાની દેખાય છે. કેટલા માણસો વકીલ અને સરકારી નોકર થઈ શકે? ધન કમાવામાં રોકાવાનો અધિકાર તો વૈશ્યોનો છે. તેમાં પણ જ્યારે

Gandhi Heritage Portal

તેમનો ધંધો ધોળા દહાડાની લૂંટ બની જાય ત્યારે એ તિરસ્કારને પાત્ર છે. દુનિયામાં લાખો લખપતિઓ ન જ હોઈ શકે.

સ.—તામિલનાડુમાં તો તમામ બ્રાહ્મણેતરો પોતાને પેઢીઉતાર ન મળ્યો હોય એવો ધંધો કરવા માગે છે.

જ.—બે કરોડ વીસ લાખ તામિલવાસીઓ તરફથી બોલવાનો તમારો અધિકાર હું નથી સ્વીકારતો. તમને હું એક સૂત્ર આપું: બીજા બધા જે સ્થિતિને ન પહોંચી શકે તે સ્થિતિએ ચડવાનો લોભ આપણે ન રાખીએ. આ સૂત્રનો અમલ કરવો હોય તો તે મારી વ્યાખ્યા પ્રમાણેના વર્ણધર્મથી જ થઈ શકે.

સ.—આપ કહેતા આવ્યા છો કે વર્ણધર્મ આપણી સાંસારિક વાસનાઓ પર અંકુશ મૂકે છે. એ કેવી રીતે?

જ.—હું મારા બાપનો ધંધો કરું ત્યારે મારે એ શીખવા નિશાળમાં પણ ન જવું પડે, એટલે મારી માનસિક શક્તિ આધ્યાત્મિક અભ્યાસ અને શોધખોળને સારુ છૂટી થાય છે, કારણ મને પૈસાની અથવા આજીવિકાની તો ચિંતા જ ન રહી. સુખસગવડને સારુ અને સાચી આધ્યાત્મિક શોધને સારુ વર્ણ એ ઉત્તમ પ્રકારનો વીમો છે. જ્યારે હું મારી શક્તિઓને બીજી પ્રવૃત્તિઓમાં એકત્ર કરું છું, ત્યારે હું સંસાર-સુખના મૃગજળને ખાતર મારી આત્મપ્રાપ્તિની શક્તિને અથવા મારા આત્માને વેચી નાખું છું.

સ.—આપ આધ્યાત્મિક પ્રવૃત્તિઓ માટે શક્તિને છૂટી કરવાની વાત કરો છો. આજે જેઓ પોતાના બાપદાદાના ધંધા કરે છે તેમનામાં કશી આધ્યાત્મિક સંસ્કારિતા તો નથી દેખાતી — એમનો વર્ણ જ એમને એ માટે નાલાયક બનાવે છે.

જ.—આપણે વર્ણના વાંકા ખ્યાલ મનમાં રાખીને વાતો કરીએ છીએ. જ્યારે વર્ણધર્મનું યથાર્થ પાલન થતું ત્યારે આધ્યાત્મિક કેળવણીને માટે પૂરતો વખત રહેતો. આજે પણ તમે દૂરનાં ગામડાંમાં જાઓ અને શહેરવાસીઓ કરતાં ગામડાંના લોકોમાં કેટલી વધારે આધ્યાત્મિક સંસ્કારિતા છે તે જુઓ. શહેરના લોકો સંયમને ઓળખતા જ નથી.

પણ તમે આ યુગનું અનિષ્ટ બરાબર બતાવ્યું છે. બીજા જે સ્થિતિ ન મેળવી શકે તે મેળવવાનો પ્રયત્ન આપણે ન કરીએ. જો ગીતા ભણવા માગનાર દરેક જણ તેમ ન કરી શકે તો હું ગીતા પણ ન ભણું. તેથી જ પૈસા કમાવાને સારુ અંગ્રેજી ભણવા સામે મારો અંતરાત્મા ઊકળી ઊઠે છે. આપણે આપણા જીવનની પુનરંચના એવી રીતે કરવાની છે કે જેથી આજે જે નવરાશ આપણામાંના મૂઠીભર લોકોને છે તે લાખો લોકોને મળી શકે. એ આપણે વર્ણધર્મના પાલન વિના ન કરી શકીએ.

## ૨

## [એક પ્રશ્નોત્તરી]

સ.—અમે એનો એ સવાલ ફરી ફરીને પૂછીએ તો અમને માફ કરશો. અમે એને બરાબર સમજી લેવા માગીએ છીએ. જુદે જુદે વખતે જુદા જુદા ધંધા કરતો હોય એ માણસ કયો ગણાય?

જ.—તે જ્યાં સુધી બાપનો ધંધો કરીને આજીવિકા મેળવે ત્યાં સુધી તેના વર્ણમાં કશો ફેર ન પડે. સેવાભાવથી કરે ત્યાં સુધી એને ગમે તે વસ્તુ કરવાની છૂટ છે. પણ જે માણસ ધન મેળવવાને ખાતર વખતોવખત ધંધો બદલે તે અધોગતિને પામે છે ને વર્ણધર્મથી પતિત થાય છે.

સ.—કોઈ શૂદ્રમાં બ્રાહ્મણના બધા ગુણો હોય છતાં એને બ્રાહ્મણ ન કહેવાય?

જ.—તે આ જન્મે બ્રાહ્મણ ન કહેવાય. અને પોતે જે વર્ણમાં જન્મ્યો નથી તેને તે ધારણ ન કરે એ એને માટે સારું છે. એ સાચી નમ્રતાની નિશાની છે.

સ.—આપ એમ માનો છો કે વર્ણના ગુણો વારસામાં જ મળે, અને સ્વપ્રયત્ને મેળવી ન શકાય?

જ.—મેળવી શકાય. વારસામાં મળેલા ગુણો દૃઢ કરી શકાય, અને નવા કેળવી શકાય. પણ આપણે ધન મેળવવાને સારુ નવા માર્ગો શોધવાની જરૂર નથી, શોધવા અઘટિત છે. આપણા બાપદાદા તરફથી જે ધંધાઓ વારસામાં મળ્યા હોય તે શુદ્ધ હોય ત્યાં સુધી તેમનાથી જ સંતોષ માનવો જોઈએ.

સ.—કોઈ માણસમાં કુટુંબના ગુણો કરતાં જુદી જાતના ગુણો હોય છે એવું આપ નથી જોતા?

જ.—એ અઘરો સવાલ છે. વ્યક્તિનો બધો ભૂતકાળ આપણે જાણતા નથી હોતા. પણ મેં તમને સમજાવ્યો છે એવા વર્ણધર્મને સમજવાને સારુ તમારે અને મારે આ સવાલમાં ઊંડા ઊતરવાની જરૂર

Gandhi Heritage Portal

નથી. મારા પિતા વેપારી હોય અને મારામાં જો લડવૈયાના ગુણો દેખાય તો હું વિનાપગારે સૈનિક તરીકે દેશની સેવા ભલે કરું, પણ મારે મારી આજીવિકા તો વેપારમાંથી જ મેળવીને સંતોષ માનવો જોઈએ.

સ.—આજે જે જાતિભેદ દેખાય છે તે તો માત્ર વર્ણાંતર રોટીબેટીવહેવાર વિશેનાં બંધનોમાં જ આવી રહેલો છે. વર્ણની રક્ષાને સારુ આ બંધનો કાયમ રાખવાની જરૂર ખરી?

જ.—ના, જરાયે નહીં. વર્ણની શુદ્ધત્તમ અવસ્થામાં કોઈ પણ પ્રકારનાં બંધનો હોઈ ન શકે.

સ.—એ બંધનો દૂર કરી શકાય?

જ.—કરી શકાય. બીજા વર્ણોમાં પરણવાથી પણ વર્ણ તો સચવાય છે.

સ.—ત્યારે એમાં સ્ત્રીનો વર્ણ કયો ગણાય?

જ.—પતિનો વર્ણ તે પત્નીનો.

સ.—આપે વર્ણધર્મના સિદ્ધાંતનું જે વિવરણ કર્યું તેવું આપણાં શાસ્ત્રોમાં મળે છે કે એ આપનું પોતાનું છે?

જ.—મારું પોતાનું નથી. મેં એ ભગવદ્‌ગીતામાંથી મેળવ્યું છે.

સ.—મનુસ્મૃતિમાં આ સિદ્ધાંત જે રીતે આપેલો છે તેની સાથે આપ સંમત છો?

જ.—સિદ્ધાંત તો એમાં છે જ, પણ વ્યવહારમાં એના જે ઉપયોગો બતાવ્યા છે તે મને પૂરેપૂરા ગળે નથી ઊતરતા. એ ગ્રંથના કેટલાક ભાગો બહુ વાંધાભર્યા છે. હું આશા રાખું છું કે એ ક્ષેપક હશે.

સ.—મનુસ્મૃતિમાં ઘણો અન્યાય ભરેલો આપને નથી જણાતો?

જ.—હા, સ્ત્રીઓ પ્રત્યે અને નીચી કહેવાતી "જાતો" પ્રત્યે ઘણો અન્યાય છે. શાસ્ત્રને નામે ખપનારાં બધાં વચનો શાસ્ત્ર નથી. તેથી શાસ્ત્રગ્રંથો વાંચવામાં બહુ સાવચેતી રાખવી ઘટે છે.

સ.—પણ આપ તો ભગવદ્‌ગીતાને અનુસરો છો. એમાં કહેલું છે કે વર્ણ ગુણ અને કર્મ અનુસાર નક્કી થાય છે. ત્યારે આપે જન્મની વાત શી રીતે આણી?

જ.—હું ભગવદ્‌ગીતાને અનુસરું છું, કારણ એ એક જ એવો ધર્મગ્રંથ છે જેમાં દૂષણ જેવું મને કશું નથી જડ્યું. એ માત્ર સિદ્ધાંતો રજૂ કરે છે, અને એનો વ્યવહાર શોધી લેવાનું આપણને સોંપી દે છે. વર્ણ ગુણકર્મને અનુસરે છે એમ ગીતા કહે છે ખરી, પણ ગુણકર્મ જન્મતઃ વારસામાં મળે છે. ભગવાન કૃષ્ણે કહ્યું છે કે ચારે વર્ણો મેં સરજ્યા છે — चातुर्वर्ण्यं मया सृष्टम् । એમાંથી હું જન્મતઃ એ અર્થ કાઢું છું. વર્ણધર્મ જન્મતઃ ન હોય તો એનો કશો અર્થ નથી.

સ.—પણ વર્ણમાં ઊંચાપણું તો નથી જ આવતું ને?

જ.—ના, જરાયે નહીં. જોકે હું અવશ્ય કહું કે બ્રાહ્મણવર્ણ એ બીજા વર્ણોની પરાકાષ્ઠા છે, જેમ માથું એ શરીરની પરાકાષ્ઠા છે. એનો અર્થ ચડિયાતી સેવાની શક્તિ છે, ચડિયાતો દરજ્જો નથી. ચડિયાતો દરજ્જો ધારણ કરવામાં આવે એ ક્ષણે જ એ પગ નીચે કચડવાને લાયક બને છે.

સ.—આપે કુરળનું નામ સાંભળ્યું હશે. એ તામિલ ગ્રંથના લેખક કહે છે કે કોઈ પણ વર્ણ જન્મતઃ નથી. એ કહે છે કે જન્મ વખતે તો બધા જીવ સમાન કોટિના હોય છે.

જ.—એમણે એમ કહ્યું છે તે આજની અતિશયતાના જવાબ તરીકે. કોઈ પણ વર્ણે ઊંચાપણાનો દાવો કર્યો હશે ત્યારે તે સામે એમને પોતાનો અવાજ ઉઠાવવો પડ્યો. પણ એથી જન્મતઃ વર્ણ પર કુઠારાઘાત નથી થતો. એ તો અસમાનતા પર કુઠારાઘાત કરવાનો સુધારકનો પ્રયત્ન છે.

સ.—આજની રૂઢિ એટલી સડેલી છે કે એને સમૂળી ફેંકી દેવી અને ફરી એકડાથી શરૂઆત કરવી એ જ ઉત્તમ માર્ગ છે એમ આપને નથી લાગતું?

જ.—આપણે જો વિધાતા હોઈએ તો કલમના એક લસરકાથી આપણે હિંદુ સ્વભાવને બદલી શકવાના નથી. એ નિયમનો અમલ કરવાની રીત આપણે શોધી શકીએ, એનો વિનાશ કરવા નહીં.

સ.—શાસ્ત્રકારોએ નવી સ્મૃતિઓ રચી, તો આપ શા માટે ન રચો?

જ.—હા, જો હું નવી સૃષ્ટિ રચી શકું તો! પછી મારી દશા વિશ્વામિત્ર કરતાંયે બૂરી થાય. અને વિશ્વામિત્ર તો મારા કરતાં કેટલાયે મહાન હતા!

સ.—જ્યાં સુધી આપ વર્ણનો નાશ નહીં કરો ત્યાં સુધી અસ્પૃશ્યતાનો નાશ થવાનો નથી.

જ.—હું એમ નથી માનતો. છતાં જો અસ્પૃશ્યતા દૂર કરતાં વર્ણાશ્રમનો લોપ થઈ જાય તો હું એક પણ આંસુ પાડવાનો નથી; પણ મારી વ્યાખ્યાના વર્ણને અસ્પૃશ્યતા જોડે શો સંબંધ છે?

Gandhi Heritage Portal

સ.—પણ સુધારાના વિરોધીઓ પોતાના સમર્થનમાં આપનું પ્રમાણ ટાંકે છે ના?

જ.—એ દશા તો દરેક સુધારકને માથે ચોંટેલી છે. સ્વાર્થી પક્ષો એનાં વચનોનો દુરુપયોગ કરવાના. પણ તમે જાણો છો કે એમાંના કેટલાક હું હિંદુ ધર્મનો ત્યાગ કરું એમ ઇચ્છે છે? બીજા કેટલાક પોતાનું ચાલે તો હિંદુ ધર્મમાંથી મારો બહિષ્કાર કરે. હું વર્ણધર્મનો બચાવ કરવા ક્યાંયે ગયો નથી, જ્યારે અસ્પૃશ્યતાનિવારણ માટે તો હું વાઇકોમ ગયો હતો. ખાદીપ્રચાર, હિંદુમુસલમાન એકતાની સ્થાપના અને અસ્પૃશ્યતાનિવારણ એ સ્વરાજના ત્રણ સ્તંભોને વિશે મહાસભાએ કરેલા ઠરાવ ઘડનાર હું હતો. પણ વર્ણાશ્રમ ધર્મની સંસ્થાપનાને મેં સ્વરાજના ચોથા સ્તંભ તરીકે કદી નથી ગણાવી. તેથી મેં વર્ણાશ્રમ ધર્મ પર ખોટો ભાર દીધો એવો આરોપ તમે મારા પર નહીં મૂકી શકો.

સ.—આપના ઘણા અનુયાયીઓ આપના ઉદ્દેશને વિકૃત કરીને ફેલાવે છે એ આપ જાણો છો ને?

જ.—કેમ ન જાણું? હું જાણું છું કે મારા ઘણા અનુયાયીઓ માત્ર નામના છે.

સ.—બૌદ્ધ ધર્મને હિંદુસ્તાનમાંથી હાંકી કાઢવામાં આવ્યો, કારણ એ ધર્મમાં બ્રાહ્મણોનું જોર બહુ હતું. તે જ પ્રમાણે હિંદુ ધર્મથી બ્રાહ્મણોનો સ્વાર્થ નહીં સધાય તો તેઓ હિંદુ ધર્મને પણ હાંકી કાઢશે.

જ.—હિંમત તો કરી જુએ! પણ મારી તો ખાતરી છે કે બૌદ્ધ ધર્મ હિંદુસ્તાનમાંથી ગયો નથી. બુદ્ધનું જીવનરહસ્ય સૌથી વધારે ગ્રહણ કરનાર દેશ તો હિંદુસ્તાન જ છે. બુદ્ધનું જીવનરહસ્ય એ બૌદ્ધ ધર્મથી જુદી વસ્તુ ગણાવી જોઈએ, જેમ ઈશુ ખ્રિસ્તનું જીવનરહસ્ય ખ્રિસ્તી ધર્મથી નિરાળી વસ્તુ છે. બુદ્ધનો મુખ્ય ઉપદેશ તેમણે પોતાના જીવનમાં ઉતારી દીધો હતો, તેથી જ તો તેઓ બૌદ્ધ ધર્મને દેશવટો દઈ શક્યા.

સ.—જે બ્રાહ્મણવર્ગે બૌદ્ધ ધર્મનો ઉત્તમાંશ ગ્રહણ કર્યો હતો તે જ વર્ગે અસ્પૃશ્યોને મંદિરપ્રવેશનો નિષેધ કરીને અને તેમના પર નિર્દયપણે બંધનો નાખીને ભૂંડામાં ભૂંડા ગુના — અમૃતસરના અત્યાચાર કરતાંયે ભૂંડા ગુના કર્યા છે.

જ.—તમારું કહેવું કેટલેક અંશે ખરું છે. પણ એ દોષ બ્રાહ્મણોનો જ છે એમ માનવામાં તમારી ભૂલ છે. એને માટે આખો હિંદુ ધર્મ જવાબદાર છે. વર્ણધર્મ વિકૃત થયો એટલે એમાંથી અસ્પૃશ્યતા ઊપજી. એ ઇરાદાપૂર્વક કરેલી દુષ્ટતા નહોતી, પણ એનું પરિણામ અતિ કરુણ આવ્યું છે.

સ.—પણ જ્યાં સુધી આપ 'વર્ણાશ્રમધર્મ' એ શબ્દ વાપરો છો ત્યાં સુધી એની સાથે આજના બૂરા ખ્યાલો જોડાયેલા રહેવાના જ.

જ.—એમાંથી બોધ તો એ નીકળ્યો કે બૂરા ખ્યાલ કાઢી નાખો અને શુદ્ધ વર્ણધર્મને સજીવન કરો.

### બ્રાહ્મણેતરો માટે કાર્યક્રમ

સ.—અત્યારે બધે ગોટાળો છે. એમાંથી આપણે શી રીતે ઊગરી શકીએ?

જ.—મારે એટલું જ કહેવાનું છે કે પાયાને ઉખેડી ન નાખો, જે છે તેને શુદ્ધ કરવાનો પ્રયત્ન કરીએ. તેને બદલે તમે તો એક નવો ધર્મ ફેલાવવા મથો છો, જેને સ્વીકારવા કોઈ તૈયાર નથી. બ્રાહ્મણ ધર્મ એટલે જ હિંદુ ધર્મ છે. એટલે કે હિંદુ ધર્મ માટે આપણી પાસે એક જ શબ્દ હતો: 'બ્રાહ્મણ ધર્મ' — એટલે કે બ્રહ્મવિદ્યા. એનો નાશ કરવા મથવામાં તમે હિંદુ ધર્મનો નાશ કરવા મથો છો. બ્રાહ્મણો જ્યારે તમારા હક પર તરાપ મારે, ત્યારે તમે એમની સાથે તસુએ તસુ લડી લેજો અને એમને સુધારવાનો પ્રયત્ન કરજો. પણ દરેક બ્રાહ્મણને ભૂંડી ગાળો દેવાથી કશો લાભ નથી. બ્રાહ્મણ બ્રાહ્મણમાં પણ ફેર હોય છે. એક બ્રાહ્મણ કટ્ટર સુધારક હોય છે, બીજો સુધારાનો વિરોધી હોય છે. તમારે સુધારક બ્રાહ્મણવર્ગમાંના ઉત્તમ માણસોને તમારા પક્ષમાં લેવા જોઈએ, અને તેમની મદદથી તમારા કાર્યક્રમનો રચનાત્મક ભાગ પાર પાડવો જોઈએ. એમાંથી બ્રાહ્મણ અને બ્રાહ્મણેતર ઉભયને મુક્તિ મળશે.

સુધારાના વિરોધીઓની જોડે જરૂર લડજો. અને તેમને કહેજો: "જો તમે ધન અને ઐશ્વર્યની પાછળ પડશો, જો તમે વિદ્વાન નહીં થાઓ, અને અમને સાચો ધર્મ નહીં શીખવી શકો તો અમે તમને બ્રાહ્મણ નહીં કહીએ." તો બ્રાહ્મણો તમારો જરાયે વિરોધ નહીં કરી શકે. સુધારો કરાવવા માટે તમે સખત ચળવળ ચલાવજો, જ્યાં કોઈ પણ બ્રાહ્મણેતરને કશો અંતરાય હોય એવી શાળાઓનો અને મંદિરોનો

Gandhi Heritage Portal

ત્યાગ કરજો. મંદિરના પૂજારીઓ શુદ્ધ ચરિત્રવાળા, વિદ્વાન અને ધનની લાલસા વિનાના હોય એવો આગ્રહ રાખજો. જૂનાં મંદિરો જો અંત્યજોને દાખલ કરવાની ના પાડે તો તમે નવાં મંદિરો બાંધજો.

પછી સવાલ વર્ણાંતર ભોજનનો. એને સારુ હું કોઈની સાથે લડવા ન જઉં. પણ જે ભોજનપ્રસંગે એવો ભેદ પડવાનો હોય એવા ભોજનમાંથી હું દૂર રહું ખરો.

પછી હું અંત્યજો સાથે ભાઈચારો વધારું, તેમની સાથે મારા સગા ભાઈની જેમ વર્તું, અને તમામ નાની નાની ન્યાતો અને પેટાન્યાતો તોડી નાખું. અને તેથી જ્યારે હું મારા દીકરાને પરણાવું ત્યારે પ્રયત્નપૂર્વક બીજી પેટાન્યાતોમાંથી કન્યા શોધી કાઢું. આજે આપણે ભૂંડી રૂઢિથી એવા જકડાયેલા છીએ કે તમે અહીંથી ગુજરાતમાં જઈ વસાવવા છોકરી ન આપો, અને ગુજરાતની છોકરી તામિલનાડુમાં વસવા લો નહીં.

ત્યાર પછી હું અંત્યજોને ધાર્મિક શિક્ષણમાં હિંદુ ધર્મનાં અને નીતિધર્મનાં તત્ત્વોનું સામાન્ય જ્ઞાન આપું. આજે તો એ બિચારા કેવળ પશુજીવન ગાળી રહ્યા છે. એમને હું નિષિદ્ધ ખોરાકનો ત્યાગ કરવા અને પવિત્ર અને નિર્મળ જીવન ગાળવા સમજાવું. આ વસ્તુઓનો તમે સહેલાઈથી વિસ્તાર કરી શકશો, અને એમાંથી મોટો રચનાત્મક કાર્યક્રમ ઉપજાવી શકશો.

## હિંદુ ધર્મનું ઋણ

સ. — અમે જોઈએ છીએ કે આપને હિંદુ ધર્મ પર ભારે શ્રદ્ધા છે. હિંદુ ધર્મે આપણે માટે શું કર્યું છે, હિંદુ ધર્મનું આપણા પર શું ઋણ છે તે સમજાવશો? એણે આપણને બેહૂદા વહેમો અને રૂઢિઓનો વારસો નથી આપ્યો?

જ. — હું માનતો હતો કે આ વાત તો સમજાઈ ચૂકી હશે. વર્ણાશ્રમધર્મ એ જ હિંદુ ધર્મે જગતને ચરણે ધરેલી એક અદ્વિતીય ભેટ છે. હિંદુ ધર્મે આપણને માયામાંથી એટલે કે સંકટમાંથી ઉગારી લીધા છે. હિંદુ ધર્મે જો મને ઉગારવા ન ધાર્યો હોત તો મારે માટે આપઘાત એ એક જ રસ્તો હતો. હું હિંદુ રહ્યો છું, કારણ હિંદુ ધર્મ એક એવી વસ્તુ છે જે પોતાની સુવાસ સર્વત્ર ફેલાવીને દુનિયાને મનુષ્યને વસવા યોગ્ય બનાવે છે. હિંદુ ધર્મમાંથી જ બૌદ્ધ ધર્મનો જન્મ થયો છે. આજે આપણે જોઈએ છીએ તે હિંદુ ધર્મનું શુદ્ધ સ્વરૂપ નથી હોતું, પણ ઘણી વાર તેની વિકૃતિ હોય છે. નહીં તો મારે એનો પક્ષ લઈને બોલવાની જરૂર ન રહેત, એ પોતે જ પોતાને વિશે બોલત. જેમ હું સંપૂર્ણપણે શુદ્ધ હોઉં તો મારે તમારી આગળ બોલવાની જરૂર ન રહે. ઈશ્વર એની જીભ વડે બોલતો નથી. અને મનુષ્ય જેટલો ઈશ્વરની સમીપ આવે છે તેટલો ઈશ્વરવત્ બને છે. હિંદુ ધર્મ મને શીખવે છે કે મારું શરીર અંદર રહેલા આત્માની શક્તિને રોકનાર બંધન છે.

જેમ પશ્ચિમના લોકોએ દુન્યવી વસ્તુઓને વિશે અદ્‌ભુત શોધો કરી છે, તેમ હિંદુ ધર્મે ધર્મના, મનોવૃત્તિના, આત્માના ક્ષેત્રમાં એથીયે અદ્‌ભુત શોધો કરી છે. પણ એ ભવ્ય અને સૂક્ષ્મ શોધોને જોવા સારુ આપણી પાસે ચક્ષુ નથી. પશ્ચિમના વિજ્ઞાને જે આર્થિક પ્રગતિ કરી છે તેનાથી આપણે અંજાઈ જઈએ છીએ. મને એ પ્રગતિનો મોહ નથી. ખરું જોતાં એમ જ લાગી જાય છે કે જાણે ડહાપણના ભંડાર એવા ઈશ્વરે જ ભારતવર્ષને આ પ્રકારની પ્રગતિમાંથી રોકી લીધું છે, જેથી જડવાદનો હુમલો ઝીલવાનું એનું ઈશ્વરનિર્મિત કાર્ય તે પાર પાડી શકે. હિંદુ ધર્મમાં એવું કંઈક સત્ત્વ છે જેણે તેને આજ સુધી જીવતો રાખ્યો છે. બાબિલોન, સીરિયા, ઈરાન અને મિસરના સુધારાઓની પડતીનો તે સાક્ષી છે. દુનિયામાં ચોમેર નજર નાખી જુઓ. રોમ ક્યાં છે? ગ્રીસ ક્યાં છે? ગીબનનું ઇટાલી — અથવા રોમ કહો, કારણ રોમ એ જ ઇટાલી હતું — આજે તમને ક્યાંયે ખોળ્યું જડે એમ છે? ગ્રીસમાં જાઓ. ગ્રીસની જગવિખ્યાત સંસ્કૃતિ ક્યાં છે? પછી ભારતવર્ષ તરફ આંખને વાળો. અહીંના પ્રાચીનમાં પ્રાચીન ગ્રંથો કોઈ તપાસી જાય અને પછી આસપાસ નજર નાખે તો તેને કહેવું જ પડે, "હા, અહીંયાં પ્રાચીન ભારતવર્ષ હજી જીવતું દેખાય છે." કોઈ કોઈ જગ્યાએ ઉકરડા વળ્યા છે એ સાચું; પણ એ ઉકરડાઓની નીચે મહામૂલ્યવાન રત્નો દટાયેલાં પડ્યાં છે. અને હિંદુ ધર્મ કાળના આટલા વારાફેરા સામે ટક્યો છે, એનું કારણ એ છે કે તેણે આર્થિક પ્રગતિના નહીં પણ પારમાર્થિક પ્રગતિના આદર્શને સેવ્યો છે.

Gandhi Heritage Portal

એણે જગતને આપેલી અનેક ભેટોમાં મૂક જીવસૃષ્ટિ સાથે મનુષ્યના અભેદની કલ્પના એક અદ્વિતીય વસ્તુ છે. મારે મન ગૌપૂજા એ ભવ્ય વિચાર છે, અને એને વ્યાપક કરી શકાય એમ છે. ધર્માંતરની આધુનિક ઘેલછામાંથી હિંદુ ધર્મ મુક્ત રહ્યો છે એ પણ મારે મન કીમતી વસ્તુ છે. હિંદુ ધર્મને પ્રચારની જરૂર નથી. તે કહે છે, "શુદ્ધ જીવન ગાળો." મારું કર્તવ્ય, તમારું કર્તવ્ય માત્ર શુદ્ધ જીવન ગાળવાનું છે. એની અસર કાળચક્ર પર રહી જશે. વળી, હિંદુ ધર્મે રામાનુજ, ચૈતન્ય, રામકૃષ્ણ જેવા કેટલા મહાપુરુષો જગતને આપ્યા છે એનો વિચાર કરો. હિંદુ ધર્મ પર છાપ પાડી જનાર આધુનિક પુરુષોનાં તો નામો પણ હું નથી આપતો. હિંદુ ધર્મ મરણપ્રાય અથવા મરી ગયેલો ધર્મ નથી.

પછી ચાર આશ્રમોની ભેટનો વિચાર કરો; એ પણ અદ્વિતીય ભેટ છે. એનો જોટો આખી દુનિયામાં બીજે ક્યાંયે નહીં જડે. કૅથલિક ધર્મમાં બ્રહ્મચારીઓને મળતા અવિવાહિતોનો વર્ગ છે ખરો, પણ એની સંસ્થા નથી. જ્યારે હિંદુસ્તાનમાં તો દરેક છોકરાને આ પ્રથમ આશ્રમમાંથી પસાર થવું પડતું એ કેવી ભવ્ય કલ્પના હતી! આજે આપણી આંખો મેલી છે, વિચાર એથીયે મેલા છે, ને શરીર સૌથી મેલાં છે કારણ આપણે હિંદુ ધર્મનો ઇનકાર કરી રહ્યા છીએ.

હજી એક વસ્તુ છે તે મેં નથી કહી. મૅક્સમૂલરે ચાળીસ વર્ષો પહેલાં કહેલું કે યુરોપ હવે સમજતું જાય છે કે પુનર્જન્મ એ વાદ નથી પણ સત્ય હકીકત છે. એ પણ સર્વાંશે હિંદુ ધર્મની જ ભેટ છે.

આજે વર્ણાશ્રમધર્મને અને હિંદુ ધર્મને તેના પૂજકો ખોટા સ્વરૂપે બતાવીને તેનો ઇનકાર કરી રહ્યા છે. એનો ઉપાય વિનાશ નથી પણ શુદ્ધિ છે. આપણે આપણાં જીવનમાં સાચી હિંદુવૃત્તિને સજીવન કરીએ, પછી પૂછીએ કે એથી અંતરાત્માને સંતોષ થાય છે કે નહીં.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २४-११-१९२७

ભાષાંતર : नवजीवन, ११-१२-१९२७ અને १८-१२-१९२७

# પરિશિષ્ટ ૨

## દક્ષિણ હિંદ અને સિલોનમાં ખાદીફાળો[1]

### ૧ દક્ષિણ હિંદમાં ફાળો

કરાઈકુડી રૂ. ૬૫૨૪-૯-૭, દેવાકોટ્ટા રૂ. ૪૨૧૮-૧૩-૪; પાગાનેરી રૂ. ૪૧૨૦-૧૦-૩; કોટ્ટાપુર રૂ. ૨૫૩૨; કનદુકાતન રૂ. ૨૪૧૬-૯-૬; કડાઈપટ્ટી રૂ. ૧૨૬૭-૧૧-૬; અમરાવતી પુદુર રૂ. ૧૧૮૬-૬-૧; સિરુવાયલ રૂ. ૧૦૯૯-૧૧-૯; કોતામંગલમ્ રૂ. રૂ. ૭૦૧-૪; પાલાથુર રૂ. ૬૦૧; નચિયાપુરમ્ રૂ. ૫૦૫; નેમાથનપટ્ટી રૂ. ૫૦૧; કુલીવરાઈ રૂ. ૪૦૧; નાચન્નદુપટ્ટી રૂ. ૩૦૧; લક્ષ્મીપુરમ્ રૂ. ૨૫૦; વીરચિલાઈ રૂ. ૧૨૧; પનચાપટ્ટી રૂ. ૧૦૧; મનાચઈ રૂ. ૧૦૦; મહાનગરી રૂ. ૧૩; કુલ રૂ. ૨૭૦૬૨-૧૨-૦;

#### મદ્રાસ નગર

કુલ રૂ. ૨૧૭૭૨-૯-૪

#### મદુરા

મદુરા રૂ. ૧૩૪૭૨-૭-૬; તિરુમંગલમ્ રૂ. ૭૮૨-૧૩-૮; તિવારમ અને ગુડાલુર રૂ. ૧૪૩-૦-૭; કૅમ્બે રૂ. ૧૦૦; કુલ રૂ. ૧૪૪૯૮-૫-૯.

૧. જુઓ "ત્રિચિનોપલી નગરપાલિકાના માનપત્રના જવાબમાં ભાષણ", ૧૭-૯-૧૯૨૭ તથા કોલંબોમાં "ચેટ્ટિયાર સમાજમાં ભાષણ", ૧૩-૧૧-૧૯૨૭.

Gandhi Heritage Portal

### કોઇમ્બતૂર

કોઈમ્બતૂર રૂ. ૪૭૨૦–૧૫–૯; તિરુપુર રૂ. ૩૧૧૭–૨–૬; પોલ્લાચી રૂ. ૨૨૦૪–૩–૬; ગોબિચેટ્ટિ-પાલયમ્ રૂ. ૧૨૩૧–૧૫–૧૧; ઈરસનામપટ્ટી રૂ. ૨૭૦; વેલાકોઈલ રૂ. ૧૦૦; કિનાતુકાડાયુ રૂ. ૧૦૦; અવિનાશી રૂ. ૩૪–૧૧–૯; ચેયુર રૂ. ૧૩–૪–૦; કુલ રૂ. ૧૧૮૦૨–૫–૫.

### ત્રિચિનોપલી

ત્રિચિનોપલી રૂ. ૮૧૩૨–૧૨–૧૧; શ્રીરંગમ્ રૂ. ૧૧૩–૯–૨; લાલગુડી રૂ. ૧૯૫૭–૧૩–૩; કારુર રૂ. ૮૯૬–૧૦–૩; મનાચનલ્લુર રૂ. ૧૫૧; કુલ રૂ. ૧૧૨૫૧–૧૩–૭.

### તાંજોર

માયાવરમ્ રૂ. ૩૨૮૨–૩–૨; મન્નારગુડી રૂ. ૩૦૪૦–૧૪–૧૧; કુમ્ભકોણમ્ રૂ. ૨૯૨૩–૧૦–૧૧; તાંજોર રૂ. ૧૦૪૧–૭–૧૦; રાજાપાચન ચાવડી રૂ. ૨૮૮–૧૨–૦; વલંગીમાન રૂ. ૨૦૧; નીડામંગલમ્ રૂ. ૧૦૪; તિરુવર સુરુદુર રૂ. ૭૯–૧૨–૦; પાપનાશમ્ રૂ. ૨૩; મોરુપટ્ટી રૂ. ૧૫; પરચૂરણ રૂ. ૫; કુલ રૂ. ૧૧૦૦૪–૧૨–૧૦.

### તિનેવેલી

તિનેવેલી રૂ. ૩૧૬૫–૬–૦; તુતીકોરીન રૂ. ૨૬૧૬–૫–૪; કોઈલપટ્ટી રૂ. ૧૪૧૬–૧૧–૧; શ્રીવૈકુંઠમ્ રૂ. ૧૦૧૬–૪–૦; નાંગુનેરી રૂ. ૬૫૪–૧–૬; પણગુડી, તિસયનવિલે, સેલવમરુદુર વગેરે રૂ. ૪૩૪–૧૩–૬; શિવગિરિ રૂ. ૫૩૦–૯–૬; શંકરનકોઈલ રૂ. ૨૨૭–૧૪–૦; કલડાકુરીચી રૂ. ૧૪૨–૬–૧૧; શિવકાશી રૂ. ૭૯–૮–૦; તેનતિરુવેરાઈ રૂ. ૫૧–૦–૦; કલુગુમલાઈ રૂ. ૫૧–૦–૦; કરિયાલુર રૂ. ૩૪–૮–૦; મુદુકુમિંડમ્ રૂ. ૩૧; શંકરનકોઈલ રૂ. ૧૬; કુલ રૂ. ૧૦૪૬૭–૭–૯.

### બ્રિટિશ મલબાર

કાલીકટ રૂ. ૪૧૧૩–૯–૪; પાલઘાટ રૂ. ૨૨૩૬–૨–૭; ઓટાપાલમ્ અને શોરનૂર રૂ. ૧૨૦૫–૧૫–૦; અગતિતરા રૂ. ૩૧૪–૧–૯; તલિપરમ્બા રૂ. ૧૦૧; પોન્નાની રૂ. ૯૯–૧૫–૦; બડાગરા રૂ. ૫૪૨–૫–૬; પરચૂરણ રૂ. ૧૧; કુલ રૂ. ૮૫૯૪–૧–૨.

### રામનાડ

રાજાપાલયમ્ રૂ. ૩૬૪૨; વિરુધુનગર રૂ. ૧૮૩૨–૧૪–૬; પરમાકુડી રૂ. ૧૧૭૯–૭–૮; સાત્તુર રૂ. ૫૧૬–૯–૩; તિરુપત્તુર રૂ. ૪૩૧–૧૫–૬; શ્રી વલ્લીપુત્તુર રૂ. ૬૬–૮–૬; કુલ રૂ. ૭૬૬૯–૭–૫.

### ઉત્તર આરકટ

વેલોર રૂ. ૨૬૨૬–૧૧–૧૧; આર્ની રૂ. ૨૧૭૮–૧૦–૫; ગુડિયાથ્થમ રૂ. ૧૩૧૨–૪–૨; આરકટ રૂ. ૬૨૬–૧૫–૩; પલ્લિકોડન રૂ. ૭૬–૨–૬; તિરુવન્નામલાઈ રૂ. ૫૦; કુલ રૂ. ૬૮૭૦–૧૨–૩.

### ત્રાવણકોર

ત્રિવેન્દ્રમ રૂ. ૨૩૮૯–૪–૯; નાગરકોઈલ રૂ. ૧૨૫૩–૨–૧; અલેપ્પી રૂ. ૯૭૪–૯–૦; કવીલોન રૂ. ૮૫૮–૨–૯; હરિપાદ રૂ. ૩૩૫; કરુવટ્ટા રૂ. ૩૧૩–૦–૩; કટિંગાપલ્લી રૂ. ૨૩૫–૫–૩; કયનગુલમ્ રૂ. ૧૦૫; ચંગન્નૂર રૂ. ૧૧૧; કરુનાગપલ્લી ઓચરા, આયાગ્રામપુર, તોત્તાપલ્લી રૂ. ૮૦–૨–૩; કુલ રૂ. ૬૬૫૪–૧૦–૪.

### કોચીન

અર્નાકુલમ્ રૂ. ૨૫૧૯–૦–૧; ત્રિચૂર રૂ. ૧૮૯૮–૧૧–૫; કોચીન રૂ. ૯૦૦; ઓલ્લુર રૂ. ૮૯૫–૧૩–૦; તિરુપનિથુરા રૂ. ૨૭૨–૫–૬; મચાડ રૂ. ૧૩–૮–૦; કુલ રૂ. ૬૪૮૯–૬–૦.

### દક્ષિણ આરકટ

કડલોર રૂ. ૩૦૮૭–૧૨–૭; ચિદમ્બરમ્ રૂ. ૧૯૬૫–૭–૬; તિંદીવનમ્ રૂ. ૨૬૦; કુલ રૂ. ૫૩૧૩–૪–૧.

Gandhi Heritage Portal

### ચિંગલપુર

કંજીવરમ્ રૂ. ૧૪૧૦–૧૩–૯; આડમ્બાકમ રૂ. ૧૨૧૯–૯–૩; તિરુવલ્લુર રૂ. ૭૧૫–૧૩–૫; પૂનામલ્લી રૂ. ૩૬૯–૩–૪; શ્રીપેરમ્બુદુર રૂ. ૫૬–૭–૬; કુલ રૂ. ૩૮૩૧–૧૫–૩.

### સાલેમ

કૃષ્ણાગિરિ રૂ. ૨૨૦૧–૧–૭; હોસુર અને શુકલગિરિ રૂ. ૭૦૫–૧૦–૦; પુદુપાલયમ્ રૂ. ૨૦૫–૬–૦; કુલ રૂ. ૩૧૧૨–૧–૭.

### પુદુકોટ્ટા

કુલ રૂ. ૧૧૫૬–૧૧–૦.

પરચૂરણ રૂ. ૨૯૯–૫–૫.

સરવાળે કુલ તામિલનાડુ અને કેરળ રૂા. ૧,૫૭,૮૫૧–૧૩–૦.

### કર્ણાટક

દક્ષિણ કનારા અને પરચૂરણ રૂ. ૫૯૪૪–૬–૫.

ગુજરાત રેલ રાહત માટે મળ્યા રૂ. ૧૩૦; કુલ મળ્યા રૂ. ૧,૬૩,૧૨૬–૩–૫.

બૅન્કનો ખર્ચ રૂ. ૨૦–૧૩–૮ કાપતાં રૂ. ૧,૬૩,૯૦૫–૫–૯.

અબંન બૅંક માઈલાપુરમાં રૂ. ૧,૫૪,૭૭૭–૧૩–૯; તિરુપુર ખાદી વસ્ત્રાલયમાં રૂ. ૫૮૧૦–૫–૦; ઈરોડના અખિલ ભારત ચરખા સંઘમાં રૂ. ૩૩૧૭–૩–૦; કુલ રૂ. ૧,૬૩,૯૦૫–૫–૯.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १०–११–१९२७

## ૨. સિલોનમાં ખાદીફાળો

નીચે અમે ગાંધીજીના સિલોનના પ્રવાસ દરમ્યાન થયેલા ફાળાની યાદી આપીએ છીએ. દાન અને ફાળો આપનારાઓને વિનંતી છે કે તેઓ યાદી જુએ અને તેમાં કંઈ ભૂલ હોય કે કોઈ રકમ રહી ગયેલી હોય તો શ્રી રાજગોપાલાચારી, ગાંધી આશ્રમ, તિરુચેંગોડુ, ને ખબર આપો. —મહાદેવ દેસાઈ.

કોલંબો : સી સ્ટ્રીટના ચેટ્ટિયાર રૂ. ૪૦૦૧–૦–૦; સી સ્ટ્રીટના કારકુનો ૨૩૩૫–૫૦; સી સ્ટ્રીટના રસોઇયા રૂ. ૧૦૩–૨૫; હિંદી યુવક સંઘ રૂ. ૧૦૧–૦૦; વિવેકાનંદ સોસાયટી રૂ. ૨૦૫૦; નાલંદા વિદ્યાલય રૂ. ૪૦૦–૦૦; આનંદ કૉલેજ રૂ. ૪૦૦–૮૬; કેલી વેપારીઓ રૂ. ૨૦૫–૦૦; મરુથુવાકુલ રૂ. ૪૦૧–૦૦; હેવાવિતરાના, વીવિંગ સ્કૂલ રૂ. ૩૩–૫૦; સિંધી વેપારીઓ રૂ. ૧૭૫૪–૫૦; સિલોન લેબર યુનિયન રૂ. ૨૭૨૬–૭૧; નાદર સંઘમ્ રૂ. ૨૦૧–૦૦; સી સ્ટ્રીટ લૉજ રૂ. ૧૦૨–૦૦; ઝહિરિયા કૉલેજ રૂ. ૪૦૦–૦૦; તામિલ લેડીઝ યુનિયન રૂ. ૧૪૪૫–૦૦; સિંહાલી લેડીઝ રૂ. ૧૦૦૦; યંગ મૅન્સ હિંદુ ઍસોસિયેશન રૂ. ૧૦૧–૦૦; કોલંબો તામિલ યુનિયન રૂ. ૧૨૫૧–૫૦; પારસી રૂ. ૧૦૦૧; વિદ્યા વિનોદ સભા ૬૨૯–૨૦; રેદ્દિયાર મહાજન સંઘમ્ રૂ. ૩૦૦૧–૦૦; ગાંધી સંઘમ્ રૂ. ૭૫–૦૦; સ્લેવ આઇલૅન્ડ જનરલ રૂ. ૧૧૦૧–૦૦; યંગ ભારતસં લીગ રૂ. ૧૧૦–૧૧; મારવા કૉમ્યુનિટી રૂ. ૩૫૧–૦૦; સિલોન ઇન્ડિયન ઍસોસિયેશન રૂ. ૧૮૦૧–૦૦; યંગ લંકા લીગ રૂ. ૬૦–૦૦; યંગ મૅન્સ બુદ્ધિસ્ટ ઍસોસિયેશન રૂ. ૬૧૫–૪૫; લૉ કૉલેજ રૂ. ૩૨૦; મલયાલી રૂ. ૨૬૦–૦૦; ભાત અને કઢીની દુકાનોના માલિક રૂ. ૧૨૫૦–૦૦; ભાત અને કઢીની દુકાનોના કારકુનો રૂ. ૫૫૦–૦૦; સિલોન રાષ્ટ્રીય કૉંગ્રેસ રૂ. ૬૦૦–૦૦; જનરલ રિસેપ્શન, સામાન્ય સ્વાગત, કોલંબો ૬૪૦૮–૦૦; લિલામ રૂ. ૩૫૦.

શ્રીયુત વેલી અપ્પા નાદર રૂ. ૭૬–૦૦; શ્રીયુત ફિલિપ્પિયાહ રૂ. ૫૦–૦૦; શ્રીમતી એચ. સી. અબવર્દને રૂ. ૫૦–૦૦; શ્રીયુત અને શ્રીમતી ડબલ્યુ. ડી. ફર્નાન્ડો રૂ. ૫૦૦–૦૦; શ્રીમતી ડબલ્યુ. એ. ડીસિલ્વા રૂ. ૫૦૦–૦૦; ડૉ. એ. ટી. કુરિયન રૂ. ૧૫–૦૦; શ્રીયુત બી. વી. ભીમય્યા ચેટ્ટિયાર રૂ. ૫૦–૦૦; શ્રી બીલીમોરિયા રૂ. ૨૫–૦૦; શ્રી કે. એસ. નારાયણ આય્યર રૂ. ૨૫–૦૦; શ્રી એ. ઈ.

Gandhi Heritage Portal

ડિસિલ્વા રૂ. ૨૦૦–૦૦; શ્રી એચ. ડબ્લ્યુ. પેરીશ રૂ. ૧૦૦–૦૦; શ્રી વેલાયુથમ પિલ્લાઈ રૂ. ૫૧–૦૦; કુમારી બંદારનાયક અને બીજાં રૂ. ૧૧૦–૦૦; બીજો પરચૂરણ ફાળો રૂ. ૩૬૫–૮૫; બીજો સામાન્ય ફાળો રૂ. ૨૮૫; કુલ (કોલંબો) રૂ. ૪૦૧૯૫–૪૩.

કુરુનાગળ: ચેટ્ટિયારો રૂ. ૧૦૨૧–૦૦; સામાન્ય રૂ. ૧૫૦૦–૦૦; પુત્તાલમ્ અને કલપીટ્ટિયાના કારકુનો રૂ. ૩૫–૦૦; કંડિગામ અને હેલ્લિપોલા રૂ. ૧૧૨–૦૦.

નેગોમ્બો રૂ. ૧૮૧૨–૦૦; કોચ્ચુકાડાન રૂ. ૪૩૨–૦૦; પાલિગોડા નેશનલ લીગ રૂ. ૩૦–૭૨.

ચિલો રૂ. ૧૫૩૦–૨૮; નૈનામાડમા રૂ. ૧૨૮–૦૬.

માટલે: મરુથુવકુલા સંઘમ્ રૂ. ૫૫–૦૦; બુદ્ધિસ્ટ સ્કૂલ રૂ. ૨૫–૫૦; સામાન્ય રૂ. ૧૦૯૩–૨૦; શ્રી પોન્નિ રૂ. ૧૫૦; સ્કૂલ ફાઉન્ડેશન રૂ. ૨૫૧–૪૧; કુલ રૂ. ૧૫૭૪–૬૧.

કેન્ડી: ધર્મરાજ કૉલેજ રૂ. ૧૧૧–૦૦; શ્રી રાહુલ સ્કૂલ વગેરે રૂ. ૯૧–૦૦; સામાન્ય રૂ. ૪૫૦૦; હિંદી યુવક સંઘમ્ રૂ. ૭૧–૧૬; મરુથુવકુલા સંઘમ્ રૂ. ૧૪૧–૦૦; ઇન્ડિયન ઍસોસિયેશન રૂ. ૧૧૮૭–૫૦; શ્રી પી. એસ. દેવદાસુ પિલ્લે રૂ. ૧૦–૦; પરચૂરણ રૂ. ૩૮–૫૦; કુલ (કેન્ડી) રૂ. ૬૧૫૦–૧૬.

પંડારવેલા રૂ. ૬૦૧–૬૩; દિયાતલાવા રૂ. ૧૦૩–૦૦; હાપુતલા રૂ. ૩૫૧–૫૦.

બાદુલ્લા: સામાન્ય રૂ. ૪૦૦૦–૦૦; વાઈ. એમ. સી. એ. લુનુગલા રૂ. ૨૧૫–૦૦; સભામાં ફાળો રૂ. ૨૮૯–૩૭; પરચૂરણ રૂ. ૩૫–૬૦; કુલ રૂ. ૪૫૩૯–૯૭.

ડિકોયા રૂ. ૧૩૫–૦૦; તલાવકલે રૂ. ૩૧૫–૦૦; નાનવાચા રૂ. ૧૫૦–૦૦; વેલ્લીપાડા રૂ. ૨૧૫–૨૫; દિકાવેલા રૂ. ૫૦૦–૦૦.

નુવારા ઈલિયા: સામાન્ય રૂ. ૪૦૯૭–૧૫; સભાનો ફાળો રૂ. ૫૫૫–૩૧; કુલ રૂ. ૪૬૫૨–૪૬.

હટ્ટન: કારફાક્સના મજૂરો વગેરે રૂ. ૧૦૦–૦૦; કેસલરેના મજૂરો રૂ. ૧૩૫–૦૦; કંગાનીઝ ઍસોસિયેશન સામાન્ય થેલી રૂ. ૨૫૦૦–૦૦; બજાર રૂ. ૫૫૮–૦૦; પરચૂરણ રૂ. ૨૧૦; કુલ રૂ. ૩૫૦૩–૦૦.

પ્રિગટાના રૂ. ૧૯૪–૨૦; વાત્તાવેલા રૂ. ૨૩૦–૫૦.

નવલપીટિયા: સામાન્ય રૂ. ૧૩૨૨.૩૯/$\frac{1}{2}$; વાઈ. એમ. ડબ્લ્યુ. એ. ૩૯–૬૧; પરચૂરણ રૂ. ૭૭–૯૦; કુલ રૂ. ૧૪૩૯–૯૦/$\frac{1}{2}$.

કાડુગાતચોલાઈ રૂ. ૪૫–૦૦.

ગમ્પોલા: સામાન્ય રૂ. ૧૭૫–૦૦; શાળા રૂ. ૫૧–૦૦; રસોઇયા રૂ. ૪૧–૦૦; મરુધુવાકુલા સંઘમ્ રૂ. ૪૧–૦૦; આર. લેચામનાન ચેટ્ટિયાર રૂ. ૨૫૦–૦૦; પરચૂરણ રૂ. ૧૬–૩૪; કુલ રૂ. ૨૧૪૯–૩૪.

ટેકકાલા મહાજન સભા રૂ. ૩૬૪–૦૦; કાડુગન્નાવા રૂ. ૮૬૪–૧૪.

કેગાલા: સામાન્ય રૂ. ૭૬૨–૪૦; લિલામ રૂ. ૩૦–૦૦; સભાનો ફાળો રૂ. ૧૧૦–૧૭; કુલ રૂ. ૯૦૨–૫૭.

અતંગલ્લા રૂ. ૨૧૦; કેન્ડીથી કોલંબો સુધી પરચૂરણ રૂ. ૧૬૨–૬૮/$\frac{1}{2}$.

અંબલંગોઈડ: તામિલો રૂ. ૨૬૫–૮૫; પરચૂરણ રૂ. ૧૪–૭૩; કુલ રૂ. ૨૮૦–૫૮; બાલપિત્તિવા રૂ. ૫૦–૦૦; દાદુદુવા રૂ. ૫૫–૬૫; તિરાગામા રૂ. ૧૨૯–૨૧; તેલાવાલા સ્કૂલ રૂ. ૧૧–૩૦.

મોરાતુવા રૂ. ૫૮૮–૯૦; કાલાતુરા રૂ. ૧૬૯૫–૮૫; હોરાન્ના રૂ. ૪૭૨–૯૩; પાનાડુરા રૂ. ૧૮૧૦–૦૦.

ગલ્લે: ઉદુગામા કંગાનિસ રૂ. ૨૦૦; તામિલો ૫૮–૦૦; મહાજન સભા રૂ. ૧૮૦–૪૫; ચેટ્ટિયારો રૂ. ૫૦૧–૦૦; કનકુપિલ્લાઈઓ રૂ. ૩૫૧–૦૦; નાટકનો ખેલ રૂ. ૨૦૦–૦૦; મહિન્દ કૉલેજ રૂ. ૪૬૫–૦૦; લિલામ રૂ. ૨૦–૦૦; પરચૂરણ રૂ. ૧૬–૦૦; બીજો સામાન્ય ફાળો રૂ. ૪૯–૧૦; કુલ રૂ. ૨૦૪૦–૫૫.

મતારા: સામાન્ય રૂ. ૮૯૯–૪૫; શૉફર્સ યુનિયન રૂ. ૧૦૦–૦૦; શાળાનાં બાળકો રૂ. ૧૦૦–૦૦; મુરુથુવાકુલા સંઘમ્ રૂ. ૬૦–૪૫; પરચૂરણ રૂ. ૩૦–૦૦; વ્યક્તિગત ભેટ: શ્રીમતી પ્રસાદ રૂ. ૫૦–૦૦; શ્રી એન. ગુનાસેકર રૂ. ૫૦–૦૦; શ્રી જે. બી. કારડોનો રૂ. ૨૫–૦૦; શ્રી સુંદરમ્ પિલ્લાઈ રૂ. ૨૫–૦૦; માનનીય શ્રી અવેચાશેખર રૂ. ૫૦૦–૦૦; કુલ રૂ. ૧૮૩૯–૯૦.

ગોડાગમા રૂ. ૧૫૦–૦૦; અકમીમાના રૂ. ૨૫૦–૦૦; અમ્બાલાવત્તા રૂ. ૨૧–૬૦; લંડનના સિલોની વિદ્યાર્થીઓના તરફથી રૂ. ૫૩–૦૦; બીજા એક મનીઑર્ડરથી રૂ. ૬–૦૦; ગનેકતુલ્લા રૂ. ૨૦૦–૫૪.

ત્રિકોમાલી રૂ. ૩૯૨; લિલામ રૂ. ૧૦–૦૦; કુલ રૂ. ૪૦૨–૦૦.

Gandhi Heritage Portal

પલાઈ રૂ. ૨૦–૫૧; નાર્થડિયા એસ્ટેટ રૂ. ૪૫–૫૦.

કોલંબો અને જાફના સિવાયના ગ્રામવિસ્તારના કુલ રૂ. ૪૬,૫૨૯–૫૪.

જાફના : સામાન્ય રૂ. ૧૯૫૭–૧૦; ડિપ્રેસ્ડ કલાસિસ સર્વિસ લીગ રૂ. ૧૮૦–૦૦; ગ્રામ સમિતિઓ ૭૦૯–૭૫; સભામાં ફાળો રૂ. ૩૨–૪૯; પરમેશ્વરન કૉલેજ રૂ. ૫૩૬–૬૦; મણિપરી હિન્દુ કૉલેજ રૂ. ૫૦૧–૦૦; 'હિંદુ ઑર્ગન' મારફત મલાયા લોકોનો ફાળો રૂ. ૮૫૨–૫૦; ચુનાકમ રૂ. ૬૫૧–૪૬; લિલામ રૂ. ૨૫–૦૦.

હિંદુ કૉલેજ રૂ. ૭૦૭–૦૦; કંડારોડાઈ સ્કૂલ રૂ. ૨૨૩–૫૯; જાફનાના હિંદીઓ રૂ. ૧૩૦૧–૨૫; વિશ્વકર્મા કો. ઑપરેટિવ સોસાયટી રૂ. ૧૧૫–૪૫; ચુન્નાકમ ડિપ્રેસ્ડ કલાસ સ્કૂલ ફાઉન્ડેશન રૂ. ૧૦–૦૦; હિંદીઓની સભા રૂ. ૪૭–૦૬; અનુરાધાપુર વ્યક્તિગત રૂ. ૩૦–૦૦; ચાવલાચેરી રૂ. ૨૧૩–૫૦; કોપ્પઈ રૂ. ૧૪૪–૦૦; તોન્ડામાનુરુ રૂ. ૪૦૦; વિયમાગાટ્ટુર મંદિર રૂ. ૯૦–૮૧.

વલવેત્તીતુરાઈ રૂ. ૪૭૦–૨૫; લિલામ રૂ. ૬–૦૦.

સેંટ પેડ્રો રૂ. ૧૦૧૪–૪૯; જાફના અરબન કાઉન્સિલના મંત્રી મારફત રૂ. ૫૨–૪૨; ચિવાતેરુ ૨૫૯–૫૭; જાફનાના મજૂરો ૫૯૪–૯૮; સભામાં રૂ. ૪૮–૯૫½; ચેમ્મા સ્ટ્રીટ રૂ. ૧૦૭–૦૦; સેંટ જોન્સ કૉલેજ રૂ. ૨૫૮–૮૦; સેંટ્રલ કૉલેજ રૂ. ૨૭૬–૦૦; રામનાથન ગર્લ્સ કૉલેજ રૂ. ૧,૧૧૧–૦૮; માલકન ઇંગ્લિશ સ્કૂલ રૂ. ૧૦૧–૦૦; તેલ્લીપલાઈ રૂ. ૬૧૭–૨૦; ચુલિપુરમ અને ચેનકનાઈ રૂ. ૩૦૯–૦૦; વિક્ટોરિયા કૉલેજ રૂ. ૨૮૦–૦૦; સિથનકરાઈ સ્કૂલ રૂ. ૧૦૫–૦૦; વડુક્કોડાઈ રૂ. ૩૫–૦૦; જાફના કૉલેજ રૂ. ૬૦૦–૦૦; કરાઈનગર રૂ. ૫૩૮–૪૦; જાફના રેલવે સ્ટેશનનો ફાળો તથા લેડી રામનાથનની મારફત રૂ. ૧૨૯–૬૦; મોરલે અને કોલાપુરમ રૂ. ૨૮૦–૪૦; આઇલૅન્ડસ્ કેટ્સ રૂ. ૬૫૦–૦૩ પંડાતેરુપુર ઇંગ્લિશ સ્કૂલ રૂ. ૩૧-૩૨; હૉસ્પિટલની મેટ્રન અને નર્સો રૂ. ૧૦–૦૦; વાલુનિયા રૂ. ૧૨૫–૦૦; મહાવદ્રી રૂ. ૧૦૬–૭૫; લિલામ રૂ. ૧,૧૪૭–૦૦; પરચૂરણ રૂ. ૨૯૭–૨૫; જાફનાનો કુલ ફાળો રૂ. ૧૮,૨૯૧–૫½

| | |
|---|---|
| કુલ સરવાળો | ૧,૦૫,૦૧૬–૦૨½ |
| ૭ સેંટના હિસાબે ગિની (૫૪)ના મૂલ્યમાં ઘટ | ૩–૭૮ |
| ખોટા સિક્કા | ૧૨–૧૨½ |
| સરવાળો | ૧,૦૫,૦૦૦–૧૨ |
| | ૧,૦૫,૦૦૦–૨–૦ |
| બૅંકમાં ડિપૉઝિટ (એમ. સી. યુ. બી.) | ૧,૦૪,૪૮૭–૫–૪ |
| રોકડ હાથ પર | ૧૪૮–૯–૫ |
| ભૂલને કારણે પાછા ફરેલા ચેકોના બાકી | ૩૬૪–૩–૩ |
| | કુલ ૧,૦૫,૦૦૦–૨–૦ |

[મૂળ અંગ્રેજી]

યંગ ઇન્ડિયા, ૨૨–૧૨–૧૯૨૭

# પરિશિષ્ટ ૩

## સી. કુટ્ટન નાયરને મુલાકાત[1]

ઑક્ટોબર ૪, ૧૯૨૭

શ્રી ટી. કે. માધવન પર આજે ગાંધીજીનો તાર[2] આવ્યો છે જેમાં તેમને, તિરુવરાપુર મંદિરના રસ્તાઓનો ઉપયોગ કરવાની અસ્પૃશ્યોને થયેલી મનાઈ સામે સવિનય ભંગ શરૂ કરવાનું કહેવામાં આવ્યું છે.

૧. જુઓ "ત્રિવેન્દ્રમમાં ભાષણ", ૧૦–૧૦–૧૯૨૭.

૨. આ તાર મળતો નથી.

Gandhi Heritage Portal

શ્રી માધવનના એક સહકાર્યકર્તા શ્રી સી. કુટ્ટન નાયર આજે સવારે તિરુવારુપ્પુ મંદિરના રસ્તાઓના સવાલો અંગે ગાંધીજીને વિરુધુનગરમાં મળ્યા હતા. મહાત્મા ગાંધીએ શ્રી કુટ્ટન નાયરે રજૂ કરેલા બધા કાગળપત્રો વાંચી લીધા... અને સાચી હકીકતોની ખાતરી કર્યા પછી... કહ્યું :

મારી સમક્ષ પડેલી હકીકતો પરથી મને કહેતાં જરાયે સંકોચ થતો નથી કે તિરુવારપ્પુમાં અવર્ણ હિંદુઓ માટે રસ્તા મૂકવા બાબતમાં સત્યાગ્રહ કરવાની આવશ્યકતા સચોટ રીતે પુરવાર થઈ છે.

આપ, 'સત્યાગ્રહ' એટલે વાઈકોમમાં કરવામાં આવ્યો હતો એ સ્વરૂપનો સત્યાગ્રહ સમજો છો એવા સવાલના જવાબમાં તેમણે ભારપૂર્વક કહ્યું, 'ના'. તેમણે કહ્યું કે આ સત્યાગ્રહ એટલો વ્યાપક હોવો જોઈએ કે જેમાં દરેક સ્વરૂપના સવિનયભંગ આવી જાય. તેમણે કહ્યું કે હું તિરુવરાપુમાં સામૂહિક સવિનયભંગના પક્ષમાં પણ છું, તેમાં શરત એટલી કે ત્યાં અહિંસાનું વાતાવરણ હોવું જોઈએ. ત્રાવણકોર સરકારે વાઈકોમ સમાધાનની શરતોનું યોગ્ય રીતે પાલન નથી કર્યું તેથી આ ગરબડ ઊભી થઈ છે અને તેનાથી અવર્ણો માટે મંદિરપ્રવેશની માગણી મજબૂત થશે. તેમણે કહ્યું, "હા, મંદિરપ્રવેશ આવી રહ્યો છે."

ગાંધીજીએ વચન આપ્યું કે અર્નાકુલમ જતાં રસ્તામાં હું તિરુવરુપ્પુ જવાનો પ્રયત્ન કરીશ.

[મૂળ અંગ્રેજી]

હિન્દુ, ૯–૧૦–૧૯૨૭

# પરિશિષ્ટ ૪

## કાંચીના શ્રી શંકરાચાર્ય સાથે મુલાકાત[૧]

૧૯૨૭ના પાછળના ભાગમાં મહાત્મા ગાંધી દક્ષિણમાં કૉંગ્રેસનાં ધ્યેયોનો પ્રચાર કરવા અને ફાળો એકઠો કરવા માટે પ્રવાસ કરી રહ્યા હતા, હિંદુના મૅનેજર શ્રી એ. રંગાસ્વામી આયંગર તથા એસ. સત્યમૂર્તિ દ્વારા ગાંધીજીએ શ્રી શંકરાચાર્ય વિશે સાંભળ્યું હતું એટલે તેમને મળવાનો નિર્ણય કર્યો. આ ઐતિહાસિક મુલાકાત ૧૫, ઑક્ટોબર ૧૯૨૭ને દિવસે પાલઘાટમાં આવેલા નેલ્લીચેરીના આચાર્યના કૅમ્પની બાજુના તબેલામાં થઈ હતી. તેમાં થોડાક જ માણસો હાજર હતા. છાપાનો કોઈ પ્રતિનિધિ હાજર નહોતો.

ગાંધીજીએ આચાર્યને હિંદુ પ્રણાલિકા પ્રમાણે નમસ્કાર કર્યા. ગેરુઆ રંગની ખાદી પહેરેલા અને જમીન પર બેઠેલા સંન્યાસીની પ્રભાવકારી સદ્‌વૃત્તિની ગાંધીજીના મન પર ઊંડી છાપ પડી. શાંતિ છવાઈ ગઈ. પછી આચાર્યે સ્વાગત રૂપે સંસ્કૃતમાં થોડા શબ્દો કહ્યા અને ગાંધીજીને બેસવા કહ્યું. ગાંધીજી બેઠા અને કહ્યું કે મને સંસ્કૃતમાં બોલવાની આદત નથી, સંસ્કૃત થોડું સમજું છું ખરો, મને હિંદીમાં બોલવાની રજા આપો. આચાર્ય હિંદી સમજી શકતા હતા તેથી આ વ્યવસ્થા બંનેને અનુકૂળ આવી. ગાંધીજી હિંદીમાં બોલ્યા અને આચાર્ય સંસ્કૃતમાં.

આચાર્યે ગાંધીજીના રાજકારણમાં ધર્મ દાખલ કરવાના પ્રયત્નોની પ્રશંસા કરી તેનું કારણ દર્શાવ્યું કે સ્વસ્થ રાષ્ટ્રીય જીવન આધ્યાત્મિક પાયા પર આધારિત હોવું જોઈએ અને ધર્મવિહીન તથા ભૌતિક બળો પર આધાર રાખતાં રાષ્ટ્રોનો વિનાશ નિશ્ચિત છે. હરિજનોના મંદિરપ્રવેશ વિશે પોતાના વિચાર દર્શાવતાં આચાર્યે કહ્યું કે મને લાગે છે કે જે લોકો હજુ શાસ્ત્ર અને રૂઢિની સર્વોપરિતામાં માને છે તેમની ભાવનાને આઘાત પહોંચાડવો એ એક પ્રકારની હિંસા જેવું જ છે. આધ્યાત્મિક બાબતો વિશે ચર્ચા ચાલતી રહી. ચર્ચા ખુલ્લા દિલની હતી અને તેમાં એકબીજા પ્રત્યેનો આદર જણાઈ આવતો હતો. તેમાં વાદવિવાદ કે શાસ્ત્રાર્થ નહોતો...

૧. જુઓ પાદટીપ ૧, પા. ૧૨૮.

Gandhi Heritage Portal

આ વાતચીત લગભગ એક કલાક ચાલી... વિદાય લેતાં ગાંધીજીએ કહ્યું કે, આ મુલાકાતથી મને ઘણો જ લાભ થયો છે. હું આચાર્યની ઇચ્છાઓ ધ્યાનમાં રાખીશ અને તેને મારી શક્તિ પ્રમાણે પૂરી કરીશ.

ગાંધીજી ૬–૦૦ વાગ્યા પછી ભોજન કરતા નહોતા એટલે શ્રી ચ. રાજગોપાલાચારી ૫–૩૦ વાગ્યે તેમની પાસે ગયા અને તેમને ભોજનનું સ્મરણ કરાવ્યું. પણ ગાંધીજીએ કહ્યું, "આચાર્ય સાથેની આ વાતચીત મારુ ભોજન છે." પછી આચાર્યે ગાંધીજીને એક મોટું સંતરુ આપ્યું. આ ફળ હું ખાસ પસંદ કરુ છું, એમ કહીને ગાંધીજીએ તેનો સહર્ષ સ્વીકાર કર્યો.

પછી તે જ સાંજે કોઇમ્બતૂરમાં ભરાયેલી સભામાં ગાંધીજીને આચાર્ય સાથેની વાતચીત વિશે પૂછવામાં આવતાં તેમણે કહ્યું કે એ મુલાકાત અંગત અને ખાનગી હતી અને તેથી છાપાના ખબરપત્રીઓને તેમાં આવવા દીધા નહોતા.

[મૂળ અંગ્રેજી]

श्री जगद्गुरु दिव्यचरितम्, પા. ૧૨૧–૩

# પરિશિષ્ટ ૫

## ગાંધી-અર્વિન મુલાકાત[1]

### ૧

... તેઓ વાઇસરૉયને મળ્યા ત્યારે મુલાકાત લૂખી હતી. લૉર્ડ અર્વિને તેમના હાથમાં સાઇમન કમિશન વિશેનું હિંદી વજીરે કરેલું નિવેદન મૂક્યું. અને ગાંધીજીએ જ્યારે પૂછ્યું કે શું આટલું જ કામ હતું, ત્યારે લૉર્ડ અર્વિને કહ્યું, "હા." ગાંધીજીએ કહ્યું, મને લાગે છે કે, એક આનાના પરબીડિયાથી આ મને પહોંચાડી શકાત...

ध हिस्टरी ऑफ ध इन्डियन नेशनल कॉंग्रेस પુસ્તક ૧, (૧૮૮૫–૧૯૩૫) પૃ. ૩૧૫.

### ૨

ખરુ જોતાં, આ પહેલી મુલાકાતમાં ગાંધીજી અને અર્વિન વચ્ચે લાંબી વાતચીત થઈ હતી. તેમણે એકબીજાની વાત બહુ જ ધીરજ અને વિવેકપૂર્વક સાંભળી હતી. ગાંધીજી ખુશમિજાજમાં હતા... તેમણે વાઇસરૉયને ખાદીપ્રેમી બનાવી દેવા વચન આપ્યું.[2] તેમણે અર્વિનની વાત ધ્યાનપૂર્વક સાંભળી અને તેમની વાત પૂરી થયા પછી પોતે પોતાની સામાન્ય રાજકીય ફિલસૂફી લંબાણપૂર્વક સમજાવી. તેમણે કહ્યું કે, હું બ્રિટિશ વાલીપણાની જરૂર જોતો નથી. હિંદુસ્તાને બતાવવા જોઈતાં સ્વાભિમાનને હાનિ પહોંચાડવાની સલાહ આપવાને બદલે હું અનિશ્ચિત સમય સુધી થોભી જવા તૈયાર છું. હિંદુસ્તાન ઇચ્છે છે તે પાર્લમેન્ટે તેને આપવું જોઈએ. તેથી હું પોતે આ બધી વસ્તુઓથી દૂર હોવાનો અનુભવ કરુ છું. કૉંગ્રેસ અસહકારનો જે એક વિચાર સેવી રહી છે – તે આખરે પાર્લમેન્ટના મન પર અસર પાડશે, કોમવાદ ચાલ્યો જશે; જુદી જુદી કોમો હિંદનું આખું ધ્યાન રોકવાની કોશિશ કરી રહી છે.

અર્વિનને મહાત્માની રાજકીય કાર્યપદ્ધતિ અસંબદ્ધ છે એવો અનુભવ થયો. તેઓ તેમને અસ્પષ્ટ છતાં... કડવાશ વિનાના અને વાતચીતમાં આનંદી અને સમજુ લાગ્યા. પણ તેમની વાતમાં વાઇસરૉયનું વહેવારુ માનસ ગ્રહણ કરી શકે એવું કંઈ નહોતું... માત્ર ગાંધી અને બીજાઓએ જ્યારે એમ કહ્યું કે હિંદની ધારાસભાઓના પ્રતિનિધિઓને ઇંગ્લિશ પાર્લમેન્ટરી કમિટી સાથે સલાહમસલત કરવા આમંત્રણ આપવાની વિધિને તેઓ નહીં જેવું જ મહત્ત્વ આપતા હતા ત્યારે જ અર્વિને તેમને સીધું જ એમ કહેવાની તક

૧. ૨–૧૧–૧૯૨૭ને રોજ; જુઓ "સી. એફ. ઍન્ડ્રૂઝને પત્ર", ૧૧–૧૧–૨૭.

૨. જુઓ પુસ્તક ૩૬, "લૉર્ડ અર્વિનને પત્ર", ૨૯–૪–૧૯૨૮.



Gandhi Heritage Portal

ઝડપી લીધી કે, જો તમે આ તકનો લાભ લેવાનું ચૂકશો તો ભારે રાજકીય ભૂલ કરશો અને બ્રિટિશ લોકમતને હમેશને માટે તમારી વિરુદ્ધ કરી મૂકશો.

[મૂળ અંગ્રેજી]

હેલિફેક્સ : ધ લાઈફ ઑફ લૉર્ડ હેલિફેક્સ, પા. ૨૪૯

૩

કેટલાંક વર્તુળોમાં એવી માન્યતા બંધાઈ છે કે નામદાર વાઇસરૉયને વ્હાઈટ હૉલના એક આદેશ દ્વારા એવું માનવાને ઉત્તેજન અપાયું છે કે હિંદુસ્તાને બ્રિટનના સઘળા રાજકીય પક્ષોના સંપૂર્ણ પ્રતિનિધિત્વવાળા કમિશનને એક સિદ્ધ વસ્તુ તરીકે સ્વીકારી લેવું જોઈએ; અને જેઓ ત્રાસદાયક ચળવળિયા નીવડે તેમને પહેલેથી કહી દેવું જોઈએ કે સરકાર હવે વધુ સમય ધમકી અને વાહિયાત વાતો સાંખી લેશે નહીં.

છતાં કમિશનના કામમાં હિંદીઓનો સલાહકારો તરીકે સાથ લેવામાં આવશે. સલાહકારોની પસંદગી સંબંધમાં પણ કોમી અવાજ સંભળાય એવો સંભવ છે, પણ તે અવાજને કેવળ સરકારી હોદ્દો ધરાવતા હિંદીઓને સલાહકાર તરીકે નીમીને શાંત કરી શકાય છે. વાઇસરૉયના ભાષણનો આ સાર હતો એમ મનાય છે.

શ્રી ગાંધીએ કહ્યું કે સ્વમાની હિંદી લોકમત જાણી જોઈને કરેલા આવા અપમાનનો વિરોધ કર્યા વગર રહેશે નહીં એટલે આ પ્રકારનું કમિશન નિષ્ફળ જશે. એનું પરિણામ કમિશનના બહિષ્કારમાં જ આવી શકે. કમિશનના સભ્યોની પસંદગી ગમે તેટલી સારી હોય અને તેને સોંપેલી કામગીરીનું ક્ષેત્ર ગમે તેટલું ઉદાર હોય છતાં મારે માટે અને મારા વિચારના લોકો માટે આ કમિશનને કંઈ જ મહત્ત્વ નથી. તમારા દેશબંધુઓને, ખાસ કરીને સ્વરાજવાદીઓને તમે તેની તપાસના કામમાં કમિશનને સહકાર આપવાની સલાહ આપશો ખરા, એવા સવાલના જવાબમાં શ્રી ગાંધીએ કહ્યું કે એ મારુ કામ નથી. કમિશન સાથે સહકાર કરવા કોઈને પણ સમજાવવા હું તૈયાર નથી. બધા સ્વરાજવાદીઓ રાજકીય લડતમાં ઘડાયેલા છે; તેઓ હુકમ કરવા યોગ્ય બાળકો નથી. તેમ છતાં શ્રી ગાંધીએ નામદાર વાઇસરૉયને ખાતરી આપી કે, હું પોતે કમિશનના બહિષ્કારની ચળવળ શરૂ નહીં કરુ, કારણ કે ઘણા વખતથી મેં રાજકીય નેતૃત્વનું કામ સ્વરાજવાદીઓને સોંપી દીધું છે. શ્રી ગાંધીએ અંતમાં કહ્યું કે હું કોઈને કમિશનના કામમાં ભાગ લેતાં અટકાવીશ નહીં, અટકાવી શકું પણ નહીં.

[મૂળ અંગ્રેજી]

હિન્દુ, ૯–૧૧–૧૯૨૭

## પરિશિષ્ટ ૯

## એસ. ડી. નાડકર્ણીના પત્રનો અંશ[1]

... જે વસ્તુ વર્ણવ્યવસ્થાને નામે લગભગ હમેશાં ઓળખાઈ છે તે તો કૃત્રિમ રીતે ટકાવેલો અને અતિશય કડક એવો સામાજિક ભેદ છે. એનું બીજું નામ 'ન્યાત' છે. ન્યાતો 'એક કાળે' હતી એમ ચાર હોય કે આજની જેમ ચાળીસ હજાર હોય એ તત્ત્વતઃ તો એક જ છે. અધિકાર અને બંધનની વહેંચણીની કેવળ જન્મને ધ્યાનમાં રાખીને કરેલી એ વ્યવસ્થા છે...

... હવે, મહાત્માજી, આપ અને હું કેવળ 'વૈશ્ય' અને 'બ્રાહ્મણ' ન રહેતાં (કારણ હું જન્મે 'બ્રાહ્મણ' છું) સાચા હિંદુ થવા માગતા હોઈએ, તો રામના સમયના આ 'શૂદ્ર' મુનિ શંબૂકને ધાર્મિક સ્વાતંત્ર્યનો પ્રાચીનમાં પ્રાચીન રક્ષક અને ભારતવર્ષના કે કદાચ આખા જગતના ઇતિહાસમાં નોંધાયેલો પ્રથમ ધર્મવીર ગણી એની સ્મૃતિને પૂજવી જોઈએ. મહાત્માજી, આપ એમાં મારી સાથે જોડાવા તૈયાર

૧. જુઓ "વર્ણાશ્રમ", ૧૯–૧૧–૧૯૨૭.

Gandhi Heritage Portal

છો? એમ કરવાથી જ આજની બ્રાહ્મણવિરોધી ચળવળમાંનું વિષ નીકળી જશે, અને આ જુગજૂના ઝઘડાની રાખમાંથી એકરૂપ અને એકદિલ એવા હિંદુ ધર્મનો જન્મ થશે. હું કહું છું કે જો હિંદુ ધર્મે હજી જીવવું ને ફાલવું હોય તો શંબૂકને ન્યાય મળવો જોઈએ...

... એમ હોય તો બધા ગાંધીઓએ ગાંધિયાણું અને રામનામ એ બેને જ વળગી રહેવું જોઈએ, અને ગૃહસ્થજીવન સમાપ્ત કર્યા પછી યોગ્ય વયે ચતુર્થાશ્રમમાં વિધિપૂર્વક પ્રવેશ કર્યો ન હોય ત્યાં સુધી દેશના સામાજિક અને રાજકીય સુધારામાં કોઈ કાળે માથું મારવું ન જોઈએ. નહીં તો વૈશ્ય રાજકારણમાં પડે એ બ્રાહ્મણો અને ક્ષત્રિયોના 'આધ્યાત્મિક વાડા' પર આક્રમણ કર્યા જેવું થાય! પણ એ નિયમ કલ્યાણકારી નીવડે ખરો? વળી વંશવારસાના નિયમને આપ કયું સ્થાન આપો છો?

... આપણે આ વિશે જરા વિચાર કરીશું તો દીવા જેવું જણાશે કે વંશવારસાના નિયમની સાથે ધર્મને નામે જુલમી બંધનોને જોડી દઈને આપણે એ નિયમ પર વધારે પડતો ભાર મૂક્યો છે...

... જેમ આપ જન્મે વૈશ્ય હોઈ હિંદુસ્તાનની આર્થિક અધોગતિને માટે વૈશ્યવર્ગને જવાબદાર ગણો છો, તેમ હું જન્મે બ્રાહ્મણ હોવાથી મને એમ કહેતાં જરાયે આંચકો નથી આવતો કે આખા ભારતવર્ષની આધ્યાત્મિક તેમ જ આર્થિક બંને પ્રકારની ગુલામીને સારુ બ્રાહ્મણવર્ગ જ જવાબદાર છે. જેમને ઝાઝું મળેલું હતું તેમની પાસેથી ઝાઝાની અપેક્ષા પણ રાખેલી હતી. પણ અફસોસ, અલ્પદૃષ્ટિની સ્વાર્થબુદ્ધિમાંથી જન્મેલી કૃપણ ધર્માંધતાએ આડે આવીને તેમને પોતાના જીવનનો ઉત્તમાંશ સમાજને ચરણે ધરતાં રોક્યા. અને પરિણામે હવે બ્રાહ્મણધર્મીઓ અને સાથે બ્રાહ્મણો પણ ઊંડી અધોગતિને પામ્યા છે.

[મૂળ અંગ્રેજી]

યંગ ઇન્ડિયા, ૧૭–૧૧–૧૯૨૭

ભાષાંતર: નવજીવન, ૨૦–૧૧–૧૯૨૭

# પરિશિષ્ટ ૭

## હિંદી સ્ટેચ્યુટરી કમિશન વિશે વાઇસરૉયના નિવેદનમાંથી ઉતારો[1]

નવેમ્બર ૮, ૧૯૨૭

કમિશન પોતાનો રિપોર્ટ રજૂ કરશે અને હિંદ સરકાર તથા સમ્રાટ સરકાર તે તપાસી લેશે પછી સમ્રાટ સરકારની ફરજ પાર્લમેન્ટમાં એ ઠરાવો રજૂ કરવાની રહેશે. પણ હિંદની જુદી જુદી વિચારધારાના લોકોને એ ઠરાવો વિશે પોતાના વિચારો પ્રગટ કરવાની પૂરી તક આપ્યા સિવાય, સમ્રાટની સરકાર પાર્લમેન્ટને એ ઠરાવો પસાર કરવાનું કહેવાનો ઇરાદો રાખતી નથી.

અને આ ઉદ્દેશ માટે એવો ઇરાદો રાખવામાં આવ્યો છે કે પાર્લમેન્ટના બંને ગૃહોની એક સંયુક્ત કમિટી સમક્ષ આ દરખાસ્તો વિચારણાર્થે રજૂ કરવા સૂચવવામાં આવે અને એવી સગવડ આપવામાં આવે કે હિંદની મધ્યસ્થ ધારાસભાના વિચારો રજૂ કરવા માટે તેનાં પ્રતિનિધિમંડળોને આ કમિટીમાં હાજરી આપવા અને તેની સાથે ચર્ચા કરવા માટે આમંત્રિત કરવામાં આવે તથા સંયુક્ત પાર્લમેન્ટરી કમિટી મસલત કરવા ઇચ્છે એવાં બીજાં કોઈ મંડળોના વિચારો પણ તેની આગળ રજૂ થાય.

સમ્રાટ સરકારના અભિપ્રાય મુજબ વિચારવામાં આવેલી કાર્યપદ્ધતિ, ઉપર રજૂ થયેલી જરૂરિયાતોને મોટે ભાગે સંતોષે છે.

બ્રિટનના દરેક રાજકીય પક્ષના માણસોનું બનેલું અને પોતાની વિશિષ્ટ શક્તિ અને ચારિત્ર્યને કારણે જેમની જાહેર પ્રતિષ્ઠા છે એવા પ્રમુખવાળું એ કમિશન અત્યંત જટિલ બંધારણીય પ્રશ્ન વિશે દેખીતી રીતે જ કાર્યક્ષમ, વ્યવસ્થિત અને નિષ્પક્ષ નિર્ણય આપશે.

૧. જુઓ, "ઍસોસિયેટેડ પ્રેસને મુલાકાત", ૧–૧૨–૧૯૨૭.

Gandhi Heritage Portal

તે ઉપરાંત, પહેલેથી જ એવો વિશ્વાસ રાખી શકાય કે પાર્લમેન્ટ પોતાના સભ્યોના નિર્ણયોનો અનુકૂળ દૃષ્ટિએ વિચાર કરશે કારણ કે તે માનશે કે તેઓ વિચારની એક સમાન ભૂમિકા પરથી બોલે છે અને નિર્ણયનાં એવાં ધોરણો લાગુ કરે છે જેમને પાર્લમેન્ટ સહેજે પોતાનાં ધોરણો માનશે. મારી વાત કરું તો, મને એ વિશે કશી શંકા નથી કે જેઓ હિંદની પ્રગતિ ઇચ્છે છે તેમને માટે તે જલદી પ્રાપ્ત કરવાનો સૌથી નિશ્ચિત માર્ગ પાર્લમેન્ટને સમજાવવાનો છે. અને એ તેઓ, પાર્લમેન્ટનાં બંને ગૃહોના સભ્યો મારફત જેટલી ખાતરીપૂર્વક કરી શકે તેટલી ખાતરીપૂર્વક બીજી કોઈ રીતે નહીં કરી શકે. હિંદનો રાષ્ટ્રવાદી જો પાર્લમેન્ટના સભ્યોને અહીં જ ખાતરી કરાવી આપે તો તેણે ઘણું પ્રાપ્ત કર્યું હશે અને તેથી હું એથી આગળ જઈને કહું છું કે જેઓ હિંદ તરફથી બોલે છે તેમને, જો પોતે હિંદ તરફથી રજૂ કરે છે તે દાવામાં વિશ્વાસ હોય તો તેમણે બ્રિટિશ પાર્લમેન્ટના શક્ય એટલા સભ્યોને હિંદના જીવન અને રાજકારણના પ્રત્યક્ષ સંપર્કમાં આવવાની જે તક આપવામાં આવે છે તેને આવકારવી જોઈએ.

વળી, વધારામાં, સુધારાને વધુ વિસ્તૃત કરવા ઇચ્છનારા સૌ કોઈને માટે તેમનો દાવો પાર્લમેન્ટનો પાકો વિશ્વાસ ધરાવતા લોકોએ પ્રથમ સાંભળવો જોઈએ એ વાત આ કારણોને લઈને એક બાજુથી નિશ્ચિત લાભની છે જ, ઉપરાંત હું એ માનવા માટે પૂરતો આશાવાદી છું કે સમ્રાટની સરકારે જે પદ્ધતિ પસંદ કરી છે તે હિંદીઓને આ મહાન ઘટનાઓની ચર્ચાને અસર કરવાની બીજી કોઈ રીતે મળી શકી ન હોત એવી સારી તક આપશે કારણ કે તેઓ, કમિશન સમક્ષ હિંદી ધારાસભાઓના પ્રતિનિધિઓ મારફત પોતાના વિચારો છૂટથી રજૂ કરી શકશે એટલું જ નહીં પણ સમ્રાટ સરકાર જે કોઈ દરખાસ્તો રજૂ કરે તેને તે પાર્લમેન્ટની સંયુક્ત સમિતિ સમક્ષ વિગત કે સિદ્ધાંત અંગે પડકાર કરવાનો અને તેમના પોતાના ઉકેલનું સમર્થન કરવાનો અધિકાર રહેશે. તે ઉપરાંત એ પણ કહેવું જોઈએ કે આ તબક્કે પાર્લમેન્ટને ચોક્કસ દરખાસ્તો વિશે પોતાનો કોઈ પણ મત જાહેર કરવાનું કહેવામાં નહીં આવ્યું હોય એટલે પાર્લમેન્ટને સંબંધ છે ત્યાં સુધી આખુંયે કાર્યક્ષેત્ર પુનર્વિચારણા માટે ખુલ્લું રહેશે.

અર્વિન

વાઇસરૉય અને ગવર્નર-જનરલ

[મૂળ અંગ્રેજી]

इन्डिया इन १९२८-२९, પા. ૩૭૨-૩

# પરિશિષ્ટ ૮

## ઇન્ડિયન સ્ટેચ્યુટરી કમિશન[1]

એ જોતાં અમે એ તાત્કાલિક સલાહભર્યું માનીએ છીએ કે ગવર્નમેન્ટ ઑફ ઇન્ડિયા ઍક્ટના ખંડ ૮૪ કમાં જે કમિશનની જોગવાઈ કરવામાં આવી છે તે કમિશન, બ્રિટિશ હિંદની શાસન પદ્ધતિના અમલની, કેળવણીના વિકાસની તથા પ્રતિનિધિત્વ ધરાવતી સંસ્થાઓના વિકાસની અને તેની સાથે સંબંધ ધરાવતી બાબતોની તપાસ કરવા માટે તરત નીમવામાં આવે. એ કમિશને રિપોર્ટ કરવો જોઈએ કે જવાબદાર સરકારનો સિદ્ધાંત લાગુ કરવો ઇચ્છનીય છે કે નહીં, અને હોય તો કેટલે અંશે, અથવા ત્યાંની જવાબદાર સરકારના દરજ્જામાં વધારો કરવો, તેમાં ફેરફાર કરવો કે ઘટાડો કરવો ઇચ્છનીય છે કે કેમ, તથા સ્થાનિક ધારાસભાના બીજા ગૃહની સ્થાપના કરવી ઇચ્છનીય છે કે નહીં એ પ્રશ્નનો પણ આમાં સમાવેશ કરવામાં આવે.

હવે તમે જાણી લો કે અમે તમારાં જ્ઞાન અને શક્તિમાં ભારે વિશ્વાસ રાખીને પાર્લમેન્ટનાં બંને ગૃહોની સંમતિથી હિંદી વજીરે આપેલી સલાહથી નીચે જણાવેલ વ્યક્તિઓને ઉપરોક્ત ઉદ્દેશો માટે અમારા કમિશનના સભ્યો તરીકે નિયુક્ત કરીએ છીએ—સર જૉન આલ્સબ્રૂક સાઇમન (અધ્યક્ષ); હેરી લૉસન

૧. જુઓ, "ઍસોસિયેટેડ પ્રેસને મુલાકાત", ૧-૧૨-૧૯૨૭.

Gandhi Heritage Portal

વેબ્સ્ટર, વાઇકાઉન્ટ બર્નહામ, ડોનાલ્ડ સ્ટર્લિંગ પામર, બેરન સ્ટ્રેથકોના અને માઉન્ટ રૉયલ; એડવર્ડ સેસિલ જૉર્જ કેડોગન; સ્ટીફન વૉલ્શ[1]; જૉર્જ રિચાર્ડ લેન-ફૉક્સ અને ક્લેમેન્ટ રિચાર્ડ એટલી.

અને અમારા આ કમિશનના ઉદ્દેશો વધારે સારી રીતે પાર પાડવા માટે આથી તમને અથવા તમારામાંથી ત્રણ કે તેથી વધુ સભ્યોને, અમારા યુનાઇટેડ કિંગ્ડમમાં અથવા હિંદુસ્તાનમાં અથવા અમારાં સંસ્થાનોમાં બીજી જગ્યાએ અમારા આ કમિશનના વિષયમાં કંઈ માહિતી આપી શકે એમ લાગે તેને કોઈ પણ જગ્યાએ તમારી સમક્ષ બોલાવવાની; તથા અમારા ઉપરોક્ત કિંગ્ડમમાં અથવા હિંદુસ્તાનમાં, અથવા અમારાં સંસ્થાનોમાં બીજી જગ્યાએ લેખિત માહિતી માગવાની, જેમાંથી તમને આ વિષયની વધુમાં વધુ માહિતી મળે તેમ હોય તેવાં બધાં પુસ્તકો, દસ્તાવેજો, રજિસ્ટરો અને રેકર્ડ માગવાની અને તપાસવાની; તથા બીજી કાયદેસર રીતો અને સાધનો દ્વારા તપાસ કરવાની તમને સંપૂર્ણ સત્તા આપીએ છીએ; જેમાં અમારા હિંદી વજીરની સંમતિથી ઉપ-તપાસ કરવાની તથા તે તપાસનું પરિણામ કમિશનને સુપરત કરવા માટે કોઈ વ્યક્તિ કે વ્યક્તિઓની નિમણૂક કરવાની સત્તા આવી જાય છે.

ઉપરોક્ત ઉદ્દેશોને વધારે સારી રીતે પાર પાડવા માટે જે જગ્યાની તપાસ કરવાની તમને જરૂરી લાગે એવી જગ્યાઓએ જાતે જઈને તપાસ કરવાની તમને અથવા તમારામાંના કોઈ સભ્યને આ લેખથી અમે અધિકાર અને સત્તા આપીએ છીએ :

અને અમે આ લેખથી ઇચ્છીએ છીએ અને ઠરાવીએ છીએ કે અમારું આ કમિશન પૂરેપૂરા પ્રભાવ સાથે ચાલુ રહેશે અને તમે ઉપરોક્ત કમિશનના સભ્યો અથવા તમારામાંથી કોઈ પણ ત્રણ અથવા ત્રણથી વધુ સભ્યો આ આદેશનો અને તેમાં રહેલી બધી બાબતોનો અમલ કરવા વખતોવખત પગલાં લઈ શકશો, જોકે તે વખતોવખત મુલતવી રાખી શકાશે.

અને અમે વધુમાં ઠરાવીએ છીએ કે તમને અથવા તમારામાંના કોઈ ત્રણ અથવા ત્રણથી વધુ સભ્યોને જરૂર લાગે તો અમારા આ આદેશ મુજબ પોતાના કામનો રિપૉર્ટ આપવાની છૂટ છે.

અને વધુમાં અમે ઇચ્છીએ છીએ કે તમે વધુ ઢીલ કર્યા સિવાય આ આદેશમાં ઠરાવેલા અને તમારી વિચારણા માટે રજૂ કરેલા વિષયો બાબત તમારો અભિપ્રાય પોતાના હસ્તાક્ષર તથા મહોર સાથે અથવા તમારામાંથી કોઈ ત્રણ કે ત્રણથી વધુ સભ્યોના હસ્તાક્ષર તથા મહોર સાથે અમને આપશો.

અમારા શાસનના અઢારમા વરસમાં, છવ્વીસમી નવેમ્બર, ઓગણીસો સત્તાવીસને રોજ અમારા સેંટ જેમ્સના દરબારમાં આપવામાં આવ્યો.

સમ્રાટ સરકારના હુકમથી
ડબલ્યુ. જૉન્સન-હિક્સ

[મૂળ અંગ્રેજી]
इन्डिया इन १९२७–२८, પા. ૩૮૫–૮૯

# પરિશિષ્ટ ૯

## હિંદુ-મુસ્લિમ એકતા વિશે ઠરાવ[2]

### ખંડ ક–રાજકીય અધિકારો

આ કૉંગ્રેસ ઠરાવે છે કે (૧) બંધારણની કોઈ પણ ભાવિ યોજનામાં જુદી જુદી ધારાસભાઓમાં પ્રતિનિધિત્વને સંબંધ છે ત્યાં સુધી બધા પ્રાંતોમાં અને મધ્યસ્થ ધારાસભામાં સંયુક્ત મતદાર મંડળો રચવામાં આવશે; (૨) બંને મહાન કોમોને, વિધાનસભામાં તેમનાં હિતોનું યોગ્ય રક્ષણ કરવામાં આવશે

૧. સ્ટીફન વૉલ્શે બીમારીને કારણે રાજીનામું આપવાથી તેમની જગ્યાએ ડિસેમ્બરની ૭મીએ વરનૉન હાર્ટસહોર્નની નિમણૂક કરવામાં આવી હતી.

૨. આ ઠરાવ મદ્રાસના અખિલ હિંદ કૉંગ્રેસ સમિતિના અધિવેશનમાં ડિસેમ્બર ૨૬, ૧૯૨૭ને રોજ પસાર કરવામાં આવ્યો હતો. જુઓ, "અનસારીને પત્ર", ૨૫–૧૨–૧૯૨૭, અને ૨૮–૧૨–૧૯૨૭.

Gandhi Heritage Portal

એવી હાલ તરત પૂરી ખાતરી આપવાના ઉદ્દેશથી આવું પ્રતિનિધિત્વ આપવું જોઈએ. અને જો માગણી કરવામાં આવે તો દરેક પ્રાંતમાં અને મધ્યસ્થ ધારાસભામાં વસ્તીને આધારે સંયુક્ત મતદાર મંડળોમાં રક્ષિત બેઠકો રાખવી.

ઠરાવવામાં આવે છે કે લઘુમતીઓના પક્ષમાં અંદરઅંદરની સંમતિથી અરસપરસ છૂટછાટ મૂકવામાં આવશે જેથી તેમને કોઈ પ્રાંત કે પ્રાંતોમાં વસ્તીને આધારે જેટલી બેઠકોનો અધિકાર હોય તે કરતાં વધુ પ્રતિનિધિત્વ મળી શકે; અને પ્રાંતો માટે સ્વીકારાયેલું આ પ્રમાણ મધ્યસ્થ ધારાસભામાં બંને કોમોના પ્રતિનિધિત્વને કાયમ રાખવામાં આવશે.

પંજાબ માટે અનામત બેઠકો નક્કી કરતી વખતે મહત્ત્વની લઘુમતી તરીકે શીખોના પ્રતિનિધિત્વના સવાલ પર પૂરું ધ્યાન આપવામાં આવશે;

૩ (ક.) મુસ્લિમ નેતાઓએ જે એવી દરખાસ્ત કરી છે કે સરહદ પ્રાંત અને બ્રિટિશ બલૂચિસ્તાનમાં, બીજા પ્રાંતોમાં જે આધારે કરવામાં આવ્યા છે તે જ આધારે સુધારા દાખલ કરવા જોઈએ, તે કૉંગ્રેસના અભિપ્રાય મુજબ ન્યાયી અને વાજબી છે અને તેનો અમલ થવો જોઈએ અને તેની સાથે એ વાતનું ધ્યાન રાખવું જોઈએ કે એ પ્રાંતોમાં શાસન-વિષયક સુધારાનાં બીજાં પગલાંની સાથે ન્યાયતંત્રની પર્યાપ્ત પદ્ધતિ દાખલ કરવામાં આવે;

(ખ) (૧) સિંધને જુદો પ્રાંત બનાવવો જોઈએ — એ દરખાસ્તની બાબતમાં કૉંગ્રેસનો અભિપ્રાય એવો છે કે ભાષાને આધારે પ્રાંતોની પુનર્રચનાનો સમય આવી પહોંચ્યો છે — આ સિદ્ધાંત કૉંગ્રેસના બંધારણમાં સ્વીકારવામાં આવ્યો છે;

(૨) આ કૉંગ્રેસનો એ પણ મત છે કે પ્રાંતોની ભાષાવાર પુનર્રચનાનું કામ તરત હાથમાં લેવું જોઈએ અને જે પ્રાંત આવી ભાષાના ધોરણે પુનર્રચનાની માગણી કરે તેનું એ કામ હાથ પર લેવું જોઈએ.

(૩) આ કૉંગ્રેસનો એ પણ મત છે કે આંધ્ર, ઉત્કલ, સિંધ અને કર્ણાટકની પુનર્રચના કરીને શરૂઆત કરવી જોઈએ;

(૪) કે ભાવિ બંધારણમાં અંતરાત્માની સ્વતંત્રતાની ખાતરી આપવામાં આવશે અને પ્રાંતિક અથવા મધ્યસ્થ ધારાસભાને અંતરાત્માની સ્વતંત્રતામાં હસ્તક્ષેપ કરતો કોઈ કાયદો કરવાનો અધિકાર નહીં હોય.

'અંતરાત્માની સ્વતંત્રતા' એટલે માન્યતા અને ઉપાસનાની સ્વતંત્રતા, ધાર્મિક વ્રતો અને સંઘ સ્થાપવાની સ્વતંત્રતા તથા બીજા લોકોની લાગણીનો ખ્યાલ રાખીને અને બીજાઓના તેવા જ અધિકારોમાં હસ્તક્ષેપ કર્યા સિવાય, ધાર્મિક કેળવણી અને પ્રચાર કરવાની સ્વતંત્રતા;

(૫) કે મધ્યસ્થ અથવા પ્રાંતીય કોઈ પણ ધારાસભામાં આંતરકોમી બાબતો સંબંધી કોઈ વિધેયક, ઠરાવ, દરખાસ્ત કે સુધારો તેની જેને અસર થવાની હોય એવી બેમાંથી એક કોમની ત્રણ ચતુર્થાંશ સભ્યોની બહુમતી, ધારાસભામાં એવા વિધેયક, ઠરાવ, દરખાસ્ત કે સુધારો રજૂ કરવાનો, ચર્ચવાનો પસાર કરવાનો વિરોધ કરે તો તે રજૂ કરવામાં, ચર્ચવામાં કે પસાર કરવામાં નહીં આવે.

'આંતરકોમી બાબતો' એટલે ધારાસભાના દરેક સત્રના આરંભમાં સંબંધ ધરાવતી ધારાસભાએ હિંદુ-મુસલમાન બંને કોમોના સભ્યોએ નિયુક્ત કરેલી બંને કોમોની સ્થાયી કમિટીએ પરસ્પર સંમતિથી નક્કી કરેલી બાબતો.

## ખંડ – ખ – ધાર્મિક અને બીજા અધિકારો

આ કૉંગ્રેસ ઠરાવે છે કે :

૧. હિંદુઓ અને મુસલમાનો જે અધિકારોના દાવા કરે છે — હિંદુઓ જ્યાં ઇચ્છે ત્યાં વાજાં વગાડવાનો અને સરઘસ કાઢવાનો દાવો કરે છે અને મુસલમાનો પોતે જ્યાં ઇચ્છે ત્યાં કુરબાની માટે કે ખોરાક માટે ગાયની કતલ કરવાના અધિકારનો દાવો કરે છે — તે અધિકારોને હાનિ પહોંચાડ્યા સિવાય મુસલમાનો ગાયની બાબતમાં હિંદુઓની લાગણીને બને ત્યાં સુધી આઘાત ન પહોંચાડવા મુસલમાનોને અપીલ કરે છે. અને હિંદુઓ મસીદ સામે વાજાં વગાડવાની બાબતમાં મુસલમાનોની લાગણીને બને ત્યાં સુધી આઘાત ન પહોંચાડવા હિંદુઓને અપીલ કરે છે.

Gandhi Heritage Portal

અને તેથી આ કૉંગ્રેસ હિંદુઓ અને મુસલમાનોને ગાયની કતલ અટકાવવા માટે અથવા મસીદ આગળ વાજાં વાગતાં અટકાવવા માટે હિંસાનો કે કોરટનો આશ્રય ન લેવા આગ્રહ કરે છે.[1]

૨. વળી આ કૉંગ્રેસ ઠરાવે છે કે દરેક વ્યક્તિ તથા સમૂહને, બીજા કોઈનું દલીલથી કે સમજાવટથી ધર્મપરિવર્તન કરવાની કે તેનું પુનઃ ધર્મપરિવર્તન કરવાની છૂટ છે, પણ બળાત્કારે, છળકપટથી કે પૈસાની લાલચ આપીને તેમ કરવાનો કે તેમ થતું અટકાવવાનો કોઈ વ્યક્તિ કે સમૂહે પ્રયત્ન ન કરવો. અઢાર વર્ષથી ઓછી ઉંમરની વ્યક્તિઓનું ધર્મપરિવર્તન ન કરવું જોઈએ, સિવાય કે તેમનાં માબાપ કે વાલીઓની સાથે તેમ કરવામાં આવે. અઢાર વરસથી ઓછી ઉંમરની કોઈ વ્યક્તિ તેનાં માબાપ કે વાલીઓથી અલગ અસહાય દશામાં આવી પડેલી બીજા ધર્મવાળાઓના જોવામાં આવે તો તેને તરત જ તેના પોતાના ધર્મવાળાઓને સોંપી દેવી જોઈએ. જે વ્યક્તિનું ધર્મપરિવર્તન કરવામાં આવે અથવા પુનઃ ધર્મપરિવર્તન કરવામાં આવે તે વ્યક્તિનાં નામ વિશે, તથા જ્યાં કરવામાં આવે, જ્યારે કરવામાં આવે અને જે રીતે કરવામાં આવે તે વિશે કશી ગુપ્તતા ન હોવી જોઈએ. તથા ધર્મપરિવર્તન કે પુનઃ ધર્મપરિવર્તનના સમર્થનમાં આનંદ-પ્રદર્શન ન કરવું જોઈએ.

ધર્મપરિવર્તન કે પુનઃ ધર્મપરિવર્તનની બાબતમાં જ્યારે કોઈ ફરિયાદ આવે કે તે ગુપ્ત રીતે, બળાત્કારે, છળકપટથી કે બીજા અનુચિત માર્ગે કરવામાં આવ્યું છે ત્યારે, અને જ્યારે કોઈ અઢાર વર્ષથી ઓછી ઉંમરની વ્યક્તિનું ધર્મપરિવર્તન કરવામાં આવે ત્યારે એ બાબતની તપાસ તથા નિર્ણય પંચ દ્વારા કરવામાં આવશે. પંચની નિમણૂક કાર્યવાહક સમિતિ નામ જાહેર કરીને અથવા સામાન્ય નિયમો મુજબ કરશે.

આ ઠરાવ શ્રીમતી સરોજિની નાયડુએ રજૂ કર્યો હતો અને શ્રી અબુલ કલામ આઝાદે તેને ટેકો આપ્યો હતો.

ઠરાવ પર મત લેવામાં આવ્યા હતા અને તે સર્વાનુમતે પસાર થયો હતો.

[મૂળ અંગ્રેજી]

रिपोर्ट ऑफ़ द फ़ोर्टी सेकन्ड इन्डियन नेशनल कॉंग्रेस एट मद्रास

## પરિશિષ્ટ ૧૦

### જવાહરલાલ નેહરુનો પત્ર[2]

અલ્લાહાબાદ,
જાન્યુઆરી ૧૧, ૧૯૨૮

પ્રિય બાપુજી,

કાર્યવાહક સમિતિની સભા હવે બનારસમાં મળવાની છે એટલે કેટલાક વખત સુધી હું મુંબઈ કે સાબરમતી આવી શકીશ નહીં.

મારા છેલ્લા પત્ર પછી આપના પર બીજો પત્ર આટલો જલદી લખવાનું ગમતું નથી, પણ કૉંગ્રેસના ઠરાવોની આપે જે ટીકા કરી છે તેથી હું ખૂબ અસ્વસ્થ બન્યો છું અને મને લાગે છે કે મારે આપને ફરીથી લખવું જોઈએ. શબ્દો વાપરવામાં આપ હમેશાં ઘણી કાળજી રાખો છો અને આપની ભાષામાં હમેશાં સંયમ હોય છે. તેથી મને તદ્દન અનુચિત લાગતી આ ભાષા, આપને વાપરતા જોઈને મને ઘણું આશ્ચર્ય થાય છે. આપે વિષયવિચારિણી સમિતિની કાર્યવાહી સામાન્ય ભાષામાં વખોડી કાઢી છે

૧. આ ખંડનો મુસદ્દો, હિન્દુના કથન પ્રમાણે, મૂળ તો ગાંધીજીએ તૈયાર કર્યો હતો અને કૉંગ્રેસે તે થોડા શાબ્દિક ફેરફાર સાથે પસાર કર્યો હતો.

૨. જુઓ "જવાહરલાલ નેહરુને પત્ર", ૧૭-૧-૧૯૨૮.

Gandhi Heritage Portal

અને વધુ ટીકા અને વધુ નિંદા માટે કેટલાક ઠરાવો પસંદ કર્યા છે. હું એ વાત પર આપનું ધ્યાન ખેંચવા ઇચ્છું છું કે સાંભળેલી વાતો પર આધાર રાખીને નિર્ણય કરવો હમેશાં જોખમકારક હોય છે. વિષય-વિચારિણી સમિતિમાં આપ પોતે હાજર નહોતા અને એ તદ્દન કલ્પી શકાય તેમ છે કે વિષયવિચારિણી સમિતિમાં હાજર રહ્યા પછી આપે જે અભિપ્રાયો બાંધ્યા હોત તે જુદા જ હોત. આમ છતાં થોડા લોકોના વિચારોને આધારે આખી સમિતિને અથવા ઓછામાં ઓછું, તેના મોટાભાગના સભ્યોને વખોડવાનું અને તેમની વિરુદ્ધ નિર્ણય કરવાનું આપે પસંદ કર્યું છે. સમિતિ કે કોંગ્રેસ પ્રત્યે આ વાજબી વલણ છે એમ આપને લાગે છે? આપે શિસ્તની વાત કરી છે અને કાર્યવાહક સમિતિને રાષ્ટ્રીય મંત્રીમંડળ કહ્યું છે. આપને યાદ દેવડાવું કે આપ કાર્યવાહક સમિતિના સભ્ય છો અને એક સભ્ય કોંગ્રેસને બીજે દિવસે કોંગ્રેસની અને તેના મુખ્ય ઠરાવોની ટીકા કરે અને ઉતારી પાડે એ એક અસાધારણ વસ્તુ છે. મદ્રાસ કોંગ્રેસની સફળતા વિશે ચારે બાજુથી અભિનંદન આવતાં રહ્યાં છે. આ ખોટું હોય અથવા પૂરતા આધાર વગરનું હોય, પણ દેશમાં આવી સામાન્ય છાપ હતી અને બધા જાહેર કામમાં વાતાવરણનું ઘણું મહત્ત્વ હોય છે. અને હવે આવી માન્યતા ધરાવનારા ઘણાખરા લોકો આપની ટીકાઓથી જરા અચંબામાં પડી ગયા છે અને વિચાર કરે છે કે તેમનો આ પહેલાંનો ઉત્સાહ વધારે પડતો કે ખોટો તો નહોતો?

સ્વાતંત્ર્યના ઠરાવને આપે "ઉતાવળે ઘડેલો અને વગર વિચારે પસાર કરેલો" કહ્યો છે. મેં આપને ક્યારનુંયે કહ્યું છે કે દેશે કેટલાંય વરસથી આ સવાલની કેટલી બધી ચર્ચા કરી છે અને તેનો કેટલો બધો વિચાર કર્યો છે, અને મેં પોતે છેલ્લાં પાંચ કે તેથી વધુ વર્ષોથી એ વિશે કેટલો બધો વિચાર કર્યો છે, ચર્ચા કરી છે, સભાઓમાં ભાષણો કર્યાં છે, એ વિશે લેખો લખ્યા છે અને સામાન્ય રીતે મારા મનમાં એનો હમેશ ખ્યાલ રાખ્યો છે. મને લાગે છે કે આ સંજોગોમાં ભાષાનો ગમે તેટલો અતિરેક કરીએ તોપણ "ઉતાવળે ઘડેલો" એ શબ્દો વાજબી ઠરાવી શકાય નહીં. "વગર વિચારે પસાર કરેલો" એ બાબતમાં તો આપ એ વાત જાણો છો કે નહીં તેનું મને આશ્ચર્ય થાય છે કે એ ઠરાવ પર વિષય-વિચારિણી સમિતિમાં લગભગ ત્રણથી વધુ કલાક ચર્ચા થઈ હતી અને તેના પક્ષમાં અને તેની વિરુદ્ધ એક ડઝનથી વધુ ભાષણો થયાં હતાં. છેવટે આપ જાણો છો તેમ આ ઠરાવ સમિતિમાં અને ખુલ્લા અધિવેશનમાં બંને જગ્યાએ લગભગ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો. જે લોકોએ સમિતિમાં અને કોંગ્રેસમાં તેના પક્ષમાં મત આપ્યો તે બધા શું 'અવિચારી' હતા? આમ માની લેવું એ વધારે પડતું નથી? અને જે થોડા લોકોએ આ ઠરાવનો વિરોધ કર્યો તેમની ભૂલ થતી હતી એમ વધારે સાચી રીતે કેમ ન કહેવાય? આપ કહો છો કે ગયે વર્ષે સમિતિએ આ ઠરાવ નામંજૂર કર્યો હતો. આમાંથી આપ શું અનુમાન કરો છો તેની મને ખબર નથી, પણ મને સ્પષ્ટ લાગે છે કે, એનો અર્થ એટલો જ છે કે સમિતિ અને કોંગ્રેસ આજની પેઠે ભૂતકાળમાં પણ આ ઠરાવ પસાર કરવા આતુર હતી, પણ તેમણે આપની અદબ રાખી. મને આશા છે કે આપ મારી સાથે સંમત થશો કે કોઈ જાહેર પ્રશ્ન વિશેના પોતાના નિશ્ચિત મતને માત્ર કોઈ વ્યક્તિ પ્રત્યેના આદરને કારણે ગૌણ બનાવી દેવો કોઈ સંસ્થા માટે તંદુરસ્ત રાજનીતિ નથી.

હું અહીં ઠરાવના ગુણદોષનો ઉલ્લેખ કરતો નથી. પણ એટલું જ કહીશ કે લાંબો અને કાળજી-પૂર્વકનો વિચાર કર્યા પછી સ્વતંત્રતા, અને તેનો જે અર્થ થતો હોય તે બધાની માગણીમાં મને ઘણો અર્થ જણાયો છે અને લગભગ બીજી કોઈ પણ વસ્તુ કરતાં હું તેને વધુ મહત્ત્વ આપું છું. પેલે દિવસે મદ્રાસમાં આ સવાલ વિશે તમે જે કહ્યું તેના એકેએક શબ્દ પર મેં વિચાર કર્યો છે અને એથી મારો અભિપ્રાય વધુ દૃઢ થયો છે. પણ આ પ્રશ્ન અંગે આપની સ્થિતિ, એક નાના જૂથ સિવાય કોઈ સમજતું હોય એ વિશે મને શંકા છે. મને ખાતરી છે કે — લિબરલો વગેરે — બીજા લોકો જેઓ સાંસ્થાનિક સ્વરાજ માગે છે તેઓ પણ આપની જેમ વિચાર કરતા નથી. ગઈ કાલે અહીં સર અલી ઇમામે સાઇમન કમિશનના બહિષ્કાર વિશે એક સભામાં ભાષણ કર્યું. હું પણ થોડી મિનિટ બોલ્યો અને રાજા ચાર્લ્સના મસ્તકની પેઠે સ્વતંત્રતાનો સવાલ ખડો થયો અને મેં તેના પર ભાર મૂક્યો. સભા પૂરી થયા પછી અલી ઇમામે મને કહ્યું કે તમે એ સવાલ પર ભાર મૂક્યો તે સારું કર્યું. તેમણે કહ્યું કે તેઓ પોતે અને તેમના સાથી વહેલામોડા આ વલણ કદાચ લે, પણ હાલ તરત તેમને જરા સંયમ રાખવો પડશે કારણ

Gandhi Heritage Portal

કે તેઓ ઘણા લોકોને પોતાની સાથે લેવા માગતા હતા. મને ખાતરી છે કે લિબરલો એ વિશે ભલે ગમે તે કહેતા હોય. પણ તેઓમાંના ઘણાખરા લોકો સ્વાતંત્ર્યના ઠરાવને આવકારે છે, કારણ તેમને લાગે છે કે એથી તેમની સ્થિતિ મજબૂત થાય છે. પણ તેમને ગમે કે ન ગમે, પણ મને એ નથી સમજાતું કે કોઈ રાષ્ટ્રીય સંગઠન સાંસ્થાનિક સ્વરાજ્યને પોતાનો આદર્શ અને ધ્યેય કેવી રીતે બનાવી શકે. એ વિચાર જ મને ગૂંગળાવી દે છે અને મૂંઝવણમાં મૂકી દે છે.

બ્રિટિશ માલના બહિષ્કારના ઠરાવમાં મેં બહુ રસ નહોતો લીધો. તેનું મુખ્ય કારણ એ હતું કે મને લાગતું હતું કે આપ તેને બિલકુલ નાપસંદ કરશો; અને જ્યાં સુધી બધા લોકો ઓછેવત્તે અંશે એકમત થઈને પ્રયત્ન ન કરે ત્યાં સુધી બહિષ્કાર સફળ ન થઈ શકે. પણ આપણા પોતાના લોકોમાં કંઈક એકમતી હોય તો એ બહિષ્કારને આંશિક સફળતા મળે, એ વિશે મને જરાયે શંકા નથી. ચીનમાં બહિષ્કારની આશ્ચર્યજનક અસર વિશે આપે જરૂર વાંચ્યું હશે. ચીનમાં આપણે ત્યાં ન હોય એવું કંઈ પણ વિશેષ નહોતું અને તેઓ જ્યાં સફળ થયા ત્યાં આપણે ન થઈ શકીએ એવું માનવાનું કોઈ ખાસ કારણ નથી. પણ માની લઈએ કે એ સફળ થાય તેમ નથી તોપણ આખરે એ શું હસી કાઢવાની વાત છે? શું ખાદી મારફતે વિદેશી કાપડના બહિષ્કારને અસાધારણ સફળતા મળી છે? શું આપણો કાંતણ મતાધિકાર સફળ થયો છે? એ બંને સફળ થયાં નથી, છતાં આપ તેમને દેશ પર અને કૉંગ્રેસ પર લાદતાં અચકાતા નથી, કારણ આપને લાગે છે, અને તે સાચી રીતે લાગે છે કે તે પૂરેપૂરા સફળ ન થાય તોપણ એથી રાષ્ટ્રને લાભ થશે.

મને યાદ છે કે કેળકર, અણે અને તેમના સાથીઓ, કાર્યવાહક સમિતિના સભ્ય હોવા છતાં, ખાદી વિશેના કૉંગ્રેસના ઠરાવની કેવી ઠેકડી ઉડાવતા હતા. અને મને એ જોઈને ઘણું દુઃખ થાય છે કે આપ પણ કૉંગ્રેસના મહત્ત્વના ઠરાવોની ઠેકડી કરો છો. કેળકર અને અણે જેવા લોકોનું કંઈ મહત્ત્વ નથી અને તેઓ શું કહે છે કે કરે છે તેની હું પરવા કરતો નથી. પણ આપ શું કહો છો ને શું કરો છો તેની મને જરૂર ઘણી ચિંતા રહે છે.

એ ઠરાવોને અલગ પાડીને વખોડી કાઢ્યા પછી બીજા ઠરાવોને આપ હળવેથી "બેજવાબદાર ઠરાવો" કહો છો. એકતાનો ઠરાવ બાદ કરતાં કૉંગ્રેસનો દરેક ઠરાવ આ શીર્ષક નીચે આવી શકે. અને આમ વિષયવિચારિણી સમિતિના ૨૦૦થી ઉપર સભ્યો અને કૉંગ્રેસના ઘણા લોકોની મહેનતને એક સપાટે અને તિરસ્કારપૂર્વક સાચું કહીએ તો ખલાસ કરવામાં આવી છે. તેમનામાં કદાચ દીર્ઘદૃષ્ટિ કે બુદ્ધિ નહીં હોય, છતાં જે કમનસીબ લોકોએ, કામ કરવામાં કશી કસર નથી રાખી અને પોતાથી બનતું બધું કર્યું છે તેમની ભારે કમનસીબી છે. અમે બધા શાળાના છોકરાઓની 'ચર્ચાસભા'ની કક્ષાએ ઊતરી ગયા છીએ. અને આપ ગુસ્સે થયેલા માસ્તરની જેમ સજા કરો છો, પણ તે એવા માસ્તરની જેમ જે અમને દોરવણી નથી આપતા કે પાઠ નથી આપતા પણ વખતોવખત અમારી ભૂલો બતાવે છે. અંગત રીતે તો હું ઇચ્છું છું કે અમે સૌ ખરેખરા નિશાળિયા જેવા હોઈએ, નિશાળિયાનાં ચૈતન્ય, શક્તિ અને સાહસ ધરાવતા હોઈએ અને જેઓ હમેશાં લાભાલાભનો અને જોખમનો વિચાર કર્યા કરે છે એવા નામદાર અને માનનીય સદ્‌ગૃહસ્થો જેવા કાંઈક ઓછા હોઈએ.

આપ જાણો છો કે આ દેશને વિજય અને સ્વતંત્રતા અપાવે એવા એક નેતા તરીકે આપનામાં મેં કેટલી તીવ્ર ચાહના અને શ્રદ્ધા રાખી છે. હું આપનાં પહેલાંનાં પુસ્તકો, हिन्द स्वराज વગેરેમાં આપે જે કહ્યું છે તેની સાથે સંમત નહોતો, તેમ છતાં મે આપનામાં આવી શ્રદ્ધા રાખી છે. મને લાગતું હતું અને લાગે છે કે આપ આપનાં નાનાં પુસ્તકો કરતાં ક્યાંયે મહાન હતા અને છો. બધી વસ્તુઓ કરતાં હું કર્મ, નિર્ભયતા તથા સાહસનો પ્રશંસક છું અને મેં એ બધા ગુણો આપનામાં અસાધારણ માત્રામાં જોયા અને મને સ્વાભાવિક રીતે લાગ્યું કે હું આપની સાથે ગમે તેટલો અસંમત હોઉં, પણ આપનું મહાન વ્યક્તિત્વ અને આપના આ ગુણો આપણને આપણા ધ્યેયે પહોંચાડશે જ. અસહકારના ગાળામાં આપ શ્રેષ્ઠ સ્થાને હતા; આપ સોળે કળાએ પહોંચેલા હતા અને આપોઆપ જ આપે સાચું પગલું ભર્યું. પણ આપ જેલમાંથી આવ્યા ત્યારથી કંઈક બગડ્યું લાગે છે અને તદ્દન સ્પષ્ટ રીતે આપ અસ્વસ્થ લાગો છો. આપને યાદ હશે કે આપે થોડા મહિનામાં બલકે થોડાં અઠવાડિયાંમાં વારંવાર આપનું વલણ બદલ્યું. જૂહુમાં

Gandhi Heritage Portal

કરેલાં નિવેદનો, અમદાવાદમાં અખિલ હિંદ કોંગ્રેસ સમિતિની બેઠક અને ત્યાર પછી આમ બન્યું છે અને અમારામાંના મોટાભાગના લોકોને એણે મૂંઝવણમાં મૂકી દીધા છે. એ મૂંઝવણ ત્યારથી ચાલુ થઈ છે. અનેક વાર મેં આપને પૂછ્યું છે કે આપ ભવિષ્યમાં શું કરવાની અપેક્ષા રાખો છો, અને આપની પાસેથી એવા જવાબો મળ્યા છે જે સંતોષકારક ન ગણાય. આપે એટલું જ કહ્યું છે કે વરસ-દોઢ વરસમાં ખાદીની ચળવળ ઝપાટાબંધ ગુણોત્તર પ્રમાણમાં ફેલાશે એવી આશા છે અને ત્યાર પછી રાજકીય ક્ષેત્રમાં કોઈ સીધું પગલું ભરી શકાશે. ત્યાર પછી અનેક વરસો અને દોઢ વરસો પસાર થયાં છે અને કોઈ ચમત્કાર થયો નથી. ચમત્કાર થશે એ માનવું મુશ્કેલ હતું, પણ અશક્યને શક્ય કરવાની આપની આશ્ચર્યકારક શક્તિમાં શ્રદ્ધા હોવાથી અમે આશાભરી સ્થિતિમાં રહ્યા. પણ એવી શ્રદ્ધા મારા જેવા બિનધાર્મિક માણસ માટે વિશ્વાસપાત્ર આધાર નથી અને હું વિચાર કરવા લાગ્યો છું કે જો હિંદુસ્તાનમાં ખાદી સાર્વત્રિક થાય ત્યાં સુધી સ્વતંત્રતાની રાહ જોવાની હોય તો આપણે અનંત કાળ સુધી રાહ જોવી પડશે. ખાદીની ચળવળ ધીમે ધીમે વધશે અને જો યુદ્ધ આવ્યું તો ઝપાટાબંધ વધશે, પણ મને એ નથી સમજાતું કે એની પાછળ સ્વતંત્રતા કેવી રીતે આવશે. મેં આપની સમક્ષ કહ્યું હતું તેમ ખાદીકાર્યને રાજકારણ સાથે કશો સંબંધ નથી, અને આપણા ખાદી કાર્યકર્તાઓ એવી મનોવૃત્તિ કેળવી રહ્યા છે જેને તેમના મર્યાદિત કાર્યક્ષેત્રની બહાર કોઈ વસ્તુ સાથે સંબંધ નથી. તેઓ જે કામ કરે છે તેને માટે આ વસ્તુ ઠીક હોઈ શકે, પણ રાજકીય ક્ષેત્રમાં તેમની પાસેથી કશી આશા ન રાખી શકાય.

તો પછી શું કરી શકાય? આપ કંઈ જ કહેતા નથી. આપ માત્ર ટીકા કરો છો અને આપની પાસેથી કંઈ પણ ઉપયોગી માર્ગદર્શન મળતું નથી. આપ કહો છો કે દેશ જો ખાદીને પણ નહીં અપનાવે તો તેની પાસે આપણે કોઈ વધારે મુશ્કેલ કે સાહસિક કામની આશા કેવી રીતે રાખી શકીએ? હું નથી માનતો કે આ દલીલ સાચી છે. જો દેશ રાજકીય બાબતમાં એક રીતે આગળ ન વધતો હોય તો આપણા નેતાઓએ બીજી અથવા વધારાની રીતોનો વિચાર કરવો જોઈએ.

यंग इन्डियामां આપની आत्मकथा વગેરે આપના ઘણા લેખો વાંચતાં મને ઘણી વાર લાગ્યું છે કે મારા આદર્શો આપના આદર્શો કરતાં કેટલા બધા ભિન્ન છે. અને મને લાગ્યું છે કે આપ નિર્ણયો કરવામાં ઘણી ઉતાવળ કરો છો અથવા તો અમુક અનુમાનો પર આવ્યા પછી તેમને, જે કંઈ ભાંગ્યોતૂટ્યો પુરાવો મળે તેનાથી વાજબી ઠરાવવા વધારે પડતા ઇંતેજાર રહો છો. મને યાદ છે કે, 'ડ્રેન ઇન્સ્પેક્ટર્સ રિપોર્ટ' અથવા એવા શીર્ષકવાળા કોઈ લેખમાં આપે ગુના અને અનીતિ વિશેની અમેરિકાથી આવેલી વર્તમાનપત્રોની કાપલીઓ છાપીને અમેરિકન સંસ્કૃતિ અને હિંદી સંસ્કૃતિ વચ્ચેનો ભેદ બતાવ્યો હતો. મને એ કૅથેરાઈન મેયો કોઈ ઇસ્પિતાલના ઘૃણાજનક આંકડા પરથી અનુમાનો તારવતી હોય તેના જેવું લાગ્યું. ફ્રેન્ચ ભાષાના પુસ્તક — टोवर्ड्झ मोरल बॅंकरप्सी — ને આધારે લખાયેલી આપની લાંબી લેખમાળા પણ મને એવી જ લાગી. હું માનું છું કે આપ પશ્ચિમની સંસ્કૃતિ વિશે બહુ ખોટો તોલ બાંધો છો અને તેની અનેક ત્રુટિઓને વધારે પડતું મહત્ત્વ આપો છો. આપે કોઈ જગ્યાએ કહ્યું છે કે હિંદુસ્તાનને પશ્ચિમ પાસેથી કશું શીખવાનું નથી અને તે પ્રાચીન કાળમાં જ્ઞાનના શિખરે પહોંચ્યું હતું. હું ખરેખર આ દૃષ્ટિકોણ સાથે સંમત નથી. અને કહેવાતું રામરાજ પ્રાચીન કાળમાં બહુ સારું હતું એમ હું માનતો નથી તેમ જ મારે તે પાછું પણ જોઈતું નથી. હું માનું છું કે પાશ્ચાત્ય, અથવા કહો કે ઔદ્યોગિક સંસ્કૃતિ હિંદુસ્તાનમાં આવ્યા વગર રહેવાની નથી, પછી ભલે તે ઘણા ફેરફારો અને રૂપાંતરો સાથે આવે, પણ તે મુખ્યત્વે ઉદ્યોગવાદ પર આધારિત તો હશે જ. આપે ઉદ્યોગવાદની અનેક દેખીતી ખામીઓની સખત ટીકા કરી છે અને તેના ગુણો તરફ ભાગ્યે જ કંઈ ધ્યાન આપ્યું છે. આ ખામીઓ સૌ જાણે છે અને કલ્પનાનું રામરાજ અને સામાજિક સિદ્ધાંતોનો હેતુ એ ખામીઓ દૂર કરવાનો છે. પશ્ચિમના ઘણાખરા વિચારકોનો મત છે કે આ ખામીઓ ઉદ્યોગવાદને કારણે નથી પણ મૂડીવાદી પદ્ધતિ જે બીજાઓના શોષણ પર આધારિત છે, તેને કારણે છે. હું માનું છું કે આપે કહ્યું છે કે આપના અભિપ્રાય મુજબ મૂડી અને મજૂરી વચ્ચે સંઘર્ષ અનિવાર્ય નથી. હું માનું છું કે મૂડીવાદી પદ્ધતિમાં આ સંઘર્ષ અનિવાર્ય છે.

આપે હિંદુસ્તાનના દરિદ્રનારાયણના એટલે ગરીબ લોકોના દાવાનું બહુ જોરદાર અને અસરકારક રીતે સમર્થન કર્યું છે. હું જરૂર માનું છું કે આપે જે ઉપાય સૂચવ્યો છે તે તેમને ઘણો મદદરૂપ છે અને

Gandhi Heritage Portal

જો તેઓ તેને મોટી સંખ્યામાં અપનાવશે તો અમુક અંશે તેમનું દુઃખ હળવું થશે, પણ ગરીબીનાં મૂળભૂત કારણોને એ સ્પર્શે છે કે કેમ એ વિશે મને ઘણી શંકા છે. હિંદુસ્તાનના મોટાભાગમાં જે અર્ધ-જાગીરદારી પદ્ધતિ ચાલે છે તેની વિરુદ્ધ અથવા મજૂરો અને માલ વાપરનારાઓના બંનેના મૂડીવાદી શોષણ વિરુદ્ધ આપ એક શબ્દ પણ ઉચ્ચારતા નથી.

પણ મારે અટકવું જોઈએ. મેં ઔચિત્યની વાજબી હદ ક્યારની વટાવી છે અને આશા રાખું છું કે આપ મને માફ કરશો. મારો માનસિક પ્રક્ષોભ જ આને માટેનું બહાનું છે. હું અખિલ હિંદ કોંગ્રેસ સમિતિનો મંત્રી થવા માગતો નહોતો કારણ મને જરૂરી લાગે તે કહેવા અને કરવાની મારે સ્વતંત્રતા જોઈતી હતી. પણ અનસારીએ મને એવું કારણ આપીને દબાણ કર્યું કે મારા ઘણા ઠરાવ, અને ખાસ કરીને સ્વાતંત્ર્યનો ઠરાવ, કોંગ્રેસે પસાર કર્યો છે અને તેથી મને મારી રીતે કામ કરવાની પૂરી સ્વતંત્રતા છે. હું આ દલીલનો જવાબ ન આપી શક્યો. અને મારે મંત્રીપદનો સ્વીકાર કરવો પડ્યો. હવે હું જોઉં છું કે કોંગ્રેસના આ જ ઠરાવોને ઉતારી પાડવાનો અને તેમની ઠેકડી કરવાનો હરેક પ્રયત્ન થઈ રહ્યો છે અને એ એક દુઃખદ અનુભવ છે.

આપનો પ્રેમાળ

**જવાહરલાલ**

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૧૩૦૩૯

Gandhi Heritage Portal

# આધારરૂપ સાહિત્ય

**अमृतबझार पत्रिका** : કલકત્તાથી પ્રસિદ્ધ થતું અંગ્રેજી દૈનિક, જે પહેલું ૧૮૬૮માં બંગાળી દૈનિક તરીકે પ્રસિદ્ધ થયું; ૧૮૯૧થી દૈનિક થયું.

**आज** : બનારસથી પ્રસિદ્ધ થતું હિંદી દૈનિક.

**ઓરિસ્સા ગવર્નમેન્ટ રેકર્ડ્ઝ.**

**केटलाक जूना पत्रो** : જવાહરલાલ નેહરુ : નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, ૧૯૬૨.

**ગાંધી સ્મારક સંગ્રહાલય, નવી દિલ્હી** : ગાંધી સાહિત્ય તથા તે સંબંધી દસ્તાવેજોનું કેન્દ્રસ્થ સંગ્રહસ્થાન તથા પુસ્તકાલય, જુઓ પુસ્તક ૧, પા. ૨૭૧.

**ट्रिब्यून** : લાહોરથી પ્રસિદ્ધ થતું અંગ્રેજી દૈનિક; ૧૯૪૮માં અંબાલા ખસેડાયું.

**नवजीवन** (૧૯૧૯–૧૯૩૧) : ગાંધીજીના તંત્રીપદેથી અમદાવાદથી પ્રસિદ્ધ થતું ગુજરાતી સાપ્તાહિક (જે કોઈ કોઈ વાર અઠવાડિયામાં બે વાર પણ નીકળતું) તે નવજીવન અને સત્ય (૧૯૧૫-૧૯) નામના ગુજરાતી માસિકનું રૂપાંતર હતું અને તેનો પહેલો અંક ૧૯૧૯ના સપ્ટેમ્બરની ૭મીએ પ્રસિદ્ધ થયો હતો. ૧૯૨૧માં ઑગસ્ટની ૧૯મીથી એની હિંદી આવૃત્તિ પણ પ્રસિદ્ધ થવા લાગી હતી.

**નેશનલ આર્કાઈવ્ઝ ઑફ ઈન્ડિયા, નવી દિલ્હી.**

**નેહરુ સ્મારક સંગ્રહાલય તથા પુસ્તકાલય.**

**पांचमा पुत्रने बापुना आशीर्वाद** (ગુજરાતી) : સંપાદક : કાકા કાલેલકર, નવજીવન પ્રકાશન મંદિર (૧૯૫૭).

**प्रजाबंधु** : અમદાવાદથી પ્રસિદ્ધ થતું ગુજરાતી સાપ્તાહિક.

**बापुना पत्रो–४, मणिबहेन पटेलने** : સંપાદક : મણિબહેન પટેલ, નવજીવન પ્રકાશન મંદિર.

**મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરી** : સ્વરાજ્ય આશ્રમ, બારડોલીમાં રાખેલી.

**यंग इन्डिया** (૧૯૧૮–૩૧) : મુંબઈમાં જમનાદાસ દ્વારકાદાસે શરૂ કરેલું સાપ્તાહિક;૧૯૧૯ના મેની ૭મીએ અર્ધસાપ્તાહિક બન્યું. એના ઉપર ગાંધીજીની દેખરેખ રહેતી. ઑક્ટોબર ૧૯૧૯થી એ અમદાવાદથી ગાંધીજીના તંત્રીપદેથી સાપ્તાહિક તરીકે પ્રસિદ્ધ થવા લાગ્યું.

**रिपोर्ट ऑफ ध फॉर्टीसेकन्ड इन्डियन नेशनल कॉंग्रेस एट मद्रास, १९२७**

**लेटर्स ऑफ श्रीनिवास शास्त्री** : સંપાદક : ટી. એન. જગદીશન્, એશિયા પબ્લિશિંગ હાઉસ, મુંબઈ, ૧૯૬૩.

**विठ्ठलभाई पटेल, लाईफ एन्ड टाइम्स,** ભાગ ૨ : આર. એ. મોરારકર, શ્રી લક્ષ્મીનારાયણ પ્રેસ, ૩૬૪, ઠાકુરદ્વાર, મુંબઈ.

**विथ गांधीजी इन सिलोन** : મહાદેવ દેસાઈ, કરંટથૉટ પ્રેસ, મદ્રાસ, ૧૯૬૮.

**समाज** : કટકથી પ્રસિદ્ધ થતું ઊડિયા સાપ્તાહિક; એપ્રિલ ૧૯૩૦થી દૈનિક થયું.

Gandhi Heritage Portal

**सर्चलाइट :** પટણાથી પ્રસિદ્ધ થતું અંગ્રેજી દૈનિક.

**साबरमती : पुस्तक ६, अंक ४ :** ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદનું માસિક.

**साबरमती संग्रहालय :** પુસ્તકાલય તથા લેખોનો સંગ્રહ, જેમાં ગાંધીજીના દક્ષિણ આફ્રિકાના સમયના તથા ૧૯૩૩ સુધીના ભારતીય સમયના કાગળો રાખવામાં આવ્યા છે. જુઓ પુસ્તક ૧, પા. ૨૭૧.

**सिलोन ऑब्झर्वर :** લંકાથી પ્રસિદ્ધ થતું અંગ્રેજી દૈનિક.

**सिलोन डेली न्यूस :** લંકાથી પ્રસિદ્ધ થતું અંગ્રેજી દૈનિક.

**हिन्दु :** મદ્રાસથી પ્રસિદ્ધ થતું અંગ્રેજી દૈનિક.

**हिन्दुस्तान टाइम्स :** નવી દિલ્હીથી પ્રસિદ્ધ થતું અંગ્રેજી દૈનિક.

**हिस्टरी ऑफ ध इन्डियन नेशनल कॉंग्रेस पुस्तक १ :** ડૉ. પટ્ટાભી સીતારામૈયા, પદ્મા પ્રકાશન લિમિટેડ, મુંબઈ, ૧૯૪૬.

**हॅलिफेक्स : ध लाइफ ऑफ लॉर्ड हॅलिफेक्स :** અર્લ ઑફ બર્કનહેડ, હૅમિશ હૅમિલ્ટન, લંડન ૧૯૬૫.

Gandhi Heritage Portal

# તારીખવાર વૃત્તાંત

**(સપ્ટેમ્બર ૧૬, ૧૯૨૭ — જાન્યુઆરી ૩૧, ૧૯૨૮)**

**સપ્ટેમ્બર ૧૬ :** ગાંધીજીએ દક્ષિણ હિંદમાં ખાદીપ્રચાર માટેનો પ્રવાસ ચાલુ રાખ્યો. તાંજોરમાં બ્રાહ્મણ-બ્રાહ્મણેતરના સવાલ વિશે ભાષણ આપ્યું.

**સપ્ટેમ્બર ૧૭–૨૦ :** ત્રિચિનોપલીમાં અને તેની આસપાસ જુદી જુદી સભાઓમાં ભાષણ.

**સપ્ટેમ્બર ૨૧ :** પુદુકોટામાં નાગરિકોની સભામાં ભાષણ આપ્યું.

**સપ્ટેમ્બર ૨૨ :** નાચન્દીપટ્ટી, કડિયાપટ્ટી અને કનડુકાથન ગયા.

**સપ્ટેમ્બર ૨૩ :** પાલાથુર, કોટ્ટાયુર અને અમરાવતીપુર ગયા.

**સપ્ટેમ્બર ૨૪ :** કરાઈકુડીમાં સ્ત્રીઓની સભામાં ભાષણ આપ્યું. દેવકોટામાં પણ ભાષણ આપ્યું.

**સપ્ટેમ્બર ૨૫–૨૬ :** કરાઈકુડીમાં.

**સપ્ટેમ્બર ૨૭ :** સિરાવયલ, તિરુપત્તુર અને પગનેરી ગયા.

**સપ્ટેમ્બર ૨૮ :** મદુરા આવ્યા, મ્યુનિસિપલ કાઉન્સિલનું માનપત્ર સ્વીકાર્યું અને જાહેર સભામાં ભાષણ આપ્યું.

**સપ્ટેમ્બર ૨૯ :** મદુરામાં; સૌરાષ્ટ્ર સમાજમાં ભાષણ આપ્યું.

**સપ્ટેમ્બર ૩૦ :** તિરુમંગલમની જાહેર સભામાં ભાષણ, જસ્ટિસ પાર્ટીના નેતાઓ સાથે વાતચીત.

**ઑક્ટોબર ૧ :** પરમાકુડીમાં.

**ઑક્ટોબર ૨ :** વિરુધુનગરમાં; રેવ. જે. હિમરસ્ટ્રેન્ડ તથા બ્રાહ્મણેતર યુથ લીગને મુલાકાત આપી; જાહેર સભામાં ભાષણ આપ્યું.

**ઑક્ટોબર ૩ :** વિરુધુનગરમાં; મૌનવાર.

**ઑક્ટોબર ૪ :** રાજ્યાલયમમાં; સ્ત્રીઓની સભામાં અને જાહેર સભામાં ભાષણ આપ્યું; ખાદી વસ્ત્રાલય ખુલ્લું મૂકયું.

**ઑક્ટોબર ૫ :** કોઈલપટ્ટીમાં.

**ઑક્ટોબર ૬ :** તુતીકોરીનમાં; જાહેર સભામાં ભાષણ આપ્યું.

**ઑક્ટોબર ૭ :** તિનેવેલીમાં; જાહેર સભામાં ભાષણ આપ્યું.

**ઑક્ટોબર ૮ :** નાગરકૉઈલની એક સભામાં ભાષણ આપ્યું.

**ઑક્ટોબર ૯–૧૦ :** ત્રિવેન્દ્રમમાં; ત્રાવણકોરના મહારાજા અને મહારાણીને મળ્યા અને તિરુવરપ્પુ મંદિરના માર્ગો પર અસ્પૃશ્યોને પ્રવેશ આપવાના સવાલ વિશે ચર્ચા કરી.

**ઑક્ટોબર ૧૧ :** કિવલોનમાં.

**ઑક્ટોબર ૧૨ :** અલેપ્પીમાં.

**ઑક્ટોબર ૧૩ :** અર્નાકુલમ અને કોચીન; ગોરક્ષા વિશે સર્વોત્તમ નિબંધ માટે ૧૦૦૦ રૂપિયાના ઈનામની ફરીથી જાહેરાત કરી; "નીલના બાવલાના સત્યાગ્રહ" વિશે લેખ પ્રસિદ્ધ કર્યો.

**ઑક્ટોબર ૧૪ :** ત્રિચુરમાં.

**ઑક્ટોબર ૧૫ :** પાલઘાટમાં; કામકોટિ પીઠના શંકરાચાર્ય સાથે વાતચીત. જાહેર સભામાં ભાષણ આપ્યું.

Gandhi Heritage Portal

ઑક્ટોબર ૧૬ : કોઈમ્બતૂરમાં; જાહેર સભામાં ભાષણ આપ્યું; ચ. રાજગોપાલાચારીએ જાહેર કર્યું કે ગાંધીજી કોઈમ્બતૂરમાં ૨૧મી ઑક્ટોબર સુધી આરામ લેશે.

ઑક્ટોબર ૧૭ : કોઈમ્બતૂરમાં; વાઈસરૉય સાથે થનારી મુલાકાત બાબત વિ. ઝ. પટેલ સાથે તારની આપલે.

ઑક્ટોબર ૧૮ : પોલ્લાચીમાં ભાષણ કર્યું અને કોઈમ્બતૂર પાછા આવ્યા.

ઑક્ટોબર ૧૯–૨૧ : કોઈમ્બતૂરમાં; "હું હિંદુ કેમ છું?" એ લેખ પ્રસિદ્ધ કર્યો.

ઑક્ટોબર ૨૨–૨૪ : તિરુપુરમાં; જાહેર સભામાં ભાષણ આપ્યું; વાઈસરૉયને ૨ નવેમ્બરે મળવાનું નિમંત્રણ સ્વીકાર્યું.

ઑક્ટોબર ૨૫ : કાલીકટમાં.

ઑક્ટોબર ૨૬ : નીલેશ્વર, કાસરગોડ અને મૅંગલોરમાં; મૅંગલોરની જાહેર સભામાં ભાષણ આપ્યું.

ઑક્ટોબર ૨૭ : દિલ્હીમાં વાઈસરૉયને મળવા માટે મૅંગલોરથી દરિયાને રસ્તે મુંબઈ જવા નીકળ્યા. હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસના આશ્રયે કલકત્તામાં એકતા પરિષદ બોલાવવામાં આવી. ગાંધીજીએ એ પરિષદમાં ભાગ ન લીધો.

ઑક્ટોબર ૨૯ : મુંબઈ પહોંચ્યા; રૉયલ કમિશનમાં એસેસરો નીમવા વિશે તથા હિંદુમુસ્લિમ એકતા વિશે છાપાના પ્રતિનિધિને મુલાકાત આપી.

ઑક્ટોબર ૩૦ : મુંબઈથી દિલ્હી જવા નીકળ્યા.

નવેમ્બર ૧ : દિલ્હીમાં; ખાદી પ્રચારક મંડળની સભામાં હાજરી આપી.

નવેમ્બર ૨ : દિલ્હીમાં વાઈસરૉય લૉર્ડ અર્વિનને મળ્યા; જામિયા મિલિયા ઈસ્લામિયાની મુલાકાતે ગયા અને વિદ્યાર્થીઓ સમક્ષ ભાષણ આપ્યું.

નવેમ્બર ૩ : રાતે અમદાવાદ પહોંચ્યા.

નવેમ્બર ૪ : સાબરમતી આશ્રમ, અમદાવાદમાં.

નવેમ્બર ૫ : રાત્રે મુંબઈ જવા ઊપડયા.

નવેમ્બર ૬ : મુંબઈ પહોંચ્યા.

નવેમ્બર ૭ : एस. एस. कोलाबा સ્ટીમરમાં સિલોન જવા ઊપડયા.

નવેમ્બર ૮ : વાઈસરૉયે સર જહોન સાઈમનના નેતૃત્વમાં શાહી કમિશનના સભ્યોનાં નામ જાહેર કર્યાં.

નવેમ્બર ૧૨ : ગાંધીજી રાત્રે કોલંબો પહોંચ્યા.

નવેમ્બર ૧૩ : કોલંબોમાં; છાપાના પ્રતિનિધિની મુલાકાતમાં કહ્યું કે સાઈમન કમિશન વિશેના અભિપ્રાય બાબતમાં મારું મન કૉંગ્રેસના હાથમાં છે; ચેટ્ટિયાર સમાજની અને વિવેકાનંદ સોસાયટીની સભામાં ભાષણ આપ્યાં.

નવેમ્બર ૧૪ : કોલંબોમાં; મૌનવાર.

નવેમ્બર ૧૫ : કોલંબોમાં; મ્યુનિસિપાલિટી તરફથી માનપત્ર મળ્યું; વિદ્યાર્થીઓ, બૌદ્ધો અને ખ્રિસ્તીઓની સભાઓમાં ભાષણ.

નવેમ્બર ૧૬ : કોલંબોમાં; ખ્રિસ્તી મિશનરીઓ તથા મજૂરો સમક્ષ ભાષણ આપ્યું.

નવેમ્બર ૧૭ : કોલંબોથી નીકળ્યા અને પલિયાગોડા, નગોમ્બો, માદામ્પી, ચીલૉ, કુરુનેગલ અને કાટુગાસ્ટોટા ગયા.

Gandhi Heritage Portal

નવેમ્બર ૧૮ : માતાલે અને કૅન્ડીની જાહેર સભાઓમાં ભાષણ આપ્યું; દલાદા અને મલિગાવા ગયા તથા દંત અવશેષ જોયો.

નવેમ્બર ૧૯ : બાદુલ્લામાં.

નવેમ્બર ૨૦ : નુવારા ઈલિયામાં.

નવેમ્બર ૨૧ : કૅન્ડીમાં; મૌનવાર.

નવેમ્બર ૨૨ : કોલંબો પાછા આવ્યા અને પારસીઓની, સિલોન નેશનલ કૉંગ્રેસની અને બીજી સભાઓમાં ભાષણ આપ્યાં.

નવેમ્બર ૨૩ : પાનદુરા અને ગેલે ગયા.

નવેમ્બર ૨૪ : ગેલે અને મતારામાં ભાષણ આપ્યાં.

નવેમ્બર ૨૫ : કોલંબોમાં પાછા આવ્યા અને વિદાય-સમારંભોમાં ભાષણ આપ્યાં.

નવેમ્બર ૨૬–૨૯ : જાફનામાં; સભાઓમાં ભાષણ આપ્યાં.

નવેમ્બર ૩૦ : સિલોનથી નીકળ્યા અને રામનદ આવ્યા; જાહેર સભામાં ભાષણ આપ્યું.

ડિસેમ્બર ૧ : મદ્રાસ આવ્યા; સ્ટૅચ્યુટરી કમિશન વિશે ઍસોસિયેટેડ પ્રેસને મુલાકાત આપી; ઓરિસ્સાના પ્રવાસે ઊપડયા.

ડિસેમ્બર ૩ : ચિકાકોલની જાહેર સભામાં ભાષણ આપ્યું.

ડિસેમ્બર ૪ : સવારમાં ઈચ્છાપુરમ્, પાલસા, બરુવા તથા કાવિટી ગયા અને ચિકાકોલની સ્ત્રીઓની સભામાં ભાષણ આપ્યું; સાંજે બરહામપુરમાં વિદ્યાર્થીઓની સભામાં ભાષણ.

ડિસેમ્બર ૫ : બરહામપુર; મૌનવાર.

ડિસેમ્બર ૬ : બરહામપુરની જાહેર સભામાં ભાષણ; અસ્કા, ગોહરા, રસેલકોન્ડા ગયા; સભાઓમાં ભાષણ કર્યાં તથા થેલીઓ લીધી અને રાતે સૂવા માટે બોઈરાની ગયા.

ડિસેમ્બર ૭ : પુરુષોત્તમપુર, કોડાલા અને ખલ્લીકોટ ગયા.

ડિસેમ્બર ૮ : બાણપુરમાં.

ડિસેમ્બર ૯ : લોહીનું દબાણ વધી જવાથી સંપૂર્ણ આરામ માટે બોલગઢ ગયા.

ડિસેમ્બર ૧૦ : બોલગઢની જાહેર સભામાં ભાષણ આપ્યું.

ડિસેમ્બર ૧૧–૧૨ : બોલગઢમાં આરામ.

ડિસેમ્બર ૧૩ : બેગુનિયા, સખીગોપાલ અને પુરીમાં; જગન્નાથજીના મંદિરમાં ન ગયા.

ડિસેમ્બર ૧૪ : બાલાસોર પહોંચ્યા.

ડિસેમ્બર ૧૫–૧૭ : બાલાસોરમાં.

ડિસેમ્બર ૧૮ : કટક પહોંચ્યા; લોહીના ભારે દબાણને કારણે બધો કાર્યક્રમ રદ કરીને આરામ લીધો.

ડિસેમ્બર ૨૦ : કટકની જાહેર સભામાં ગાંધીજીનું ભાષણ વાંચવામાં આવ્યું.

ડિસેમ્બર ૨૧ : મદ્રાસમાં ભરાનારા હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસના વાર્ષિક અધિવેશનમાં ભાગ લેવા માટે કટકથી નીકળ્યા.

ડિસેમ્બર ૨૩ : મદ્રાસમાં ખાદી અને હિંદી પ્રદર્શનમાં ભાષણ.

ડિસેમ્બર ૨૩–૨૮ : મદ્રાસમાં; કૉંગ્રેસ નેતાઓ સાથે ચર્ચા.

ડિસેમ્બર ૨૬ : મદ્રાસમાં હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસનું વાર્ષિક અધિવેશન શરૂ થયું.

Gandhi Heritage Portal

ડિસેમ્બર ૨૭ : દક્ષિણ આફ્રિકાના હિંદીઓ વિશેનો ગાંધીજીએ તૈયાર કરેલો ઠરાવ રાષ્ટ્રીય કૉંગ્રેસે સર્વાનુમતે પસાર કર્યો.

ડિસેમ્બર ૨૮ : ગાંધીજી મુંબઈ જવા નીકળ્યા.

ડિસેમ્બર ૨૯ : હકીમ અજમલખાનનું અવસાન.

ડિસેમ્બર ૩૦ : ગાંધીજી મુંબઈ આવ્યા; કૉંગ્રેસે કરેલા હિંદુમુસ્લિમ એકતાના તથા સ્વાતંત્ર્યના ઠરાવ વિશે છાપાના પ્રતિનિધિને મુલાકાત આપી.

ડિસેમ્બર ૩૧ : સાબરમતી પહોંચ્યા.

## ૧૯૨૮

જાન્યુઆરી ૧થી ૨૧ : ગાંધીજી સાબરમતીના સત્યાગ્રહ આશ્રમમાં રહ્યા.

જાન્યુઆરી ૭ : દિલ્હીની નેશનલ મુસ્લિમ યુનિવર્સિટીને સંદેશો મોકલ્યો.

જાન્યુઆરી (બીજું સપ્તાહ) : ઇન્ટરનૅશનલ ફેલોશિપના સભ્યો આશ્રમમાં ત્રણ દિવસ રહ્યા.

જાન્યુઆરી ૧૫ : ગાંધીજીએ અમદાવાદની ગૂજરાત વિદ્યાપીઠના પદવીદાન સમારંભમાં ભાષણ આપ્યું.

જાન્યુઆરી ૨૨ : પોરબંદરની ચોથી કાઠિયાવાડ રાજકીય પરિષદમાં ભાષણ આપ્યું.

જાન્યુઆરી ૨૩ : વરતેજમાં.

જાન્યુઆરી ૨૪ : અસ્પૃશ્યો માટેના એક મંદિરનો પાયો નાખ્યો; મોરબીમાં ભાષણ કર્યું.

જાન્યુઆરી ૨૭ : ગાંધીજીના ત્રીજા પુત્ર રામદાસનું સાબરમતીમાં લગ્ન થયું; ગાંધીજીએ ગૂજરાત વિદ્યાપીઠના બંધારણમાં ફેરફારો સૂચવ્યા.

જાન્યુઆરી ૩૦ : સાઈમન કમિશન સામેની હડતાળને સફળતા ઇચ્છી.

જાન્યુઆરી ૩૧ : ગૂજરાત મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓ સાથે રહેવા ગયા.

ગાંધી સ્મારક સંગ્રહાલય ... અમદાવાદ-૧૩.



Gandhi Heritage Portal

# સૂચિ


અખિલબાબુ ૪૨૧

અખિલ હિંદ ચરખા સંઘ ૨૬, ૨૯, ૩૭, ૫૮, ૭૧, ૮૦, ૮૩, ૮૫, ૮૬, ૧૧૫, ૧૧૬, ૧૩૮, ૧૭૯, ૧૮૦, ૨૪૭, ૩૧૫, ૩૨૨, ૩૩૩, ૩૬૬, ૪૧૫; –ની કારોબારીમાંથી ગાંધીજીનું રાજીનામું ૪૫૬; –ની વિરુદ્ધમાં દલીલ પ્રત્યુત્તર ૫૮, ૫૯; –નું બંધારણ ૩૨, ૪૫, ૪૬, ૨૫૨, ૨૬૯, ૨૭૦

અજમલખાન, હકીમ ૧૮૯ પા. ટી., ૧૯૧, ૩૧૭, ૪૦૪, ૪૦૫, ૦અને હિંદુમુસ્લિમ એકતા ૩૮૬, ૩૮૭, ૩૯૧, ૪૨૨; –નું સ્મારક ૪૫, ૪૫૧; –ને માટે ફાળો ૪૩૦, ૪૩૧

અદ્વૈત –નું અર્થઘટન ૧

અન ટુ ધિસ લાસ્ટ ૨૭૯

અનસારી, ડૉ. એમ. એ. ૧૪૬ પા. ટી., ૧૫૬ પા. ટી., ૩૧૭, ૩૨૧, ૩૭૯, ૩૮૨, ૩૮૬, ૩૮૭, ૩૯૨, ૩૯૫, ૩૯૮, ૪૦૫, ૪૩૦, ૪૩૧

અનસૂયાબાઈ ૧૨૧, ૪૬૬

અનિલ ૩૮

અન્નપૂર્ણાદેવી –ને અંજલિ ૧૭૭, ૧૭૮

અન્ના ૬૪

અર્જુન ૩૪૪

અલી (માસ્ટર કાછલિયા) ૧૮૯, ૧૯૦

અલીભાઈઓ ૩૮૩, ૩૮૬, ૩૯૩; ૦અને ગાંધીજી ૩૧૭, ૩૧૮

અલ્પસંખ્યક જાતિ –ને અલગ મતાધિકાર ૨૮૬

અસત્ (દુષ્ટતા) ૦એ નિષેધાત્મક બળ ૪૧૯; ૦એટલે રાવણ ૨૩૨; ૦સામે સાધુતા ધરવી ૪૮

અસહકાર ૬૩; ૦અનિષ્ટોના મુકાબલા માટે ૨૧૨, ૩૨૧–૨; ૦અને અહિંસા ૪૨૪; ૦અને હિંદુ-મુસ્લિમ એકતા ૨૦૩–૪; ૦અને હિંસા ૨૦૩; –ના આંદોલનનું અવલોકન ૧૩૫–૬, ૨૦૩–૪; ૦સ્વરાજપ્રાપ્તિ માટે ૨૦૪; જુઓ સત્યાગ્રહ

અસ્પૃશ્યતા ૨૩, ૫૭, ૧૩૭, ૨૦૩, ૨૬૮, ૨૬૯, ૨૮૫, ૩૦૭ પા. ટી., ૩૧૬, ૩૨૨; ૦અને બ્રાહ્મણ-અબ્રાહ્મણના પ્રશ્નો ૧૩૨, ૧૩૭; ૦અને મંદિર-પ્રવેશ ૭૩, ૭૪, ૮૮; ૦અને વર્ણાશ્રમ ૭૪, ૯૬, ૯૭; ૦અને સ્ત્રીઓ ૧૩૩; ૦અને હિંદી મહાસભા ૧૩૧, ૧૩૨; ૦અને હિંદુ ધર્મ ૭૨, ૭૩, ૮૬, ૮૭, ૮૯, ૯૦, ૯૩, ૯૬, ૯૭, ૧૦૩, ૧૦૬, ૧૦૮, ૧૧૭, ૧૧૮, ૧૨૩, ૧૨૪, ૧૩૧–૨, ૧૬૯, ૧૭૧–૨, ૧૭૬, ૨૪૯, ૨૫૫, ૩૦૨; ૦કોચીનમાં ૧૧૭–૮; –ની ત્રાવણકોરમાંથી સત્યાગ્રહ દ્વારા નાબૂદી ૮૯, ૯૦, ૯૧, ૯૩, ૧૦૩, ૧૦૫–૮; –ની નાબૂદી ૧૨૮, ૧૩૦–૨; –ને પ્રાચીન પ્રણાલી સાથે કંઈ સંબંધ નથી ૨૯૪; –ને બૌદ્ધ ધર્મમાં સ્થાન નથી ૨૪૧, ૨૪૫, ૨૪૯, ૨૮૬–૭, ૩૦૨; –નો શરમજનક અનુભવ ૩૬૬; ૦સિલોનમાં ૨૯૧

અસ્પૃશ્યો ૨૧, ૨૯૭; ૦કોચીન રાજ્યમાં ૧૨૩–૪; –ના ઉદ્ધાર માટે હિંદુ સુધારકોએ કામ કરવું જરૂરી ૧૯૧; –નાં મલબારમાં દુઃખો ૧૨૭–૮; –ને મદ્યપાન ત્યજવા સલાહ ૨૯૧; –ને માટે શાળાઓ ૪૬૨–૩; –ને શુદ્ધ જીવન જીવવા સલાહ ૪૪૧; –ને સતામણી માટે સજા ૨૩૪–૫; –નો બૌદ્ધ ધર્મમાં નિષેધ ૨૭૨; ૦માટે સવલતો ૪૭; ૦સિલોનમાં ૨૯૮, ૨૯૯

અહલ્યાબાઈ ૭૮

અહિંસા ૧૪૩, ૨૩૬, ૨૭૭, ૨૮૧, ૨૯૧, ૩૧૭–૮; ૦અને અસહકાર ૪૩૨; ૦અને તિરસ્કાર ૪૮; ૦અને મુસલમાનો ૨૯૭; ૦અને શાકાહાર ૩૪૨; ૦અને સત્ય એ ધર્મ ૩૪૬, ૪૪૫; ૦અંગે જવાહરલાલ નેહરુની માન્યતા ૩૯૦; ૦ગીતામાં ૧૫૭; –ની શક્તિ ૨૦૩; –નું તત્ત્વજ્ઞાન સમજ્યા વિના પણ બધાં મારફતે આચરી શકાય ૪૧૩; –નો નિયમ ૪૮–૯; ૦બધા ધર્મોમાં સામાન્ય ૨૯૩–૪; ૦માનવીને શુદ્ધ કરે છે ૨૦૦; ૦માનવીય મુશ્કેલીના ઉકેલ માટે ૩૦૩; ૦રાષ્ટ્રસેવા માટે ૨૬૭, ૩૨૨; ૦વિરુદ્ધ હિંસા ૪૬૧; ૦વિશ્વશાંતિ અર્થે ૨૮૧; ૦શુદ્ધ લડાઈ માટે જરૂરી ૨; ૦સર્વ સંજોગોમાં ગાંધીજીના મતે ૪૧૩; ૦સંપૂર્ણ રીતે શક્ય નથી ૩૫૫; ૦સાદાઈને લાગુ પડે છે ૨૯૫; ૦સ્વરાજ-પ્રાપ્તિ માટે ૨૬૬–૭

અંગ્રેજી ૦અને પ્રાદેશિક ભાષાઓ ૩૨૭, ૪૫૮

અંગ્રેજો –એ હિંદીઓના હિતને પ્રાધાન્ય આપવું જોઈએ ૨૮૩; ૦મિત્રની જેમ રહે ૨૧૨


Gandhi Heritage Portal

અંત્યજો ૨૫૯, ૪૪૦, જુઓ અસ્પૃશ્યો
અંબાલાલ, શ્રી ૧૪૦

*આજ* ૧૮૩ પા ટી., ૩૩૯
આઝાદ, અબુલકલામ ૩૯૩
*આત્મકથા* ૩૬ પા. ટી., ૫૪ પા. ટી., ૨૦૪, ૨૨૯ પા. ટી., ૩૨૮
આત્મસંયમ ૨૫૦, ૨૮૦, ૨૯૬; ૦અને સ્ત્રીઓ ૩૬૫; ૦અને સ્વરાજ ૨૩; ૦અંગે નિબંધ ૪૨૮; ૦લગ્ન દ્વારા ૪૧૬; ૦વિદ્યાર્થીઓ માટે ૧૬૮
આદિદ્રવિડો –ની સામાજિક પ્રગતિ ૧૬૭–૮; –ને સલાહ ૧૭૦–૪
આનંદ, સ્વામી ૫, ૩૩૯, ૪૨૮
આયર, એસ. વી. વિશ્વનાથ ૩૭૪
આયર, વેદરામ ૫૯
આયંગર, એસ. શ્રીનિવાસ ૨૭, ૧૮૩, ૩૨૧, ૩૮૬, ૩૯૨
આયંગર, ટી. સી. ચેલ્લામ ૪૩ પા. ટી.
આયંગર, ભાષ્યમ્ ૧૧૨–૩
આરોગ્ય વ્યવસ્થા (સફાઈ) ૩૨–૩, ૨૫૬, ૪૧૯; ૦શહેરો અને ગામડાંમાં ૧૧–૨, ૨૩, ૨૭, ૬૫–૬, ૮૭
આર્નોલ્ડ, એડવિન ૨૮૦
આશર, પી. ડી. ૧૫૭ પા. ટી.
આસનો ૩૫૪
આંતરરાષ્ટ્રીયવાદ ૦અને રાષ્ટ્રવાદ ૮૪

*ઇન્ડિયન ઓપીનિયન* ૧૩, ૧૫૧, ૩૬૨
*ઇન્ડિયન ડેલી મેલ* ૧૮૨, ૪૮૫
*ઇન્ડિયન નેશનલ હેરલ્ડ* ૧૮૪
ઇમામ સાહેબ ૪૧૭–૮
ઇમિગ્રેશન કાનૂન ૧૬
ઇસ્લામ ૯૬, ૨૮૧, ૨૯૭; ૦અને અહિંસા ૨૯૭; ૦અને ગોવધ ૩૯૪; ૦અને મદ્યનિષેધ ૨૭૩; –ની સમજ ૧૪૧

ઈશુ ખ્રિસ્ત ૧૪૮, ૨૨૯, ૨૪૧, ૨૯૩, ૨૯૪, ૨૯૫, ૩૦૮ પા. ટી., ૩૩૬ પા. ટી.; –ના જીવનનું અર્થઘટન ૪૧૯; –ની દિવ્યતા ૩૩૮; –નો બોધ ૨૨૪–૩૦; –માનવજાતના એક મહાન ગુરુ ૩૦૮, ૩૦૯
ઈશ્વર ૫, ૧૧, ૧૯, ૨૩, ૨૭, ૩૯, ૯૫, ૧૫૮, ૧૬૨, ૧૬૭, ૧૮૭, ૨૨૫, ૨૨૮, ૨૫૦, ૨૭૩, ૨૭૪, ૨૮૫, ૩૦૩, ૩૦૪, ૩૧૪, ૩૧૭, ૩૨૪, ૩૨૫, ૩૬૫, ૪૧૯, ૫૦૩; ૦અને ગાંધીજીની માંદગી ૧૧૮; ૦અને ધનરૂપી શેતાનની એકસાથે સેવા અશક્ય ૨૨૭; ૦અને બૌદ્ધ ધર્મ ૨૨૧, ૨૨૨, ૨૨૩; ૦ચરખામાં ૨૯૫; ૦દર્શન ફક્ત નમ્રને ૪૧૦; –ના કાયદા ૨૨૮, ૨૨૯; ૦ને મંદિર બંધ કરી આપણે અસ્પૃશ્ય બનાવ્યા ૭૪; –નો જ ફક્ત ડર રાખવો ૩૩૧, ૩૩૪; ૦સર્વવ્યાપી ૧૮૩
ઈંડાં ૦એ શાકાહારી ખોરાક નથી ૩૪૨

ઉપવાસ ૯૯; ૦એ પાપનું પ્રાયશ્ચિત્ત નથી ૪૦૧, ૪૧૦
ઉપાધ્યાય, હરિભાઉ ૫

એકતા ૦સ્વરાજ માટે જરૂરી ૨૮૬; ૦હિંદુ અને મુસલમાન વચ્ચે જરૂરી અને શક્ય ૧૫; હિંદુ-મુસ્લિમ એકતા પણ જુઓ.
એડવર્ડ, ૭મો રાજા ૪૪૬
ઍન્ડ્રૂઝ, સી. ઍફ. ૧૭, ૨૦, ૨૧, ૬૦, ૬૧, ૮૮, ૧૦૪, ૨૫૩, ૧૬૪, ૨૦૫, ૩૩૨, ૩૫૭, ૩૬૬, ૩૮૦, ૩૮૨, ૪૧૮; –નું ગૂજરાત વિદ્યાપીઠમાં પ્રવચન ૪૨૨, ૪૨૩
એમરી, મિસ ૩૧૧
એલેકઝાંડર, હૉરેસ જી. ૯૮
*ઍંગ્લો ઇન્ડિયન રિવ્યૂ* ૩૪૮ પા. ટી.
ઍંગ્લો ઇન્ડિયનો –ને સલાહ ૩૪૮

ઓડવાયર, સર માઇકલ ૧૯૩, ૩૮૪
ઓબેસેકર ૨૭૮

કચ્છ –ના સ્વીકારની ગાંધીજીએ કરેલી હાકલ ૪૪
કઝિન્સ, ડૉ. જે. એચ. ૩૯૮
કટ્ટર અસહકારી ૦માટેનો કાર્યક્રમ ૪૩૧, ૪૩૨
કથિંગમેર, રેવ. ડબલ્યુ. એ. ૨૯૭
કબીર ૪૧૦
કમલાદેવી ૩૭૨
કરકસર ૦સંસ્થાકીય કામ માટે જરૂરી ૧૧૪
કરીમ મહમદ માસ્તર ૧૪૧
કાછલિયા, અલી ૧૮૯, ૧૯૦
કાછલિયા, એહમદ મોહમદ –ની હિંદુમુસ્લિમ એકતામાં સેવા ૧૮૯, ૧૯૦
કાટજુ, ડૉ. કૈલાસનાથ ૮૦
કાનિકા –ના રાજા ૪૦૩
કાનિટકર, જી. એન. ૨૦૧
કાયદા –નો વ્યવસાય ૨૭૯, ૨૮૦
કાયદાઓ –નું નાગરિકો દ્વારા પાલન ૪૬૬
કારંથ, કે. એસ. ૩૫૪
કાલિ માતા ૨૮૩

Gandhi Heritage Portal

કાલેલકર, કાકાસાહેબ દ. બા. ૯૨, ૧૮૫, ૧૯૯, ૨૦૧, ૨૦૭, ૨૫૯
કાશીબાઈ ૩૦૬
કાંટાવાલા, હરગોવિંદદાસ ૩૦૬
કાંતણ ૧૨૯, ૨૭૬; ૦અને આદિદ્રવિડો ૧૭૪; ૦અને વણાટ ૫૩, ૫૪, ૨૭૭; ૦અને સ્ત્રીઓ ૫૮, ૫૯, ૧૩૩, ૧૭૮; ૦આમ જનતાની દારિદ્રય નાબૂદી માટે ૧૨૧, ૧૬૧, ૨૪૬, ૨૪૭, ૩૬૦; ૦તકલી પર ૮૫; –ના અસ્તિત્વ માટે તરફડિયાં ૧૨૧, ૧૨૨; –નાં ભારતમાં આંદોલનનો ઇતિહાસ ૫૪,૫૫; ૦વિશે નિબંધ ૬૦, ૬૧, ૧૦૪; ૦સ્વરાજ માટે ૩૬૧
કાંતણ અને વણાટ ૬૦, ૦વિશે ગાંધીજીના વિચારો ૬૧, ૬૨; ૦વિશે નિબંધ
કુટ્ટન, ચેરુકાન્ડી ૩૭૫
કુદરતી ઉપચારો –માં કસુવાવડ વખતે કચૂને બાથ ૪૧૬; –માં ભોજન સંબંધી પ્રયોગો ૪૩૫; –માં માટીના ઉપચારો ૪૦૩, ૪૦૬
કુરલ જુઓ તિરુકુરલ
કુસુમ ૩૯૯, ૪૦૦
કૃપાલાની, જે. બી. ૧૧૦
કૃષ્ણદાસ ૬૪, ૯૭, ૧૯૬
કૃષ્ણમૂર્તિ, પંતુલુ, મલ્લાડી ૩૪૯
કે –નું પુસ્તક ૪૯
કેમ્પબેલ, સર જોર્જ ૫૦
કેલનબૅક ૧૬
કેલપ્પન, કે. ૧૭૧, ૩૭૫, ૪૩૪
કેશુ ૧૬૩
કેળકર ૩૪૫
કોચીન –ના મહારાજા અને અસ્પૃશ્યતા ૧૧૮; –માં ખાદીનો ગૃહઉદ્યોગ ૧૧૭
કોટક, હરજીવન ૨૦૪, ૨૯૬, ૩૪૦, ૩૭૭
કૉફી –નું પીણું ૧૯૮
કોમવાદ –ના અનિષ્ટથી છૂટવું જોઈએ ૨૬૭; –નો શાપ ૨૭૬
કૉંગ્રેસ ૬૨, ૨૯૯, ૪૨૫; ૦અને અસ્પૃશ્યતા ૧૩૧, ૧૩૨; ૦અને ખાદીકાર્ય ૪૫; ૦અને ફક્ત ઠરાવો જ પસાર કરવા અંગેની ટીકા ૩૯૫, ૩૯૬; ૦અને હિંદુમુસ્લિમ એકતા ૩૭૯, ૩૮૦, ૩૯૧, ૩૯૩, ૪૮૫, ૪૮૬, ૪૮૭; ૦ઠરાવો નક્કર પગલાંમાં પરિણમવા અંગે ૪૧૧; –ના મદ્રાસ અધિવેશન પર ગાંધીજીનો પ્રભાવ ૩૮૫, ૩૮૬; –ની અખિલ ભારતીય સમિતિ ૧૯૨, ૩૧૮ પા. ટી., ૪૨૫; –ની પ્રતિષ્ઠા ૨૬૪; –નું મદ્રાસમાં ખાદી પ્રદર્શન ૩૭૬, ૩૭૭, ૩૯૬, ૩૯૭, ૩૯૮, ૪૨૬, ૪૨૭; –નો બુદ્ધ ગયા મંદિરનો પ્રશ્ન ઉકેલવા પ્રયાસ ૨૨૦, ૨૨૧; –નો રચનાત્મક કાર્યક્રમ ૧૩૮; –નો સ્વરાજનો ઠરાવ ૧૩૨, ૩૮૬, ૪૧૧; –માં દક્ષિણ આફ્રિકાના હિંદીઓ વિશે ૩૮૨; –માં બ્રિટિશ માલના બહિષ્કારનો ઠરાવ ૪૪૬, ૪૪૭; –માં સ્વરાજ વિશે ૧૩૨; ૩૮૬, ૪૧૧
કચૂને બાથ ૪૧૬, ૪૧૭, ૪૬૭
ક્લેમેન્ટ, ડૉ. ૩૫૬
ક્ષમા ૪૮, ૨૨૮, ૨૨૯, ૨૩૦, ૪૧૦, ૪૧૧
ખરે, એન. એમ. ૪૧૭
ખંભાતા, બહેરામજી ૩૫૦, ૪૫૫
ખાદી ૧૨, ૩૧, ૬૩, ૧૧૯, ૧૨૯, ૧૬૫, ૨૭૯, ૨૮૨, ૩૦૭ પા. ટી., ૩૧૦, ૩૧૫, ૩૧૬, ૩૨૨, ૩૨૭, ૩૩૪, ૪૩૯, ૪૪૮; ૦અને અબ્રાહ્મણો ૮૫, ૮૬; ૦અને કપાસનું વાવેતર ૧૮૦, ૧૮૧; ૦અને ટ્રસ્ટીશિપ ૭૩; ૦અને તેમાં તૈયાર કપડાં ૨૩૭, ૨૩૮; ૦અને બ્રહ્મચર્ય ૨૯૬; ૦અને ભરતકામ ૧૧૭; ૦અને મુસલમાનો ૧૧૬, ૧૯૧; ૦અને વિદ્યાર્થીઓ ૭, ૮, ૪૭; ૦અને સ્ત્રીઓ ૧૦, ૧૧, ૨૫, ૩૪, ૪૦, ૫૬, ૫૭, ૬૯, ૭૦, ૧૧૭, ૧૩૩,·૨૯૨, ૩૨૩, ૪૫૭, ૪૫૮; ૦અંગે ટૅકનિકલ વિગતો ૧૧૫, ૧૧૬; ૦કાશ્મીરમાં ૩૭૭; ૦ખરીદીને ભારતમાં ભૂખે મરતા લાખો લોકોને બચાવવા સિલોનના લોકોને બોધ ૨૩૩, ૨૩૯, ૨૪૦, ૨૪૧, ૨૪૭, ૨૪૮; ૦ગરીબો અને ધનિકો વચ્ચેનો સેતુ ૭૨, ૧૯૧; ૦ગાંધીજીને જીવતા રાખશે ૨૫૨; ૦જીવનને સાદાઈયુક્ત બનાવવા માટે ૭૨; ૦તિરુપુરમાં ૧૫૯, ૧૬૦; ૦ત્રાવણકોરમાં ૧૦૮, ૧૦૯, ૧૧૬; ૦દેશી રાજ્યોમાં ૧૮૦; –ના પ્રસારની આવશ્યકતા ૧૨૯, ૧૩૦, ૧૬૮, ૩૬૦; –નું અર્થશાસ્ત્ર ૧૦, ૧૧, ૧૮૦, ૩૧૯, ૩૫૯, ૩૨૦; –નું મહત્ત્વ ૨૦૩, ૩૭૬, ૩૭૭, ૪૪૫; –ને આર્થિક સહાયથી નહીં પણ ખરીદવાથી જ ઉત્તેજન શક્ય ૨૨, ૨૬, ૨૭, ૨૮, ૪૧, ૪૬, ૫૬, ૫૮; –ને ઉત્તેજન એ જ દાન ૨૦, ૨૨; –નો ઇતિહાસ ૨૫; ૦પ્રદર્શનનું મદ્રાસમાં ઉદ્ઘાટન ૩૭૬, ૩૭૭, ૩૯૭, ૩૯૮, ૪૨૬, ૪૨૭; ૦ફંડ ૧૬૧, ૧૭૨, ૩૨૪; ૦બધાએ પહેરવી જોઈએ ૭૦, ૧૨૨, ૧૭૬, ૧૭૭; ૦બધી નાતજાતને જોડવા માટે જરૂરી ૮૫; ૦બુદ્ધનું ઋણ ફેડવા માટે


Gandhi Heritage Portal

૨૧૮, ૨૧૯, ૨૨૪; ૦ભિન્નભિન્ન સ્થળે ભિન્ન-ભિન્ન કિંમતમાં તેનાં કારણો ૨૫૩; ૦ભૂખ્યાને રાહત માટે ૧૦, ૧૮, ૨૪, ૨૫, ૮૪, ૮૫, ૧૧૬, ૧૧૭, ૧૮૦, ૨૧૦, ૨૧૧, ૨૧૨; –માં વેપાર ૭૩; –માં વૈવિધ્ય ૨૭, ૪૩, ૪૧૫; ૦લોકોને શુદ્ધ અને ઉમદા રાખી શકે ૫૭; ૦વકીલો માટે ૮૦; ૦વિશે નિબંધ ૩૨૩; ૦સુથરાઈના કાર્યના ભાગ તરીકે ૧૭૯; ૦સ્વાતંત્ર્યના સાધન તરીકે ૪૩૨, ૪૩૩

ખાદી ગાઇડ ૪૪૮

ખાદીનું અર્થશાસ્ત્ર ૩૧૯, ૩૨૦

ખાદી પત્રિકા ૩૭૭

ખિલાફત ૩૪૪

ખીમજી તુલસીદાસ ૧૧૧

ખોરાક ૦અહિંસક અને શાકાહારી ૩૪૨; –માં પ્રયોગો ૪૩૫, ૪૩૬, ૪૫૪

ખ્રિસ્તીઓ ૧૧૬, ૨૭૦, ૨૯૧–૯૫, ૩૦૧, ૩૨૫, ૩૩૮, ૪૧૭; ૦અને રાષ્ટ્રીય ચળવળ ૮૪; –ને ભારતમાં રાષ્ટ્ર માટે કામ કરવાનો ઉપદેશ ૯

ખ્રિસ્તી ધર્મ ૯, ૯૬, ૨૬૨, ૨૭૩, ૨૮૧, ૨૯૭, ૪૭૩; ૦અને રાષ્ટ્રીયતા ૮૪; –નો ચીનમાં વિરોધ ૨૨૫; –માં ધર્માંતર બિનજરૂરી ૩૩૮; ૦વિશે ગાંધીજીનો મત ૨૨૪–૩૦

ગણેસન એસ. ૪૨૭

ગંગારામ, સર ૩૬૦

ગાઇડ ટુ હેલ્થ, (આરોગ્ય વિશે સામાન્ય જ્ઞાન) ૩૬૪, ૪૦૩

ગામડાંઓ –નાં સંગઠનોનું સફળ સંચાલન એ સ્વરાજ-ની ચાવી છે ૨૮૯; –નો ઉદ્ધાર ૩૬૦, ૩૬૧; –માં આધ્યાત્મિક સંસ્કારિતા ૪૮૧

ગાંધી, કસ્તૂરબા ૯૨, ૨૦૬, ૨૬૦, ૩૦૬, ૩૨૭, ૩૨૮, ૩૪૦, ૩૪૧, ૪૧૬; ૦ગાંધીજીનાં પત્ની નહીં, પણ માતા, મિત્ર, પરિચારિકા વ. ૨૪૦

ગાંધી, ખુશાલચંદ ૨૦૬ પા. ટી.

ગાંધી, છગનલાલ ૬૪, ૬૭, ૧૪૧, ૪૬૬

ગાંધી, જમનાદાસ ૨૦૬

ગાંધી, દેવદાસ ૬૭, ૮૮, ૯૨, ૧૪૧, ૧૫૩, ૧૫૫, ૧૯૯, ૨૦૬, ૨૧૨, ૩૦૫, ૩૨૭, ૩૨૮, ૩૮૧, ૪૧૭, ૪૨૯, ૪૫૨

ગાંધી, નારણદાસ ૧૧૦, ૨૦૭, ૩૫૭

ગાંધી, પ્રભુદાસ ૧૪૧

ગાંધી, મગનલાલ ૭૫, ૭૬, ૯૮, ૧૦૦, ૩૨૮, ૩૫૦, ૩૯૯

ગાંધી, મણિલાલ ૨૧, ૮૮, ૯૨, ૧૫૧, ૧૫૩, ૧૯૬, ૩૨૬, ૩૬૨, ૩૮૭, ૪૧૬

ગાંધી, મોહનદાસ કરમચંદ ૦તામિલ અને તિરુકુરલના અભ્યાસ માટેનો પ્રયત્ન ૮૩; –ના જવાહરલાલ નેહરુ સાથે મતભેદો ૪૨૫, ૪૨૬; –ના વિશ્વની કચડાયેલી જાતિઓની મુક્તિના પ્રયાસો ૪૧૩; –ની અંગ્રેજીના આધિપત્યમાંથી છૂટવા ગમે તે ભોગ આપવાની તત્પરતા ૪૧૩; –નું ઓરિસ્સામાં અછૂતો સાથેના દર્દનાક પ્રસંગનું વર્ણન ૩૩૬; –ને મદુરામાં ફરીથી બોલાવાયા અને તેમના પોશાક તરીકે કચ્છનો સ્વીકાર ૪૩, ૪૪; –નો હિંદુ ધર્મને નવી સ્મૃતિ આપવા પ્રયાસ ૪૨૯; ૦પોતે હિંદુ શા માટે તે સમજાવે છે ૧૪૮, ૧૪૯; ૦રૂઢિચુસ્ત હિંદુ ૩૦૧

ગાંધી, રામદાસ ૨૧, ૫૨, ૫૬, ૧૦૦, ૪૧૭, ૪૪૧ પા. ટી., ૪૪૩ પા. ટી., ૪૫૨, ૪૫૪

ગાંધી, સુશીલા ૯૨, ૧૫૩, ૧૯૬, ૩૨૬, ૩૮૭, ૪૧૬

ગાંધી, હરિલાલ ૧૯૭

ગિડને, એચ. એ. જે. ૩૪૮

ગિદવાણી, આચાર્ય ૧૧૦

ગિરિપ્રવચન ૧૪૮; ૦અને ભગવદ્‌ગીતા ૨૯૮; ૦અને ભૌતિકવાદ ૨૯૫; –નું ગાંધીજીનું અર્થઘટન ૨૨૪, ૨૨૫; ૦પ્રેરણાનો સ્રોત ૨૯૮

ગુજરાતનાં પૂરો –માં અમેરિકન ફાળો ૩૧૮, ૩૧૯

ગુજરાતી શબ્દકોશ ૧૮૫

ગુહ (નિષાદરાજ) ૨૫

ગૂજરાત વિદ્યાપીઠ ૧૧૦, ૩૯૨, ૪૨૨–૪; ૦પુનર્રચના ૪૫૬, ૪૫૭

ગૅરીસન ૧૯૮

ગોવિન્દર, કે. એસ. રામસ્વામી ૧૫૭ પા. ટી.

ગોખલે, ગોપાળકૃષ્ણ ૨૬૭; –ની રાજકાજને ધાર્મિક બનાવવાની ઇચ્છા ૨૬૬

ગોપાલન, પી. સી. ૧૨૭, ૧૨૮

ગોબલિદાન ૦અને ગોમાંસભક્ષણ વૈદિકકાળમાં ૫૧

ગોમતી ૧૪૨, ૧૪૪

ગોરક્ષા ૧૪૯; –ના નિબંધને ઇનામ ૧૧૧, ૧૧૨; ૦વિશે પુસ્તકો ૩૫૧, ૪૦૨; ૦પર ઠરાવ ૩૮૨

ગોહત્યા ૧૭૨, ૩૭૯; ૦અને ઇસ્લામ ૩૯૪

ગ્રે ૪૨૩

ગ્રેગ, રિચાર્ડ બી. ૨૩૪, ૩૮૦, ૪૨૮, ૪૫૫

Gandhi Heritage Portal

(ધ) ગ્રેટેસ્ટ થિંગ ઇન ધ વર્લ્ડ ૪૦૧ પા. ટી.
ગ્લૅડસ્ટન ૨૩૦

ઘોષ, એસ. એન. ૩૫૮
ઘોષ, મનમોહન ૨૭૯

ચતુર્વેદી, બનારસીદાસ ૧૯૮
ચંગીઝખાન ૪૪૫
ચંદુલાલ (ડૉ.) ૪૬૩
ચા ૦પીવા અંગે ૧૬૮
ચારિત્ર્યઘડતર ૧૨૬, ૧૬૧, ૧૬૮, ૧૯૧, ૨૬૨, ૨૭૬, ૩૧૬, ૩૨૫, ૩૪૦
ચાંદ ૪૦૮
ચિત્રે, શાસ્ત્રી ૧૮૧
ચીન –માં ખ્રિસ્તીવિરોધી ચળવળ ૨૨૫; –માં સશસ્ત્ર-ક્રાન્તિની સફળતા ૪૪૭
ચેટરજી ૨૬
ચેટ્ટિયાર, આર. કે. ષણ્મુખમ્ ૩૫, ૧૩૭
ચેટ્ટિયાર, એમ. એન. ચિક્કના ૧૫૭ પા ટી.
ચેટ્ટિયાર, ચોક્કલિંગમ્ ૨૬, ૩૧
ચેટ્ટિયાર, ટી. એસ. અવિનાશીલિંગમ્ ૨૫૭ પા. ટી.
ચેટ્ટિયાર, પિચપ્પા સુબ્રહ્મણ્યમ્ ૩૭૧
ચેટ્ટી, ટી. એસ. કંદસ્વામી ૧૫૭ પા. ટી.
ચેટ્ટીઓ –ને સલાહ ૧૭, ૧૮, ૧૯, ૨૦
ચેડા, ગોવિન્દજી ૩૫૦
ચેમિયાપ્પન, ટી. એસ. ૧૨૭
ચોકસી, નાજુકલાલ નં. ૪૦૦, ૪૦૬

છોટેલાલ ૩૦, ૭૭, ૮૯, ૯૭, ૧૪૦, ૧૬૧, ૧૬૮, ૨૫૬

જગદીશન, ટી. એન. ૪૦૬ પા. ટી.
જનક ૧૯, ૨૮
જનરલ નૉલેજ એબાઉટ હેલ્થ જુઓ ગાઇડ ટુ હેલ્થ
જમનાદાસ ભગવાનદાસ ૩૨૩
જયદયાલ ૩૨૫
જયવર્ધન, જયરામદાસ ૩૫૪
જરથુષ્ટ્ર ૨૯૪
જરાસંધ ૩૪૪
જાહેરમત –નું મૂલ્યાંકન શી રીતે? ૪૪૩, ૪૪૪
જિનેન્દ્રદાસ, જે. એન. ૩૩૮
જીવી ૨૦૮
જુગલકિશોર, બાબુ ૩૬૬
જુગાર ૧૬૦, ૨૫૫, ૩૩૪
જુસ્ટ ૪૧૭
જૂનો કરાર ૨૮૧, ૨૯૮
જેમીનર (મિસ) ૩૬૬
જેરાજાણી, વિઠ્ઠલદાસ ૬૯
જૈન ધર્મ ૧૪૯, ૨૨૮
જોગેશબાબુ ૩૭
જોડણીકોશ ૧૮૫ પા. ટી.
જોશી, છગનલાલ ૬૪, ૯૯, ૧૦૦, ૩૨૩
જોસેફ, ડૉ. ૩૩૩
જ્ઞાતિઓ –ના વાડા તોડવા જોઈએ ૪૪૧, ૪૪૨, ૪૪૩; જુઓ વર્ણાશ્રમ

ઝવેરી, ઉમરહાજી આમદ ૪૫૯
ઝવેરી, ગંગાબહેન ૧૮૭
ઝવેરી, રેવાશંકર જગજીવન ૧૧૧, ૩૨૨, ૩૮૧
ઝીણા, એમ. એ. ૩૧૮ પા. ટી.
ઝેબુન્નિસા, બેગમ ૩૭૧

ટક્કર ૩૮૦
ટાઇમ્સ ૨૧૩
ટાઇમ્સ ઑફ સિલોન ૨૧૨
ટાગોર, રવીન્દ્રનાથ ૧૬૭
ટિળક, લોકમાન્ય બાલ ગંગાધર ૮૨, ૧૯૨, ૩૪૫, ૩૪૭; ૦અને ભગવદ્ગીતા ૧૬૧
ટીકા ૦કરવાનો કામ કરનારને હક છે ૨૧
ટૉમસન ૪૯, ૧૯૩
ટૉલ્સ્ટૉય ૨૨૭, ૨૪૩

ઠક્કર, અમૃતલાલ ૧૦૨, ૪૦૬, ૪૫૭

ડાયર, જનરલ ૧૫૮, ૧૯૩, ૩૮૪ પા. ટી.
ડાયસ, મિ. આર્થર વી. ૨૭૨
ડાર્વિન ૨૨૭
ડે, નિર્મલચંદ્ર ૩૬૩
ડેલી ડિસ્પૅચ ૪૩૨
ડોક, ઑલિવ ૩૫૬
ડોક, જોસેફ ૩૫૬
ડ્રમંડ, ડૉ. હેન્રી ૪૦૧ પા. ટી.

ઢાલની બીજી બાજુ ૪૯, ૧૯૩

તકલી ૦અંગે વિદ્યાર્થીઓને ભલામણ ૧૨૧, ૧૨૨, ૧૭૭, ૧૭૯
તકલી સ્પિનિંગ ૨૩૪
તંબીરાજા ૨૩૯
તાતા, રતન ૨૬૩
તામિલ –ને તામિલનાડુમાં અંગ્રેજીને સ્થાને મૂકવા અંગે ૮૩; ૦શીખવાનો ગાંધીજીનો પ્રયાસ ૮૩

Gandhi Heritage Portal

તારિણી ૧૯૩
તિરુકુરલ ૪૭૨; –નો અભ્યાસ કરવાની ગાંધીજીની ઇચ્છા ૮૩
તુલસીદાસ ૧૫૨
તુલસી રામાયણ ૪૦૭
તુળજાપુરકર, સુભદ્રાબહેન ૩૭૦
તૈયબજી, અબ્બાસ ૩૦૫, ૪૦૫
તૈયબજી, રૈહાનાબહેન ૩૦૫, ૩૫૩
ત્યાગી, ચંદ ૨૫૬
ત્રાવણકોર –માં અસ્પૃશ્યતાનિવારણ ૮૯, ૯૦, ૯૧, ૯૩, ૧૦૩, ૧૦૫, ૧૦૬, ૧૦૭, ૧૦૮; –માં ખાદીનો ઉપયોગ ૧૦૮, ૧૦૯; –માં મદ્યનિષેધ ૧૦૮
ત્રાવણકોરનાં મહારાણી ૯૨ પા. ટી., ૧૦૫, ૧૦૬; ૦અને અસ્પૃશ્યતાનિવારણ ૯૨, ૯૩, ૯૫; ૦અને પશુબલિદાન ૧૯૮
त्रिवेन्द्रम एक्सप्रेस ९४

દક્ષિણ આફ્રિકા –નો અનુભવ ૨૯૩, ૨૯૪, ૨૯૫; –માં સત્યાગ્રહ ૧; –માં હિંદીઓ માટે કાર્ય ૨૯૭, ૨૯૮
દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ ૪૨૭ પા. ટી.
દમયંતી ૭૮, ૩૧૨, ૪૨૭
દયાનંદ, મહર્ષિ ૧૪, ૩૭૮
દયાળજી ૧૪૬ પા. ટી., ૧૫૦
દલિતવર્ગ વિકાસ સોસાયટી ૩૭૫ પા. ટી.
દલિતવર્ગો ૦અને હિંદુ ધર્મ અને તેમની સામાજિક સ્વતંત્રતા ૧૨૭, ૧૨૮; જુઓ અસ્પૃશ્યો
દલીપસિંગ, જસ્ટીસ ૧૪
દશરથ ૪૦૭
દહેજ ૩૧૨
દાતાર, એસ. જી. ૩૭૩
દાદૂ ૩૨૮ પા. ટી.
દારૂ ૧૨, ૪૭, ૧૧૯, ૧૨૩, ૧૯૦, ૧૯૯, ૧૭૨, ૨૩૨, ૨૩૯, ૨૫૫, ૩૨૧, ૩૩૪; ૦અને અન્ય દૂષણો મજૂરોમાં ૨૯૮; ૦અને મદ્યનિષેધ અમેરિકામાં તથા અન્ય દેશોમાં કાયદા મારફતે ૨૮૯, ૨૯૦; ૦અસ્પૃશ્યોને છોડવાનો આદેશ ૨૯૧; –નો કોલંબોમાં નિષેધ ૨૧૭ પા. ટી.; –નો ખ્રિસ્તી અને ઇસ્લામ ધર્મમાં અસ્વીકાર ૨૪૧; –નો ત્રાવણકોરમાં નિષેધ ૧૦૮, ૧૦૯; –નો દરેક ધર્મમાં અસ્વીકાર ૨૭૩; –નો બૌદ્ધ ધર્મમાં અસ્વીકાર ૨૪૫, ૨૪૬, ૨૭૩, ૨૮૭; –નો હિંદુ ધર્મમાં અસ્વીકાર ૨૭૨, ૩૦૩; –માંથી અનૈતિક આવક ૧૧૯; ૦સર્પદંશથીય બદતર ૨૪૯; ૦સામે અમેરિકામાં લડત ૨૪૧
દાસ, રામેશ્વર ૩૫૧
દાસ, સી. આર. ૩૪૫
દાસગુપ્તા સતીશચંદ્ર ૪, ૩૭, ૧૯૩, ૧૯૪, ૨૫૭, ૨૫૮, ૩૩૩, ૪૦૦, ૪૦૭, ૪૨૧, ૪૪૯, ૪૬૫
દાસગુપ્તા, હેમપ્રભાદેવી ૩૮, ૨૫૭, ૨૫૮, ૪૦૦, ૪૨૧, ૪૩૮, ૪૫૬
દીવાન ૦કોચીનના ૧૧૬; ૦ત્રાવણકોરના ૯૨
દુનીચંદ, લાલા ૩૮૩, ૩૮૪, ૪૪૯
દૂધ –ની વહેંચણી ગરીબમાં ગરીબ સુધી નગરપાલિકા મારફતે થવી જોઈએ ૨૧૭, ૨૧૮
દેવદાસી પ્રથા –ની નાબૂદી ૩૩, ૪૭, ૧૧૮, ૧૨૪, ૧૨૫, ૧૩૪, ૧૩૯, ૩૩૭; –ને પ્રાચીન સંસ્કૃતિ સાથે નિસ્બત નથી ૨૯૪
દેવીચંદ ૩૬૪
દેવીદાસ, શેઠ ૪૫૯
દેશી ભાષાઓ જુઓ પ્રાદેશિક ભાષાઓ
દેસાઈ, પ્રાગજી ૧૩, ૧૬, ૨૦, ૨૧, ૮૮, ૧૦૪, ૧૫૩
દેસાઈ, મહાદેવ ૧ પા.ટી., ૧૭ પા.ટી., ૩૭, ૫૯ પા.ટી., ૬૨, ૯૨, ૧૦૦, ૧૪૧, ૧૫૭ પા.ટી., ૨૦૬ પા.ટી., ૨૨૯ પા. ટી., ૨૬૦ પા. ટી. ૩૨૪ પા.ટી., ૩૨૮, ૩૩૩, ૩૩૭, ૩૫૯ પા.ટી., ૪૦૯ પા.ટી., ૪૧૦ પા. ટી., ૪૧૭, ૪૫૨ પા.ટી., ૪૫૩ પા.ટી.
દેસાઈ, વાલજી ગોવિંદજી ૧૧૧, ૩૫૧
ધર્મ ૩૯, ૨૨૪; ૦અને નીતિ ૨૩૨, ૨૩૩; ૦અને બુદ્ધિ ૮૯, ૯૦; ૦અને મંદિરો ૩૩; ૦અને યાત્રા ૩૭૯; ૦અને રાષ્ટ્રીયતા ૮૪; –માં એકીકરણ શક્ય નથી ૨૯૯; –માં મૂળભૂત એકતા ૨૯૨; –માં વટાળ જરૂરી નથી ૪૧૮, ૪૧૯; ૦શિક્ષણમાં ૧૨૫, ૧૨૬, ૨૭૬; ૦સત્ય અને અહિંસારૂપે ૪૪૫
ધર્મપરિવર્તન ૦બિનજરૂરી ૪૧૮, ૪૧૯
ધર્મપાલ, આંગારિક ૨૨૧
ધૂમ્રપાન –નું દૂષણ ૧૨૨, ૧૨૩, ૧૯૮, ૨૫૮–૬૧, ૩૨૧
ધૂળિયા ૪૦૨
ધ્રુવ, આનંદશંકર બાપુભાઈ ૧૧૧

નગરપાલિકા ૨૧૫, ૨૧૬; –એ લોકોને સસ્તું દૂધ પૂરું પાડવું જોઈએ ૨૧૭; –ની જાહેરસેવાઓ ૨૪૩, ૨૪૪

Gandhi Heritage Portal

નદીઓ –ને સ્વચ્છ રાખવાની જરૂર ૮૭; –માં ગંદકી ઈશ્વર વિરુદ્ધનું પાપ ૧૧, ૧૨

નવજીવન ૧૧૧, ૨૦૭, ૨૫૨, ૨૫૪, ૩૩૯, ૩૫૧, ૩૭૮, ૪૦૧ પા. ટી., ૪૦૨, ૪૫૬

નવરોજી, દાદાભાઈ ૩૨, ૨૪૨, ૨૬૩, ૪૧૨

નવીન ૩૯૯

નવો કરાર ૨૮૧, ૨૯૮

નાડકર્ણી, એસ. ટી. ૧૦૪, ૧૮૧, ૨૩૪, ૨૩૫, ૪૨૯

નાનાભાઈ ૨૫૯

નાયડુ, સરોજિની ૧૬૪; –ને ભારત વિશે મિસ મેયોની ટીકાના જવાબ અંગે યુ. એસ. એ.માં આમંત્રણ ૨૧૧ પા. ટી., ૩૯૮

નાયર, કેલપ્પન જુઓ કેલપ્પન

નાયર, પ્યારેલાલ ૬૨, ૨૦૬, ૩૩૩

નારદ ૩૧૨

નિકલ્સન, ડૉ. જૉન ૪૧૭

નિખિલ ૩૭, ૨૫૮, ૪૦૦, ૪૫૬

નિરંજનબાબુ ૩૩૩

निर्वाण ૨૨૨

નીડરતા ૩૩૧, ૩૩૪, ૩૬૭, ૩૬૮

નીતિ ૨૫૦, ૨૫૫; ૦અને ધર્મ ૨૩૩; ૦અને શ્રદ્ધા ૪૬૨

નીમુબહેન ૪૫૪

નીલ જેમ્સ જૉર્જ સ્મિથ –નું બાવલું દૂર કરવાનો ઠરાવ મદ્રાસ કાઉન્સિલે ફેરવી તોળ્યો ૨૮૪; –નું બાવલું મદ્રાસમાંથી દૂર કરવાનું આંદોલન ૪૮, ૫૦, ૧૧૪, ૧૧૫; –ને અંગે મદ્રાસ કાઉન્સિલનાં પગલાંથી ગાંધીજીની નાખુશી ૧૯૨, ૧૯૩

નીલ હેન્રી ૩૩૬

નુડસન, ઇલિઝાબેથ ૪૬૭

(ध) नेचरल लॉ इन ध स्पिरिच्युअल वर्ल्ड ४०१

નેહરુ, કમલા ૩૫૧

નેહરુ, જવાહરલાલ ૩૯૨, ૪૦૦; ૦અને ગાંધીજી સાથેના તેમના મતભેદો ૪૨૪, ૪૨૫, ૪૨૬, ૪૮૭–૯૧; –ના મદ્રાસના કૉંગ્રેસ અધિવેશનમાં પસાર થયેલા ઠરાવને ગાંધીજીની નામંજૂરી ૩૯૧

ન્યૂ ઇન્ડિયા ૩૬

પટનાયક, બાબુ નિરંજન ૨૫૬

પટેલ, ડાહ્યાભાઈ મ. ૨૦૫

પટેલ, મણિબહેન વ. ૩૯, ૩૨૬, ૩૫૬, ૩૮૮

પટેલ, વલ્લભભાઈ ૫૬, ૮૩, ૧૧૦, ૧૧૧, ૪૩૨

પટેલ, વિઠ્ઠલભાઈ ઝ. ૧૪૬, ૧૫૦, ૧૫૬, ૧૭૦

પટ્ટણી, પ્રભાશંકર ૨૦૨, ૪૨૦

પડદો ૭૨, ૩૭૮, ૪૪૮

પરમેશ્વર ૧૭૫

પરિબનાયગમ્, એસ. હેન્ડી ૩૫૪

પરીખ, નરહરિ ૧૮૫

પવિત્રતા ૦આંતરિક અને તે માટે દલીલ ૧૮, ૧૯, ૨૨, ૨૩, ૨૮

પશ્ચિમ ૦અને પૂર્વ ૨૭૫–૬, ૨૮૭, ૨૯૫; ૦દ્વારા શોષણ ૪૧૩; ૦દ્વારા સંશોધનનો ઇજારો ૪૩૫

પંડિત, વસુમતી ૩૦, ૩૫૦

પંડિત, વિજયાલક્ષ્મી ૪૦૮ પા. ટી.

પંડ્યા, એમ. કે. ૩૭૭ પા.ટી.

પારકાની દૃષ્ટિએ વિચાર –માં શ્રદ્ધાની કસોટી ૪૦૯

પારનેરકર, ૧૯૮, ૨૫૬

પારસીઓ ૩૦૦; ૦અને ગાંધીજી ૨૪૨, ૨૬૩

પારેખ, કાન્તિલાલ હરિવલ્લભદાસ ૩

પારેખ, દેવચંદ ૧૦૨

પાર્થસારથિ, આર. ૧૬૫

પાર્વતી ૩૧૨

पांचमा पुत्रने बापुना आशीर्वाद ૩૮૯ પા. ટી.

પિટ, ડબ્લ્યુ. એચ. ૧૧૯, ૪૦૪, ૪૨૩

પિટ, મિસિસ ડબ્લ્યુ. એચ. ૧૧૯

પિટીટ, મીઠુબહેન ૩૭, ૧૯૪, ૨૩૮, ૨૫૯

પિલ્લાઈ, આરંવલથંનાથમ્ ૮૫

પિલ્લાઈ, કે. વી. વૅંકટાચલમ્ ૧૫૭ પા. ટી.

પિલ્લે, પી. તિરુકોટાસુંદરમ્ ૩૫૧

પિલ્લે, વિશ્વનાથ ૮૫, ૩૫૨

પુણતાંબેકર, એસ. વી. ૬૦ પા. ટી., ૩૨૩

પુનર્જન્મ ૭૮, ૭૯

પુનર્વિવાહ ૦ઘરડા વિધુરોના ૭૯; જુઓ વિધવા પુનર્લગ્ન

પુરાણો –નો અભ્યાસ ૩૪૬

પુરુષોત્તમ ૩૫૭

પુરુષોત્તમદાસ (સર) ૧૧૦, ૧૬૪

પૂર્વ ૦અને પશ્ચિમ ૨૭૫, ૨૭૬

પેટાવલ, કૅપ્ટન જે. ડબ્લ્યુ. ૧૬૩, ૩૪૩, ૪૫૦

પોદ્દાર, રામેશ્વરદાસ ૧૪૮, ૩૦૭

પોલાક, એચ. એલ. એસ. ૪૧૫

પ્યારેલાલ ૩૬૬

પ્રણાલિકા ૩૭૪; ૦અને નૈતિક સમજ ૨૯૪; ૦પ્રાચીનની અવગણના ન થવી જોઈએ ૨૭૫; ૦રિવાજો-માં ૪૫૭, ૪૫૮


Gandhi Heritage Portal

પ્રબોધ ૪૦૬
પ્રભા ૨૦૮
પ્રભાવતી ૧૫૨, ૩૮૯, ૪૫૪
પ્રાગજી જુઓ દેસાઈ પ્રાગજી
પ્રાણિ-બલિદાન ૧૯૭, ૧૯૮, ૨૮૨, ૨૮૩, ૨૯૪, ૩૦૧, ૩૦૨
પ્રાદેશિક ભાષાઓ ૦અને હિન્દી ૩૨૨; –ને પોષવી જોઈએ ૫૨, ૫૩; –માં પરસ્પર સ્પર્ધા નિવારવી જોઈએ ૩૨૭; ૦વિરુદ્ધ અંગ્રેજી ૩૨૭, ૪૫૮; ૦શિક્ષણના માધ્યમ તરીકે ૮૩, ૨૭૪, ૨૭૫
પ્રાર્થના ૦આત્મા માટે ૩૨૫; –ના ગુણ ૩૬૧; –ની ઉપયોગિતા ૩૨૪, ૩૨૫; –ની જરૂર ૧૨૬; –નો અર્થ ૪૫૬; –માં સંગીત ૪૧૦
પ્રાંતવાદ ૦રાષ્ટ્રવાદને રોધક ૩૨૮; ૦સ્વરાજની સમજમાં વિઘ્નરૂપ ૪૫૭, ૪૫૮
પ્રેમ –નો અર્થ ૧૪૫, ૧૪૬, ૪૧૦, ૪૧૧
પ્લીમથ બ્રધર ૨૨૯, ૨૩૦

ફડકે, વિ. લ. ૨૦૧, ૨૫૯
ફરહાદ ૩૦૫
ફૂલચંદ ૩૫૭
ફૉરવર્ડ ૪૪૯
ફ્રાપાઓલિનો દા સેન બાર્ટોલોમિયો ૨૩૪ પા. ટી.

બજાજ, જમનાલાલ ૬, ૬૩, ૬૪, ૨૬૯, ૩૨૫, ૩૨૯, ૩૮૯, ૩૯૨, ૩૯૯, ૪૨૧, ૪૩૦
બર્કનહેડ, લૉર્ડ ૩૯૪, ૪૧૧
બલિરાજ ૩૪૪
વસુમતી ૩૩૯
બહિષ્કાર ૦બ્રિટિશ માલનો ૩૯૫, ૪૪૬–૮; ૦મિલ-માલિકોની સહાયથી ૪૩૭, ૪૪૭, ૪૪૮; ૦વિદેશી વસ્ત્રોનો ૪૪, ૫૮, ૪૪૭
બહુપત્નીત્વ ૪૧
બંધારણ પંચ જુઓ સાઇમન કમિશન
બંધુત્વ ૪૧૭–૯
બાઇબલ ૨૮૧, ૩૦૯
બાપી નીદુ, મંગુતી ૧૭૮
બારડોલી સત્યાગ્રહ –નો ગાંધીજી બચાવ કરે છે ૩૪૬, ૩૪૭
બાલકૃષ્ણ ૩૦, ૬૭, ૭૬
બાલુભાઈ ૩૮૭
બાળકલ્યાણ ૩૩૬
બાળલગ્નો ૪૭, ૭૦; ૦એ પાપ છે ૪૧, ૪૨; –ની નાબૂદી ૧૩૪; –નું દૂષણ ૫૭
બાળવિધવાઓ ૪૭; જુઓ લગ્ન
બિકનેલ, રેવ. જે. ૨૯૭
બિનસાંપ્રદાયિકતા ૦શિક્ષણમાં ૧૨૫, ૧૨૬
બિરલા, ઘનશ્યામદાસ ૬૩, ૧૯૫, ૩૯૯
બુદ્ધ ૨૪૧, ૨૪૫, ૨૪૯, ૨૭૨, ૨૭૮, ૨૮૬, ૨૮૭, ૨૯૩, ૨૯૪, ૪૧૦, ૪૭૩; ૦ઊંચનીચના ભેદ નાબૂદ કર્યા ૩૦૨; ૦એક મહાન હિંદુ સુધારક ૨૨૧, ૨૨૨, ૨૬૩, ૨૮૦, ૨૯૧, ૨૯૩, ૨૯૯, ૩૦૧, ૩૦૨; –ના અનુયાયી ગાંધીજી ૨૨૧; –ના ઉપદેશ અને બૌદ્ધોના આચાર વચ્ચે વિસંગતતા ૨૨૧, ૨૨૨, ૨૨૩; –નો બોધ ૨૧૮, ૨૮૦–૮૩, ૩૦૧, ૩૦૨; ૦પ્રાણીબલિદાનો બંધ કર્યાં ૩૦૧, ૩૦૨
બુદ્ધ ગયા મંદિર –ની પ્રાપ્તિમાં ગાંધીજીની મદદની ખાતરી ૨૪૧, ૨૪૫, ૨૭૭; ૦માટે સિલોનના બૌદ્ધ ધર્મગુરુઓની માગણી ૨૨૦
બૅનરજી, ડી. એન. ૪૬૬
બૅનરજી, સુરેશચંદ્ર ૪૩૬
બેસંટ, ડૉ. ઍની ૩૬
બેહુલા ૭૮
બૅંક ઑફ ઇંગ્લંડ ૭૧
બૅંકર, શંકરલાલ ૭, ૨૬૯
બોઝ, સુભાષચંદ્ર ૩૮૪
બૌદ્ધ ધર્મ ૦અને ઈશ્વર ૨૨૨; ૦અને જૈન ધર્મ હિંદુ ધર્મથી નોખા નથી ૧૪૯, ૩૦૧–૦૩; ૦નવો ધર્મ નથી ૨૬૪; –ના અભ્યાસ માટે સંસ્કૃતની જાણકારી આવશ્યક ૨૮૦; –નો ઉપદેશ ૨૮૦–૮૩; ૦ભારતમાં ૨૨૧, ૨૨૨, ૪૭૩; –માં અસ્પૃશ્યતાનો અભાવ ૨૪૧, ૨૪૯, ૨૮૬; –માં મદ્યપાન નિષેધ ૨૪૫, ૨૪૬, ૨૮૭; –માં માંસ નિષેધ ૨૮૨, ૨૮૩; ૦વ્યવહારમાં ૨૨૧, ૨૨૨, ૨૨૩
બૌદ્ધો ૨૯૨, ૨૯૩, ૨૯૫, ૩૦૨; –ની સંસ્કૃતિ ૨૯૩, ૨૯૪; –નો બુદ્ધ ગયા મંદિર પર દાવો ૨૨૦, ૨૨૧, ૨૪૫, ૨૭૭
બ્રજકિશોરપ્રસાદ, બાબુ ૪૫૪ પા. ટી.
બ્રહ્મચર્ય ૯૯, ૧૯૮, ૨૮૦, ૩૨૯, ૩૭૪, ૪૫૩; ૦અને ખાદી ૨૯૬; ૦અને વિધવાઓ ૭૮, ૭૯; –ના પાલનની શરત ૩૪૨
બ્રહ્મોસમાજ ૧૨૮
બ્રાઉન ૪૨૩
બ્રાહ્મણેતરો ૦અને અખિલ હિંદ ચરખા સંઘ ૩૨, ૮૯, ૪૬૮, ૪૬૯; ૦અને ખાદી ૮૫, ૮૬; ૦અને

Gandhi Heritage Portal

બ્રાહ્મણો જન્મથી સમાન ૧, ૨; –નો બ્રાહ્મણો સાથે અલ્પસંબંધ જુઓ બ્રાહ્મણો
બ્રાહ્મણો ૧; ૦અને અબ્રાહ્મણો વચ્ચેનો સંબંધ ૧, ૨, ૪૬૮, ૪૬૯; ૦અને અબ્રાહ્મણો સમાન છે ૧, ૨, ૭૭, ૭૮; ૦અને અસ્પૃશ્યતા ૮૬, ૮૭, ૧૩૨, ૧૩૭; ૦અને ખાદીસેવા ૪૬૯; ૦આચાર્યોનો ઉચ્ચ સેવાધર્મ ૯૦, ૯૭, ૧૫૮; ૦સારસ્વત સમાજમાં લગ્નના સુધારાની આવશ્યકતા ૮૦, ૮૧
બ્રિટિશ રાજ્ય ૪૬૨; –થી ભારતનું સર્વથા શોષણ ૪૧૨, ૪૧૩; ૦ભયભીતપણા પર નિર્ભર ૩૬૭; –માં ન્યાય નથી અથવા ઔચિત્ય નથી ૩૮૪, ૩૮૫; –માંથી ગમે તે ભોગે મુક્તિ ૪૧૨, ૪૧૩
બ્રૉકવે, ફેનર ૪૨૪
ભક્તિ ૦અને અપવાસની પાપ ધોવા માટેની નિરર્થકતા ૪૦૧, ૪૦૨
ભગવદ્ગીતા ૪, ૧૯, ૩૦, ૮૭, ૯૦, ૧૦૧, ૧૦૭, ૧૨૬, ૧૫૨ પા.ટી; ૧૫૩, ૧૫૬, ૧૫૭, ૨૫૮, ૨૯૮, ૩૦૬, ૩૨૫, ૩૫૩, ૩૫૭, ૩૭૦, ૩૮૯, ૪૧૭, ૪૩૮, ૪૪૫, ૪૫૨, ૪૫૩; ૦અને વર્ણ ૪૭૨; ૦૩૫૨ ચર્ચા ૪૦૧, ૪૦૨; –નો અભ્યાસ અને અન્ય ધર્મગ્રંથો ૩૨૮, ૩૨૯, ૩૩૦; ૦વિદ્યાર્થીઓએ ભણવી જરૂરી ૧૬૧
ભજનાવલિ ૪૫૨
ભટ્ટ, કેશવલાલ દામોદર ૨૦૭, ૨૦૮
ભણસાળી ૯૭, ૧૬૧, ૧૬૬, ૨૧૪
ભરત ૧૩૩
ભરૂચા ૪૦૦
ભર્તૃહરિ ૨૦૮
ભવાની, રાણી ૭૮
ભારત સેવક સમાજ ૨૬૬, ૪૫૯ પા. ટી.
ભાસ્કરન્, વી. એસ. ૪૬૪
ભાંડારકર, ડી. આર. ૩૩૭
મજમુદાર, ગંગાબહેન ૫૪ પા. ટી.
મજૂર સંગઠન –નું કાર્ય ૨૩૨, ૨૩૩
મજૂરો ૦અને ગાંધીજી ૨૩૧, ૨૩૨; –ને સલાહ ૨૩૧–૩૩, ૨૪૬, ૨૪૯, ૨૫૦, ૨૫૫
મણિ ૯૮
મથાઈ, રાવસાહેબ ૧૨૩ પા. ટી.
મદુરા –માં ગાંધીજીએ કચ્છના સ્વીકારની કરેલી હાકલ ૪૪
મદ્યનિષેધ જુઓ પીણાં
મધર ઇન્ડિયા ૨૧૩, ૩૯૮
મનમોહન બાબુ, ૪૨૧
મનુસ્મૃતિ –માં અન્યાયો ૪૭૨
મલકાની, એન. આર. ૧૧૦, ૧૯૭
મશરૂવાળા, કિશોરલાલ ૧૪૨, ૩૮૭
મહંમદઅલી ૪૩, ૧૮૯ પા. ટી.
મહંમદ પેગંબર ૨૨૬, ૨૨૭, ૨૯૩–૫
મહંમદ, ડૉ. સૈયદ ૩૭૧
મહાદેવન્, ટી. કે. ૧૦૭
મહાભારત ૧૮, ૯૦, ૨૫૭, ૩૦૧, ૩૦૩, ૩૩૦, ૩૪૬
મહાવીર ૪૪૫
મહિન્દ ૨૯૦, ૨૮૭
મહેતા, ડૉ. જીવરાજ ૧૭, ૩૫૦
મહેતા, નરસિંહ ૨૦૦
મહેર, તુલસી ૧૬૯
મહેરોત્રા, પરશુરામ ૧૮૮
મંદિર ૦અને ધર્મ ૩૩; ૦ઈશ્વર માટે ૨૫૯; –ને પવિત્ર અને શુદ્ધ રાખવાની જરૂર ૩૦૨; ૦બાંધવા અંગે ૧૯; ૦હૃદયશુદ્ધિના પાયા પર બાંધવાં જોઈએ ૪૪૦
મંદિરપ્રવેશ ૧૮૨; ૦અને અસ્પૃશ્યતા ૭૩, ૭૪, ૮૭, ૮૮; ૦મલબારમાં ૧૨૮
માટીના પ્રયોગો ૪૦૩, ૪૦૬
માણેકલાલ ૩૯૯
માતૃભાષા ૧૭૫; જુઓ પ્રાદેશિક ભાષાઓ
માધવન્ ૧૦૭, ૧૧૯
માય ગાંધી ૩૧૮ પા. ટી.
માર્તંડ ૫
માલવિયા, મદનમોહન ૬૩, ૩૪૫, ૩૪૭, ૩૭૭, ૩૭૯, ૩૮૬, ૩૯૩, ૩૯૯, ૪૦૫, ૪૩૭
માલિક ૦મજૂરોના ટ્રસ્ટી તરીકે ૨૪૯
માંસાહાર ૩૪૨
મિલનું કાપડ ૦વિરુદ્ધ પરદેશી કાપડ ૪૩૭, ૪૪૭
મિલમાલિકો ૦અને હાથવણાટ ૫૩, ૫૪
મિશ્ર, રાજેન્દ્રપ્રસાદ ૪૪૮
મીઠુબહેન જુઓ પિટીટ, મીઠુબહેન
મીરાંબહેન ૬, ૪૨, ૫૨, ૫૫, ૬૦, ૬૪, ૬૭, ૬૯, ૭૭, ૮૧, ૮૯, ૯૭, ૧૩૯, ૧૫૪, ૧૬૧, ૧૮૬, ૧૯૬, ૧૯૮, ૨૧૩, ૨૫૬, ૩૦૪, ૩૪૧, ૩૭૮, ૪૪૦
મુક્તિ ૭૮, ૭૯
મુક્તિફોજ ૨૬૧
મુખરજી, ધનગોપાલ ૨૧૩

Gandhi Heritage Portal

મુથુલક્ષ્મી, ડૉ. ૧૩૪, ૧૩૯
મુસલમાનો ૧૪૧, ૧૮૩, ૨૭૦, ૨૯૩, ૨૯૪, ૨૯૭, ૨૯૮, ૩૦૦, ૩૧૭, ૩૧૮, ૩૭૯, ૩૯૨, ૩૯૩, ૩૯૪, ૪૧૭, ૪૪૦; ૦અને ખાદી ૧૧૬; ૦અને ગાંધીજી ૨૯૧; ૦અને હિંદુઓ ૬૩, ૧૮૯, ૨૦૨, ૨૯૮, ૩૪૭, ૩૯૪; –ને દેશના કલ્યાણ માટે કામ કરવા સલાહ ૯; –ને માટે અલગ વિશ્વવિદ્યાલય ૪૫૦, ૪૫૧; જુઓ હિંદુમુસ્લિમ એકતા
મુસોલિની ૧૮૪
મૃત્યુ –નો શોક ન કરવો જોઈએ ૨૫૭, ૨૫૮, ૪૨૯
મૃત્યુંજય ૧૫૨, ૩૮૯, ૪૫૪
મુંજે, ડૉ. બી. એસ. ૩૪૫, ૪૫૦
મૂર્તિ, ગોપરાજુ સત્યનારાયણ ૩૫૨
મૅક્સમૂલર ૧૫૮; ૦હિંદુ ધર્મ વિશે ૨૩૫
મૅકસ્વીની ૩૨૪
મેઢ ૧૩, ૧૬, ૨૧, ૧૦૪
મેનન, ટી. કે. રામુન્ની ૩૬૫
મેનન, રાઘવ ૧૨૭
મેનન, વિ. કે. શંકર ૩૭૫ પા. ટી., ૪૩૪
મેયો, મિસ કેથેરાઈન ૨૧૩ પા.ટી. ૩૯૮
મૅલીસન ૪૯
મોક્ષ ૩૦, ૭૯, ૩૪૨; ૦ગુનાની કબૂલાતથી શક્ય ૪૦૨
મોતી ૪૦૦
મોદી, રમણીકલાલ ૫, ૪૬૬
મોહનલાલ ૩૩૨

યહૂદીઓ ૧૧૬
યંગઇન્ડિયા ૧૪, ૫૧, ૫૨ પા. ટી., ૭૭, ૭૮, ૧૦૪ પા. ટી., ૧૪૯, ૧૮૩, ૨૩૪, ૩૦૨, ૩૦૬, ૩૨૪ પા. ટી., ૩૨૫ પા. ટી., ૩૩૦, ૩૩૯, ૩૫૧, ૩૫૮, ૩૬૨, ૩૭૩, ૩૮૩, ૪૦૧ પા. ટી., ૪૧૪, ૪૧૫, ૪૨૫, ૪૨૬, ૪૨૮ પા. ટી., ૪૩૭, ૪૫૦, ૪૬૫
યંત્ર –થી ભારતે બચવું જોઈએ ૪૪૪, ૪૪૫; ૦વિરુદ્ધ ચરખો ૨૪૮, ૨૪૯
યાત્રા ૦અને ધર્મ ૩૭૯
યુનિયન જૅક ૧૯૨
યુનિટી ૩૧૮

રણછોડદાસ ૩૭૭
રતિલાલ ૪૨૯
રત્નમ, શ્રીમતી ૧૧૬
રમણીકલાલભાઈ જુઓ મોદી, રમણીકલાલ; ૦રમતગમત અંગે ઉચ્ચ પ્રકારની ખેલદિલી જરૂરી ૨૭૧; ૦દેશીને પુનર્જીવીત કરવી જરૂરી ૨૭૧
રમીબહેન ૧૯૯
રમેશચંદ્ર ૩૪૨
રસ્કિન ૨૭૯
રસ્તા સફાઈ ૮૧
રંગીલા રસૂલ –પર લેખ ૧૪, ૧૫
રાજકારણ –પૂરા સમયનો વ્યવસાય હોવો જોઈએ ૨૬૭; –માં ધાર્મિકતા ૨૬૬
રાજકિશોરી ૧૮૮
રાજકીય કેદીઓ –ની રાજકીય યાતનાઓનો અર્થ સ્વાતંત્ર્ય ૩૮૩–૮૫
રાજગોપાલાચારી, ચ. ૩ પા. ટી., ૭, ૧૩૦, ૧૩૯, ૧૫૯ પા. ટી., ૧૯૫, ૨૦૬, ૨૮૩ પા. ટી., ૧૯૫, ૨૦૬, ૨૮૩ પા. ટી., ૩૦૦, ૩૦૫, ૩૧૯, ૩૩૩, ૩૫૪, ૩૭૬, ૪૧૫, ૪૫૪, ૪૬૪; ૦ફક્ત શક્ય વારસદાર ૨૯
રાજન, ડૉ. ૩, ૬, ૬૭, ૯૩, ૧૫૩
રાજમન્નાર, ગડે ૩૪૯
રાજેન્દ્રપ્રસાદ, ડૉ. ૩૧૯, ૩૮૯
રાજ્યતંત્ર ૪૬૧
રાજ્યો ૦અને સત્યાગ્રહ દળ ૪૬૨, ૪૬૩; ૦દેશીના શાસકોને સલાહ ૪૬૧, ૪૬૨; –ની ટીકા કરવાને બદલે તેના ગેરવહીવટની સામે લડવું જરૂરી ૪૩૯, ૪૫૭–૬૨; –ની સત્તા ૪૪; –ને ખાદી ૧૮૦; –માં લોકશાહીની સંભવિતતા ૪૬૧
રાજુ, ઈવ્વાતુરી સંન્યાસ ૩૪૯
રાનડે, જસ્ટિસ ૨૯૩
રામ ૩૫, ૧૩૩, ૧૪૮, ૧૬૬, ૨૩૧, ૩૨૩, ૩૫૨, ૪૦૭, ૪૪૩, ૪૪૪; ૦જાહેર પ્રજામતનું માન ૪૪૩, ૪૪૪; –ને વિશે લોકકથાઓ ૨૩૧, ૨૩૨; ૦ભગવાનનું નામ ૨૩૨
રામકૃષ્ણ ૩૫૫; –નાં વચનો ૩૨૮, ૩૨૯
રામકૃષ્ણરાવ, ઠાકુર ૩૪૯
रामचरितमानस ૧૪૫ પા ટી., ૧૫૨ પા. ટી.
રામચંદ્રન્ ૨૦૬, ૩૯૨
રામદેવજી ૧૬૧
રામનાથન્ ૩૧૬
રામનાથન્, લેડી ૩૧૦
રામનાથન્, સર, પી. ૩૧૦
રામનામ ૦અશુદ્ધ વિચારોને દૂર કરવા ૩૪૦; –ની મહત્તા ૧૪૮; પ્રાર્થના પણ જુઓ


Gandhi Heritage Portal

રામનારાયણ ૬
રામરાજ્ય ૭૭, ૧૩૩; ૦અને સ્વરાજ ૨૯૯, ૩૭૮; ૦અંગે ગાંધીજીની ભાવના ૪૪૩, ૪૪૪; –ને જ્ઞાતિપ્રથાનો અવરોધ ૪૪૨
રામલિંગમ્ પંતુલુ ઉન્નવ ૩૪૯
રામસ્વામી આર. ૩૭૩
રામાયણ ૨૯૮, ૩૦૩, ૪૦૬ પા. ટી. ૪૩૮, ૪૪૩, ૪૪૪
રામી ૪૧૭
રાય, ડૉ. પી. સી. ૧૬૪, ૩૪૩
રાવ, આર. રામચંદ્ર ૪૨૬
રાવ, ટી. બી. કેશવ ૩૦૬
રાવણ, ૨૩૧, ૪૪૪
રાષ્ટ્રભાવના ૦વિવિધતાના નામે નાશ પામે નહીં તે જોવું ૪૫૭, ૪૫૮
રાષ્ટ્રવાદ ૦અને આંતરરાષ્ટ્રવાદ ૮૪; ૦અને પ્રાંતવાદ ૩૨૭; ૦અને વિભાગીય સંસ્થાઓ ૩૫૮; ૦નો સાર ૨૮૯; –માં સ્થાનિક રિવાજોને મહત્ત્વ આપવું જરૂરી ૪૫૭, ૪૫૮
રાષ્ટ્રીય શાળાઓ ૮૨, ૮૩, ૨૦૩; –નું ગૂજરાત વિદ્યાપીઠ સાથેનું જોડાણ ૨૬ ૪૨૩
રિફૉર્મ્સ કમિશન ૨૩૯
રુસ્તમજી, પારસી ૧૬૪, ૨૬૩
રેડ્ડીયાર સંગમ કોલંબો ૨૮૪
રેનૉડ, મેજર ૪૯
રેલવે ૦ગામડાના લોકોના રસકસ ચૂસનાર ૫૮; –માં ત્રીજા વર્ગના ઉતારુઓની સગવડ ૬૬
રેંટિયો ૧૨, ૧૭૬, ૨૦૯, ૨૭૦, ૨૮૭, ૩૦૬, ૩૪૭, ૩૬૧, ૩૭૭; ૦અને કૉંગ્રેસ ૧૩૮; ૦અને સ્ત્રીઓ ૪૦, ૪૧, ૫૮, ૩૭૮; ૦અંગે દક્ષિણમાં ઉત્સાહ ૧૮૨, ૧૮૩; –ની અગત્ય ૧૦, ૧૦૮, ૧૦૯; –નો નવો નમૂનો ૪૩૭; –નો સંદેશ ૩૧, ૪૧, ૨૯૪, ૨૯૫; –માં શ્રદ્ધાની કસોટી ૩૧૫, ૩૧૬; –માં સુધારણા ૧૬૩; ૦લાખો ગ્રામ્યજનોના ભૂખમરાની નાબૂદી અંગે ૩૧, ૪૪, ૫૬, ૫૭, ૭૦, ૧૨૬, ૨૧૧, ૨૧૨, ૩૧૧; ૦વિશે આર્થિક, સાંસ્કૃતિક અને લાક્ષણિક અર્થ ૨૪૮, ૨૪૯, ૩૧૫, ૩૧૬; ૦વિશે કાવ્ય ૩૬૮
રોઝનગ્રીન, ઍડા ૩૩૫
રોના ૪૪૦
રૉબર્ટસન, હારકોર્ટ ૪૩૨, ૪૩૩
રૉય, ડૉ. બિધાનચંદ્ર ૪૩૫, ૪૩૬
રૉય, મણીન્દ્રચંદ્ર ૩૬૫
લક્ષ્મી ૧૯૫, ૩૦૪, ૪૫૫
લક્ષ્મીબહેન ૩૨૬
લગ્ન ૦અને બાળવિધવા ૭૮, ૭૯; ૦અને વૃદ્ધ બીજવર ૨૦૮; ૦અંગે મેઘવાળ જાતિમાં કરની નાબૂદી ૨૫૦, ૨૫૧; ૦અંગે સારસ્વત બ્રાહ્મણ સમાજમાં કરની નાબૂદી ૮૦, ૮૧; ૦આત્મસંયમ માટે ૪૫૩; ૦જ્ઞાતિ બહારનાં પ્રોત્સાહવાં જરૂરી ૪૪૨, ૪૪૩, ૪૫૩; –ના ઉડાઉ ખર્ચા ૩૩; –નો ઉમદા ઉપયોગ ૩૩૮; ૦ભોગ માટે નહીં ૪૧૬; ૦માટે વય ૪૫૩; –માં સુધારા ૪૧, ૫૬, ૫૭, ૩૧૨
લજપતરાય, લાલા ૩૪૫
લાઇટ ઑફ એશિયા ૨૮૦, ૨૮૨
લાઇફ ઑફ લૉર્ડ હેલિફેક્સ ૨૦૬
લિટન, લૉર્ડ ૩૩૬
લીડર ૪૩૨
લુહાર, ત્રિભુવનદાસ પુ. (કવિ શ્રી સુન્દરમ્) ૧૫૫
લોકશાહી ૨૬૮, ૪૪૩; ૦દેશી રાજ્યોમાં ૪૬૧
લૉરેન્સ, સર હેન્રી ૬૧, ૧૪૧
લ્યુક, એમ. ફ્રાન્સિસ એચ. ૩૫૮

વકીલો –ની ફરજો ૨૭૯, ૨૮૦
વણકરો –ને દારૂ અને જુગાર છોડવા સલાહ ૧૬૦
વણાટ જુઓ હાથવણાટ
વરદાચારી, એન. એસ. ૬૦ પાટી, ૩૨૩, ૩૫૧, ૩૫૨
વર્ણાશ્રમ ૦અને જાતિઓ, હિંદુ ધર્મ અને અસ્પૃશ્યતા ૧, ૨, ૭૪, ૯૫–૭, ૧૩૬–૭, ૧૪૯, ૨૩૪–૭, ૪૭૧–૫; ૦વર્ણો પણ જુઓ
વર્ણો અને જ્ઞાતિપ્રથા ૪૪૧, ૪૪૨; –ની મર્યાદા બાંધવી ૭૪; –નો કાયદો ૯૫, ૯૬, ૧૫૭, ૧૫૮, ૨૩૫–૭, ૩૦૨, ૪૬૯–૭૨; ૦પોતાનો ધર્મ પાળવામાં મદદરૂપ ૪૪૨, ૪૪૩
વસુમતીબહેન જુઓ પંડિત, વસુમતી
વાઇકોમ સત્યાગ્રહ ૯૦; –નું સમાધાન ૧૦૬
વાઇસરૉય ૧૬૫, ૧૭૩, ૧૭૫, ૧૮૫, ૧૮૬, ૨૦૨, ૨૦૫, ૨૧૩; –ની મુલાકાત ૪૮૧, ૪૮૨
વાચ્છા, સર દિનશા ૧૨૨
વાનલેસ, ડૉ. ૪૬૩
વાલિ, ૩૪૪
વાલીપણું ૦અને ખાદીવેપાર ૭૩; ૦અને ધનિકોનું કર્તવ્ય ૭૨
વાલ્મીકિ રામાયણ ૪૦૬
વિજયરાઘવાચારી ૩૪૫


Gandhi Heritage Portal

વિઠ્ઠલદાસ પુરુષોત્તમ ૪૦૩
વિઠ્ઠલભાઈ પટેલ, લાઇફ એન્ડ ટાઇમ્સ ૧૪૬ પા. ટી.
વિદ્યાર્થીઓ ૦અને ગીતા ૧૫૬, ૧૫૭, ૩૩૦; –એ આત્મસંયમ પાળવો જોઈએ ૧૬૯; –એ તેમનાં વચનો પાળવાં જરૂરી ૧૬૮, ૧૬૯; –ને ખાદી પહેરવા સલાહ ૭, ૮, ૪૭, ૩૬૬ –ને છોકરીઓને દયાની દેવી માની તેમની તરફ વર્તવા શીખ ૩૦૯, ૩૧૦; –ને તકલીની ભલામણ ૧૨૧, ૧૨૨; –ને સલાહ, ૧૨૫, ૧૨૬, ૩૨૪, ૩૨૫; –ને સંસ્કૃત શીખવા અંગે ૭–૮; –ને હિંદી શીખવા બોધ ૭–૮, ૪૬, ૪૭, ૧૭૭
વિદ્યાવતી ૩૮૯, ૪૫૪
વિધવાઓ ૦કેવી રીતે સેવા આપી શકે ૩૭૮, ૩૭૯
વિધવા પુનર્લગ્ન ૩૫૫; ૦અને હિંદુ ધર્મ ૭૮, ૭૯; બાળલગ્નો પણ જુઓ
વિભીષણ ૨૩૧
વિલાસિનીદેવી, મહારાણી ૧૧૬
વિવેકાનંદ, સ્વામી ૨૧૧, ૩૪૪
વિશાદ, જી. પી.
વિશ્વેશ્વરૈયા, સર એમ. ૮૫, ૧૦૪, ૧૧૦
વિષયવિકાર ૨૦૪, ૩૪૦
વિંટરટન, અર્લ ૩૮૪
વીરસિંગ, જનરલ ૧૯૩
વેદો, ૨૨૧, ૨૮૦, ૩૨૯; –માં ગોબલિદાન અને ગોમાંસભક્ષણ ૫૧
વેસ્ટ, આલ્બર્ટ ૩૬૨
વેસ્ટ, દેવી ૩૬૨
વેંકટપૈય્યા, કોંડા ૩૨૧, ૩૪૯
વૈજનાથજી ૩૮૯
વૈદર્ભી જુઓ દમયંતી
વૈદિક ધર્મ ૫૧
વૈદ્ય, ગંગાબહેન ૧૪૪, ૧૫૫, ૧૮૭
વૈદ્ય, ચિંતામણિ વિનાયક ૫૧, ૧૧૧
વૈધવ્ય ૦અને બ્રહ્મચર્ય ૭૮, ૭૯
વૉવેજ ટુ ધ ઇસ્ટ ઇન્ડિઝ ૨૩૪ પા. ટી.
વૉર્ડ, પ્રો. હૅરી ૩૧૮
વૉલેસ ૨૨૭
વ્યાસ ૩૦૧

શરદબાબુ ૧૯૩
શંકરાચાર્ય ૦કુંભકોણમ્ મઠના ૧૨૮; –ની ગાંધીજી સાથે મુલાકાત ૧૨૮ પા. ટી., ૪૮૦, ૪૮૧
શંબૂક –ની રામ મારફતે શિરચ્છેદની કથા ૨૩૪
શાકાહારી –ની ઉચ્ચતા ૩૪૨
શાકુભાઈ ૪૨૯
શાન્તિકુમાર ૧૯૬
શામળ ૪૮
શારદાબહેન ૭૫
શાસ્ત્રી, વી. એસ. શ્રીનિવાસ ૧૩ પા. ટી., ૧૬, ૧૭, ૨૦, ૯૨, ૯૭, ૧૫૧, ૧૫૩, ૨૯૮, ૩૮૭, ૩૯૮, ૪૦૬, ૪૨૫
શાસ્ત્રો ૩૩૦; ૦અને બાળલગ્નો ૧૭; ૦અને વર્ણાશ્રમ ૨૩૪–૭, ૨૪૧; ૦જડ નથી ૧૧૨, ૧૧૩; –ની વ્યાખ્યા ૨૮; –માં જ્ઞાતિપ્રથાના ઉલ્લેખનો અભાવ ૪૪૧, ૪૪૨
શાહ, ફૂલચંદ કે. ૩૮૦
શાહી કમિશન જુઓ સાઇમન કમિશન
શાંતિ ૧૪૪, ૧૪૫; ૦માટે વિશ્વની તરસ ૨૮૧· ૦સત્ય અને અહિંસા દ્વારા ૩૪૬
શિક્ષણ ૦ચારિત્ર્યના પાયા પર નિર્ભર ૧૬૧, ૧૬૮ ૨૪૨, ૨૬૨, ૩૧૬; –નો ઉપયોગ અને દુરુપયોગ ૪૬; –નો હેતુ ૧૧૦; ૦બધા ધર્મોને સમાવી દે તેવું ઉદાર હોવું જોઈએ ૩૦૭; ૦બાળકો માટે ૨૮; ૦માતૃભાષા દ્વારા ૮૩, ૨૭૪; –માં ધાર્મિક અને નૈતિક સૂચનાઓ ૧૨૫, ૧૨૬; –માં સંસ્કૃતનો સમાવેશ જરૂરી ૨૭૫; –માં સુધારા ૧૨૫; ૦સાર્વત્રિક હોવું જોઈએ ૨૭૪
શિવ ૩૧૨, ૩૪૫
શીરીં ૩૦૫
શુદ્ધ ખાદી કાર્યાલય ૧૭૯
શેઠ, દેવીદાસ ૪૫૯
શેતાનની અને ઈશ્વરની સાથે પૂજા શક્ય નથી ૨૨૭
શૌકતઅલી ૧૬૭, ૧૭૬, ૨૬૨
શ્યામબાબુ ૧૬૩
શ્રદ્ધા ૪૩૮
શ્રદ્ધાનંદ, સ્વામી ૧૧૧, ૧૧૭, ૩૧૭; –નું સ્મારક ૪૦૫ પા. ટી; ૪૫૧
શ્રમ –ના હક અને ફરજ ૨૩૩; –નું ગૌરવ ૨૩૧
શ્રીકૃષ્ણ ૩૪૪, ૪૪૩, ૪૪૪
શ્રીપ્રકાશ ૩૩૭
શ્લેશીન, મિસ સોન્જા ૧૭, ૨૬૧, ૩૫૬, ૩૬૨
શ્વેબ ૩૮૩

ષેરૈયા, સી. ૧૨૮

સતી, ૨૫
સત્ય ૧૫૭, ૨૦૦, ૨૧૮, ૨૩૬, ૨૬૭, ૨૮૦, ૨૯૦, ૩૦૧, ૩૨૨, ૪૬૦; ૦અને અસત્ય ૯૬; ૦અને

Gandhi Heritage Portal

અહિંસા એ જ ધર્મ ૪૪૫; ૦એ કોંગ્રેસના સિદ્ધાંતોનું અવિભાજ્ય અંગ ૨૯૬; ૦એ બુદ્ધિની પહોંચથી પર ૨૮૧; –ની શોધ ૨૮૧; –નો બધા ધર્મોમાં સ્વીકાર ૨૬૨, ૨૯૩, ૩૬૪; ૦માત્ર જીવંત ૯૦; ૦માનવીય દુઃખોના ઇલાજ માટેનું સાધન; ૩૦૩; ૦વિશ્વશાંતિ માટે ૩૪૬; ૦શુદ્ધ સંગ્રામ અને સ્વરાજની પ્રાપ્તિ માટે ૨૯૬
सत्यना प्रयोगो જુઓ आत्मकथा
સત્યાગ્રહ ૦અસ્પૃશ્યતાનિવારણ માટે ૯૦, ૯૧; ૦તિરુવારુપ્પુમાં ૪૮૦; ૦ત્રાવણકોરમાં ૧૦૬; ૦દેશી રાજ્યોની સુધારણા માટે ૪૬૨, ૪૬૪; –ના રક્ષણ માટે ૩૪૬, ૩૪૭; –નીલનું પૂતળું દૂર કરવા અંગે ૧૧૪, ૧૧૫, ૧૯૨, ૧૯૩; ૦સવિનયભંગ સાથે ભેળવવો ન જોઈએ ૯૪; અસહકાર પણ જુઓ
સત્યાગ્રહી ૯૦, ૯૧, ૧૧૪; –ની ફરજો ૪૬૨, ૪૬૩
સમાજ ૩૨૪ પા. ટી.
સમાનતા –નો સિદ્ધાંત ૨૭૩; ૦બધાની ૨૮૨; ૦સ્ત્રી અને પુરુષોની ૨૬૦, ૨૬૧
સરકાર, ડૉ. ૪૩૫
સરથંબલ ૮૨
સરસ્વતીદેવી ૮૨
સવિનયભંગ –ને સત્યાગ્રહ સાથે ભેળવવો ન જોઈએ ૯૪; ૦અસહકાર પણ જુઓ
સહનશીલતા –ના સિદ્ધાંતો ૪૧૮
સહાય, વિશ્વંભર ૩૬૪
સંગીત ૦મસ્જિદ નજીક ૩૭૯, ૩૯૩, ૩૯૪
સંપત્તિ –નું પ્રદર્શન ૧૮, ૧૯
સંસ્કૃત ૦બધાંને માટે ૨૭૫, ૩૦૩; ૦બૌદ્ધ ધર્મને સમજવા જરૂરી ૨૮૧; ૦વિદ્યાર્થીઓને ભણવા કહેવું જોઈએ ૭, ૮
સંસ્કૃતિ –ને મૂળ સાંસ્કૃતિક વારસાથી સિલોનના લોકોને ખ્રિસ્તીઓએ અલગ ન કરવા જોઈએ ૨૨૬; ૦પ્રાચીનનું ગૌરવ ૨૯૨, ૨૯૩; ૦હિંદુ અને બીજા ધર્મોની ૯૬, ૨૯૩–૪; ૦હિંદુત્વની ૯૬
સાઈમન કમિશન ૧૮૪, ૨૦૯, ૨૧૨, ૨૮૬, ૩૧૫, ૩૨૦, ૩૮૪, ૩૯૦, ૪૧૧, ૪૬૫ પા. ટી.
સાકરચંદ ૩૪૩
સાતવળેકર, એસ. વી. ૫૧, ૩૪૦
સાધના ૧૬૭, ૧૬૯ પા. ટી.
સાવિત્રી ૭૮, ૩૧૨
સાવિત્રી, શ્રીમતી વી. એસ. સુંદરમ્ ૨૦૬
સિન્ધ ઑબ્ઝર્વર ૪૧૪
સિલોન –ની ભારત સાથે મૈત્રી ૨૮૮, ૨૮૯
સિંહા, લૉર્ડ ૪૪૬
સીતા ૧૦, ૨૫, ૩૫, ૪૦, ૫૬, ૭૦, ૭૮, ૭૯, ૧૩૩, ૧૫૭, ૧૬૬, ૧૭૭, ૨૬૧, ૨૯૨, ૩૧૧, ૩૧૨, ૩૨૩, ૪૪૪; –નો રામની ઇચ્છા વિરુદ્ધ વનવાસ ૪૦૭
સુકુમારન્ ૧૨૭ પા. ટી.
સુબૈયા ૨૦૬
સુબ્રમણ્યમ, જી. ૩૩૩
સુરેન્દ્ર ૩૦, ૬૪, ૬૭, ૬૮, ૭૫, ૭૬, ૯૭, ૧૫૫, ૨૧૨, ૨૧૪, ૨૫૬, ૩૦૫
સુરેશબાબુ ૪
સુલતાનસિંગ, લાલા ૪૦૫ પા. ટી.
સુંદરમ્ જુઓ લુહાર ત્રિભુવનદાસ પુ.
સુંદરમ્ વી. એ. ૨૦૬
सेल्फ रीस्ट्रेन्ट वर्सस सेल्फ इन्डल्जन्स ३३५, ३५५, ४२८
સૈત, વિઠ્ઠલદાસ આનંદજી ૧૫૭ પા. ટી.
સૉન્ડર્સન ૧૪૦
સોમસુંદરમ્ ૧૯૪
સોરાબ ૧૬૪, ૧૯૭
સ્ટેનથાલ, એફ. ડબલ્યુ. ૪૫૧
સ્ત્રીઓ ૦અને અસ્પૃશ્યતા ૧૩૩; ૦અને ચરખો ૩૭૮; –ના પહેરવેશમાં સાદાઈની જરૂર ૨૫૮, ૨૫૯; –ની ખાદી પહેરવાની રીતો ૪૫૭, ૪૫૮; –ની નિષ્ક્રિયતા ૩૩૫; –ની મુક્તિના પ્રતીક તરીકે ચરખો ૫૯; –ની લગ્ન યોગ્ય વય ૭૦, ૪૫૩; –નું ભારતના પુનરુદ્ધારમાં સ્થાન ૪૦; –નું સન્માન ૧૯૧; –નું સૌંદર્ય ઘરેણાંમાં નથી ૫૭, ૭૦, ૧૧૯, ૧૩૪, ૧૩૫, ૧૭૭, ૨૬૦, ૨૬૧; –નું સૌંદર્ય હૃદયની સ્વચ્છતામાં રહેલું છે ૨૬, ૩૫, ૪૦; –ને કાંતવાની સલાહ ૧૧, ૪૦, ૪૧, ૫૭, ૫૯, ૧૩૩; –ને ખાદીના ઉપયોગ માટે સલાહ ૧૦, ૨૬, ૨૭, ૩૪, ૪૦, ૫૬, ૭૦, ૧૧૬, ૧૧૭, ૨૯૨, ૨૯૯, ૩૦૦, ૩૨૩, ૩૨૪; –ને ખાદી ફંડ માટેની સલાહ ૧૦, ૭૦; –ને દેવદાસી પ્રથાની નાબૂદીની મદદ માટે કહેણ ૧૩૪; –ને શણગાર ત્યજવાની સલાહ ૩૫૬; –નો ઉદ્ધાર ૨૬૮; ૦પુરુષની સમોવડી ૨૬૦
स्पिरिट्स पिल्ग्रिमेज ४२ पा. टी.
સ્પેન્સર ૪૩૦
સ્મિથ ૯૭
સ્લેડ, લેડી ૯૮

Gandhi Heritage Portal

સ્વદેશી ૩૯૬, ૪૪૭; ૦રાષ્ટ્રીતાના પોષણ માટે ૪૫૮
સ્વરાજ ૦આંતરિક શક્તિ પર નિર્ભર ૨૯૫; ૦એકતા વિના શક્ય નહીં ૨૯૭; ૦રામની મદદ દ્વારા ૨૩૨
સ્વરાજ્ય ૨૯૩, ૩૧૫, ૩૧૬, ૪૭૬; ૦અને रामराज्य ૨૯૮, ૩૭૮, ૪૪૩, ૪૪૪; ૦અસહકાર દ્વારા ૨૦૩, ૨૦૪; ૦અંગે ઠરાવ ૧૩૨; ૦આત્મસંયમ દ્વારા ૨૩; ૦ આપણો જન્મસિદ્ધ હક ૧૯૨, ૨૯૭, ૦કાંતણ દ્વારા ૩૬૧; –ની પ્રાપ્તિ માટે પ્રાંતવાદને ધિક્કારવો જોઈએ ૪૫૭; –ની વિરુદ્ધ સ્વાતંત્ર્ય ૪૧૧–૪; –નો અર્થ ૪૧૨, ૪૧૩, ૪૩૮; –માં ગ્રામસંગઠનોનું સફળ કાર્ય ૨૮૯; –માં સત્ય અને અહિંસા ૨૬૬; ૦વૈયક્તિક અને રાજકીય ૨૬૫
સ્વાતંત્ર્ય ૦વિરુદ્ધ સ્વરાજ્ય ૪૧૧, ૪૧૨, ૪૧૩; ૦વિશે ઠરાવ ૧૩૨, ૨૮૬, ૪૧૧
સ્વાન્સ, મિસિસ ૧૨૦
સ્વાવલંબન ૦ગ્રામ અર્થવ્યવસ્થામાં ૩૬૦, ૩૬૧

હક, મૌલાના મઝહરુલ ૩૧
હકીમસાહેબ, જુઓ અજમલખાન
હકસ્લે ૨૩૦
હબિબુલ્લાહ, સર મહંમદ ૪૦૭
હસ્તઉદ્યોગ –નો પુનરોદ્ધાર ૨૭૬
હાઉ આઈ બિકેમ થિયોસૉફિસ્ટ ૩૬ પા. ટી.
હાથકાંતણ જુઓ કાંતણ
હાથવણાટ ૩૯૭; –ની પડતી ૫૪, ૬૫; –નું મિલના સૂતર સાથે જોખમ ૫૩, ૫૪
હિગિનબૉટમ, સૅમ ૪૯૩
हिन्द स्वराज ૪૩૬
हिन्दु ૧૪, ૯૪ પા. ટી. ૧૦૭, ૧૨૮ પા. ટી
हिन्दुस्तान टाइम्स ૧૯૦, ૧૯૧ પા.ટી.
હિંદ ૦કદી પણ નૈતિકતાનો રસ્તો છોડશે નહીં ૪૬૨; ૦જગતની બધી કચડાયેલી અને દલિત જાતિઓને દોરવી જોઈએ અને રક્ષવી જોઈએ ૪૧૩; –ના ઉત્તર અને દક્ષિણ ભાગ વચ્ચે ભેદ ન હોવો જોઈએ ૫૨, ૫૩
હિંદી ૫૬; ૦અને એકતા ૧૭૭; ૦દક્ષિણ ભારત માટે ૪૬, ૪૭, ૫૩; –ના પ્રચાર માટે નાણાંકીય સહાય ૮૨; –ને પસંદગી ૪૩૮; –નો સભાઓમાં ઉપયોગ જરૂરી ૪૧૩; ૦ભારતની સર્વસામાન્ય ભાષા તરીકે ૩૨૨, ૩૨૭, ૩૭૬; ૦વિદ્યાર્થીઓ માટે ૭, ૮, ૪૬, ૪૭
હિંદીઓને સલાહ ૦દક્ષિણ આફ્રિકાના ૩૮૨; ૦સિલોનના ૨૩૯, ૨૮૩, ૨૮૪, ૨૮૬. ૨૮૭, ૩૦૦
હિંદી રાષ્ટ્રીય મહાસભા જુઓ કૉંગ્રેસ
હિંદુઓ ૧૧૬, ૧૪૨, ૧૮૩, ૨૭૦, ૨૯૧–૩, ૨૯૫, ૨૯૭, ૩૦૦–૦૩, ૩૨૫, ૩૯૩, ૩૯૪, ૪૧૭, ૪૧૮, ૪૪૦, ૪૪૧, ૪૬૯, ૪૭૦; ૦અને અસ્પૃશ્યતા ૯૦, ૯૩, ૧૦૬–૦૮, ૧૩૧, ૧૩૨, ૧૭૧, ૧૭૨, ૩૨૧, ૩૨૨, ૪૪૦, ૪૪૧; ૦અને જામિયા –મિલિયા ૪૫૦, ૪૫૧; ૦અને પ્રાણી બલિદાન ૧૬૭; ૦અને મુસલમાનો ૬૩, ૧૮૯, ૨૦૨, ૨૯૭, ૩૪૭, ૩૯૩–૫
હિંદુ કાયદો –માં સુધારાની જરૂર ૧૧૨, ૧૧૩
હિંદુ ધર્મ ૧૨૭, ૧૫૮, ૨૨૮, ૨૨૯, ૨૬૨, ૨૭૨, ૨૯૪, ૩૨૯, ૩૩૦, ૩૪૭; ૦અને અસ્પૃશ્યતા ૭૩, ૭૪, ૮૬, ૮૭, ૮૯, ૯૦, ૯૩, ૯૬, ૯૭, ૧૦૩, ૧૦૪, ૧૦૬–૦૮, ૧૧૭, ૧૧૮, ૧૨૩, ૧૨૪, ૧૩૧, ૧૩૨, ૧૭૧, ૧૭૨, ૧૭૬, ૨૪૯, ૨૫૫, ૩૦૨; ૦અને ગાંધીજી ૨૨૯, ૨૩૦; ૦અને બૌદ્ધ ધર્મ ૨૨૧, ૨૨૨, ૨૮૦–૩, ૩૦૧–૩; ૦અને વર્ણાશ્રમ ધર્મ ૯૫–૭; ૦ અને વિધવાવિવાહ ૭૮, ૭૯; ૦એ સૌથી ઉત્તમ યશસ્વી ધર્મ ૪૧૮; –નાં મહત્ત્વનાં લક્ષણો ૧૪૮, ૧૪૯, ૪૭૩, ૪૭૪; –ને નવી સ્મૃતિ આપવા અંગે ગાંધીજી ૪૨૯; –નો કાયદો અપરિવર્તનીય નથી ૧૧૨, ૧૧૩; –માં જૈન અને બૌદ્ધ ધર્મનો સમાવેશ ૧૪૯; –માં જ્ઞાતિભેદને સ્થાન નથી ૪૪૧, ૪૪૨; –માં સત્ય અને અહિંસાના સિદ્ધાંતોનો પાયો ૩૪૬; ૦રૂઢિચુસ્તતાનો પર્યાય ૩૦૧, ૩૦૨
હિંદુમુસ્લિમ એકતા ૧૫, ૬૫, ૧૮૩, ૨૯૭, ૩૪૫, ૩૮૬, ૪૦૫ પા. ટી; ૪૩૦, ૪૫૦ પા. ટી.; ૦અને અજમલખાન ૩૮૭, ૩૯૧, ૩૯૨; ૦અને અસહકાર ૨૦૪; ૦અને સરકારી નીતિ ૨૦૨; ૦જરૂરી અને શક્ય ૪૩, ૧૬૭, ૧૭૬, ૨૮૬; ૦વિશે કૉંગ્રેસનો ઠરાવ ૩૭૯, ૩૯૩–૫, ૪૮૫–૭; ૦વિશે લેખ ૩૧૭, ૩૧૮; ૦૧૯૨૦ની લડત દરમિયાન ૧૯૦
હિંસા ૩૧૭, ૩૫૫; ૦અને અસહકાર ૨૦૩; ૦દેશને મુક્તિ નહીં અપાવે ૩૯૦; –નો ખોરાકમાં સમાવેશ ૩૪૨; ૦વિરુદ્ધ અહિંસા ૪૬૧
હુસેન, ઝાકીર ૩૯૨, ૪૩૦
હોમ્સ, રેવ. જૉન હેન્સ ૩૧૮
હૉસર્ડિંગ, હેલેન ૩૫૯


Gandhi Heritage Portal

13665

## ભૂલસુધાર

લેખ નં. ૨૧૧, પૃ. ૨૮૩ની છેલ્લેથી ત્રીજી લીટીમાં કેટલોક ભાગ સરતચૂકથી છૂટી ગયો છે, તે નીચે મુજબ ઉમેરા સાથે વાંચવા વિનંતી:

ત્યારે ગુજરાતીઓને કહું છું કે તમારા હિતના કરતાં જે પ્રાંતમાં તમે વસતા હો તેમના હિતને તમારે આગળ સ્થાન આપવું. આ સિવાય બીજો નિયમ મને દેશી પરદેશીઓના

ગ્રંથાલય

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal

ગાંધી સ્મારક સંગ્રહ
સંગ્રહાલય.
અમદાવાદ-૧૩.

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal

રૂ. ૧૬/૫૦

Gandhi Heritage Portal